Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૧૬)

(ગાથા-૩૮૭ થી ૪૦૪, શ્લોક-૨૩૧ થી ૨૩૪,
પ્રવચન-૪૪૮ થી ૪૭૪)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



| વિક્રમ સંવંત ૨૦૭૪ | વીર સંવંત ૨૫૪૪ | ઈ. સન ૨૦૧૮ |
|---|---|---|

**પ્રકાશન**


**આસો વદ ૦)), તા.૭-૧૧-૨૦૧૮, બુધવાર**
**વીર નિર્વાણ કલ્યાણક દિવસ**

**પ્રાપ્તિ સ્થાન**

**જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.**
**મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨**

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર


આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૧૬ વીર નિર્વાણ કલ્યાણક દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.


# સ્મરણાંજલિ





**અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.**

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૪૪૮ | ૦૩-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૦૦૧ |
| ૪૪૯ | ૦૭-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૦૧૭ |
| ૪૫૦ | ૦૮-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૦૩૩ |
| ૪૫૧ | ૦૯-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૦૪૯ |
| ૪૫૨ | ૧૦-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૦૬૬ |
| ૪૫૩ | ૧૧-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૦૮૩ |
| ૪૫૪ | ૧૨-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૦૯૯ |
| ૪૫૫ | ૧૩-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૧૧૫ |
| ૪૫૬ | ૧૪-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૧૩૩ |
| ૪૫૭ | ૧૫-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૧૫૦ |
| ૪૫૮ | ૧૬-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૧૬૯ |
| ૪૫૯ | ૧૭-૦૧-૧૯૬૮ | ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૧૮૮ |
| ૪૬૦ | ૧૮-૦૧-૧૯૬૮ | શ્લોક-૨૩૧ | ૨૦૬ |
| ૪૬૧ | ૧૯-૦૧-૧૯૬૮ | શ્લોક-૨૩૧-૨૩૨ | ૨૨૨ |
| ૪૬૨ | ૨૦-૦૧-૧૯૬૮ | શ્લોક-૨૩૨ | ૨૩૯ |
| ૪૬૩ | ૨૧-૦૧-૧૯૬૮ | શ્લોક-૨૩૨-૨૩૩ | ૨૫૬ |
| ૪૬૪ | ૨૨-૦૧-૧૯૬૮ | શ્લોક-૨૩૩-૨૩૪,ગાથા-૩૯૦થી૪૦૪ | ૨૭૨ |
| ૪૬૫ | ૨૩-૦૧-૧૯૬૮ | ગાથા-૩૯૦ થી ૪૦૪ | ૨૯૦ |
| ૪૬૬ | ૨૪-૦૧-૧૯૬૮ | ગાથા-૩૯૦ થી ૪૦૪ | ૩૦૭ |

| | | | |
|---|---|---|---|
| ૪૬૭ | ૨૫–૦૧–૧૯૬૮ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૩૨૪ |
| ૪૬૮ | ૨૬–૦૧–૧૯૬૮ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૩૪૧ |
| ૪૬૯ | ૨૭–૦૧–૧૯૬૮ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૩૬૧ |
| ૪૭૦ | ૨૮–૦૧–૧૯૬૮ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૩૭૯ |
| ૪૭૧ | ૨૯–૦૧–૧૯૬૮ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૩૯૬ |
| ૪૭૨ | ૩૦–૦૧–૧૯૬૮ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૪૧૩ |
| ૪૭૩ | ૩૧–૦૧–૧૯૬૮ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૪૩૧ |
| ૪૭૪ | ૦૧–૦૨–૧૯૬૮ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૪૪૮ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



# સમયસાર વૈભવ

**(ભાગ-૧૬)**
**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**પોષ સુદ ૭, શનિવાર તા. ૬-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૪૮**

મૈં. તમારા શબ્દમાં મૈં. અહીં ગુજરાતીમાં હું. '**હું નરક-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' દેખો ભાષા! નરકઆયુ. આ નારકી ગતિની વાત ચાલે છે. નરકમાં પણ નરકનું આયુષ્ય છે એવા નારકી સમકિતીની વાત ચાલે છે. સમજાણું કાંઈ? નરકમાં પડ્યો હોય, સાતમી નરકમાં રવરવ નરક. પણ જેને પોતાનો આત્મા શુદ્ધ, રાગથી ભિન્ન, પોતાના શુદ્ધ પૂર્ણ સ્વભાવથી અભિન્ન એવી અંતર અનુભવમાં દૃષ્ટિ થઈ છે, તો કહે છે કે નરક આયુષ્યનો ઉદય હોવા છતાં. નરકનું આયુષ્ય હોવા છતાં. છે ને? હોય એની વાત છે ને કે ન હોય એની વાત છે? સમજાણું કાંઈ? નરકગતિમાં રહેનાર સમકિતી ધર્મી ચોથા ગુણસ્થાનમાં... અહીં જુઓ! ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. નરકમાં બીજું કોઈ ગુણસ્થાન હોતું નથી. કોઈ એમ કહે કે આ કોઈ ઊંચા ગુણસ્થાનની વાત છે. તો અહીંયાં સિદ્ધ કરે છે. શું કહ્યું સમજાણું કાંઈ?

નરકગતિમાં પ્રાણી છે અને સમ્યગ્દૃષ્ટિ છે. પોતાના નિજ સ્વરૂપના અનુભવની લબ્ધિ પ્રાપ્ત થઈ છે. રાગથી, નિમિત્તથી, અલ્પજ્ઞથી હું ભિન્ન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું એવું અંતરમાં આનંદના અનુભવનો સ્વાદ સમકિતીને (આવ્યો છે). નરકમાં નરકનું આયુષ્ય ઉદય હોવા છતાં આત્માના આનંદનો સ્વાદ આવે છે તો ધર્મી એમ અનુભવ કરે છે કે '**હું નરક-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' કહો, સમજાણું કાંઈ? કેટલી સ્પષ્ટતા કરી છે! નરકમાં પણ આવી વાત છે. કોઈ વળી કહે, (આત્માનુભવ તો) પાંચમે અને છઠ્ઠે, આઠમે હોય. આઠમેથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શુદ્ધિ થાય છે. કેમ નેમીચંદજી! એના ગામમાં, આઠમેથી શુદ્ધિ થાય, એમ કહે છે કોઈ. આહાહા..! અરે..! ભગવાન! તારી વસ્તુ જ શુદ્ધ છે. વળી આઠમેથી શું? વસ્તુ જ શુદ્ધ છે. ત્રિકાળ શુદ્ધ છે. ચિદાનંદ ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ સહજાનંદની મૂર્તિ છે આત્મા. એની જ્યાં દૃષ્ટિ થઈ તો શુદ્ધતા જ આત્મામાં પર્યાયમાં પ્રગટ થઈ. સમજાણું કાંઈ? તો એ શુદ્ધતાની પર્યાયનું લક્ષ ત્રિકાળ દ્રવ્ય ઉપર છે. તેથી સમ્યગ્દૃષ્ટિમાં નરકમાં હોવા છતાં, નરકના આયુષ્યના પ્રાણને હું ભોગવનાર નથી (એમ માને છે). કહો, આયુષ્યપ્રાણ છે ને એક? પાંચ ઈન્દ્રિય, મન, વચન અને કાયા-બળ અને આયુષ્ય અને શ્વાસ એમ દસ પ્રાણ છે. તો સમ્યગ્દૃષ્ટિ નરકમાં પડ્યો હોવા છતાં એવી ભાવના કરે છે, પોતાના શુદ્ધ (સ્વરૂપ) સન્મુખ ભાવ રાખીને કે હું નરક આયુષ્યના પ્રાણને ભોગવનાર નથી. કહો, ભાઈ! જેવું આયુષ્ય બંધાયું હોય એવું ભોગવવું પડે. ના. હું બંધાયો જ નથી અને હું ભોગવનાર પણ નથી. કહો, સમજાણું કાંઈ? બાપુ! ધર્મ એવી ચીજ છે. નરકનું આયુષ્ય બંધાણું હતું? ના, હું તો બંધાયો જ નથી. ભૂલથી તો બંધ થાય. તો ભૂલ હું નથી. ભૂલ તો મારું સ્વરૂપ જ નથી. ભૂલ તો મારામાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના ચૈતન્ય આનંદ સમાજના દરબારમાં પ્રવેશ કરે છે. અનંત આનંદ આદિ સમાજ પોતાના સ્વભાવમાં દૃષ્ટિથી પ્રવેશ કરે છે. તો સમ્યગ્દૃષ્ટિ નામ ધર્મીને ચોથા ગુણસ્થાનમાં, શ્રાવક અને સાચા મુનિ થયા પહેલાં. નરકની વાત ચાલે છે ને? નરકમાં પંચમ ગુણસ્થાન છે જ નહિ. મુનિપણું તો છે જ નહિ. ચોથા ગુણસ્થાનથી વાત શરૂ કરી છે. હું સમ્યગ્દૃષ્ટિ હું શુદ્ધ ચૈતન્ય છું. મારામાં તો પૂર્ણ આનંદ જ પૂર્ણ આનંદ છે. એક સમયની પર્યાયના આનંદમાં પણ હું આવતો નથી. સમજાણું કાંઈ? હું રાગમાં તો આવતો નથી, રાગ મારામાં આવતો નથી. હું નિમિત્તમાં આવતો નથી, નિમિત્ત મારામાં આવતું નથી પણ એક સમયના આનંદની પર્યાયમાં હું પૂર્ણ આવતો નથી. અને એક સમયની આનંદની પર્યાય મારા પૂર્ણમાં ઘુસી નથી ગઈ. સમજાણું કાંઈ? નવનીતભાઈ! માખણની વાત છે આ બધી. આહાહા..!

ભાઈ! તારી ચીજ કેવડી છે એ જો! એકવાર નજર કરીને, સાંભળીને અંદર જો તો ખરો. શુદ્ધ ચિદાનંદમૂર્તિ આનંદનું ધામ, વૈકુંઠ ને સિદ્ધપદ ને જે કહે છે ને? એવી એવી વૈકુંઠ અને સિદ્ધપદની પર્યાય તો એક સમયમાં એવી તો અનંતી પડી છે આત્મામાં. એવો ભગવાન આત્મા જે પોતાના નિજ વૈકુંઠમાં અંદર પ્રવેશ કરે છે, તો કહે છે કે ધર્મીની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે અને એ દૃષ્ટિ પર્યાય છે, પણ એ પર્યાયનું લક્ષ અને આશ્રય તો ધ્રુવ છે. એવી દૃષ્ટિવંત ધર્માત્મા એવી ભાવના, એવી વારંવાર અંતર્મુખ ઉપયોગ કરીને એકાગ્રતા કરે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કે હું નરકના આયુષ્યમાં છું જ નહિ. ભગવાનજીભાઈ! નરકના આયુષ્યમાં નથી. ઠીક! હું નરકના આયુષ્યમાં છું જ નહિ. અહીં તો અત્યારે નરકનું ચાલે છે ને પછી ઓલું આવશે ત્યારે એમાં ચાલશે. આ તો ચોથેથી ઉપાડી છે ને વાત પહેલા? સમજાણું કાંઈ?

ઓહો..! ભગવાન આત્મા નરકના આયુષ્યના પ્રાણ છે એમાં તો હું છું નહિ અને મને નરકના આયુષ્યનો અનુભવ છે જ નહિ. એક વાત. બીજી-પોતાની પર્યાયમાં આયુષ્યના યોગ પ્રમાણે રહેવાની યોગ્યતાનો જે અશુદ્ધ ભાવપ્રાણ છે, અશુદ્ધ યોગ્યતા છે એ પણ મારી નથી. અશુદ્ધ યોગ્યતા મેં કરી નથી અને અશુદ્ધ યોગ્યતાનો હું ભોક્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્યપ્રાણ તો પરમાણુના છે જડ આયુષ્ય તો. એ તો મારામાં છે જ નહિ. પણ આયુષ્યની સ્થિતિ પ્રમાણે પોતાની રહેવાની યોગ્યતા એના સંબંધમાં જે છે એ પણ અશુદ્ધ પર્યાયનો હું સ્વામિ નથી, અશુદ્ધતારૂપે હું પરિણમનાર નથી અને અશુદ્ધતાને હું ભોગવનાર નથી. હું અશુદ્ધથી ભિન્ન મારું ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એના આશ્રયથી આત્માના આનંદને હું ભોગવનાર છું. સમજાણું કાંઈ?

એ આવે છે ને? ભજનમાં આવે છે. ‘બાહ્ય નારકીકૃત દુઃખ ભોગત...’ આવે છે ને? ક્યાં છે? લાવોને એય..! પુસ્તક તો લાવો. હિન્દી છે તો વળી ઠીક પડે હિન્દીને. ઓલા ..વાળા આવ્યા છે. એ કહે થોડુંક કરો, પાંચ દી કરો. તો આપણે ગુજરાતીવાળાને સમજાય હોં! છોકરાવને સમજાય છે ને બધાને? આપણને હિન્દી ભાષા તો સમજાય. હવે દેશભાષા કરવા માગે છે લોકો. ભાષા તો ભાષા છે. એ તકરાર. એમાં પણ મોટી તકરાર ચાલે છે. જુઓ! નરકના આયુષ્યની વાત ચાલે છે ને? તો એનું ભજન છે. સમજ્યા? દૌલતરામજીનું. કહે છે... ‘ચિનમૂરત દગધારીકી મોહિ રીતિ લગત હૈ અટાપટી’. અટાપટી. ‘ચિનમૂરત’ નામ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે એવા દગધારી-એવી દૃષ્ટિનો ધરનાર સમકિતી ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિ ધર્મી.

ચિનમૂરત દગધારીકી મોહિ રીતિ લગત હૈ અટાપટી,
બાહિર નારકીકૃત દુઃખ ભોગે.
બહારમાં નારકીકૃત દુઃખ ભોગવે છે એમ દેખાય છે.

અંતર સુખ રસ ગટાગટી. હવે આ પણ સમજતા નથી અરે..! ભગવાન જુઓને! આ તો ચોથા ગુણસ્થાનની તો વાત ચાલે છે. નરકની તો વાત ચાલે છે. અહીં નરકના આયુષ્યની તો વાત ચાલે છે. આમાં પાંચમું, છઠ્ઠું (ક્યાં કહે છે)? એય..! નેમિચંદજી! શું છે આમાં? આઠમું ગુણસ્થાન ક્યાં છે આમાં? ચોથે ગુણસ્થાનથી શરૂ થાય છે. અરે..! ભગવાન! ભારે તકરાર કરે. અરે..! ચોથા ગુણસ્થાને દૃષ્ટિ મુક્ત (સ્વરૂપ) ઉપર ગઈ (તો) મુક્તિ જ થઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગઈ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા મુક્ત છે. વસ્તુ કાંઈ બંધસ્વરૂપ હોય? એક સમયની પર્યાયમાં બંધભાવ દેખાય છે. પર્યાયમાં. વસ્તુ બંધરૂપ છે જ નહિ. વસ્તુ તો ત્રિકાળ પ્રગટ જ્ઞાયક મૂર્તિ ચૈતન્યદ્રવ્ય અખંડાનંદ છે. એવી જ્યાં સમ્યગ્દૃષ્ટિ થઈ તો દૃષ્ટિ મુક્ત જ થઈ ગઈ. મુક્તિ થઈ ગઈ. આત્મા મુક્ત જ છે. બંધ અને મુક્તની પર્યાય પણ જેની દૃષ્ટિમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં બંધની પર્યાય અને મુક્તિની પર્યાય બેય પર્યાય દૃષ્ટિનો વિષય નથી. મુક્ત પણ એક સમયની પર્યાય છે અને બંધ પણ એક સમયની પર્યાય છે. આખું દ્રવ્ય તો ત્રિકાળી અખંડાનંદ છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં તો આખું દ્રવ્ય પડ્યું છે તો બંધપર્યાય અને મુક્ત પર્યાયની પણ દરકાર નથી, આશ્રય નથી. ગૌણતા છે એના તરફ લક્ષ પણ નથી.

કહે છે કે નારકીનો જીવ સમ્યગ્દૃષ્ટિ છે, ધર્માત્મા છે, નરકમાં પડ્યા ધર્માત્મા છે. રોટલી મળે નહિ, પાણી મળે નહિ હોં! તમારી જેમ મોટરું મળે, રોટલા મળે, શું કહેવાય? લાડવા મળે. નવનીતભાઈ! લ્યો! લાડવા ચૂરમાના મળે અને અડદની દાળ મળે, તુવેરની દાળ અને સબડકા લેતા હોય ચોખા ને દાળ. દૂધપાક-દૂધપાક ને. હરામ છે એને. ૩૩ સાગરમાં સાતમી નરકના નારકીને એક ચોખાનો કણ નથી અને પાણીનો બિંદુ નથી. સૂવાના સ્થાનમાં ઠંડી અનંતગુણી ઠંડી. જો ઠંડીનો એક કણ અહીં આવે તો આસપાસના અનેક યોજનના માણસો મરી જાય. એટલો ઠંડીનો કણ એક ઠેકાણે મૂકે તો. એવી ઠંડીમાં સૂવે છે. છતાં ધર્મની દૃષ્ટિ ધર્મી ઉપર છે. પોતાનો શુદ્ધ ભગવાન અખંડાનંદ ધ્રુવ ચૈતન્ય પરમાત્મા હું છું. એવી દૃષ્ટિને લીધે નારકીનું બાહ્ય દુઃખ અને આયુષ્ય હોવા છતાં પણ અંતર સુખરસ ગટાગટી. આ દૌલતરામજીની વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન..! અહીંયાં બહુ પાપ કર્યા હોય તો નરકમાં જાય છે. સાંભળ્યું હોય પૂર્વે. અરે..! પ્રભુ! તું તો આનંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. સાંભળ્યું પણ દરકાર કરી નહિ અને નરકમાં ગયો. અને પીડા... પીડા... બહાર વેદન આદિ .. અને એવો વિચાર આવ્યો કે આ શું છે? એવું પૂર્વે સાંભળ્યું હતું કે તું તો શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છો. તો એવું અંદર જાતિસ્મરણ થયું અને એનું સ્મરણ કરી અંદર ઉતરી ગયા. સમજાણું કાંઈ? આત્માનું ભાન સાતમી નરકમાં થયું. પહેલી નરકમાં તો છે જ. સમજાણું કાંઈ? થોડી દસ હજાર વર્ષની સ્થિતિ છે પહેલી નરકમાં. એને પણ સમકિત થાય છે અને ૩૩ સાગરવાળાને પણ સમકિત થાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે 'બાહ્યકૃત દુઃખ ભોગે અંતર સુખરસ ગટાગટી.' એમાં તો આયુષ્ય પણ આવ્યું નહિ, જરી રાગ આવ્યો એ પણ નહિ અને રાગનું દુઃખ પણ આવ્યું નહિ. એકલી સુખની

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગટાગટી કહે છે અહીં તો. આહાહા..! ... વાત છે. કહો, ચંદુભાઈ! કહો, આ બધા તમે સુખી-સુખી કહે છે ને. મોટરુંમાં ચાલતા અને સમજ્યાને? મખમલના લૂગડામાં સૂવે અને પહેરે. તમે તો દુઃખી છો આકુળતાને લઈને. એને લઈને નહિ હોં!

મુમુક્ષુ :- સંયોગોને લઈને નહિ.

ઉત્તર :- ના. એ દુઃખી છો અને એ સાતમી નરકનો નારકી સમ્યગ્દષ્ટિ સુખી છે. સુખી છે. એય.. જયંતિભાઈ! શું છે? બહુ સુખી છે. ફલાણો સુખી છે. ધૂળેય સુખો નથી ત્યાં. સમજાય છે? એક વળી કડી યાદ આવી ગઈ. આવે છે ને એક ઠેકાણે? પહેલા સવારમાં આવે છે. 'દાહ લાગ્યો ડુંગરીયે બહેનું ક્યાં જઈને કહીએ?' ડુંગરીએ દાહ લાગ્યો. એ ડુંગર મોટો હોય ને ત્યાં દાહ લાગ્યો. જાવું ક્યાં એને? સમજાણું? એવું ભજન આવે છે. ઘણા વખતથી સાંભળેલું ક્યાંક મગજમાં આવી ગયું હોય. 'દાહ લાગ્યો ડુંગરીયે બહેનું ક્યાં જઈને કહીએ?' એ આવે છે કે નહિ એઈ? મીરાંબાઈનું આવે છે. લ્યો, ક્યાંક સાંભળેલું ખરું ભાઈ. 'દાહ લાગ્યો ડુંગરીએ બહેનું ક્યાં જઈ કહીએ?' આ ડુંગર ભગવાન ચૈતન્ય એને ભૂલીને આ અગ્નિના દાહ લાગ્યા અજ્ઞાનીને. ક્યાં જઈને ઠરીએ? હા, એમ આવે. ઘણા વખતનું વળી યાદ આવી ગયું. વાંચેલું. ઘણા વખતથી વાંચેલું ને. વાંચેલું હજારો ભક્તિ ને ભજનોને બહુ વાંચેલા. નાની ઉંમરમાં. દુકાન ઉપર પણ ઘણું વાંચેલું. ત્યાં આવ્યું. 'દાહ લાગ્યો ડુંગરીએ બહેનું ક્યાં જઈને ઠરીએ?' એમ અજ્ઞાનીઓએ રાગ અને દ્વેષમાં ધર્મ મનાવી દાહ લાગ્યા છે ડુંગરમાં. ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ પડ્યો છે એની એને ખબર જ નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

કહે છે, જુઓ આ. 'અંતર સુખની ગટાગટી' જુઓ! 'રમતી અનેક સુરની સંગતે .. પરણતિ તેની હટાહટી' આહાહા..! ભગવાન આત્મા જ્યાં અંતરના પરમેશ્વરના તળા.. તળા.. તળાસ્યા અંતર ભગવાનના તળા તળાસ્યા જોયા તો શુદ્ધ ચિદાનંદ મૂર્તિ એ છે. એમ ભેટા થતાં કહે છે કે 'રમતી અનેક સુરની સંગતે.' દેવ અનેક નારીઓ સાથે રમે 'પરિણતિ તો નિત્ય હટાહટી' છતાં એ અશુદ્ધ પર્યાયથી તો હટાહટી. પાછો હઠીને અંતરમાં જાય છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એ ચોથાની છે.

ઉત્તર :- આ ચોથાની વાત છે. આ બધી વાત તો ચોથાની છે જુઓને આ. અરે..! ભગવાન! શું કરે છે આ? આઠમે શુદ્ધ હોય. મારીને માર્યા છે ઊંધા. મૂળ તો એને બિચારાને પરિણતિની પર્યાય જે બેઠી હોય એ કરે. શું કરે? આખો ભગવાન પોતે ચિદાનંદ મૂર્તિ છે. એ શુભરાગની આડમાં, ઓથમાં સંતાઈ ગયો પ્રભુ. આહાહા..! એને ત્યાં મીઠાશ લાગી ગઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એટલે જાણે શુભભાવ અને શુભઆસ્રવ રાગ એ જાણે અમારો ધર્મ છે. એ ધર્મ છે નહિ. કહે છે કે રમતી અનેક સુરની સંગતે તે પરિણતિ હટાહટી. ધર્મીની દૃષ્ટિ પોતાના શુદ્ધ આનંદ ઉપર આનંદના સ્વાદ ઉપર છે. તો સુરની પાસે ઈન્દ્ર સાથે ઈન્દ્રાણીઓ આદિ રમે પણ એની પરિણતિમાં રાગથી હટાહટી છે. અંદર પ્રેમ નથી.

'જ્ઞાન વૈરાગ્ય શક્તિકે વિધિ ફળ ભોગત વિધિ ઘટાઘટી.' દેખો! 'જ્ઞાન વૈરાગ્ય શક્તિકે...' બે લીધા. પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપનું જ્ઞાન છે અને રાગના અભાવનો વૈરાગ્ય છે. ધર્મીને તો પોતાના આનંદ સ્વરૂપનું જ્ઞાન છે અને રાગનો અભાવ છે. 'જ્ઞાન વિરાગ શક્તિ તે વિધિ ફળ ભોગત તે વિધિ ઘટાઘટી' આઠ વિધિ નામ કર્મ. .. આવે છે એ. આ કર્મફળ. વિધિફળ. કર્મના ફળને ભોગવે છે એમ દેખાય પણ 'ભોગત વિધિ ઘટાઘટી' પણ કર્મ સમયે સમયે ઘટતા જાય છે. સમજાણું કાંઈ? જુઓ! આ વિધિ ફળની વાત .. છે. નારકીને પણ .. છે.

'સદન નિવાસી તદપી ઉદાસી તાતૈં આસ્રવ સટાસટી.' સમ્યગ્દૃષ્ટિને આત્માની દૃષ્ટિ થઈ છે. પુણ્ય-પાપનો પ્રેમ જેના અંતરમાંથી દૂર થયો છે અને પોતાના આનંદસ્વરૂપનો અનુભવ થયો છે એ સમકિતી સદન નિવાસી. બંગલામાં રહેતો દેખાય છે. સમજાણું કાંઈ? કરોડ, અબજનો બંગલો હોય. ચક્રવર્તીને અબજની કિંમત પણ ક્યાં? મોટા પાંચ બંગલા હોય છે. દેવે બનાવેલા બંગલા. એની અબજોની કિંમત. એવા પાંચ બંગલા હોય. એમાં ચક્રવર્તી રહે છે. સમ્યગ્દૃષ્ટિ. આત્માનું ભાન છે. છન્નું હજાર પદમણી જેવી સ્ત્રી છે. સ્મશાનમાં જેમ મડદું પડે છે એવા એ દેખાય છે. મારી ચીજમાં એ નથી અને એ ચીજમાં હું નથી. હું તો આનંદ જ્ઞાયકસ્વરૂપ છું. એવી દૃષ્ટિને કારણે 'સદન નિવાસી તદપી ઉદાસી...' બંગલામાં રહે છે પણ ઉદાસ... ઉદાસ... આ નહિ, આ નહિ. સમજાણું કાંઈ? પરથી ખસે છે અને પોતાના સ્વભાવસન્મુખની એકાગ્રતા વિશેષ કરે છે.

'તાતે આસ્રવ સટાસટી.' પુણ્ય-પાપનો ભાવ સટાસટી ક્ષણે ક્ષણે છૂટતા જાય છે. આસ્રવ છૂટતો જાય છે ધર્મીને. ઓહોહો..! સમજાણું કાંઈ? 'જે ભવ હેતુ અબુધ કરત બંધકી જટાજટી.' આ દૌલતરામનું પંડિતનું છે, લ્યો. 'જે ભવહેતુ અબુધ કે...' અજ્ઞાનીને જે ભવના હેતુ ભોગ અને નિમિત્તો થાય તે 'કરત બંધકી જટાજટી.' તે બંધની તો ઝાટકણી કરી નાખે છે જ્ઞાની. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના આનંદના આરૂઢમાં ચડ્યો જીવ, આરૂઢમાં ચડ્યો આત્મા એ વિધિને તો જટાજટી. તોડી નાખે છે. સમજાણું કાંઈ? 'કરત બંધકી જટાજટી.' ઝાટકી નાખે છે કર્મને. અજ્ઞાનીને બંધનો હેતુ, જ્ઞાનીને નિર્જરાનો હેતુ થાય છે એમ કહે છે.

'નારક પશુ ત્રિશંડ વિકલત્રય પ્રકૃતિનીકી હુએ કટાકટી.' એનું આયુષ્ય ન બંધાય એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહે છે. 'સંયમ ન ધરી શકે પણ સંયમ...' લ્યો અહીં તો ચોથાની વાત છે ભાઈ! ચિન્મૂર્તિ દ્રગધારીની વાત છે. સમ્યગ્દષ્ટિની વાત છે. 'સંયમ ધરી ન શકે પણ સંયમ...' સમ્યક્ આત્માની દૃષ્ટિ અનુભવની સ્વાદની થઈ છે. સંયમ ધારણ નથી કરી શકતા પુરુષાર્થની નબળાઈને લીધે. પણ 'સંયમ ધારનકી ઉર ચટાચટી.' હું સ્વરૂપમાં કેમ રમું? મારા સ્વરૂપમાં સ્થિરતા કેમ થાય? એવી વારંવાર ભાવનાની ચટાચટી. ચટપટી લાગી છે, ચટપટી લાગી છે.

'તાસ સુયસ ગુણકી દૌલત તે લાગી રહે નીત રટારટી.' લ્યો! દોલતરામજી કહે છે. આ એવા ભજન છે. જુઓને! અત્યારે કેવા ગોટા વાળે છે. આ તો પહેલાના ભજન છે દેખો! કે અહીંનું સોનગઢનું છે આ? તો કહે, સોનગઢવાળા એમ કહે છે. સોનગઢવાળા કહે છે. સાંભળને હવે. અનાદિની વાત જ ધર્માત્માની (આમ છે). ગૃહસ્થાશ્રમમાં પંડિતજી દોલતરામજી હતા. એનું ભજન છે. 'તાસ સુયસ ગુણકી દૌલત કે લાગી...' દેખો! ધર્માત્માના જશ ગાવાની એની દૌલતને સમજીને જશ ગાવાની લાગી રહે નીત રટારટી. રટણ લાગ્યું છે કે આત્માના અનંતા ગુણમાં રમે છે એવા ધર્માત્માની અમને સુયસ ગુણની રટારટી લાગી છે. કહો, સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા.. કહે છે કે, '**હું નરક-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' આહાહા..! કેમ કે જે નરકનું આયુષ્ય છે એ તો જડ છે અને એની યોગ્યતા પ્રમાણે પોતાની રહેવાની જે યોગ્યતા છે એ અશુદ્ધતા છે. અશુદ્ધતાથી વસ્તુ સ્વભાવ તો અત્યંત ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? તો એ અશુદ્ધતાને હું ભોગવનારો નથી અને એ અશુદ્ધતામાં હું પરિણમનાર, કરનાર પણ હું નથી. સમજાણું કાંઈ? નથી ભોગવતો. હું તો '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' દેખો! સમજાણું કાંઈ?

ભાવપ્રાણ. ચૈતન્ય આનંદ, જ્ઞાન, સત્તા હોવી અને શાંતિ એવો પોતાનો શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભાવપ્રાણની દૃષ્ટિને કારણે હું તો શુદ્ધ આનંદનો જ અનુભવ કરનાર છું. સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનમાં આવી ભાવના વારંવાર કરે છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, ભગવાનજીભાઈ! આ બધા ઉડી ગયા આ તો બધા પૈસાવાળા ને સુખી બધા. ધૂળને ઝાટકી નાખ્યા.

મુમુક્ષુ :- .. હતું ક્યાં?

ઉત્તર :- હતું નહિ? જયંતિભાઈ! સાચી વાત છે આ? એ એક વાત થઈ.

બીજી વાત. '**હું તિર્યંચ-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' જુઓ! પશુમાં પણ સમકિતી હોય છે. આયુષ્ય કર્મની વાત ચાલે છે ને? તો તિર્યંચનું આયુકર્મ શેમાં હોય? દેવમાં? પશુ છે. અઢી દ્વીપમાં તો કોઈ કોઈ સમકિતી હોય છે. જુઓ હાથી. હાથી છે કે નહિ? ભરત, લક્ષ્મણ, રામચંદ્ર અને શત્રુઘ્ન ચારેય. જુઓ! હાથી. અણગાર જાય છે ..

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમકિતી હાથી છે. જાતિસ્મરણ થયું છે. એવા એવા અસંખ્ય સમકિતી શ્રાવક અઢી દ્વીપ બહાર બિરાજમાન છે. અત્યારે મોજૂદ છે. અઢી દ્વીપ જે મનુષ્ય ક્ષેત્રમાં તો બહુ થોડા પશુ સમકિતી છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય છે. પંચમ ગુણસ્થાનવાળા અસંખ્ય છે. ચોથા ગુણસ્થાનવાળા અસંખ્ય છે. હાથી, ઘોડા, પશુ, દેડકા, ચકલા, પોપટ, કાબર.. સમજાણું કાંઈ? મચ્છ, મગર. મચ્છ એટલો મોટા મગરમચ્છ. ઓલા મચ્છ નહિ, મગરમચ્છ. અસંખ્ય જીવો અઢી દ્વીપ બહાર પડ્યા છે, ભગવાને કહ્યું છે. એમાં કેટલાક સમકિતી છે. તો સમ્યગ્દૃષ્ટિની એવી ભાવના છે ત્યાં કે, '**હું તિર્યંચ-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' ઓહો..! સમજાણું કાંઈ?

તિર્યંચનો અર્થ શું છે સમજ્યા? આમ આડું શરીર થઈ ગયું ને? પશુનું શરીર આડું થઈ ગયું ને. મનુષ્યનું આમ (સીધું) છે, પશુનું આડું થઈ ગયું છે. તો એના આયુષ્યમાં તિરછાનો ઉદય છે તિર્યંચમાં. માયાચારી પૂર્વે કરી હતી તો એ આયુષ્ય બંધાઈ ગયું અને તિરછુ થઈ ગયું. પૂર્વે બહુ વક્રતા કરી હતી. કહે છે કે એ વક્રતા મારી નથી અને એનું ફળ જે આવ્યું તિર્યંચનું આયુષ્ય એ પણ હું નથી. આહાહા..! મારામાં આયુષ્ય જ નથી. હું તો ત્રિકાળી અનાદિઅનંત છું. સમજાણું કાંઈ? એ પશુ આવડા દેડકા થાય છે. નહિ? આપણે મૂક્યું છે આમાં. સમવસરણમાં દેડકો (જાય છે). ઓહોહો..! જુઓને! ભગવાનના દર્શન કરવા જતા હતા ને શ્રેણિકરાજના વખતમાં. એક દેડકો ફૂલ લઈને કૂદતો-કૂદતો ભગવાનના દર્શન કરવા જાય છે. શ્રેણિક રાજા પણ દર્શન કરવા જતા હતા હાથી ઉપર. તો હાથીનો પગ એની ઉપર આવ્યો. આવી ગયો ને ભાવ શુભ હતો તો સ્વર્ગમાં દેવ થયો. દેવ થયો અને જ્યાં શ્રેણિક ભગવાન પાસે પહોંચે છે દર્શન કરવા ત્યાં પહેલા હાજર થયો દેવ. આહાહા..! દેડકો બિચારો કૂદતો કૂદતો જાતો હતો અને મોઢામાં ફૂલ હતું. શુભભાવ એવો થયો. આત્મજ્ઞાન તો પછી થયું. એનાથી શુભભાવથી ધર્મ નથી થયો. પણ આ તો એ શુભભાવમાં, ભક્તિમાં શુભભાવમાં સ્વર્ગે ગયો. તો શ્રેણિકરાજા ભગવાનના દર્શન કરવા જતા હતા હાથીના હોદ્દે. ત્યાં હાથી તો મોટા. શ્રેણિક રાજા મોટા, હજારો રાજા જેના ચામર ઢાળે. એનો હાથી મોટો હોય. દેડકો ચાલતો હતો એના ઉપર હાથીનો પગ આવી ગયો. આપણે હમણા કાંઈક આવ્યું છે ને આમાં?

મુમુક્ષુ :- આત્મધર્મમાં.

ઉત્તર :- આત્મધર્મમાં આવ્યું છે. છોકરાઓને ક્યાં વાંચવા દે છે? પણ વખત મળે છે ક્યાં એને? ભણવું હોય ને. કાલે પૂછયું હતું એક પુસ્તક આપો છો કે નહિ ત્યાં? ક્યાં ગયા પવનભાઈ! એ તો કાલે છોકરાને પૂછ્યું હતું અમથું. કીધું, આત્મધર્મ ત્યાં તમારે એકેય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મૂકે છે કે નહિ? પણ વખત ક્યાંથી તમારે મળે ભણવા આડે? મળે લ્યો! થોડું થોડું એમાં લખ્યું છે. ત્યાં દેડકો આવ્યો છે. છે અહીં?

મુમુક્ષુ :- ચિત્ર કાઢ્યું છે.

ઉત્તર :- ચિત્ર કાઢ્યું છે. એ ચિત્ર કાઢ્યું છે. એ મરીને તિર્યંચ મરીને સ્વર્ગમાં ગયો. દેવ થયો. સિંહાસન મોટું. શ્રેણિકરાજા .. ભગવાનના સમવસરણમાં જતા હતા એ પહેલા તો સ્વર્ગમાંથી દેવ આવીને હાજર થયો. જે દર્શન કરવાનો અહીંયા ભાવ હતો એ જ ભાવ લઈને ત્યાં ગયો. આહાહા..! સમજાણું કાંઈ? આ કોણ છે? જુઓ! આ દેડકાનું મડદું પડ્યું છે વચ્ચે ઈ. શ્રેણિક રાજા આવતા હતા. એ મડદું પડ્યું છે ને એ દેવ થઈને અહીં દર્શન કરવા આવ્યો છે. ભાઈએ હરિભાઈએ નાખ્યું છે ને શું? દેડકાનો શું શબ્દ છે? ત્રણ-ચાર નાખ્યા છે ને કાંઈક. ભાષા સારી છે, કાંઈક નાખ્યું છે. દેડકું દોડતું આવે છે. છે એમાં જુઓ એય..! જુઓને છોકરાઓ સાંભળે તો ખરા. અને છોકરાને પમુભાઈ વાંચવા દ્યો છો કે નહિ કો'ક દી? એમ ને એમ લાવો ને. એમ ને એમ લાવોને બેસીને, હાથ લાંબો (કરો). ભાઈ એ તો બધી વાતું આવે ભેગી. એકસાથે આવે કાંઈ? લ્યો, એમાં આવે છે હોં! એ છોકરાને કહ્યું હતું એક ફેરી. કાલે કહ્યું હતું. કીધું, આ છે. છે કે નહિ તમારે? કેટલામું છે આ? આ આવ્યું લ્યો.

દેડકાની વાત વાર્તા છે ને જુઓ. જુઓ! ફૂલ લઈને જાય છે આ દેડકું. ભગવાનના વખતમાં શ્રેણિક રાજા અનેક હજારો હાથી, રાણીઓ લઈને ભગવાનના દર્શન કરવા જાય છે. દેડકો પણ ફૂલ લઈને જાય છે. 'દેડકું દેડકું દોડ્યું જાય, મોઢામાં ફૂલ લઈને જાય, વીરપ્રભુને પૂજવા જાય, એને દેખી આનંદ થાય.' ઠીક! છોકરાની જેવી શૈલી કરીને કહ્યું. એ તો એના પ્રમાણમાં હોય ને. કહો, સમજાણું? જુઓ! હાથી. જુઓ! હાથીની હેઠે આવી ગયું. હાથીની હેઠે આવી ગયું છે. સમજાય છે? એમાંથી એકદમ દેડકામાંથી દેવ થયો, જુઓ. એકદમ દેવ. ત્યાં ક્યાં.. ત્યાં કાંઈ તમારે જન્મ પહેલા નવ મહિના રહેવું પડે એમ નથી. જ્યાં દેવ થયો પટ, એક લૂગડાનો પટ હોય છે સિંહાસન ઉપર. એના ઉપર એકદમ બે ઘડીની અંદર ૩૨ વર્ષનો જુવાન દેવ થઈ જાય. અહીં તો શ્રેણિક રાજા પહોંચે પહોંચે એ પહેલા દેવ આવ્યા ભગવાનના દર્શન કરવા. સમજાણું કાંઈ? શુભભાવમાં એટલી તાકાત. દેવપણું લઈને દર્શન કરવા જાય. શુભથી રહિત આત્માની તાકાતની તો વાત જ શું? સમજાણું કાંઈ?

શુભભાવ પણ હું નહિ. સમ્યગ્દર્શન થયું એમાં શું છે? મારા ભગવાન પાસે હું પહોંચું એ જ મારી શક્તિ છે. ભગવાન પાસે જાવું એ તો શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે અને પૂર્વના પુણ્યના કારણે એ મળે છે અને વર્તમાનમાં શુભભાવ છે. પણ મારા પ્રભુ પાસે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જાઉં છું તો એમાં શાંતિ ને આનંદ છે. કહો, સમજાણું કાંઈ?

સમ્યગ્દ્રષ્ટિ કહે છે કે '**હું તિર્યંચ-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' કહો. પશુમાં રહ્યા છતાં હું પશુ નથી. ઠીક! આત્મા અંદર જ્ઞાનાનંદની ચૈતન્યની ધુની લાગી છે. ભગવાન આત્માની જ્યાં ધુન લાગી છે અંદરમાં. દ્રષ્ટિમાં તો ધૂન લાગી છે આત્મામાં આનંદ છે. એને તિર્યંચનું આયુષ્ય હોય તોપણ કહે છે કે તિર્યંચનું આયુષ્ય મારામાં છે નહિ તો હું એનો ભોક્તા નથી. અને તિર્યંચના આયુષ્ય પ્રમાણમાં મારી રહેવાની વર્તમાનમાં યોગ્યતા છે એ પણ મારું પરિણમન નથી અને હું એનો ભોક્તા નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? તિર્યંચ હોય. નારકીમાં તો એકલા નપુંસક જ હોય છે. સમજાણું કાંઈ? નરકમાં તો એકલા નપુંસક હોય છે. સ્ત્રી, પુરુષ કાંઈ છે નહિ. એ તો કહે છે કે નપુંસકપણું પણ હું નથી. એ આવ્યું પહેલા. એ આવી ગયું. ઉપર આવી ગયું. '**હું નપુંસકવેદનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો...**' ૪૪માં આવી ગયું એ. કાલે કહ્યું હતું. સમજાણું કાંઈ?

અહીં તિર્યંચમાં ત્રણેય છે. તિર્યંચનું આયુષ્ય છે અને કોઈ સમકિતી છે તો કોઈ નપુંસક પણ હોય, કોઈ પુરુષ પણ હોય અને કોઈ સ્ત્રી પણ હોય. તિર્યંચણી પણ હોય. પણ સમ્યગ્દર્શન આત્માનું ભાન થયું સમ્યક્, તો કહે છે કે એ તિર્યંચણી પર્યાયનું આયુષ્ય એ પણ હું નહિ. સ્ત્રીનો ઉદય હું નહિ. એ પહેલા આવી ગયું છે મોહમાં. સમજાણું કાંઈ? હું તિર્યંચણી નહિ. ઓહોહો..! હાથણી હોય છે, ચકલી હોય છે સમકિતી. શરીર ક્યાં એનું છે? શરીર ભિન્ન છે. આત્માનું ભાન થયું છે, હું ચિદાનંદ સ્વરૂપ છું. એવી સમ્યગ્દ્રષ્ટિની અનુભવ દ્રષ્ટિમાં તિર્યંચણી પણ હું નહિ, તિર્યંચના આયુષ્યમાં પણ નહિ અને આયુષ્યની યોગ્યતા પ્રમાણે મારે રહેવું પડે એવી યોગ્યતા પણ મારી નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? અને નપુંસક પણ હોય છે તિર્યંચમાં. ત્રણે વેદ હોય છે. વેદ તો પહેલા આવી ગયું. વેદ નહિ પણ આ તો અહીંયાં આયુષ્ય પણ હું નહિ. સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધ ચૈતન્ય મૂર્તિ પ્રભુ એમાં તો પરમાત્મા અંદર અખંડાનંદ બિરાજે છે આત્મા. એવી અંતર દ્રષ્ટિ અનુભવ થયો તો હું તિર્યંચ આયુષ્યનો, તિર્યંચણી આયુષ્યનો ભોગવનાર હું નહિ. હું તો પૂર્ણ આનંદ શાંત પ્રાણ આનંદને ભોગવનાર છું. કહો, સમજાણું કાંઈ? તિર્યંચ.

હવે આયુષ્ય. '**હું મનુષ્ય-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' હવે આ મનુષ્ય આયુષ્ય કહે છે ને? મનુષ્ય આયુષ્ય. ચાહે તો ક્ષાયિક સમકિતી હોય, ચાહે તો ક્ષયોપશમ સમકિત હોય. નિર્મળ થોડું હોય પણ સમ્યગ્દર્શનનો વિષય છે એ તો પૂર્ણ ધ્યેય છે. ક્ષાયિક હોય કે ક્ષયોપશમ હોય પણ પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ છે એના ઉપર દ્રષ્ટિ છે. તો એ ક્ષાયિક સમકિતી હોય, ક્ષયોપશમ હોય તો કહે છે કે મનુષ્યના આયુષ્યને હું ભોગવનારો નથી. કહો,

સમજાણું કાંઈ? લાંબુ આયુષ્ય હોય તો ઠીક પડે. કહે છે ને? ઘણું આયુષ્ય હોય તો ધર્મ ઘણો થાય. આયુષ્યના પ્રમાણે મને ધર્મ નથી. મારો ધર્મ તો મારા સ્વભાવની સાવધાનીની ઉગ્રતામાં છે. બહારથી નથી. કહો, સમજાણું કાંઈ? મનુષ્ય આયુષ્ય આઠ વર્ષનું હોય, અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન પામે છે. હું મનુષ્ય પણ નહિ, મનુષ્યનું આયુષ્ય પણ નહિ. મનુષ્ય અને મનુષ્યણી આવે છે કે નહિ? મનુષ્યણી આવે સ્ત્રી. સ્ત્રીને પણ ચોથું-પાંચમું ગુણસ્થાન હોય છે અને પુરુષને ચોથું, પાંચમું, છઠ્ઠું આદિ ગુણસ્થાન હોય છે. એની અહીં ભાવનાની વાત છે ને.

એ કહે છે કે '**હું મનુષ્ય-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' સમજાણું કાંઈ? હું આયુષ્યનો પ્રાણ પણ નહિ અને હું મનુષ્યને યોગ્ય જેટલી આયુષ્ય પ્રમાણે રહેવાની યોગ્યતા છે ને અશુદ્ધ ભાવપ્રાણની એ મારી પરિણતિ-અવસ્થા નથી અને હું એનો ભોગવનાર નથી. ઓહોહો..! તો વળી અમે બાહ્ય આ સ્ત્રી, કુટુંબને ભોગવનાર, ભાઈ પૈસા ભગવાને દીધા માટે ભોગવેને. એમ વાતું કરે છે ને માણસ? લ્યો, એમ કહેતા ભાઈ જુઓ! હુકમચંદજીને કેવા પૈસા મળ્યા માટે તે ભોગવે છે ભાઈઓ. એક ચુલાનો ખર્ચ બાર મહિનાનો અઢી લાખનો હતો. અઢી લાખનો. રસોડાનો ખર્ચ. ઘરના રસોડાનો ખર્ચ. મહેમાન આવે તો .. એ બેચરભાઈ કહેતા હતા. સોનાની મોટરું. પણ શું છે એમાં? ધૂળમાં. એનો ભોગવટો છે જીવને? એ તો માટી ધૂળ છે. કહો, સમજાણું કાંઈ? છે ને? એક બંગલો બતાવ્યો હતો. એક ફેરી બતાવ્યું હતું તે દિ' બતાવ્યું હતું ૧૩મી સાલ.

એક હતો ઓરડો. એક ઓરડામાં એક કરોડ રૂપિયાની ચીજ હતી. એક ઓરડામાં એક કરોડની ભિન્ન... ભિન્ન... ભિન્ન ચીજ. રાજકુમાર સાથે હતા. એનો પુત્ર છે ને? મને કાંઈ લાગતું નથી. આ ધૂળ શું? કીધું. ઈન્દ્રના ઈન્દ્રાસનમાં એક થોડો પત્થર હોય છે ને નીચે બેસવાનો એની કિમતમાં આ કાંઈ નથી. એક કરોડ રૂપિયા, હોં! એક ઓરડો છે એમાં કરોડ રૂપિયાની ચીજો મૂકી રાખી. આપ્યું હોય શું કહેવાય રૂપાના? શું કહેવાય તમારે? અભિનંદન. .. શું કાંઈ કહે છે. કસ્યના ઓલા. રૂપાના ભુંગળા નાખે છે ને આપીને? એવા ભુંગળા ઘણા ભેગા થયા છે ત્યાં. ભુંગળા ઘણા પડ્યા હતા રૂપાના, ચાંદીના. મોટા રાજા જેવો માણસ. રાજા એની પાસે સાધરણ માણસ. એવી પુણ્યની પ્રકૃતિ. પણ એ પુણ્યને ભોગવવું એ આત્મા છે? સમજાણું કાંઈ? આત્મા તો એ સંબંધીનો રાગ ભોગવે છે. અહીં તો કહે કે રાગ એ મારી ચીજ નથી, ભોગવનાર હું નથી. હું તો આનંદને ભોગવનાર છું. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આયુષ્યનું શું થયું?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- આયખુ એને ઘરે ગયું. આઠ વર્ષનું આયુષ્ય હોય કે કરોડ પૂર્વનું હોય. એ મારામાં છે જ નહિ. હું તો અનાદિઅનંત છું. મારી આદિ નથી, મારો અંત નથી. મારામાં આયુષ્ય છે જ નહિ. આયુષ્ય તો દેહની સ્થિતિનું છે. એ મારામાં નથી પણ મારામાં રહેવાની યોગ્યતા પણ મારામાં નથી. એટલી રહેવાની યોગ્યતા પોતાથી હોં! એને કારણે નહિ. આયુને કારણે અહીં રહે છે એમ નથી. પોતાની પર્યાયની યોગ્યતા છે માટે અહીંયા રહે છે. એટલી યોગ્યતા પણ મારી નથી એમ અહીંયા તો કહે છે. આહાહા..! મારી હોય તો છૂટે ક્યાંથી? ધર્મની દૃષ્ટિ એવી છે. એની કિંમત, એની મહિમા..

'**હું મનુષ્ય-આયુકર્મના ફલને નથી ભોગવતો,...**' ભાવપ્રાણ, અશુભભાવ પ્રાણ અને બાહ્ય દ્રવ્યપ્રાણ એ પણ હું નહિ. હું તો શુદ્ધ ચૈતન્ય ભાવપ્રાણ એની જ્યાં સ્થિતિ નથી. અનાદિઅનંત છે. એવા ધ્રુવ ઉપર દૃષ્ટિ હોવાથી હું તો આત્માને ભોગવનાર છું. આત્મા નામ ધ્રુવ નહિ પણ આત્માની દશા શુદ્ધ છે ને? એને જ આત્મા કહે છે. પુણ્ય-પાપ પણ આત્મા નહિ, પર પણ આત્મા નહિ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની પર્યાય જે નિર્મળ થાય છે એને આત્મા કહીને તેને હું ભોગવું છું. સમજાણું કાંઈ? છતાં ધર્મીની ભોક્તાની એ પર્યાય ઉપર દૃષ્ટિ નથી. આહાહા..! દૃષ્ટિમાં તો મહાભગવાન બિરાજે છે. પૂર્ણાનંદ પ્રભુ દૃષ્ટિના વિષયમાં છે. એવો આત્મા મનુષ્યઆયુકર્મને ભોગવતો નથી. હું તો ચૈતન્ય સ્વરૂપનો અનુભવ કરનારો છું. મનુષ્યણી ... હોં!

સમ્યગ્દૃષ્ટિ મનુષ્યણી હોય બહારમાં અને આયુષ્ય એનું હોય. હું મનુષ્યણી પણ નથી, આયુષ્યની સ્થિતિ પણ મારામાં નથી. મારી યોગ્યતા જે છે એ પણ મારામાં નથી. પર્યાયદૃષ્ટિ ઉડી ગઈ છે અને વસ્તુદૃષ્ટિ થઈ છે તો એમાં તો યોગ્યતાનો અંશ અને બાહ્ય બેય ચીજ મારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો આઠમો દિવસ છે. કોનો? આ પ્રકૃતિનો. ક્યારથી ચાલે છે? અમાસ. માગશર વદ અમાસથી ચાલે છે. આઠમો દિવસ છે ને આજ? આજ શનિવાર થયો ને? શનિવારથી ચાલે છે. એય..! ક્યાં ગયો? કોણ કહેતું હતું? હિંમત કો'ક કહેતું હતું. આઠ દીથી આ પ્રકૃતિ ચાલે છે આ. નથી હિંમત? નથી? બહાર બેઠો છે. કોણ જાણે હમણા ધંધો-બંધો વેપાર કરે છે. શેનો? નિશાળનો. કહો, સમજાણું અહીં.

એ ધર્મી એને કહીએ કે જેની દૃષ્ટિમાં મનુષ્યના આયુષ્યની પણ કિંમત નથી. લાંબુ આયુષ્ય કે થોડું એની કિંમત જ નથી. હું એમાં નથી પછી એની કિંમત શું? અને મારી એમાં રહેવાની યોગ્યતા એની કિંમત પણ નથી. હું એમાં નથી પછી શું? હું તો સ્વરૂપ ચિદાનંદ છું. એવી ધર્મદૃષ્ટિમાં મનુષ્યના આયુષ્યને ભોગવનાર હું નથી. કહો, સમજાણું કાંઈ?

હવે આવ્યું દેવ આવ્યું. દેવ-દેવ. દેવ થયો. છે ને શક્રેન્દ્ર? પહેલા દેવલોકનો ઈન્દ્ર સમકિતી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ક્ષાયિક સમકિતી છે. પહેલા સ્વર્ગનો દેવ ક્ષાયિક સમકિતી છે. પોતાના શુદ્ધ સ્વરૂપની એવી પરિણતિ શ્રદ્ધા થઈ છે કે જે કેવળજ્ઞાનમાં જઈને પૂર્ણ થઈ જશે. એ ક્ષાયિક સમકિતી પડે નહિ. એવા દેવ પોતાની ભાવનામાં એમ ભાવે છે કે '**હું દેવ-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' લોકો એમ કહે કે ઓહોહો..! વાહ! ધન્ય અવતાર! દેવ થયા. ૩૨ લાખનો વિમાનનો સ્વામી. એક એક વિમાનમાં કેટલાકમાં અસંખ્ય દેવ. અસંખ્ય દેવ હોં! અહીં તો અનંત દેવ બિરાજમાન છે આત્મામાં. દિવ્ય દેવશક્તિ અનંત અનંત છે. મારા આત્મામાં અનંત દિવ્ય શક્તિ છે. એવો અનંત દિવ્ય શક્તિનો દેવતા હું છું. એવી ધર્મીની દૃષ્ટિ હોવાથી દેવના આયુષ્યને હું ભોગવનાર નથી. કહો, સમજાણું કાંઈ? અહીં તો દેવ જરી ભૂતડું-બુતડું જ્યાં દેખે ત્યાં તો આહાહા..! દેવ આવ્યો આની પાસે. શું દેવ આવ્યો? શું છે? કહો, સમજાણું કાંઈ? વ્યંતર. કાલે કહેતા હતા વ્યંતર કોક આવ્યું છે ત્યાં. નડતું હોય તો કો'ક ઠેકાણે ત્યાં ઉદયપુરમાં આવતો. ..ના ઘરે. આવ્યો હશે વ્યંતર ફરતો ફરતો ત્યાં. કુતૂહલ કાંઈક ગરી ગયો. છોકરીને કૂવામાં નાખી દીધી. કોઈને આમ કર્યું. આવ્યો હોય, કોઈ નીકળ્યો હોય. .. ઘરેથી. થાય કોઈ ઠેકાણે એ પાછો વયો ગયો. થઈ રહ્યું. એ તો પૂર્વની પાપની પ્રકૃતિનો ઉદય હોય તો એવા સંયોગો (ઊભા થાય). એ સંયોગોમાં પણ હું નથી, પ્રકૃતિમાં પણ હું નથી અને અશુદ્ધતામાં પણ હું નથી. એવી દૃષ્ટિને ધર્મદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ?

'**દેવ-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' શક્રેન્દ્ર પહેલા દેવલોકનો ઇન્દ્ર છે. ભગવાનના પરમ ભક્ત છે. એ દેવ પણ ભગવાન જન્મે છે તો ભક્તિ કરવા આવે છે અને ત્યાં મેરુ પર્વત ઉપર લઈ જાય છે. વિકલ્પ છે. તો કહે છે કે હું આ નથી. વિકલ્પ જ મારો નથી ને. એ વિકલ્પ પણ મને દુઃખદાયક લાગે છે ને. સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિમાં જે રાગ આવે છે એ પણ મને દુઃખદાયક લાગે છે. કહો, સમજાણું કાંઈ?

'**હું દેવ-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! આને તો હજી મોટું મનુષ્ય આયુષ્ય મળે અને પૈસા-બૈસા હોય તો ઠીક પડે. મૂઢ છો કહે છે. આત્માનું ભાન ન મળે. બાદશાહ ભગવાન મોટો ત્રિલોકનો નાથના સિંહાસને બેસવાને મળે એવું અંદર સ્થાન છે. એને ઠેકાણે તું રાગમાં, નિમિત્તમાં બેસી ગયો. દૃષ્ટિ મૂઢ છે તારી. પામર છો પામર. પરમેશ્વરને ન ગણતા પામરતામાં તારી મોટપ ગણે છે તો પામર ભિખારી છે. અહીં તો કહે છે, દેવ આયુષ્ય છે? ના. અમને મળ્યું ને? આ .. નથી કહેતા? ભાઈ પૂર્વે પુણ્ય બાંધ્યું માટે અમને મનુષ્ય આયુ મળ્યું ને? અહીં ના પાડે છે. ધર્મી જીવને મનુષ્ય આયુ મળ્યું એની એને પ્રશંસા નથી. સમજાણું કાંઈ? મનુષ્ય આયુ મળ્યું ને, સાંભળવા મળ્યું ને, આમ થયું ને. શું છે તારે? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'હું દેવ-આયુકર્મના ફળને નથી ભોગવતો,...'** લ્યો! ઓહોહો..! સર્વાર્થસિદ્ધનો દેવ, ૩૩ સાગરની સ્થિતિ. સાંભળ્યું છે? ૩૩ સાગરોપમ. ... ક્ષાયિક સમકિતી અને એક ભવે મોક્ષ જનારા. ત્યાંથી નીકળીને મનુષ્ય (થશે). ...માં બેઠા બેઠા સ્વાધ્યાય કરે છે ૩૩ સાગર. કહે છે કે આ નહિ... આ નહિ... આ નહિ. અમે આ નહિ હોં! અમે તો આત્મા છીએ. અમારા આનંદમાં અમે છીએ. આ વસ્તુ અમારી છે અને એને અમે ભોગવીએ છીએ એમ કોઈ અનુમોદે અને પ્રશંસા કરે તો અમે ના પાડીએ છીએ. પ્રભુ! એમાં અમે નથી ને. કહો, સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આહાહા..!

અહીં તો એક બરાબર સરખા બે છોકરા સારા થયા, કાંઈક પૈસા ઠીક થયા, કાંઈક આયુષ્ય લંબાણું. ઓહોહો..! ભાઈ! ૮૦ વર્ષ સુધી મેં કોઈ દિવસ સૂંઠનો.. સૂંઠ સમજો છો ને સૂંઠ? સૂંઠ કહે છે ને? એય..! ચોપડી નથી. એવી નિરોગતા રહી અત્યાર સુધી. એય..! આમને તો ૮૫ થયા. એમ ઘણા કેટલાક કહે છે. પણ ધૂળમાં થયું શું? ૮૦ વર્ષમાં કદી તાવ આવ્યો નથી. અને ૮૦ વર્ષમાં કોઈ દી સૂંઠ ચોપડી નથી. માથુ-બાથું દુઃખેને થોડું? એની પ્રશંસા. મૂરખ છો? કહો, સમજાણું કાંઈ? ધર્મી જીવને એ કોઈ પ્રશંસા છે જ નહિ એમાં. આહાહા..! એવી વાત છે. પણ ક્યાં ધૂળ હવે... નિરોગતા હોય તો એ જડ છે. તારામાં શું આવ્યું? તારી નિરોગતા તો ભ્રાંતિ રહિત થા એ તારી નિરોગતા છે. ભ્રમણારહિત તારા ભગવાનનો અનુભવ કર તો એનું નામ નિરોગતા છે. બાકી તો રાગ મારો છે એમ માને ત્યાં સુધી એ રોગી ભ્રાંતિવાળો રોગી છે. સમજાણું કાંઈ?

આવે છે ને? શ્રીમદ્‌માં નથી આવતું? 'આત્મ ભ્રાંતિ સમ રોગ નહિ.' લ્યો! એ રોગ છે. શરીરનો રોગ એ રોગ નથી. એ રોગ તો વળી પુણ્ય હોય તો ખસી જાય, પાછો આવે ને જાય, પાછો આવે ને જાય એવો રોગ છે. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદને છોડીને હું રાગવાળો છું, હું આયુષ્યવાળો છું, હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું લક્ષ્મીવાળો છું. એવી માન્યતા જેની છે એ રોગી, મોટો રોગી, ક્ષય રોગ છે. કહો, સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, **'હું દેવ-આયુકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.'** ઓહોહો..! જે લોકોને એમ છે કે વાહ! ભાઈ દેવપણું મળે તો ભગવાન પાસે જવાય. લ્યો! પહેલા આપણે પુણ્ય બાંધીએ. ભલે ધર્મ ન હોય એમ કહે છે કેટલાક. પણ આપણે શુભભાવ આદિ હોય, પુણ્ય બંધાય સ્વર્ગમાં. પછી ભગવાન પાસે જવાય. એ ભગવાન પાસે જાય નહિ. આ ભગવાન છે એની પાસે ગયા વિના એ ભગવાન પાસે જઈને શું કરીશ? .. સમજાણું કાંઈ? મેરુ સાથે માથા ફોડે એવું છે. ત્યાં કાંઈ થવાનું નથી. માથું ફૂટશે તારું. એમ રાગ થાશે પુણ્યનો પણ કાંઈ પવિત્રતા થાશે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મા એ રાગથી રહિત ભગવાન પરની ભક્તિનો રાગ એ મારી ચીજ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવું દેવ પણ એમ માને છે. દેખો! નહિતર દેવ તો ઈન્દ્ર હોય છે ને. ઈન્દ્ર પણ છે દેવની સાથે. જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, કેવળકલ્યાણક, ગર્ભકલ્યાણક, મોક્ષકલ્યાણક પાંચેયમાં આવે છે દેવ. તો કહે છે, ભાઈ! દેવનું આયુષ્ય મળ્યું તો પંચકલ્યાણક કરવાનો અવસર મળ્યો. દેવનું આયુષ્ય મળ્યું તો પંચકલ્યાણક કરવાનો અવસર મળ્યો. ના. ના પણ હું દેવના આયુષ્યમાં છું જ નહિ ને. આહાહા..! ભારે ભાઈ! એય..! વજુભાઈ! માણસને મળે એવો અવસર? દેવના આયુષ્ય હોય તો જુઓ ભગવાનનો જ્યાં જન્મ થાય ત્યાં જાય, ગર્ભ જ્યાં થાય ત્યાં જાય, દીક્ષા હોય તો પણ દેવો ઉતરે, કેવળ થાય તો દેવ ઉતરે. કેટલો લાભ મળે એને. એય..! હીરાભાઈ! અહીં તો ના પાડે છે. દેવનું આયુષ્ય જ મારું નથી ને. હું આવ્યો માટે પંચકલ્યાણક થાય છે એ લાભદાયક છે એ પણ મારામાં નથી ને. આહાહા..! એય..! પંચકલ્યાણક થઈ ગયા ને આપણે બધાય? મલૂકચંદભાઈને વાર છે ને. મલૂકચંદભાઈને કરવાના બાકી શેઠિયા એ છે અમદાવાદના.

મુમુક્ષુ :- ઈન્દ્ર થવાના.

ઉત્તર :- ઈન્દ્ર થવાના. લ્યો ઠીક! ભગવાનજીભાઈ કહે છે આપણે. પણ કહે છે કે આ ઈન્દ્ર સાચા થાય તો પણ હું ઈન્દ્ર નથી એમ કહે છે અહીં તો. આહાહા..! સાચો ઈન્દ્ર થયો, દેખો! આ સાચા ઈન્દ્રની વાત છે, થાય છે કે નહિ? હું ઈન્દ્ર નથી. ઈન્દ્રનું આયુષ્ય મારું નથી. હું તો અતીન્દ્રિય આનંદનો નાથ એવો હું પરમાત્મા ઈન્દ્ર છું. ધર્મીની એવી દૃષ્ટિ હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને! કેટલી વાત મૂકી આચાર્યે! ક્યાં લઈ ગયા ઠેઠથી નરકમાં ચોથા ગુણસ્થાનથી વાત ઉપાડી છે, લ્યો. ચોખ્ખી વાત લીધી છે. પણ હવે બધા કહે કે આવું બધું ન હોય. આનંદ ચોથે ન આવે. અહીં કહે છે, ચેતનસ્વરૂપને અનુભવું છું તો શું એનો અર્થ? નારકીનો પ્રાણી સમ્યગ્દૃષ્ટિ કહે છે, હું ચૈતન્યને અનુભવું છું. રાગને નહિ, આયુષ્યને નહિ એનો અર્થ શું થયો? આહાહા..! એની મોટપ નથી આવતી એને. હું કેટલો મોટો છું! ઓહોહો..! મારી દૃષ્ટિએ દૃષ્ટિ એનું માપ કરે છે. બીજાનું માપ કરવાની તાકાત નથી.

એવો આત્મા ભગવાન આત્મા, પૂર્ણાનંદનો નાથ હું સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ છું. એવી ધર્મદૃષ્ટિ જ્યાં થઈ, ચાહે તો ગૃહસ્થાશ્રમમાં રહેતો હોય, ચાહે તો દેવમાં હોય, ચાહે તો ગરીબ હોય બહારથી, નિર્ધન પણ હોય. એ નિર્ધનપણું હું નહિ, સધનપણું હું નહિ, દીનપણું હું નહિ, હું સ્ત્રી નહિ, હું પુરુષ નહિ, હું નપુંસક નહિ, હું બાળ નહિ, હું યુવાન નહિ, હું વૃદ્ધ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ તો બધું પુદ્ગલનું નાટક છે. હું નથી. ધર્મીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો પોતાના આનંદસ્વરૂપની દષ્ટિમાં એ પરનું સ્વામીપણું અંતરમાં દેખાતું નથી. દેખો! સ્વસ્વામી કહે છે. પોતાનું ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ એ મારું સ્વ છે, એનો હું સ્વામી છું. એ આયુષ્યની પર્યાયનો હું સ્વામી નથી અને એને રહેવાની યોગ્યતાનો પણ હું સ્વામી નથી. એ મારું સ્વ નથી તો સ્વામી ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એવી સમ્યગ્દષ્ટિની ભાવનામાં એવા ઉપયોગમાં રમણતા થાય છે. એને સમ્યગ્દષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે. બીજાને ધર્મીને કહેતા નથી. ધર્મી એવા નથી કે આ ક્રિયાકાંડ કરી, પૂજા-ભક્તિ કરી અમને ધર્મ થઈ ગયો. સમજાણું કાંઈ? ઘણી પૂજા કરે છે, ઘણી ભક્તિ કરે છે, ઘણું નામ સ્મરણ કરે છે માટે ધર્મી થઈ ગયો એમ છે જ નહિ. આહાહા..!

ભગવાનની ભક્તિ. પોતાના નિજસ્વરૂપની ભક્તિ કરે છે. ભજન કરે છે નામ અંદરમાં અકાગ્ર થઈને આનંદનો સ્વાદ લે છે એ સમ્યગ્દષ્ટિ કહે છે, હું દેવ પણ નથી. હું ચાર ગતિનું આયુષ્ય ભોગવનાર પણ નથી. આયુષ્ય રહિત થઈ ગયો? આયુષ્ય છે ને આયુષ્યરહિત થઈ ગયો? પણ આયુષ્યરહિત જ છું. થઈ ગયો શું? આયુષ્ય છે ને? કોણ કહે છે આયુષ્ય છે? છે ઈ એમાં છે. મારામાં ક્યાં છે? સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! પ્યાલા પણ બીજી જાતના લાગે છે આ. આહાહા..! લ્યો, એ ૪૮ થઈ. એક કલાક. એમના માટે હતું હોં. આ તો એમણે પા કલાક માંગ્યું હતું પણ આ તો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પોષ સુદ ૮, રવિવાર તા. ૭-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૪૯**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૪૯મી પ્રકૃતિ છે. ૪૮ ચાલી ૪૮. શું આ અધિકાર છે? કે આત્મા જે વસ્તુ છે આત્મા એ ત્રિકાળી ચીજ છે. તો ત્રિકાળી ચીજની શક્તિઓ પણ સામાન્ય જે ગુણો છે એ પણ ત્રિકાળી છે. સમજાય છે? વસ્તુ પોતે ત્રિકાળી છે એમ એના ગુણો પણ ત્રિકાળી છે. એ ગુણની સંખ્યા અનંત છે અને દ્રવ્યરૂપ એક છે. એવા દ્રવ્ય સ્વરૂપની અંતર દૃષ્ટિ થતાં, રાગ ને સ્વભાવની એકતા જે અનાદિથી હતી એ તૂટતા, સ્વભાવ સાથે એકતા થતાં, આત્માના આનંદનો સ્વાદ આવતાં, જે જ્ઞાન ભગવતી જ્ઞાનચેતના પ્રગટ થતાં.. સમજાણું કાંઈ? એ કર્મચેતના અને કર્મફળચેતનાનો ત્યાગ એ જ્ઞાનચેતના કરે છે. સમજાણું કાંઈ? એટલે શું?

આત્મા પોતાનું પરમઆનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એના અંતર ભાનમાં અંતર દૃષ્ટિ થઈ એથી એને શુદ્ધ પરિણમન (થયું). વસ્તુ પોતે શુદ્ધ છે એથી પર્યાય પણ શુદ્ધ પરિણમી. એ શુદ્ધ પરિણમન થયું તેને અહીંયાં જ્ઞાનચેતના અથવા ધર્મચેતના અથવા મોક્ષનો માર્ગ કહે છે. એ મોક્ષનો માર્ગ જ્ઞાનચેતના પ્રગટ થતાં પુણ્ય-પાપના વિકલ્પો ભૂત, વર્તમાન, ભાવિના એ મારું કર્તવ્ય નથી, એ મારું પરિણમન નથી. તેમ પૂર્વે અજ્ઞાનપણે બાંધેલા કર્મો તે ક્ષણે ફળ આપતા હોય અને તેના સંબંધમાં કંઈ વર્તમાન મારી યોગ્યતાનો સંબંધ હોય એ પણ મારું પરિણમન નથી અને એનો હું ભોક્તા નથી. સમજાય છે કાંઈ? એ વાત ચાલે છે.

જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા પોતાના ચૈતન્યના સ્વરૂપના ભાનમાં આવ્યો એનું નામ ધર્મ છે, એનું નામ ભગવતી મહિમાવંત જ્ઞાનચેતના એટલે જ્ઞાનસ્વરૂપમાં ચેતવું, એકાગ્ર થવું (છે). એ એકાગ્રતાની ભાવનામાં વર્તમાન વિકારની ભાવના હોતી નથી અને પૂર્વના બંધાયેલા કર્મ તરફના સંબંધની ભાવના હોતી નથી. ભાવના સ્વરૂપ તરફની એકાગ્રતાની હોય છે. એથી કોઈ કર્મના સંબંધમાં જરી વર્તમાન પર્યાયનું મલિનપણું આદિ થાય તેને દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિ તેને સ્વીકાર કરતી નથી. સમજાય છે કાંઈ? તેમ તેના કર્મફળને એ ભોગવતી નથી. દૃષ્ટિ અને જ્ઞાનચેતના તેનું ફળ ભોગવતી નથી. એની વ્યાખ્યા ચાલે છે.

જુઓ! આપણે ચાર આયુષ્યની વાત આવી ગઈ હતી કાલે. હવે ૪૯મી (પ્રકૃતિ) આજ છે. સમ્યગ્દૃષ્ટિ... અહીંયાં તો એમ છે. કોઈ એમ કહે કે ભાઈ આચાર્ય પોતે કહે છે તો એને વળી નરક આયુષ્યના ફળને ભોગવવું ને એ શું આવ્યું? સમજાય છે કાંઈ? એ આચાર્ય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો સામાન્ય વાત કરે છે. પોતે હું.. હું.. કરે છે એ હું એટલે સમકિતી અહીં લેવો. હું એટલે કરનાર આચાર્ય છે એમ અહીં ન લેવું. સમજાણું કાંઈ? શબ્દ તો બધે હું.. હું.. આવે છે ને. હું એટલે આચાર્ય પોતે કહે છે કે હું નરકના આયુષ્યને ભોગવતો નથી. એમ આવ્યું માથે. નરકનું આયુષ્ય તો આચાર્યને છે જ નહિ. પાઠ તો આમ છે કે '**હું નરક-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' અહીં પણ આવ્યું કે '**હું નરકગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' હવે ત્યાં તો હજી ફેર છે. નરકનું આયુષ્ય અને નરકગતિ બેમાં ફેર છે. સમજાય છે? સમ્યગ્દૃષ્ટિ જીવ મુનિ હોય કે શ્રાવક હોય એને નરકગતિ તો હોય જ નહિ. સમજાય છે? આ નરકગતિ શ્રાવક હોય કે મુનિ હોય એને નરકગતિ તો હોય નહિ. નરક આયુષ્ય તો હોય નહિ પણ નરકગતિ હોય. ગતિ એટલે પૂર્વના બંધાયેલા પ્રકૃતિના કર્મ હોય એ એને ઉદય હોય. નરકગતિનો હોં! નરક આયુષ્યની જુદી વાત છે, નરકગતિની જુદી વાત છે. અંદર પ્રદેશ ઉપર ચારેય ગતિના કર્મ પડ્યા હોય છે. પણ જે ગતિમાં હોય એ સિવાય બીજી ગતિના આયુષ્યના પરમાણુ હોય નહિ. ભવિષ્યનું બંધાયેલું હોય એ હોય જુદી વાત છે. પણ ગયા કાળના બીજા ચારેના હોય એ હોય નહિ. સમજાણું કાંઈ?

અહીંયાં હું એમ જે આવ્યું હતું. નરકગતિનું આયુષ્ય. નરકનું આયુષ્ય ભોગવતો નથી. એ સમ્યગ્દૃષ્ટિ સામાન્યની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? પહેલું આવ્યું હતું ને? ૪૫. '**હું નરક-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' એ આચાર્ય પોતાની નથી વાત કરતા. પણ જે સમ્યગ્દૃષ્ટિ જેને આત્માનું ભાન છે અને નરકગતિમાં છે, ઈ કહે છે કે આયુષ્ય કર્મનો જે ઉદય છે એ મને નથી. તેમ એ આયુષ્ય કર્મના ઉદયની યોગ્યતામાં મારી રહેવાની જરીક ક્ષણિક યોગ્યતા છે એને હું સ્વીકારતો નથી. આયુષ્યનો ઉદય છે એ તો મારામાં છે જ નહિ. પણ એ આયુષ્ય તરફમાં મારી વર્તમાન મારે કારણે યોગ્યતા રહેવાની છે એ યોગ્યતાનું પરિણમન એ મારું નહિ અને એ પરિણમનનો મને અનુભવ નહિ. કહો, સમજાય છે કાંઈ? એ ૪૫માં (આવ્યું હતું). કાલે ચારમાં ઘણી વાત આવી ગઈ હતી. ચારેય આયુષ્યની. કાલે હિન્દીમાં હતું જરી. નહિ?

હવે '**હું નરકગતિનામ...**' ધર્મી જીવને આત્માના શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિનું ભાન હોવાથી પોતાના સ્વરૂપના, આનંદના સ્વાદ આગળ, કહે છે કે નરકગતિનું બંધન થઈ ગયું હોય પૂર્વે ચાર ગતિનું બંધન હો! મનુષ્યપણામાં હોય એને ચાર ગતિનું બંધન હોય. ગતિનું બંધન હોય, આયુષ્યનું નહિ. સમજાય છે કાંઈ? તો કહે છે કે હું નરકગતિના નામ કર્મને. નરકગતિનો જે ઉદય થાય એ મને નથી, મારામાં નથી. સમજાય છે કાંઈ? કેમ? તેના તરફનું વલણ જ અત્યારે નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- એ તો અજ્ઞાનીને ...

ઉત્તર :- એ તો કોઈને નથી. ફક્ત આવીને ખરી જાય છે એટલી વાત છે. અહીં તો બધું લેવું છે ને. આ બાજુનું વલણ છે માટે ઉદય આવે તે ખરી જાય છે. ઓલાને ઉદય આવે તો ખરી તો જાય છે પણ એનો કાંઈ સંસાર ટળતો નથી. અહીં તો ટળતો જાય છે. સ્વભાવ તરફ જ્ઞાનચેતનાની એકાગ્રતા દ્વારા એ ગતિ જ નથી હવે. અત્યારે તો છૂટી જાય પણ ભવિષ્યમાં પણ હવે ગતિ નથી. એમ છે. સમ્યગ્દષ્ટિ પછી એને નરકની ગતિ બંધાય જ નહિ. સમજાણું કાંઈ?

એટલે કહે છે કે હું તો આત્મા છું. મારા સ્વરૂપમાં તો શાંતિ અને આનંદ છે, સ્વચ્છતા અને પ્રભુતા છે. મારી પર્યાયમાં જરી યોગ્યતા હોય પર તરફના નામકર્મના ઉદયની યોગ્યતા. સમજાય છે? આ નામકર્મની વાત આવે છે આ. એટલે કે મારા અરૂપીપણામાં સામે નામકર્મની ગતિનો નિમિત્તપણાનો જે સંબંધ છે... સમજાય છે? એ સંબંધમાં હું નથી. સમજાણું કાંઈ? અરૂપીપણું પોતાનું છે એમાં ઓલો સંબંધ છે ગતિનો અંદર. એટલો સંબંધ જાણે. આમ સંબંધ છે અંદર ઉદયનો. એ સંબંધમાં હું નથી. મારો સંબંધ તો ચૈતન્ય સ્વભાવ ઉપર થયો છે. સમજાય છે કાંઈ? તેથી હું નરકગતિના નામકર્મના ફળને નથી ભોગવતો. એમ ધર્મી પોતાના શુદ્ધ ચૈતન્ય આનંદના સ્વભાવની આગળ પર તરફના વલણના ભાવનો જરી થોડો ભાવ હો એ પણ પોતાના સ્વરૂપમાં ગણતો નથી. જ્ઞાન જાણે છે કે જે અંદર નામકર્મનું નિમિત્ત છે એટલો સંબંધ છે. જ્ઞાન જાણે છે. દૃષ્ટિમાં એનો આદર નથી. સમજાણું કાંઈ?

હું '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' જુઓ! કર્મફળચેતના ગઈ છે. નરકગતિના સંબંધનો જે અંદર સંબંધ છે, ઉદય ખરી જાય છે અને થોડો સંબંધ છૂટે છે. હતો અને છૂટે છે એ બેયમાં હું નથી. કારણ કે મારા શુદ્ધ ચૈતન્યના સ્વભાવ આગળ એ પર્યાય છે તે અભૂતાર્થ છે. અભૂતાર્થ છે. સમજાણું કાંઈ? મારું ત્રિકાળી ભૂતાર્થ સ્વરૂપ તો નથી, પણ ભૂતાર્થને આશ્રયે પ્રગટેલો સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મ એ ભૂતાર્થ છે. એ નથી એમાં. સમજાણું કાંઈ? હું મારું ત્રિકાળ સ્વરૂપ તો શુદ્ધ ધ્રુવ ભૂતાર્થ છે. એ વસ્તુ છે. પણ એને આશ્રયે થયેલી જે શુદ્ધતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એ પણ મારો પર્યાયધર્મ પણ ભૂતાર્થ ધર્મ છે. ધર્મ ભૂતાર્થ છે-ધર્મ સાચો છે. વસ્તુ ભૂતાર્થ છે ત્રિકાળ અને એને આશ્રયે પ્રગટેલી દશા પણ મારી ભૂતાર્થ છે. આ (ગતિ આદિ) અભૂતાર્થ છે એમ કહે છે. સમજાણું કાંઈ? વાત ભારે! એક વાતમાં કેટલા પડખા માણસને યાદ રાખવા! યાદ રાખવા પડતા હશે એમાં?

અહીં તો કહે છે કે ભગવાન આત્મા જ્યારે નિમિત્તના સંબંધમાં જોડાતો ત્યારે તેને સ્વભાવનો સંબંધ નહોતો. પણ સ્વભાવનો અંતર સંબંધ થયો પછી પરના સંબંધનો જે કાંઈ અંશે ભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે તેને જૂઠો ગણી, અભૂતાર્થ ગણી, ગૌણ ગણી, વ્યવહાર કરીને ખોટો કહ્યો છે. સમજાય છે કાંઈ? અને પોતાનો ચૈતન્ય ધ્રુવ સ્વભાવ તેને અવલંબીને પ્રગટેલી પર્યાય તેને ભૂતાર્થ ધર્મ ગણીને, શુદ્ધતા ગણીને મારો પર્યાય છે એને હું અનુભવું છું. સમજાણું કાંઈ? પર્યાયને અનુભવું છું. પાઠ તો એમ છે જુઓ!

'**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' પણ એનો અર્થ, કાંઈ આત્મા દ્રવ્યને સંચેતાતો નથી. સં નામ એકાગ્રતા. સં નામ એકાગ્રતા અને ચેતવું એટલે જાગૃત ભાવના, વિશેષ એકાગ્ર થવું તે. ભોગવવું. સમ એટલે એકાગ્રતા અને ચેતવું એટલે ભોગવવું. તો એકાગ્રતા ને ભોગવવું એ કાંઈ દ્રવ્યનું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભારે ઝીણું. ...ભાઈ વીતરાગનો માર્ગ આવો હશે. આ તો લોકો માની બેઠા છે કે ભક્તિ, પૂજા ને આ કર્યું જાવ ધર્મ (થઈ ગયો).

વીતરાગ આત્મા સ્વરૂપ છે. આત્માનું સ્વરૂપ જ વીતરાગ છે. ત્રણે કાળે વીતરાગસ્વરૂપ છે. વસ્તુ વીતરાગ સ્વરૂપ છે. વસ્તુ. એ વસ્તુનો આશ્રય લઈને વીતરાગતા જેટલી પ્રગટી એટલો મારો અનુભવ અને એ મારી જ્ઞાનચેતના, એ મારી ભગવતી મહિમાવંત ચેતના. સમજાણું કાંઈ? લ્યો! અહીં તો વળી બીજું આવ્યું. ઓલી જ્ઞાનચેતનાને ભગવતી કીધું, ભાઈ! કીધું છે ને આગળ પહેલા. ભગવતી. ભગવાન તો ભગવાન રહ્યો પણ પર્યાયને ભગવતી કીધી. એના પહેલા ભગવતી ચેતના કહ્યું છે ને. એના પહેલા. એના પહેલાની છે. ભગવતી ચેતનાને આવે છે ને? એ ૫૫૩. આમાં હોં! મારે ૫૫૩ છે. '**સ્વભાવભૂત ભગવતી જ્ઞાનચેતનાને એકને સદાય નચાવવી.**' આ છે ને.

મુમુક્ષુ :- આ જ ગાથા છે.

ઉત્તર :- એ આ ગાથાનો જ છે. ભાવાર્થ. ટીકા છે ને ટીકાનું છેલ્લું છે. ત્રણ ગાથાની ટીકાનો છેલ્લો પેરેગ્રાફ. છેલ્લી લીટી. લીટી. પેરેગ્રાફ તો એક જ છે. આ ત્રણ ગાથાનું ચાલે છે ને આ? એ ત્રણ ગાથા કાઢો. એ ૩૮૭, ૩૮૮, ૩૮૯. ગાથા ૩૮૭, ૩૮૮ કાઢે એટલે ગમે ત્યાંથી હોય. એની ટીકાની છેલ્લી લીટી. ક્યાં હજી અમારે આવે છે આ ચંદુભાઈને હાથ? ચોપડા ત્યાં હાથ આવતા હશે ઝટ. '**સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને જ...**' જ. એકાંત છે. '**એકને સદાય નચાવવી.**'

મુમુક્ષુ :- કેમ નચાવવી ઈ આવે છે.

ઉત્તર :- એની આ વ્યાખ્યા છે બધી આ તો. કહો, નીકળ્યું ભાઈ? અમરચંદભાઈને નીકળ્યું? એની આ વાત ચાલે છે.

ભગવાન આત્મા તો ભગવાન જ છે પણ એની એકાગ્રતા થઈને જે શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યા એને પણ ભગવતી જ્ઞાનચેતના કીધી છે. પર્યાયને ભગવતી જ્ઞાનચેતના કીધી છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ભગવતી હોય તો જ કહે ને.

ઉત્તર :- એનું વેદન છે ને. વેદન ક્યાં દ્રવ્યનું છે? સમજાણું કાંઈ?

એટલે આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ ધ્રુવ છે એ તો સદશ્યપણે ત્રિકાળ એક છે. એમાંથી પ્રગટેલી સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ જે અંતરને આશ્રયે એને ભગવતી અનુભવ વેદના કહીને કર્મચેતના અને કર્મફળચેતનાનું કાર્ય અને ફળ એ મારું નથી. રાગાદિનું થોડું પરિણમન થાય. સમજાય છે? કે જ્ઞાનાવરણીયના ઉદયને લઈને જરી જ્ઞાનની હીનતા ત્યાં દેખાય એ હીનતા મારી નહિ. એ પરિણમન જ મારું નહિ. આહાહા..! બસ! કેવળજ્ઞાનાવરણીય ન મળે? એના તરફનો સંબંધ છે એ હું નહિ. હું તો સ્વભાવ સંબંધમાં છું એ મારી ચીજ છે. સમજાય છે કાંઈ?

વસ્તુ અહીં તો એ કહે છે ને, નરકગતિનું ફળ. અરે..! સંબંધ એટલો હતો અને ઉદય ત્યાં સત્તા પડી છે ત્યારે એટલી અહીં હીણી અવસ્થા છે કે નહિ? સત્તા રહી કેમ? તો સત્તાના ઉદયકાળમાં પણ એનો સંબંધ છે થોડો. નામકર્મ અરૂપીને રોકવામાં નિમિત્ત છે ને અમૂર્તને? પણ એમ કહે છે કે રોક્યું એ મારું સ્વરૂપ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કેટલાક એમ કહે છે... ઓલા ૪૭ શક્તિમાં આવે છે ને? સર્વ કર્મના અભાવે થતી અમૂર્ત. અમૂર્તપણું આવે છે કે નહિ? પણ અહીં તો અહીંથી લે છે પહેલેથી. એવો અર્થ કરે છે ત્યાં. છે ને આપણે આ? અમૂર્ત શક્તિ છે ને? કેટલામી શક્તિ છે એ? આ બાજુ તમારે આવી. આવી હશે ૧૭મી? કેટલામી છે? ૨૦મી. જુઓ! '**કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ, સ્પર્શાદિશૂન્ય એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ.**' લ્યો! ૨૦મી અમૂર્તત્વ શક્તિ. એ અધિકાર ચાલે છે આ. મારામાં અમૂર્ત શક્તિ નામનો ત્રિકાળી ગુણ છે. એ ગુણનો ધરનાર હું આત્મા છું અને એને લઈને મારામાં અમૂર્તપણું જેટલું સ્વભાવના આશ્રયે નિર્મળપણું પ્રગટ્યું છે એનો હું વેદન કરનાર છું. સમજાણું કાંઈ? ઓલા કહે ત્યારે પાઠ એવો છે જુઓ. '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી...**' છે ને અમૂર્તત્વ શક્તિ? બધાનો જ્યારે અભાવ થાય ત્યારે. પણ અહીં અભાવ જ છે એમ કહે છે અહીં. આહાહા..! એમ કે અહીં તો જ્યારે થાય... એવો ઉતારો આવ્યો હતો છાપામાં. અમૂર્તત્વ ત્યારે કહેવાય. અત્યારે અમૂર્ત નહિ. અહીં તો કહે છે ત્રણે કાળે અમૂર્ત છે. અને તેથી અમૂર્તપણું ત્રિકાળી શક્તિવાળો આત્મા પોતાના શક્તિવાનને જ્યાં સ્પર્શે છે પર્યાય ત્યારે અમૂર્તપણામાં જે રોકાયેલી અવસ્થા એ મારી છે જ નહિ. સમ્યગ્દર્શન થતાં એ મારી નથી એમ કહે છે અહીં તો. એય..! શું થાય પણ? શાસ્ત્રના વાદે પાર પડે એવું છે કાંઈ? સર્વ કર્મના અભાવથી થતી અમૂર્તશક્તિ. ત્યારે અમૂર્તશક્તિ ઉઘડે. ત્યારે અહીં તો કહે છે, અમૂર્તશક્તિ ત્રિકાળ હોય

છે. અને ત્રિકાળ હોવાથી તે શક્તિનું જ્યાં અવલંબન શક્તિવાનનું લીધું ત્યારે એ શક્તિ, દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપી. સમજાણું કાંઈ? એ આવી ગયું છે. શક્તિમાં આવી ગયું છે આમાં. શક્તિમાં બહુ વર્ણન વધારે સ્પષ્ટ છે. આ ૪૭ શક્તિ છપાણી છે ને હમણાં? નવી. પહેલા હતી એ પડી છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા હું તો ત્રિકાળ અમૂર્ત છું. સંબંધ જ નથી ને. દ્રવ્યકર્મ નથી, મારે ભાવકર્મ નથી અને દ્રવ્યકર્મનો નામકર્મનો ઉદયનો સંબંધ એ પણ મારા સ્વરૂપમાં નથી. એમ કહે છે અહીં. છૂટો વેગળો જે નામકર્મના સંબંધનો જે કાંઈ પર્યાય નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એનાથી છૂટો મારું સ્વરૂપ છે તેને હું વેદું છું. આહાહા..! એટલા પર્યાયના સંબંધને ગૌણ ગણી, વ્યવહાર ગણી, જૂઠો ગણી મારામાં નથી એમ કહ્યું છે. આહાહા..! ભગવાન પણ ઊંધો પડે પણ તોપણ એવો અવળો કે તીર્થંકરનું માને નહિ. શક્તિ છે ને એની ઊંધી? અહીં તો અહીંથી ઉપાડ્યું છે. સમ્યગ્દષ્ટિથી ઉપાડ્યું છે. ચોથા ગુણસ્થાનવાળો અને પાંચમા, છઠ્ઠાવાળો શ્રદ્ધા-જ્ઞાનથી આવી ભાવના કરે છે. આવે છે ને ભાઈ પાછળ? પાછળ છે ને? પહેલા આવી ગયું અને પાછળ પણ છે. આના પછી છે, પૂરું થયા પછી પણ છે. બધે છે. કહો, સમજાણું કાંઈ? શ્રદ્ધા-જ્ઞાનવાળો તો ભાવના એ જ કરે છે કે હું તો આવો જ છું. આગળ વધતા સ્થિરતા થાય ત્યારે ઉપયોગ જામી જાય છે સ્વરૂપમાં. સમજાણું કાંઈ?

'**હું નરકગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એટલો કર્મચેતના જે સંબંધવાળો ભાવ એ હું નહિ. ફળનું અનુભવ વેદન (મને નથી). વાત છે ફળની પણ એમાં કર્મચેતના પણ ભેગી આવે છે. કારણ કે જેટલું પરિણમન નિમિત્તના સંબંધમાં છે એ પણ કર્મચેતના છે. આમ કર્મચેતના ૯૯માં ગઈ. ૪૯ ભંગમાં. પુણ્ય-પાપના વિકલ્પમાં. આમાં પણ ભોક્તાની સાથે જેટલું પરિણમન મારું અશુદ્ધ છે તેટલું એ પરિણમન કર્મચેતના નામ જ્ઞાનચેતનાનો ભાવ એમાં અભાવ છે અને તેથી તેનું ફળ એ બેયનો હું ત્યાગી છું. સંન્યાસી છું. એમ કહે છે. સંન્યાસ આવે છે ને? સંન્યાસની તો વાત ચાલે છે આ. આહાહા..! કર્મફળ સંન્યાસ. એ સંન્યાસ. બહારના લૂગડા ફેરવીને ત્યાગી બાવા લૂગડા (થઈ ગયા) એ સંન્યાસ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારે સંન્યાસી.

ઉત્તર :- વ્યવહારે સંન્યાસી કે દી હતો? ધૂળમાં? સમજાણું કાંઈ? અહીં તો નિશ્ચય હોય ત્યારે વળી નગ્ન મુનિ આદિ હોય એને વ્યવહાર સંન્યાસ કહેવાય. અઠ્યાવીશ મૂળગુણ આદિ વિકલ્પ હોય તો. સમજાણું કાંઈ? હું તો ચૈતન્ય સ્વરૂપ આત્માને જ. કોઈ કહે કે ભાઈ આવું કેમ? એકાંત ન હોય, અનેકાંત હોય. અહીં તો કહે છે, હું ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાનાનંદ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વરૂપ આત્મા એવો એમ પાછું. સ્વરૂપ એવો આત્મા. એમ. જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા. એને જ સં નામ એકાગ્રપણે, ચેતું નામ ભોગવું છું, અનુભવું છું. ભાવનામાં મારી એ જ ભાવના છે. બીજી ભાવના ધર્મીને હોતી નથી. કહો, સમજાણું કાંઈ? એ ૪૯ થઈ.

૫૦. '**હું તિર્યંચગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ગતિ હોય છે. મનુષ્યપણામાં પણ તિર્યંચગતિનો ઉદય હોય. ગતિ હોય, આયુષ્ય ન હોય. સમજાય છે? દેવગતિમાં પણ દેવગતિ જીવને સમકિતીને પણ તિર્યંચગતિ પડી હોય નામકર્મની. સત્તામાં પૂર્વે બાંધેલી. આયુષ્ય ન હોય. ગતિ હોય. સમજાણું કાંઈ? મનુષ્ય હો કે દેવ હો કે નારકી હો એને તિર્યંચ ગતિનું આયુષ્ય ન હોય પણ તિર્યંચગતિનું નામકર્મ હોય. ચારેય ગતિના નામકર્મ પડ્યા હોય છે મુનિને છઠ્ઠે ગુણસ્થાને પણ. સમજાય છે કાંઈ? કરવું કાંઈ નહિ એમ કહે છે ને? અજ્ઞાની હોય તો(ય) ખરી જાય છે. જ્ઞાની હોય તો અહીં તો સંબંધ મારે નથી. ઓલો તો સંબંધ દૃષ્ટિમાં સંબંધ રાખીને છૂટે છે. અહીં તો સંબંધ નથી ને છૂટે છે. આહાહા..! એ છૂટે છે એ છોડતો નથી. છૂટે છે. રજકણો છૂટે જ ને. પણ પર્યાયનો સંબંધ રાખીને છૂટે છે. અહીં તો પર્યાયમાં એટલો સંબંધ મારે ને એને નથી. અહીં સંબંધ છે મારે. ચૈતન્ય સ્વભાવ સાથે સંબંધ છે એટલે એ સંબંધનો સ્વીકાર જ નથી મારે. એનું પરિણમન પણ નથી મને, એનું વેદન પણ નથી. વેદન એટલે ફળ. સમજાય છે? એને અભૂતાર્થ ગણીને કાઢી નાખ્યું છે. વ્યવહાર ગણીને, જૂઠો ગણીને. સાચામાં એ આવતો નથી. સમજાણું કાંઈ?

'**તિર્યંચગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આ તો મહાસિદ્ધાંતો છે. સમજાણું કાંઈ? હું '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' તિર્યંચગતિનો અરે..! નરકગતિનો સમકિતી હોય, નરકગતિનો, એને તિર્યંચગતિનો ઉદય હોય, અંદર પડ્યો હોય, તિર્યંચ ગતિ આવે. ગતિનો ઉદય હોય અંદર. સ્વભાવ સન્મુખ છે. એના તરફ વલણ નથી તો મારે ને એને કાંઈ સંબંધ નથી. અજ્ઞાનીને તો સંબંધ નિમિત્ત સાથે જ છે. જ્ઞાનીને સંબંધ ધ્રુવ સાથે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં કેટલું ભર્યું છે એમાં છે આ છે. કેટલું પડ્યું છે જુઓને આમાં! આ તો મહાસિદ્ધાંતો છે. પહેલી વાત ટૂંકામાં કહી ગયા હતા. કર્મ નોકર્મ હું નથી. હવે વિસ્તાર કરે છે. એક એક પ્રકૃતિ સાથેનો સંબંધ મારે નથી. વિસ્તાર કરીને સમજાવે અને પાછું પર્યાયમાં વેદન ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન સ્વભાવનું થાય છે ને, પર્યાય ભિન્ન ભિન્ન થાય છે. ચૈતન્ય સ્વભાવમાં મારી દૃષ્ટિ હોવાથી હું તો ભગવતી જ્ઞાનચેતનાને વેદું છું-અનુભવું છું. આ તિર્યંચગતિનો ઉદય નરકગતિમાં પણ હોય. સાતમી નરકમાં હોય. તોપણ સમકિતી કહે છે કે મારે અને એને કાંઈ સંબંધ નથી. સંબંધ કાંઈ નથી તો અહીં પડ્યો કેમ? પડ્યો છું ક્યાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હું એમાં છું જ નહિ ને. સમજાય છે? નરકગતિનો ઉદય એને છે? કે ના. મારે નથી. નારકીને તો નરકગતિનો ઉદય છે એને તો પ્રત્યક્ષ. બીજી ગતિનો ઉદય તો પ્રદેશે છે. આ તો પાકમાં છે, વિપાકમાં છે. નરકમાં નારકી જીવને, સમકિતીને નરકગતિનો ઉદય વિપાકમાં એટલે પાકમાં છે અને બીજી ગતિનો ઉદય પ્રદેશે છે. પાકમાં વિપાકમાં નથી. પણ વિપાકમાં નરકગતિ હોવા છતાં સમકિતી કહે છે કે એ વિપાક મારો જ નથી. મારો વિપાક તો આનંદ છે. આનંદના પાકવાળું મારું ક્ષેત્ર છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

આવી વેદના સાતમી નરકની! રવરવ અપરિઠાણે પડ્યો નારકી. જતા વખતે મિથ્યાદૃષ્ટિ હોય. નીકળતા પાછો મિથ્યાદૃષ્ટિ થાય. વચલા કાળમાં અબજોના અબજો વર્ષો સમકિતી રહે. સાતમી નરકમાં હોં! મારે નરકનો ઉદય જ નથી. હું તો પારિણામિક શુદ્ધ ચૈતન્યભાવ છું એમાં ઉદયભાવ કેવો વળી? સમજાણું કાંઈ? પારિણામિક એટલે ચૈતન્ય સ્વરૂપ એમ. પાછું પારિણામિકમાં મૂંઝાય નહિ. પરિણામ એટલે મારો સ્વભાવ ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મસ્વરૂપનો લાભ તે હું છું. એમાં વળી આ નરકગતિનો પાક અને ઉદય છે અને અંદર તિર્યંચગતિનો ભગવાન કહે છે, એના ખ્યાલમાં હોય કોઈ ઉઘાડમાં (તો પણ કહે છે), મારે છે નહિ. સમજાણું કાંઈ?

અને તિર્યંચગતિનો સમકિતી. લ્યો! અસંખ્ય તિર્યંચો પડ્યા છે સમકિતી. બહાર. પાંચમા ગુણસ્થાનવાળા, ચોથાવાળા. અનુભવી આનંદના સેવનારા સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્યાતા પડ્યા છે. એ.. પશુ! ભગવાન પરમાત્મા તીર્થંકરે કહ્યા છે. સ્વયંભૂરમણ સમુદ્ર છેલ્લો છે એમાં અસંખ્ય છે. એ કહે છે, અમારા આનંદના સ્વાદ ભગવતી જ્ઞાનચેતના આગળ અમારે કર્મનો પાક તિર્યંચનો કહે છે ગતિનો હોં! એ પાક અમારે નથી, અમારામાં નથી. અમારામાં તો શુદ્ધ આનંદની ચેતના તે અમારામાં છે. કહો, સમજાણું કાંઈ? અને મનુષ્યપણામાં તિર્યંચગતિનો ઉદય હોય એ ખરી જાય છે. દેવમાં પણ હોય એ પણ ખરી જાય છે.

'**હું મનુષ્યગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' હવે મનુષ્ય આવ્યો લ્યો! મનુષ્યને તો મનુષ્ય નામ ગતિ છે. પાકપણે છે, વિપાકપણે છે. છતાં કહે છે કે હું મનુષ્યગતિનામકર્મના ફળને (નથી ભોગવતો). જેટલો વિપાકપણે છે એ રજકણો તો મારાથી ભિન્ન છે, પણ રજકણની યોગ્યતામાં ગતિના આકારે જે ગતિનો ઉદય છે તે આકારે થયેલી અવસ્થા તે મારી નથી. સમજાણું કાંઈ? મનુષ્ય આકારે... શરીર છે એનો આકાર ભિન્ન છે પણ એને આકારે આત્માની પર્યાય થઈ છે. સમજાય છે? નરકગતિના આકારે, મનુષ્યગતિના આકારે, દેવગતિના આકારે. એ આકારે જે પર્યાય છે ગતિનામકર્મના નિમિત્તમાં નૈમિત્તિક પોતાની પર્યાય તે મારી નથી, એ પરિણમન મારું નથી, એને હું વેદતો નથી. છતા છે તેને અછતો કરું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છું. અને ભગવાન આત્મા જ્ઞાનાનંદ છતો પડ્યો છે એ શક્તિમાં છે અને વ્યક્તિમાં જે વિશેષ નથી એમ વિશેષ વ્યક્તિમાં છે એમ પ્રગટ કરું છું. સમજાણું કાંઈ આમાં? બહુ ભારે ઝીણું પડે માણસને.

અંદર વસ્તુ અને બે ભાગ જ જુદી ચીજ છે. બેને કાંઈ સંબંધ નથી. સંબંધ જ્યાં ચૈતન્ય સાથે સંબંધ થયો, પરની સાથે સંબંધ છે ને? કોણ કહે છે? હું તો મુક્તસ્વરૂપ છું. સમજાણું? અને દષ્ટિ થતાં દષ્ટિની અપેક્ષાએ મુક્ત થયો છે. મનુષ્યગતિનો પાક મને નથી. મનુષ્ય છો? મનુષ્યગતિ તો તમને ઉદય છે કે નહિ? ભાઈ કહેવાય છે ખરી, મને નથી. કહો, વજુભાઈ! આ કેવો હશે વીતરાગનો સિદ્ધાંત! આહાહા...!

ભગવાન ચૈતન્યના ધામમાં ગતિ કેવી અને ગતિના કર્મ કેવા અને કર્મના સંબંધે જેટલો સંબંધ થાય એ દશા વસ્તુમાં કેવી? એમ કહે છે અહીં. સમજાય છે કાંઈ? હું તો શુદ્ધ ચૈતન્ય પરમાત્મા પરમસ્વભાવી છું પરમપારિણામિક અને એને આશ્રયે થયેલી દશા એ ક્ષયોપશમ ક્ષાયિકભાવની દશા છે એ રૂપે હું છું. ભૂતાર્થ તરીકે પર્યાય. આ (નામકર્મની પર્યાય) તો મારી છે નહિ. ઓહોહો..! કહો, સમજાણું કાંઈ?

'**હું મનુષ્યગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' કેવળી થઈ ગયો? સિદ્ધ થઈ ગયો કે મનુષ્યકર્મના ફળને ભોગવતો નથી? એમ કોઈ કહે લ્યો! બસ! સાંભળને હવે. સિદ્ધ એક પર્યાય છે. હું તો સિદ્ધની અનંતી પર્યાયનો બાપ છું. એય..! અમરચંદભાઈ! કહો, સમજાણું? એ તો પ્રજા છે. પ્રજાનો બાપ તો ધ્રુવ છે-હું છું. થઈ ગયા સિદ્ધ? સિદ્ધ કોણ કહે છે? સિદ્ધનો પણ બાપ છું હું તો. આહાહા..! સિદ્ધનો પિતા છું. સિદ્ધ તો પર્યાય છે મારી, પર્યાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

'**હું મનુષ્યગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' શું કહે છે આચાર્ય? ભગવાન! તું તો વસ્તુ છો ને ભાઈ! ચૈતન્યના સરસ સ્વભાવથી સરસ આનંદ સ્વભાવથી ભરેલો પદાર્થ છો ને. એ વસ્તુનું જ્યાં ભાન થયું ત્યાં પછી ઉદયના જેટલા બોલો છે જેને કહે છે ગતિઉદય, નથી ભાઈ આવતું? ઉદયનો બોલ આવે છે ને? ૨૧. એ એકેય બોલ મારામાં નથી. એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- એનામાં હોય તો પછી કાયમ રહે.

ઉત્તર :- ઉદયભાવના બોલ નથી આવતા? તત્ત્વાર્થ સૂત્રમાં આવે છે ને? ક્ષયોપશમના આટલા ને ઉદયના આટલા ને ફલાણાના આટલા. ભલે કહો જાણવા માટે. મારી વસ્તુમાં નથી લ્યો કહે છે. એ તો એ કહે છે બતાવે છે એ નિષેધ માટે બતાવે છે. બતાવે છે એનું જ્ઞાન કરી અને તારા મૂળ સ્વરૂપમાં નથી એ બતાવવા માટે બતાવે છે. રાખવા માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બતાવે છે ત્યાં? આહાહા..! શાસ્ત્રનું તાત્પર્ય તો દરેકમાંથી વીતરાગતા કાઢવી જોઈએ. એ ત્યાં બતાવ્યું હોય કે આ પ્રમાણે છે. અને છે. મારા સ્વભાવમાં નથી માટે નથી. ઉપેક્ષા કરવા માટે તે બતાવે છે. રક્ષા કરવા બતાવતા નથી. સમજાણું કાંઈ?

કહે છે, મનુષ્યગતિનામકર્મફળ છે ને. મનુષ્યગતિ નથી ત્યારે કઈ ગતિ છે? સિદ્ધગતિ છે? પણ કોણે કીધી સિદ્ધગતિ? કહે છે કોણ અહીંયાં? હું તો પરમસ્વભાવ આત્મસ્વરૂપી ત્રિકાળ, એના ઉપર મારી દૃષ્ટિ છે ને એની પર્યાય પરિણમે છે તેને હું વેદું છું એમ કહું છું. વેદવાનું કાંઈ દ્રવ્યનું નથી તેથી આમ માનું છું. સમજાણું કાંઈ? બાકી આ વસ્તુ તો હું છું નહિ. એક બાજુ કહે કે ક્ષયોપશમભાવ પણ આત્મામાં નથી. ક્ષાયિકભાવ પણ આત્માનો નથી. આ ભાવ પણ નથી. તો અહીં કહે કે ઓલો જે ક્ષયોપશમ, ક્ષાયિકભાવ તે હું સંચેતું છું, એને વેદું છું. અપેક્ષા જાણવી જોઈએ કે નહિ? આહાહા..! એય.. ભીખાભાઈ! આ વીતરાગમાર્ગ આવો સોંઘો છે. સોંઘો આવો છે. કોઈ પાસે ગોતવા જાવો નથી એમ કહે છે. આહાહા..!

વસ્તુ છે ને ભાઈ! વસ્તુ છે ને. વસ્તુ બંધાય? બંધાય તો અવસ્તુ થઈ જાય. એનો અર્થ થઈ ગયો કે વસ્તુ બંધાણી એટલે અટકી ગઈ, અટકી ગઈ એટલે અભાવ થઈ ગયો. વસ્તુનો અભાવ થાય? વસ્તુ તો વસ્તુ છે ત્રિકાળ. એ તો પર્યાયમાં અવસ્થા અટકેલી છે. તો એ અવસ્થા અટકેલી અને અવસ્થા એ તો હું છું નહિ. એની તો આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ કર્મફળસંન્યાસનો ત્યાગ આમ કહેવા માગે છે. નામકર્મનું ફળ આ ગતિ આવ્યું ને? ઉદયભાવ કહ્યો છે ને શાસ્ત્રમાં? ઉદયભાવ લાગુ પડે છે ને? મનુષ્યપણાનો ઉદયનો ભાવ મનુષ્યગતિને લાગુ પડે છે. તો પડે, હોય છે. હું સ્વીકારતો નથી. મારા જ્ઞાનના વિષય તરીકે જાણું. જ્ઞાન ધ્રુવને અવલંબીને જે દર્શન થયું, એને જે જ્ઞાન અવલંબે એમાં એનો એક ભાગ જાણે છે કે આ છે. મારો સ્વીકાર નથી. સમજાણું કાંઈ?

નય છે ને ૪૭? ૪૭ નયમાં આવે કે જેટલું પરિણમન છે એને જાણે છે કર્તૃત્વનયથી. જાણે. જાણે. એ પરિણમન ખરેખર મારું નથી એમ દૃષ્ટિ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ પોતાની પર્યાયનું જેટલું અશુદ્ધપણું અટકેલી અવસ્થા છે એને જ્ઞાન બરાબર જાણે. જાણે, પણ એ પોતાના દ્રવ્યનું જ્ઞાન કરીને આને જાણે. સમજાણું કાંઈ? ધ્રુવનું જ્ઞાન કરીને પર્યાયને જાણે. કહો, સમજાય છે આમાં? પ્રવિણભાઈ! હવે આમાં કેટલું (સમજવું)? સમજવાના કેટલા પડખા? એ કરતા ભગવાન ભજીને ભક્તિ થઈ જાય. હંપીનું આવ્યું છે આજ. ચોપડો આવ્યો છે ને. લખાણ નથી? અમરચંદભાઈ લાવ્યા હતા. બહુ ધુન લગાવે. એવી ધુન ભક્તિ કહે છે. ગાંડા થઈ જાય. અમરચંદભાઈ ગયા હતા ને ત્યાં? કીધું હતું ને? .. લખીને લાવજો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


લખીને લાવ્યા હતા. વલ્લભદાસભાઈ. ધુન લગાવે બસ આમ ઓહોહો..! શું છે પણ? માથા ધુણે ને રાગ ધુણે શું ત્યાં છે? ક્યાં ભગવાન દે એવો છે? ત્યાં ક્યાં ભગવાન પાસે તારું છે? માથા ફોડ ભગવાન પાસે, દેવ-ગુરુ પાસે જઈને. ત્યાં ક્યાં હતો તું? જ્યાં છો ત્યાં એ નથી અને એ છે ત્યાં તું નથી. શું તારે લેવું છે? એ ભાઈ કહેતા રતિભાઈ. એય.. રતિભાઈ! એ તો વિનયના વાક્યો છે. વિનયમાં નરમ નરમ પડી ગયેલો છે. રતિભાઈ! એ તો રતિભાઈ જરીક બોલ્યા એમાં બોલ્યાને ચંદુભાઈ. આ તો નથી. ભાઈ, આ પણ વાત બરાબર છે અને આ પણ બરાબર છે અપેક્ષાથી. અપેક્ષાથી જ્ઞાન કરવા હોં! પરથી થાય છે, પરના વિકલ્પથી થાય છે એમ છે નહિ. પોતે પોતાને તરવાના ઉપાયથી તર્યો ત્યારે એ નિમિત્ત હતું. આહાહા..! પ્રભુ! આપના પાદપ્રસાદે તો જન્મ-મરણનો અંત આવી ગયો મારે. ભવજળદધિ પાર ઉતરી ગયો છું. ભવજળઉદધિ. ભવના જળ ઉદધિ-ચોર્યાસીના અવતાર દરિયા. ભગવાન! તારો, મારે સંસાર નથી જોઈતો. આપના પ્રતાપે એમ બોલે. ત્યારે મનમાં બીજું રાખે અને બહારમાં બોલે તો માયા કહેવાય. એમ માયા નથી. એક જણો વળી એમ કહેતો હતો. એક જણો એમ કહેતો વળી. બહારથી એમ બોલો કે નિમિત્તથી લાભ થાય અને અંદરથી બોલો કે આનાથી લાભ ન થાય તો માયા કહેવાય. એય..! આવ્યું હતું કે નહિ? એને ખબર છે બધી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. હતી. આ શું પણ એ તો.. આપે આ ચીજ ન કીધી હોત તો અમને કેમ ખ્યાલ આવત? એમ બોલે તો એમ ને. ખ્યાલ તો પોતે કર્યો. ત્યાં ક્યાં ખ્યાલ કરવા આવ્યા હતા? એય..! નવરંગભાઈ! નવા નવા રંગ લાગે છે આ તો. આહાહા..! ભગવાન! અનેકાંતનું સ્વરૂપ તો જેમ છે તેમ છે. ભાષાના વલણમાં એવો વિનય આવે. તરણતારણ પ્રભુ! આપે આત્મા આપ્યો. એમ કીધું નહિ? શ્રીમદ્‌માં તો એમ કહ્યું. 'શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન, તે તો પ્રભુએ આપીયો...' ઓળખાવ્યો એ આપ્યો એમ. ઓળખાવ્યો પોતે. હવે આ કહે કે એણે ઓળખાવ્યો. ભાષા શું થાય? 'તે તો પ્રભુએ આપીયો અને વર્તું ચરણાધીન.' નમ્રતા વિનય છે. સમજાણું કાંઈ? આહાહા..!

ક્ષાયિક સમકિતી ઈન્દ્રો. ભગવાન હજી જન્મે બાળક હોય ત્યારે કુટુંબ ભેગા કરીને ઈન્દ્રો નાચે ઘુઘરા બાંધીને. સાંભળ્યું છે? શું કાંઈક કહે છે નાટકને એ? તાંડવ. તાંડવ નૃત્ય. ભગવાન જન્મે ને તો બાળકને ઈન્દ્રો લઈ જાય મેરુ પર્વત ઉપર. લાવીને જ્યાં લાવે છે, ઈન્દ્રો ભેગા થાય અને જેમ કુટુંબ હરખ કરે છે, ઈન્દ્રો કહે અમે પણ હરખ કરીએ ભેગા પ્રભુ. તમારા કુટુંબમાં ભગવાન પાક્યા અને તમને જેમ હરખ છે, અમને પણ હરખ છે. ઈન્દ્રો એકાવતારી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ક્ષાયિક સમકિતી. જેને એક જ દેહ કરવાનો બાકી મનુષ્યનો. એ ઘુઘરા બાંધીને નાચે સાથે. મનમાં વિકલ્પ ઉઠે એ પણ મને દુઃખદાયક છે, મારું સ્વરૂપ ભિન્ન છે. એય..! ચંદુભાઈ! આ રમતું ભારે ભાઈ!

મુમુક્ષુ :- બે ધારી તલવાર.

ઉત્તર :- એક ધારી તલવાર છે પણ માને છે. એ કાળે એવો જે વિકલ્પનો યોગ હોય છે.. જાણે છે આ છે. ઉલ્લાસ તો સ્વરૂપ તરફ વર્તે છે. ક્ષાયિક સમકિતી છે. અને સમકિતી કેવળજ્ઞાન લેવાના છે ઈન્દ્ર. શક્રેન્દ્ર અત્યારે છે એ. સમજાય છે કાંઈ? એની જિંદગીમાં તો અસંખ્ય તીર્થંકરોના જન્મોત્સવ કરે છે. અસંખ્ય મનુષ્યદેહમાં. મહાવિદેહમાં. કારણ મહાવિદેહમાં આયુષ્ય છે કરોડ પૂર્વનું અને એના એક ભવમાં તો અસંખ્યાતા કરોડ પૂર્વ ચાલ્યા જાય છે. મહાવિદેહનું આયુષ્ય તીર્થંકરનું કરોડ પૂર્વનું અને શક્રેન્દ્રનું આયુષ્ય બે સાગરનું. એના એક સાગરની અંદરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ. નવનીતભાઈ! એક ઈન્દ્રના વખતમાં અસંખ્યાતા તીર્થંકરના જન્મોત્સવ, દીક્ષા કલ્યાણક, કેવળ કલ્યાણક અને મોક્ષ કલ્યાણક એક ઈન્દ્ર કરે છે. એક ભવમાં. સમજાણું કે નહિ આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગણિતનો વિષય તો સમજાય એમ કીધું. પણ મારે તો બીજું કહેવું છે કે એક ભવમાં અસંખ્ય વાર આવું કરવા જતા હશે નૃત્ય કરવા? જન્મે ત્યારે જાય, દીક્ષા લે ત્યારે જાય, કેવળ થાય ત્યારે જાય, મોક્ષ જાય ત્યારે, હવે ભગવાન પાસે જાવ. આવા વૈભવ છોડી.. જાણે છે કે આ વખતનો વિકલ્પ એ જાતનો હોય છે. મારા સ્વરૂપમાં તો છું તે છું. એ વિકલ્પ પણ કાંઈ મારા સ્વરૂપને મદદ કરતો નથી. મદદ કરતો નથી ને આવે. કહો, હીરાભાઈ! આવું છે. ચંદુભાઈ કહે, એમ બે ધારી તલવાર કહે છે. બાપુ! છે એમ છે. માર્ગ તો જે છે એ છે ને ભાઈ! પણ વચ્ચે જ્યાં સુધી પૂર્ણ ન હોય ત્યાં સુધી એવા ભાવો આવે. પણ એ ભાવથી નિશ્ચય થાય છે કે નિશ્ચયને મદદ કરે છે એમ નથી. એ તો વ્યવહારના કથન છે. વસ્તુ એમ છે નહિ. સમજાણું?

અહીં તો કહે છે કે મનુષ્યગતિ મને નથી. પણ મનુષ્યગતિ વિના મોક્ષ નથી ખબર નથી તને? નથી આવતું શાસ્ત્રમાં? મનુષ્યગતિમાં મોક્ષ છે કે બીજી ગતિમાં મોક્ષ હોય? મનુષ્યગતિમાં મોક્ષ હોય કે બીજે મોક્ષ હોય? અહીં કહે છે મનુષ્યગતિમાં મોક્ષ નથી. આહાહા..! અહીં તો ગતિમાં મોક્ષ નથી. મોક્ષ તો મારા સ્વભાવને આશ્રયે થાય છે. ગતિથી થતો નથી.

એક જણો કહેતો હતો ને? પંડિત આવ્યો નહોતો શ્વેતાંબરનો એક? એય..! તમારો હતો ત્યાંનો. એક પંડિત હતો ઘણા વર્ષ પહેલા. કેવું નામ? ઘાંસીલાલ? ઘાંસીલાલજી હતું. ૩૧

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વર્ષનો. એ કહેતો હતો, લ્યો આ મનુષ્યપણા વિના કાંઈ કેવળ થાય? હવે હાલને મનુષ્યપણાથી કેવળ ન થાય. એ અહીં ના પાડે છે. મનુષ્યગતિ જ મારે નથી તો વળી મનુષ્યગતિથી કેવળ થાય એ લાવ્યો ક્યાંથી? અહીં કહે છે. કેવળજ્ઞાન તો મારા દ્રવ્યના સ્વભાવના આશ્રયે થાય છે. ગતિમાંથી થાય છે? પણ ગતિને કાળે થાય માટે ગતિથી થાય એમ કહ્યું એટલે માની લીધું કે ગતિથી થાય. ના પાડે છે કે નહિ. ગતિથી છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**હું મનુષ્યગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! ઓહોહો..! ભાઈ! મનુષ્યગતિ મળે તો મનુષ્યપણે ભગવાન પાસે જાય, સાંભળવાનું મળે, આ બધું મનુષ્યગતિને,... શું કહેવાય? આભારી. એમ ભાષા છે ને લોકની? ના. ના. એમ કહે છે. સમજાણું કાંઈ? મનુષ્યગતિનો ઉદય ગતિમાં રહ્યો, મારામાં નથી. એના ઉદયની જરી યોગ્યતા જે ઉદયની છે એ ઉદયનું પરિણમન પણ મારું નથી અને એ ગતિના ઉદયના આકારે થયેલો એ મારો અનુભવ નથી એમ કહે છે. તેના ફળનો ત્યાગ તેનું નામ સંન્યાસ, તેનું નામ ભગવતી જ્ઞાનને નચાવવું નામ પરિણમવું એમ છે. આહાહા..! લ્યો, આ તો મનુષ્યગતિમાં આવ્યું કેટલું ઘણું આવ્યું હોં! મનુષ્યગતિમાં આવે છે ને ઘણું? મનુષ્યગતિમાં આમ થાય, મનુષ્યગતિ મળે તો સાંભળવાનું મળે, મનુષ્યગતિ હોય તો આમ થાય. આ મનુષ્યગતિ હોય તો.. સમજાણું?

એવું આવે છે આનંદઘનજીમાં. 'કલ્પવૃક્ષ સમ સંયમ કેરી અતિ શીતળ જ્યાં છાયા રે.' મનુષ્યગતિમાં. 'કલ્પવૃક્ષ સમ સંયમ કેરી...' ત્રણ ગતિમાં સંયમ ન હોય. મનુષ્યગતિમાં હોય. આ કહે કે ન હોય. ગતિને લઈને ન હોય એમ કહે છે. આનંદઘનજીનું એક સ્તવન છે. 'કલ્પવૃક્ષ સમ સંયમ કેરી અતિશીતળ જ્યાં છાયા રે. મધુકર મન લોભાયા. ચરણ કરણ તરણ ભાર મહામુનિ મધુકર મન લોભાયા રે. ચરણ કરણ...' ચરણ કરણ શબ્દ રહી ગયો કાંઈક. ગુણભાર. 'ચરણ કરણ ગુણભાર મહામુનિ મધુકર મન લોભાયા રે.' મધુકર નામ ભમરામાં લોભાયું ગતિમાં. સંયમ અહીંયાં થાય છે. સંયમ બીજે થાતો નથી. અહીં ના પાડે છે કે મનુષ્યગતિને લઈને સંયમ નથી. એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- અવલ વાણી છે.

ઉત્તર :- અવલ વાણી? કબીરની અવલ વાણી જેવું છે. આહાહા..! એ આવે છે કે નહિ? ચેતનજી! એ આવે છે આમાં. આનંદઘનજીના સ્તવનમાં આવે છે. એક ફેરી આખું સ્તવન બોલ્યા હતા. માટલી ગામ આવે છે, માટલી ગામ નથી? એ બાજુ જામનગરની વચ્ચે છે. માટલી. બસ એ. માટલી ગામ નથી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. મતવાણ માટલી. ત્યાં ..માં રહેતો હશે. ઘણા વર્ષ થયા. મનુષ્યગતિમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સંયમ હોય છે. અહીં કહે છે, મનુષ્યગતિ મારે હોતી નથી. સંયમ તો નથી એને લઈને, પણ સમ્યગ્દર્શન પણ એને લઈને નથી એમ કહે છે. મારું સમ્યગ્દર્શન તો મારા ચૈતન્ય ધ્રુવને આધારે છે. કાંઈ મનુષ્યગતિને લઈને નથી. મનુષ્યગતિનું મને વેદન નથી ને. મનુષ્યગતિનું પરિણમન જ મને નથી એમ કહે છે. મનુષ્યગતિનો ઉદયનો ઉદયભાવ, ઉદયભાવ મારે હોય? ઉદયભાવ તો અભૂતાર્થ છે. મારામાં છે નહિ. કહો, સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વરૂપ આત્મા ભગવાન ત્રિકાળ આનંદસ્વરૂપ છે. એની અવસ્થાનો આનંદનો અનુભવ એ ભગવતી જ્ઞાનચેતના એને કહેવામાં આવે છે. મહિમાવંત ચેતના છે, મહિમાવંત ચેતના. લ્યો! વળી કોઈ પ્રશ્ન કરે ભાઈ મહિમા તે ધ્રુવની કરવી કે મહિમા તે પર્યાયની કરવી? આવે છે એમ પ્રશ્ન. કહો, સમજાણું કાંઈ? ભાઈ! બેયની કરવી પણ ધ્રુવની રાખવી. પણ અહીં કહે કે ધ્રુવની રાખીને વેદન થયું એને અહીંયાં ભગવતી ચેતના કહે છે. આહાહા..! એને ભગવતી ચેતના કહે છે. અને ઓલી અભગવતી ચેતના, ભૂંડી ચેતના. એ ગતિના ઉદયથી પરિણમે એ ભૂંડી ચેતના. આહાહા..! કર્મફળચેતના. પરિણમન પણ કર્મચેતના છે ને એટલું? જેટલું પરિણમન છે એટલું કર્મચેતના છે અને એનો અનુભવ છે એ કર્મફળચેતના, એ બેય મારે નથી. અહીં તો એક સમયના બે પ્રકાર છે ને પરિણમવું અને ભોગવવું. એ બેય મારે નથી. એમ કહે છે. કર્મચેતનામાં ૯૯, ૪૯ ગાથા ચાલી ગઈ. ૪૯માં. સમજાણું? મનુષ્યગતિનું ફળ જ મારે નથી. એના ફળમાં હું છું નહિ. હું જ્યાં છું ત્યાં મનુષ્યગતિ નથી, મનુષ્યગતિ છે ત્યાં હું નથી એમ કહે છે.

'**હું દેવગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! એ ... અત્યારે કાંઈ દેવગતિમાં નથી. સમુચ્ચય વાત કરે છે. દેવગતિનું નામ છે સમકિતી છે દેવગતિમાં. ક્ષાયિક સમકિતી છે. સર્વાર્થસિદ્ધના દેવો કેટલાક ક્ષાયિક સમકિતી છે, કેટલાક ક્ષયોપશમ છે અને બધા એક ભવ કરીને મોક્ષ જનારા છે. સર્વાર્થસિદ્ધમાં છેલ્લે. કહે છે '**હું દેવગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' પણ આ સર્વાર્થસિદ્ધગતિ મળી. એ ગતિ મને મળી જ નથી એમ કહે છે અહીં. હું જ્યાં છું ત્યાં ગતિ નથી અને ગતિ છે ત્યાં હું નથી. ભારે આકરું. તત્ત્વાર્થસૂત્રમાં કેટલું આવે! આ ગતિ ઉદયમાં ચાર ગતિ, છકાય નથી આવતું? છ લેશ્યા, એના ચાર કષાય આવે છે કે નહિ બધું? એ હો. ભલે હો. જાણવાલાયક હો, મારે આદરવા લાયક છે નહિ. કહો, સમજાણું? સર્વાર્થસિદ્ધના દેવો લ્યો. એ વ્યંતર હોય સમકિતી. વ્યંતર એ કોઈ સમકિતી હોય કોઈ. વ્યંતરી સમકિતી કોઈ હોય. એમાં શું છે? અહીંથી જાય મિથ્યાત્વ લઈને જાય. મોટો ભાગ મિથ્યાત્વ છે ત્યાં. કોઈ એવી વ્યંતરી થઈ ગયો હોય, ભૂતડી થઈ હોય લ્યો દેવ. ભગવાન પાસે ગયા અને કહે ભગવાન! આવો તું છો ને. ભાઈ! આહાહા..! અરેરે..!

અમે ભૂતડા થયા શરીરની દશાએ. ભૂત તો ત્રિકાળ ભૂતડો તો આત્મા છે. ત્રિકાળ ભૂતાર્થ **'भूदत्थमस्सिदो खलु'** ભૂતને આશ્રયે તો સમકિત થાય છે. નવરંગભાઈ! છે કે નહિ ૧૧મી ગાથામાં? **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ। भूदत्थमस्सिदो खलु'** ભૂતાર્થને આશ્રયે, ભૂતને આશ્રયે એટલે ભૂતાર્થને. અર્થ એટલે પદાર્થ. ભૂત પદાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ ભૂતડું એમ માને કે મારો ભૂતાર્થ તો આત્મા છે. હું ભૂતડું નથી. આહાહા..! દેવી હોય દેવી, હોં! ભગવાન પાસે જાય છે ને? ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. દેવો જાય છે. ભલે પરાણે જાય લઈ જાય કોઈક. કોઈક કોઈક સમકિતી જાય ઈન્દ્રો એની સાથે પરાણે જાવું પડે. જેમ જાનમાં જાય ને કો'ક? પરાણે જાવું પડે. કોઈ ધર્મમાં જાવું હોય પરાણે સાથે જવું પડે એમ જાય. એમાં પાત્ર જીવ હોય ને એકવાર સાંભળે જ્યાં વીજળીનો કરંટ લાગે એમ લાગી જાય. હરખ. ઓહો..! ભગવાન તો રાગ અને આત્મા જુદા કહે છે. અમારી સામું જોવું છોડી દે એમ કહે છે. લે! આ શું કહે છે? અમે આવ્યા અહીં. અમે આવ્યા એમની પાસે તો એ કહે છે કે અમારી સામું જોવું છોડી દે. ભારે ભાઈ ભગવાન આ કઈ જાતના? તારી સામું જો. ત્યાં પૂરો પડ્યો છો તું. એમ જ્યાં કહેતા હતા અંદર આહા..! આ વાણી! આ શું કહે છે આ? ફડાક દઈને અંતર ઉતરી જાય. ભૂતડી સમકિત પામે લ્યો! એ દેવકર્મ કે આ દેવકર્મ નામનો ઉદય હતો માટે અમે આવ્યા, માટે ઠીક થયું એમ એ માનતી નથી. ભૂત થયા તો ભગવાન પાસે આવ્યા. માણસ આવી શકે છે ઝટ દઈને? એય..! ન્યાલભાઈ! જગતને અટકવાના સાધન કેટલા? છૂટવાનું સાધન એક ધ્રુવનો આશ્રય, અટકવાના સાધનનો પાર ન મળે. દેવ નામકર્મના ફળને હું ભોગવતો નથી કહે છે. જાવ. આહાહા..! સમજાણું?

શક્રેન્દ્ર છે લ્યોને. ક્ષાયિક સમકિતી છે અને ઈન્દ્રાણી છે એ સમકિતી છે. ક્ષાયિક સમકિત ન હોય એને. દેવ છે ખરા ને. સમજ્યાને? સ્ત્રી. છે બેય એકઅવતારી. ઈન્દ્ર છે શક્રેન્દ્ર એ પણ બીજે ભવ કરીને મોક્ષ જનારા છે, ઈન્દ્રાણી પણ બીજે ભવે. બેય એક જ મનુષ્ય ધરનારા. સમકિતમાં ફેર છે. એકને ક્ષયોપશમ છે અને એકને ક્ષાયિક છે. ભલે હો. તો શું છે? જે દૃષ્ટિનો વિષય છે એ તો બેયને સરખો પડ્યો છે આખો. સમજાણું કાંઈ? એના એ ત્યાંથી નીકળીને ક્ષાયિક સમકિત પામશે. આ તો છે જ. એ ભવે કેવળ પામશે. શક્રેન્દ્ર અને ઈન્દ્રાણી વર્તમાનમાં છે. બેય સમકિતમાં ફેર છે. એકને ક્ષયોપશમ અને એકને ક્ષાયિક. મિથ્યાત્વને લઈને ગઈ, ભલે પછી સમકિત પામી. આ તો સમકિત લઈને ગયા અને ક્ષાયિક સમકિતી છે. પતિ-પત્ની બેય. એ વખતે એમ માને છે કે એ વખતે એમ માને કે દેવેન્દ્રના કર્મનો ઉદય અમારો નથી. અમને આ પદ મળ્યું તો ભગવાનની સેવાનું તો મળ્યું. ના. ના.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ પદ જ અમારું નથી. એમ કહે છે. એમ કે દેવનું ઈન્દ્રપદ મળ્યું તો ભગવાનની સેવાનું તો અમને મળ્યું. ના ના. કોણ કહે છે? આહાહા..! ભારે વાત પણ આવી. સમજાણું કાંઈ? એય.. રતિભાઈ! આ પૈસા મળ્યા તો નિવૃત્તિ લઈ શકે, લ્યો. ગરીબ માણસ આવી શકે? પૈસાવાળા પણ રખડે છે ઘણા. આવતા નથી. એને લઈને આવવું-જાવું ક્યાં છે? ઓલો કહે, દેવપદ મળ્યું તો ભગવાન પાસે જાય ને. ના ના અમારે એને લઈને નથી કાંઈ. દેવેન્દ્ર દેવનો ઉદયનો વિપાક અમારે છે જ નહિ. કે જેથી કરીને અમને એનાથી લાભ મળે એમ છે જ નહિ. એમ કહે છે. આહાહા..! અહીં તો હજી ઓલા સાધુ થઈને નામ ધરાવીને કહે, જો ભાઈ આવું કરશો, સ્વર્ગમાં જાશો, ત્યાંથી ભગવાન પાસે જાશો તો સમકિત પામશો. એય.. નવરંગભાઈ! પહેલો નિષેધ કરતા જાય છે કે અમારે સાચું સમજવું નથી, ભગવાન પાસે આત્મા પાસે જાવું નથી, નથી.

એ '**દેવગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' લ્યો! ચાર થયું? ઠીક! આ ચાર ગતિ થઈ પૂરી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પોષ સુદ ૮, સોમવાર તા. ૮-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૫૦**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૫૨ પ્રકૃતિ થઈ ગઈ છે. ૫૩મી. શું ચાલે છે અધિકાર આ? કર્મફળનો સંન્યાસ એટલે ત્યાગ એની ભાવના, એને નચાવવું. એટલે કે ત્યાગના ભાવનારૂપે પરિણમવું. સમજાણું કાંઈ? પણ કોને આશ્રયે? એના ત્યાગના ભાવનારૂપે પરિણમવું પણ કોને આશ્રયે? એ તો પહેલી વાત થઈ છે કે આત્મા ચૈતન્ય શુદ્ધ પરમસ્વભાવ ધ્રુવ વસ્તુ છે એની દૃષ્ટિ કરીને, જોકે દૃષ્ટિ પોતે પરિણામ છે. સમજાણું કાંઈ? દૃષ્ટિ એ પર્યાય છે. પરિણામ છે. પણ એ દૃષ્ટિ ધ્રુવ પરિણામી જે ત્રિકાળ વસ્તુ એને અવલંબીને, પ્રસરીને જે દૃષ્ટિ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

આખી વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય ધાતુ. અનંત અનંત શક્તિનું આખું સત્ત્વ. એક સમયની પર્યાય-પરિણામ વિનાનો. એવા ધ્રુવ સ્વરૂપને પરિણામ દ્વારા, છે તો પાછી પર્યાય ઈ દૃષ્ટિ, સમ્યગ્દર્શન છે તો પર્યાય, એ પરિણામ છે. એ પરિણામ વસ્તુ જે ત્રિકાળ છે તેની સાથે એકત્વ થવું, અભિન્ન થવું એનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ નિર્વિકલ્પ વસ્તુ જ્યાં દૃષ્ટિમાં આવી... પોતે વસ્તુ નિર્વિકલ્પ છે અભેદ છે એ અપેક્ષાએ. અને અહીંયાં રાગરહિત દૃષ્ટિ પોતે ધ્રુવ તરફમાં ઢળતા, એકત્વ થતાં રાગની એકતા તૂટતા વીતરાગ સ્વભાવ સાથે એકતા થતાં દૃષ્ટિમાં વીતરાગ પરિણામ પ્રગટ થાય છે. કહો, સમજાય છે કાંઈ? એ વીતરાગ પરિણામ દૃષ્ટિ દ્રવ્યને સ્વીકારે છે. એ તરફનું વલણ છે તેથી કહે છે કે ધર્મી એમ માને છે કે પર્યાયમાં પુણ્ય-પાપના રાગાદિ એ મારું કર્તવ્ય જ નથી. એ મારું કર્તવ્ય નથી. સમજાય છે? પર્યાયનું કર્તવ્ય છે એ અપેક્ષાએ પરિણામ પરિણામને કરે એ અપેક્ષાએ જુદી વાત છે, શુદ્ધ પરિણામને. પણ અશુદ્ધ પરિણામનું કર્તવ્ય મારું નથી. સમજાણું કાંઈ? એ અશુદ્ધ મેલા પરિણામ છે. હું નિર્મળ શુદ્ધ ચૈતન્ય છું. એવા નિર્મળ ધ્યેયના કારણે એનું પરિણમન જ શુદ્ધ અને નિર્મળ થાય છે. શુદ્ધ અને નિર્મળ પરિણમનનો કર્તા આત્મા કહેવાય. સમજાય છે? પણ અશુદ્ધ પરિણમનનો કર્તા અને પરિણમનારો હું નથી.

પરિણમન હોવા છતાં તેને ગૌણ કરી દઈને (કહે છે) હું નથી. એમાં હું નથી. એ મારા પરિણમન શુદ્ધ પર્યાયમાં પણ એ આવતા નથી. એનું નામ કર્મચેતનાનો ત્યાગની ભાવનાનું પરિણમન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? રાગાદિ ભાવ એ મારું કર્તવ્ય છે એવી જે બુદ્ધિ એ તૂટતા ચૈતન્યમૂર્તિ આત્મા છું એવી કર્તવ્યબુદ્ધિ થઈ પરિણામમાં. પરિણામમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્તવ્યબુદ્ધિ હોં! દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. શુદ્ધ પરિણામનું પરિણમવું એ અપેક્ષાએ કર્તા થયો. અને અશુદ્ધપણું પરિણમન એ મારું સ્વરૂપ નથી. ભારે! સમજાણું કાંઈ? એટલે અશુદ્ધનું કર્તાપણું મટી, શુદ્ધપણાનું પરિણમન તે મારી જ્ઞાનચેતના અને ભગવતીસ્વરૂપ ચેતના કહેવામાં આવે છે. એમાં પૂર્વે અજ્ઞાન ભાવે બંધાયેલા જે પરમાણુઓ કે કોઈ જ્ઞાનભાવમાં પણ અસ્થિરતાથી બંધાયેલી પ્રકૃતિ તેના ફળ કાળે મારો સ્વકાળ દ્રવ્ય સ્વભાવ તરફ ઢળેલો છે. એથી ધર્મી કહે છે કે કર્મના ફળને હું ભોગવતો નથી. કર્મને તો નહિ પણ એના નિમિત્તથી થતી જરી દશા છે એ પણ હું ભોગવતો નથી.

ચાર ગતિનું આવી ગયું છે. હું ગતિ જ ભોગવતો નથી એમ કહે છે. થઈ ગઈ સિદ્ધગતિ? સિદ્ધગતિ પણ કોણ કહે છે અહીં? અહીં તો ગતિ પરિણમન જ મારું નથી ને. કહો, સમજાણું? સિદ્ધગતિ તો ધ્રુવના અવલંબે સિદ્ધગતિ પર્યાય થાય. પણ હું અત્યારે છું એ મનુષ્યગતિમાં નથી. સમજાણું કાંઈ? કહો, હીરાભાઈ! ક્યાં હશે? સિદ્ધમાં હશે મનુષ્યગતિમાં નથી ત્યારે? મનુષ્યગતિની .. લાયકાત તે મારામાં નથી. હું તો ચૈતન્યસ્વરૂપ છું. ચેતનાના ભંડારમાં તો પવિત્રતા પડી છે. એ ભંડારમાં અપરિમિતતા જેની શક્તિ છે એવી અંતર દૃષ્ટિના પરિણમનની અવસ્થા થવાને કારણે આ અવસ્થા મારું પરિણમન નથી અને એનો હું ભોક્તા નથી. સમજાણું કાંઈ? માણસને એવું લાગે આમાં પણ કરવું શું ત્યારે? વ્યવહાર કરવો કે નહિ અમારે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાતે પ્રશ્ન થયો, વ્યવહારથી નિશ્ચય થાય કે નહિ? પ્રશ્ન આવ્યો હતો ને રાતે? એક માણસ બિચારો સરળ હતો. એક શ્લોક બોલ્યો હતો એમાં આ હતું. અશુભરાગ, શુભરાગ અને મોહ ત્રણે છોડીને દૃષ્ટિ કરી. એ શ્લોક બોલ્યો હતો. સમજાણું કાંઈ? માણસને મૂળ એવી વાત કોઈ ઠેકાણે હોય અને એ લક્ષમાં ન રહે અને વ્યવહારના લખાણ ઘણે ઠેકાણે હોય ઈ પકડી લે.

કહે છે કે ભાઈ! તારે કરવું છે કે નહિ? સંસારથી નીકળીને આત્માના દ્રવ્ય તરફ વળવું છે, ઢળવું છે કે નહિ? સમજાણું? વસ્તુ છે એ તો આખી શાંત આનંદની મૂર્તિ આત્મા છે. એમાં ઢળતાં જે સમ્યક્તા અને શુદ્ધતા પરિણમે એમાં કર્મના ફળની અસર એને હોતી નથી. અસર નથી એમ કહે છે. આહાહા..! મનુષ્યપણાની ગતિમાં હું નથી એમ સમ્યગ્દૃષ્ટિ માને છે. એય..! ધ્રુવ સ્વરૂપ ભગવાન આત્મા પરમપવિત્ર છે એને પડખે ચડી દશા એ આ પડખામાં ક્યાં આવે છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! માર્ગ તે માર્ગ છે ને.

મુમુક્ષુ :- વીરાનો માર્ગ છે.

ઉત્તર :- વીરાનો માર્ગ છે. ... એ ઓલો બોલ્યો હતો બિચારો સવારમાં. લોઢાના ચણા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. એના તો માણસ બિચાર ઓલા હતા હોં પ્રેમી. નરમ હતા. પ્રેમ હતો સૌને. પ્રેમથી આવેલા બધા. સાંભળવા રોકાણા. આત્મા તો આત્મા છે પણ એને બિચારાને ખબર પડતી નથી. વસ્તુ મળતી નથી અને જે કાંઈ મળ્યું એમાં રોકાઈને માની બેસે. કાંઈક કાંઈક કરીએ છીએ, જાવ. જાત્રા તો કરવાનું આ સ્થાન છે. ભગવાન આત્મા જાત્રા કરવાનું સ્થાન છે. ઓલી જાત્રાઓ તો અનંત વાર કરી છે. અને હો વચ્ચે શુભભાવ પણ એ કાંઈ આશ્રય કરવા લાયક છે અને એ કાંઈ સુખના સાધન માટે મદદ કરે છે એમ નથી. ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે એવી અંતર દૃષ્ટિ થતાં, કહે છે કે હું દેવ નથી. હું દેવગતિમાં નથી. છેલ્લો બોલ એ આવ્યો. દેવગતિમાં હું નથી. ઠીક! શાસ્ત્રમાં કહે ને, જીવની ચાર ગતિમાં હોય, જીવ ચાર ગતિમાં હોય અને કાં મોક્ષ થાય તો સિદ્ધગતિમાં હોય. એય..! એ તો એની અવસ્થાને માર્ગણામાં આવે છે ને? માર્ગણા આવે છે ચૌદ માર્ગણામાં આવે છે. ગતિ, જાતિ ગોતવું હોય ને તો પર્યાયના અંશની અપેક્ષાએ ક્યાં છે તેને શોધવું એનું નામ માર્ગણા. પણ આ તો આખો આત્મા શોધીને બેઠો છે અંદર. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યબિંબ આનંદનો રસકંદ છે એ તો. એવી જ્યાં આનંદના શાંતિના રસનો સ્વાદ આવ્યો એને ધર્મ કહીએ, એને સમ્યગ્દર્શન કહીએ અને એની દૃષ્ટિ પડે છે સ્વભાવ ઉપર. એથી કહે છે કે હું દેવગતિમાં નથી. સમજાણું કાંઈ? લ્યો! એ ગતિના નિમિત્તના ઉદયમાં જરી યોગ્યતા છે એમાં હું નથી. સમજાણું કાંઈ? એ ૫૨ થઈ.

૫૩. '**હું એકેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' સમ્યગ્દષ્ટિ છે એ કાંઈ એકેન્દ્રિયમાં હોતો નથી. સમ્યગ્દષ્ટિ છે એ એકેન્દ્રિયમાં હોતો નથી. છે ને એકેન્દ્રિય? એકેન્દ્રિય કોને કહીએ? આ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ જીવ છે. એ પૃથ્વી છે ને પૃથ્વી આ? આ જીથરીની ખાણ નથી પથરાની? લાલ પથરા નીકળે છે કે નહિ? એ એક એક કણીમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ છે. એ પથ્થર એ શરીર દેખાય છે. જેમ આ શરીર છે ને? પણ અંદર આત્મા જુદો છે. જુઓ! એકેન્દ્રિય છે ને એકેન્દ્રિય? ૫૩મો બોલ એકેન્દ્રિય. એક ઈન્દ્રિય. એને એક ઈન્દ્રિય સ્પર્શ ઈન્દ્રિય છે પૃથ્વીના જીવને. અંદર આત્મા તો અખંડાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. સમજાણું કાંઈ? ૫૩મો બોલ છે. મોહનભાઈ! છે ને ૫૩મો બોલ? બહુ ઝીણો છે ભાઈ! એમ ને એમ પકડાય એવું નથી.

'**હું...**' એમ શબ્દો પડ્યો છે. હું એક ચૈતન્ય આનંદમૂર્તિ પ્રભુ. '**હું એકેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એની વ્યાખ્યા લાંબી છે. આ તો બહુ ટૂંકો શબ્દ છે ને. એકેન્દ્રિય એટલે પૃથ્વી જીવ છે એને એકેન્દ્રિય નામકર્મનો ઉદય છે. સમજાય છે? એનું એને વેદન છે. ત્યારે સમ્યગ્દષ્ટિ કહે છે કે એકેન્દ્રિયની પ્રકૃતિ પડી હોય મારા પ્રદેશમાં અને એ ઉદય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ આવે. ઉદય આવે પણ અહીં છે તો પંચેન્દ્રિયમાં સમકિતી. સમકિતી કાંઈ એકેન્દ્રિયમાં હોતો નથી. પણ ઓલી પ્રકૃતિ પડેલી હોય છે તેનો ઉદય આવીને ખરી જાય છે. ખરી જાય છે. મારું એના તરફ વલણ નથી. અમથુંય અજ્ઞાનીને પણ ખરી જાય છે. પણ અજ્ઞાનીનું વલણ પર્યાય ઉપર છે, અંશ ઉપર છે. ધર્મીનું વલણ ધ્રુવ ઉપર છે. એ ધ્રુવ ઉપરને લઈને કહે છે કે મને પ્રકૃતિ પડી હોય છે. પૃથ્વીના જીવ છે ને? પૃથ્વી એક જાતિ કીધું ને? જાતિ એટલે એકેન્દ્રિયના પૃથ્વીકાયના જીવની જાત એકેન્દ્રિય છે. બાકી બીજી પાણી જળ-જળ. જે આ પાણીના બિંદવા છે ને આ કૂવાના, નદીના. એ એક કણમાં અસંખ્ય જીવ છે એકેન્દ્રિય પાણીમાં. એકેન્દ્રિયના પાંચ બોલ છે. એકેન્દ્રિય એટલે પાંચ. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. એ પાંચેય જીવ છે અંદર. શરીર દેખાય છે જડ. આ શરીર જેમ જડ દેખાય એમાં અંદર જીવ છે. એમ આ વનસ્પતિનું પાંદડું દેખાય છે એ ઉપર શરીર જડ છે. અંદર જીવ છે. એક પાંદડામાં અસંખ્ય જીવ છે. એને એકેન્દ્રિય જાતિ નામકર્મનો એને ઉદય છે. પૃથ્વીને, પાણીને, નદીના પાણી કે આ પીવાના પાણી, અગ્નિને, આ વાયુને અને વનસ્પતિ. એ પાંચ પ્રકારની એકેન્દ્રિય જાતિ છે.

ધર્મી કહે છે કે નામ પ્રકૃતિ એકેન્દ્રિય પડી હોય ત્યાં, પ્રકૃતિમાં પૂર્વની બંધાયેલી (હોય પણ) મારું વલણ એ બાજુ નથી. મારું વલણ ધ્રુવ ચૈતન્યના આનંદ ઉપર છે તેથી તે પ્રકૃતિના ફળને હું ભોગવતો નથી. કહો, સમજાણું કાંઈ? અહીં તો અમૂર્તની અંદરનો સંબંધ છે એ છૂટે છે એમ કહે છે. સમજાણું કાંઈ? હું તો અમૂર્ત ચૈતન્ય છું. એકેન્દ્રિય આદિ પ્રકૃતિથી રહિત છું. એ નામકર્મ... અમૂર્તપણું જે છે એને જરી રોકીને મૂર્તપણું જે દેખાય સંબંધથી એ મારામાં છે જ નહિ. હું તો એકેન્દ્રિય જાતિ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ તો સમકિતીને હોતું નથી. પણ નામકર્મ પ્રકૃતિ પડી હોય છે એને સંબંધ તરફ મારું વલણ નથી.

એકેન્દ્રિય. એક શબ્દ. પછી જાતિ. જાતિ એટલે સદશ્ય બધા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ બધાની એકેન્દ્રિય જાત છે ને? એમાં એક ઇન્દ્રિય જ બધાને છે. એક સ્પર્શ ઇન્દ્રિય છે. એને જીભ છે નહિ. પૃથ્વી, પાણીના જીવને જીભ નથી. એક શરીર જ છે. જુઓ! આ આખા લીંમડાનો એક એક જીવ એને શરીર છે. જીભ નથી. તો એ શરીરની એક જાતિની અપેક્ષાએ સરખા ગણીને તેને એકેન્દ્રિય જાતિ કહેવામાં આવે છે. એ હું નથી. (હું તો) ચૈતન્યના સ્વરૂપને ભોગવનાર છું.

પછી **'હું દ્વીન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...'** દ્વીન્દ્રિય. આ ઈયળું થાય છે ઝીણી ઈયળું-ઈયળું. છાણમાં થાય છે ને ઈયળ આદિ? એને બે ઇન્દ્રિય હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. વનસ્પતિને એક ઈન્દ્રિય, ઓલાને બે ઈન્દ્રિય. એક સ્પર્શ અને જીભ-રસ. બે ઈન્દ્રિય હોય છે. ઝીણા નાના કીડા, ઈયળું એને બે ઈન્દ્રિય કર્મની પ્રકૃતિનો વિપાક વર્તે છે. આને સમ્યગ્દષ્ટિને વિપાક નથી. બે ઈન્દ્રિયની પ્રકૃતિ પડી છે. સ્વભાવની દષ્ટિને લઈને એનો અનુભવ મને નથી. મારે એની સાથે સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ? છતાં એ બે ઈન્દ્રિયના ઘણા પ્રકારો એ બધી જાત એક કહેવાય. ઘણી જાતના લટ પડે છે. લટ નથી થાતી? આ સડે રોટલો સડે, દાળ (સડે એમાં) લટ ઝીણી ઝીણી પડી જાય. એ બધા બે ઈન્દ્રિય જીવો છે અંદર સૂક્ષ્મ. જેને શરીર અને આ જીભ-બે હોય. નાક, આંખ ને કાન ન હોય એને. પણ એ બધાને એક જાત ગણીને બે ઈન્દ્રિય જાતિ એવું એક કર્મ છે એ કર્મના ફળને હું ભોગવતો નથી.

'**હું ત્રીન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' હવે ત્રણ ઈન્દ્રિય. આ કીડી, મકોડા એને ત્રણ ઈન્દ્રિય હોય છે. શરીર હોય છે, આ (રસ) હોય છે અને નાક હોય. ત્રણ હોય. કીડીને આંખ અને કાન ન હોય.

મુમુક્ષુ :- કોઈ દી જોયું નથી.

ઉત્તર :- એને ક્યાં આંખ હતી? મકોડા જોયા નથી તમે? મકોડા આમ આમ સુંઘી સુંઘીને ચાલ્યા જાય. કારણ કે એને આંખ નથી. મકોડા જાય ને આમ રસ્તામાં પાંચ-દસ-વીસ આમ સુંઘતા સુંઘતા (જાય). તો નાક છે. આંખ નથી એને. એક પછી એક પાંચ-દસ આમ જાતા હોય તો સુંઘતા સુંઘતા (જાય). એને ત્રણ ઈન્દ્રિય છે. એક શરીર છે સ્પર્શ, એક જીભ છે અને એક નાક છે. આંખ અને કાન બે નથી. આહાહા..! એવા અવતાર અનંત વાર કર્યા છે. આહાહા..! ખબર ન મળે ખબર. અહીં જરી માણસ જરી થાય ત્યાં એને થઈ જાય કે આપણે (સુખી થઈ ગયા). એમાં પૈસા-બૈસા કાંઈક થાય. ... જાય. ઓળે સમજાય છે? ઓળે એટલે શું? ચંદુભાઈ! દોલત કહેવાય છે ને એ? દોલત-બે લાત મારે. આવે તો પણ લાત અને જાય તોપણ લાત. આહાહા..! ભગવાન! તું તો આ ઈન્દ્રિય પણ નથી ત્યાં વળી લક્ષ્મી ક્યાંથી આવી તારી પાસે? ભરમાયો છે ને ભગવાન પણ. આહાહા..!

અહીં તો કહે છે કે ત્રણ ઈન્દ્રિય જે છે કીડી, મકોડા સમજાય છે? એને ત્રણ ઈન્દ્રિય હોય છે. એ સમકિતી ત્રણ ઈન્દ્રિયમાં હોતો નથી પણ એને ત્રણ ઈન્દ્રિયની પ્રકૃતિ નામકર્મની પડેલી હોય છે. એના ફળને હું ભોગવતો નથી. કહો, સમજાણું કાંઈ? એ જાત એની સરખી હોય. ત્રણ ઈન્દ્રિયની જાત ઘણા પ્રકારના જીવાત હોય છે. સમજ્યાને? આ પણ ત્રણ ઈન્દ્રિય છે. શું કહેવાય? ઝીણા નથી થાતા? ઉધઈ-ઉધઈ. આ ઉધઈના રાફડા મોટા મોટા નથી હોતા ધૂળના? એમાં ઉધઈ હોય છે ને ધોળી. એ તડકો આકરો પડે ને તડકો આકરો પડે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ને તો .. જાય. જેમ ઓલી.. સમજ્યાને? આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એની યોનિ ઉત્પત્તિ. આ તો એની જાત છે. એની ત્રણ ઇન્દ્રિયની જાત છે એ બધી એક સરખી છે એમ કહેવું છે. સમજ્યાને? ઉધઈ-ઉધઈ. સુંવાળી બહુ હોય. બહાર નીકળે અને તડકો આકરો આવી જાય તો સડસડ થઈ જાય. એક ફેરી જોયું હતું અમે. પાળિયાદ, (સંવત) ૧૯૭૫ની સાલ. આમ ઉધઈ બહાર જ્યાં નીકળી તડકો આકરો હતો અને બહાર હું આઘે હતો. અપવાસ કરીને પારણું હોય ને. બહાર જરી નીકળી તો જેમ ઓલી શું કહેવાય જુવારની ધાણી? ધાણી જેમ થઈ જાય એમ .. એમાં કાંઈ ન મળે. ઓહોહો..! એટલું સુંવાળું શરીર ઉધઈનું હોય. એવા પણ અવતાર અનંતા કર્યા છે જીવે. અહીં આવ્યો ને ભૂલી ગયો. પણ અહીં તો કહે છે કે એ અવતારમાં પણ નથી અને પ્રકૃતિ પડી એ મારામાં નથી કહે છે. લે. કહો, સમજાણું કાંઈ? ત્રણ ઇન્દ્રિય નથી.

પછી '**હું ચતુરિન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આ ભમરા, માખી એ ચાર ઇન્દ્રિય છે. એને આંખ છે, કાન નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે ત્રણ કાળ ત્રણ લોક જોઈને આ વાત કહી છે. ભમરા, વીંછી આ શું કહેવાય બીજા? ફુદડા, પતંગિયા. આ છે ને રસ્તામાં બહુ પડે ને પતંગિયા થાય ને બહુ? કોઈ વખતે નથી થાતા? આમ રોડ ઉપર (પડ્યા હોય). (સંવત) ૧૯૮૬ની સાલમાં વર્ષ બેસતા આમ જુઓને પતંગિયા લાખો-કરોડો આમ ઉડે. નીકળે.

મુમુક્ષુ :- ચોમાસામાં વધારે થાય.

ઉત્તર :- આ બહુ થાય. પણ એ તો બહુ (ઓછા હોય). આ તો મોટું ધણ નીકળે.

મુમુક્ષુ :- તીડ.

ઉત્તર :- હા, તીડ-તીડ. એ તીડ ચતુરિન્દ્રિય હોય છે. એને કાન હોતા નથી. આંખ હોય છે. એટલે આમ ગતિ કરે છે એકદમ.

મુમુક્ષુ :- ... વાદળ.

ઉત્તર :- વાદળ. ૮૭ના કારતક સુદ એકમે. અમરેલીમાં. બહુ એ તો.. સમજ્યાને. પાછા થોડો કાળ જીવવાના હોય એ દરિયામાં જઈને પડે ને મરે. કોઈ ઠેકાણે ઝાડ ઉપર પડે તો રહે તો ઝાડ ભાંગી નાખે અને અનાજ ઉપર પડે તો અનાજ પણ તોડી નાખે. કરોડો... કરોડો... કરોડો... જેને લોકો પલ્લાના જીવ કહે. પલ્લાના નથી બાપુ! જીવ છે એ. એની ગણતરી તું ન માને. એ તો ભગવાન છે અંદર. સચ્ચિદાનંદ સ્વરૂપ છે અંદર. એ તો એનું શરીર એવું છે. એવા અવતાર તેં અનંતા કર્યા છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં તો અવતાર નથી એવો જે આત્મા એની દૃષ્ટિ હોવાથી એ ચતુરિન્દ્રિય પ્રકૃતિ નામની પડી હોય છતાં મારે એને કાંઈ સંબંધ નથી. સંબંધ નથી એમ કહે છે. મારો સંબંધ તો શુદ્ધ ચૈતન્ય આનંદની સાથે છે. મારે આની સાથે સંબંધ છે નહિ. એમ ધર્મી કર્મના ફળના ત્યાગના પરિણમનરૂપ પરિણમે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આંખ ન મળે, કાન ન મળે. ચતુરિન્દ્રિયને કાન મળે, ત્રણ ઈન્દ્રિયને આંખ અને કાન ન મળે. આહાહા..! હવે એને કાન ન મળે. સાંભળે નહિ એ. સમજાણું? ચતુરિન્દ્રિય હું નથી.

'**હું પંચેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' હવે આવ્યું લ્યો હવે. એ પંચેન્દ્રિયમાં પોતે હોય છે સમકિતી. મનુષ્યમાં હોય, દેવમાં હોય, નારકીમાં હોય અને પશુ-ઢોરમાં પંચેન્દ્રિય. એ પંચેન્દ્રિયની જાત એને સરખી ગણવામાં આવે. પંચેન્દ્રિયની અપેક્ષાએ. પછી ભલે મનુષ્ય હો કે પછી તિર્યંચ હો કે દેવ હો કે નારકી. એ બધા પંચેન્દ્રિય છે. એ પાંચ ઈન્દ્રિય છે. એને કાન છે. સમજાણું કાંઈ? શરીર, જીભ, નાક, આંખ અને કાન. પાંચ ઈન્દ્રિય હોય છે. આપણે અહીં શરીરમાં પાંચ ઈન્દ્રિય (હોય), નારકીને પણ પાંચ ઈન્દ્રિય (હોય છે) નરકમાં. મહા અધર્મ કરીને નરકમાં ઊપજ્યા એને પાંચ ઈન્દ્રિય હોય છે. આ ઢોર આ ગાય, ભેંસ એને પાંચ ઈન્દ્રિય હોય છે. ગાયુ, ભેસું, ઢોર, ઉંદર અને દેવને પાંચ ઈન્દ્રિય હોય છે. સમકિતીને આત્માનું જ્ઞાન ચાર ગતિમાં ગમે ત્યાં થયું હોય તો કહે છે કે પંચેન્દ્રિય હું નથી. એ મારે કાન નથી એમ કહે છે. એય..! આ લોકો કહે કે ભાઈ! કાન હોય તો સાંભળવાનું મળે. અહીં તો ભાઈ ... છે. આહાહા..! ભગવાન! જો તો ખરો. ઊડાડી દીધું. સાફ કરી નાખ્યું આખું. ઈન્દ્રિય-બિન્દ્રિય મારે નથી. હું તો અતીન્દ્રિય આનંદકંદ છું. આહાહા..! કાન હોય તો સંભળાય. પણ એ કાન જ મારે નથી ને. કાનમાં હું નથી અને કાન મારામાં નથી એમ કહે છે. એય..!

ભગવાન ચૈતન્યમૂર્તિ.. આહાહા..! એક સમયમાં ચાલ્યા જાય છે. સેકન્ડમાં... પ્રેમચંદભાઈ વારે વારે યાદ આવે. ફોટો દેખ્યો હતો ઓલો કાલે. નહિ? હરિભાઈએ પાડ્યો છે ને. હરિભાઈ ક્યાં ગયા? નથી હરિભાઈ આવ્યા? કેમ? તાવ આવે છે? ઠીક. ફોટો મૂક્યો છે નહિ એણે? બહુ ઠીક મૂક્યો છે. એક સેકન્ડમાં નીકળી જાય. એ પાણી પીને ... જાવ. આ ક્યાં શરીર તમારું હતું? શરીર સાથે એકમેક થયો હતો કે દી? ચોંટ્યો છે કે દી? ચોંટ્યો નથી. સ્પર્શ કે દી છે એને? સ્પર્શ ન હોય તોપણ આત્મા ક્યાં કોઈની સાથે ચોંટે છે. આહાહા..! એક સમયની વાત, એક સમયનો ફેર જ્યાં આ થી આ. બીજી ગતિ. ગતિ આ ને આ એમાં હું નથી કહે છે. આહાહા..! ભાઈ, સમ્યગ્દૃષ્ટિ મરીને દેવમાં જાય, મનુષ્ય હોય એ. પશુ હોય એ દેવમાં જાય. અહીં તો કહે છે કે હું તિર્યંચ પણ નથી, મનુષ્ય પણ નથી, દેવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ નથી. ક્યાં જાય અને ક્યાં આવે? એમ કહે છે. એય..! આહાહા..! શાસ્ત્રમાં એવી વાત બહુ આવે. નારકી મરીને સમકિતી હોય એ મનુષ્ય થાય. નરકમાં જીવ છે ને કોઈ સમ્યગ્દૃષ્ટિ. નરકમાં પણ આત્મભાન (છે). મરીને મનુષ્ય થાય. ઢોરમાં સમકિતી હોય તો મરીને દેવમાં જાય. મનુષ્યમાં સમકિતી હોય એ મરીને દેવમાં જાય. દેવ હોય સમકિતી તો મરીને મનુષ્યમાં આવે. આવો બધો નિયમ હોય છે અનાદિનો. દેવ મરીને દેવ ન થાય, નારકી મરીને નારકી ન થાય. નારકી મરીને દેવ ન થાય, દેવ મરીને નારકી ન થાય. પણ અહીં તો કહે છે કે અમે તો કાંઈ થાતા જ નથી ને. થાવું હતું ક્યાં? એમ કહે છે અહીં. ભારે વાત ભાઈ!

પરિણમન જ મારું નથી. પંચેન્દ્રિયનું પરિણમન જ મારું નથી એમ કહે છે. ઈન્દ્રિયો નથી ઓલી ખંડ ખંડ ઈન્દ્રિયો હું નથી. આહાહા..! **'जो इंदिये जिणित्ता'** આવે છે ને? ચંદુભાઈ! ૩૧. અમારે ચંદુભાઈ તૈયાર છે. જે **'जो इंदिये जिणित्ता'** ૩૧માં આવે છે ત્યાં. પાંચ ઈન્દ્રિય આ જડ, પંચેન્દ્રિય, આ આ.. હું ક્યાં છું? એ ક્યાં છે? હું તો આત્મા છું. અને ખંડ ખંડ ઈન્દ્રિય છે એક સમયનો અંશ એ પણ હું કાંઈ નથી. હું એમાં નથી. એ તો પર્યાય છે. એ મારો અંશ છે. હું તો ત્રિકાળ દ્રવ્ય સ્વરૂપમાં લક્ષમાં (છું). એ અંશ મારામાં છે નહિ. આહાહા..!

અહીં તો બધું કેટલું માન્યું છે પોતામાં? સુમનભાઈ દીકરો, ઓલા થયા પૈસા બધું કેટલું માનતા હશે! છોકરાઓ દાદા-દાદા છોકરા કરે એમાં ઠીક નહીં થઈ જતું હોય? એય..! જાધવજીભાઈ! છોકરા કહે બાપા-બાપા કરે તો કાંઈક થાય કે નહિ એમાં? એ હમણાં અમે પૂછ્યું હતું. શું કહે છે તમારા ભત્રીજાના દીકરા શું કહે છે? કહે, બાપા-બાપા કરે નેમિદાસભાઈને. ત્યાં એવો રિવાજ બાપા કહે. ત્યાં મુંબઈમાં બધા ઘણા મોટા હોય એને કાકા કહે. નોકર હોય એને કાકા કહે. એમ ને? એવો રિવાજ છે મુંબઈમાં તમારે. કાકો કેવો ને બાપો કેવો? આહાહા..! અહીં તો પંચેન્દ્રિય હું નથી. પંચેન્દ્રિય પ્રાપ્ત થવી એ તો લાભદાયક છે કે નહિ? પણ પંચેન્દ્રિયપણું હોય તો સાંભળવાનું મળે, આ આંખ્યું હોય તો દેવદર્શન થાય, હાથ હોય તો આમ ફૂલ મૂકાય, આમ થાય, આમ થાય બધું સરખું, લ્યો!

મુમુક્ષુ :- આત્માને ઈન્દ્રિય મળતી જ નથી.

ઉત્તર :- ઈન્દ્રિયો એને આવતી નથી. ઈન્દ્રિય વિનાની ચીજ છે એમ અહીં તો સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં ભ્રમણા પણ એની. ક્યાં ભ્રમણામાં ગરી ગયો ને. આહાહા..! આહાહા..! કહે છે...

કહે છે શું? જુઓને! કેટલું આચાર્યોએ... ઓહોહો..! ચૈતન્યના સ્વભાવની કર્મફળના

ત્યાગની, ચૈતન્યના સ્વભાવની અસ્તિમાં જતાં કર્મફળના ત્યાગની નાસ્તિનું પરિણમન કેમ થાય છે? એમ વર્ણવે છે. સમજાય છે કાંઈ? ચૈતન્ય ભગવાન પોતાના અનાકુળ આનંદસ્વરૂપમાં દૃષ્ટિને લઈને કહે છે કે પંચેન્દ્રિયપણું મને છે, પંચેન્દ્રિયપણામાં હું છું અને પંચેન્દ્રિયપણું મારામાં છે? ના. પણ પંચેન્દ્રિય તો બધી જાતમાં સરખા કહેવાય હોં! આ જાતિ કીધી ને? નારકી, મનુષ્ય, દેવ બધા પંચેન્દ્રિય હોય છે. સમજાય છે? જાતિ પંચેન્દ્રિયની અપેક્ષાએ સદશ્યતા છે બધામાં. પંચેન્દ્રિયની અપેક્ષાએ બધા સદશ્ય. દેવ, નારકી, મનુષ્ય ને આ પંચેન્દ્રિય હોય ઈ, હોં! બાકી ચતુરિન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, બે ઈન્દ્રિય, એકેન્દ્રિય એ બધા તિર્યંચ કહેવાય છે. એ અસંજ્ઞી રજે મન વિનાના હોય છે તિર્યંચમાં એ પણ પંચેન્દ્રિયમાં આવે. મન વિનાના પ્રાણી. આ વરસાદમાં થઈ જાય છે ને? દેડકા થઈ જાય એને મન નથી. મન વિનાના થઈ જાય. ઈન્દ્રિય પાંચ હોય. કાન, આંખ આદિ. મન ન હોય એને. એકદમ દેડકા થઈ જાય, માછલા થઈ જાય. થઈ જાય છે ને પાણીમાં એકદમ? પણ એ કહે છે કે એને તો સમ્યગ્દર્શન હોય નહિ. પણ જેને મન હોય છે એવા તિર્યંચ હો પંચેન્દ્રિય, નારકી હો, દેવ હો, મનુષ્ય હો. નારકીમાં અસંજ્ઞી મરીને જાય. સમજાય છે? પણ થોડો કાળ રહીને પછી પંચેન્દ્રિય થઈ જાય છે. મનવાળા થઈ જાય છે. પછી સમકિત પામે. પણ સમકિત પામ્યા પછી તો હું પંચેન્દ્રિય નથી. હું તો અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છું. જ્યાં મારું હોવાપણું છે ત્યાં પંચેન્દ્રિયપણું નથી અને જ્યાં પંચેન્દ્રિયપણું છે ત્યાં મારું હોવાપણું નથી. આમ અસ્તિ-નાસ્તિ કરે છે. આહાહા..! કહો, સમજાણું?

'**હું પંચેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' સામાન્ય વાત કરે છે. અહીં એમ નથી કે ભાઈ આ આચાર્ય છે એટલે હું એકેન્દ્રિય છું માટે એકેન્દ્રિયને ભોગવું એવું કાંઈ નથી. સામાન્ય પ્રકારે જેને જે પ્રકૃતિનો ઉદય હોય છે તે સમ્યગ્દૃષ્ટિને એ જાતનું વલણ નથી. લ્યો, એ પાંચ થઈ. પાંચ થઈને? એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય. પાંચ ઈન્દ્રિય થઈને? જુઓ સ્પર્શ, આ.. આ.. કાન અને આંખ એ પાંચેય ઈન્દ્રિય હું નહિ. એ તો જડના ફાંકા, કાણા માટીના. આહાહા..! ભગવાન દેવાધિદેવ અંદર દેવ આત્મા પંચેન્દ્રિયથી રહિત છે. એવી ધર્મીને દૃષ્ટિ થઈ છે. હવે અહીં કાંઈક ઈન્દ્રિય સરખી મળી એનું અભિમાન પાછું. હરણના જેવી આંખ આમ કોડા જેવી આમ ચોખ્ખી, લાંબી.

મુમુક્ષુ :- હરણના જેવી ને? ...

ઉત્તર :- પણ કાંઈક કહે છે ને ઓલી લાંબી ભગવાનનું નહોતું આવ્યું? ભગવાની પૂજામાં.. વિશાળ નયન હોય તીર્થંકરના. નયન એવા હોય આ જે શેડ છે ને શેડ? ઊંચા તીર્થંકરાદિ આ વાસુદેવ, બળદેવ એ પુરુષની આંખ એવી હોય છે આમ આ.. બહુ લાંબી હોય છે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અંદર અને આમ કોડો મોટો. મોટા આમ દેખાય મોટા મહાપુરુષ દેખાય એવા. એવું શરીર જ એવું હોય એનું. સમજાણું? પૂર્વના પુણ્યને લઈને વાસુદેવ હોય, બળદેવ હોય, તીર્થંકર હોય, ચક્રવર્તી હોય બધા. પ્રતિવાસુદેવ છે ને રાવણ આદિ. એ તો વાસુદેવ નહિ, પ્રતિવાસુદેવ હતા. છતાં એનું શરીર બહુ સુંદર. ઓલો જાણે કે હું છું આ. એ તો ધૂળ છે. નાક હોય ને લાંબુ? હરણના જેવું નહિ, ગરુડ જેવું કહેવાય. આંખ હરણ જેવી કહેવાય, નાકને ગરુડ જેવું કહેવાય. ગરુડને આમ હોય છે ને સરખું. હોઠ ઓલાના જેવા લાલ કહે છે ને. શું કહે છે? પરવાળાના જેવા લાલ હોઠ. કાન કુંડળ જેવા. મોઢું આખું ચંદ્ર જેવું એવી બધી ઉપમા આપે. આ ધૂળની. આહાહા..! અહીં તો કહે છે કે હું પંચેન્દ્રિય નથી. મોઢું ચંદ્રમા જેવું હોય કે કાન કુંડળ જેવા હોય તો એના ઘરે રહ્યા. આહાહા..! સમજાણું કાંઈ?

'**હું પંચેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આત્માના આનંદને હું ભોગવનારો આને હું ભોગવતો નથી. એમ છે. આહાહા..! જાત બદલાઈ ગઈ. જાત થઈ ગઈ (આત્માની). ઓલી અણાત્માની કજાત હતી. રાગની જાતિમાં હું છું એમ માન્યું હતું તે કજાત હતી. એ જાતમાંથી, કજાતમાંથી નીકળીને જાત થઈ. આહાહા..! ૫૭ થઈ.

'**હું ઔદારિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! હવે શરીર પાંચ પ્રકારના હોય છે. આ શરીરને ઔદારિક કહેવાય છે. આ શરીર છે ને આ? ઔદારિક આ. આના આ તિર્યંચના જે ઢોર હોય એ ઔદારિક શરીર કહેવાય છે. મનુષ્યના અને તિર્યંચના શરીરને ઔદારિક કહેવાય છે. દેવ અને નારકીના શરીરને વૈક્રિયિક કહેવાય છે. અને એ સિવાય બીજા ત્રણ શરીર હોય છે. એક અંદર કાર્મણ શરીર જેને કહે. કરણ એ કાર્મણ શરીર. એક તૈજસ. તૈજસ આ જઠર બળે છે ને. આમ આમ ઘસે ને અગ્નિ દેખાય છે ને અગ્નિ? ઉષ્ણતા. એ જઠર. એ તૈજસ શરીરને લઈને છે. એક અંદર તૈજસ શરીર છે અનંતા રજકણનું બનેલું. અનંતા રજકણનું જેમ આ બનેલું છે એવું એક અંદર કાર્મણ શરીર પરમાણુ કર્મના અનંતા રજકણથી બનેલું. એમ એક તૈજસ બનેલું છે. ત્રણ તો છે અત્યારે અહીંયા. દેવને ત્રણ હોય વૈક્રિયિક, તૈજસ અને કાર્મણ. નારકીને વૈક્રિયિક, તૈજસ અને કાર્મણ. સમજાય છે કાંઈ? મુનિ થાય એને કોઈને આહારક શરીર હોય છે. ઝીણું સૂક્ષ્મ થાય છે. ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ. એ શરીરના પાંચ પ્રકાર છે. એ કહે છે કે હું ઔદારિક શરીરનામકર્મ ભોગવતો નથી. કોઈ કહે કે ભાઈ ઔદારિક શરીર... આવે છે ને ભાઈ? ઔદારિકનો અર્થ આવે છે ઉદાર. ઉદાર આવે છે. ઉદાર જેમાં કેવળ પામે, મોક્ષ આપે. લ્યો! ઠીક! આવે છે ને. એ ઉદાર છે ને ઉદાર શબ્દ, જુઓ! ઉદાર 'ઈક' પ્રતિચ્છંદ લગાડવું. ઉદાર. એવો ઉદાર. કેવળજ્ઞાન પમાડે. ઔદારિક શરીરમાં કેવળજ્ઞાન થાય, લ્યો! વૈક્રિયિક શરીરમાં કેવળજ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ન થાય.

મુમુક્ષુ :- ઔદારિકને ક્ષાયિક થાય.

ઉત્તર :- ક્ષાયિક થાય એટલે ઔદારિકને લઈને નહિ એમ કહે છે. ઔદારિકને લઈને નહિ. આહાહા..! એવા અર્થ આવે શાસ્ત્રમાં. ઉદાર શરીર. એક ઉદારના બે પ્રકાર. એક મોટામાં મોટું હજાર ધનુષનું શરીર હોય. હજાર યોજનનું ઓલાને તિર્યંચને. હજાર યોજન. ચાર હજાર ગાઉના લાંબા માછલા છે. સ્વયંભૂરમણસમુદ્ર છેલ્લો છે મોટો. તેથી ઉદાર નામ શરીર મોટું માટે પણ ઉદાર કહેવાય અને જેમાં મોટી દશા કેવળજ્ઞાનની પ્રગટે માટે પણ એને ઉદાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ ઔદારિક શરીર મારે છે જ નહિ ને. હું અશરીરી આત્મા, શરીર કેવું મારે? અને ઔદારિક શરીરના ઉદય પ્રકારમાં વર્તમાન હોવા છતાં તેના તરફની યોગ્યતા રહેવાની હોવા છતાં એમાં તેનું પરિણમન અને તેનો ભોગવટો મારો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ ત્રણ કાળ ત્રણ લોક જોઈ પ્રત્યેક વસ્તુને જેમ છે તેમ એણે જાણી છે.

અહીંયાં કહે છે કે એ ઔદારિક નામનું જે આ શરીર છે જડ, માટી ઉદાર, કેવળજ્ઞાન જેમાં લઈ શકાય. પણ એ કેવળજ્ઞાન આ ઔદારિકને લઈને નથી. એ તો મારા દ્રવ્ય સ્વભાવ ધ્રુવને લઈને છે. સમજાય છે કાંઈ? ઉદાર શરીર એમ બોલે સામાવાળા. જુઓ! ઔદારિક શરીર નિમિત્ત હોય તો કેવળ થાય. ઔદારિક સિવાય બીજે ક્યાંય થાય? તો એટલું એનું નિમિત્તનું જોર આપો. નિમિત્તની નિમિત્તતા આપો. નહિતર નિમિત્ત નૈમિત્તનું સ્થાન નહિ રહે. હવે સાંભળને. નિમિત્ત ત્યારે જ કહેવાય કે એને છોડીને દૃષ્ટિ કરીને સ્થિર થાય ત્યારે. આહાહા..! કાંઈક કાંઈક અંદર સાધન રાખો, કાંઈક રાખો. આહાહા..!

હું સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના ચૈતન્યના શુદ્ધ સ્વભાવના અંતર આદરને કારણે ઔદારિક શરીરનામકર્મના ફળનો અનુભવ અને પરિણમન મારામાં નથી (એમ માને છે). ઓહોહો..! શરીરનું પરિણમન જરી રોકાયેલું તો એ હું નહિ. હું તો જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છું. એવી અંતર દૃષ્ટિ હોવાને લઈને ધર્મીને ઔદારિક શરીરનું પરિણમન ગણાતું નથી. ઔદારિક શરીર તો ગણાતું નથી, પણ નિમિત્ત સંબંધમાં એટલું જે પરિણમન એ પણ ગણવામાં આવતું નથી અને એનો ભોગવટો મારે છે નહિ. એ કર્મના ફળનો ત્યાગ કરે છે. સંન્યાસ કહેવાય છે. સમજાણું કાંઈ? આ ત્યાગ કરું એમ નહિ, હોં! સ્વભાવ સન્મુખની દૃષ્ટિમાં તેના પરિણમનનો ત્યાગ છે એમ અહીં કહેવામાં આવે છે. આહાહા..! ઓલી કોર કહે, પરિણમનનો ત્યાગ કરું છું. અહીં તો એમ કીધું. એના ફળનો સંન્યાસ. એક કોર કહે કે રાગનો પરમાર્થે ત્યાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્તા પણ કહેવો એ પણ બરાબર નથી. રાગના ત્યાગનો કર્તા, રાગના ત્યાગનો કર્તા, ત્યાગનો હોં. ભોગનો કરવાનો નહિ. અપેક્ષા સમજવી જોઈએને.

અહીં કહે છે કે ઔદારિક શરીરનો ત્યાગનો ત્યાગ સંન્યાસ કરીને પોતે પરિણમે છે. એનો અર્થ એ કે સ્વભાવ સન્મુખ છે ત્યારે તેના ઔદારિક સંબંધનો જે ભાવ છે એના અંતર્મુખના પરિણમનમાં એકપણે આવતો નથી માટે તેના સંન્યાસને ત્યાગ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? લાવો તો બતાવો ઔદારિક શરીર ન હોય અને વૈક્રિયિક શરીરમાં કેવળ થયું હોય એવો બતાવો એક દાખલો. ઈ એમ કહે છે. એય..! ચંદુભાઈ! લાવો એક દાખલો બતાવો. કોઈ કેવળજ્ઞાન પામ્યા હોય અને મનઃપર્યયજ્ઞાન ન પામ્યા હોય અને ઔદારિક શરીર ન હોય, બીજું શરીર હોય એવો એક દાખલો લાવો. વળી એમ કહે છે એ. કર્મ ન હોય અને વિકાર થયો હોય એવો એક દાખલો લાવો. પણ સાંભળને હવે. આવા ને આવા. સમજાણું? એમ ઔદારિક શરીર હો, પણ એ તો એનામાં છે. એ વખતે એનામાં છે. એ વખતે આત્મા સ્વભાવ તરફની દૃષ્ટિ કરીને અનુભવમાં સ્થિર થાય છે ત્યારે પોતાને કારણે કેવળજ્ઞાનને પામે છે. ઔદારિક શરીરના અભાવના પરિણમનથી પામે છે. વાંધા-વાંધા. નિમિત્તવાળાને આમાં બધા વાંધા આવે લ્યો! આ તો બધા નિમિત્તનો ભુક્કો ઉડાવે છે અહીં તો. આહાહા..! નિમિત્ત હાર્યું છે. આ તો હારતું નથી અત્યારે.

'**હું ઔદારિક શરીરનામકર્મના ફળ...**' સમજાય છે? ઔદારિક. શરીર નામકર્મ છે એક પ્રકૃતિ. તેનો ઉદય છે એ તરફનું મારું વલણ નથી. '**હું વૈક્રિયિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' નારકીને અને દેવને વૈક્રિયિક શરીર હોય છે. પાપ કરીને બહુ માંસ ને દારૂ આદિ ખાઈને ગયા હોય નરકમાં એને વૈક્રિયિક શરીર હોય. વૈક્રિયિક એટલે કપુરની ગોટી જેવું બને નવું. વિંખાઈ જાય પણ એમ ને એમ. આ વિંખાઈ જાય ન જાય. આને તો બાળે ત્યારે (વિંખાય). જીવ નીકળી જાય. દેવ અને નારકીનું શરીર એવું હોય કે આયુષ્ય પૂરું થાય તો વિંખાઈ જાય શરીર. પડ્યું ન રહે આમ. એવું એ વૈક્રિયિક શરીર એ છે એવા નામકર્મના ઉદયને (ભોગવતો નથી). સમ્યગ્દૃષ્ટિને પણ વૈક્રિયિક શરીર હોય છે દેવ અને નારકીને. મનુષ્યને હોય છે એ કૃત્રિમ વૈક્રિયિક છે, ખરું વૈક્રિયિક નથી. એ ઔદારિકનું વૈક્રિયિક છે. વિ-ક્રિયા વિશેષ. અને નારકી અને દેવને વૈક્રિયિક શરીર હોય છે. પાંચસો ધનુષનો નારકી સાતમી નરકે છે. એને વૈક્રિયિક શરીર હોય છે અને હોય સમકિતી, જ્ઞાની, ધર્મી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘણો વખત. કેટલો અસંખ્ય અબજ વર્ષ. અસંખ્ય અબજ વર્ષ. સાતમી નરકમાં (રહે છે).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'હું વૈક્રિયિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...'** ઓહોહો..! આ મહાશીત થાય છે ને અંદર? શીતમાં પડ્યો હોય છે નારકી સાતમી નરકમાં. શીત તો એવી શીત.. એવી શીત... અહીં તો જરી શીત થાય ત્યાં તો રાડ નાખી જાય ને ધાબળા ઓઢે ને કેટલાય કરે. ત્યાં તો ધાબળો પણ નથી ને મકાન પણ નથી ને પછેડી નથી ને ભીંત પણ નથી. અને એવી ઠંડી.. એવી ઠંડી.. પાપ કર્યા છે ને ઘણા. એ ગયો છે. પણ કહે છે કે હું ઠંડીમાં પણ નથી. આ વૈક્રિયિક શરીરને ઠંડી લાગી. પણ વૈક્રિયિક શરીરમાં હું નથી ને ઠંડી કોને લાગે? આહાહા..! જુઓ તો ખરા.

ભગવાન આત્મા પોતાની શુદ્ધ સંપદાની દૃષ્ટિએ ચડ્યો, શુદ્ધ ચૈતન્ય સંપદા આનંદ મૂર્તિનું ભાન થયું (તો) કહે છે કે એ વૈક્રિયિક શરીર અને એની વેદના એ મારે છે જ નહિ. સમજાણું કાંઈ? છે ને? છે તો ભલે એનામાં હો. મારા સ્વરૂપની અંદર શરીરનો સ્પર્શ પણ નથી અને શરીર તરફના વલણની યોગ્યતા એ પણ મારા સ્વરૂપમાં નથી. એમ નારકીનો જીવ એમ વેદે છે એમ કહે છે. દેવનો જીવ? મોટું શરીર, લ્યો. સર્વાર્થસિદ્ધના દેવ એકાવતારી હોય છે. .. હાથનું શરીર હોય છે. નારકીનું જે છે નીચે સાતમી. પહેલી નરકમાં પોણા સાત ધનુષનું શરીર હોય છે. અને છેક સાતમી નરકમાં પાંચસો ધનુષનો દેહ હોય છે. બે હજાર હાથ ઊંચા. નારકીના જીવ આ રાજા-મહારાજા કેટલાક મરીને જાય કોઈ પહેલીએ, બીજીએ, ત્રીજીએ અત્યારે લાંબે ન જઈ શકે, પહેલી નરકમાં જ જાય. અત્યારે એવા પરિણામ ક્રૂર નથી. પણ પહેલાના કાળમાં બહુ પાપ કરે, બહુ પાપ કરે (એટલે) મરીને નરકમાં નીચે જાય સાતમી પાતાળ.

અહીં પણ દેવના પરિણામ કરે તો સ્વર્ગમાં બહુ ઊંચે અત્યારે ન જઈ શકે. સમજાય છે? પણ કહે છે કે દેવમાં જાય તો વૈક્રિયિક શરીર એ મારે નથી. એમ કહે છે લ્યો! સમજાણું? કહો. ભગવાનના મહોત્સવમાં આવે ઈન્દ્ર અને ઐરાવત હાથી કરે છે. સાંભળ્યું છે? ભગવાન જન્મે તીર્થંકર ત્યારે ઐરાવત હાથી એક લાખ યોજનનો ઊંચો. ચાર હજાર ગાઉનો ઊંચો અને કેટલી સૂંઢ! સો સૂંઢ. એક એક સૂંઢને.. એવું આવે છે. શું આવે છે? એક એક સૂંઢને.. ઓલા શું કહેવાય? સરોવર. સરોવરમાં એક એક સરોવરમાં પાછા કમળ અને એક એક કમળની પાંખડીએ એક એક ઈન્દ્રાણી નાચે, દેવી નાચે. એવો લાખ યોજનનો ઐરાવત હેઠે ઉતારે. જ્યાં ભગવાન જન્મ્યા હોય તીર્થંકરપણે ત્યાં લાખ યોજનનો ઉતારે છે. આ કહે કે હું નથી ને એમાં. લોકો તો એમ કહે, લ્યો. એઈ..!

એવું આવે છે ... શ્વેતાંબરમાં એક વાત આવે છે. ઈન્દ્રાણીને દશાંગભદ્ર એક રાજા હતો. દશાંગભદ્ર રાજા હતો. આવે છે ને? ભગવાનની બહુ ઋદ્ધિ કરીને વંદન કરવા નીકળ્યો.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બહુ ઋદ્ધિ, ઘણી ઋદ્ધિ, દેવ, હાથીઓ, લાખો હાથીઓની શોભા જેટલી હતી એ કાઢીને ભગવાનને (વંદન કરવા નીકળ્યો). જુઓ! મારા જેવી ભક્તિ કોની છે એમ કરીને. ત્યાં ઈન્દ્ર ઉતર્યા ઉપરથી ભક્તિ કરવા. આ! ઓહોહો..! ઓહોહો...! ઠીક! ઈન્દ્ર કહે છે, .. પોતે ત્યાગ કરીને મુનિ થયા. કરો અમારી સાથે હોડ. ઈન્દ્ર કહે છે, નાથ! એ ન હોય. એ મારું કામ નથી. હું તો ભક્તિના ઋદ્ધિની આ વાત મેં તો કરી હતી હોં. મેં આપને અધિકપણું બતાવ્યું, માફ કરો. છોડી દીધું. સાધુ થઈ ગયા. આ સ્થિતિ મારાથી બની શકે નહિ. અખંડાનંદ ભગવાન ચિદાનંદના આનંદમાં અમારે ભગવાનની ભક્તિ આ છે, કહે છે. એ આત્માની ભક્તિ ચડ્યા. બાપા! એ અમારું કામ નહિ. ઈન્દ્ર કહે, એ અમારું કામ નહિ. એવું આવે છે. દશાંગભદ્ર. સમજાણું કાંઈ? અઢારમાં અધ્યાયમાં આવે છે ને. .. ઘણું બધું વાંચેલુંને બધું વ્યાખ્યાન અમે આ શ્વેતાંબરમાં. આવે છે ને એમાં? કથા છે ને મોટી? એ હોડ ન કરી શક્યા પછી.

અમે તો એ ઋદ્ધિમાં પણ નથી, એ વિક્રિયા અમે કરી નથી, અમે વિક્રિયામાં આવ્યા પણ નથી. અમે તો આત્મા છીએ ને. અરે..! અમારામાં અધિકપણું તો ભગવાન આત્મા આનંદનું છે ને. એમાં વળી આ વૈક્રિયિક શરીરનું અધિકપણું થાય એવું અમારા ચીજમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ઈન્દ્રના માન ગળી જાય. આત્મા અંતરમાં જ્યાં ઉતર્યા ત્યાં માન ગળી ગયા બધા હડપ દઈને. અમે વૈક્રિયિક શરીરને ભોગવનારા નથી. કહો, સમજાણું કાંઈ? ઈન્દ્રાણી ઘણી હોય અને પોતે વૈક્રિયિક શરીર ઘણા કરે.

ચક્રવર્તીને ઔદારિક શરીર હોય છે. એને છન્નું હજાર સ્ત્રી હોય છે. છન્નું હજાર શરીર કરે ચક્રવર્તી. છન્નું હજાર. વૈક્રિયિક આવું વૈક્રિયિક નહિ હોં! એ ઔદારિક વૈક્રિયિક. પણ કહે છે કે અમે એમાં ક્યાં છીએ? એ તો સ્વયં ક્રિયા થવાની તે થઈ છે. અમારામાં નથી, અમારાથી નથી. આહાહા..! નિમિત્ત કરે ત્યારે થાય ને. આવા લાખો .. કર્યા વિના થાતા હશે? એય..! દેવાનુપ્રિયા! નેમિદાસભાઈ! કર્યા વિના થતા હશે રૂપ બધા? સાંભળ્યું છે કે નહિ? ભગવાન પાસે આવે ને બધું કરે, દેવ ને એ કરે છે. અહીં ના પાડે છે. આહાહા..! અમે વૈક્રિયિક શરીરમાં જ નથી ને. અમે તો આત્મા જ્ઞાનસ્વરૂપ છીએ. આ? એ એને કારણે થાય છે એ અમે જાણીએ છીએ. એની સામું જોઈને નહિ, અમારી સામું જોઈને જાણીએ છીએ. આહાહા..!

‘**હું વૈક્રિયિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ...**’ ભગવાન આત્મા, ચૈતન્યની સંપદાનો નાથ પ્રભુ છે એમાં દૃષ્ટિ હોવાથી અમે તો શાંતિને ભોગવનારા છીએ. અમે આ ભોગવનારા નથી. એ ચોથા ગુણસ્થાનથી માંડીને આ વાત ચાલે છે. આહાહા..! ભારે કઠણ જગતને. આવું ગૃહસ્થાશ્રમમાં દેખે. છન્નું હજાર સ્ત્રીઓના વૃંદમાં બેઠો હોય. હીરાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મોટા આ હોય.. શું કહેવાય? આ સિંહાસન. હીરાના સિંહાસન. કેવા? એણે જોયા પણ ન હોય એવા. હીરા જડ્યા હોય. કરોડો કરોડોના એક એક હીરા. એનું સિંહાસન. બેઠો હોય. અબજો રૂપિયાના માથે દાગીના. સોળ હજાર દેવ સેવા કરતા હોય. ભાઈ! અમે એમાં નથી હોં! ક્યાંય. એ તો બધી પુણ્યના પરમાણુની સંપદા. અમારી સંપદા એ છે નહિ. આહાહા..! કહો, ભગવાનજીભાઈ! આવી વાત છે.

મુમુક્ષુ :- સમ્યક્દષ્ટિ...

ઉત્તર :- હા. દષ્ટિની વાત છે ને. દષ્ટિ ફરી ગઈ અને ઓલી દષ્ટિ ઊંધી છે અજ્ઞાનીની. અમે આ છીએ, અમે આ છીએ, અમે ઓલા છીએ. એમાં ત્યાં છો? જડ થઈ ગયો? સમજાણું કાંઈ? બહારની શોભા બતાવીને જે અધિકપણું મનાવે છે તે મૂઢ મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. અંતરના શુદ્ધ ચૈતન્ય સ્વભાવના આનંદ આગળ બહારની ૠદ્ધિ કોઈપણ આત્માને સ્પર્શતી નથી. કહે છે કે '**હું વૈક્રિયિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' નારકીનો જીવ હોય એને વૈક્રિયિક શરીર હોય. નાના નાના જુદા જુદા શરીર કરે શરીરના. નારકી એકબીજાને અંદર વીંધે. મારે ને આ થાય. પણ સમ્યગ્દષ્ટિ હોય એને જરી આવી જાય ક્રોધાદિ. પણ એ હું નથી. એ વૈક્રિયિક શરીરમાં હું નથી. વૈક્રિયિક શરીર.. આહાહા..!

ક્ષાયિક સમકિત છે અત્યારે શ્રેણિકરાજા. પહેલી નરકમાં છે. પહેલી નરકમાં. આયુષ્ય બંધાઈ ગયું નરકનું. શ્રેણિકરાજા. મુનિની અશાતના કરીને. અત્યારે નરકમાં છે એમ કહેવું એ વ્યવહાર છે એમ કહે છે. વ્યવહારનું પૂછડું લાંબુ બહુ પણ. વ્યવહાર કેટલો? 'વ્યવહારે લખી રહે તેના ભેદ અનેક રે.' બહુ લાંબો વ્યવહાર. અહીં તો કહે વ્યવહાર-ફ્યવહારમાં હું છું નહિ એમ કહે છે. આહાહા..! વૈક્રિયિક શરીર નામકર્મ અમારે છે જ નહિ ને. ક્ષાયિક સમકિતી પહેલી નરકમાં છે. ભવિષ્યમાં પહેલા તીર્થંકર થવાના છે. આ ચોવીસી ભવિષ્યમાં થશે તો ત્યાંથી નીકળી શ્રેણિક રાજાનો જીવ ભરતમાં રાણીને કૂંખે આવવાનો છે. આહાહા..! આ બધી વાતો... રાણીને કૂંખે આવે ને ત્યાંથી નીકળે. ભારે વાતું લાગે. એ બધી વ્યવહારનું જ્ઞાન કરાવવા વાત છે. વસ્તુ તો વસ્તુમાં છે. લખાણ તો લખાણ આવા જ ઝાઝા હોય લ્યો. અહીં કહે કે નિશ્ચય.. ત્યાં કહે કે આવું હોય.. આવું હોય... લ્યો! એક નનો(નકાર) શું કહે છે? સોને હણે? સો રોગને હણે એમ કહે છે. એવું કાંઈક કહે છે ખરા. ... અર્થ સમજ્યા વિના અમારે શું કહેવું આમાં? એક ન નો સો રોગને હણે એટલે શું? એમ કે બોલવું મટી જાય. એમ. લાંબુ. એવું કાંઈક હશે અંદર. આપણે અર્થ સમજ્યા વિના સો રોગને હણે એટલે શું કહેવું? એટલે બહુ લાંબુ કહેવું ન પડે. અમે એમાં નથી. અમે નથી જાણતા, લ્યો. એમ કહી દે.

અહીં કહે છે કે નનો એટલે એમાં નથી એકમાં. લે. આ લાખ વાત હોય તો એમાં અમે નથી એમ કહે છે નનો. એ સો રોગને હણે અહીં લાગુ પાડો. ભગવાન અહીં જન્મ્યા ને અહીંથી આવશે ને ત્યાં આમ થાશે. મેરુ પર્વત લઈ જશે, બેઠા હશે. બધામાં નકાર. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

પહેલી નરકેથી નીકળશે શ્રેણિકરાજા. અત્યારે ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ છે. એમ કહેવું એ પણ વ્યવહાર. એની સ્થિતિ તો અનાદિઅનંત આત્મામાં છે. ત્યાંથી નીકળશે એમ કહેવું એ વ્યવહાર. નીકળે ક્યાં? એ તો આત્મામાં ને આત્મામાં છે. અહીં માતાના કૂંખે આવ્યા એ પણ વ્યવહાર. ભારે વાતું! બહુ લાંબુ પણ આ. પાછા ત્યાં રહ્યા. છ પ્રકાર બાંધી. વળી પછી નવ મહિને, સવા નવ મહિને જન્મ્યા. ઈન્દ્રો આવીને મેરુ પર્વતે લઈ ગયા. ત્યાં મોટા એક એક આઠ આઠ યોજનનો મોટો કળશ. આઠ યોજનનો કેટલો? આઠ યોજનનો લાંબો હોય છે મોટો. એક એક યોજન મોટો ચાર ચાર ગાઉનો. આઠ યોજનનો મોટો કળશ. એવા એક હજાર ને આઠ ભગવાન ઉપર રેડે છે. એમ કહેવાય. અહીં કહે ભગવાનને અડતા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિરોધ કાંઈ નથી. કહો, સમજાણું? લ્યો, ભગવાનને બેસાડે. પ્રભુ! આપ આવા છો, આવા છો. આપ આવા અતિશયવાળા છો. આ કહે કે ના. ના. મારામાં તો જ્ઞાનસ્વરૂપ ને આનંદસ્વરૂપ તે હું છું. આ બધી ચીજો મારામાં નથી અને એને હું ભોગવતો નથી. સમજાણું કાંઈ? એવું ચૈતન્ય સ્વરૂપ મારો અખંડ આનંદ, એના જોરને લઈને આની ગણતરી ગણવામાં આવતી નથી. એમ કરીને સંન્યાસ રાગના ત્યાગ તથા શરીરના સંબંધનો ત્યાગ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૯, મંગળવાર તા. ૯-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૫૧**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર (છે). એટલે કે આત્મામાં સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ દ્રવ્યસ્વભાવ છે. આત્માનો સર્વજ્ઞ દ્રવ્યસ્વભાવ જ જ્ઞાતાદષ્ટા છે. ધ્રુવપણે તો છે પણ જાણવું થાય છે પર્યાયમાં. સમજાણું? ધ્રુવપણે જ્ઞાતા-દષ્ટા છે એ કાંઈ કાર્ય કરતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ધ્રુવ છે એ તો સદશ્ય જ છે. એમાં જાણવા-દેખવાનું કાર્ય છે જ નહિ. કાર્ય નથી. જાણવા-દેખવાના ઉપયોગસ્વરૂપ એ છે. શું કહ્યું આ?

આ સર્વવિશુદ્ધ આવ્યું ને? સર્વવિશુદ્ધજ્ઞાન એક તો દ્રવ્યરૂપ છે ત્રિકાળ. સર્વવિશુદ્ધજ્ઞાનસ્વરૂપ ત્રિકાળ. એ તો જાણવા-દેખવાનું કાર્ય નથી એનું તો. સમજાણું કાંઈ? એમ કહેવાય કે ભાઈ, આ ધ્રુવ સ્વરૂપ છે આત્મા એમાં દષ્ટિ દેવાથી પછી તો એ જાણે જ છે. જાણે જ છે એ પણ એક પર્યાય છે પાછી. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય, શુદ્ધ ઉપયોગરૂપ ત્રિકાળ હોં! ત્રિકાળ ઉપયોગમય કીધો ને? ત્રિકાળ ઉપયોગ એ વસ્તુ છે એની દષ્ટિ કરતાં, આ ધ્રુવ છે એવી દષ્ટિ કરતાં પછી એમ કહે કે જ્ઞાન થાય એ જાણે. પછી તો એને જાણે. પણ એ જાણવાની પણ એક પર્યાય છે પાછી. એ જાણે છે એ પણ એક પર્યાય છે, અવસ્થા છે. ધ્રુવ છે એ જાણવાનું કામ કરતું નથી. મોહનભાઈ! ભારે! શું કહ્યું? શું થયું આ? કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શક્તિરૂપે છે એ કાંઈ કાર્યરૂપ નથી. એ તો કારણરૂપ છે. ઝીણી વાત છે ને. આ સર્વવિશુદ્ધ શબ્દ છે કે નહિ? એ પર્યાયમાં પ્રગટેલું સર્વવિશુદ્ધપણું શું છે એમ જણાવવું છે. વસ્તુ તો સર્વવિશુદ્ધપણે જ છે. સમજાણું કાંઈ? વસ્તુ છે ધ્રુવ એ તો સર્વવિશુદ્ધ ચૈતન્યઘન છે. એ જ્ઞાતાદષ્ટા છે એમ કહેવું એ પણ કાંઈ કાર્યરૂપે નથી જ્ઞાતા-દષ્ટા. જ્ઞાતા-જાણવું-દેખવું એ તો પર્યાયનું કાર્ય છે. સમજાણું કાંઈ? અને આ પૂર્ણ શુદ્ધ છે એવો જે નિર્ણય અને જાણે એ પણ એક કાર્ય પર્યાયમાં છે. એ કાંઈ વસ્તુમાં નથી. વસ્તુ તો વસ્તુ છે. સમજાણું કાંઈ?

કોઈ એમ કહે કે ભાઈ, આત્માને દષ્ટિ કરવીને, આત્માની દષ્ટિ કરવીને? કહે, ના. દષ્ટિ શું કરે? એ તો દષ્ટા જ છે. એ તો ત્રિકાળની અપેક્ષાએ દષ્ટા છે. સમજાય છે? પણ એ

દૃષ્ટાનું કાર્ય કરતું નથી. ઝીણી વાત છે જરી. કાર્ય પર્યાયમાં હોય ને? આ પર્યાયથી જોવું કે આ આત્મા છે એમ નક્કી કરવું એ પણ પર્યાયમાં છે. અને પછી પણ જાણે એ પણ પર્યાયમાં છે. ધ્રુવમાં જાણવા-દેખવાનો સ્વભાવ છે એ તો શક્તિરૂપ તત્ત્વ છે આખું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એટલે કે દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ આપતા એકાગ્ર થાય એ પર્યાયમાં લાભ થાય. દ્રવ્ય તો લાભ ત્રિકાળરૂપ પડ્યું જ છે.

મુમુક્ષુ :- ... પર્યાયમાં છે.

ઉત્તર :- બસ, લાભ-અલાભ પર્યાયમાં છે. પૂર્ણ તો જે છે ઈ છે. સંસારમાં પણ પર્યાયમાં, મોક્ષમાર્ગ પણ પર્યાયમાં, મોક્ષ પણ પર્યાયમાં. કાર્ય પર્યાયમાં બન્યું. અવસ્થામાં છે. વસ્તુ તો વસ્તુ છે.

મુમુક્ષુ :- દ્રવ્યને કોઈ કાર્ય છે જ નહિ.

ઉત્તર :- વસ્તુને શું કહેવું? વસ્તુ તો વસ્તુ છે. ઝીણું છે ને. આ તો વસ્તુ આ સર્વવિશુદ્ધ શબ્દ આવ્યો ને? વળી આહારક શરીર આવે છે પાછું આજે. ૬૦મો બોલ આવે છે ને? ૫૯ થયા છે.

આત્મા,.. ભાઈ! આ તો એમ કહે કોઈ કે ભાઈ આપણે દૃષ્ટિ ફેરવવી છે ને? ત્યારે કહે ભાઈ, દૃષ્ટિ ફેરવવી શું? કોની ઉપર ફેરવવી? ક્યાં ફેરવવી? કે આ પર્યાયને આમ ફેરવવી. આ પર્યાય છે એને આમ ફેરવવી એમ? તો આ પર્યાય છે તો આમ ફેરવવી એમ? એવી વાત છે ભાઈ! ત્યારે કહે, ધ્રુવ થયા પછી તો જાણે છે ને દેખે છે. પણ જાણે છે અને દેખે છે એ પર્યાય થઈ પાછી. ભાઈ! આ ઝીણી વાત છે. વસ્તુ અલૌકિક છે. ચૈતન્યસૂર્ય જે છે ધ્રુવ એ તો એકરૂપ ત્રિકાળ છે.

મુમુક્ષુ :- ... એનું આલંબન લે છે?

ઉત્તર :- આલંબન-આલંબન ધ્રુવનું. પણ પ્રગટ એ થાય પર્યાયમાં. સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુ અહીં કહે છે કે અહીં તો અહીં સુધી આજે આપણે આવ્યું છે. જુઓ! '**હું આહારકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ૬૦મો બોલ છે. હવે જુઓ એનો લાંબો અર્થ છે. એ ટૂંકા શબ્દો છે ટૂંકા. આ મુનિને હોય છે. સમજાય છે? આહારક શરીરનો ઉદય પાક મુનિને હોય છે. છઠ્ઠે ગુણસ્થાને. બીજાને હોતો નથી. અને બંધ પણ એને પડે સાતમે. સમજાય છે? છઠ્ઠે ઉદય કરે પછી એનો. પણ કહે છે... ઝીણી વાત છે જરી, જુઓ! કે હું તો એક આત્મા છું. જ્ઞાનસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય છું. હું જે છું એમાં તો આહારક

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ નથી, રાગ પણ નથી અને એક સમયની પર્યાય એ પૂર્ણમાં તો નથી. પણ એ પૂર્ણ છે એવો જે નિર્ણય કર્યો એ પર્યાયમાં થાય છે નિર્ણય. સમજાય છે કાંઈ? પર્યાય એટલે હાલત-વર્તમાન દશા. જ્યાં બદલે ત્યાં કાર્ય થાય. બદલે નહિ ત્યાં કાર્ય શું? એ તો વસ્તુ છે ધ્રુવ. સમજાણું કાંઈ?

જ્યાં ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકપિંડ છે એવો જે નિર્ણય કર્યો એ નિર્ણય છે એ પર્યાય છે-અવસ્થા છે. એ અવસ્થામાં આશ્રય આધાર ધ્રુવનો છે-ત્રિકાળનો. પણ આધાર એણે આપ્યો છે અને આ લીધો એવું કાંઈ નથી. એ તો છે એમ છે. એ આધાર હું આપું અને આ લે એમ છે અંદર? ઝીણી વાત છે. આ તો વસ્તુ છે એકદમ ધ્રુવ ચૈતન્યકંદ. એની અંતર દૃષ્ટિ કરતાં... દૃષ્ટિ કરતાંનો અર્થ પર્યાયને વાળતા એ પણ અપેક્ષિત વાત છે. પણ વસ્તુ આ છે એમ ચોંટ થતાં જે દશા પ્રગટી તેને જ્ઞાતા-દૃષ્ટાની પર્યાય કહેવામાં આવે છે. એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને શાંતિનો અંશ ભેગો, આનંદનો પર્યાય ભેગો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આજે લેખ છે ભાઈ! સારો લીધો છે. ઓલા ભાઈનો ..વાળા નહિ? કેવા પંડિત? મુન્નાલાલ. મુન્નાલાલ. .. ધર્મને મોક્ષ.. એમ કહે છે. આપણે પંડિત. જૈન સંદેશમાં સારો લેખ કર્યો છે. ધર્મની થતી ભૂલો. લેખ સારો લખ્યો છે. પહેલા પણ આપ્યું હતું. આ બહુ સારું. ઘણા બોલ લખ્યા. બહુ સારા. આખો લેખ સારો છે. આ વાંચે તો ખબર પડે કે આ માર્ગ શું? આ બધા ઊંધા ઊંધા. વ્યવહાર વ્યવહાર ધર્મ જ નથી. મફતના શેના મંડ્યા? અને ઉપાદાન નિમિત્ત છે માટે કાર્ય થાય છે એમ નથી. બધું બહુ લખ્યું છે, ઘણું લખ્યું છે. આખો લેખ છે મોટો. વાંચવા જેવો છે. આ વસ્તુ અહીં જે કહીએ છીએ એ બધું લખ્યું છે. સમજ્યાને? પર્યાય થાય છે તો એને કાળે પર્યાય કાર્ય થાય છે. હવે કાર્ય થાય છે એમાં કો'કનું કારણ છે માનવું કારણ એ ક્યાંથી લાવ્યો? તો ધર્મ વિનાનો છે એ? એ પર્યાય ધર્મ વિનાનો છે કે પરને લઈને પર્યાય ધર્મ થાય? ભાઈ! બહુ સરસ લખ્યું છે. આ ભાઈ છે. શું કહેવાય? મુન્નાલાલ.

મુમુક્ષુ :- મુન્નાલાલ.

ઉત્તર :- મુન્નાલાલ. તમને ક્યાંથી નામ આવડ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કીધું આ કોર પૂછયું અને તમને ક્યાંથી આવી ગયું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ સાચી વાત. લેખ સારો છે. ધર્મ કે વિષય મેં અનેક ભૂલ હૈ. લેખક-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પંડિત મુન્નાલાલ રામદેવ, સાગર. ગતાંકસે આગે. પહેલું આવ્યું છે. ઘણો છે આખો લેખ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ કહેતો હતો બિચારો. ભાઈએ લખ્યું છે કે આ નિયત ક્રમ, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર... આ પૈસા ખર્ચીને આટલા બધા કરીએ. બે મિનિટમાં ખુલાસો હતો. એય..! ન્યાલભાઈ!

મુમુક્ષુ :- લખ્યું હતું.

ઉત્તર :- હા, લખ્યું હતું ને. આ મોટા પૈસા ને પુસ્તકો પંડિતો ભેગા કરે ને હજારો-લાખો રૂપિયાના પાણી કરો છો. બે મિનિટમાં છે. આ પર્યાય જ્ઞાનમાં ક્રમસર થાય છે એ ક્રમબદ્ધ. ક્રમસર થાય છે ત્યાં ઉપાદાન છે એ પોતાથી થાય છે, નિમિત્ત હોય છે. નિશ્ચયથી થાય છે તો એનો વ્યવહાર હોય છે. આ બે મિનિટનો ખુલાસો છે. ભાઈ! લખ્યું હતું એવું બહુ થોડું ટૂંકું. આજે લેખ બહુ સારો છે આ. અનેક ભેદોનો બધો ખુલાસો કર્યો છે. વ્યવહાર છે. વ્યવહાર છે પણ પરાશ્રિત છે. ત્યાં ધર્મ કેવો? એનાથી કલ્યાણ થાય? આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ આમ છે ત્યાં પ્રશ્ન (શું)? આ તો લોકોએ સાંભળ્યું નહોતું અને નવું લાગ્યું. લાગ્યું નવું હોં! નવું છે નહિ કાંઈ. આહાહા..!

વસ્તુ આ છે. ભગવાન આત્મા એક સમયમાં ધર્મી દ્રવ્યરૂપ અને ગુણરૂપ વસ્તુ છે કે નહિ? હવે વસ્તુ છે એની પર્યાયરૂપી ધર્મ એનું કાર્ય છે કે નહિ? એનું કાર્ય છે. હવે એ કાર્યને માટે આ હોય તો કાર્ય થાય અને આ ન હોય તો કાર્ય ન થાય એ વસ્તુ છે ક્યાં છે એમાં? તો ધર્મ વિનાની-પર્યાય વિનાની વસ્તુ થઈ ગઈ? પર્યાયરૂપી ધર્મ. આપણે અત્યારે એમ લ્યો. એક દ્રવ્ય અને ગુણરૂપી, ધર્મી અને ધર્મ એ તો ત્રિકાળી છે. હવે એ કોઈ એનો કર્તા છે નહિ. હવે એની પર્યાય પણ એનો એક ધર્મ છે કે નહિ? એનો સ્વભાવ છે કે નહિ? તો આ સ્વભાવ આનો નથી અને આનાથી થાય એમ કહેવું એ તો ધર્મ ઉડાડી દીધો એણે. સમજાણું કાંઈ? એના ધર્મ વિનાનો અધર્મી કરી નાખ્યો એને. પર્યાય વિનાનો કરી નાખ્યો એને. બહુ ઠીક લખ્યું છે. કૈલાસચંદજીને સમજવા જેવું છે. એટલું લખ્યું છે. કૈલાસચંદજી રાડ નાખે આમ છે ને તેમ છે ને ફલાણું-ઢીંકણું. સમજાણું?

ભાઈ! એ તો વસ્તુ જ આવી છે ત્યાં.. ભગવાન આત્મા સત્ છે કે નહિ? હવે સત્ છે એટલે ત્રિકાળી સત્ છે. એક વાત. તો ત્રિકાળી સત્ તો દ્રવ્ય અને ગુણ. હવે પર્યાય પણ સત્ છે કે અસત્ છે? હવે સત્ છે તો એનો ધર્મ છે કે કો'કનો છે? એનો ધર્મ છે હવે એને બીજાને લઈને આ ધર્મ થાય એ વાત ક્યાંથી આવી? આ સમ્મુચય પર્યાયની વાત છે, હોં! હવે જ્યારે સાચો ધર્મ કરવો છે ત્યારે ધર્મ જે ત્રિકાળ શુદ્ધ છે એને આશ્રયે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જે પર્યાય થાય એનું નામ ધર્મ છે. પરઆશ્રયે વિકલ્પ થાય એ છે એનો પર્યાય પણ અધર્મ છે, દોષ છે. કહો, સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ આવી છે અને આ તો કેટલા વર્ષથી કહે છે. આ સારું લખ્યું છે. ધર્મને નામે થતી અનેક ભૂલ એમ લખ્યું છે. વસ્તુસ્થિતિ જ આવી છે એમાં... વાદવિવાદ કરીને મરી જાય. હેરાન થઈ જાય છે.

અહીં કહે છે કે જુઓ! 'હું' આપણે શબ્દ આવ્યો ને પહેલો? ૬૦માં. ૬૦નો હું. હું એટલે કોણ? હું અસ્તિપણું બતાવે છે. હું એક દ્રવ્ય છું, વસ્તુ છું, ગુણ છું, ત્રિકાળ છું. એવો હું આત્મા (છું). મુનિ પોતે કહે છે. મુનિને આહારક શરીર નથી. પણ જેને હોય તેને માટે ભેળવીને વાત કહે છે. કારણ કે આ કુંદકુંદાચાર્ય વખતે કે અમૃતચંદ્રાચાર્ય વખતે આહારક શરીર નહોતું. ચૌદ પૂર્વની લબ્ધિ હોય ઘણી, એને આહારક શરીર થાય છે. આહારક શરીર શું હોય છે? કો'ક શંકા થાય છે. આત્મધ્યાન છે, આત્મજ્ઞાન છે, ચારિત્ર છે. પણ કોઈ શંકા વિશેષ સૂક્ષ્મ બોલ, એવો સૂક્ષ્મ કોઈ ઝીણવટ હોય કે જેમાં એનો ખુલાસો ન થાય. એને આહારક શરીરની પ્રકૃતિ બંધાયેલી હોય છે. એથી એને આહારક શરીર થઈ જાય છે. આહારક શરીર થઈ જાય છે. એને મુનિ આહારક શરીર કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જ્યાં જ્યાં ભગવાન બિરાજતા હોય, કેવળી બિરાજતા હોય ત્યાં આહારક શરીર થઈને જાય. મુનિ હોય છે. મહા અંતર દશા ઊંચી પણ સૂક્ષ્મ વિચારના મંથનમાં કોઈ એટલી અગમ્ય ઝીણી વાત આવી જાય કે જેનું અંદર સમાધાન ન થાય. છતાં એ વાતનું સમાધાન ન થાય અને સમાધાન થાય એ બધું પર્યાયમાં છે. એ વાત દૃષ્ટિના વિષયની અપેક્ષાએ તો ગૌણમાં જ છે એ વાત. આહાહા..! જોર નથી ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્ય દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મા છે એવી અંતર જ્યાં દૃષ્ટિ થઈ અનુભવ (થયો) એટલે પછીનો જે પર્યાયમાં જરી મુનિ છે આ તો, એને આહારક શરીર થાય છે. એટલું ... હાથનું નાનું. લબ્ધિ હોય છે.

કહે છે કે '**હું આહારકશરીર...**' આહારક એટલે, આહારક કેમ લીધું છે? કે જ્યાં જાય તે શંકા છે એને ગ્રહે છે, પકડે છે, જાણે છે એ અપેક્ષાએ આહારક શરીરને એને આહારક કીધો છે. છે તો અંદર જાણવાનું, હોં! આહારક શરીરથી નહિ. પણ આહારક શરીર બને છે ત્યારે ભગવાન જ્યાં બિરાજતા હોય ત્યાં જાય. વગર પૂછયે એને સમાધાન થઈ જાય છે. બસ! આટલી વાત છે. કહે છે કે પણ એ સમાધાનમાં શંકા ઊઠી, આ આહારક શરીર બન્યું, અહીંથી ગયું અને સમાધાન ત્યાં થયું એ બધી દશામાં હું નથી. આરે.. આરે..! આહાહા..!

ભગવાન આત્મા આમ ચિદાનંદ સ્વરૂપ જ્યાં દૃષ્ટિમાં પ્રસરી રહ્યો છે આખો. પૂર્ણ સ્વરૂપ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ જ્યાં છે, ત્યાં વર્તમાનની અવસ્થા જ્યાં ગૌણમાં છે ત્યાં વળી આ જાતની શંકા અને એક શરીરનું કરવું, મુનિએ કર્યું કહે છે કે એ કથન બધું વ્યવહારનું છે. સમજાણું કાંઈ? ભારે વાત! '**હું આહારકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' મેં બાંધ્યું નથી ને. કહો, સમજાણું કાંઈ? કારણ કે જે ભાવે બંધાય એ ભાવ જ મારો નથી. હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય વસ્તુ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છું. વસ્તુ છે ત્યાં સ્વભાવ છે ત્યાં સ્વભાવમાં ખામી શી? અપૂર્ણતા શી? વિપરીતતા શી? એવો ભગવાન આત્મા દૃષ્ટિના ભાવમાં જ્યાં આવ્યો, વસ્તુસ્થિતિ અને એમાં સ્થિરતા જામી ગઈ. આનંદ... આનંદ.. આનંદ... આનંદની છોળ, આનંદની ભરતી, આનંદની ભરતી મુનિને હોય છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ હોં!

કહે છે કે એમાં કોઈ જાણવાના ભાવમાં કાંઈ શંકા સમાધાન ન થાય પર્યાયમાં તો એ આહારક શરીરનો વિકલ્પ આવે, કરું એટલું હોં! પણ એ શરીર, વિકલ્પનો પણ કર્તા નથી, વિકલ્પ સામું એનું જ્ઞાન પણ નથી. જ્ઞાન તો સ્વભાવસન્મુખ છે. અને આહારક થયું એ એણે કર્યું નથી. આહારક અહીંથી આમ પોતે ગયા એ ક્ષેત્રાંતરની ક્રિયા આ બધી મારી નથી. સમજાણું કાંઈ? આ તો ભાઈ અલૌકિક માર્ગ છે.

વસ્તુ વસ્તુ ભગવાન આખો ઓહોહો..! એના વૈભવની શું વાત! જેના વૈભવની શું વાતું! એક એક શક્તિનો અનંત વૈભવ, એવી અનંત શક્તિના વૈભવનો નાથ આત્મા છે. આ ધૂળના વૈભવ તો બધા હેરાન થવાના રસ્તા છે. ભગવાન આત્મા શાંતિનો સાગરનો વૈભવ છે, જેને અનંતી અનંતી શાંતિ પ્રગટે તો પણ શાંતિ ખૂટે નહિ એવો પાતાળ કૂવો છે એ. આમાં પણ ખૂટે છે. આ તો ખૂટે છે નહિ એવો. સ્વભાવિક વસ્તુ છે ને. ઓલી તો બધી કૃત્રિમ છે. એવો હું. મુનિ કહે છે એવો હું આહારક શરીર નામકર્મના ઉદયથી શરીર પ્રકૃતિથી આહાર થયું, આહારક શરીર એને હું ભોગવતો જ નથી. એના ફળનો હું ભોક્તા જ નથી. ત્યારે શું કરવા કર્યું? કોણે કર્યું? આહાહા..! એય..! સાંભળ્યું છે કે નહિ? આહારક શરીર થાય ને ભગવાન પાસે જાય ને સાંભળે. પૂછે. એવું આવે છે. ભગવાન પાસે જાય, પૂછે. સમજ્યાને? અહીં તો અત્યારે ક્યાં લબ્ધિ છે. સારા કાળમાં હોય. જ્યાં જ્યાં તીર્થંકરો બિરાજતા હોય ત્યાં જાય. સમજાય છે? અહીં તો એવી લબ્ધિ નથી પણ બીજે ઠેકાણે લબ્ધિ હોય ત્યાં જાય આગળ. શ્રુતકેવળી બિરાજતા હોય, તીર્થંકર હોય ત્યાં જાય. સમાધાન થાય. પણ કહે છે કે એ શંકા અને સમાધાનના અંશનું મારું ભોગવવું જ નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

હું કોણ છું? જુઓ! ગાથાદીઠ આચાર્યે આખી વાત કરી છે. આપણે અહીં ગાથામાં થાકી ગયા માટે ચૈતન્ય સ્વરૂપનું મીંડુ વાળીને મૂક્યું છે. આ લખનારા થાકી ગયા ને. જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**હું આહારકશરીરનામકર્મના...**' ત્યાં એટલું કર્યું, જોયું!

મુમુક્ષુ :- એ તો હિન્દીમાં અનુવાદ.

ઉત્તર :- હા. ભલે હિન્દીમાં. આપણે એટલે આ કરનારા એમ. આપણે એટલે હિંમતભાઈ નથી કહ્યું મેં. આપણે એટલે જેણે કરનાર આ લાંબુ શું ... આચાર્યે આખું લખ્યું છે. ખરું કે નહિ? એ નહિ. હિંમતભાઈના આ શબ્દ નથી. આપણે એટલે આ જે ચાલે છે એના કરનારા છે એણે આખો અર્થ ન કર્યો. આચાર્યે આખો અર્થ કર્યો છે સંસ્કૃતમાં. મૂળમાં પાઠ જુઓ ૬૦માં.

'**नाहमाहारकशरीरनामकर्मफलं भुञ्जे,**' '**भुञ्जे,**' હું આહારકશરીરના નામકર્મના ફળનો હું ભોક્તા નથી. ત્યારે કર્યું શું કરવા? કર્યું છે કોણે? સાંભળને. હું એનો નથી. ત્યારે કોનો છું? '**चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये**' જુઓ! ભાષા છે ને સંસ્કૃત, ૬૦માં. '**चैतन्यात्मानम**' ચૈતન્યસ્વરૂપ એમ. આત્મા છે ને પહેલો? '**चैतन्यात्मानम**' ચૈતન્ય એવું સ્વરૂપ મારું. એવો જે આત્મા. ચૈતન્યસ્વરૂપ એવો '**मात्मानमेव सञ्चेतये**' કહો. સંસ્કૃતમાં છે અંદર ઉપર. ૬૦નું સંસ્કૃત છે ને ઉપર? ૬૦નો આંકડો છે. આ તો ભાઈ અધ્યાત્મ વાત છે. મહાગંભીર ઊંડી વાતું છે. આહાહા..! કહો, ચંદુભાઈ!

'**नाहम**' હું. હું તો આનંદનો કંદ, આનંદનું દળ એવો જે આત્મા. મારી દૃષ્ટમાં તો ભગવાન છે એકલા. સમજાણું? અનંતા ભગવાન જેના પેટમાં પડ્યા એવો ભગવાન હું છું. એવું અનંત સ્વરૂપ ભગવાન મારું, એવો હું. એ આહારક શરીરની પ્રકૃતિથી થતું ફળ અને તમાં તેમાં થતી ગતિની ક્રિયાઓ એ બધી પર્યાયના અંશને ગૌણ કરીને મારા શુદ્ધ ચૈતન્યના વલણમાં હું આનંદને વેદતો.. શું કીધું? '**चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये**' હું તો ચૈતન્યસ્વરૂપ છું. એ બધો ભંગ ભેદ વિકલ્પ આદિની ક્રિયા દેહ આદિ એ કાંઈ મારું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? શંકા થવી એ મારું સ્વરૂપ નથી. એય..! આહાહા..! વાત તે પણ વાત છે. નિશ્ચયને મુખ્ય કરી અને વ્યવહારની પર્યાય છે તેને ગૌણ કરીને મારામાં છે જ નહિ એમ કહે છે. છે જ નહિ મારામાં. હું એનો ભોક્તા જ નથી. અભૂતાર્થ છે. વ્યવહાર અભૂતાર્થ છે. રાડ નાખે છે લોકો. આહાહા..! અરે..રે..! વ્યવહારથી કાંઈ ન થાય... વ્યવહારથી કાંઈ ન થાય. ભાઈ! વ્યવહાર છે. નથી એમ નહિ. ધર્મ કાંઈ ન થાય. ન થાય એમ નહિ. બંધ થાય. બંધ થાય. કહો, સમજાણું કાંઈ? પણ તમે કહો કે ત્યાં ધર્મ થાય, આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ થાય એ દ્વારા.. હરામ એનો ધર્મ એ નથી.

જુઓને કહે છે કે ઓહોહો..! કેટલી ઉપેક્ષિત દૃષ્ટિ! કહે છે. જેને આહારાક લબ્ધિ પ્રગટી છે. સમજાય છે? અને આહારક શરીર થયું છે. ના. અમે એના અંશમાં ક્યાં આવ્યા? અમારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શું? એ તો થયું એ વ્યવહારથી થયું છે. ખરેખર તો અમે એના જાણનાર છીએ. એ જાણનાર ચૈતન્યમાં ધ્રુવ સ્વભાવને જાણતાં આ જણાય છે એવા અમે છીએ. અમે વ્યવહારમાં આવી જાઈએ એવા અમે નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યો વ્યવહાર? આ બાયડી-છોકરાનો વ્યવહાર નથી આ. પાછા ઓલા મંગળભાઈ કહેતા હતા ને? આવ્યા હતા ને? મહારાજ! તમે વ્યવહારની ના પાડો છો. શું અમારે વ્યવહાર આ દવા-બવા ન કરવી? લ્યો! આવા પૂછનારા. જયસિંગભાઈના દીકરા મંગળભાઈ. તે દિ' ૬૦ લાખ રૂપિયા હતા. હવે વધી ગયા. આંકડા વધી ગયા દુઃખના.

મુમુક્ષુ :- .. વયા ગયા.

ઉત્તર :- વયા ગયા. મરી ગયા બિચારા. નવા પરણ્યા હતા. બાયડી .. અહીંયાં આવ્યા હતા એક ફેરી. અહીં બેઠા હતા. (સંવત) ૧૯૯૪માં હશે. વ્યવહારનો નિષેધ કરો છો, મહારાજ તમે. વ્યવહાર નહિ. તો અમારે શું વ્યવહાર ન કરવો? રોગ થાય તો દવા ન કરવી? હવે એ વ્યવહારનું કોણ કહે છે કીધું. શું માંડી આ? આવા ને આવા બધા પૈસાવાળા ને મોટા માથાવાળા દેખાય ગાંડા જેવા. આ ઓલા ગાંડા હોય ને બહુ એવા. એવા. એમ. એવું નથી ને એટલે એવા. એમ. મલૂકચંદભાઈ! આહાહા..! એવા. એક ફેરી તો ખૂબ ઝાટક્યા હતા. હીરાભાઈના મકાનમાં. પુસ્તકો કાંઈ નિવૃત્તિએ વાંચો છો? ૬૦ લાખ તે દિ' ૯૧, ૯૨ સાલમાં. હવે તો ગણતરી.. મહારાજ! તમે આ સ્થાનમાં હોય તો તમને ખબર પડે કે વખત ન મળે. શું બોલો છો? શું પાવર ચડી ગયો? આંખ્યું ક્યાં ગઈ? શું થયું આ? એના પછી સાંભળ્યું બિચારાએ હોં. કોની પાસે કહો છો આ? આ સ્થાનમાં તમે હો તો વખત ન મળે. શું કહો છો આ? મરવાનો વખત મળે નહિ. દેહ છોડતા રોગ થયો અને ટાંગો તૂટ્યો તો મરવાનું મળે કે નહિ? શું છે આ? શેના અભિમાન આટલા ચડી ગયા છે? અમે આ વ્યવસ્થા કરનારા છીએ. ધૂળેય નથી. શું બોલે? અહીં અમારે શું છે? મંગળભાઈ હતા ને ભાઈ જેસિંગભાઈના મોટા દીકરા. આ વ્યવહારની વાત...

આ તો કહે છે કે આહારક શરીર મુનિની દશામાં. એ છઠ્ઠે ગુણસ્થાને આત્માની દશા જ્યાં આમ રમણતા જેને સંતો આદરે એવી દશામાં રમતા, એને આહારક થાય. લોકો એમ કહે કે આહાહા..! ધન્ય આહારક શરીર! ભગવાન પાસે જવાનો વખત તો મળ્યો ને એને. એય..! આપણે કુંદકુંદચાર્ય અહીં આવ્યા. જુઓ! કુંદકુંદાચાર્યને આવ્યા કે નહિ ભગવાન? જાત્રા કરી છે કે નહિ? ભરતમાંથી ત્યાં જાત્રા કરી છે ને. ગયા હતા કે નહિ મહાવિદેહમાં? એ તો જે ક્ષેત્રમાં હતા ત્યાં છે ને અને જે ભાવમાં હતા ત્યાં છે. થોડા પર્યાયમાં જરી આમથી આમ થયું એ જણાવવાની વાત છે. આહાહા..! અદ્‌ભુત વાત! અને પાછા ત્યાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જઈને ખુલાસા કર્યા, ત્યાં જઈને પ્રશ્ન પૂછીને આવ્યા અને ખુલાસા થયા ત્યાંથી લઈને આવ્યા ને લખ્યું. કહો. ભારે વાત ભાઈ! એય..! એ બધો વ્યવહાર છે ને. નિશ્ચયના સ્વરૂપમાં તો ચૈતન્ય ફાટીને જ્યાં તડ પડીને જ્યાં આનંદ ફાટ્યો અંદર જ્ઞાનાદિ, એના ઝરણા આગળ આ જાણપણાની વાત સાધારણ એની ગણતરી શી? કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**હું આહારકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ...**' એવો જે આત્મા. એમ લેવું. ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા. હું તો જાણનાર-દેખનાર સ્વરૂપ તો ત્રિકાળ. એવો આત્મા તેને '**સંચેતું છું.**' એ પર્યાય છે એ તો. સમજાણું કાંઈ? સંચેતું છું એ તો પર્યાય છે. હું એને ભોગવું છું-અનુભવું છું. પર્યાયનો અનુભવ હોય છે, કાંઈ દ્રવ્ય-ગુણનો અનુભવ હોતો નથી. ભેદનો અનુભવ પણ જ્ઞાનીને હોતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, એ ૬૦મો બોલ થયો.

૬૧. '**હું તૈજસશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' તૈજસ શરીર છે એક. આ જઠર થાય છે ને. જુઓને! આ ઘસે ને. એક તૈજસ શરીર છે એથી આ ગરમી થઈ જાય છે. એ રજકણો છે અંદર. એવા રજકણનો પિંડ છે એમાંથી તૈજસ શરીર પણ બને બહાર. વિક્રિયા કરીને. સમજ્યાને? લબ્ધિ હોય તો. મોટું પૂતળું કાઢે, બીજાને મારે, મરી જાય. ક્યાંક વળી .. હોય તો દુકાળ હોય તો જઈ આવે .. અને દુકાળ ઓલો કરે.

મુમુક્ષુ :- સુકાળ થઈ જાય.

ઉત્તર :- હા, સુકાળ કરી નાખે થોડીવાર.

કહે છે, એ તૈજસ શરીર જ હું નથી ને. એના ફળનું મારું સ્વરૂપ જ નથી. એ બધી લીલા મારી નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? લબ્ધિ હોય છે, મુનિને તૈજસશરીરની એક લબ્ધિ પ્રાપ્ત થાય. આ શરીર તો ... પડ્યું છે પણ એમાંથી એક પૂતળું નીકળે. સમજ્યાને? જમણેથી નીકળે. જમણેથી નીકળે તો જ્યાં દુકાળ હોય ત્યાં સુકાળ કરી નાખે. મોટો પ્લેગ હોય અને કરોડો મનુષ્યો મરતા હોય અને મુનિને એ વિકલ્પ આવ્યો હોય દયાનો. દયાનો. ત્યાં ઓલાને વાંધો ઉઠે. ઓલા કહે, પરની દયા પાળવામાં જાય આ? સાંભળને હવે. ઓલા કહે, પરની દયા પાળવામાં .. મુનિને.. પણ ભાઈ, એ તો વિકલ્પ આવ્યો છે. અને ત્યાં થવાનું તે થયું છે. વિકલ્પથી દયા પળી નથી. દયા પાળવાનો અહીં ભાવ છે એ રક્ષા કરવાનો છે એમ પણ નથી. આહાહા..! પણ ભાષા તો એમ જ આવે ને. લખાણ તો એવા આવે લ્યો દ્રવ્યસંગ્રહમાં બહુ આવે છે. એણે આમ કર્યું... એણે આમ કર્યું... આણે આમ સાધુ થઈને આમ કરે. કષાયમાં આવીને કાઢે બાળી મૂકે બધાને. નગરને બાળી મૂકે.

મુમુક્ષુ :- અને પોતે...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- અને પોતે બળી જાય ભેગો. કારણ કે .. હતું ને. સમજાણું? આ તૈજસને જુઓને ઓલું અહીં છે ને. કોઈ .. કોઈ .. મરીને દેવ થયો. ... કહો, સમજાણું કાંઈ? અરે..! તૈજસ શરીરના રજકણો તે હું ક્યાં છું? એ રજકણના કાર્ય ફળ રૂપે શરીર થાય કે લબ્ધિથી થાય એ લબ્ધિ પણ એ પર્યાયના અંશમાં હું ક્યાં છું? આહાહા..! સમજાણું? એના ફળને હું ભોગવતો નથી. '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' એમ બધામાં લઈ લેવું.

હવે '**હું કાર્મણશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' કાર્મણશરીર આ. આઠ કર્મના રજકણો છે ને? જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, આયુષ્ય, મોહનીય, નામ, ગોત્ર આઠ કર્મ રજકણ છે ઝીણા અંદર. આ ઔદારિક શરીર છે આ. અંદર તૈજસ-પ્રકાશ. આ નૂર ને પ્રકાશ આપે છે ને એ તૈજસને લઈને આ પ્રકાશ છે. અને અંદર કાર્મણ રજકણો છે ઝીણા. આઠ કર્મના. જેને કર્મ કહીએ. કર્મનો.. સમજાય છે? કર્મનો કોઠો છે. કોઠો સમજાય છે? આ કોઠા નથી વેચાતા? માટીના કોઠા નથી ભરતા? અનાજ ભરવાના. કોઠાના આ બધા રોટલા રહે, એવું કરે છે બધા માટીના. મોટા મોટા માટીના કરે. પહેલા ઈ હતું ને ઘરે. કોઠા માટીના કરે. .. અંદર રોટલા રાખે, ઓલું રાખે, બધું રાખે એમાં. સમજાય છે? એમ આ કાર્મણના શરીર એ કર્મનો કોઠો છે. એમાં આઠ પ્રકારના કર્મ રહે છે. એ કાર્મણ શરીર રજકણ છે. એ રજકણ હું નથી એમ કહે છે. એના ફળરૂપે આવે પર્યાયમાં કાંઈ એ પણ હું નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? કાર્મણ શરીરના ઉદયને લઈને એ જ્ઞાનાવરણીયની હીનતા, દર્શનાવરણીયની હીનતાનો અંશ, વેદનીયની વિપરીતતાનો રાગાદિ, સમજાય છે? કે પ્રતિજીવી ગુણ છે એને પણ નિમિત્તરૂપે છે ને શરીર? કાર્મણ. એ બેયમાં હું નથી કહે છે. એ પ્રતિજીવી ગુણ રોકાયેલો છે ને અવરાયેલો છે અને એને નિમિત્ત આ છે, એ બેયમાં હું નથી. સમજાણું કાંઈ?

'**હું કાર્મણશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લોકો તો એમ કહે કે ભાઈ, જેવા બાંધ્યા કર્મ એવા ભોગવવા. એમ નથી કહેતા? અહીં કહે કે ધર્મી બાંધ્યા કર્મ પણ નથી અને ભોગવતો પણ નથી. એકઠા થયેલા આનંદનો કંદ છે આત્મા એ ભેગો થયેલો છે અનાદિનો. એની દૃષ્ટિને લઈને એના આનંદનો ભોગવટો છે. કહો, સમજાણું કાંઈ? ઓલા કહે કે વળી એવી ધૂન લગાવવી ને ભગવાનની એવી ધૂન લગાવવી. એવું લખ્યું છે. બહુ ધૂન લગાવે ને તો કર્મનો ક્ષય થઈ જાય. ધૂનમાં કર્મના ક્ષય થતા હતા? એ તો રાગ છે. બહુ ધૂન લગાવે. એકાકાર થઈને ધૂન લગાવે ને તો કર્મનો ક્ષય થઈ જાય, જાવ. બહુ સહેલી. ધૂન વગાડતા નહિ આવડી હોય એવડી? બાવા ધૂણે છે ઓલા. ભુવા જેવી ધૂન છે. બીજું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શું છે? સમજાય છે? ભગવાનને ભૂલીને આ ધૂન કરે છે એ તો રાગ છે. કહો, ભગવાન પ્રસન્ન થવા માટે કરતા હશે? ભગવાન પાસે આવે છે? તારું સત્ ત્યાં છે? તારું સત્ ત્યાં છે કે સત્માંથી આવે? હોવાપણાનું સત્ તો અહીં છે. એમાંથી આવે કે ત્યાંથી આવતું હશે? એની સામું જોયે આવે? એની સામું (જોવે એ) તો રાગ છે. કહો, સમજાણું કાંઈ? એવું હમ્પીમાં લખ્યું છે. અનુભવથી કહું છું કે આમ થાય છે. વળી એમ લખે. કહો, સમ્યગ્દર્શન છું. હું અનુભવથી કહું છું, સમ્યગ્દ્રષ્ટિ છું, હું અનુભવથી કહું છું .. રોટલા ખાવા માટે અમે બેઠા છીએ? આમ છે. અમને કેવળજ્ઞાનની પ્રેરણા આવે છે. કેવળીને પ્રેરણા આવતી હશે? આહાહા..! શું કહે છે? ... કેવળીપણે, સીમંધર ભગવાન બેય કેવળીપણે. એની પ્રેરણા આવતી હશે અંદર? શું કરે છે ને શું કહે છે કાંઈ ખબર નહિ જગતને. મારીને ઊંધા પાટ પાધરા ચડાવે અને વળી કહે કે અમે બરાબર ધર્મનું કરીએ છીએ.

અહીં કહે છે, કાર્મણ શરીરના નિમિત્તથી કાંઈ પણ થાય અંદરમાં પર્યાય હીણી આદિ એ વસ્તુ હું છું જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! લ્યો! '**હું કાર્મણશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ધર્મીની દૃષ્ટિ ખાણ ઉપર છે, ખજાના ઉપર છે. અનંત આનંદનો ખજાનો ભગવાન આત્મા તેની દૃષ્ટિને લઈને કોઈ ગણતરી એને ગણવામાં આવતી નથી. એમ કહે છે. ... આ થયા. શાતા-શાતા બધા ભેગા થઈને આ આખું છે.

'**હું ઔદારિકશરીર-અંગોપાંગનામકર્મના ફળને નથી ભોગવતો,...**' જુઓ! આ શરીર છે કે નહિ? એનો અંગોપાંગ એક પ્રકૃતિ છે. જુઓ! આ અંગોપાંગ છે ને આ અંગ? આ હાથ, પગ એ અંગ કહેવાય. અને ઉપાંગ આ આંખ, એ બધા ઉપાંગ કહેવાય. એ અંગ અને ઉપાંગ નામની એક પ્રકૃતિ છે જડની અંદર. એને લઈને અહીં અંગઉપાગ થાય. જુઓને! આ આંખ, આ કાન બરાબર. અંગઉપાંગ છે. આ નાના નાના. અંગ મોટા આ હાથ, માથું ને પગ. આ ઉપાંગ છે નાના નાના. આંખ ને... એ પ્રકૃતિ છે જડની એક અંદર. એના નિમિત્તથી અને અહીં પોતાને થવાની યોગ્યતાથી. આ બધું થાય છે અંગોપાંગ એ હું નથી. કહો, સમજાણું કાંઈ?

અંગ અને ઉપાંગ શબ્દ બે પડ્યા છે ને? '**ઔદારિકશરીર-અંગોપાંગ...**' અંગ નામ માથું, બે હાથ અને બે પગ એને અંગ કહીએ. અને આંખ ને નાક ને એવા પેટાભેદને ઉપાંગ કહીએ. એ અંગ-ઉપાંગ નામની કર્મની પ્રકૃતિના ફળને હું ભોગવતો નથી. મારે અંગ છે ને ઉપાંગ છે એમ હું માનતો નથી. આહાહા..! સવારમાં જ નહોતું આવ્યું? અંગ-ઉપાંગ અમે કર્યા નથી, કરાવ્યા નથી અને અનુભવ્યા નથી અને કર્તાને હું સંમત થતો નથી. સ્વાધ્યાય આવી હતી સવારમાં.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- દેહ નહિ, વાણી નહિ...

ઉત્તર :- હું દેહ નહિ, વાણી નહિ, તેનો કર્તા નહિ, તેનું કારણ નહિ, કરાવનાર નહિ, અનુમોદનાર કોઈ નહિ. કોણ કરે? કોણ ભોગવે? એ એને ઘરે રહે. મારે ઘરે ક્યાં હતું? ચૈતન્ય જ્ઞાનજ્યોતિ જ્ઞાનની આંખમાં આ બધા ક્યાં સમાય? આહાહા..! સમજાણું કાંઈ?

અંગ અને ઉપાંગ એ તો જડના છે અને એને લઈને મળ્યા એ જડમાં એ મારે છે જ નહિ. એના સંબંધમાં જરી યોગ્યતા છે અંદર એ યોગ્યતા એ મારી નથી. આત્માના પ્રદેશ એ પ્રમાણે રચાણા છે ને? એ યોગ્યતા જ મારી નથી. એ પર્યાયમાં ગઈ. પરના સંબંધમાં વ્યવહાર થઈ ગયો. હું ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છું એવો ચૈતન્ય ભગવાન તેને સંચેતું નામ તેના સન્મુખનો અનુભવ તે મારી ચીજ છે. આમ ધર્મીને આત્માના સન્મુખનો ભાવ હોય તેને એનો ભાવ કહે છે. પરસન્મુખ જે થાય છે તેને ગૌણ કરીને એને ગણ્યો નથી. આવી વાત છે. હવે એ રાગને કરે અને રાગને વેદવાથી ધર્મ થાય, કેવી વાત કરી છે! આહાહા..! કહો, સમજાણું? પુણ્યથી ધર્મ થાય. કહો! હવે ચોપડી આજ મોટી છપાવી છે રચનારે. એની સામે આ પડે છે. તમારા પંડિત પંડિતમાં વાંધા ઉઠ્યા. નવનીતભાઈ! ઓલો રતનચંદજી કહે, પુણ્યથી ધર્મ થાય. ચોપડી અજીતકુમાર છપાવે છે. ગામોગામ હવે વાંચજો આ. અને શાંતિસાગર.. શું કહેવાય? .. શાંતિ.. સંસ્થા ગામોગામ સ્થાપો અને આ પુસ્તક વાંચો. આ કહે છે કે તારી વાત ખોટી છે બધી. વ્યવહાર એ પરાશ્રય છે. એમાં ધર્મ-બર્મ પરમાર્થે કલ્યાણ-બલ્યાણ છે જ નહિ. આ હવે જાગ્યા. હતું તો કાંઈ નહિ, બધું સરખું ચાલતું હતું. સમજાણું કાંઈ? ધર્મ તે ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે, અનંત ગુણની ખાણ છે એની અંતરમાંથી ધર્મ આવતો હશે કે બહારથી આવતા હશે? સમજાણું કાંઈ?

કહે છે, '**હું ઔદારિકશરીર-અંગોપાંગ...**' છે ને અંગોપાંગ? '**ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' ચૈતન્ય સ્વરૂપ આત્માને અનુભવુ છું. આત્મા શબ્દ તો એમ લે ને? એને અનુભવુ તો પર્યાય છે. એના સન્મુખની છે ને એટલે.

'**હું વૈક્રિયિકશરીર-અંગોપાંગનામકર્મના...**' દેવ અને નારકીને વૈક્રિયિક શરીર હોય છે. એને અંગોપાંગ હોય છે ને શરીરના. નારકીના જીવને પાંચસો ધનુષનો દેહ હોય છે. નરકમાં બહુ પાપ કરીને ગયેલા હોય છે ને. માંસ ને દારૂ ને લંપટી મરીને નરકમાં (જાય). અબજો વર્ષ રહેનારા. લાખો કરોડો અસંખ્ય અબજ વર્ષ. એને પાંચસો ધનુષનો દેહ હોય નીચે. અંગોપાંગ એના હોય છે. બધા કાળા મશ અને .. હોં! જન્મે ત્યાંથી સોળ રોગ. મહા દુઃખ. પણ કહે છે કે ત્યાં સમ્યગ્દૃષ્ટિ હોય એ એમ માને છે કે અંગોપાંગ, વૈક્રિયિકના અંગોપાંગ મારે છે જ નહિ. આહાહા..! ભારે વાત! ભારે ભાઈ! દેવને અંદરમાં વૈક્રિયિક શરીર હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. મોટા દેવ હોય છે ને અંદર. વૈક્રિયિક શરીર કરીને અંગોપાંગ થાય. બરાબર સુંદર અંગોપાંગ હોય હોં! સુંદર. પણ કહે છે કે હું એમાં નથી અને એ મારામાં નથી. આહાહા..! ભારે વાત. કહો, સમજાણું?

'**હું આહારાકશરીરઅંગોપાંગનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આહારક શરીર કીધું ને પહેલું મુનિને. એને અંગોપાંગ હોય છે ને. હાથ, પગ બધું હોય છે. એના ફળને હું ભોગવતો નથી. લ્યો, એ મારું સ્વરૂપ જ નથી. લ્યો! ત્રણ જ આવ્યા એમાં. તૈજસ અને કાર્મણને અંગોપાંગ નથી. ત્રણ શરીરને હોય છે. શરીર પાંચ હોય પણ અંગ-ઉપાંગ હોય ત્રણને. સમજાણું કાંઈ? ઔદારિક, વૈક્રિયિક અને આહારાક. એને અંગ અને ઉપાંગ હોય. તૈજસ, કાર્મણને અંગ-ઉપાંગ (ન હોય). અંદર શરીર છે ઈ.

હવે બંધન લે છે. '**હું ઔદારિકશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો,...**' શું કહે છે એ? આ ઔદારિક શરીર છે ને આ? એ ઔદારિકની એક પ્રકૃતિ છે. એટલે એને લઈને બંધન. એવું બંધાયેલું હોય છે આ કે કોઈને એમ લાગે... ધ્યાન રાખો! કે આ આંખ છે ને આ? આમાં ક્યાંક છિદ્ર છે માટે દેખે છે. એમ નથી. આ ઔદારિકશરીર બંધન એવું છે પ્રકૃતિ કે આમ રજકણના બધા દળેદળ બંધાયેલા પડ્યા છે આખા. ક્યાંય છિદ્ર નથી અંદર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરીએ નથી. આમ જાળીમાંથી દેખે ને આમ? જુઓ! આ જાળી છે ને આ સરીયા? સરીયામાંથી દેખાય છે કે નહિ સામે? એમ આ કાણા છે અહીં ઝીણા. એમાંથી આત્મા દેખતો હશે? એ વાત છે અહીં કહે છે. એય..! આહાહા..! જુઓ! કાણા દેખાય છે ને. સરીયા છે કે નહિ? કેટલા છે? ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ સરીયા છે. એમ આ ઘણા કાણા છે ઝીણાં. એમાંથી આ દેખતો હશે ને આ? ના. એમ ભગવાન ના પાડે છે. ઔદારિક શરીરનું બંધન એવું હોય છે કે એમાં જરીએ કાંઈ છિદ્ર હોતું નથી. સમજાણું કાંઈ? આરેરે..! ભ્રમ પડે છે એને. એના આત્માના પ્રદેશમાં વિકાસ હોય છે. ક્ષયોપશમ વિકાસ. અહીં કાંઈ જરીએ કાણું નથી આ. આમ તો દળ બંધાયેલું છે આમ. ત્યારે કહે, આંખ બંધ કરે ત્યારે કેમ નથી દેખાતું અને આમ કરે તો દેખાય છે? પણ એ વખતે દેખાવાનો જે પર્યાયનો ઉપયોગ કાર્ય કરે છે એ રીતે કામ કરે છે. આંખ ઉઘાડી છે માટે આમ દેખવાનું કામ કરે છે કાણામાંથી એમ છે નહિ. સમજાણું કાંઈ? જુઓ!

'**ઔદારિકશરીરબંધન...**' બંધનનો અર્થ એ રજકણોનો સમૂહ એ રીતે બંધાયેલો છે આ બધો કે ક્યાંય છિદ્ર નથી. સમજાય છે? કાણું નથી. એવા રજકણોનો પિંડ બંધાવાનો એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રકૃતિ છે જડની. એને કારણે આ નિમિત્તે અને આ પરમાણુ એને કારણે બંધાય. ... કહો, સમજાણું? ત્યારે કહે અશ્રુ આવે છે ને છિદ્રમાંથી ઝીણા. એ કહે છે કે એ આવે છે પણ અંદર કાંઈ કાણું નથી. એવા ..ના પરમાણુઓ પરિણમીને બહાર દેખાય છે. આંખમાંથી આંસુ આવે છે કે નહિ? જુઓ! રોવે ત્યારે. ઊના ઊના. લ્યો! અંદર કાણામાંથી આવતું હશે એનું થઈને? આ રોવે ત્યારે નથી આંસુની ધારા આમ? ચોધાર રોવે આમ ચોધાર. ... એકનો એક દીકરો હોય ને સરખાઈનો મર્યો હોય ને. સરખાઈનો એટલે આ બહાર ફરવા ગયો હોય ને એમાં આવી ગયો હોય મોટરમાં. અને જ્યાં સાંભળ્યું હાય.. હાય... જુઓ! હમણાં ન કીધું ઓલા ત્રણેય છોકરાનું? કેવું ગામ કીધું? જલગાંવ. જલગાંવ. ૨૪ છોકરા મરી ગયા. ભાઈ! છોકરા ફરવા નીકળ્યા હતા ત્યાં .. એકની મા સાથે હતી. શીખાઉ હતી. ન્હાવા ગયા એટલે બધા .. પાણી આમ આવ્યું ડૂબી ગયા. એક મા ઊભી હતી બહાર. એય... છોકરા.. એય... છોકરા! કરતી કરતી કરતી.. ગાંડી થઈ ગઈ. ત્રણેય મરી ગયા. આરે.. હવે આ જગતના ખેલ તો જુઓ! નાટક આમાં જોવા ક્યાં જાવું પડે એવું છે બહાર. આહાહા..! પણ ગાંડી ક્યાં દીકરો તારો હતો અને તું એની મા ક્યાં હતી? ત્રણ કાળમાં ક્યાંય નથી ને. આહાહા..! સમજાણું? તો પણ આ શરીરના કાણા જરી હોય છે ને એથી દેખાય છે. એમ ના પાડે છે ભગવાન. એમ છે નહિ. તને ખબર નથી. એ પ્રકૃતિ એવી એક છે કે શરીરના રજકણે રજકણ આમ દળ જેમ પાકા બંધાઈ ગયા હોય ને. સિમેન્ટથી જેમ કર્યું હોય ને કામ. એય..! ઠીક! એ સિમેન્ટ આવી. આ સિમેન્ટથી કામ નથી કરતા બરાબર પાકું? એ સિમેન્ટ કરતાં પણ આ ઝીણા રજકણોથી એવું પાકું છે એમાં કાણું જરીએ નથી એમ કહે છે. પણ ભગવાન આત્મા અંતરના જ્ઞાનના ક્ષયોપશમથી સીધો જાણે છે. કહો, સમજાણું કાંઈ?

'**હું ઔદારિકશરીરબંધન...**' આ ઔદારિક શરીરનું આ બંધન. એકસાથે આ. એવા '**નામકર્મના ફળને નથી ભોગવતો,...**' ઓહોહો..! આને આત્મા કહેવો એમ કહે છે અહીં. એ ચૈતન્ય સ્વરૂપ જે ભગવાન આત્મા, એના અનુભવની દૃષ્ટિથી આ ઔદારિકના બંધનના પર્યાય એને સંબંધની યોગ્યતા એ મારામાં નથી. અને આ બંધન છે એ મારું સ્વરૂપ જ નથી. અને એમાં હું નથી અને એ મારામાં નથી. કહો! આ દળ બંધાણા એ મારામાં નથી અને હું એનામાં નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

'**હું ઔદારિકશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' એની સાથે આ બધા સંબંધ છે. ભિન્ન ભિન્ન રીતે દશાની પર્યાય થાય છે ને એને ગૌણ કરાવીને ચૈતન્યદ્રવ્યનો અનુભવ કરાવાની વાત છે. '**હું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વૈક્રિયિકશરીરબંધનનામકર્મના...**' દેવને. દેવને, નારકી જીવને વૈક્રિયિક શરીર હોય છે એ પણ પાકાનું હોય છે. ઈ આંખે દેખતા નથી આ બંધન. ક્ષયોપશમથી દેખે છે. સમજાણું કાંઈ? નિમિત્તથી કાર્ય થાય? ઉપાદાનથી ઉપાદાન (નિમિત્ત)ની કાર્ય થાય તો ધર્મ એનો ક્યાં ગયો એ વખતે? એમ કહે છે. નિશ્ચય-વ્યવહાર, ઉપાદાનની વાત... ચારની વાત કરી હતી. ... ધર્મથી કાંઈક પ્રાપ્તિ થાય, પૈસા થાય, ઢીંકણું થાય ને.. આ શું માંડી છે બધી ઊંધી? .. એવા લેખ લખ્યા એને.. લોકોને બિચારાને... સાંભળે તો ખરા, વિચારવાનું તો મળે. ઊંધે કાંધ... સ્વતંત્ર છે એમ કહ્યું છે, હોં! સ્વતંત્ર બધું છે. કોઈ પરતંત્ર છે નહિ કોઈને લઈને. એય..! પર્યાય બધી સ્વતંત્ર છે. ... સમજાણું કાંઈ?

એક ઠેકાણે નિયત શબ્દ પણ મૂક્યો છે. ક્યાંક છે ખરો. .... છે ને? કુછ ભી કર-ધર નહિ કર સકતે. પર યા નિમિત્ત પર યાની ઉપાદાનરૂપ વસ્તુમેં જો ઉસસે ભિન્ન હૈ, કુછ ભી કર નહિ સકતે. નિમિત્તરૂપ પરવસ્તુ ઉપાદાન પરવસ્તુ કો ન ઉત્પન્ન કર સકતી હૈ. નિવૃત્ય લીધું છે. ભાઈ! નિવૃત્ય. પ્રાપ્ય, વિકાર્ય અને નિવૃત્ય. સમજાય છે? ઈસી સે અકિંચિત્કર હૈ. ઓલો કહે અકિંચિત્કર? હા. સાંભળને હવે. અકિંચિત્કર લખ્યું છે. ચર્ચા મોટી થઈ તો કહે, નહિ અકિંચિત્કર નહિ, ફૂલચંદજી કહે અકિંચિત્કર છે. ફલાણે .. આ .. જો લખે તારો એનો .. એ લખે છે. એના વર્ગણામાં આ છે બધા. સમજ્યાને? શું કહે છે જુઓ. નિયંત્રણ સે નહીં રહતા. કભી ધર્મ ધર્મીસે જુદા નહીં હોતા. ન જુદા રહતા હૈ. ગુણ ગુણી સે અભિષ્ટ રહેતા હૈ. અન્યથા ધર્મી નષ્ટ હી હો જાયેગા. તથા વહ કિસી પરપદાર્થ ઈશ્વરાદિસે નિયંત્રણમેં નહીં રહેતા. પરકી પરાધીનતામેં નહીં રહતા. સમજ્યા? અપિતુ અપને સ્વચતુષ્ટય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કે નિયંત્રણમેં, નિયંત્રણમેં. કૌંસમેં નિયતિમેં રહતા હૈ લખ્યું છે. લખ્યું છે સારું લખ્યું છે. ખળભળાટ તો થાશે આમાંથી. થવા દ્યો ને ભાઈ હવે. સોનગઢીયાને કરતા ઈ કરતાં એની સામે તો કરે. વસ્તુ આવી છે.

મુમુક્ષુ :- ... પ્રચાર થાશે.

ઉત્તર :- પ્રચાર જ થાશે. આ સાચો પ્રચાર થાશે. સાચી વસ્તુથી થાશે. અટકે એવું છે આ? બિચારો કહેતો હતો ને ભાઈ નહિ તમારો? જયપુર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. .. સુધરાવ્યું.. નહિ તો સુધરે નહિ. પણ ઘા થઈ ગયો એકવાર અંદર. આ પ્રચાર રોક્યો રોકાય એમ નથી. એમ લખ્યું છે. આહાહા..! આ પ્રકાર પ્રચાર સ્વામીજી તરફથી થાય છે એમ. .. નહોતા બોલ્યા. આ પ્રચાર રોક્યો રોકી શકાશે નહિ. એમ લખ્યું છે. કોઈના દબાણથી ત્યારે નથી એવું બોલ્યા. સ્વતંત્ર. માણસ સ્વતંત્ર માણસ છે. એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લાગ્યું અંદરથી. અને આ વસ્તુ જે કહે છે મહાવીર પરમાત્માએ કહી તે વાત તે અમને વક્તા મળી ગયા છે. .. તમે હતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વાત તો બે જ આવી. વક્તા મળી ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈક બોલ્યા તો ખરા. મને યાદ નથી. કહો, સમજાણું?

ભગવાન! આ સાંભળવું એ ક્યાં છે? સાંભળને! અહીં તો કહે છે. સાંભળવાથી જ્ઞાન થતા હશે? સમજાણું કાંઈ? આહાહા..! એ ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ છે ને એનું ભાન કરતા પોતામાંથી સ્પર્શીને જ્ઞાન થાય છે. સાંભળવાનું કહેવું એ તો નિમિત્તથી કથન છે. સાંભળવાનું અડે છે એને? શબ્દો અડે છે? આત્માની પર્યાયને અડે છે શબ્દ? જડ છે એ તો. મેળ એવો ખાય કે એ વખતે ઓલો ખ્યાલ આવે. પણ ખ્યાલ એ વખતે એનેથી નથી આવતો. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, વૈક્રિયિકના દેવો ભગવાન પાસે જાય. અંગોપાંગ ઓલા શું કહેવાય? બંધન. એવા પાકા બંધન હોય છે ભગવાન પાસે જાય.. આહાહા..! કહે છે કે એ બંધન-ફંધન કર્મ મારામાં છે નહિ. આ '**હું આહારકશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! બંધન તો પાંચેયને હોય છે ખરું ને? આહારાક શરીર મુનિને જે થયું પહેલું આહારક, એના પરમાણુ પણ મજબૂત હોય છે આમ. સીમેન્ટી પેઠે. જેમ સીમેન્ટ ચારે કોર બાંધી હોય ને એમ આ બધા સીમેન્ટની પેઠે બધા એકાકાર થઈ ગયેલા છે. આ બંધન નામની સીમેન્ટથી આ બધું એકાકાર થઈ ગયું છે એમ કહે છે. ભગવાન અંદર ભિન્ન છે. આહાહા..! એય..!

કાનમાં કાણા હશે? આ શબ્દ આવે છે તે શબ્દ ગરતા હશે અંદર? આ કાણા નથી કહે છે શબ્દ અંદર ગરે. એમ કહે છે. લ્યો! ભારે વાત ભાઈ આ. વૈક્રિયિક શરીર દેવો જાય ભગવાન પાસે આમ. મોટા મોટા નાદ કરે ને આ કરે ને ફલાણું કરે. સમજાણું? ના. એ પ્રકૃતિના પરમાણુના ફળ ને બંધન-ફંદન મારામાં નથી. આહારક એ નિમિત્ત છે એ મારામાં નથી.

'**તૈજસશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો, એને બંધન હોય છે તૈજસશરીર છે ને રજકણ? એ મજબૂત હોય છે. એમ '**કાર્મણશરીરબંધન...**' લ્યો! એ કાર્મણમાં પણ કાણા નથી કહે છે. કાર્મણ શરીર એવું બંધાયેલું સિમેન્ટથી ભેગું (થયેલું) અખંડ છે. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વરૂપ આત્માને અનુભવું છું. લ્યો, એ કેટલા થયા?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



૭૦ થયા. હવે '**હું ઔદારિકશરીરસંઘાતનામકર્મના...**' એ શું કહે છે? આ શરીર જે થાય છે ને? જેમ ખંપાળી હોય છે ને ખંપાળી? ખંપાળી સાંભળી છે? ખંપાળી તમારે હોય નહિ ખેડુને? ખંપાળી નહિ? દાંતા આવડા. ખડ ભેગા કરે. જુદા જુદા હોય ને આમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ ખેંચવાનું. બસ! એ ખંપાળી. ખેંચવાના. એમ આ એક પ્રકૃતિ છે ખંપાળી જેવી કે જે પ્રકૃતિ આ શરીરના.. જુઓ! સંઘાત શબ્દ છે ને? ઔદારિક સંઘાત. આ શરીરના રજકણો ભેગા કરીને થાય એનું નામ સંઘાત કહેવાય છે. એ ખંપાળીને પછી ભેગા કરે છે. સમજાણું કાંઈ? ખંપાળી નથી હોતી? હોય છે કે નહિ? કેમ નેમિચંદજી! તમારે શું કહે છે? એ દાંત હોય છે ને. દંતાળી. દંતાળી. નાનું ખડ હોય ને અહીંયાં. મોટુ મોટું કાપી નાખે. નાનું હોય એ કાપવા ક્યાં જાય? પછી ઘસડે. પછી બધું નીકળી જાય.

એમ એક પ્રકૃતિ ખંપાળી જેવી એક છે. કે જે આ રજકણોને ભેગા કરે ખેંચીને અહીં. આ ઔદારિક શરીરના. કહે છે કે એ હું નથી. એ ખેંચનાર ખેંચે અને એમાં રમે આ રહે પ્રકૃતિમાં. મારે લેવા-દેવા નથી. કહો, સમજાણું કાંઈ? એ ઔદારિક શરીર મેં ભેગા કર્યા નથી, મેં ખેંચ્યા નથી, મેં બાંધ્યા નથી. આહાહા..! હું તો ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા, તેને સંચેતું છું. એ ધર્મીની દૃષ્ટિ ત્યાં પર્યાયને ઉપર ગૌણ કરીને વસ્તુ ઉપર પડી છે. તેથી તેને વ્યવહાર બધો ગૌણ થઈ જાય છે.

'**ઔદારિકશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એમ વૈક્રિયિક શરીર. વૈક્રિયિક શરીને પણ ભેગા રજકણ થાય ને ત્યારે બનાવેને. એ એને કારણે હોં! આત્મા એનો કર્તા-ફર્તા છે નહિ. '**આહારકશરીરસંઘાતનામકર્મ...**' લ્યો! મુનિ કહે છે ને? રજકણ ભેગા થઈને આહારક થાય ને મુનિને? એ સંઘાત પ્રકૃતિથી મારે લેવા દેવા નથી. એમ '**તૈજસશરીરસંઘાતનામકર્મ...**' આ કાર્મણશરીરનામકર્મ લ્યો! આત્મા ઓલા કર્મને ખેંચે ને બાંધે. આવે છે ને ઓલામાં? 'જો ચૈતન્યની પ્રેરણા કોણ ગ્રહે તો...' આવે છે કે નહિ? ના. ના. એ તો નિમિત્તથી વાત કરી. ગ્રહે કોને? એ તો એને કારણે ખેંચાઈને એના રજકણો બંધાય એનો હું સ્વામી નથી અને મારે એની સાથે સંબંધ કાંઈ નથી. હું ચૈતન્ય સ્વરૂપને અનુભવું છું. લ્યો ૭૫ થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ સુદ ૧૦, બુધવાર તા. ૧૦-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૫૨**

કેટલી આવી છે પ્રકૃતિ? ૭૫. શું આ ચાલે છે? કર્મફળસંન્યાસની ભાવના. કર્મના ફળના ત્યાગની ભાવનાનું નચાવવું. સમજાણું? એટલે શું? કે આત્મા જ્ઞાન-દર્શન આદિ સંપન્ન છે. એના આત્મામાં એક અનાદિઅનંત શુદ્ધ જ્ઞાનચેતના પડી છે. સમજાણું કાંઈ? આત્મામાં અનાદિઅનંત શુદ્ધ જ્ઞાનચેતના (છે) અને તેના ફળરૂપ આનંદચેતના. કર્મફળચેતનાની વાત આવે છે ને? તો અંદરમાં પણ એક ફળચેતના શુદ્ધ જ્ઞાનની ચેતનાનું ફળ એ પણ એક ચેતના અનાદિની આત્મામાં છે. સમજાણું કાંઈ? હવે નવું આવ્યું આ તો.

અહીં કહે છે કે જે આત્મામાં ત્રિકાળ જ્ઞાનચેતના છે ધ્રુવ, જેમાં ઉત્પાદ-વ્યય નથી. ઉત્પાદ-વ્યય સમજાય છે? પરિણમવું, બદલવું એવી પર્યાય નથી. શુદ્ધ જ્ઞાનચેતના એકલું જ્ઞાનનું એકલું રહેવું ત્રિકાળ અને એના ફળરૂપે આનંદરૂપી એનું ફળ. આ કર્મચેતના અને કર્મફળચેતના. કર્મચેતના એટલે જ્ઞાનચેતના એ કર્મચેતના, ભાવ ત્રિકાળ અને એમાં આનંદરૂપી ચેતના એ પણ ત્રિકાળ. એવો આત્મામાં ભાવ બે પ્રકારનો અનાદિઅનંત છે. સમજાણું કાંઈ? એની અંતર દૃષ્ટિ કરીને એને ધ્યેયને અંદર ધ્યાનમાં એને ધ્યેયમાં લઈને એકાગ્ર થતાં પોતાના જ્ઞાનનું પરિણમન શુદ્ધ થવું એ પર્યાયમાં જ્ઞાનચેતના પ્રગટી કહેવાય. જ્ઞાનચેતનાની ભાવના છે ને આ? અને તેમાં પુણ્ય-પાપનો રાગ તેની કર્મચેતનાનો ત્યાગ છે એમાં. પુણ્ય-પાપના વિકલ્પનો ત્યાગ છે. સંન્યાસ. કર્મચેતના સંન્યાસની ભાવનાને નચાવવું. એમ શબ્દ છે. એટલે રાગાદિ પુણ્ય-પાપના પરિણામના ત્યાગની એકાગ્રતાને પરિણમવું એટલે કે આત્મામાં શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવમાં, જ્ઞાનરૂપે, શુદ્ધ ચૈતન્યરૂપે પરિણમન પરિણમવું. વસ્તુ અંદર છે શુદ્ધજ્ઞાનચેતના પણ તેમાં એકાગ્ર થઈને વ્યક્તપણે શુદ્ધ જ્ઞાનચેતના પરિણમે એનું નામ કર્મચેતનાના ત્યાગની ભાવના કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? બહુ ઝીણું પણ કહે છે. એક તો ઝીણું ચાલે છે એમાં વળી આ ઝીણું પાછું. સમજાણું કાંઈ?

ત્રિકાળ ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. એ જ્ઞાનથી ચેતાયેલો જ અનાદિઅનંત છે. સમજાય છે કાંઈ? એવા આત્માની અંતર દૃષ્ટિ કરી ધ્યાનમાં, ધ્યાનમાં ધ્યેયને (લઈ), ધ્યાનનો વિષય ધ્રુવને બનાવી અને એકાકાર થવું એ ભાવના છે સ્વભાવની અને એમાં પુણ્ય-પાપની કર્મચેતનાના ત્યાગની ભાવનાનું પરિણમન છે. સમજાય છે કાંઈ? આ કર્મફળચેતના ચાલે છે. એ જ કાળે કર્મના નિમિત્તથી થતા વિકલ્પાદિ કે દશા સંબંધ એનું પણ અંતરમાં આનંદરૂપી કર્મફળચેતના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે અંદર. કર્મ એટલે જ્ઞાનના આનંદનું કાર્ય, એનું ચેતવું આનંદરૂપ ત્રિકાળ છે. એમાં એકાકાર થઈ ધ્યાનમાં ધ્યેય એટલે દ્રવ્ય સ્વભાવને લક્ષમાં લઈ ધ્યાનનો વિષય બનાવી અને એકાકાર થવું, તેમાં કર્મના નિમિત્તે જે કાંઈ આવે ફળ એનો તેમાં ત્યાગ છે. સમજાય છે કાંઈ? કહો, ચંદુભાઈ! આ એ વાત કરે છે આ.

જુઓ! અહીંયાં આવ્યું હવે ૭૬. '**હું સમચતુરસ્રસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો,...**' જુઓ! એમાં આ તો ટૂંકું મીંડા વાળ્યા છે. પાઠમાં તો આખો શબ્દ છે ને? શું છે આ? ૭૬. '**नाहं**' આખી લીટી છે. બધી લીટી જ છે. સળંગે સળંગ આંકડો છે. જુઓ! પાછો સળંગ આંકડો એક જ છે. આખી લીટી એક જ છે. '**नाहं समचतुरस्रसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये**' એક એક આખી લીટીનો એક એક આંકડો છે. કહો, સમજાણું? પછી માથે કરેલું હોય એમ હિંમતભાઈ તો કરેને પછી તો. પૂર્વે ચાલ્યું આવ્યું હોય. નહિતર લાંબુ થઈ જાય પાનું એટલે. કહો, સમજાણું? જુઓ! આમાં તો આખું (છે). એક એક લીટીમાં આખું. આ તો અધ્યાત્મ વાત છે ભાઈ!

વસ્તુ છે એ ચૈતન્ય આનંદમૂર્તિ છે, એની એકાગ્રતાથી કહે છે કે જે નામકર્મના બંધાયેલી એક સંચુતરસ્રસંસ્થાન છે. જેનાથી શરીરના અવયવો સં-ચારે બાજુ સરખા થાય. સમજાય છે? છે ને? સં-એટલે સરખા. ચતુરસ્ર-ચારેય બાજુ. એવો સંસ્થાન એટલે આકાર. શરીરનો આકાર ચારેય બાજુ સરખો હોય. આમ.. આમ... આમ.. આમ. એવા સંસ્થાનને સંચતુરસ્રસંસ્થાન કહે છે. શરીરની શકલ. સિકલ. સિકલ કહે તમારે. શકલ કહે ને? હવે જોઈ તારી સકલ. નથી કહેતા? ભાષા એવી કાંઈક બોલે છે લોકો. સિકલ. મેં આમ શકલ શબ્દ વાપર્યો. શકલ કહેવાય છે. શકલ. શકલ-સિકલ. આ શરીરનું સિકલ જુઓ, શરીર સુંદર દેખાય છે ને. નામ કર્મ છે એ સમચતુરસ્ર નામની એક પ્રકૃતિ જડ છે. એના નિમિત્તના શરીરની સુંદરતા હોય એને સમચતુરસ્રસંસ્થાન નામનું આ ફળ કહે છે. સમજાય છે કાંઈ? પહેલા નંબરનું સંસ્થાન. સંસ્થાન એટલે આકાર. જુઓ! આમથી આમ સરખો હોય, આમથી આમ સરખો હોય, આમથી આમ સરખો હોય, આમથી આમ સરખો હોય. સમજાણું કાંઈ?

આ એક પ્રકૃતિ એવી છે. વસ્તુના નામકર્મના પેટાભેદમાં. અને એવું એક શરીર પણ એને હોય છે. છતાં હું તો અમૂર્ત ચૈતન્યમૂર્તિ છું. ચૈતન્યસ્વરૂપ આત્મા છું. એટલે એ મૂર્તનો જે પ્રકૃતિના સંબંધની યોગ્યતા એને હું ભોગવતો નથી. સંસ્થાનને તો ભોગવતો નથી. આ તો જડ છે. સમજાણું કાંઈ? જડ છે. એ નામકર્મની પ્રકૃતિ છે. છઠ્ઠું નામકર્મ છે. એની ૯૩ પ્રકૃતિ છે. એમાં એક આ સમચતુરસ્રસંસ્થાનની પ્રકૃતિ છે. એ પ્રકૃતિના નિમિત્તે આમાં આકૃતિ સરખી થાય પોતાને. એના તરફનું મારું લક્ષ જ નથી. હું એને ભોગવતો જ નથી. હું તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા ચૈતન્ય સ્વરૂપ આત્માને સંચેતું છું. ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે. તેના તરફ મારું વલણ અને ઢલણ હોવાથી તે તરફના લક્ષની જે અવસ્થા આદિ છે એ મારી છે નહિ. કહો, સમજાણું કાંઈ? ભાઈ, સમચતુરસ્રસંસ્થાન હોય તો સારા દેખાય. પણ સારો તે તું એનાથી છો કે સારો સ્વભાવથી છો? એમ કહે છે.

ધર્મી પોતાના જ્ઞાનસ્વરૂપ ચૈતન્યના આશ્રયને લઈને હું એવો આત્મા. સમચતુરસ્ર-સં-સમ્યક્ પ્રકારે ચતુરસ્ર-ચારેય બાજુનો આકાર સરખો એવી એક પ્રકૃતિ છે તેને કારણે આ શરીર મળે એના ફળને હું ભોગવતો નથી. મને ઠીક સંસ્થાન મળ્યું. મને મળ્યું જ નથી. એ પ્રકૃતિ જડનું ફળ જડમાં છે. મારી પર્યાયમાં નથી અને મેં મેળવ્યું નથી અને મારી પાસે એ નથી. સમજાણું કાંઈ? ભારે વાતું! '**સમચતુરસ્રસંસ્થાનનામકર્મના ફળને...**' મારું .. નથી. હું તો જ્ઞાન સમતાસ્વરૂપ ચારેય બાજુ વીતરાગસ્વરૂપથી ભરપૂર (છું). સમજાય છે? લ્યો, વળી ત્યાં આવ્યું. સમચતુષ્ટય. ચારેય બાજુ વીતરાગભાવથી ભરેલો છે. ક્ષેત્રથી, દ્રવ્યથી, કાળથી અને ભાવથી. એય..! આહાહા..! અકષાય સ્વભાવ.

કાલે આવ્યું નહોતું? ભક્તિમાં આવ્યું હતું ને એ?

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તે જ જીવ સ્વભાવ રે,
શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો. શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો.
પ્રબળ કષાય અભાવ રે.

પ્રબળ કષાય અભાવ. ભગવાન વીર પરમેશ્વરે જેમ નિર્મળ સ્ફટિક નિર્મળ છે, એમ ભગવાન આત્મા અકષાય વીતરાગસ્વરૂપ છે. અકષાયસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો. વીતરાગ સ્વરૂપ કહો કે ચારિત્રસંપન્ન સ્વરૂપ કહો. આત્મામાં ચારિત્ર નામનો એક ગુણ છે અનાદિઅનંત એ વીતરાગસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા વીતરાગસ્વરૂપે છે, પરમેશ્વરે કહ્યું કે એમાં કષાયનો અભાવરૂપી જે પરિણમન થાય તેને વીર પરમેશ્વરે ધર્મ કહ્યો છે. સમજાય છે કાંઈ? જેનું દ્રવ્ય વીતરાગમય, જેનું ક્ષેત્ર વીતરાગમય, જેનો ભાવ વીતરાગમય. એની પર્યાયમાં વીતરાગતાનું પરિણમન થાય તેને વીરે ધર્મ કહ્યો છે. આહાહા..! લ્યો, ક્યાંનું ક્યાં આવ્યું? ક્યાંનું ક્યાં આવ્યું વળી. ચાલતા ચાલતા. સમચતુરસ્રમાંથી ત્યાં ગયું. કહો, સમજાણું કાંઈ?

કાલે ભક્તિમાં આવ્યું હતું. આવ્યું હતું ને? 'એમ ઢુંઢતા રે ધર્મ... ' એમ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ પરમેશ્વરે આ આત્માને વીતરાગમય જોયો છે, અકષાય સ્વભાવ જોયો છે. એ અકષાયની શક્તિનું જે સત્ત્વ છે તે શક્તિરૂપ સત્ત્વ છે એની એકાગ્રતા થતાં જે વીતરાગી પર્યાય પ્રગટ થાય એ પર્યાય ઉત્પાદ-વ્યયવાળી છે. એ રૂપે ભાવના નામ પરિણમવું એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નામ કર્મના ફળના ત્યાગની ભાવનાને નચાવવું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**હું સમચતુરસ્રસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' આ તો ઓલા સાથે મેળવ્યું હતું ભાઈ જરી. ઓલામાં ચૈતન્ય વિલાસ શબ્દ છે. અંદર પડિક્કમણાના અધિકારમાં નાહં નારકી, નાહં મનુષ્ય, નાહં દેવ, નાહં ક્રોધ, માન, માયા ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને ભોગવું છું. આ સમયસારના બીજડા બધે ... છે. સમયસાર એવી કોઈ ચીજ અને એની ટીકા ગજબ છે!! હજારો શાસ્ત્રોમાં આનો આશય છે. મૂળિયા ભર્યા છે, આમ બધા મૂળિયા ભર્યા છે આમાં. સમજાણું કાંઈ?

ધર્મી આત્મા... ધર્મી એનો સ્વભાવ તો ત્રિકાળ છે અંદરમાં. એ સ્વભાવની એકાગ્રતાનું થવું એનું નામ કર્મના ફળના ત્યાગની ભાવનાનું પરિણમવું કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કેટલું યાદ રાખવું આમાં માણસને. યાદ તો કાંઈ નથી (રાખવાનું). એક ને એક બે છે. આત્મા સ્વભાવ તરફમાં વળતાં જે પ્રકૃતિના નિમિત્તોના પ્રકાર ભજે તેનો તેને ત્યાગ વર્તે છે. બસ! આ વાત છે લ્યો. પછી તો જે વસ્તુ છે એ બતાવવી જોઈએને. અનેક પ્રકાર છે પ્રકૃતિના. વસ્તુથી પાછી આ પણ છે એમ સિદ્ધ કરે છે. આવું પણ એક છે. નથી એમ નહિ. પ્રકૃતિ છે. સર્વજ્ઞ પરમેશ્વરે નામકર્મના પેટાભેદની ૯૩ પ્રકૃતિ પરમેશ્વરે જોઈ છે અને છે. એ આત્માના અમૂર્ત સ્વભાવના વેદનમાં તેના મૂર્ત તરફનું લક્ષ છૂટી જાય છે. તેના ફળને હું ભોગવતો નથી. એનું નામ વીતરાગી પર્યાય ને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બીજો. '**હું ન્યગ્રોધપરિમંડલસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ ૭૭. સમજાય છે? ન્યગ્રોધ એટલે આ વડ વડ થાય છે ને વડ? વડનો ઉપલો ભાગ મોટો હોય અને નીચલો ભાગ પાતળો હોય. એમ કેટલાકનો શરીરનો અહીંથી ભાગ પહોળો હોય અને હેઠે પાતળા પગ હોય. એ શરીરના આકારને ન્યગ્રોધપરિમંડલ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવી એક પ્રકૃતિ છે કર્મની અને એના નિમિત્તે શરીર પણ ઉપરના ભાગમાં જરી પહોળું આમ શરીર હોય, હેઠલા ભાગમાં પાતળું આમ શરીર હોય છે ને. ઘણા હોય છે એવા. સમજાય છે? શરીર જુઓ, પગ જુઓ તો પાતળા અને આ બધી દુંદ ને .. બધી જાડી અને આ પહોળું હોય. એવા સંસ્થાનને ન્યગ્રોધપરિમંડલ. વડના આકાર જેવું તેને સંસ્થાન શરીરનું કહેવામાં આવે છે. છે? ન્યગ્રોધપરિમંડલ. ન્યગ્રોધ એટલે વડ, પરિમંડલ એટલે એને આકારે. સમજ્યાને? સંસ્થાન એટલે આકાર. પરિમંડલ એનો આકાર. એ નામકર્મને ધર્મી કહે છે કે હું ભોગવતો નથી. એની મને દીનતા નથી કે આવું શરીર કેમ? સમજાણું કાંઈ? અને સમચતુરસ્ર સંસ્થાન એની કાંઈ મને અધિકતા નથી કે આ બહુ સારું. એ તો જડ છે અને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જડની પ્રકૃતિએ બન્યું છે. મારી યોગ્યતા એટલી એના તરફની છે એટલું રહ્યું છે. પણ એ સંબંધ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધને હું સ્વીકારતો નથી. સમજાણું કાંઈ? **'ન્યગ્રોધપરિમંડલ-સંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.'**

**'હું સાતિકસંસ્થાનનાકર્મના ફળને...'** સાતિક સમજાણું? આ સર્પની ... કહેવાય છે ને? શું કહેવાય? રાફડો. સર્પનો રાફડો નથી? એ રાફડાનો ભાગ ઉપલો પાતળો અને નીચેનો જાડો હોય. રાફડો છે ને? શું કહે છે? રાફડો. સાતિક કહે છે એને. નક્ષત્ર પણ કહેવાય છે. એવું પણ હોય છે ૨૮ નક્ષત્રમાં. અને એક આ રાફડો કહેવાય છે. એ રાફડાનો ઉપલો ભાગ આમ ઓલો હોય ને મોટો ભાગ. એમ કેટલાકનું શરીર નીચે ખૂબ પહોળું જરી હોય પગ આદિ જાડા અને મોટા હોય છે ને શરીર? આ બધા પાછળ શરીરના બેઠકો બધી જાડી અને સ્થૂળ મોટું અને ઉપરનું પાતળું હોય. સમજાણું કાંઈ? એવી એક પ્રકૃતિ છે અને એ નિમિત્તે શરીરનો અહીં બેઠકનો બધો જાડો બધો ખૂબ આમ ખૂબ હોય અને ઉપલો ભાગ જુઓ તો પાતળો હોય. એ ત્રીજી આ પ્રકૃતિ છે. સાતિકસંસ્થાનનામકર્મ નામનું એક કર્મ છે. એના નિમિત્તે આ હોય છે. સમજાણું? એના ફળને હું ભોગવતો નથી. એવું હોય તો પણ મારે શું અને એવું ન હોય તો મારે શું? મારામાં નથી એ કાંઈ. કહો, સમજાણું? કેટલાકને એમ થાય ને આ શરીર મારું આવું સરખું હોય ને મારે. હવે તારું ક્યાં છે શરીર તે સરખું હોય કે ન હોય. સમજાણું? એ તો શરીરના જડના ભાગ છે માટી. ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે એની દૃષ્ટિ કર. તારે કોઈની કાંઈ ખામી રહેશે નહિ. કહો, સમજાણું? એવું ભાન કરશે એને ભવિષ્યમાં બધું સારું શરીર જ મળશે. વર્તમાન શરીર મળ્યું પછી એવું શરીર એને રોગવાળું, ફલાણાવાળું નહિ મળે ધર્મીને. એમ કહે છે. પછી બધું સરખું જ થાશે. પણ એને કારણે. આત્માને કારણે નહિ.

આ તો કહ્યું ને. શ્રીમદ્દે કહ્યું હતું એક ફેરી. શ્રીમદ્દ. આ શરીર છે એવું પૂર્વે કદાચિત આવું સાધકપણું ન હોય તો ભવિષ્યમાં તો આવું શરીર મળવાનું નથી. સમજાણું કાંઈ? ભવિષ્યમાં તો બીજી જાતનું શરીર (હશે). દેવનું બીજી જાતનું, મનુષ્યનું પણ કોઈ અનંત કાળે નહિ મળ્યું હોય એવી જાતના પરમાણુ આવવાના છે. સાધકપણું વધીને સિદ્ધ લેવું છે ને ત્યારે એવા જ પરમાણુ ત્યાં હોય છે. સમજાણું કાંઈ? પુણ્ય પ્રકૃતિ એવી ત્યાં બંધાઈ જશે. પણ કહે છે કે એ પુણ્ય અને ફળ ને એ મારું સ્વરૂપ નથી. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત ગુણનો ખજાનો પડ્યો છે અંદર. એની જ્યાં અંતર દૃષ્ટિ કરીને ખોલે એનું પરિણમન થતાં કર્મના ફળ તરફનું લક્ષ છે નહિ.

**'હું કુબ્જકસંસ્થાન...'** કુબડું-કુબડું. કુબડું નથી? આ કોંઢ નીકળે, મોઢા આગળ કોંઢ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય, આ નીકળે, કોઈને પાછળ કોંઢ નીકળે છે. એ પ્રકૃતિ નામકર્મ પ્રકૃતિ છે એ. એને લઈને થયું છે, મફતમાં થયું નથી કાંઈ. સમજાણું કાંઈ? કેટલામી છે ઈ? ૭૯. '**હું કુબ્જકસંસ્થાન...**' સંસ્થાન એટલે સિકલ-આકાર. કુબ્જા આકારવાળો હું નથી. એટલે શરમાય. કોંઢ નીકળે છે. જુઓને! અહીં મોઢા આગળ નીકળે. કો'કને મોઢે નીકળે. હાડકું આવું નીકળે. કોઈને પાછળ હોય. કુબડું-કબુડું શરીર દેખાવ. એ તો જડનો આકાર છે, પ્રકૃતિનું નિમિત્ત છે. એ કાંઈ મને નડતું નથી અને મારામાં છે નહિ. હું તો ચૈતન્ય જ્ઞાન (સ્વરૂપ છું). આવી પણ પ્રકૃતિનું ફળ હોય છે સંયોગમાં. પણ સ્વભાવમાં છે નહિ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ તો અનેક પ્રકારના ભાવ હોય. એનું કાંઈ નહિ. ભાવ પાપના કર્યા, એવા જાતના હોય તો આવા હોય અને પુણ્યના હોય તો અમુક હોય. બહારમાં એમ કહેવાય કે કો'કની આંખ્યું ફોડી હોય તો અહીં તારી ફૂટશે. એવી બધી વ્યવહારની વાતું. .. સવારમાં તો લોકો એમ કહે કે ચાર બળદના ટાંગા તૂટી ગયા ને? કો'કના ટાંગા તોડ્યા હોય તો એવું થાય ને. એવું કાંઈ નથી. પૂર્વે પાપ કરેલા છે. .. ત્યારે એમાં આવે. કો'કના કાનમાં ખીલા નાખ્યા હશે, બાપા, ખીલા પડ્યા. આંખ્યું ફોડી હશે તો, આંખ્યું ફૂટી. પગ તોડ્યા હશે તો પગ તૂટયા. વાતું વ્યવહારમાં કહેવાય. વસ્તુ એમ નથી. એ પ્રકારના પરિણામથી જે કાંઈ પાપ બંધાણા એના પ્રકારમાં આ બહારની સ્થિતિ હોય. આહાહા..! સમજાણું?

કો'કને બહુ રોગ અને પીડા હોય ને પછી આમ જોવે ત્યાં તો ભાઈ એણે પાપ કર્યા હશે, બકરીને મારી હશે અને આપણે કાન ઝાલ્યો હશે. એમ કહે છે કે કેટલાક. હા. હા. કહે છે. બધું સાંભળેલું ને બધું આ. એય..! .. સાંભળ્યું છે કે નહિ એવું? એમ કે બકરીને કો'કને આપણે માર્યું હશે અને આપણે એના કાન ઝાલ્યા હશે અને માર્યા હશે એણે. આ એણે પાપ કર્યા અને ભોગવવાના આપણે પાછું... જોવું એવી વાતું કરે માણસ. એ વાતું કરે. સંબંધ હોય જ નહિ એની સાથે. શું સંબંધ? એક આવ્યો હોય નિગોદમાંથી અને એક આવ્યો બકરામાંથી. ક્યાંય મેળેય ન હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એને કોઈ સમજણ જ ન હોય.

ઉત્તર :- કાંઈ ધૂળેય નથી. એ તો એ જાતનો પ્રકૃતિનો યોગ હોય તો બની જાય. એમાં શું છે? કીધું નહોતું એકવાર? અમારે અહીં ચીતળમાં મનસુખનું સગપણ થયું ૭૭માં. ત્યારે આણંદજી હતો ને? આણંદજીએ પૂછયું. આણંદજી આવ્યો હતો. ચીતળ ચીતળ. ૮૭. ૮૬માં ચોમાસુ થયા પછી. મહારાજ! આ મેળ કાંઈ પૂર્વે કાંઈ સંબંધ .. કીધું, બધા સાથે સંબંધ ન હોય. એક આવ્યો હોય ઈયળમાંથી અને એક આવ્યો હોય થોરમાંથી. થોર સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે? આ થોર છે ને કાંટાળા. ત્યાં જીવ છે એમાં. એ મરીને બાયડી થયો અને એક ઈયળમાંથી. ઈયળ હોય મોટી આ બાવળ ઉપર નથી થાતી આવડી આવડી મોટી? એ મરીને માણસ થયો હોય. હવે એમાં ક્યાં મેળ છે? એની પ્રકૃતિમાં કર્મના ઉદયના સંયોગનો મેળ એવો કાંઈક લગભગ હોય તો મેળ ખાઈ જાય. બાકી પૂર્વે સંબંધ હતો તો થાય છે આ એવું કાંઈ નથી. આહાહા..! કહો, સમજાણું?

'**હું વામનસંસ્થાન...**' વામન ઠીંગણું-ઠીંગણું. ઠીંગણું હોય છે ને આટલું? ઘણા જોયા છે ત્યાં .. ૬૦ વર્ષનો ડોસો આટલો. ૬૦, ૭૦. ... રાજકોટમાં એક ફેરી આવેલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દેવના તો જુદા. આ તો તમારું ઠીંગણું ખોટું. દેવ ઠીંગણો હોય એનું રૂપાળું હોય સારું. આ ઠીંગણું સારું ન લાગે. આ ઠીંગણું એની સાથે મેળવ્યું. એનું પોણા હાથનું હોય છે ને. એ નહિ. એનું તો રૂપાળું શરીર સુંદર હોય. આ તો કુબ્જ લાગે આટલું. પગ નાના નાના આટલા લાગે. એવા છે ઘણા જોયા છે. છોકરો એક હમણાં આવ્યો હતો ને.

મુમુક્ષુ :- એ તો પાપના ઉદય...

ઉત્તર :- એ તો પાપના ઉદયે એનું શરીર વામન, ઠીંગણું લાગે. કાંઈ સરખું નહિ. એ પ્રકૃતિના (ફળ છે). એવા સ્થાનમાં કેવળજ્ઞાન થવાને વાંધો નથી એમ કહે છે. એવું સંસ્થાન હોય ને કેવળજ્ઞાન થાય. આત્મા અંતરના આનંદના સ્વરૂપમાં રમણતા (કરતાં) સમ્યગ્દર્શન થાય અને વિશેષ રમણતા (કરતાં) કેવળજ્ઞાન ત્રણ કાળનું જ્ઞાન પરમાત્મા થઈ જાય, એવા સંસ્થાનની અંદર. કહો, સમજાણું કાંઈ? માટે સંસ્થાનને કારણે અંદર ધર્મ અટકે કે ધર્મ વધે એવું કાંઈ છે નહિ. એ તો જડ માટી છે. એની સાથે શું છે? સમજાણું? વામન-ઠીંગણું ઓલાને. વામન નથી આવતા? બ્રાહ્મણ. નહિ આ બલિમાં? વામન રૂપ લીધું હતું મુનિએ. વિષ્ણુ મુનિએ વામન રૂપ લીધું હતું. મુનિને બાળતા હતા. હેઠે અગ્નિ ધગધગ સળગે. સાતસો મુનિ. શ્રાવણ સુદ પૂનમ. રક્ષા થાય છે ને. હસ્તિનાપુરમાં. હસ્તિનાપુરને? નામ તો ભૂલી ગયા આપણે. બલિ રાજા ને અગ્નિ. મુનિ હતા ને ત્યાં આમ જોડે કર્યું. હવે એ બધું ધગધગતું તો ઓલાને. મુનિઓ ધ્યાનમાં ધ્યાનમાં.. મુનિઓ આનંદકંદમાં. આહાહા..! મુનિને ખબર પડી કે .. અરે..! આ પ્રમાણે થયું. વામનરૂપ કરી. એ સાધુ હતા. થઈ રહ્યું તમારે. સમજ્યા? રાજાને કહે, આપ. ત્રણ પગ જમીન આપ. ... જે હોય. માગે એ આપે. ઠીંગણું તો કેટલું માગશે? સાડા ત્રણ પગલા આપ. અરે..! વધારે માગ. ના. એટલું મારે જોઈએ. લાખ યોજનનું વૈક્રિયિક શરીર કર્યું. વૈક્રિયિક આવ્યું ને વૈક્રિયિક. ઔદારિક એટલે લાખ યોજન હતું. માપ લાવ. એક પગ મૂક્યો મેરુ પર્વત ઉપર અને એક પગ મૂક્યો માનસ્તંભ ઉપર અને એક પગ

રહ્યો બાકી. હવે કહે ક્યાં મૂક્યું? બોલ. હાય.. હાય... ક્ષમા કરો. મુનિઓની આવી દશા થાય. થઈ ગયું હવે. મુનિપણું વયું ગયું એનું, હોં! મુનિપણું રહે નહિ એ સ્થિતિમાં. માયા થઈ ગઈને. કપટ થઈ ગયું ને. કપટ કરવો જોઈએને એવા સંત માટે? વખાણ કેમ કર્યા ત્યારે વિષ્ણુ મુનિના? એય..! એ તો ઓલો ભાવ આવી ગયો ને. એ બનવાના કાળમાં બની ગયું. એટલે કહ્યું. બાકી મુનિને કરવા લાયક નથી. સમજાય છે? વામનપણું. ...

કહે છે કે એવું શરીર હોય એ કાંઈ મારું સ્વરૂપ નથી. મારો આત્મા તો મારા સ્વરૂપના આકારમાં અસંખ્ય પ્રદેશના આકારમાં છે. અસંખ્ય પ્રદેશ મારું ક્ષેત્ર છે અને અનંત ગુણ મારો ભાવ છે. એમાં એકાગ્રતા થવી એ મારી પ્રજા છે. કહો, સમજાણું આમાં? રામજીભાઈ! આ પ્રજા-બજા બહારની આમાં નથી એમ કહે છે. ધૂળમાંય નથી. મફતનો જ્યાં હોય ત્યાં હેરાન થાય છે. કહે છે, વામનસંસ્થાન નથી.

પછી હુંડ-હુંડ. '**હુંડકસંસ્થાન...**' દેખાવે ખરાબ લાગે ને. આ ઈયળ ને કીડીને હોય છે ને સંસ્થાન? એ બધા હુંડકસંસ્થાન. કીડી-મકોડા નથી ઘણા હુંડક. તણખલા જેવા, તણખલા જેવા તીડ થાય. આમ જોવે તો તણખલું પડ્યું હોય. તણખલું તણખલું હોય છે ને. તણખલું દેખાય. બે ટાંગા તણખલું બસ. હોય તીડ. ખડમાં પડે છે. .. ખબર નથી. એ સિવાય લીંબડાનું પાંદડું હોય છે ને લીંબડાનું પાંદડું? પાંદડાના આકારે .. થાય. બધું જોયું છે ને મેં તો. આમ જોવે તો પાંદડું દેખે. આમ અડે ત્યાં ઉડે. લીંબડાના પાંદડાનો જ આકાર. ત્યાં જુઓ તો ... લીંબડો છે ને? સદરના અપાસરે લીંબડો છે ને? ત્યાં પડેલું. મેં કીધું આ શું? પાંદડું અહીં ક્યાંથી? આમ કર્યું ત્યાં ઊડ્યું. પાંદડું જ એકલું લીંબડાનું પાંદડું. એવા જ આકારે. હુંડક-હુંડક સંસ્થાન. આકારનું ઠેકાણું જ ન હોય. પણ એમાં કાંઈ આત્માને વાંધો નથી. હુંડકસંસ્થાનવાળો કેવળજ્ઞાન પામે. સમજાય છે કાંઈ?

આત્મા અખંડાનંદ પ્રભુ પરમેશ્વર કેવળજ્ઞાનીએ જોયો એ શુદ્ધ જ્ઞાનાનંદમાં દૃષ્ટિ કરતાં એકાકાર થાય તો ત્યાં એને સમ્યગ્દર્શન થાય, સ્વરૂપ સ્થિરતા કરતાં ચારિત્ર થાય અને વિશેષ સ્થિરતા કરતાં શુક્લ થાય છે અને કેવળજ્ઞાન થઈ જાય. સંસ્થાન એને ઘરે પડ્યું રહ્યું. હુંડક-હુંડક. દેખાવમાં સારું નહિ, કદરૂપું. એવું સંસ્થાન હું નથી. હું તો ચૈતન્ય સ્વરૂપ આત્માને ભોગવું છું. તો આ ભગવાને દીધેલા લક્ષ્મી-મકાન ભોગવશે કે દી? માણસ કહે છે ને કે ઈશ્વરે ભાઈ આપ્યા પૈસા તો કાંઈક ભોગવીએ. એમ કહે છે માણસો. પૂર્વના પુણ્યને લઈને ધૂળ આવી. એમાં ધૂળને ભોગવે છે તું? રાગને ભોગવે છો. ધર્મી કહે છે કે હું રાગને ભોગવતો નથી. મારા સ્વરૂપમાં રાગ નથી. એ દૃષ્ટિએ મારા શાંતિના રસને ભોગવું છું. આહાહા..!

હવે આવે છે સંહનન. છે ને? દરેકના અર્થ છે હોં એમાં. હું એટલે આત્મા. હું આત્મા

એટલે શુદ્ધ જ્ઞાનાનંદ મૂર્તિ આત્મા તે.... આ સંઘયણ છે, સંઘયણ એટલે હાડકાની મજબૂતાઈ. સંહનન. સંહનન છેલ્લો શબ્દ છે. સંહનન. એટલે હાડકાની મજબૂતાઈ. એના પ્રકાર ત્રણ. એક વજ્ર જેવી મજબૂતાઈ. વજ્ર. અને એને વૃષભ નામ પાતળો હોય હાડકામાં. અંદર હાડકા હોય છે ને અંદર હાડકા એ વજ્ર જેવા હાડકા હોય છે. એને વૃષભ નામ પાતળો હોય છે. સમજાણું? આ ગાડામાં નથી નાખતા? ગાડામાં ધોંસરુ આમ કરે ને. મજબૂત .. હોય ને લોઢાનો. શું કહે? ધોસરું નહિ પાતળું લોઢાનું હોય. મોઢા આગળ એના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. તો નાખે પણ ઓલા ધોંસરાને પણ નાખે કેટલાક મજબૂત કરવા માટે. .. નાખે જુઓ. .. અંદર એવા હાડકા હોય છે અહીંયા. ભગવાને જોયા છે કે વજ્રનારાચસંહનન જે હોય એના વજ્ર જેવા હાડકા હોય. એ હાડકામાં એક પાટો હોય અંદર હાડકામાં વજ્ર જેવો. છે ને? વૃષભ. અને નારાચ નામ બે ખીલ્લી હોય. પાટાની પછી ખીલ્લી હોય. એટલા હાડકા મજબૂત હોય કે શરીર આમ પડ્યું હોય તો ગાડું ઉપરથી ચાલ્યું જાય તો તૂટે નહિ. સમજાણું? અત્યારે એ નથી અત્યારે આવા કાળમાં. એવું સંહનન હોય છે મજબૂત. વાસુદેવ, બળદેવ, તીર્થંકરો, ચક્રવર્તી બધાને આ સંહનન હોય છે. પહેલું સંહનન હોય છે. સમજાય છે કાંઈ? સંહનન એટલે હાડકાની મજબૂતાઈ કે જે હાડકા અંદર એકબીજા ચોંટેલા તો હોય આમ. એને પાછો પાટો હોય. અને એમાં પાછું ખીલી મારીને મજબૂત થઈ ગયેલું. કુદરતે અંદર એવા હાડકા થયા હોય. એ પ્રકૃતિ છે એક નામકર્મની જડ. તેને પૂર્વે બાંધેલા એને કારણે શરીરના હાડકા જ એવા હોય. કેવળજ્ઞાન થાય ત્યારે આ હાડકા હોય. પણ એ હાડકાથી કેવળજ્ઞાન થાતું નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હાડકાની જરૂર પડી ને.

ઉત્તર :- શેની?

મુમુક્ષુ :- હાડકાની.

ઉત્તર :- કાંઈ જરૂર નથી પડી. કેવળજ્ઞાન થાય ત્યારે આ હોય એમ કીધું છે. પણ આ હોય તો આ થાય છે એમ કીધું નથી. એય..! વજ્રર્ષભનારાચસંહનનવાળો જીવ એક મચ્છ થાય છે આવડો નાનો. હજાર યોજનનું માછલું હોય છે મોટું. સ્વયંભુરમણસમુદ્ર છે છેલ્લો. એની આંખમાં થાય એક મચ્છ આવડો. બહુ ઝીણો. એને આ સંહનન હોય છે. શાસ્ત્રમાં એમ છે. અને એટલા એના પરિણામ કલુષિત હોય છે, કલુષિત એટલા પરિણામ કલુષિત હોય છે કે એમાં આયુષ્ય બાંધે સાતમી નરકનું રવરવનું. રવરવ નરકે જાય. અપરિઠાણા નરક છે. સાતમી નરક છે. એના પાંચ પાસડા છે સાતમી નરકના. પાસડા એટલે સ્થાન.

એમાં વચલો પાસલો છે એમાં અપરિઠાણા ૨૧ ૨૧ નરક છે. ચાર બાજુ ચાર બીજા છે. ચાર બાજુના અસંખ્ય નારકી અને વચમા સંખ્યાતા હોય છે. એમાં એ જાય. આટલો મચ્છ નાનો. પરિણામની ક્લિષ્ટતા, કલુષતા.

મુમુક્ષુ :- એક ...

ઉત્તર :- એ તો એક જણો કહેતો હતો. એક જણો કહેતો હતો પણ ક્રિયા જોવે ને? મોઢું આમ ફાડતો હોય. હવે સાંભળને. આવા ને આવા ઠોઠ નિશાળિયા. એના પરિણામમાં ક્લિષ્ટતા આવી હતી. ક્રુર. એવા પરિણામ તો સાતમી નરકનું આયુષ્ય બાંધે. મચ્છ આવડો હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તંદુલ મચ્છ.

ઉત્તર :- તંદુલ મચ્છ. તંદુલ ચોખો. પણ ચોખાથી પણ અસંખ્યમો ભાગ નાનો. ભાઈ આ તો ભગવાને કહેલી વસ્તુ છે. પણ આગળ જાય તો ખબર પડે ને. સ્વયંભૂરમણ સમુદ્રમાં છે એવા જીવો કે મરીને સાતમી નરકે (જાય). ઓલો તો હજી મોટો હજાર યોજનનો મચ્છ હોય, એ પાણી આવતું હોય, માછલા જતા-આવતા હોય અને વયા જતા હોય. ઓલો અંદર વિચાર કરે કે આ માછલા અહીંયાં આવે છે અને જવા દે છે! મોઢું મોટું હોય ને હજાર યોજનના મચ્છનું. એવા ક્લિષ્ટ પરિણામ. વગર ખાધે અને વગર પીધે. આવે છે ને? ટીકામાં. જયસેનાચાર્યની ટીકામાં આવે છે. મચ્છના પરિણામ કલુષિત એવા હોય છે કે મરીને સાતમી નરકે જાય પાતાળ. એને આ સંહનન હોય. પહેલું સંહનન વજ્રવૃષભનારાચ. હાડકા મજબૂત, પાટો, ખીલી. વજ્ર-નારાચ-સંહનન એટલે હાડકા. એવી પ્રકૃતિના પરમાણુ હોય છે. સમજાય છે કાંઈ? સ્ત્રીને આવું શરીર હોય નહિ. કોઈપણ સ્ત્રીને આ પહેલું સંહનન હોય નહિ. ચોથા આરામાં કે પાંચમાં આરામાં.

મુમુક્ષુ :- આ ક્ષેત્રમાં કે બધા ક્ષેત્રમાં?

ઉત્તર :- ચોથા આરામાં કે પાંચમાં આરામાં, આ ક્ષેત્રે કે બધે ક્ષેત્રે. સમજાણું કાંઈ? આ સંહનન હોય નહિ-પહેલું. કારણ કે જેને કેવળજ્ઞાન થવાનું નથી અને એને કેવળજ્ઞાનની શક્તિ છે નહિ, મુનિ પણ થઈ શકતી નથી. એટલે વજ્રનારાચસંહનન હોતું નથી. નિમિત્ત નથી. એવું નિમિત્ત જ નથી. કહો, સમજાણું કાંઈ?

'**વજ્રર્ષભનારાચસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો,...**' કહો, ધર્મી એમ સમજે છે. સમજાય છે? અને એ વજ્રનારાચસંહનન હોય એને જ કેવળ થાય. પણ કેવળજ્ઞાન સંહનન છે માટે થાય છે એમ નથી. સંહનન તો છે. મરીને નરકે જાય તો વજ્રનારાચસંહનનવાળો સર્વાર્થસિદ્ધમાં જાય. સર્વાર્થસિદ્ધ છે ને દેવ? ઊંચા દેવ છે ૩૩ સાગરની સ્થિતિ. એ પણ

આ પહેલા સંહનનવાળો જાય. સાધુ હોય. મહામુનિ આત્માના આનંદમાં ઝુલતો. આમ ઊભા હોય. જુઓને બાહુબલીજી. બાહુબલીજી બાર બાર મહિના ઊભા રહ્યા. છે ને? છે ને ૫૭ ફૂટની મૂર્તિ. ક્યુ ગામ કહેવાય એ? શ્રવણબેલગોલ. શ્રવણબેલગોલ. જુઓ! આ રહ્યા છે ને આ રહ્યા. કો'ક કાલે કહેતું હતું. ભારે! આ આકાર ક્યાંથી લાવ્યા? નહિ? કો'ક કહેતું હતું. યાત્રાળુ કહેતા હતા, લ્યો. બહુ સારો .. છે. કોણ લાવ્યું હતું? .. લાવ્યા. અહીં સુધી તો ઉપરથી છે. આખી ૫૭ ફૂટની મૂર્તિ છે. ૫૭ ફૂટ. શ્રવણબેલગોલ, પર્વત ઉપર નિરાધાર. માથે કાંઈ નહિ. એક હજાર વર્ષ પહેલાની કારીગરી છે. એનો દેખાવ જુઓ તો વીતરાગતા મુદ્રા દેખાય અને પુણ્યનો પ્રભાવ છે. વીતરાગ અને પુણ્ય બે દેખાય એમાં. એવી પ્રતિમા છે આ. બાહુબલીજી બાર મહિના સુધી થંભી ગયા છે. પછી જુઓ વેલડી વીંટાણી. વેલડી એમાં છે? આ રહી. હાથમાં વેલડી વીંટાઈ ગઈ. બાર મહિના આમ ધ્યાનમાં ઊભા હતા. સમજાણું?

મુમુક્ષુ :- પડિક્કમણું કેવા ટાણે કરતા હતા?

ઉત્તર :- પડિક્કમણું કરે આત્મામાં. એ ધ્યાનનું પડિક્કમણું કરજે શક્તિ હોય તો. નહિતર ઓલા પડિક્કમણામાં સાચું પડિક્કમણું માનીશ નહિ. એમ કહ્યું છે નિયમસારમાં. આવે છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ધ્યાનમય કરજે. વિકલ્પ હોય છે. આત્મા આનંદ સ્વરૂપ છે એમાં એકાકાર થવું એનું નામ પ્રતિક્રમણ છે. આ બધી ભાષા બોલે જાય અને વિકલ્પ થાય એ પડિક્કમણું છે જ નહિ. એ તો પુણ્યબંધની ક્રિયા અને પુણ્ય છે. એમાં ધર્મ ક્યાં હતો? સમજાણું કાંઈ? એય.. ભગવાનભાઈ! ભગવાનભાઈને યાદ કરીએ છીએ. જૂન માણસ હતા. બહુ કર્યા છે પડિક્કમણા એણે ઢસરડામાં. ખોટા. કહો, સમજાણું કાંઈ?

એક સમયનું મિથ્યાત્વ અને અવ્રતનું પ્રતિક્રમણ થાય એને જન્મ-મરણનો નાશ થઈ જાય. કહે છે કે આવા સંહનનવાળો હું નથી. ચાહે તો સંહનન એવું હો, કેવળજ્ઞાન થાય ત્યારે સંહનન એવું હોય છે પણ એથી કાંઈ સંહનન છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નથી. ત્યાંથી લક્ષ છોડીને આત્માના આનંદમાં અંતર એકાગ્ર થાય છે અને શુક્લધ્યાનમાં એવી ધારા અંદર છૂટે, એકાકાર થતાં કેવળજ્ઞાન થઈ જાય. ત્યારે નિમિત્તપણે વજ્રનારાચ કહેવાય. એ નિમિત્તનું કાર્ય નથી. ત્યાં રાડું એ પાડે છે લ્યો આ બધા. એય.. કેવળજ્ઞાન થાય. વજ્રનારાચસંહનન વિના કેવળજ્ઞાન થયું? હવે સાંભળને! કેવળજ્ઞાન પોતાથી થયું છે. અકિંચિત્કર છે. એ આ સંહનન કેવળજ્ઞાન પ્રાપ્તિ માટે કાંઈ કાર્યકર નથી. ત્યારે નિમિત્ત કહેવાયને. કાર્યકારી હોય તો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉપાદાન થઈ ગયું.

મુમુક્ષુ :- ... એનું ફળ ભોગવે.

ઉત્તર :- ભોગ ક્યાંથી આવતો હતો? કહો, ભીખાભાઈ! શરીર તમારા જેમ પાતળું હોય તો અને ઓલા જાડું હોય તો રામજીભાઈને જાડું તમારે પાતળું. બેમાં ફેર હોય તો... પણ શરીરની સાથે શું સંબંધ છે? કહે છે. એ તો માટીના પરમાણુનો ઢગલો છે જુદી જાતનો. અહીં તો કહે છે કે એ સંહનન હું ભોગવતો નથી. અને એ સંહનન છે તો ઠીક છે એમ પણ માનતો નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- આત્મા છે તો હરેફરે છે ને?

ઉત્તર :- હરેફરે કોણ? એ એને લઈને ફરે. એ આવશે અગુરુલઘુમાં. કોઈ કોઈને કોઈ મોટું-નાનું લાગતું નથી. અગુરુ નામપ્રકૃતિને લઈને છે. આવશે ને એ આવશે. આ તો આખો છે ને. ભગવાને આખો કર્મપ્રકૃતિનો દરિયો ભર્યો છે આમાં. આ હું નથી. હું તો આત્મા ચૈતન્યસ્વરૂપ (છું). પુણ્ય-પાપના વિકલ્પ નથી તો આ વળી જડ ક્યાંથી આવ્યું મારામાં? સમજાણું?

મુમુક્ષુ :- એ તો મદદ કરવા આવ્યું.

ઉત્તર :- ધૂળેય મદદ કરતું નથી. મદદ કોણ કરે? ધૂળ. સમજ્યાને? દાખલો આપે. મગના ઢગલા ઉપર મોર બેઠો હોય તો કંઈ ઊડી શકે? પણ જો નીચે પાક્કી જમીન હોય તો ઊડી શકે. કારણ કે પગને ભીંસ પડે માટે. ઊડવાની શક્તિ તો પોતાને કારણે છે. પત્થરને લઈને છે?

મુમુક્ષુ :- મગ ઉપર બેઠો ત્યારે શક્તિ...

ઉત્તર :- એ શક્તિ એ વખતે નહોતી પ્રગટ કરી. નહોતી આવી શું? આ મગનો ઢગલો હોય. મગનો લઉં છું હોં! એટલે ઓલો ઘઉં તો હજી કાંઈક ઓલો હોય. મગ તો ગોળ હોય ને અને એમાં દસ, પંદર, વીસ મણનો ઢગલો હોય વીસ મણનો. તો મોર બેસે તો આમ કરવા જાય તો ફુરરર.. ઘઉંનો હોય તો કાંઈક તોલ હોય, ઘઉં આમ હોય ખરો લાંબો જરી એટલે કાંઈક આમ થાય. મગ તો ગોળ હોય એટલે જરી આમ કરવા જાય તો .. થાય અંદરથી. પણ વજ્ર ઉપર બેઠો, પત્થર ઉપર બેઠો હોય મોર, ઊડવા જાય તો ઓલી પગની ભીંસ આવે તો ફટ ઉડે લ્યો. એને લઈને ઉડે છે કે નહિ? પોતાને કારણે. પર્યાય પોતાને કારણે થઈ છે. નિમિત્તને કારણે નહિ.

એમ આ કેવળજ્ઞાન અંદરમાં એકાકાર થયો એ વજ્રનારાચસંહનને કારણે નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! કેવા હાડકા છે બિચારા બળદના! જુઓને. કાપતા નથી? કેટલી મહેનત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પડી છે. પાપમાં મહેનતું કેટલી પડી હશે! આવા મોટા. કારણ કે બળદ હજાર હજાર... આમ મોટું હશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, મોટા બળદ. .. ઓલા સૂકા ઘાસ. શું કર્યું? આહાહા..! એ તો પર્યાય તે કાળે થવાની જ હતી. પણ આના પરિણામમાં ક્લિષતા. એની વાતું ગજબ વાત! ઓહોહો..! શું કરું છું? મારા પરિણામમાં શું છે ખબર નથી એને. આહાહા..! આંધળા થઈને આત્મા શું કરે છે આ? આ સંહનન હોય તો આ શું કીધું? હથોડો મારે તો તૂટે નહિ એવું સંહનન છે આ. આ સંહનનવાળો માણસ નીચે સૂતો હોય, માથે ગાડું ચાલ્યું જાય સો મણનું તો તૂટે નહિ. હાડકું તૂટે નહિ. એવા હાડકા મજબૂત હોય છે. અત્યારે નથી. ચોથે આરે હતા. મહાવિદેહમાં છે. મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે મનુષ્યોના.. અહીં તો કહે છે કે એ હું છું નહિ. હું તો આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનાનંદ છું. તે તરફ મારું વલણ અને ઢલણ છે, એ મારી દશા છે. એ વસ્તુ હું છું. ધર્મીની કોઈ બીજી ચીજ છે નહિ.

બીજો. '**હું વજ્રનારાચસંહનન...**' છે ને? એક નીકળી ગયો વૃષભ. વૃષભ નામ પાટો નીકળી ગયો. વજ્રની ખીલી હોય. વજ્રના હાડકા હોય અને વજ્રની ખીલી અંદર નાખી હોય ખીલી. પાટો ન હોય. વજ્રનારાચ નામ ખીલી. હાડકાની હોં! વજ્ર એટલે હાડકા સંહનન. વજ્રસંહનન. વજ્રના હાડકા અને એમાં નારાચ એટલે ખીલી. એવી નામકર્મની પ્રકૃતિને હું ભોગવતો નથી. બીજા નંબરના હાડકાનો પ્રકાર છે. હાડાકની મજબૂતાઈનો બીજા નંબરનો એક પ્રકાર છે. પહેલા નંબરનો પહેલો પ્રકાર છે. સમજાય છે? કર્મમાં એવી પ્રકૃતિ છે અને શરીરના બંધારણમાં પણ એવી દશા હોય છે. પણ કહે છે કે એ હું ભોગવતો નથી.

ચૈતન્યસ્વરૂપ ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા. ભાષા કેવી લીધી છે! ચૈતન્યસ્વરૂપ આત્મા એમ. શરીરસ્વરૂપ નહિ, રાગસ્વરૂપ નહિ, એક સમયની પર્યાયસ્વરૂપ નહિ. '**ચૈતન્યસ્વરૂપ આત્મા...**' આ શરત. સમજાણું? એ ચૈતન્યસ્વરૂપ ધ્રુવ એની સન્મુખની દશા એને હું સંચેતું છું. એવું મારું પરિણમન છે. એ મારી પર્યાય છે, એને હું વેદું અને ભોગવું છું. કહો, સમજાણું કાંઈ?

ત્રીજું. '**હું નારાચસંહનન...**' લ્યો! ખીલ્લી હોય છે હાડકામાં. વજ્ર જેવા હાડકા ન હોય. હાડકા વજ્ર જેવા ન હોય પણ ખીલ્લી હોય જરી. સંહનન નામકર્મ. જરી ખીલ્લી અંદર હોય હાડકા સાથે સાધારણ. એવા હાડકાના ફળને હું ભોગવતો નથી. '**હું અર્ધનારાચસંહનન...**' એ પણ અર્ધ ખીલ્લી હોય ખીલ્લી. અડધી ખીલ્લી હોય અને અડધી ન હોય. એવા હાડકાના અંદર બંધારણ હોય છે હાડકાના હોં અંદર! એના ફળને હું ભોગવતો નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**હું કીલિકાસંહનનના નામકર્મના ફળને નથી ભોગવતો,...**' કીલિકા આ ગોખતા. ભેગા. લાકડા એવા નથી ગોઠવતા આડાઅવળા આમ સરખા? ગોઠવેલા હોય પણ અંદર ખીલ્લી ન હોય અને ગોઠવેલા. સાંધેલા સાધારણ. બસ. ખીલ્લી કે પાટિયું કાંઈ ન હોય. આમ અમથા. આ ખાટલામાં સાલવે છે ને લ્યો. એવા હાડકા અંદર એ જાતના હોય છે. આવી હાડકાની છ પ્રકારની જાત છે. એ ભાઈએ ભગવતી કોષમાં લખ્યું છે. દરબાર.

મુમુક્ષુ :- ... ક્યાંથી ખબર પડી?

ઉત્તર :- આ ક્યાંથી ખબર પડી કે આવી શાસ્ત્રમાં? આ તો શાસ્ત્રમાં આવે છે બધી વાત આપણે પરમેશ્વરે કહેલી. હતા ને ભગવતસિંહજી? મોહનલાલ દરબાર.

મુમુક્ષુ :- ચંદુભાઈએ વાત કરી હતી.

ઉત્તર :- ચંદુભાઈએ વાત કરી. તમે નહોતા. હું વ્યાખ્યાનમાં આવ્યો ત્યારે પૂછતા દરબાર ઘરે. ત્યાં પૂછે શું સાંભળી આવ્યા? કે મહારાજ તો આમ દાખલો આપતા હતા. એક સોઈનો દાખલો આપતા હતા કર્મનો. આપણા ભગવત મંડળમાં લખજો. પુસ્તકમાં લખ્યા ને દાખલા? પુસ્તક છપાણા છે ને આવડા મોટા છ. મોટા આવડા છે અહીંયાં. કર્મના બે પ્રકાર છે. એક નિદ્ધત અને નિકાચિત. એ ચંદુભાઈ આવતા. શિહોરના હતા ને? ચંદુલાલ બેચરદાસ. કેળવણી અધિકારી ગોંડલના. વ્યાખ્યાનમાં આવતા. પૂછે, શું સાંભળી આવ્યા? કે મહારાજ એમ કહેતા હતા કે કર્મના બે પ્રકાર છે. એક નિદ્ધત અને નિકાચિત. નિદ્ધત એટલે? સોઈના ઢગલા પચ્ચીસ-પચાસ ભેગા ચોંટ્યા હોય કાટના એવી રીતે કર્મ ચોંટ્યા એને નિદ્ધત કહેવાય અને સોયુંના ઢગલા ચોંટ્યા હોય ને પછી ઊના કરીને ટીપે એને નિકાચિત કહેવાય. એમ કીધું, કર્મના બે પ્રકાર છે. ત્યારે કહે, લખી લ્યો આપણે ભગવતી મંડળમાં. છે. એવા ઘણા દાખલા છે. ઓલા નાળિયેરના ગોટાનો. આત્મા નાળિયેર જેવો ગોટો અંદર ભિન્ન છે, કાચલીથી જુદો છે. એ બધા લખેલા છે દાખલા. પુસ્તકનો શોખ હતો એને દરબારને. કહો, સમજાણું? આ સંહનન ને આ બધું લખ્યું છે એમાં.

'**કીલિકાસંહનન...**' સમજ્યાને? ખીલીઓ અમથી સાધારણ આવે છે બંધાયેલી. એ હું નથી. '**હું અસંપ્રાપ્તસૃપાટિકાસંહનન...**' નથી. અસંપ્રાપ્ત નામ કોઈપણ હાડકાની પ્રાપ્તિ સરખી નથી અને સૃપાટિ. સર્પ સર્પ છે ને? સર્પ જેમ નીકળે છે ને સર્પ? આમ સર્પ ચાલે છે. કાંઈ હાડકા નથી જુઓને એને. એવા સંહનન નામકર્મનું ફળ છે. એક પ્રકૃતિ છેલ્લામાં છેલ્લી. એને હું ભોગવતો નથી. જુઓને! આ સર્પને એવું કાંઈ નથી. હાડકાનો ભાગ નથી. ફટ ફટ ફટ ચાલ્યું જાય છે એમ ને એમ. એને કાંઈ હાડકાનો ભાગ નથી અંદર તે કાંઈ અડતું જાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બોલે કોણ? કહે છે.

આ તો શરીર એવું હોય છે કે સર્પના ઓલા જેવું અંદર. જેમ કોથળામાં હાડકા ભર્યા હોય ને અમથા. કોથળામાં અમથા હાડકા. એવું આ શરીરના ચામડામાં હાડકા ભર્યા છે. બસ! એનું નામ અસંપ્રાપ્ત. આમ ભેગા કરીને. '**અસંપ્રાપ્તાસૃપાટિકાસંહનનનામકર્મ...**' એ છેલ્લું કર્મ છે સંહનનનું. સંહનન પ્રકૃતિના છેલ્લામાં છેલ્લી પ્રકૃતિ આવી હોય છે. હાડકાના છ પ્રકાર આવા હોય અને સંસ્થાનના છ પ્રકાર આવા ભગવાને જોયા એ પ્રકૃતિ છે અને એના ફળ શરીરમાં હોય છે. આત્મામાં કાંઈ છે નહિ. આ બધું કર્મનું જ્ઞાન કરે છે અને કર્મ તરફના વલણનો ભાવ મારો નથી એમ સિદ્ધ કરે છે. જ્ઞાન કરવા લાયક છે. જાણવા લાયક છે. સમજાણું કાંઈ? આદરવા લાયક નથી. લ્યો, ૮૭ થઈ.

હવે આવ્યું '**હું સ્નિગ્ધસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ નામકર્મ છે એની ચીકાશ શરીરમાં હોય છે ચીકાશ. જુઓને! આ જીભમાં ચીકાશ હોય છે. એક શરીરમાં આઠેય સ્પર્શ હોય છે. સમજાણું? આમ તો બધે ઠેકાણે હોં ચીકાશ છે. પણ ખુલ્લી રીતે વ્યક્ત રૂપે જીભમાં ચીકાશ છે. સ્નિગ્ધસ્પર્શ છે. ચીકણો સ્પર્શ. એને હું ભોગવતો નથી. શરીરમાં હોય ચીકાશ. સમજાય છે? એમાં ચીકાશને જુઓને આમ.. શરીરનો ભાગ આમ હોય ને આમ હોય વચ્ચે ચીકાશ થઈ જાય. બહુ ચીકાશ થઈ જાય. આ પરસેવો થાય છે. આ હોય ને આંટા પડે ને? માંસના શરીરના આ વળ આંટા પડે કેટલાકને. એની અંદર એવી ચીકાશ ભરાઈ જાય. ચીકાશ.. ચીકાશ.. શરીરના પરમાણુ એવા. વીંટી ભરાઈ ગઈ હતી. એકને તો વીંટી ભરાઈ ગઈ હતી આ બે વળમાં. મરતા નથી કાઢી. વીંટી અહીં ગરી ગઈ લાગે છે. હોય છે ને? તમારે વળ નથી. તમારે આમ એકલું જાડું છે. કેટલાકને હોય છે આમ. આ છે ને જુઓને આમ અંદર. એવો શરીરનો પ્રકાર છે ચીકાશ. એ ચીકાશ નામની પ્રકૃતિ છે અને એને કારણે શરીરમાં ચીકાશ આવે છે. શરીરમાં નામકર્મને લઈને. સ્પર્શ ચીકાશ એ મારું સ્વરૂપ નથી. એને હું અનુભવતો નથી. આહાહા..!

'**હું રૂક્ષસ્પર્શનામકર્મના ફળને...**' આ ચીકાશ તો ઓલામાં છે હોં એ. આ રૂક્ષ. જીભ લુખ્ખી છે લ્યો. સમજાણું? રૂક્ષ-લુખ્ખીલુખ્ખી સ્પર્શ. જુઓને! ગમે તેવી ચીકાશ હોય તો જીભ અડે ત્યાં .. નાખે. ચીકાશ તો આંખમાં વધારે ચીકાશ છે. પાણી આવે ચીકાશ અંદરથી. એ પ્રકૃતિ છે કર્મની. એને લઈને એ અંદરમાં હોય છે હોં! કેટલાકને લ્યોને પાણીમાં આમ આંખમાંથી પાણી આવે, ચીપડા બહુ વળે. થાય છે કે નહિ? કેટલાકને ચીપડો કાંઈ ન વળે. કેટલાકને ચીપડા વળે. એ બધી પ્રકૃતિ છે કર્મની. આહાહા..! કહે છે કે પણ એ હું છું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નહિ. એ રૂક્ષસ્પર્શનામકર્મની પ્રકૃતિના ફળને હું ભોગવતો નથી.

'**હું શીતસ્પર્શનામ...**' ઠંડી ઠંડું. માથું ઠંડુ રહે. માથે ગરમી રહી જાય. ઠંડુ ક્યાં રહે ખબર છે પણ ભૂલી ગયો પાછો. શીત ક્યાંક રહે છે. ડુંટીમાં ઠંડુ રહે. એ ક્યાંક છે ખરું. લ્યો આ ઠંડુ હોય છે આ. એ આઠેય આવે છે હોં એક ઠેકાણે વાંચ્યું હતું બધું. ભૂલી જાઈએ બધું યાદ રહે છે કાંઈ. આ ઠંડુ, ઠંડુ (રહે), જુઓ આ. ગમે તે હોય તો આ ઠંડી રહે આ કાનની બુટ. કાનની બુટ ઠંડી હોય. એક શરીરમાં આઠેય સ્પર્શ હોય છે અત્યારે. અહીં આઠેય તો અહીં પણ છે હોં. .. પણ આ તો સ્થૂળપણે. પણ એ શીતસ્પર્શના ફળને હું ભોગવતો નથી. આ ઠંડુ શરીર નથી થઈ જતું મરતા આમ? બહુ ટાઢું. પ્રેમચંદભાઈ બહુ જાણપણા હતા. કહે, આ ટાઢું શરીર થઈ ગયું. ટાઢું થઈ ગયું. ભાઈને કીધું હતું શિવા પટેલને. શરીર ટાઢું પડી ગયું છે આનું. નહિ બચે. એમ કહે. હુશિયાર માણસ હતા ને. પણ એને પોતાને મરવાની કાંઈ ખબર ન પડી. એક સેકન્ડમાં ઊડી ગયા. આહાહા..! ફૂ.. જેમ ઓલા જુગલિયાને થાય ને એવું થયું એને લ્યો! જુગલિયાને થાય ને? પતિ-પત્નીને. એક ખાય બગાસું અને એક ખાય છીંક. પતિ-પત્ની બેય મરે. બસ! થઈ રહ્યું. એને કાંઈ ન હોય. છીંક અને બગાસું આવે ત્યાં સ્વર્ગમાં ચાલ્યા જાય. એ પાછા સ્વર્ગમાં જાય. જુગલિયા હોય ને, મનુષ્ય જુગલિયા હોય પતિ-પત્ની. એક ખાય છીંક અને એક ખાય બગાસું. બેય મરી જાય તરત. મેરુ પર્વતની પાસે જુગલિયા મનુષ્યના ભરેલા છે. બબ્બે જુગલ બબ્બે. પ્રસવ બબ્બેનો થાય અને પાછા એ બેય પોતે પતિ-પત્ની થાય. એવો ત્યાં નિયમ છે. મરે ત્યારે એકસાથે મરે, જન્મે ત્યારે એકસાથે જન્મે. મેરુ પર્વતની આસપાસ દેવકુરુ, ઉત્તરકુરુ નામના જુગલિયા છે છ પ્રકારના. ત્યાં આગળ એ બધા અવતાર છે. બધા અનંત વાર ત્યાં અવતાર લીધા છે પણ એને ખબર ક્યાં છે? સમજાણું કાંઈ? કહે છે કે એ શીત નામના કર્મના ફળને હું ભોગવતો નથી. હું ઠંડો-બંડો નથી. આ ઠંડો સ્પર્શ ઠંડો હોં!...

'**હું ઉષ્ણસ્પર્શનામકર્મના ફળને...**' આ ઊનું આવ્યું, જુઓ! આ ઊનું હોય છે. મરે ત્યારે પછી ઓલું થઈ જાય. ઠંડુ થઈ જાય. મરે ત્યારે. અહીં મૂકો ઘી એમ નથી કહેતા? મરે પછી કહે અહીં ઘી મૂકો એમ કહે છે. એ ન ઓગળે તો થઈ રહ્યું, ખલાસ થઈ ગયું. હવે કાંઈ નથી એમાં. ભગવાન આત્મા તો અંદર ભિન્ન છે. આનંદકંદ છે. એને શરીરની પ્રકૃતિની સાથે કાંઈ સંબંધ નથી. એવું જેને અંતરમાં ભાન થાય તે કહે છે કે હું આ ઠંડા-બંડા ફંડા સ્વભાવને ભોગવતો નથી કે ઊના સ્પર્શને હું ભોગવતો નથી. તાવ આવે ને તાવ શરીરમાં ઉષ્ણ સ્પર્શ, આત્માને અડતો પણ નથી એમ કહે છે અહીં તો. ઉષ્ણ તો સ્પર્શ જડ છે. આત્મા ચૈતન્ય ભગવાન છે. અરૂપી આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એવા આત્માના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાનમાં ધર્મીને ઉષ્ણસ્પર્શનો પણ અનુભવ નથી. ઉષ્ણનો અનુભવ નથી. તાવે શેકાઈ જાઉં છું એમ નથી કહેતા કેટલાક? ઠંડુ ઠંડુ પડી ગયું. ઠંડુ હિમ જેવું છે એમ કહે કેટલાક. શરીરમાં પરસેવો બહુ આવે ને. એવું ઠંડુ પડી જાય. હવે તૈયારી છે. ઠંડુ પડી જાય બહુ. હાથ. હાથ ઠંડા હોં! હથેળી ઠંડી, પગ ઠંડા પડી જાય. પહેલા પગે ઠંડી આવે. પગ ઠંડી આવે. ટાઢું એવું લાગે ને. બરફ જેવી લાગે પગની આંગળીઓ. મરવાની તૈયારી. એ જડની પર્યાય છે. આત્માને કાંઈ છે નહિ. માટીની, જડની, ધૂળની. ભગવાન આત્મા જ્ઞાનાનંદ છું. ધર્મી જીવનું જ્ઞાનાનંદનું જ્ઞાનની એકાગ્રતાનો અનુભવ હોય છે. ઠંડા-ઠંડા ઉષ્ણના સ્પર્શનો અનુભવ હોતો નથી. કહો!

'**હું ગુરુસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ભારે ભારે. હાડકા મોટા હોય છે ને મજબૂત કેટલાકના. મોટા ભારે હોય છે. એ હું નથી. આ હાડકા જુઓને! .. કેટલોક હોય છે ને બહુ મજબૂત. એ હું નથી. હું લઘુસ્પર્શ નથી. હળવું હોય આ. .. હળવા હોય છે ને? એ પણ હું નથી. '**લઘુસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો,...**' હું મૃદુ. મૃદુ નામ કોમળ. એ કોમળ શરીર કોમળ હોય છે ને સુંવાળું કોમળ. મૃદુ. નામ કર્મની પ્રકૃતિને લઈને સુંવાળું શરીર દેખાય. '**હું મૃદુસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો,...**' શરીરની જડ દશા છે. હું ભગવાન આત્મા છું. મારે અને જડને કાંઈ સંબંધ નથી. એમ ધર્મીની દૃષ્ટિ આત્મા ચૈતન્ય ઉપર હોય છે. કહો, સમજાણું કાંઈ?

મૃદુ-કોમળતાને હું ભોગવતો નથી. માણસ નથી કહેતા કે આનું શરીર બહુ જ કોમળ છે? એ પ્રકૃતિ છે કર્મની. સમજાય છે? રાજાના શરીર હોય બહુ કોમળ હોય. બહુ કોમળ. જરી તડકો લાગે ત્યાં આમ લાલ થઈ જાય. જરી કાંકરી વાગે ત્યાં કાણું પડી જાય. જુઓને! આ ઓલા કેવા કહેવાય? ... બહુ સુકોમળ શરીર હતું. આ ગૃહસ્થ મોટા ગૃહસ્થ. દીક્ષિત થઈ ગયા. ચાલી નીકળ્યા જંગલમાં. અંતર વૈરાગ્ય... વૈરાગ્ય... આત્મા આનંદમૂર્તિમાં ઊતરી ગયા અંદર. ચાલતા કોઈ દી મખમલની ગાદીથી હેઠે પગ નહિ મૂકેલો. એવા ગૃહસ્થ હતા. ત્યાં બહાર નીકળ્યા, જંગલમાં જાય છે. કાંટા, કાંકરા લોહીધાન થયું. એક કોર બેસે છે ધ્યાનમાં. ત્યાં એને પૂર્વની ભાભી આવે છે. શિયાવણી ખાય છે. ભગવાન આત્મા આનંદના વેદનમાં છે. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. હું તો આનંદ છું. આનંદના વેદનમાં એનું સ્પર્શનું ભોગવવું નથી. ૯૪ થયો, લ્યો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ સુદ ૧૧, ગુરુવાર, તા. ૧૧-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૫૩**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. ૯૪ બોલ ચાલ્યા ૯૪. શું કહે છે? કે આ આત્મા છે એ આઠ કર્મ રહિત છે. જેને સુખ જોઈતું હોય અને સ્વતંત્ર થવું હોય અને ધર્મ કરવો હોય એણે શું કરવું એ વાત ચાલે છે. આઠ કર્મ છે રજકણ કર્મ. આ શરીરથી તો રહિત છે, પણ અંદર આઠ કર્મ છે એનાથી રહિત વસ્તુ છે. કારણ કે કર્મ અજીવ છે અને આત્મા આનંદ અને જ્ઞાન સહિત છે. સમજાણું કાંઈ? એટલે ચૈતન્ય છે એ જ્ઞાયક ત્રિકાળી શુદ્ધ ધ્રુવ ચૈતન્ય બિંબ એ તો વર્તમાન પર્યાય છે એનાથી પણ રહિત છે. સમજાણું કાંઈ? આ તો કર્મ શરીરથી રહિત જ છે આત્મા, કર્મથી રહિત છે. પુણ્ય-પાપના વિકાર જે ક્ષણિક થાય એનાથી પણ વસ્તુ છે એ રહિત છે. વસ્તુ સ્વભાવ છે અને આ છે તે વિભાવ છે. અને જે ત્રિકાળી ધ્રુવ છે એ તો વર્તમાન પર્યાયથી પણ રહિત છે. એટલે વર્તમાન પર્યાય કાંઈ ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે જેની દૃષ્ટિ ચૈતન્ય જ્ઞાયકભાવ કારણપ્રભુ ત્રિકાળી વસ્તુ ભગવાન શુદ્ધ ધ્રુવ છે સદૃશ્ય ચૈતન્ય, એકરૂપ સ્વભાવ છે એવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ છે તેને ધર્મ દૃષ્ટિ અથવા તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. સમજાય છે? એ ધર્મી થયો અને એ ધર્મ કરનાર થયો. ધર્મ કરનાર એમ ભાવના ભાવે છે કે હું તો એક ચૈતન્ય જ્ઞાન, આનંદ ધ્રુવ સ્વરૂપ છું. હું એને અનુભવું છું. હું તો કર્મ અને કર્મના નિમિત્તના સંબંધમાં જે ભાવ થાય એ કાંઈ મારી ચીજ નથી. કહો, સમજાણું કાંઈ? (જે) મારામાં નથી એ મારી કેમ હોય? કર્મ મારામાં નથી, શરીર નથી, વિકાર નથી. હું તો જ્ઞાન ચૈતન્યજ્યોતસ્વરૂપ છું. સ્વભાવ છું. અને સ્વભાવ છે એ તો કાયમી અવિનાશી ત્રિકાળ છે. એવા ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિમાં પોતાના ભાવને અનુભવતો, પરના ભાવને હું અનુભવતો નથી. એનું નામ અહીંયાં ધર્મ અને શાંતિ અને સુખરૂપ દશા કહે છે. કહો, એ સુખી છે એમ કહે છે. કર્મરહિત અને વિકારરહિત, અનંત આનંદ સહિત એવા આત્માની અનુભવદૃષ્ટિવાળો સુખી છે. સમજાણું કાંઈ? એ સુખની સાધનદશામાં પડેલો જીવ એમ ભાવના કરે છે કે સ્પર્શ નામની પ્રકૃતિ જે છે જડમાં એના નિમિત્તનો કાંઈ સંબંધ છે એ મારામાં નથી. અહીં તો આપણે સ્પર્શ આવ્યો છે છેલ્લો ૯૫ કર્કશ સ્પર્શ. ૯૫માં આવ્યું છે ને?

હું એવો ચૈતન્ય ધ્રુવ ચિદાનંદ સ્વરૂપ, જેમાં અનંત આનંદનું ધામ આત્મા છે. વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. દળ પદાર્થ છે, સત્ત્વ છે, સત્નું સત્ત્વ છે આખું. એવો ચૈતન્ય સ્વભાવ, આનંદ અને જ્ઞાયક અનાકુળ રસને હું પોતાનો માનતો, જેને હું માનું છું તેને અનુભવું છું. આ કર્કશસ્પર્શ પ્રકૃતિના ભાવને હું અનુભવતો નથી. ખરેખર તો પરદ્રવ્યને સ્પર્શતો જ નથી. અહીં તો વળી કર્કશ વાત લીધી. સમજાય છે કાંઈ? આત્મા, આત્મા સિવાય પરદ્રવ્યને તો કદી સ્પર્શતો જ નથી. અડ્યો જ નથી અને અડતો પણ નથી. સાચું હશે આ? બીજી નય કહે છે કે સંબંધ છે એમ જાણવા લાયક છે. બીજી કહે છે કે સંબંધ નથી. આદરવા લાયક આ છે એમ બે નય કહે છે. કહો, સમજાણું કાંઈ? એક કહે કે છે તો બીજી કહે કે નથી. ત્યારે બે નય કહેવાય છે ને?

હું પરને સ્પર્શતો જ નથી એ તો ત્રિકાળ સત્ય એક જ વાત છે. સ્પર્શે છે એમ કહેવું એ તો સંયોગનો સંબંધ જણાવવા માટે વાત છે. સ્પર્શતો તો નથી. કહો, સમજાણું? ચંદુભાઈ! અડતો નથી આ. જુઓને! આમ વાગે અંદરથી (તો) રાડ નાખી જાય છે અંદર. જુઓ. રાડ નાખી જાય અંદરથી. એવા ગુમડા હોય, ગદગદી ગયા હોય અને એમાં ખાર છાંટે ખાર. તેજાબ છાંટે લ્યો અંદર સરખાઈનો. રાડ નાખે. આહાહા..! ભાઈ! એ રાડ નથી તારી અને તું નથી અડ્યો એને. ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે તેને ભૂલી અને આ અસ્તિત્વમાં જ્યારે આમાં કાંઈક થાય છે એમાં મને (થાય) છે એવી ભ્રાંતિને લઈને તને દુઃખ લાગે છે. સમજાય છે કાંઈ? એને અડ્યો છે માટે દુઃખ છે, એ તને અડે છે માટે તું અડ્યો છે અને એ અડે છે માટે દુઃખ છે એમ છે નહિ. આહાહા..! બીજું બધું થાય પણ કહે છે એ.. ચીમનભાઈ શું છે? પણ આ શરીરમાં સારું રહેતું નથી. કહેતા હતા ને એક ફેરી? બીજું બધું સમાધાન કરીએ પણ હવે આમાં થાય એ શું કરવું? આ તો જડ છે. જડનો ખોળો છે. ભગવાન તો અંદર જુદો છે. કોથળો માથે આ પહેર્યો એ કંઈ શરીર થઈ જાય? લ્યો, માથે લૂગડું આમ કર્યું. એ કાંઈ શરીર થઈ જાય? એમ શરીરનો ખોળો પહેર્યો એ કાંઈ આત્મા થઈ જાય? બેય સરખે સરખું છે. આહાહા..! આ લૂગડું નાખ્યું. લૂગડા અને શરીરને શું સંબંધ છે? કાંઈ છે? આ લૂગડું છે એ શરીર છે? એમ આ શરીરનો એક પિંડલો પડ્યો છે. પણ એ તો જ્ઞાનરૂપી અરૂપી ચૈતન્યઘન છે. ચૈતન્યરત્ન, ચૈતન્યરતન ચૈતન્યરતન અંદર અરૂપી જ્ઞાનઘન ચૈતન્ય રતન છે. એ ચૈતન્ય રતન ઉપર ખોળો પડ્યો એટલે એ ખોળો એનો થઈ ગયો? આત્મા એનો થઈ ગયો? ખોળો એનો થઈ ગયો નહિ પણ આત્મા એનો થઈ ગયો? આ તો વસ્તુ અરૂપી છે પણ અરૂપી વસ્તુ જ મહાન છે એમ કહે છે અહીં તો. આ તો વળી સાધારણ થોથા. આટલા આટલા નાના નાના રજકણ ભેગા થઈને (બનેલું છે). ઓલું તો એક જ ચૈતન્ય રત્ન આખો સ્ફટિક ચૌદ બ્રહ્માંડનો નાથ. ત્રણ કાળ ત્રણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લોકને એક સમયમાં જાણે એવી તાકાતવાળું ચૈતન્ય રત્ન અરૂપી ભગવાન દેહદેવળમાં બિરાજમાન શુદ્ધ આનંદકંદ છે. સમજાય છે કાંઈ? એવો સ્વભાવ ચૈતન્ય સ્વભાવમય રતન એવો હું એ મને પોતાના ચૈતન્ય સ્વરૂપ રૂપી આત્મા તેને હું વેદું અને અનુભવું. એ મારી જાત, એ મારી ભાત. પણ કર્કશસ્પર્શને અનુભવું કે એના તરફના વલણના રાગનો અનુભવ એ હું છું નહિ. કહો, સમજાણું આમાં?

સાતમી નરકના નારકી આમ કરવતે વેરતા હોય લ્યો. વેરીઓ. ત્યાં સાતમી નરકે નથી. ત્રણ સુધી છે. ત્રણ નરક સુધી. બાંધે લોઢાના મોટા થાંભલા સાથે. બાંધીને પછી હલવા ન દે. પછી કરવતે કાપે. એની વ્યથા. ઘણ મારે. પણ ભગવાન આત્મા સમ્યગ્દૃષ્ટિ છે એને આ સ્થિતિ કોઈ વેરી ત્યાં કરે, છતાં એના અંતરમાં હું તો ભિન્ન ચૈતન્ય છું ને. મારો તો રાગથી ભિન્ન સ્વભાવ છે. ભિન્ન સ્વભાવ છે, જુદા સ્વભાવનું હોવાપણું, પરથી ભિન્ન સ્વભાવના હોવાપણે આ હું છું એના ઉપર અંતર દૃષ્ટિ અનુભવ હોવાથી તે વેદનને વેદતો નથી. અડતો નથી એમ કહે છે અહીં તો. કરવત માથે પડી હોય તો અડતી નથી એને. કહો, સમજાણું કાંઈ? અમથી અજ્ઞાનીને પણ અડતી નથી. કોઈને અડતી નથી. પણ ઓલાને એમ છે, આ! દૃષ્ટિ આમ બહાર છે ને. આહાહા..! જુઓને! નરકમાં આવે છે ને? પહેલા નારકીના ચિત્ર રહેતા. સામે રહેતા ને? તેજાબ પાય તેજાબ. બહુ જૂઠા બોલ્યા હોય ને જીભ કાઢી અને જમડા, જેલર હોય ને અહીં એમ જમ. સમ્યગ્દૃષ્ટિ હોય એને પણ હોય એવું. આહાહા..! ઓલો અનંત સંસારમાં રખડવાનો હોય છે. પરમાધામી હોય એ. અનંત ભવ કરવાનો હોય. આને બે ભવ, ત્રણ ભવે મોક્ષ જવાનું હોય છે. લ્યો! એ આમ કરે.

ભગવાન આત્મા મારી ચીજ જ જ્યાં ભિન્ન પાડી નાખી છે. રાગથી જ્યાં ભિન્ન અભ્યાસ કરીને પાડી છે. ભેદ અભ્યાસ જેનો. આવે છે ને? નિયમસારમાં આવે છે. ભેદજ્ઞાન. ત્યાં પણ આ ભેદજ્ઞાન છે. ભેદઅભ્યાસ છે. હું છું ને હું... હું... હું... એ પાંચ ગાથા. પછી ભેદ અભ્યાસ આવે છે. પછી પાંચ હજી આવે છે. એમાં નાખ્યું છે. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**'. જેણે ભગવાન આત્માને રાગ અને શરીર ને કર્મથી વસ્તુ સ્વરૂપ જે રીતે છે એ રીતે ભેદ પાડીને અનુભવ્યો, જાણ્યો અને ઓળખ્યો છે એને પર તરફના લક્ષનું વેદન છે નહિ. કહો, સમજાણું કાંઈ? '**હું કર્કશસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' લ્યો! એમ લઈ લેવું. ૯૫ થઈ એ. ૯૬.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કર્કશ છે કીધું હતું ને આ? કર્કશ શેમાં નાખે છે? ક્યાંક છે ખરું. આ લુખ્ખામાં જાય છે. આ નખ આદી કર્કશ છે લ્યોને. નખ. લખાવ્યા હતા. એક ઠેકાણે લખ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે, એક ફેરી વાંચ્યા હતા. ... થઈ ગયો. લખ્યા હતા. પણ એ તો એક ઠેકાણે આઠ છે. અહીં તો લખ્યા હતા તો .. રૂપે લખ્યા હોય. બાકી બધે આઠ આઠ છે. કારણ કે ચાર-ચાર સ્પર્શી સ્કંધ હોય છે એવા બીજા ચાર સ્પર્શ જુદા ને આ ચાર જુદા એમ કરીને ભેગા થઈને આઠ થઈ જાય છે. એક સ્કંધ આઠ સ્પર્શનો ન હોય. સમજાણું? કેટલું એમાં જાણવું! સમજ્યાને? એકમાં ચીકાશ હોય તો લુખાશ ન હોય, લુખાશ હોય તો ચીકાશ ન હોય. સુંવાળું હોય તો કર્કશ ન હોય અને કર્કશ હોય તો સુંવાળું ન હોય. એ ચાર અને બીજા ચાર. એ વિરૂદ્ધના છે. બે ભેગા થઈને આઠ ગણાય આ. સ્કંધ તો ચારનો જ હોય.

અહીં તો કહે છે કે કોઈ સ્કંધને હું અડતો જ નથી ને. મારામાં છે જ નહિ ને. જે નથી એને શું અડું? અને છે એને સ્પર્શ કરું છું. એમ કહે છે. મારો સ્વભાવ તો આનંદ અને જ્ઞાન છે. એ ધ્રુવને અડતા જે આનંદ આવે તેને હું સ્પર્શું છું એમ કહે છે. ધ્રુવને પર્યાય નથી તો ત્યાં અડ્યું ક્યાંથી પાછું? સમજાણું? એ ધ્રુવમાં પર્યાય નથી ને? નથી એ એક ન્યાયે વાત છે પણ આમ ધ્રુવ ઉપર એકાગ્ર થાય છે એ પર્યાય થાય છે. કાંઈ ધ્રુવ થાતો નથી. ધ્રુવ તો ધ્રુવ છે ત્રિકાળી એકરૂપ છે. બંધ, મોક્ષ, પર્યાય વિનાનું એકરૂપ છે. સમજાણું કાંઈ? પણ એમાં એકાગ્ર થાય છે ત્યારે એમાંથી નિર્મળ પર્યાય આવે છે એ પર્યાયને એકાગ્ર કહેવામાં આવે છે. આરે..! વસ્તુ તે... સમજાણું? એ આનંદરસ આત્મા એમાં એકાગ્ર થતાં આનંદનો રસ વેદે એને ચૈતન્ય સ્વરૂપ આત્માને અનુભવું છું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ધર્મી સુખપણાને જ વેદે છે એમ કહે છે. ધર્મીને દુઃખ નથી. અને દુઃખી છે તે ધર્મી નથી એમ કહે છે. લ્યો ઠીક! એય..! મનસુખભાઈ! શું આ કહે છે? એ દુઃખી એ ધર્મી નથી. નિર્ધન હોય, રોગ હોય એ દુઃખી છે એ કાંઈ ધર્મી હોય? દુઃખી એ ધર્મી નથી. ત્યારે દુઃખી કોણ? કે નિર્ધન હોય, રોગી હોય, દીકરા-દીકરી... એ દુઃખી. એય.. ન્યાલભાઈ! દુઃખી તે ધર્મી નથી અને ધર્મી તે દુઃખી નથી. એનો અર્થ એ કે વસ્તુસ્વરૂપ છે એ આનંદમૂર્તિ છે. એના અંતર દષ્ટિના અનુભવને લઈને ધર્મી સુખી છે. બહારના સંયોગની અપેક્ષાએ સુખ-દુઃખની કલ્પના એ તો અજ્ઞાનીની કલ્પના છે. સમજાણું કાંઈ?

સાતમી નરકનો નારકી એને ચોખાનો દાણો મળે નહિ, પાણીનો બિંદુ મળે નહિ. સુવાને પત્થરની સુંવાળી કટકી ન મળે. આમ હજારો વિંછી જેમ કરડે એવી જેની પત્થરની વેદના છે હેઠે. એક શરીરે આમ વિંછી હજારો કરડતા હોય એવી તો પત્થરની જમીન છે. એમાં પડ્યો સમ્યગ્દષ્ટિ સુખી છે. કહો, સમજાણું કાંઈ? સુખ-દુઃખના સંયોગ અને વિયોગની ઉપરની વ્યાખ્યા છે જ નહિ. હા. સંયોગ-વિયોગની વ્યાખ્યા ખરી. કઈ? કે દુઃખના પરિણામનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિયોગ અને સુખના પરિણામનો સંયોગ. લ્યો, વળી આવ્યું સંયોગ-વિયોગનું.

આવે છે કે નહિ? પંચાસ્તિકાયમાં આવે છે પર્યાયનું. સમજાય છે કાંઈ? આત્મા છે નિત્યાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ. એને પોતાની નિર્મળ પર્યાયનો સંયોગ થવો એ સુખી. અને વિકારી પર્યાયનો વિયોગ થવો તે સુખી (છે). અને દુઃખી? જેને વિકારી પર્યાયનો સંયોગ થવો અને નિર્વિકારી પર્યાયની ઉત્પત્તિનો જેને વિયોગ થવો એ દુઃખી છે. લ્યો કહો. સમજાણું કાંઈ આમાં? કેમ બરાબર છે? સંયોગ-વિયોગ ઉપર નાખ્યું.

મુમુક્ષુ :- બેય હોય તો?

ઉત્તર :- બે હોય જ નહિ. બહારના સંયોગની અહીં વાત જ નથી. આ તો આત્મા વસ્તુ છે આનંદસ્વરૂપ ચિદાનંદ સ્ફટિક રત્ન, ચૈતન્યરૂપી સ્ફટિક રત્ન. એને અંતરમાં એકાગ્ર થતાં જે નિર્મળ પર્યાયનો સંયોગ થાય તે સુખી. અને અંતરમાં એકાગ્ર ન થતાં, વિકારમાં એકાગ્ર થાય, વિકાર પર્યાયનો સંયોગ થાય તે દુઃખી. એ નિર્ધન. મલૂકચંદભાઈ! આ તો બીજી વ્યાખ્યા નીકળી.

જેને ભગવાન, ધનવંત ભગવાન અનંત લક્ષ્મીનો... કાલે કહ્યું હતું. ઓલામાં કાઢ્યું નહોતું? પરમ શબ્દ આવે છે ને ભાઈ? આવશે ને સવારમાં. પરમ શબ્દ આવશે. પરમમાં ટીકાકારે બે અર્થ કર્યા. પર-ઉત્કૃષ્ટ, મમ લક્ષ્મી. પરમ શબ્દમાંથી બે કાઢ્યા ભાઈ. કહ્યું ને? પરમ-પરમના બે અર્થ કર્યા. આત્મા પરમ છે. પર એટલે ઉત્કૃષ્ટ અને મમ એટલે મા. મા એટલે સ્વરૂપની ચૈતન્ય જ્ઞાયક કેવળજ્ઞાન લક્ષ્મી. એને પરમ કહીએ. સમજાણું કાંઈ? પરમ એક પરમના બે અર્થ છે આખા. પર-ઉત્કૃષ્ટ, મમ-મા. ઉત્કૃષ્ટ મા સ્વરૂપની લક્ષ્મીવાળો આત્મા તેને પરમ કહીએ. બાકી બીજાને અધર્મ અને અપરમ કહીએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં છે. બતાવ્યું હતું સવારે. સંસ્કૃતમાં. સમજાણું? છે ને આમાં? કાલે આવશે. આમાં આવશેને કાલે? આ શ્લોક (૧૩૨) છેલ્લો છે ને? ભેદજ્ઞાનમાં આવે છે ને? '**बिभ्रतोषं परममला लोकम्मलानेकं।**' પરમની વ્યાખ્યા. પરમ-પરા. પરમ-પરા. ... પરમ. મમ અનુસ્વાર. પરા ઉત્કૃષ્ટા, મા-... લ્યો! જેમાં જ્ઞાનલક્ષ્મી પડી છે. ચંદુભાઈ! લ્યો! ભગવાન આત્મા પર નામ ઉત્કૃષ્ટ લક્ષ્મી જ્ઞાન પડી છે. અતીન્દ્રિય આનંદના સહિતની જ્ઞાનલક્ષ્મી આત્મામાં પડી છે. એ આત્મા પરમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો! બીજા ચાર ભાવને અપરમ કહે છે. આ તો આ પરમભાવ ત્રિકાળી. અને એમાંથી પણ એક સમયની પર્યાય નિર્મળ થઈને જે પ્રગટ થઈ કેવળજ્ઞાન એ આત્માની પરમલક્ષ્મીસંપન્ન આત્મા કહેવાય છે. કહો, સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જેણે ભગવાન આનંદ પ્રભુ એના અંતર્મુખ ભેટા કર્યા, એ ભેટામાં જે ભગવાનની પર્યાય નિર્મળ થઈ એને અહીંયાં ઉત્કૃષ્ટ લક્ષ્મી કહેવામાં આવે છે. બીજાની અપેક્ષાએ હોં! પરમ વસ્તુની અપેક્ષાએ બધા અપરમ. સમજાય છે કાંઈ? એનો અનુભવ ભોગવટો તે સુખી છે. અને જે કાંઈ પરમ વસ્તુ ઉત્કૃષ્ટ છે એની દૃષ્ટિ છોડી અને રાગ ને વિકાર ને મિથ્યાભ્રમમાં પડ્યો છે એ દુઃખી છે. એને દુઃખની પર્યાયનો સંયોગ થાય છે. ધર્મીને સુખની પર્યાયનો સંયોગ થાય છે. અને દુઃખની પર્યાયનો વિયોગ થાય છે. અજ્ઞાનીને સુખની પર્યાયનો વિયોગ થાય છે. એટલે સુખની પર્યાય પ્રગટ થતી નથી. એમ વિયોગ થાય છે. આવે છે ને કર્તાકર્મમાં? ઉત્પન્ન થતી જ નથી તેને એમ કીધું ઉદાસીન છે.

ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ નથી અને પુણ્ય-પાપના સુખ-દુઃખની કલ્પનાની દૃષ્ટિ છે એને ભગવાન આત્માની નિર્મળ શુદ્ધ પર્યાય સુખની એનો એને વિયોગ છે અને દુઃખની પર્યાયનો એને સંયોગ છે. સંયોગ અને વિયોગ આ રીતે વર્તે છે. બહારની સાથે કાંઈ સંબંધ નથી. પરની સાથે શું સંબંધ છે? એની મર્યાદા જ એની પર્યાય અને ધ્રુવમાં જ વર્તી રહી છે. પરની સાથે કાંઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એના સત્‌ની દશા અને સત્‌પણું ત્રિકાળ, બસ! એટલામાં એની મર્યાદા છે.

હવે સત્‌પણું જે ત્રિકાળ છે એ તો આનંદકંદ એકરૂપ છે. એમાં કોઈ કાર્ય, પરિણમન, પર્યાય એ તો છે નહિ. એટલે એને અનુભવવું નથી. એવો આનંદસ્વરૂપ ભગવાન આત્મા, ચૈતન્યરત્ન એમાં દૃષ્ટિ આપતા, એમાં એકાકાર થતાં જે શાંતિ અને આનંદની પર્યાય પ્રગટે તે પર્યાય નહોતી અને પ્રગટી એ અપેક્ષાએ એને સંયોગ કહેવામાં આવ્યો. અને પહેલાની જે દુઃખની પર્યાય હતી એનો વ્યય થયો. રાગ સાથે એકત્વ પર્યાય દુઃખનો વિયોગ અને સુખનો સંયોગ. આને સુખી-દુઃખી કહેવામાં આવે છે. કહો, હવે આ અર્થો બધા ફરી ગયા. આ બધા પૈસાવાળા અને બધા રૂપાળા ને બધા મોટી ફાંદવાળા મોટા સુખી કહેવાયને. એ મોટા નાગર જેવા શરીર રૂપાળા હોય, પાંચ હાથ લાંબા હોય, ધોળા રૂપાળા પિંડલા જેવા. ગાલ પિંડલા જેવા. આમ લોહી નીકળે. દાબે તો લોહી નીકળે અંદર. લાલ.. લાલ... લાલ.. લાલઘુમ જેવું. ભગવાન આત્મામાં આનંદકંદમાં જો દાબે ને એકાગ્ર (થાય) તો આનંદ નીકળે એમ કહે છે. અહીં લોહી નીકળે ત્યાં ક્યાંય સુખ નથી. આહાહા..! સમજાણું? હું તો કોઈને અડતો જ નથી એમ કહે છે. રાગને અડતો નથી. મારામાં સ્પર્શગુણ નથી. પણ રાગ છે એ ભલે અસ્પર્શી છે. એને હું સ્પર્શતો નથી એમ કહે છે.

'**હું મધુરરસનામકર્મના ફળને...**' રસ આવ્યો હવે. એ મારા આત્માના આનંદરસ આગળ.. લ્યો! આ મધુર મીઠો રસ કહેવાય ને. એઈ..! ગોળનું ગળપણ. ગોળ-ગોળ ગળ્યો, મીઠો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગળ્યો મીઠો. શેરડીનો રસ કેવો? કે મીઠો સાકર જેવો. શું કહેવાય? ગાજર-બાજર આવે ને નવા તો કેવા કહે? આમ સાકર જેવા છે એમ કહે. ગાજર ગાજર. હોય તો અનંતકાય અનંત જીવ. ગળ્યા સાકર જેવા. ગાજર સમજો છો? ગાજરને શું કહે? નવા નવા આવે લાલ લાલઘુમ. કુણા તાજા નવા. પહેલા તો બે પૈસે શેર હતા. અત્યારે તો મોંઘું થઈ ગયું છે. શક્કરકંદ-શક્કરકંદ. શક્કરિયા.

મુમુક્ષુ :- .. બીજી જાતનું.

ઉત્તર :- હા, એ બીજી જાતનું. એ અનંતકાય છે બધી. એવા તો મીઠા એવા શક્કરિયા એવા મીઠા. મીઠા પણ એ તો જડની દશા છે માટીની, ધૂળની. મધુરરસ તો જડનો છે. એ જડને અડે છે અહીં? મધુરરસ આત્માને અડે છે? અડે તો તો એ જડ છે તો આત્મા જડ થઈ જાય. મધુરરસ તો જડની દશા છે. રસ નામના ગુણની એક મધુર નામની અવસ્થા છે. રજકણમાં રસ નામની શક્તિ છે એની મધુર નામની અવસ્થા છે. આત્મામાં એવી અવસ્થા છે? આત્મામાં આનંદગુણનો ગુણ છે, એની એકાગ્રતા થતા એ મધુર નામ આનંદની અવસ્થાની પર્યાયરૂપે થાય તેને હું વેદું. મધુરરસને વેદતો નથી. એ હું ખાટો, ગળ્યો થતો જ નથી એમ કહે છે. લ્યો! એય..! ચીમનભાઈ! શું પણ ત્યારે એ વખતે સાકર ગળી લાગે, લીંબું ખાટું લાગે. મોઢું ખારું ધૂધવા થઈ જાય. મોઢું ખારું ધૂધવા થઈ જાય છે ને? બહુ હોય ખીચડી એવી ખારી સરખાઈની. એક ધોબો નાખ્યો હોય અને બીજીએ આવીને નાખ્યું હોય એમાં. એ જાણે રહી ગયું હશે. પછી ખીચડી ખાય તો... બાયું હોય ને બે-ચાર ઘરમાં. ખીચડીમાં એકે નાખ્યું હોય, બીજી કહે નાખ્યું હશે કે નહિ? લાવને નાખું. નાખે ને જ્યાં થાળીમાં આવે ત્યાં ખારી ધૂધવા ખીચડી. એય.. કોણે કર્યું છે? કોણ બોલે ઈ? એ બધા હતા હવે શું તમારે કહેવું છે કહોને. .. હોય ને એની સાસુને. બધા હતા હવે અમે. કહો, ન્યાલભાઈ! અને ઓલો હોય સત્તાપ્રિય માણસ પાછો. ભાણુ ખખડાવે એવો સરખાઈનો. કોણ હતું આ? ઘરની બાયું બોલે, બધા હતા હવે શું થયું? મીઠું પડી ગયું હશે વધારે, શું થયું? લ્યોને.

મુમુક્ષુ :- એમ કરીને ઢીલું કરી નાખે.

ઉત્તર :- ઢીલું કરી નાખે. બધા હતા અને હું પણ હતી એમ કહે. કહો, તમારે કહેવું હોય. પણ ખારું કોણ થયું છે પણ? ખારું કોણે ખાધું? સાંભળ તો ખરો. મૂર્ખાઈ પેઠે રાડ ક્યાં નાખી તેં? મોઢાની પર્યાયને ખારી અડી નથી. એ ખારી ખીચડી મોઢાને અડી નથી.

મુમુક્ષુ :- જીભને?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- જીભને અડી નથી. તો આત્મા જીભને અને મોઢાને અડે અને ખારો થાય એ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા. કકળાટ કરે. ત્યાં તો દ્વેષ કરવો છે ને ધર્મ ક્યાં કરવો છે? આહાહા..! બતાવવું છે ને કે અમે ધર્મ કરીએ છીએ. આંબેલ કરીએ આટલા દીના. આંબેલ કરીએ. ખાટા થઈ ગયા અમે. આહાહા..!

ભગવાન આત્મા, જેનામાં અતીન્દ્રિય આનંદનો મધુર મીઠો રસ છે. આવે છે ને? કર્તાકર્મમમાં નથી આવતું? મધુર. કર્તાકર્મમાં આવે છે. મધુરરસ આવે છે. મીઠો આત્માનો આનંદરસ.

મુમુક્ષુ :- અત્યંત મધુર.

ઉત્તર :- હા, અત્યંત મધુર છે ને. ઓલાને કષાયેલો કીધો છે. સમજાણું કાંઈ? બધું ઘણું ભર્યું છે. સમયસારમાં તો મોટો ઢગલો ભર્યો છે. એકે એક વાત ભરી છે. ૪૧૫ (ગાથા) અને ૪૧૫ની ટીકા.

કહે છે કે ભાઈ! ધર્મી તો પોતાના મધુર આનંદરસનો સ્વાદી છે. એ મધુરરસનો સ્વાદી જગતના જડનો નથી. મધુર અડતો પણ નથી પછી શું? '**હું મધુરરસનામકર્મના ફળને નથી ભોગવતો,...**' કહો, સમજાણું કાંઈ? આ મોઢામાં શું કહેવાય? અમી. અમી કહેવાય છે ને આ? જુઓને! એમાં ઉતાર્યું વળી. તમે બોલ્યા ઈ ખ્યાલ આવ્યો પાછો. રસમાં ઉતરે છે કે નહિ? કીધું. અમી નથી નીકળતી? શ્રીમદ્દે લખ્યું ને સુધા? જડની પર્યાય છે એ અમી. ઓલા ખુશી ખુશી થઈ ગયા. લખ્યું અપેક્ષાએ જ્યાં તો. અમી ઝરે ને અમી? બહુ એકાગ્ર થાય તો વધારે અમી ઝરતું હોય, ધૂળ શું એમાં મીઠાશ? સુધારસ જેને કહે છે. ધૂળનો સુધારસ છે. એ મધુરરસ એ ધૂળના પરમાણુનો રસ છે. એનો સ્વાદ (આવતા) એમાં મજા થઈ જાય કેટલાકને. બસ. ઓહોહો..! સુધારસ થઈ ગયો આપણને. સુધારસને ચાટીએ છીએ. ધૂળ છે એ તો.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનનું કારણ લખ્યું છે.

ઉત્તર :- ધૂળેય નથી. એ તો ઓલાને ઊભો રાખ્યો. સાંભળને. અમે કહીએ એમ સાંભળને, તું સમજને. તું થઈ ગયો જાણે મધુર સ્વાદ થઈ ગયો સુધા. ઓહોહો..! એ તો જડની ક્રિયા અનંત વાર કરી છે. સાંભળને! અભવ્ય કરે છે. એમાં શું છે પણ? સમજાણું?

'**મધુરરસનામકર્મના ફળને નથી ભોગવતો,...**' નથી ઓલી બાઈ એક આવી હતી ને ક્યાં એની ભત્રીજી? સોભાગભાઈની ભત્રીજી. રાજકોટ. .. હતા ને. ..ચંદભાઈ લાવ્યા હતા. .. શું છે પણ? શું છે? એ તો જડ છે. સુધારસની પર્યાય તો જડ છે. એમાં આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્યાં આવ્યો? બાદશાહી વેદાય છે બસ!

અહીં કહે છે કે એ તો અમી.. નથી કહેતા લોકો નથી અમી કહેતા? બહુ અમી આવે. અને સૂકાઈ જાય ત્યારે ન આવે. અમી સૂકાઈ જાય તો ન આવે. અમી સૂકાઈ જાય છે ને. અમી લાવવા માટે પછી મહેનત કરે છે ને? બહુ સૂકાઈ જાય ને? અમી લાવવા માટે ઓલા ખાટા આંબલીના ઓલા હોય ને આંબલી? કાતરા આંબલીના. સમજાય છે? એક રાજાને અમી ખૂટી ગઈ હતી. અમી ન આવે. બહુ ઉપાય કર્યા, લાખો-હજારો ખર્ચ્યા. એક વૈદ આવ્યો કે આને અમી નથી આવતી શું કરવું? પછી આંબાના કાતરા આવડા આવડા લાંબા બસ્સો-પાંચસો લાવીને તોરણ કર્યું. જ્યાં બેસતો હતો ત્યાં. આમ બાંધ્યા અને અંદર બેઠો ત્યાં આમ અમી આવી. ખાતો નહોતો ને બધું. આંબલીના કાતરા હોય ને લાંબા-લાંબા આવડા મોટા. બેસાડ્યો એની અંદર. થોડીવાર થઈ ત્યાં અમી આવી.

મુમુક્ષુ :- નિમિત્તથી કેટલો લાભ થયો!

ઉત્તર :- જુઓ! નિમિત્ત થયું કે નહિ? પણ એ તો થવાનું હતું ત્યારે પર્યાય થઈ ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવ્યું. બીજા ઘણા લાખો રૂપિયા ખર્ચ્યા હતા લ્યો. એ રાજાની એક વાત આવે છે. અમી ખુટી ગઈ. કેટલા પૈસા ખર્ચ્યા અને ઓલાથી થયું. લ્યો. એક પાઈની દવાથી અમી આવ્યું લ્યો.

મુમુક્ષુ :- હુશિયાર હશે.

ઉત્તર :- શું હુશિયાર? નરકમાં છે હુશિયાર. એ તો પર્યાય થવાની હોય એમાં કર્યું શું એણે?

ભગવાન આત્મા એ મધુરરસનો મધપુડો આત્મા છે. આહાહા..! જુઓને! મધપુડામાંથી મધ ઝરે છે કે નહિ? જુઓને! ઓલા મધપુડાના રસના સ્વાદીયાનો આવે છે ને દાખલો? આમ વડ ઉપર. ડાળ ઉપર ઊભો છે. એ ડાળને ઉંદર કાપે છે. હેઠે હાથી ડાળને ઝાલીને હલાવે છે. હેઠે મોટો કૂવો છે. આવે છે ને? કૂવામાં મોટા અજગર લાંબી જીભ કાઢે છે. દેવ આવીને કહે છે, બેસી જા વિમાનમાં. અદ્ધરથી બેસી જા. પગ મૂકી દે અહીં. ભાઈસા'બ ઓલું ટીપું આવે છે ઉપરથી. એ એ ટપક્યું હમણાં. એમ લેતો જાય. એક આવે ત્યાં વળી બીજું ટપકે. મલૂકચંદભાઈ! એમ જગતનો એક રસ આ લીધો અને બીજો રસ આ લઉં અને ત્રીજો રસ પછી કરીશ. દીકરાને પરણાવ્યા, હવે દીકરીને પરણાવી પછી આ કરું... પછી આ કરું... પછી મકાન કરું... પછી આબરૂ કરી.. પછી બાયડીનું કરવું... પછી ઢીંકણાનું કરવું... કરી કરીને હવે હમણાં કરવાનું નથી. આ કર્યા પછી વાત. એ કર્યા પછીમાં પહેલું આવે નહિ અને પછીપણું જાય નહિ એને. આહાહા..! કહો, સમજાણું આમાં?

ભાઈએ તો ત્યાં સુધી લખ્યું છે ને એકવાર ન્યાલભાઈએ. નહિ? આટલું વાંચી લઉં, આટલું ભણી લઉં પછી ધ્યાન કરશું. એમ લખ્યું છે. સમજાણું? પછી કરશું આપણે, પછી કરશું. થોડું આ કરીને પછી કરશું. પણ પછી કે દી હવે? કરને અહીંથી શરૂઆત કરને. શરૂઆત કર્યા વિના તારો ક્યાં આરો આવે એવો છે. એય..! ન્યાલભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે હું મૃદુરસનામકર્મને ભોગવતો નથી. હું તો ચૈતન્ય સ્વરૂપ આત્માને જાણનારો-અનુભવનારો છું. જાણીને એને જાણીને જ્ઞેય કરીને અનુભવું છું. આને તો જ્ઞેય કરતો નથી. જાવ. સમજાણું? એને મારે જ્ઞેય ક્યાં કરવું છે? મારું સ્વરૂપ છે એને જ્ઞેય કરું છું એમાં એ જણાય જાય. જણાય જાય એ જાણવું હોય એ.

'**હું આમ્લરસનામકર્મના...**' આમ્લ નામ ખાટો. ખાટો રસ ખાટો. કેટલાકને ખાટો બહુ ગોઠે. હોય છે ને? આંબલીના કાતરા ગોઠે ખાટાં. ખાટા ઢોકળા. ઢોકળા હોય છે ને ચોખાના બહુ ખાટા હોય. છાશ નાખીને કરે ને? છાશ નાખીને, આથો નાખીને. આથો કહે છે ને? સાંજે નાખે તે સવાર સુધી આથો નાખે. સડે સરખાઈનો. પછી સવારે ઢોકળા થાય. એટલો સડો આથો. સાંજથી નાખ્યો હોય અને સવાર પડે અને એ ચોખા જો ખાટા અને એમાં પછી સરખાઈનું તેલ હોય અને એમાં મસાલો સરખાઈનો. ... ખાતા હોય તો લસણ પણ ખાય સરખાઈનું. લસણનો મસાલો અને ઢોકળું આમ ઉપર પાથરે થોડું. ઢોકળા ઉપર એ નાખે મરચું. બસ! આજ ઢોકળા જ ખાવાના છે. ઢોકળા અને તેલ. બીજું રોટલી, રોટલા કાંઈ છે નહિ. ચોખા અને ઢોકળા બધું ભેગું છે એમ કહે બૈરા. ધૂળ છે. એ તો ખાટું જડ છે. સમજાણું કાંઈ? ઢોકળા સમજો છો? શું કહે છે તમારે? આ ચોખાના નથી થતાં? ચોખાના થાય. અહીં તો વાટકામાં નાખે, કાચના ઓલામાં નાખે. કાચના હોય ને ઓલા? ..માં નાખે. કાચનામાં નાખે. આવડા આવડા કાચમાં નાખે સરખા ઢોકળા. ઘણા ઘણા પ્રકાર આવે. ધૂળેય નથી કહે છે. સાંભળને! આ ઢોકળું આખું આનંદના કંદનું પડ્યું છે અહીં. પાકેલું પડ્યું છે અહીં. એય..! આહાહા..! મહાપક્વ છે પ્રભુ.

એ ખાટા રસને મૂકીને હું તો ચૈતન્યના સ્વરૂપને અનુભવું છું. એ ખાટા રસને હું ભોગવતો નથી. ઓલો તો ખાટો રાગ એકાકાર થઈ જાય જાણે કે ઓહોહો..! શું પણ આજે ખાટા ઢોકળા હતા! શું ખાટા! આથો નાખતા આવડ્યો છે બાઈને. એમ વખાણ કરે. એમાં ત્રસ ભર્યા હોય. સાંજથી સવાર સુધી રહે એમાં તો ત્રસ પડે ત્રસ. ઝીણી ઝીણી જીવાત પડે. સમજાય છે? એવો ખોરાક તો આર્ય માણસને હોય નહિ. એમાં ત્રસ (જીવો) છે. આ તો સારી ખાટી ચીજ ચોખ્ખી કોઈ હોય, તો પણ એના તરફનું લક્ષ અને એનું જ્ઞાન એ મારું નથી. આની કોરનું જ્ઞાન અને આનંદ તે મારો છે. એમ કહે છે લ્યો! સમજાણું કાંઈ?

'**તિક્તરસ...**' તીખો-તીખો. લ્યો! તીખારસને હું ભોગવતો નથી. તીખા હોય છે ને આ? મરચા તીખા. તીખા-તીખા, કાળા તીખા, ધોળા તીખા આવે છે ને? કેટલાકને ઈ રસ હોય. ઢોકળા અને ઓલો તીખાનો ભૂક્કો હોય ઈ ખાય કેટલાક. ઢોકળા સાથે. આવે છે ને બધા વાતું સાંભળી છે ને. અને ..નો આવે છે એક. '**હું તિક્તરસનામકર્મના ફળને નથી ભોગવતો,...**'

'**હું કટુકરસનામકર્મના ફળને...**' કડવું... કડવું... કડવું... કડવું હોય છે ને? આ દવા કડવી, આ અંતરછાલ કડવી. ઓલા આવે છે ને? કારેલાં કડવા. છાલ કેવી? બીજી આવે છે ને બહુ કડવી આવે છે. બહુ કડવી નથી આવતી? કડુકડવું. કડુકડવું બહુ કડવું આવે. એવું કડવું કે અંદર... એ તો જડની પર્યાય છે. એમાં તારું લક્ષ કર એ જ્ઞાન ક્યાં તારું છે? એનું જ્ઞાન એ તારું નથી અને એ તો તારી (ચીજ) ક્યાં છે? એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું? અહીં તો કડવારસના ફળને હું ભોગવતો નથી.

'**હું કષાયરસ...**' કષાયેલો. સમજ્યાને? કષનામકર્મ ભોગવતો (નથી). તુરો. તુરો. કષાયેલો એટલે તુરો. તુરી ચીજ હોય છે ને? બાવળનું દાંતણ, ફલાણું એ તુરી ચીજ છે. એના ફળને ભોગવતો નથી. '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' '**હું સુરભિગંધનામકર્મના ફળને નથી ભોગવતો,...**' સુરભિગંધ. જેની સુગંધ આવે. એવી સુગંધ. ફોરમ-ફોરમ કહે છે માણસ. ફૂલની ફોરમ. એવી ફોરમ. એવા વાસક્ષેપ નાખે ને. ફોરમ-ફોરમ થઈ જાય. આહાહા..! નાકનો વિષય અને માને કે આપણે કાંઈક ધર્મ કરીએ છીએ. વાસક્ષેપ-વાસક્ષેપ. વાસક્ષેપ નાખે ત્યાં આગળ હમ્પીમાં. હાથમાંથી વાસક્ષેપ નાખે. બાઈ છે ને કાંઈક. અંધારે નાખે. ક્યાંથી આવે કોણ જાણે ચમત્કાર લાગે. જાણે અધ્ધરથી આવે છે! હવે એમાં શું થયું પણ? જડની પર્યાય ક્યાંક પડે અને કદાચ આવે કાંઈકથી એમાં આત્માને શું? સમજાણું? એ '**સુરભિગંધનામકર્મના ફળને નથી ભોગવતો,...**' જુઓ! ભગવાનનો તીર્થંકરનો શ્વાસ સુગંધ હોય છે. ભગવાનનો શ્વાસ છે ને તીર્થંકરનો એવા પુણ્યને લઈને આવે છે કે એના શ્વાસમાંથી સુગંધ મારતી હોય. ફોરમ. ગુલાબના ફૂલ કરતા પણ મહા ફોરમ એના શ્વાસની હોય છે. એ તો જડની પર્યાય છે. સમજાણું? એને હું ભોગવતો નથી.

'**હું અસુરભિગંધ..**' દુર્ગંધ-અસુરભિગંધ. આ કેટલાકને ગંધ નથી મારતું? ... શું કહેવાય? શ્વાસ જ ગંધાય. ... કહે છે. એનો આખો શ્વાસ જ ગંધાય. શરીર ગંધાય. શરીરમાં એવી પ્રકૃતિ ગંધાય. આ ભરવાડને હોય ને. આ લૂગડા ગંધાય, શરીર ગંધાય. એનું એ જાતનું બાંધેલું કર્મ હોય છે ને નામ કર્મનું. એ જાતના પ્રકૃતિના એવા જ આવે. અહીં ધર્મી કહે છે કે મારે ને એને કાંઈ સંબંધ છે નહિ. એ તો એ એવું જ આવે. સાતમી નરકના નારકીમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ત્યાં દુર્ગંધ છે. દુર્ગંધ શરીર. ઓહોહો..! સમજાય છે? અને આમ સર્વાર્થસિદ્ધ દેવને સુગંધ સહિત છે. બેય નીચે અને ઉપરના સમકિતી કહે કે મારે સુગંધની સાથે કાંઈ સંબંધ છે નહિ. કહો, સમજાણું કાંઈ? મારી ગંધ તો આનંદની મારી પાસે છે. ગંધ આવે છે ને? અષ્ટપાહુડમાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા અંદર સુગંધ આનંદની સુગંધવાળો છે. શાંત સુંવાળી ફોરમ જેની આનંદ છે. એવી એ દૃષ્ટિમાં ધર્મીને પોતાના આનંદની ફોરમ આવે એ બીજાની ફોરમને માનતો નથી. કહો, સમજાણું?

'**હું શુક્લવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! ધોળો વર્ણ. રંગ રંગ. એ બધી પર્યાયની વાત લીધી છે, હોં! આમ રંગ છે એ તો ગુણ છે. રસ છે એ ગુણ છે. આ બધી પર્યાયો છે અને પર્યાયો લક્ષમાં આવે છે ને. ગુણ ક્યાં આખો સામાન્ય લક્ષમાં આવે છે. એમ. એટલે કહે છે. આ બધી પર્યાયો છે. '**હું શુક્લવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ ધોળો વર્ણ એ મારો નહિ અને એ મારું સ્વરૂપ નહિ. હું તો ઉજળો ચૈતન્યે ઉજળો છું. શરીરે ઉજળો એ મારું સ્વરૂપ નથી. શરીરનો ઉજળો હોય, અંગોપાંગ જરી ઠીક હોય તો બીજાને બતાવવા માગે. સારા છે એમ. અને જો એમાં ફૂટલી આંખ હોય અને નાક-બાક ઓલું હોય તો ઢાકવા માગે. સમજાય છે? એનો અવયવ તૂટી જાય, અંદરની પર્યાય તૂટી જાય એને કાઢવા માગતો નથી. આ જરીક ઓલું હોય તો આ બાયુ બાયુને આંખ ફૂટી હોય તો સાડલો રાખે આમ જરી. આંખ ઓલી ન દેખાય. એક આંખ દેખાય. આદમીને તો સાડલો હોય નહિ. ચશ્મા રાખે ઈ. કેમ મલૂકચંદભાઈ! જુઓ! એમને આંખ નથી એટલે ચશ્મા રાખે. એ તો વળી સરખા રાખે છે. અને ઓલા રાખે એવા રાખે કે ખબર ન પડે બીજાને આમ. ... હવે એ ધોળા વર્ણનું હોય કે ન હોય, એ ક્યાં આત્માની ક્યાં છે પણ? એને ઘરે રહી જગતની ચીજ. આત્મામાં એ પેઠી નથી અને એના તરફનું એકલું જ્ઞાન એ ખરેખર જ્ઞાન નથી. તો વળી વસ્તુ ક્યાંથી આવી એમ કહે છે લ્યો!

'**રક્તવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ઘઉંવર્ણ હોય છે ને? શરીર ઘઉંવર્ણ. એ શરીરની પ્રકૃતિની વાત છે હોં આ બધી. રક્ત-રાતું શરીર હોય લાલઘુમ જેવું. એના નામકર્મને ભોગવતો નથી. '**હું પીતવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એવા શરીર થાય છે પીળા હોં! શરીરે પીળા હોય છે. અત્યારે કેટલાકના એવા પીળા હોય છે. અને '**હરિતવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો,...**' અને '**હું કૃષ્ણવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો પાંચેય વર્ણ. વર્ણ રહિત છું...

હવે જરી આ પ્રકૃતિ છે આ ૧૦૮. '**હું નરકગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એટલે શું? કોઈ પ્રાણી જેમ શ્રેણિકરાજા નરકમાં ગયા ત્યારે એને આ શરીરને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આકારે રસ્તામાં પ્રદેશ હતા. સમજાય છે કાંઈ? કોઈપણ પ્રાણી અહીંથી જાય, આ નરકમાં ગયા અને અહીંથી સ્વર્ગમાં જાય. આપણે ત્યાં નરકાનુપૂર્વી લેવી છે ને પહેલી? તો શ્રેણિકરાજા અહીં એનું જે શરીર હતું સાત હાથનું, અહીંથી છૂટ્યા (અને) પહેલી નરકે ગયા. ત્યારે તેને આ શરીરને આકારના પ્રદેશ અહીંથી તે ઠેઠ સુધી રહે. એનું નામ નરકાનુપૂર્વીગતિ કહેવાય. નરકમાં જાવું છે ને.

મુમુક્ષુ :- નરકમાં ગયા પહેલાનું?

ઉત્તર :- પહેલાનું. પૂર્વના શરીરને આકારે પર્યાય રહે એને જ્યાં જાવું હોય એના નામની નરકાનુપૂર્વગતિ કહેવામાં આવે છે. સાત હાથનું લાંબુ એવા જ આકારે હોય. ત્યાં પહેલી અંગુલમાં અસંખ્યમા ભાગે થાય ત્યાં સંકોચાઈ જાય. અંગુલના અસંખ્યભાગે ત્યાં અપર્યાપ્તિમાં ઊપજે. ત્યાં એના શરીરનો જે આકાર હોય એ ત્યાં ઉઘડી બદલાયા જાય. સમજાણું કાંઈ? પણ એ ક્ષેત્રની એવી પર્યાયમાં હું નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? હું તો મારા આનંદસ્વરૂપના ભાવને વેદનારો એ ક્ષેત્રમાં હું આવતો નથી. એક ક્ષેત્ર આમ થયું ને ઢીંકણું થયું અને ફલાણું થયું એ મારામાં છે નહિ અને હું એને વેદતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા એ તો એ રૂપે છે એ છે. એનો આકાર જ્યાં આમ છે શરીર પ્રમાણે થઈને નરકમાં જાય એ નરકાનુગતિ આનુપૂર્વી આનુપૂર્વી આમ ન્યાં જાય. એ મારે છે નહિ કહે છે. રસ્તામાં હું નથી. પહેલેથી અંદર વલણ છે અંદર. આ તો રસ્તામાં છે ભાઈ! કહો, રસ્તામાં છે એમાં વળી હું નથી ભોગવતો ક્યાં આવ્યું? એય..! શું કહે છે આમાં? અહીં તો કહે છે કે રસ્તામાં એ જ્યાં ક્ષાયિક સમકિત કે ક્ષયોપશમ સમકિત લઈને ગયો છે એના અંતર એકાકાર સ્વભાવ સન્મુખ જ છે. આહાહા..! સમજાણું કાંઈ? સમકિતી નથી ક્ષેત્રાંતર થતો, નથી ક્ષેત્રાંતરની આનુપૂર્વીની પ્રકૃતિની આકૃતિને ભોગવતો. આકૃતિને હોં. વ્યંજનપર્યાય આકૃતિ છે. મારું સ્વરૂપ તો અભેદ અખંડ જ્ઞાનાનંદ છે. એ તો આનુપૂર્વી તો એક-બે સમય રહે, ત્રણ સમય રહે. ત્યાં તો ઉપયોગ કામ કરતો નથી. ભલે કામ ન કરે. છતાં એ શબ્દ લીધો કે હું એટલે કોઈપણ સમકિતી. અહીં તો મુનિની વાત છે. પછી દેવમાં આવશે.

‘**નરકગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો,...**’ હું તો આત્માનું ચૈતન્યસ્વરૂપ એવો આત્મા, ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા, આનંદમૂર્તિ એવો આત્મા એના પર્યાયને તેના સન્મુખને ભોગવું છું. અહીંથી વિમુખ (છું). રસ્તામાં પણ એનાથી વિમુખ છું અને સ્વભાવથી સન્મુખ છું એમ કહે છે. સન્મુખતા ગઈ છે ક્યાંય? દેહ છૂટતા પણ એમના ધ્યાનમાં અંદર

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એકાકાર હોય છે અને વિકલ્પ પણ હોય કદાચ. છતાં પોતાના સ્વરૂપની દૃષ્ટિ છે અને ત્યાં એકાકાર છે. એની એ સ્થિતિએ દેહ છૂટી જાય. આયુષ્ય બંધાઈ ગયું નરકનું શ્રેણિકરાજાને. તો એને આકારે આત્માનો આકાર રહી જાય રસ્તામાં. એક, બે, ત્રણ સમય. તો એને નરકાનુગતિપૂર્વી કહે. સમકિતી કહે છે કે મારે પહેલેથી ભોગવટો મારો છે નહિ. સમજાણું કાંઈ? આ ઝીણી વાત આવી. સમજાણું કાંઈ? રસ્તાની અંદરની. હું નથી. કોઈ સમયમાં મારા સ્વસન્મુખની ગતિ જતી નથી. એમ કહે છે. હું આનંદમૂર્તિ, આનંદનો સ્વાદિયો, હું તો આનંદનો અતીન્દ્રિય આનંદનો સ્વાદિયો. મારો સ્વાદ કોઈ સમયે ખસતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, રસ્તાની વાત પહેલી મુનિએ લઈ લીધી. બધા સમકિતી જીવો.

'**હું નરકગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ સમયે પણ મારા સ્વભાવની સન્મુખતાની દશા જતી નથી. કહો, પાછા એને લઈને ઓલા કહે કે જુઓ એ તો આનુપૂર્વીકર્મ એને લઈ જાય. એને જવાની યોગ્યતા નથી. ત્યાં લાકડા ખોસે. સાંભળને હવે. યોગ્યતા તો એની છે પોતાની. એ સમયે સમયે પણ એ યોગ્યતાને એ ગણતો નથી. પર્યાયબુદ્ધિ ગળી ગઈ એટલે એને ગણતો નથી એમ કહે છે. પર્યાયના લક્ષની યોગ્યતા તો એની છે. કાંઈ કો'કની છે? કર્મને લઈને કર્મ રજકણ છે અને આનુપૂર્વી પ્રકૃતિ માટે આમ જાય છે અને આકાર રહે છે આનો એમ છે? શું કીધું? આનુપૂર્વી નામની કર્મની પ્રકૃતિ છે માટે આત્માના પ્રદેશે આકારે રહે છે એમ છે? એમ છે નહિ. પોતાને કારણે એવો આકાર ત્યાં રહે છે. ત્યારે ઓલી આનુપૂર્વી પ્રકૃતિનું નિમિત્ત કહેવાય છે. શું કહ્યું સમજાણું આમાં?

આનુપૂર્વી તો એક પ્રકૃતિ છે. પણ એ તો નિમિત્ત જડ છે. પોતે ત્યાં પોતાની આકૃતિ એ શરીર પ્રમાણે રહે છે એ આકૃતિ પોતાને કારણે રહે છે. ત્યારે ઓલો નિમિત્ત છે. પણ એ નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ મારા વેદનનો વિષય નથી. ત્યારે ઓલા કહે, જુઓ! એને પ્રકૃતિ લઈ જાય આનુપૂર્વી નરકમાં. તમે કહો કે નિમિત્તથી કાંઈ ન થાય. એય..! આ આનુપૂર્વી પ્રકૃતિ નરકમાં લઈ જાય. બળદને નાથ ઘાલીને લઈ જાય લ્યો ઘરે. આનુપૂર્વી નાથ કહેવાય છે. નાથને નાખે છે ને? નાકના તળવે. ખેંચે. તણાઈને એટલે ઝટ બિચારો ચાલે. ડોક-બોકમાં તો બહુ ઝટ ન ખેંચાય. અહીંયા કાણું પાડીને નાખે. ઘોડાને એમ નાખે તો .. ઓલામાં. ખેંચે તો અહીં .. અહીં ઘોડાને અડે ને લોઢાના ચોકડા નાખે છે અહીં. અડે તો ફટ ભાગે, ફટ ચાલે. લોઢાના નાખે જુઓને. ગતિ કરાવવી છે ને? લોઢાના નાખે માટે ગતિ થાય છે. આરે.. આરે...! ભ્રમણા છે ને.

અહીં કહે છે, ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ એનું સ્વામીપણું શુદ્ધ ચૈતન્ય ઉપર છે. એને નામકર્મની પ્રકૃતિનું સ્વામીપણું તો નથી પણ પોતાનો આકાર નરકમાં જતાં રસ્તામાં આ શરીરને આકારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રહ્યો એ આકારને પણ પોતાનો ગણતો નથી. એમ કહે છે. ચંદુભાઈ! આહાહા..! એના ફળને હું ભોગવતો નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ મારો નથી એમ કહે છે.

'**હું તિર્યંચગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો,...**' તિર્યંચ. જે તિર્યંચમાં જાય ને એ અહીંના શરીરને આકારે હોય. માણસ મરીને તિર્યંચમાં જાય તોપણ મનુષ્યના આકારે હોય તિર્યંચમાં જાય ત્યારે. સમજાણું? માણસ હોય ને રાજા. એણે કોઈ એવો બહુ પાપ ન કર્યા હોય. માયા કરી હોય, કુટિલતા કરી હોય, કપટ કર્યા હોય તો એ મરીને ઢોરમાં જાય ગાયમાં, ભેંસમાં. પણ એ અહીંના આકાર લઈને જાય. એ આકાર, ધર્મી કહે છે કે મારો છે નહિ. એમ કહે છે લ્યો. તિર્યંચમાં જાય હોં સમકિતી. જાય. પૂર્વે બંધાઈ ગયું હોય તો ભોગભૂમિમાં જાય. સમકિતીની વાત છે ને અત્યારે. સમજાણું કાંઈ? આ તો સમકિતીની વાત છે ને. અહીં પહેલું આયુષ્ય બંધાઈ ગયું હોય. સમજાય છે? અને પછી સમકિત થાય, ક્ષાયિક સમકિત થાય. તો ક્ષાયિક સમકિતી ભોગભૂમિમાં પશુ થાય. પહેલું બંધાઈ ગયું અહીં. સમજાણું કાંઈ? પણ એ સમ્યક્ લઈને તિર્યંચમાં જાય છે... સમજ્યાને? અહીંને આકારે. આકાર અહીંનો છે હોં. એ પ્રકૃતિને હું ભોગવતો નથી. સમજાણું કાંઈ? આચાર્ય કેટલું નાખે જુઓને ઘણી વાતું. સમકિતી હોય છે, પહેલું આયુષ્ય બંધાઈ ગયું હોય, ભાન છે પણ એમાં અહીંના આકારે વચમાં રહે ત્યાં હાથીપણે અવતરે. હાથીપણે. જુગલિયામાં હાથી-હાથી થાય. સમજાય છે? બળદ થાય. હોય સમકિતી, ક્ષાયિક સમકિતી. ત્યાંથી મરીને પછી દેવમાં જાય. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જાય, જાય ને જાય પછી. પછી એને પાંચમો ભવ હોય નહિ. તિર્યંતનું તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય ને જુગલિયાનું. સમજાણું? ક્ષાયિક સમકિત થાય અને મનુષ્ય આયુષ્ય બંધાઈ ગયું પહેલું. ક્ષાયિક સમકિત હોય ઈ જુગલિયામાં જ જાય. શું કીધું?

અહીં તો કહે છે, તિર્યંચનું બંધાયું હોય તો એ તિર્યંચમાં જાય. તો હું એ તિર્યંચપ્રકૃતિના અનુપૂર્વીને ભોગવતો નથી. ઓહો..! સમકિતી છે, તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું પહેલું. પછી ત્યાં સમકિત થયું પછી ત્યાં જાય. એને એક ભવ વધ્યો. ત્યાં જઈને દેવ થાય અને દેવ થઈને મનુષ્ય થાશે. સમજાણું? આયુષ્ય ન બાંધે ક્ષાયિક સમકિતી તો તો એનું આયુષ્ય (પૂરું થાય) તો મરીને સ્વર્ગમાં જ જાય. દેવમાં જ જાય અને દેવનો એક ભવ અને મનુષ્યનો એક ભવ. બસ! ત્રણ ભવ. ક્ષાયિક સમકિતીને ત્રણ ભવ. ક્ષાયિક થયું એક, સ્વર્ગનું બે અને ત્યાંથી ત્રીજો. ત્યાં કેવળ પામે છે. ત્રીજે ભવે કેવળ પામે જ તે. અને આ આયુષ્ય બંધાઈ ગયું હોય તિર્યંચનું તો એક ભવ વધી જાય.

હવે બીજું. '**હું મનુષ્યગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એના બે

પ્રકાર છે. એ મનુષ્યના આકારે ત્યાં જાય. સમજાય છે? મનુષ્ય થાય. મનુષ્ય હોય અહીંથી સમકિતી એ મનુષ્યનો આકાર અહીંનો લઈને જાય.

મુમુક્ષુ :- ત્યાં વધી જાય.

ઉત્તર :- ત્યાં મોટું આયુષ્ય છે. પણ પહેલું તો નાનું છે. પહેલું તો અંગુલના અસંખ્ય ભાગ થઈ જાય. પહેલું તો અંગુલના અસંખ્ય ભાગ થઈ જાય બધાને. પછી લાંબુ થાય, પછી મોટું થાય. તિર્યંચમાં પણ (એમ થાય). અહીં જે સાત હાથનો માણસ હોય અને ક્ષાયિક સમકિતી હોય અને જાય.. આકાર અહીંનો લઈને જાય. અને ત્યાં પહેલા માતાના પેટમાં હોય ત્યારે અંગુલનો અસંખ્ય ભાગ થઈ જાય. એકદમ સંકોચાઈ જાય. અંગુલનો અસંખ્ય ભાગ છે પહેલો અપર્યાપ્તિમાં. સમજ્યા? ત્યાં એનો આકાર થઈ જાય. આ આકાર બદલાઈ જાય. એ મનુષ્ય આકારના ફળને (હું ભોગવતો નથી).

એમ મનુષ્યગતિ અહીંથી... મનુષ્ય સમકિતી હોય. સમકિત થયું અને મનુષ્યનું આયુષ્ય પહેલું બંધાઈ ગયું હોય તો એ તો જુગલિયામાં જ જાય. કહો, આ મોટા વાંધા છે અત્યારે. ક્ષાયિક સમકિત અહીં થયું અને મહાવિદેહમાં અવતરે. મહાવિદેહમાં આવ્યા અને ક્ષાયિક સમકિત થાય. અહીં અત્યારે ક્ષાયિક સમકિત થાય નહિ અને ક્ષાયિક સમકિતી મહાવિદેહમાં જાય નહિ. બેય વાત ગપ ખોટી છે. સમજાણું કાંઈ? અહીં તો એ કહે મનુષ્યમાં બાંધે તો મનુષ્યમાં જુગલિયામાં જાય. ત્યાં સુધી એનો આકાર વિંખાય નહિ. ઊપજે ત્યારે આકાર વિંખાઈ જાય. એવી વસ્તુની સ્થિતિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત જ ખોટી. એનું વળી આવશે કાલે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ સુદ ૧૨, શુક્રવાર તા. ૧૨-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૫૪**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. ૧૧૦ બોલ. ૧૧૦. ઝીણી વાત છે. શું કહે છે? જુઓ! સવારે તો એ ચાલ્યું હતું કે આત્મામાં જેને ધર્મ કરવો છે એને તો આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ છે એની દૃષ્ટિ કરવી અને એમાં લીન થવું. પુણ્ય-પાપનો આસ્રવ છે એ પણ ધર્મ નથી. શરીરક્રિયા એ પણ ધર્મ નથી. ઝીણી વાત. અનંત કાળથી એણે કર્યું નથી.

અહીંયાં કહે છે કે હવે જે આત્મા ધર્મ પામે છે એ ધર્મી કેવો હોય છે એની વાત ચાલે છે. '**હું મનુષ્યગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો,..**' એમ ચાલે છે. એ શૂન્ય કર્યા છે. પાઠમાં બધું છે. સંસ્કૃત વાંચો છે કે નહિ? સંસ્કૃત આવડે છે ભાઈ કૈલાસચંદજી? અંદર છે જુઓ! '**नाहं**' જુઓ! '**नाहं मनुष्यगत्यानुपूर्वीनामकर्मफलं भुञ्जे,**' ૧૧૦ સંસ્કૃતમાં છે.

મુમુક્ષુ :- હિન્દીમાં છે.

ઉત્તર :- હિન્દીમાં આખું નથી. પણ આખું નથી. આખું નથી. સંસ્કૃતમાં આખું છે. '**नाहं मनुष्यगत्यानुपूर्वीनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये**' સંસ્કૃત આમ છે. ઘણું ગૂઢ છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે મને જે મનુષ્યગતિનું નામકર્મ બંધાઈ ગયું હોય અને મનુષ્ય થવાનો હોઉં તો મનુષ્યમાં આવનારને મનુષ્યગતિનું જે શરીર છે એના આકારે પર્યાય રહે છે. આનુપૂર્વી. રસ્તામાં. અહીંયાં મનુષ્યગતિમાં આવવાનો હોય, મનુષ્યગતિમાંથી નીકળ્યો હોય, તો પણ મનુષ્યગતિમાં જનારો જેમ કે ક્ષાયિક સમકિતી જીવ હોય, પહેલા મનુષ્યગતિનું આયુષ્ય બંધાઈ ગયું, પછી આત્માનું ભાન થયું કે હું શુદ્ધ ચિદાનંદ આત્મા આનંદ છું. રાગાદિ હું નથી. તો એ જ્યારે મનુષ્ય થશે ત્યારે તે જુગલિયામાં થશે. જુગલિયા સમજો છો? ભોગભૂમિ.

મુમુક્ષુ :- ભોગભૂમિનો મનુષ્ય.

ઉત્તર :- ભોગભૂમિનો મનુષ્ય થશે. એ મનુષ્ય અહીંથી મરીને મહાવિદેહમાં નહિ જાય. સમજાણું કાંઈ? ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યું છે કે જેને પહેલા મનુષ્યગતિનું આયુષ્ય બંધાઈ ગયું અને પછી આત્માનું ભાન થયું કે હું તો શુદ્ધ આનંદ, જ્ઞાન છું. સમ્યગ્દર્શન (થયું). હું દેહાદિ નહિ, રાગાદિ નહિ, અલ્પ પર્યાય જેટલો પણ હું નહિ. હું તો શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું એવી દૃષ્ટિ થઈ હોય તો એવો સમ્યગ્દૃષ્ટિ ક્ષાયિક સમકિતી હોય, મનુષ્ય આયુષ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પહેલા બંધાઈ ગયું હોય તો રસ્તામાં જ્યારે ભોગભૂમિમાં જાય છે તો અહીંના શરીરનો આકાર રસ્તામાં રહે છે. આ શરીર આકાર જેવો છે ને અંદરમાં આત્માનો, હોં! આત્માનો આકાર શરીર પ્રમાણે. એ આકાર રસ્તામાં એવો રહે છે. એનું નામ મનુષ્યમાં જવાનો છે તો મનુષ્યગત્યાનુપૂર્વીનામકર્મ કહેવામાં આવે છે. બહુ ઝીણું. તો કહે છે કે હું રસ્તામાં પણ મનુષ્યગત્યાનુપૂર્વીનામકર્મનું ફળ ભોગવતો નથી.

સમ્યગ્દષ્ટિ તો એને કહીએ કે જેને આત્માનો અંતર સચ્ચિદાનંદ આનંદ સ્વરૂપનો સ્વાદ આવ્યો છે. સમજાણું કાંઈ? એ કહે છે ને કે ચૈતન્ય સ્વરૂપ આત્માનો હું અનુભવ કરું છું. તો વચ્ચે અહીંથી જતાં મનુષ્યમાં જાય છે તો અહીંના મનુષ્યનો આકાર વચ્ચે રહે છે. ત્યાં તો મનુષ્ય ઘણા ઊંચા છે. ત્રણ કોષ ઊંચા છે. ભોગભૂમિમાં મનુષ્યનો દેહ. પણ અહીંયાંનું સાત હાથનું શરીર હોય તો એટલો આકાર રહે છે રસ્તામાં પણ. રસ્તેથી જઈને જ્યાં ઉત્પન્ન થાય છે એ પહેલા તો અંગૂલના અસંખ્ય ભાગમાં થઈ થાય. પણ અહીનો આકાર રસ્તામાં રહે છે. તો કહે છે કે અમે સમકિતી છીએ, સમ્યગ્દષ્ટિ છીએ તો રસ્તામાં પણ એ પ્રકૃતિના નિમિત્તમાં હું નથી અને પ્રકૃતિના ક્ષેત્રાંતરની યોગ્યતામાં પણ હું નથી. ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન કોને કહે છે એની લોકોને ખબર નથી. બહારથી માની લીધું છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને નવ તત્ત્વની શ્રદ્ધા સમકિત. એમ છે જ નહિ. એવું તો અનંત વાર કર્યું છે. સમજાણું કાંઈ?

કહે છે કે હું મનુષ્યગત્યાનુપૂર્વી આયુષ્ય બંધાઈ ગયું હોય, ક્ષાયિક સમકિત છે તો મનુષ્યલોકમાં જાશે ભોગભૂમિમાં. તો અહીંનું આયુષ્ય જે શરીરના આકારે હતો એ જ આકાર વચ્ચે રહેશે. એ અહીંથી મરીને મહાવિદેહમાં જશે એમ નહિ બને. સમજાય છે કાંઈ? કેટલાક કહે છે ને કે ક્ષાયિક સમકિત અહીંયા થાય છે અને પછી મહાવિદેહમાં જાય છે. ખોટું છે. આગમથી વિરૂદ્ધ છે. એ તત્ત્વ એવું છે જ નહિ. ખોટું છે. આગમથી વિરૂદ્ધ છે. એ તત્ત્વ એવું છે જ નહિ. છોટાભાઈ! ઝીણી વાત છે ભાઈ! સમજાણું? કેટલાક કહે છે ને કે શ્રીમદ્‌ને ક્ષાયિક સમકિત હતું. એ ક્ષાયિક સમકિત લઈને મહાવિદેહમાં ગયા છે. એ વાત આગમથી વિરૂદ્ધ છે. એમ છે જ નહિ. જેને આત્માનું ક્ષાયિક સમકિત થાય છે... અત્યારે પંચમકાળમાં તો થતું જ નથી.

ક્ષાયિક સમકિત તો જ્યાં સર્વજ્ઞ પરમાત્મા બિરાજતા હોય, તીર્થંકર બિરાજતા હોય, શ્રુતકેવળી બિરાજતા હોય એની સમીપમાં ક્ષયોપશમ આત્માના આનંદના ભાનવાળો બેઠો હોય એને ક્યારેક ક્ષાયિક થઈ જશે, પોતાથી. પણ એ તો શ્રુત અને કેવળીની સમીપમાં થશે. મનુષ્યમાં તો અત્યારે ક્ષાયિક સમકિત થવાની લાયકાત છે નહિ. સમજાણું કાંઈ? પણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્યારે ક્ષાયિક સમકિત થતું હતું ત્યારે પણ એ ક્ષાયિક સમકિત લઈને ભોગભૂમિમાં જતા હતા તો અહીંયાંનો આકાર લઈને જતા હતા. તો પણ કહે છે કે એ આકાર હું નથી. એમ કહે છે. આ વાત ભારે, ભાઈ!

હું તો અસંખ્ય પ્રદેશી અનંત આનંદનો પિંડ છું. ચોથે ગુણસ્થાને હોં! સમ્યગ્દૃષ્ટિ ચોથું ગુણસ્થાન. શ્રાવક તો પછી રહ્યા અને મુનિ તો ક્યાંય રહી ગયા. એ તો દશા કોઈ જુદી જ છે. સમજાણું કાંઈ? ચોથું ગુણસ્થાન જે અવિરત સમ્યગ્દૃષ્ટિ છે, અંતરમાં હજી આસક્તિનો ત્યાગ નથી થયો, આત્માનો અનુભવ થયો, એવો અનુભવી સમ્યગ્દૃષ્ટિ મનુષ્યમાં જાય છે તો પણ વચ્ચે આ આકાર લઈને જાય છે તો કહે છે કે એ આકાર જ મારો નથી. એક સમયની પર્યાય આકૃતિની છે. મનુષ્ય આકારે શરીર ત્યાં ગયું તો એક સમયની પર્યાય આકૃતિ છે. પર્યાયબુદ્ધિ સમકિતીને હોતી જ નથી. ધર્મીની શરીર, પ્રકૃતિ, આકૃતિ અને રાગ એના ઉપર બુદ્ધિ હોતી જ નથી. ચંદુભાઈ! જગતને સમ્યગ્દર્શન શું છે એ સાંભળ્યું નથી. લોકો માની બેસે છે કે આમ સમ્યક્ છે અને આમ સમ્યક્ છે. અને સમ્યગ્દર્શન વિના, હજી અનુભવ થયા વિના વ્રત ને ચારિત્ર તો ત્રણ કાળમાં હોતા નથી.

પોતાના આનંદ સ્વરૂપનો સ્વાદ આવતા અંતર સ્વરૂપમાં આસ્રવની રુચિ છોડીને પ્રથમ અનુભવ થાય ત્યારે આનંદ થાય છે અને એ જ આનંદના સ્વાદમાં રહેનારો ધર્માત્મા કહે છે કે હું કદાચિત્ મનુષ્યાનુગતિપૂર્વી કરીને જાઉં તો પણ હું એ આકારરૂપે થનારો નથી. એ તો પર્યાયનો અંશ છે. અંશબુદ્ધિ મારી નથી. હું તો અંશી ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ છું એમ દૃષ્ટિ રાખનારો હું કર્મના ફળ, આનુપૂર્વી કર્મનું ફળ ઝેરનું ફળ છે. એ પહેલા આવી ગયું છે. વિષફળ છે. એ કર્મનું ફળ વિષ-ઝેર ફળ છે. હું તો આનંદમૂર્તિ છું. મારા અસંખ્ય પ્રદેશમાં તો અનંત અતીન્દ્રિય આનંદ પડ્યો છે-અમૃત. એ મને અનુભવમાં આવ્યો છે તો સમ્યગ્દૃષ્ટિ કહે છે, હું તો આનંદને ભોગવનાર છું. હું કર્મના ફળને ભોગવનાર નથી. ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો કે ચાહે તો નારકીમાં હો. સમજાણું કાંઈ?

નારકીમાં પણ સમ્યગ્દૃષ્ટિ થાય છે. સાતમી નરકમાં હોય છે. રવરવ નરક .. જે સાતમું પાતાળ છે ત્યાં પણ કોઈ જીવ રાજા આદિ મરીને જાય અને પછી ત્યાં આત્માનું ભાન થયું. ઘણું દુઃખ જોઈને પૂર્વના સંસ્કારનો ખ્યાલ આવ્યો તો અંતરમાં ઉતરી ગયો, અહો..! હું તો સચ્ચિદાનંદ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર હું છું. એવા પુણ્ય-પાપના રાગથી ભિન્ન થઈને પોતાનો શુદ્ધ સ્વભાવ સહિત જે આત્મા છે એનો અનુભવ થયો તો સાતમી નરકના નારકીને પણ આત્માનો આનંદ આવે છે. સમજાણું કાંઈ? ત્યાં તો ચોથું ગુણસ્થાન છે. પાંચમું છે નહિ. શ્રાવક તો છે નહિ ત્યાં. આ શ્રાવક નહિ હોં! આ વાડાવાળા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્રાવકની વાત અહીંયા નથી ચાલતી. કૈલાસચંદજી!

એ તો આવ્યું હતું નહિ એક વાર? પછી કહેશે. પહેલા આવ્યા હતા ને? શેઠ હુકમીચંદજી. તો પહેલા બોલ્યા હતા. 'બાહ્ય નારકી કૃત દુઃખ ભોગત અંતર સુખકી ગટાગટી.' સુખની સાથે શબ્દ હતો.. નહિ? સુખરસ. એ શબ્દ હતો. ... અંતર સુખરસકી ગટાગટી. આવે છે ને. નારકીમાં પણ આવા સમ્યગ્દૃષ્ટિ થાય છે. તો મનુષ્યમાં તો એનાથી વિશેષ નિર્મળ સમ્યગ્દૃષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? ક્ષાયિક થાય છે અહીંયાં. ત્યાં તો ક્ષાયિક લઈને સાતમી નરકે જતા નથી. આહાહા..! સમ્યક્ શું કહે છે? સમ્યક્ ચોથું ગુણસ્થાન કોને કહે એની ખબર નથી. અને પુણ્ય-પાપ કરે છે અને શુભભાવ થાય છે, અમને ધર્મ થાય છે અને હળવે હળવે થાય છે. ધૂળમાંય થતો નથી હળવે-હળવે. જુઓ છે ને? 'ચિનમૂરત દગધારી કી મોહી રીતિ લગત હૈ અટાપટી,..' એ શેઠ આવ્યા હતા ત્યારે બોલ્યા હતા. હુકમીચંદજી આવ્યા હતા ને પહેલા? (સંવત) ૨૦૦૧ની સાલમાં.

મુમુક્ષુ :- પુસ્તક પણ છપાવ્યું.

ઉત્તર :- હા છપાવ્યું છે. પણ આ ખબર નથી શું છે. જુઓ!

'ચિનમૂરત દગધારીકી...' ચિનમૂરત આત્મા જ્ઞાનની મૂર્તિ ચિદાનંદ છે. એવા રસનો જે અનુભવ થયો તો રાગ અને પુણ્યનો આસ્રવ-બાસ્રવ મારામાં છે જ નહિ. એ ભિન્ન છે. સમજાણું કાંઈ? એવા ચિનમૂરત દગધારી. દગ નામ દૃષ્ટિનો ધરનાર સમકિતી એની 'મોહી રીતિ લગત હૈ અટાપટી.' 'બાહિર નારકી કૃત દુઃખ ભોગે...' બહારમાં જુઓ તો નારકીમાં પડેલો દેખાય, સંયોગો પ્રતિકૂળ દેખાય, 'અંતર સુખરસ ગટાગટી.' અંતર આત્મારસ જે પુણ્ય-પાપના ભાવના રસમાં પડ્યો હતો, રુચિમાં પડ્યો હતો તો કષાયનો રસ હતો એ. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

શુભાશુભ ભાવમાં હતો એ તો કષાયની અગ્નિ હતી. તમે ઓળખતા હતા? દિલ્હીમાં રહે છે ને કોણ ભાઈ આ? શું કહેવાય? ન્યાલભાઈ. કલકત્તા. દિલ્હી નહિ, કલકત્તા. એક ન્યાલભાઈ હતા. ન્યાલચંદ સોગાની અજમેરના હતા. કલકત્તામાં દુકાન છે ને? ઓહોહો..! એનું પુસ્તક છે. એ તો આત્મજ્ઞાન પામીને સ્વર્ગમાં ચાલ્યા ગયા. હમણાં ત્રણ વર્ષ પહેલા. અહીંયાં આવ્યા હતા પહેલા. સમજાણું કાંઈ? એણે લખ્યું છે. આત્માનું ભાન થયું ને સમ્યગ્દર્શન થયું. પછી લખે છે કે અરે..! મને તો આ શુભભાવ આવે છે એ ભઠ્ઠી જેવા લાગે છે. એમ લખ્યું છે. લોકો તો સમજે નહિ કે શું કહે છે. સમજાણું કાંઈ? અને અશુભભાવ છે એ તો પાપ છે, એ તો અગ્નિ છે, કષાય અગ્નિ છે. એય..! જગજીવનભાઈ! પણ અશુભભાવ છે એ રાગ છે, કષાય છે. પુસ્તક છે એનું. આમાં નહિ લખ્યું હોય. નહિ? કાગળમાં? કાગળમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે ક્યાંય? કાગળમાં નથી. એ કાંઈ આપણને ખબર નથી. કાગળમાં ક્યાંક લખ્યું હોય પણ આપણને ખબર નથી. એણે ૫૧ કાગળ લખ્યા છે. કોઈક ઉપર લખ્યા હતા, પણ એની કાંઈ છપાવાની જરૂર નથી પણ મરી ગયા પછી છપાવ્યું છે. પુસ્તક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હા. ખબર છે. અમને ખબર હતી. પણ હું તો બીજું લેતો હતો. એ નહિ, બીજું લેતો હતો. એ તો ખ્યાલ છે. એણે અંદર પોતે એક કાગળમાં ક્યાંક લખ્યું છે. ... એમ કહ્યું હતું. જુઓને! પહેલા જ્યારે ભાન થયું હતું. અહીંયાં આવ્યા હતા ૨૦૦૨ની સાલમાં આવ્યા હતા. બીજી સાલમાં. ૨૦૨૦માં ગુજરી ગયા. ત્યાં મુંબઈ આવ્યા હતા. પછી કલકત્તામાં ગુજરી ગયા. દુકાન મોટી છે. લાખોપતિ છે. પછી એને આત્મભાન થયું સમ્યગ્દર્શન અહીંયાં એવી વાત કરી હતી. કૈલાસચંદજી! એવી વાત કહી હતી અહીંયાં. બીજી સાલ. કેટલા વર્ષ થયા? ૨૨ વર્ષ થયા. એને એટલો શબ્દ કહ્યો. એમાં છે બધું. મહારાજે મને એટલું કહ્યું કે રાગ અને જ્ઞાન ભિન્ન છે. મોટા ગૃહસ્થ હતા. ઘણી બુદ્ધિ. કોઈને ઓળખતા નહોતા. એ ન્યાલભાઈ ગૃહસ્થ હતા. એટલું કહ્યું કે.. અહીં તો હજી આસ્રવ ને ફાસ્રવ ને ભિન્ન એને કાંઈ આસ્રવ છે, ઈરિયા પંથ અને ઢીંકણું પંથ એવો બચાવ કરે છે. એને તો એટલું કહ્યું અહીંયાં. એમાં લખ્યું છે. રાગ અને જ્ઞાન .. મને મળી ગયું. દેખો! આત્મધર્મ મને મળ્યું એમ લખ્યું છે. મને જે જોઈતું હતું એ આત્મધર્મમાં મને મળી ગયું. ચેતન ભિન્ન જુદી છે કાયા. એમ. સમજ્યા? આ ભાષા છે. પુણ્યાત્માને ગુરુદેવના વચનમાં જ્ઞાન અને રાગ જુદા છે. એકદમ શાંતિ થઈ ગઈ. ગુજરી ગયા. મોટી દુકાન છે. ઘણા લાખોપતિ છે. એવી લગની લાગી, એવી લાગી. એવા શબ્દ હતા, જ્ઞાન અને રાગ જુદા છે. જુદા છે. ગુજરાતી છે આ? આપણા શબ્દ છે. એણે આપણા શબ્દ નાખ્યા છે. જ્ઞાન અને રાગ જુદા છે. એકદમ શાંતિ મળી ગઈ.

ગુરુદેવના અમૃત વચનો સાંભળીને એમ લાગ્યું કે અરે..! જે મુક્તિની ખોજમાં દરેક બાજુ ભટક્યો એ હું પરમ ઉપકારી ગુરુના પ્રથમ શ્રવણમાં એવી સમજણ લાગી, .. લાગી કે શું હું મુક્ત થનાર છું! એમ થઈ ગયું. એક રાતમાં હોં અહીંયાં. તમારું પ્રવચન છે ને? શું કહેવાય? રસોડું. રસોડું-સમિતિના ઓરડામાં સાંજથી બેસી ગયા. રાગ અને વિકલ્પ આસ્રવ છે અને આત્મા ભિન્ન છે. એવો અંતર અનુભવ થયા વિના સમ્યગ્દર્શન ત્રણ કાળમાં થતું નથી. ધર્મ થતો નથી. એટલું સાંભળીને ત્યાં બેસી ગયા સાંજથી. સવારે આત્મા અને રાગ ભિન્ન કરીને ઉઠી ગયા.

આનંદમૂર્તિ આત્મા ભિન્ન છે, રાગ ભિન્ન છે. એવો અનુભવ આનંદ કરીને ઉઠી ગયા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજાણું કાંઈ? અને પછી એણે લોકોને કહ્યું હોં! 'અરે..! મુજસે કુછ ભી આશા મત રખો.' એમ કહે છે આખા કુટુંબને. મારી પાસેથી કોઈ આશા નહિ રાખો. પંગુ સમજીને. હું સંસારથી પંગુ થઈ ગયો છું. મારાથી હવે કોઈ કામ નહિ થાય. પંગુ સમજીને બે સમયનું ભોજન શરીર ટકાવવા માટે આપો. બૈરા આવી ગયા, હમણાં બૈરા આવ્યા હતા ને. એ કહેતા હતા કે મહારજ! મહારાજ પણ અમને કાંઈ ભાન ન મળે. અમને કહેતા હતા કે અમારે હવે ભવ નથી, અમારે હવે ભવ નથી. અલ્પ કાળમાં અમારી મુક્તિ થઈ જશે એવો અમને ભણકાર વાગે છે. સમજાણું કાંઈ? રાગથી ભિન્ન અનુભવ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. રાગથી લાભ થાય એમ માને ત્યાં સુધી તો મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. અહીં તો બીજી વાત કરે છે જુઓ!

ચિન્મૂર્તિ અંતર સુખરસ ગટાગટી. નારકીના જીવને પણ આત્માનો આનંદ આવે છે ચોથા ગુણસ્થાને. પાંચમું તો છે નહિ ત્યાં. શ્રાવક તો છે નહિ. મુનિ થઈ શકતા નથી. શ્રાવક મુનિ તો અંતર દશામાં આનંદનો અનુભવ થાય, પછી વિશેષ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે તો પંચમ ગુણસ્થાન કહે છે. અને મુનિને તો અતીન્દ્રિય આનંદનો અંદર ઉભરો-ઉભરો શું કહે? ભરતી. સમુદ્રમાં જેમ ભરતી આવે એમ મધ્યબિંદુમાં ભગવાન આત્મામાં બેહદ અંદર આનંદ પડ્યો છે. મુનિ એવા લીન થાય છે કે અતીન્દ્રિય આનંદની પોતાની અવસ્થામાં-પર્યાયમાં ભરતી આવે છે. એવા અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ જગતની બધી ખુમારી ઉઠી જાય છે. એવી દશા મુનિની હોય છે. એવી દશાવાળા જંગલમાં રહે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે, નરકમાં પડ્યા અંતર રસની ગટાગટી. શું છે ત્યાં? બંગલો નથી. અગ્નિ છે સાતમી નરકે તો. ત્યાં તો ઠંડી છે બહુ. બહુ ઠંડી, એટલી ઠંડી ઠંડી. એક કણ લાવે અહીંયાં તો દસ હજાર એટલા ગામના માણસ ઠરી જાય એટલી ઠંડી. ઠંડી હોં. એમાં પડ્યો છે. હું તો આત્મા આનંદ છું. એ ઠંડી મને અડતી નથી, હું ઠંડીને સ્પર્શતો નથી. રાગ આવે છે, જરી દ્વેષ આવે છે એને હું સ્પર્શતો નથી અને દ્વેષ મને સ્પર્શતો નથી. હું તો અંતર સુખરસ ગટાગટી. આનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

'રમતી અનેક સુરની સંગતે તે પરણતિ તે નિત હટાહટી.' ઈન્દ્રને સમકિત.. ઓલું નરકનું નાખ્યું પહેલું. સમ્યગ્દષ્ટિ સ્વર્ગમાં છે. તો કહે છે કે ઈન્દ્ર પાસે પણ સમ્યગ્દર્શન છે પહેલા સ્વર્ગમાં. તો હું 'રમતી અનેક સુરની સંગતે પરિણતિ તે નિત હટાહટી.' રાગથી તો ખસીને આનંદમાં આવે છે. ઈન્દ્ર પણ રાગથી ખસીને, પુણ્યના વિકલ્પથી ખસીને આનંદમાં આવે છે. સમજાણું કાંઈ? હટાહટી. ક્ષણમાં આસ્રવથી હટાહટી થાય છે અને સ્વભાવમાં ગટાગટી થાય છે. આહાહા..! એનું નામ ભગવાન સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન કહે છે. પહેલા ઘણી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાત આવી છે. સમજાણું કાંઈ? પહેલા ઘણું કહ્યું છે.

'જ્ઞાન વિરાગ શક્તિ તેં વિધિફળ ભોગત તેં વિધિ ઘટાઘટી, સદન નિવાસી તદપિ ઉદાસી તાતે આસ્રવ છટાછટી.' સમ્યગ્દર્શનમાં તો આસ્રવથી ભિન્ન પોતાના આત્માનો અનુભવ થયો છે તો અંતરમાં લીન થઈને આસ્રવ ક્ષણે ક્ષણે ઘટતો જાય છે. ક્ષણે ક્ષણે ઘટતો જાય છે અને આત્માની શાંતિ વધી જાય છે. 'સદન નિવાસી તદપી ઉદાસી...' ગૃહસ્થાશ્રમમાં હોય સમકિતી, ભલે હોય. તો શું થયું? એને અડતો જ નથી કદી. હું તો આત્મા આનંદનો સ્વાદ લેનાર છું, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારો પરનો સ્વાદ લેનાર હું નથી. એવી ચોથા ગુણસ્થાનની દૃષ્ટિ મનુષ્યપણામાં સ્વર્ગમાં હોય છે. સમજાણું કાંઈ?

'જે ભવ હેતુ અબુધ તસ કરત બંધ કી જટાજટી.' આહાહા..! આકરી વાત એવી લોકોને પડે છે બિચારાને. પામરતા પકડી છે ને, પ્રભુતાની ખબર નથી. પામરતા પકડી છે. પ્રભુ આત્મા અંતર અખંડાનંદ પ્રભુ છે. એની દૃષ્ટિ થઈ તો પામરતા એની ચાલી જાય છે. હું પામર નથી, હું તો પ્રભુ છું. સમજ્યાને? કહે છે ને એ. 'સંયમ ધરી શકે ન પણ સંયમ ધારનકી ચટાચટી.' આનંદ આવે છે એમાં સ્થિર થવાની શક્તિ ન હોય. ચારિત્ર નામ સ્વરૂપમાં રમવું, આનંદમાં રમવું ન હોય તોપણ સંયમ લેવાની ભાવના તો ઘણી રહે છે. પોતાના ઓછા પુરુષાર્થના કારણે ચારિત્ર લઈ શકતા નથી. ચારિત્રની વ્યાખ્યા શું? અંતર સ્વરૂપમાં રમવું એ. ચારિત્ર-ચરવું, રમવું, જમવું, લીન થવું. સમજાણું કાંઈ?

એ અહીંયા કહે છે કે હું તો સમ્યગ્દૃષ્ટિ છું. મનુષ્યગત્યાનુપૂર્વીનો હું અનુભવ કરતો નથી. ઓહોહો..! શું તારા કર્મ ચાલ્યા ગયા? છે જ નહિ ને મારામાં, ચાલ્યા ગયા શું? હું તો શુદ્ધ આનંદ છું, જ્ઞાનની ખાણ છું, આનંદનો ખજાનો છું. એવો હું મનુષ્યાનુગતિપૂર્વનો ભવ ભોગવતો નથી. હું ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરું છું. લ્યો! હું ચૈતન્યસ્વરૂપ... અમૃતચંદ્રાચાર્ય મહારાજ કહે છે, ધર્મી સમકિતીને આવો અનુભવ થાય છે. દિગંબર મુનિ જંગલમાં વસનારા. આ સંસ્કૃત ટીકા બની ગઈ. હું તો ચૈતન્ય સ્વરૂપ છું ને. મારા સ્વરૂપમાં તો આસ્રવ નથી, રાગ નથી, કર્મ નથી, શરીર નથી. છે તો ચૈતન્ય સ્વરૂપ હું છું. જ્ઞાનાનંદ સ્વરૂપ હું છું એવો અનુભવ કરનારો હું મનુષ્યાનુપૂર્વી પ્રકૃતિના ફળને-ઝેરને ભોગવતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ૧૧૦.

'**હું દેવગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો,...**' સ્વર્ગમાં જાય છે. સમજાણું કાંઈ? દેવગત્યાનુપૂર્વી રસ્તામાં હોય છે. જેટલા મુનિ હોય છે આત્મજ્ઞાની એ તો સ્વર્ગમાં જાય છે. સમ્યગ્દૃષ્ટિ વર્તમાન પંચમકાળમાં તો મોક્ષ છે નહિ, કેવળની શક્તિ છે નહિ. તો કહે છે કે '**હું દેવગત્યાનુપૂર્વનામકર્મના ફળને નથી ભોગવતો,...**' છે? '**હું...**' એ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોતાનું લીધું છે. '**દેવગત્યાનુપૂર્વી...**' અહીંથી નીકળીને સ્વર્ગમાં જવાનું છે. તો વચ્ચે અહીંનો આકાર રહેશે. અહીંનો આકાર રહેશે હોં શરીરનો. શરીર પ્રમાણે આકાર રહેશે. શરીર તો અહીં પડ્યું રહે. તો એ આનુપૂર્વીનામકર્મના ફળને હું ભોગવતો નથી. હું તો આત્મા છું અને મારામાં શાંતિ છે, આનંદ છે, અનાકુળતા મારી ચીજ છે. પુણ્ય-પાપના ભાવ, આકૃતિ એ તો બધી પર ચીજ છે. તો પરમાં મારો અભાવ છે અને મારામાં પરનો અભાવ છે. ભારે આકરું પડે માણસને. માર્ગ તો આ છે, ભાઈ! ત્રણ કાળ ત્રણ લોકમાં સર્વજ્ઞે કહેલો. આ દૃષ્ટિ થયા વિના એનું કદી કલ્યાણ થતું નથી. ત્રણ કાળમાં કલ્યાણ થતું નથી. માને, રખડે. પુણ્યાદિ બાંધીને સ્વર્ગમાં જાય, ત્યાંથી છૂટીને પશુમાં જાય, ત્યાંથી છૂટીને નરક નિગોદમાં જશે. ચાર ગતિના દુઃખ મટવાનો ઉપાય તો એક આત્માનો સમ્યગ્દર્શન અનુભવ કરવો એ જ એક વસ્તુ છે. સમજાણું કાંઈ?

'**હું દેવગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' જાધવજીભાઈ! આ ભારે! બરાબર છે? અરે..! આ તો જડ છે ને પ્રભુ! આ તો માટી છે, જડ છે. એ કંઈ આત્મા નથી. કર્મ છે એ પણ જડ છે, માટી છે, અજીવ છે, મૂર્ત છે એ પણ આત્મા નથી. અને આત્મામાં જે શુભ-અશુભભાવ થાય છે એ તો વિકાર છે, એ આસ્રવ છે, મલિન છે, દુઃખ છે. આત્મા નથી. એનાથી રહિત ભગવાન આનંદસ્વરૂપ આત્મા, એવી અંતરમાં દૃષ્ટિ થઈ તો અનુભવનો આનંદ કરનારો હું રસ્તામાં પણ દેવગત્યાનુપૂર્વીનું ફળ હું ભોગવતો નથી. એમ ધર્માત્મા સમકિતીને પોતાના સ્વભાવની અધિકતા કાયમ રહે છે. પરની, રાગની અને પરની પર્યાયની ગૌણતા રહે છે. પોતાની પર્યાય સાથે એને અધિકતા રહેતી નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? એ ૧૧૧ થઈ.

'**હું નિર્માણનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ૧૧૨. શું છે? નિર્માણ એક પ્રકૃતિ છે. આઠ કર્મ છે એમાં નામકર્મ છે એની વાત ચાલે છે. નામકર્મની પેટા ભેદ ૯૩ પ્રકૃતિ છે. ૯૩. ૯૩ કહે છે શું? ૯ અને ૩. તિરાનવે. તમારે તિરાનવે. જ્ઞાનાવરણીયની પાંચ, દર્શનાવરણીયની નવ = ચૌદ. વેદનીયની ૨ = ૧૬, મોહનીયની ૨૮ = ૪૪, અને આયુષ્યની ચાર = ૪૮. ૯૩ આ, બે ગોત્રની અને પાંચ અંતરાયની. એવી ૧૪૮ પ્રકૃતિ છે. આઠ કર્મની ૧૪૮ પ્રકૃતિ. ધર્મી કહે છે કે એ પ્રકૃતિ ઝેર છે. વિષવૃક્ષ છે. ઈ પહેલા આવી ગયું છે. સમજાણું કાંઈ? પહેલા આવી ગયું ને ભાઈ એમાં? શ્લોક-શ્લોક. એના પછી આ તો અર્થ ચાલે છે. એનો અર્થ છે ને. કળશ છે ને કળશ? પછી આવે છે. પહેલા નથી આવતું? પહેલા જ આવે છે ને? ૨૩૦ દેખો. જુઓ!

**विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હિન્દીમાં ૫૩૫ પાનું છે. ૫૩૫ પાનું. ૩૫ સમજો છો? જુઓ! નીચે છે જુઓ! '**ત્યાં પ્રથમ, તે કથનના સમુચ્ચય-અર્થનું કાવ્ય કહે છે :-**' અંદરમાં છે. '**(સમસ્ત કર્મફળની સંન્યાસભાવના કરનાર કહે છે કે-) કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ;...**' એય..! હિંમતભાઈ! બતાવો આને. ક્યાં છે? વચ્ચે છે. છે? '**કર્મરૂપી...**' આઠ કર્મ છે એ કેવા છે? વિષવૃક્ષ. ઝેરનું ફળ છે, ઝેર વૃક્ષ છે. હું અમૃત વૃક્ષ છું. ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનું હું કલ્પવૃક્ષ છું. અને કર્મ છે એ વિષવૃક્ષ છે. એ ફળ મારા દ્વારા ભોગવ્યા વિના ખરી જાવ. '**હું (મારા) ચૈતન્યસ્વરૂપ આત્માને નિશ્ચળપણે સંચેતું છું-અનુભવું છું.**' આ સમ્યગ્દૃષ્ટિની ભાવના કાયમ નિરંતર અંતરમાં રહે છે. નિરંતર રહે છે. ચાહે તો વિષયમાં બહાર હો, લડાઈમાં હોય. અંતર ભગવાનની દૃષ્ટિ રાગથી અધિક ભિન્ન પડ્યો છે એ દૃષ્ટિ કદી ખસતી નથી. કહો, સમજાણું કાંઈ? એનો વિસ્તાર છે આ ઝેર. ઝેર. જુઓ! પાઠ ૨૩૦માં આવ્યો ને. '**कर्मविषतरुफलानि**' લ્યો! અહીં તો હજી કર્મના ફળ એને મીઠા લાગે છે. મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે અહીંયાં તો. જેને પુણ્ય-પાપના ભાવમાં સુખબુદ્ધિ લાગે છે, જેને પુણ્ય-પાપના ભાવથી બંધ પડે પુણ્ય-પાપનો એમાં સુખબુદ્ધિ લાગે છે અને પુણ્ય-પાપની પ્રકૃતિથી અનુકૂળ સંયોગમાં સુખબુદ્ધિ છે એને ભગવાન ઝેરના ફળમાં મીઠાશ મિથ્યાદૃષ્ટિ કહે છે. મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ, જૂઠી દૃષ્ટિ નામ અસત્ય દૃષ્ટિ, અસત્ય દૃષ્ટિ નામ પાપદૃષ્ટિ. કહો, ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- વેરી છે.

ઉત્તર :- વેરી છે એ તો. કર્મપ્રકૃતિ આત્માથી ભિન્ન છે. એનું ફળ ઝેર છે. ત્યાં આત્માનો આનંદ છે?

'**હું નિર્માણનામકર્મના ફળને નથી ભોગવતો,...**' જુઓ! નિર્માણનો શું અર્થ છે? શરીરમાં જ્યાં સ્થાન હોય ત્યાં આંખ (આદિની) રચના થાય છે ને? જ્યાં આગળ આંખ હોય ત્યાં આંખમાં કાણું હોય. એ પ્રકૃતિ છે નામકર્મની. નિર્માણનામકર્મની એક પ્રકૃતિ છે નિર્માણ નામ રચના. જ્યાં જ્યાં જેવી જેવી રચના હોય એવી થાય. એ તો જડની પર્યાય છે. મારી છે જ નહિ. એમાં નામકર્મનું નિમિત્ત છે. આ તો જડની પ્રકૃતિ છે. સમકિતી પોતાના સ્વરૂપમાં શરીર માનતો નથી, તો એના કર્મના ફળ પોતામાં માનતો નથી. મને નિર્માણ નામમાં સારું કર્મપકૃતિનું ફળ મળ્યું છે. શરીર ઇન્દ્રિય અવયવ સારા (મળ્યા). મને કંઈ સારું નથી. હું તો સારો મારા આનંદમાં છું. હું એને સારું માનતો જ નથી.

અજીવની આકૃતિને હું સારી માનતો નથી. અજીવની આકૃતિને સારા માનનારા આત્માનો ખૂની અજ્ઞાની છે. આહાહા..! ભગવાનનો માર્ગ વીતરાગમાર્ગ છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. રાગમાર્ગ નથી. કહે છે કે હું શરીરની પ્રકૃતિથી નિર્માણ ... એ મારામાં નથી અને એમાં હું નથી. એ મારામાં નથી, હું એનામાં નથી. હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય જ્યોત છું ને. આત્મસ્વરૂપ તો ચૈતન્યસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. એને હું ભોગવું છું. એને પોતાનો માનું છું. એમાં મારી લીનતા થાય છે. એ ચીજમાં હું નથી. એવા કર્મના ઝેરના ફળને હું ભોગવનારો નથી. સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો હજી મીઠાશ વર્તે અને માને કે હું સમકિતી ધર્મી છું. ધૂળમાંય નથી. પોતાના આનંદ સિવાય પરમાં પ્રીતિ, રુચિ, સુખબુદ્ધિ થાય એ મિથ્યાદષ્ટિ, અસત્યદષ્ટિ, પાપદષ્ટિ છે. પોતાનો આત્મા શુદ્ધ સ્વરૂપની દષ્ટિ છોડીને પરમાં રુચિ કરે છે તે અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

છ ઢાળામાં આવ્યું નહિ? પરદ્રવ્યથી ભિન્ન પોતાની આત્મરુચિ ભલી છે. એ છ ઢાળામાં આવે છે. પરદ્રવ્યથી ભિન્ન આત્મરુચિ-આ પરદ્રવ્ય ક્રિયા જડ-ફડ હું છું જ નહિ. આ પર્યાય જ મારી નથી. આ અવસ્થા જડ, માટી, ધૂળની છે. રાગ અવસ્થા પણ મારી નથી. એ તો કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલી ઉપાધિ છે. પુણ્ય-પાપના ભાવ તો ઉપાધિ છે. નિરુપાધિ મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એને ભોગવનાર તો હું મારા સ્વભાવને ભોગવું છું. હું નિર્માણ કર્મનું ફળ ઝેરનો ભોક્તા નથી. સમજાણું કાંઈ? નિર્માણ. ૧૧૨ થઈ.

'**હું અગુરુલઘુનામકર્મ...**' શરીરની એક પ્રકૃતિ એવી છે, ભગવાને દીઠી છે કે જે પ્રકૃતિથી શરીરમાં બહુ હળવાપણું ન દેખાય અને ભારે પણ ન દેખાય, સમભાવ દેખાય. એવી પ્રકૃતિ. અગુરુ એટલે ભારે નહિ, લઘુ એટલે હળવું નહિ. એવા '**અગુરુલઘુનામકર્મના ફળને નથી ભોગવતો,...**' શરીર બહુ હળવું હોય તો ઠીક અને ભારે હોય તો ઠીક. હું છું જ નહિ એમાં. હળવો-ભારે હું છું જ નહિ. એ તો જડ છે. સમજાણું કાંઈ? હું અગુરુલઘુ મારી શાંત પ્રકૃતિ, પ્રકૃતિ નામ સ્વભાવ એમાં અગુરુલઘુનો અર્થ મારા સ્વભાવમાં લઘુતા કદી થતી નથી અને અધિક કોઈ દી થતો નથી. હું તો આનંદમૂર્તિ છું. સમજાણું કાંઈ? '**અગુરુલઘુનામકર્મના ફળને નથી ભોગવતો,...**'

'**હું ઉપઘાતનામકર્મના ફળને નથી ભોગવતો,...**' કેટલામું આવ્યું એ? ૧૪. ઉપઘાત પ્રકૃતિ. શું કહે છે? કે પોતાના અંગમાં જેમ શીંગડા હોય, ... ઉપઘાત તો પોતાને ઘાત કરે છે. તો કહે છે કે .. આદિ ઉપઘાત મારામાં છે જ નહિ. શું કહેવાય એ? સાબર-સાબર. સાબર એ સમકિતી હોય છે. હરણમાં સાબર હોય છે એ સમકિતી કોઈ હોય છે. અઢી દ્વીપ બહાર અસંખ્યાતા સમકિતી શ્રાવક તિર્યંચ છે. શું કહ્યું? આ અઢી દ્વીપ છે ને મનુષ્ય ક્ષેત્ર? એમાં મનુષ્ય તો સંખ્યાતા છે. પણ અઢી દ્વીપ બહાર અસંખ્ય દ્વીપ સમુદ્ર છે. સ્વયંભૂરમણસમુદ્ર આદિ. તો ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાનીએ જોયું છે. વર્તમાનમાં અસંખ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શ્રાવક તિર્યંચ પડ્યા છે. પંચમ ગુણસ્થાનવાળા, ચોથા ગુણસ્થાનવાળા પશુ પડ્યા છે અઢી દ્વીપ બહાર. કૈલાસચંદજી! ખબર નથી. પંચમ ગુણસ્થાનવાળા અસંખ્ય સિંહ, અસંખ્ય મગમરચ્છ, અસંખ્ય મચ્છ બહાર પડ્યા છે. સ્વયંભૂરમણસમુદ્ર છેલ્લો છે ને? સ્વયંભૂરમણસમુદ્ર અસંખ્ય યોજનનો લાંબો. અસંખ્ય યોજન હોં! એક યોજન એટલે ચાર ગાઉ મોટું.

ભગવાન પરમેશ્વરે કહ્યું કે મનુષ્ય ક્ષેત્રની બહાર શ્રાવક શ્રાવિકા આત્માનો અનુભવ કરનાર અસંખ્ય પડ્યા છે, સમકિતી ચોથાવાળા અને શ્રાવક પંચમવાળા. સમજાણું કાંઈ? એ તો પાઠમાં બોલે છે, નહિ? એય..! મલૂકચંદભાઈ! ખામણામાં બોલતા નહિ? અસંખ્યાતા અઢી દ્વીપ બહાર શ્રાવક-શ્રાવિકા બિરાજે છે. આવે છે. ખામણામાં આવે છે. આવે છે. સ્થાનકવાસીમાં દરરોજ બોલે. સાંજ-સવાર પડિક્કમણામાં બોલે. સાંજ-સવાર પડિક્કમણામાં. અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકા સમકિતી. આ પશુ જુઓને! આ છે ને? આ તો અહીંનો છે. ત્રિલોકમંડન હાથી. જુઓ! રાવણનો હાથી હતો. જ્યારે રામચંદ્રજી લંકા જીતીને પોતાને ઘરે લાવ્યા ત્રિલોકમંડન હાથી. જુઓ છે. ચિત્ર છે. આ બાજુ જુઓ ખાલી પડ્યું છે. જાતિસ્મરણ થયું છે સમકિતી છે ત્યાં. એ શણગાર કરીને જાય છે હાથી ઉપર બેસીને. રામચંદ્રજી, લક્ષ્મણ, શત્રુઘ્ન, ભરત. જતા હતા ભગવાનના દર્શન કરવા. ભરતને આત્માનું ભાન થયું અને દીક્ષા લીધી નગ્નપણું, આત્માનું આનંદસ્વરૂપ. તો એ હાથી પૂર્વ ભવનો મિત્ર હતો. આમ જોયું તો ઓહો..! આ તો દીક્ષિત થયા. હાથીને જાતિસ્મરણ થઈ ગયું. હાથીને. શણગાર કરીને જાય છે. શણગાર ઉતારી દીધા. જાતિસ્મરણ થયું છે. સમકિતી છે. ત્યાંથી મરીને સ્વર્ગમાં ગયો. ત્રિલોકમંડન હાથી. ચોર્યાસી લાખ હાથીનો મોટો વડો. તિર્યંચ છે તો શું થયું? શરીર તિર્યંચ છે. આત્મા ક્યાં તિર્યંચ થઈ ગયો છે.

પોતાના અંતરમાં કહે છે કે ઉપઘાત પ્રકૃતિને હું ભોગવતો નથી. જુઓને! એને સૂંઢ હોય લાંબી નડે જ્યાં ત્યાં. સમજાણું કાંઈ? અને આ બકરા-બકરા હોય છે ને? બકરી નહિ બકરી? બકરી કહે છે ને. બકરી નથી હોતી મોટી? એને સ્તન મોટા લાંબા હોય છે. બકરી નથી હોતી? બકરી સમજો છો? બકરીને શું કહે છે તમારે હિન્દીમાં? એય..! બકરી કહે છે ને. તો એને ઉપઘાત પ્રકૃતિનો ઉદય છે. ભાઈ. એને સ્તન લાંબા બહુ હોય. છેક અડે નીચે. એટલા લાંબા હોય છે. એને ઉપઘાત પ્રકૃતિનો ઉદય છે એને. જ્યાં ત્યાં નડે. નડે સમજ્યા? નડેને શું કહે છે? ભટકાય. પાછળ ભટકાય અને અંદર.. કાન બહુ લાંબા હોય. નાનું બચ્ચું હોય ને બકરીનું નાનું બચ્ચું એના કાન બહુ લાંબા હોય. ખાવા જાયને કાંઈક બાવળ તો કાનમાં ભરાઈ જાય. કાંટા ભરાઈ જાય. તો એ ઉપઘાત પ્રકૃતિનો ઉદય લઈને આવી છે. પોતાનો જ કાન ત્યાં ચોંટી જાય, કો'ક લાકડામાં ગરી જાય. મોટા કાન હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. તો ભરવાડ લોકો, રબારી લોકો મોટા કાનને ચીરી નાખે. નાના બચ્ચાના. નહિતર કાંઈક ભરાઈ જાય તો ત્યાં લટકી જાય, મરી જાય એ બચ્ચું. એટલે કાન લાંબા, સાબરને મોટા શીંગડા, બકરીને મોટા આંચળ એ ઉપઘાત પ્રકૃતિ છે. તો સમ્યગ્દૃષ્ટિ બકરી પણ હોય છે અને સાબર પણ હોય છે. સમજાણું કાંઈ? અસંખ્ય બહાર છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય પડ્યા છે. કૂતરા છે, ચકલી છે, મગરમચ્છ છે, સિંહ છે, વાઘ છે, રીંછ છે. અસંખ્ય બહાર પડ્યા છે. આત્માનું ભાન છે. શરીરના રજકણથી હું ભિન્ન અને રાગનો કણ છે શુભભાવ એનાથી પણ હું ભિન્ન છું. એવા અનુભવની દૃષ્ટિ કરીને અસંખ્યાતા પડ્યા છે. કહે છે કે હું ઉપઘાતનામકર્મના ફળને ભોગવતો નથી. સમજાણું કાંઈ?

હું પ્રકૃતિમાં નથી અને પ્રકૃતિના ફળમાં નથી. મારા આનંદફળમાં હું છું. આહાહા..! જગતને કાંઈ ખબર નથી ધર્મ શું છે. સમજાણું કાંઈ? જગતની બહાર પડ્યા છે. બકરી હોય છે, ઘેટા હોય છે ને ઘેટા. ઊનવાળા નહિ? ઊન હોય છે ઊન. એને ઘેટા કહે છે. ઘેટાને શું કહે છે? ભેડ. અમારે અહીંયાં ઘેટા કહે છે. ભેડ-ભેડ હોય છે. જંગલમાં બહાર ઘણા છે. સમજાણું કાંઈ? આહાહા..! શરીરના રજકણે-રજકણ અજીવ અને રાગનો કણ એ આસ્રવ અને હું તો જ્ઞાનાનંદ છું. એવો સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ હોય તો પ્રકૃતિનો, ઉપઘાત પ્રકૃતિનો ઉદય હોય અને પોતાનું શરીર પોતાને વિઘ્નરૂપ દેખે તો (કહે છે કે) હું એમાં છું જ નહિ. એ ઉપઘાત પ્રકૃતિના ફળનો ભોક્તા હું છું જ નહિ ને. આહાહા..! સમજાણું કાંઈ? નામકર્મની પ્રકૃતિ છે. પોતાનું અંગ પોતાને વિઘ્ન કરે એ પ્રકૃતિનું નામ ઉપઘાત કહે છે. ઉપ નામ સમીપમાં પોતાનો અંગ ઘાત કરે. સમજાણું કાંઈ? એ તો જડ છે. મારામાં છે જ નહિ. હું છું ત્યાં એ નથી. એ જ્યાં છે ત્યાં હું નથી. હું તો જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ છું. એવી ધર્મીની દૃષ્ટિ આનંદમાં રહે છે તો કહે છે કે હું ઉપઘાતનામકર્મના ફળને ભોગવતો નથી. કહો, ચંદુભાઈ! ઓહોહો..!

હાથીને જુઓને મોટું પૂછડું હોય, મોઢા આગળ સૂંઢ હોય, બે મોટા દાંત હોય. જ્યાં ત્યાં અથડાય. ખાવા જાય ત્યાં દાંતની એવી ભીંસ લાગે. એ પોતાની પ્રકૃતિનું ફળ એના શરીરને નુક્સાન કરે તો કહે છે કે એ પ્રકૃતિ હું નહિ, શરીર હું નહિ, તો નુક્સાન થાય એમાં પણ હું નથી. સમજાણું કાંઈ? વિપરીત અભિનિવેષનો ત્યાગ જ્યાં થયો છે એવો સમ્યગ્દૃષ્ટિ કહે છે કે ઉપઘાતનામકર્મનું ફળ મને નથી. હું તો ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરનાર છું. કહો, સમજાણું કાંઈ?

‘**હું પરઘાતનામકર્મના ફળને નથી ભોગવતો,...**’ લ્યો, પરઘાત આવ્યું હવે. સિંહને નખ હોય છે ને નખ? એવા નખ હોય છે કે પરનો ઘાત કરે. નખ. બિલાડીના નખ અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દાંત. સિંહના દાંત. પરઘાત પ્રકૃતિનો ઉદય છે. સમકિતી સિંહ હોય છે. અસંખ્ય સિંહ સમકિતી છે બહાર. અને સમ્યગ્દૃષ્ટિ છે તો કહે છે કે પરઘાત પ્રકૃતિ મારામાં છે જ નહિ. લે. તીખા નખ હોય હોં! હો. શીતળ છાયા આત્માના આનંદમાં આવી ગયો છે ને. કોઈને મારતો નથી. હું તો શાંત છું. સમજાણું કાંઈ? એવી સમકિતીને પ્રકૃતિના ઉદયથી પરઘાત નામ નખ અને દાંત હો, હું તો નહિ. હું તો આત્મા અરૂપી ચિદાનંદ છું. એ પ્રકૃતિનું ફળ તો ઝેર છે. એ તરફનું લક્ષ કરવું એ પણ રાગ છે. મારું સ્વરૂપ, પરનું લક્ષ કરીને રાગ કરવો એ મારું સ્વરૂપ છે જ નહિ. સમજાણું કાંઈ?

સિંહનો નથી આવ્યો દાખલો ત્યાં? તમારે જેતપુરમાં જ આવ્યો છે. નહિ? દિવાન હતા નહિ? દિવાન. જેતપુરમાં. જેતપુરમાં નહિ? દિવાન હતા કોઈ. અમરચંદજી દિવાન. ઈ રાત્રે આવ્યા હતા. રાજા કહે, આ સિંહને ખવડાવો. અમરચંદજી! જાવ. દિવાન હતા. .. નહિ પણ જૈનની શ્રદ્ધા હતી, બહારની વ્યવહારની. એ પણ એટલા દઢ હતા, અંદર સિંહ હતો, જાવ ખવડાવો એને. માંસ ખવડાવો. દાતા! હું માંસ નહિ ખવડાવી શકું. હું જૈન છું. હું માંસ નહિ ખવડાવી શકું. જાવ. ગયા અંદર. જઈને લાડવા બનાવ્યા. ગયા અંદર. અરે..! સિંહ. ખાવું હોય તો આ ખા, નહિતર મને ખા. સમજાણું કાંઈ? હું જૈની છું. હું કોઈને માંસનો ટૂકડો દઉં અને ખાય એ મારી વૃત્તિમાં છે જ નહિ. અંદર ઊભા રહ્યા. આ કોણ છે? ડરતો નથી. મારાથી તો ડરીને ભાગી જાય અને આ તો અંદર આવ્યો. શું કહેવાય એ? પીંજરું. પીંજરામાં ઘૂસી ગયા. લાડવા મૂક્યા, ખાવ સિંહ. હે સિંહરાજ! વનરાજ! વનરાજ! ખાવ ખાવું હોય તો. ન ખાઈ શકો અને માંસ ખાવું હોય તો હું છું. સમજાણું કાંઈ? એટલી દઢતા તો હજી સમ્યગ્દર્શન વિના હતી. ભાઈ! સમ્યગ્દર્શન તો બીજી ચીજ છે. એની તો ખબર નથી. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન અંતર આત્માના આનંદનું ભાન થઈને સમ્યગ્દર્શન થયું તો કહે છે કે પરઘાત પ્રકૃતિ સિંહને હોય છે. વાઘને હોય છે અને રીંછ-રીંછ. રીંછ હોય છે ને રીંછ? પ્રકૃતિ હોય છે. સિંહ, રીંછ સમકિતી હોય છે કોઈ. કોઈ. અસંખ્યમાં કોઈ. પણ એટલા છે. અસંખ્ય પશુ બહાર છે એક સમકિતી અને અસંખ્ય પશુ મિથ્યાત્વી. એવા અસંખ્યગુણા મિથ્યાદૃષ્ટિ અને અસંખ્યમા ભાગે સમકિતી બહાર છે. અસંખ્યમો ભાગ છે તો પણ અસંખ્ય છે. સમજાણું કાંઈ?

પહેલી નરક છે ને? લ્યોને પહેલી નરકમાં, પહેલી નરક જે છે થોડામાં થોડી દસ હજાર વર્ષની સ્થિતિ છે. અને મોટી સ્થિતિ એક સાગરોપમ જેટલી છે. એક સાગરોપમ. જેમાં અસંખ્ય અબજ વર્ષ જાય. અસંખ્ય અબજ. તો પહેલી નરકમાં અસંખ્ય સમકિતી છે. પહેલી નરકમાં અહીંયાં. રત્નપ્રભા જેને કહે છે. પહેલી નરકનું નામ રત્નપ્રભા. સમજાણું કાંઈ? ભાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ન મળે અને રત્નપ્રભા. એક બાઈને કહ્યું, બહેન! તમારે રત્નપ્રભા જાવું છે? રત્નપ્રભા નામ છે ને પહેલી નરકનું? કૈલાસચંદજી! બહેન! તમારે રત્નપ્રભા જાવું છે? મહારાજ! અમારા જેવા ગરીબ જાય? આપ જેવા જાય. ઓલા તો મશ્કરી કરવા ગયા. એને ખબર નહિ, હોં! બિચારી એ તો ભોળી બાઈ હતી. એને કાંઈ ખબર નહોતી. એનું નામ રત્નપ્રભા છે. પહેલી નરકનું નામ રત્નપ્રભા અને આમ એનું ગોત્ર મઘા છે ને? મઘા. બે નામ છે. રત્નપ્રભા નામ અને મઘા ગોત્ર છે પહેલી નરકનું. બાઈને કહ્યું કે બહેન! તમારે રત્નપ્રભા જાવું છે? મહારાજ! રત્નપ્રભા! આહાહા..! અમારા જેવા ગરીબ પ્રાણી જાય? આપ જેવા જાય. એને ખબર નહિ કે રત્નપ્રભા શું હશે.

મુમુક્ષુ :- નરકનું નામ છે.

ઉત્તર :- નરકનું નામ છે. એક લાખ એંશી હજાર યોજનનો પાતાળ છે અંદર નીચે. એક લાખ એંશી હજાર યોજન અંદર. ત્રણ હજારના પાસડાની વચ્ચે નરક નીચે છે. અસંખ્ય નારકી છે.

અહીં તો એમ કહેવું છે કે અસંખ્ય નારકી છે એમાં એક સમકિતી અને અસંખ્ય મિથ્યાદષ્ટિ. પહેલી નરકમાં. તો પણ સમકિતી અસંખ્ય છે અને એનાથી અસંખ્યગુણા મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? એવા પશુ અઢી દ્વીપ બહાર છે. એક સમકિતી અને અસંખ્ય મિથ્યાદષ્ટિ. એક પંચમ ગુણસ્થાનવાળા અને અસંખ્ય મિથ્યાદષ્ટિ, તો પણ અસંખ્ય સમકિતી અને અસંખ્ય પંચમ ગુણસ્થાનવાળા છે. અઢી દ્વીપ બહાર. પોતાના આનંદ સ્વરૂપનો અનુભવ કરે છે. હજાર-હજાર યોજનના મચ્છ દરિયામાં પડ્યા છે. કોઈને જાતિસ્મરણ છે પૂર્વ ભવનું, કોઈને અવધિજ્ઞાન છે. અરે..! અમે શું ભૂલ કરી કે પશુ થયા? અને પશુ થઈને .... ક્યાં આવી ગયા? અંતરમાં ભાન કરે છે. રાગ પુણ્ય-પાપના વિકલ્પથી નિર્વિકલ્પ ચૈતન્ય મારી ચીજ ભિન્ન છે. એવી અંતરની અનુભવ દષ્ટિમાં સમકિતી કહે છે, પરઘાત પ્રકૃતિના ફળને હું નથી ભોગવતો. કહો, સમજાણું કાંઈ? મોટા મચ્છ હોય છે. એની પુંછડી લાંબી હોય છે. પુંછડી આમ જરી કરે તો પણ હજારો મચ્છ મરી જાય. પાણીમાં ઘણા મોટા (મચ્છ થાય છે). હજાર યોજન કોને કહે? હજાર યોજનનો મચ્છ છે, ભગવાન કહે છે. પરમેશ્વર કેવળજ્ઞાની વીતરાગદેવ સ્વયંભૂરમણસમુદ્રમાં હજાર યોજનના અસંખ્ય મચ્છ કહે છે. એમાં અસંખ્ય તો સમકિતી છે. સમજાણું કાંઈ? મનસુખભાઈ! પૂંછડુ મોટું. પૂંછડું કેવડું હશે? હજાર યોજન લાંબુ એ પ્રમાણે શરીર પહોળું હોય ને હજાર યોજન લાંબુ શરીર. આમ પુંછ કરે તો કેટલાય પાણીના જીવ મરી જાય. તો કહે છે કે એ પ્રકૃતિ પરઘાત નામની પ્રકૃતિનું ફળ છે. એ મારામાં છે જ નહિ. હું તો આનંદમૂર્તિ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય આત્માનો અનુભવ કરનારો છું. એ ચીજ મારામાં

છે નહિ. આહાહા..! જગતને આત્મા શું ચીજ છે? વિકાર શું છે? પર શું છે? ભેદજ્ઞાન થયા વિના એને અનુભવ થતો નથી, ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? '**હું પરઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**'

'**હું આતપનામકર્મના ફલને નથી ભોગવતો,...**' લ્યો! આતપ આવ્યું ને? એ તો સૂર્યને હોય છે. સૂર્ય છે ને સૂર્ય? એની આતાપ પ્રકૃતિ છે. આતાપ. એ તો એકેન્દ્રિય છે. અહીં તો કહે છે કે મારામાં કોઈ એકેન્દ્રિય પ્રકૃતિ પડી હોય તો એનો હું ભોક્તા નથી. '**હું આતપનામકર્મના ફળને નથી ભોગવતો,...**' '**હું ઉદ્યોતનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ઉદ્યોત. રાત્રે નથી થતા? જીવડા નાના નથી થતા? પ્રકાશ-પ્રકાશ નથી કરતા? જૂગનુ. આગિયા-આગિયા કહે છે. સમ્મેદશિખરમાં આગિયા ઘણા હતા. અમે બહાર સૂતા હતા ને બહાર. વીસપંથીની કોઠીમાં. (સંવત) ૨૦૧૩ની સાલમાં. બહાર જંગલમાં છે વીસપંથીની કોઠી. વીસપંથીની કોઠી છે ને? સમ્મેદશિખરની આ બાજુ છે. આ બાજુ તેરાપંથી ઉપર છે. તો અમે સાંજે ત્યાં ચાલ્યા જતા હતા. સાંજથી આખી રાત. ૨૦૧૩ની સાલમાં. તો રાત્રે એટલા દેખાય. લોકો કહે કે ભૂત છે. ભૂત-બૂત નથી. શું ડરો છો એનાથી. ત્યાં બહુ જંગલ ખરા ને? વીસપંથીની કોઠી છે. હવે તો સુધારી નાખી ને. આ ફેરી ગયા ને? સુધાર્યું છે. તે દી તો ખુલ્લુ હતું બધું. આ પણ ખુલ્લું હતુ પણ.. હમણાં જઈ આવ્યાને પોર? સમ્મેદશિખર. તો ત્યાં એટલા ઊડતા હતા. કેટલાક કહે, આ શું છે? આ જીવાત છે, ઉડે છે. પ્રકાશ કરતા કરતા. ઉદ્યોત નામની પ્રકૃતિ છે. સમકિતીને એવી ઉદ્યોત પ્રકૃતિનો ઉદય અંદર હોય છે. પ્રકૃતિનો. પણ ફળ નહિ. મારામાં છે જ નહિ. હું તો આત્મા આનંદ છું. મારામાં પ્રકૃતિ નથી અને પ્રકૃતિનું ફળ મારામાં નથી. ઉદ્યોત.

'**ઉચ્છ્‌વાસનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! આ શ્વાસોચ્છવાસ છે ને? દેખો! એ જડની પર્યાય છે શ્વાસની. હું જડમાં છું નહિ, હું જડથી ભિન્ન છું. શ્વાસની પ્રકૃતિ ચાલે છે એ તો કર્મના નિમિત્તથી શ્વાસ ચાલે છે. એ શ્વાસોચ્છાવાસ નામકર્મ પ્રકૃતિના નામકર્મનું ફળ હું ભોગવતો નથી. લ્યો! લોકો નથી કહેતા કે શ્વાસ તારો સગો નથી. એય..! તમારે કહે છે ને.

મુમુક્ષુ :- .. ભાગમાંથી.

ઉત્તર :- છેલ્લા ભાગમાં કહો, પહેલેથી કહેતા હોય તો ધ્યાન કરે. પેલો કહે, ભાઈ શ્વાસ તારો સગો નહિ. એ શ્વાસપ્રકૃતિ નામકર્મની પ્રકૃતિને કારણે ચાલે છે. અને એ શ્વાસની ગતિ છોડી દે નાભિથી મૃત્યુને કારણે. ખ્યાલ આવી જાય એને કે અહીંથી છૂટી ગયો છે. કંઈક ભાષા હશે તમારે હિન્દી હોં! અમારે અહીંયાં આ છે. ખ્યાલ આવી જાય કે શ્વાસ

છૂટી ગયો ભાઈ અહીંયાંથી. એ .. શ્વાસ લીધો. અલ્પ કાળમાં દેહ છૂટી જશે. તો એ શ્વાસ ચાલે છે અને રોકાઈ ગયો નીચે જઈને. તો આત્મા નથી રોકી શકતો. એ તો જડની પર્યાય છે. અને એ પ્રકૃતિનું કાર્ય છે. મારામાં છે જ નહિ એમ કહે છે અહીંયાં તો. અત્યારે શ્વાસ ચાલે છે અને શ્વાસ રોકાય મૃત્યુના કાળમાં. આહાહા..! શ્વાસક્રિયા જે ચાલે એ તો અનંત રજકણનો પિંડ છે એ તો. અનંત પરમાણુનો પિંડ છે. અહીંથી અહીં સુધી ચાલે. અહીંથી અહીં સુધી. મૃત્યુનો કાળ આવે તો નાભિથી છૂટી જશે શ્વાસ. નાભિથી છૂટી જશે. ખ્યાલ આવે હુશિયાર માણસ હોય તો કે છૂટી ગયો. નીચે ન જઈ શકે. પરવસ્તુ છે. આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે મારે કરવું નથી અને મારે છોડવું પણ નથી. એ શ્વાસ નામની પ્રકૃતિનું ફળ મારામાં છે જ નહિ. આહાહા..! ભારે! આ તો આત્મા શ્વાસ-અજીવ વિનાનો થયો. અજીવ છે એમાં? ત્રણે કાળ અજીવ વિનાની ચીજ છે. પણ એ તરફ જરી લક્ષ જાય છે અને વિકલ્પ (ઉઠે છે) એ પણ મારામાં નથી.

'**હું ઉચ્છ્‌વાસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' લ્યો! '**હું પ્રશસ્તવિહાયોગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' પ્રશસ્તવિહાયોગતિ. શું કહે છે? ચાલવામાં હાથીની મલપતિ જેવી શરીરની ગતિ હોય એ તો જડની પર્યાય છે. એ વિહાયગતિ નામકર્મનું ફળ જડ કર્મ છે. મારામાં નથી. સમજાણું કાંઈ? ચાલવામાં હોય છે ને સરખી આમ? પગ ઉપર પગ ફરે. આમ મલપતિ, મલપતિને શું કહે છે? મલપતિ કહે છે હિન્દીમાં? આપણે ભાષા બરાબર નથી. આમ ચાલતા હાથી જેવી ચાલ. હાથી ચાલે ને. મલપતિ. એ જડની પર્યાય છે. મારી નહિ. હાથીને સમકિત થાય છે તો માને છે કે પ્રશસ્તવિહાયગતિ મારી નથી. આ તો અજ્ઞાની કહે, હું આમ ચાલુ છું, હું આમ પગ મૂકું છું. ધૂળ છે? તારી પગની ક્રિયા તું કરી શકે છે? એ તો જડ છે. સમજાણું કાંઈ? માણસમાં પણ એવા હોય છે ને? સરખી ગતિ આમ બરાબર...

પ્રશસ્ત વિહાય. વિહાય નામ આકાશ. પ્રશસ્ત નામ આમ આકાશમાં ગતિ ચાલે એ હું નહિ. હું તો જ્ઞાનાનંદ છું. આહાહા..! ભારે વાત! સમજાણું કાંઈ? '**હું પ્રશસ્તવિહાયોગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો! આ ગધેડા જેવી ચાલ હોય ચાલ. ગધેડા પણ સમકિતી હોય છે કોઈ. ગધેડો-ગધેડો. બહાર ગધેડા ઘણા છે. સમકિતી છે. એ તો જડની પર્યાય છે. પ્રકૃતિનું ઝેરફળ છે. હું તો ચૈતન્ય છું. મારામાં આસ્રવ નથી તો એ ક્યાંથી આવ્યું? એવો હું ચૈતન્યસ્વરૂપનો ભોક્તા છું. હું એ ભોક્તા નથી. લ્યો ૧૨૦ થઈ. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૩, શનિવાર તા. ૧૩-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૫૫**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. ૧૨૧ પ્રકૃતિ ચાલે છે, પ્રકૃતિ. શું ચાલે છે? છે ૧૨૧? આચાર્ય મહારાજ કહે છે કે જે કર્મ આઠ કર્મ છે ને એ વિષઝાડ-ઝેરના ઝાડ છે. આહાહા..!

મુમુક્ષુ :- આઠેય કર્મ?

ઉત્તર :- આઠેય કર્મ. આવી ગયું. એ તો પહેલા આવ્યું. પછી આવશે. આઠેય કર્મ ઝેરના ઝાડ. પહેલું આવી ગયું છે બધું શાતા-અશાતા.

મુમુક્ષુ :- એક તો બાકી રાખો.

ઉત્તર :- એકેય શાતા-અશાતા બાકી કાંઈ નહિ. બધી ઝેર છે. માનવું હોય એ માને અને ન માનવું હોય ન માને. ઝેર પહેલા આવી ગયું છે. વિષવૃક્ષ. પછી આવશે. આના પછી આવશે. દેખો! આ પૂરું થયા પછી આવે છે શ્લોક. સંન્યા કરીને. સંન્યાસ કરીને છે ને. ૨૩૨માં લ્યો. ૨૩૨ જુઓ. '**પૂર્વભાવકૃતકર્મવિષદ્રુમાણાં**' ઝેરનું ઝાડ છે. ઝેર ઝાડ છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો કુંડ છે. કેમ બેસે એને? હું આવો છું એમ બેસતું નથી એને. આત્મા તો અતીન્દ્રિય અમૃત. અતીન્દ્રિય અમૃતનું સરોવર છે. એમાં જે પુણ્ય-પાપના ભાવ છે એ તો ઝેર છે. એ સમયસારમાં આવી ગયું છે. મોક્ષ અધિકારમાં. એ અહીં આવ્યું. અને કર્મ છે એ તો ઝેરના ફળ દેનારા છે. આત્મા છે એ અતીન્દ્રિય આનંદનું ફળ દેનાર છે. અનંત કાળથી ચોર્યાસીના અવતારમાં રઝળતા ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃત સ્વરૂપ છે એનો જ્યારે અનુભવ થાય અને અનુભવ ન થયો તેથી એ ચોર્યાસીમાં રખડે છે. એ તો આવી ગયું ભેદજ્ઞાનના અભાવથી. આહાહા..!

અહીંયાં આચાર્ય મહારાજ પોતાની વાત કરે છે અને કેટલીક સામાન્ય જ્ઞાનીની પણ કરે છે. કે ધર્મી જીવ એવા હોય છે. સમ્યગ્દષ્ટિ ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હોય, રાજપાટમાં દેખાઓ, ચક્રવર્તીના પદમાં દેખાઓ પણ પોતાનો શુદ્ધ આનંદ, પોતાનું શુદ્ધ સ્વરૂપ આનંદ છે એની અંતર દૃષ્ટિને લઈને એને કર્મના તરફના ફળનો આદર નથી. હોય છે. સમજાય છે કાંઈ? ધર્મીને શુભભાવ આવે છે, અશુભથી બચવા માટે. પણ ધર્મી તેને ઝેર જાણે છે, હેય જાણે છે, ઉપાદેય માનતો નથી.

મુમુક્ષુ :- હેય કહો પણ ઝેર કહો મા.

ઉત્તર :- ઝેર કહો કે હેય કહો બેય એક જ છે. એમાં છે શું? આહાહા..! હેય કહો,

ઝેર કહો, દુઃખ બીજી ભાષાએ એમ કહો. શું થાય? પોતાની ચીજની એણે ખબર કદી કરી નથી.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ નામ અતીન્દ્રિયરસથી ભરેલો ભગવાન આત્મા છે. એ સિવાયના જેટલા પરિણામ થાય એ બધા ઝેર છે, દુઃખ છે, અશાંતિ છે, આશ્રય કરવા લાયક નથી. સમજાણું કાંઈ? આવી અંતર દૃષ્ટિ થયે '**હું સાધારણશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એમ કહે છે. એક શરીરમાં અનંતા જીવ રહે એને સાધારણ કહે છે. નિગોદ. આલુ, કંદમૂળ એક શરીરમાં અનંત (જીવ રહે). તો આચાર્ય કહે છે કે પ્રકૃતિ કોઈ પૂર્વની પડી હોય, સમકિતીને પણ પડી હોય પ્રકૃતિ, તો એ પ્રકૃતિના ઉદયમાં હું નથી, હું નહિ. હું તો આનંદ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત એ મારી દૃષ્ટિનો વિષય છે અને એને હું શાંતિને ભોગવનાર ચૈતન્ય સ્વરૂપ આત્માને અનુભવનાર, વેદનાર હું છું. એ સાધારણ પ્રકૃતિના ફળને-ઝેરને હું અનુભવનાર નથી.

મુમુક્ષુ :- ઝેરને ભોગવે તો મરી જ જાય ને.

ઉત્તર :- મરી જ ગયો છે. રાગને મારો માને એ મરી જ ગયેલો છે એમ ભગવાન કહે છે. એના જીવતર પ્રાણના નાશ કરે છે એ. શું થાય? એ વાત અત્યારે ગળે માણસ એવી ગરી ગઈ છે લાકડા.

ભગવાન આત્મા ચૈતન્યભાવપ્રાણ વસ્તુ છે, જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે. શાંતિ એટલે વીતરાગતા અંદર. એવા અનંત ગુણનો પિંડ છે. ૪૭ શક્તિ આજ વેંચાણી છે. એમાં બધું વિસ્તારથી આવ્યું છે. ત્રણ વર્ષ પહેલાના વ્યાખ્યાન છે એ બધા. ત્રણ વર્ષ પહેલાના. એ પહેલા બહાર ૪૭ શક્તિના એક હજાર પુસ્તક થઈ ગયા છે. એ ખલાસ થઈ ગયા. આ તો બીજી રીતે બહુ બીજી રીતે આવ્યું છે. આ તો ગુજરાતી સમજે નહિ. એટલે ગુજરાતી સમજે એને મજા આવે એ શક્તિમાં બહુ ઝીણું તત્ત્વ છે ઘણું ઝીણું. જેને ઘણો અભ્યાસ હોય, શાસ્ત્રનો અભ્યાસ હોય જૈન શાસ્ત્રનો, દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ એનો અભ્યાસ હોય અને એમાં તત્ત્વ પરમાર્થ શું છે એને સમજાય એવું છે. સાધારણને સમજાય એવી વાત નથી. સમજાય છે કાંઈ?

હવે અહીં આ કહે એમાં શું સમજે? આમાં પાધરો અર્થ કરવા માંડે. લ્યો! '**હું સાધારણશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' હવે શું એમાં કહેવું છે તમારે? આ કર્મનું ફળ કોણ ભોગવે? જડ? હું કર્મના ફળને ભોગવતો નથી, ત્યારે કર્મનું ફળ જડ ભોગવે? સાંભળને હવે તું. બીજી વાત છે આ. કર્મ તો જડ, માટી, ધૂળ છે. જેવી આ માટી છે, આ સ્થૂળ માટી છે. એવા આઠ કર્મ ઝીણા રજકણ છે. માટી રૂપી ધૂળ, માટી અજીવ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જડ. એના ફળમાં તો પાકે ત્યારે અંદર થાય શું? રાગ અને દ્વેષ અને હીણી દશા થાય એ એનું ફળ છે. એ સમ્યગ્દૃષ્ટિ હીણી દશા અને વિપરીતતાનો સ્વીકાર કરતો નથી. છે એમ જાણે. આદરણીય છે નહિ. સમજાણું કાંઈ?

'**હું સાધારણશરીર...**' એક શરીરમાં અનંતા જીવ. અનંત વાર અવતાર ધારણ કર્યા છે. અનંત કાળમાં એક શરીરમાં અનંત જીવ, અનંત જીવનું આયુષ્ય સરખું. શરીર એક. ઈન્દ્રિય એક. શ્વાસ એક. શ્વાસ એક. અનંત જીવ. એમાં અનંત વાર રહ્યો છે. આત્માના સમ્યગ્દર્શન વિના. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. એની અંતરની દૃષ્ટિના અનુભવ જ્ઞાન વિના એ અનંત કાળ એકેન્દ્રિયમાં એક શરીરમાં અનંતા જીવ ગાળ્યા છે. મુક્તિ થાય તોપણ કેટલા થાય? છ માસ અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિ થાય. જે કાંઈ આત્માનું ભાન કરીને મોક્ષ પામે, છ મહિના અને આઠ સમય. એમાં ૬૦૮. સમજ્યા? એટલા મુક્તિ પામે. અત્યાર સુધી જેટલા સિદ્ધ ભગવાન મુક્તિ પામ્યા.. કેટલા? કે આ એક સાધારણ શરીર છે... આહાહા..! એક કળી લ્યો લસણની લસણની. તો એક એટલી કળીમાં એક કટકી રાઈની. ટૂકડા. એ કટકીમાં અસંખ્ય શરીર છે અને એમાં એક શરીરમાં અત્યાર સુધી જે સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે.

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની તીર્થંકરદેવ એ ફરમાવે છે, ભાઈ! સમજાય છે કાંઈ? એક આટલી કળી હોં! આ લસણની, બટાટાની, આ શું કહેવાય શક્કરકંદની, આ મૂળા, ગાજર. ગાજર કહેવાય છે ને? ગાજર. ગાજર હોય છે ને ગાજર? લસણ, સુરણકંદ. ગાંઠ આવે છે ને સુરણકંદની? એની એક કટકી. રાઈ જેટલી કટકી. રાઈ જેટલી હોં કટકી. એમાં અસંખ્ય તો શરીર. ઔદારિક અસંખ્ય શરીર. અને એક શરીરમાં અત્યાર સુધી જે છ માસ અને આઠ સમયમાં જે સિદ્ધ થયા ૬૦૮ એમ કરતા અનંત પુદ્‌ગલ પરાવર્તન થઈ ગયા. એ જે સિદ્ધની સંખ્યા છે એના કરતા ઓલા એક શરીરમાં અનંતગુણી સંખ્યા છે. અનંતમે ભાગે સિદ્ધ થયા, અનંતમે ભાગે સિદ્ધ થશે. એટલા નિગોદના સાધારણ શરીરો ઠસાઠસ ચૌદ બ્રહ્માંડમાં ભર્યા છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ આત્માના ભેદજ્ઞાનના અભાવે. એ કાલે આવ્યું હતું. '**अस्यैवाभावतो बद्धा**'. પુણ્ય-પાપનો રાગ અને આત્મા બે ભિન્ન છે એના ભિન્નતાના અભાવને કારણે એટલે રાગ અને સ્વભાવની એકતાને કારણે મિથ્યાત્વને કારણે એણે અનંતા ભવ નિગોદના કર્યા છે. સમજાણું કાંઈ? પાછા અનંત કાળ થશે તો એક શરીરને અનંતમે ભાગે સિદ્ધ થશે. કોઈ દી એક શરીરનો અસંખ્યમો ભાગ સિદ્ધ નહિ થાય. એટલા જીવની સંખ્યા ભગવાને કહી છે. પરમેશ્વર, ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઈન્દ્રોની સમક્ષ, શકેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર આદિની સમક્ષ ભગવાનની વાણી દિવ્યધ્વનિમાં આવી છે. ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. એની વાણીમાં અને અહીંયાં તીર્થંકરો થયા એની વાણીમાં બધું એક જ આવ્યું છે. અરે..! આત્મા! એક શરીરમાં અનંત વાર, એક અનંતમાં ભેગો રહીને તેં દુઃખો નિગોદના અનંત વેઠ્યા છે, પ્રભુ! પણ તને ખબર નથી, ખબર નથી. ભૂલી જાય છે.

અહીં ધર્મી જ્યારે આત્માનું ભાન થાય છે, અરે..! હું તો આનંદ છું. કર્મ નહિ અને કર્મના નિમિત્તના સંગમાં વિકાર થાય તે હું નહિ. એનાથી ભિન્ન છું. એવું સમ્યગ્દર્શન થતાં આચાર્ય ભગવાન કુંદકુંદાચાર્ય દેવ, ભગવાન પાસે ગયા હતા અને આઠ દિન રહ્યા હતા. પછી સમયસાર બનાવ્યું છે. ભગવાન પાસે કુંદકુંદાચાર્ય નગ્ન મુનિ ગયા હતા. સમજાણું કાંઈ? આ અમૃતચંદ્રાચાર્ય તો હમણાં હજાર વર્ષ પહેલા થયા. એમણે આ ટીકા બનાવી કુંદકુંદાચાર્યની. અલૌકિક ટીકા અને અલૌકિક શાસ્ત્ર! ભરત ક્ષેત્રમાં આવી વાણી વીતરાગની અલૌકિક છે!!

કહે છે, અરે..! એવી શરીર પ્રકૃતિ કોઈ બંધાયેલી હોય પૂર્વની. હું તો આત્મા આનંદ છું. મારે પ્રકૃતિના સંબંધમાં કાંઈ નથી. હું તો શુદ્ધ ચૈતન્ય છું. મારી શાંતિ તો મારી પાસે છે. મારી શાંતિને કારણે હું રાગથી ભિન્ન પડીને મારા ચૈતન્ય સ્વરૂપ આત્માને હું અંતર જાણું છું, માનું છું અને વેદું છું. એનું નામ ભગવાન ધર્મ કહે છે. અરે..! ભગવાન! સમજાય છે કાંઈ? એ એક બોલ થયો. બીજો બોલ. વાર કેમ લાગી આજે?

મુમુક્ષુ :- મામલતદાર પાસે..

ઉત્તર :- મામલતદાર પાસે.. ઠીક. કીધું, આ વાર કેમ લાગી? કામ એને હશે ને.

મુમુક્ષુ :- રસોડાનું.

ઉત્તર :- હા. રસોડાનું. એ જ કહું છું. મેં એમ ક્યાં કહ્યું ફલાણું. કોઈ કામ ન હોય. મેં એમ કહ્યું નથી. તમારા ઘરનું કામ હોય એમ હું સમજ્યો નથી.

'**હું..**' હવે પોતાનું આવે છે જુઓ આચાર્ય. '**હું પ્રત્યેકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એક શરીરમાં એક જીવ એનું નામ પ્રત્યેક શરીર કહેવાય. જેમ આ શરીર એક છે અને જીવ એક છે. આ લીંબડો. નીમ કહે ને નીમ. લીંબડો, પીપળા. પીપળા કહે છે ને? પીપળાને શું કહે? પીપર. એનું એક પાંદડું લ્યો એક પાન. એમાં એક રાઈ જેટલી કટકી લ્યો તો એમાં અસંખ્ય શરીર છે, એક શરીરમાં એક જીવ છે. એને પ્રત્યેક શરીર કહીએ. પ્રત્યેક એટલે એક એક શરીરે એક જીવ. એને પ્રત્યેક કહીએ. અને એક શરીરમાં અનંત જીવ (રહે) એને સાધારણ કહીએ.

આચાર્ય કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ, જે ચૈતન્ય ભગવાન આત્માનો સ્વાદ આવ્યો છે આનંદનો. ભલે ગૃહસ્થાશ્રમમાં છ ખંડના રાજમાં હો એમ દેખાય, પણ હું મારા સ્વરૂપમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રત્યેક શરીર પ્રકૃતિના ફળને ભોગવતો નથી. હું તો મારું ચિદાનંદ સ્વરૂપ છે. અનાકુળ શાંત, આનંદ સ્વરૂપ છે એ હું છું. એની શ્રદ્ધા અને જ્ઞાનના વેદનમાં મને પ્રત્યેક કર્મના ફળનો ભોગવટો મને નથી. એનું નામ ધર્મદૃષ્ટિ કહેવાય છે. સમજાણું કાંઈ? આ ઘરે જઈને વાંચે થોડુંઘણું મેળવે તો કામ આવે એવું છે, હોં! અદ્ધરથી નથી આવે એવું. એય..! ક્યાં ગયા હસમુખ? ત્યાં દુકાને થોડું ફેરવવું પડશે આ. ચોપડા ફેરવ્યા ફેરવ કરે આખો દી. પણ ત્યાં રૂપિયા દેખાય. લાખ, બે લાખ, ધૂળ લાખ. આહાહા..! ધૂળમાંય નથી ત્યાં હવે.

મુમુક્ષુ :- અહીં સાચું લાગે છે ત્યાં નથી સાચું લાગતું.

ઉત્તર :- ત્યાં પણ શું છે? હોળી છે ત્યાં. કષાય અગ્નિ છે. આ કર્યું ને તે કર્યું. કર્તાબુદ્ધિ રાગ.

કરે કર્મ સો હી કરતારા, જો જાણે સો જાણનહારા.
જાણે સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાણે નહિ કોઈ.

એ બનારસીદાસનું વાક્ય અમૃતચંદ્રાચાર્યનું છે. સમજાણું કાંઈ? 'કરે કર્મ સોહી કરતારા,' અજ્ઞાની, રાગને હું કરું અને આ ક્રિયા હું કરું એ કર્તા અજ્ઞાની થતો મિથ્યાદૃષ્ટિ અને મિથ્યાત્વભાવને સેવે છે. 'કરે કર્મ સો હી રે કરતારા, જો જાને સો જાનનહારા.' રાગ હો, શરીરની ક્રિયા હો, હું તો પોતામાં રહીને પરને અને સ્વને જાણવાવાળો છું. મારું સ્વરૂપ, રાગનું કરવું એ મારું સ્વરૂપ નથી. એમ સમ્યગ્દૃષ્ટિને અંતરમાં આત્માની શાંતિનો આશ્રય લેતા પ્રત્યેકશરીરનામકર્મના ઝેરના ફળને હું ભોગવતો નથી. આહાહા..! ભારે વાતું ભાઈ!

જોકે કોઈપણ આત્મા સ્ત્રીના શરીરને કે લક્ષ્મીને ભોગવે એ ત્રણ કાળમાં થતું નથી. આ શરીરને ભોગવે આત્મા? આ તો માટી છે. આત્મા તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. સમજાણું? આને ભોગવે શરીરને? એ જ કહે છે. '**પ્રત્યેકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' શરીર એ જડ છે. જડને ભોગવે આત્મા? આવ્યું છે? શરીર એ જડ છે. જડને હું ભોગવતો નથી. જડને તો અજ્ઞાની પણ ભોગવી શકતો નથી. પણ.. આ જડને ભોગવે? આ તો માટી છે. આત્મા તો અરૂપી છે. એમાં રૂપ છે અંદર કે આને વેદે? ભોગવે?

ભગવાન તો ત્યાં સુધી કહે છે કે આત્મા પોતાના ચૈતન્યના અનંત ગુણને સ્પર્શે છે. જડને સ્પર્શતો નથી. ત્રીજી ગાથામાં આવે છે સમયસારમાં. પોતાના અનંત ગુણને ચુંબે છે, પણ જડને શરીરને આત્મા ત્રણ કાળમાં ચુંબતો નથી. ત્રણ કાળમાં જ્ઞાની કે અજ્ઞાની. એ ત્રીજી ગાથામાં આવી ગયું છે. સમજાણું કાંઈ? આ આત્મા ફક્ત ચુંબે અને સ્પર્શે કોને? કે જે કર્મના નિમિત્તના લક્ષ થઈને વિકારના ભાવ થાય, જેમ શરીરનો ભોગ લેતા એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગ થાય, એ રાગને અનુભવે છે. શરીરને નહિ. આ જડ છે માટી. સમજાય છે કાંઈ? એ કાળે રાગને ભોગવે છે. મૂઢ માને છે કે હું આ જડને ભોગવું છું. અહીં તો કહે છે કે રાગને અનુભવવો ત્યાં આત્મા રહી જાય છે. માટે તેને રાગના અનુભવનારને મિથ્યાદૃષ્ટિ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**હું પ્રત્યેકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આચાર્ય પોતે (કહે છે), મને શરીર આ છે, શરીરમાં એક જીવ હું છું, પણ એ શરીરના તરફનું વલણ મારું નથી. હું તો અશરીરી ચૈતન્ય છું. ડાબલામાં જેમ હીરો પડ્યો હોય એ હીરો ભિન્ન છે અને ડાબલો ભિન્ન છે. ડાબલો સમજો છો ને? ડબ્બી. સમજાણું કાંઈ? કહ્યું હતું ને હમણાં? વાત નહોતી કરી? ગોદિકાની ભાઈ! ત્યાં ઓલા વ્યાખ્યાનમાં થયું ને. ગોદિકાનું તમે .. વ્યાખ્યાન કર્યું ત્યાં જયપુરમાં. જુઓ! ભગવાન જન્મે છે. જન્મે છે ને ભગવાન જન્મે છે. ત્યારે શરીર નાનું હોય. મેરુ પર્વત ઉપર લઈ જાય છે ભગવાનને. પછી ૧૦૦૮ કળશથી ભગવાનને નવરાવે છે. તો એક કશળ આઠ યોજનનો ઊંચો હોય છે. આઠ યોજન. એક કળશ. એવા ૧૦૦૮ કળશે નવરાવે છે. એલા! બીજો માણસ આજનો જન્મ્યો એક પાણીનો કળશો નાખો તો મરી જાય.

મુમુક્ષુ :- શરદી થઈ જાય.

ઉત્તર :- શરદી થઈ જાય, ન્યુમોનિયા થઈ જાય. ભાઈની વાત સાચી. આ શું છે કીધું આ? દેખો તો ખરા ભગવાનનું શરીર, તીર્થંકરનું શરીર એ ડબ્બો એવો હીરા જેવો ડબ્બો છે કીધું. ભગવાન અંદર ચિદાનંદ મૂર્તિ ત્રણ જ્ઞાન અને આનંદ લઈને અવતર્યા છે. શરીર એવું છે. ૧૦૦૮ કળશા પડે પણ કાંઈ થાય નહિ. એવી તો એની ડાબલી એવી છે, કીધું. કૈલાસચંદજી! ડાબલી-ડબ્બી. ત્યારે એ ભાઈના પુત્ર છે ને? સુધીર. ગોદિકાનો સુધીર. બે દીકરા છે ને. ગૃહસ્થ માણસ. મહારાજ! ઘરે હું આવ્યો ત્યારે. એના મકાનમાં ઉતર્યા હતા ને. મોટું મકાન છે ત્રણ લાખનું. ત્યાં ઉતર્યા હતા તો લઈને આવ્યો ડબ્બી. મહારાજ! તમે દાખલો નહોતો આપ્યો? આ એ ડાબલી. અઢી લાખનો હાર હતો પન્નાનો.

મુમુક્ષુ :- મને પણ દેખાડ્યો હતો.

ઉત્તર :- દેખાડ્યો હતો? અચ્છા. ડબ્બી પાતળી હતી. પાતળી ડબ્બી. જુઓ! ડબ્બી પણ ઊંચી. આમ પાતળી અને રેશમનું કપડું. અઢી લાખનો. આ તો ભગવાનનું શરીર જેમ ભિન્ન છે એમ ડાબલી ભિન્ન છે અને હીરો ભિન્ન છે, કીધું. અઢી લાખનો હાર હતો. એવા તો ઘણા મોટા વેપારી ને ચાર લાખ. બે શેર હતા પન્ના. બે શેર. એમાંથી આટલા આટલા આઠ કટકા કાઢ્યા હતા બતાવવા. કીધું, આનું શું થાય? ચાર લાખ ઊપજે. એટલાના ચાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લાખ. આમાંથી તો કેટલા લાખ કાઢશું આ બે શેરમાંથી. બે શેર ભુક્કો લઈ આવ્યા હતા. હવે એ તો કિંમત ગણતરીની છે ને? એ કાંઈ ખાવામાં કામ આવે છે? એમ જ્યારે ઊંચી ચીજ થોડી મળે ચળકાટ... ચળકાટ... ચળકાટ... પ્રકાશ (થાય) એ કિંમત. આ ભગવાન આત્મા અનંત કાળે જાણ્યો નથી, એનો ચૈતન્યનો ચમત્કાર છે અને એની કિંમતમાં આનંદ પડ્યો છે. એની કિંમતની ખબર ન મળે. આ કિંમત બધી લાગે આ કરોડનો હીરો છે અને ધૂળનો હીરો. કાંઈ ખાવામાં કામ આવે નહિ, ભૂખ લાગી હોય તો. એ ભોગવાતો નથી.

કોઈ અજ્ઞાની પણ સ્ત્રીના શરીરને ભોગવે એ ત્રણ કાળમાં બનતું નથી. કારણ કે એ જડ છે. લાડવો, દાળ, ભાત ભોગવે આત્મા? એ તો જડ માટી છે. આત્મા તો અરૂપી છે. રૂપ વિનાની ચીજ છે. ફક્ત એને દેખી અને આ ઠીક છે એવો રાગ કરે છે એ રાગને અનુભવે છે. અને પ્રતિકૂળ હોય તો દેખીને દ્વેષ કરે, દ્વેષને અનુભવે. એનું વેદન અનાદિથી જો હોય તો રાગ અને દ્વેષનું વેદન છે. એ સિવાય એને ભોગવટો રાગ-દ્વેષ સિવાય એણે કાંઈ કર્યું નથી. પરનું ભોગવવું નથી અને પરને કર્યું પણ નથી. વસ્તુ સ્વતંત્ર છે. દ્રવ્ય અનંત પરમાણુઓ છે, અનંત આત્માઓ છે. એ કાયમ ટકીને પોતાની પર્યાયથી કામ કરી રહ્યા છે. એને બીજો શું કરે? અને એને ભોગવે શું બીજો?

અહીં કહે છે કે જે હું રાગ અને દ્વેષ ભોગવતો અજ્ઞાનમાં, આ શરીર પ્રત્યે કે મારું અને હું એનો એવો રાગ-દ્વેષ (ભોગવતો) એ હું નથી હવે. હું એ રાગ અને દ્વેષનો ભોગવનાર હું નથી. પરનો તો ભોગવટો તો હતો જ નહિ પણ આ વિકલ્પ થતો આ ઠીક-અઠીક એવો જે વિકલ્પ તે વિકાર છે, દુઃખ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ છે, એની દૃષ્ટિમાં ધર્માત્માને પ્રત્યેક શરીરના ફળમાં રાગ-દ્વેષનો અનુભવ હોતો નથી. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનનો સૂર્ય પ્રભુ અને જેમાં આનંદ છે. એવા આનંદનું મારું સન્માન છે અંતર આદર છે, એવી શાંતિને હું વેદનાર છું. ચોથા ગુણસ્થાનમાં આ દશા હોય છે. સમકિતી ધર્મની પહેલી શ્રેણીવાળાની આ દશા હોય છે. સમજાય છે કાંઈ? લાગે મોટું એલ.એલ.બી.જેવું. બધી ખબર જગતને લાગે સારું. અરે..! તને ધર્મની ખબર નથી ધર્મ શું કહેવાય. ધર્મ તો અંદર શાંતિ આપે. શાંતિ આપે અને અશાંતિને કાપે. સમજાણું કાંઈ?

એ કહે છે, '**હું પ્રત્યેકશરીર...**' શરીરમાં એક જીવ. ના. હું તો મારામાં છું. શરીર શરીરમાં છે. શરીર તરફનો વિકલ્પ જે હતો એ પણ હું નથી. હું તો મારા તરફની નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિને વેદનાર છું. એને અહીંયાં આચાર્ય મહારાજ ભગવાન દિગંબર મુનિ, કુંદકુંદાચાર્ય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એને સમકિતી કહે છે. કહો, સમજાય છે કાંઈ? બે બોલ થયા.

‘**હું સ્થાવરનામકર્મના ફળને નથી ભોગવતો,...**’ સ્થાવર આવ્યું સ્થાવર. સ્થાવર સમજાય છે? આ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. પાંચ એકેન્દ્રિય જીવ છે ને એકેન્દ્રિય? એ સ્થાવર નામકર્મનું ફળ છે તેથી અવતર્યા છે. આ પૃથ્વીકાય છે. સમજ્યા? આ પૃથ્વી. આ આરસપહાણ લ્યોને તમારે શું કહેવાય? સંગેમરમરનો પત્થર એની એક કટકી એટલી લ્યો તો એમાં અસંખ્ય શરીર પૃથ્વીના છે. એક એક શરીરમાં એક એક જીવ છે. સમજાય છે કાંઈ? ત્રણ લાખનું છે ને એમનું ભાઈનું. બંગલો ત્રણ લાખનો. આરસપહાણનો એકલો આરસપહાણનો. અને ભાઈનો છ લાખનો સાગરવાળાને. એય..! ત્યાં સાગરમાં. ભગવાનદાસ. મોટા હજીરા હોયને છ લાખના. ઓલાને ચાલીસ લાખના છે. ગોવામાં નહિ? શાંતિલાલ ખુશાલ. ચાલીસ લાખનો એક બંગલો. હમણાં બનાવ્યો નવો. ધૂળેય નથી હવે સાંભળને. માટી છે ત્યાં ક્યાં.. આત્મા ત્યાં ક્યાં હતો બંગલામાં? સાંભળને.

કહે છે કે સ્થાવર પ્રકૃતિ પૃથ્વીના જીવ છે. પત્થર મોટા નીકળે છે. આ જીથરીથી નીકળે આપણે અહીં ..થી નીકળે છે ને લાલ પથરા. એક કટકી આટલી લ્યો તો અસંખ્ય શરીર છે પૃથ્વીના. એક એક શરીરમાં એક એક જીવ. એને એક ઈન્દ્રિય અને ચાર પ્રાણ હોય છે. એ સ્થાવર નામની (પ્રકૃતિ). એમ પાણી-જળ. જળનો એક બિંદુ લ્યો પાણીનો ગોળામાંથી. ગોળો સમજ્યા? ગોળાને શું કહે? માટીનું વાસણ. પાણી પીવે છે ને. એમાં એક પાણીનો બિંદુ લ્યો તો ભગવાન કહે છે કે એમાં અસંખ્ય શરીર છે. અને એક શરીરમાં એક જીવ પાણીનો છે. પાણીને શું કહે તમારે? જળ જળ. પાણી કહે છે? જળ-જળ. પૃથ્વી, જળ બે થયા.

અગ્નિ. બીડી સળગાવેને? દિવાસળી સળગાવે છે ને? એમાં અગ્નિ થાય છે ને એ અસંખ્ય શરીર છે. એક એક શરીરમાં એક એક જીવ છે. આ દેખાય એ શરીર અગ્નિ. પીળી. પણ એ એનું શરીર દેખાય છે. એમાં એક એક જીવ છે. એક કટકીમાં અસંખ્ય શરીર, એક એક શરીરે એક જીવ છે અગ્નિકાય. એમાં પણ અનંત વાર અવતર્યો છે જીવ. પૃથ્વીમાં અનંત વાર, પાણીમાં અનંત વાર, અગ્નિમાં અનંત વાર, વાયુ. આ વાયુ. પવન. એમાં પણ અસંખ્ય જીવ છે. અને આ વનસ્પતિ આ પ્રત્યેક. આ લીંબડો, પીપળા, કારેલા શું કહેવાય તમારે? કંટોલા. નહિ? પરવર. પરવર તો કહે છે કે નહિ? આ દૂધી. દૂધીને શું કહે તમારે? ... એની એક કટકીમાં અસંખ્ય શરીર તાજા ટાઢા. કાચું શરીર છે ને. એક શરીરમાં એક કટકીમાં અસંખ્ય શરીર અને એક એક શરીરમાં એક એક જીવ. એ વનસ્પતિકાય કહેવાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ એ સ્થાવર નામકર્મ છે. આ સ્થાવર. સ્થાવર. એ સ્થાવર નામની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ કર્મની એક પ્રકૃતિ છે નામની. એના નિમિત્તથી એની એ દશા મળે છે. છે પોતાને કારણે પણ નિમિત્ત કર્મ પ્રકૃતિ. આચાર્ય કહે છે કે એ પ્રકૃતિ અહીંયા પડી હોય પૂર્વની કોઈ (તો) મારે અને એને સંબંધ નથી. સમજાણું કાંઈ? આહાહા..! સ્થાવરમાં અનંત વાર અવતર્યો. અનંત વાર. એટલું દુઃખ એણે વેદન કર્યું કે એ દુઃખને ભગવાન કેવળી જાણે અને એ વેદે. પણ માણસ થયો ને જ્યારે સાચી સમજણ અને સમ્યગ્દર્શન કરે. એ એમ ન હોય.. એનું નામ હોય... એ એમ ન હોય... એનું આમ હોય... એમ ને એમ મરી ગયો અનંત કાળથી.

મુમુક્ષુ :- મરી ગયો એટલે?

ઉત્તર :- મરી ગયો. હણાઈ ગયો ચાર ગતિમાં બીજુ શું છે? કાં રળવામાં, રોવામાં રોકાઈ ગયો. આ રળવામાં. રળવું સમજાય છે ને? કમાવું. પૈસામાં, ધૂળમાં, રાગ અને દ્વેષ. અને કાં ધર્મને બહાને આવ્યો તો ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, એ જાણે ધર્મ છે. એમ કરીને મિથ્યાદષ્ટિએ અનંતા અવતાર કર્યા છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એ સ્થાવર પ્રકૃતિ મારી નહિ હોં! હું તો ચૈતન્ય સ્વરૂપ છું ને. ચૈતન્ય જ્ઞાનાનંદ જ્યોત સ્વરૂપ આત્મા અરૂપી આનંદનો કંદ એવો આત્મા એવું ધર્મનું ભાન થયું છે ને, એને હું જાણનારો અને વેદનારો છું. હું એ સ્થાવર પ્રકૃતિનો અનુભવનો હું કરનાર નથી.

'**હું ત્રસનામ...**' હવે ત્રસ આવ્યું. આ ત્રસ કહેવાય. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય અને પંચેન્દ્રિય ત્રસ કહેવાય. બે ઈન્દ્રિય ઈયળું ઈયળું હોય ને ઈયળ. ઈયળને શું કહે? કીડા કહે છે ને? કીડા. એને બે હોય. શરીર અને એક જીભ. બે ઈન્દ્રિય. એમાં પણ અનંત વાર અવતર્યો છે. ત્રણ ઈન્દ્રિય-કીડી, મકોડા એને શરીર, જીભ અને નાક ત્રણ હોય છે. ચાર ઈન્દ્રિય-માખી, પતંગિયા ચાર હોય છે. શરીર, જીભ, નાક અને આંખ. અને આ ઢોર, પશુ, નારકી, દેવ, પાંચ ઈન્દ્રિય હોય છે. શરીર, આ.. આ પાંચ. તો કહે છે એ ત્રસનામકર્મ કહેવાય એ. બે ઈન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના ત્રસનામ કહેવાય.

'**હું ત્રસનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ નારકીમાં સમકિતી હોય, એ ત્રસનામકર્મનો ઉદય છે, કહે છે, હું ભોગવતો નથી. આહાહા..! હું ત્રસ જ નથી. હું ત્રસ છું? એ તો જડ છે ત્રસ છે આ શરીર. હું તો ચૈતન્યસ્વરૂપ છું. સમજાણું કાંઈ? ત્રસ નામ. આ પંચેન્દ્રિય છે. એ ત્રસ છે. પાંચ ઈન્દ્રિયો છે ને એ ત્રસ છે. ત્રસનામકર્મ. હું તો ચૈતન્ય છું ને. આ રજકણના ડાબલામાં ચૈતન્ય રતન ભગવાન ભિન્ન છે ને. એવું અંતર ભેદજ્ઞાન થતાં ધર્મીની દષ્ટિમાં શરીરનું વેદન રહેતું નથી. અશરીરી ભગવાન ચૈતન્ય છું એનું વેદન હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. એને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહે છે. સમજાય છે કાંઈ? '**હું ત્રસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' દરેકમાં મીંડું વાળ્યું છે. શ્લોકમાં આખો શબ્દ છે.

મુમુક્ષુ :- નવી ગુજરાતીમાં...

ઉત્તર :- આખું ને આખું છે? નાખ્યું છે? વાત સાચી. આચાર્યે આખું નાખ્યું છે. મૂળ શ્લોક સંસ્કૃતમાં આખું નાખ્યું છે. છે. પાઠ છે જુઓને! '**नाहं त्रसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चतये।**' ૧૨૪.

મુમુક્ષુ :- આચાર્યે એટલી બધી મહેનત કરીને લખ્યું છે.

ઉત્તર :- આચાર્યે તો લખ્યું છે. અમારા પંડિતો .. હતું. અમારા પંડિતો. જાણો છો? બહુ હુશિયાર છે હોં! બોલે થોડું. બધા પંડિતોમાં અમારે એક જ પંડિત છે. આ બધું એણે બનાવ્યું છે. હરિગીત છે ને નીચે હરિગીત? એ એણે બનાવ્યા છે. શ્લોક નીચે હરિગીત છે ને? આ છે ને હરિગીત? નીચે હરિગીત બનાવ્યા છે. શ્લોકની નીચે હરિગીત છે ને. જ્યાં જ્યાં શ્લોક આવે છે ત્યાં. પહેલો શ્લોક આવે છે ને? જુઓ! એણે મૂળ ગાથામાંથી બનાવ્યું છે. એ બધા સાર. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય બધાના બનાવ્યા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઘણી બનાવી છે. એ પણ છે ને. સ્તુતિ બનાવી છે. કહો, સમજાય છે કાંઈ? એ કાલે વાત કરી હતી. એના ભાઈની દીકરીનું કહ્યું ને? જાતિસ્મરણનું કહ્યું હતું. એમના મોટા ભાઈ છે ને. એમના દીકરાની દીકરી છે. છ વર્ષની. ત્યાં લઈ ગયા હતા ને ભાઈ! ત્યાં જયપુર લઈ ગયા હતા. બતાવ્યું હતું થોડું. છ વર્ષની. જુઓ ભાઈ! આને પૂર્વ ભવનું ભાન છે એને. જુનાગઢની હતી. થોડું થોડું સાંભળે. શેઠ પણ હતા શાહૂજી. શાહૂજી હતા. પૈસા આડે મરી ગયા બિચારા. ક્યાંય હખ ન મળે. પરભવમાંથી આવ્યો, પરભવમાં આ ભાવ કર્યા, એમાંથી આવ્યો. અંદર આત્મા શું છે એનું ભાન કરે નહિ. ત્યાં સુધી આમ ને આમ ચોર્યાસીના અવતારમાં રખડ્યા કરે. ત્રસનામકર્મના ફળને હું ભોગવતો નથી. ચૈતન્યસ્વરૂપ (આત્માને જ સંચેતુ છું).

૧૨૫. '**હું સુભગનામકર્મના ફળને નથી ભોગવતો,...**' શું કહે છે જુઓ! સૌભાગ્ય, સૌભાગ્ય. પોતાનું શરીર બીજાને વ્હાલું લાગે એનું નામ સૌભાગ્ય. શરીર બીજાને પ્રીતિવાળું લાગે. એનું નામ ભગવાન સૌભાગ્ય પ્રકૃતિ કહે છે. સમજાય છે કાંઈ? ગોમ્મટસારમાં લખાણ છે બધું. મૂળ પાઠમાં છે. આ ગોમ્મટસાર છે. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીનું કરેલું છે ને. સુભગ. જે કર્મના ઉદયથી બીજા જીવોને સારું લાગવાવાળું શરીર હોય તેને સુભગનામકર્મ કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ સુભગ. શરીર બીજાને પ્રીતિ લાગે. પણ એ તો હું નથી. ધર્મીની દૃષ્ટિ શરીરની સુંદરતા ઉપર નથી. બીજો પ્રીતિ કરે, મારે શું? મારી પ્રીતિ તો મારી પાસે છે. હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છું. એની પ્રીતિ આગળ મને શરીરની પ્રીતિ છે નહિ. સુભગનામકર્મ જડ છે અને એને લઈને જગતને શરીર દેખીને પ્રીતિ લાગે, એ હું નથી, હું નથી. સમજાય છે કાંઈ? શરીરની સુંદરતાથી જગતને પ્રીતિ લાગે. એનું નામ સુભગ સુભગનામકર્મપ્રકૃતિ કહેવામાં આવે છે. આ બધો અર્થ છે ગોમ્મટસારમાં. ગોમ્મટસાર. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી દિગંબર મુનિ થયા છે એમણે કર્યું છે. કહો!

'**હું સુભગનામકર્મના ફળને નથી ભોગવતો,...**' લ્યો, આ કુંદકુંદાચાર્ય જુઓ. શરીર ઘણું સરસ છે. જંગલમાં લખે છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**'. છઠ્ઠી ગાથા. સવારમાં કહેતા હતા ને? છઠ્ઠી ગાથામાં ફલાણું છે. કાંઈ છે નહિ. ધૂળેય નથી. બધી ખબર નથી અમને એક એકની? જિજ્ઞાસા તો એટલી કરે છે કે શું છે? સવારે કહેતા હતા. ... ગોમ્મટસારમાં ... છે એમાં. ટોડરમલજીમાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં... છે. ભાઈ! ભગવાન તારી તને ખબર નથી. પ્રભુ! તને શું કહીએ? આહાહા..!

અહીં તો આચાર્ય કહે છે કે આ પ્રકૃતિને કારણે કોઈ બીજો શરીરની પ્રીતિ કરે એમાં મારે શું? હું તો એ નથી. શરીર જ હું નથી. બીજા પ્રીતિ કરે એમાં મને શું? હું તો ચૈતન્યસ્વરૂપ છું. જ્ઞાન, દર્શન, આનંદનો કંદ છું. એને જાણવા અને દેખવાવાળો છું. હું તો પર પ્રીતિ કરે એ ઉપર મારી નજર છે નહિ. આહાહા..! જુઓને! આ પરાણે જલસા બનાવે છે સારો કરવા. આ જન્મજયંતિ પરાણે પોતે ઉજવાવે. પોતે ભળીને. ભગવાન! આ તે શું છે? ભાઈ! પોતે પોતાની જન્મજયંતિ ઉજવવામાં ભાગ લે કે આનું આમ કરવું. અરર..! આ તે શું બાપા? આ તે કાંઈ માન છે? આ તે વસ્તુ છે કાંઈ? સમજાય છે કાંઈ? એ આવ્યું છે ભાઈ હોં લખાણ આજ. આ શું ચાલ્યું છે અત્યારે આ? એકબીજાના વખાણ કરે. આ એના વખાણ અભિનંદનના પત્ર આપે મોટા ઓલા ... તમે બહુ સારા છો અને તમે બહુ સારા છો. હવે પૂંછડામાંથી. પૂંછડા સમજો છો? કોણ જાણે અત્યારે લાગ્યું છે! જન્મજયંતિ પોતે ઉજવાવાનું કહે બીજાને. એલા પણ આ તે કંઈ લખણ? સમજાય છે? તારો જન્મ તો આત્માનું ભાન થાય અને એમાં આનંદ અનુભવ (થાય) એ તારો જન્મ છે. બહારના જન્મ ધૂળમાં થયા એમાં તારે શું અને કોઈ કરે એમાં તારે શું છે? પદવી પરાણે લે. પદવી. અમને પદવી આપો. શેના પદવા? એ તો કુદરતે આવે અનુભવથી એને મળે. અમને પદવી આપો, અમને પદવીનું માન આપો. અમે મોટા છીએ, મોટા છીએ. જલસા કરે અને અભિનંદન લે અને મિત્રને તૈયાર કરે. મિત્ર આને તૈયાર કરે અને એ એને તૈયાર કરે. અરર..! આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઝેર છે. આત્માના અંદર આનંદના પ્રેમ વિના બહારથી પ્રેમ લઈને બહારમાં મહિમા અને અધિકતા કરે છે, કહે છે કે દુઃખના દાવાનળે સળગી રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

શું કીધું? નહોતું કહ્યું? ..ભાઈ! દુઃખને ડુંગરીએ. નહોતું કહ્યું એક ફેરી મીરાંબાઈનું? એના પહેલા ભાષા શું હતી? દુઃખને ડુંગર. 'દુઃખને ડુંગરીએ...' ભાષા બીજી ભૂલી ગયો. પહેલું વાંચેલું ઘણું. હા, એ દવ લાગ્યો ઈ. 'દવ લાગ્યો ડુંગરીએ બહેની ક્યાં જઈ કહીએ?' દવ દવ સમજ્યા? અગ્નિ. 'દવ લાગ્યો ડુંગરીએ બહેની ક્યાં જઈ કહીએ?' એ ભગવાન ચિદાનંદ ભગવાન આત્મા છે. એમાં રાગના, દ્વેષના ડુંગરા સળગે છે-દવ. એને ક્યાં જઈ કહીએ? 'ક્યાં જઈ કહીએ રે બહેની ક્યાં જઈ કહીએ? અને ક્યાં જઈ ઠરીએ રે માતા! ક્યાં જઈ ઠરીએ?' ભગવાન આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનાનંદ છે. એની અંદરમાં વિષય અને કષાયના પુણ્ય-પાપના વિકારો દવ લાગ્યો છે. સમજાય છે કાંઈ? એ દવમાંથી રુચિ છોડીને જેણે આત્માની શાંતિના વેદન રુચિ કરી છે, કહે છે કે શાંતિ તો અમારામાં છે. અમારી શાંતિ ક્યાય બહારમાં, શરીરમાં, રાગમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

સુભગ નામ કોઈ પ્રીતિ કરે તોપણ અમારે શું? લ્યો! સમજાય છે? સુભગ નામ કહેવાય છે. નામ કર્મની પ્રકૃતિ છે. આઠ કર્મ છે એમાં આ નામ કર્મની ૯૩ પ્રકૃતિ છે. ... એમાં આ એક પ્રકૃતિ છે. ધર્મી જીવને આત્માના શુદ્ધ સ્વભાવના પ્રેમ ને રુચિને લઈને એને સુભગનામ પ્રકૃતિને લઈને બીજા પ્રેમ કરે તો તેનો પ્રેમ એને નથી. અરે..! ભગવાન આત્મા અતીન્દ્રિયનો ડુંગર ભગવાન છે ને. આહાહા..! એની પ્રીતિ બીજો કોણ લૂંટે? સમજાય છે કાંઈ? અજ્ઞાની બીજાની પ્રીતિમાં વ્હોરાઈ જાય, અર્પાઈ જાય છે આખો. કહે છે કે એ સુભગનામપ્રકૃતિના ફળનું મારું સ્વરૂપ નથી. એને હું ભોગવતો નથી. હું તો ચૈતન્ય સ્વરૂપ આનંદના સ્વાદને લેનારો શાંતિનો વેદનાર છું.

'**હું દુર્ભગનામકર્મના ફળને નથી ભોગવતો,...**' જેને દેખીને બીજાને અપ્રીતિ થાય એનું નામ દુર્ભગ છે. દુર્ભાગ્ય. દેખીને. ઉંહું.. એવું શરીર હોય. સાતમી નરકમાં નારકીના શરીર, પહેલી નરકમાં એવું શરીર. દુર્ભાગ્ય નામકર્મની પ્રકૃતિનો ઉદય છે. સમકિતી છે અંદર. એ દુર્ભગનામકર્મની પ્રકૃતિના ફળને અમે ભોગવતા નથી. આહાહા..! નરકમાં રહ્યા. સમજાય છે કાંઈ? પશુમાં રહ્યા, દેવમાં. હલકા દેવ હોય છે કોઈ. દુર્ભાગ્ય હોય છે. ક્લિષ્ય હલકા દેવ. સભા બેઠી હોય. બોલવા જાય તો (કહે), મા ભાષ્ય દેવ! બોલીશ નહિ એમ કહે. દુર્ભાગ્ય હોય તો. સમજાય છે? આહાહા..! કહે છે કે એ હું નહિ. એ તો બધા પ્રકૃતિના ચાળા છે. મારામાં એ છે નહિ. આહાહા..! બીજા અપ્રીતિ કરે કે પ્રીતિ કરે એની સાથે મારે શું સંબંધ? રજકણ અને આ પરમાણુ સાથે મારે સંબંધ નથી. સ્વતંત્ર રજકણ એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

કારણે પરિણમીને પર્યાય ઉત્પાદ-વ્યય ધ્રુવ (રહે છે). એ એક એક પરમાણુમાં નવી નવી પર્યાયનો ઉત્પાદ, પુરાણીનો વ્યય અને પરમાણુનું ધ્રુવ (રહેવું) એમ પોતાને કારણે પરમાણુ એના થઈને રહ્યા છે. મારા થઈને રહ્યા નથી. મારા થઈને શરીર રહ્યું નથી, મારા થઈને કર્મ રહ્યા નથી, મારા થઈને બાયડી-છોકરા રહ્યા નથી. એના થઈને રહ્યા એને મારા થઈને માનવા એને મિથ્યાદૃષ્ટિ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- .. છોડીને ગયા ને.

ઉત્તર :- કોણ છોડે? છૂટેલી જ પડી છે. ગરી ક્યાં ગઈ હતી અંદર. એને દૃષ્ટિ ફેરવવાની વાત છે. જ્યાં છે ત્યાં છે. ફેરવે કોણ? સમકિતી છન્નું હજાર સ્ત્રીમાં પડ્યો હોય, ભરત ચક્રવર્તી. અમે આ નહિ રે નહિ. અમે જ્યાં છીએ ત્યાં તમે નહિ, તમે જ્યાં છો ત્યાં અમે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

શાંતિનાથ ભગવાન જ્યારે મુનિપણું લેવા તૈયાર થયા. છન્નું હજાર પદમણી જેવી સ્ત્રી. જંટીયા તાણે રાણીઓ. ભગવાન કહે છે, અરે..! સ્ત્રીઓ! તમને એમ લાગતું હોય કે તમારી અનુકૂળતાના હાવભાવની ચેષ્ટાએ અત્યાર સુધી હું રહ્યો હતો. એ વાત છોડી દેજે. મારામાં એ જાતની રાગની આસક્તિને કારણે હું રહ્યો હતો. એ આસક્તિ મરી ગઈ છે. જીવતાને જીવાડાય, મરી ગયો એને જીવાડાય નહિ. રાગ અમારી વૃત્તિ હવે તમારા પ્રત્યેની અમારે કારણે મરી ગઈ છે. તમે હવે લલચાવી શકો અને રાખી શકો એ હવે રહેતું નથી. સમજાય છે કાંઈ?

અમે આનંદ સ્વરૂપના ભાનવાળા, અમને અસ્થિરતા રાગની હતી ત્યાં સુધી તમારા પ્રત્યે આસક્તિ હતી. તમારે કારણે નહિ, યાદ રાખો. તમારે કારણે અમે રહ્યા છીએ અને તમે લલચાવાના કારણે અમે ત્યાં નરમ થઈ ગયા છીએ કે તમારે વશ છીએ એ છે નહિ. અમારી વૃત્તિમાં રાગ હતો. અમે જાણતા હતા કે રાગ અમારું સ્વરૂપ નથી. પણ અમારી નબળાઈ અને કમજોરીને કારણે અમને રાગ હતો ત્યાં સુધી અમે તમારા સંગમાં દેખાતા હતા. હે સ્ત્રીઓ! એ રાગ હવે મરી ગયો છે. એ મરેલાને જીવતા નહિ કરી શકો હવે તમે. આહાહા..! અમારા આત્માના જીવનની આગળ એ રાગ મરી ગયો, મરી ગયો છે. હવે અમે મુનિ (દીક્ષા ધારી) આત્માની શાંતિના વેદનમાં જાશું. વનમાં અમારા આનંદમાં લહેર કરવા જાશું. તમને સાંભળતા નથી અને પહેલા તમને સાંભળતા એમ નહોતું. અમને રાગ હતો તે સાંભળતા. સમજાય છે કાંઈ?

ત્રણ જ્ઞાન તો લઈને આવ્યા હતા. ક્ષાયિક સમકિત તો લઈને આવ્યા હતા. પછી છન્નું હજાર પરણ્યા. તીર્થંકર હોય છે ને? ત્રણ જ્ઞાન લઈને આવે. ક્ષાયિક સમકિતી. શાંતિનાથ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કુંથુનાથ, અરનાથ ત્રણે ચક્રવર્તી. અને કામ.. શું કહેવાય? કામદેવ. કામદેવ અને ચક્રવર્તી જેના જેવું સુંદર રૂપ અઢી દ્વીપમાં નહિ. પણ ત્રણ જ્ઞાન અને સમકિત હોવા છતાં ચારિત્રદોષ હતો અંદર-રાગ. રાગને કારણે ત્યાં પરણ્યા હતા. અંતરમાં સમજે છે કે રાગ હેય છે, દુઃખરૂપ છે. પણ સ્વરૂપની સ્થિરતાની કચાશને લઈને, પુરુષાર્થની કમીને લઈને રાગ હતો ત્યાં સુધી લગન આદિના પ્રસંગમાં જોડાયા. રાગમાં. રાગ છૂટ્યો. અમારા સ્વરૂપનું શરણ લઈ અમે સ્થિરતા કરવા જાઈએ છીએ. આનંદને શરણે જાઈએ છીએ.

હે સ્ત્રી! પ્રવચનસારમાં આવે છે ને ભાઈ? પ્રવચનસારમાં. હે શરીરને રમાડનારી રમણી! શરીરને રમાડનારી રમણી! મને રમાડનાર કોઈ છે નહિ દુનિયામાં એમ કહે છે. હવે આશા છોડી દે. અમારો ભગવાન આત્મા અમારા આનંદની અનુભૂતિરૂપી સ્ત્રીના પરિચયમાં જાય છે હવે. આ સ્ત્રીના પરિચયમાં હવે નહિ રહું. સમજાય છે કાંઈ? પ્રવચનસારમાં આવે છે ત્રીજા ભાગમાં. કુંદકુંદાચાર્ય.. હે શરીરને રમાડનારી! હે આ શરીરના જનક! જનક નામ પિતા. હવે હું તમારો દીકરો નથી, તમે મારા બાપ નથી. તમે કાંઈ મારા આત્માને જન્મ નથી આપ્યો. આ શરીરના પિતા ગણાતા હતા એ અમારે આસક્તિ હતી અંદરમાં ત્યાં સુધી અમે રહ્યા હતા. હે શરીરના જનક! પિતા! રજા આપો માતા! અમે અમારો આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ એનો પિતા અમારો આનંદ એની પાસે સમીપમાં જઈએ છીએ. આ પિતા પાસે હવે રહેશું નહિ. આહાહા..! જનેતા! માતાને કહે છે, હે જનેતા! શરીરને જન્મ દેનારી. મને નહિ. હું તો આત્મા છું. મને કાંઈ તમે જન્મ આપ્યો છે ને એમ છે નહિ. હે માતા! એક વાર રજા દે મા! અમે અમારા આનંદસ્વરૂપને અમે અનુભવ્યું છે. હવે એના આનંદમાં રમવા માટે ચારિત્ર છે અમારું. એકવાર મા રજા આપ. મા! એકવાર રોવું હોય તો રોઈ લે. ફરી મા નહિ કરીએ. બીજી મા ન કરીએ. કોલ કરાર દઈએ છીએ બીજો અવતાર નથી હવે અમારે. આહાહા..!

મુમુક્ષુ :- એ ખબર પડી જાતી હશે?

ઉત્તર :- બધી ખબર પડે. ન કાંઈ... આંધળો છે? ભાન ક્યાં છે જગતને. સમજાણું કાંઈ? ..... માતા! જનેતા! શરીરની હોં! મારી નહિ. હું તો આત્મા અવિનાશી ત્રિકાળ છું. મને ભાન નહોતું એટલે શરીરની માતાને હું માતા માનતો. પણ શરીર જ મારું નથી તો એને જન્મ આપે કોણ? માતા! અમારો આત્મા અંતરની ચૈતન્ય અનુભૂતિની માતા પાસે જાય છે હવે. એ અનુભૂતિના આનંદના વેદનમાં માતા! દખલ ન કર હવે. બસ કર. રજા આપ. અમે જંગલમાં ચાલ્યા જઈએ. આહાહા..! ધન્ય અવતાર! આનંદની મોજુ માણવા જઈએ છીએ હવે. એ જંગલમાં આનંદની મોજુ છોળું ઉડે છે અંદર. અતીન્દ્રિય આનંદનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનુભવ સમ્યગ્દર્શનમાં થયો છે એને વિશેષ રમવા-રમવા લીન, આનંદમાં લીન થવા અમે જંગલમાં જઈએ છીએ. અમને કોઈ પ્રતિકૂળતા છે નહિ. એવા ધર્માત્મા અંતર સમ્યક્ ભાનથી કહે છે કે દુર્ભાગ્ય નામના કર્મને અમે ભોગવતા નથી. સડો સડો થાય બહારમાં. સડો શું કહે છે? તિરસ્કાર કરે, .. કરે. કોનો તિરસ્કાર? કોણ કોનો આદર કરે? કોણ કોનો તિરસ્કાર કરે? હું તો આત્મા છું. મને તો એ દેખતા નથી. કોનો તિરસ્કાર કરે? મને તો દેખતા નથી કોનો તિરસ્કાર? અને મને તો દેખતા નથી તો કોનો આદર કરે? હું તો મારામાં છું.

સમ્યગ્દૃષ્ટિનો આત્મામાં અંતરમાં શુદ્ધ ચૈતન્ય દૃષ્ટિનો અનુભવ થવાથી એ દુર્ભાગ્યપ્રકૃતિના ફળને પણ હું ભોગવનાર નથી. ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા..! હજી એની સમજણ તો કરે, શ્રદ્ધા તો કરે, ઓળખાણ તો કરે કે આ વસ્તુ છે, એ સિવાય કોઈ વસ્તુ નથી. ૧૨૬ થઈ.

૧૨૭. '**હું સુસ્વરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' સુસ્વર. આમ કંઠ એવો હોય. ઘંટડી વાગે જાણે આમ. સુ-સ્વર. મીઠો સ્વર આમ. લાખો કરોડો માણસો આમ કંઠ સાંભળીને.. ઓલી બાઈ નહોતી કોઈ? સરોજીની નાયડુ. નામ સાંભળેલું, આપણે ક્યાં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોક કહેતું હતું. કંઠ એવો ઘુઘરી વાગે. પણ એ તો જડ, માટી, ધૂળ છે એ ક્યાં આત્મા છે? આ કંઠના રજકણો તો માટી-ધૂળ છે. અજીવ છે, માટી ધૂળ રૂપી છે. એ સુસ્વર પ્રકૃતિનું ફળ મને નથી એમ ધર્મી માને છે. આહાહા..! ઓલો .. મારો સ્વર આવો છે. મીઠો સ્વર મારો છે. એમ જડ તું છો? સ્વર તો જડ છે. આ અવાજ ઉઠે જડ ઉઠે છે. આત્મા છે આ? આત્મા તો અરૂપી છે. આત્મામાંથી અવાજ આવે? સમજાય છે કાંઈ? આહાહા..! સુસ્વરનામકર્મ. ભગવાનની વાણી તો દિવ્યધ્વનિ એવી મીઠી.. એવી મીઠી... ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કાનમાં અમૃત રેડ્યા જાણે. એવો પાઠ છે શાસ્ત્રમાં. પહેલા આવી ગયો છે. ભગવાનની દિવ્યધ્વનિ, ત્રિલોકનાથ તીર્થંકર મહારાજ મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પ્રભુ બિરાજે છે. એવા વીસ તીર્થંકરો ૐ... અવાજ ધ્વનિ ઉઠે, શ્રોતાને જાણે કાનમાં અમૃત રેડતા હોય! ધર્મી કહે છે કે એ પ્રકૃતિના ફળને હું વેદતો નથી. એ તો કેવળી છે. વીતરાગ છે એને તો કાંઈ છે નહિ. પરમેશ્વર એ તો છે. વાણી સહજ નીકળી જાય છે. અવાજ ઉઠે છે. ઈચ્છા વિના. એને ઈચ્છા ક્યાં છે? એ તો વીતરાગ છે. પણ છદ્મસ્થની અહીં તો વાત ચાલે છે. સાધક જીવ છે એને હજી રાગનો વિકલ્પ છે અને સુસ્વર છે. તો કહે છે કે એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સુસ્વર પ્રકૃતિના ફળનો હું અનુભવ કરનાર નથી. સમજાણું કાંઈ? જુઓ! આ દેશી હોય છે ને દેશી? લહેજત લગાવતા હોય અંદરથી આમ. એવી આમ શાર્દુલવિક્રિડીત. આવે છે ને શાર્દુલવિક્રિડીત ઓલો દેશી દેશી? શું કહેવાય? દેશી કહેવાય? સિંહ જેમ આમ હળવે હળવે આવે એવો આમ કંઠ હોય. 'ભક્તામ્બર પ્રણત મૌલી મણિ પ્રભાણામ.' શાર્દુલવિક્રિડીત છે એ. શાર્દુલવિક્રિડીત છે. શાર્દુલ એટલે સિંહ આમ .. કરતો આમ મલપતો ચાલ્યો આવતો હોય એવો અવાજ. પણ એ જડ છે. હું નહિ અને એ જડની મીઠાશમાં મારું સ્વરૂપ છે નહિ. મોહનભાઈ! આ બહુ મીઠું કહે છે તમારા ઓલામાં નાખો છો. શું કીધું? રેડિયામાં. રેડિયામાં બહુ બોલે છે એ. એમ કહે છે લોકો. આહાહા..!

અરે..! ભગવાન! તું તો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છો ને. આ સુસ્વરમાં તો અવાજ ઉઠે છે, કાને અથડાય છે. એ તું છો? એ સુસ્વર અવાજ તું છો? ભગવાન તને ખબર નથી. એ તો અજીવ છે. અજીવને જીવપણું માનવું એ મિથ્યાદષ્ટિ છે. અજીવને અજીવ તરીકે ભિન્ન રાખીને હું ચૈતન્ય સ્વરૂપ છું એમ અનુભવવું એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? બહુ કંઠ હોય મીઠાશ કેટલાકને. એવા બોલે સમજ્યાને? એક ગાયન હતું મોટું પણ ન આવ્યું. સીકરમાં હતું. ન ખબર હોય. સીકરમાં ગયા હતા ને સીકર? ત્યાં એક રાતે .. શું કહેવાય? મારવાડી ગાયન હતું મારવાડી. પણ ભારે મીઠું. ભાઈ! એવી ભાષા મારવાડીની. એવી મીઠી અને એવું ભગવાનનું નેમિનાથ અને રાજુલનું હતું. સીકર-સીકરમાં. મગાવ્યું હતું અહીંથી. પણ આવ્યું નહિ પાછું.

'**હું સુસ્વરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' જડ-માટીના પર્યાય મારામાં નથી. આહા..હા..! સુસ્વર હું બોલું છું. મૂઢ છો? તારામાં અવાજ નીકળવાની તાકાત છે શબ્દોની? શબ્દો તો રજકણ છે, અજીવ છે, ભાષાવર્ગણા છે. ખબર ન મળે, ખબર ન મળે. ઉપદેશ આપે તો મેં ઉપદેશ આપ્યો. ઉપદેશ તો જડ છે, વાણી છે. વાણી ઉપદેશ આત્મા આપતો હશે?

મુમુક્ષુ :- ભગવાન તો આપે છે.

ઉત્તર :- કોણ આપે? એ તો વાણી નીકળી છે. આહાહા..! ઈ કહે છે અહીં. સુસ્વરનામકર્મના ફળનું મારું સ્વરૂપ નથી એ તો જડનું સ્વરૂપ છે. હું તો ચૈતન્ય સ્વરૂપ જાણનાર-દેખનાર છું. આમ થયું અને થાય છે તેનો જાણનાર છું. એમ ધર્મી પોતાના આત્માને જાણનાર વેદે છે. સુસ્વરના ફળને ભોગવતો નથી.

'**દુઃસ્વર...**' ભુંડો સ્વર. આ ગધેડા જેવો હોય છે ને. ગધેડા નથી કહેતા? ગધ્ધા-ગધ્ધા. ઉ...ઉં કરે. કાંઈ મીઠો અવાજ નહિ. એમ કોઈનો એવો અવાજ હોય. એ તો પરમાણુની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



(અવસ્થા) છે. જેમ વાજું. વાજાનો અવાજ છે એમ આ વાજું છે. બીજું શું છે? આ જડ. અહીં ધૂળનો અવાજ નીકળે છે. કોઈનો કંઠ સારો ન હોય. પણ એ કંઠ જ આત્મા ક્યાં છે? સમજાય છે કાંઈ? આહાહા..! ૧૪૮ પ્રકૃતિ વર્ણવી છે. શનિવાર છે ને આજે? પંદર દીથી ચાલે છે લ્યો. પ્રકૃતિ પંદર દીથી ચાલે છે. ઓલા શનિવારે શરૂ કરી હતી. માગશર વદ અમાસ, શનિવાર. ત્યારે શરૂ કરી લ્યો. પંદર દિવસ થયા. હવે આ ફેરી જરી સ્પષ્ટ થવું જોઈને થોડું... થોડું... થોડું... હું સુસ્વરનામકર્મના ફળને ભોગવતો નથી. '**હું દુઃસ્વરનામકર્મના ફળને નથી ભોગવતો,...**'

આ '**હું શુભનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ શુભ એટલે શું? એ શુભ એટલે શું? શરીરના સુંદર અવયવો એને શુભનામ કર્મ કહે છે. ઓલું હતું સુભગ એ બીજાને પ્રીતિ લાગે. આ શુભમાં શરીરના અવયવો દરેક સુંદર. મોઢું, આંખ, કાન, નાક બધી સુંદરતા એને શુભનામકર્મ કહે છે. નામકર્મની પ્રકૃતિ જડને લઈને છે. આત્મામાં ક્યાં છે? શરીરના બધા અવયવો નાક, કાન બધા. નાક ગરુડ જેવું, હરણ જેવી આંખ, કાન કુંડળ જેવા, મોઢું ચંદ્ર જેવું એ તો જડનું છે કહે છે. એ તો શુભનામકર્મનું ફળ. મારું સ્વરૂપ એ છે નહિ. ધર્મીની દૃષ્ટિ તેના ઉપર નથી પણ ધર્મીની દૃષ્ટિ આત્માની શાંતિ ઉપર છે. સમજાણું કાંઈ? આખો ઉકરડો કાઢી નાખે છે આખો. ઉકરડો સમજો છો? કચરો. કચરા કા ઢેર. કચરાનો ઢગલો હોય છે ને. આ કચરાનો ઢગલો છે. આહાહા..!

શુભનામકર્મ. શરીર સુંદર, અવયવ સુંદર. મસ્તક આદિ, માથું આદિ સુંદર હોય આમ બરાબર તાલકું... આ શું કહેવાય? કપાળ. કાન, બે હાથ. એ તો શુભનામ કર્મનો ઉદય છે જડનો. એને લઈને રજકણો એને કારણે ગોઠવાણા છે. એના તરફનું મારું વલણ નથી. હું તો આત્મા છું. એ આકૃતિ મારી નથી અને શુભકર્મનું ફળ ભોગવનાર હું નથી. કહો, સમજાણું કાંઈ? '**હું શુભનામકર્મના ફળને નથી ભોગવતો,...ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' આહાહા..! આ વ્યવહાર ક્યાં ગયો પણ આમાં? ભાઈ! વ્યવહાર હોય એ જાણવામાં આવ્યો, ભાઈ! એને ભગવાન જાણેલો પ્રયોજનવાન કહે છે. ૧૨મી ગાથામાં. હોય છે રાગાદિ. દયા, દાન, વ્રતાદિના શુભભાવ હોય છે. પણ ધર્મીને એની દૃષ્ટિ નથી. એનો આદર નથી. જો એનો આદર રાગનો હોય તો મિથ્યાદૃષ્ટિ છે. આ વાંધા મોટા જગતને. વ્યવહારથી લાભ થાય, વ્યવહાર તે સાધન છે ને વ્યવહાર તે હિતકર છે ને વ્યવહાર તે કારણ છે. ભગવાન! શું થાય? નિમિત્તથી વાત કરી છે ત્યાં ચોંટ્યા.

ભગવાન આત્મા એ વ્યવહારના વિકલ્પનું મારું સ્વરૂપ જ નથી. હો, છતાં એનાથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે તે મારું સ્વરૂપ છે. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત અને નિશ્ચયમાં લીન છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહો, સમજાય છે કાંઈ? આવ્યું છે ને? આવે છે ને આમાં? ક્યાં ગયું? બનારસીદાસ. બંધમાં આપણે આવ્યું છે. બંધ અધિકાર. બંધ અધિકાર. અસંખ્યાત લોકપ્રમાણ છે ને? બંધ અધિકાર છે ને. જુઓ! બનારસીદાસે શ્લોક નાખ્યો છે આમાંથી, હોં! કળશમાંથી.

**असंख्यात लोक परवांन जे मिथ्यात भाव**
**तेई विवहार भाव केवली-उकत हैं।**
**जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ,**
**जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ,**
**ते नियत-लीन विवहारसौं मुकत है।।**

સમ્યગ્દષ્ટિને રાગાદિ હોય છે પણ એનાથી મુક્ત છે. મારું સ્વરૂપ તો નિશ્ચય જ્ઞાનાનંદ છે.

**जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ,**

ચોથું ગુણસ્થાન.

**ते नियत-लीन विवहारसौं मुकत है।।**

દેખો આમાં. '**જિનરાજનું કથન છે કે જીવને જે લોકાલોકના પ્રદેશો જેટલા મિથ્યાત્વભાવના અધ્યવસાયો છે તે વ્યવહારનયથી છે. જે જીવને મિથ્યાત્વ નષ્ટ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તે વ્યવહાર છોડી નિશ્ચયમાં લીન થાય છે, તે વિકલ્પ અને ઉપાધિરહિત આત્મ-અનુભવ ગ્રહણ કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં લાગે છે...**' વ્યવહારથી મુક્ત છે સમકિતી. ચોથે ગુણસ્થાને. વ્યવહાર તો રાગ છે. રાગથી ... એ તો મિથ્યાદષ્ટિ છે. એ બંધ અધિકારનો શ્લોક છે. ૧૧મો છે. આમાં છે ૩૨મો. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે '**હું દુઃસ્વરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' અશુભ નામકર્મના ફળને હું ભોગવતો નથી. હવે ૧૩૦ કહેશે. વિશેષ કહેશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પોષ સુદ ૧૪, રવિવાર તા. ૧૪-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૫૬**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૧૩૦ ચાલી. ૧૩૧. '**હું...**' હું શબ્દમાં ઘણું ભર્યું છે. હું શબ્દ. આ તો છેલ્લા અધિકાર છે ને અધ્યાત્મના. હું અને સામે આ કર્મ બે વાત છે. '**હું સૂક્ષ્મશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ત્યારે કે હું ચૈતન્યસ્વરૂપ આત્માને ભોગવું છું. એ આખી ગાથાનો શબ્દાર્થ છે. એટલે મીંડું કર્યું છે અંદરમાં પાઠનું. એટલે શું? કે ધર્મીની દૃષ્ટિ આત્મા શુદ્ધ ચૈતન્ય છે, પુણ્ય-પાપના રાગ અને કર્મથી રહિત છે એવી અંતર અનુભવદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિને થવાથી હું એ રાગ-દ્વેષરૂપી પરિણામ જે કર્મચેતના છે એને હું ભોગવતો નથી. એમ કહે છે. એ પહેલા આવી ગયું ૪૯ બોલમાં. હું ચૈતન્ય જ છું. જ્ઞાનસ્વભાવ અને આનંદનો ભંડાર એવો હું છું. એવો હું શુદ્ધ સ્વભાવે ભરપુર ભરેલો આત્મા એવી જ્યાં અંતરદૃષ્ટિ સમ્યગ્દર્શન થયું તો કહે છે કે હું પુણ્ય-પાપના કર્મચેતના કહેવાય તે મારું કાર્ય નથી, તેને હું ભોગવતો નથી. ત્યારે? હું તો જ્ઞાનચેતનાને ભોગવું છું. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પુણ્ય-પાપના રાગરહિત, જ્ઞાનની એકાગ્રતાના વેદનને ચૈતન્યના જ્ઞાનચેતનાને વેદું છું. એનું નામ ધર્મી અને ધર્મદશા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અને બીજો બોલ આપણે આ ફળનો ચાલે છે આ.

હું.. જે કર્મબંધન પડ્યું છે એ ઝેર છે. વિષવૃક્ષ છે. પહેલું આવી ગયું ને પાછળ આવશે. વિષવૃક્ષના ઝેરના ફળ છે. આઠેય કર્મ ઝેરના ફળ છે. ઓહોહો..! તીર્થંકરગોત્ર બંધ, તીર્થંકરગોત્ર પણ આવી ગયું એમાં હોં! રાડ પાડે.

મુમુક્ષુ :- અપવાદ એક્કેય નહિ?

ઉત્તર :- અપવાદ-ફપવાદ કેવા? અહીં ભગવાન આચાર્ય પોતે કહે છે કે આઠેય કર્મની ૧૪૮ પ્રકૃતિ ઝેરના ઝાડ છે. ઝેરના ઝાડ. ઝાડ સમજો છો?

'**સૂક્ષ્મ શરીરનામકર્મના...**' જોકે આ સમ્યગ્દૃષ્ટિને સૂક્ષ્મ શરીર પ્રગટ નથી. પણ સૂક્ષ્મ શરીર નામકર્મ બંધાયેલું હોય પૂર્વનું, મારે ને એને કાંઈ સંબંધ નથી. સમજાય છે કાંઈ? હું તો જ્ઞાનચેતના જાણક શરીર, મારું જાણક શરીર. આ સૂક્ષ્મ શરીર છે ને? એની સામે હું તો જાણક શરીર, ચૈતન્ય શરીર છું. ચૈતન્ય અને આનંદ મારી શરીર સ્થિતિ છે. શરીર એટલે મારું સ્વરૂપ. એના પર્યાયને-નિર્મળ સ્વને આશ્રયે થાય તેને-હું ભોગવનારો છું. ધર્મી કર્મચેતના કરતો નથી અને કર્મફળચેતનાને પણ ભોગવતો નથી. કર્તા અને ભોક્તા બે ઉડાવ્યું છે. સમજાણું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? બહુ ઝીણું માણસને પડે. એટલે માણસ કહે ધર્મ આવો ઝીણો કેવો! ભાઈ! ધર્મ તો અલૌકિક ચીજ છે. અનંત કાળમાં એણે એક સેકન્ડ માત્ર પણ ધર્મ કર્યો નથી. એક સેકન્ડ ધર્મ થાય અને એને અનંત જન્મ-મરણ રહે એમ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે હું સૂક્ષ્મ નામકર્મ પ્રકૃતિ પડી હોય કદાચિત, પ્રકૃતિ નામકર્મની હોય છે. સમ્યગ્દષ્ટિને પણ નામકર્મની પ્રકૃતિમાં એક પ્રકૃતિ પૂર્વની બંધાયેલી પડી હોય છે. ફળરૂપે નથી. સમજાય છે કાંઈ? તો કહે છે કે હું સૂક્ષ્મશરીરનામકર્મના ફળને ભોગવતો નથી. ત્યારે ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા (તેને સંચેતુ છું). જુઓ! બે જ વાત. અહીં રાગનું કરવું અને રાગનું ભોગવવું એ હું નહિ. હું જ્ઞાનાનંદ ચૈતન્યના સ્વરૂપને અનુભવું અને ભોગવું એ મારું સ્વરૂપ છે. આવી ધર્મીની દૃષ્ટિ અને ધર્મ એવો આત્માનો સ્વભાવ, ધર્મી એવો આત્માના લક્ષે દૃષ્ટિએ પ્રગટ્યો એને અનુભવની પર્યાયને અનુભવું છું એમ કહે છે. દ્રવ્ય અનુભવાતું નથી. ગુણ અનુભવાતો નથી.

ત્રણ પ્રકારનો અનુભવ. પુણ્ય-પાપના પરિણામનો, વિકારનો હરખ-શોકનો અને કાં જ્ઞાનના આનંદનો. ત્રણ પ્રકારનો અનુભવ. હવે આમ ત્રણ પ્રકારમાં બે પ્રકારનો અનુભવ તો અનાદિથી કરે છે. મિથ્યાદષ્ટિ આત્માના ચૈતન્યની સંપદાની ભાન વિના એ પુણ્ય-પાપના ભાવ મારા અને એ મારું કર્તવ્ય અને કર્મના ફળને ભોગવે છે. એ તો સંસાર છે, દુઃખ છે, અવતારના કારણો જન્મ-મરણના કારણ એ છે. અહીં તો હવે જન્મ-મરણ છે જ નહિ મારામાં. એ વાત છે અહીં તો. સમજાય છે કાંઈ?

હું સૂક્ષ્મશરીરનામકર્મના ફળને ન ભોગવતા, ચૈતન્યસ્વરૂપ એવા આત્માને અનુભવું છું. કહો, સમજાણું? બીજી રીતે કહીએ તો જે કર્મના ફળ સંબંધીનો ભાવ કદાચિત હોય થોડો એને વ્યવહાર ગણી, ગૌણ ગણી, અભૂતાર્થ નામ નથી ગણી અને મારા સ્વભાવમાં છે નહિ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ૧૩૧મી થઈ.

૧૩૨મી. '**હું બાદરશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ તો છે. વર્તમાન બાદરશરીર. સમકિતદષ્ટિને બાદરશરીર તો છે. છતાં એ બાદરશરીર તરફનું વલણ અને બાદરશરીરનું ફળ એ મારું કાર્ય નથી. સમજાણું કાંઈ? બાદર એટલે? કે જે પણ બીજાને અટકાવે કે પોતે બીજાથી અટકે એવું બાદરશરીર. સૂક્ષ્મશરીર એવું છે કે કોઈથી અટકે નહિ અને બીજાને અટકાવે નહિ. એ બાદરશરીરનામકર્મ પ્રકૃતિ વર્તમાન વિદ્યમાન ઉદય હોય છે. સમ્યગ્દષ્ટિને પંચેન્દ્રિયને. પંચેન્દ્રિયની વાત છે ને અહીં? એને સમ્યગ્દર્શન હોય છે ને. છતાં એ બાદર પ્રકૃતિના ફળનો, ઝેરના ઝાડનો હું ભોક્તા નથી. ઝેરનું ઝાડ છે. એના ફળનો હું ભોક્તા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. કહો, અહીં તો દુનિયા કહે છે કે ભાઈ! અમે લહેર કરીએ છીએ કે પૈસા મળ્યા, ખાવા-પીવાના આ કરીએ. મૂઢ છે, એ ઝેર છે, અહીં એમ કહે છે. હરખ-શોકનો અનુભવ કરીએ છીએ અને મઝા છે. એને કહે છે કે મૂઢ મિથ્યાદષ્ટિ છો. ઝેરનો અનુભવ કરીને મજા માને છો. એમ કહે છે. ભારે આકરું. અહીં તો કહે આ બધું નથી? છે ને આ બધું. છે તો એને ઘરે રહ્યું. મારામાં ક્યાં છે અહીં? હું છું ત્યાં વિકાર નથી, હું છું ત્યાં કર્મ નથી અને વિકાર અને કર્મ છે ત્યાં હું નથી. શશીભાઈ! ભારે વાતું આ બધી. આ બધું ક્યાં નાખવું? આ ધૂળના ધંધા, આ વેપારના ધંધા. ધૂળ એટલે વેપાર પૈસો. શું કરવું આ? લોઢાના ધંધા. આ ધૂળધોયાના ધંધા. શું કરવું આ? એય..! પુરષોત્તમભાઈ!

કહે છે કે ભાઈ! જે તારામાં નથી એને તું અનુભવ એમ માન એ તો મિથ્યાત્વ છે, જૂઠાપણું છે. જૂઠાપણું છે, અસત્યનું સેવન કરનાર (છો), જૂઠાનો ખાનાર છો. એંઠુ ખાનાર. જૂઠું નથી કહેતા આપણે અહીંયાં? મારવાડમાં શું કહે છે તમારે? જૂઠું કહે છે ને? એંઠુ એંઠુ આપણે કહે છે. જૂઠું ખાનાર છો ભાઈ! ભગવાન આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ, એનો અનુભવ છોડીને વિકાર અને હરખ-શોકનો અનુભવ, જૂઠો, એંઠું, અસત્‌નો એનો ભોગવટો છે. મિથ્યાદષ્ટિ છે એને એ અનુભવ-ભોગવટો હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને એ હોતું નથી. ભારે વાત!

આ તો બાવા થઈને વયા જાય જંગલમાં ત્યારે થાય. નહિ? કહેતા હતા ઓલા નહિ? અમૃતલાલ કહેતા ને? ઝરિયાવાળા. આ તો બધું બાવા થઈને ચાલ્યા જાય તો બેસે. પણ બાવો જ છો. ક્યાં ગરી ગયું છે? મફતનું માન્યું છે. એ માટે તો અહીં કહે છે. રાગરહિત, કર્મરહિત, શરીરરહિત છો. બાવો જ છો અંદર ચિદાનંદ સ્વરૂપમાં. માન્યું છે કે આ મને છે. એ તો એની માન્યતાનો વિષય છે. સમજાય છે કાંઈ? કહ્યું નથી? દિગંબર આચાર્યે માન્યું છે. આવે છે ને શ્રીમદ્‌માં? આવે છે. મોક્ષ થતો નથી. મોક્ષ જણાય છે. ભાઈ! એય..! ભાઈએ નાખ્યું છે. ન્યાલભાઈએ એમાં નાખ્યું છે. અહીં વાત થઈ હતી ને ઘણી? સાંભળી હતી ઘણી એણે. ... મોક્ષ થતો નથી. ભગવાન આત્મા મોક્ષસ્વરૂપ છે. માન્યું હતું કે મોક્ષસ્વરૂપ નથી. હું રાગથી બંધાયેલો છું એ માન્યતા હતી. માન્યતા હતી. રાગથી બંધાયેલો નથી. રાગ અને વિભાવ ને સ્વભાવ ભિન્ન જ છે, ભિન્ન જ છે, મુક્ત જ છે. પણ માન્યું હતું કે હું રાગથી બંધાયેલો છું, કર્મથી બંધાયેલો છું. એ માન્યતાને સમજણ વડે સમજાવે છે. અહો..! આ રાગ અને સ્વભાવ બે ભિન્ન છે. બંધાય કોણ? ચૈતન્ય સ્વભાવ જ્ઞાનાનંદ છે તે અટક્યું છે રાગમાં એ એનું સ્વરૂપ જ નથી. એમ સમજાણું તો મોક્ષ સમજાય છે. મોક્ષ થાતો નથી. છે એવું સમજાય છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી જુદી વાત. એ વળી બીજી વાત છે. એ તો સમભાવ રાખવાની વાત છે.

અહીં તો કહે છે કે હું મોક્ષસ્વરૂપ જ છું. પુણ્ય-પાપના ભાવ એ મારા એવી એક માન્યતા હતી, માન્યતા હતી. વસ્તુ એમ નથી. કેમ કે એક આસ્રવતત્ત્વ છે, આત્માનું જ્ઞાયક તત્ત્વ છે. બે એક નથી. માન્યું હતું કે હું આ છું. એ માન્યતા જ્ઞાન દ્વારા (ટાળે). અરે..! આ ચૈતન્યસ્વભાવ જાણકસ્વરૂપ એ બંધાયેલું નથી. બંધાય ક્યાંથી? કોની સાથે બંધાય? સમજાય છે? જાણકસ્વરૂપ બંધાયેલું નથી. છૂટું છે. એમ સમજાણું. મુક્તિ થઈ ગઈ એની. સમજાય છે કાંઈ? એટલે કહે છે કે બાદરશરીરનામકર્મના ફળને હું ભોગવતો નથી. એને ચૈતન્ય સ્વરૂપના અનુભવને અનુભવું છું.

'**હું પર્યાપ્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આ પર્યાપ્તિ આવ્યું પર્યાપ્તિ. આહાર, શરીર, ઇન્દ્રિય, ભાષા અને મન એ છનું પર્યાપ્તિપણું પરમાણુમાં બંધાય એના નિમિત્તરૂપે પ્રકૃતિને પર્યાપ્તિ નામકર્મ કહે છે. એક નામકર્મની પ્રકૃતિ છે-પર્યાપ્તિનામકર્મ કે જેને લઈને માતાના ઉદરમાં આવે ત્યારે એને આહાર પહેલો હોય, પછી શરીર થાય, આકૃતિ ઇન્દ્રિયની થાય, આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ થાય, ભાષા અને મન એમ બંધાય અંતર્મુહૂર્તમાં. એ પર્યાપ્તિમાં હું નથી એમ કહે છે અહીં તો. આહાહા..! બાંધવા ટાણે હું નથી એમ આ સમકિતી કહે છે. પેટમાં આવે ને? સમ્યગ્દૃષ્ટિ સ્વર્ગમાંથી કે નરકમાંથી મનુષ્યમાં આવે ત્યારે કહે છે કે એ પર્યાપ્તિનામકર્મમાં હું છું જ નહિ. માતાના પેટમાં જન્મ્યો, આવ્યો? કહે ના. હું તો આવ્યો જ નથી. હું તો જ્યાં છું ત્યાં છું. સમજાણું કાંઈ? પર્યાપ્તિ. આહાર તેં લીધો, શરીર બાંધ્યું, પછી ઇન્દ્રિય થઈ? કહે ના. મારામાં તો છે જ નહિ. આહાર પણ નથી, શરીર પણ નથી, ઇન્દ્રિય નથી, શ્વાસ નથી, ભાષા નથી અને મન નથી. છએ પર્યાપ્તિનું કર્મફળ તે મારું નથી. કહો, સમજાણું કાંઈ? એમાં મન પણ આવ્યું કે નહિ? એમાં મન આવ્યું કે નહિ? આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. ભાષા અને મનની પર્યાપ્તિ પૂરી થઈ અને તે મારી સ્થિતિ છે. ના. હું તો પૂર્ણ આનંદસ્વરૂપે પર્યાપ્ત છું. મારું સ્વરૂપ જ્ઞાન-દર્શન આદિ સ્વભાવથી પરિપૂર્ણ છે. વસ્તુ પોતે પરિપૂર્ણ છે. સર્વજ્ઞ સ્વભાવે પરિપૂર્ણ છું. સમજાણું?

જ્ઞાન... જ્ઞાન.. જ્ઞ સ્વભાવ જ્ઞ સ્વભાવ એટલે બસ. આનંદસ્વભાવ એટલે બસ. પૂર્ણ છે. એવા પૂર્ણ સ્વભાવની દૃષ્ટિને લઈને કહે છે કે પર્યાપ્તિપણું મારામાં છે જ નહિ. મન નથી, વાણી નથી. મન મેં બાંધ્યું નથી અને વાણી મેં બાંધી નથી અને વાણી કરી નથી અને બાંધી નથી. કહો, સમજાણું કાંઈ? '**પર્યાપ્તિનામકર્મના ફળને...**' જુઓ! આહાર મેં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લીધો નથી. કહે છે ને? પહેલું આહાર લે અને પછી ખળ થાય અને પછી શરીર થાય. પહેલા આમ નરકમાં જાય તો એવું હોય, દેવમાં જાય. પછી એની આકૃતિ થાય પરમાણુના રજકણની. કહે છે કે એમાં હું આવ્યો જ નથી ને હું એને અડતો પણ નથી. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ. આ શ્વાસ એ મારી પર્યાપ્તિ જ નથી. એ મારી ચીજ જ નથી. મેં બાંધી નથી અને એના ફળને હું ભોગવતો નથી. મન મેં બાંધ્યું જ નથી, મન મારામાં છે જ નહિ. વાણી મેં બાંધી નથી અને વાણી મારામાં છે નહિ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'**હું પર્યાપ્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' કહો, સમજાણું આમાં? છે? કેટલી ૧૩૩. એક નામકર્મની પ્રકૃતિ છે ૯૩માં. તો એને લઈને અંદર પહેલો જન્મે ને જ્યારે ત્યારે આહાર થાય છે, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. એ છએ હું નથી એમ કહે છે સમકિતી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેમ એમ કહે છે?

ઉત્તર :- નથી. કેમ કહે છે શું?

બીજી રીતે કહીએ તો ભગવાન આત્મા.. નામ ચાર આવ્યા છે ને ભાઈ? કર્મકાંડમાં ઓલા નામ. આઠેય કર્મના. જેમ અહીં ઝેરના નામ આપ્યા છે ને. એમાં કર્મકાંડમાં પ૨મી ગાથામાં ચાર નામ આપ્યા છે કર્મના. શાતા વેદનીય હોય, એક અશાતા વેદનીય હોય, એક ઊંચ ગોત્ર, નીચ ગોત્ર, તીર્થંકરગોત્ર હોય. બધાને ચારપણે બોલ્યા છે. એને એક પ્રકૃતિ કીધી છે. બીજું પાપ કીધું છે, ત્રીજું કર્મ કીધું છે, ચોથો મેલ કીધો છે. ચાર નામ આપ્યા છે. આઠેય કર્મ હોં! ચાહે તો પુણ્ય કર્મ બંધાયેલું હોય, ચાહે તો તીર્થંકરગોત્ર બંધાયેલું હોય, ચાહે તો આહારક શરીર બંધાયેલું હોય, ચાહે તો દેવગતિનું આયુષ્ય બંધાયેલું હોય, આઠેય કર્મની આ ૧૪૮ પ્રકૃતિ જેમ અહીં ઝેર કીધી છે એમ કર્મકાંડમાં... આ તો હમણાં આ .. વાંચુ છું એમાં આવી ગયું. આ કર્મકાંડ છે ને? ગોમ્મટસાર. ગોમ્મટસાર. પહેલેથી લખ્યું હતું આમાં. ૨૯ પાને છે. જુઓ! પ૨મી ગાથા છે. 'નામ શ્રવણા દ્રવ્ય ભાવ કર્મના ચાર પ્રકાર છે.' નામ, સ્થાપના, આકાર, દ્રવ્ય અને ભાવ. પછી એ કર્મનું નામ શું? આઠેય કર્મ હોં! જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, શાતા, અશાતા. મોહની ૨૮, આયુષ્ય કર્મનું દેવનું, નારકીનું, મનુષ્યનું બધું આયુષ્ય. નામકર્મની યશોકીર્તિ, તીર્થંકરગોત્ર, સ્થાવર, સૂક્ષ્મ, પર્યાપ્ત વગેરે અને ગોત્ર અને અંતરાય. એનું નામ શું કહે છે? જુઓ! પ્રકૃતિ. પ૨મી ગાથા છે ભાઈ! કર્મકાંડ. એ આઠેયને પ્રકૃતિ કહેવાય છે. ત્યારે હું પ્રકૃતિ છું હું પણ એક. એય..! પ્રકૃતિ નથી આવતી? .. પ્રવચનસારમાં આવે છે ને. હું એક આત્મ પ્રકૃતિ છે-સ્વભાવ. હું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો ચૈતન્ય આનંદ સ્વભાવ છું. કર્મ તે પ્રકૃતિ જડ સ્વભાવ છે. મારે અને એને કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! એ સમ્યગ્દર્શન થતાં. સમજાય છે કાંઈ? એ આઠેય કર્મને ઝેર માને છે. અને એને પ્રકૃતિ માને છે. રતિભાઈ! આ બીજો શબ્દ. લ્યો, પાઠ ગોમ્મટસાર. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી. પાપ. આઠેય કર્મને પાપ કહે છે. ૫૨મી ગાથા છે. પુણ્યના ભેદ પાડે, ૪૨ પાડે ને ફલાણું પાડે. બધા પાડો પણ અમે તો પાપ કહીએ છીએ ખરેખર તો. આહાહા..! પછી તો પેટાભેદ વ્યવહારથી (કહે), પણ નિશ્ચયથી તો બધું પાપ છે. એ ૫૨ ગાથા. ગોમ્મટસાર. છાપેલી છે મોટા અક્ષરે. જુઓ.

અહીં તો કહે છે કે જેને વિષવૃક્ષ કહ્યા ઝેરના ઝાડ. મારો આત્મા અમૃતનું ઝાડ કલ્પવૃક્ષ છે. હું તો અમૃતનો પુંજ સરોવર છું. મારી દૃષ્ટિમાં તો અમૃત જ દેખાય છે. અને આ કર્મનું ફળ છે એ તો ઝેર છે. ધર્મીની આવી દૃષ્ટિ હોય છે. એ વિના ધર્મ દૃષ્ટિ હોતી નથી. શું કીધું? એ પ્રકૃતિ કર્મને આઠેય ૧૪૮ પ્રકૃતિને અહીં પ્રકૃતિ કીધી. એને પાપ કહ્યું. ૫૨. શબ્દ છે. ૫૨ ગાથા કર્મકાંડ. આ તો ખુલ્લું છે. આ ક્યાં ગુપ્ત-બુપ્ત વાત છે? આ તો કર્મકાંડની વાત છે લ્યો. કર્મકાંડ છે આ. સમજ્યાને? કર્મકાંડ છે ને આ? કર્મકાંડ છે. હા..હા.. કર્મકાંડ. કહો, સમજાણું આમાં? પણ માણસને એવો પ્રેમ લાગે છે ને. શાતા બંધાણી તો કહે હા. દેવનું આયુષ્ય બંધાણું તો કહે હા. સમજાણું?

અહીં કહે છે, ભગવાન તીર્થંકરે કહેલું, દિગંબર સંત નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીનું જે ગોમ્મટસાર. એમાં એમ કહે છે કે કર્મને અમે તો પાપ કહીએ છીએ. ભગવાન આત્મા પવિત્ર એની સામે છે. આઠેય કર્મને પ્રકૃતિ કીધી, ત્યારે આત્માનો પ્રકૃતિ એટલે સ્વભાવ. જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ આનંદસ્વભાવ એ હું સ્વભાવ છું. એ સ્વભાવ એ મારી ચીજ છે. પ્રકૃતિ મારી નહિ. આઠેય કર્મને પાપ કહ્યું. જુઓ! આઠેયને પાપ આવશે આ તીર્થંકરગોત્ર ૧૪૮. તીર્થંકરગોત્રને ત્યાં પાપ કહ્યું છે. અરર..! રાડ નાખી જાય માણસ. આ કર્મકાંડની ભાષા છે. ૫૨મી ગાથા. અહીં ઉપાડ્યું છે કે કર્મને ચાર પ્રકારના નામ આપીએ છીએ. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. અને કર્મને આ ચાર નામે ઓળખાવીએ છીએ એમ કહે છે. કહો, નવરંગભાઈ! ભારે વાત ભાઈ!

ભગવાન આત્મા પાપની સામે પવિત્રનો સમુદ્ર છે. બેસે નહિ. અનંત કાળથી બેઠું નથી ને અનંત કાળ થયો. નિગોદ ને નરકના ભવ અને દેવના, મનુષ્યના અનંત અનંત ભવ કર્યા. પણ એ સમ્યગ્દર્શન શું કેમ થાય એની વિધિની ખબર ન મળે. એ વિના મરી ગયો ક્રિયાકાંડ કરીને. આ વ્રત ને આ નિયમ ને આ પૂજા ને આ ભક્તિ. રાગ છે. મિથ્યાત્વ સહિતનો રાગ છે. ચાર ગતિમાં રખડશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં કહે છે કે '**હું પર્યાપ્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, મન મળે મન. જે પ્રકૃતિથી મન મળે એ પ્રકૃતિને હું પાપ કહું છું અને પાપને કારણે મન મળ્યું. એમ કહે છે ભાઈ! લે. એ પ્રકૃતિને પાપ કીધી ને. આહાહા..! પણ મન મળે ને, પર્યાપ્તિ મળે ને. અરે..! મળે કોને? એ તો જડ છે. સાંભળને ભાઈ! આહાહા..! શું થાય? ભગવાન આત્મા પવિત્રનું ધામ છે ત્યારે કર્મને ભગવાને પાપ કહ્યું છે. ત્રીજો બોલ એને એમ કહ્યો છે કે આ કર્મને કર્મ કહીએ છીએ. કર્મ એટલે પરમાણુનું એક કાર્ય પર્યાય છે. કાર્ય છે. ભગવાન આત્મા કાર્ય સમયસાર એની શક્તિમાં ત્રિકાળ પડ્યું છે. એય..! આહાહા..! ચિદાનંદ મૂર્તિ અનંત આનંદની ખાણ એવું કાર્યપણું ત્રિકાળ પડ્યું છે. એમાંથી ભાવકાર્ય અંદરથી આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો આત્મા અંતરમાં દૃષ્ટિ આપતા, સમ્યગ્દર્શન થતાં કહે છે કે મારું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદનું કાર્ય સ્વરૂપ હું તો છું. આ કાર્ય જે વિકાર છે એ તો કર્મનું કાર્ય છે. આઠેય કર્મ, કર્મ જડના કાર્ય છે. મારા છે નહિ.

ચોથો બોલ મળ. ચોથો બોલ મળ. આઠેય કર્મ મળ છે. એમ પાઠ છે. આહાહા..! સમજાણું કાંઈ? નવરંગભાઈ! વળી આ કુદરતે આજ આ આવી ગયું, લ્યો! હમણા વ્યાખ્યાન નથી આવ્યું આ કોઈ દી. વ્યાખ્યાનમાં નથી આવ્યું કોઈ દી, હોં! સંક્રાંતિનો દિવસ. ઉતરાયણનો દિવસ છે ને આ. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે ગોમ્મટસારના કર્મકાંડમાં નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી કહે છે, પ્રભુ! એ કર્મને તો અમે મેલ કહીએ છીએ, મળ કહીએ છીએ. આઠેય કર્મ એ મળ છે. ભગવાન! પણ કાંઈક અપવાદ તો રાખો. તીર્થંકર પ્રકૃતિ નિર્મળ કહો, બીજીને મળ (કહો), એમ બે ભાગ તો પાડો. અમે તો મળ જ કહીએ છીએ બધાને. અરે..! પણ અંદર દેવનું આયુષ્ય બંધાય. સર્વાર્થસિદ્ધના દેવનું આયુષ્ય બંધાય. પુણ્યભાવથી. એને તો નિર્મળ કહો. એ મળ (છે) અને જે ભાવે બંધાણું એ મળ (છે). નવરંગભાઈ! ભારે વાત! અરે..! ભગવાન!

કહે છે કે ભગવાન આત્મા નિર્મળાનંદ છે ને. આઠેય કર્મના રજકણને ઝેર કહેતા મળ કીધો છે. ભાઈ! એમાં આત્મા નથી. એમ ચારેય બોલ જેમ જડને લાગુ પડે, એમ પુણ્ય-પાપના પરિણામ પણ પ્રકૃતિ છે ભાવ, પાપ છે, એ પોતે ભાવકર્મ છે અને મેલ છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ છે, પવિત્ર છે, શુદ્ધ આનંદનું કાર્ય છે અને આત્મા નિર્મળાનંદ છે. કહો, સમજાય છે કાંઈ? આ આચાર્ય પોતે કહે છે કે હું... ૧૩૩ બોલ. '**પર્યાપ્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' છે જ નહિ. આ શરીર ને ઈન્દ્રિય ને શ્વાસ ને ભાષા ને મન ને છ પર્યાપ્તિ છે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન એ મારામાં નથી. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રકૃતિ જ મારામાં નથી અને એ પ્રકૃતિનું ફળ મને આવ્યું કે મન મળ્યું ને ભાષા (મળી). ના. મને મન મળે? મન તો જડ છે. મને શું મળે? હું તો ચૈતન્ય છું. એ સમ્યગ્દૃષ્ટિ આમ આત્મામાં .. કહે છે. એને ઠેકાણે આ તો કહે છે કે મને પૈસા મળ્યા અને ધૂળ મળી. એય.. મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- એના છોકરા...

ઉત્તર :- એના છોકરા (પાસે છે) તો એને આવે. હૂંફ તો આવે ને કો'ક દી એની. બે કરોડ, ચાર કરોડ આમ દેખાય કે આહાહા..! બે છોકરા આવ્યા હતા હમણા બેય. આવ્યા હતા ને? એક પાસે બે કરોડ અને અઢી કરોડ. બેય આવ્યા હતા અહીં. બહાર બેઠા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કોણ? રોટલા તમે ખાવ કરો. તમારે ક્યાં છોકરો અહીં રહે છે. એ તો કીધું હતું. પરણાવ્યો. કેટલા પૈસા ખર્ચ્યા. હવે રોટલા કો'ક ઘડે અને કો'ક ખાય. એ બાયડીને લઈને ત્યાં જાય. કૈલાસચંદભાઈ! એના દીકરા છે ને, આઠ હજારનો પગાર છે માસિક. ત્યાં મુંબઈમાં. એ તો આવે છે. માણસ નરમ છે. અહીં સાંભળવા આવે. વાત આ હતી. બાકી ખોટે ખોટી છે. પણ આ બધું કેટલા પૈસા ખર્ચીને ભણાવ્યો હશે ત્યાં. અને અહીંયાં હવે રોટલા ખાવ તમે તમારી રીતે. મરો ત્યારે તાર લખજો કો'ક પાસે મરી ગયા. પણ આ શરીર જુદું પડે ત્યારે જણાવજો. કો'કને કહે ભાઈ બાપુજીનું શરીર... આહાહા..! પણ એ તો સંસાર તો એવો જ છે. કોની સાથે.. એને કોની સાથે સંબંધ છે? એઈ..! આહાહા..!

અહીં તો કહે છે કે ધર્મી એમ સમજે છે. પર્યાપ્તિપણું મારામાં છે નહિ એમ સમજે છે. જુઓને! એ કેવી આચાર્યે વાત કરી! ઓહોહો..! વસ્તુની સ્થિતિ એવી છે. મન મારું નથી. આ મન છે એ મારું નથી. ભાષા મારી નથી, શ્વાસ મારો નથી, આહાર મારો નથી, શરીર મારું નથી, ઇન્દ્રિય મારી નથી. છ પર્યાપ્તિ છે. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. પર્યાપ્તિનામકર્મનું ફળ મારે નથી. કેમ કે એ પાપ છે, એ કર્મ છે, એ પ્રકૃતિ છે અને એ મેલ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..!

ઓહો..! દિગંબર સંતોએ ગજબ વાતું કરી છે! આ કેવળજ્ઞાની પરમાત્માનો ધર્મ એ અનાદિના સનાતન ધર્મને થંભાવી રાખ્યો છે. વસ્તુનું સ્વરૂપ સંતોએ જંગલમાં રહેનારા સંતો, મુનિઓ હતા દિગંબર, આત્માના આનંદમાં કલ્લોલ કરતા. આત્મા અતીન્દ્રિય આનંદમાં ડૂબકી મારીને કલ્લોલ કરતા. સમજાય છે? એવા આનંદમાં વળી વિકલ્પ જરી આવી ગયો પરોપકારનો. વિકલ્પના પણ કર્તા નથી અહીં એમ કહે છે. એ વિકલ્પ મારું કર્મચેતના એ મારું કાર્ય નથી. અને આ વાણી શાસ્ત્ર મેં બનાવી મને કહેશો નહિ, ગાળ દેશો નહિ એમ કહે છે. પાછળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે છે ને? પાછળ આવે છે. પ્રવચનસારમાં આવે છે. અમૃતચંદ્રાચાર્ય (કહે છે), આ શાસ્ત્ર મેં બનાવ્યું એમ મને કહેશો નહિ. કેમ કે રજકણની પર્યાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ! પ્રવચનસારની છેલ્લી ગાથામાં છે. છેલ્લો કળશ છે.

મુમુક્ષુ :- બધા શાસ્ત્રમાં એ છે.

ઉત્તર :- બધા શાસ્ત્રમાં દરેકમાં પાછળ કહે છે. અમૃતચંદ્રાચાર્યની તો દરેકમાં પાછળ એ શ્લોક છે. જુઓ! કહે છે, '**ખરેખર પુદ્ગલો સ્વયં શબ્દરૂપે પરિણમે છે. આત્મા તેમને પરિણમાવી શકતો નથી...**' શબ્દોને આત્મા પરિણમાવી શકતો નથી. '**તેમ જ ખરેખર સર્વ પદાર્થો સ્વયં જ્ઞેયપણે, પ્રમેયપણે પરિણમે જ છે. શબ્દો તેમને જ્ઞેય બનાવી સમજાવી શકતા નથી...**' '**આત્માસહિત વિશ્વ,...**' જગત '**તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરી તે વ્યાખ્યાતા છે એમ મોહથી જનો ન નાચો.**' હે મૂઢ જીવો! મોહથી એમ ન નાચો કે આ વાણી મેં કરી છે. આહાહા..! એ નિમિત્તથી કથન છે. મોહથી ન નાચો. શ્લોક છે દેખો! સમજાય છે?

**व्याख्येयं किल विश्वमात्मसहिंत व्याख्या तु गुम्फो गिरां।**
**व्याख्यातामृतचन्द्रसूरिरिति मा मोहाज्जनो वल्गतु।**

હે જીવો! મોહથી એમ મને ન માનો. વાણી મેં કરી, શાસ્ત્ર મેં રચ્યા એ તો જડની પર્યાય છે. જડની પર્યાય આત્મા કરે એ મિથ્યાદૃષ્ટિ માને છે. સમજાય છે કાંઈ? જુઓ! એમ કહે છે.

મુમુક્ષુ :- ઉપકારીનો ઉપકાર..

ઉત્તર :- એ તો વિકલ્પ આવે ઉપકારનો. વિકલ્પ એ રાગ છે. હવે આ વાત, બાપા! સમ્યગ્દર્શનની કોઈ ચીજ બીજી છે. જગતને એ વાત અનાદિથી બેઠી નથી. અત્યારે તો એવી ને એવી ચાલે છે અત્યારે પણ. સમજાય છે કાંઈ?

કહે છે.. આહાહા..! '**એમ મોહથી જનો ન નાચો. સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે અવ્યાકુળપણે નાચો.**' પરિણમો. અમે તો જ્ઞાનસ્વરૂપ જાણનાર-દેખનાર છીએ. રાગ પણ નહિ, આ વાણીની ક્રિયા પણ નહિ. ભાષા નથી ને. એમ આમાં કીધું ને. આમાં કીધું અને આમાં આવ્યું. હું પર્યાપ્તિનામકર્મના ફળને નથી ભોગવતો. મન ને શ્વાસ ને ભાષા એ ફળ મારામાં નથી. એ તો જડની પર્યાય છે. આહાહા..! અહીં તો હજી પૈસા મળ્યા, શરીર સારું ને દીકરા મળ્યા. ધૂળેય મળી નથી. સાંભળને! માન્યતા તારી છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**હું પર્યાપ્તિનામકર્મ...**' જે મળ છે, પાપ છે. પર્યાપ્તિનામકર્મ પાપ છે. પુણ્ય પ્રકૃતિમાં ગણાવાય છે એને. ૪૨ પ્રકૃતિ. એય..! પુણ્ય પ્રકૃતિમાં ગણાવાય છે ને? ૪૨માં. બાદરપણું, ત્રસપણું, સુભગ આદિ એ પુણ્ય પ્રકૃતિમાં ગણાવાય છે. એ વ્યવહાર તરીકે છે. નિશ્ચયથી તો એ પાપ છે. (યોગસારમાં) તો કહ્યું ચોખ્ખું કે 'પાપ પાપને સહુ કહે, પણ પુણ્યને પાપ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે.' સમજાય છે કાંઈ? યોગસાર. છે ને? કડી છે મોઢે બધાને. મોઢે છે કે નહિ? એય..! ક્યાં ગયા?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બુધ કોઈ. યોગીન્દ્રદેવનું છે. અહીં કેટલામું? ૭૧મું. લ્યો! અહીં છે ને ભાઈ! લાવોને એય..! હવે આપણે સાક્ષી છે ને. રામજીભાઈ સાક્ષી આપતા હતા ને બધાને? ભગવાનની સાક્ષી દઈએ ને, જુઓ! ભગવાન આમ કહે છે. યોગીન્દ્રદેવ સંત મુનિ વીતરાગી દિગંબર હતા. જંગલમાં વસતા હતા. અંતર આનંદના કલ્લોલમાં. રાગથી ભિન્ન પાડીને શાંતિને વેદતા વેદતા આ શ્લોક બની ગયા. એમાં આ કહ્યું છે એણે. લ્યો, ભાઈને યાદ છે. ૭૧મો કળશ-શ્લોક છે કહે છે.

'**હું પર્યાપ્તિનામકર્મના...**' એ મન અને વાણી મારામાં નથી. ભાષા મારી નથી. એ મનને હું અનુભવતો નથી. આહાહા..! જડને શું અનુભવે? ભાઈ! પણ અહીં તો ભાવમનમાં સંકલ્પ-વિકલ્પનો અનુભવ નથી એમ કહે છે. સંકલ્પ-વિકલ્પ એ કર્મનું ફળ (છે), એને હું અનુભવતો નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! એવી લાગે ને. એકાંત છે, એકાંત છે હોં! એકાંત છે રે એકાંત છે. ભાઈ કહેતા ને? એકાંત છે. ૭૧ હોં.

**પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;**
**પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧.**

અનુભવી સમ્યગ્દૃષ્ટિ પુણ્યને પણ પાપ કહે છે. છે પુસ્તક? તમારી પાસે છે ને. યોગસાર નહિ હોય. યોગસાર છે આ યોગીન્દ્રદેવનું. યોગીન્દ્રદેવ કહે છે. આ તો યોગસાર ગુજરાતી બનાવ્યું. હિન્દી છે ને. આ ગુજરાતી છે. '**પાપરૂપને પાપ તો...**' આમાં પણ છે ને ઓલો શ્લોક છે ને. આમાં છે જુઓ! આમાં? આ પરમાત્મપ્રકાશ. અહીં બધા પુસ્તકો તૈયાર છે. જુઓ! પરમાત્મપ્રકાશની પાછળ એ મૂક્યું છે. જુઓ! આ ૭૧.

**जो पाउ वि सो पाउ मुणि सव्वु इ को वि मुणेइ।**
**जो पुण्णु वि पाउ वि भणइ सो बुह (?) को वि हवइ।।७२।।**

બુદ્ધજન સમ્યગ્દૃષ્ટિ તો પુણ્યને પાપ કહે છે. એ ૭૧મી ગાથા. દેખો! '**જે પાપ છે તે પાપ છે એમ તો સર્વ કોઈ જાણે છે, પણ જે પુણ્ય છે તે પાપ છે એમ**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**કહે છે એવો બુદ્ધિમાન પંડિત કોઈ વિરલ જ હોય છે.**' સમજાય છે કાંઈ? ૭૧મી ગાથા છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! પર્યાપ્તિનામકર્મ એ હું નહિ. સમ્યગ્દષ્ટિ આત્માના શુદ્ધ ચૈતન્યને આદર કરનારો એ હું રાગ ને પર્યાપ્ત મન, વાણી હું નથી. સમજાય છે કાંઈ? એવી દષ્ટિને અહીં સમ્યગ્દષ્ટિ કહે છે. હજી તો રાગ મારું કર્તવ્ય છે અને રાગથી કાંઈક થાય છે અને ધૂળથી થાય છે, પુણ્યથી થાશે. મિથ્યાદષ્ટિ અનંત સંસારી જીવ છે. સમજાણું કાંઈ?

અહીં '**હું પર્યાપ્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આહાહા..! પૈસાવાળાને શેઠ કહે છે ને? એ યાદ આવ્યું હતું ભાઈ! શેઠ શેઠ કહે છે ને? છે ને ઓલો શ્લોક છે. ક્યાં છે? ક્યાં ગયો? શેઠિયાનું છે ને? એક શેઠિયા થયા છે. તમારે દીપચંદજી શેઠિયા. સાંભળ્યું છે? એણે આ બનાવ્યું છે. છે અત્યારે.. આહાહા..! એ વખતે પ્રસંગ છે, જુઓ! એમાં લખ્યું છે. એમાં ૧૩મે પાને છે. ગાયન બહુ.. શેઠિયા હતા. અત્યારે છે. ૪૦ વર્ષ પહેલા એના મામા પાસે ૬૦ લાખ રૂપિયા હતા. ૬૦ લાખ. ૪૦ વર્ષ પહેલા હોં! અત્યારે તો પાંચ કરોડ જેટલા થાય ને. અત્યારે તો તમારો રૂપિયો એક આનો જેટલો થઈ ગયો છે. ભાવ સોળ આનો થઈ ગયો ને. કેમ? ભાવ સોળ આના થઈ ગયો ને. સોળ આના ભાવ થઈ ગયો છે. તો અત્યારે સોળ લાખ હોય તો એક લાખ પહેલાનો. અત્યારે સોળ લાખ હોય તો એક લાખ છે. એમ. તો એ વખતે ૬૦ લાખ હતા, એના મામા પાસે હતા. એ દેતા હતા. લ્યો! શું કરું ૬૦ લાખનું હું? ભાઈ! તારે ઘરે હું આવું. મને આજીવન ભોજન આપજો. હું પૈસા ન લઉં. આવો. જાવજીવ હું ભોજન કરાવું પણ પૈસા નહિ લઉં કહે છે. બહુ દુઃખ લાગ્યું. બહુ દુઃખ લાગ્યું. મામા! દેવાવાળા તો મળશે, ના પાડવાવાળો નહિ મળે. હવે તારા ૬૦ લાખને ધૂળને શું કરવી છે? સમજાય છે? હવે તો વર્ષોવર્ષ આવે છે. પછી હમણાં ... દિલ્હીમાં. દિલ્હીમાં છે. ત્યાં મકાન લેવાના હતા. ત્યાં હું ગયો હતો ને સાંજે આહાર કરવા. સોભાગચંદ શેઠ. સોભાગચંદ. કરોડ રૂપિયા તે દી, એના બાપા પાસે પચ્ચીસ લાખ હતા. ૪૦ વર્ષ પહેલાની વાત છે. એના બાપાએ ૨૫ લાખ આપ્યા અને ૬૦ લાખ આ. તે દી ના ૪૦ વર્ષ પહેલાના. ૮૫ લાખ. અત્યારે હશે. પણ બહુ શાંત માણસ. અહીં આવે છે વર્ષમાં. કરોડ ઉપર છે. સોભાગલાલ મોહનલાલ. ત્યાં હું આહાર કરવા ગયો હતો. એ આપણે ઉતર્યા હતા ને ભાઈ ત્રિલોકચંદજીને ત્યાં. ત્યાં વિનંતી કરવા આવ્યા હતા. એની બાજુમાં રહે છે. ... દુકાન નાખવી છે. બહુ શાંત માણસ. વ્યાખ્યાનમાં આવતા સોભાગચંદ. એના આ પૈસા આપી દીધા પછી ... પોતે ન લીધા એટલે. ૬૦ લાખ. એ આવે છે.

અહીંયાં તો કહે છે, જુઓ! 'ગુણીજન સંભાળે...' આ ગાયન ગાયું. ક્યારે? કે એના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દીકરાનો દીકરો મરી ગયો. ગૃહસ્થ માણસ છે અત્યારે. દીકરાનો દીકરો મરી ગયો અઢી વર્ષનો. મડદું પડ્યું છે. આ બાયું રોવે છે ને બાયું આપણે મરે ત્યારે. મારા પેટ. તમારે કાંઈક કહેતા હશે ખરા. એમ રોવે. મારા પેટ, મારા પેટ. મરી જાય ને, દીકરો મરી જાય તો બોલે, મારા પેટ એમ કરીને રોવે. તો અહીં એવું બનાવ્યું છે કે 'ગુણીજન સંભાળે સોહી છે શેઠ.' આ ગુણીજન આત્મા અનંત ગુણનો દરિયો ભગવાન એને સંભાળે તે શેઠ કહેવાય. 'અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન.' બીજા બધા અનુચર-ભિખારી છે.

મુમુક્ષુ :- બધા પૈસાના નોકર...

ઉત્તર :- પૈસાના નોકર સાચવનારા છે ભિખારા. એય.. ન્યાલભાઈ! મારા જ્ઞાન. હું તો જ્ઞાનસ્વરૂપ છું. મારું સ્વરૂપ તો ચૈતન્ય જ્યોત છે. મારી લક્ષ્મી જ જ્ઞાન છે. આ લક્ષ્મી મારી ક્યાંથી આવી? એ બાઈ પોતે (ગાયું). ઓલું મડદું પડ્યું હતું. મડદા સમજ્યાને? કલેવર. .. આવી ગયું છે આપણે. આવી ગયું છે ને? છે? વાંચ્યું છે કે નહિ પણ? નહિતર અહીંયાં વાંચે તો ... એ તો યાદ આવ્યું હતું. એ પુસ્તક લીધું ને. ચાર પુસ્તક પડ્યા છે. પણ ગુજરાતી નહિ સમજે. આ તો હિન્દી છે.

મુમુક્ષુ :- હવે સમજવા લાગ્યા છે.

ઉત્તર :- લાગ્યા છે? આ તો હિન્દી છે એટલે. આજે બપોરે ચાર પુસ્તક દેખ્યા અંદર. બધા ખલાસ થઈ ગયા. ચાર હતા. ચાર વળી કાઢ્યા. મને યાદ આવ્યું કે એ આવે તો આ એક દેવું. ત્યાં ચારમાંથી બે બીજાને મળ્યા. તમારા રસિકભાઈને. આ એક જ બાકી છે હવે. જુઓ! આમાં આ આવ્યું. સમજાય છે?

'ગુણીજન...' ગુણીજન આત્મા. ભગવાન સંત અનંત ગુણનો પિંડ પ્રભુ એને સંભાળે- અંદર દૃષ્ટિ કરે તે શેઠ. બાકી બધા અનુચર જાણજો જી. બાકી ભિખારા કર્મના અને રાગના. ભગવાનભાઈ! ભારે ભાઈ! આવી વાતું. પૈસાના ભિખારી છે મોટા રાંકા. આ ભગવાન બાદશાહ પડ્યો ચૈતન્ય સ્વરૂપની લક્ષ્મીની તને શ્રદ્ધા ન મળે. અંતર વસ્તુમાં આદર ન મળે અને પુણ્ય-પાપના વિકલ્પનો અને પરનો આદર. ભિખારી! પામરતાનો આદર અને પરમેશ્વરનો આદર નહિ. એમ કહે છે. પુણ્ય-પાપના પરિણામ પામર છે. એના ફળ એ પામર ભિખારા છે. એનો આદર અને પ્રભુ અંદર જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ સ્વરૂપ એનો તને અંતર શ્રદ્ધા અને જ્ઞાનમાં આદર નથી એ ભિખારી છે. સમજાય છે? સમ્યગ્દૃષ્ટિને બહારમાં ચાહે રાજ છ ખંડ હોય. મારી સંપદા નથી. મારી સંપદા તો જ્ઞાનાનંદ હું છું. મારા સ્વરૂપમાં શાંતિ પડી છે. એનો સ્વામી જ્ઞાની છે. સમ્યગ્દૃષ્ટિ એનો સ્વામી, પરનો સ્વામી નથી. આહાહા..! જુઓ! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લ્યો, આ વળી ચાર બોલ આવી ગયા સારા હોં! પ્રકૃતિ, પાપ, કર્મ અને મળ. એ ચાર છે. ૫૨મી ગાથામાં છે. ગોમ્મટસાર. ગોમ્મટસારમાં છે. કર્મકાંડ છે ને? એક જીવકાંડ છે અને એક કર્મકાંડ છે. ગોમ્મટસાર.

અહીં કહે છે કે પર્યાપ્તિનામકર્મ પ્રકૃતિ છે જડ. નામ, મન મળો, ભાષા, શરીર, ઈન્દ્રિય એ તો કર્મની પ્રકૃતિ (છે). એનાથી મળે તે બધો મેલ છે. હું નિર્મળાનંદ પ્રભુ છું. ચૈતન્ય સ્વભાવ શાંતિ આનંદથી ભરેલો ભગવાન એનો અંતર આદર કરનારો હું, આ પ્રકૃતિના મેલનો હું આદર કરનાર નથી. એનું નામ સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવાય છે. એ પર્યાપ્તિનામકર્મના ફળને ભોગવતા નથી. બીજી રીતે કહીએ તો ધર્મી જ્ઞાનચેતનાને અનુભવે છે. પુણ્ય-પાપનો વિકલ્પ છે ભગવાન! એ કર્મચેતના છે. કર્મચેતના છે. હરખ-શોકનું ભોગવવું એ કર્મફળચેતના છે. અને જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતાનું ભોગવવું એ જ્ઞાનચેતના છે. ત્રણ પ્રકારની ભગવાને ચેતના કીધી છે.

ફરીને. એ અહીં વાત કરે છે આચાર્ય. ટૂંકામાં તો અહીં સમાડી દીધું ઘણું. આચાર્યોના હૃદયમાં ગંભીરતા એટલી હતી, એટલું ભર્યું છે કે હું જ્ઞાન અને શાંતિના સ્વભાવથી ભરેલો પ્રભુ, એની મારી દૃષ્ટિ છે અને એ મારું પરિણમન છે. એને હું ભોગવું છું. પણ પુણ્ય-પાપના ભાવ એ તો કર્મચેતના છે, કર્મચેતના છે. એ મારી જ્ઞાનચેતના નહિ. એ કર્મચેતનાને હું ગૌણ કરીને એને હું વેદતો નથી. અને હરખ-શોકના વિકલ્પને પણ ઝેરફળ જાણીને, કર્મફળ જાણીને, મેલ જાણીને, પાપ જાણીને, ગૌણ કરીને મારા ચૈતન્યની શ્રદ્ધાના જ્ઞાનને અનુભવું છું. એનું નામ ભગવાન સમ્યગ્દૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? એ.. રતિભાઈ! બરાબર છે? આ બધા પૈસાવાળાને સુખી કહે છે માણસો બહુ. એ કરોડપતિ માણસ કહેવાય છે, લ્યો!

મુમુક્ષુ :- સુખી ક્યાં છે?

ઉત્તર :- સુખી દુનિયા કહે છે. દુનિયા કહે છે એમ કહું છું. મેં કીધું ક્યાં? રતિભાઈ! આ તો નરમ માણસ છે. નરમ છે. એના મોટા ભાઈ હતા એ હમણાં ગુજરી ગયા. બહુ નરમ, બહુ નરમ. શું પૈસા ને શું ધૂળ? અને આત્માની સાથે ક્યાં હતા? એક ફેરી કહ્યું નહોતું?

એક ફેરી ભાઈ કહ્યું હતું કે આ શરીરના રજકણો પહેલા એક વાર તો ઝેરરૂપે પરિણમ્યા હતા પૂર્વ ભવમાં. શું કહ્યું? આ શરીરના રજકણ છે ને? આ તો ભિન્ન છે ને? તો એક વાર આ શરીરના રજકણ ઝેરરૂપે પૂર્વે અનંત વાર થઈ ગયા અને જમૈયારૂપે થઈ ગયા. જમૈયા સમજો છો? છુરા. એ છરારૂપે આ શરીરના રજકણ અનંત વાર થઈ ગયા છે. અહીં ખૂંચતા હતા ત્યારે ગમતું નહોતું, અત્યારે ઠીક લાગે છે. ક્યાંથી આવ્યું? આ તો પૂર્વનો છરો છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અરે..! ભગવાન! તને ખબર નથી, નાથ! તું તો ચૈતન્ય સ્વરૂપ છો પ્રભુ! આહાહા..! આ પરમાણુઓ પૂર્વે અનંત વાર વેરીના શરીરપણે પરિણમેલા હતા. વેરી સમજ્યાને? દુશ્મન. આ શરીરના રજકણો વેરીના શરીરપણે, ઝેરપણે, પાણીના પરમાણુપણે. ત્યારે એમાં તું ડૂબી ગયો હતો એમાં મરીને. ત્યારે તને ઠીક નહોતું લાગતું એ વખતે. એ રજકણો શરીરરૂપે આવ્યા ત્યારે એમ લાગ્યું, મને આવ્યા. ભગવાન! ભૂલ્યો છો તું. સમજાય છે કાંઈ? આહાહા..! ઝેરરૂપે પરિણમેલા, વિષ્ટારૂપે પરિણમેલા, આ રજકણો પરિણમ્યા સમજો છો ને? અવસ્થા અનંત વાર થઈ ગઈ છે. આહાહા..!

જુઓને! આ બે-ચાર બળદને મારી નાખ્યા. બે ટાંગા કાપી નાખ્યા અહીંથી. બે ચાર બળદને. બૈલ. બે પગ કાપી નાખ્યા. ચાર બળદના બબ્બે પગ. એક એક હજાર રૂપિયાનો બળદ છે અહીં. ... એક તો તરત મરી ગયો બિચારો. પછી બીજો મરી ગયો. .. એનો ધણી છે ગરાસિયો. મારાથી જોવાતું નથી આ. દુઃખી બહુ. કારણ કે એ ઊભો થઈ શકે નહિ અને આમ ને આમ પડ્યો રહે. આને ઝેર દઈ દયો, કહે. .. હું જોઈ નહિ શકું. મરી ગયોને એ તો. બે પગ પાછળના કાપેલા. ઊભો તો થઈ શકે નહિ, ખાઈ-પી શકે નહિ. આહાહા..! ભાઈ! જે મારનારો હતો ને એ તલવાર કે જે હોય એ. ભગવાન! આ શરીરના રજકણો એ રીતે અનંત વાર થઈ ગયા છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એને ખબર નથી. આ શરીર તને જે વ્હાલું લાગે છે, પ્રભુ! એ શરીરના રજકણોની પર્યાય અત્યારે આવી છે. પૂર્વે તો ઝેરરૂપની પર્યાય હતી, છરારૂપની પર્યાય હતી. સમજાય છે? વિષ્ટાની પર્યાય હતી. ભગવાન! એ તો જડના પરમાણુની અવસ્થા ભિન્ન ભિન્ન પરિણમે છે. પ્રભુ! એ તારું સ્વરૂપ નથી. તને નથી, તારામાં નથી અને તું તેમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં ઈ કહે છે. કહો, પ્રવિણભાઈ! સાચું હશે આ?

આમ સર્પ હોય ને સર્પ એક. કાળો નાગ લાંબો. હમણા કો'ક કહેતું હતું. ૨૪ હાથનો નહોતું કહેતું? ૨૪ હાથનો લાંબો કાળો નાગ. દાઢ કાપી નાખે અને પછી રાખે ઓલામાં નહિ? આ સર્પનું હોય ને બધું જાનવરોનું.. ચંદુભાઈએ કહ્યું હતું? કોણે કહ્યું હતું? નેમિદાસભાઈએ કહ્યું હતું. નેમિદાસભાઈએ. કલકત્તા. ચોવીસ હાથનો કાળો. એની આ દાઢ કાપી નાખે પછી છોકરો પણ રમાડે એને. પછી અંદર કાંઈ રહ્યું નહિ ને. બાળક રમાડતું હતું આમ દોરડાની પેઠે. એ દાઢમાં ઝેરના રજકણો ભગવાન આ શરીરના રજકણો એ ઝેરના પરમાણુપણે અનંત વાર થઈ ગયા છે, ભાઈ! તને ખબર નથી. એ ઝેર દેખે ત્યાં અંહહહ.. (થઈ જાય). આ જ્યાં લાગે તો આહાહા..! (થાય). શું છે પણ તને? સમજાણું કાંઈ? આહાહા.! ભગવાન! તારા સ્વરૂપમાં આ નથી, ભાઈ! પહેલા પણ નથી, અત્યારે પણ નથી અને ભવિષ્યમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ નથી. તારા સ્વરૂપમાં એ તો નાસ્તિ છે એની. તારા સ્વરૂપમાં તારી અસ્તિ છે અને આ સ્વરૂપની નાસ્તિ છે.

સપ્તભંગી ભગવાને કીધી છે. સ્વરૂપની અસ્તિ છે અને પરસ્વરૂપની નાસ્તિ છે. પણ એને માનવામાં આવતી નથી. બોલે ખરો ધર્મને નામે આમ. આ શરીરની ક્રિયા અમે કરીએ. પણ જડની પર્યાય છે ને શું કરે? ભાન વિના. ભાઈએ કાલે નહોતું કહ્યું? છરાને ઘસે તો તેજ આવે. ધૂળમાંય તેજ નથી આવતું. તેજ તો પોતાની પર્યાયથી છે. શું પરથી છે? કૈલાસચંદજી! દાખલો ભાઈએ આપ્યો હતો ને.

ભગવાન! એ પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક પરમાણુ પોતાની પર્યાયે પરિણમી રહ્યો છે. એ પોતાની પર્યાયની જાત છે. કાંઈ પરથી નથી. કેમ કે પરથી તો નાસ્તિ છે. એક પરમાણુ છે એ પોતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ છે. એક પરમાણુ દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે પહોળાઈ-પ્રદેશ, કાળ એટલે અવસ્થા અને ભાવ એટલે શક્તિ. એ સ્વદ્રવ્યથી, સ્વક્ષેત્રથી, સ્વકાળથી, સ્વભાવથી અસ્તિ. પરદ્રવ્ય, પરક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિ છે. હવે જેનાથી નથી એનાથી થાય આમાં? ભ્રમ જગતને ગરી ગયો છે. એય..! કૈલાસચંદજી!

મુમુક્ષુ :- ભ્રમ કાઢી નાખવા માટે...

ઉત્તર :- કાઢી નાખવા માટે... આ તો એક સમજવાની વાત છે.

આ તો બરાબર વાત છે કે નહિ? કે પ્રત્યેક વસ્તુ પોતાના સ્વચતુષ્ટયથી છે. સ્વચતુષ્ટય એટલે શું? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. દ્રવ્ય શું? કોઈપણ ચીજ દ્રવ્ય પરમાણુ હો કે આત્મા. છ દ્રવ્ય ભગવાને જોયા છે. ભગવાને છ દ્રવ્ય જોયા છે. છ દ્રવ્ય. આત્મા, પુદ્‌ગલ, ધર્માસ્ત, અધર્માસ્તિ, આકાશ અને કાળ. તો દરેક પદાર્થ સ્વચતુષ્ટય(થી છે). પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાની અવસ્થા-કાળ અને પોતાની શક્તિ ત્રિકાળ ભાવ. એનાથી અસ્તિ છે. સપ્તભંગી. સ્વચતુષ્ટયથી અસ્તિ છે, પરચતુષ્ટયથી નાસ્તિ છે. તો એક પરમાણુ પોતાની પર્યાયથી અસ્તિ છે અને પરની પર્યાયથી નાસ્તિ છે. પોતાનો આત્મા એક પર્યાયથી અસ્તિ છે અને કર્મની પર્યાયથી નાસ્તિ છે. ભગવાન! પણ શું છે એની ખબર નથી. સાંભળ્યું નથી. સાંભળ્યું જ નથી. ગડબડ ગડબડ સાંભળ્યું છે.

અહીં એ કહે છે કે હું પર્યાપ્તિની પર્યાયમાં છું નહિ. એ શરીરની પર્યાય, મનની પર્યાયમાં હું નથી. હું તો મારા ચૈતન્યની પર્યાયમાં છું. ચંદુભાઈ! ભગવાન! વાત તો એવી છે. આહાહા..! કદી દરકાર કરી નથી. અહીં કહે છે કે એનાથી ઉજળું નથી થયું. કૈલાસચંદજી! એમ કહે છે. પોતાની પર્યાયથી સ્વકાળની પર્યાયથી ઉત્પન્ન થયું છે. પરની પર્યાયથી ઉત્પન્ન નથી થતું. પોતાથી પર્યાય ઉત્પન્ન થાય અને પરથી પણ ઉત્પન્ન થાય એમ બે ક્યાંથી આવ્યું? એમ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન કહે છે અને એમ છે. કહે છે તો શું ભગવાન ઘરનું કહે છે? આમ છે ને એવું જાણ્યું. જાણ્યું એવું કહ્યું, કહ્યું એવું છે. સમજાણું કાંઈ?

આ પર્યાપ્તિનામકર્મ. મનની. પર્યાય મારામાં નથી અને મારી પર્યાય પરમાં નથી. અહીંયાં શરીરની પર્યાય મારામાં નથી અને મારી પર્યાય શરીરમાં નથી. વાણીની પર્યાયમાં આત્મા નથી, આત્માની પર્યાયમાં વાણીની પર્યાય નથી. કેમ કે વાણી પણ અનંત પરમાણુની પર્યાય છે. મન પણ અનંત પરમાણુની પર્યાય છે. તો કહે છે કે પર્યાપ્તિનામકર્મને સમકિતદૃષ્ટિ કહે છે કે હું ભોગવતો નથી. હું તો ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનચેતનાને ભોગવું છું. આહાહા..! ખાય, પીવે દેખાય. લાડવા ખાતો હોય, આમ બેઠો હોય ને કંઈ ભોગવતો નથી સાંભળને હવે. એ જાણે છે, ભગવાન! તને ખબર નથી. એ જાણવાનું કામ ચાલે છે અંદર. આ છે રાગ એને જાણે છે. આ દેહની ક્રિયા થાય છે એને જાણે છે. જાણનારને જાણે અને ન જણાય એવી ચીજને પણ જાણે. જાણે એ કામ એનું છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, અહીં આવીને બધું અટક્યું હોં! ૧૩૩. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આ પર્યાપ્તિ હું નહિ. ભાઈ! મન મળે તો ભાઈસા'બ, મન મળે તો કામ થાય. મન ન મળે તો કામ ન થાય. અહીં કહે છે, ના. ના. આ આત્માથી કામ થાય, મનથી કામ ન થાય. એમ કહે છે. રતિભાઈ! આહાહા..!

આમ બોલે કે જીવ ને અજીવ ભિન્ન છે. અજીવને જીવ માને તો મિથ્યાત્વ. જીવને અજીવ માને તો મિથ્યાત્વ. એમ બોલે. માન્યતાથી નહિ. ઓલા પોપટની જેમ. પોપટ કહે અરે..! પોપટ! શીખ. કોઈ આવશે, પછી ન્યાં જાળ નાખશે. જાળ-જાળ. જાળ ને દાણા નાખશે. તું ત્યાં પકડાઈ જઈશ. તને પકડીને લઈ જશે અને પછી લઈ જશે તો મારી નાખશે. ત્યાં ઓલો આવ્યો નાખવા જાળ. પોપટ! પોતે પોતે બોલે છે હવે. જો ઓલા જાળ આવશે, એ પછી નાખશે, બોલે જાય છે અને પાછો પડ્યો અંદર. એ જાળ નાખશે, એમાં તું મરીશ. પણ આ પકડાણો જઈને, હવે ક્યાં સુધી ગોખવું છે તારે? ખબર ન મળે કે આ શું ભાવ છે અને શું વસ્તુ છે. ઈ આવશે, જાળ નાખશે, પછી તને પકડશે, પછી તને મારી નાખશે. પણ હવે આ પડ્યોને આમાં? ક્યાં સુધી તારે ગોખવું છે? ગોખવું સમજ્યા? શું કહે છે? રટણ. રટના કહે છે. એમ આ જીવ ને જડ જુદા છે, જડથી આત્મા જુદો છે. વળી બોલે. વળી જડનું કામ મારાથી થાય. શું થયું પણ તારું આ? પોપટની જેવી રચના થઈ તારી. એય..! સ્વરૂપચંદભાઈ! જડ ને જીવ જુદા છે, જીવ જડ થાય નહિ, જડ જીવ થાય નહિ એમ બોલે. એક જડનું રજકણ બીજા જડરૂપે થાય નહિ. થાય તો પોતાનું અસ્તિત્વ નાશ થઈ જાય. એમ કોઈ દી બને નહિ. વળી બોલે એમ ને પાછું માને બીજું. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આહાહા..!

પર્યાપ્તિ નામ આહાર, શરીર, ઈન્દ્રિય. ઈન્દ્રિયો નહિ મારી. ઈન્દ્રિયોનું ફળ છે એ મેલ છે કહે છે. એ કર્મ છે. એ પ્રકૃતિ છે અને એ પાપ છે. મન કર્મ છે, પ્રકૃતિ છે, પાપ છે, મેલ છે. ભાષા પ્રકૃતિ છે, કર્મ છે, પાપ છે અને મેલ છે. છએ પ્રકાર આ.. મારું સ્વરૂપ એનાથી ભિન્ન છે. એવી સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ હોવાથી જ્ઞાનચેતનાને હું ભોગવું છું. મારું જ્ઞાનસ્વરૂપ એમાં એકાગ્ર છું. ચાહે સો લડાઈ આદિમાં ઊભો હોય, વેપાર-ધંધામાં હો, અંતરની એકાગ્રતા અંતરની ખસતી નથી. કેમ કે જે દૃષ્ટિમાં જે વસ્તુ પડી તેનું પરિણમન થઈ ગયું છે. સમજાણું કાંઈ?

એ ૧૩૩ બહુ સારી ચાલી હોં! પેલા ચારની આવી ઈ બહુ સારી આવી. વ્યાખ્યા નહોતી આવી કોઈ દી, હોં! કહો, સમજાણું? ઓલા ચાર નામ જ કોઈ દી આપણે આવ્યા નથી. આમ ચાર રાતે યાદ કર્યા હતા. ઓલા હેમરાજજી નહિ? હેમરાજજીને? હા, હેમરાજજી કહે, કર્મપ્રકૃતિમાં પણ પાપ આવે છે. એમ બોલ્યા હતા. અહીં બેઠા હતા. હેમરાજી ત્યાં રહે છે ને? બ્રહ્મચારી. ઉદયપુરના. ઓલા નહોતા? ચાંદમલજી બ્રહ્મચારી. એ છે ને? આશ્રમમાં રહેતા. છે ને, આપણે અહીં રહેતા ને. ઘણા મહિના રહી ગયા છે. ઘણા મહિના. એ બોલ્યા હતા એક ફેરી. કર્મપ્રકૃતિમાં એને પાપ કહી છે. બધી પ્રકૃતિને પાપ કહી છે. એમ બોલ્યા હતા. સમજાણું? કોઈ કર્મની પ્રકૃતિને ભગવાને પુણ્ય કહ્યું જ નથી નિશ્ચયથી. આહાહા..! તો પછી પરિણામને પણ પાપ કહ્યું છે આ (યોગસારમાં.) એની એ દશા છે ત્યાંની. બેસે નહિ. ખટક.. ખટક... એવી મીઠાશ છે ને પરની. શ્રદ્ધામાં એ વાત બેસતી નથી.

એથી કહે છે કે ભગવાન! ધર્મી તો પર્યાપ્તિકર્મના ફળને ભોગવતો નથી. કર્મફળ અને કર્મચેતનાને ભોગવનાર નથી. હું તો જ્ઞાનસ્વરૂપના એકાગ્રતાનો ભોગવનાર છું. આ એને ધર્મ અને ધર્મની દૃષ્ટિ કહેવામાં આવે છે. બસ! ત્રણ થઈને આજે? ઠીક!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ સુદ ૧૫, સોમવાર તા. ૧૫-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૫૭**

૧૩૩ ચાલી છે. ૧૩૪. જુઓ! શું ચાલે છે? પહેલેથી ચાલ્યું આવે છે કે ધર્મી જીવ કેવો હોય છે? એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના શુદ્ધ સ્વરૂપની અંતર અનુભવ દૃષ્ટિ થઈ છે. આત્મા આનંદસ્વરૂપ છે. આનંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ. એને ધર્મની પહેલી સીઢી (કહે છે). આનંદસ્વરૂપ છે, પુણ્ય-પાપનો રાગ છે એ ઝેર છે અને કર્મ પણ ઝેર ઝાડ છે. ઝેરનું ઝાડ છે. ઝાડ કહે છે ને? વૃક્ષ. વૃક્ષ. આપણે ઝાડ કહે છે, આમાં વૃક્ષ છે. આઠ કર્મની પ્રકૃતિ જે છે, આઠેય કર્મની હોં! ૧૪૮. આચાર્ય મહારાજ કહે છે કે ૧૪૮ પ્રકૃતિ આઠ કર્મના પેટા ભેદ બધા ઝેરના ઝાડ છે.

મુમુક્ષુ :- એમાં અપવાદ?

ઉત્તર :- અપવાદ જરીએ નહિ. અપવાદ સમજ્યા? એમાં છૂટ કેટલી? એમ કહે છે. અપવાદ સમજ્યાને? એમ કે કોઈ થોડી છૂટછાટ છે?

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ સંત દિગંબર મુનિ, જે પોતાનું સ્વરૂપ સર્વજ્ઞ ભગવાન પાસે ગયા હતા, એ પ્રાપ્ત તો પહેલા કર્યું હતું એમાં વિશેષ શુદ્ધિ થઈ. અને ભગવાન પાસે જઈને આઠ દિવસ ત્યાં રહીને અહીં આવીને આ સમયસાર બનાવ્યું. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર એમ કહે છે. એવું અમે કહીએ છીએ એવી પરમેશ્વરની સાક્ષી આપીને કહીએ છીએ. આ ૧૪૮. આ તો છેલ્લી ગાથાઓ છે ને?

કહે છે કે સમ્યગ્દૃષ્ટિ કોને કહેવા? ધર્મની પહેલી સીઢી, પહેલું સોપાન કોને કહેવું? કે આત્મામાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે એ ઝેર છે. એ મોક્ષ અધિકારમાં આવી ગયું. સવારે કહ્યું હતું. વિષકુંભ. આવ્યું હતું? અહીં વૃક્ષ કહ્યું છે, ત્યાં વિષકુંભ કહ્યું છે. અહીં વિષવૃક્ષ કર્મને કહ્યું છે. ત્યાં વિષકુંભ ભાવને કહ્યું છે. એટલો ફેર છે. પુણ્ય-પાપના ભાવ પુણ્યના ભાવને ત્યાં વિષ-ઝેરકુંભ કહ્યો છે. અહીં કર્મફળ કહ્યું છે, જડકર્મ. પણ એ તો જડકર્મને વિષ કહો કે એના કારણને પણ વિષ કહો, એના ફળને વિષ કહો બધી એક જ વાત છે.

કાલે કહ્યું હતું ને એમાં? સમ્યગ્દૃષ્ટિ ભોગની વાત છે એ. 'ચક્રવર્તીકી સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક' એ તો એમ કે ભોગની વાત છે એમ કહેતા હતા એ. એમાં પરિણામ શું આવ્યું? કેમ ભાઈ? ભાઈ એમ કહેતા હતા ને? ભાઈ! એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચારેય આવી ગયા. એ પહેલા પુણ્ય-પાપ અધિકારમાં ચારેય લીધા છે. જે પ્રકૃતિ બંધાય એ બધી પુદ્ગલ છે. એનું કારણ પણ બધી અશુદ્ધિ છે અને એનું ફળ બધા સંયોગ છે, એમાં આત્માનો સ્વભાવ ક્યાંય છે જ નહિ. એ પુણ્ય-પાપના અધિકારમાં લીધું છે.

અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવની દૃષ્ટિ પ્રથમમાં પ્રથમ.. પુણ્ય-પાપના ભાવ એ તો આસ્રવતત્ત્વ છે. ત્યારે કહે, આસ્રવના બે ભેદ છે ને? આસ્રવના. એક શુભ પ્રશસ્ત રાગ, અપ્રશસ્ત રાગ. બે છે તો બે જ છે. બે કહો. એકને શુભ અને એકને અશુભ. છે તો બેય આસ્રવ. બેય ઝેર છે અને એના ફળમાં કર્મબંધ પડે એ પણ ઝેરના ઝાડ છે એમ અહીંયાં તો કહે છે. એવી દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિની કર્મના ફળમાંથી, કર્મમાંથી અને કર્મના કારણમાંથી, કર્મનું કારણ નામ શુભાશુભભાવ, એ બધામાંથી રુચિ ખસી ગઈ છે. સમજાણું કાંઈ? અને પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન, આનંદસ્વરૂપનો અંતરમાં અનુભવ કરીને શાંતિનો ખજાનો ખોલ્યો છે. સમજાણું કાંઈ? અજ્ઞાની રાગનું, પુણ્યનું અને સ્વભાવનું એકત્વ માને છે એની તિજોરી બંધ છે.

મુમુક્ષુ :- તિજોરી ખોલી નથી.

ઉત્તર :- ખોલી જ નથી એણે. શું કહ્યું સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત જ્ઞાન, આનંદસંપન્ન સ્વરૂપ છે. એમાં જે પુણ્યનો-રાગ વિકલ્પ થાય છે એ પોતાનો પોતામાં છે એમ માની લીધું છે. એની ચૈતન્ય તિજોરી બંધ છે. ત્યાંથી શાંતિ અને આનંદ નીકળતા નથી. તિજોરી બંધ કરી દીધી છે. અને સમ્યગ્દૃષ્ટિએ રાગ અને પુણ્ય પ્રશસ્ત હોય કે અપ્રશસ્ત, બધા વિકાર છે. એનાથી મારી ચીજ ભિન્ન છે. એમ રાગથી ભિન્ન થઈને પોતાની ચૈતન્ય લક્ષ્મીની તિજોરી ખોલી નાખી છે. સમ્યગ્દર્શનથી તિજોરી ખોલી નાખી છે. તો અંતરમાંથી ખજાનામાંથી આવે છે. સમજાણું કાંઈ?

કાલે લખ્યું ને? છોકરાએ લેખ લખ્યો છે. આ હિંમતભાઈનો છોકરો. રવિન્દ્રે લેખ લખ્યો છે. અમોઘ શક્તિનો અંતર ખજાનો. કાલે રાતે .. આવે ત્યારે ખરુંને. નાનો છોકરો છે. ૨૨ વર્ષનો છે. અહીંનો અભ્યાસ છે, અહીંનો અભ્યાસ છે. નાનો છોકરો, ભાઈ! ઓલો રવિન્દ્ર નહિ? બહુ હુશિયાર છે. અમોઘ શક્તિનો અંતર ખજાનો. અમોઘ શક્તિ નામ જેની અંતર શક્તિ નિષ્ફળ નથી, સફળ છે. એવી અંતર શક્તિનો અદ્ભુત ખજાનો એવો આત્મા છે. અને કર્મ આઠ કર્મ છે એ ઝેરના ઝાડ છે. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિની પ્રથમમાં પ્રથમ પહેલા દરજ્જામાં હોય છે. જ્યાં સુધી એને રાગનો પ્રેમ છે અને રાગથી લાભ માને ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. પછી ચાહે તો ત્યાગી થયો હોય, ભોગી થયો હોય, દેવમાં હોય, નારકીમાં હોય, પશુમાં હોય. પણ જ્યારે એને રાગથી ભિન્ન કરીને પોતાનું શુદ્ધ સ્વરૂપ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ચિદાનંદમૂર્તિને અનુભવમાં લીધી તો રાગની એકતા તૂટીને સ્વભાવની એકતામાં દૃષ્ટિ થઈ તો ચૈતન્ય ખજાનો દૃષ્ટિમાં ખુલી ગયો. તો ધર્મીને આનંદનો સ્વાદ આવે છે-સમ્યગ્દૃષ્ટિને. એને સમ્યગ્દર્શન કહે છે. એમ ને એમ માની લે કે અમે આમ માનીએ ને આમ માનીએ એમ નહિ. એ વાત અહીં (કહે છે). ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર સંત વનવાસમાં રહેતા હતા. એમણે આ શાસ્ત્ર બનાવ્યું.

ભગવાન! તારી ચીજ તો આનંદસ્વરૂપ છે, પ્રભુ! એ રાગાદિ તો પામરતા, દુઃખરૂપ છે, ભગવાન! એ તો આકુળતા છે. એ આકુળતાને અંતરમાં ભિન્ન કર અને અનુભવ કર કે હું તો શાંત અને આનંદ છું. એવો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્દૃષ્ટિ થયા પછી સ્વરૂપમાં ઘણી લીનતા લીનતા આનંદ આવે છે, ઘણો આનંદ. એ હમણા આવશે. જે સર્વાર્થસિદ્ધના દેવને પણ આનંદ નથી. એ તો ચોથે ગુણસ્થાને છે. અને પંચમ ગુણસ્થાનમાં જ્યારે શ્રાવક આવે છે, સાચા શ્રાવક. તો સમ્યગ્દૃષ્ટિ જે સર્વાર્થસિદ્ધના દેવ છે એથી પણ પાંચમા ગુણસ્થાનમાં આનંદ અને શાંતિ અનંતગુણી વધી જાય છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આહાહા..! અને સાચા મુનિ હોય છે એને તો અંતર અતીન્દ્રિય આનંદનો એટલો ઉભરો (આવે છે)... ઉભરાને શું કહે છે? ઉફાન. ઉફાન. દૂધમાં ઉભરો આવે છે ને. એટલો આવે છે કે જેને રાત્રે નિદ્રા પણ એક પોણી સેકન્ડ આવે છે. સમજાણું કાંઈ? એટલો આનંદ આવે છે મુનિને. સાચા મુનિ જેને ભગવાન કહે છે. એ મુનિને તો રાત્રે એક પોણી સેકન્ડ નિદ્રા આવે છે, પોણી સેકંડ.

મુમુક્ષુ :- પાછલી રાત્રે.

ઉત્તર :- પાછલી રાત્રે. ત્રણ પહોર તો નહિ, દિવસના ચાર પહોર નહિ, પાછલી રાત્રે. આવે છે. છ ઢાળામાં આવે છે. પાછલી રાતે એક છઠ્ઠા ગુણસ્થાનની દશા પોણી સેકન્ડની હોય છે. એક સેકન્ડ પણ નહિ. એટલો આનંદ આવે છે કે સપ્તમ ગુણસ્થાન ક્ષણમાં આવી જાય છે. ક્ષણમાં સપ્તમ, ક્ષણમાં છટ્ઠું. છઠ્ઠી ભૂમિકા હોય તો પાછલી રાતે.. ત્યાં આનંદમાં આવી જાય. એવી આનંદની ભૂમિકામાં ચોથા, પાંચમા ગુણસ્થાનથી છઠ્ઠી ભૂમિકામાં ઘણો જ અતીન્દ્રિય આનંદ હોય છે. એ અતીન્દ્રિય આનંદની દશાને મુનિપણું કહે છે. વાત એ છે. સમજાણું કાંઈ? એ અહીંયા કહે છે.

સમ્યગ્દૃષ્ટિથી માંડીને.. માંડીને શું કહે છે હિન્દીમાં? લેકર. બધી ચોખ્ખી હિન્દી નથી આવડતી. સમ્યગ્દૃષ્ટિથી માંડી.. જુઓ! '**હું અપર્યાપ્તનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ૧૩૪ છે. અપર્યાપ્તનામકર્મની પ્રકૃતિ જડ છે એના ફળને હું ભોગવતો નથી. હું તો શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છું. એવી અનુભવી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ હોય છે. સમજાણું કાંઈ? '**હું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અપર્યાપ્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' હું તો ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ આનંદ જ્ઞાનમૂર્તિ પ્રકાશનો પુંજ પ્રભુ આત્મા, એનો અનુભવ થયો છે તો હું ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માનું જ વેદન કરું છું. રાગાદિ છે એ મારી ચીજ નથી. હું સ્વામી નથી. એ આવ્યું હતું ને? સ્વામી થઈને. પાછળ કહ્યું છે ને? સ્વામી થઈને. એ સ્વામી થઈને. સમજાણું કાંઈ? રાગ થાય છે જરી પણ એનો સ્વામી નથી ધર્મી. સ્વામી તો પોતાના શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય-ગુણ શાંતિનો સ્વામી છે. આહાહા..! સમજાણું કાંઈ? તો અપર્યાપ્તિનામકર્મના ફળને નથી ભોગવતો. થોડું આપણે બીજું લેવું છે.

'**હું સ્થિરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' સ્થિર-સ્થિર એક પ્રકૃતિ છે. પ્રકૃતિનું શું કાર્ય છે? આ ધાતુ, ઉપધાતુ સ્થિર રહે. ધાતુ ઉપધાતુ પોતાના સ્થાનમાં રહે એવી એક પ્રકૃતિ છે નામકર્મની. તો એ પ્રકૃતિનું ફળ ધાતુ, ઉપધાતુ સ્થિર રહે. વાત, પિત્ત, કફ એ ધાતુ, ઉપધાતુ એનું બંધન. એ બધા સ્થિર રહે એવી એક પ્રકૃતિ છે. તો કહે છે કે એ સ્થિર રહે કે ન રહે એ મારી ચીજમાં નથી. સમજાણું કાંઈ? ધાતુ-ઉપધાતુનો અર્થ કર્યો છે ક્યાંક. શેમાં કર્યો છે? નહિ? આમાં કર્યો છે? આમાં છે?

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં પ્રવેશિકામાં

ઉત્તર :- પ્રવેશિકામાં કર્યો છે નહિ? પ્રવેશિકા છે? ક્યાંક કર્યો હતો એક ફેરી મેં કર્યો હતો. ધાતુ ઉપધાતુ નહિ? સ્થિર-સ્થિર. એ સ્થિર (રહે). વર્ણ, ગંધ, સ્પર્શ, આનુપૂર્વી, ઉચ્છ્વાસ, સ્થાવર, પર્યાપ્તિ, અપર્યાપ્તિ. પાછળ છે? એ સ્થિર આવ્યું.

સ્થિર નામ પ્રકૃતિ કોને કહે છે? ગુજરાતી છે. જે કર્મના ઉદયથી શરીરની ધાતુ, ઉપધાતુ પોતપોતાના સ્થાનમાં રહે તે સ્થિર. ધાતુ કોને કહીએ? રસ, લોહી અને માંસ. લોહી સમજ્યાને? ખૂન. ખૂન, માંસ, રસ. રસ એની ચરબી હોય ને? એને ધાતુ કહે છે. ઉપધાતુ-વાત, પિત્ત અને કફ એ ઉપધાતુ. તો કહે છે કે જે પ્રકૃતિના નિમિત્તથી શરીરમાં, વાત, પિત્ત અને કફ, રસ, લોહી અને માંસ સરખા રહે એ પ્રકૃતિ. એ હું નહિ. એ મારી ચીજમાં જ નથી ધર્મી એમ સમજે છે. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનથી (આમ માને છે). જુઓ! '**હું સ્થિરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' એ તો જડ, માટી છે, ધૂળ છે. હું તો ચૈતન્ય છું. રાગાદિથી હું ભિન્ન છું તો એની પ્રકૃતિના પરિણામથી, ફળથી પણ હું તો ભિન્ન છું. એવો ભગવાન આત્મા જેણે રાગની કર્તૃત્વબુદ્ધિ છોડી દીધી છે. રાગ મારું કાર્ય એવું છોડી દીધું છે. અને દેહની ક્રિયા હું કરી શકું છું એવી માન્યતા પણ જેણે છોડી દીધી છે. કેમ કે દેહની ક્રિયા હું કરું તો જડના પરિણામ હું તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. કારણ કે પરનો કર્તા આત્મા છે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ કર્તૃત્વ પણ છોડી દીધું છે અને રાગનું કર્તૃત્વ પણ છૂટી ગયું છે. અને પોતાના શુદ્ધ સ્વરૂપની અંતર દૃષ્ટિમાં પોતાની શાંતિનો કર્તા છે તો કહે છે કે સ્થિર પ્રકૃતિમાં હું અહીંયા સ્થિર છું. આહાહા..! જ્ઞાન ચૈતન્યપ્રભુમાં સ્થિર છું. એવી મારી સ્થિરતાનો હું અનુભવ કરું છું. પણ સ્થિર પ્રકૃતિના ફળ જે શરીરમાં આવે છે વાત, પિત્ત, કફ, લોહી, માંસ આદિ એ મારી ચીજમાં નથી, એનો હું ભોક્તા નથી અને એનું ફળ મારામાં આવતું નથી. સમજાણું કાંઈ? એ સ્થિરનામ છે, લ્યો!

'**અસ્થિરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' અસ્થિર નામ સરખું ન રહે. વાત, પિત્ત, કફ સરખા ન રહે, રોગ થાય. રસ, માંસ સરખા ન રહે એ પ્રકૃતિનું ફળ છે. એમ હોય તો પણ સમ્યગ્દૃષ્ટિ કહે કે મારામાં ઈ છે જ નહિ. સમજાણું કાંઈ? સાતમી નરકમાં પડ્યો નારકી સમ્યગ્દૃષ્ટિ... અસ્થિર પ્રકૃતિનું ફળ આ છે ને આવું શરીર? હું છું જ નહિ એમાં. હું જ્યાં છું ત્યાં તો શાંતિ અને આનંદ છે. હું વિકાર પણ નથી તો પરવસ્તુની અસ્થિરતાની પ્રકૃતિ એ તો મારું ફળ છે જ નહિ. આહાહા..! અહીં તો જ્યાં ત્યાં કર્તા થાય. પરનું હું કરી શકું છું, રાગને હું કરી શકુ છું, પરનું કામ હું કરું એવી માન્યતા તદ્દન મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ? આ તો કહે છે, સ્થિર અંદર થાય એ પણ મારું કાર્ય નથી. એ તો ઝેરના ઝાડનું ફળ છે. હું તો ચૈતન્ય સ્વરૂપ છું.

હવે આવ્યું અહીંયાં. અસ્થિરનામ આવી ગયું ને? હવે આપણે બીજું નાખવું છે. થોડો વિચાર એ આવ્યો હતો, ભાઈ! જુઓ! ઓલી ત્રણ પ્રકૃતિ છે ને? પંચમ ગુણસ્થાનમાં અનાદેય, દુર્ભાગ્ય અને અયશ. પહેલું આવ્યું હતું. આગળ કીધું હતું એકવાર. પહેલા જ્યારે વ્યાખ્યાન ચાલ્યું હતું. હવે એ જરી યાદ આવી ગયું અત્યારે. દુર્ભાગ્ય, અનાદેય અને અપયશ એ ત્રણ પ્રકૃતિનો ઉદય પાંચમાં ગુણસ્થાનમાં હોતો નથી ભગવાન એમ કહે છે. હોતો નથી એમ કહે છે. હોતો નથી એમ કહે છે ને (હિન્દીમાં)? નહીં હોતા હૈ. આ પ્રકૃતિ આવી ને? શું આવ્યું જુઓ!

'**હું આદેયનામકર્મના ફળને નથી ભોગવતો,...**' તો આદેયનો અર્થ શું છે? શરીરમાં કાંતિ હોવી એ આદેયપ્રકૃતિ છે. તો કાંતિ શરીરમાં છે, હું ક્યાં છું એમાં? સમજાણું કાંઈ? મારું સ્વરૂપ તો શુદ્ધ આનંદની કાંતિ સહિત છે. આ કાંતિ એ મારી નથી. એ તો જડની છે. જડનું ફળ ઝેરના ઝાડનું ફળ છે. મારી સ્વરૂપ શાંતિ, એમાં કાંતિ જ્ઞાન અને આનંદની છે. આમ સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વરૂપમાં અનુભવ કરે છે અને પરની પ્રકૃતિના ફળનો અનુભવ કરતો નથી. સમજાણું કાંઈ?

હવે અનાદેય લેવું છે આપણે. અહીંથી લઈએ. અનાદેયનું શું ફળ છે? શરીર કાંતિરહિત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોવું. ભગવાન એમ કહે છે ગોમ્મટસારમાં કે આ અનાદેય પ્રકૃતિનો ઉદય ચોથે ગુણસ્થાને હોય છે સમ્યગ્દૃષ્ટિને. પણ જ્યાં સાચા શ્રાવક હોય છે જેને અંદરમાં આત્માની શાંતિ વધી ગઈ છે. શ્રાવકનો અર્થ એ છે. આત્મા આનંદની ભરપાઈ આવી ગઈ છે અંદરમાં. ભરપાઈ શું કહે છે? ભરતી. આ પૈસા ભરપાઈ નથી કહેતા?

મુમુક્ષુ :- ભરપૂર.

ઉત્તર :- ભરપૂર નહિ. ભરપાઈ એમ કાંઈ કહેતા નથી? ભરીને પૂરું કર્યું. ભરપાઈ એમ કાંઈક કહે છે. નથી તમારે આ ધંધામાં નથી કહેતા? ભાઈ! ભરપાઈ થઈ ગઈ? પૈસા-બૈસા દઈને કહે છે ને. ભરપાઈ થઈ ગઈ. અહીંયાં આવી ભરપાઈ આવે છે આત્મામાં એમ કહે છે. આહાહા..! પાંચમું ગુણસ્થાન જેને ભગવાન શ્રાવક કહે છે-સમ્યગ્દૃષ્ટિ શ્રાવક, એ ઉપરાંત જેને વ્રત અને નિયમના વિકલ્પો આવ્યા છે પણ સ્વરૂપમાં શાંતિ વધી ગઈ છે પંચમ ગુણસ્થાનમાં. તો ભગવાન એમ કહે છે કર્મકાંડમાં કે આ અનાદેય પ્રકૃતિનો ઉદય એને છે જ નહિ.

મુમુક્ષુ :- પંચમ ગુણસ્થાન?

ઉત્તર :- પંચમ ગુણસ્થાન. મુનિને તો છે જ નહિ. મુનિ તો આત્મા અતીન્દ્રિય આનંદ.. આનંદ... આહાહા..! જેની નિદ્રા ઊડી ગઈ. પોણી સેકન્ડથી એક સેકન્ડ નિદ્રા આવે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાણું કાંઈ? એટલો ઉગ્ર આનંદ આવે છે કે એ આનંદ આગળ નિદ્રા પણ અલ્પ આવે છે. સમજાણું કાંઈ?

ભગવાન ધવલમાં કહે છે કે છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકા કેટલી છે? મુદત. પોણી સેકન્ડ. એટલી મુદત છે છઠ્ઠા ગુણસ્થાનની. એટલી છઠ્ઠી ભૂમિકા. છઠ્ઠી ભૂમિકા સમજો છો? છઠ્ઠું ગુણસ્થાન. આત્મામાં એટલો આનંદ છે, સાચા સાધુ જેને ભાવલિંગ, ભગવાન જેને નમો લોએ સવ્વ સાહૂણંમાં ગણે છે, જેને ગણધર નમસ્કાર કરે પાંચ નમસ્કારમાં. એવા જે સાધુ છે એને તો અતીન્દ્રિય આનંદ એટલો આવે છે કે એની પાસે એની નિદ્રા અલ્પ થઈ જાય છે. અલ્પ થઈ જાય છે. એવી નિદ્રામાં પણ અરે..! પ્રમાદ થઈ ગયો. સમજાણું કાંઈ?

અહીં પંચમ ગુણસ્થાનમાં તો અનાદેય પ્રકૃતિ નથી એમ કહે છે. છઠ્ઠે તો હોતી નથી... સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાનમાં આ પ્રકૃતિનો ઉદય જ નથી. ચોથા ગુણસ્થાન સુધી ઉદય હોય છે. ઉદય હોવા છતાં સમ્યગ્દૃષ્ટિ માને છે કે મારામાં અનાદેય પ્રકૃતિનું ફળ છે જ નહિ. શરીરમાં અકાંતિ હોય. સમજાણું કાંઈ? અનાદેય છે ને? આદેય પહેલું આવી ગયું. પહેલું આદેય છે. પહેલા આદેય પ્રકૃતિ. પછી અનાદેય આપણે (ચાલે છે). શરીરનું તેજ હીણું પડી ગયું, તેજ હીણું પડી ગયું. એ અનાદેય પ્રકૃતિનું ફળ છે. ચોથા ગુણસ્થાને આવે છે ઈ, પણ અંતરમાં અંતર દૃષ્ટિ જ્ઞાન અને આનંદ ઉપર હોવાથી એને અનાદેય પ્રકૃતિનો આદર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. આદર હોતો નથી. એનો આદર નથી તો કોનો આદર કરે છે? અંદર આત્માનો આદર કરે છે. આહાહા..! ભગવાન ચૈતન્ય સ્વરૂપ...

મુમુક્ષુ :- ... માને છે.

ઉત્તર :- કોણ માને છે? વાતું કરે છે. માનતા નથી. એ તો વકીલાત કરે છે તમારી. ભાઈ! એ તો વકીલ છે કે નહિ. તમારી વાતને મજબૂત કરે ને, ભાઈ!

ભાઈ! આત્મા તો જેને માને છે, આસ્થા કહે છે. તો આત્મા હોવો જોઈએ ને? તો આત્મા કોને કહીએ? આત્મા નવ તત્ત્વમાં છે. નવ તત્ત્વ છે ને? સાત તત્ત્વ લો. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. સંવર, નિર્જરા, મોક્ષ તો નિર્મળ પર્યાય છે. હવે બંધ છે એ અટકવું, રોકાઈ જવું, રાગમાં રોકાઈ જવું ભાવબંધ છે. કર્મ જડ બંધ છે. હવે આસ્રવ કોને કહે છે? કે પુણ્ય-પાપના વિકલ્પ છે દયા, દાન, વ્રતના શુભ અને હિંસા, જૂઠું એ ભાવ આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ તો ભિન્ન છે. નહિતર બે તત્ત્વ એક થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ મિથ્યાત્વ છે. એ જ વાત તેથી તો અહીં કહે છે. બે તત્ત્વને એક તત્ત્વ માનવું એ મિથ્યાદૃષ્ટિ છે, વિપરીત બુદ્ધિ છે, વિપરીત અભિનિવેશ છે. આહાહા..! થોડી ભૂલ છે કે ફાંસીની ભૂલ છે? આત્માને ફાંસી આપી દીધી એણે. ભગવાન કહે છે કે આત્મા હનોભવંતિ. આવે છે ને ભાઈ આપણે? બંધ અધિકારમાં આવે છે. બંધ અધિકાર છે ને? આત્મા હનોભવંતિ. છે ભાઈ બંધમાં છે કે નહિ? ક્યાં છે એય? કાઢો તો ખરા ભાઈ આપણે. કૈલાસચંદજી કો'ક દી આવે છે માંડ માંડ. દેખાડવું સારું ને. રામજીભાઈ અમારે છે ને ઈ કોર્ટમાં સાક્ષી દે ને. બંધ અધિકારમાં છે, બંધ અધિકાર. બંધ છે ને બંધ? પુણ્ય-પાપનું જ્યાં આવી ગયું ને પછી આવે છે. ૧૬૯. ૧૬૯ને શું કહે? ૧૭૦થી એક ઓછું. ૧૭૦થી એક ઓછું.

મુમુક્ષુ :- ગુજરાતીનું પાનું ૩૯૫.

ઉત્તર :- હિન્દીમાં શું છે? એ હિન્દીમાં છે જુઓ! ભાઈ ૩૭૫ પાનું. પોણા ચારસો. પાછળ લખ્યું છે જુઓ. એ શ્લોક છે ને? અર્થ વાંચો અર્થ.

**'અજ્ઞાનને પામીને જે પુરુષો પરથી પરનાં મરણ, જીવન, દુઃખ, સુખ દેખે છે અર્થાત્ માને છે, તે પુરુષો...'** છે એમાં? નથી મળ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરને મારે, જીવાડે એ નહિ. આ બાજુ. એને બતાવોને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ પછી અર્થ છે ને અર્થ? એ ભાવાર્થમાં છે. અર્થ એનો અર્થ. અર્થ, અર્થ નહિ? ઉપર અર્થ. ભાઈ વચમાં અર્થ એ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ. બસ એ. એ શ્લોક છે. શ્લોકનો અર્થ છે.

**'આ (પૂર્વે કહેલી માન્યાતરૂપ) અજ્ઞાનને પામીને...'** મિથ્યાદષ્ટિ અજ્ઞાનને પામીને **'જે પુરુષો પરથી પરનાં મરણ,...'** મારાથી પરનું મરણ થયું એમ માનનાર મિથ્યાદષ્ટિ છે. અને પરથી જીવન. મારાથી પર જીવ્યો, મેં એને જીવાડ્યો એવી માન્યતા મિથ્યાદષ્ટિની છે. પરને મેં દુઃખ દીધું, પરને મેં સુખ દીધું એમ જે માને છે **'તે પુરુષ કે જેઓ એ રીતે અહંકાર-રસથી કર્મો કરવાના ઈચ્છક છે...'** હું કરું.. કરું... જીવાડું આદિ. **'(અર્થાત્ હું આ કર્મોને કરું છું એવા અહંકારરૂપી રસથી જેઓ કર્મ કરવાની-મારવા-જીવાડવાની, સુખી-દુઃખી કરવાની વાંછા કરનારા છે) તેઓ નિયમથી મિથ્યાદષ્ટિ છે, પોતાના આત્માનો ઘાત કરનારા છે.'** મૂળ પાઠ છે. **'नियतमात्महनो भवन्ति'** ઉપર છે. **'नियतमात्महनो भवन्ति'** આત્માનો હિંસક છે. આહાહા..! ભગવાન આત્મા પરનું હું કરું, પરના કાર્ય હું કરી શકું છું અને પરથી મારામાં કાર્ય થાય, પરને હું જીવાડું, પરને હું મારું એવા જે ભાવ-માન્યતા છે એ મિથ્યાત્વભાવ છે, મિથ્યાદષ્ટિ છે અને આત્માનો ઘાત કરે છે. પોતાના આત્માનો ઘાત કરે છે. પરનો તો ઘાત કરી શકતો નથી. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. ધર્મી (કહે છે), **'હું અનાદેયનામકર્મના ફળને નથી ભોગવતો,...'** પંચમ ગુણસ્થાનમાં તો અનાદેયનું ફળ જ ન આવ્યું એમ કહે છે. ચોથા ગુણસ્થાન સુધી તો હજી અનાદેયની પ્રકૃતિનું નિમિત્ત છે. પ્રકૃતિનું ... છતાં સમ્યગ્દષ્ટિ માને છે કે એ મારામાં છે જ નહિ. અકાંતિ મારામાં છે જ નહિ. શરીરની અકાંતિ મારામાં છે જ નહિ. એ તો જડમાં છે. એમાં હું ક્યાં છું? હું તો ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનાનંદનો ભોક્તા છું. ત્રણ પ્રકૃતિ નથી. પહેલા દુર્ભાગ આવી ગયું. દુર્ભાગ આવ્યું ને પહેલા? દુર્ભાગ પણ પંચમ ગુણસ્થાનમાં નથી હોતું. દુર્ભાગ હોય છે. જુઓ! ૧૨૬. ભગવાન પરમેશ્વર કર્મકાંડમાં કહે છે કે પંચમ ગુણસ્થાને સાચા શ્રાવક હોય છે, સાચા સમકિતી એને દુર્ભાગનામકર્મનો ઉદય નથી. ભગવાનજીભાઈ! પણ હવે નિર્ધન હોય, પશુ હોય છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય પશુ છે. દેડકા આટલા આટલા છે, લ્યો. દેડકા સમજો છો? મેઢક. દેડકા પાસે તો પાણીનું એક બિંદુ પણ નથી. ચોખાનો કણ નથી, સૂવાનું સ્થાન નથી. પંચમ ગુણસ્થાન હોય છે. દેડકાને પંચમ ગુણસ્થાન હોય છે. સાચા શ્રાવક અંતર અનુભવી. કોઈ હોં! કોઈની વાત છે. અહીં તો મનુષ્યના ઠેકાણા નથી ત્યાં પશુ ક્યાંથી દેખાય? પણ અઢી દ્વીપ બહાર દેડકા છે એ સમ્યગ્દષ્ટિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને પંચમ ગુણસ્થાનવાળા એનાથી આગળ વધીને. કહે છે કે અનાદેય પ્રકૃતિ અમારામાં છે જ નહિ. ઓહોહો..! શરીર તો આટલું નાનું છે. કૂબડું છે. શરીર સુંદર નથી. શરીર જડમાં છે. મને શું છે? સમજાણું કાંઈ? પંચમ ગુણસ્થાનવાળા કહે છે કે દુર્ભાગ. ના. હું તો દુર્ભાગ નથી. હું તો મહાભાગ્યવંત છું. મારા આનંદનું સ્વરૂપનું મને ભાન થયું અને આનંદનું વેદન છે તો હું તો ભાગ્યવાન છું. ચોથા ગુણસ્થાનવાળા કરતા હું ભાગ્યવાન છું. શ્રાવક. શ્રાવક શું સર્વાર્થસિદ્ધ. સર્વાર્થસિદ્ધના ચોથા ગુણસ્થાનવાળા ક્ષાયિક સમકિત કરતાં દેડકા આવડા હોય પણ અંતર દશાનો અનુભવ રાગથી ભિન્ન કરીને દશા કરી અને શાંતિ.. શાંતિ.. શાંતિ... શાંતિ... પંચમ ગુણસ્થાન યોગ્ય બે કષાયનો નાશ થયો છે. અનંતાનુબંધીનો અને અપ્રત્યાખ્યાનીયનો. અંતર સ્વરૂપની સ્થિરતા શાંતિ થઈ છે. તો કહે છે, દુર્ભાગ અમને છે જ નહિ. પહેલા દુર્ભાગ આવ્યું ને? દુર્ભાગ પ્રકૃતિ અમને છે જ નહિ. અમે દુર્ભાગ અમને માનતા જ નથી. કહો, મલૂકચંદભાઈ! લ્યો! અહીં તો પૈસાવાળાને મોટા ભાગ્યવાન કહે લોકો. લોક એટલે લૌકિક. લૌકિક એટલે વ્યવહારનય. દ્રવ્યસંગ્રહમાં આવે છે. લૌકિક કથનને વ્યવહારનયનું કથન કહો. બધું એ જ છે. દ્રવ્યસંગ્રહમાં આવે છે. વ્યવહારનયના કથન લૌકિક જેવા છે. લૌકિક જેવું કથન છે. નિશ્ચયના (કથન) ભગવાન વસ્તુ સત્ય છે એનું કથન છે. તો કહે છે... દ્રવ્ય સંગ્રહમાં આવે છે. નાનો ગ્રંથ છે ને એમાં આવે છે.

હું અનાદેયનામકર્મના ફળને (ભોગવતો નથી). ઓહોહો..! પશુ આવડા હોય. પૈસાનો સંગ્રહ જ નથી. કાલે શું થશે? અનાજ પણ નથી, કપડા પણ નથી એની પાસે. ન હોય તો શું? અમારી પાસે આત્મા છે કે નહિ? એમ કહે છે. અમારી પાસે આત્મા છે. આત્મા શું છે? આત્મા તો બેહદ અનંત જ્ઞાન, દર્શન, આનંદની લક્ષ્મીથી ભરેલો છે. એવો આત્મા મારા અનુભવમાં આવ્યો છે. એનું નામ આત્મા કહે છે. આત્મા માને, માને એની વ્યાખ્યા શું?

અખંડ અનંત આનંદ બેહદ જેનો સ્વભાવ, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક દેખે. જુઓ ભાઈ! જરી ઝીણી વાત છે. કેવળજ્ઞાન છે ને કેવળજ્ઞાન? એ તો એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે. બે સમયની નથી. એ નથી સમજ્યા હજી. ફરીને વિશેષ કહેવું પડશે. કેવળજ્ઞાન એટલે શું.. આ શું કહે છે? એટલે જરી કહ્યું. સાંભળો. એક પર્યાય છે. કેવળજ્ઞાન ગુણ નથી. કેવળજ્ઞાન એક સમયનો ઉત્પાદ છે. પહેલા સમયે ઉત્પન્ન થાય, બીજે સમયે ઉત્પાદનો નાશ થાય છે. નવું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. કેમ કે કેવળજ્ઞાન પર્યાય છે, અવસ્થા છે, ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. આત્મા ત્રિકાળ છે એમ જ્ઞાનગુણ ત્રિકાળ છે. ગુણ ત્રિકાળ છે એમાંથી કેવળજ્ઞાનની એક સમયની પર્યાય છે. મતિ, શ્રુત, અવધિ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મનઃપર્યય અને કેવળ. એ પાંચેય એક ગુણની પર્યાય છે. ગુણ નથી. કેમ કે કેવળજ્ઞાન જ્યારથી ઉત્પન્ન થાય છે એ અનંત કાળ રહેશે એમ કહેવું એ પણ સદૃશ્યની અપેક્ષાએ. બાકી કેવળજ્ઞાન તો એક સમય જ રહે છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો જૈનદર્શનની વસ્તુ એવી છે. જૈનદર્શન શું કલ્પિત વાત છે? ભગવાને નવું કર્યું છે? એવી વસ્તુ છે, એમ જાણે છે, એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

અહીં તો બીજી વાત કહેવી છે કે કેવળજ્ઞાન છે એ પણ એક સમયની પર્યાય છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. તો સત્ ધ્રુવ છે એ ત્રિકાળ છે. અને નવી પર્યાય ઉત્પન્ન થાય એ અવસ્થા છે. જૂની પર્યાયનો વ્યય થાય છે. તો કેવળજ્ઞાનમાં પણ એક સમયની પર્યાય ઉત્પન્ન થઈ એ બીજે સમયે એ ઉત્પાદનો નાશ થાય છે. નવી પર્યાય ઉત્પન્ન થાય છે. ત્યાં પણ આકરું પડ્યું હતું ભાઈ! પોર ગયા હતા ને. જંબુસ્વામી. મથુરા. દિલ્હીથી મથુરા ગયા હતા ને. સાથે હતા કૈલાસચંદજી. તમે હતા ત્યાં? તો આ વાત ચાલી હતી ત્યાં. એ પંડિત કહે, હેં કેવળજ્ઞાન.. ત્યાં વાત થઈ હતી આ. નીચે વ્યાખ્યાન થયું હતું.

એક સમયે કેવળજ્ઞાન, બીજે સમયે બીજું, ત્રીજા સમયે ત્રીજું. પર્યાય છે ભગવાન! તો એવી અનંત પર્યાય. જ્યારથી કેવળજ્ઞાન થાય છે તો એવી એવી અનંત પર્યાય અનંત કાળ નવી... નવી... નવી... નવી... નવી પર્યાય થાય છે. તો એવી અનંત કેવળજ્ઞાનની પર્યાય જેના એક જ્ઞાનગુણમાં ભરી પડી છે. એવો ભગવાન આત્મા આવા આવા અનંત ગુણનો પિંડ આત્મા છે. એવા આત્માને માને તો માન્યું કહેવામાં આવે. આમ ને આમ માને તો એવો આત્મા તો નાસ્તિક સિવાય બધા માને છે. એ નહિ. સમજાણું કાંઈ?

જેનો એક આત્મા ભગવાન છે અવિનાશી વસ્તુ, એમાં જ્ઞાનગુણ ત્રિકાળ જ્ઞાનગુણ અવિનાશી. તો એ અવિનાશી એક જ્ઞાનગુણમાં કેવળજ્ઞાનની પર્યાય જ્યારે ઉત્પન્ન થાય છે તો અનંત કાળ સાદિઅનંત (રહે છે). ભૂતકાળની પર્યાય કરતાં ભવિષ્યની પર્યાય અનંતગુણી છે. તો અનંતગુણી જે પર્યાય છે જેટલી એક જ્ઞાનગુણમાં વર્તમાનમાં પડી છે. એમાંથી આવે છે. બહારથી આવે છે? એવું એવું એક ગુણમાં અનંતા કેવળજ્ઞાન, એમ એક આનંદમાં અનંત આનંદ. એક સમયમાં અનંત આનંદ ભગવાનને પ્રગટ થયો એ એક સમય રહે છે. બીજે સમયે બીજો આનંદ, ત્રીજે સમયે ત્રીજો આનંદ. આનંદ એવો ને એવો. આનંદ એ પ્રકારનો પણ ઈ નહિ. ઈ વાત ચાલી હતી ત્યાં થોડી. એક પંડિત બીજા હતા ત્યાં મથુરાના. સાંભળ્યું જ નથી. તત્ત્વની વાતની જ ખબર નથી. બહારના ઝઘડા ઝઘડા... કૈલાસચંદજી!

ભગવાન આત્મા એક સમયમાં અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ પરમાત્માની થઈ. એ પણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એક સમય આનંદ રહે છે અનંત ચતુષ્ટયમાં. બીજે સમયે બીજો આનંદ. બીજો. એવો ખરો પણ બીજો. એવો આનંદ જ્યારથી આનંદ ઉત્પન્ન થયો એ સાદિઅનંત (રહે છે). ભવિષ્યમાં અનંત કાળ દ્રવ્ય રહે છે ને? તો અનંત કાળમાં જેટલી પર્યાય સમય છે એટલી પર્યાય આનંદની. એ બધી આનંદની પર્યાય એક આત્મામાં આનંદગુણની અત્યારે પડી છે. એમ વીર્ય, એમ ચારિત્ર. ચારિત્રની પર્યાય અરાગી આત્માની એક સમયની યથાખ્યાતની પર્યાય પણ એક સમય રહે છે. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી, એવી સાદિઅનંત. એવી અનંતી ચારિત્રની શાંતિ એક ચારિત્રગુણ આત્મામાં પડી છે. એવા અનંત ગુણની અનંતી પર્યાયનો પિંડ એક ગુણ અને એવા અનંત ગુણનો પિંડ આત્મા. એવા આત્માને જ્યારે અનુભવમાં પ્રતીત કરીને માને ત્યારે એણે આત્મા માન્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એવો જેને અંદર અનુભવ થયો. અનાદેય. શરીરમાં અકાંતિ છે ને. કોણ માને છે અકાંતિ. અમે તો કાંતિવાન છીએ ને. આનંદ છે ને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્માની કાંતિ...

ઉત્તર :- આત્મા અનંત આનંદ જેની દૃષ્ટિમાં આવ્યો, સમ્યગ્દર્શનમાં અને એનાથી તો પંચમ ગુણસ્થાન શ્રાવકનું પંચમ ગુણસ્થાન. ઓહોહો..! બે કષાયનો નાશ થઈને.. ખબર પડે છે એને. અત્યારે એમ કહે છે, અમને ખબર ન પડે. શું આંધળો છે આત્મા? અમને સમ્યગ્દર્શનની ખબર નથી પડતી. આંધળો છો. નથી ખબર પડતી? તું મિથ્યાદૃષ્ટિ છો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ પૂર્ણાનંદ સ્વરૂપનો જ્યાં અંતર અનુભવ દૃષ્ટિમાં થયો તો કહે છે કે ભાન થયું, મને જ્ઞાન થયું, હું તો અલ્પકાળમાં મોક્ષ જવાનો છું. તો એવી અનાદિ પ્રકૃતિને ગણતા નથી. ચોથા ગુણસ્થાનવાળા ગણતા નથી. છે. પંચમવાળા તો છે જ નહિ. એમ અહીંયા તો ભગવાન કહે છે ગોમ્મટસારમાં. સાચું પંચમ ગુણસ્થાન શ્રાવક જેને પરમેશ્વર કહે છે, સમ્યગ્દર્શનના અનુભવપૂર્વક જેને વિશેષ શાંતિ થઈ એ તો સર્વાર્થસિદ્ધના દેવથી વધી ગયો અંદરમાં. રાગ હોય, ભક્તિ-પૂજા આદિનો વિકલ્પ હોય તો એને જાણે. હેય માને છે અને અનંત ગુણનો પિંડ એને ઉપાદેય માને છે. હેય ઉપાદેયનો વિવેક અંદરમાં વર્તે છે. એવા શ્રાવકને અનાદેય પ્રકૃતિ, ભગવાન કહે છે કે ઉદય જ નથી. સમજાણું કાંઈ?

દુર્ભાગ્ય ઉદય નથી. પહેલું આપણે એ લેવાનું. દુર્ભાગ. દુર્ભાગનો ઉદય પંચમ ગુણસ્થાનમાં ભગવાને કર્મકાંડમાં નિષેધ કર્યો છે. અને અનાદેય પ્રકૃતિનો ભગવાન નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીએ પંચમ ગુણસ્થાનમાં નિષેધ કર્યો છે કે એને ઉદય છે જ નહિ. ઓહો..! એય..! ચંદુભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ ભારે ભાઈ! આ બધા રૂપાળા અને પૈસાવાળા (હોય છે). પણ તમારે બધા પાપના ઉદય છે, સાંભળને! કૈલાસચંદજી! આ બીજી ચીજ છે, ભાઈ! આવડો દેડકો સમજ્યાને? નાના દેડકા હોય. ચકલા-ચકલા. ચકલા કહે છે ને. ચકલી-ચકલા નહિ? ચીડીયા-ચીડીયા. ચકલા છે પંચમ ગુણસ્થાનવંત બહાર અઢી દ્વીપ બહાર. પંચમ ગુણસ્થાન. અવધિજ્ઞાન. મતિ-શ્રુત-અવધિ ત્રણ જ્ઞાન. એવા અસંખ્ય પડ્યા છે અઢી દ્વીપ બહાર. અત્યારે છે. ત્રણે કાળ રહે છે. એ સ્વર્ગમાં જાય તો બીજા થાય છે. એવા અસંખ્ય રહે છે કાયમ. તો ચકલા પણ કહે છે અંતર અનુભવમાં અમારે તો અનાદેય પ્રકૃતિ છે જ નહિ. આદર નથી, કોઈ માનતા નથી, કોઈ ગાદી-તકિયા આપતા નથી, આવો આવો કહેતા નથી તોય? હવે સાંભળને! અમે આવો આવો કહીએ છીએ અંદર. અમારા ભગવાનને કહીએ છીએ કે પધારો નાથ! પર્યાયમાં પૂર્ણ થઈને આવી જાવ હવે. સમજાણું કાંઈ? શું ભગવાનજીભાઈ! આવી વાતું ભારે. અંદર આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે એની પ્રતીતમાં પર્યાયમાં ભાવના કરે છે. જેવી પૂર્ણ શક્તિ છે એવી પર્યાયમાં આવી જાવ. અમે આદર કરીએ છીએ અમારા સ્વરૂપનો. અમારો આદર બીજો કોણ કરે અને અમારો અનાદર બીજો કોણ કરી શકે? સમજાણું કાંઈ? એય..! ચંદુભાઈ! ભારે વાતું આવી.

એમાં લખ્યું છે હોં તે દી આમાં. ત્રણ પ્રકૃતિ નથી. આ લખાવ્યું હતું ને તે દી. પંચમ ગુણસ્થાનમાં દુર્ભાગ નહિ, અનાદેય નહિ, અપજસ નહિ. ત્રણ પ્રકૃતિના ઉદયનો નિષેધ છે. ભગવાનના કર્મકાંડમાં ભગવાને નિષેધ કર્યો છે. પંચમ ગુણસ્થાન... આહાહા..! મુનિની તો વાત જ શું? સાચા મુનિ હોય છે. એ તો આનંદમાં ઝુલે છે, વનવાસમાં રહે છે. અતીન્દ્રિય આનંદમાં એટલા મશગુલ છે. અતીન્દ્રિય સ્વાદ આગળ દુનિયાની કોઈ પડી જ નથી. દશા નગ્ન થઈ જાય છે હોં! આવી દશા હોય અને વસ્ત્ર-પાત્ર રહે એમ બને નહિ. સમજાણું કાંઈ? પણ એ વસ્ત્ર-પાત્ર છોડી દીધા માટે નગ્ન દશા થઈ માટે સમકિતી છે એમ નથી. સમજાણું કાંઈ?

એ અહીંયા કહે છે, પંચમ ગુણસ્થાન ગૃહસ્થાશ્રમમાં હોય, ચક્રવર્તીના રાજમાં હોય લ્યો! આવે છે ને ઉત્તર પુરાણમાં? આઠ વર્ષની ઉંમરે તીર્થંકર બાર ... એવો પાઠ છે. ભગવાન! જેટલા તીર્થંકર થાય છે એ આઠ વર્ષની ઉંમરે.. પહેલા ત્રણ જ્ઞાન અને સમકિત લઈને તો આવે છે. આત્માનો અનુભવ લઈને. અને જ્યાં આઠ વર્ષ થયા તો પંચમ ગુણસ્થાનની દશા થઈ જાય છે. એવો ઉત્તર પુરાણમાં પાઠ છે. ગુણભદ્રાચાર્ય. પછી કોઈ ચક્રવર્તી (હોય), સાધારણ રાજા હોય, હજારો રાજા આદિ કરે છે. એ અમે નહિ રે અમે નહિ. રજકણની ક્રિયાનું પરિણમન અમારું નહિ. અને રાગનો ઉદય આવે છે વિકલ્પની નબળાઈ એ મારું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાર્ય નહિ. મારું કાર્ય નહિ. મારું કાર્ય વિકારનું ક્યાંથી હોય? ભગવાન!

કહે છે કે અમને દુર્ભાગ નથી. તિર્યંચ હો, મનુષ્ય હો, દેવ હો, નારકી હો. ચોથા ગુણસ્થાનમાં દુર્ભાગનો ઉદય હોય છે, અપજસનો ઉદય થાય છે, અનાદેયનો ઉદય હોય છે. હોય છે ઉદય. ગણતા નથી. પાંચમમાં તો ઉદય જ નથી. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આહાહા..! ભગવાન આત્માનો જ્યાં અંતર અનુભવમાં પત્તો લાગ્યો. સમ્યગ્દર્શન સહિતનો અનુભવ થયો. કહે છે કે પંચમ ગુણસ્થાનની દશા (અમને વર્તે છે), અમને દુર્ભાગ છે જ નહિ. પ્રકૃતિ અમારી પાસે છે નહિ એમ કહે છે. પ્રકૃતિ જ નથી અમારી પાસે. અમારી પાસે આનંદની ખાણ પડી છે. એ ખજાનાને હું ખોલનારો છું. પ્રકૃતિ ક્યાંથી અમારી પાસે આવી? એવા પંચમ ગુણસ્થાનવાળા. ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- પુણ્યવંત?

ઉત્તર :- પુણ્યવંત છે. પવિત્ર છે, પુણ્ય શું પુણ્યનો અર્થ અહીંયા પવિત્ર લેવો છે. આહાહા..!

અનાદેય પ્રકૃતિનો મને ઉદય નથી એમ કહે છે. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી કર્મકાંડમાં હે છે કે જેને પંચમ ગુણસ્થાન આત્માના અનુભવ સહિતની દશા થઈ તો અનાદેય છે જ નહિ અમારે. દુર્ભાગ છે નહિ અમને. ચોથું ગુણસ્થાન સર્વાર્થસિદ્ધનો (દેવ) ભલે એકાવતારી હોય, ભલે અમારે એક-બે ભવ કરવા પડે પણ અમને અનાદેય છે નહિ, દુર્ભાગ અમને છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ ભાગ્યવાન કહે છે એ નહિ. અંતરમાં ભાગ્યવાન. ભાગ્ય નામ સ્વરૂપ ભગવાન આત્મા. ચૈતન્યનો પ્રકાશ અને આનંદ સ્વરૂપ એની ખાણનો ખજાનો ખોલી નાખ્યો અંદરમાંથી. કુંચી નીકળી, કુંચી નીકળી ગઈ. રાગથી આત્મા ભિન્ન પડ્યો તો અંદર કુંચી લગાવી એકાગ્ર થઈને શાંતિ... શાંતિ... શાંતિ (વેદે છે).

કહે છે કે પંચમ ગુણસ્થાનમાં શ્રાવક હોય, પશુ હોય, મનુષ્ય હોય. બેમાં શ્રાવક હોય છે. નારકી, દેવમાં શ્રાવક (ન થાય). નારકી, દેવમાં ચોથું ગુણસ્થાન હોય છે. પાંચમું નહિ. અને પશુમાં પંચમ હોય છે. છઠ્ઠું નહિ. અને મનુષ્યમાં તો ચોથું, પાંચમું, છઠ્ઠું, કેવળ એટલા હોય છે. અહીં તો કહે છે કે પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક કોને કહીએ? કે નિજ સ્વરૂપની દૃષ્ટિના આનંદનો સ્વાદ એટલો આવે છે કે જે અનાદેય પ્રકૃતિને ગણતા જ નથી. અમને ઉદય જ નથી. કહો, ચંદુભાઈ! ભારે વાત ભાઈ! આહાહા..! હું તો ચૈતન્ય સ્વરૂપ છું ને! આહા..! મારા ખજાનામાં ક્યાં ખોટ છે કે હું પરની ઈચ્છા કરું. મારામાં પૂર્ણ આનંદ પડ્યો છે, પૂર્ણ જ્ઞાન છે. એવી અંતરમાં એકાગ્રતા, આત્માના આનંદના સ્વાદ આગળ પરની ગણતરી ગણતા નથી. જ્ઞાની ગણતા નથી. હોય છતાં એ મારી ચીજમાં નથી. કહો, સમજાણું કાંઈ? લ્યો! વળી કાલે ઓલું ચાર આવ્યું હતું એ નામ-નિક્ષેપનું હતું ભાઈ કાલે. નામ-નિક્ષેપ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નામ. આઠ કર્મના નામ-નિક્ષેપે નામ પાડ્યા છે ભગવાને. કર્મકાંડમાં. ઓલું કાલે કીધું ને પરમાં. પર ગાથા.

મુમુક્ષુ :- ગોમ્મટસારની પર ગાથા.

ઉત્તર :- હા એ ગાથા. ૨૯ પાને છે. એ નામ-નિક્ષેપ હતું. કર્મનું નામ શું? નિક્ષેપ ચાર છે ને? નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. તો કર્મનું નામ શું? કે કર્મનું નામ પ્રકૃતિ, કર્મનું નામ પાપ. કર્મનું નામ કર્મ અને કર્મનું નામ મેલ-મળ. આહાહા..! કર્મને પાપ તરીકે નામ આપ્યું. મેલ તરીકે તો આપે. આ તો પાપ (કહ્યું). આહાહા..! રાડ પાડે.

ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારી એક સમયની આનંદની અને જ્ઞાનની લક્ષ્મી કેટલી છે એ વચનાતીત વાત છે. સર્વજ્ઞ પણ એની પૂરી વાત નથી કરી શકતા. સમજાણું કાંઈ? અનુભવી અનુભવ કરી શકે છે. ગુંગાનો ગોળ છે. ગુંગા સમજો છો? ગોળનો સ્વાદ આવે છે. બોલો ગુંગા કેવો સ્વાદ છે? જાણે છે પણ કહી શકતા નથી. કહેવાવાળો લ્યો ભાઈ, કહેવાવાળો લ્યો. ભાઈ લ્યો ચાલો. તમને પૂછીએ છીએ, ભાઈ! ઘીનો સ્વાદ કેવો છે? ઘીનો સ્વાદ કેવો છે? ઘી છે ને? કેવો સ્વાદ બોલો? બહુ હુશિયાર છો ને તમે? ઘી ખાતા નથી? પહેલેથી નથી ખાતા? જન્મથી. જન્મથી શું કહેવાય? જન્મઘુંટી. જન્મઘુંટી કહે છે ને તમારે. અમારે ગળથુથી કહે છે. જન્મઘુંટીથી ઘી ખાય છે. તો અત્યારે સુધી ઘણું ઘી નથી ખાધું? તો એનો સ્વાદ કેવો છે? કહો. એ તો જડ છે. જડનો સ્વાદ ન કહી શકે? મીઠું છે મીઠું છે. કેવું મીઠું? સાકર જેવું? સાકર જેવું નથી. મીઠું છે. ખ્યાલમાં છે. ગોળ જેવો? શેરડીના રસ જેવો? ઘી જેવો? ઘી-કેળા આવે છે. ઘી-કેળા. ઘી કેળા નથી થતાં? તળાવમાં થાય છે. તળાવમાં એક વનસ્પતિ થાય છે. ઘી-કેળા થાય છે, ઘી કેળા. અહીં તો બધી ખબર છે ને. ઘી-કેળા. એની મીઠાશ જ જુદી છે. આ ઘીની મીઠાશ જ જુદી છે. ખ્યાલ આવે. કહો, ભાઈ! કેવો છે? અમે કહી શકતા નથી. તમને સંતોષ થાય એવી ભાષામાં કહી શકીએ એવી તાકાત નથી. ઘીનો સ્વાદ કહેવાની તાકાત નથી અને આનંદના સ્વાદને કહેવાની તાકાત ક્યાંથી આવે? આ તો અરૂપી આનંદનો આસ્વાદ. એ તો જડની પર્યાયનો ખ્યાલ આવ્યો. એ સ્વાદ અહીં આવ્યો નથી. ખ્યાલ આવ્યો કે આવો છે. સ્વાદ તો જડ છે. એ કાંઈ અહીં નથી આવતો. ખ્યાલ આવ્યો કે આમ છે. બસ.

આ તો આત્માના આનંદનો સ્વાદ, એ સ્વાદ આગળ કહે છે કે અમને અનાદેય પ્રકૃતિ છે જ નહિ. હોય તો પણ નથી, અને નથી તો નથી. પાંચમે તો છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એવી ચીજ કોઈ કરી દીધી છે ને લોકોએ સમ્યગ્દર્શન અને જ્ઞાન તો જાણે કોઈ ચીજ જ નથી. પછી આ વ્રત લેવા, ત્યાગ કરવો, તપસ્યા કરવી એ ચારિત્ર છે. જય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નારાયણ બસ! જાવ.

મુમુક્ષુ :- બીજું ન થઈ શકે તો એટલું તો કરે.

ઉત્તર :- શું કરે? ધૂળ કરે છે? મિથ્યાત્વ કરે છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી કર્તાબુદ્ધિ રાગની છે અને આત્માના આનંદની બુદ્ધિ થઈ નથી ત્યાં સુધી કર્તાબુદ્ધિ ટળે નહિ અને ત્યાં સુધી મિથ્યાત્વ નથી ટળતું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્રત નથી હોતા?

ઉત્તર :- મિથ્યાત્વમાં વ્રત હોય? પહેલા ગુણસ્થાનમાં વ્રત હોય? પાંચમા ગુણસ્થાને વ્રત હોય છે. વ્રત તો પાંચમે હોય છે. ચોથે પણ નહિ.

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં લખ્યું છે.

ઉત્તર :- ગોમ્મટસારમાં લખ્યું છે એ ખોટું લખ્યું છે? લૌકિકમાં લખ્યું છે એ ખોટું લખ્યું છે. પંચમ ગુણસ્થાનમાં વ્રત હોય છે. દેશવ્રત. અને છઠ્ઠે ગુણસ્થાને સર્વવિરત. પણ એ તો આનંદ એટલો આવે છે એમાંથી વિકલ્પ જરી બાર વ્રતનો પંચમ ગુણસ્થાનમાં અને મુનિને અઠ્યાવીશ મૂળગુણ છે ને? એક વાર આહાર લેવો એવો વિકલ્પ છે. પણ એ જાણે છે કે રાગ છે, જડ છે. મારા આનંદથી એ ભિન્ન ચીજ છે. એવો અનુભવ છે એને અહીંયાં મુનિપણું અને સમ્યગ્દષ્ટિનો સ્વીકાર કહેવામાં આવે છે. જેને બહારમાં કર્તાબુદ્ધિ હું કરું, આ કરું ને આ કરું. ધર્મ ક્યાં છે? સમકિત નથી તો ધર્મ ક્યાંથી આવ્યો?

એ અહીં કહે છે કે અહીં તો અમારા આનંદમાં રાગનો હું કર્તા નથી અને અનાદેય પ્રકૃતિ અમને છે નહિ. પંચમ ગુણસ્થાનમાં હોં! મુનિને તો ક્યાંથી હોય? ણમો લોએ સવ્વ સાહૂણં. ગણધર પણ બાર અંગ રચે છે. બાર અંગ રચે છે ને? તો બાર અંગ રચવામાં આ ભાષા આવે છે. નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં. લોએ આવે છે હોં. એટલે પછી લોએ શબ્દ છેલ્લામાં બોલે છે. પણ બધામાં આવે છે. એ તો અંતદીપક છે. ધવલમાં એમ આવે છે, નમો લોએ સવ્વ અરિહંતાણં. આમ સાધારણ ભાષામાં નમો અરિહંતાણં. પણ નમો લોએ છે. છેલ્લો શબ્દ છે ને એ બધાને લાગુ પડે છે. નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં. કેમ કે અરિહંત ... સિદ્ધ પણ અહીંથી .. એવું સિદ્ધનું ... નમો લોએ સવ્વ આઈરિયાણં. આચાર્ય .. દેવ પૂર્વમાં.. એ બધા આત્માના આનંદનો અનુભવ કરે છે, બધા આચાર્ય. નમો લોએ સવ્વ ઉવજ્ઝાયણં, નમો લોએ સવ્વ સાહૂણં. પાંચેયને લાગુ પડે છે સવ્વ. ણમો લોએ સવ્વ. ગણધર પણ બાર અંગ રચે તો એમાં આ આવે છે. તો જેને ગણધરનો નમસ્કાર પહોંચે એ પદવી કેટલી ઊંચી છે! સમજાણું કાંઈ? અને એ પહેલા સમ્યગ્દર્શનની પદવી એનાથી નીચી પદવીમાં આવી વાત છે. તો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઊંચી પદવીની વાત શું કરીએ! કહે છે કે અમને અનાદેય-ફનાદેય છે નહિ. આહાહા..! કહો, ચંદુભાઈ! પણ કોઈ બોલાવે નહિ, માને નહિ, સંત્કાર આપે નહિ, પહેલી ખુરશી આપે નહિ. અહીં તો ખુરશી આપે પહેલી. ઓહોહો..! એમાં વળી પાંચ-પચાસ હજાર ખર્ચે લાખ, બે લાખ. આવો.. આવો.. આવો.. પધારો. શું કહેવાય? દાનવીર. ધર્મધુરંધર દાનવીર.

અહીં તો કહે છે કે દાનવીર એને કહીએ, આત્મામાં સંપ્રદાન નામનો ગુણ પડ્યો છે. એ ૪૭ શક્તિમાં આવશે. ગુજરાતી છે પણ થોડું વાંચજો તો ખરા. લઈ જાવ. એક પુસ્તક તો લઈ જાવ. બે હિન્દી લઈ જાવ. ગુજરાતી ... પડ્યું ને કાલે? કાલે શું પરમ દી. હિન્દી ન વાંચતા. પણ હવે એક .. રાખજો ઘરમાં. શું ચીજ છે થોડી અંદર ગુજરાતી. થોડું થોડું કોઈ પાસેથી વાંચજો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. દુનિયાદારીમાં એમ કે બધું શીખે તો આ થોડું ગુજરાતી શીખી લે એમ કહે છે. વકીલ છે. એલ.એલ.બી. થયા છે. સમજાણું કાંઈ? એ કહ્યું હતું ભાઈએ હોં! એક ફેરી કૈલાસચંદજીએ લખ્યું હતું. કૈલાસચંદજી છે ને? એણે લખ્યું હતું કે ભાઈ! મહારાજ પાસે આપણે જઈએ તો એની પાસે હિન્દી બોલાવવું તો હિન્દી ભાષા એમની છે નહિ, એમની તો ગુજરાતી છે. એમને જેવા ગુજરાતીમાં ભાવ આવે એવા હિન્દીમાં નથી આવતા. તો આપણે ગુજરાતી શીખીએ. પહેલા લેખ આવ્યો હતો. કૈલાસચંદજીએ લખ્યું હતું. સમજાણું કાંઈ? પણ કોઈ વખતે આવે તો શીખીને ક્યાં આવે?

અહીંયાં તો કહે છે કે પંચમ ગુણસ્થાનદશા. અનાદેયનામકર્મ અમને નથી, અમને દુર્ભાગ નથી. લ્યો! ઓહોહો..! '**હું યશઃકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ૧૩૯. આ યશકીર્તિ છે ને? દુનિયામાં પ્રસન્નતા. લોકો બસ યશકીર્તિ ગાય. યશકીર્તિ જડનું ફળ છે, એમાં મને શું? યશ અને કીર્તિ બે શબ્દ પડ્યા છે ને? યશ અને કીર્તિ. યશ કીર્તિ બે શબ્દ છે. યશ થોડામાં વ્યાપક, કીર્તિ સર્વવ્યાપક. ચારે બાજુ ઓહોહો..! કરે. કહે છે કે એ તો કર્મનું ફળ છે યશકીર્તિ. ધર્મી કહે છે કે મારું ફળ નથી. મારી યશકીર્તિ તો હું કરું છું. સમજાણું કાંઈ? મારા શુદ્ધ ચૈતન્યનો યશ અને કીર્તિ ગુણગાન તો હું મારા કરું છું. મારી યશકીર્તિ દુનિયા કરે એ મારી પાસે છે નહિ. યશકીર્તિનું ફળ હું ભાગવતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

બે શબ્દ પડ્યા છે ને? યશ-કીર્તિ એક પ્રકૃતિ છે. જે નામકર્મને કારણે દુનિયામાં પ્રશંસા થાય, પ્રસિદ્ધિ થાય, અધિક લોકો માને. એ તો કર્મનું ફળ છે. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? આહાહા..! યશકીર્તિ પ્રકૃતિ નામકર્મનો એક ભાગ છે. એને કારણે બહારમાં (કીર્તિ) હોય. મિથ્યાદૃષ્ટિ હોય તોપણ યશકીર્તિ હોય. સમ્યગ્દૃષ્ટિ હોય અને અપયશકીર્તિ હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એની સાથે અમારે શું? આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ હોય તોપણ બહારમાં પ્રશંસા પ્રાપ્ત થાય લાખો કરોડો મનુષ્યોમાં. સમજ્યા? સભામાં એવા પાંચ-પાંચ લાખ માણસ એકઠા થઈ જાય. એની વાણી લોકોને રુચે. બહારની વાત હોય એ રુચે. લૌકિક વાતું. અને ધર્મની વાત સાંભળનારા તો અલ્પ થઈ જાય. આ તત્ત્વની વાત કોણ સમજે? શું સમજે? પેલું તો કહે, આમ કરવું, સંગ્રહ ઓછો કરવો, દુનિયાને લાભ મળે. આપણે ઓછા કરીએ તો દુનિયાને મળે. એવા મારે તો ઓલાને એમ થાય આહાહા..! ભારે કહે છે. કોણ સંગ્રહ કરે અને કોણ રાખે? છે જ ક્યાં વાત? આત્મા સંગ્રહ કરી શકતો નથી અને ઘટાડી શકતો નથી. એ તો પરવસ્તુ છે. આત્મા રાગને ગ્રહણ કરે કાં રાગને છોડે એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? વાત એવી કોઈ ચીજ છે.

સમ્યગ્દર્શનમાં શું માન્યતા હોય છે એ વાત જ લોકોમાં લોપ થઈ ગઈ. સમજાણું કાંઈ? ભગવાન તો કહે છે કે પરના ગ્રહણત્યાગ આત્મામાં ત્રણ કાળમાં નથી. એ ૪૭ શક્તિમાં આવશે. એ ૪૭ શક્તિ છે ને? એક ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ આત્મામાં અનાદિઅનંત પડી છે. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. ૪૭ શક્તિનું તો બહુ વર્ણન છે. આ પુસ્તક બહાર પડ્યું કાલે. સમજ્યા? પાછળ છે. ૪૭ શક્તિ હમણાં આવશે, વાંચતા-વાંચતા હવે આવશે. સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે મારામાં એવી એક શક્તિ ગુણ છે કે પરનો ત્યાગ અને ગ્રહણ મારામાં છે જ નહિ. ત્યાગગ્રહણશૂન્યત્વશક્તિ. લાવો ને ભાઈ, અહીં આમાં હશે લાવો ને. એને તો બતાવો થોડું. ક્યાં છે? કેટલા પાને? એ આવ્યું જુઓ પાનું જુઓ. એ ૧૬મી શક્તિ છે. પાનું-૫૮૯. ૫૮૯. ૧૬મી છે. જુઓ! ૧૬ છે ને અંદર. '**જે ઘટતું-વધતું નથી....**' ૧૫ પછી. ૧૫ આંકડા પછી. ૧૫ આંકડો છે ને? '**જે ઘટતું-વધતું નથી...**' છે? ભાઈને છે? ૫૮૯.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ઈ. જુઓ એ શક્તિ અનાદિ છે ભગવાનના ગુણમાં.

'**એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (-નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-) ત્યાગોપાદનશૂન્યત્વશક્તિ.**' મારામાં ઘટતું-વધતું નથી. હું પરનો ત્યાગ કરું કે પરને ગ્રહું છું એ મારામાં છે જ નહિ. આહાહા..! ત્યાગ-ઉપાદાન-શૂન્યત્વ-રહિત. પરનો ત્યાગ અને પરના ગ્રહણથી હું શૂન્ય છું, હું રહિત છું. એવો આત્મામાં અનાદિ ગુણ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ તો શક્તિમાં ખુલાસો કર્યો છે. એ ૪૭ શક્તિ આવી ને પરમ દી? એમાં બધો વિસ્તાર કર્યો છે. એક એક શક્તિનો ઘણો વિસ્તાર છે. આ તો એકલા અધ્યાત્મના પાઠનો .. છે. એમાં વિસ્તાર છે. ૪૭ શક્તિ બે પાનામાં છે. બે પાનામાં છે. થોડામાં છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને આ તો આવડું પુસ્તક થયું ૫૦૦ પાનાનું. બધાનો વિસ્તાર છે એક એક ન્યાયનો. સમજાણું કાંઈ?

કહે છે કે હું તો પરથી રહિત ત્યાગઉપાદાન શૂન્યત્વ મારો ગુણ અનાદિઅનંત છે. મારો ગુણ જેમ જ્ઞાન છે, આનંદ છે, એમ ત્યાગ-ઉપાદાન શૂન્ય-પરના ગ્રહણ-ત્યાગથી રહિત હું અનાદિઅનંત છું. પરના ત્યાગનું અભિમાન અને પરના ગ્રહણની દીનતા જ્ઞાનીને નથી. સમજાણું કાંઈ? કેમ કે રજકણનો તો ત્રણે કાળ અભાવ છે. રાગનો પણ સ્વભાવમાં અભાવ છે. તો રાગને ગ્રહણ કરવો, રાગનો ત્યાગ કરું એ સ્વરૂપમાં છે જ નહિ. સમજાણું કાંઈ? એવા સ્વરૂપવાન આત્માનો અનુભવ કરવો એનું નામ આત્માની આસ્થા કહેવામાં આવે છે. આમ ને આમ આત્મા માને એટલે શું? આત્મા કેવો છે એની તો ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા માનનારો ધર્મી કહે છે કે અમને યશકીર્તિ અમારી નથી. એ કર્મનું ફળ છે. દુનિયા પ્રશંસા કરો કે અપ્રશંસા કરો, અમારે શું? આહાહા..! સમજાણું કાંઈ? ૧૩૯. સમજાણું કાંઈ? '**હું યશઃકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' હું તો ચૈતન્ય ભગવાન એની યશ અને કીર્તિનો અનુભવ કરનાર છું. આહાહા..! બહુ જગતથી ઊંધું બહુ પણ ભાઈ! આખી જગતની પદ્ધતિ અને ભગવાનની પદ્ધતિ તદ્દન વિરૂદ્ધ. જે માર્ગે સંસાર છે તે માર્ગે મોક્ષ નહિ અને જે માર્ગે મોક્ષ છે તે માર્ગે સંસાર નહિ. આહાહા..! શું થાય? કહે છે, '**હું યશઃકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**'

'**હું અયશઃકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' જાઓ. ચોથા ગુણસ્થાન સુધી તો ભગવાન કહે છે કે અયશઃકીર્તિનામકર્મનો અંદર ઉદય છે. તો પણ ચોથા ગુણસ્થાનમાં કહે છે કે હો, મારું સ્વરૂપ તો મારી પાસે છે. મારો આનંદ તો મારી પાસે છે. હું અયશકીર્તિને તો ભોગવતો જ નથી. મારી અયશકીર્તિને ગણતો જ નથી. અરે..! મારી જગતમાં અપ્રશંસા થાય. મારી એટલે કોની? મારી એટલે કોણ? મારી એટલે આત્મા. આત્માની અપ્રશંસા થાય છે જગતમાં? જગત દેખે છે આત્માને? એ તો શરીરની વાત કરે છે. આ શરીરવાળો આવો છે, આ શરીરવાળો આવો છે. શરીર મારું નથી, મને ક્યાં આવ્યો અજસ? સમજાણું કાંઈ? મને તો જોતા નથી તો કોણ મારો અપયશ કરે?

'**હું અયશઃકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' પંચમ ગુણસ્થાનમાં તો આ પ્રકૃતિનો ઉદય જ નથી, ઉદય જ નથી. ચોથા સુધી ઉદય છે. તો પણ ભોક્તા નથી. પંચમમાં ઉદય જ નથી. મારો આનંદ મારી પાસે છે, મારા યશગાન હું જ ગાઉં છું. તો અયશઃકીર્તિ છે જ નહિ. હું અયશને ગણતો જ નથી. જગતમાં અપયશ છે. કોનો? મારો? મારો તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મારી પાસે છે. મારો અપયશ બહાર કોણ કહે? સમજાણું કાંઈ? આહાહા..! એવા આત્માનું અંતર દૃષ્ટિમાં ભાન થવાથી અપયશકીર્તિનો ભોક્તા હું નથી. હું તો ચૈતન્યસ્વરૂપનો ભોક્તા છું. લ્યો, ૧૪૦ થઈ. હવે સારામાં સારી એક રહી ગઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ વદ ૧, મંગળવાર તા. ૧૬-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૫૮**

પુણ્ય પ્રકૃતિ તીર્થંકરની છે. પુણ્યની પ્રકૃતિ ૪૨ છે. બયાલીસ કહે છે ને? ૪૨. ૪ અને ૨. એમાં તીર્થંકર પ્રકૃતિને ઉત્કૃષ્ટ પુણ્ય કહે છે. જે આત્મા સમ્યગ્દૃષ્ટિ છે જેને પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે, એને એવો કોઈ શુભભાવ આવે છે તો એમાં તીર્થંકરગોત્ર બંધાઈ જાય. પહેલી એ વાત. તીર્થંકરગોત્ર એ ગોત્રકર્મ નથી. એ નામકર્મ છે. આઠ કર્મ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, અંતરાય, નામ, ગોત્ર. નામકર્મની આ છેલ્લી પ્રકૃતિ છે. પછી ગોત્ર અને અંતરાય બે રહ્યા. તો તીર્થંકરગોત્ર કોને બંધાય છે? તીર્થંકરનામકર્મ. શ્રેણિક રાજાને બંધાણું છે, શ્રેણીકરાજાને. સવારે કહ્યું હતું. અત્યારે નરકમાં છે. પહેલી નરકમાં શ્રેણિક રાજા છે. અહીંયાં પહેલા એને સમ્યગ્દર્શન થયું. જે અનંત કાળમાં આત્માના નિર્વિકલ્પ શુદ્ધ આનંદની પ્રતીતિ થવી જોઈએ એ નહોતી થઈ અનંત કાળમાં. સમ્યગ્દર્શન જે આત્માનો અનુભવ, વિકલ્પરહિત, રાગરહિત પોતાનું શુદ્ધ સ્વરૂપ એના અનુભવમાં પ્રતીત થવી, ભાન થવું, શ્રદ્ધા થવી અને સમ્યગ્દર્શનની છાપ લાગવી એનું નામ સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ કહે છે. એ ધર્મ જેને પ્રગટ્યો હોય એને, એ દ્રવ્ય જ એવું છે, (તીર્થંકરનું) દ્રવ્ય જ એવું છે, ક્યારેક ચારિત્રમોહનો રાગભાવ શુભ આવી જાય છે. બધાને આવે છે એમ પણ નથી. બધા સમ્યગ્દૃષ્ટિને તીર્થંકરગોત્રનો ભાવ આવે છે એમ પણ નથી. અને એ ભાવ પણ ખરેખર તો એવી કોઈ વાત છે કે ચારિત્રમોહની વિપરીત પર્યાયમાં એવો આવનારો જે પદાર્થ છે-દ્રવ્ય એને જ એ ભાવ આવે છે. બધાને નથી આવતો.

કરે છે ને? તીર્થંકરગોત્રનું.. શું કહે છે? ષોડષકારણ ભાવના. ભાવના કહે છે ને? કે હું ભાવના ભાવું એમ નથી હોતું. એવી વાત છે, ભગવાન! દ્રવ્ય છે જે તીર્થંકર થવાના છે એ દ્રવ્યની યોગ્યતા અનાદિથી એવી જ છે. ધવલમાં એમ લીધું છે કે અનાદિની એના આત્માની યોગ્યતા જ એવી છે કે એ આત્માને જ્યારે સમ્યગ્દર્શન થયું, આત્માનો અનુભવ થયો પછી એને કોઈને ચોથે ગુણસ્થાને, કોઈને પંચમ ગુણસ્થાને, કોઈને છઠ્ઠે ગુણસ્થાને એવો શુભભાવ આવે છે એને તીર્થંકરનામકર્મ બંધાઈ જાય છે. બંધાઈ જાય છે. એ ભાવ આવ્યો પણ સમ્યગ્દૃષ્ટિ એને હેય માને છે. સમજાણું કાંઈ? હેય માનવા છતાં આવ્યા વિના રહેતો નથી. જ્યાં સુધી વીતરાગ ન થાય, વીતરાગ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ સમ્યક્ શુદ્ધતા હોવા છતાં એવો ભાવ આવે છે. આવ્યો તો તીર્થંકરગોત્ર બંધાઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગયું. તો કહે છે કે એ તીર્થંકરપ્રકૃતિ જે બંધાયેલી પડી છે તો સમ્યગ્દૃષ્ટિ કહે છે. હું. હું. હું શબ્દ પડ્યો છે ને? હું નામ હું સમ્યગ્દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિવંત. સમ્યક્ સત્‌ની છાપ લાગી છે મને, હું શુદ્ધ આનંદસ્વરૂપ છું એવી મને છાપ લાગી છે. એવો '**હું તીર્થંકરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' ઓહોહો..! સમજાણું કાંઈ? મને તીર્થંકરપ્રકૃતિ બંધાયેલી પડી છે તો એનું ફળ હું નથી ભોગવતો. એમ કહે છે. કેમ કે એ પ્રકૃતિ જડ પડી છે. જડ છે, કર્મના રજકણ છે નામકર્મના, નામકર્મના. એનું ફળ તો પાકમાં ક્યારે આવશે? કે જ્યારે ભવિષ્યમાં... આ જેમ તીર્થંકરગોત્ર બંધાણું છે શ્રેણિક રાજાને. અત્યારે નરકમાં છે. પણ ત્યાંથી નીકળીને તીર્થંકર થઈને માતાના ઉદરમાં આવશે પછી મુનિપણું લેશે, ચાર જ્ઞાન થશે, પછી આત્માનું ભાન થઈને કેવળજ્ઞાન થશે ત્યારે એ પ્રકૃતિનું ફળ તેરમે ગુણસ્થાને વિપાક આવશે. તેરમા ગુણસ્થાને જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવે છે. ત્યાં સુધી તીર્થંકર પ્રકૃતિનો ઉદય ચોથેથી બારમા સુધી ઉદય નથી આવતો. પહેલાં બંધ પડે છે. સમજવાની વસ્તુ છે. સમજાણું કાંઈ?

તીર્થંકર પ્રકૃતિનો બંધ પડી જાય. ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે. આત્માના જ્ઞાનીને હોં! અજ્ઞાનીને નહિ. જે પુણ્યથી લાભ માને છે, પુણ્યથી ધર્મ માને છે, દેહની ક્રિયા હું કરી શકું છું એવા મિથ્યાદૃષ્ટિને તો એવો ભાવ આવતો નથી. સમ્યગ્દૃષ્ટિને એવો ભાવ આવી જાય છે. કરવો પડતો નથી. હું કરું એવો ભાવ નથી. પણ એ દ્રવ્યની પર્યાયમાં નબળાઈને કારણે, પુરુષાર્થની નબળાઈ છે તો ભાવ આવી જાય છે. આવે છે તો શુભભાવ છે, સમ્યગ્દૃષ્ટિ જે ભાવે ષોડષકારણ ભાવના (ભાવે છે) એ (ભાવ) આસ્રવ છે. એ આસ્રવ પરિણામ છે. આસ્રવથી બંધ થાય છે. શું ધર્મથી બંધ થાય? તો આસ્રવભાવને હેય માનવા છતાં આવે છે. પ્રકૃતિ બંધાઈ જાય છે.

તો કહે છે કે '**હું તીર્થંકરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' હું નહિ. કેમ? વર્તમાનમાં પણ સમ્યગ્દૃષ્ટિ હોય, પ્રકૃતિ પડી હોય તો એનું ફળ અત્યારે નથી. અને મને શુભરાગ થયો હતો તો રાગ પણ છૂટી ગયો એ રાગ. એ રાગના ફળમાં બંધ પડી ગયો. તો જ્યાં સુધી મારામાં હજી રાગ રહ્યો છે ત્યાં સુધી તીર્થંકરપ્રકૃતિનો ઉદય પણ નહિ આવે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! એ રાગ છૂટીને સ્વરૂપનું કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે એ તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવશે. ત્યારે ઈન્દ્ર આવીને સમવસરણની રચના કરશે. એ વખતે તો કેવળજ્ઞાન છે. ત્યાં તો કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનમાં તીર્થંકરપ્રકૃતિનું ફળ કોઈ ભોગવવાનું નથી. એ તો જાણવા લાયક છે. એ તો કેવળજ્ઞાનમાં જેમ ત્રણ કાળ ત્રણ લોક દેખે છે એમ સમવસરણ દેખે છે કેવળજ્ઞાનમાં. એમને બીજું કાંઈ છે નહિ. તો પહેલેથી કહે છે કે મારા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરિણામથી કોઈ પ્રકૃતિ બંધાઈ ગઈ તીર્થંકરગોત્રની એનું મેં ફળ ભોગવવું નથી કે અહો! હું તીર્થંકર થઈશ. એવું સમકિતને નથી. ત્યારે શાસ્ત્રમાં કહ્યું છે ને પ્રવચનસારમાં? પુણ્યફળા અર્હંતા. બાબુભાઈ! આ પ્રવચનસાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ઘણી વાર ચાલ્યું છે ને. અહીં તો એકવાર શું ઘણીવાર ચાલ્યું છ. '**अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर**' શું કહે છે? કે પુણ્યનો વિપાક છે એના પાકમાં તો બહારની ચીજ મળે છે. આત્માના ગુણમાં અકિંચિત્કર છે. આત્માના ગુણમાં કોઈ લાભ કરતી નથી.

મુમુક્ષુ :- લખ્યું છે એમાં?

ઉત્તર :- આ લખ્યું છે ને. શું કહે છે? '**पुण्यविपाकोऽकिंचित्कर एवेत्यवधारयति**' એય..! અમારે તો ભાઈએ બનાવ્યું છે ને. અમારે તો એ પંડિત છે. એણે તો બનાવ્યું છે. અહીં જુઓ, આ છે. '**अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर**' આત્માની શાંતિમાં કે ગુણમાં કોઈ કાર્ય કરતી નથી. એ પુણ્ય પ્રકૃતિ છે તો બહારમાં ફળ આવે છે. શું? પુણ્ય પ્રકૃતિથી બહારમાં સમવસરણ બને. કાંઈ પુણ્યપ્રકૃતિથી વીતરાગતા થાય એવું કદી બનતું નથી. અત્યારે બધા એમ કહે છે. '**पुण्यफला अरहंता**' શબ્દ પડ્યો છે. માટે પુણ્યના ફળમાં અરિહંત થાય છે-કેવળજ્ઞાન. એમ નથી. એમ કહે છે. અરે..! ભગવાન શું કરે છે? પ્રભુ!

તેમની ક્રિયા ઉદયકી છે. આ તો જરી ઝીણી વાત છે પાછી. એ શ્વેતાંબર સામે છે ને. કહે છે કે ભાઈ! પુણ્યફળનો ઉદય છે ને? ના, ઉદય તો ક્ષાયિક થઈ જાય. ઉદય આવે છે એ ક્ષય થઈ જાય છે. ઉદયનો નાશ થઈ જાય છે. ક્ષાયિકભાવ થઈ જાય છે. કેવળીને ક્ષાયિક હોય છે. ઉદયની ક્રિયા થાય છે પણ નાશ થઈને ક્ષાયિક થઈ જાય છે. એ મોટી તકરાર છે શ્વેતાંબર, દિગંબર વચ્ચે.

અહીં તો '**पुण्यफला अरहंता**'. ભાઈ! લીધું છે ને? જુઓ! '**અર્હંતભગવંતો પુણ્યના ફળવાળા છે...**' ફળવાળાનો અર્થ? તેમની ક્રિયા-હાલવાની, ચાલવાની. ચાલવાની શું કહે છે? ચલના. બોલવું, બેસવું, ઉઠવું એ બધી ક્રિયા કર્મના ઉદયના નિમિત્તે થાય છે. એ તીર્થંકર પ્રકૃતિનો ઉદય છે. એ ક્રિયા '**पुण्यफला अरहंता**' છે. આત્મામાં વીતરાગતા થાય છે, જે શુભભાવે તીર્થંકરગોત્ર બંધાણું એ ભાવથી વીતરાગતા થાય છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. એ અહીંયાં ૪૫ ગાથામાં પ્રવચનસાર કુંદકુંદાચાર્ય ભગવાન દિગંબર સંત કહે છે. એમને જે પુણ્યનો ભાવ આવ્યો એનાથી તીર્થંકરગોત્ર બંધાણું. એનું ફળ શું? કે સમવસરણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આદિ થવું. ધર્મસભા રચાવી, ઈન્દ્રનું આવવું એ પુણ્યનું ફળ. આત્મામાં વીતરાગતા થાય એ પુણ્યનું ફળ નથી. એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે '**હું તીર્થંકરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' કેમ કે મારી પ્રકૃતિનું ફળ તો નીચે આવતું નથી. મને ખ્યાલમાં છે. શ્રેણિકરાજાને ખબર છે કે મને તીર્થંકર પ્રકૃતિનો બંધ પડ્યો છે. ભગવાનના સમવસરણમાં ગયા, સમકિતી હતા. ભગવાનના સમવસરણમાં વીરપ્રભુના સમવસરણમાં ગયા, તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. ભગવાને ફરમાવ્યું કે આ શ્રેણિક રાજા આગામી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. એમાં તીર્થંકર ગોત્ર બંધાઈ ગયું. છતાં એ સમકિતી કહે છે કે તીર્થંકરગોત્રનું ફળ અમને નથી જોઈતું. કારણ કે એનું ફળ તો સમવસરણ આદિ મળે છે-બહારની ચીજ. સમજાણું કાંઈ? હું તો કોણ છું? હું તો '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' નીચે શ્લોકમાં છે, જુઓ! નીચે છે ને? ત્યાં મીંડું કર્યું છે. મીંડું એટલે શું? શૂન્ય. નીચે છે, જુઓ!

'**હું ઉચ્ચગોત્રકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' એ બધામાં લગાવવું. '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' ટીકામાં લ્યો! એ જુઓ! '**नाहं तीर्थंकरत्वनामकर्मफलं भुञ्जे,**' સંસ્કૃત છે. '**नाहं तीर्थंकरत्वनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये।।**' તીર્થંકર પ્રકૃતિનું ફળ મારે નથી જોઈતું. કેમ કે એનું ફળ તો સમવસરણ આદિ સામગ્રી છે. મને શું છે? હું તો આત્મા છું. મારો શુદ્ધ ચૈતન્ય ભગવાન મારી દૃષ્ટિમાં આવ્યો અને સ્વરૂપમાં મારી સ્થિરતાની ઓછપ હતી તો શુભભાવ આવ્યો હતો. તો હું તો શુભભાવથી રહિત મારા સ્વરૂપના આનંદનો અનુભવ કરનાર છું. હું શુભભાવને ભોગવનારો નથી અને એનું ફળ તીર્થંકગોત્રને હું ભોગવનારો નથી. આહાહા..! આગળ ષોડષકારણ ભાવના ભાવતા.. આવે છે ને? દર્શનવિશુદ્ધિ.. શું આવે છે? 'ભાવના ભાય ષોડષકારણ ભાવે, તીર્થંકર પદ પાયે' એવું આવે છે બધું. આ બધા ખુશી ખુશી થઈ જાય કે જાણે આપણે તીર્થંકર થઈ જશું. હજી સમ્યગ્દર્શનનું ભાન નથી ત્યાં તીર્થંકરનો ભાવ ક્યાંથી આવે?

અહીં તો કહે છે, સમ્યગ્દૃષ્ટિને ઈચ્છા વિના અનિહતવૃત્તિએ. અનિહતવૃત્તિ એવો પાઠ છે. પરમાત્મપ્રકાશમાં. ખેડૂત હોય છે ને? કિસાન. એ અનાજ વાવે છે. તો અનાજ માટે એ લોઠા હોય છે ને અનાજના? શું કહે છે? દાણા ઉપર હોય છે ને દાણા? એ દાણા માટે વાપરે. ખડ માટે નહિ. ખડને શું કહે? ઘાસ. એ ઘાસ માટે નથી વાવતા. એ થઈ જાય છે. થઈ જાય. સો કળશી અનાજ જ્યારે પાકે તો સો ગાડા ઘાસ થઈ જાય. પણ ઘાસ માટે ખેડૂત નથી વાવતો. બધા ખેડૂત. બધા ખેડૂત, હોં!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ છપ્પનિયામાં થયું ને ભાઈ? છપન્નિયામાં દુકાળ. છપ્પનિયામાં દુકાળ હતો ને? છપ્પનિયામાં મોટો દુકાળ પડ્યો. અમારી ઉંમર દસ વર્ષની હતી. દસ વર્ષ. ૫૬ના વર્ષમાં. વર્ષ થયા ૬૮. ૬૮ વર્ષ થયા. દસ વર્ષની ઉંમર હતી. ૭૮ ચાલે છે ને. તો અમને ખબર છે ત્યારે અનાજ નહોતું પાક્યું. પણ બાંટા કહે છે અમારા કાઠિયાવાડમાં. બાટા એટલે શું? છોડ. આવડા આવડા થયા, આવડા આવડા. શું કહે છે ખબર છે તમને? બાંટા બાંટાને શું કહે છે? તમારી ભાષામાં નથી? રાડા. નાના નાના રાડા. નાના રાડા. અમારી ભાષામાં બાંટા. કાચા આવડા આવડા થયા હતા, બસ. આવડા આવડા થયા હતા. અનાજ ન પાક્યું. બે-ચાર ઈંચ વરસાદ આવ્યો થોડો. ખબર છે. અને દુકાળ ભૂખ-ભૂખ. કેટલા અનાજ માટે જાય, દુઃખી થાય, રોવે. દસ વર્ષની ઉંમર હતી. જોયું હતું ઉમરાળામાં. કહે છે કે ઘાસ એટલું થયું પણ અનાજ ન પાક્યું. પણ અનાજ હોય અને ઘાસ ન હોય એમ નથી બનતું ને? એમ મિથ્યાદષ્ટિને જ્યારે આત્માની શ્રદ્ધા, જ્ઞાન, અનુભવ નથી એને પુણ્ય બંધાઈ જાય છે. એકલું ઘાસ થાય ઘાસ. પણ સમ્યગ્દષ્ટિને પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિમાં સંવર-નિર્જરાનો પાક થાય છે દાણાનો દાણાનો. તો થોડો રાગ આવે છે એના ફોતરાથી તીર્થંકરગોત્રાદિ બંધાય છે. ઘાસ. ઘાસ એમાં થાઓ પણ એ ઘાસને હું ભોગવતો નથી. સમજાણું કાંઈ? એય..! ચંદુભાઈ!

'**હું તીર્થંકરનામ...**' આ શું કહે છે? '**पुण्यफला अरहंता**' જુઓ! ભગવાને એમ કહ્યું છે. પુણ્યના ફળમાં અરિહંતપદ હોય છે. અરે.. ભગવાન! એમ નથી, ભાઈ! તું ક્યાં લગાવે છે? પુણ્ય ભાવ તો શુભરાગ છે. શુભરાગના ફળમાં કેવળજ્ઞાન થાય? શુભરાગમાં તો બંધ થાય છે. બંધમાં અબંધ ભાવ થાય? કેવળજ્ઞાન તો અબંધભાવ છે. પણ એ ભગવાન કહે છે કે તીર્થંકરપ્રકૃતિ બાંધનારને પુણ્યપ્રકૃતિ બંધાણી તો એનાથી સમવસરણ આદિ પ્રકૃતિ આ હાલવાની, ચાલવાની, બોલવાની.. લીધું ને ભાઈ? માયા, માયાચારી .. સ્ત્રીનો દાખલો આપ્યો છે. સ્ત્રીને ઈચ્છા નથી પણ માયા સહજ થઈ જાય છે. કેમ કે પૂર્વે માયા કરીને સ્ત્રીનો બંધ પડ્યો છે. જેટલી સ્ત્રીઓ છે એ પૂર્વે કપટ કર્યું હતું માટે સ્ત્રી થઈ છે. ભાઈ! એમ છે. આ લખ્યું છે એમાં હોં! અમારા ઘરની વાત નથી. આ પાઠ છે અમૃતચંદ્રાચાર્યનો. શબ્દે શબ્દ છે. જુઓ! .. છે ને? જુઓ! આહાહા..! ૪૫. પહેલા ભાવાર્થમાં લઈએ. જુઓ! સ્ત્રીનું પછી આવશે.

'**અર્હંતભગવંતો ખરેખર જેમને પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં છે એવા જ છે, અને તેમને જે કાંઈ ક્રિયા છે તે બધીયે (-પુણ્યના) ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ હોવાથી ઔદયિકી જ છે.**' જેટલી ક્રિયા હાલવું, ચાલવું આદિ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એની ક્રિયા .. છે ને ભાઈ? એ લેવું છે ને. એ ... આવ્યું છે, ભાઈ! આ પુણ્યના ફળમાં છે. ... જુઓ!

**'જેમ સ્ત્રીઓને, પ્રયત્ન વિના પણ, તેવા પ્રકારની યોગ્યતાના સદ્‌ભાવથી સ્વભાવભૂત જ માયાના ઢાંકણથી...'** એણે પૂર્વે કપટ કર્યું હતું ને. જેના બીજમાં આંબો છે આંબો, તો એના ફળમાં પણ કેરી આવે છે. આમ છે ને? કેરી કહે છે ને અમારે, કેરી. ગોટલા ગોટલા વાવે છે ને. તો જેના ફળમાં પહેલા કપટ કર્યું હતું તો કપટના ફળમાં સ્ત્રી થાય છે. પૂર્વે કપટનું બીજ રોપ્યું તો અત્યારે પણ એને માયાચારી ઘણી થઈ જાય છે. અમૃતચંદ્રાચાર્ય મુનિ કહે છે, હોં! જુઓ! પાઠમાં છે ને ભાઈ! માયાચાર.

'**ठाणणिसेज्जविहारा**' ભગવાનનું ઊભું રહેવું. ઊભા રહેવું, નીચે બેસવું, વિહાર કરવો, ધર્મ ઉપદેશ કરવો, '**य णियदयो तेसिं**' નિશ્ચયથી '**तेसिं अरहंताणं काले**' અરિહંતના કેવળજ્ઞાનના કાળમાં '**मायाचारो व्व इत्थीणं**' ઈ કુંદકુંદાચાર્યનો પાઠ છે. '**मायाचारो व्व इत्थीणं**' સ્ત્રીને જેમ માયાચાર સહજ થઈ જાય છે એમ ભગવાનને પૂર્વકર્મના ઉદયથી ચાલવું, બોલવું, ભાષા સહજ નીકળી જાય છે. એના કર્તા નથી. કર્તા નથી. હું બોલું એમ ભગવાનને નથી. ભગવાનને ઈચ્છા જ નથી. એ તો કેવળજ્ઞાની છે. વીતરાગ છે. ભાષા નીકળી જાય છે, હાલવું, ચાલવું, બેસે છે.

**'જેમ સ્ત્રીઓને, પ્રયત્ન વિના પણ, તેવા પ્રકારની યોગ્યતાના સદ્‌ભાવથી સ્વભાવભૂત જ માયાના ઢાંકણથી ઢંકાયેલો વ્યવહાર પ્રવર્તે છે, તેમ કેવળીભગવંતોને, પ્રયત્ન વિના પણ...'** ગુજરાતી છે હોં. **'તેવા પ્રકારની યોગ્યતાના સદ્‌ભાવથી સ્થાન (ઉભા રહેવું), આસન (-બેસવું), વિહાર, ધર્મદેશના સ્વભાવભૂત જ પ્રવર્તે છે.'** પ્રયત્ન વિના. વાદળાના દૃષ્ટાંતથી. વાદળા હોય છે ને વાદળા. બાદલ. દેખાય છે. **'જેમ વાદળા-આકારે પરિણમેલાં પુદ્‌ગલોનું ગમન, અવસ્થાન,...'** વાદળાનું ગમન થાય છે. **'ગર્જન...'** થાય છે, ગર્જન. એમ ભગવાનની વાણીનું ગર્જન થાય છે. વાદળા એકઠા થાય છે, પરમાણુ એકઠા થાય છે. અવસ્થાન-સ્થિર રહેવું, ગર્જન **'અને જળ-વર્ષણ...'** વાણી નીકળવી. એ જેમ વાદળામાં થાય છે, એમ ભગવાનની વાણીમાં પુદ્‌ગલને કારણે સહજ એમ થાય છે. આત્મા એનો કર્તાહર્તા નથી. અહીં કહ્યું. જુઓ! ૪૫માં ઈ કહ્યું.

**'અર્હંતભગવાનને જે દિવ્યધ્વનિ, વિહાર આદિ ક્રિયાઓ છે તે નિષ્ક્રિય શુદ્ધ આત્મતત્ત્વને પ્રદેશપરિસ્પંદમાં નિમિત્તભૂત પૂર્વબદ્ધ કર્મના ઉદયથી ઉત્પન્ન થઈ છે....'** લ્યો! એ તો ક્રિયાની વાત છે. તીર્થંકરગોત્ર એને લઈને વીતરાગતા (થાય), બધા એમ જ લખે છે. અને આ શેઠિયાઓને કાંઈ ખબર ન હોય. જાય. હશે, ઠીક હશે એમ માને. એય..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તમારી જવાબદારી છે બધા શેઠિયાઓની, બધાની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત ... ખબર નથી શું છે. ...

**'તે ક્રિયાઓ અર્હંતભગવાનને ચૈતન્યવિકારરૂપ ભાવકર્મ ઉત્પન્ન કરતી નથી, કારણ કે નિર્મોહ શુદ્ધ આત્મતત્ત્વને રાગદ્વેષમોહરૂપ વિકારમાં નિમિત્તભૂત મોહનીયકર્મનો (તેમને) ક્ષય થયો છે.'** લ્યો! એ તો ક્ષય થાય છે ક્રમે ક્રમે. બે વચ્ચે વાંધા છે ને શ્વેતાંબર-દિગંબરમાં. અહીં ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે કે જે ક્રિયાનો ઉદય છે ને ભગવાનને એ તો ક્ષણે ક્ષણે નાશ થઈ જાય છે. તો ઉદયને પણ અમે ક્ષાયિક કહીએ છીએ. કુંદકુંદાચાર્ય કહે છે. ત્યારે શ્વેતાંબરમાં એવું આવ્યું છે. તકરાર થઈ. અમને તો બધી ખબર છે. ઘણાં વર્ષ પહેલાથી છે. એમાં એમ કહે છે કે નહિ, એ ઉદયની ક્રિયા છે એ ક્ષાયિકી નથી. એને ક્ષાયિક જો હોય તો ગણધરને ઉપશમ, ક્ષયોપશમ થયો તો એને શું કહેવું? અરે.. ભાઈ! સાંભળ તો ખરો. તકરાર... તકરાર... એ તો કર્મના ઉદયથી જે ક્રિયા થઈ હાલવા, ચાલવાની એનો ક્ષય થાય છે. ભગવાન તો કેવળજ્ઞાની છે. ક્ષાયિકભાવ છે તો ક્ષાયિકભાવ વધે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન ઈચ્છાથી બોલે છે, ચાલે છે એમ છે તો નહિ. એ તો વીતરાગ છે. ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જોયા છે એમણે. કોઈ પ્રશ્ન કરે તો નવું જાણવું છે? નવું જાણવું છે? એક સમયમાં ત્રણ કાળ જાણ્યા છે. નવું જાણવું ક્યાં છે? એ તો જાણે છે કે એ સમયે એ થશે. એ સમયે પ્રશ્ન કરશે તો ... જ્ઞાન તો ત્રિકાળનું થયું છે. વાણી બોલવું, ચાલવું એ જડની ક્રિયા છે. એ પૂર્વના પુણ્યને કારણે થાય છે. પોતાને કારણે નહિ. એનું નામ પુણ્યફળા અરંહતા કહેવામાં આવે છે. આ ઠીક કહ્યું ભાઈએ. શેઠિયા વાંચતા નથી. પોતાના ધંધાના ચોપડા વાંચે. કેમ કે એમાં ખોટ જાય. ખોટને શું કહે છે? નુકસાન-નુકસાન. એમાં ખોટ જાય તો તૈયાર કરો, તપાસ કરો શું થયું? સમજ્યાને? મુનિમે ધ્યાન ન રાખ્યું, આટલા આવ્યા એ જમા લીધા છે કે નહિ? ઉધાર કર્યું છે કે નહિ? તપાસ કરો, ચોપડા તપાસે દરરોજ. અહીંયાં ચોપડા તપાસે નહિ. શું કહે છે ભગવાન કે શું કહે છે સિદ્ધાંત કે શું કહે છે આચાર્ય.

અહીં કહે છે, સમ્યગ્દૃષ્ટિ જીવને જ આ પ્રકૃતિ છે. ભાઈ! મિથ્યાદષ્ટિને આ પ્રકૃતિ હોતી નથી. તો સમ્યગ્દૃષ્ટિ અનુભવી, ચોથા ગુણસ્થાનવાળો હોય, પંચમવાળા હો, છઠ્ઠાવાળો હોય. **'હું તીર્થંકરનામકર્મના ફળને નથી ભોગવતો,...'** એમાં પણ બે ભેદ છે ભાઈ! એક પંચ કલ્યાણકવાળું તીર્થંકરગોત્ર છે. તીર્થંકરગોત્ર બંધાણું હોય પછી સ્વર્ગમાં જાય કે નરકમાં જાય. જેમ શ્રેણિક રાજા નરકમાં ગયા. અને બીજા સ્વર્ગમાં જાય. તો ત્યાંથી આવીને પંચ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કલ્યાણક થાય છે. પહેલા ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, કેવળકલ્યાણક, મોક્ષકલ્યાણક. એવા પાંચ કલ્યાણક હોય છે. તો એ પણ કહે છે કે હું સમકિતી છું તો એ તીર્થંકર પ્રકૃતિનું ફળ મને છે જ નહિ. હું તો ચૈતન્ય આનંદને ભોગવનારો છું. એ કલ્યાણક-ફલ્યાણક મારા છે જ નહિ. આહાહા..!

એક બીજી વાત છે. મહાવિદેહમાં હોય છે. શાસ્ત્રમાં એક લેખ છે. આ તો પહેલેથી તીર્થંકરગોત્ર બાંધીને આવે છે. પણ કોઈ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લીધો હોય સાધારણ મુનિએ. પણ પછી આત્મજ્ઞાન ત્યાં થાય અને મુનિપણું લીધા પહેલા તીર્થંકરગોત્ર બંધાઈ જાય. એવો લેખ શાસ્ત્રમાં છે. ટીકામાં ગોમ્મટસારમાં. ગોમ્મટસારમાં છે. અહીંથી તીર્થંકરગોત્ર ન બંધાયું હોય. આ તો તીર્થંકરગોત્ર બંધાય છે ને. ચોવીસ તીર્થંકર થાય છે ને? તો પૂર્વે બંધાયું હતું. સ્વર્ગમાં કે નરકમાં ગયા પછી આવે. આ તો કોઈ મનુષ્યમાં જાય છે, ત્યાં આત્મજ્ઞાન પામે છે અને આત્મજ્ઞાન થયા પછી કોઈ દીક્ષિત થયા પહેલાં, આત્મ આનંદ ચારિત્ર હોં! દીક્ષિત એટલે ચારિત્ર રમણતા આનંદ. એ પહેલા ચોથે ગુણસ્થાને તીર્થંકરગોત્ર બંધાઈ જાય છે. ઈન્દ્રો એનો દીક્ષાકલ્યાણક કરે છે, કેવળકલ્યાણક કરે છે, મોક્ષકલ્યાણક કરે છે. બે નહિ. ગર્ભ, જન્મ નહિ. સમજાણું કાંઈ? અને બીજા કોઈ મુનિ થાય પછી તીર્થંકરગોત્ર બંધાય. આત્મજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ, અનુભવી મહાવિદેહમાં હોં! અહીં ભરતમાં એ પ્રમાણે નથી થતું. આનંદનો અનુભવ થયો પછી કોઈ પાંચમે ગુણસ્થાને, છઠ્ઠે ગુણસ્થાને ચારિત્ર લઈને તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. એના બે કલ્યાણક થાય છે. દીક્ષિત થયા પછી જો તીર્થંકરગોત્ર બંધાણું તો બે કલ્યાણક (ઉજવાય). કેવલ્ય, મોક્ષ. દીક્ષિત થયા પહેલા તીર્થંકરગોત્ર બંધાય તો ત્રણ કલ્યાણક. અને આ જે ચોવીસ તીર્થંકર છે એ તો પંચ કલ્યાણકવાળા જ છે. સમજાણું કાંઈ? શ્રેણિક રાજા નરકમાંથી નીકળશે તો પંચ કલ્યાણક થશે. પહેલા ગર્ભકલ્યાણક થશે, જન્મકલ્યાણક થશે, દીક્ષા, કેવળ અને મોક્ષ થશે. એવી અનાદિની ઈન્દ્રોની પદ્ધતિ છે. શું કહેવાય? નિયોગ, નિયોગ. શાસ્ત્રમાં કહે છે. ઈન્દ્રોનો નિયોગ છે.

જ્યારે જન્મે ત્યારે ઈન્દ્રાસન ચળે. ખ્યાલ આવે એટલે જાય. અહો..! અવધિજ્ઞાન છે. જંબુ ભરતે ભગવાનનો જીવ માતાની કૂંખે આવ્યો. ત્યાંથી આવીને ગર્ભકલ્યાણક કરે છે. મોટો મહોત્સવ કરે છે. પણ એ બધું પ્રકૃતિ પુણ્યનું ફળ છે. પોતાનો આત્મા આનંદમૂર્તિનો જે અનુભવ છે એની આગળ તીર્થંકર પ્રકૃતિ બાંધનારા કહે છે, માને છે કે એ પ્રકૃતિનું ફળ હું ભોગવતો નથી. સમજાણું કાંઈ? હું તો ચૈતન્યસ્વરૂપ આત્માનું સંચેતન કરું છું. રાગની સાથે મને સંબંધ નથી તો બંધની સાથે મને શું સંબંધ હોય? એ તો જડ બંધ પરમાણુ પડ્યા છે. હું તો જ્ઞાયકસ્વરૂપ છું. એ તો જડ છે, અજીવ છે. પરિણામ જે થયા એ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આસ્રવ છે. હું તો એનાથી ભિન્ન છું. એવા ચૈતન્યસ્વરૂપ આનંદનો અનુભવન કરનારો શાંતિનું સંચેતન, જ્ઞાનમાં સં-એકાગ્ર ચેતન કરનારા તીર્થંકરપ્રકૃતિના પાકને હું ભોગવતો નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભોગવે છે કોને?

ઉત્તર :- એ ભોગવે છે આનંદને. કહ્યું ને. ચૈતન્યસ્વરૂપ આત્માને. નીચે શબ્દ છે. અંદર લીધું ને. '**चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये**' ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ, પરમ પવિત્ર પ્રભુ પ્રભુતાસ્વરૂપ, એવું મારું સ્વરૂપ, અવિકારી નિર્દોષ સ્વરૂપ, એની હું દૃષ્ટિ કરું છું, એને હું અનુભવું છું. હું રાગને પણ (અનુભવતો) નથી અને પ્રકૃતિના ફળને પણ નથી ભોગવતો. આનું નામ સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહે છે. બીજો હું રાગને ભોગવનારો, પરને ભોગવવાનો પ્રેમ જેને છે એ તો મિથ્યાદૃષ્ટિ અનાદિનો છે એની એ જાતનો છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, ૧૪૮ પ્રકૃતિમાં ઊંચામાં ઊંચી આ છે.

મુમુક્ષુ :- આપ કહો છો ને ... સવારે કહેતા હતા.

ઉત્તર :- એ કહ્યું હતું જરી. એમ કે જ્યારે એવો ભાવ આવ્યો તો એને તીર્થંકર થાશે તો કાં નરકમાં અને કાં સ્વર્ગમાં જાવું પડશે. કારણ કે એ ભવમાં તો મુક્તિ છે નહિ અને પછી મનુષ્ય થાય તો બે ભવ તો નક્કી થઈ ગયા. બે ભવ તો કરવા જ પડશે. સમજાણું કાંઈ? અને જેને અંતરમાં ધ્યાનાદિ કરીને એ ભવમાં કેવળજ્ઞાન પામવું છે એને તીર્થંકરગોત્ર છે નહિ. એ ભવમાં કેવળજ્ઞાન લેશે. એકદમ અંદર ધ્યાન કરીને. એવો ભાવ થયો, જાણ્યું, આવ્યો, બંધ પડ્યો. બે ભવ તો થઈ ગયા. અહીંથી સ્વર્ગમાં જાશે. શ્રેણિક રાજાને નરકમાં જાવું પડ્યું. અને બીજા ઋષભદેવ ભગવાન આદિ તીર્થંકરગોત્ર બંધાણું તો સર્વાર્થસિદ્ધમાં ગયા. સર્વાર્થસિદ્ધ છેલ્લો (દેવલોક). નીકળે ત્યાંથી. તો સર્વાર્થસિદ્ધનો ભવ અને આ, બે ભવ થયા. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાણું તો એમાં બે ભવ થયા. શું લાભ થયો આત્મામાં? એમ કહે છે. એય..! હિંમતભાઈ! પણ એવી દ્રવ્યની સ્થિતિ હોય છે, હો. એમાં શું છે? એને કંઈ ખેદ નથી. ખેદ નથી. એ તો જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે છે. જાણે છે. જાણો. એક-બે ભવ થશે. ભવ બાકી છે. હું જાણનાર છું. સમજાણું કાંઈ?

શ્રીમદ્‌ને થયું ને. શ્રીમદ્ રાજચંદ્ર. એ પણ સમકિતી હતા. એણે પોતાના માટે કહ્યું છે.

અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે,
તેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.

ગૃહસ્થાશ્રમમાં હતા. સ્ત્રી, કુટુંબ હતું. લાખોના વેપારી હતા. મોતીના વેપારી હતા મોટા. ૩૩ વર્ષે ગુજરી ગયા. ૩૩ વર્ષે. સંવત ૧૯૨૪ જન્મ. ૫૭માં ગુજરી ગયા. પણ છેલ્લે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એવી કડી બનાવી. 'ધન્ય રે દિવસ આ અહો, જાગી અપૂર્વ શાંતિ રે...' એમ કરતા છેલ્લે અશેષ હું જોઉં છું કે મારે હજી એકાદ ભવ કરવાનો બાકી છે. આ ભવમાં કેવળજ્ઞાન નથી. 'અશેષ કર્મનો ભોગ છે..' થોડા કર્મ બાકી છે એમ દેખાય છે. 'ભોગવવો અવશેષ રે, જેથી દેહ એક ધારીને...' હજી દેહ એટલે આ મનુષ્ય હોં. દેવનો દેહ ગણતરીમાં નથી આવતો. એ તો વચ્ચે છે. એ તો ધર્મશાળા છે. ત્યાંથી નીકળીને જેમાં ધર્મ સાધન પૂર્ણ કરવાનો હોય એનું નામ એક દેહ કહેવામાં આવે છે. એય.. ચંદુભાઈ! આ એના પણ વાંધા ઊઠે છે એની સાથે. એય..! મોટી તકરાર. અરે..! ભગવાન! કોઈ વળી એમ કહે છે, શ્રીમદ્ અત્યારે મહાવિદેહમાં છે અને કેવળજ્ઞાનમાં બિરાજે છે. અરે..! પણ સમકિતી મહાવિદેહમાં જાય નહિ. આખું આગમથી વિરૂદ્ધ થાય છે. સમજે નહિ. શું કરે? પણ એટલી બધી મોટપ આપે ખોટી કે અહીંથી મહાવિદેહમાં અવતર્યા છે. જન્મ્યા છે. આપણી પાસે ચોપડી આવી છે. હમ્પી-હમ્પી. મૈસુર પાસે આશ્રમ છે. ત્યાંનો વળી એમ કહે છે અહીંથી મહાવિદેહમાં (ગયા છે). ક્ષાયિક સમકિત અહીં થયું છે. ભાઈ! ક્ષાયિક સમકિત અત્યારે ન હોય. ભગવાનની સમીપે હોય. ભાઈ! તમે આવું આગમથી વિરૂદ્ધ ન કહો. અને ક્ષાયિક સમકિતી પાછા અહીંથી મહાવિદેહમાં ગયા. પણ મહાવિદેહમાં ક્ષાયિક સમકિતી જાય નહિ. સમકિતી હોય એ સ્વર્ગમાં જ જાય. એવો ત્રણે કાળમાં આગમનો સિદ્ધાંત કેવળીનો કહેલો છે. એ કેવળીનું કથન ફરે ત્રણ કાળમાં ક્યાંય? અને ત્યાં કેવળજ્ઞાનપણે છે. ઠીક! શું કરે પણ? જગતને કોઈ સ્વચ્છંદે... એક જણો કહે છે કે આ ભવમાં મોક્ષ ગયા. ઓલો દેહ છે ને એક? 'તેથી દેહ એક ધારીને...' એલા દેહ એક ધારવાનો છે ને? કે આ ભવમાં છેલ્લો થોડો વખત રહ્યો એટલે દૂધ પીધું હતું એક મહિનો એ છેલ્લો ભવ થઈ ગયો.

મુમુક્ષુ :- છોકરા દૂધ પીવેને.

ઉત્તર :- છોકરું દૂધ પીવે પણ એવો ભવ જૈનદર્શનમાં હોય? એને એક ધારણ કરવો છે મનુષ્યનો તેને ગણ્યો છે. વચ્ચે દેવનો દેહ છે એને ગણ્યો નથી. સમ્યગ્દષ્ટિ મરીને પંચમ કાળનો પ્રાણી કોઈ દી મનુષ્યમાં અને પશુમાં જાય નહિ, નરકમાં જાય નહિ. સમ્યગ્દર્શન પહેલાં આયુષ્ય પહેલાં બંધાઈ ગયું એ બીજી વાત. નહિતર સમ્યગ્દષ્ટિ તો સ્વર્ગમાં વૈમાનિકમાં જાય. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં પણ જાય નહિ. દેવના ચાર પ્રકાર છે. સમજ્યા? દેવના ચાર પ્રકાર-ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક. સમ્યગ્દષ્ટિ તો વૈમાનિકમાં સુધર્મ દેવલોકાદિમાં ઉત્પન્ન થાય. એવી અનાદિની મર્યાદા છે વીતરાગ શાસનની. કેવળજ્ઞાનીએ જોયું છે એવું છે.

કહે છે કે પંચમ આરાનો પ્રાણી કેવળજ્ઞાનને પામતો નથી, પણ સમ્યગ્દષ્ટિ સીધા કોઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મહાવિદેહમાં જતા નથી. મરીને સ્વર્ગમાં જાય છે, ત્યાંથી મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામે છે. ચાહે તો અહીંયા પામે તીર્થંકરો થાય ત્યારે. અથવા ત્યાં તો ભગવાન બિરાજે છે સદાય. ત્યાં તો મોક્ષકાળ સદાય છે. પણ કોઈ આ કાળમાંથી નીકળીને મહાવિદેહમાં સમકિતી સીધા જાય એમ તો છે નહિ. મિથ્યાદૃષ્ટિ કોઈ જાય. એમાં આવ્યું છે ભાઈ થોડું. નાખ્યું ને સન્મતિ સંદેશમાં. પહેલા ... સંદેશમાં નાખ્યું છે. કોઈવાર.. છે ને થોડા? સીધા કોઈ સરળ હોય એ મિથ્યાદૃષ્ટિ હોય અને પછી ત્યાં કેવળજ્ઞાનનો પુરુષાર્થ કરે. એ કાંઈ ગયા માટે થાય છે એમ નથી. પોતાનો પુરુષાર્થ અંદરમાં કરે છે તો થઈ જાય છે. મિથ્યાદૃષ્ટિ હોય, સરળ હોય, મનુષ્યપણું બંધાઈ ગયું. ત્યાં જઈને પોતાના સ્વરૂપમાં એકાકાર લીન થઈને કેવળજ્ઞાન પામી શકે છે. મનુષ્યપણું મળ્યું માટે પામે છે એમ નથી. પોતાના અંતરમાં પુરુષાર્થ કરે છે એ પામી શકે છે. મનુષ્યદેહ મળ્યો, નિગોદમાંથી મળે છે. લ્યો! .. વાત ચાલી હતી ને? નિગોદમાં. નિગોદ સમજ્યાને? બટેટા. એમાંથી મનુષ્યદેહ પામે છે. એમ ભગવાન કહે છે. ત્યાં પુણ્ય બંધાય છે. અંદરનું સાધન નથી ને પણ પરિણામની મંદતા કષાયની થાય છે તો પુણ્ય બંધાઈ જાય છે. નિગોદમાં એક શરીરમાં અનંત જીવ છે. ત્યાં નીકળીને મનુષ્ય થાય અને મનુષ્યમાં આઠ વર્ષનો થાય, ભગવાન પાસે સાંભળે, કોઈ સંત પાસે સાંભળે. ઓહો..!

ભગવાન! તું તો પરિપૂર્ણ છો ને પ્રભુ! તારામાં તો પરિપૂર્ણ આનંદ, શાંતિ પડી છે. બસ! એટલું સાંભળ્યું અને અંતરમાં ઊતરી ગયા. અંતરમાં ઊતરીને પહેલા સમ્યગ્દર્શન થયું પછી સ્થિર થઈને કેવળજ્ઞાન. અનાદિ કાળમાં કદી મનુષ્ય નહોતો થયો. ઈયળ, કીડી નહોતો થયો. મકોડાને શું કહે છે? કીડો-કીડો. કીડો પણ નહોતો થયો. અનાદિકાળમાં પહેલા મનુષ્ય થયો. આઠ વર્ષનો મનુષ્યદેહ, અનાદિ કાળનો નિગોદ, અહીં આઠ વર્ષનો મનુષ્યદેહ ત્યાંથી મોક્ષ પામીને સાદિઅનંત સિદ્ધ. સાદિઅનંત સિદ્ધમાં, અનાદિસાંત નિગોદમાં. વચ્ચે આઠ વર્ષ. એવા પણ અનંત આત્મા પુરુષાર્થ કરનારા છે. સમજાણું કાંઈ? શું કહે છે? આઠ વર્ષે! નિગોદમાંથી નીકળીને એવું શું કર્યું કે આઠ વર્ષે કેવળજ્ઞાન પામે? પણ નિગોદમાંથી નીકળ્યો તો પુણ્યથી નીકળ્યો છે. અહીંયાં જે પુરુષાર્થ કર્યો એ તો જુદી જાત છે. સમજાણું કાંઈ? નીકળ્યો માટે કેવળજ્ઞાન પામ્યો એમ નથી. અંતર સ્વરૂપ ભરચક ભરેલું છે. આનંદમૂર્તિ ભગવાન અંતર્મુહૂર્ત જો પુરુષાર્થ કરે, ૪૮ મિનિટની અંદર કેવળજ્ઞાન લઈ શકે છે. સમજાણું કાંઈ?

કહે છે કે હું સમ્યગ્દૃષ્ટિ જીવ '**તીર્થંકરનામકર્મના ફળને નથી ભોગવતો,...**' કહો, એ પુણ્યના ફળને પણ હું ભોગવતો નથી. ભગવાનજીભાઈ! ભારે માર્ગ ભાઈ! અરે..! વીતરાગમાર્ગ તે... બાપુ! આ તો વીતરાગ સ્વરૂપ છે. પરમેશ્વર વીતરાગ થયા. સર્વજ્ઞ અને વીતરાગ. તો એ તો સર્વજ્ઞ વીતરાગ થવાની વાત કરે છે. રાગ રાખવાની વાત કરે? તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગ ટાળીને એ વીતરાગ કેમ થયા? અલ્પજ્ઞ રાખવાની વાત કરે? તો અલ્પજ્ઞપણું ટાળીને સર્વજ્ઞ કેમ થયા? પરમાત્માના મુખમાંથી નીકળેલી વાણી સર્વજ્ઞ અને વીતરાગ થવાની છે. અલ્પજ્ઞપણું અને રાગનો નાશ કરવાની છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે પ્રકૃતિ મને બંધાઈ ગઈ છે. હો. હું ભોક્તા નથી. હું તો ચૈતન્યસ્વરૂપ આત્માને ભોગવું છું. લ્યો, એક પ્રકૃતિ થઈ. ૩૫ મિનિટ થઈ. એક પ્રકૃતિ. આ તો ઊંચી પ્રકૃતિ છે ને!

મુમુક્ષુ :- સૌથી ઊંચી.

ઉત્તર :- સૌથી ઊંચી. આહાહા..! પુણ્ય છે. એમાં શું છે?

હવે ૧૪૨. બેંતાલીસ કહે છે ને? '**હું ઉચ્ચગોત્રકર્મના ફળને નથી ભોગવતો,...**' સમ્યગ્દષ્ટિને ઉચ્ચ ગોત્ર બંધાણું હોય નામકર્મ. ઉચ્ચગોત્ર. સંતાનક્રમમાં ઉચ્ચ જાતિનું આચરણ હોય એમાં જન્મ લે તો એને ઉચ્ચગોત્ર કહે છે. કહે છે કે એ ઉચ્ચગોત્ર મારામાં છે નહિ. સંતાનક્રમમાં ઉત્પન્ન થવું એ મારામાં છે નહિ. હું તો આનંદ જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ છું. હું તો આત્મા ચૈતન્ય સ્વરૂપનો અનુભવ કરનારો છું. ઉચ્ચગોત્રનો અનુભવ કરનાર હું નથી. સમજાણું કાંઈ?

'**હું...**' આમાં એની મેળાએ કેટલાક અજાણ્યાને સમજાય એવું નથી હોં. આગળ-પાછળનો અભ્યાસ હોય તો આ કાંઈક સમજાય. નહિતર અદ્ધરથી શું કહે છે આ? '**હું ઉચ્ચગોત્રકર્મના ફળને નથી ભોગવતો,...**' શું કહે છે? ઉચ્ચગોત્ર નથી ભોગવતો તો શું સિદ્ધ થઈ ગયો તું? અરે.. ભગવાન! સાંભળ તો ખરો. અહીં ઉચ્ચગોત્ર તો છે. પણ પોતાના સ્વરૂપ તરફ આત્માના આનંદની દૃષ્ટિ છે. એના (ગોત્ર) ઉપર દૃષ્ટિ નથી અને પર્યાયદૃષ્ટિને ગૌણ કરીને, વ્યવહાર કરીને, અભૂતાર્થ કરીને મારામાં નથી. હું જ્ઞાયક ચિદાનંદ અધિક આનંદ છું, એને હું ભોગનાર ઉચ્ચગોત્રને ભોગવતો નથી. સમજાણું કાંઈ? અમે મોટા રાજા છીએ. અરે..! રાજા શેનો મોટો? અમારી માતા મોટી છે. અમારી માતાનું મોટું કુળ હતું. અમારું કુટુંબ મોટું છે. શું કુટુંબ ભાઈ! ભગવાન! તારું કુટુંબ તો આત્મા છે અંદર. અનંત ગુણનો સમાજ પિંડ પ્રભુ! એ તારું કુટુંબ છે. સમજાણું કાંઈ? હું ઉચ્ચગોત્રને ભોગવનાર નથી.

'એ અમ કુળવટ રીત' આવે છે ને એ? આનંદઘનજી. 'ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું' ધર્મનાથ ભગવાન છે ને? પંદરમાં ધર્મનાથની સ્તુતિ કરી છે.

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત જિનેસર.
બીજો મનમંદિર આણું નાહિ, એ અમ કુલવટ રીત જિનેસર,
ધર્મ જિનેસર ગાઉં રંગશું...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ધર્મી તો પોતાની ભાવના કરે છે. શું કહે છે? 'ધર્મ જિનેસર ગાઉં...' પોતાનો શુદ્ધ ધર્મસ્વભાવ એના હું ગુણગાન કરું છું, હું એકાગ્ર થાઉં છું. 'ગાઉં રંગશું' મારા સ્વરૂપમાં મને રંગ લાગ્યો છે. 'ભંગ મ પડશો પ્રીત પ્રભુ જી.' પોતાના શુદ્ધ સ્વરૂપની એકાગ્રતામાં હે નાથ! ભંગ ન પડો. ભંગ ન પડો. એવો અમારો... 'બીજો મનમંદિર આણું નહિ.' હે નાથ! તીર્થંકર જેવા તમે થયા. તમારા જ્ઞાનમાં રાગ આવ્યો નહિ, જ્ઞાનમાં કોઈ પરપદને લાવ્યા નહિ, એમ હું 'મનમંદિર આણું નહિ...' બીજો રાગનો વિકલ્પ અને પરની પર્યાયનું માહાત્મ્ય મારી દૃષ્ટિમાં આવતું જ નથી. મનમંદિર 'બીજો મનમંદિર આણું નહિ. એ અમ કુલવટ રીત જિનેસર...' એ અમારું કુળ છે. આ ઉચ્ચગોત્ર નહિ. ભાઈ! એ અમારું કુળવટ. તીર્થંકર જે રસ્તે ગયા કુળ એક વટ અમારો છે. વટને શું કહે છે તમારામાં? કુળવટ. કુળની મર્યાદા. કુળની મર્યાદા. એને વટ કહે છે વટ. સમજાણું કાંઈ?

આવે છે ને એ રામચંદ્રજીમાં નથી આવતું? રામચંદ્રજીમાં આવે છે. 'રઘુકુળ રીતિ ઐસી રે ચલી આયી, પ્રાણ જાય પણ વચન ન જાય.' દશરથે વચન આપેલું કૈકયીને લડાઈમાં. પછી રામચંદ્રજી જેવા પુરુષોત્તમ પુરુષ એ ભવે મોક્ષ જનારા. ગાદી કાલે નક્કી થઈ ગઈ, કૈકયીએ માગ્યું રાજ. પ્રભુ! સ્વામી નાથ! આપે વચન આપ્યું છે. લડાઈમાં જ્યારે હું સાથે હતી ત્યારે વચન આપ્યું હતું. આજે માગું છું. કહો શું છે? મારા પુત્રને રાજ આપો. વચન નહિ ફરે અમારા. 'રઘુકુળ રીતિ ઐસી રે ચલી આયી, પ્રાણ જાય પણ વચન ન જાય.' અરે.. પ્રભુ! શું થાય છે આ? શેનું વચન આપ્યું તમે? પ્રજામાં કોલાહલ થાય છે. આ શું કર્યું તમે? રામચંદ્રજી જેવા પુરુષોત્તમ પુરુષ વનમાં જાય? ભરતને રાજ!

ભરતને કહ્યું, બેટા! રાજ લ્યો. દશરથ કહે છે. પિતા! મારા મોટા ભાઈની સામે મને લજ્જા આવે છે. હું રાજને લાયક નથી. પ્રભુ મારા બિરાજે છે રામચંદ્રજી. ભાઈ! પિતાનું વચન છે ભાઈ! આ પિતાનું વચન છે. રામચંદ્રજી કહે છે. હું કહું છું. અમે તો વનમાં ચાલ્યા જઈશું. આહાહા..! પુરુષોત્તમપુરુષ છે. પુરુષોત્તમ પુરુષ વચન પિતાજીનું છે એ અમારા કુળનો વટ છે. અમારા કુળની રીત છે. સમજાણું કાંઈ? અમારા પિતાજીનું વચન એ તો અમારા રઘુકુળની રીત એવી ચાલી આવે છે. આ કંઈ અત્યારે છે? ભાઈ! પોતે રોવે છે બહુ. અને કૈકયી પછી માથા ફોડે છે. અરર..! આ શું કર્યું મેં? અરેરે..! રામચંદ્રજી વનમાં ચાલ્યા જાય છે? સીતાજી કહે છે, હું પણ આવું છું, લક્ષ્મણ કહે છે, હું પણ જાઉં છું. ઓહો..! ત્રણે અમારા ઘરમાંથી ચાલ્યા જાય છે. કૈકયી રોવે છે, કૌશલ્યા રોવે છે. શાંતિ રાખો. આપણા કુળની રીત છે. પિતાજીનું વચન પાળીએ છીએ. એમાં શાંતિ રાખો. અમારા પિતાજીની રીત છે. જુઓ! સમજાણું કાંઈ? તો વચન નીકળ્યા એને પાળવું જોઈએ.

એમ ધર્મીનો ભાવ એવો છે કે અમને ઉચ્ચગોત્ર-ફોત્ર અમારામાં છે જ નહિ. જાવ. અમારી રીત તો કુળવટ તીર્થંકર જે કુળે ચાલ્યા એ રીત છે અમારી. સમજાણું કાંઈ? 'રઘુકુળ રીતિ ઐસી ચલી આયી...' એમ તીર્થંકરકુળની એવી રીત ચાલી આવી છે, જે પોતાના શુદ્ધ સ્વરૂપ વીતરાગમાં રમનાર છે. હું રાગ અને ઉચ્ચગોત્રના ફળને હું ભોગવતો નથી. સમજાણું કાંઈ? રાજ આપ્યું અને ભરત ના પડતા હતા હોં. બહુ ના પાડતા હતા. મહારાજ! હું રાજનો ભાર નહિ ઉપાડી શકું. હું દીક્ષીત થઈ જાઉં. ભાઈ! એમ ન હોય ભાઈ! પિતાજીનું વચન પાળો. પિતાજી દીક્ષીત થઈ જશે. અત્યારે વચન પાળો, ભાઈ! થોડો કાળ છે. અમે વનમાં ચાલ્યા જઈએ છીએ. તમારી પાસે નહિ રહીએ. તમે મને નહિ જોઈ શકો અને તમે મને રાજમાં નહિ જોઈ શકો. હું ચાલ્યો જાઉં છું વનમાં. શાંતિ રાખો. આહાહા..! ધર્માત્મા સમ્યગ્દ્રષ્ટિ છે ને. સમ્યગ્દ્રષ્ટિ છે. આત્માનું ભાન છે. એને પરની પ્રતિકૂળતા ઉપર લક્ષ નથી. સમજાણું કાંઈ? હોય જગતમાં. વનમાં પણ અમે પુણ્ય લઈને આવ્યા છીએ કે નહિ? વનમાં પણ ત્યાં સાધન સાધીશું. જંગલમાં વન થઈ જાય છે. જંગલમાં મંગલ થઈ જાય છે. અને ન હોય તો અમારું મંગળ અમારી પાસે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કહે છે?

'**હું ઉચ્ચગોત્રકર્મના ફળને નથી ભોગવતો,...**' ભાઈ! ઉચ્ચગોત્રનું ફળ તો લ્યો. સારા કુળમાં જન્મ, પિતાનો જન્મ. (અહીં કહે છે), ગોત્ર-ફોત્ર અમને છે જ નહિ. ગોત્રથી મારી ઓળખાણ છે? કે સારા કુળમાં જન્મ્યો એ પુત્ર. એ અમારી ઓળખાણ છે? અમે તો તીર્થંકરના કેડાયત છે. કેવળજ્ઞાન લેવાના કેડાયત અમે. કેડાયત સમજ્યાને? એની પાછળ ચાલનારા. કેડે કેડે ચાલે. રસ્તે-રસ્તે. રસ્તે. કહે છે, જુઓ સમ્યગ્દ્રષ્ટિની મહિમા! આહાહા..! પામર પ્રાણી જાણે આમ હોય, હું આમ થઈ ગયો. ધૂળેય થયો નથી, સાંભળને! પૈસા કાંઈક સરખા મળ્યા, ગોત્ર ઊંચું મળ્યું. ઓહોહો..! મિથ્યાદષ્ટિ મૂઢ છે. સમ્યગ્દ્રષ્ટિને તો પોતાનો પરમાત્મા તરવરે છે. તરવરે છે એટલે નજરમાં નિધાન દેખાય છે. નજરમાં નિધાન ચિદાનંદ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એવા મારા સ્વભાવને હું ભોગવનાર છું. ઉચ્ચગોત્ર-ફોત્રને હું ભોગવતો નથી.

'**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' જુઓ! પાછો કેવો આત્મા? ચૈતન્યસ્વરૂપ આત્મા. રાગ પુણ્યસ્વરૂપ કે પાપસ્વરૂપ કે રાગસ્વરૂપ કે કર્મસ્વરૂપ કે શરીરસ્વરૂપ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એણે પોતાની વાત સાંભળી નથી. પોતાની પ્રશંસા કરે તો કહે આવું.. આવું..? અરે..! સાંભળ તો ખરો ભગવાન! એક ક્ષણમાં રાગનો નાશ કરીને કેવળજ્ઞાન લે એવી તારી તાકાત છે. પહેલા કબુલાતમાં જ્યાં ન આવે તો સ્થિરતા આવશે ક્યાંથી? મારી ચીજ જ અંદરમાં આવી છે. અનંત અનંત શાંતરસનો કુંડ ભર્યો છે, દરિયો ભર્યો

છે. હું એમાં દૃષ્ટિ લગાવું છું તો એમ પ્રતીત થાય છે કે આ તો આત્મા અલ્પ કાળમાં કેવળજ્ઞાન લેશે, મારો મોક્ષ થઈ જશે. એવી અંદરમાં ધ્વનિ સમ્યગ્દૃષ્ટિને ઊઠે છે. જન્મ-મરણ મને છે કે ગોત્રમાં અવતાર-ફવતાર મારે છે જ નહિ. અવતાર હું માનતો નથી. અમારો જન્મ.. જન્મ નામ ઉત્પત્તિ. વીતરાગ પર્યાયની ઉત્પત્તિ એ અમારો જન્મ. ભાઈ! એ જન્મ છે. આ તો જન્મ ધૂળના. આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ આનંદથી ભરેલો વીતરાગ એવી વીતરાગભાવની ઉત્પત્તિ થઈ એ અમારો જન્મ. આ ઉચ્ચગોત્ર-બોત્ર એ અમારો જન્મ નથી. એમ કહે છે. ચૈતન્ય સ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો. વીતરાગસ્વરૂપ. ચારિત્રગુણ છે ને આત્મામાં? ચારિત્રગુણ છે ને ત્રિકાળ? ચારિત્રપર્યાય નહિ. ગુણ છે ત્રિકાળી. વીતરાગતા ત્રિકાળ પડી છે અંદરમાં. એ વીતરાગ ચૈતન્ય સ્વરૂપ આત્મા, એને હું ભોગવનારો છું. વીતરાગી પર્યાયનો અનુભવ કરનાર છું. હું ઉચ્ચગોત્રનો અને રાગનો અનુભવ કરનારો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**હું નીચગોત્રકર્મના ફળને નથી ભોગવતો,...**' બીજો બોલ આવ્યો. ત્રીજો. નીચગોત્ર. શું છે? પંચમ ગુણસ્થાન સુધી નીચ ગોત્ર હોય છે. છઠ્ઠા ગુણસ્થાને મુનિ હોય છે એમને નીચ ગોત્ર નથી હોતું. એવી શાસ્ત્રની મર્યાદા છે અનાદિ ભગવાનની વાણીમાં. જ્યાં સુધી પાંચમું ગુણસ્થાન હોય છે, સમ્યગ્દૃષ્ટિ ચોથે હોય તો પણ નીચગોત્ર હોય છે. નારકીમાં પણ નીચગોત્ર છે ને? ચોથા ગુણસ્થાને હોય છે. પોતાનો અનુભવ હોય છે દૃષ્ટિનો આનંદનો. અને તિર્યંચમાં પાંચમું ગુણસ્થાન છે. તો ત્યાં સુધી નીચગોત્ર છે. મનુષ્યમાં જ્યારે સાધુ થાય છે આત્માના ભાવલિંગી સાધુ, એને સાધુ કહે છે હોં! અંતરમાં આનંદસ્વરૂપમાં રમણતા કરતા કરતા અમૃતની ભરતી આવે પર્યાયમાં. એટલી ભરતી આવે કે.. શું કહે છે? જ્વાર? દરિયામાં. દરિયાના મધ્યમાં એટલી તાકાત છે કે ઉપરથી કદાચિત દરિયામાં ઉપરથી ૧૧૮ ડિગ્રીનો તડકો હોય. ૧૧૮ ડિગ્રી તાપ. પણ જ્યારે દરિયામાં ભરતી આવે છે તો મધ્યમાંથી આવે છે એને રોકવાની કોઈની તાકાત નથી. ૧૧૮ ડિગ્રીનો તાપ, મધ્યમાંથી ભરતી આવે છે તો એને રોકવાની તાકાત નથી. એવો હું આત્મા મધ્ય બિંદુમાં મારી અનંત શાંતિ અને આનંદ મારામાં મધ્યબિંદુમાં પડ્યા છે. એમાં એકાગ્ર થઈને પર્યાયમાં-અવસ્થામાં ભરતી આવે છે એને રોકવાની કોઈની તાકાત નથી. નીચગોત્ર-ફોત્ર અમને કોઈ રોકી શકતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? વાત પણ એવી છે હોં! નીચગોત્રનો ઉદય હોય અને મુનિ થાય એમ નથી હોતું. મુનિને ઉચ્ચગોત્ર હોય છે ત્યારે થાય છે. સમજ્યા? એ પણ તકરાર છે ને બધાને. ભાઈ! આ હરિજન છે, આમ છે. કેવળજ્ઞાન પામે છે. શાસ્ત્રથી વિરૂદ્ધ છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાઈ! અનાદિ શાસ્ત્ર ભગવાને કહેલા શાસ્ત્રને પ્રમાણ માનવા જોઈએ. ઓલા કહે લ્યો હરિજન પણ એવા હોય છે. બધા કુળમાં ક્ષુદ્રમાં પણ કેવળજ્ઞાન થાય છે. સાધારણ ક્ષુદ્ર હોય સાધુ આદિ થાય. કેવળજ્ઞાન જે છે એ તો મનુષ્ય, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય. ભગવાનની આદિપુરાણમાં એવી આજ્ઞા છે. જિનેન્દ્ર.. કેવા? જિનસેનાચાર્ય. જિનસેનાચાર્ય આદિપુરાણના કર્તા છે. મહામુનિ હતા. બધા પુરાણ બનાવ્યા એ તો મુનિ હતા. કહે છે કે ત્રણને જ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. ચંડાળને કેવળજ્ઞાન ઉત્પન્ન નથી થતું. શ્વેતાંબર કહે છે કે .. મુનિ થાય છે ભાઈ! ઉત્તરાધ્યનમાં આવે છે. મુનિ થાય. ચંડાળ સાધુ હતો. સાધુ ન હોય. જૈનદર્શનમાં ચંડાળ સાધુ ન હોઈ શકે. એવી વાત છે. દુનિયાની સાથે વાત મેળ નથી ખાતી. બધા સુધરેલા કહે, આપણે તો બધાને સરખા માનવા. આત્માની અપેક્ષાએ સરખા માનવા. પર્યાય અપેક્ષાએ તો ફેર છે. કહો, જેને સ્ત્રીનો દેહ છે એ તો સાધુ નથી થઈ શકતી. એમ ચંડાળ હોય એ કેવળ નથી પામી શકતા. મુનિ નથી થઈ શકતા. એમ વાત છે. મોટી તકરાર.

મુમુક્ષુ :- પાંચમું ગુણસ્થાન...

ઉત્તર :- પાંચમું ગુણસ્થાન હોય, આત્મજ્ઞાન હોય, શાંતિ વિશેષ હોય, બાર વ્રતનો વિકલ્પ હોય, પડિમાધારી આદિ હોઈ શકે પણ મુનિ નથી હોઈ શકે. તો કહે છે કે પાંચમા ગુણસ્થાનવાળા નીચ ગોત્રવાળા છે એ પણ કહે છે કે નીચગોત્રનો મને અનુભવ નથી. સમજાણું કાંઈ? અને નરકમાં નીચગોત્ર છે. જુઓ! ભગવાન બિરાજે છે ને અત્યારે શ્રેણિક રાજાનો જીવ. તીર્થંકર થવાના છે. ક્ષાયિક સમકિત છે. નીચગોત્રનો ઉદય છે. નરકમાં શું છે? અમે નીચગોત્રને ભોગવતા જ નથી. હું તો આત્મા છું. મને નીચગોત્ર છે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

‘**હું નીચગોત્રકર્મના ફળને નથી ભોગવતો,...**’ છઠ્ઠે ગુણસ્થાને તો છે જ નહિ ભાઈ! પાંચમા ગુણસ્થાનમાં ત્રણેય નહિ. અનાદેય, દુર્ભાગ્ય, અપયશ. એ પાંચમે નથી અને છઠ્ઠે નીચગોત્ર નથી. નીચગોત્રનો ઉદય જ નથી હોતો. પાંચમાં સુધી હોય છે ચંડાળને. પશુ છે. .. મચ્છ. કેટલા પશુ હોય. મચ્છ. મચ્છ મચ્છ, એક હજાર યોજનનો. પાંચમું ગુણસ્થાન હોય છે એને. બાર વ્રતધારી છે. સ્વયંભુરમણસમુદ્રમાં અસંખ્ય પડ્યા છે. આત્માનું ધ્યાન, આનંદનો અનુભવ છે. શરીર જડ છે. મારી સાથે શું સંબંધ છે? નીચગોત્રનો અનુભવ હું કરતો નથી. એમ પશુમાં પણ સમ્યગ્દૃષ્ટિ આવો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? મને કોઈ દેખે કે આ નીચગોત્રમાં છે. હું નીચગોત્રમાં છું જ નહિ. મારું ગોત્ર આત્માનું છે. ગોત્ર ભાઈ! .. હોય છે ને? જેમ નારકીનું હોય છે. પહેલી નરકનું નામ મઘા. મઘા છે ને?

મુમુક્ષુ :- એ એનું ગોત્ર છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- ના. રતનપ્રભા એનું નામ છે અને ઓલું ગોત્ર છે નહિ કાંઈક? એક નામ અને ગોત્ર. શું બેનું નામ? મઘા ગોત્ર, રત્નપ્રભા નામ. રતનપ્રભા નામ. પહેલી નરક છે ને સાત નરકમાં. રત્નપ્રભા નામ છે, મઘા એનું ગોત્ર છે. એવું ગોત્ર-ફોત્ર મારે છે જ નહિ. હું નીચગોત્રકર્મના ફળને નથી ભોગવતો. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, વિકાર પુણ્ય-પાપના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ વીતરાગ સ્વરૂપની દૃષ્ટિ જ્યાં થઈ તો કહે છે કે મારામાં નીચગોત્રનું ફળ અને નીચગોત્ર છે જ નહિ. હું એનો ભોક્તા નથી. ૧૪૩ થઈ. હવે પાંચ પ્રકૃતિ રહી અંતરાયની. છેલ્લું આઠમું અંતરાય કર્મ.

'**હું દાનાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...**' ધર્મીને આત્મભાન થયું, દાનાંતરાય પ્રકૃતિ પડી હોય. પણ એના ઉપર એનું લક્ષ નથી. લક્ષ અને ધ્યેય તો શુદ્ધ આનંદ ઉપર છે. ધ્રુવ ચૈતન્ય, ધ્રુવ ચૈતન્ય અનાદિઅનંત પરમાત્મા પરમસ્વભાવ ઉપર સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ હોવાથી દાનાંતરાય પ્રકૃતિની પર્યાય અને પ્રકૃતિ બેય મારામાં નથી. કહો, સમજાણું કાંઈ? કહે છે કે ઈચ્છા થાય પણ દાનાંતરાય કર્મ રોકે છે. એ તો નિમિત્તથી છે. પોતાની કંજુસાઈ રોકે છે એને. દાનાંતરાયકર્મ રોકે એમ કહેવું એ તો નિમિત્તની વાત છે. પણ પોતાની પર્યાયમાં એટલી નબળાઈ છે તો એ કારણે દાન દેવાનો ભાવ નથી આવતો. એ તો પોતાનું કારણ છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. કર્મ નથી રોકતા. કર્મ તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ?

એમ કહે છે કે પણ એ રોકાવાની પર્યાય અને પ્રકૃતિ બેય મારામાં નથી. અહીં એમ કહે છે. ઓહો..! હું તો સંપ્રદાનસ્વરૂપ છું. ભગવાન આત્મામાં એક સંપ્રદાન નામનો ગુણ છે અનાદિઅનંત. એક આત્મા વસ્તુ જેમ જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય, પ્રભુતા, વિભુતા, સ્વચ્છતા એવો ગુણ છે જેમ અનાદિઅનંત છે, એવો આત્મામાં છ કારકના ગુણ છે. છ કારક. કારક નામ કારણો અનાદિઅનંત. એક કર્તા નામનો ગુણ છે આત્મામાં અનાદિઅનંત. કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એ ૪૭ શક્તિમાં છે. ૪૭ શક્તિમાં. બધાનો બહુ વિસ્તારથી અધિકાર લીધો છે. ૪૭માં. છ શક્તિમાં એક સંપ્રદાન નામનો અનાદિઅનંત ગુણ છે. એનું કાર્ય શું? કાર્ય શું? પોતાને શુદ્ધ સ્વરૂપનું દાન દેવું એનું નામ કાર્ય. પરને દાન દેવા-લેવાની ક્રિયા પોતાની છે જ નહિ.

મુમુક્ષુ :- બધે દાન દેવાય ને?

ઉત્તર :- કોણ દઈ શકે? જડ પર્યાય તો એને કારણે આવે છે અને એને કારણે જાય છે. મેં એને દીધું એમ માને એ તો જડનો અભિમાની છે. મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- તકલીફ થઈ. દાન દેવું કે નહિ?

ઉત્તર :- રાગને મંદ કરવો એ પુણ્ય છે. ક્રિયા જે થાય છે દેવાની-લેવાની, એ પોતાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અધિકારની વાત નથી. એ તો જડ છે, અજીવ છે. અજીવમાં પણ સમયે સમયે ઉત્પાદવ્યયધ્રુવ થાય છે. તો પરમાણુમાં નવી નવી પર્યાય ઉત્પન્ન થઈને એ પરમાણુ ત્યાંથી જાય છે. આત્માને રાગ થયો કે હું દઉં તો એ કારણે પરમાણુ જાય છે? તો પરમાણુનો કર્તા આત્મા થયો. તો મિથ્યાદષ્ટિ છે. એમ હોતું નથી. ભાઈ! આવે છે ને? કાલે ભાઈ કહેતા હતા સવારે. પરસ્પર ઉપગ્રહો. અમે મંદિરે જતા હતા ત્યારે. નહિ? તમે વાત કરતા હતા. પત્થરની વાત. પ્રશ્ન તો થાય ને. એમાં શું છે? પણ ત્યાં પરસ્પર ઉપગ્રહ કહ્યું છે ને? તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામીએ કહ્યું છે. કુંદકુંદાચાર્યના શિષ્યે કહ્યું અને તમે ના પાડો છો.

ભાઈ! ભગવાન કહે છે કુંદકુંદાચાર્ય કે પરનો કર્તા-હર્તા આત્મા છે નહિ. તો ત્યાં કહ્યું ને? એ વખતે નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું કે નિમિત્ત કોણ હતું. એનો અર્થ પણ કર્યો છે. વચનિકા. જયચંદ્ર પંડિત થયાને? એમની વચનિકા છે તત્ત્વાર્થ સૂત્રની. એમાં લખ્યું છે. ઉપકારનો અર્થ એવો નથી કે કોઈનું કાર્ય કરી દે. કાર્ય વખતે નિમિત્ત હતું એને ઉપકાર કરે છે એમ કહેવામાં આવે છે. એમાં છે, આપણે છે પુસ્તક છે અહીં. બધું જોયું છે ને. બધા પુસ્તકો લાખો કરોડો પુસ્તક જોયા છે. એમાં એમ લખ્યું છે કે પરસ્પર ઉપગ્રહનો અર્થ એમ ન કરવો કે કોઈનું કાર્ય કરી દે એ ઉપકાર કરે છે. પણ કાર્ય વખતે ઉપકાર નામ કઈ ચીજ સમીપ હતી એનું જ્ઞાન કરાવવા ઉપકાર કરે છે એમ કહેવામાં આવે છે. એક કોર ભગવાન કહે કોઈનું કરી શકે નહિ અને એક કોર કહે કોઈનું કરી શકે. તો વિરોધ થયો. વીતરાગના માર્ગમાં એવો વિરોધ હોય? ક્યારેય નહિ. સમજાણું કાંઈ? દાન દેવા-લેવાની ક્રિયા પોતાની નથી.

મુમુક્ષુ :- ભાવ કરે.

ઉત્તર :- ભાવ કરે. રાગને મંદ કર્યો એ ભાવ એનો. એ પણ ભાવ રાગ છે. રાગને પોતાનો માને તો એ પણ મિથ્યાદષ્ટિ છે. કઠણ વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- તકલીફ થઈ ગઈ, દાન દેવું કે નહિ?

ઉત્તર :- દાન દેવા-લેવાની ક્રિયા તો થવાની હશે તે થાશે, થાશે ને થાશે જ. પરની વસ્તુ જવાની હશે તે જાશે જ. તારો ભાવ શું છે, બસ! એ કહે છે. રાગ મંદ કર્યો એ. પણ એ ખરેખર દાન નથી. કારણ કે એ તો પુણ્ય છે. ખરેખર દાન સંપ્રદાન નામનો આત્મામાં ગુણ શક્તિ છે. અનંત ગુણના પિંડ ઉપર દૃષ્ટિ કરીને શુદ્ધતા જે દશામાં પ્રગટ થઈ એ પોતામાં રાખી, એ શુદ્ધતા રાખી તો લેનાર પણ હું અને દેનાર પણ હું. પાત્ર પણ હું અને દાતાર પણ હું.

મુમુક્ષુ :- ઘરમાં ને ઘરમાં.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- ઘરમાં ને ઘરમાં છે. પરઘરમાં શું છે? દાતા પણ હું, પાત્ર પણ હું. એ આવે છે ને? તત્ત્વાર્થસૂત્રમાં વિધિ, પાત્રો, વિશેષા. પાત્ર પાત્ર વિશેષ આવે છે ને. એ વ્યવહારની વાત છે. નિશ્ચયની તો આ છે-સત્ય. હું જ પાત્ર લેનારો છું. મારી પર્યાયમાં-અવસ્થામાં શુદ્ધરૂપ પર્યાય થાય એને હું લઉં છું અને હું દઉં છું. મારી ચીજ રાગને હું લઉં છું કે દઉં છું એ મારામાં છે જ નહિ. પરની ચીજ તો હું લઉં છું, દઉં છું એ તો છે જ નહિ. પણ રાગને હું દઉં છું અને રાખું છું કે રાગનો નાશ કરું છું એ મારામાં છે જ નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! જગતને તત્ત્વ શું છે (એનું ભાન નથી).

સંપ્રદાન, દાનાંતરાય? ના. હું દાનને ભોગનાર જ નથી. દાનાંતરાય. હું તો મારા દાનને ભોગનારો છું. શુદ્ધ સ્વરૂપ હું છું, પવિત્ર છું, રાગથી રહિત છું એવી દૃષ્ટિ અને શાંતિને હું ભોગવનારો છું. એ **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ...'** જુઓ! જ કહ્યો છે. **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતુ છું.'** હું પર દાનાદિ કરનારો નથી અને દાનાંતરાય પ્રકૃતિમાં હું નથી. મારી પર્યાયમાં જરી દાનાંતરાયથી નિમિત્ત સંબંધથી વ્યવહાર ઉત્પન્ન થાય એ પણ હું નથી. સમજાણું કાંઈ? ભારે સમજવું જગતને તત્ત્વ દૃષ્ટિ. જેવું છે એવી દૃષ્ટિ કરવી એ તો ઘણો પરિશ્રમ કરે, પુરુષાર્થ કરે તો સમજાય. ભાઈ! એવી ચીજ છે. એ કંઈ પરિશ્રમ, પુરુષાર્થ વિના થઈ જાય એવી ચીજ નથી. **'હું દાનાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...'** લ્યો, (અંતરાયકર્મની) એક થઈ. ચાર બાકી રહી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ વદ ૨, બુધવાર તા. ૧૭-૧-૧૯૬૮**
**ગાથા-૩૮૭ થી ૩૮૯, પ્રવચન-૪૫૯**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. જુઓ! શું કહે છે? માથે છે ને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર? ઉપર-ઉપર. ઈ અધિકાર ચાલે છે. ધર્મી જીવ કોને કહીએ? કે જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું હોય. સમ્યગ્દર્શનમાં શું પ્રાપ્ત થાય છે? સર્વવિશુદ્ધજ્ઞાન. ધર્મ કોને પ્રાપ્ત થાય છે? કે જે સર્વવિશુદ્ધ-ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ છે એ પુણ્ય-પાપના વિકલ્પથી, શરીર, કર્મથી રહિત એવી અંતર દૃષ્ટિ થાય એનું નામ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર કહેવામાં આવે છે. તો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર જેને પ્રાપ્ત થયો.. સમજાણું કાંઈ? અહીં તો ધર્મની અંતરની વાત છે, ભાઈ! બહારની વાત નથી. બહારમાં ધર્મ છે જ નહિ. અંતરમાં ધર્મ છે. તો અંતર શું ચીજ છે એની ખબર ન હોય તો ધર્મ થતો નથી.

કહે છે કે '**હું દાનાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...**' કાલે આવી ગયું છે વિશેષ. શું કહે છે? હું, શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો મને લાભ થયો છે. હું તો ચૈતન્ય શુદ્ધ આનંદ છું. સમ્યગ્દર્શનમાં હોં પહેલા. ચોથા ગુણસ્થાને. સમજાણું કાંઈ? હું તો સર્વવિશુદ્ધજ્ઞાન મૂર્તિ છું. ત્રિકાળ સર્વવિશુદ્ધજ્ઞાન મૂર્તિ આત્મા. એ નિત્યાનંદ લીધું ને? દ્રવ્ય આત્મા લીધું. કળશટીકામાં. શુદ્ધદ્રવ્ય એ અધિકારનું નામ છે. શુદ્ધદ્રવ્ય અધિકાર. ત્યાં એમ લીધું છે. ઝીણું તો છે ભાઈ! એણે અનંત કાળમાં સમ્યગ્દર્શન જ પ્રાપ્ત કર્યું નથી. બાકી એ સિવાય બધું કર્યું. અનંત વાર વ્રત લીધા, નિયમ લીધા, ક્રિયાકાંડ પ્રવૃત્તિ બધું કર્યું અનંત વાર. અપવાસ કર્યા અનંત વાર પણ એ બધું આત્માના લાભનું કારણ નથી. ધર્મ નથી. ધર્મ કોને કહે છે? કે હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ત્રિકાળ ત્રિકાળ આનંદકંદ ધ્રુવ છું. એવી દૃષ્ટિ હોવાથી હું દાનાંતરાય કર્મના નિમિત્તમાં જે મારી પર્યાય હિણી છે એ હું નથી. હું એનો ભોક્તા નથી. હું તો સંપ્રદાન, પોતાના આત્મામાં એક સંપ્રદાન નામની શક્તિ અનાદિઅનંત છે. ૪૭ શક્તિમાં આવે છે. આત્મવિભૂતિમાં આવી ગયું છે.

પોતાના આત્મામાં સંપ્રદાન (નામનો એક ગુણ છે). અનંત ગુણનો પિંડ પ્રભુ જે આત્મા એની અંતર દૃષ્ટિ દેવાથી સંપ્રદાન નામ પોતાની પર્યાયમાં શુદ્ધતાની, આનંદની પ્રાપ્તિ થવી અને પોતે લેવું, પોતે લેવું અને પોતાને દેવું એનું નામ સંપ્રદાન શક્તિનું દાન અંતરાયરહિત પોતાના શુદ્ધ સ્વરૂપના દાનને દાન કહે છે. સમજાણું કાંઈ? આમાં તો કાંઈ સમજાય નહિ એવા અક્ષર પડ્યા છે. શું કહે છે એમાં? એમાં એ કહે છે કે હું દાનાંતરાય પર્યાયમાં-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અવસ્થામાં દાનાંતરાયનું નિમિત્ત અને પર્યાયમાં એમાં રોકાણી છે થોડી એ હું નથી. હું તો શુદ્ધ ચિદાનંદ આનંદ સ્વરૂપમાં મારી દૃષ્ટિ છે, ધર્મીની દૃષ્ટિ છે તો એમાં તો મારા સ્વરૂપનું દાન લેનાર હું અને દેનાર પણ હું છું. ઉપેયમાન છે ને સંપ્રદાનમાં?

હું ઉપેયમાન નામ પોતાનો શુદ્ધ સ્વભાવ, એના શ્રદ્ધા-જ્ઞાનમાં પોતાની શાંતિનો જે લાભ મળ્યો એ મારું દાન. એ મેં લીધું એટલે હું પાત્ર છું. એ દાન છે ખરેખર. પરની ચીજને દેવા-લેવાનો આત્માનો અધિકાર છે નહિ. એ તો પરની જડ ચીજ છે. એ આવે છે, જાય છે. હું દઉં છું, હું લઉં છું એમ માનવું, જડના સ્વામી થવું એ તો મિથ્યાદૃષ્ટિ અધર્મી છે. અને અંદર વિકલ્પ ઉઠે છે જરી દાનમાં શુભરાગનો, ચાહે તો મુનિ હોય કે ચાહે તો ભગવાન હોય તીર્થંકર, જ્યારે કેવળજ્ઞાન ન હોય ત્યારે એને પણ આહાર દે તો એને શુભભાવ થાય. પુણ્ય, ધર્મ નહિ. સમજાણું કાંઈ? કેમ કે પરદ્રવ્ય છે. એ તરફનું લક્ષ કરવું એ શુભરાગ પુણ્ય છે. આત્માના જન્મ-મરણનો નાશ કરનારી એ ચીજ નથી.

મુમુક્ષુ :- પરંપરા તો મોક્ષ થાય ને.

ઉત્તર :- બિલકુલ પરંપરાએ ધૂળમાં નથી થતું. સમજાણું કાંઈ? પરંપરા તો અનંત વાર થઈ. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. અનંત વાર એવા દાન દીધા છે, અનંત વાર મુનિને દાન દીધા છે. લ્યો! સમજાણું કાંઈ? એ શ્વેતાંબરમાં આવે છે પ્રશ્ન. પરિતસંસાર કર્યો ભગવાનને આહાર દઈને. બિલકૂલ ખોટી વાત છે. વસ્તુની સ્થિતિ એમ છે નહિ.

એ પ્રશ્ન (સંવત) ૧૯૭૭માં થયો હતો. કોણ એ તમારા નહિ? ગોંડલ. ભૂપતલાલ? કોણ? તમારા વેવાઈ? ભૂપત.. હા એ. ભૂપત પ્રશ્ન કર્યો હતો. ૭૭ની સાલ. સંવત ૧૯૭૭. ૪૭ વર્ષ થયા. ત્યાં અમે ગોંડલ ગયા હતા ગોંડલ. તો એ પ્રશ્ન ચાલ્યો કે ભગવાનને આહાર દીધો.. ભગવતીમાં આવે છે. ભગવતી સૂત્ર છે ને આ ૩૨ સૂત્ર શ્વેતાંબરના. એમાં રેવતી રાણી કહેવાય. રેવતી બાઈ છે. ભગવાનને રોગ થયો હતો. એમ માને છે ને એ લોકો તો. ભગવાનને રોગ થયો. રોગ-બોગ થતો નથી. કેવળીને રોગ થતો નથી. પણ એ માને છે. ભગવાનને રોગ થયો. ભગવાન શિષ્યને કહે છે. એક સિંહણગાર નામનો સાધુ. કલ્પિત વાત છે બધી. પણ છે એમાં. કહે છે, જાવ મારા માટે એ રેવતીએ ઘોડાપાક કર્યો છે એ સાફ કરીને લઈ આવો. ઘાડોપાક સમજ્યાને? પણ ઘોડા માટે કોઈ પાક બનાવ્યો છે. .. ઘોડા ઘોડા સમજ્યા? અશ્વ. તો ભગવાન કહે છે. કેવળી હોં! કેવળજ્ઞાન થયું અને શરીરમાં રોગ થયો પેચોટીનો. પેચોટી સમજો છો? એવો રોગ થયો. ભગવતીસૂત્રમાં લેખ છે શ્વેતાંબરમાં. એ વાત કલ્પિત છે, વાત જૂઠી છે. પણ એ અધિકાર ચાલે છે. ચર્ચા તો થાય ને અમારે સંપ્રદાયમાં.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો સાધુ આહાર લેવા ગયા. તો ઘોડાને માટે જે બનાવ્યું હતું. પહેલા બનાવ્યું હતું એ આપ્યું. આ નહિ. આ અમારે આહાર નહિ. ભગવાન માટે બનાવ્યો. એને ખ્યાલ આવ્યો કે ભગવાનને રોગ છે. .. તમારા ઘોડા માટે બનાવ્યો છે એ લાવો. પછી બીજો લાવ્યા આહાર. શાસ્ત્રમાં એમ ચાલ્યું છે, પરિતસંસાર કર્યો, સંસારને ઘટાડી દીધો. આહાર દીધો તો ઘટાડી દીધો. એવો પાઠ છે. એમ હોય જ નહિ. પરદ્રવ્યને આહાર દેવાથી.. આ તો કેવળી છે. કેવળીને તો આહાર જ હોય નહિ. કેવળીને આહાર કેવો અને કેવળીને રોગ કેવો? દવા પણ કેવી એને?

પણ જો છદ્મસ્થ તીર્થંકર હોય, જ્યાં સુધી કેવળજ્ઞાન ન થયું હોય ત્યાં સુધી તેને આહાર તો હોય છે. તીર્થંકર આહાર લેવા જાય છે તો એને આહાર દે. તો આહાર દેવાનો શુભભાવ થાય-પુણ્ય. ધર્મ નથી. કેમ કે ધર્મ છે એ પોતાના દ્રવ્યના આશ્રયે થાય છે. પરને આશ્રયે થતો નથી. એમાં પરિતસંસાર કર્યો એમ લખ્યું છે. એટલે મેં અહીં કહ્યું કે ભાઈ! જુઓ! પરને આશ્રયે... એણે આ પ્રશ્ન કર્યો એણે ૭૭માં. પોપટભાઈએ. ભગવતીસૂત્રમાં આવ્યું છે ને મહારાજ! રેવતીએ આહાર દીધો અને પરિતસંસાર કર્યો. કીધું, છે પણ એ વાત એમ નથી. હવે શું એને કહેવું ત્યાં? સંપ્રદાયના માણસો તત્ત્વને સમજે નહિ. વાડામાં બંધાઈને પડ્યા. તત્ત્વ શું છે (એનું ભાન ન મળે). પરને દેવામાં ભગવાન હોય કે તીર્થંકર હોય, ઈ સમ્યગ્દૃષ્ટિ હોય તો પોતાના સ્વરૂપના આશ્રયે લાભ કરે છે. પણ પરને આશ્રયે જે થાય છે એમાં તો શુભરાગ અને પુણ્ય જ થાય છે.

અહીં કહે છે કે દાનાંતરાયને હું ભોગવતો નથી. એમાં જે રાગ આવ્યો જરી કે દાન (દઉં) એ હું નહિ. હું તો શુદ્ધ ચિદાનંદ મૂર્તિ પોતાના સ્વરૂપનું દાન પોતને દઉં છું. જુઓ! **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ...'** હું તો ચૈતન્ય આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આત્માને જ. એ નિશ્ચય. **'સંચેતું છું.'** હું તો મારી શાંતિને સંચેતુ છું. હું દઉં છું અને હું લઉં છું. પરમાં દેવા-લેવાની ક્રિયા મારી છે નહિ. કહો, સમજાણું કાંઈ? ઓહોહો..! અનંત કાળનો અપૂર્વ ધર્મ ભગવાને વીતરાગે કહેલો એ જગતે ખ્યાલમાં લીધો નથી. માન્યું એમ. કહે છે કે હું એ નહિ. હું તો સર્વવિશુદ્ધજ્ઞાન સ્વરૂપ છું. નિર્મળાનંદ ચૈતન્ય જ્યોતિ છું. પરના નિમિત્તથી થવાની ક્રિયા એ મારામાં છે જ નહિ. હું તો શુદ્ધ આનંદ અને શાંતિને વેદનાર છું. એક વાત.

બીજો બોલ. **'હું લાભાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...'** લ્યો! મારી પર્યાયમાં પોતાના સ્વરૂપનો લાભ ન થાય એવી જે પર્યાય હિણી છે એને હું ભોગવતો નથી. બહારના પૈસાનો લાભ માને એની તો વાત છે જ નહિ. આ તો પોતાના શુદ્ધ સ્વરૂપનો લાભ પર્યાયમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ન મળે એ જેટલા લાંભાતરાયને નિમિત્ત કરીને જે અભાવ થાય છે એ હું નથી. ધર્મીને અંતર સ્વરૂપનો લાભ થાય છે. ભગવાનસ્વરૂપ ચૈતન્યદ્રવ્ય પરિણામિક ભાવ ધ્રુવ સ્વભાવ. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ધ્રુવ. ધર્મીની દૃષ્ટિમાં એનો લાભ છે. ભગવાને તો એમ કહ્યું કે એ વસ્તુ છે એને જ અમે સ્વરૂપલાભ, દ્રવ્યલાભ કહીએ છીએ. ચંદુભાઈ! પંચાસ્તિકાય. આમાં કહ્યું ને?

મુમુક્ષુ :- હમણાં વાંચ્યું ને.

ઉત્તર :- ૫૬ ગીથા. આ ૫૬ ગાથા. '**द्रव्यात्मलाभहेतुकः परिणामः**' સંસ્કૃત છે. અમૃતચંદ્રાચાર્ય મુનિ. આ ટીકા જેમણે કરી એમણે એ કરી છે. આ જેમણે કરી એ એમણે કરી છે. '**द्रव्यात्मलाभहेतुकः परिणामः**' એટલે શું?

મારું દ્રવ્ય જે વસ્તુ શુદ્ધ ધ્રુવ ચિદાનંદ અનાદિઅનંત છે એનું દ્રવ્યાત્મ-દ્રવ્યનું સ્વરૂપ, વસ્તુનું ત્રિકાળી આનંદસ્વરૂપ એનો લાભ, એની હયાતી. લાભ નામ એની હયાતી. સમજાણું કાંઈ? એક સમયનો પુણ્ય-પાપનો વિકાર તો નહિ, પણ એક સમયનો ક્ષયોપશમભાવ, ઉપશમભાવ અને ક્ષાયિકભાવ છે એ પણ એક સમયની અવસ્થા છે-એક સમયની પર્યાય છે. હું ત્રિકાળ ધ્રુવ પરમસ્વભાવ છે એ જ મારો સ્વરૂપ લાભ, એ જ મારો દ્રવ્યલાભ, એ જ મારી હયાતી. સમ્યગ્દૃષ્ટિ એવી પોતાની હયાતી ત્રણ કાળ એકરૂપ સ્વરૂપ રહે છે એને હયાતી માને છે. ભારે ઝીણું.

'**द्रव्यात्मलाभहेतुकः परिणामः**'. પર્યાયમાં લાભની વાત નથી હોં અહીંયાં. વસ્તુ પોતે ત્રિકાળ વસ્તુ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એનું નામ સ્વરૂપલાભ. સ્વરૂપલાભનો અર્થ સ્વરૂપ હયાતી. હયાતીનો અર્થ સ્વરૂપ એવું ધ્રુવ અનાદિઅનંત છે એનું નામ દ્રવ્ય કહેવામાં આવે છે. એની જે દૃષ્ટિ થઈ, અંતર દૃષ્ટિ સમ્યક્ થઈ તો આ સ્વરૂપ છે એવો લાભ પર્યાયમાં થયો. ભાઈ! આહાહા..! સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનમાં દ્રવ્યસ્વરૂપ અનાદિઅનંત ધ્રુવ સ્વરૂપ ચિદાનંદ છે, જેમાં અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ પડ્યો છે. સામાન્ય ચૈતન્ય ધ્રુવ કંદ. જેમ સુરણકંદ છે, સુરણની કંદ-ગાંઠ હોય છે ને? સુરણની. એમ ભગવાન આનંદની ગાંઠ છે. અતીન્દ્રિય આનંદની ગાંઠ ત્રિકાળ ધ્રુવ. એનું નામ ભગવાન પરિણામિક ભાવ કહે છે. પરિણામિક એટલે કે છે ત્રિકાળ. છે. આમ દૃષ્ટિમાં લાભ થવો કે આ ચીજ હું છું. ત્યારે પર્યાયમાં એમ આવ્યું કે આ ધ્રુવ છે એ વસ્તુ છે. તો પર્યાયમાં લાભ થયો તો આત્મદ્રવ્ય છે એવી હયાતીની કબુલાત થઈ. સમજાણું કાંઈ?

લાભાંતરાય. હું તો ભગવાન શુદ્ધ ચૈતન્યનું સ્વરૂપ ત્રિકાળ હયાતી છે એનો હું લાભ લેનાર છું. તો મારા લાભમાં, પર્યાય જે અંતરાય કર્મના નિમિત્તમાં હીણી થાય છે એ મારી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી અને એને હું ભોગવનાર નથી. હું તો સ્વરૂપલાભ ત્રિકાળી ધ્રુવ અનંત આનંદકંદ ધ્રુવ ચિદાનંદ છે.. છે... છે... અનાદિઅનંત ધ્રુવ છે. એક સમયની પર્યાય અવસ્થાને બાદ કરીને જે ધ્રુવ છે એ સ્વરૂપ હયાતી. એની દૃષ્ટિમાં, સમ્યગ્દૃષ્ટિમાં એ લાભ થયો એનું નામ આત્મલાભ કહેવામાં આવે છે. ભગવાનજીભાઈ! બાકી નુક્સાન છે એમ કહે છે. આહાહા..! જુઓ! આ પાંચ-પચાસ લાખ મળ્યા અને ધૂળ મળ્યા અને કહે લાભ થયો. કરો લાપસી. લાપસીને શું કહે છે? કંસાર. કંસાર કહે છે? પૈસા પેદા થાય તો નથી કહેતા કે કંસાર કરો. શું કહે છે? હિન્દીમાં શું કહે છે? અમારે તો કહે છે કરો કંસાર. લાપસી-લાપસી. ઘઉંની થાય છે ને? લાપસી ખાવ. લાપસી ખાવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ જુદી વાત છે. એ .. નહિ. આ તો ઘરના માણસ કહે.

મુમુક્ષુ :- હલવો.. હલવો.

ઉત્તર :- હલવો તો શીરાને કહે. એ નહિ. શીરાને હલવો કહે છે ભાઈ. તમારી હિન્દી ભાષા માટે. અમારે તો લાપસી કહે છે. ઘઉંની થાય ને ઘઉંની? લાપસીને શું કહે? લાપસી કહે છે ને?

મુમુક્ષુ :- દલિયા.

ઉત્તર :- દલિયા તો અમારે ઓરમાને કહે છે. અમારી દરેક ભાષા જુદી છે. એ ઘઉંના ઝીણી ઝીણા કટકા હોય છે ને તો એને અમારે ઓરમું કહે છે અને સાવ ઝીણા લોટની કરે ને એમાં ગાંઠ ન પડે એને લાપસી કહે છે. લાપસી જુદી, ઓરમું જુદું, ચૂરમું જુદું. સમજાણું કાંઈ? અહીં તો લાપસીની વાત ચાલે છે. સારા પૈસા મળે તો કહે, કરો કંસાર. આ સવારમાં નહિ? આ વર્ષ બેસતા નહિ? વર્ષ બેસે. કારતક સુદ એકમ. કંસાર કરે છે. કંસાર નથી કહેતા? શું કહે છે તમને ખબર નથી?

મુમુક્ષુ :- ભાષા તો ...

ઉત્તર :- પણ કાંઈક કરે કે નહિ? વર્ષ બેસતાએ કાંઈ કરે કે નહિ?

મુમુક્ષુ :- ચૂરમું.

ઉત્તર :- ચૂરમું નહિ.. ચૂરમું નહિ.

મુમુક્ષુ :- મુહૂર્તમાં તો લાપસી જ હોય.

ઉત્તર :- લાપસી જ હોય. એ લોકોને ખબર નથી. એ મુહૂર્તમાં તો ઘઉંની લાપસી હોય. બધા પ્રસંગમાં. એને લાપસી કહે છે. એ કંસાર કહો કે લાપસી કહો. કહે છે કે લાપસીનો લાભ પૈસા આવ્યા એ લાભ નથી એમ કહે છે. અને અંદરમાં શુભભાવ થાય એ પણ

લાભ નથી.

મુમુક્ષુ :- થોડો લાભ તો થાય ને?

ઉત્તર :- નહિ. કિંચિત્ લાભ નથી. નુકસાન છે. આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ આનંદરસનો ઢગલો પડ્યો છે. એની અંતરમાં દૃષ્ટિ પુણ્ય-પાપથી ખસીને થઈ તો આત્માની પર્યાયમાં જે શાંતિનો લાભ થયો એ લાભને હું ભોગવું છું. એ કંસાર છે. ત્રિકાળ ભોગવે છે એવું આવતું નથી? આ આત્મદ્રવ્યલાભ છે ત્રિકાળ પણ એની તો હયાતી છે. એ હયાતીની કબુલાત શેમાં થઈ? શુદ્ધ છે એમ કહ્યું પણ શુદ્ધ ક્યારે થયું? પર્યાયમાં જ્યારે અંતર્મુખ થઈને શુદ્ધતા પ્રગટ કરી ત્યારે આ શુદ્ધ છે એમ ભાન થયું. એવો ત્રિકાળ આનંદકંદ પ્રભુ ધ્રુવ છે. સમ્યગ્દર્શનમાં હોં ચોથા ગુણસ્થાને. પરમ ધ્રુવ સ્વભાવ ધ્રુવ સ્વભાવ એકાકાર ત્રિકાળ આનંદકંદ ધ્રુવ છે એનો પર્યાય-વર્તમાન અવસ્થામાં લાભ થવો એ લાભને હું ભોગવનાર છું. ધર્મી એમ માને છે. હું રાગને ભોગવનાર નથી. કર્મને ભોગવનાર નથી. કર્મના નિમિત્તને ભોગવનાર નથી, લાપસીને ભોગવનાર નથી. સ્ત્રી ને મકાનને ભોગવનાર હું નથી એમ સમકિતી માને છે. અને પરને ભોગવનાર માને એ મિથ્યાદૃષ્ટિ છે. એ ધર્મી નથી, સમ્યગ્દૃષ્ટિ નથી.સમજાણું કાંઈ?

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. '**હું લાંભાંતરાય...**' મારામાં વિઘ્ન થાય. પણ મારામાં વિઘ્ન કરનાર કોઈ છે જ નહિ. હું તો સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ અખંડાનંદ એને વિઘ્ન કોણ કરી શકે? હું એના સ્વરૂપમાં એકાકાર થઈને મારી સ્વરૂપની પ્રાપ્તિની શાંતિ મળે એ મારો લાભ છે. એ લાભને હું ભોગવનાર છું. પરને હું ભોગવનાર નથી. કહો, સમજાણું કાંઈ? છ ખંડનો રાજા ચક્રવર્તી. એ કહે છે કે હું તો આ ભોગવનાર છું. ભરત ચક્રવર્તી હતા ને. ભરતના પુત્ર હતા ને પહેલા ક્યા? અર્કકીર્તિ, પહેલો પુત્ર છે ને મોટો. ભરત ચક્રવર્તીનો પહેલો પુત્ર અર્કકીર્તિ હતા. એ પણ ચરમશરીરી હતા. ભરત પણ ચરમશરીરી હતા. અર્કકીર્તિ પણ ચરમશરીરી હતા. ચરમશરીરી સમજ્યા? છેલ્લું શરીર. તો એ બહુ સુંદર હતો. એને હજી વિકલ્પ તો છે. સમ્યગ્દૃષ્ટિ છે પણ વિકલ્પ છે. તો એ અર્કકીર્તિને ભરત ચક્રવર્તી કહેતા હતા કે, ભાઈ! તું .. અમે જ્યારે સભામાં બેસીએ છીએ. દિવાન. શું કહેવાય એ? રાજ દરબાર. દિવાનખંડ કહેવાય છે ને? દિવાનખંડ. એ ભાષા ભૂલી જવાય છે તમારી. દિવાનખંડ ભરાય ને. તો ભરતે હુકમ કર્યો, ભાઈ! તું એક-બે ઘડી સભામાં બેસો. એક-બે ઘડી બેસીશ તો તને એક કરોડ મહોર આપીશ. એક કરોડ મહોર તને આપીશ. પુત્રને કહે છે. પિતાજી હું આવીશ, કરોડ લઈશ. રાખો, તમારા ભંડારમાં રાખો. સમજાણું કાંઈ? એમ એક-બે ઘડી આવે તો એક કરોડ મળે. એ તો ચક્રવર્તી હતા ને. પછી જ્યારે ચક્રવર્તી દીક્ષિત થયા. કહે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે, અહો..! આ સંસાર એવો છે. આંગળી અડવી જોઈ. આંગળીમાં વીંટી નહોતી. વીંટી સમજ્યા? અંગુઠી. ઓહોહો..! આ? હું કોણ છું? ભાન તો હતું. વીંટી વિના શરીર સારું નથી દેખાતું. ઓહોહો..! મારું સ્વરૂપ તો આનંદકંદ. હું ક્યાં પડ્યો છું. દૃષ્ટિ કરીને દીક્ષા લેવાની તૈયારી થઈ ગઈ. દીક્ષા લીધી. અર્કકીર્તિને કહે, લ્યો. તને પૈસા આપ્યા હતા એ તમારા ભંડારમાં પડ્યા છે. પિતાજી ચાલ્યા જાય છે અને ભંડારના પૈસાને અમારે શું કરવા? ફેંકી દો. અમે પણ દીક્ષીત થઈએ છીએ. અમે પણ અમારા આનંદનો લાભ લેવા અંદરમાં જઈએ છીએ. અમે વનમાં જઈએ છીએ.

આનંદસ્વરૂપ ભગવાન આત્મા પુણ્ય-પાપનો લાભ નહિ. જડની ક્રિયા મારી નથી. એવા સ્વરૂપમાં (લીન થવા જંગલમાં નીકળી પડે છે). પણ આ તમારા પૈસા જમા પડ્યા છે ને? જમા કહે છે? શું કહે છે? ભાઈ! કરોડ જમા કરે છે ને? જમા કહે છે ને? તમારા માટે જમા રાખ્યા છે એક એક કરોડ દરરોજ. ફેંકી દયો અમારે શું? અમારી ચીજ છે ઈ? અમારી ચીજ તો અંતરમાં છે એમાં રાજ કરવા અમે જઈએ છીએ. રાજ્યતે શોભતે ઈતિ રાજા. પોતાનો આનંદ સ્વરૂપ ચિદાનંદ ભગવાન એના સમ્યગ્દર્શનમાં પોતાની શોભા પોતાની પર્યાયથી છે. પરથી શોભા નથી. સમજાણું કાંઈ?

**'હું લાભાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.'** ઓહોહો...! આ બધી સાહેબી-બાહેબી પડી હોય એને શું કરે? ધૂળમાં પડી છે તો એ એને ઘરે રહી. ત્રીજો. '**હું ભોગાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...**' પોતાના આનંદ સ્વરૂપને ભોગમાં વિઘ્ન કરનારી પ્રકૃતિની પર્યાયમાં જે મારી થોડી દશા છે એ હું નથી. હું તો મારા આનંદને ભોગવનાર છું. સમજાણું કાંઈ? આ ધર્મની દૃષ્ટિની ખબર નથી લોકોને. સમ્યગ્દૃષ્ટિ શું છે અને સમ્યગ્દર્શનમાં કેવું પ્રાપ્ત થાય છે? કહે છે કે ભોગાંતરાય હું નથી. મારા આત્માનો અનુભવ, આનંદને ભોગવનાર હું તો છું. હું રાગનો ભોગવનાર નથી, બીજાને ભોગવનાર નથી પણ ભોગાંતરાયના નિમિત્તથી પોતાની પર્યાય જરી હીણી થાય છે એને પણ હું ભોગવનારો નથી. સમજાણું કાંઈ? આહાહા..! મૂળ વાત વિના મૂલં નાસ્તિ કુતો શાખા. જેને મૂળ ન મળે એને ઝાડ ઊગી ગયું મોટું વૃક્ષ આખું. એમ સમ્યગ્દર્શન વિના ચારિત્ર અને વ્રત થઈ ગયા. એકડા વિનાના મીંડા થઈ ગયા. અહીંયાં કહે છે કે હું સમ્યગ્દૃષ્ટિ જ્યારથી થયો ત્યારથી મારા અનુભવને ભોગવું છું. હું રાગાદિને ભોગવતો નથી. રાગનો કર્તા પણ નથી, રાગનો ભોક્તા પણ નથી. પુણ્ય પરિણામનો કર્તા પણ નથી, પુણ્ય પરિણામનો ભોક્તા પણ નથી. તો પરનો ભોક્તા તો છું જ નહિ. '**હું ભોગાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માને જ સંચેતું છું.**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**હું ઉપભોગાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...**' વારંવાર ભોગવે. એકવાર ભોગવે તે ભોગ, વારંવાર ભોગવે. પોતાની પર્યાય વારંવાર ભોગવાય છે. આનંદની... આનંદની... આનંદની. અકષાય સ્વભાવ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ એની દૃષ્ટિ થઈ અંતર. પર્યાયદૃષ્ટિ છૂટીને દ્રવ્યદૃષ્ટિ થઈ વસ્તુની તો પોતાની પર્યાયનો વારંવાર અનુભવ કરવો એ જ મારું સ્વરૂપ છે. વારંવાર ભોગવવાય એવી સ્ત્રી, કપડા, મકાન વારંવાર ભોગવવામાં આવે એ ચીજ મારી નથી. એ ચીજમાં હું નથી અને એ ચીજને હું ભોગવતો નથી. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ ભારે. પહેલેથી આવું હશે? પહેલું ધર્મનું કર્તવ્ય બીજું કાંઈક હશે કે નહિ? આહાહા..! ભાઈ! પ્રભુ! તારી ચીજ પહેલેથી આવી છે. સાંભળવા મળી નથી, કરી નથી કદી. ઓહોહો..! સમ્યગ્દૃષ્ટિ જીવ થોડા હોય છે. સમજાણું કાંઈ? બાકી બહારની ક્રિયાકાંડ કરનારા ઘણા હોય છે. અનાદિથી ચાલ્યા આવે છે.

'**હું ઉપભોગાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...**' એક વાર ભોગવાય એને ભોગ કહે છે. વારંવાર ભોગવાય એને ઉપભોગ કહે છે. બહારની ચીજ એક વાર અને બે વાર ભોગવાય એ હું છું જ નહિ. હું તો મારા આનંદને ભોગવનાર અને વારંવાર આનંદનો ઉપભોગ કરનાર હું છું. સમજાણું કાંઈ? લ્યો, ૧૪૭ થઈ. આ ૧૪૮ આજે પૂરી થશે. શનિવારથી શરૂ થઈ હતી. સમજ્યાને? માગશર વદી અમાસ. ક્યો વાર હતો? શનિવાર. તમારે પોષ વદ અમાસથી શરૂ થઈ છે. આજે ૧૯ દિવસ થયા. ૧૯ દિવસ સમજો છે? ૧૯ દિવસે આ અધિકાર ૧૪૮ પ્રકૃતિનો પૂરો થાય છે. સમાપ્તિ. છેલ્લા શબ્દો છે હવે.

'**હું વીર્યાંતરાયકર્મના ફળને નથી ભોગવતો,...**' શું કહે છે? મારું વીર્ય તો અંદર આનંદ સ્વરૂપની રચના કરે એ મારું વીર્ય છે. ભગવાન આત્મા પોતાનું બળ છે અંદરમાં એ શુદ્ધ ચૈતન્ય આનંદ, જ્ઞાનની રચના કરે એનું નામ વીર્ય છે. શું રાગની રચના કરે એ વીર્ય છે? પુણ્યની રચના કરે એ વીર્ય છે? બિલકુલ વીર્ય નથી. રાગની રચના ન કરે તો પરની ક્રિયા શરીર, વાણી, મનની કરે અને પરનું ભલુ ભૂંડું કરે એવું આત્મામાં છે જ નહિ.

'**હું વીર્યાંતરાય...**' મારી પર્યાયમાં જરી વીર્યઅંતરાયમાં પર્યાય જે નિમિત્ત સંબંધ છે એ સંબંધને વ્યવહાર ગણીને, અભૂતાર્થ ગણીને, ગૌણ કરીને મારામાં નથી. હું તો મારા શુદ્ધ સ્વરૂપની રચનાને કરનાર, ભોગવનાર છું. કહો, સમજાણું કાંઈ? '**હું વીર્યાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' સંચેતું છું. છેલ્લો શબ્દ છે બધામાં. બધામાં છે એ તો. હું તો જ્ઞાનાનંદ શુદ્ધ આનંદ સ્વરૂપ એવો આત્મા જ સંચેતું છું. સં નામ એકાગ્ર થઈને ચેતન કરું છું. એ મારી ચીજ છે. કહો, સમજાણું કાંઈ?

'**(આ પ્રમાણે જ્ઞાની...**' એ પ્રકારે ધર્મી '**સકળ કર્મોના ફળના સંન્યાસ...**' નામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વામીપણાને છોડી પોતાની '**(ભાવના કરે છે).**' રાગાદિ, પુણ્યાદિ બધાનું સ્વામીપણું છોડીને પોતાના સ્વરૂપની ભાવના કરે છે. એનું નામ ધર્મી અને જ્ઞાની કહે છે. હવે એનો ખુલાસો કરે છે જરી હોં. પંડિત. જયચંદ્ર પંડિત છે ને એ. જયપુરમાં થયા છે. '**(અહીં ભાવના એટલે વારંવાર ચિંતવન કરીને ઉપયોગનો અભ્યાસ કરવો તે.**' પોતાનો જ્ઞાનઉપયોગ વારંવાર સ્વરૂપ તરફ વાળીને, ઢાળીને પોતાની એકાગ્રતા કરવી એનું નામ અભ્યાસ અને ચિંતવન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? જેને જેની પ્રીતિ હોય તો વારંવાર એને એ વિકલ્પ આવ્યા કરે છે. વારંવાર વારંવાર આમ હોય, આમ હોય, આમ હોય. દીકરા ઉપર પ્રેમ હોય તો દીકરાનો વિકલ્પ આવે, પૈસાનો પ્રેમ હોય તો સ્વપ્નમાં પણ એ આવે છે. વારંવાર એ રાગની ભાવના જેમ અજ્ઞાનીને આવે છે. એમ ધર્મીને પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપમાં વારંવાર ઉપયોગ લગાવવો એ ભાવના આવે છે. સમજાણું કાંઈ?

જુઓને! એ ..માં દાખલો નથી આવતો? એક સૂતોત છે માણસ સૂતો છે. સૂતો છે તો.. પછેડી છે ને કપડા. કપડા .. છે. લો પાંચ હાથ, લો પાંચ હાથ. ઊંઘમાં ફાડી નાખ્યું. જાગ્યો ત્યાં કહે, આ શું થયું? એવી વેપારની ધૂન લાગી હતી. વેપારની ધૂન હતી ને. કહે, લો પાંચ હાથ. ભગત બહુ કરતા હતા ભગત. મોનજી ભગત. રાણપુર. નહિ? મોનજી ભગત બહુ કરતા. નહિતર એ તો નોકર હતા શેઠના. પણ બહુ નીતિવાળો માણસ. નીતિ બહુ એટલે બિલકુલ એક પાઈ ખાય નહિ કોઈની. સવાર પડી ત્યારે.. કપડું ગયું. લગની લાગી ગઈ. દિવસની લગની રાતે આવી. જેની જેને રુચિ એનું વીર્ય ગતિ કર્યા વિના રહે નહિ. જેને જેની જરૂરિયાત એમાં આત્માનું વીર્ય કામ કર્યા વિના રહેતું નથી. સમજાણું કાંઈ? ધર્મીને પોતાના આત્માની જરૂરિયાત છે. શુદ્ધ ચિદાનંદ હું છું એવી જરૂરિયાતમાં વારંવાર વારંવાર ઉપયોગ લાગે છે એનું નામ વારંવાર ચિંતવન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**જ્યારે જીવ સમ્યગ્દષ્ટિ-જ્ઞાની થાય છે...**' ચોથે ગુણસ્થાને. જ્યારે જીવ પહેલા સમ્યગ્દષ્ટિ જ્ઞાની થાય છે '**ત્યારે તેને જ્ઞાન-શ્રદ્ધાન તો થયું જ છે...**' જ્ઞાન-શ્રદ્ધાન તો એમ થયું જ છે કે હું પુણ્ય નથી, પાપ નથી, રાગ નથી, ક્રિયા નથી, જડ નથી, શરીર નહિ, વાણીની પર્યાય નથી. હું તો શુદ્ધ આનંદ જ્ઞાનમૂર્તિ છું એવી જ્ઞાન-શ્રદ્ધા તો થઈ છે. હું... જુઓ! શું કહ્યું? '**શુદ્ધનયે સમસ્ત કર્મથી અને કર્મના ફળથી રહિત છું.**' જ્યારે સમ્યગ્દર્શન થાય છે-પહેલો દરજ્જો-ધર્મની પહેલી સીઢી-ત્યારે એની એવા શ્રદ્ધા-જ્ઞાન થાય છે કે હું શુદ્ધનયે પવિત્ર દૃષ્ટિ કરવાથી મારું સ્વરૂપ જે ત્રિકાળ ધ્રુવ છે એ દૃષ્ટિથી સમસ્ત કર્મ-બધા આઠ કર્મ અને પુણ્ય-પાપના ભાવકર્મ અને કર્મનું ફળ હરખ-શોક એનાથી તો હું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રહિત જ છું. એનાથી તો હું રહિત જ છું. કહો, સમજાણું કાંઈ?

**'પરંતુ પૂર્વે બાંધેલાં કર્મ ઉદયમાં આવે...'** પૂર્વનું બંધાયેલું કર્મ જે ફળ દેવા આવ્યા. **'તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને,...'** જુઓ! એ પુણ્યભાવ થાય એનું કર્તૃત્વ છોડીને. હું કર્તા નથી. પુણ્યભાવનો હું કર્તા નથી. સમજાણું કાંઈ? હું એનો સ્વામી નથી. રાગનો હું સ્વામી નથી. ધર્મીની દૃષ્ટિ શુદ્ધ ચિદાનંદ ઉપર પડી છે તો રાગનો સ્વામી નામ કર્તૃત્વ હોતું નથી. સમજાણું કાંઈ?

**'હું શુદ્ધનયે સમસ્ત કર્મથી અને કર્મના ફળથી રહિત છું. પરંતુ પૂર્વે બાંધેલાં કર્મ ઉદયમાં આવે તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને,...'** પુણ્ય-પાપના વિકલ્પનો કર્તા પણ સમ્યગ્દૃષ્ટિ નથી. બહુ ઝીણી વાત. લોકોને સાંભળવા મળતી નથી. ઘણી ઝંઝટમાં પડ્યા છે અને સત્ય વાત સાંભળવાથી ગભરાય છે. ગભરાઈ જાય છે. અરર..! આવું? કદી સાંભળ્યું નથી, અભ્યાસ કર્યો નથી, પરિચય કર્યો નથી. જન્મ ચાલ્યો જાય છે. જન્મ ચાલ્યો ગયો. ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ રહે, થોડો રહ્યો. કેટલો રહ્યો? આ ભવનો તો અલ્પ રહ્યા. આહાહા..! અનંત કાળ ક્યાંક જવાનું છે. ભવિષ્યમાં અનંત કાળ રહેવાનું છે. તો આત્માની જો દૃષ્ટિ નથી થઈ તો રાગમાં રહેશે, તો ચાર ગતિના દુઃખમાં રહેવું પડશે. બરાબર છે? અને રાગથી ભિન્ન કરીને આત્માની દૃષ્ટિ કરી તો ભવિષ્યમાં આત્મામાં જ રહેશે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સાદિઅનંત. જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી આત્મામાં રહે છે. રાગ આવે છે પણ કર્તૃત્વ નથી. સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં સુધી રાગમાં પુણ્યનું કર્તૃત્વ માને છે તો એની સ્થિતિ રાગમાં રહી. રાગમાં રહી તો પોતાના શુદ્ધ સ્વરૂપથી ખસી ગયો. ત્યાં રાગમાં રહ્યો તો દુઃખમાં રહ્યો, આકુળતામાં રહ્યો. તો આકુળતા તો દુઃખ છે અને સંયોગ એ દુઃખનું નિમિત્ત છે. તો સંયોગ અને આકુળતામાં રહેશે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ સંયોગી ભાવથી અને સંયોગથી રહિત છે. સંયોગી ભાવનો અર્થ શુભ-અશુભ પુણ્ય-પાપભાવ એ સંયોગી ભાવ છે અને ચીજ એ સંયોગી છે. સંયોગ અને સંયોગભાવથી રહિત હું છું એમ કહે છે, જુઓ! **'તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને, ત્રણે કાળ સંબંધી ઓગણપચાસ ઓગણપચાસ ભંગો વડે કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને...'** કર્મચેતના એ રાગ. રાગને કરનારો હું નહિ. હું પુણ્યનો કર્તા નહિ, હું દયા, દાન, વ્રતના વિકલ્પને કરનાર નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ પોતાની ભાવના કરે છે. સમજાણું કાંઈ? જેનું કર્તૃત્વ કરે છે એમાં રહે છે. એમાં રહેતા તો અનંત કાળ ગયો. અનંત કાળ ગયો. એક સમય પણ રાગનું કર્તૃત્વ છોડીને પોતાના જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ કરી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. તો એમાં અનંત કાળ રહ્યા. અને ત્યાં રહેશે તો અનંત કાળ એમાં ભવિષ્યમાં રહેશે. રાગમાં અને આકુળતામાં રહેશે. આત્માનો તો નાશ થતો નથી. રાગનું કર્તૃત્વ સ્વીકારે છે એ અનંત કાળ એમાં રહેશે અને રાગનું કર્તૃત્વ છોડીને હું જ્ઞાયક છું એવો અનુભવ થયો તો ભવિષ્યમાં એમાં જ રહેશે. સમજાણું કાંઈ?

જુઓ! '**ત્યાગની ભાવના કરીને,...**' કર્મચેતનાનો ત્યાગ. કર્મચેતનાનો અર્થ શું? એ પુણ્ય-પાપના ભાવ એ કર્મ છે-ભાવકર્મ. એમાં એકાકાર થવું એ કર્મચેતના છે. એ દુઃખદાયક ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણ પ્રકારની ચેતના છે. એક કર્મચેતના, એક કર્મફળચેતના અને બેનો ત્યાગ કરાવે એ જ્ઞાનચેતના. તો કહે છે કે રાગાદિના પરિણામ એ મારું કર્તૃત્વ છે એ દૃષ્ટિ છોડી દે, નહિતર દુઃખી થઈશ. દુઃખી થયો છે ને દુઃખી છે અને દુઃખી થશે. સમજાણું કાંઈ? દુઃખમાં જ તારો અવતાર થશે. ચાર ગતિ અવતાર એ દુઃખરૂપ છે. ચાહે તો સ્વર્ગમાં જાવ, એ દુઃખરૂપ છે. ક્યાંય સુખ નથી, સુખ તો આત્મામાં છે.

તો કહે છે કે કર્તાપણું છોડીને.. કર્મચેતના.. રાગાદિનું કર્તૃત્વ હું નહિ. ભૂતકાળમાં કર્યું એ મારું નથી, વર્તમાનમાં પણ નથી, ભવિષ્યમાં રાગાદિ, પુણ્યાદિની ક્રિયા મારી નથી. '**તથા સર્વ કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને, એક ચૈતન્ય સ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું.**' લ્યો! આહાહા..! પુણ્ય-પાપની ચેતના કર્મચેતનાને છોડી દીધી અને ફળ જે હરખ-શોકનો ભાવ છે એ પણ મારો નથી. રહ્યું શું? જ્ઞાનચેતના. પોતાનું સ્વરૂપ જ્ઞાનમૂર્તિ એમાં એકાકાર થવું એ જ્ઞાનચેતનાનો અનુભવ રહી ગયો. અને એ જ અનુભવ સાદિઅનંત રહેશે. સ્વર્ગમાં જાશે તો પણ જ્ઞાનમાં રહેશે. ત્યાં પણ રાગાદિ બાહ્ય મળે તો કહે છે, એ હું નહિ. એ તો અનુભવમાં જ્ઞાન છું એમ રહેશે. ત્યાંથી પછી મનુષ્ય થઈને પણ જ્ઞાનચેતનામાં રહેશે. પછી સ્વરૂપસ્થિરતા થઈને કેવળજ્ઞાન પામશે. કેવળજ્ઞાન પામીને સિદ્ધ થશે અને જ્ઞાનચેતનામાં રહેશે. સમજાણું કાંઈ?

'**ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું.**' રહી જાય છે. બાકી રહી જાય છે. બેનો ત્યાગ કરીને એક રહી જાય છે. બેનો ત્યાગ સમજાણું? આહાહા..! અરે..! જેને અહીં હજી બહારની મીઠાશ લાગે, મીઠાશ. મીઠાશને શું કહે છે? પૈસા-પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ મૂડી પૈસા.. એય.. મલૂકચંદભાઈ! વૈભવ. તમારો નોકર ગયો હતો ને ત્યાં સ્વીટ્ઝરલેન્ડમાં. એ કહેતો હતો કે શું ન્યાલચંદભાઈનો વૈભવ! બિચારો ગરીબ માણસ અને ઓલો બે કરોડનો વૈભવ દેખે તો ઓહોહો..! થઈ ગયું. ધૂળેય નથી વૈભવ. વૈભવ તો આત્મવૈભવ અહીં છે. એ વૈભવ તો દુઃખના નિમિત્ત છે. અને દુઃખનું નિમિત્ત છે હોં! વૈભવ દુઃખરૂપ નથી. દુઃખરૂપ તો આકુળતા કરે એ. એના તરફનો વિકલ્પ કરે એ દુઃખરૂપ છે. ચીજ દુઃખરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી. ચીજ તો પર છે. બરાબર છે? કૈલાસચંદજી! વસ્તુ દુઃખરૂપ નથી. વસ્તુ તો ભિન્ન છે. પણ વસ્તુ મારી છે, હું એનો છું એવી મિથ્યા માન્યતા એ દુઃખરૂપ છે. આહાહા..!

ભગવાન કહે છે કે મારી વ્યાયામ શાળામાં આવનારો રાગને પોતાનો નથી માનતો. આહાહા..! ભગવાન કહે છે કે મારી જ્ઞાન શાળામાં આવનારો, અમારા માર્ગમાં આવનારો એ પુણ્ય-પાપનું કર્તૃત્વ ન માની શકે. આહાહા..! અને હરખ-શોકના ફળને ભોગવનાર પણ અમારી વ્યાયામ શાળામાં, જ્ઞાન શાળામાં, ધર્મશાળામાં નથી આવી શકતો. આહાહા..! સમજાણું કાંઈ?

'**સર્વ કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને, એક ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું.**' કોનું? ચૈતન્યસ્વરૂપ આત્મા જ્ઞાનચેતના. '**અવિરત,...**' નામ ચોથા ગુણસ્થાનમાં. અવિરત એટલે ચોથું ગુણસ્થાન. '**દેશવિરત...**' એટલે પાંચમું ગુણસ્થાન '**અને પ્રમત્ત અવસ્થાવાળા...**' એટલે છઠ્ઠું, મુનિની છઠ્ઠી દશા આત્માની. એ '**જીવને જ્ઞાનશ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ;...**' નિરંતર એ દૃષ્ટિ રહે છે કે રાગ હું નહિ, કર્મ હું નહિ, વિકાર હું નહિ, ફળ હું નહિ, પુણ્ય હું નહિ. એવી ભાવના તો ચોથે, પાંચમે અને છઠ્ઠે સાચા સાધુને, સાચા સંતને અને સાચા શ્રાવકને (હોય છે). સમજાણું કાંઈ? આ અવિરતી એટલે ચોથું ગુણસ્થાન, દેશવિરતી એટલે પાંચમું ગુણસ્થાન. '**પ્રમત્ત...**' એ છઠ્ઠું ગુણસ્થાન છે.

એવા '**જીવને...**' એવા જીવને '**જ્ઞાનશ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ;...**' નિરંતર ભાવના છે કે હું તો રાગની પુણ્યક્રિયાથી રહિત છું. દેહની ક્રિયાથી રહિત છું. હું હરખ-શોકના ભોગથી રહિત છું. એવી ભાવના તો નિરંતર સમ્યગ્દૃષ્ટિ હોય એને રહે છે. સમજાણું કાંઈ? ભારે ગૂઢ વાતું ભાઈ! હવે અહીં મઝા પડે બહારમાં. હવે આમ ખાવા, પીવાના, લૂગડા, મકાન મોટા દસ દસ લાખના. ૪૦ લાખનું મકાન છે લ્યો! ગોવામાં. શાંતિલાલ ખુશાલ. ૪૦ લાખનું.

મુમુક્ષુ :- ૪૦ કરોડનું હોય તો પણ શું થાય?

ઉત્તર :- ૪૦ કરોડની પુંજી છે ને ૪૦ લાખનું મકાન છે ને ૮૦ કરોડ નીકળ્યા નવામાં. આ જાન્યુઆરીમાં ૭૦ લાખની જમીન લીધી. નહિ? આ જાન્યુઆરીમાં. વૈજ્ઞાનિકોને બોલાવ્યા હતા. જુઓ! કેટલું નીકળશે એમાંથી? એક અબજનું એલ્યુમિનિયમ નીકળશે. ધૂળમાં જાશે ક્યાં.

મુમુક્ષુ :- એક સાથે નીકળશે થોડું.

ઉત્તર :- મહેનત કરશે તે દી. મહેનત કરશે તો મળશે રાગ. આહાહા..! ભગવાનજીભાઈ!

માર્ગ તો બીજો છે, ભાઈ! આહાહા..!

જેને સમ્યગ્દર્શન અને જ્ઞાન જેને સાચા થયા છે અને સાચો ધર્મી છે એ તો પરથી રહિત પોતાના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને ભાવના કરે છે. હું રાગ કરનારો, રાગને ભોગવનારો એ જ્ઞાનીને હોતું નથી. તો પરને કરનારો, પરને ભોગવનાર તો સ્વપ્નમાં પણ હોતું નથી. આહાહા..! આ હુશિયાર માણસ હોય તો વધારે પેદા કરતા હોય ને દુકાન ઉપર બેસીને ધ્યાન રાખીને. થડો-થડો. થડાને શું કહે છે? થડો કહે છે?

મુમુક્ષુ :- ગલ્લા ગલ્લા.

ઉત્તર :- ગલ્લો તો પૈસા નાખે ઈ. ભાઈ કહે છે ઈ બરાબર છે. ગદ્દી થડા. ગલ્લામાં તો પૈસા પેદા થયેલા નાખે. લાકડાનો ગલ્લો હોય ને? એમાં નાખે. આ તો થડે બેસે. આમ કરો, આમ કરો. એમાં વળી દરરોજની ૫૦ ૫૦ હજારની પેદાશ થાય, લાખ લાખની થાય તો ઓહોહો..! આંખ ફાટી જાય, .. રહી જાય. મૂઢ છે. એ ચીજ તો જડ છે. જડને તું ભોગવે છે? જડને તો તારો સ્પર્શ પણ થતો નથી. અને તું જડને કદી સ્પર્શતો નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. તારામાં રાગ થાય છે તો રાગનો તને અનુભવ છે, દુઃખનો અનુભવ છે, આકુળતાનો છે. આકુળતામાં તારે રહેવું છે તો ભવિષ્યમાં આકુળતામાં રહીશ. આકુળતા નામ ચાર ગતિમાં રહીશ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આકુળતા નામ ચાર ગતિ?

ઉત્તર :- બીજુ શું? આકુળતા નામ ચાર ગતિ. પરતંત્ર કહ્યું છે ને? પંચાસ્તિકાય, અમૃતચંદ્રાચાર્ય (કહે છે), ચાર ગતિ પરતંત્ર છે. ચારેય ગતિ પરતંત્ર છે. સમજ્યાને? છે ને? એ જ એમાં છે. આ બીજી-ત્રીજી ગાથામાં. લ્યો અહીં તો તૈયાર છે બધું. સંસ્કૃત-બંસ્કૃત પુસ્તક તૈયાર છે. સ્વતંત્રતા. જુઓ! '**નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ...**' ચાર ગતિ. એ રૂપ '**ચાર ગતિઓનું નિવારણ કરવાને લીધે અને (૨) શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ 'નિર્વાણનું પરંપરા કારણ' હોવાને લીધે (૧) પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે...**' ચાર ગતિ છે એ પરતંત્રતા છે. એની નિવૃત્તિ જેનું લક્ષણ '**અને (૨) સ્વતંત્રતાપ્રાપ્તિ જેનું લક્ષણ છે એવા ફળથી સહિત છે.**' એવા ફળની સહિત થાય છે. જુઓ! ચાર ગતિનું નિવારણ એ પરતંત્રતાની નિવૃત્તિ. નિર્વાણની ઉત્પત્તિ એ સ્વતંત્રતાની પ્રાપ્તિ. એ સમયનું ફળ છે. આત્માના આનંદનું એ ફળ છે. ચાર ગતિ તો પરતંત્રતા. ચાહે તો મનુષ્યગતિ હો, દેવગતિ હો. દુઃખદાયક ગતિ છે. દેવ પણ દુઃખી છે. ધૂળમાંય સુખી નથી. કોણ કહે છે સુખી? સમજાણું કાંઈ?

ભગવાન પોકાર કરે છે કુંદકુંદાચાર્ય. ભાઈ! પ્રભુ! તારા સ્વરૂપથી બહાર નીકળીને વિકલ્પ

થયો સ્વર્ગમાં તો એ દુઃખી છે. અગ્નિના અંગારામાં શેકાય છે. શેકાય છે એને શું કહે છે? શેકાય છે. જલ જાતે હૈં. એમ લખ્યું છે. પંચાસ્તિકાયમાં છે ને પાછળ.

મુમુક્ષુ :- એ તો ધર્મીનું લખ્યું છે.

ઉત્તર :- ધર્મીનું. ધર્મીને પણ કહે છે કે અરે..! ધર્મી! તારી દૃષ્ટિ આત્મા ઉપર છે, અનુભવ છે અને જેટલો થોડો રાગ રહી ગયો હજી, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો, પંચ મહાવ્રતનો રાગ રહ્યો તો રાગના ફળમાં સ્વર્ગમાં અગ્નિમાં શેકાઈશ. અગ્નિથી શેકાઈશ. સમજાણું કાંઈ? ૧૭૨. ૧૭૨ છે. '**દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે.**' શુભભાવને ત્યાં કીધું છે. આમાં નથી. એમાં નાખ્યું હતું. વિષય વિષવૃક્ષના આમોદથી વિમુખ થાય છે. સ્વર્ગલોકને સાક્ષાત્ મોક્ષનું કારણ, .. પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે. દુઃખ-દુઃખ. આ સ્વર્ગના સુખને ભગવાને અંગારા કહ્યા. એ પુણ્ય પરિણામના પુણ્ય હોં! દયા, દાન, વ્રત, પુણ્યના ફળમાં સ્વર્ગ મળે એ અંગારા છે એમ કહ્યું. પંચાસ્તિકાય. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મ કરે ને...

ઉત્તર :- ધર્મ કરે એને અંગારા મળે એમ હોય? ધર્મ તો આત્માની શાંતિ મળે એનું નામ ધર્મ છે. પુણ્ય પરિણામ છે એ તો અધર્મ છે. આહાહા..! રાડ નાખે જગત. ધર્મથી વિરુદ્ધ છે. એનાથી સ્વર્ગ મળે છે. ધર્મથી સ્વર્ગ મળે? ધર્મથી સ્વર્ગ મળે તો પછી બંધનો ભાવ કોને કહે છે? જુઓ આવ્યું.

કહે છે, સુચિરકાળપર્યંત '**સ્વર્ગલોકને-કે જે સાક્ષાત્ મોક્ષને અંતરાયભૂત છે તેને-સંપ્રાપ્ત કરીને, સુચિરકાળ પર્યંત (-ઘણા લાંબા કાળ સુધી) રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો...**' અમારી ગુજરાતી ભાષા છે. રાગરૂપી અંગારા. (એમાં) શેકાય છે. શેકાય છે. પુણ્યના ફળમાં ત્યાં તો રાગ થશે તને. રાગના અંગારમાં શેકાય છે. ભગવાન! એ ધર્મીને કહે છે હોં! જેટલો રાગ રહ્યો એના ફળમાં રાગના અંગારા છે. આહાહા..! ૧૭૧ ગાથા. અમૃતચંદ્રાચાર્ય. પાઠ છે, જુઓ! '**सुचिरं रागाङ्गारैः पच्यमानोऽन्तस्ताम्यतीति**' સંસ્કૃત છે. ૧૭૧ ગાથા છે. વિષયવૃક્ષનું ફળ કહ્યું છે.

મુમુક્ષુ :- પંચાસ્તિકાય.

ઉત્તર :- પંચાસ્તિકાય. કુંદકુંદાચાર્ય. ૧૭૧ ગાથા. ... સમયસાર, પ્રવચનસાર.

મુમુક્ષુ :- આપ ઈ જ વાંચો છો, બીજું તો વાંચતા નથી.

ઉત્તર :- ક્યુ બીજું વાંચે? આમાં બધી કથા નથી આવતી? આ કથા ન કહી? શ્રેણિક રાજા આવા છે. એ કથા છે. એમાં રાગ છે એ દુઃખરૂપ છે. આવે છે ને. વાત આવે

છે શું? કથાનુયોગમાં એમ આવે છે. શું બીજી વાત છે એમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજી શું આવે છે? શ્રેણિક રાજાને જેટલો રાગ બાકી રહ્યો એમાં નરકમાં જાવું પડ્યું, ત્યાં નરકનું દુઃખ છે. રાગરહિત જેટલા થયા છે એટલો આનંદ છે. એ કથામાં ઈ આવે છે. ચરણાનુયોગમાં શુભાશુભ પરિણામની વાત આવે છે.

મુમુક્ષુ :- બધી વાત કરે છે?

ઉત્તર :- ચારેય અનુયોગની વાત છે અહીંયાં. શું એક અનુયોગની છે? કૈલાસચંદજી. કૈલાસચંદજી જાણે છે. વકીલ છે ને, ભાઈ!

અહીંયાં શું કહે છે? ચોથું ગુણસ્થાન, પાંચમું, છઠ્ઠું જ્ઞાન-શ્રદ્ધાનમાં નિરંતર ઈ ભાવના છે. એક સમય પણ જો એને રાગનો આદર થાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે.

મુમુક્ષુ :- નિરંતર આ ભાવના રહે છે.

ઉત્તર :- નિરંતર આ ભાવના રહે છે. આહાહા..! છે જ. છે જ. એવા શબ્દો પડ્યો છે. '**નિરંતર એ ભાવના તો છે જ;...**' સમજાણું કાંઈ? બહારમાં પણ પૈસાવાળાને બોલાવે લ્યો. પહેલી ખુરશી મળે.

મુમુક્ષુ :- ખુરશી મળે એમાં મળ્યું શું પણ?

ઉત્તર :- પણ માન મળે ને કે ઓહોહો..!

મુમુક્ષુ :- એ તો માનને, ધર્મ તો માનથી વિરૂદ્ધ છે.

ઉત્તર :- અભિનંદનનું પૂંછડું મળે મોટું આવડું.

મુમુક્ષુ :- એ તો કાગળનો મોટો ટૂકડો મળ્યો.

ઉત્તર :- હોય? મોટો આવડો કાચનું બનાવીને અને રૂપાનું ખોળ બનાવી રૂપાનું. ભુંગળા નાખીને લ્યો ભાઈ આ. શું કહે છે? અભિનંદન. અહીં લખ્યું ને ભાઈ આપણે નહિ? શેઠને. રાજકુમાર. પહેલા ગયા હતા ને તો એક ઓરડામાં એક કરોડની ચીજ પડી છે, એક કરોડની. રાજકુમાર કહે કે જુઓ! અમારો ઓરડો. મોટો ઓરડો છે. એક કરોડ રૂપિયાની. એ તો ઘણે ઠેકાણે મળે ને રૂપાનો. ચાંદીનું શું કહે? ખોળા. કાંસાના. બહુ ભર્યા હતા. ... મેં કહ્યું, મને કંઈ નથી લાગતું. શું લાગે છે? હું તો એમ જોઉં છું કે સ્વર્ગમાં સાધારણ પુણ્ય કરવાવાળા સ્વર્ગમાં જાય છે. પુણ્ય હોં. ધર્મ તો એક કોર રહ્યો. તો પુણ્યમાં એવું મળે છે કે એનું સિંહાસન હોય. સિંહાસનમાં પત્થર મૂકવાની ચીજ હોય. એટલા પત્થરની સામે આ ચીજ તો ધૂળ છે. આવી ચીજ પણ અનંત વાર જીવને પ્રાપ્ત થઈ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપ એ અંતર રાગથી પૃથક્ થઈને દૃષ્ટિમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લાભ લીધો નથી. અને એ લાભ લીધા વિના લાભ કોઈ ચીજને ભગવાન કહેતા નથી. સમજાણું કાંઈ? કહો, મોહનભાઈ! ઝવેરચંદભાઈ ચાલ્યા ગયા બિચારા. આહાહા..! બે ભાઈ .. એક નાનો ભાઈ ચાલ્યો ગયો. દેહની સ્થિતિ પૂરી થઈ ગઈ. ૬૨ વર્ષ. ઓહોહો..! ભગવાન ક્યાં ગયો? .. રાગાદિ પર્યાય હતી એ રાગ લઈને ચાલ્યા ગયા. ઓહોહો..! આત્માનો નાશ તો નથી થતો. શરીરનો નાશ થયો. તો આત્માનો નાશ થાય છે? આત્મા તો ચાલ્યો ગયો બીજી ગતિમાં. જેવા ભાવ કર્યા હતા એવી ગતિ પ્રાપ્ત થઈ. ભગવાન આત્મા ભાવના જે રાગથી ભિન્ન થઈને સમ્યગ્દર્શન કર્યું તો એની ગતિ પણ સ્વર્ગ હોય. તો ત્યાં પણ પોતાના સ્વરૂપની શ્રદ્ધા-ભાવના જ કરે છે. ઈન્દ્રો પણ.. ઈન્દ્ર શક્રેન્દ્ર છે પહેલા દેવલોકનો. શક્રેન્દ્ર સમકિતી છે. ક્ષાયિક સમકિતી. અને એની જે સ્ત્રી છે ઈન્દ્રાણી એ પણ એકાવતારી છે. ક્ષાયિક સમકિત નથી. એકાવતારી છે. એકાવતારી સમજ્યા? એકભવતારી ઈન્દ્ર-ઈન્દ્રાણી. શક્રેન્દ્ર પહેલા દેવલોકનો. ૩૨ લાખ વિમાન છે. એનો સ્વામી શક્રેન્દ્ર ક્ષાયિક સમકિતી (છે). અંતરમાં (એમ છે કે) હું આ નહિ.. હું આ નહિ. હું તો આનંદ છું એવો અનુભવ થયો છે (તો) આનંદની ભાવના કરે છે. રાગ આવે છે એને ઝેર દેખે છે. અને એની પટરાણી, મૂળ ઈન્દ્રાણી, જે બીજી ઈન્દ્રાણી હોય એની પણ કરોડો.. મૂળ ઈન્દ્રાણી એકાવતારી હોય. એકભવતારી. બેય મનુષ્ય થઈને મોક્ષમાં જવાના. સમજાણું કાંઈ? તો ઈન્દ્રાણી પણ માને છે કે અમે તો આત્મા આનંદસ્વરૂપ છીએ. આ રાગ વિકલ્પ ઉઠે છે એ હું નહિ. દુઃખરૂપ છે... દુઃખરૂપ છે. મારા અનાકુળ આનંદની હું તો ભાવના કરું છું. એવા ઈન્દ્ર અને ઈન્દ્રાણી પણ એવી ભાવના કરે છે. રાગ આવે છે પણ એની ભાવના નથી. આવે છે એને જાણે છે. જાણીને અંતર દૃષ્ટિમાંથી છોડી દે છે. સમજાણું કાંઈ?

ભગવાન મોક્ષ પધારે છે. ઋષભદેવ ભગવાન અષ્ટાપદ પર્વત ઉપર. આવ્યા ...ભરત આવ્યા, ઈન્દ્ર આવ્યો. દેહ પડ્યો હતો. ભરત આમ જોઈને રોઈ પડ્યા. ક્ષાયિક સમકિતી. ત્રણ જ્ઞાન. મતિ, શ્રુત, અવધિ. ત્રણ જ્ઞાન. ઈન્દ્ર આવ્યા. પ્રભુ! આજ ભરત ક્ષેત્રનો સૂર્ય અસ્ત થઈ ગયો. આ સૂર્ય તો ઉદય-અસ્ત દરરોજ થાય છે. ભગવાન કેવળજ્ઞાન સૂર્ય પ્રભુ, મારા પિતાજી તો ઠીક પણ એ ધર્મપિતા છે, કેવળજ્ઞાન છે. હવે હું કોને પૂછીશ? મારા પરમાત્મા ભરતક્ષેત્રમાંથી ચાલ્યા ગયા. આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. રાગ છે ને વિકલ્પ? જાણે છે કે રાગ છે. ઈન્દ્ર કહે છે કે હે ભરત! તમે તો આ ભવે મોક્ષ જનારા છો ને. ખબર છે, ઈન્દ્ર! ખબર છે મને હું આ ભવમાં મોક્ષ જવાનો છું. પણ જરી રાગ આવે છે તો ક્રિયા થઈ જાય છે. હું તો જાણનાર છું. આહાહા..! ઈન્દ્ર જેના મિત્ર. શક્રેન્દ્ર. ભગવાનના મોક્ષ નિર્વાણમાં આવ્યા હતા. આંસુ ચાલ્યા જાય હોં આમ. લ્યો, સમકિતીને આંસુ? સાંભળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો ખરો.

અંતરમાં આનંદની ભાવના તો છે પણ એમાં રહી શકતા નથી તો આવો વિકલ્પ આવે છે. આવે છતાં તેને હેય માને છે. આદરણીય માનતા નથી. ઇન્દ્ર! હું એમ જાણું છું, મારા ખ્યાલમાં છે. પણ નબળાઈને કારણે એવો રાગ આવ્યા વિના રહેતો નથી. હું એને લાભ નથી માનતો. સમજાણું કાંઈ? ભરત ચક્રવર્તી છ ખંડનો રાજા. મારી ચીજ તો મારી પાસે છે. એની ભાવના વારંવાર એને થાય છે. એ કહે છે જુઓ.

**'નિરંતર એ ભાવના તો છે જ; અને જ્યારે જીવ અપ્રમત્ત દશા પ્રાપ્ત કરીને...'** મુનિ હોય છે એને અપ્રમત્ત દશા ક્ષણમાં આવે છે. સાચા મુનિ હોય છે એને તો એક ક્ષણમાં અપ્રમત્ત દશા આવી જાય છે. ભગવાને કહ્યા એવા સાચા ભાવલિંગી સમ્યગ્દૃષ્ટિ અનુભવી એને ક્ષણમાં છઠ્ઠું આવે છે અને ક્ષણમાં સાતમું આવે છે. સપ્ત.. વિકલ્પ છે. આનંદ... આનંદ... આનંદ... ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું. એક દિવસમાં હજારો વાર આવે છે. સમજાણું કાંઈ? જેને અંતર સમ્યગ્દર્શનપૂર્વક અનુભવ અને .. થયો છે અંતર આનંદનો અનુભવ કરીને તો એને અપ્રમત્ત દશા સપ્તમ ગુણસ્થાન (કહે છે). અને છઠ્ઠી છે પ્રમત્ત દશા. પ્રમત્તમાં છઠ્ઠું અને અપ્રમત્તમાં સાતમું. તો અપ્રમત્ત દશાને પ્રાપ્ત કરીને એકાગ્ર ચિત્તે ધ્યાન કરે. એ વખતે ધ્યાન થઈ જાય છે અંદર. આહાર લેતા લેતા પણ આનંદ આવે સપ્તમમાં. સમજાણું કાંઈ?

મુનિ જે છે સાચા સંત મુનિ જેને ભગવાન કહે છે. જેને નમસ્કાર કરીને પુણ્ય બંધાય. સમજાણું કાંઈ? પુણ્ય બંધાય નમસ્કાર કરતા. ધર્મ નહિ. એવા મુનિ એક ક્ષણમાં આનંદનો અનુભવ કરે છે અતીન્દ્રિય આનંદ. બીજા ક્ષણમાં વિકલ્પ વૃત્તિ આવી જાય છે થોડી. હું આહાર લઉં, હું બોલું, કહું, લખું બસ. બીજા સમયે તો અપ્રમત્ત. એવું છઠ્ઠું ગુણસ્થાન પોણી સેકન્ડની અંદર રહે છે અને અપ્રમત્ત તો એનાથી અડધું રહે છે. અપ્રમત્તની દશાથી છઠ્ઠા ગુણસ્થાનની દશા ડબલ. ડબલને શું કહે? દુની. બે ગુણી. એ ધવલમાં છે. અને છઠ્ઠી ભૂમિકાની દશાથી સપ્તમ ગુણસ્થાનની અડધી. એવા સાચા મુનિને આનંદ તો ક્ષણે ક્ષણે અંદર આવે છે. તો મુનિપણું છે, નહિતર મુનિપણું છે જ નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે અપ્રમત્ત દશા જ્યારે આવી છઠ્ઠાથી, તો એકાગ્ર ચિત્તથી ધ્યાન કરે. ત્યારે તો આનંદનું જ ધ્યાન છે. સમજાણું કાંઈ? અને એ આનંદનું ધ્યાન છૂટી જાય તો વિકલ્પ આવી જાય. .. પ્રમત્ત ભાવ આવ્યો. ખેદ છે. રાગ આવે છે તો ખેદ છે. દુઃખ લાગે છે. પંચ મહાવ્રતનો વિકલ્પ આવ્યો એ પણ ખેદ લાગે છે જ્ઞાનીને. અને એનાથી છૂટીને જ્યાં અપ્રમત્તદાશા ક્ષણમાં આવી, આનંદમાં તો ખ્યાલ પણ નથી. હું ધ્યાન કરું છું ખ્યાલમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. એવું ક્ષણમાં આવી જાય છે. એવી દશામાં એકાગ્ર થઈ જાય છે. સમજાણું કાંઈ? ચોથે, પાંચમે, છઠ્ઠે તો ભાવના નિરંતર રહે છે. અને સાતમામાં તો અંદરમાં લીન થઈ જાય છે આનંદમાં. એ ભાવના... છે ને?

**'કેવળ ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે અને શુદ્ધોપયોગરૂપ થાય,...'** જુઓ! ત્યારે તો સાતમી ભૂમિકામાં મુનિને દિન પ્રત્યે રાત્રે પણ શુદ્ધોપયોગ થઈ જાય છે વારંવાર. એક ક્ષણમાં છઠ્ઠું અને બીજી ક્ષણે સાતમું. **'શુદ્ધોપયોગરૂપ થાય, ત્યારે નિશ્ચયચારિત્રરૂપ શુદ્ધોપયોગભાવથી...'** જુઓ! તો નિશ્ચય નામ સાચું ચારિત્ર થઈને, શુદ્ધોપયોગમાં લીન થઈને શ્રેણી ચડીને. એમાં સ્થિર થઈને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે. આહાહા..! **'તે વખતે એ ભાવનાનું ફળ જે કર્મચેતનાથી અને કર્મફળચેતનાથી રહિત સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ પરિણમન તે થાય છે. પછી આત્મા અનંત કાળ સુધી જ્ઞાનચેતનારૂપ જ રહેતો થકો પરમાનંદમાં મગ્ન રહે છે.)'** લ્યો! એનું નામ સિદ્ધપદ છે. ચોથેથી લઈને ઠેઠ લઈ લીધું. એનું નામ કર્મના ફળનો, રાગના ફળનો ત્યાગ અને સ્વરૂપની ભાવના કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પોષ વદ ૩, ગુરુવાર તા. ૧૮-૧-૧૯૬૮**
**શ્લોક-૨૩૧, પ્રવચન-૪૬૦**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૩૧ કળશ છે.

**निःशेषकर्मफलसंन्यसनान्ममैवं**
**सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः।**
**चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं**
**कालावलीयमचलस्य वहत्वनन्ता।।२३१।।**

શું કહે છે? '**(સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને જ્ઞાનચેતનાની ભાવના કરનાર જ્ઞાની કહે છે કે :-)**' એટલે શું કહ્યું? જ્યારે ધર્મ પામવો છે એને ધર્મની દૃષ્ટિ કેમ થાય? સમજાય છે? આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે એની દૃષ્ટિથી એમાં જે જ્ઞાનચેતના પ્રગટે (અર્થાત્) જ્ઞાનમાં એકાગ્રતા-શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતા પ્રગટે એનું નામ ધર્મદૃષ્ટિ અને એનું નામ ધર્મી કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? એ ધર્મી રાગ-દ્વેષના પરિણામને તો કર્તૃત્વપણે છોડે છે કે એ હું નહિ. પણ કર્મના ફળના સંગમાં, જે કંઈ કલ્પના સુખ-દુઃખની થાય એનું પણ સ્વામીપણું છોડીને સહજાત્મ જ્ઞાન સ્વરૂપના આનંદનું સ્વામીપણું કરીને કર્મના ફળનો સંન્યાસ નામ અભાવ-ત્યાગ કરે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ત્યાગ. કહ્યો ને ત્યાગ કહ્યો ને. ત્યાગ કોને?

પોતે ચૈતન્ય સ્વરૂપ... પહેલી એમ વાત કરીને કે આત્મા જ્ઞાન સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ ચૈતન્યઘન છે એનું અંતર દૃષ્ટિ કરીને તે પરિણમન શુદ્ધનું થયું તેને જ્ઞાનચેતના કહો કે તેને મોક્ષનો માર્ગ કહો કે તેને સંવર, નિર્જરાની પરિણતિ-અવસ્થા કહો. આ અવસ્થામાં રાગ-દ્વેષ અને હરખ-શોકનો ત્યાગ છે. કહો, સમજાય છે કાંઈ? એક અવસ્થામાં બીજો વિકલ્પ હોવા છતાં અને એક અવસ્થામાં બીજો હરખ આદિનો વિકલ્પ હોવા છતાં એ સ્વભાવ સન્મુખના પરિણમનનો જ સ્વસ્વામી છે. પરસન્મુખના જરી રાગાદિ થાય તેનો ત્યાગી છે, તેનો સ્વામી નથી. ખરેખર તો તેનો એ અનુભવ કરનાર, ભોગવટો કરનાર નથી. સમજાણું કાંઈ?

'**(સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને...**' એટલે કે આઠેય કર્મના નિમિત્તના સંગમાં જે વૃત્તિ ઉઠતી હોય તેનો અભાવ અને જ્ઞાનાનંદ સ્વભાવના સદ્ભાવનું પરિણમન કરી, રાગાદિ ને હરખનો ત્યાગ-અભાવસ્વભાવ કરી, '**જ્ઞાનચેતનાની ભાવના કરનાર...**' જુઓ! અહીંયાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાવના કરનાર શબ્દે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ તેમાં એકાકાર થવું એનું નામ જ્ઞાનચેતનાની ભાવના કહેવામાં આવે છે. ભાવના એટલે એમ નહિ કે આ ભાવના કરે હું આમ છું, ચેતના છું, ચેતના જ્ઞાનચેતના. એમ નહિ. ઘણા કરે છે ને અર્થ એ ભાવનાનો આવ્યો હતો ને પહેલો? છાપામાં આવ્યો હતો. આવે છે ને? એ તો ભાવના છે એમ કે જ્ઞાનીની. શુદ્ધોપયોગની ભાવના છે. એટલે કલ્પના છે કે આને હું ભાવું. વસ્તુ શુદ્ધ ચૈતન્ય જ્ઞાન પિંડ પ્રભુ જ્યાં અંતર દૃષ્ટિમાં લીધો અને જેનો આશ્રય લીધો, જે આશ્રય લીધો એ દૃષ્ટિ નિર્મળ છે. આશ્રય લીધો જેનો એ પણ ત્રિકાળ નિર્મળ છે. સમજાય છે કાંઈ?

અનાદિનો આશ્રય પુણ્ય અને પાપ, શુભ-અશુભ રાગ અને નિમિત્તનો આશ્રય, અવલંબન, લક્ષ્ય એને આધારે પરિણતિ થતી. એ વિકારનો આશ્રય છોડી ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય છું, છે, વસ્તુ છે એને અવલંબીને એને આશ્રયે જે જ્ઞાનચેતના એટલે વસ્તુમાં એકાકાર થયો એને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? ચંદુભાઈ! આહાહા..! એટલે કે રાગ અને હરખ-શોકની ચેતના નહિ. એમ. સમજાય છે કાંઈ આમાં? આનું નામ ધર્મ છે.

જેમાં ધર્મ એટલે શક્તિ આત્મામાં પડી છે. અરાગી, અકષાયી, આનંદ અને શાંત એવો સ્વભાવ આત્મામાં સત્ત્વરૂપ, શક્તિરૂપ, સત્ત્વરૂપ, ભાવરૂપ પડ્યો છે. એની દૃષ્ટિ કરતાં, એ દૃષ્ટિ એનામાં સ્થાપતા, દ્રવ્ય ધ્રુવમાં સ્થાપતા જે પરિણતિ પ્રગટ થાય-અવસ્થા, તેને અહીંયાં જ્ઞાનચેતના કહેવામાં આવે છે. એટલે કે તેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્થિરતા એવી દશા કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

એ જ્ઞાનચેતનાની ભાવના કરનાર એટલે એકાગ્ર થનાર જ્ઞાની એમ કહે છે.. એ તો કથનની શૈલી છે. એમ અંદર ભાવના હોય છે કે '**પૂર્વોક્ત રીતે સમસ્ત કર્મના ફળનો સંન્યાસ કરવાથી...**' જ્યાં ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ છે તેના ઉપર દૃષ્ટિ હોવાથી, કર્મના ફળથી આત્માની પરિણતિને સમેટી હોવાથી. સમજાણું કાંઈ? '**સમસ્ત કર્મના ફળનો સંન્યાસ...**' એટલે અભાવ. શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને પરિણમન થવું તેનો સદ્‌ભાવ અને રાગ અને હરખનો તેમાં અભાવ. એમ કરવાથી '**હું...**' ધર્મીમાં એમ થાય છે, ધર્મીના ભાવમાં એમ હોય છે કે '**હું ચૈતન્ય જેનું લક્ષણ છે...**' '**લક્ષ્મ**' શબ્દ પડ્યો છે ને? '**લક્ષ્મ**' '**લક્ષ્મ**'. '**લક્ષ્મ**' નો અર્થ લક્ષણ. જેનું ચૈતન્ય લક્ષણ છે. શું કહે છે? આ પુણ્ય-પાપના રાગ અને હરખ-શોકનો ભાવ એ કંઈ ચૈતન્યનું લક્ષણ નથી. એ કંઈ ચૈતન્યની વસ્તુ નથી. ચૈતન્ય લક્ષણ જેનું છે, જાણવું-દેખવું જેનું લક્ષણ છે. વસ્તુ જે ત્રિકાળ, ત્રિકાળ વસ્તુ છે એનું ચૈતન્ય જાણવું-દેખવું એનું લક્ષણ છે. એ લક્ષણ વડે લક્ષને અનુભવીને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'ચૈતન્ય જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વને...'** જુઓ! એવું આત્મતત્ત્વ. જેનું જાણવું-દેખવું લક્ષણ છે એવો આત્મપદાર્થ. એવી આત્મ વસ્તુ. સમજાય છે કાંઈ? **'હું...'** ધર્મી પોતાની પરણતિ નામ પર્યાય નામ દશાને રાગ ને હરખના, શોકના પરિણામથી પોતાની પરિણતિને પાછી વાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિને લઈને જેની શુદ્ધચેતના પરિણમી છે તે જ્ઞાનચેતનાવંત એવો હું. જ્ઞાન જેનું લક્ષણ. એવું મારું આત્મતત્ત્વ. એને **'અતિશયપણે...'** ખાસપણે. ખાસ એને ભોગવું છું એમ કહે છે. રાગાદિ થાય, હરખ આદિ થાય તો એનો ભોગવટો મને નથી. ખાસ કરીને હું તો આત્માના જ્ઞાનને અનુભવું છું-ભોગવું છું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપનો ભંડાર છે. ચૈતન્યનો ભંડાર છે. સમજાય છે? જેમ પીપરમાં તીખાશ ભરી છે, ચણામાં જેમ મીઠાશ પડી છે. કાપો ત્યાં મીઠાશ. જેમ ચકમકમાં અગ્નિ પડી છે. દીવાસળીના ટોપકામાં અગ્નિની શક્તિ પડી છે, અબરખના પડમાં હજાર પુટી આપે અને લાલપ થાય એવી અંદર શક્તિ પડી છે. એમ આત્મ ભગવાનમાં અંતર આનંદ અને શાંતિ આદિ અનંત શક્તિઓ અંદર પડી છે. સમજાણું કાંઈ? એવું જે ચૈતન્યલક્ષણે લક્ષિત આત્મતત્ત્વ, એવું જે ચૈતન્યલક્ષણે લક્ષિત આત્મતત્ત્વ. સમજાણું કાંઈ? બહુ વાતું બહારની એવી સાંભળી હોય એમાં માથું કામ ન કરે, આ શું કરે છે? માથુ તો કામ કરે શેનું? એ તો જડ છે. આહાહા..!

ભગવાન પોતાના નિધાનને કોઈ દી સંભાળવા નીકળ્યો નથી ને. રાગ અને દ્વેષની સંભાળ અને આ પરની સંભાળ કરવાનો વિકલ્પ થાય પણ પરને સંભાળી શકતો નથી. શરીર, વાણી, બીજાની સંભાળ કરવા પ્રયત્ન કરે છતાં કાંઈ પરને સંભાળી શકતો નથી. એ તો નિરર્થક જાય એના વિકલ્પો મફતમાં. બરાબર હશે આ? વિકલ્પ કરે કે શરીર આમ રાખું, આમ રાખું. કાંઈકનું કાંઈક થઈ જાય. એ તો એને થાવું હોય એમ થાય. એ તો એની ચીજ છે, કાંઈ આત્માની નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ ધૂળેય થાતું નથી. શું થાય છે? એ તો એને ત્યાં થવાનું હોય એમ થાય. એટલે આ માને કે મેં ઈચ્છા કરી માટે થયું. એ તો એની ભ્રમણા છે.

મુમુક્ષુ :- મકાન લેવાની ઈચ્છા થાય અને મકાન લીધું.

ઉત્તર :- મકાન પણ લીધું કોણે? ક્યાં આવ્યું અને ક્યાં ગયું? એ તો ત્યાં આ મકાન હતું એમ માન્યું એણે કે આ મારી પાસે આવ્યું. ત્યાં તો પડ્યું છે, ત્યાં ને ત્યાં છે. કહો, કપુરભાઈ! શું લીધું? ઈચ્છા થઈ. ઈચ્છા થઈ. હવે લીધું. લીધું એટલે વ્યાખ્યા શું એની? રહેવામાં કામ આવે એટલે લીધું એમ? રહેવામાં કામ આવે એટલે શું? પોતે તો અસંખ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રદેશમાં રહ્યો છે. શું પરમાં રહે છે? આ ૬૦ કરવાના છે એ? એ તો સૌ પોતામાં છે. ૬૦ કરવાના છે ને? ૬૦ બ્લોક.

મુમુક્ષુ :- સોસાયટી કરવી છે ને.

ઉત્તર :- સોસાયટી. આ ૨૨ તારીખે મુહૂર્ત છે કહે છે. એ તો બધાય થવાના તે થવાના, એના રજકણને કારણે એના થઈને રહેશે ઈ. કોઈ એમાં રહેનારો એના થઈને રહેવાના છે એ મકાન? સમજાય છે કાંઈ? રજકણો જે છે મકાનનાં, એ રજકણો છે એ તો. રજકણનો દળ પિંડ છે એ. એ રજકણ પોતાના રજકણના થઈને ત્યાં રહેવાના છે. કે રહેનારના થઈને રહેવાના છે? ભ્રમણા ભારે ભાઈ! સમજાણું કાંઈ? પરવસ્તુને કોઈ લઈ શકતું નથી અને કોઈ દઈ શકતું નથી. કલ્પનાના ઘોડા ઉઠાવે છે.

અહીં તો કહે છે કે જ્યાં આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપ ચિદાનંદના નિધાનની દૃષ્ટિ થઈ, ધર્મ દૃષ્ટિ ત્યારે કહેવાય. આત્મા પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદ એને અવલંબીને જે દૃષ્ટિ અને પરિણતિ નિર્મળ દશા થાય તે એણે રાખી છે, ધારી છે, ટકાવી છે અને થયો છે. એમાં એ આત્મા છે. આત્મા એને જરી હરખ-શોકની પર્યાય થાય કે રાગ એમાં એ નથી. એમાં એ નથી તો પછી આમાં આવ્યો એ ક્યાંથી આવ્યું? એય..! મોહનભાઈ! આહાહા..!

અહીં શું કહે છે? જુઓને! '**અતિશયપણે ભોગવું છું...**' એનો અર્થ શું છે? કે ધર્મી, ધર્મી એટલે કે આત્મજ્ઞાની જીવ, જેને આત્મા શુદ્ધ ચૈતન્ય છે એનું જેને ભાન થયું છે અને આત્માના આનંદ સ્વરૂપનું ભાન થતાં તેને આનંદની દશા જ્ઞાનચેતનામાં પ્રગટ થઈ છે. જ્ઞાન એકાકાર થતાં જ્ઞાનની દશા, આનંદની દશા, શ્રદ્ધાની દશા અનેક પર્યાયો એમાં ઉત્પન્ન થઈ છે. એવી દશાવંત કહે છે કે હું તો એ દશાને ખાસ કરીને મારી શક્તિમાંથી પ્રગટ થયેલી નિર્મળ દશાને હું અનુભવું-ભોગવું છું. શું કીધું જુઓને! અતિશયપણે. શેમાંથી કાઢ્યું છે એ? '**भृशम**' સમજાણું કાંઈ? લ્યો! '**भृशम**' શબ્દ પડ્યો છે ને? આમાં કાંઈક છે સંસ્કૃતમાં. શું? વિશેષકર્મફળ છે ને? વિશેષકર્મફળ. લ્યો એ જ આવ્યું. '**भृशम**' એમાં છે '**भृशम**' ૨૩૮માં છે. વિશેષકર્મ, લક્ષણ '**भृशम...**' એવું છે. '**भृशम...**' અતિશયપણે. બરાબર છે. સંસ્કૃતમાં છે. સમજાય છે કાંઈ?

આ તો મૂળ ધર્મની વાત છે. જે અસલી ધર્મ જેનાથી મુક્તિ મળે એની વાત છે. અસલી ધર્મ અસલી આત્મપદાર્થને અવલંબે પ્રગટ થાય છે. અસલી તત્ત્વ અનાદિઅનંત ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્ય ધાતુ એ અસલી તત્ત્વ છે. પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે અને હરખ-શોક થાય એ કાંઈ અસલી તત્ત્વ નથી. એ તો કૃત્રિમ જાળ છે. કૃત્રિમ-નકલી. શું કીધું? નકલી પૈસે કાંઈ માલ મળે? એમ કહે છે ને? આવ્યું હતું ને ક્યાંક એમાં? આવ્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે આમાં ક્યાંક હતું. સાગરવાળા પંડિતે લખ્યું છે. વ્યવહારથી કાંઈ લાભ થાય? નકલી પૈસે લાભ ન થાય એમ લખ્યું છે. છે? એમાં છે ક્યાંક. નકલી પૈસે છે એમ લખ્યું છે. નકલી રૂપિયે કાંઈ માલ ન મળે. કાગળનો કટકો લઈને નકલી કર્યો રૂપિયો છે જાવ. અમથો, હોં! છાપેલો હોય એ જુદી વાત છે. એનાથી ન મળે. સમજાણું? એમાં છે ખરું ક્યાંક. આમાં નથી? ઓલા પુસ્તકમાં હશે. છે ને હશે ક્યાંક. ઓલામાં હશે. હિન્દી-હિન્દી. આ સાગરવાળા નહિ? મારા ઓલામાં નાખ્યું છે અંદર. સમયસાર છે ને? એમાં એક લખેલું છે. નકલીનો અર્થ કર્યો છે. ત્યાં નકલી છે શબ્દ. નકલી નાખ્યું છે. નકલી પૈસે કાંઈ ન માલ મળે એમ છે ક્યાંક લ્યોને. સમજાણું? વ્યવહારનો અર્થ કર્યો છે ને? એમાં પણ કર્યો છે ભાઈ અર્થ તો. એવું ક્યાંક છે. ત્યાં લખ્યું હશે. આઠ પાનામાં ક્યાં જોવા જાય. સમજાણું?

મુમુક્ષુ :- નકલી માલ છે.

ઉત્તર :- નકલી માલ છે. પુણ્ય-પાપનો વિકલ્પ એ નકલી માલ છે. ખોટો રૂપિયો છે.

મુમુક્ષુ :- શેઠાઈ તો મળે.

ઉત્તર :- ધૂળેય મળે નહિ શેઠાઈ. ચોર થાય. નકલી રૂપિયો સંઘર્યો હોય તો ચોર કહેવાય. આત્મામાં... છે ક્યાંક? જુઓ! ચિહ્ન કર્યું છે. નકલી. ચિહ્ન તો કરીએ છીએ બધે. એક રાખી છે ચિહ્નવાળી (પેન્સિલ). ઓલો વ્યવહાર આવશે ત્યાં હશે. વ્યવહારમાં. સમજાણું કાંઈ?

આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે એનું ત્રિકાળ અસલ. અસલ. એમાં જે પુણ્યાદિના પરિણામ થાય છે એ નકલી ચીજ છે. નકલી ચીજથી કાંઈ આત્માને ધર્મ અને શાંતિ થાય નહિ. સમજાણું કાંઈ? વ્યવહારમાં ક્યાંક છે ખરું. મારામાં ક્યાંક છે એમાં. સમજાણું આમાં? આત્મા અસલ શું છે અસલ? અસલ શું છે? આત્મા અસલ શું છે? અહીં આવ્યું. ચૈતન્ય જેનું લક્ષણ એવો આત્મા એ અસલ છે. અંતરમાં જાણવું... જાણવું... જાણવું... જેનું લક્ષણ એવો આત્મા. એ અસલી તત્ત્વ છે અનાદિ. એવા અનાદિ આત્મતત્ત્વને અડીને, સ્પર્શ કરીને, એકાકાર થઈને જે જ્ઞાનચેતના પ્રગટ થાય છે. ઘણું કરીને એમાં છે ખરું. બીજે ક્યાંક વાંચ્યુ હોય. ઘણે ઠેકાણે વાંચ્યું હોય. છે ને? છે ખરુ ક્યાંક. પહેલી લીટી? હા ઈ. 'નકલી મુદ્રાસે કભી કોઈ ઋણરહિત નહીં હો સકતા.' છે. જુઓ! 'વ્યવહાર ધર્મ હૈ વહ કાલ્પનીક હૈ. ઉસમેં અયથાર્થતા ભરી હુઈ હૈ.'

મુમુક્ષુ :- કાલ્પનીક કહેવાયને પણ...

ઉત્તર :- હવે એને ઘરે રહી કલ્પના. વસ્તુમાં ક્યાં છે? સમજાય છે? શુભ પરિણામ જે કાંઈ થાય એ વ્યવહાર છે એ કાલ્પનીક છે. 'ઉસમેં અયથાર્થતા ભરી હુઈ હૈ. ઉસસે અભિષ્ટ સિદ્ધિ,...' અભિષ્ટ ધારણા શાંતિની કે ધર્મની કે સુખની એ સિદ્ધિ નથી. 'નકલી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુદ્રા...' કૌંસમાં રૂપિયો. 'નકલી મુદ્રાસે કોઈ કભી ઋણરહિત નહીં હો સકતા.' એ ઠીક દાખલો આપ્યો છે. પાંચ હજારનું દેણું છે તો કાગળના કટકા લઈને કહે, આ લ્યો પાંચ હજાર. એમ દેણારહિત થઈ જાય? 'નકલી મુદ્રાસે...' સમજ્યાને? 'નકલી મુદ્રાસે કભી કોઈ ઋણરહિત નહીં હો સકતા. ઈત્યાદિ નિષ્કર્ષ હૈ.' વ્યવહારનો એ સાર છે. એઈ..! દેવાનુપ્રિયા! વ્યવહાર એટલે આ દયા, દાન, વ્રતના પરિણામ એ વ્યવહાર નકલી મુદ્રા છે. નકલી મુદ્રા. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈનત્યઘન જ્ઞાનાનંદ જે અસલી વસ્તુ છે એની અંતરમાં એકાકાર થઈને જે દૃષ્ટિ પ્રગટી અને જ્ઞાન પ્રગટ્યું એ અસલમાંથી આવ્યું માટે અસલી માલ છે. એ અસલી માલથી દેણું ટળે છે અને લેણું પ્રગટ થાય છે (અર્થાત્) શાંતિ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? લખ્યું છે બહુ ભારે, હોં! થોડું થોડું... ઓલાને ખટકે. શબ્દો ઘણા લખ્યા છે. કહેતું હતું એવું લખ્યું. બે મિનિટમાં ખુલાસો. મફતના શેના મંડ્યા છો? એવું લખ્યું છે. ખટકે જગતને. અરે..! ભગવાન! બાપુ! તારું સ્વરૂપ છે ને ભાઈ! તારામાં અંતર આનંદ અને શાંતિ પડી છે. એટલી શાંતિ અને એટલો આનંદ કે તું અનંત અનંત આનંદ કાઢ તો પણ આનંદ ખૂટે નહિ એટલો આનંદ છે એમાં. સમજાય છે કાંઈ? આનંદ અને શાંતિ એટલી આત્મામાં શક્તિરૂપે, સત્ત્વરૂપે, ભાવરૂપે, સ્વભાવરૂપે પડી છે કે એમાંથી ગમે તેટલો અતીન્દ્રિય આનંદ પરિણતિ-પર્યાય-અવસ્થામાં કાઢ તો પણ ખૂટે એવો નથી. એને અસલી માલ કહેવામાં આવે છે. અસલી ગોદામ એ છે.

મુમુક્ષુ :- નકલી ખૂટી જાય.

ઉત્તર :- નકલી ખૂટી જાય. અસલી ગોદામ છે આત્મા. આહાહા..! આ ગોદામ તો માલ લાખ ગુણો હોય, કરોડ ગુણો હોય તો પણ ખલાસ થઈ જાય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સમયનો રાગ અને એક સમયની અવસ્થા એટલું લક્ષ છોડી દઈને, વસ્તુ તરીકે જે ત્રિકાળ માલ છે, ત્રિકાળ માલ છે એને અહીં ચૈતન્યલક્ષણે લક્ષિત આત્મા કહ્યો. એ આત્મામાં અસલપણું, અસલપણું, ખરા મુદ્દાનો માલ પડ્યો છે. મોટું ગોદામ છે આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? એવા આત્મામાં એકાકાર થઈને જે શાંતિ, શ્રદ્ધા ને સ્થિરતા પ્રગટ થાય તેને અહીંયાં જ્ઞાનચેતના અને તેને અહીંયાં ધર્મ કહે છે. ચંદુભાઈ! આહાહા..! અરે..! ભગવાન! શું કરે? જેમાં હશે એમાંથી નીકળશે. નહિ હોય એમાંથી નીકળશે? માલ એકે એક વખારમાં અને વખાર મોટી ખાલી. કહો, સમજાય છે?

મુંબઈમાં એક આવ્યો હતો ઠગ. ઘણા વર્ષ પહેલાની વાત છે. ઠગ એક આવ્યો હતો. દુકાન માંડી બરાબર. કોથળા ભર્યા બધા ફોતરાના. ફોતરા સમજો છો? છિલકા. મોઢાઆગળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એક એક થપ્પી. સાત-આઠ ગુણીની, સાત-આઠ ગુણની થપ્પી. અને એક આમ, એક આમ થપ્પી. એટલે જાણે કે ઓહોહો..! કેટલી ભરી હશે એમ. ઠગ. પછી માણસો પૈસા ધીરવા આવ્યા મળ્યા હડેડાટ લોકોને કે ઓહો..! આ તો મોટો વેપારી! સમજ્યાને? એમને કોઈ લાખ, બે લાખ રૂપિયા થયા હશે એમ ને એમ દુકાન ઉઘાડી મૂકીને વયો ગયો. ક્યાં ત્યાં માલ હતો? સમજ્યા? ફોતરા હતા એકલા. પણ ગુણ ભરીને આમ થપ્પી પડી અંદર. ઓહોહો..! કેટલો માલ હશે અંદર. ઊંડો ઊંડો. અંદર પોલાણ, મોઢાઆગળ એકલી થપ્પી અને આમ થપ્પી. મોઢાઆગળ પૈસા ધીરવા માંડ્યા અને કો'કને આપ્યા એવા નકલી ગ્રાહક બનાવ્યા, એ લેવા આવ્યા, એને આપ્યા. પૈસા આપે ને દે ને કરવા માંડ્યું થોડું બે, પાંચ, દસ હજારનું. ત્યાં લ્યો ભાઈ અમારા આ પૈસા. પોપટભાઈ! નીકળ્યો નકલી. કેટલાના લાખો રૂપિયા ખાઈ ગયો, સાંભળ્યું હતું ત્યાં.

એમ ભગવાન આત્મા અંદર જે પુણ્ય અને પાપના પરિણામ નકલી માલ છે એની ગોદામ મોટી રચે કે આહાહા..! ઘણા કર્યા, ઘણા કર્યા. એમાંથી ધર્મ નહિ થાય. દિવાળું નીકળશે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ચંદુભાઈ!

કહે છે, મારો ચૈતન્ય માલ, ચૈતન્ય લક્ષણે (લક્ષિત થતું) એવું આત્મતત્ત્વ. જોયું! ધર્મી એ માને છે. એને અતિશય એટલે ખાસ કરીને તો મારો આ અનુભવ છે એમ કહે છે. રાગાદિ થાય, હરખ આદિ થાય એ મારી ચીજ નથી. એમ ધર્મી એને કહીએ કે આને અનુભવે. રાગ અને હરખ એ મારી ક્રિયા નહિ અને એ મારું સ્વરૂપ નહિ. એ નકલી માલ છે. નકલી મુદ્દે દેણું નહિ ટળે. સમજાણું કાંઈ? અસલ માલ અંદરથી જોઈશે. આહાહા..! ત્યાં માને, અહીં નહિ. એને પોતાના સ્વરૂપમાં કેટલું ભર્યું છે, શું છે એની એને ખબર નથી. ભગવાન આત્મા... સમજાય છે? પરમસ્વભાવ, પરમસ્વભાવ, કારણપ્રભુ, કારણપ્રભુ જેમાંથી કાર્ય વહે. રાગમાંથી, પુણ્યમાંથી કાંઈ કાર્ય આવતા હશે? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ધર્મીની એ ભાવના હોય છે અને એ ભાવનામાં એ દશા હોય છે કે હું ત્રિકાળ શુદ્ધ આનંદના માલવાળું તત્ત્વ છું. એની એકાગ્રતાથી જે દશા પ્રગટી તેને અહીંયાં જ્ઞાનચેતના એટલે વસ્તુનો અનુભવ, વસ્તુનો અનુભવ એને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મી પોતાના ધર્મને ખાસ કરીને ભોગવે છે. ખાસ કરીને એટલે? કદાચિત પર્યાયમાં જરી રાગાદિ હરખ હોય પણ એનો અભાવ પોતામાં છે એમ અનુભવે છે. એ મારામાં ભાવ છે એમ અનુભવતો નથી. કહો, છોટાભાઈ! છે ને એમાં? જુઓ! પણ એવું બગાડી માર્યું છે ને જગતે. ધર્મને રૂપે કુરૂપ કરી નાખ્યું છે એટલે માણસને બેસતું નથી આ.

ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ સત્. સત્‌માં ક્યાં ખોટ છે કે તારે પરનો આશ્રય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લેવો પડે? એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ, આ દેવ-ગુરુ-શાસ્ત્ર છે. એ સત્ છે તો તું સત્ નથી? તું અસત્ છો? સમજાણું કાંઈ? સત્શાસ્ત્ર, સત્દેવ, સત્ગુરુ. એ છે સત્. તું સત્ છો કે નહિ? અને એ (પર) સત્માંથી આવે એવું છે અહીં?

મુમુક્ષુ :- એ તો એના છે.

ઉત્તર :- એનામાં છે. એ સત્માંથી અહીં આવે એવું છે? અને આ સત્માંથી કાંઈ બહાર જાય એવું છે? સમજાય છે કાંઈ? સત્ ભગવાન આત્મા સત્, સત્ત્વ, સત્નું સત્ત્વ, સત્સ્વરૂપે ભગવાન સત્ સાહેબો એનું સત્ત્વ એકલું જ્ઞાન, શાંતિ, આનંદનું એકલું સત્ત્વ તે તેનું સત્ છે. એવા સત્ની અંતર દૃષ્ટિ કરતાં જે સત્ સ્વભાવ શક્તિમાં છે તે પર્યાયમાં પ્રગટ થાય તેને ધર્મ અને તેને જ્ઞાનચેતના કહે છે. કહો, ભગવાનજીભાઈ! બહારના કારખાના નાખે તો કહે કેટલો માલ નીકળ્યો આ? કેટલો માલ નીકળ્યો? કેટલો માલ નીકળ્યો? કહે ઓહોહો..! આજે તો બહુ માલ આપ્યો. આ માલ એવો પડ્યો છે, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! પ્રભુ! તારામાં એટલી શક્તિ પડી છે કે એમાં ગમે તેટલી તું એકાગ્રતા કર અને કેવળજ્ઞાન પ્રગટે તો એ કેવળજ્ઞાન અનંત કાળ નવું નવું થયા જ કરે એવો તારો માલ છે. એવા ચૈતન્યલક્ષણે લક્ષિત આત્મા છે.

બીજી વાત. '**ચૈતન્ય જેનું લક્ષણ છે...**' એમ કહ્યું. એમ ન કહ્યું કે પુણ્યનો વિકલ્પ જેનું લક્ષણ છે કે જેનાથી આત્માનું લક્ષ થઈ શકે. સમજાણું કાંઈ? આહાહા..! રાગ, પુણ્ય, વિકલ્પ, દયા, દાન, વ્રતનો વિકલ્પ રાગ છે. એ રાગ ચૈતન્યનું લક્ષણ છે? રાગ તો અચેતન છે. રાગ પોતાને જાણતો નથી તે બીજાને લક્ષ કેમ કરે? એ બીજાનું લક્ષ કેમ કરે? આ તો જ્ઞાન જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ જાણવાના લક્ષણે લક્ષિત. લક્ષિત એટલે દ્રવ્યનું ધ્યેય જાણવાના લક્ષણે પકડી શકે છે. અને તે ચૈતન્ય લક્ષણવાળું આખું તત્ત્વ છે એમ કહે છે. પર્યાયમાંથી જણાય પણ તે આખું ચૈતન્ય લક્ષણ તત્ત્વ જ એ આત્મા છે. સમજાય છે કાંઈ? એમાં કાંઈ પુણ્ય-પાપના વિકલ્પો અને હરખ-શોકનો ભાવ એમાં પડ્યો નથી. એ તો નવો નવો પર્યાયમાં ઉત્પન્ન કરતો. અહીં દ્રવ્યની દૃષ્ટિનો જ્યાં અનુભવ થયો સમ્યગ્દૃષ્ટિને તો દ્રવ્યમાંથી નીકળતો નથી. દ્રવ્યમાંથી એકાગ્ર થઈને શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રવાહ વહે એનો અનુભવ છે. રાગ પર્યાયમાં ઉત્પન્ન થાય પર્યાયને લક્ષે હરખ એનો ખાસ કરીને અનુભવ નથી. ગૌણ છે એને કાઢી નાખીને ખાસ અનુભવ આનો છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું. આહાહા..!

ભગવાન આત્મા જેમાં પૂર્ણ સાહેબી પડી છે, પૂર્ણ વૈભવ પડ્યો છે. લ્યો! એ હમણાં આત્મવૈભવ નાખ્યો છે ને? એ વળી વૈભવ આવ્યું. આહાહા..! ભાઈ! તારો વૈભવ તારામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે બાપુ! ૪૭ (શક્તિ) તો વર્ણવી છે. મહાવૈભવ. સમજાણું કાંઈ? એક ગણીજી આવ્યા હતા હમણાં. કહે હમણાં નવું પુસ્તક છપાણું છે ને. હા, બાપુ! લઈ જાવ. લઈ જાવ. વાંચો વાંચો બાપા! આવ્યા હતા ગણીજી. જામનગરના. આત્મવૈભવ. આહાહા..! તારા ધૂળના વૈભવ તો ક્યાંય જડના રહ્યા. એ ક્યાં તારો વૈભવ છે? અને અહીં તો કહે છે, પુણ્ય અને પાપના ભાવ અને હરખ-શોકનો ભાવ એ વૈભવ તારો ક્યાં છે? એ તો વિકારી મેલ છે. સમજાય છે કાંઈ? નકલી માલથી દેણું ટળતું હશે? કહો.

ભાઈ તો ઓલો દાખલો આપે છે ને? બાબુભાઈ તો. આપણને તો એવો કાંઈ યાદ નહોતો એવો દાખલો. એ બાબુભાઈ આપે છે. વર પરણવા જાય તો એની સાથે અણવર હોય. અણવર. અણવરને શું કહે છે તમારે? હોય ને અણવર સાથે. દુલ્હાની સાથે બીજો હોય ને અણવર? એ અણવરને કન્યા મળે? એ તો લાડવા ખાય એટલું જોડે. બાકી કાંઈ ન મળે એને. કન્યા-બન્યા એને મળે નહિ. કન્યા તો વર હોય એને મળે.

એમ આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્ય છે એની દૃષ્ટિ અને જ્ઞાનની રમણતા એ વર છે. એને મોક્ષ મળે. કાંઈ વચ્ચે દયા, દાનના વિકલ્પ આવે એને મોક્ષની કન્યા વરતી હશે? સમજાણું કાંઈ? એય.. ચંદુભાઈ! ભારે આકરું લાગે. પણ માણસને આમ માથુ ફરી ગયું છે ને એટલે આ અંદર આત્મા શું છે અને એમાં સત્ત્વ શું એનો વૈભવ એને બેસતું નથી. આ ધૂળના વૈભવની વાતુ કરવા જાય એ તો જાણે ડાહ્યાનો દીકરો બેઠો હોય તો ઓહોહો..! ઓણ દસ લાખ પેદા કર્યા, બે લાખના દાગીના કર્યા અને પાંચ લાખનું મકાન બનાવ્યું. ...ભાઈ! પછી આમ કર્યું ને પછી ધૂળ કરી ને પછી? એનું વાસ્તુ કર્યું ત્યારે તો મોટા મોટા દિગ્ગજોને બોલાવ્યા. મારા મિત્રો હતો, અમારી સાથે ભણતા અત્યારે દિવાન થઈ ગયા. બધાને બોલાવે અને વાસ્તામાં ૫૦ હજાર ખર્ચ્યા. જાણે શું કરે છે પણ તું આ? મૂર્ખાઈનું પ્રદર્શન છે. એઈ..! આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન આત્મા અંદર ચૈતન્ય લક્ષણે લક્ષિત આત્મ વૈભવથી ભરેલો ભગવાન સ્વભાવ વૈભવથી, એની અંતર દૃષ્ટિ કરીને જે જ્ઞાનચેતના પ્રગટી. ધર્મી કહે છે કે ખાસ મારો ભોગવટો, અનુભવ, ખાસ મારી પર્યાય હોય તો તે શાંતિની, આનંદની છે. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મી કહે છે-ભાવના (ભાવે) છે કે હું સ્ત્રીને કોઈ દી ભોગવતો જ નથી ત્રણ કાળમાં. મકાનને હું ભોગવતો જ નથી, પૈસાને હું ભોગવતો જ નથી. મૈસુબ ને દાળ-ભાતના જે ઊંચા લાડવા એને તો હું ભોગવતો નથી. એ તો અજ્ઞાની પણ ભોગવતો નથી એને તો. પણ અજ્ઞાની જે રાગ અને હરખ-શોકના પરિણામને ભોગવતો હતો એ હું હવે એને ભોગવતો નથી. એમ કહે છે. આહાહા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આહાહા..! જુઓને! કેટલા શ્લોકમાં થોડામાં કેટલું નાખ્યું છે! ભગવાન! લ્યો, ભગવાનજીભાઈ! તમારું નામ પણ ભગવાન છે, લ્યો! ક્યાં ગયા બીજા? આ ભગવાનભાઈ ત્યાં બેઠા છે. ભાવનગરના ભગવાન. આ જામનગરના. આહાહા..!

કહે છે કે ભગવાન! તારું સ્વરૂપ તો.. ભગવાનની વ્યાખ્યા એવી છે મહિમાવંત. ભગવાનની વ્યાખ્યા મહિમાવંત થાય છે. સમજાય છે ને? ભગ ને આવે છે ને? ભગ અને વાન શું? એનો અર્થ આપણને ક્યાં આવડે છે બહુ? ભગ ભગ એ ધાતુ છે ને કાંઈક? ભગવાળા, મહિમાવાળા. એવો અર્થ છે હોં એમાંથી. અમારા ઘરનો નથી. ભગ-મહિમાવાળા, વાન-એવા. ભગવાન મહિમાવાન. મહિમાવાળું જેનું વાન છે. વાન જેનું રૂપ મહિમાવાળું છે. ભગવાન આત્મા આનંદ આદિ મહિમાવાળું જેનું રૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! એવો ભગવાન ચૈતન્ય હું તો ચૈતન્ય લક્ષણવાળો એવો આત્મા છું. હું આ રાગ, પુણ્ય અને વિકલ્પવાળો આત્મા નથી અને એ દ્વારા આત્મા પકડાય એવી ચીજ રાગમાં નથી. અને હું ચૈતન્યલક્ષણે લક્ષિત એવો ભગવાન આત્મા તત્ત્વ એને ખાસ અતિશયપણે, વિશેષપણે, મુખ્યપણે ભોગવું છું. કહો, ચંદુભાઈ! આહાહા..! જુઓ! અહીંયાં નિશ્ચય અને વ્યવહાર નાખ્યો. ઓલો વ્યવહાર રાગાદિ હરખ છે એ ગૌણ કરી નાખ્યો. ગૌણ કરી નાખ્યો. જરી છે. ગૌણ કરી નાખ્યો. એનું સ્વામીપણું નથી. ત્યાં અંતરમાં ભોગવવામાં એ બે ચીજ ભેગી થાતી નથી. સમજાણું કાંઈ?

ભાઈ! આકરું લાગે પણ હવે આ કરવું પડશે, હોં! આ કર્યા વિના તારો નિવેડો નહિ આવે. આહાહા..! ચોર્યાસીના અવતાર, ભાઈ! આહાહા..! એ દુઃખે તેં દુઃખ ભોગવ્યા છે. એ રોનારા રોઈને દુઃખ તારા જોઈ શકે તો ન ખમે એવા દુઃખ હતા, ભાઈ! જુઓને. આહાહા..! જુઓને! ઓલા બળદના પગ કાપ્યા તો એનો ધણી કહે છે અરેરે..! અમે આ જોઈ શકતા નથી હોં! હમણા ચાર બળદના બે-બે પગ કાપી નાખ્યા અહીંથી. ... દુશ્મને આવીને. વેરી હોય ગમે તે હોય. ચાર બળદ. હજાર-હજાર રૂપિયાના બળદ હોં! હજાર-હજારના. એ એકલા હશે અને ધણી કાંઈક ખાવા ગયા હશે અને પાછળથી આવી પાછળના બે આટલા કાપી નાખ્યા. પછી ઘરનો ધણી આવ્યો, જોયું જાય નહિ હોં! ફોજદાર આવ્યો જોવા. ફોજદાર કહે, આના દુઃખ હું જોઈ શકતો નથી. કાં આને ઝેર આપો, કાં આને મારનારને ગોળી આપો. મારનાર ક્યાં નજરે પડતો હતો. અને એને ગોળી આપે આ દુઃખ ક્યાં મટે એવા છે? મોટા હજાર-હજારના બળદ. અહીંથી કાપી નાખ્યા. કોણ જાણે શેનાથી કાપ્યા હશે? ધારિયા માર્યા હશે. આહાહા..! અરે.. બાપુ! એ તો સંયોગની વાત છે. એવા સંયોગો ભગવાન! તને અનંત વાર બન્યા છે. સમજાણું કાંઈ? એ સ્વભાવના અનુભવની દૃષ્ટિ વિના એવા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વભાવને મૂકીને એવા સંયોગ તો અનંત વાર થયા છે. પણ અનાદિ તત્ત્વ છે એની એને ખબર ન મળે. અને અનાદિ છે અને અંત વિનાના એના ગુણો અને સ્વભાવ છે. સમજાણું કાંઈ? જેમ એને આદિ કાળથી નથી વસ્તુની, એમ એના ગુણોની આદિ નથી એટલે પરિમિત નથી, અપરિમિત શક્તિ અનંત છે. ભગવાન આત્મામાં અનંત... અનંત... અનંત... અનંતનો ગમે તેટલો ગુણાકાર કરો તો પણ તે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ વસ્તુ છે. એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન વિના લાખ કરોડ કરીને મરી જાય, એનો એક ભવ ઘટવાનો નથી. સમજાણું કાંઈ?

કહે છે, **'હું ચૈતન્ય જેનું લક્ષણ છે...'** આહાહા..! **'એવા આત્મતત્ત્વને...'** એને ખાસ **'અતિશયપણે ભોગવું છું...'** મારો અનુભવ તો મારી પર્યાયના આનંદની શુદ્ધતાનો છે. ધર્મી એમ જાણે છે. મારો ભોગવટો-અનુભવ મારી શુદ્ધતાની દશાનો છે. દ્રવ્યનો તો અનુભવ નથી, ગુણનો અનુભવ હોય નહિ. વિકારનો અનુભવ નથી, અવિકારનો અનુભવ મને છે. એક વાત રહી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! પણ એના કાંઈ સાધન હશે કે નહિ બીજા? ઈ કહેશે હેઠે. ઈ કહેશે જરી. એ વિકલ્પ ને આવું કરે તો એના વિકલ્પને વ્યવહાર સાધન કહેવાય, નહિતર તો એકલું બંધનું કારણ. એને વ્યવહાર સાધન પણ કહેવાય નહિ. નિશ્ચયના ભાન વિનાનો વ્યવહાર એને વ્યવહાર સાધનનો આરોપ પણ આવતો નથી. એમ કહેશે. સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મી એમ અનુભવે છે અને એને ધર્મી કહીએ અને એને ધર્મ હોય છે કે હું તો આનંદ અને જ્ઞાન લક્ષણે લક્ષિત મારું જે સ્વરૂપ વસ્તુ છે એનું લક્ષ થતાં જે શુદ્ધતાની પર્યાય પ્રગટ થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય પ્રગટ થઈ એ મારી ભોગવવાની દશા છે. રાગ, હરખ એ મારા ભોગવવાની દશા નથી. કહો, સમજાણું કાંઈ? શું કીધું સમજાણું આમાં? વાતું કરવી ઝીણી અને પાછું કહે સમજાય છે? પણ ઈ જ સમજવાનું છે. બાકી તો ધૂળધાણી બધાય અનંત વાર અગિયાર અંગ પણ ભણ્યો અને નવ પૂર્વ પણ ભણી ગયો અને નવમી ગ્રૈવેયક જાય એવી પુણ્યની ક્રિયાઓ પણ અનંત વાર કરી. આ વસ્તુ સમજ્યો નથી.

કહે છે, હું તો ધર્મીને... હું એટલે ધર્મી. ધર્મી એટલે ત્રિકાળી દ્રવ્ય અને તેની શુદ્ધ પરિણતિનો ભોગવનારો એવો ધર્મી. આહાહા..! પણ આ બધી વસ્તુ પડી છે ને? ખાવા, પીવાની. પણ કોની છે? ક્યાં છું એમાં તે હું એને ભોગવું? એમાં હું છું ક્યાં તે એને હું ભોગવું? ધર્મી તો એમ અનુભવે અને જાણે છે કે અંદર દયા, દાનના રાગ થયા અને હરખ-શોકનો વિકલ્પ ત્યાં હું ક્યાં છું તે એને હું ભોગવું. આહાહા..! સમજાણું કાંઈ? હું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છું તો દ્રવ્ય છું અને તે શુદ્ધ ગુણ છું. અને એને આશ્રયે થતી નિર્મળ પર્યાયમાં હુંપણું પર્યાયમાં હુંપણું છે. રાગાદિ અને હરખની પર્યાયમાં હુંપણું અને મારામાં એ છે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું ભાઈ!

આ શરીર આમ જીર્ણ થઈ જાય. આહાહા..! આમ થઈ ગયું. આજે .. આવ્યો હતો. .. જીર્ણ થઈ ગયું. કાલે ગયા હતા ત્યાં. આત્મવૈભવ દેવા. વાંચોને! .. આંખ ખોલી. આહાહા..! શરીર જુઓ તો ઠંડી લાગે .. આવી. .. શું કહે છે? અસાધ્ય. અસાધ્ય નથી કહેતા? આ દશા! અરે.. ભગવાનની આ દશા! શરીરમાં જીર્ણ ..હાડકા જીર્ણ. ભગવાન! એ દેહ તારો નથી. દેહ તારે કારણે નબળો પડ્યો નથી. અને નબળો પડ્યો એ કાંઈ તારી ચીજમાં નબળાઈ આવી ગઈ નથી. ભગવાન! તું તો મહાન પુષ્ટ છો અંદર આનંદકંદથી. તારું પુષ્ટાપણું કોઈ દી નબળું પડતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એ જે આત્મા અંદર દ્રવ્યસ્વરૂપે શુદ્ધ ચૈતન્ય લક્ષણે વસ્તુ (છે), ધર્મીની દૃષ્ટિ ત્યાં હોવાથી સમ્યગ્જ્ઞાન, શાંતિને ભોગવું છું એ મારો ખાસ ભોગવવાનો ભાવ છે. બીજો મારો ભોગવવાનો ભાવ છે નહિ. આહાહા..! અરે..! ચક્રવર્તીના રાજમાં પડ્યો હોય તો આનો ભોગવટો છે? ના ભગવાન! એ તો જડ છે ને. મારામાં નથી એને હું કેમ ભોગવું? પણ આ રાગ છે ને? ના. એ મારા સ્વરૂપમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એ છે જ નહિ મારી પર્યાયમાં. આહાહા..! સમજાણું કાંઈ?

'**હું...**' અહીં જ અટક્યું છે હજી તો. ઓલો અતિશય શબ્દ આવ્યો છે ને ભાઈ? એટલે ખાસ મારી ચીજ તો આ છે. આહાહા..! બાકી નકલી માલ વચમાં વિકલ્પ ઉઠે વ્યવહારનો એ નકલી માલ છે. એ મારો અસલી માલ નથી. આહા..! પાપનો રાગ ઉઠે એ તો વળી ઝેર તીખું છે એની તો વાત અહીં છે જ નહિ. પણ પુણ્યનો વિકલ્પ ઉઠે એ મારી ચીજમાંથી નથી આવેલી. એ અધ્ધરથી નકલી ઉત્પન્ન થયેલો વિકલ્પ એ મારો છે નહિ. મારી ખાણમાંથી આવે એ મારી ચીજ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા નિધાન.. નિધાન પરમ સ્વભાવ ભગવાન, એની અંતર દૃષ્ટિમાં જ્યાં સ્વીકારે જ્યાં શુદ્ધતાનો અનુભવ થયો તો ધર્મી કહે છે કે હું તો શાંતિને અરાગી પરિણતિ-પર્યાયને મારી માનીને ભોગવનારો છું. રાગાદિને મારી માનીને એનો હું સ્વામી જ નથી ને. રાગાદિનો મેલનો સ્વામી આત્મા કેમ હોય? ભગવાન આત્મા તો નિર્મળાનંદ પ્રભુ છે. એનું ભાન થયે તો નિર્મળ પર્યાયનો સ્વામી છે.

'**અને તે સિવાયની...**' હવે આવ્યું. આ અસ્તિથી વાત કરી પહેલી. '**તે સિવાયની અન્ય સર્વ ક્રિયામાં વિહારથી મારી વૃત્તિ નિવૃત્ત છે...**' જુઓ! અસ્તિ-નાસ્તિ કરી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યને ધ્યેયમાં, લક્ષમાં લઈ અને જે શુદ્ધ પરિણતિ પર્યાય પ્રગટી છે તે જ મારી ચીજનો અનુભવ છે. '**તે સિવાય અન્ય સર્વ ક્રિયા...**' જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે એમાં વિહાર, વિહાર નામ પ્રવૃત્તિ, એની પ્રવૃત્તિથી મારી વૃત્તિ નિવૃત્ત છે. એ રાગની પ્રવૃત્તિથી મારી પરિણતિ નિવૃત્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે કે નહિ એમાં? એનો અર્થ ચાલે છે આ. આહાહા..!

ભગવાન! ભાઈ! પ્રભુ તું છો ને નાથ! તારામાંથી નીકળતી દશા નિર્મળ. એના સિવાય મારે અન્ય વિહાર અન્ય પ્રવૃત્તિ પુણ્યાદિના પરિણામની પ્રવૃત્તિ એનાથી મારી વૃત્તિ એટલે મારી નિર્મળ પરિણતિ જે ભોગવું છું એનાથી વિકારની પરિણતિ ભિન્ન છે. એ નિવૃત્ત છે. મારી પરિણતિ રાગની પરિણતિથી નિવૃત્ત છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો ભાઈ ધીમેથી સમજાય એવી વાત છે. આ કાંઈ એકદમ માથેથી કૂદકા મારે ને આ થઈ રહ્યું એવી ચીજ નથી આ. આ તો અસલી ધર્મની વાત છે. સમજાણું કાંઈ? બહારની ધમાલ.. ધમાલ.. ધમાલથી કાંઈ ધર્મ થાય એવો નથી. આહાહા..!

કહે છે, ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપની જ્યાં અંતર દષ્ટિ થઈ અને આત્મા જાગ્યો પોતાની સંપદાને અનુભવવા, એવો ધર્મી એને કહીએ, કે પોતાની શાંતિને અનુભવનાર કહે છે કે જે અશાંતિની રાગાદિની પ્રવૃત્તિ છે અંદર પરિણામની હોં! એનાથી પ્રવૃત્તિથી સર્વ ક્રિયા એટલે રાગાદિના જેટલા પરિણામ, એની જે પ્રવૃત્તિ, એનાથી '**મારી વૃત્તિ...**' નામ શુદ્ધ પરિણતિ '**નિવૃત્ત છે...**' આહાહા..! લ્યો! આ બહારથી તો નિવૃત્ત જ છે પણ અંદરમાં જરી રાગ છે એનાથી પણ મારી પરિણતિ નિર્મળ સ્વભાવને આશ્રયે થઈ એ બહારથી અભાવ છે. પ્રવૃત્તિની ક્રિયાનો નિવૃત્તિ ભાવ છે. પરિણતિ એનાથી રહિત છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

'**તે સિવાયની...**' એટલે કે ખાસ આત્મતત્ત્વની વિશેષ દશાની નિર્મળ પર્યાય, એને ભોગવું. એ સિવાયની અન્ય સર્વ ક્રિયા. રાગના વિકલ્પની ચાહે સો તીર્થંકરપણાના ગોત્રની વૃત્તિ હોય તે ક્રિયામાંથી પ્રવૃત્તિ મારી વૃત્તિ નિવૃત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ સમ્યગ્દષ્ટિ પોતાની નિર્મળ પરિણતિને પ્રસિદ્ધ કરીને અનુભવે છે. '**(અર્થાત્ આત્મતત્ત્વના ભોગવટા સિવાયની...**' આત્મતત્ત્વ એટલે (નિર્મળ) પર્યાય મૂળ લેવી. '**અન્ય જે ઉપયોગની ક્રિયા..**' બીજી જે ઉપયોગની અંદર રાગાદિના પરિણામ થાય, અશુદ્ધઉપયોગ રાગાદિ પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ એ અશુદ્ધઉપયોગની ક્રિયા એટલે કે '**વિભાવરૂપ ક્રિયા...**' એટલે કે વિકારીરૂપ ક્રિયા, એટલે કે વિશેષરૂપ વિકારી ક્રિયા. '**તેમાં મારી પરિણતિ વિહાર કરતી નથી–**' મારી નિર્મળ અવસ્થા તેમાં થતી નથી. મારી નિર્મળ અવસ્થા તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રૂપે પરિણમતિ નથી. તે રૂપે હું પરિણમતો જ નથી એમ કહે છે. વિહાર કરતી નથી એટલે પ્રવર્તતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો નિશ્ચયની વાત... નિશ્ચયની વાત... વળી એમ કહે. ઓલો વ્યવહાર (કહેતા જ નથી). પણ વ્યવહારની પ્રવૃત્તિથી નિવૃત્ત છું. એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..! એને પોતાના નિજ સ્વરૂપનું માહાત્મ્ય જ આવતું નથી. હું તો જાણે કોઈક રાંકો-ભિખારી અને આ ક્યાંકથી લઉં, રાગ કરું, પુણ્ય કરું, એમાંથી કાંઈક મને લાભ મળશે. ભિખારી છે, રાંકો છો રાંકો. ત્રણ લોકનો નાથ બાદશાહ. સમજાણું? એ રાગના કણ પાસે માગે કાંઈક આપજે એમાંથી. સમજાય છે કાંઈ? એ પુણ્યના પરિણામના કણ પાસેથી માગે, કાંઈક આપજે. કણસલા આપજે. પણ એ કણમાં ક્યાંથી કણસલા આવ્યા?

ભગવાન આત્મા આનંદના ક્ષેત્રથી ભરેલો છે ને. અસંખ્યપ્રદેશી અનાદિઅનંત અનંત સ્વભાવનો સાગર એવા ભગવાનમાં એકાકાર થતાં જે કણસલા નામ દાણા પાકે શાંતિના એનો હું અનુભવનાર છું. આ ખડ રાગાદિ ખડ છે-ઘાસ છે. એનાથી મારી પરિણતિ નિવૃત્તપણે છે. નિવૃત્તપણે છે. પ્રવૃત્તપણે નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ તો એને અભ્યાસ નથી ને. એ જાતની શું ચીજ છે? તેની ગતિ કઈ છે? એની ગતિને ગમ્ય કેમ થાય એની ખબર જ નથી. એની ગતિને અને એના ગમ્ય કેમ થાય? અને એનામાં કેમ જવાય એની રીતની એને ખબર નથી. એટલે એને લાગે કે આ તે શું આ વાત કરે છે આવી? સમજાણું કાંઈ? દિગંબર આચાર્ય મુનિ આમ વાત કરે છે.

જો તારે ધર્મ કરવો હોય તો એ ધર્મ ક્યાંથી આવશે? કરવો છે ને? નવો કરવો છે ને? નથી તેને કરવો છે ને? હોય તેને શું કરવું? ધર્મ કરવો છે. તો ધર્મ ક્યાંથી થાશે? ધર્મ પુણ્યના પરિણામમાંથી થાશે? દેહની ક્રિયાથી થાશે? ધર્મી એવો ભગવાન આત્મા, જેમાં અનંત અનંત ધર્મ નામ સ્વભાવ ભર્યા છે એવો ભગવાન. એની અંતર એકાગ્રતાથી જે પરિણતિ નિર્મળ થાય તેને ધર્મ કર્યો અને ધર્મ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હિન્દીમાં જે નીકળે ગુજરાતીમાં સ્પષ્ટ નીકળે એટલું હિન્દીમાં ન નીકળે. અટકવું પડે જ્યાં ત્યાં. કહો, સમજાણું આમાં? બે દી તો હિન્દી ચાલ્યું.

મુમુક્ષુ :- જુદી જાતનું આવ્યું.

ઉત્તર :- જુદી જાતનું આવ્યું. આહાહા..!

'**તેમાં મારી પરિણતિ...**' પણ પરિણમે છે ને. કોણ પરિણમે છે? હું નથી પરિણમતો. હું જે છું એ તો શુદ્ધ પરિણતિવાળો જ છું. આહાહા..! પરલક્ષવાળી જેટલી વૃત્તિઓ ઉઠી વિકલ્પો રાગાદિ, મારી પરિણતિ તેનાથી તો નિવૃત્તસ્વરૂપ છે. પણ એક સમયની પર્યાયના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બે ભાગમાં બીજા ભાગથી નિવર્તવું અને એક ભાગથી પ્રવૃત્ત છું. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ માર્ગમાં આ વાત હોય, બાપુ! બીજે ક્યાંય હોઈ શકે નહિ. આહાહા..! એ વસ્તુ જ એવી છે અને વીતરાગી તત્ત્વ જ એવું છે.

ભગવાન આત્મા ચિદાનંદની મૂર્તિ પ્રભુ એની પરિણતિ નામ પર્યાય અવસ્થા એમાં જેટલી શુદ્ધતાના અવલંબે જે પ્રગટી પરિણતિ તેનો અનુભવ અને તે મારી પર્યાય-અવસ્થા. રાગાદિથી તો મારી પરિણતિ નિવૃત્તરૂપે રહે છે. નિવૃત્તરૂપ રહે છે. એમાં પ્રવૃત્તરૂપ છે નહિ. સમજાણું કાંઈ? વ્યવહારમાં પ્રવર્ત્યો જ નથી એમ કહે છે. વ્યવહારની પરિણતિથી નિવૃત્તરૂપ છું એમ કહે છે. આહાહા..! એય.. દેવાનુપ્રિયા! વ્યવહાર વ્યવહાર કહે છે. વ્યવહાર ધર્મ ધર્મ એની વાત ચાલે છે આ. આહાહા..! ભગવાન! તારી કિંમત તો કર તું. તારી કિંમત કરતાં ન આવડી અને તું કિંમત કરવા નીકળી ગયો બીજાની. સમજાણું કાંઈ? શરીરની, પૈસાની, ધૂળની, આબરૂની, રૂપાળા શરીરની, કાં અંદર પાપના પરિણામની અને કાં પુણ્યના પરિણામની કિંમત કરવા ચાલી નીકળ્યો. પણ તું એના વિનાની ચીજ છો એની કિંમત કરી ક્યાંય? કસોટીએ ચડાવ્યો તને તેં? કહો, ઉત્તમચંદભાઈ!

મુમુક્ષુ :- મૂળમાં...

ઉત્તર :- મૂળમાં ભૂલ. આહાહા..!

મારી પરિણતિ વૃત્તિ નિવૃત્ત છે. સર્વ ક્રિયાઓ, સર્વ ક્રિયામાં કોઈ વિકલ્પ બાકી નથી. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ એના આશ્રયથી થતી જે પરિણતિ નિર્મળ દશા એ સિવાયની જેટલી સર્વ ક્રિયા રાગાદિ પરિણામ, એનાથી આ મારી નિર્મળ પરિણતિ નિવૃત્તરૂપ છે, પ્રવૃત્તરૂપ નથી. સમજાય છે કાંઈ?

**'એમ આત્મતત્ત્વના ભોગવટામાં અચળ એવા મને,...'** જુઓ! આહાહા..! હું આનંદસ્વરૂપ છું ને પ્રભુ! મારી શાંતિના અંતરના નિર્વિકલ્પ પરિણતિના અનુભવ આગળ **'અચળ એવા મને,...'** એમાં નહિ ચળતો એવો હું. એમાંથી નહિ ખસતો એવો હું. દ્રવ્ય અને ગુણ કોઈ દી ખસતા નથી એના સ્થાનથી. તો એની પરિણતિ પણ હવે નહિ ખસતો એવો હું. એમ કહે છે. ખસતાને શું કહે છે? હટતા, ખિસકતા.. ખિસકતા. **'એમ આત્મતત્ત્વના ભોગવટામાં અચળ એવા મને, આ કાળની આવલી...'** હવે શું કહે છે? આ હવેનો કાળ જે પ્રવાહરૂપે વહેશે ઈ એમાં જાવ. અનંત કાળ તો રહેશે હજી. આમ જશે ને આ કાળ? આત્મા દ્રવ્ય નિત્ય છે. આ પરિણતિ છે કે હવેનો કાળ? આ પરિણતિમાં જાવ. આ જ પરિણતિમાં રહેશે. હવે બીજી પરિણતિ થશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ કાળની આવલી...'** કારણ કે કાળનો પ્રવાહ સમયે... સમયે... સમયે... સમયે...

તો પ્રવાહ ચાલે જ છે. અનંત કાળ રહેશે હજી આત્મા તો એમ ને એમ. અનંત કાળ રહેશે તો ક્યાં રહીશ હું? કહે છે. હું તો મારા શુદ્ધ સ્વભાવની પરિણતિના કાળમાં આવલી-પ્રવાહ જાવ. હવે અશુદ્ધ મને થવાની નથી.

જેને અશુદ્ધ પુણ્ય-પાપના પરિણામની રુચિમાં પ્રવાહ છે એની પરિણતિ તેમાં કાળ જાશે ભવિષ્યમાં. દુઃખરૂપ કાળ જશે એમ ને એમ દુઃખરૂપ... દુઃખરૂપ... દુઃખરૂપ... કોઈ નરકમાં, કોઈ સ્વર્ગમાં, કોઈ મનુષ્યમાં. એની પુણ્ય-પાપના પરિણતિની મલિન પરિણતિ મિથ્યાત્વની. એ પરિણતિ દુઃખરૂપ પરિણતિ એને ભવિષ્યનો કાળ એમ ને એમ જ્યાં સુધી અહીંથી ખસશે નહિ ત્યાં સુધી એમ ને એમ પરિણતિ રહેશે. સમજાણું કાંઈ?

આ મારા કાળની પ્રવાહરૂપે. પ્રવાહ છે ને એક સમય.. ભવિષ્ય અનંત છે. '**તે આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો-જાઓ. (ઉપયોગની પ્રવૃત્તિ અન્યમાં કદી પણ ન જાઓ.**)' એ વિકલ્પમાં મારી એકાકારતા કદી થાવ નહિ અને મારા શુદ્ધમાં એકાગ્રતા સાદિઅનંત રહો. એનું નામ મોક્ષનો માર્ગ અને મોક્ષ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ વદ ૪, શુક્રવાર તા. ૧૯-૧-૧૯૬૮**
**શ્લોક-૨૩૧-૨૩૨, પ્રવચન-૪૬૧**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ભાવાર્થ છે. ૨૩૧ કળશનો ભાવાર્થ. શું અધિકાર ચાલે છે? જેને આ પરિભ્રમણ ચોર્યાસીના અવતારના દુઃખ ટાળવા હોય એણે શું કરવું? દુઃખ તો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી. દુઃખી છે બધા. દુઃખના ડુંગરામાં શેકાય છે આકુળતામાં. ભાન નથી. આત્મા આનંદ સ્વરૂપ, મીઠો આનંદનો મહેરામણ ભગવાન છે. એને ભૂલી અને આ બધા પુણ્ય અને પાપના રાગાદિ દ્વેષના ભાવ કરી અને અમે કાંઈક કરીએ છીએ, અમે કાંઈક સારું કરીએ છીએ. (એ) વર્તમાનમાં પણ દુઃખી... દુઃખી... દુઃખી પ્રાણી છે, ખબર નથી. જેને એ દુઃખ ટાળવું હોય અને સુખ મેળવવું હોય. સુખ મેળવવું કહો કે ધર્મ મેળવવો કહો. દુઃખ ટાળવું કહો કે આકુળતા અને અધર્મ ટાળવું કહો. સમજાણું કાંઈ? તેણે શું કરવું એ માથે આવ્યું.

હું તો સર્વવિશુદ્ધજ્ઞાન ચૈતન્ય જ્યોત ત્રિકાળ અમૃતનો પૂર અને જ્ઞાનનો અવતાર આત્મા છું. મારો જન્મ એટલે મારું સ્વરૂપ જ જ્ઞાન છે. મારું શરીર જ ચૈતન્ય છે. સમજાય છે કાંઈ? હું ચૈતન્ય શરીર છું. આ શરીર નહિ, પુણ્ય-પાપના ભાવ નહિ, હું તો ચૈતન્ય શરીર અને ચૈતન્ય શરીરમાં પ્રવેશ કરનારો છું. કહો, સમજાય છે કાંઈ? અનાદિથી જે પુણ્ય અને પાપ ને રાગ ને દ્વેષ મારા માનીને વિકારમાં પ્રવેશ કરીને દુઃખી થતો, તો એના દુઃખના સ્થાનમાં અનેક પ્રકારના સંયોગો ચાર ગતિના મળતા અને ચાર ગતિના સંગે તો એ દુઃખી હતો. સમજાણું કાંઈ?

કહે છે કે જેને ધર્મ કરવો હોય એટલે સુખી થવું હોય તો હું ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ ધ્રુવ અવિચળ શાંતરસ છું એવી અંતર દૃષ્ટિ કરી અને અંતર એકાગ્રતા કરવી એનું નામ આત્માની ભાવના કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? રાગ કરવા જેવો છે અને આ કરવા (જેવું છે) એ બધી વિકારની ભાવના છે. આ અવિકારી ભાવના છે. સમજાણું?

આત્મા.. માથે આવી ગયું છે ઈ. '**હું ચૈતન્ય જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વને અતિશયપણે ભોગવું છું...**' એમ આવ્યું છે ને? ચૈતન્ય જેનું લક્ષણ એવું આત્મતત્ત્વ. હું તો જાણક.. જાણક.. જાણક જેનું લક્ષણ એવો આત્મા (છું). આ પુણ્ય-પાપ, શરીર,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વાણી, મન એ આત્મા નથી. એવા આત્મામાં એકાકાર થઈને મારી શુદ્ધ પરિણતિમાં હું વિચરું છું. વિકારની અવસ્થા થાય એનાથી મારું નિવૃત્ત સ્વરૂપ છે. એવી આત્માની ભાવના કરનાર અલ્પ કાળમાં મુક્તિને અને કેવળજ્ઞાનને પામે છે. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- આવી ભાવના કરનાર...**' ભાવના શબ્દ પડ્યો છે અહીં. ભાવના શબ્દે વિકલ્પ ને એમ નથી. જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માનું ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ ત્રિકાળ નિરાવરણ અવિચળ અવિનાશી જ્ઞાન આનંદનો કંદ પ્રભુ, એમાં એકાગ્ર થવું તેનું નામ ભાવના કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? '**આવી ભાવના કરનાર જ્ઞાની એવો તૃપ્ત થયો છે...**' એવો તૃપ્ત છે '**કે જાણે ભાવના કરતાં સાક્ષાત્ કેવળી જ થયો હોય;...**' એટલે શું? કે જેમ રાગમાં અને પુણ્યમાં અને પાપમાં રંગમાં રંગાયેલો એવો લીન થઈ જાય કે એને બીજી સૂઝ પડતી નથી. એમ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે એમાં એટલો લીન થાય છે ત્યારે એટલી તૃપ્તિ શાંતિ અને આનંદની આવે છે કે જાણે આમાંથી હવે બહાર નીકળવું નથી. સમજાણું કાંઈ? ભારે!

'**જાણે ભાવના કરતાં સાક્ષાત્ કેવળી જ થયો હોય;...**' એટલે? કેવળી થાવું એ ક્યાં છે એમાં? વસ્તુ જે આનંદ અને ચૈતન્ય સ્વરૂપ અવિનાશી (છે) એમાં અંતર એકાકાર થયો એટલે પછી શું થશે એની એ વાત નથી. અહીં તો સમજાવે છે જરી. એમાં જ રહેવા માગે છે. એમાં જ રહેવા માગે છે. એમ. આનંદની લહેજતમાં એમાં જ રહેવા માગે છે. સમજાણું કાંઈ? દાખલો આપીએ છીએને આપણે ઘણીવાર ફટકડીનો અને સાકરનો. માખી ફટકડી ઉપર બેઠી હોય તો એને સ્વાદ નહિ આવે તો નહિ ચોંટે. પણ સાકર ઉપર બેઠી હોય તો સ્વાદ આવશે તો ચોંટી જાશે. છોકરો ખાતો હોય અને મેલા હાથ હોય એને પાંખ દબાઈ જાય તોપણ નહિ ઉઠે. કારણ કે સાકરના સ્વાદમાં એને બીજું ચેન જ પડતું નથી. એમ આત્મા સાકર અમૃત, અતીન્દ્રિય અમૃતનો દરિયો શાંત સાગરનો ગાંગડો છે. એવા આત્મામાં એકાકાર થતાં એટલો લીન થાય કે જેને બીજી કાંઈ સૂઝ પડતી નથી. એમાં ને એમાં રહું એમ નથી. આ તો સમજાવે છે ને? આ છે એમાં રહું છું. એમ. સમજાણું કાંઈ?

'**જાણે ભાવના કરતાં...**' એટલે સ્વરૂપમાં સ્વ-રૂપ એટલે પોતાનું રૂપ, આનંદ અને જ્ઞાનરૂપ એમાં એકાકાર થતાં જાણે કે કેવળી થયો (હોય) એટલે કે જાણે કંઈક અપૂર્ણ નથી અને એમાં છું એમ ને એમ છે, એમ ને એમ રહે એવી ત્યાં ભાવનામાં એકાગ્ર હોય છે. એમ ને એમ રહે એ વિકલ્પ નથી. આ તો સમજાવે તો શી રીતે સમજાવે? સમજાણું કાંઈ? આહાહા..! '**તેથી તે અનંત કાળ સુધી એવો જ રહેવાનું ચાહે છે.**' એ આનંદના સ્વાદમાં આટલા આત્માના અંતર, આત્મા અતીન્દ્રિય સ્વાદ, જેના સ્વાદની એકાગ્રતામાંથી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નીકળવું ગોઠે નહિ. એનું નામ ધર્મ કહેવાય છે.

**'અને તે યોગ્ય જ છે; કારણ કે આ જ ભાવનાથી કેવળી થવાય છે.'** એટલે કે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે એવું તત્ત્વ. જેમ ગોળના રવામાંથી ગળપણ ઝરે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રવો છે. એમાં એકાગ્ર થવાથી આનંદ ઝરે અને એ વડે કેવળજ્ઞાન પમાય છે. આરે.. આરે..! વાત કોણ જાણે સાંભળી ન હોય. એની એને ખબર ન મળે હું તે કેવડો છું અંદર. સમજાય છે? એની મોટપ કેવળી પણ વાણીમાં પૂરી કહી શકે નહિ. એવડો એ મોટો. એની એને ખબર ન મળે. મોટપ આપે બધાને પરને. પૈસાને ને કાં શરીરને કાં બાયડીને કાં ધૂળને, ધૂળ એટલે આ લક્ષ્મીને. શરીર કાંઈક ઠીક મળ્યા અને કાંઈક સગવડતા મળી અને મકાન થયું. ધૂળેય થઈ નથી સાંભળને! ગધેડા જેવો રાખમાં રોળાય છે. ગધેડા જોયા છે નહિ? રાખમાં આમ આમ કરે. પગ ઊંચા રાખે અને આમ કરે. ખંજવાળવા માટે રાખમાં. ચંદુભાઈ! આ ગધેડાનો સ્વભાવ છે. જોયો છે કે નહિ? ઊંચા ટાંગા કરીને પછી રાખમાં આમ આમ રજોળે છે. મઝા. એમ અજ્ઞાની પુણ્ય-પાપના વિકારના રખોળા એમાં આળોટે (છે) અને માને કે અમે મજામાં છીએ. કહો! આ સુખી. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ઘડાઈ ગયો.

ઉત્તર :- ઘડાઈ ગયો. ભાન નથી ભાન કે કોણ છું અને ક્યાં છું? આ શું થઈ રહ્યું છે? અને આ થઈ રહ્યાનું ફળ શું હશે? થાય છે શું અને થાય છે તેનું ફળ શું? અને થાય છે ઈ શી રીતે શું થાય છે? વિચાર જ નથી કોઈ દી એણે કર્યા. આહા..! એમ ને એમ અનાદિથી રખડ્પાટી ચોર્યાસીની નરકમાં, નિગોદમાં, કીડા અને કાગડાના ભવ કરી થડ નીકળી ગયો એનો થડ. હજી એને એમ થાતું નથી કે અરર..! હવે આ અવતાર ન જોઈએ. જેણે રાડ નાખી છે અવતારમાંથી અને જેને ધર્મ કરવો છે એની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

એક જણો કહેતો હતો, ધર્મ ધર્મની બહુ વાતું કરો છો તમે મોક્ષની. બગસરામાં નહિ ભાઈ ઓલા? બગસરામાં નહોતા ઓલા રામ.. ગૃહસ્થ. મેઘાણી. એના દીકરા હતા કાળીદાસભાઈ. પગે લુલા. પગે લુલા હતા ને? બિચારા મશ્કરીયા હતા. આમ વ્યાખ્યાનમાં આવે. (સંવત) ૧૯૮૪ની સાલની વાત છે. માણસ ખાનદાન. બૈરા ઘરે તો ખાનદાન. પગે લુલા પણ બાઈ સારી. બીજું કાંઈ દીકરો-દીકરી હતું નહિ. પછી વ્યાખ્યાન સાંભળવા આવે. મેં કીધું જુઓ બાપુ! આત્માનું કલ્યાણ કરવું હોય તો મુક્તિ થયા સિવાય કલ્યાણ નથી. મુક્તિનો ઉપાય ધર્મ છે. મહારાજ! અમારે એ નથી જોઈતું. મશ્કરી કરતા હતા. શું જોવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે? અમારે તો અમદાવાદના ઝવેરી થાવું છે, માણેકચોકના. ઠીક. મશ્કરી કરે. આમ માણસ બહુ ખાનદાની. પણ ગરીબ માણસ થઈ ગયેલા પછી. પહેલા .. મોટી લાખોપતિ.. બહુ મોટી. વ્હોરવા ગયા હતા. બૈરા બિચારા ખાનદાન ઘરના હોં. આ પગે લુલા પણ. ખાવા બેઠા હતા. ઓસરીને ગાર દેવાના પૈસા ન મળે. લાખો પેઢી .. મોટા મકાન અને મોટી ઓસરી. ખાવા એકલા બેઠેલા. ઓસરીમાં ગાર નહિ, ખાડા. બૈરા અંદરથી પીરસવા આવે. આમ વહોરવા ગયા હતા તો કાગડા ખાતા હતા થોડા. મેં કીધું, કાળીદાસભાઈ આ શું? કાગડા ખાય છે એ? કે મારા બાપ એવા ગૃહસ્થ હતા પૈસાવાળા. ત્યારે આપણા દશાશ્રીમાળીનો વાણિયો કે કોઈ અહીં નીકળે દસ વાગે તો ખાધા વિના અમારે ઘરેથી ન જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. એવું હતું. ખાનદાન. પોતે ખાનદાન માણસ હતો. પગે લુલો મશ્કરી (કરે) પણ પાછું સમજે. એ વખતે અમારે કોઈપણ માણસ નીકળે ખાધા વિના ન જાય. મારે પૈસા ન મળે, કાંઈ સાધન ન મળે. હું એ વખતે ૨૫-૨૫ પાટલા ખાતા. આ હું ખાતા થોડા ચોખા નાખું તો કાગડા ખાય અને હું જાણું કે મહેમાન ખાય છે એમ કરીને બેઠો હતો. ચોખા નાખું થોડા પા શેર રાંધેલા. આ ૮૪ની વાત છે, હોં! ૪૦ વર્ષ થયા. એટલે કાગડા ખાય થોડા ચોખા ત્યાં હું પણ ખાઈ લઉં. એટલે હું માનું કે મારા બાપ અને મહેમાન ખાતા હતા. ઘરમાં બીજું કોઈ ન મળે હું અને બાયડી બે છીએ. અને સાધારણ સ્થિતિ અમારી થઈ ગઈ છે હવે. આજીવિકાનો વાંધો નથી. રોટલા ખાઈએ છીએ.

પછી કહે કે મહારાજ! તમે બહુ કહેતા હતા ધર્મ ધર્મનું. અમારે નથી કરવો. આ અમારે તો ઝવેરી થાવું છે માણેકચોકના. કારણ કે નીકળે માણસ તો દેખતા તો જાય. એ આ.. એ આ. કીધું, ગધેડા એને ઘરે થાશો કદાચિત આવી મમતા છે તો. ઓલા ઝવેરી ઉપાડવા માટે. પહેલી તો ... બહુ સમજ્યાને? ઓલો માલ ઘરેથી લાવવો હોય તો ગધેડા થાશો આવી મમતા હશે તો. આ શું તમને જોવે છે? ત્યાંથી ઝવેરી થાવું છે. પછી દુનિયામાં વખાણ કરવા. નીકળે એ માણસ થાવું છે. પછી ઓલા ભજન બોલાવે ભાઈ બાવો લાવ્યા હતા એક બાવો. જુઓ! ભગવાન પાસે નાટક પાડ્યા હતા. તમારે ના ન પડાય. મારું બધું પાછું જાણે. ભગવાન પાસે નાટક નહોતા પાડ્યા દેવે આવીને? ૩૨ નાટક પાડ્યા નથી? ભગવાને ના પાડી હતી? એમ કહે. માટે આ જુઓ ગાયન ગાવા દયો આને. સાંભળો, તમારે ક્યાં બોલવું છે? સાંભળોને. બૈરા .. એને એ જાતનો રસ પડેલો હતો. આપણે સાંભળીએ... બાપુ! ધર્મ વિના મરી જશો અવતાર કરી કરીને. માણસના અવતારની ભાવના છે તો ગધેડા થાશો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શું પણ કીધું આ? ભાઈ! આત્માના ધર્મ વિના મરી જાશો ચાલીને બધા. કાઠી-બાઠી આવતા મોટા. બધા આવતા ને? શું તમારે વાજસુરવાળો, રામાવાળો, ઓલા હીરાવાળાનો ભાઈ રામાવાળો છે.

મુમુક્ષુ :- અમરુભાઈ.

ઉત્તર :- અમરુભાઈ બધા વ્યાખ્યાનમાં આવે. કાઠી લોકો ગરાસિયા બધા આવે. દસ દસ લાખની ઊપજવાળા. આ કરીએ. મરી જશો. અહીંથી જો આત્માનું જ્ઞાન ન કર્યું તો ગધેડા થાશો. આહાહા..!

અહીં કહે છે કે આહાહા..! અરેરે..! હું કોણ છું? મારી ચીજમાં જ મને આનંદ છે. મને ક્યાંય આનંદ નથી. નથી પુણ્ય-પાપના ભાવમાં, નથી પુણ્ય-પાપના બંધમાં, નથી બંધના ફળમાં. હું એક આત્મા છું, વસ્તુ છું, પદાર્થ છું, પરમપદાર્થ પરમેશ્વર પોતે હું જ છું. એવી અંતર દૃષ્ટિ કરીને એકાગ્રતા કરતાં અનંત કાળ આમ ને આમ જાય એવી ભાવના જ્ઞાનીને રહે છે. સંસારીને એવી ભાવના રહે છે કે આપણને આ મળે, પચ્ચીસ લાખ, પચાસ લાખ થયા. અમારે રહે, છોકરાને રહે, છોકરાના છોકરાને રહે. એમ ભાવના હશે? પરંપરા રહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આહાહા..! આ ગરાસિયા લ્યોને બહાદુરસિંહજી ને આ તમારા વાકાંનેરના દરબારને દસ દસ લાખના તાલુકા. સહી કરવી પડી. કેવા? વલ્લભભાઈ. વલ્લભભાઈએ કીધું કે સહી કરો. રાજ તમારા નથી. આમ સહી કરવી પડી... બહાદુરસિંહજી ગુજરી ગયા. આંખમાંથી આંસુ ચાલ્યા જાય સડસડાટ. રાજ હવે અમારા નહિ, છોકરાના નહિ, વારસદાર પરંપરા કોઈના નહિ? આંખમાંથી આંસુ ચાલ્યા જાય બહાદુરસિંહને. અને આ તો મોટો બહુ હુશિયાર વાંકાનેરનો રાજા હતો. ... આમ સહી કરતા. હવેની અમારી પ્રજા એક, બે, ત્રણ પેઢીએ તો ખલાસ. આ મૂડી છે નહિ. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. સદાય વારસો રહે એવી ભાવના હોય કે નહિ જગતને? મારા દીકરા પણ વારે, એના દીકરાના વારે અને એના દીકરા વારે.

મુમુક્ષુ :- એમ હોય વંશ પરંપરા...

ઉત્તર :- વંશપરંપરાએ વારે. મૂર્ખો છો. તારે ક્યાં જાવું છે? અને વંશ ક્યાં તારો છે?

અહીં તો જેમ એ ભાવના છે એમ આ ભાવના છે એમ કહેવું છે. મારું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ છે. એની પ્રીતિના પ્રેમમાં લીનતા એમ ને એમ સદાય રહો. આમાંથી નીકળું નહિ. એવો એને ભાવ રહે છે. '**આ જ ભાવનાથી કેવળી થવાય છે.**' જુઓ! શું કીધું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેવળજ્ઞાન કાંઈ વ્યવહાર ને દયા, દાન અને વ્રતના પરિણામથી થતું નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આજ લેખ મોટો આવ્યો છે લ્યો! જૈન ગેજેટમાં. મોટો. વ્યવહાર-નિશ્ચય સોનગઢવાળા કહે છે કે નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ. તો કુંદકુંદાચાર્ય જેવાને નિશ્ચય નહોતો તો એકલું વ્યવહાર સમકિત પણ નહોતું? નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ.

મુમુક્ષુ :- નિશ્ચય નહોતો?

ઉત્તર :- નિશ્ચય હતો જ નહિ. નિશ્ચય અત્યારે હોય જ નહિ આઠમા ગુણસ્થાન સિવાય. નિશ્ચય વિના વ્યવહાર ન હોય તો એને વ્યવહાર સમકિત પણ નહોતું કુંદકુંદાચાર્યને? શું તમારે સિદ્ધ કરવું છે? એમ કહે છે. બહુ સારી વાત છે, બાપા! આવા ને આવા પાક્યા છે. લખ્યું મોટું સારું લખ્યું છે. આમાં છે. કુંદકુંદાચાર્યને વ્યવહાર સમકિત પણ નહોતું ત્યારે? કારણ કે તમે તો કહો છો કે નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ. નિશ્ચય તો યથાખ્યાત વખતે હોય. અને યથાખ્યાત તો નહોતું. ત્યારે હવે એને વ્યવહાર સમકિતની પણ ના પાડવી છે ને સોનગઢીયાને? ભગવાન! સમકિત કે દી હતું? તું એક કોર મોક્ષમાર્ગની વાત (કરે).. મોક્ષમાર્ગનું લખ્યું છે પાછું એણે. પછી એનું લખ્યું છે મોક્ષમાર્ગ પ્રકાશકની વાત. સુધારવાની વાત કરી છે, ફલાણું કર્યું છે, ઢીંકણું કર્યું છે. કો'ક તો એમ કહે છે, જુઓ પ્રતિમાનો ગોટો વાળ્યો છે. ઠીક! લખે. આહાહા..! પણ તું મોક્ષમાર્ગ પ્રકાશકના બહુ વખાણ કરે છે તો એમાં એમ કહ્યું છે કે મોક્ષમાર્ગ એક જ પ્રકારનો છે. આત્માને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે, વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ. વ્યવહાર મોક્ષમાર્ગ નથી એને તું વળી વ્યવહાર પહેલો સ્થાપે છે અને નિશ્ચય પછી થાય, લાવ્યો ક્યાંથી આ? કાંઈ મેળ જ ન મળે. કોણ જાણે શું છે બધું ફરી ગયું છે ને. આહાહા..! આ ભણ્યાના... (પણ) ભણ્યાના આ રખડવાના રસ્તા પાછા. ભણ્યા એને રખડવાના. આ પૈસા મેળવવાવાળા રખડવાના ઓલા ભણીને રખડવાના.

કહે છે, **'આ જ ભાવનાથી કેવળી થવાય છે.'** જુઓ! શું શબ્દ છે? વસ્તુ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ. જેમ મધપુડામાંથી મધ ઝરે, એમ ભગવાન આનંદનો મધપુડો છે આત્મા અંદર. એની અંતર દૃષ્ટિ થતાં, એકાકાર થતાં, મધની જેમ અતીન્દ્રિય આનંદ ઝરે. એવા આનંદનો અનુભવ કરતા કરતા કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! **'કેવળજ્ઞાન ઊપજવાનો પરમાર્થ ઉપાય આ જ છે.'** જુઓ! પોતે નાખે છે જરી. એ પરમાત્મા થવાનો ખરેખર ખરો ઉપાય તો આ છે.

**'બાહ્ય વ્યવહારચારિત્ર છે તે આના જ સાધનરૂપ છે;...'** એટલે શું? કે નિશ્ચય સ્વરૂપનું સાધન અંદર છે ત્યારે બાહ્ય વ્યવહાર વિકલ્પ છે એને વ્યવહાર સાધન તરીકે કહેવામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે છે. એને વ્યવહાર સાધન તરીકે કહ્યું છે. આ નિશ્ચય હોય તો. અહીં તો એ આવ્યું જુઓ! '**બાહ્ય વ્યવહારચારિત્ર છે તે આના જ...**' આના એટલે સાથે પડ્યું છે એનું. આહાહા..! જયચંદ્ર પંડિતનું અમે માનીએ છીએ. અક્ષરે અક્ષર માને, ઢીંકણું માને. ભાઈ! તને ખબર નથી પ્રભુ! એ લૂંટાઈ જાય છે બાપા આવો કાળ. આહાહા..! સમજાણું કાંઈ? ધોમ તડકે પડ્યો હોય અને તૃષા લાગી હોય અને ક્યાંય આઠ ગાઉ આમ ક્યાંય માણસ નીકળતું દેખાય નહિ. કોની પાસે પોકાર કરે પાણીનો? મરી જાય.

સાધુ એક હતો. આ ચમારડી છે ને? કમળેજથી ચમારડી છ ગાઉ થાય, ભાઈ! અમે ચાલ્યા છીએ, એ રસ્તે ચાલ્યા છીએ. કમળેજથી. ભાવનગરથી કમળેજ ત્રણ ગાઉ અને ત્યાંથી છ ગાઉ ચમારડી. પણ રસ્તામાં .. એકલું. નહિ ઝાડ, નહિ પાલો. આમ દરિયો આમ ખારો અને આમ છેટી ઘાંઘળી. ઘાંઘળી આવે છે ને ઘાંઘળી? પણ એ છેટી ઘાંઘળી. છ ગાઉનો રસ્તો. એક સાધુ બિચારો નીકળ્યો હતો અને તૃષા લાગી હતી. ઉનાળાનું ટાણું. ક્યાંય નજર પડતા પગ ચલે નહિ. તૃષા લાગી. ઝાડ મળે નહિ. આમ ને આમ પડ્યો રહ્યો, મરી ગયો. કોણ કોને કહેવું? ચાલી શકે નહિ તૃષા એવી લાગી. આવા મરણ તો અનંત વાર સમજ્યા વિનાના કર્યા છે.

ભગવાન આત્મા, કહે છે કે વસ્તુ પ્રભુ એકવાર અંતર ભાવના તો કર કે હું ચિદાનંદ સ્વરૂપ છું એની દૃષ્ટિ તો કર. અને એ દૃષ્ટિમાં લીનતાની વારંવાર ભાવના કરતા. લીનતાની ભાવના હોં! વિકલ્પ નહિ. એનાથી કેવળ થાય છે. એ લીનતા હોય છે ત્યારે ઓલો વ્યવહાર, દયા, દાનનો વ્યવહાર હોય છે એને વ્યવહાર સાધન તરીકે, નિશ્ચય હોય તો એના વ્યવહાર સાધન તરીકે કહેવામાં આવે છે. જુઓને! ભાષા તો કેવી સરસ છે!

'**આના વિના...**' જુઓ! આના એટલે નિશ્ચય વિના. એટલે વસ્તુની શુદ્ધ ચૈતન્યની અંતર દૃષ્ટિ અને જ્ઞાનની લીનતામાં નિશ્ચયના ભાન વિના '**વ્યવહારચારિત્ર શુભકર્મને બાંધે છે,...**' લ્યો, વ્યવહાર ચારિત્ર શુભને બાંધે. નિશ્ચય વિના. ત્યારે વ્યવહારચારિત્ર નિર્જરા કરે અને ઉપર નિશ્ચય વધારે નિર્જરા કરે (એમ લોકો કહે છે). અહીં તો શુભને બાંધે એમ કીધું. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિ એની અંતરના આશ્રયની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા વિના એકલા શુભ પરિણામ જે દયા, દાન, વ્રતાદિ વ્યવહારરત્નત્રય (એનાથી) પુણ્ય બાંધે. પુણ્ય બાંધે એટલે બંધાણો આત્મા. એમાં કાંઈ અબંધ છે નહિ. શું થાય? ધર્મને નામે પણ અત્યારે ગોટા એવા વળ્યા છે ને. ચોર કોટવાલને દંડે. આમ થયું. તમારા હિસાબે તો વ્યવહાર સમકિત પણ નહોતાને કુંદકુંદાચાર્યે એમ કહ્યું છે. અરે.. ભગવાન! શું કરે છે તું? એવું છે. ચિહ્ન નહિ કર્યું હોય. નાખ્યું છે ક્યાંક હોં!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'શ્રી કુંદકુંદાદિ પંચમકાલીન સમસ્ત મહાન અધ્યાત્મ ભાવલિંગી આચાર્યો અને મુનિઓં કો સરાગ વ્યવહારધર્મ તો હુઆ, પરંતુ કિસીકો મુનિ આચાર્ય કી વીતરાગ નિશ્ચય ધર્મ, નિશ્ચયરત્નત્રય ઈસ ભવમેં નહિ હુઆ. અતઃ વે મુક્ત નહીં હુએ. અગલે ભવમેં નિશ્ચય ધર્મ હોને પર મુક્ત હોંગે. ઈસ કારણ નિશ્ચય સમ્યગ્દર્શન કે વિષય મેં અમૃતચંદ્રસૂરી .. ' આમ કહ્યું છે લ્યો! સમજાણું? પછી આ તમારે છ ઢાળાનું લખ્યું છે બહુ. સમજ્યાને? 'તો ક્યા કુંદકુંદ સંમતભદ્ર, ધરસેન, પુષ્પદંત, ભૂતબલી, અકલંકદેવ આદિ સમસ્ત મહાન આચાર્યોં ઔર પંચમકાલિન અન્ય સમસ્ત ભાવલિંગી મુનિયોં કો વ્યવહાર સમ્યગ્દર્શન નહીં થા?' કારણ કે નિશ્ચય વિના તો તમે વ્યવહાર કહેતા નથી ત્યારે એને વ્યવહાર નથી? ગજબ કરે છે ને! એક કોર ભાવલિંગી કહે. વ્યવહારવાળા ભાવલિંગી. આહાહા..! પરાશ્રય વિકલ્પ એ ભાવલિંગી. શું કરે છે આ? ખૂબ લખે છે. એના હૃદયને ખોલે છે. એય..! દેવાનુપ્રિયા! જુઓ! આ બધા તમારા .. કરનારા. એ બધા શેઠિયાઓ કહેવાય છે ને ન્યાં? કહો, સમજાણું કાંઈ?

નિશ્ચય વિના બાહ્ય ચારિત્ર છે તે આના સાધનો છે જો નિશ્ચય હોય તો. આના વિના. આના એટલે? આ શુદ્ધ ચૈતન્યની અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન અને શાંતિ વિના વ્યવહારચારિત્ર દયા, દાન, પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ બધું વ્યવહારચારિત્ર શુભકર્મને બાંધે. મોક્ષનો ઉપાય નથી. વ્યવહાર ચારિત્ર મોક્ષનો ઉપાય નથી એમ થયું. કહો, સમજાણું કાંઈ? શાંતિથી જોતા નથી બાપુ! વખત મળ્યો આવો અને વખત વયો જાશે. પોકાર કરે છે. અરેરે..! કોઈ નહિ સાંભળે, ભાઈ! જંગલમાં પડ્યો કોણ સાંભળશે તને? ચોર્યાશીના અવતારમાં માણસ દુઃખી થાય છે. પાંજરાપોળે શેઠિયા સંભાળે. ઢોરને પાંજરાપોળમાં સંભાળે. ત્યાં કોણ સંભાળે? આહાહા..! અસંખ્યાતા દ્વીપ સમુદ્ર ક્યાં નોળ, કોળનો અવતાર એમાં ક્યાંય ... આહાહા..! આત્માનું જ્ઞાન અને ભાન ન કર્યું તો એ બધા અવતારો અનંત કર્યા છે અને એવા અનંત કરશે. કાંઈ આવું ને આવું રહેશે નહિ. એમ હશે મોહનભાઈ? શું હશે? માણસ મરીને માણસ ન થાય? તો પછી માણસ મરીને માણસ થાય તો માણસ રહ્યો કેમ પહેલો? પહેલો માણસ કેમ થયો અને પહેલો ઢોર કેમ થયો? એનું કાંઈ કારણ?

મુમુક્ષુ :- એ અનાદિનો માણસ છે.

ઉત્તર :- અનાદિનો માણસ હોઈ શકે નહિ કોઈ દી. અનાદિનો માણસ હોય કોઈ દી? આત્મા તો અનાદિનો છે. પણ માણસ અને ઢોર ને એવા અનંત અવતાર કર્યા. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચો ઈન્દ્રિય, લીલોતરી, કાગડા, કૂતરા એવા અનંતા ભવ કર્યા છે. અનંતા કર્યા છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- પછી આગળ વધ્યો..

ઉત્તર :- વધ્યો ધૂળમાં જાય. મોટો ચક્રવર્તી થઈને સાતમી નરકે જાય. હવે એને ક્યાં ભાન છે? બ્રહ્મદત્ત ચક્રવર્તી. સાતસો વર્ષ ચક્રવર્તી પદ (રહ્યું). છન્નું હજાર સ્ત્રી એને. ઈન્દ્રો દેવો સોળ હજાર જેની સેવા કરે. મરીને રવ રવ નરકે અત્યારે સાતમી નરકે છે. સાતમી પાતાળના પાંચ પાંસડા છે મોટા. સમજ્યાને? શું કહેવાય એ? બિલ.. બિલ. બિલ નહિ પણ એના પાંચ છે સમજ્યાને એ? નામ બધા ભૂલી ગયા છીએ. ૧૩૨ છે ને. એક એક નરકમાં એવા બિલના મોટા અને એમાં આવા પાંચ એમાં વચલું રવ રવ. ૩૩ સાગરની સ્થિતિ છે. એમાં અત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તી પડ્યો છે. અહીં હતો ત્યારે ૭૦૦ વર્ષ સ્ત્રી ને ભોગ ને વિષય રહ્યા. ૭૦૦ વર્ષની મિનિટ ગણો તો એક મિનિટ અને અસંખ્ય વર્ષ દુઃખના. એક મિનિટ અને અસંખ્ય વર્ષ દુઃખના. ભાઈ! આ પ્રમાણે છે. ૭૦૦ વર્ષ. ઉત્તમચંદભાઈ! ૭૦૦ વર્ષની મિનિટ કેટલી થાય? સંખ્યાત. અને ૩૩ સાગરની સ્થિતિએ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવના જ્ઞાનમાં આવ્યું ને કહ્યું કે સાતમી નરકે અત્યારે છે. ૩૩ સાગરોપમ. એક સાગરોપમમાં ૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. એવા ૩૩ સાગરની સ્થિતિએ અત્યારે છે. એક મિનિટ ઉપર અસંખ્ય અબજ વર્ષ, એક મિનિટ ઉપર અસંખ્ય અબજ વર્ષ. એવા પાપની તીવ્રતા. આત્માને જોયો નહિ, જાણ્યો નહિ અને આવા પાપ કર્યા કે મરીને સાતમી નરકે પડ્યો રવ રવે. હજી તો થોડા વર્ષ ગયા છે. હજી તો અસંખ્ય અબજ વર્ષ જશે.

એક રાત્રિ દુઃખ આવે. એક રાત્રિ. ત્યાં રાત્રિ મોટી થઈ પડે છે એને. આજે તો ઊંઘ આવી નથી. રાત મોટી થઈ પડી. સખ ન મળે સખ. ત્યાંના દુઃખ તો આથી અનંતગુણા છે. અનાદિનો છે. કે દી એને ખબર છે નહિ. ભાન ન મળે કાંઈ ભાન. કહે છે.. જો આ આત્માનું ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ આનંદ સ્વરૂપ એની નિશ્ચય શ્રદ્ધા, નિશ્ચય જ્ઞાન એટલે સ્વઆશ્રય શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ એ ન કરી અને એકલા વ્યવહાર (કર્યા), પાપની તો વાત જ શું કરવી કહે છે. હિંસા, જૂઠું, ચોરી, રળવું પાપ એની તો શું વાત કરવી? એ તો બંધનું જ કારણ છે, પણ વ્યવહાર ચારિત્ર નિશ્ચય વિનાનો એકલા પુણ્યને બાંધશે. કદાચિત ત્યાંથી મરીને સ્વર્ગમાં જાશે પણ ત્યાંથી મરીને તિર્યંચમાં (અને ત્યાંથી) મરીને નરક ને નિગોદમાં જાશે. સમજાણું કાંઈ? ત્યાં કોઈની સિફારીશ કામ નહિ આવે ન્યાં. જુઓ!

**'બાહ્ય વ્યવહારચારિત્ર છે તે આના જ સાધનરૂપ છે;...'** આનું એટલે? નિશ્ચયનું. નિશ્ચય એટલે આગળ થશે એનું? ઈ એમ કહે છે. આગળ નિશ્ચય થાશે. પહેલું સાધન પછી સાધ્ય. ભગવાન! ભારે નીકળ્યા પણ આવા. આવી વાતું. ૨૫ વર્ષ પહેલા નહોતી આટલી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્પષ્ટ. હવે બહુ ઊંડી. આહાહા..! અરે..! શું કરે છે તું આ? આખું જૈનશાસન, ભગવાનનો માર્ગ, ધોરી માર્ગ નિર્મળી. માર્ગ નિર્મળ એને મેલો કરી નાખ્યો. મેલાને ધર્મ માન્યો. ઓહોહો..! પુણ્ય પરિણામ તો મેલા છે. આ જૈનશાસન. જૈનશાસન તો ૧૫મી ગાથામાં એમ કહ્યું છે. ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા શુદ્ધ ચિદાનંદનો અનુભવ કરે એને જૈનશાસન કહ્યું છે. શુદ્ધ ચિદાનંદ મૂર્તિ આત્મા એને અંતરમાં રાગ વિનાના ભાવજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કરે એને જૈનશાસન, એને ધર્મ કહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'બાહ્ય વ્યવહારચારિત્ર છે તે આના જ સાધનરૂપ છે; અને આના વિના વ્યવહારચારિત્ર શુભકર્મને બાંધે છે,...'** એકલા પુણ્યને બાંધે. પાપની તો વાત એક કોર રાખો કહે છે. પણ આ વ્યવહાર ચારિત્રના આવ્યા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવા શુભભાવ. પણ આત્માના અંદર આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય નથી, પુણ્ય બાંધશે. સ્વર્ગમાં જાશે કદાચિત, પાછો શેઠિયો-બેઠિયો થાશે પંચમ કાળનો. અભિમાની થાશે પૈસા મળશે એટલે. અમે પૈસાવાળા, અમે આમ.. સમજાય છે? વૈભવ મળ્યો અને પછી અભિમાન કરશે. અમે રહ્યા, અમને આવડત છે. તમને શું આવડત છે? તમે કોઈ મેળવ્યા? તમે કોઈ દી જિંદગીમાં એક લાખ, બે લાખ, પાંચ લાખ ભેગા કર્યા? અમે બે કરોડ કર્યા, પાંચ કરોડ ભેગા કર્યા, લ્યો. કહો, સમજાણું કાંઈ? એય..! ગુલાબચંદભાઈ! કહો. તમે બધા મોટા કર્યા ઓલા છોકરાઓ બબ્બે કરોડ, અઢી-અઢી કરોડ. અમે જોબાળિયામાં .. તમારામાં કર્યા છે કોઈએ?

મુમુક્ષુ :- કોણ કરે?

ઉત્તર :- શેના કર્યા હવે ધૂળના? સાંભળને! એ તો પુણ્યના પરમાણુ હોય તો બહાર દેખાય. મમતા કરે એના તો પાપના લોચા બાંધ્યા છે આકરા. આ હું રળ્યો એવા ભાવ હતા રળવાના એ તો મહાપાપના હતા. પાપના હતા. એની તો વાત કરી નથી. અહીં તો કહે છે, ધર્મી થયો છે, સ્વરૂપની દૃષ્ટિનું ભાન નથી. વ્યવહારધર્મ કરે છે પુણ્ય. તો એને પુણ્યથી શુભ બંધાશે. રખડશે ચાર ગતિમાં. એવી વાત કરે છે. સમજાણું કાંઈ?

**'ફરી કાવ્ય કહે છે :-'** લ્યો! ૨૩૨.

**यः पूर्वभावकृतकर्मविशद्रुमाणां**
**भुङ्क्ते फलानि न खलु स्वत एव तृप्तः।**
**आपातकालरमणीयमुदर्करम्यं**
**निष्कर्मशर्ममयमेति दशानन्तरं सः।।२३२।।**

જુઓ! એક એક શ્લોક. **'પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી...'** ભગવાન આત્મા પોતાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આનંદના, જ્ઞાનના સ્વભાવને જાણ્યા વિના અનાદિ કાળના અનંત ભવમાં જે કર્મ અજ્ઞાનથી બાંધ્યા, ભલે પુણ્ય બાંધ્યા તો પણ અજ્ઞાનથી બાંધ્યા એમ કહે છે. સમજાણું કાંઈ? શું કીધું? '**અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ...**' તો એમાં પુણ્ય-પાપ બેય આવી ગયા. આહાહા..! સમજાણું કાંઈ?

એક બાઈ ભાઈ હતી. કીધું હતું એક ફેરી. બાઈ ત્યાં હતી દામનગરની. દીકરી હતી લાઠીની. એ ચંપક હતો ને ચંપક માસ્તર. એ પરણ્યો હતો. પહેલી બાઈ મરી ગઈ તો બીજી પરણ્યો હતો. બે વર્ષનું પરણેતર. પછી એને ઓલા નીકળ્યા. માતા. માતા નીકળ્યા. દાણે દાણે ઈયળ. દાણે દાણે ઈયળ. છે ને? .. ધીરૂભાઈનો ડેલો ગામમાં. એ ડેલાની અંદર ઘર હતું અંદર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ .. ની અંદર. એને બીજી હતી. .. બાઈ હતી. એ પછી એને ઘણા વર્ષ થઈ ગયા. બાઈ આમ વર્તમાનમાં એવી બહુ તીવ્ર પરિણામ ને એવું નહોતું. પછી ઈયળું પડી ને. દાણે દાણે ઈયળું હોં! જુવાન અવસ્થા ૨૫ વર્ષની. આમ ફરે ને રાડ નાખે. અરે.. બા! મેં આવા પાપ આ ભવમાં નથી કર્યા હોં! એમ બોલતી બિચારી. એમ કહેતી હોં! એ.. બા! તળાઈમાં નાખે તળાઈમાં શું પણ? અહીં સડ્યા અહીંયાં દાણા સડ્યા. એમાં ઈયળું એક એક દાણે. આમ ફરે ત્યાં આમ ઢગલો થાય અને આમ ફરે તો આમ ઢગલો થાય. આહાહા..! પછી બિચારી બોલતી હોં! એ.. બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. ક્યા ભવના આવ્યા હશે? એમ બોલતી. લાઠીમાં છે. એઈ..! બાબુભાઈ! તમને ખબર નહિ હોય. આ ધીરૂભાઈના મૂળ મકાન નહિ જૂના? ડેલો છે. ડેલાની સામે જાય એક રસ્તો અંદરમાં. ડેલાની અંદરમાં ડેલામાં. ત્યાં રહેતી બાઈ છોડી બિચારી. ઘણા વર્ષ થયા એને. ૪૦ વર્ષ ૪૫ વર્ષ થયા. રાડ પાડે. આમ તળાઈમાં નાખેલી પણ તળાઈ શું કરે? આ શરીર જ સડ્યું ત્યાં. યુવાન અવસ્થા. એના ધણીને નવી. આહાહા..! અને આ ઘરે પીયરમાં. દાણા નીકળેલા. રોવે રોવે. અરેરે..! આ ભવમાં મેં કર્યા નથી, બા! મારા આવા પરિણામ આ ભવના નથી હોં! કોઈ પૂર્વના હશે આ શું થાય છે આ? મરી ગઈ એમ ને એમ. સમજાણું કાંઈ?

લોકોને ત્રિકાળી આત્મા છે એની દૃષ્ટિ જ નથી. અને ત્રિકાળી છે એણે આવા અનંત ભવ એણે કર્યા છે. એને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું કરે ત્યાં? કહે છે.. તળાઈમાં શું કરે? ઓલી આમ ફરે તો ઈયળું આમ પડે. આહાહા..! ઢગલા પડે ઈયળના. દાણે દાણે ઈયળું. સડેલા દાણા. આ દાણા સડે. હવે જેમાં ભગવાન રહ્યો છે એ શરીર સડ્યું. હવે એ શરીરમાં સડ્યું એને કરવું શું? એને દાબવું? એને પવન નાખવો? કરવું શું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાઈ! એ તો જડની અવસ્થા છે. ભગવાન! તેં પાપ કરેલા હોય તેવો સંયોગ આવે. એવો સંયોગ આવે. એવા સંયોગ ભગવાન અનંત વાર આવ્યા છે તને. આહાહા..! ખબર નથી પણ. જરીર કાંઈક અનુકૂળતા, જરીક શરીર નિરોગતા અને વળી કાંઈક રૂપાળું, એમાં વળી પાંચ-દસ લાખની મૂડીની સરખાઈ. આહાહા..! મરી ગયો. એ તો થઈ રહ્યું જાણે. હું પહોળો ને શેરી સાંકડી. એવી તો અહીં વાત પણ કરી નથી.

ભાઈ! તેં તારા સચ્ચિદાનંદ પ્રભુને ઓળખ્યા વિના તેં જે કાંઈ દયા, દાન અને વ્યવહાર શુભ પરિણામ કર્યા... સમજાય છે? એ શુભ પરિણામથી અજ્ઞાનથી બાંધેલા કર્મો, પૂર્વે શુભ પરિણામથી અજ્ઞાનથી બાંધેલા કર્મો અને પૂર્વે અશુભ પરિણામથી અજ્ઞાનથી બાંધેલા કર્મો, તે કર્મરૂપી વિષવૃક્ષ છે. એ તો કર્મરૂપી ઝેરના ઝાડ છે ભાઈ! તું તો અમૃતનો કૂવો છો પ્રભુ! આહાહા..! અમૃતનો કૂવો કહે છે ને? શું કહે છે? છોકરાઓ .... કૂકો કહે છે. અમૃતનો કૂકો. છોકરા રમે ત્યારે કહે છે. મામાનું ઘર કેટલું? ફલાણું એવી વાતું આવતી. કાંઈક હશે તો ખરું હોં એમાં અંદર. આર્ય માણસની રીત.

ભગવાન આત્મા આ જુઓને. કૂપા જેવું છે શરીર. આ શરીરનો આકાર કેવો છે જુઓને. કૂપો નથી સમજતા? આ ગ્યાસતેલ નાખવાનો શીશો. શીશા જેવું છે ને આ? તો આત્મા પણ એવા આકારે છે અંદર ભિન્ન. એ આકારે ભિન્ન છે. અમૃતનો કૂપો છે એ ભગવાન તો. આહાહા..! એને ઓળખ્યા વિના અજ્ઞાનભાવથી પૂર્વે પુણ્ય અને પાપના ભાવ કરી અને જે કર્મબંધન પુણ્ય શાતા, અશાતાના પડ્યા એ બધાને અહીં તો વિષવૃક્ષ કહે છે. ઝેરના ઝાડ છે બધા. એ શાતા પડી અને જેને લઈને ૫૦ લાખ, કરોડ મળે એ ઝાડ ઝેરનું છે એમ કહે છે. ઝેરના ઝાડમાંથી ઝેર ખર્યા છે એમ કહે છે. આહાહા..! ભગવાનજીભાઈ! કપુરભાઈ! આહાહા..!

ભગવાન! તારા સ્વરૂપના મહિમાના ધ્યાન અને જ્ઞાન વિના તેં પુણ્ય અને પાપની મહિમાથી જે કાંઈ કર્મ બાંધ્યા અજ્ઞાનથી. એકલા પાપ નથી કર્યા. પૂર્વે પુણ્ય પણ કર્યા છે ઘણીવાર. અજ્ઞાનથી એકલા પાપની વાત નથી કાંઈ. અજ્ઞાનથી કરેલા આઠેય કર્મ. એમાં કોઈ તીર્થંકર પ્રકૃતિ કે (એ નહિ). '**તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને...**' એ કર્મરૂપી ઝેર, એના ફળો આ પૈસા મળવા, બાયડી મળી, અનુકૂળ શરીર મળવું એ કર્મ ઝેરના ફળ છે. આહાહા..! પણ એ ઝેર ખીલે ત્યારે માને કે હું ખીલ્યો. ઝેરનું ઝાડ સરખા ફૂલે ખીલે ને? આ કેસુડાના ઝાડ હોય છે ને કેસુડાના નહિ? બહુ ખીલે ત્યારે લાલ આખું ઝાડ લાલ ફૂલનું થઈ જાય. એમ ઝેરનું ઝાડ ફાલે તો પૈસા, બૈરા, છોકરા, મકાન ને હો હા. છોકરા એમ જાણે કે મારે જુઓને આ નોટું રાખવાના સ્થાન ન મળે એટલા પૈસાની પેદાશ. ઝેરનું ઝાડ ફાલે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઓલો કહે છે, ૮૦ હજારની પેદાશ છે ને ગોવામાં? આ શાંતિલાલ ખુશાલ આપણે દશાશ્રીમાળી છે ને. શાંતિલાલ ખુશાલ, પાણસણા. ૮૦ હજારની એક દીની પેદાશ. ૪૦ કરોડ. કો'ક કહેતું હતું. એનો બનેવી કહે કે એ નોટું નાખવી ક્યાં? દરરોજના ૫૦ હજાર રૂપિયા તો વધે. નાખવી ક્યાં નોટું? ૫૦ હજાર તો જાય ઓલામાં મજૂરોમાં. અને ૫૦-૬૦ હજાર. પહેલા ૫૦ હજાર કહેતા, હવે ૮૦ હજાર કહે છે. ૮૦ હજારની દરરોજની પેદાશ. ૪૦ કરોડ રૂપિયા તો મોજૂદ. એ ઉપરાંત આ. શાંતિલાલ ખુશાલ છે ને? પાણસણાવાળા છે. એના બનેવી આપણે આવે છે. એની બહેનની દીકરી અહીં છે ને. સમજાણું? એ કહે છે કે નોટું નાખવી ક્યાં? એટલી એટલી પેદાશ રોજની. ઝાડ ફાલ્યા ઝેરના. ત્યાં એમ લાગે કે હું કાંઈક ફાલ્યો અને મને કાંઈક મળ્યું. મુર્ખાઈ તે પણ કેટલી?

મુમુક્ષુ :- મહેનત કરીને મેળવ્યું ને.

ઉત્તર :- મહેનત ક્યાં તારા બાપની? મહેનત તો રાગ હતો. એય.. મોહનભાઈ! આ દુનિયાથી ઊંધું હશે આ બધું?

મુમુક્ષુ :- હા.

ઉત્તર :- શું હા. હા. આવું સાંભળવા માટે બેસાડ્યા છે તમને? .. તો આ છે. આહાહા..!

ભગવાન! તારા અમૃતના ઝાડ છે ને પ્રભુ! એમાંથી ઝરે તો અમૃત ઝરે. કાંઈ પુણ્ય-પાપ ઝરે? અને કર્મ બંધાય? આહાહા..! એમ કહે છે. તારા અમૃતરૂપી કલ્પવૃક્ષને ભગવાન તેં ન ધાર્યું, તેં ન જોયું, ન જાણ્યું, ન મહિમા આવી અને ન દષ્ટિ કરી. અને આવા પુણ્ય અને પાપ અજ્ઞાનભાવે બાંધ્યા. ભગવાન! એ વિષના ઝાડ છે હોં! દ્રુમ... દ્રુમ કાંઈક નાખ્યું છે. સમજાણું? ઝેર વૃક્ષના ફળ. ઓહોહો..! ઓલો તો એમ માને અમારા કર્મ ફળ્યા એટલે અમારા નસીબ ફળ્યા. અમારો દી વળ્યો.

મુમુક્ષુ :- દી ફર્યો.

ઉત્તર :- દી ફર્યો. દી વળ્યો ક્યાં. આહાહા..!

હા, હા ઓલી વાત નથી આવતી એક ચારણની? ઓલો રાજા હતો ને રાજા? મોટો રાજા. શું નામ? કાંઈ ખબર નહિ. મોટો રાજા હતો. પછી રાજા ગાદીએ બેસે ત્યારે એવો રિવાજ કે ચારણની બાઈ એને ચાંદલો કરે. કેવો? રા. રા રાજા. એની .. હતી. એની ચારણની બા. ચારણો બહુ બ્રહ્મચારણ અને નીતિવાળા બહુ હોય હોં કેટલાક. બહુ નીતિવાળા. પછી ચાંદલો ચારણની બાઈ કરે. ચારણની બહુ. વહુ બહુ રૂપાળી ચારણ અને એની ડોશી સાથે ઉભેલા. એની સાસુ. ચાંદલો કરતા રાજાનું મન ફર્યું રૂપાળી દેખીને. એટલે આમ ચાંદલો ન કરવા દે. બા! આ મોઢું ફેરવે છે. બા એ રા મોઢું નથી ફેરવતો. રાનો દી વળ્યો છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ અમે એની દીકરીયું, પ્રજાની દીકરીયું એની સામે આવા મોઢા! કોઈ દી અમે અમારા વંશમાં જોયું નથી. શું કરે છે આ? બા! ચાંદલો કરું ત્યાં મોઢું ફેરવે છે. આહાહા..! એવા ભારે પાકા હોય હોં પાછા. સાસુ પણ એવી. રાનો દી ફર્યો લાગે છે. મોઢું ફરતું નથી. દી ફર્યો છે. અમે એની પ્રજા, અમે એની દીકરીયું પ્રજા કહેવાઈએ. અમારા ઉપર આ નજર! રૂપાળા ચામડા દેખીને આ શું કરે છે આ? દી ફર્યો છે. ગયો દી ખલાસ. એનું રાજ ગયું અને હેરાન હેરાન થયો. સમજાણું કાંઈ? એવા તો નીતિવાળા લૌકિકમાં હોય છે.

જસા નહિ? શું કહેવાય? જસમા ઓજણ, જસમા ઓજણ. આમ કામ કરતી હતી તળવામાં સીરપુરમાં. તળાવ મોટું. રૂપાળી, બહુ રૂપાળી. ધણી ટોપલા ઉપાડતો ધૂળના. અને રૂપાળી બહુ. રાજા આવ્યો આમ જોવે તો ઓહોહો..! આ તો રાણીને પણ ચોંટ મારે. અમારા ઘરમાં રાણી આવી નથી. એટલે બોલાવી જસનાને કે જસા મારે ઘરે આવ તું. હું તને રાણી બનાવું. અરે.. રાજા! શું કરે છે તું આ? કોણ તારો ધણી? જો ઓલો ટોપલા ઉપાડે એ. એ મારો રાજા, એ મારો ધણી, એ મારો સ્વામી. અમારે રાજા ધણી ન હોય. બીજો ન હોય. મારી નાખું બધાને, ન કર તો. મારી નાખ તો પણ હવે બીજો નહિ. લે. સમજાણું કાંઈ? એ જસા રૂપાળી બહુ હતી. આવે છે ને ગાયન બહુ આવે છે. શું કીધું નામ? જસમા ઓડણ. ઓડણ હોં. ધૂળ ઉપાડીને. પણ આ ટોપલા ઉપાડીને ખાય. મારા ઘરે રાજા, હું કેટલા લાખનો મોટો પતિ. ગુજરાતનો સાહેબો. મારે ન જોવે. ઓલો ધણી પાષાણ ઉપાડે એ જ મારો ધણી, બીજો ધણી હોય નહિ. ભાગ્યા ત્યાંથી. પાછા ગયા મારા. મારી નાખી. મરી ગઈ પોતે. એટલી તો જેની નીતિના જીવન હતા. અત્યારે તો નીતિના ઠેકાણા ન મળે હજી તો નીતિના, અને એને ધર્મ કરવો પાછો. સમજાણું કાંઈ?

અહીં તો નીતિ જ ધર્મ છે જેને પુણ્યાદિ, એની પણ વાત કરે છે. સમજાણું કાંઈ? ભાઈ! તારા નૈતિક જીવનમાં પણ તેં પુણ્ય બાંધ્યા અનંત વાર. એ અજ્ઞાનના, ઝેરના ફળ પ્રભુ! એ તારા નહિ. ભાઈ! તું ભોગવવા જાય તો મરી જાઈશ. આહાહા..! સમજાણું કાંઈ? **'અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ...'** અશાતાવેદનીય બાંધી એ અજ્ઞાનથી બાંધી. યશોકીર્તિ બાંધી એ અજ્ઞાનથી બાંધી, પૂર્વે પુણ્ય બાંધ્યા એ અજ્ઞાનથી બાંધ્યા. જ્ઞાનથી બંધન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પોતાનો ધર્મ બંધનું કારણ થાય તો મુક્ત શી રીતે થાય?

ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના જ્ઞાન ધ્યાનથી ચૂક્યો, અજ્ઞાનભાવથી એને કર્મ બંધાય. પુણ્ય-પાપના ભાવ બધા અજ્ઞાનભાવ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય કર્યા પણ એ અજ્ઞાનભાવથી કરેલા છે. આત્માનું ભાન ત્યાં નહોતું. એવા **'કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી...'** અરે..! હું ત્યાં હોઉં? હું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્યાં છું ત્યાં વિષવૃક્ષ અને વિષવૃક્ષના ફળ નથી. એમ ધર્મી માને છે. સમજાણું કાંઈ? જુઓ! શું કીધું? '**જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી...**' મારું સ્વરૂપ નહિ, આ મારું સ્વરૂપ નહિ. અરે..! રાગ પણ મારું સ્વરૂપ નહિ તો પૈસાના ફળ બધા સુંદર સ્ત્રી, દીકરાઓ, દીકરીઓ... ઓહોહો..! આમ જાણે શું છે? માણસને એમ થઈ જાય. છ-છ છોકરા. મોટા લોઢા જેવા ચાર હાથના લાંબા હોય રૂપાળા અને બબ્બે કરોડ પેદા કરતા હોય. સમજાય છે? એના બાપને જાણે શું થઈ ગયું મારે? તારે થયું ઝેરના ઝાડ થયા. તારે ઘરે શું થયું, સાંભળને! સમજાણું કાંઈ? આહાહા..! એવું લાગે મીઠું.

બે કરોડનું. અમે ગયા હતાને જયપુર ભાઈ! ત્યાં લઈ ગયા હતા. રામજીભાઈના દીકરા છે ને ત્યાં? રામજી હંસરાજના. .. મને ખબર નહિ. મહારાજ! મારા ઘરે આવશો? પણ કેટલું છેટું છે મને ખબર નથી. આઠ માઈલ છેટું. બે કરોડનો સંચો. કાંઈક કારખાનું મોટું જુદી જાતનું આખું. ઓલા આવા.. પાટ નહિ, થાંભલા. થાંભલા હોય છે ને? હા એવા થાંભલા બનાવે છે. બે કરોડનો સંચો. ઉપર તો જુદી જાતનો સંચો. છોકરાઓ હતા. પોર ગયા હતા ને જયપુર. આટલા બધે છેટે લાવ્યા. અમારે ચોવિહાર કરવાનો. પાણી નહોતું પીધું. .. ચોવિહારનો વખત થઈ ગયો. આ બે કરોડ અત્યારે. અને હજી એમ કહે કે દસ કરોડનો ઉપજાવનારા છીએ. આમાંથી અમે દસ કરોડના સંચા કરીએ, દસ કરોડનો માલ ઊપજાવીએ. ભગવાન! હેરાન થવાના રસ્તા છે બધા. પાંચ મિનિટ બેઠા દસ મિનિટ. બે હજાર રૂપિયા મૂક્યા. આમ ગયા ખરા ને પગલા કર્યાં. જયપુર. રામજી હંસરાજ નહિ? દસ મિનિટ બેઠા હતા. બે હજાર રૂપિયા મૂક્યા. ઓલું લાવ્યા. આહાહા..! અરે.. ભગવાન! શું કરે છે પણ? શરીર રૂપાળા, પૈસા આટલા અહીં મોટાં સંચા. સંચો બીજી જાતનો. ઉપર ઉપર સંચો હોં! ઉપર સંચો. નવા મોટા બનાવવાના ખરા ને તારના થાંભલા. બે કરોડની ઉપજ છે. હજી વધારે કરવાની છે. મારી નાખે છે ને આ તો.

કહે છે, કર્મરૂપી ઝેરના ઝાડના ફળ છે, ભાઈ! એ ધર્મી એને ભોગવતો નથી, મારા કરીને માનતો નથી એમ કહે છે. મારા કરીને માન્યા એ તો પોતામાં છે. એ મારું છે નહિ. આહાહા..! તેનો સ્વામી થઈને ભોગવતો નથી. છ ખંડના રાજ હોય, પણ આત્માના આનંદના સ્વાદ આગળ, એના સ્વામીપણે મને ઠીક મળ્યું અને મને ઠીક સગવડતામાં છું હમણાં એમ ધર્મી માનતો નથી. આહાહા..! આ પણ પ્યાલા ઉતારવા ગળે. શશીભાઈ! ભાઈ! ધર્મ તો એવી ચીજ છે, બાપુ! જેનાથી જન્મ-મરણના અંત આવે, દુઃખના છેડા આવે અને આનંદની શરૂઆત થઈ જાય. ભાઈ! ધર્મી છે એને આત્માનો પ્રેમ છે આનંદનો. એ આત્માના આનંદના પ્રેમ આગળ ઝેરના ફળમાં એને સ્વામીપણું નથી થતું. સ્વામીપણું મારી ચીજનું હોય. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્યાં મારી ચીજ છે? સમજાણું કાંઈ?

એ જુવાની લુંટાઈ જશે. તારી જુવાની મહાણમાં રાખ થાશે. સમજાણું કાંઈ? એ રૂપાળા ચામડા રાખમાં સળગશે. હડ હડ અગ્નિ નીકળશે અહીંથી. ત્યારે એને એમ થાય અરર.. આ! પણ ઈ તો ઈ છે. બીજી ચીજ ક્યાં હતી આ? ભગવાન! તું તો અવિનાશી ચૈતન્ય છો ને. એવા અવિનાશીના આનંદનું જ્યાં અંતર ભાન થયું, એને ધર્મીને ઝેરના ઝાડ નાશવંત, અશાશ્વત, એનો એ સ્વામી થતો નથી. સ્વામી થઈને રહેતો નથી એટલે સ્વામી થઈને ભોગવતો નથી. એમ. સ્વામી થઈને રહેતો નથી એટલે સ્વામી થઈને ભોગવતો નથી. એમ કહે છે. આહાહા..! ઉત્તમચંદભાઈ! આહાહા..! સ્વામી થઈને ભોગવતો નથી. એટલે સ્વામી થઈને રહ્યો જ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- રહ્યો જ નથી.

ઉત્તર :- રહ્યો જ નથી પછી ભોગવે ક્યાંથી? મારું હુંપણું નહિ, ભાઈ! સ્વપણું તો મારું મારામાં છે ને નાથ! હું તો આનંદની ખાણ છું. મારી ખાણ ખોદે તો આનંદ નીકળે. મારી ખાણમાંથી કાંઈ પાપ અને પુણ્ય નીકળે એવો હું છું નહિ. એવી જ્યાં ધર્મદૃષ્ટિ થઈ તે પૂર્વના પુણ્ય અને પાપના ફળનો સ્વામી થતો નથી. આ મારા છે? ના. સમજાણું કાંઈ?

નહોતું એક ફેરી એક ૩૦ લાખનું કાપડ ઉપરથી આવ્યું, ભાઈ! ખંભાત. ૩૦ લાખનો માલ હોં! પેટીયું. ધણીએ ઉતારી. ... ઉતારેલા. પોતે લેવા ગયો પેટીયું. નામ નહોતું પેટી ઉપર. તાકડે ઓલો આવ્યો ઓફિસર. તે દી જ ઓફિસર ત્યાં આવ્યો. અને એ બે ભેગા થઈ ગયા. કહે, આ માલ કોનો છે? મારો નથી. થઈ રહ્યું. કારણ કે મારો કહીશ તો ૩૦ તો જાશે અને પાછા નાખશે હાથકડી. ૩૦ લાખનો માલ પેટીયું આવેલી ઉતરેલી ખંભાતને નાકે. એ લેવા ગયો અને ઓલો ઓફિસર ત્યાં આવ્યો તાકડે કુદરતે. કહે, આ કોની પેટીયું છે આ? કોઈ લેવા આવ્યું નથી. તમે આવ્યા છો, તમારી છે? ના મારી નથી. છોડી દીધી. મારી નાખશે હમણાં. માલ તો ૩૦ લાખનો જશે પણ કેદમાં ખોસી ઘાલશે આ. સમજાણું? એમ પુણ્ય અને પાપના ફળ મારા માનીશ તો મિથ્યાત્વમાં જાઈશ અને ચાર ગતિમાં કેદમાં જઈશ. સમજાણું કાંઈ? એય..! જાધવજીભાઈ! આ આવ્યું છે ને? ના મારે ક્યાં આવ્યું છે? પણ આ ખંભાત ઉતર્યું ને? આ તમારી પાસે આવ્યું ને, આ પડ્યું છે ને? મારું નથી બાપા! આહાહા..!

ધર્મી એને કહીએ કે જેને આત્માના શાંતરસના આનંદનું ભાન છે. એના ભાન આગળ આ ચીજનો સ્વામી થતો નથી. એ દુશ્મને એ બધા.. સમજાય છે? એ કારતુસ ભર્યા છે. કારતુસ કારતુસ. એના ઉપર આ ... લ્યો! આહાહા..! સમજાણું? ભરેલા હોય અને ત્યાં

ચાલવા જાય તો ફાટે અંદરથી ફટ.. ફટ.. ફટ... માથે ચાલવા જાય અને માથે ચોખા પાથર્યા હોય અને નીચે કારતુસ હોય. ચાલવા જાય તો ફટ ફટ ફાટીને શરીરના કટકા ફટ દઈને! બાપુ! પુણ્ય-પાપના ફળ એ કારતુસ છે બધા. ધર્મી જાણે છે કે એ મારી ચીજ નહિ અને હું એનો સ્વામી નહિ. આ કોનો દીકરો? અંદરથી કહે કે મારો નહિ. હાય.. હાય..! આ હુશિયાર છોકરો પાક્યો. પાંચ કરોડ, દસ કરોડ ભેગા કર્યા. સમકિતી કહે છે કે બાપુ! બહારથી એમ બોલે મારો. પણ અંદરમાં મારો માનતો નથી. સમજાણું કાંઈ? ઉત્તમચંદભાઈ! આહાહા..! પણ એને લઈને તમારી શોભા છે ને? આ દીકરાના નામે બાપ ઓળખાય. એટલી પ્રસિદ્ધિ દીકરાએ કરી. તો કહોને મારો. એક રૂંવાટે વિકલ્પમાં નથી કે એ મારો છે. ધર્મીને અંદર એમ છે. સમજાય છે કાંઈ? અસંખ્ય પ્રદેશમાં એક રૂંવાટે છે અંદર કે આ મારો છે એવી દૃષ્ટિ ધર્મીની હોતી નથી. કહો, હવે અહીં જાણે દીકરો થાય તો મઝા માણે. હાશ મારો પૈસા તો રળશે. મૂર્ખ તો જો. મૂર્ખાઈના કાંઈ ગામ જુદા હશે? આહાહા..!

એક જણો કહેતો હતો અરે..! ભાઈ! સાળાના સાળા હોય કે સાળાની સાળી, સાળી તો પોતાની નથી. સાળાની સાળી લ્યોને. સાળાની વહુ તો કહે આમ હોય કાંઈ? એ તો પોરસ ચડે ને અમને. ઓહોહો..! ભારે ... આ તો. સારા માણસ હોય તો પોરસ ચડે ને. મરી જવાના પોરસ ચડે છે. ધર્મીને તો આત્માના ચિદાનંદના વૃક્ષને જોઈને ઝેરના ઝાડ ઉપર સ્વામીપણું થતું નથી. એનું નામ ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ વદ ૫, શનિવાર તા. ૨૦-૧-૧૯૬૮**
**શ્લોક-૨૩૨, પ્રવચન-૪૬૨**

સમયસાર શાસ્ત્ર ચાલે છે. સવારે એનો કળશ હતો. અત્યારે પણ એ કળશ ચાલે છે. એ નિર્જરાનો અધિકાર સવારે હતો, અત્યારે સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. ૨૩૨ શ્લોક છે. હિન્દી લીધું? હિન્દી છે? શ્લોક.

**यः पूर्वभावकृतकर्मविशद्रुमाणां**
**भुङ्क्ते फलानि न खलु स्वत एव तृप्तः।**
**आपातकालरमणीयमुदर्करम्यं**
**निष्कर्मशर्ममयमेति दशानन्तरं सः।।२३२।।**

શું કહે છે? જુઓ! કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર મુનિ બે હજાર વર્ષ પહેલાં થયા. એમણે સમયસાર બનાવ્યું. એ સમયસાર ઉપરની ટીકા મુનિ અમૃતચંદ્રાચાર્ય આજથી નવસો વર્ષ પહેલા દિગંબર સંત વનવાસી હતા, આનંદમાં ઝુલતા હતા અમેણે આ કળશ, ટીકા બનાવી. અને એ ટીકાના અર્થમાં અહીં કળશ પણ બનાવ્યા. તો કળશમાં શું કહે છે જુઓ! થોડું સૂક્ષ્મ છે. અધ્યાત્મની ઝીણી વાત છે ને તો થોડું જરી ઊંડુ લાગશે. પંડિતજી! જુઓ!

ધર્મી જીવ એને કહીએ કે '**પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ ભોગવતો નથી...**' શું કહે છે? જુઓ! આ આત્મા છે એ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. એને ભૂલીને પૂર્વ કાળમાં અજ્ઞાનથી જે કાંઈ પુણ્ય-પાપના ભાવ કર્યા હતા અને એનાથી જે કર્મ જડ બંધાયા હતા એ કર્મને અહીંયા વિષવૃક્ષ કહે છે. સમજાણું કાંઈ? આ પહેલા અનંત કાળમાં અજ્ઞાનભાવથી (અર્થાત્) પોતાનું શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ એના અનુભવ વિના, એના આનંદના સમ્યગ્દર્શન વિના અજ્ઞાનભાવથી ઉપાર્જિત કર્યા હતા. શું? કર્મરૂપી વિષવૃક્ષ. કર્મરૂપી ઝેરના ઝાડ. ઝાડ કહે છે ને હિન્દીમાં? વૃક્ષ, પેડ. કર્મરૂપી ઝેરનું ઝાડ છે ઈ. આહાહા..! શું કહે છે સાંભળ્યું?

ભગવાન આત્મા અમૃત, અતીન્દ્રિય અમૃતસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. એના ભાન વિના અજ્ઞાનભાવથી, ચાહે તો પુણ્ય કર્યા હોય કે પાપ કર્યા હોય-શુભાશુભભાવ, એ શુભાશુભભાવથી જે પોતાના સ્વરૂપના અભાનમાં, શુભાશુભભાવથી જે કર્મ બંધાયેલા પડ્યા છે એ કર્મબંધને અહીંયાં ઝેરના ઝાડ, ઝેરનું વૃક્ષ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એ તો અતીન્દ્રિય અમૃતનું ઝાડ છે. આત્મા છે એ તો અતીન્દ્રિય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આનંદમય છે. એ શરીર, કર્મથી તો ભિન્ન છે પણ શુભ અને અશુભ જે ભાવ છે એ આસ્રવતત્ત્વ છે. તો આસ્રવથી પણ જ્ઞાયકતત્ત્વ ભગવાન ચૈતન્ય ભિન્ન છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જેવું જોયું. આ આત્મા શરીર, કર્મથી તો ભિન્ન છે પણ શુભ-અશુભ રાગની ક્રિયાના પરિણામથી પણ ભિન્ન છે. કેમ કે શુભાશુભ પરિણામ તો બંધનું કારણ છે. એ આસ્રવથી ભિન્ન પોતાનું અમૃત સ્વરૂપ, અતીન્દ્રિય સ્વરૂપ, શાંત, સુખસ્વરૂપ. એને અનાદિ કાળથી ભૂલીને, અનાદિકાળથી ભૂલીને જે અજ્ઞાનભાવથી પુણ્ય અને પાપ ભાવ કર્યા એનું ફળ શું આવ્યું? વિષવૃક્ષ. ઝેરના ઝાડ. ઝેરનો બંધ પડ્યો, કર્મનું ઝાડ થયું.

'**વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી...**' જુઓ! ધર્મી જીવ તો પોતાની શુદ્ધ ચૈતન્ય જ્ઞાનચેતના. પોતાનું સ્વરૂપ જ્ઞાન શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞસ્વભાવ આત્મા છે. તો જ્ઞાનસ્વભાવ શક્તિરૂપ છે. એવું જ્ઞાન એની ચેતના. જ્ઞાનમાં એકાકાર થઈને શુદ્ધ ચેતનાનું પરિણમન કરીને પોતાની દશામાં કર્મનું ફળ જે આવે છે એનો સ્વામી થઈને, પોતાનું માનીને ભોગવતો નથી એને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. એ સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ? ધ્યાન રાખજો, ભાઈ! આ તો અલૌકિક (વાત છે). અનંત કાળમાં નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. આવે છે ને એ છ ઢાળામાં? પંડિતજી! 'મુનિ વ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો. પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' છ ઢાળામાં આવે છે.

આત્મા અનાદિ કાળથી 'મુનિવ્રત ધાર' મુનિ પણ થયો દ્રવ્યલિંગી. પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, એ તો બધો શુભભાવ છે. તો કહે છે, શુભભાવથી જે કર્મ બંધન થયું એ તો ઝેરનું ઝાડ છે. આહાહા..! અને એનાથી એ સ્વર્ગમાં ગયો. સ્વર્ગમાં ગયો. પણ એ તો સ્વર્ગની ગતિ છે, એમાં પણ કાંઈ આત્માની શાંતિ નથી ત્યાં. એ ગતિ દેવગતિ પણ દુઃખરૂપ દશા છે. દેવ ગતિમાં સુખ નથી. સુખ તો આત્માના આનંદમાં અંદરમાં છે. સમજાણું કાંઈ? દેવગતિ હો, પશુ ગતિ હો, મનુષ્યગતિ હો, ચારેય ગતિ વિકારનો ઉદયભાવ છે. એ તો દુઃખરૂપ છે. સુખ નથી ક્યાંય. સુખ તો ભગવાન આત્મા અંતરમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ એમાં સુખ છે. એવી અંતર સુખની દૃષ્ટિ કર્યા વિના મુનિવ્રત પાળ્યા. અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત, છ આવશ્યક ભગવાને વ્યવહાર કહ્યો એવો. તો એનાથી નવમી ગ્રૈવેયક ગયો. પુણ્યબંધ થયો. સ્વર્ગમાં ગયો. પણ 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા.' પણ પુણ્ય-પાપના રાગથી, એ મહાવ્રતના વિકલ્પથી પણ આત્મા ભિન્ન છે. એવા આત્માનું આત્મજ્ઞાન કર્યું નહિ, સમ્યગ્દર્શન થયું નહિ તો આત્માના આનંદના સુખનો અનુભવ થયો નહિ. સમજાણું કાંઈ?

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, આતમજ્ઞાન બિન...' બીજું જ્ઞાન કર્યું. નવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂર્વ સુધી ભણ્યો. અગિયાર અંગ પણ અનંત વાર ભણ્યો. સમજાણું કાંઈ? અને પંચ મહાવ્રતના પરિણામ શુભ પણ અનંત વાર કર્યા. પણ એનાથી ભિન્ન ભગવાન ચિદાનંદ મૂર્તિ છે એનો અનુભવ અને સમ્યગ્દર્શન કદી કર્યું નહિ. કહો, સમજાય છે કાંઈ? થોડું થોડું હિન્દી આવે છે, હોં! અમને બહુ હિન્દી નથી આવડતું. અમારી તો કાઠિયાવાડી ભાષા છે. આ તો તમે આવ્યા એટલે થોડું હિન્દીમાં લીધું.

ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ મહા, સંવત ૪૯. દિગંબર મુનિ અલૌકિક મુનિ અલૌકિક!! અંતર ભાવલિંગી અતીન્દ્રિય આનંદમાં ઝુલનારા. ભગવાનનો વિરહ પડ્યો. મદ્રાસથી ૮૦ માઈલ દૂર એક પોન્નુર હિલ છે. .... ત્યાં એક વંદેવાસ (ગામ) છે. ત્યાંથી પાંચ કોસ દૂર પોન્નુર હિલ છે. મોટી ટેકરી છે. પોન્નુર હિલ. ત્યાં રહેતા હતા કુંદકુંદાચાર્ય. અમે બે વાર ગયા છીએ. હજાર-હજાર માણસ અમારી સાથે હતા. ત્યાં બે વાર ગયા છીએ. ત્યાં કુંદકુંદાચાર્ય રહેતા હતા દિગંબર મુનિ. અને ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ બિરાજે છે. વર્તમાનમાં મનુષ્ય ક્ષેત્રમાં મનુષ્યદેહે બિરાજે છે. છે અરિહંત. ચાર કર્મનો નાશ થયો છે અને ચાર કર્મ બાકી છે. અરિહંત પદમાં બિરાજે છે વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં. અને જેણે આઠ કર્મનો નાશ કરીને ચોવીસ તીર્થંકર જે થાય એ તો સિદ્ધપદમાં બિરાજે છે. એમને આઠ કર્મનો અભાવ છે.

અહીં ભગવાન વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે પાંચસો ધનુષનો દેહ છે અને કરોડ પૂર્વનું આયુષ્ય છે. આવે છે, ભક્તિમાં આવે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવા એવા કરોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. વર્તમાનમાં બિરાજે છે. બે હજાર વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય મહા દિગંબર સંત મુનિ ભાવ આનંદમાં ઝુલનારા એ ત્યાં ગયા હતા. અને આઠ દિન ત્યાં રહ્યા. અને ત્યાંથી આવીને આ સમયસાર બનાવ્યું. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ આદિ ત્યાંથી આવીને બનાવ્યા છે. ભગવાનના સમવસરણમાં આઠ દિન રહ્યા હતા. સમજાણું કાંઈ? એવા કુંદકુંદાચાર્યનું કહેલું સમયસાર એની ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્ય. એ પણ નવસો વર્ષ પહેલા દિગંબર સંત ભાવ આનંદમાં ઝુલનારા. જંગલમાં વિકલ્પ આવ્યો અને ટીકા થઈ ગઈ.

શું કહે છે? અરે.. ભગવાન! તેં તારા આનંદની ચીજના અનુભવ વિના અનાદિ અજ્ઞાનભાવથી જે પુણ્ય-પાપ કર્યા એનાથી કર્મનો બંધ પડ્યો. એમાં કોઈ શાંતિ મળી નહિ. સમજાણું કાંઈ? મગનભાઈ! પુણ્ય-પાપ અનંત વાર કર્યા છે. આ ધૂળ-બુળ અનંત વાર મળી છે. ધૂળ સમજ્યા? આ પૈસા. પૈસા. આ પાંચ-પચાસ લાખ ધૂળ મળે ને ધૂળ? ધૂલી ધૂલી. તમારે શું કહે? એવી ધૂળ અનંત વાર મળી છે. ધૂળમાં શું છે? એ તો પુણ્યભાવ થોડા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કરે તો પૈસા મળી જાય. નિગોદમાં પણ ભગવાન કહે છે કે એવો શુભભાવ હોય તો મનુષ્ય થઈ જાય. પંડિતજી! નિગોદ છે ને નિગોદ? બટેટા, શક્કરકંદ, કાઈ એમાં પણ શુભભાવ થાય તો મનુષ્ય થઈ જાય. નિગોદમાંથી નીકળીને મનુષ્ય થાય છે. અને કેટલા કરોડોપતિ, અબજોપતિ થાય ત્યાંથી નીકળીને. એવું અનંત વાર થયું છે. એમાં કોઈ પૈસાની કિંમત-બિંમત છે નહિ.

મુમુક્ષુ :- આંટો મટ્યો નહિ.

ઉત્તર :- આંટો એકેય મટાડવાનો ઉપાય જ કર્યો છે ક્યાં? ભાન જ નથી ને ભાન. એય..! મોહનભાઈ! હજી તો આ રૂપિયા ને આ પૈસા ને આ ધૂળ ને શરીર. આ તો માટી ધૂળ છે. અને પૈસા એ તો ધૂળ જ છે. અહીં તો કર્મ પણ ધૂળ છે જડ. એની તો વાત ચાલે છે. ધૂળ આઠ કર્મ બંધાણા એ પૂર્વના પુણ્ય પરિણામ કર્યા તો ધૂળ બંધાણી એમ કહે છે. શુભભાવ પૂર્વે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ભાવ એ શુભ છે. એનાથી પણ ધૂળ બંધાણી અને પાપ કર્યા તો પણ ધૂળ બંધાણી. પણ એ બધા પાપ અને પુણ્યના આઠેય કર્મ છે એને અહીંયાં ઝેરના ઝાડ કહે છે. ઉત્તમચંદભાઈ!

'**અજ્ઞાનભાવથી કરેલાં...**' જુઓને! શું કહે છે? શાતા વેદનીય પૂર્વે અનંત વાર બાંધી અજ્ઞાનભાવથી. અજ્ઞાનભાવથી. આત્મા ચિદાનંદ સ્વરૂપ છે એની અનુભવ અને દૃષ્ટિ કરી નહિ અને એ દૃષ્ટિ વિના ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? '**અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ...**' કર્મ શબ્દે આઠેય કર્મ. દેવનું આયુષ્ય બાંધ્યું એ પણ ઝેરનું ઝાડ. અને શાતા વેદનીય બંધાણી એ પણ ઝેરનું ઝાડ. ઝાડ સમજ્યાને? પેડ સમજી લેવું તમારે. અમારી કાઠિયાવાડી ભાષા છે. વૃક્ષ. અને ઉચ્ચ આયુષ્ય, ઉચ્ચ ગોત્ર, યશકીર્તિ બંધાય. યશકીર્તિ એ શુભભાવથી યશોકીર્તિ (બંધાય). અહીં તો કહે છે કે યશોકીર્તિ બંધાય એ ઝેરનું ઝાડ છે. સમજાણું કાંઈ? નામ, ઉચ્ચ ગોત્ર, આયુષ્ય અને વેદનીય ચાર પુણ્ય છે અને એમાં ચાર પાપ છે અને આઠ ઘાતિકર્મ(માં) છે એ તો એકલા પાપ જ છે. આઠ કર્મમાં ચાર કર્મ છે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ તો એકલા પાપ. અને ચાર અઘાતિ કર્મ છે વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર એમાં અડધા પુણ્ય છે અને અડધા પાપ છે. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ ટીકા કરનારા મુનિ અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત જગતને કહે છે કે હે પ્રભુ! તેં પોતાના ચિદાનંદ સ્વરૂપના અનુભવ વિના અને અંતર સમ્યગ્દર્શન વિના '**અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં...**' ચાહે તો શાતા બંધાણી હોય, ચાહે તો ઉચ્ચગોત્ર બંધાયું હોય, ચાહે તો યશકીર્તિ બંધાણી હોય, ચાહે તો પંચેન્દ્રિય બંધાણું હોય, ચાહે તો અશાતા બંધાણી હોય, ચાહે તો નીચગોત્ર બંધાયું હોય બધાને અમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો વિષવૃક્ષ કહીએ છીએ. સમજાણું? આહાહા..! '**પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને...**' કર્મનો ઉદય આવે છે, શાતાનો ઉદય આવે તો પૈસા, લક્ષ્મી, સુંદર શરીર આદિ મળે. અશાતાનો ઉદય આવે તો રોગ, નિર્ધનતા આદિ હોય. નરકગતિ હોય. તો કહે છે કે વિષવૃક્ષનું ફળ શું? અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ મળે. એનું લક્ષ કરીને જે સુખ-દુઃખની કલ્પના કરવી એ ફળ, એ કર્મનું ફળ. જ્ઞાની એને ભોગવતો નથી. જ્ઞાની આત્મા ચિદાનંદ સ્વરૂપ જાણીને (તેને ભોગવે છે). સમજાણું કાંઈ?

શ્રેણિક રાજા અત્યારે પહેલી નરકમાં છે. તીર્થંકરગોત્ર બંધાણું છે. તીર્થંકગોત્ર બંધાણું છે. આગામી કાળમાં તીર્થંકર થશે. પહેલી ચોવીસીના તીર્થંકર થશે. નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. મુનિની અશાતના કરી હતી ને? સર્પ, સર્પ નાખ્યો હતો. તો મહા નરકનો બંધ પડ્યો હતો. ગતિ ન ફરે. પછી સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો તો સાતમી નરકનું આયુષ્ય છૂટી ગયું અને ચોર્યાસી હજાર વર્ષનું આયુષ્ય રહી ગયું. પહેલી નરકનું એટલું રહી ગયું. છે ચોર્યાસી હજાર વર્ષ. હજી અઢી હજાર વર્ષ ગયા. અઢી હજાર. આગામી કાળમાં પહેલી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. એનું ફળ શું? કે સમ્યગ્દર્શન પામ્યા હતા.

પોતાનો શુદ્ધ ચિદાનંદ પ્રભુ પુણ્ય-પાપના રાગથી ભિન્ન અને કર્મથી ભિન્ન પોતાનું સ્વરૂપ જ્ઞાનચેતના, પોતાની જ્ઞાનચેતના-જ્ઞાનમાં એકાકાર થવું, શુદ્ધ ચૈતન્ય પદાર્થ છે એની દૃષ્ટિ, એનું નામ સમ્યગ્દર્શન. એમાં એકાગ્રતા સ્વસંવેદન નામ જ્ઞાન અને એમાં લીનતા એનું નામ ચારિત્ર. એ ત્રણેને અહીંયાં જ્ઞાનચેતના કહે છે. સમજાણું કાંઈ? એવી જ્ઞાનચેતના કરીને શ્રેણિક રાજાએ કર્મની સ્થિતિ તોડી નાખી. ઝેરના ઝાડની સ્થિતિ તોડી નાખી. અને ૮૪ હજાર રહી ગઈ થોડી. પણ ત્યાં પણ શુદ્ધ ભાન છે. નરકમાં પણ ભાન છે. સમ્યગ્દૃષ્ટિ છે. તો સમ્યગ્દૃષ્ટિ તો નારકીમાં પણ.. ભજનમાં આવે છે ને? 'બાહ્ય નારકી કૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી.' આવે છે કે નહિ? એ દૌલતરામજીનું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં નરકમાં પણ સુખ છે, એમ કહે છે. અને મિથ્યાદર્શનમાં સ્વર્ગમાં પણ દુઃખ છે. આકુળતા... આકુળતા... આકુળતા. ધૂળ મળી, પદ મળ્યું તો એમાં લક્ષ કરીને એકલી આકુળતા જ કરે છે. અને એવી આકુળતામાં જે અનંત વાર કર્મ બંધાણા એના ફળના કાળમાં જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ, ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં પહેલી નરકમાં છે, તો કહે છે કે હું કર્મના ફળને નથી ભોગવતો. આહાહા..! હું તો આત્મા આનંદસ્વરૂપ છું. એની અંતર જ્ઞાનચેતનાની દૃષ્ટિમાં રાગાદિ થોડો આવે છે એનો સ્વામી થઈને, એનો ધણી થઈને ભોગવતો નથી. રાગનો સ્વામી જ્ઞાની થતો નથી. કેમ કે રાગ વિકાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

ઈ કહે છે, જુઓ! ત્યાંથી નીકળશે, તીર્થંકર થશે. છ મહિના પહેલા તો અહીંથી આયુષ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બંધાશે. પહેલેથી અહીંયા ઈન્દ્રો આવીને માતા માતાનું પેટ સાફ કરશે. છ મહિના પછી ભગવાન આવવાના છે. રત્નની વૃષ્ટિ કરશે. એ બધું સમ્યગ્દર્શનમાં આત્માનું ભાન થયું હતું એમાં જરી પુણ્ય બંધાણું રાગથી એના ફળમાં આવા સંયોગ થશે. જન્મ-મરણનો નાશ તો પોતાના સમ્યગ્દર્શનથી થયો છે. સમજાણું કાંઈ? એ કહે છે કે અનંત વાર સુકૃત કર્યું. પુણ્ય બંધાણું. દુષ્કૃત કર્યું તો પાપ બંધાણું. એમાં કોઈ અબંધ, અબંધ સ્વભાવ મોક્ષનો માર્ગ તો થયો નહિ. સમજાણું કાંઈ?

આ કહે છે, '**વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને)...**' અરે..! કર્મ અને કર્મના સંગે ઉત્પન્ન થયેલા શુભ-અશુભભાવ અને હરખ-શોકના ભાવ એ તો દુઃખરૂપ છે. હું તો આનંદરૂપ છું ને. હું તો અતીન્દ્રિય આનંદરૂપ છું ને. નરકમાં પણ બાહ્ય નારકી કૃત દુઃખ ભોગવે છે. અંતરમાં સુખરસની ગટાગટી છે. અંતર આનંદમાં સમ્યગ્દર્શનની ચીજમાં આનંદ છે. સમજાણું કાંઈ? મિથ્યાદર્શનમાં દુઃખ છે. લોકોને ખબર નથી શું ચીજ છે દુઃખ. પ્રતિકૂળતા એ કોઈ દુઃખ નથી, નિર્ધનતા એ કોઈ દુઃખ નથી, રોગ એ દુઃખ નથી. દુઃખ તો એમાં મને રોગ થયો, હું નિર્ધન એવી પ્રતીતિ અને રાગભાવ એ દુઃખ છે. સમજાણું કાંઈ? ધર્મીને એવી દૃષ્ટિ હોતી નથી.

હું તો આત્મા છું. હું પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગથી તો હું ભિન્ન છું. કેમ કે પુણ્ય-પાપનો ભાવ તો આસ્રવતત્ત્વ છે અને કર્મ અજીવતત્ત્વ છે અને હું જ્ઞાયકતત્ત્વ છું. સમજાણું કાંઈ? એવા સમ્યગ્દર્શનમાં કર્મનું ફળ, હરખ-શોકને ભોગવવું એને જ્ઞાની સ્વામી થઈને ભોગવતો નથી. સમજાણું કાંઈ? સ્વામી થઈને ઉત્સાહિત થઈને, હોંશ કરીને શું કહે છે? ઉત્સાહ કરે છે. ઉત્સાહ. ઉત્સાહ કરીને નથી ભોગવતો. આહાહા..! ધર્મીને જરી અશુભરાગ આવે છે તોપણ એને દુઃખદાયક લાગે છે. અશુભભાવ દુઃખદાયક લાગે છે. પંડિતજી! એ શુભભાવ રાગ છે ને. અને શુભભાવ પણ કષાય છે. આહાહા..!

ભગવાન આત્મા તો શુભ-અશુભભાવથી રહિત છે. એવી દૃષ્ટિ જ્યાં થઈ તો ધર્મી જીવને ભલે ચોથે ગુણસ્થાને હોય, અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય, પાંચમે ગુણસ્થાને તો વિશેષ શાંતિ થાય છે. એ તો સર્વાર્થસિદ્ધના દેવની શાંતિ ચોથા ગુણસ્થાને છે એના કરતાં પણ પંચમ ગુણસ્થાનમાં તો અધિક શાંતિ છે. કેમ કે એને તો ચોથું છે અને આને પાંચમું છે. એને એક કષાય ટળ્યો છે, આને બે કષાય ટળ્યા છે. અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની. શ્રાવક એને કહીએ. શ્રાવક કાંઈ વાડામાં પડ્યા હોય એને શ્રાવક નથી કહેતા. પંડિતજી!

થેલીમાં કરિયાતું ભર્યું હોય અને ઉપર સાકર નામ લખે તો કરિયાતું મીઠું થઈ જાય? એમ શ્રાવક નામ આપી દે. પણ અંતરમાં આત્મા આનંદ સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એવી દૃષ્ટિ અને સ્થિરતા નથી તો એને સમકિતી અને શ્રાવક નથી કહેતા. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે ધર્મી જીવને પોતાના નિજ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ થવાથી સ્વરૂપમાં આનંદ અને સ્વચ્છતા અને શુદ્ધતા પડી છે તો એવો અંતર અનુભવ હોવાથી, એ અનુભવનો સ્વામી છે. પણ એ કર્મના ફળમાં જરી શોક અને હરખ થાય છે, એને પોતાની નિર્મળ પર્યાયમાં ભેળવતો નથી, એક નથી કરતો. એક નથી કરતો, ભિન્ન રાખે છે. એનું નામ પરના ફળને ભોગવનાર નથી. ઊંડી વાત છે થોડી. અનંત કાળથી એણે સમ્યગ્દર્શન શું છે, તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન કોઈ દી સાંભળ્યું નથી, સમજ્યો નથી. સમજાણું કાંઈ? મિથ્યાશ્રદ્ધામાં અનંત કાળ વીત્યો. નરક અને નિગોદ, ચાર ગતિ અનંત વાર કરી. એમાં શું થયું? પોતાનું શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા આઠ વર્ષની બાલિકા હોય તોપણ સમ્યગ્દર્શન થાય છે. હોય. અઢી દ્વીપ બહાર, ભગવાન તો કહે છે કે અસંખ્ય પશુ સમકિતી પડ્યા છે. સાંભળ્યું છે? અઢી દ્વીપ બહાર સ્વયંભુરમણસમુદ્ર છે ને? સ્વયંભુરમણસમુદ્રમાં અસંખ્ય સમકિતી તિર્યંચ પશુ છે. પાંચમા ગુણસ્થાનવાળા પશુ અસંખ્ય પડ્યા છે બહાર ભગવાન એમ કહે છે. ધવલમાં પાઠ છે. અસંખ્ય પશુ. આત્માનું ભાન (થયું છે). આનંદ સ્વરૂપ હું છું. આ રાગ નહિ, આ કર્મનું ફળ હરખ-શોક હું નહિ. એવા અસંખ્ય સમકિતી તિર્યંચ પડ્યા છે. મનુષ્ય તો સંખ્યાતા છે. સમજાણું કાંઈ? મનુષ્ય ઝાઝા નથી. મનુષ્ય તો અઢી દ્વીપમાં થોડા સંખ્યાતા છે. પશુ અસંખ્ય છે. અસંખ્ય સમકિતી અને પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક છે. તો કહે છે કે કર્મના ફળને હું ભોગવતો નથી. ...ભાઈ! આપણે પાંચમા ઠામણામાં આવે છે ને? અઢી દ્વીપ બહાર મહા અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકા. અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકા છે. તિર્યંચણી છે તિર્યંચણી.

ભગવાન પરમેશ્વર કહે છે, અઢી દ્વીપ બહાર તિર્યંચણી સમકિતી પાંચમા ગુણસ્થાનવાળા. સમજાણું કાંઈ? જેને શરીર તિર્યંચનું મળ્યું પશુનું, એ હું નથી. હું પશુ નથી, હું રાગ નથી, હું હરખ-શોક નથી. સમજાણું કાંઈ? હું તો આત્મા છું. અને આત્મા તો શુદ્ધ જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. એવી દૃષ્ટિમાં પોતાની જ્ઞાનચેતના પાસે હરખ-શોકનો સ્વામી થઈને પોતામાં ભેળવતો નથી. સમજાણું કાંઈ? ભેળવતો નથી, એનો સ્વામી થઈને ભોગવતો નથી. જાધવજીભાઈ! બહુ ઝીણી વાતું. આહાહા.! એ પંડિતજીએ થોડું ઠીક લખ્યું છે. આવે છે સવારે? સવારે આવે છે ને? ધર્મના નામે ભૂલ. બહુ સારું લખ્યું છે. રાંદેલ. રાંદેલ છે ને? .. બીજા. આ રાંદેલ. બહુ સારું લખ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બેય છે. બેયને અમે જાણીએ છીએને. એમાં લખ્યું છે. જૈન સંદેશમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવ્યું હતું હમણાં. જૈન સંદેશ છે ને? પાંચ દિવસ પહેલા (આવ્યું). એમાં લખ્યું છે. ઘણું સારું લાગ્યું તો છાપ્યું છે તો હિન્દુસ્તાનમાં વાંચશે. લોકો વાંચે તો ખરા કે શું કહે છે? એના પંડિત શું કહે છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા જેને આત્મજ્ઞાન નામ ધર્મ પ્રગટ થયો છે અને મિથ્યાત્વનો જેને નાશ થયો છે એ ધર્મીને એમ થાય છે કે હું તો જ્ઞાન અને આનંદ છું અને કર્મના ફળમાં તો વિકાર ઉત્પન્ન થાય છે. ચાહે તો હરખ ઉત્પન્ન થાય, શોક થાય, રાગ હોય કે દ્વેષ હોય, શુભ હો કે અશુભ હો એ ફળને સ્વામી થઈને નથી ભોગવતો. એટલો અર્થ એક લીટીમાં છે. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મ શાસ્ત્ર ભગવાન કુંદકુંદાચાર્યનું, કેવળજ્ઞાનીનું કહેલું છે. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એક સમયમાં ત્રિકાળ જ્ઞાની પરમેશ્વર એને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ થઈ ગયા. સમય કોને કહે છે? એક સેકન્ડમાં અસંખ્ય સમય જાય. એક સેકન્ડમાં હોં! એક સેકન્ડ શું, ૬૦ પળની એક વિપળ અને ૬૦ વિપળની એક સેકન્ડ. તો એક પળમાં અસંખ્ય સમય જાય છે. એમાં એક સમય. ભગવાનને જ્ઞાન કેવળજ્ઞાન અંતરમાં પડ્યું છે શક્તિરૂપ. અંતરમાં ધ્યાન કરીને પ્રગટ થયું તો એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ દેખે છે ભગવાન. સમજાણું કાંઈ? એવા કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરપણે બિરાજે છે મહાવિદેહમાં. અને કેવળીપણે લાખો બીજા કેવળી પણ બિરાજે છે. તીર્થંકર તો વીસ જ છે. સામાન્ય કેવળીપણે લાખો બિરાજે છે. એ તો અનાદિથી છે. કદી કેવળીનો વિરહ જગતમાં પડતો નથી. સદાય કેવળજ્ઞાની તો બિરાજે જ છે. એવા કેવળજ્ઞાનીએ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, તો કહે છે કે ધર્મીની એવી શ્રદ્ધા અને અનુભવ હોય છે કે કર્મના ફળમાં પોતાપણું નથી માનતો. સમજાણું કાંઈ? અને કર્મના ફળને પોતાપણે માને તો મિથ્યાદૃષ્ટિ છે. એ ચૈતન્ય આનંદને ભૂલી જાય છે.

ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વરૂપ છે. રાગને પોતાનો માનનાર, હરખને પોતાનો માનનાર, પોતાના આનંદસ્વરૂપનું પોતાપણું ભૂલી જાય છે અને રાગને હરખ-શોકને પોતાના માને છે. ધર્મી રાગ, હરખ-શોકને પોતાના નહિ માનીને એનો સ્વામી થઈને નથી ભોગવતો. એ જુદી વસ્તુ છે. હું આત્મા છું. હું જ્ઞાનચેતના પોતાના જ્ઞાનમાં એકાકાર થનારો હું શુદ્ધનો, સુખનો અનુભવ કરનાર છું. શુદ્ધનો, સુખનો અનુભવ કરનારો છું. અશુદ્ધનો દુઃખનો અનુભવ કરનારો નથી. આ અસ્તિ-નાસ્તિ કરી. આહાહા..! સમજાણું કાંઈ? ગંભીર વાત છે, ભાઈ!

ભગવાન પરમેશ્વર વીતરાગ પરમાત્મા એનો માર્ગ કોઈ મહા અલૌકિક છે. અને એ સિવાય બીજે તો ક્યાંય છે જ નહિ. ત્રણ કાળમાં વીતરાગ પરમેશ્વર સિવાય કોઈ ઠેકાણે માર્ગ નથી. આવો માર્ગ સૂક્ષ્મ લાગે. અભ્યાસ નથી, સાંભળવા મળે નહિ કે શું યથાર્થ ચીજ છે. એમ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લાગે કે આહાહા..! આ તો ભારે આકરું છે.

કહે છે, **'ખરેખર પોતાથી જ (-આત્મસ્વરૂપથી જ) તૃપ્ત છે,...'** જુઓ! નાસ્તિ કરી. હવે અસ્તિ કરી. **'ખરેખર...'** ભગવાન આત્મા પોતાનો શુદ્ધ પરમાનંદ મૂર્તિ પ્રભુ ચૈતન્યનો પૂર છે આત્મા. આનંદનો ગંજ છે આત્મા. આનંદનો પુંજ. આવા સ્વરૂપની દૃષ્ટિ અંતર થઈ તો સમ્યગ્દર્શન થયું. તો કહે છે કે ધર્મી પોતાના સ્વરૂપથી જ તૃપ્ત છે. પોતાના સ્વરૂપથી જ તૃપ્ત છે. રાગ અને હરખથી તૃપ્ત થતો નથી. સમજાણું કાંઈ? એય..! દેવચંદભાઈ! ધર્મી પૈસાથી તૃપ્ત નથી એમ કહે છે. એય..! મોહનભાઈ દાંત કાઢે છે. પૈસાથી તૃપ્ત માનનાર મૂઢ છે એમ કહે છે. પાંચ, પચ્ચીસ લાખ મળ્યા અને અમે સુખી છીએ. મૂઢ છો? ધૂળ મળી એમાં તને સુખ ક્યાંથી થયું? સમજાણું કાંઈ? અને એ પૈસા તરફનું લક્ષ તને થાય છે એ તો રાગ છે. રાગમાં સુખ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? સુખ તો ભગવાન આત્મામાં છે અંદરમાં. એ તો સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું પૂર આત્મા છે. એવી દૃષ્ટિ થઈ તો ધર્મી તૃપ્ત છે. જુઓ!

**'ખરેખર પોતાથી જ (-આત્મસ્વરૂપથી જ) તૃપ્ત છે,...'** આહાહા..! ભારે વાત! નારકીમાં પણ સમ્યગ્દૃષ્ટિ તૃપ્ત છે. નારકી સમજ્યાને? નીચે. અસંખ્યગુણા મિથ્યાદૃષ્ટિ પડ્યા છે નરકમાં પણ, પણ સમકિતી અસંખ્ય છે. પહેલી નરકમાં પણ સમ્યગ્દૃષ્ટિ અસંખ્ય છે. એક સમકિતી અને અસંખ્ય મિથ્યાદૃષ્ટિ. એવા અસંખ્ય ગુણા મિથ્યાદૃષ્ટિ છે અને અસંખ્યમે ભાગે સમકિતી છે. સમજાણું કાંઈ? પશુમાં પણ એમ છે. પંચેન્દ્રિય. એક સમકિતી અને અસંખ્ય મિથ્યાદૃષ્ટિ. તો અસંખ્યગુણા મિથ્યાદૃષ્ટિના અસંખ્યમે ભાગે સમકિતી બહાર છે. તો કહે છે કે પશુ પણ પોતાના આત્મસ્વરૂપથી તૃપ્ત છે. આ ઘાસથી, ભૂખથી, લાડવાથી તૃપ્ત નથી એમ કહે છે. ભગવાનજીભાઈ! આહાહા..! બહારની ચીજથી તો તૃપ્ત નથી પણ અંદરમાં જરી શોક અને હરખ થાય છે એનાથી પણ ધર્મી આત્મા તૃપ્ત નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યનું નૂર પૂર વસ્તુ છે. જેમાંથી કેવળજ્ઞાન નીકળે તો પણ ખૂટે નહિ એવી શક્તિ છે. કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાય બીજે સમયે બીજી થાય છે. પંડિતજી! કેવળજ્ઞાન પર્યાય છે, ગુણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક સમય રહે છે?

ઉત્ર :- એક સમય રહે છે. કેમ કે પર્યાય છે. ગુણ તો ત્રિકાળ રહે છે અને કેવળજ્ઞાન થાય છે એ પણ એક સમય રહે છે. એનો ઉત્પાદ થાય છે. બીજે સમયે કેવળજ્ઞાનનો ઉત્પાદ અને પૂર્વ કેવળજ્ઞાનનો વ્યય થાય છે. એમ કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... કેવળજ્ઞાન... સાદિઅનંત ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી કેવળજ્ઞાનની જે અનંતી પર્યાય છે એનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભંડાર ભગવાન જ્ઞાનગુણમાં પડ્યો છે. એ જ્ઞાનગુણમાં એવું અનંત કેવળજ્ઞાન પડ્યું છે પોતાના જ્ઞાનમાં. સમજાણું કાંઈ?

એવો જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા, એની અંતરમાં દૃષ્ટિ થવાથી પોતાના સ્વરૂપથી જ જ્ઞાનીને તૃપ્તિ છે. વિષયના સુખમાં તૃપ્તિ જ્ઞાની માનતા નથી. અને વિષયના સુખમાં તૃપ્તિ માને છે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. ચાહે તો ચક્રવર્તી હો, અરે..! ચાહે તો જૈનનો સાધુ હો. પણ એમાં જે પુણ્ય પરિણામ રાગ થયો અને એમાં તૃપ્તિ માને છે કે મેં ઘણું કર્યું તો ઈ મિથ્યાદૃષ્ટિ છે. પંડિતજી! વાત એવી છે, ભાઈ! આહાહા..!

જુઓ! એક અસ્તિ-નાસ્તિ. બે પદમાં કેટલું લીધું છે! ભગવાન આત્મા અનાદિ કાળથી જે કંઈ શુભાશુભભાવથી કર્મ બંધાયા હતા, એ કર્મના ફળમાં જે તૃપ્ત છે એ મૂઢ છે, અજ્ઞાની છે, મિથ્યાશ્રદ્ધા છે. એને સમ્યક્શ્રદ્ધા શું ચીજ છે એની ખબર નથી. ભગવાન આત્મા એ હરખ-શોકના પુણ્ય-પાપના રાગથી ભિન્ન (છે). એ વિકાર તત્ત્વ છે, ભગવાન નિર્વિકાર તત્ત્વ છે. એવા તત્ત્વની દૃષ્ટિ થઈ તો નિર્વિકારમાંથી શુદ્ધતાની પર્યાય પ્રગટી. એનાથી સમ્યગ્દૃષ્ટિ તૃપ્ત છે, તૃપ્ત છે, સુખી છે. કહો, જાધવજીભાઈ! કહો, આ દીકરાઓ અને દીકરીઓ બધા દીકરા અને મોટા રાજ ને અમે સુખી છીએ. મૂઢ છો. સુખ ક્યાંથી આવ્યું? પૈસા મળ્યા, મકાન મોટા બનાવ્યા પાંચ-પાંચ લાખના, દસ લાખના. શરીર સુંદર મળ્યું, સ્ત્રી-કન્યા આદિ સુંદર મળી. તેથી શું થયું તને? એ તો રાગ છે. એના ઉપર લક્ષ કરવાથી રાગ થાય છે. રાગ તો દુઃખ છે. દુઃખમાં તૃપ્તિ માનવી એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

છ ખંડનું રાજ ચક્રવર્તીને (હોય છે). સાંભળ્યું છે ને? ભરતજી ઘરમાં વૈરાગી. નથી આવતું ઈ? ભજન આવે છે. 'ભરતજી ઘરમાં વૈરાગી.' છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યા હોય. પણ હું તો આત્મા આનંદસ્વરૂપ છું. સ્ત્રી મારી નથી અને સ્ત્રી તરફનો જે વિકલ્પ મારી નબળાઈને કારણે આવે છે એ પણ મારી ચીજ નથી. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દૃષ્ટિ વૈરાગી છે. વૈરાગીનો અર્થ કોઈ સ્ત્રી, કુટુંબ છોડી દે તો વૈરાગી છે એમ નહિ. અંદર પુણ્ય-પાપના રાગ અને હરખ-શોકને રુચિમાંથી છોડી દે, એની રુચિ છોડી દે અને પોતાના આનંદની રુચિ કરીને રાગનો અભાવ કરીને પરિણમન કરે એનું નામ ભગવાન વૈરાગી કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! લેશ ન સંયમ. આવે છે ને? એમાં પણ આવે છે. ઈન્દ્ર જજૈ હૈં.

મુમુક્ષુ :- પૈ સુરનાથ..

ઉત્તર :- હા, પૈ સુરનાથ જજે હૈં. એ છ ઢાળામાં આવે છે. જેને લેશ ન સંયમ. પણ સમ્યગ્દૃષ્ટિ આત્માનું ભાન થયું છે ને? ભલે લેશ સંયમ નથી. પણ જાણે છે કે મારામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ચારિત્ર દશા જે ઉગ્ર થવી જોઈએ એ નથી. પોતાને ચારિત્રની ભાવના છે. પણ ભાવના હોવા છતાં રાગમાં સુખ માનતા નથી. સમજાણું કાંઈ? 'સુરનાથ જજે હૈં' છ ઢાળામાં આવે છે. ચરિત મોહવશ, લેશ ન સંયમ. ક્યાં છે? છ ઢાળા છે કે નહિ? સંયમ. 'સુરનાથ જજૈ હૈ' એનો અર્થ શું છે? અર્થ સમજવો જોઈએને. એમ ને એમ બોલી જાય.

કહે છે કે સમ્યગ્દષ્ટિ જીવ, પોતાના શુદ્ધ આનંદસ્વરૂપમાં તૃપ્ત છે, પોતાની શ્રદ્ધા-જ્ઞાનથી તૃપ્ત છે. રાગાદિ આવે છે એમાં એ તૃપ્ત નથી. એને પોતાના માનતો નથી. અંતરમાં સ્વરૂપની સ્થિરતા ચારિત્ર જે અલૌકિક વાત છે. આનંદનું ચારિત્ર હોવું એ તો બહુ અલૌકિક વાત છે. ચારિત્ર ગુણસ્થાન છઠ્ઠું-સાતમું તો અલૌકિક વાત છે. એવું કદી ન થયું હોય પણ સ્વરૂપ.. ઈ છે ને? આવ્યું કે નહિ? કાઢ્યું નથી. કેટલામું છે? ત્રીજી ઢાળ. ત્રીજી ઢાળ. કેટલામું છે? આ ઈ આવ્યું. જુઓ અહીં. (પદ ૧૫)

**દોષરહિત ગુણસહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં,**

છ ઢાળા છે. એ ગાગરમાં સાગર ભરી દીધો છે દૌલતરામજીએ. પણ વિચારતા નથી. બોલે ખરા પણ વિચાર ન કરે, સમજે નહિ. જુઓ! '**દોષરહિત ગુણસહિત સુધી જે,...**' સુધી એટલે સારી બુદ્ધિવાળા જ્ઞાની. દોષ રહિત-રાગાદિ દોષ હોવા છતાં મારામાં નથી. હું તો શુદ્ધ આનંદ છું. '**દોષરહિત ગુણસહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં,**' હું તો શુદ્ધ આનંદ જ્ઞાન છું, એવો અનુભવ દષ્ટિમાં ગુણનો આદર કરે છે. '**ચરિતમોહવશ લેશ ન સંજમ,...**' ચરિતમોહવશ હોં! ચારિત્રમોહને કારણે નહિ. ચારિત્રમોહ તો જડ છે. પણ એને વશ થાય છે. ચારિત્રમોહ કાંઈ નથી કરાવતું. ચરિતમોહવશ એમ લીધું છે. ચારિત્રમોહને કારણે નહિ.

'**ચરિતમોહવશ...**' જે ઉદય આવે છે એને વશ થઈ જાય છે. અસ્થિર થઈ જાય છે. પોતાના પુરુષાર્થની નબળાઈને કારણે. કર્મને કારણે નહિ. '**ચરિતમોહવશ લેશ ન સંજમ,...**' સ્વરૂપ સ્થિરતા, આનંદની સ્થિરતા થવાની .... સંયમ કહે છે. બાહ્યનો ત્યાગ એ સંયમ-ફંયમ છે નહિ. અંદરમાં આનંદની ઉગ્રતા થવી એનું નામ સંયમ છે. '**ચરિતમોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં;**' પણ સુરનાથ નામ દેવના ઈન્દ્રો જેની પૂજા કરે છે. ઓહોહો..! ધન્ય અવતાર તારા! જન્મ-મરણનો અંતર લાવ્યો અને અનંત કાળમાં અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટ્યું નથી એવું કર્યું.

'**ગેહી પૈ ગૃહમેં ન રચૈં જ્યોં...**' સમ્યગ્દષ્ટિ આત્માની દષ્ટિ અનુભવ છે. છે ગૃહસ્થી. '**પૈ ગૃહમેં ન રચૈં...**' પણ ગૃહસ્થાશ્રમમાં રુચિ નથી, રુચિ નથી અંદરમાં. સમજાણું કાંઈ? '**ગેહી પૈ ગૃહમેં ન રચૈં જ્યોં જલતૈં ભિન્ન કમલ હૈ,...**' જળથી ભિન્ન કમળ. કમળને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જળનો લેપ લાગતો નથી. એમ આત્મા રાગથી, પુણ્યથી ભિન્ન છે એવી દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિને થઈ છે. તો એ જળમાં કમળવત્ ગૃહસ્થાશ્રમમાં રહે છે. સમજાણું કાંઈ?

'**નગરનારિકો પ્યાર યથા,...**' દાખલો આપે છે. જુઓ! કહે છે વેશ્યાનો પ્યાર. વેશ્યા હોય છે ને? પ્રેમ. પણ એ પ્રેમ નથી, વૃથા છે. એ પ્રેમ નથી. એ તો પૈસા લે છે. અંદરમાં પ્રેમ નથી. એમ ધર્માત્માને સ્ત્રી-કુટુંબ પ્રત્યે વેશ્યાના પ્રેમ જેવો પ્રેમ છે. પ્રેમ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? '**નગરનારિકો પ્યાર યથા, કાદેમેં હેમ અમલ હૈ.**' કાદવમાં હેમ-સોનું (એને) કાટ નથી લાગતો. કાઈ-કાઈ નથી લાગતી. અમારે કાટ કહે છે. કાટ નથી લાગતો. સોનાને કાટ નથી લાગતો, કાદવમાં પડ્યા છતાં. જુઓ! કાદવમાં હેમ કમળ છે. હેમ-હેમ. હેમ એટલે સોનું. કાદવમાં સોનું પડ્યું રહે પણ એને મેલ લાગતો નથી. એમ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં અંદર દૃષ્ટિમાં મેલ લાગતો નથી. સમજાણું કાંઈ? બહુ સરસ લીધું છે, જુઓ!

'**મોક્ષમહલકી પરથમ સીઢી,...**' સમ્યગ્દર્શન. '**યા વિન જ્ઞાન-ચરિત્રા,...**' '**સમ્યક્તા ન લહે, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા;**' સમ્યગ્દર્શન વિના જ્ઞાન જ્ઞાન જ કહેવાતું નથી. અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર-ફારિત્ર હોતું નથી. વ્રત ને તપ ને મુનિપણું અંતર સમ્યક્ અનુભવ વિના કદી હોતું નથી. પંડિતજી! છે ભાઈ? એમાં છે, જુઓ!

**તીનલોક તિહુંકાલ માહિં નહિં, દર્શન-સો સુખકારી,**
**સકલ ધરમકો મૂલ યહી, ઈસ બિન કરની દુખકારી.**

સમજાણું કાંઈ? ભગવાન આત્મા પુણ્ય-પાપ અને હરખ-શોકના રાગને કરનારો નથી. પુણ્ય-પાપ અને હરખ-શોક મારું કર્તવ્ય છે એમ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. ઝેરના ફળને પોતાનું માને છે. અમૃતસ્વરૂપ ભગવાન આત્માને તો ભૂલી ગયો. તો ભગવાન આત્મા અમૃત અતીન્દ્રિય સ્વરૂપની જેને અનુભવ દૃષ્ટિ થઈ તો કહે છે કે '**બિન કરની દુખકારી.**' આવું સમ્યગ્દર્શન ન હોય અને ક્રિયા કરે વ્રત, નિયમ, સંયમ એ બધું રણમાં પોક મૂકવા જેવું છે. અરણ્યરુદન છે. સમજાણું કાંઈ? બહુ સરસ વાત કરી છે.

**દૌલ સમજ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ,**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવૈ.**

ભાઈ! બરાબર છે? ભગવાન! અહીં તો ભગવાન તરીકે જ બોલાવે છે આત્માને, હોં! સમયસારમાં ૭૨ ગાથામાં. ભગવાન! તું ચિદાનંદ સ્વરૂપ છો ને પ્રભુ! તારી પ્રીતિ પુણ્ય-પાપ અને હરખ-શોકમાં કેમ જાય છે? નાથ! એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? ભાઈ! આવો નરભવ મળ્યો છે. અનંત કાળે મળ્યો છે ભાઈ! ફરી ફરી નહિ મળે. ઈ કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે ને? '**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ,...**' '**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવૈ.**' જો આત્માના પુણ્ય-પાપ અને હરખ-શોકથી ભિન્ન થઈને પોતાના અનુભવની પ્રતીત અને સમ્યક્ ન પામે તો ચાહે એના વ્રત અને નિયમ કરણી આદિ કરે બધું ફોગટ છે. એના એક જન્મ-મરણ ગળશે નહિ. સમજાણું કાંઈ? છ ઢાળામાં ઘણું આવે છે. ગાગરમાં સાગર ભરી દીધો છે. પણ એનો અર્થ કરનારા પોતાની દૃષ્ટિથી અર્થ કરે. કહો, પંડિતજી! ઘણું ભર્યું છે. દિગંબર પહેલાના ગૃહસ્થો. સંતોની તો શું વાત કરવી? પણ દૌલતરામ, દૌલતરાય, બનારસીદાસ, ટોડરમલજી. કેવું બનાવ્યું જુઓને! ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક. મોક્ષમાર્ગ પ્રકાશક. બનારસીદાસ-સમયસાર નાટક. જુઓ! પહેલાના સમકિતી જ્ઞાની હતા. પછી સાચા માર્ગમાં થયો જન્મ તો એને સત્ય મળી ગયું. સમજાણું કાંઈ? ઘાનતરાય, દૌલતરામ આદિ ભુધરદાસ ઘણા સારા થઈ ગયા પહેલાના પંડિત. અત્યારે ઘણી ગડબડ થઈ ગઈ છે. પંડિતજી! બધા પુણ્યમાં ધર્મ મનાવે છે. દેહની ક્રિયા અને શુભભાવ થાય છે શુભ. દયા, દાન, વ્રત એ ધર્મ છે. એમ મનાવે છે. ઘણું વિપરીત ભાઈ!

અહીં તો એ કહે છે, ભાઈ! એકવાર સમ્યગ્દર્શન શું છે એને ધારો. હે ભવ્ય! હે ભવ્ય! એનો નિર્ણય કરો. છે? આ મનુષ્ય દેહ મળવો કઠણ છે. ભગવાન! અનંત કાળે મળ્યો છે. જે રજકણ વિંખાઈ ગયા એ ફરીને નરભવ મળવો કઠણ છે. માટે એકવાર ભગવાન તું આત્મા શરીર, કર્મની ક્રિયાથી રહિત છે અને પુણ્ય-પાપના પરિણામની ક્રિયાથી, વિકારથી પણ રહિત છે એમ અનુભવની દૃષ્ટિ એકવાર સમ્યક્ કરો તો સમ્યક્માં તને તૃપ્તિ થાશે. ઈન્દ્રોને જે સુખ નથી એ સુખ તને મળશે. ઈન્દ્રોને સમકિતીનું સુખ છે. સમકિત છે. પણ એ બાહ્ય ઈન્દ્રના સુખ છે એ સુખ નથી. ધૂળેય નથી એમાં. ભગવાન આત્મા અનાકુળ આનંદની ગાંગડી છે-ઢેલા. અનંત આનંદનો ગાંગડો આત્મા છે. એની દૃષ્ટિ કરવાથી તને આનંદ થાશે. અને પુણ્ય અને પાપભાવની મારી ક્રિયા છે અને એ મારા છે એમ માને છે તો પ્રભુ! તને મિથ્યાત્વ થશે, તને દુઃખ થશે. તારા જન્મ-મરણ નહિ મટે. સમજાણું કાંઈ? તારા જન્મ-મરણનું દુઃખ નહિ મટે, પ્રભુ! એમ ભગવાન કહે છે. સમજાણું કાંઈ?

કહે છે, બે ભાષા. ગજબ વાત છે. '**ખરેખર પોતાથી જ તૃપ્ત છે,...**' એક જ વાત. અજ્ઞાની પુણ્ય-પાપ અને હરખ-શોકમાં તૃપ્ત છે એ મિથ્યાદૃષ્ટિ (છે). ધર્મી પોતાના જ્ઞાન સ્વરૂપમાં તૃપ્ત છે અને પુણ્ય-પાપ, હરખ-શોકથી રહિત છે. એનું નામ સમકિતી છે. વાત સીધી છે, હોં! બહુ સાદી છે. ભગવાનનો માર્ગ ઘણો સરળ છે. પણ લોકોએ એવી ગડબડ કરી નાખી છે ને. સર્વજ્ઞ પરમેશ્વર અનંત કાળથી થતા આવ્યા છે. વીતરાગદેવ પરમાત્મા તીર્થંકર અનંત કાળથી થતા આવ્યા છે. વર્તમાનમાં બિરાજે છે, ભવિષ્યમાં અનંત થશે. અનંત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થશે. પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કરનારા. એક સમયમાં જે ભગવાન ત્રણ કાળ ત્રણ લોક દેખે છે. કહે છે કે ભાઈ! ધર્મી તો એને કહીએ કે જેને વિષયમાં ક્યાંય સુખબુદ્ધિ થતી નથી. વિષયમાં સુખબુદ્ધિ થતી નથી. પુણ્યભાવમાં સુખબુદ્ધિ થતી નથી. અને પોતાના આનંદમાં સુખબુદ્ધિ થાય છે. બરાબર છે? ન્યાયથી તો સમજાય છે ને? ન્યાયથી સમજાય એવું છે.

ધર્મી કહો, ઈન્દ્રાણીનો ગંજ હો. સમકિતદષ્ટિ શક્રેન્દ્ર છે અત્યારે. શક્રેન્દ્ર સુધર્મ ઈન્દ્ર એકાવતારી છે. એકાવતારી સમજ્યાને? એકભવતારી છે. પતિ-પત્ની બેય એકાવતારી છે. ઈન્દ્રાણી પણ એકાવતારી છે. અહીંથી મિથ્યાત્વ લઈને ગઈ છે. સ્ત્રી છે ને? સ્ત્રી સમકિત લઈને જાતી નથી. ત્યાં સમકિત થયું છે ઈન્દ્રાણીને. પણ છે એકભવતારી. સ્ત્રી હોં ઈન્દ્રાણી. અને શક્રેન્દ્ર તો અહીંથી સમકિત લઈને ગયા છે. બેય એકભવતારી છે. તો પણ ત્યાં આગળ ઈન્દ્રાણીમાં સુખ એ માનતા નથી. ઈન્દ્રાણી આ ઈન્દ્રથી મને સુખ છે એમ માનતી નથી. આહાહા..! ૩૨ લાખ તો વિમાન છે નીચે. સમજાણું કાંઈ? સુધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાન છે. ઈશાન દેવલોકમાં ૨૮ લાખ વિમાન છે. ૨૮ લાખ વિનાનનો સ્વામી ઈશાન ઈન્દ્રદેવ. ૩૨ લાખનો શક્રેન્દ્ર. વર્તમાનમાં છે. કહે છે કે અમે તો ૩૨ લાખ વિમાન પણ નથી, આ અમારામાં રાગ થાય એ પણ અમે નથી તો વળી વિમાન ક્યાંથી આવ્યા અમારા? સમજાણું કાંઈ? કહે છે કે ધર્મીને કર્મના ફળમાં મીઠાશ નથી. મીઠાશ ઊડી ગઈ છે એમાંથી. પોતાના આનંદના સ્વાદ આગળ, પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિમાં ધર્મીને-સમકિતીને આનંદના ભાવમાં શુભ-અશુભભાવમાં પ્રીતિ ઉઠી ગઈ છે અને એના ફળમાંથી રુચિ ઉઠી ગઈ છે. સમજાણું કાંઈ?

**'ખરેખર પોતાથી જ તૃપ્ત છે; તે પુરુષ, જે વર્તમાન કાળે રમણીય છે...'** લ્યો! છે? આ તો મોટા શબ્દ અધ્યાત્મ શબ્દ છે ને આચાર્યના. એ કંઈ (સાધારણ) વાત નથી. એક એક શબ્દમાં ઘણું ભરી દીધું છે. અમૃતચંદ્રાચાર્ય મહામુનિ ભાવલિંગી સંત દિગંબર હતા. શું કહે છે? સંસારમાં પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ અને પુણ્ય-પાપના ભાવ એ તો વર્તમાનમાં દુઃખરૂપ છે. પુણ્ય-પાપના ભાવ એ વર્તમાનમાં દુઃખરૂપ છે અને ભવિષ્યમાં પણ દુઃખનું કારણ છે. સમજાણું કાંઈ? અને આત્મા પુણ્ય-પાપથી રહિત છે એવી અનુભવ દૃષ્ટિ થઈ તો સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનચેતના વર્તમાનમાં રમણીય છે. જ્ઞાનચેતના કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. ભગવાન આત્મા ચિદાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ (છે) એવી અંતર એકાગ્રતા થઈને જે સમ્યગ્દર્શ-જ્ઞાન-શાંતિ-ચારિત્ર થયા તેને અહીંયાં વર્તમાન રમણીય કહે છે. શું કહે છે? કોઈ એમ કહે કે ચારિત્ર તો ઘણું દુઃખદાયક છે. ઘણું દુઃખદાયક છે. અરે.. ભગવાન! ચારિત્ર દુઃખદાયક હોય તો પછી સુખદાયક છે કોણ? એ કહે છે. પોતાના સ્વરૂપની દૃષ્ટિ

અને રમણતા એ તો વર્તમાનમાં આનંદદાયક છે. સમજાણું કાંઈ?

ઈ છ ઢાળામાં આવે છે. વૈરાગ્ય નહિ? ભાષા આવે છે ને? વૈરાગને દુઃખદાયક માને છે. કેટલામી છે? બીજી ઢાળ. (પદ ૬) '**શુભ-અશુભ બંધકે ફલ મંઝાર, રતિ-અરતિ કરૈ નિજપદ વિસાર;...**' જુઓ! શું કહે છે? '**શુભ-અશુભ બંધકે ફલ મંઝાર,...**' શુભ અને અશુભના બંધના ફળમાં જે ખુશી માને છે '**રતિ-અરતિ કરૈ નિજપદ વિસાર;...**' પોતાના નિજ સ્વરૂપને વિસારી અને જે રતિ-અરતિ બંધના ભાવમાં કરે છે. '**આતમહિતહેતુ વિરાગ-જ્ઞાન, તે લખૈં આપકૂં કષ્ટદાન.**' પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન અને રાગથી રહિત ચારિત્ર એને કષ્ટદાયક માને છે. એ ચારિત્રની ભૂલ છે. મિથ્યાશ્રદ્ધા છે એની. ભાઈ! પંડિતજી! સમજાણું કાંઈ? લ્યો!

'**આતમહિતહેતુ વિરાગ-જ્ઞાન,...**' ભગવાન આત્મા એની અંતર જ્ઞાન અને રાગરહિત ચારિત્ર પોતાનું એ આત્મહિત છે. પોતાનું આત્મહિત છે. રાગનો અભાવ અને સ્વરૂપનું જ્ઞાન એ આત્મહિત છે. '**તે લખૈં આપકૂં કષ્ટદાન.**' ભાઈ! ચારિત્ર તો લોઢાના ચણા છે. મીણના દાંતે લોઢાના ચણા ચાવવા. શું કહે છે? ભગવાન! ચારિત્રને તું દુઃખદાયક કહે છે? દુઃખદાતા? તારી ચારિત્રની શ્રદ્ધા વિપરીત છે, મિથ્યાત્વ છે તારી શ્રદ્ધા. સમજાણું કાંઈ? ભાઈ! ચારિત્ર પાળી તો જુઓ. પણ ચારિત્ર ભાઈ! ચારિત્ર કોને કહીએ ભગવાન! આત્માના અનુભવની દૃષ્ટિ થયા પછી આત્મામાં ચરવું, ચારિત્ર નામ ચરવું, ચરવું નામ રમવું, રમવું નામ લીન થવું એનું નામ ચારિત્ર છે. એ ચારિત્ર તો આનંદદાયી છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બંધતત્ત્વની ભૂલ છે, લ્યો. ચારિત્રની ભૂલ છે, સંવર-નિર્જરાની. ભારે નાખ્યું છે હોં. થોડા શબ્દમાં ઘણું ભર્યું છે, ઘણું ભરી દીધું છે.

'**આતમહિહેતુ વિરાગ-જ્ઞાન,...**' આત્માનું હિત છે. પુણ્ય-પાપથી રહિત પોતાનું જ્ઞાન અને પુણ્ય-પાપથી રહિત પોતાની સ્થિરતા ચારિત્ર એ તો આત્માનું હિત છે. એને અજ્ઞાની કષ્ટદાયક (માને છે). આહાહા..! બાપુ! આ મુનિપણું ભારે કષ્ટદાયક છે. અરે..! ભગવાન! ધર્મ કષ્ટદાયક હોય? કષ્ટદાયક-દુઃખદાયક ધર્મ હોય? ધર્મ તો આનંદદાયક હોય. તને ધર્મની વ્યાખ્યાની ખબર નથી. પંડિતજી! આહાહા..!

(અહીંયા) કહે છે કે '**તે પુરુષ, જે વર્તમાન કાળે રમણીય છે...**' ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર તો વર્તમાનમાં રમણીક આનંદદાયક છે. દુઃખ નથી. દુઃખ માને એ તો વિકલ્પ છે, એ તો રાગ છે, એ તો કષ્ટ છે, એ તો વિકાર છે. આત્મામાં છે જ નહિ. સમ્યગ્દૃષ્ટિ વિકારને પોતાનો માનતા નથી. પોતાની શાંતિથી તૃપ્ત થાય છે. સમજાણું કાંઈ? જુઓ! મુનિ આ. જુઓ! એની માતા છે. માતા છે ને આ સિંહણ? .. શું કહેવાય? આ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એની માતા છે ને? લોકો દુઃખી દેખે છે. ધર્મી દેખે છે એમાં આનંદ છે. કેમ કે શરીરને પોતાનું માનતા નથી, રાગ થાય છે એને પોતાનો માનતા નથી, એ તો આનંદમાં લીન છે. આનંદમાં લીન આનંદ છે એને. આહાહા..! દૃષ્ટિફેર આખી. અતીન્દ્રિય આનંદમાં (લીન રહે) એનું નામ ચારિત્ર છે. ધર્મ આનંદમાં લીન. આ ગજસુકુમાર. ગજસુકુમાર નહિ? (અગ્નિથી) પાઘડી ભરી દીધી. આનંદમાં છે. લોકો જોવે છે કે એ (દુઃખ છે). પણ એ તો અંતર દૃષ્ટિમાં રમણતામાં આનંદમાં છે. શિયાળણી. સુકૌશલ. સુકુમાર. શિયાળણી ખાય છે. ભગવાન! એ તો આત્માના આનંદનો અનુભવ હતો એમાં લીન ગરકાવ થઈ ગયા. અંતરમાં ગરકાવ. ગરકાવ નામ લીન થાય છે. અંતર આનંદ... આનંદ... આનંદની તૃપ્તિ થાય છે. દુઃખની ખબર પણ નથી અને શરીરની ક્રિયા થાય છે એ તો જડમાં થાય છે. મારામાં છે જ નહિ. એ તો અજીવની પર્યાય છે. અજીવની પર્યાય અજીવમાં થાય છે. મારામાં થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ વિના અજ્ઞાની ચારિત્રને દુઃખદાયક માને છે. એને ચારિત્ર કહેવામાં આવતું નથી.

જુઓ! કહે છે કે '**તે પુરુષ, જે વર્તમાનકાળમાં રમણીય છે...**' કોણ? જ્ઞાન-દર્શન અને ચારિત્ર. અને ભવિષ્ય કાળમાં પણ રમણીય છે. પોતાના આનંદસ્વરૂપની પ્રતીત, જ્ઞાનની રમણતા એ જ્ઞાનચેતના, એ ધર્મ. વર્તમાનમાં પણ આનંદ, ભવિષ્યમાં પણ આનંદ. એનું ફળ અનંત આનંદ સિદ્ધપદ મળશે. સમજાણું કાંઈ? '**એવી નિષ્કર્મ-સુખમય દશાંતરને પામે છે...**' લ્યો! દશાંતર-સંસારની દશાથી વિરૂદ્ધ દશા. મોક્ષની સંસારદશાથી દુઃખદશાથી વિરૂદ્ધ દશા. પોતાનો સ્વભાવ શુદ્ધ ચેતના ભગવાન, એની અંતર દૃષ્ટિના અનુભવથી, વર્તમાનમાં પણ આનંદ છે અને એના ફળમાં સિદ્ધ થશે ત્યાં પણ આનંદ છે. સમજાણું કાંઈ? પોતાની પર્યાયનો આનંદ છે. પરનો આનંદ નથી. દશાંતર. નિષ્કર્મ સુખમય દશાંતર. ભાષા જુઓ!

સિદ્ધદશા, મોક્ષદશા નિષ્કર્મદશા છે એ. મોક્ષદશા નિષ્કર્મદશા છે. અને સુખમય. નિષ્કર્મ તો નકારથી કહ્યું. સુખમય છે. અનંત આનંદમય ભગવાન અનંત આનંદનો અનુભવ કરે છે. એવી દશાંતરને પામે છે. લ્યો! અજ્ઞાની સંસારનો નાશ કરીને, પોતાના જ્ઞાનસ્વરૂપનું ભાન કરીને, અજ્ઞાનનો નાશ કરીને સ્વરૂપમાં લીનતા કરીને મોક્ષદશાને પામે છે. એ સ્વરૂપના આનંદમાં લીન થવું એ ચારિત્રથી મોક્ષ થાય છે. અહીંયાં પણ આનંદ છે અને ત્યાં પણ આનંદ છે. અજ્ઞાનીને અહીંયા પણ કષ્ટ છે અને ભવિષ્યમાં ચાર ગતિમાં રખડવું એમાં પણ કષ્ટ છે. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ જે પૂર્વે સંસાર-અવસ્થામાં કદી થઈ નહોતી એવી જુદા પ્રકારની કર્મરહિત સ્વાધીન સુખમય દશાને પામે છે.)**' ઓહોહો..! એક જ્ઞાનચેતના કરીને એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ફળ શું આવ્યું? સિદ્ધપદ. રાગનું ફળ સિદ્ધપદ છે? રાગનું ફળ તો બંધ છે. ચાહે તો શુભરાગ હોય કે ચાહે અશુભ હો. શુભથી પુણ્ય બંધાશે. બેડી છે સોનાની. એ રાગ છે. અશુભ હોય તો પાપ બંધાશે. પાપથી બચવા શુભભાવ આવે છે જરૂર, પણ એ મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ? વ્યવહાર વચ્ચે આવે છે, પણ મોક્ષનું કારણ નથી. ઈ કહે છે. ભગવાન! એક વાર તારી ચીજને સમજી તો લે કે હું કોણ છું? કઈ રીતે છું? મારી શ્રદ્ધા-જ્ઞાનમાં કઈ રીતે લાભ થાય? એવા અનુભવમાં જે વર્તમાનમાં શાંતિ થશે એ શાંતિથી વર્તમાનમાં રમણીય, ફળમાં રમણીય. અને પુણ્ય-પાપ વર્તમાનમાં દુઃખ, એનું કર્મ બંધાય એના ફળમાં પણ દુઃખ. સમજાણું કાંઈ? એવી સમ્યગ્જ્ઞાન ચેતના પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરવાથી એવો આનંદ થાય છે એના ફળમાં મોક્ષ થાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ વદ ૯, રવિવાર તા. ૨૧-૧-૧૯૬૮**
**શ્લોક-૨૩૨-૨૩૩, પ્રવચન-૪૬૩**

સર્વવિશુદ્ધ અધિકાર. ૨૩૨નો ભાવાર્થ છે. ભાવાર્થ છે ને? શું કહે છે? '**જ્ઞાનચેતનાની ભાવનાનું આ ફળ છે.**' એટલે શું કહે છે? જેને સુખી થવું હોય એણે આત્મા જ્ઞાન, આનંદ સ્વરૂપ છે તેની એકાગ્રતાની ભાવના કરવી. જે અનાદિથી પુણ્ય-પાપના શુભ-અશુભભાવ એમાં એકાગ્રતા છે. શરીરાદિમાં એકાગ્રતા નથી, એ તો પરવસ્તુ છે આ જડ આદિ તો. આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે તેની એકાગ્રતા અનાદિની પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ જે થાય છે એમાં એકાગ્રતા છે, એ દુઃખરૂપ એકાગ્રતા છે. એ સંસાર છે, દુઃખ છે, ઝેર છે, આકુળતા છે. સમજાણું કાંઈ?

જેને સુખી એટલે ધર્મ કરવો હોય અને સુખી થવું હોય એણે શું કરવું? કે જ્ઞાનચેતનાની ભાવના એનું આ ફળ છે એમ કહેશે. આત્મા ચૈતન્ય સ્વરૂપ રાગ અને કર્મ રહિત એવી અંતર ચીજ છે. એવી અંતર દૃષ્ટિ લગાવીને એ સ્વરૂપ જ્ઞાનાનંદમાં એકાગ્ર થવું એનું ફળ એ છે કે '**તે ભાવનાથી જીવ અત્યંત તૃપ્ત રહે છે-**' અનાદિથી પોતાના આનંદ સ્વરૂપને (ભૂલેલો છે). જગતના જડાદિ તત્ત્વોની એને મહિમા લાગે છે. જડ તત્ત્વોની મહિમા (લાગે છે). પણ આ આત્મતત્ત્વ છે, વસ્તુ છે અને મહાન પદાર્થ છે. જડને પણ જાણનાર, જડની હયાતીનો સ્વીકાર પણ ચૈતન્ય કરે છે. કાંઈ જડને ખબર નથી. રાગ-દ્વેષના ભાવને પણ સ્વીકારનાર ચૈતન્ય છે. એ ચૈતન્ય એવો જે આત્મા મહાન પદાર્થ છે. જેમાં અનંત બેહદ સ્વભાવ જેનો સ્વભાવ છે, જેનું સ્વ-સ્વરૂપ છે એ સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ બેહદ છે. એવો એ આત્મપદાર્થ છે. એવા આત્મામાં જ્ઞાનની ભાવના એટલે વસ્તુ જે દ્રવ્ય અનંત ગુણનો પિંડ છે એની એકાગ્રતા. જ્ઞાન શબ્દે આત્મા. આત્મામાં અનંત જ્ઞાનાદિ ગુણો છે એમાં એકાગ્રતા. એનું નામ શાંતિ અને સુખ. એનું ફળ અત્યંત તૃપ્ત છે, તૃપ્ત રહે છે.

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત શુદ્ધ આનંદ, એની એકાગ્રતા એમાં જીવને તૃપ્તિ થાય છે. આત્માની શાંતિ મળે છે. કારણ કે આત્મા શાંત અને અનાકુળ આનંદનું સ્વરૂપ છે. એમાં એકાગ્ર થતાં આત્માને તૃપ્તિ થાય છે. તે તૃપ્તિ તે આનંદરૂપ દશા છે. કહો, સમજાય છે કાંઈ? એનાથી તૃપ્તિ છે. બાહ્ય લક્ષ્મી આદિથી તૃપ્તિ કોઈ દી અજ્ઞાનીને થતી નથી. કેમ કે એ તો બાહ્ય વસ્તુ છે એની પાસે આવતી નથી. એની પાસે તો મમતા આવે છે. બરાબર છે? નવીનભાઈ! શું છે? અહીં લાવ્યા છો કાંઈ? મકાન અને પૈસા લાવ્યા નથી અહીં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મમતા લાવ્યા છો. આ મારી છે એમ મમતા તો આવી છે ને અંદર?

મુમુક્ષુ :- એની હૂંફ તો લાવ્યા છે ને.

ઉત્તર :- મમતા કીધી, મેં હૂંફ નથી કીધી. કહો, સમજાણું કાંઈ? મલૂકચંદભાઈ! છે? જયંતિભાઈ! અહીં છે કાંઈ તમારી સાથે? ત્યાં ઓલા રૂપિયા ને દુકાન ને એની મમતા છે અંદર. આ શું કરવા આવ્યા છે? લ્યો! એનો બાપ કહે છે. મમતા છે કે નહિ? પરવસ્તુને આમ કરું અને એમાંથી કાંઈક મને લાભ મળે એ ભાવ જ મમતા છે. સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા અખંડાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે એમાં એકાગ્ર થવું તે શાંતિ અને આનંદ છે. બાકી બધે સ્થાનમાં દુઃખ, દુઃખ ને દુઃખ છે. શું થાય? સૂઝ પડે નહિ ત્યાં સુધી રસ્તો જડે નહિ. સમજાણું કાંઈ?

અહીં જ્ઞાનચેતનાની ભાવનાનું આ ફળ છે. '**તે ભાવનાથી જીવ અત્યંત તૃપ્ત રહે છે-અન્ય તૃષ્ણા રહેતી નથી,...**' અને સંસારની, રાગાદિની ભાવનામાં તો કોઈ દી તૃષ્ણા તૂટતી નથી. એ તો લંબાય જ છે એમ ને એમ. આ કરું... આ કરું.. આ કરું... આ કરું... આ કરું... પાંચ મળ્યા તો પચ્ચીસ અને પચ્ચીસ મળ્યા તો લાખ, લાખ મળ્યા તો કરોડ અને કરોડ મળે તો અબજ અને અબજ મળે તો ક્યાંય ખર્વ, નિખર્વમાં એમ ને એમ ચાલ્યો જ જાય છે મૂર્ખ. તૃષ્ણાના પૂરમાં, તૃષ્ણાના રાગના પુરમાં, દુઃખના પુરમાં દોડ્યો જ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહેવું છે ને. મૂઢ માને છે એ. સુખ હતું કે દી? મૂઢ પોતાના સ્વરૂપના સુખને જાણતો નથી, એથી તૃષ્ણામાં સુખ છે એમ અજ્ઞાની મૂઢપણે માને છે. સુખ છે નહિ, દુઃખ છે. કહો, સમજાણું કાંઈ? સનેપાતિયો દાંત કાઢે છે. સનેપાતિયો દાંત કાઢે છે તો શું સુખી છે?

મુમુક્ષુ :- ઘણાં દાખલામાંથી એક દાખલો આપે.

ઉત્તર :- પણ દાખલો તો સિદ્ધ કરવો હોય ઈ વાત અપાય કે શું કહે? એ ગાંડા સનેપાતિયા જેમ વાત, પિત્ત અને કફના વકરવાથી જેમ સનેપાત એટલે અસાધ્ય થઈને વકરી જાય છે એ સુખી નથી. પણ દાંત કાઢે છે. દાંત કાઢે છે એ ભાન વિનાનો, અક્કલ વિનાનો છે એટલે દાંત કાઢે છે. સુખી છે?

એમ અજ્ઞાની બાહ્ય ચીજની અનુકૂળતામાં હરખ કરાવે છે એ સનેપાતિયાનો હરખ છે એ. સનેપાત. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યારાગ એ ત્રણનો એને સનેપાત વળગ્યો છે. નવીનભાઈ! આવી છાપ પડે ભારે આકરી! એય. મોહનભાઈ! ત્યાં ઓલામાં હુશિયાર કહે, સારા કહે, અહીં ગદ્ધામજૂરી કહે. કહે છે કે નહિ આપણે? આ શું ગદ્ધામજૂરી કરી? એનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અર્થ જ એ કે ગધેડા જેવી મજૂરી કરી એમ છે ઈ. મીઠી ભાષાએ વાત કરે છે લોકો. આહાહા..!

કહે છે, ભગવાન! તું કોઈ વસ્તુ છો કે નહિ? તું કોઈ ચૈતન્ય તત્ત્વ છે કે નહિ? અને તત્ત્વ છે તો એમાં કોઈ ભાવ, ભાવ ત્રિકાળી કોઈ સ્વભાવ છે કે નહિ? ક્ષેત્ર ભલે શરીરપ્રમાણ (હોય). પણ ક્ષેત્ર તો આ તો ઘણું મોટું છે. આ તો એક એક રજકણ છે આમ જુઓ! એક એક પરમાણુ ધૂળ, કટકો નાનો આવડો આવડો છે. એ બધા કટકા ભેગા થઈને આ શરીર થયું છે. તો આ તત્ત્વ છે તેમ તું એક તત્ત્વ છો કે નહિ? તો આ તો ઘણા રજકણનું દળ છે. ઓલું તો એક તત્ત્વ અખંડ અસંખ્યપ્રદેશી અનંત ગુણનો પિંડ આત્મા છે. સમજાણું કાંઈ? અનંત અનંત જેનામાં સંખ્યાએ ગુણ અને જેની શક્તિ અનંત એવો વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે છે. એવા આત્મામાં અંતરમાં પહેલો ભરોસો કરી આવો આત્મા, આ આત્મા. રાગ અને પુણ્ય એ નહિ, શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ, કાંઈ નહિ. અરે..! બંધ અને મોક્ષની બે દશાઓ પણ જે સ્વરૂપમાં નથી. એકરૂપ જે ત્રિકાળ જ્ઞાયકઘન આનંદકંદ છે એની એકાગ્રતા કરતાં, એમાં એકાગ્રતા કરતાં જે એમાંથી હોય તે ઝરશે. એમાં છે આનંદ. ભગવાન આનંદની મૂર્તિ છે આત્મા. દરેક દેહમાં બિરાજમાન પ્રભુ આત્મા છે. આહાહા..! ઝાંવા નાખે ક્યાંક, સુખ છે ક્યાંક. આહાહા..!

કહે છે કે ભગવાન! તારું સ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે ને. સત્ છે ને. શાશ્વત છે ને. સત્ કહો કે શાશ્વત કહો. તો એનામાં જ્ઞાનસ્વભાવ એ પણ શાશ્વત અને આનંદ શાશ્વત છે. છે અને પૂર્ણ છે. એવા સ્વભાવની અંતર એકાગ્રતા, અંતર વિશ્વાસ કરીને કે આ પદાર્થ મહા પદાર્થ છે. રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ, એક સમયની અવસ્થામાં કાંઈ આખું તત્ત્વ આવતું નથી. તો આખું પૂર્ણ તત્ત્વ જે અનંત અનાદિઅનંત જ્ઞાનઘન છે એની એકાગ્રતા કરતાં જે તૃપ્તિ થાય તેમાં આનંદની, શાંતિની તૃપ્તિ છે. એ તૃપ્તિ ક્યાંય જગતમાં ત્રણ લોકમાં બીજેથી ક્યાંયથી આવે એવી નથી. કહો, સમજાણું કાંઈ? રાજા દુઃખી, શેઠિયા દુઃખી, રાંકા દુઃખી, ભિખારી દુઃખી, કૂતરા દુઃખી, કીડા દુઃખી, હાથી દુઃખી, દેવ દુઃખી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સુખીની વાત ચાલે છે ને આ. એક આત્મા આનંદસ્વરૂપ એની સંભાળ કરનારા, એકાગ્ર કરનારા સુખી છે. બાકી બધા દુઃખી, દુઃખી ને દુઃખી છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! તને શાંતિ થશે ભાઈ! ક્યાંય બહારમાં આથડ્યે અને વિકલ્પની જાળ, શુભાશુભ રાગની જાળ કર્યે તને ક્યાંય શાંતિ નહિ વળે. એમાં મર્યાદા નહિ તો તૃષ્ણા ચાલી જ જાશે. નવી... નવી... નવી... સમજાય છે? પુણીને જેમ કાંતે ને નવી નવી? દોરો લાંબો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચાલ્યા જ કરે એક પુણી ને બીજી પુણી ને ત્રીજી પુણી. એમ તૃષ્ણામાં આ કરું ને આ કરું ને આ કરું, પુણ્ય કરું, પાપ કરું, આ કરું, પરનું કરું. મરી ગયો તૃષ્ણામાં. એ તૃષ્ણામાં તારું જીવન મૃત્યુ પામે છે. ભગવાન આનંદકંદ સ્વરૂપ છે એ તૃષ્ણામાં તેના પ્રાણ હણાય છે. સમજાય છે કાંઈ?

આ નિયમસારમાં આવ્યું છે ને? એગો મરેઈ. મહા પરાક્રમવાળો જીવ પ્રભુ પણ અનિચ્છિત મરણને ઈચ્છે નહિ છતાં અને કુટુંબનું રખવાળું ચારે કોર ઊભા છતાં, પંખા નાખીને ઊભા હોય છેલ્લે મરતો હોય ત્યારે. ભલે તળાઈ પાથરી હોય મખમલની. ડોક્ટર ઊભા હોય મોટા હજાર હજારવાળા હાથમાં આમ લઈને, નાડીયું લઈને. એવો ભગવાન મહાપરાક્રમવાળો હોવા છતાં મરણ ટાણે કોઈનું શરણ નથી. એકલો મરીને ચાલ્યો જાય છે. બધા કુટુંબ, કબીલો બધું પડ્યું રહ્યું. એ તળાઈ, એ કબાટ ભરેલા એ એની બધી.. હોળી.

મુમુક્ષુ :- સુખની સામગ્રી.

ઉત્તર :- સુખનો સામગ્રો કે દી હતો? હોળી લાગે છે ચારે કોર. કબાટ ભર્યા છે ને ધૂળ ભરી છે ને પૈસા ભર્યા હોય. સમજાણું કાંઈ? એ ભર્યા ઘરમાંથી... બાયું રોવે છે. આપણે કાઠિયાવાડમાં. જ્યારે મરી જાયને ત્યારે અરે..! તમને ભર્યા ઘરમાંથી કેમ જવું ગોઠ્યું? ક્યાં જાવું ગોઠતું હતું એને? આહાહા..! ભર્યું ઘર આ બહારનું માને છે. બધું ભર્યું હોય, છોકરા, બાયું, દીકરા. બધા આવી ગયા? બધા પહોંચ્યા? મુંબઈથી આવી ગયા? બધા આવી ગયા. લ્યો, હવે ત્યારે મરીએ છીએ. તમારે ડોશી .. એને ડોશીને એમ કહેતા. એના બાપની મા. બધાને બોલાવ્યા, કુટુંબને બોલાવ્યા. બધા આવી ગયા? એમ તો ખાધું. ખાધું નહિ? શીરો-બીરો ખાધો. શીરો ખાધો. શીરો ખાધો. આના બાપની મા. બધાને બોલાવ્યા. દીકરાઓ બધા આવી ગયા? બસ! હવે જાઉં છું. ક્યાં જાશો પણ? ન્યાલભાઈ! બધા ભેગા થાય છે છેલ્લે પછી. હવે આ બાપાને શું છે? બાપાને? બાપો અંદર એકલો.

નિયમસારમાં આવે છે ને? નિયમસારમાં નથી આવતું? ૧૦૧ ગાથા છે ને. ૧૦૧. ઓહોહો..! '**સ્વયમેવ જન્મે છે. સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં...**' મા ઊભી હોય, બાપ ઊભા હોય, ચારે કોર કુટુંબ. કહળ્યું કુટુંબ. આપણે કાઠિયાવાડમાં કહે ને. ભાષા બાયુંની એવી ભાષા છે. કહળ્યું કુટુંબ ભેગું થયું, ઊભું હોય. ભાઈને ન્યુમોનિયા ડબલ થયો છે. ડોક્ટરની હવે અસર ચાલતી નથી. ઈંજેક્શન કામ કરતું નથી. ડોક્ટર પણ કહે છે ભાઈ! હવે જુઓ! બે ઘડી. હવે બહુ ઘોદા મારવા રહેવા દયો. હવે જુઓ. જુઓ એટલે હમણા પતી જશે. આહાહા..! લ્યો, આ તારા રળ્યા રહી ગયા અહીં. એય.. મોહનભાઈ! આ રળ્યાના ઢગલા, તારા કબાટ ભરેલા, બંગલા દસ-દસ લાખના, વીસ-વીસ લાખના.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને કુટુંબ બધું મોઢું ફાડીને (ઊભું હોય). લાડવા-બાડવા કર્યા હોય, મહેમાન-બહેમાન આવ્યા હોય. માંદા જોવા આવે ને. સારો મહેમાન હોય તો લાડવા કર્યા હોય. મરશે પછી લાડવા ન થાય. પણ જીવતા હોય તો થાય ને હજી. એ વખતે લાડવા કરીને બેઠા હોય. હમણાં વાર છે.. વાર છે.. વાર છે. આહાહા..! આ બધી સામગ્રી પડી રહેશે. મહા પરાક્રમવાળા જીવનું એકલાનું અનિશ્ચિત હોવા છતાં સ્વયમેવ મરણ થાય છે. ચાલ્યો જાય. બાપા! શરણ તારું અંદર છે એની તને ખબર નથી. હાય.. હાય..! આ બધું? કાંઈ નહિ? કાંઈ પણ ખબર નહોતી તને અક્કલ વિનાનો? આ જડ છે એ કાંઈ નથી તારામાં. એ તારા રાખ્યા રહે એવા નથી.

એક ચિદાનંદ ભગવાન અંદર આનંદની મૂર્તિ પ્રભુ, તું તારા સ્વરૂપમાં એકાગ્ર થા તો તને શાંતિ અને તૃપ્તિ થશે. બાકી ક્યાંય શાંતિ અને તૃપ્તિ સ્થાન બહારમાં નથી. નિર્ણય કર્યો નથી કે આ કરવા જેવું છે. એ કરે શું? સમજાણું કાંઈ? ઓલું પાછું આવે છે ને ક્યાંક નહિ? આ મળી છે તને ટોળી. લ્યો, પછી આવે છે. જુઓ! પછી આવે છે. એય..! મોહનભાઈ! કહે છે કે આ બધી સ્ત્રી, પુત્ર લખ્યું છે. '**(સ્ત્રીપુત્રમિત્રાદિક) સુખ-દુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી.**' મોઢું ફાડીને ઊભા રહે. આહાહા..! અરેરે..! ભાઈને બહુ દુઃખ છે. કાંઈ વહેંચાઈ છે બાપા! એમ બોલે પાછા. દુઃખ એણે કર્યા અને એને ભોગવવા. આપણે કાંઈ વહેંચાય છે? એલા પણ કહેતા હતા ને. નહિ?

એ કહે છે, '**(સ્ત્રીપુત્રમિત્રાદિક) સુખ-દુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી. પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાની ટોળી તને મળી છે.**' સાચી વાત હશે આ? ધુતારા છે બધા. બાયડી જો ઠીક ન હોય ત્યાં તો આમ આમ કરે. હવે હશે. હવે કાંઈક.. ખોટો ખરચી કરવા માંડી પછી. કારણ કે આ મરી તો જવાના છે. અને ડોક્ટરને બે હજારમાં બોલાવવો રહેવા દો. એમ ખાનગી ખાનગી કહી દે. એય..! મોહનભાઈ! બહુ વહાલી કહેતી હતી ને? ખાનગીમાં કહે, રહેવા દયો. આપણે વાડિયા ડોક્ટરને બોલાવીએ. બે હજારનો ખરચ તો થાશે બે કલાક આવીને વયો જાશે. પણ આમાં તો કાંઈ ડોક્ટર આવ્યે સુધરે એવું (લાગતું નથી). ના પાડે છે ડોક્ટરો. મફતના બે હજાર (આપવાના). મરવાની તૈયારી છે હવે અહીં. એય.. જાધવજીભાઈ! છે કે નહિ આમ? પણ છે કે નહિ? આ ધૂતારાની ટોળી છે બધી.

મુમુક્ષુ :- પણ પોતે ખુશીથી ધુતાય છે.

ઉત્તર :- ખુશીથી ધુતાય.. શું કીધું? ધુતાય છે. વાત સાચી છે. ખુશીથી ધુતાય છે. હાથે કરીને લુંટાય છે. લુંટો.. લુંટો બાપા! મૂર્ખો છો ને પણ. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાન! તારું સ્વરૂપ તો અંદર આનંદ સ્વરૂપ છે ને પ્રભુ! એને ભૂલીને આ ક્યાં તૃષ્ણાના વહેણ ચડ્યા તને? સમજાય છે કાંઈ? કોઈ તને શરણ નથી, કોઈ તને આધાર નથી. જોતો નથી નજરે? આ મોટા રાજાઓ પણ મરીને જાય. હાય.. હાય.. હવે કાઢો. ઝટ બગડી જાશે. કાઢો કાઢો બાંધો. આહાહા..! બાપુ! કોઈ નથી તારું, તું કોઈનો નથી, કોઈ તારું નથી. એ બધી આજીવિકાના સ્વાર્થના ટોળાઓ ધુતારાની ટોળી પોતાના પેટ ભરવા માટે ભેગી થઈ છે. સાચું હશે? દેવજીભાઈ! વીરચંદભાઈ! એય..! આહાહા..!

કહે છે, અરે.. ભગવાન! તારી પાસે ક્યાં ખામી છે? તારે ખજાને ખોટ ક્યાં છે નાથ! તું તો આનંદસ્વરૂપ છો ને. સચ્ચિદાનંદ સ્વરૂપ જેનો સ્વભાવ છે એ સ્વભાવની મર્યાદા શી છે? બેહદ જેનો સ્વભાવ... સ્વભાવ.. સ્વભાવની શક્તિ છે. એવા આનંદમાં એકાગ્ર થાને ભાઈ! એ એકાગ્ર થયે તને તૃપ્તિ થશે. તારો અનંત સંસાર બળી જાશે. સમજાય છે કાંઈ? આહાહા..! એ કરવાની સૂઝ પડે નહિ અને આ કરવાનું છોડે નહિ.

અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યા નહિ અભિમાન.

ધર્મને બહાને પણ હેરાન... હેરાન.. હેરાન.. (થાય છે). ભગવાન આત્મા...

અહીં કહે છે કે '**જીવ અત્યંત તૃપ્ત રહે છે-અન્ય તૃષ્ણા રહેતી નથી, અને ભવિષ્યમાં કેવળજ્ઞાન ઉપજાવી...**' જુઓ! વર્તમાનમાં પણ... એમ આવ્યું હતું ને? વર્તમાન અને ભવિષ્યમાં બેય આવ્યું હતું ને? ભાઈ! એ પુણ્ય-પાપના ભાવમાં અને આ મારામાં તો ધૂતારાઓમાં તો ધુતાઈ જાય છે ભાઈ તું. સમજાણું કાંઈ? લ્યો! ઓલા ગાયનમાં નથી કહેતા? લગન કરે છે ત્યાં ગાય છે ભાઈ. નહિ? લગનમાં. ધુતારો ધુતી ગયો. ખોટેખોટા ડિંગ મારે છે. ધુતારો થાય છે હાથે કરીને. આપણે લગનમાં ગાય છે. ખબર છે ને? બધું સાંભળેલું ને. 'બાઈ રમતા હતા માંડવા હેઠ ધુતારો ધુતી ગયો.' ગાંડા તે પણ ગાંડા પાગલ છે કે નહિ આ? એય..! ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ કહું છું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મરી જાય. મરી જાય એનો અર્થ શું છે? કે કોઈને રાત ઉજાગરો ન થવા દીધો હોય, નહિતર તો મરી જાય એટલે મરી જાય. એમ. પોતાને કાંઈ કરવું પડે તો મરી નથી જાતો જાણે. આવા ને આવા રાંકા ભિખારી ભમે છે ચારે કોર. ઓલો ધુતારો ધુતી ગયો. પણ સોંપી છે ને તેં? એમ આ ધુતારા ધુતતા નથી. તું ધુતા છો હાથે કરીને. ઓલા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધુતારા ધુતી ગયા કે તેં આપી હતી એને? એમ આ ધુતારા ધુતે છે? તું ધુતા છો એમાં? આ છોકરો, આ મારી બાયડી અને આ શરીર. મરી ગયો પણ એમાં હવે. અનંત કાળથી મરતો આવે છે પણ તત્ત્વની તને ખબર નથી. એમ કહે છે. વર્તમાન દુઃખી અને ભવિષ્યમાં દુઃખી એમાં તો. અને આ આત્મા જ્ઞાનાનંદ પ્રભુ, એની અંતરમાં એકાગ્રતા થતાં વર્તમાન શાંતિ અને ભવિષ્યમાં પૂર્ણ શાંતિનું ફળ મોક્ષ. સમજાય છે કાંઈ? આવો વેપાર કોણ છોડે? જેમાં લાભ હોય એ વેપાર શું કરવા છોડે? પણ એને લાભની ખબર નથી.

**'અને ભવિષ્યમાં કેવળજ્ઞાન ઉપજાવી સર્વ કર્મથી રહિત મોક્ષઅવસ્થાને પામે છે.'** આહાહા..! બહુ ટૂંકામાં વર્તમાન અને ભવિષ્ય બેયની વાત કરી. સંસાર તો વર્તમાન પણ ઠગાય છે, ભવિષ્યમાં પણ ઠગાવાના ભાવમાં જન્મશે. આ ભગવાન આત્મા વિકલ્પ પણ એમાં નથી, કર્મ પણ નથી, કાંઈ નથી. એ તો પોતે અખંડાનંદ પ્રભુ છે. એવો ભગવાન આત્મા પોતામાં અંતર દૃષ્ટિ આપતા જે એકાગ્રતા થાય એમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ ત્રણે જન્મી જાય. જન્મે એટલે ઉત્પન્ન થાય. કહો, સમજાણું કાંઈ? અને ઉત્પન્ન થાય તેમાં તેને તૃપ્તિ થાય. એનું નામ મોક્ષનો માર્ગ કહેવાય છે. સમજાણું કાંઈ?

હવે ઓલા વચ્ચે શુભ નાખે છે. સાંભળને! શુભ તો રાગ છે, દુઃખ છે. અહીં જુઓને! આ શું કહે છે? જ્ઞાનની એકાગ્રતાની અહીં તો વાત કરી છે. શુભભાવ એ જ્ઞાનની એકાગ્રતા હશે? અરે..! ભગવાન! શું કરે છે આ? આ શાસ્ત્રને બહાને પણ ધુતારા મારા છે. ઠગે છે આત્માને હોં! શુભભાવ થાય ને દયા, દાન, વ્રત, ભક્તિ, શુભભાવ એ શુભભાવ પણ ઝેર છે. એ ઠગાય છો ઠગાય છો, આ ધર્મને નામે. આહાહા..! અમે (ધર્મ) કરીએ છીએ. ઠગા છો. ભગવાન આત્મા શુભભાવથી પણ રહિત, એની એકાગ્રતા (થા તો) તેમાં તને તૃપ્તિ અને શાંતિ વર્તમાન, ભવિષ્યમાં મોક્ષની શાંતિ (થશે). કહો, સમજાણું કાંઈ? લ્યો, એ ૨૩૨ થઈ.

**'પૂર્વોક્ત રીતે કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગની ભાવના કરીને...'** પૂર્વોક્ત- પૂર્વ ઉક્ત કહેલી. શું કહેલું? કર્મચેતના. એટલે શુભ-અશુભભાવ, પુણ્ય-પાપના ભાવ તેને કર્મચેતના કહીએ. સમજાણું કાંઈ? આત્મામાં શુભ અને અશુભ દયા, દાન, વ્રતના ભાવ અને કામ, ક્રોધ, મોહના ભાવ (થાય) એ વિકારી ભાવને કર્મચેતના-કાર્યચેતના, કાર્યચેતના કહીએ. એ કાર્યચેતના દુઃખરૂપ છે. લ્યો, એણે કાર્ય તો કર્યું. પુણ્ય-પાપના ભાવરૂપી રાગ રૂપી કર્મ નામ કાર્ય કર્યું. દુઃખરૂપ કાર્ય છે. એ કર્મચેતનાનો ત્યાગ કરીને કર્મફળચેતનાના ત્યાગ. એમાં થતો હરખ અને શોક. હરખ અને શોક એ કર્મફળચેતના. કર્મફળ એટલે? દુઃખરૂપ ફળ. વિકારી પરિણામનું દુઃખરૂપ ફળ, એ પણ ત્યાગ કરીને. એનો ત્યાગ. જુઓ! આ ત્યાગ નથી? સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કાંઈ? હવે બહારની બાયડી, છોકરા છોડીને બાવો થાય, સાધુ થયો થઈ ગયા અમે ત્યાગી. એમાં ધૂળમાંય નથી ત્યાગી. સાંભળને! અંદરમાં પુણ્ય અને પાપના પરિણામનો ત્યાગ કર્યા વિના ખરું ત્યાગપણું ઉત્પન્ન થતું નથી. સમજાણું કાંઈ? બહારની બાયડી છોડી, છોકરા છોડ્યા, જંગલમાં રહ્યો બાવો થઈને. અંદરમાં તો શુભભાવનું કર્તવ્ય દયા, દાન, વ્રતના પરિણામ એ મારું કર્તવ્ય છે એમ માને છે તો ત્યાગ શેનો કર્યો તેં? ધર્મનો ત્યાગ કર્યો. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! જગતથી ઊંધી બહુ પણ આ તો. નવીનભાઈ! ઊંધી તો ખરી ને. ઊંધાથી ઊંધી. જગત ઊંધું છે. એનાથી ઊંધી છે આ. આહાહા..! પણ આ રાતું-પીળું દેખાય, થોડુંક શરીર સારું દેખાય. થોડાક પૈસા દેખાય, જરી હૂંફ દેખાય આમ બાયડી, છોકરાને આહાહા..! એ પરિવારમાં બેઠો હોય અને જ્યારે વાતુંની છોળું ચાલતી હોય, ખાઈ પીને રાતે આઠ વાગે નવરા થઈને બેઠા હોય ખુરશી બાગ-બાગ બગીચા અને ઓલામાં. સમજ્યાને? નેતરના ઓલામાં બેઠા હોય. પછી વાતું કરવા બેઠા હોય ને. જોઈ લ્યો એ તો તમારે મઝા. જાણે ચક્રવર્તીના રાજ ભોગવતા હોય! નારકીના દુઃખ જેવા હોવા છતાં. એય.. હિંમતભાઈ!

નહોતું કહ્યું? એક ફેરી રાણપુરનું કહ્યું હતું. ખાટલો-ખાટલો. ખાટલો ભરતો હતો ઢેઢ એક હલકો. અપાસરાની સામે. ભરતો હતો એમાં બાયડી લઈને આવી છાશ. ફૂટલી દોણી નાની. છાશ લઈને આવી. છોકરો કાળો. ચાર જણા ખાવા બેઠા. એ તો ચક્રવર્તીનું રાજ દેખો એ વખતે જાણે. બાયડી, છોકરો, એ રોટલો અને એ છાશ. સામે છે ને? વોરાની શેરી. અપાસરાની સામે. ત્યાં બેસીને ખાતા હતા. લહેર કરે છે. છે અસર કાંઈ? આહાહા..! હવે અહીંથી ક્યાં જાવું છે અને અત્યારે શું થાય છે એની કાંઈ ખબર છે આને? રોટલો ને છાશ પીવે. દોણી એક એટલે પોતે બટકુ ખાય, વળી ઓલી દોણી બીજી લે, ઓલી ત્રીજી લે. દોણી એક અને રોટલો સૌનો જુદો. ખાટલો ખાટલો ભરેને? આ હરીજન નહિ ઢેઢ? શું કહેવાય એ? .. કાથી. વાણ-વાણ ભરે. રખડવાના. આહાહા..!

અજ્ઞાની જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં તે તે સામગ્રીને પોતાની માની અને તેમાં રાચી રહ્યો છે. દુઃખી છે, દુઃખી છે, દુઃખી છે. અને વળી દુઃખના ભવમાં પાછો રખડવાનો છે. ભાઈ! તારે સુખી થવું હોય, દુઃખ ન જોઈતું હોય તો સુખ આત્મામાં છે. ભગવાન આત્મા સુખનો સાગર, સુખનું પુર છે. આહાહા..! અરે..! આત્મામાં સુખ ન હોય તો સુખ ક્યાં હોય પછી? આત્મામાં નિજ સ્વરૂપમાં આનંદ ન હોય તો આનંદ હોય ક્યાં? પુણ્યમાં આનંદ? પાપમાં આનંદ? પૈસામાં આનંદ? અરે..! ધૂળમાં આનંદ? કટકા કરો. ત્યાં આનંદ ઝરે છે ક્યાંય?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મા કર્મચેતનાને છોડીને પુણ્ય-પાપના ભાવ એ કર્મચેતના છે. દેખો! એ મારું કાર્ય નહિ. હું એ નહિ. મારું સ્વરૂપ તો જ્ઞાનાનંદ છે. હવે ઓલો શુભભાવ તો કર્મચેતનામાં જાય છે. હવે એનામાં ધર્મ માને છે. શાસ્ત્રને બહાને એને વળગાડી દીધા બિચારાને. સમજાણું? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા બસ! એ ધર્મ. વળગાડ્યા ઝેરને રસ્તે. મરી ગયો છે એમાં તું. હવે સાંભળને! એ તો કર્મ રાગ છે.

'**કર્મચેતના અને કર્મફળચેતનાના...**' શુભાશુભભાવમાં જે હરખ-શોક થાય એનો ત્યાગ, એની ભાવના. એના ત્યાગની ભાવના એટલે? એનો અભાવ અને આત્માના આનંદમાં એકાગ્રતા. એવી ભાવના કરીને '**અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે...**' અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ કરીને. એ પુણ્ય અને પાપના ભાવ અને હરખ-શોક ભાવ અજ્ઞાન છે, એ તો અજ્ઞાન છે. એમાં કાંઈ જ્ઞાન નથી. એવી વિકાર પરિણતિને, વિકારભાવનો પ્રલય-નાશ કરીને, નચાવીને. નાચ એટલે એને નાશ કરીને અને સ્વભાવમાં એકાગ્ર થઈને '**પોતાના સ્વભાવને પૂર્ણ કરીને, જ્ઞાનચેતનાને નચાવતા થકા...**' પોતાના આનંદસ્વરૂપની એકાગ્રતા કરતાં કરતાં કરતાં, પરિણમતા થકા જ્ઞાનચેતનાને એટલે આત્માના આનંદની એકાગ્રતાને પરિણમતા થકા ધર્મીજનો '**સદાકાળ આનંદરૂપ રહો-**' એ આનંદરૂપ રહો, તમારામાં રહો. '**એવા ઉપદેશનું કાવ્ય હવે કહે છે :-**'

**अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च**
**प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसञ्चेतनायाः**
**पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसञ्चेतनां स्वां**
**सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु।।२३३।।**

સામ્યરસને પીવો કહે છે. આનંદના રસને પીવો એમ કહે છે. આહાહા..! એ આનંદના ચરુ પડ્યા છે તારામાં. આહાહા..! મીઠા સાકરના પાણી ક્યાંક દેખે ને તૃષા લાગી હોય તો પીવા માંડે હડપ-હડપ. ભગવાન આત્મા આનંદના અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ભરેલો ચરુ છે એ તો. કોણ જાણે પોતાને માન્યો નમાલો અને પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળને માન્યા માલવાળા. પોતાને માન્યો નમાલો અને પુણ્ય-પાપના ભાવ અને એનું ફળ આ ધૂળ આદિ મળે ઈ, એને માન્યો માલવાળો. ભિખારી છે ને કાંઈ. સમજાણું કાંઈ?

અહીં કહે છે પોતાને માન્યો માલવાળો અને પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળને માન્યા નમાલા. છોડી દ્યો આ, એમ કહે છે. એમાં કાંઈ મારો માલ નથી. શુભ-અશુભભાવમાં પણ મારો માલ નથી અને હરખ-શોકમાં પણ મારો માલ નથી. એના ફળમાં તો મારો માલ ક્યાંથી હોય? મારો માલ આ નથી તો એના ફળમાં મારો માલ ક્યાંથી આવે? સમજાણું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? આહા..! આખી દૃષ્ટિ ફેરવવાની વાત છે. દૃષ્ટિ ફર્યે સૃષ્ટિ ફરી જાય છે.

ભગવાન આત્મા... કહે છે, '**જ્ઞાની જનો અવિરતપણે...**' હે ધર્મી જીવો! આમ સંબોધન જ આમ કર્યું છે. જુઓને! હે '**જ્ઞાની જનો...**' હે ભગવાન આત્માના પીછાણવાળા! તારા તત્ત્વને જાણનારાઓ! આહાહા..! ભાઈ! તું આનંદ અને શાંતિનો સાગર છો, નાથ! તારામાં પરિપૂર્ણતા ખજાના પડ્યા છે. એને જેણે જાણ્યા છે, એને સંબોધન કરીને કહે છે, હે '**જ્ઞાની જનો અવિરતપણે...**' નિરંતર. અવિરતપણે એટલે નિરંતર. જેમ અનાદિથી પુણ્ય-પાપના ભાવની નિરંતર ભાવનામાં રોકાયેલો હતો, હવે આ આત્મા પુણ્ય-પાપ અને હરખ-શોકથી ભિન્ન એવી અંતરની એકાગ્રતાને નિરંતર કર. નિરંતર કર. આંતરો પાડ્યા વિના કર. વિસામો છોડીને અંતર વિસામો લે. સમજાય છે કાંઈ? આ ધર્મની કેવી જાત હશે આવી? હવે આમાં ધર્મ કરવો શું કાંઈ સૂઝ પડે? મોહનભાઈ! મંદિર કરવું હોય તો કરી નાખે બે લાખનું મકાન, લ્યો! લ્યો આ કરવાના છે કે નહિ મલૂકચંદભાઈ? ચાર લાખનું ને પાંચ લાખનું. ૧ લાખ અને ૬૦ હજારની જમીન ને ફલાણું ઢીંકણું. હવે આ કરવું સૂઝ પડે નહિ. બાપુ! એ તો એ ચીજ છે બહારની. એ બનવા કાળે એને કાળે બને છે. એમાં આત્માને બનાવવું છે એ તો એક વિકલ્પ આવે. છતાં એ બનવાને કાળે એ પદાર્થ બને છે. એ બનવાના કાળને કોઈ બીજો બનાવી શકે એમ નથી.

ત્યારે પુણ્ય-પાપના ભાવ જે હરખ-શોકાદિના ભાવ (થાય છે), કહે છે કે પ્રભુ! એ પણ દુઃખરૂપ છે. એને તું કરી શકે છો. ઓલું તો કરી શકતો નથી. શુભ-અશુભભાવ અને હરખ-શોકના ભાવ એ તારી દશામાં વિકારપણે ભ્રમણા કરીને આ મારું કર્તવ્ય છે એમ માનીને કરી શકે છો. પણ એ તો દુઃખરૂપ છે. હવે એને છોડીને ધર્મી અવિરતપણે. જેમ નિરંતર રાગમાં એકાકાર અજ્ઞાનમાં હતો, એમ નિરંતરપણે આત્માના જ્ઞાનમાં એકાગ્ર થા. એ થવાની તારી લાયકાત છે. જો લાયકાત ન હોય તો વિકારમાં એકાગ્ર થવાની લાયકાત ક્યાંથી આવી? ઊંધામાં એકાગ્ર થવાની લાયકાત નિરંતર ધારાપ્રવાહી રહી.

કહે છે કે '**અવિરતપણે...**' નિરંતર ભગવાન આત્મા, એની દૃષ્ટિમાં આત્માને લઈ, એકાગ્રતા નિરંતરપણે કર. ત્યારે હવે અમારે આ ખાવું-પીવું ક્યારે? નિરંતર આવું કરીએ તો? નવનીતભાઈ! શું કરવું? આ ખાવું, પીવું, બાયડી-છોકરાના હાથ જેના ઝાલ્યા એને નભાવવા ઈ કાંઈક કરવું કે નહિ? આ નિરંતર કરવું? હવે સાંભળને! કોણ કરે છે પરનું? મફતનો અભિમાની છો.

મુમુક્ષુ :- હાથ તો ઝાલ્યો હતો કે નહિ?

ઉત્તર :- હાથ ઝાલ્યો પણ નથી અને કાંઈ કર્યું નથી. મફતનો ગળે પડે છે. હાથ કોનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ને આત્મા કોનો? હાથ તો જડનો છે, માટીનો, ધૂળનો. આત્મા અંદર ચૈતન્યમૂર્તિ ભગવાન છે. એનો હાથ ઝાલ અને એમાં એકાગ્ર થા તો કેવો? કે નિરંતરપણે. સમજાણું કાંઈ? આહાહા..! બહારના પ્રેમ આડે પ્રેમ કરવા લાયક વસ્તુનો પ્રેમ લાગતો નથી.

શ્રીમદ્ કહે છે નહિ શ્લોકમાં? ભાવના બોધમાં નથી કહેતા?

અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા,
અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા.

જુઓ! ૧૭ વર્ષે. ૧૬ વર્ષે કીધું. વાત તો ઘણી છે પણ વાંચે ત્યારે, સમજે ત્યારેને અંદર. 'અનંત દુઃખ...' સંસારના વિકારભાવમાં અનંત દુઃખ છે. 'નામ સુખ...' નામ એટલે? તું માને છો ને મને સુખ છે એ નામસંજ્ઞા છે.

અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા,
અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એવા આનંદમાં અનંત સુખ છે. નામ દુઃખ. લોકો એમ દેખે કે આ પ્રતિકૂળતા છે, પૈસાનું સાધન નથી. પણ એ બહારના માનનારા. અંદરમાં આનંદ છે.

અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા.
ઉઘાડ ન્યાયનેત્રને નિહાળ રે નિહાળ તું.

'ઉઘાડ ન્યાયનેત્રને...' ઉઘાડ ન્યાયનેત્રને ખોલ. આ અન્યાયની આંખ્યું છે તારી. નવીનભાઈ! નાની ઉંમરમાં ૧૬-૧૭ વર્ષે. પૂર્વથી લઈને આવ્યા હતા. માટે થયું હશે ને? બધાને એમ ઘણું થાયને. પૂર્વે કર્યું હતું. .. ગયા? કહો, સમજાણું કાંઈ? કાંઈક કોક કહે તો કહે પૂર્વે કર્યું હતું. પૂર્વે પણ પહેલું કર્યું હતું કે નહિ? ધર્મ કાંઈ અનાદિનો ચાલ્યો આવે છે? પાપ ચાલ્યું આવે છે અનાદિનું. સમજાય છે કાંઈ?

'ઉઘાડ ન્યાય નેત્રને...' ઉઘાડ પહેલું ઉઘાડ નવું કર એમ કહે છે. 'ન્યાય નેત્રને નિહાળ રે નિહાળ તું.' ભાષા કેવી વાપરી! 'ઉઘાડ ન્યાય નેત્રને...' જુઓ! ન. ના વાપર્યા. 'ઉઘાડ ન્યાય નેત્રને નિહાળ રે નિહાળ તું.' કવિ પણ કેટલી શક્તિ છે! કહો, સમજાણું કાંઈ? 'નિવૃત્તિ શીઘ્ર મેવ ધારી...' ત્યાં પણ ન. નુ. આવ્યું. 'નિવૃત્તિ શીઘ્ર મેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.' કહો, ભગવાનજીભાઈ! કેટલું કહ્યું છે એનામાં? ભાઈ! એ પુણ્ય-પાપના પરિણામ અને હરખ-શોકના પરિણામને પ્રવૃત્તિને બાળ હવે. સમજાય છે? 'નિવૃત્તિ શીઘ્ર મેવ ધાર...' ભગવાન! પુણ્ય-પાપના રાગથી તારું તત્ત્વ નિરાળું ચૈતન્ય છે. એને લેપ જ નથી. નિર્લેપ પ્રભુ આત્મા છે. નિરાવરણ સહજાનંદની મૂર્તિ પ્રભુ છે. એવો તારો નાથ આત્મા, એમાં એકાગ્ર થા. કેવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રીતે? નિરંતરપણે.

'**કર્મથી અને કર્મના ફળથી...**' કર્મચેતના અથવા આઠ કર્મ અને કર્મનું ફળ હરખ-શોક. એની '**વિરતિને અત્યંત ભાવીને...**' દેખો! વિરતિ એટલે તેના વિરક્તભાવને નિરંતર ભાવીને. કોઈ કાળ પણ રાગ રાખવા જેવો છે અને રાગ કરવા જેવો છે નહિ. રાગના ત્યાગની ભાવના નિરંતર કરીને, સમજાણું કાંઈ? '**જ્ઞાની જનો અવિરતપણે કર્મ...**' નામ આઠ કર્મથી '**અને કર્મના ફળથી...**' અથવા કર્મચેતનાથી અને કર્મફળચેતનાથી '**વિરતિને અત્યંત ભાવીને...**' એનાથી નિવર્તીને ભગવાન આત્મામાં એકાગ્રરૂપ અત્યંત ભાવના કરીને '**(એ રીતે) સમસ્ત અજ્ઞાનચેતનાના નાશને સ્પષ્ટપણે નચાવીને,...**' ભાષા જુઓ! '**(એ રીતે) સમસ્ત...**' પુણ્ય અને પાપનો ભાવ કે હરખ-શોકનો ભાવ એ અજ્ઞાનચેતના છે. સમજાય છે કાંઈ?

શુભભાવ એ અજ્ઞાનચેતના છે એમ કહે છે. કારણ કે જ્ઞાનસ્વરૂપથી વિરૂદ્ધ છે એ. સમજાણું કાંઈ? '**સમસ્ત અજ્ઞાન...**' સમસ્ત એટલે કોઈ અંશ પણ રાગનો ન રાખીને. થોડો પણ આ રાગ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ કે થોડો પ્રશસ્ત. પ્રશસ્ત છે ને? રાગ પ્રશસ્ત છે ને. રાગ પ્રશસ્ત છે ને. હવે પ્રશસ્ત તો અપ્રશસ્તની અપેક્ષાએ કહ્યો. પણ છે તો આત્માની અપેક્ષાએ બધા અપ્રશસ્ત. શુભ-અશુભભાવ બેય અશુદ્ધ છે, અશુભ છે. શુભ અને અશુભભાવ બેય અશુદ્ધ છે, અશુભ છે, અજ્ઞાન છે. નવનીતભાઈ! આહાહા..! કહો, પ્રવિણભાઈ! શું કરવું ત્યારે? આ લોઢાના વેપાર કરવા કે આ કરવું? બે શી રીતે થાય? ભાઈએ જોડી દીધા ત્યાં કે અહીં બેસો. પ્રવિણભાઈ અહીં બેસો.

અહીં તો પ્રવિણપણું ન્યાયનેત્રને ઉઘાડીને અંદર કર એમ કહે છે. ત્યાં બેસ અંદરમાં. થડો ત્યાં સંભાળ. સમજાણું કાંઈ? આહાહા..! એ તો નિવૃત્તિવાળા તો એમ જ કહે ને. પણ અમારી પ્રવૃત્તિની શું કિંમત છે એને ક્યાં ખબર છે. અમે કેટલી ઝંઝટમાં પડ્યા છીએ અને કેટલા અમારા માથા ફરી ગયા હોય છે. એય..! જયંતિભાઈ! આહાહા..! ભગવાન! નિવૃત્ત જ છો સદાય તું. પરથી રહિત જ છો એટલે પરથી તો જુદો જ છો અને રહિત જ છો. ત્રણે કાળે પરથી રહિત છો. હવે પ્રશ્ન શું છે તારે? કહે. એક વિકારના પરિણામ અને વિકલ્પથી તેં માન્યા છે મારા એટલું. બાકી એનાથી પણ વસ્તુ રહિત જ છે. આહાહા..! હવે રહિત જ છે ત્યારે કહે અમારે રહિત શી રીતે થાવું? પણ રહિત જ છો. સાંભળને! આહાહા..! સમજાણું કાંઈ? કામ પણ ભારે ભાઈ! ફળ પણ ભારે છે ને. અનંત આનંદ, શાંતિ. આ દુઃખી... દુઃખી... દુઃખી... આહાહા..!

બળદને બિચારાને સંભારે છે, હોં. ટાંગા તોડી નાખ્યા. કાપી નાખ્યા અહીંથી, લ્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સાંભળ્યું હતું. હમણા અહીં ચાર બળદ. નહિ? ગરાસિયાના બળદ. ઓલા .. માણસે આવીને (કાપી નાખ્યા). ગમે તે હોય. હજાર હજારના બળદ. પાછળના બે પગ કાપી નાખ્યા આટલા આટલા. ગરાસિયાના બળદ. અઢીગાઉ છે ને? સનાળ કાંઈક છે. ભાઈ! એવા તો અવતાર તેં અનંત કર્યા છે, પ્રભુ! તને ખબર નથી. અનંત કાળના પ્રવાહમાં, અનંત પ્રવાહમાં શું નથી બાકી રાખ્યું? નથી એક કર્યું આત્માનું કામ. બાકી એવા બળદના ભવ, પશુના ભવ, આહાહા..! આ મોટા કારખાના હોય ને. ઢોરના આમ રાખે ખાણમાં મોઢું આમ રાખે. માથેથી એકસાથે એક હજાર આમ (કપાઈ જાય). આ કસાઈખાના કારખાના. મોટા મોટા જુઓને એક થવાનું છે મોટું. ત્યાં કહે છે ત્યાં આગ્રા પાસે. કેટલા એક દી ૨૫ હજાર, ૩૦ હજારનો કતલઘાણ એક દીમાં કરવાના છે. મોટું કરે છે. લોકો રાડું પાડે છે. આહાહા..! આમ માથું નાખીને ખવરાવે ને ગમાણમાં. ગમાણ હોય ને ગમાણ? આમ રાખ્યું હોય. પાછળથી એક સંચો હોય ને બધો એકસાથે.. તરફડે થોડીવાર. એ દુઃખ કેનું છે? એ પોતાના સ્વરૂપની એકતાનું ભાન નથી અને પરની સાથે એકતા માની છે એનું દુઃખ છે. એવા દુઃખની દશાઓ અનંત વાર જીવે ભોગવી છે. ભૂલી ગયો. યાદ જ કરતો નથી. માતાના પેટમાં સવા નવ મહિના રહીને નીકળ્યો તો ત્યાં શું હતું એને પણ યાદ કરતો નથી. આ ભવનું તત્કાળ છે. આહાહા..! પેટમાં સવા નવ મહિના ઊંધે માથે. જીવ હતો, હોં! જન્મે ત્યારે જીવ આવે છે એમ નહિ. એ સવા નવ મહિના શેના ગણાણા? એ આયુષ્ય અંદર જીવ આવ્યો હતો ત્યારથી મહિનો ગણાય છે. સમજાણું કાંઈ? મરીને ઓલા ભવમાંથી આવ્યો, સવા નવ મહિના ઊંધે માથે. શ્વાસ લેવા (મળે નહિ). અહીં જરી આમ બાંધ્યું હોય ને લૂગડું-બુગડું જાડું નાખ્યું હોય અને બારણું સરખું ન હોય તો.. હાય! શ્વાસ નથી લેવાતો. આ બધું અંદર સવા નવ મહિના. એવા એવા તો મનુષ્યપણાના ભવ પણ અનંતા કર્યા છે. એ એને સંભારતો નથી. સંભારે શું કરવા? વર્તમાનમાં સુખની કલ્પનાના વેગમાં દુઃખમાં ક્યાં હતો એની એને ખબર નથી. કહે છે કે એકવાર તો અજ્ઞાનચેતનાને છોડ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદઘન વસ્તુ સ્વરૂપ ધ્રુવ સત્ શાશ્વતું તત્ત્વ છે. એની અંતર દૃષ્ટિ કર અને પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોકનો ભાવ એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનો અંશ-કિરણ નથી. એમાં જ્ઞાનનું કિરણ નથી. એથી તેને અજ્ઞાન કહ્યું છે. જુઓ! ઓલામાં અજ્ઞાન આવ્યું. ટીકામાં. વ્રતાદિ અજ્ઞાન. વ્રતનો વિકલ્પ છે એ તો અજ્ઞાન છે. અને એમાં જ્ઞાન નથી, એ તો શુભરાગ છે. ધીરો થઈને જોજે. પ્રભુ! તારી સંભાળ કર. દુનિયાને જો નહિ, હવે દુનિયાને ન જો. દુનિયા કેમ માનશે અને કેમ કરશે? એ તો એના જોખમે કરે છે. પણ તું તો એકવાર સ્વરૂપની જાગૃતિ કર અને પુણ્ય-પાપના પરિણામ અને

હરખ-શોકના પરિણામનો નાશ કર એમ કહે છે. સમજાણું કાંઈ? કોઈ શાલ નાખવા આવશે નહિ. મરતા એકલો તરફડે. આ દુઃખ સહન થાતું નથી. કંઈક મને થાય છે અંદરમાં. એમાં વળી પેટનું હોય... શું કહેવાય તમારે? કેન્સર. પેટનું કેન્સર. પીડા.. પીડા.. પીડા... આહાહા..!

ઓલી બાઈ એક હતી ને બહુ પીડા પેટમાં. રાયચંદની વહુ. રાયચંદભાઈ, રાણપુર. ઓલા આવતા ને ભાઈ રાયચંદભાઈ. એની વહુને બહુ પીડા થાય. રાડે રાડ પાડે. દવા તો દે નહિ, ત્યાં કાંઈ પોગે નહિ. રાડે રાડ. મને અંદર બળતરાનો પાર નથી. શું કરું? ક્યાં જાઉં? કોણ કરે? પૈસા, છોકરાઓ, ધણી બધું હતું. એ પીડામાં ને પીડામાં મરી ગઈ. કોણ છે બાપા તારા? અને તું કોનો? મફતનો વળગ્યો છો અજ્ઞાનથી. સાચી વાત હશે મોહનભાઈ? જેને ક્ષણમાં (છોડીને જાય). આના વિના ક્ષણ મને કેમ ચાલશે? એના વિના એણે અનંત કાળ ચલાવ્યું છે. જે એમ માનતો ક્ષણ (આના) વિના (મને નહિ ચાલે). શ્રીમદ્દમાં આવે છે ને ભાઈ! એક પત્ર આવે છે. 'જે સ્ત્રી આદિના પ્રત્યે પ્રેમ, પુત્ર પ્રત્યે પ્રેમ છે. અરેરે..! આના વિના મારે કેમ ચાલશે?' એના વિના પ્રભુ! તેં અનંત કાળ ગાળ્યો છે. એના વિના તું રહેવાનો છો. એ તો પરદ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક બાપને અફીણનું બહુ વ્યસન. બહુ વ્યસન, બહુ વ્યસન. એકની એક છોડી હતી આઠ-દસ વર્ષની, બસ! છોડી એક જ. બીજું કોઈ નહિ. મરી ગયું બધું મરી ગયું. ખાધે-પીધે ઠીક. નવ વર્ષની છોડી. બધો રાગ એક ઉપર ઢળ્યો હોય. કારણ કે ઝાઝો હોય તો ભાગ પડી જાય. એક ઉપર નવ વર્ષની છોડી. અને મરી. અને અફીણનું બંધાણ. ગૃહસ્થ માણસ. રૂપાની ડાબલીમાં હોય અફીણ. બાળીને જ્યાં આવ્યા ઘરે. ત્યાં બોલે છે લોકો. અરે..! જે મારો શ્વાસ જીવનનો આધાર લાકડી, મારો બધો રાગ આના ઉપર હતો. એના વિના ચાલશે મારે હવે? પણ ચાલશે જ ને હવે તો. તારા અફીણ વિના નહિ ચાલે મારે? એ અફીણની ડાબલી ફેંકી દીધી. એય..! મોહનભાઈ! વ્હાલામાં વ્હાલી દીકરી એકલી ઘરમાં. અને બાપ-દીકરી બે. ખાધે-પીધે સુખી. રૂપાની ડાબલી અફીણની. અરે..! હવે આ એકની એક ગઈ. એના વિના ચાલશે? પણ ચાલશે નહિ તો ક્યાં ચાલ્યું ને હવે. એ તો સ્મશાનમાં ગઈ. એ તો બળીને રાખ શરીર. ઓલો તો ક્યાંક વયો ગયો આત્મા. એના વિના ચાલશે તો અફીણ વિના નહિ ચાલે? એ રૂપાની ડાબલી હતી ભાઈ એમ ને એમ ફેંકી દીધી. નાખી દીધી. આજથી અફીણ નહિ હવે. આ બંધાણ મારે ન જોવે. દીકરીનું બંધાણ વયુ ગયું હવે આ બંધાણ? એય..! મોહનભાઈ! એમ કહે છે કે અરે..! શરીર આદિ વિનાના મેં રોળવ્યા તો હવે હું રાગ વિના પણ રોળવી શકું છું, જાઓ. સમજાણું કાંઈ?

**'સમસ્ત અજ્ઞાનચેતનાના નાશને સ્પષ્ટપણે નચાવીને,...'** ભાષા જુઓ! સ્પષ્ટપણે

પ્રત્યક્ષ આત્માનો આનંદ પ્રગટ કરી, જ્ઞાનને પ્રગટ કરી, નચાવી નામ પરિણમી અને '**નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવને પૂર્ણ કરીને,...**' ભગવાન આત્મા આનંદનો પુંજ પ્રભુ છે એવો નિજરસ, આત્માનો નિજ આનંદરસ, નિજ શક્તિનો રસ પ્રાપ્ત કરી '**પોતાના સ્વભાવને પૂર્ણ કરીને,...**' પોતાના આનંદના રસને પ્રાપ્ત કરી અને પોતાના પૂર્ણ (સ્વભાવને પ્રાપ્ત કરી). કારણ કે પૂર્ણની વાત છે ને. શરૂઆત કરાવીને પૂર્ણ કરાવે છે. સમજાણું?

'**પોતાના સ્વભાવને પૂર્ણ કરીને,...**' જુઓ! ભગવાન પૂર્ણ કરીને એટલે? પર્યાયમાં પૂર્ણ કરીને. વસ્તુ તો પૂર્ણ છે. વસ્તુ છે એ તો પૂર્ણ આનંદકંદ ભરેલી છે. એમાં એકાકારની પરિણતિ કરી અને પૂર્ણ સ્વભાવની દશા પ્રગટ કરી '**પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા થકા...**' પોતાની જ્ઞાનચેતના એટલે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યના આનંદની એકાગ્રતાને પરિણમાવતા થકા. પરિણમતા એટલે એ અવસ્થા ધારણ કરતા થકા, જ્ઞાનચેતનાને '**પોતાની જ્ઞાનચેતનાને...**' ભાષા એમ લીધી, ભાઈ જુઓ! રાગાદિ ચેતના પોતાની નથી. સમજાણું કાંઈ? આહાહા..! પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોકના ભાવની વિરક્તિ કરી, ભગવાન આત્મા પોતાની જ્ઞાનચેતનાને પરિણમાવી શુદ્ધ ચૈતન્ય ભગવાન છું એવા આનંદના સહિતના જ્ઞાનની અવસ્થાને પ્રગટ કરી, આનંદપૂર્વક નચાવતા થકા. એકલી જ્ઞાનચેતના જાણવાની એકાગ્રતા આનંદપૂર્વક પરિણમાવતા. બે ભેગું લીધું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્યાં જ્ઞાનસ્વરૂપ છે એવો આનંદસ્વરૂપ છે. એટલે જ્ઞાનસ્વરૂપ સમજણનો પિંડ છે એમાં એકાગ્ર થતાં આનંદ સાથે આવે છે. અતીન્દ્રિય આનંદ પણ સાથે આવે છે. '**પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા થકા...**' પરિણમાવતા થકા '**હવેથી સદાકાળ પ્રશમરસને પીઓ...**' અરે..! ભગવાન! હવે તો શાંત સામ્યરસને પીવો. સમતા... સમતા... સમતા... સમતા... પુણ્ય-પાપના રાગ વિનાની, હરખ-શોકના ભાવ વિનાની સમતા, શુદ્ધ ચેતના આનંદરૂપી ફળ. લ્યો, નિયમસારમાં તો એમ આવે છે. ત્રિકાળ પણ જ્ઞાનચેતનાને ભોગવે છે એમ આવે છે. અંદર ભોગવે છે. એવું આવે છે. ભોગવે એટલે એવું છે ત્રિકાળ. આત્મા શુદ્ધ ચેતનારૂપ કર્મચેતનારૂપ પણ ત્રિકાળ છે અને એ આનંદના ફળને ભોગવવારૂપી જ્ઞાનચેતના ત્રિકાળ પડી છે અંદર. આનંદને ભોગવે છે એવી ભોગ્ય દશા સ્વભાવ અંદર ત્રિકાળ પડ્યો છે. સમજાણું કાંઈ? ત્રિકાળ પડ્યો હોય એમાંથી પર્યાય પ્રગટ થાય છે એમ કહે છે.

મૂળ વાત ઈ છે કે પોતાના સ્વરૂપનું માહાત્મ્ય જ એને આવતું નથી. હું એટલે શું? એણે કોઈ દી નજર કરી નથી. અને નજર કરવા લાયકનું સાંભળવામાં આવ્યું ત્યારે પણ નજર ત્યાં કરવાનો વખત લીધો નથી. બહારની નજરું કરી છે. બહારમાં તો બહિરાત્મા દેખાય.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગાદિ, પુણ્યાદિ દેખાય. અંદર દેખાય નહિ. આ ભગવાન આત્મા મહાન સ્વરૂપ છે. અને એ મહાન ન હોય તો મહાનતા શેમાં જડમાં હોય? વિકારમાં હોય? એવો ભગવાન આત્મા આનંદ અને શાંતિનો સાગર પ્રભુ છે. એમાં એકાગ્ર થઈને જ્ઞાનની એકાગ્રતાને આનંદ સહિત પરિણમતા થકા, આનંદ સહિત થયા થકા... આ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? આ ધર્મ દશા. આવો ધર્મ ભારે ભાઈ!

ભગવાનના દર્શનમાં, ભક્તિમાં બધામાં રાજી! હોય ત્યાં ધર્મ થાય કેવો? ભગવાનની ભક્તિ કરતાં કરતાં મુક્તિ થઈ જાય. ધૂળમાંય નહિ થાય, સાંભળને! એ તો પર ઉપર લક્ષ છે, એ તો રાગ છે. એય..! કર્મનો ક્ષય થાય ભક્તિ કરતાં એમ ઓલો લખે છે. હમ્પી. ખૂબ ધૂન લગાડી દેવી. બખબખીયા હાથમાં, એક કોર ઢોલ વાગે, એક કોર ઝાંઝર વાગે. શું કહેવાય ઈ? ઝાંઝ. શું છે પણ હવે? સાંભળને! આ થાય એ તો જડ છે. વિકલ્પ ઉઠ્યો એ રાગ છે. સમજાણું કાંઈ? તંબુરો રાખે હાથમાં. આદમી બોલે અને બાયડી બોલે. અવાજ સરખો કરવા માટે. ભક્તિ થાય છે ને ભક્તિ? આહાહા..! શું છે પણ હવે સાંભળને. એ તો વિકલ્પ રાગ છે. રાગમાં ધર્મ કેવો? એ રાગ તો કર્મચેતના છે. એય..! જયંતિભાઈ! ભારે! આને એમ કે જાણે મળી જતું હોય ને બહારથી કાંઈક. લગાવો ધૂન. શેમાં પણ ધૂન? એ તો રાગમાં ધૂન છે. ..ભાઈ! ઈશ્વરની ધૂન લગાવો. આંખ મીંચીને બસ આમ. સુરદાસ નહોતા લગાવતા? ફલાણું નહોતા ગાતા? એમ કહે. અરે.. ભગવાન!

ભગવાન! તું તો આત્મા જ્ઞાનસ્વરૂપ (છો). વિકલ્પ ઉઠે એ તારી ચીજ નથી. ભાઈ! એ તો શુભરાગનો ભાવ એ પણ અજ્ઞાન છે. વસ્તુની પૂર્ણ સ્થિરતા ન હોય ત્યાં સુધી ભલે એ આવે ખરો, હોય ખરો. પણ એ છે બંધનું કારણ છે અને અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે? એમાં આત્માના જ્ઞાનચેતનાની શાંતિનો ભાવ નથી. શું થાય? રાડેરાડ પાડે. ભણેલા શાસ્ત્રના રાડું પાડે, આમ છે. હવે રાડ પાડ કે ન પાડ પણ આ આવે છૂટકો છે. કહો, સમજાણું કાંઈ?

એ '**સદાકાળ પ્રશમરસને પીઓ...**' લ્યો! '**सर्वकालं पिबन्तु प्रशमरसमितः**' શાંત... શાંત... શુભાશુભભાવથી રહિત તારું સ્વરૂપ છે એને પીઓ. નિર્વિકલ્પ રસને પીઓ. એનું નામ આનંદ ને એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ કહેવાય છે. '**(અર્થાત્ કર્મના અભાવરૂપ આત્મિક રસને-અમૃતરસને-અત્યારથી માંડીને અનંત કાળ પર્યંત પીઓ. આમ જ્ઞાનીજનોને પ્રેરણા છે.)**' ધર્મીને આ રીતે પ્રેરણા કરવામાં આવી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ વદ ૭, સોમવાર તા. ૨૨-૧-૧૯૬૮**
**શ્લોક-૨૩૩-૨૩૪, ગાથા-૩૯૦ થી ૪૦૪,**
**પ્રવચન-૪૬૪**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૩૩ કળશ. એનો ભાવાર્થ છે. જેને આત્માનું હિત કરવું (હોય) એણે શું કરવું? સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને? હિત કરવું હોય એણે શું કરવું? કે આત્મા સર્વવિશુદ્ધજ્ઞાન સ્વરૂપ છે. એની દૃષ્ટિ કરીને ગયા કાળના, વર્તમાન અને ભવિષ્યના જે પુણ્ય-પાપના ભાવરૂપી કાર્ય કાર્ય છે એનો નાશ કરવો. પહેલા તો ત્રણે કાળ સંબંધી કર્મના કર્તાપણારૂપ કર્મચેતના. કર્મચેતના એટલે પુણ્ય-પાપના ભાવનું થવું, કરવું, ચેતવું એવો જે વિકારી ભાવ એનો ત્યાગ કરવો. સર્વવિશુદ્ધ જ્ઞાનચેતનાની દૃષ્ટિ કરીને એનો ત્યાગ થવો. એ પહેલું એનું કાર્ય-કર્તવ્ય છે. આ પચ્ચખાણની વાત ચાલે છે. પડિક્કમણું, પચ્ચખાણ અને આલોચના. એ ત્રણ. પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ જે કર્મ એ કર્મ કહેવાય. શુભ-અશુભ જે કાર્ય એ દુઃખરૂપ કાર્ય છે. એનો ત્યાગ કરવો એટલે સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે) એનો આશ્રય લઈને એનો નાશ કરવો. કહો, સમજાણું કાંઈ?

'**ત્રણે કાળ સંબંધી કર્મના કર્તાપણારૂપ...**' શુભ-અશુભ કાર્ય મારું છે. એ દુઃખરૂપ કાર્ય મારું છે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું? એટલે જેને સુખરૂપ થવું હોય, એટલે કે ધર્મની દશા જેને પ્રગટ કરવી હોય એણે એ દુઃખરૂપ દશાનો નાશ કરવો. નાસ્તિથી વાત અત્યારે છે ને. કર્મચેતનાની ભાવના નચાવી. '**ત્યાગની ભાવના કરાવી.**' એટલે કે અંતર સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતાને વિશેષ કરાવી. અહીંથી નાસ્તિથી વાત લીધી છે. કર્મચેતનાના ત્યાગની ભાવના. એમ ભાષા છે ને? આમ રાગનો ત્યાગ કરું એમ નથી. પણ વસ્તુની સ્થિતિ વર્ણવવી હોય ત્યારે વિશેષપણે વર્ણવાય ને? આત્મા દ્રવ્યસ્વભાવ એટલે વસ્તુસ્વભાવ નિજ ચૈતન્યરસ સ્વભાવ તેનો અંતર આશ્રય લઈ અને કર્મચેતનાનો નાશ કરવો, ત્યાગ કરવો એમ પહેલું કહેવામાં આવ્યું છે.

'**પછી ૧૪૮ કર્મપ્રકૃતિના ઉદયરૂપ કર્મફળના ત્યાગની ભાવના કરાવી.**' વર્તમાન વિકારના પરિણામ નવા કરતો હતો તેનો ત્યાગ કરાવી અને નવું જે જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેની એકાગ્રતા કરવી. એ વર્તમાન સંવર થઈ ગયો. હવે પૂર્વે બાંધેલા કર્મો જે છે એના ફળરૂપ જે ભાવ એનો ત્યાગ. એટલે કે આત્માના આનંદના પાકમાં એકાગ્ર થતાં એ કર્મના પાકના તરફ જોડાણ ન થાય તેને કર્મના પાકના ફળનો ત્યાગ કર્યો એમ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'કર્મફળના ત્યાગની...'** જુઓ! આમાં તો ત્યાગ-ત્યાગ બે લેવા છે. એક કોર કહે કે રાગના ત્યાગનું પરમાર્થે આત્મામાં નામ નથી. એય..! વળી અહીં ત્યાગ કરાવ્યો પાછો. એનો અર્થ સમજાવે ત્યારે વિશેષ શી રીતે સમજાવે? વસ્તુ છે એ આનંદનું ધામ ભગવાન છે. એવી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં અને એમાં સ્થિર થતાં પુણ્ય-પાપના પરિણામનો ત્યાગ થઈ જાય છે તેને ત્યાગ કરાવવાની ભાવના કરાવી એમ કહેવામાં આવે છે. અને વિશેષપણે.. નિર્જરા છે ને આ? શુદ્ધ ચૈતન્યમાં.. લ્યો, સવારે પણ નિર્જરા આવે છે અને આ પણ (કર્મ)ફળનો ત્યાગ. ઓલું સંવર છે, આ નિર્જરા છે. શુદ્ધ ચૈતન્ય ભગવાન એમાં અંતરમાં વ્યાપીને દૃષ્ટિ અને સ્થિરતા અંતરમાં વ્યાપીને પૂર્વના કર્મ તરફના વલણનો સંબંધ છે તે છૂટી જાય છે. એથી કર્મના સંબંધના ફળનો એને ત્યાગ કરાવ્યો એમ કહેવાય છે.

**'એ રીતે અજ્ઞાનચેતનાનો પ્રલય કરાવીને...'** પુણ્ય-પાપના ભાવ કે હરખ-શોકના ભાવ એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે? એ આત્માના જ્ઞાનસ્વભાવનો પ્રકાશ એમાં નથી. અંધકાર છે. શુભ-અશુભભાવ કે હરખ-શોકનો કર્મફળ ભાવ અંધકાર છે. એથી એ અજ્ઞાનચેતના છે. અજ્ઞાનચેતનાનો પ્રલય-નાશ કરાવ્યો. જ્ઞાનચેતનાની ઉગ્રતા કરાવી. આ ભાષા. સામાયિક કરવી, પડિકમણું કરવું એ તો સૂઝ પડે. પણ ઓલા સાંજ-સવાર બેસીને કહે મિચ્છામી દુક્કડમ મિચ્છામી દુક્કડમ તો પડિક્કમણું કર્યું કહેવાય, લ્યો! આ પડિક્કમણું કહે છે કે અંદર જ્યાં રાગમાં ગયો હતો ત્યાંથી પાછો વળ અને અહીં આવ એનું નામ પ્રતિક્રમણ કહેવાય છે. એય..! ભગવાનજીભાઈ! ભગવાનજીભાઈએ પડક્કમણા બહુ કર્યા છે ને આ બહારના. સંપ્રદાયની રીતના. સામાયિક, પોષા, પડિક્કમણા કરો. નવરા માણસ છે નિવૃત્તિ છે. ઊંધું. શુભભાવ હોય શુભભાવ. પણ પાછું માન્યું હોય કે અમે આ ધર્મ કરીએ છીએ.

મુમુક્ષુ :- માન્યતા ખોટી.

ઉત્તર :- માન્યતા ખોટી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પણ એ તો વાત. ઉતર્યા નથી પણ આવા વ્રત હોય એમાં દોષ લાગે તો આવું એવું જ્ઞાન કરવું ને એમ કહે ઈ. બધી વાત થઈ ગઈ છે ને. ક્યાં નવી અમારે છે. એ ગઢડામાં વાત થઈ હતી, (સંવત) ૧૯૮૧માં. આવું હોય તો? જુઓ! એનું જ્ઞાન તો કરવું જોઈએ કે નહિ? આ વ્રત આવા હોય, વ્રતમાં દોષ લાગે તો આવું હોય, દોષ ટળે તો આમ હોય.

મુમુક્ષુ :- પ્રાયશ્ચિત્ત...

ઉત્તર :- એ પ્રાયશ્ચિતનો અર્થ આમ. એનું આવે પ્રાયશ્ચિત આવું હોય એનું જ્ઞાન. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન કરાવ્યું. એય..! કહો, સમજાણું આમાં? સ્વાધ્યાય કરે ને? સ્વાધ્યાય. અમે સ્વાધ્યાય કરીએ છીએ, લ્યો. ભલે અમારે વ્રત ન હોય તો. એઈ..! શાસ્ત્રનું વાંચન કરતો નથી? શાસ્ત્રનું વાંચન ન કરવું? અમે વાંચન કરીએ છીએ, સ્વાધ્યાય કરીએ છીએ. એ બધા જવાબ દરેકના અનેક હોય છે.

મુમુક્ષુ :- અશાતના થઈ હોય...

ઉત્તર :- અશાતના થઈ હોય એનો અર્થ એ કે અશાતના જેને થાય એને આવું હોય એનું જ્ઞાન કરીએ છીએ. બધા જવાબ અનેક પ્રકારના હોય ને.

અહીં કહે છે કે જેને આત્મશાંતિ જોઈતી હોય એટલે કે ધર્મ જોઈતો હોય. ધર્મ એટલે સ્વભાવ. તો એ સ્વભાવ તો આત્મામાં છે. એની અંતર એકાગ્ર થતાં એ સ્વભાવની પ્રગટતા થાય છે. ત્યારે પુણ્ય-પાપના કર્તાપણાનો નાશ થાય અને કર્મફળનો ત્યાગ થઈ જાય છે. એનું નામ ધર્મ અને નિર્જરા છે. સમજાણું? '**એ રીતે અજ્ઞાનચેતનાનો પ્રલય કરાવીને...**' લ્યો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કરાવીને. એ તો ભાષા તો સમજાવવું છે ને. વ્યવહારની ભાષા વિના વિશેષપણું સમજાવાય નહિને. નિશ્ચયમાં તો એક છે કે જે વસ્તુ અખંડાનંદ પૂર્ણ છે એ સામાન્ય ઉપર દૃષ્ટિ દઈને એમાં ઠરવું આ એક જ વાત. એ વાતનો આ બધો વિસ્તાર (છે). વિસ્તાર શેનો? ઓલું તો કહે, ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ અંદર છે એની અંતર વળી અને દૃષ્ટિનું પરિણમન કરવું અને અંતર વળીને સ્થિરતા કરવી એ કર્તવ્ય આ કરવું છે. આ એક કાર્યના આ બધા વિસ્તારનું વર્ણન છે. આહાહા..! એટલા શબ્દોમાં ન સમજે તો પછી એનો વિસ્તાર તો કરાવે કે નહિ? કહો, મલૂકચંદભાઈ!

હજી તો આત્મા કેવો છે એ પણ એણે જાણવું જોઈએને પહેલું? કે આત્મા શું? શેમાં ઠરવું? ઠરવું એટલે શેની દૃષ્ટિ કરવી? પણ શું ચીજ શું છે? એ ચીજ છે તે અરૂપી છે તો કાંઈક છે કે નહિ? અને છે તો છે શું? વસ્તુ છે તો વસ્તુમાં વસેલી કોઈ શક્તિઓ છે કે નહિ? અને શક્તિઓ છે તો કેટલી છે? કેવી છે? કેમ છે? એમ એનું જ્ઞાન તો કરવું પડે ને? એ બધો વિસ્તાર છે એનો. બાકી તો વસ્તુ એક છે અભેદ એના ઉપર દૃષ્ટિ કરીને ઠરવું એક છે. કહો, જેઠાભાઈ!

મુમુક્ષુ :- અભેદને સમજાવવા માટે છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- વસ્તુ તો ઓલી સમજાવવી છે. પણ ભેદ પાડ્યા એ બધું આવ્યા વિના રહેતું નથી. છતાં એનું અનુકરણ કરવા જેવું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. કહો, સમજાણું કાંઈ?

અભેદ વસ્તુ છે એકાકાર તેને ભેદ દ્વારા સમજાવે કે જો આ જ્ઞાન, આ દર્શન, આ રાગનો ત્યાગ થાય ત્યારે આમ સ્થિરતા થાય. કર્મના ફળનો ત્યાગ ત્યારે કહેવાય. સ્વરૂપના આનંદના પાકની વિશેષ સ્થિરતા અનુભવ થાય, કર્મફળનો ત્યાગ થાય એમ વિસ્તારથી સમજાવે ને? વસ્તુ તો જે છે ઈ છે. સમજાણું કાંઈ? શું કાંઈ કહે છે? બે બોલ નથી? ખીચડી ને ઘી શું કાંઈ કહે છે ને? બે. ઘી-ખીચડીના અક્ષર બે. એમ કહે છે ને કાંઈક? એમ છે તો આ બે. વસ્તુ જેવી છે તેવી પહેલી જાણી અને દૃષ્ટિ કરવી, દૃષ્ટિ કરવું પરિણમન અને પછી ઠરવું. આ એના ઘી-ખીચડીના બે બોલ છે. સમજાણું કાંઈ? પણ એનો વિસ્તાર થાય ત્યારે વ્યવહારથી વિસ્તાર થાય. અભેદમાં તો એકરૂપ વસ્તુ છે. એકરૂપ વસ્તુ. પણ એકરૂપ શું છે? અને એકરૂપમાં અનેકપણું છે એને તમારે કઢાવીને એકપણું કરવું છે તો અનેક શું છે એમાં? સ્થિરતા કરાવવી છે તો રાગ છે શું? જે સ્થિરતા કરાવવી છે તો અસ્થિર છે શું? એનો ત્યાગ કરીને સ્થિર થાય એ શું ત્યાગ છે? એમ એના પ્રકાર તો વર્ણવવા જોઈએને? કહો, સમજાણું આમાં? કહે છે કે વસ્તુ તો આવી ગઈ છે હવે. અહીં તો હવે ત્યાગ કરવો... ત્યાગ કરવો એ વાત ચાલે છે.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. એટલે કહે છે '**એ રીતે અજ્ઞાનચેતનાનો પ્રલય કરાવીને જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ કર્યો છે.**' આનો ત્યાગ કરું અને આમાં પ્રવર્તવું એમ બે ભાગ છે એમાં? પણ સમજાવવું શી રીતે? સમજાણું કાંઈ? વસ્તુના સામાન્ય સ્વભાવમાં એકરૂપમાં અનંત શક્તિઓ પડી છે. અનંત શક્તિનું રૂપ એક છે. એ એકરૂપમાં અંતર દૃષ્ટિ કરીને અને એકરૂપમાં ઠરવું એનું દર્શન અને ચારિત્ર. જ્ઞાન-ઓછું વત્તું એની સાથે સંબંધ નથી. કર્તવ્ય તો બે છે. પછી ભાષા એમ આવે '**णियमेण य जं कज्जं**' સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. ત્રણે નિયમથી કરવા લાયક છે. નિયમથી કાર્ય હોય તો આ ત્રણ છે. પણ હવે કાર્ય છે એ તો પાછી પર્યાય થઈ. સમજાય છે? તો કાર્ય થાય શી રીતે? વાત તો એવી વાત છે.

ભગવાન આત્મા કારણપરમાત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન છે એનો આશ્રય લેતાં એ કારણમાંથી કાર્ય થાય છે. ત્યારે કાર્ય વખતે તેને પુણ્ય-પાપના કર્મચેતનાનો નાશ થાય છે અને કર્મના ફળ સંબંધીનું જોડાણ જે અનાદિથી આમ હતું, જોડાણ આમ થયું તો આનો પણ નાશ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થાય છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

**'જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ કર્યો છે.'** કયે ક્ષણે દેહ નાશ થશે? જુઓને! આ નવનીતભાઈનું સાંભળીને તો કેટલું અંદરથી.. કાલે કો'ક કહેતું હતું. કો'ક રસોયો આમ ગુજરી ગયો ને. કાલે કો'ક કહેતું હતું. તમે કીધું હતું પહેલું? તમે કહ્યું. નારણભાઈ પાછળ રહી ગયા હતા ને એ? તમે ગયા પછી. એ પછી વાત થઈ હતી. ત્રણ-ચાર જણા રહી ગયા હતા. કો'ક ઓલી બાઈ છોડીને રમાડનારી. એ તો બધી નવી .. આવતો હતો વાત ચાલતી હતો. એ હવે અત્યારે જવાનો છે. એને મૂકીને આવીને મોટર પાછી. .. ૪૩ વર્ષનો જુવાન રસોયો. અહીંથી ગયો ત્યાં તો સૂતો રાતે. સવારે કાંઈ મળે નહિ. મરી ગયો. રસોયો હતો ને એક બ્રાહ્મણ. ૧૭ વર્ષથી ભાઈને ત્યાં હતો. ૨૬ વર્ષની ઉંમર અને એક ૧૭ વર્ષ. કોણ જાણે સૂતો એ સવારે જોવા જાય તો મડદું. કાંઈ ન મળે. હુંકારો નહિ. બૈરા આગળ સૂતા હતા. કોઈને ખબર નહિ કે આ હુંકારો થયો. કોણ જાણે સવારમાં જોવા ગયા.. તમે ગયા ને પહેલા? એ ગયા ત્યાં મડદું. બોલાવો ડોક્ટરને. ડોક્ટર કહે, આમાં કાંઈ નથી. એને ૪૩ વર્ષની ઉંમર તો યુવાન અવસ્થા કહેવાયને. ક્યારે કઈ પર્યાય અંદર ભજી જાય. શું થાય? ફટ કરીને ચાલ્યો જાશે. સ્થિતિ પૂરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પણ એની સ્થિતિ એનો સમય જ એ હતો. બીજો સમય હોય ક્યાંથી? પર્યાયનો એક સમય છે. આમ હતું, આમ થઈ ગયું. ઉત્પાદ હતો તો અહીં વ્યય થઈ ગયો. બીજા ભવનો ઉત્પાદ. આહાહા..! આવું નાશવાન. અવિનાશી ભગવાનને નાશવાનમાં રહેવું. આહાહા..! કલંક છે કે નહિ કલંક? આહાહા..! અવિનાશી અમૃતનો સાગર ભગવાન આ માંસના હાડકાના સંબંધમાં.. આહાહા..! ગધેડાના ચામડામાં મેસુબ ભરે. મારેલું તાજા ચામડામાં મેસુબ ભરે તોપણ લોકો દુગંછા કરે. ઉંહું..હું... આ તો ભગવાન આ ચામડાના માંસના હાડકામાં આનંદનો કંદ પ્રભુ બિરાજે છે. આની એને ઓલી નહિ. અરે..! આ હું નહિ.. આ હું નહિ... એમ જ માને. આ શરીર આવું સારું. પણ આ સડેલા હાડકા છે. માંસ અને લોહી સડેલા હાડકાં, ગધેડાના ચામડા કરતા સડેલા છે આ. સમજાણું કાંઈ? એમાં ભગવાન ચૈતન્ય બિરાજે છે. આનંદસ્વરૂપ પ્રભુ તું છો, ભાઈ! એની દૃષ્ટિ કર અને આનંદનું વેદન કર તો અજ્ઞાનચેતનાનો નાશ થાય. ત્યારે તને શાંતિ વળે એવું છે. નહિતર શાંતિ અને સમાધાન ક્યાંય મેળ ખાય એવું નથી. ગયા તમારા? સમાધાન. ઠીક! સમાધાન કાંઈ થાતું નથી. ભાઈ! સમાધાન તો આત્મામાં આ રીતે થાય એવું છે. આહાહા..! સાથે ને સાથે રહ્યા હોય બૈરા અને સાથે ને સાથે છોકરા. બધું સાથે રહ્યા એમાંથી ઉપડી જાય તો શું થઈ ગયું આ? શું થઈ ગયું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ એ કાલે જોયું નહિ? અહીં પ્રેમચંદભાઈ બિચારા મા-દિકરા જેવા રહેતા હતા. ... આમ જોવે ત્યાં જીવતા અને આમ જોવે ત્યાં મરી ગયા છે. આ પણ શું થયું? એક સેકન્ડમાં. આમ જોતા હતા તો સૂવે છે. આમ જોવે ત્યાં ખલાસ. શું થયું પણ? શું થયું જુઓને પણ હવે. હવે? હવે શું? થઈ રહ્યું? આ દશા! ગયો પ્રભુ ત્યાંથી નીકળી ગયો. જડની દશા. આંખ્યું ફાટી રહી. રજકણોની પર્યાય એ રીતે પરિણમીને પડી રહી આમ ને આમ. એ સમયે સમયે પરિણમે છે ત્યાં પણ આમ ક્ષેત્રાંતર ન દેખાય એટલે જાણે આમ થઈ ગયું. આ સ્થિતિ એને આત્માને આ શું? કલંક છે કહે છે. બાપુ! જન્મ લેવો એ કલંક છે. એને ઠેકાણે અવતાર સારો થાય તો બહુ ખુશી થાય છે. મૂર્ખાઈ છે કે નહિ? એય.. મલૂકચંદભાઈ!

આવે છે ને? યોગસારમાં નથી આવતું? શરમજનક જન્મ ટળે. કર્મના .. જન્મ.. જન્મ.. જન્મ... ભગવાનનો જન્મ તો કેવળજ્ઞાનપણે જન્મે કે એ તે શરીરપણે જન્મે આ માંસના લોચાની સાથે? આહાહા..! સમજાણું કાંઈ? પણ એનું એને માહાત્મ્ય ન લાગે. આ જાણે.. શું છે? નજર ક્યાંક અને માહાત્મ્ય કરવું. આ વસ્તુનું માહાત્મ્ય કરવું એ શી રીતે થાય? છે કોણ એનું અનુમાન કરીને પણ એણે માહાત્મ્ય કર્યું નથી. મારામાં પૂર્ણ આનંદ અને જ્ઞાનનો ઘન છું. એકલો ચિદ્દઘન છું. ગમે તેટલો આનંદ ખેંચો અનંત અનંત તો પણ ખૂટે નહિ એવો આનંદ છે. એવો ખાણ ખજાનો છે. પુણ્ય અને પાપભાવ લૂંટી જાય છે એને. લૂંટી નાખે છે. હાથે કરીને લૂંટાય છે. હોંશથી લૂંટાય છે. બોલે પાછા ઊંધુ. સમજાય છે? કર્મ મને હણે છે, કર્મ મને હણે છે. આહાહા..! લૂંટાય છે તું અને કર્મ હણે આ ઊંધું ક્યાંથી કાઢ્યું તેં?

કહે છે, તું પ્રલય કર. જો તું કર. તેં કર્યું છે અજ્ઞાન એ અજ્ઞાનનો નાશ તું કર. બીજો કરે કોણ? પણ ઝીણું ને બહુ અભ્યાસ નહિ. એટલે માણસને (થાય) આ શું છે? કાંઈ સૂઝ પડતી ન હોય અંદર. આહાહા..! પણ આ સૂઝ પડે જ છૂટકો છે. એ વિના ક્યાંય શાંતિ વળે એવું નથી. ધૂળમાંય નથી ક્યાંય. '**એ રીતે અજ્ઞાનચેતનાનો પ્રલય કરાવીને જ્ઞાનચેતના...**' એટલે ભગવાન આત્મામાં ચેતાવ્યો છે. એમાં જગાડ્યો છે. જે રાગ ને પુણ્ય ને ફળમાં જાગતો હતો એ આત્મામાં જગાડ્યો છે. ભાઈ! એમાં જાગ, એમાં જો, એને જો. એને ચેત ચેત. ઓલી અગ્નિ ચેતાવતા નથી? નથી કહેતા? શું કહે અગ્નિ કરે ત્યારે? અગ્નિ ચેતાવે નથી કહેતા? એમ આત્માને ચેત એમ કહે છે. આહાહા..! જાગૃત થા ભગવાન! તું રાગરૂપ છો, તું દ્વેષ છો કે તું આનંદ છો? આનંદસ્વરૂપ છો ને પ્રભુ! એની જાગૃતિમાં એકાકાર થા, એકાકાર થા, તને શાંતિ વળશે, સમાધાન થશે, સંતોષ થશે, ભવિષ્યમાં કેવળજ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈને મુક્તિ થશે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પણ જેને આ દુકાન ઉઠાવવી હોય એની આ વાતું છે. આ દુઃખની દુકાન માંડી છે એને ઉઠાવવી ગોઠતી નથી. થોડી થોડી રાખું, થોડું રાખો. થોડું તો ઝેર પી લઉં. અનાદિથી પીધું છે ને, ટેવ પડી ગઈ છે ને. વ્યસની વ્યસની થઈ ગયો છે. વ્યસની. વ્યસનનો અર્થ પીડા થાય છે. ભાઈ! નહિ? વ્યસનનો અર્થ પીડા થાય. વ્યસનનો અર્થ જ પીડા થાય. એ પીડાનો વ્યસની થઈ ગયો છે. પીડાનો પીડાવાળો છે. આહાહા..! ભાઈ! તારી ચીજમાં તો અનાકુળતા છે ને. એવા આનંદને નચાવને, પરિણમને. નચાવવું એટલે પરિણમવું. નાચ કરે ને માણસ નાચ? પરિણમ.. પરિણમ.. ભગવાન! તારા શુદ્ધ સ્વરૂપમાં તું પરિણમ અને રાગ અને અજ્ઞાનનો પ્રલય-નાશ કર.

'**એ જ્ઞાનચેતના સદા આનંદરૂપ-**' છે. જુઓ! ભગવાન આત્મા એમાં ચેતવું, એને જગાડવો એમાં આનંદ છે કહે છે. રાગને ઉત્પન્ન કરવો, પુણ્ય-પાપને ઉત્પન્ન કરવો એમાં તો દુઃખ છે. સમજાય છે? જગાડવો એટલે પ્રગટ કરવો. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે એમાં એકાગ્ર થતાં ભગવાન આનંદ સહિત પ્રગટ થાય છે. '**એ જ્ઞાનચેતના સદા આનંદરૂપ...**' જુઓ! જ્ઞાનચેતના ચોથેથી કહે અને આનંદ ન કહે. એય..! સમજાણું કાંઈ? ઓલા ના પણ પાડે છે, જ્ઞાનચેતના તેરમે જ હોય. આહા..! શું કરે છે આ? ચોખ્ખું કહે જ્ઞાનચેતના નથી તો આનંદ નથી તો સમ્યગ્દર્શન નથી. એ તો તેરમે જ્ઞાનની વાત કરી. પંચાસ્તિકાયમાં. જાણીને. ... પંચાસ્તિકાયમાં. જ્ઞાનચેતના એ જ્ઞાનચેતના એ કાંઈક કહેતા હશે. ..પ્રશ્ન નથી ચાલ્યો?

'**જ્ઞાનચેતના સદા આનંદરૂપ-**' છે. જ્યારે ચોથા ગુણસ્થાનમાં રાગથી રહિત રુચિ છોડીને સ્વરૂપની દૃષ્ટિ થઈ તો જ્ઞાનની એકાગ્રતા થઈ તો સાથે આનંદ છે. તો આનંદ છે એ સ્વરૂપાચરણ ન થઈ ગયું? ચારિત્રની શાંતિ છે ભેગી. આનંદ છે, શાંતિ છે, જ્ઞાનની એકાગ્રતા છે, શ્રદ્ધાની પર્યાય પ્રગટ થઈ છે. સ્વચ્છતા, પ્રભુતા આદિ બધી પર્યાયો જ્ઞાનચેતનામાં પ્રગટ છે. પણ મુખ્યપણે જે આનંદનું પ્રયોજન છે તે જ્ઞાનચેતના આનંદસહિત છે એમ કહે છે. '**જ્ઞાનચેતના સદા આનંદરૂપ-**' છે એમ કહે છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થતાં સદા આનંદ જ છે એમાં. જ્ઞાનચેતના હોય અને આનંદ ન હોય તો એ જ્ઞાનચેતના જ નથી. સમજાય છે કાંઈ? કોઈ માણસ કહે કે ભાઈ! અમે ધર્મ તો કરીએ છીએ પણ હજી સુખ લાગતું નથી. આનંદ લાગતો નથી. પણ એનો અર્થ શું થયો? ધર્મ તો સુખરૂપ છે. ધર્મ તો જ્ઞાનની એકાગ્રતાના આનંદ સહિત છે. સમજાણું કાંઈ? કહો, જેઠાલાલભાઈ! પાણી ઊના પીધા, ચોવિહાર કર્યા. ઈ હાથમાં કાસલી રાખીને ફરતા હતા. ઓલી શું કહેવાય ઈ? કાથીનું. ગોળો પાણીની માટલી લઈને ફરતા હતા. લ્યો! એ જાણે.. ઓહોહો..! ઊના પાણી પીવે છે,..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ આવો ધર્મ પણ કાંઈ શાંતિ ન દેખાણી કાંઈ. ભાઈ! ધર્મ નહિ હોય એમાં. આહાહા..!

કહે છે કે '**જ્ઞાનચેનતા સદા આનંદરૂપ-પોતાના સ્વભાવના અનુભવરૂપ-છે.**' કહ્યું હતું ત્યાં, નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવમાં પરિણમતો. '**પોતાના સ્વભાવના અનુભવરૂપ...**' તો એ ક્યાં વિકારના અનુભવરૂપ છે? એમ કહે છે. લ્યો! કેટલું તો મૂક્યું. જ્ઞાન, આનંદ અને સ્વભાવનો અનુભવ ભેગો છે. આહાહા..! અનંતગુણા અનંતગુણા અનંત ગુણોની શક્તિ વ્યક્તતા પ્રગટ થાય છે ત્યાં આનંદ સહિત પ્રગટ થાય છે. સ્વચ્છતા સહિત, વીર્ય સહિત, પ્રભુતાની, પ્રભુતાની પરમેશ્વરતાની સહિત પ્રગટ થાય છે. પરમેશ્વરપણું લેતું જ્ઞાનચેતના પ્રગટ થાય છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

'**તેને જ્ઞાનીજનો સદા...**' પીવો એમ હતું ને એમાં? પીવો. પીવો એટલે '**ભોગવો. એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**' લ્યો! એમ ભગવાન સંતોનો જગતને આ ઉપદેશ છે. આ ઉપદેશને ઉપદેશ કહીએ. બાકી ગોટા વાળે આમ થાય છે ને તેમ થાય છે ને વ્યવહાર કરો, ધર્મ થાશે, પુણ્ય કરશો તો આ થાશે. એ ઉપદેશ જ નથી ધર્મનો. અધર્મનો ઉપદેશ છે. કહો, સમજાણું કાંઈ? એના હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે કે આ જ કરવા જેવું અને એથી ધર્મ થાય એવી શ્રદ્ધાનો જ્યાં પાકો પાયો નથી એ અંતરમાં વળી શી રીતે શકે? શ્રદ્ધામાં જ ગોટા હોય એ આ પુણ્યથી થાશે, રાગથી થાશે, .. આ થાશે, તે થાશે કેટલી ગડબડ કરે છે. ઓહોહો..! કર્મનો ઉદય હોય તો થાશે આમ. દ્રવ્યકર્મથી ભાવકર્મ, ભાવકર્મથી દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મથી ભાવકર્મ. ચાલી જ જાય છે શ્રેણી. પણ આત્માને ભાવકર્મ ટાળવાનું કે દી રહ્યું હવે? સમજાણું? અહીં તો અત્યારે ટાળવાની વાત કરે છે. કર્મચેતના ટાળવાની વાત કરે છે ને? તો શી રીતે ટળશે? દ્રવ્યકર્મ, ભાવકર્મ થયા કરશે તો પછી ટળશે શી રીતે? દ્રવ્યકર્મના કાળે સ્વભાવની એકાગ્રતાથી તેનું ભાવકર્મ થવા દેતો નથી. એનો નાશ કરે છે ત્યારે જ્ઞાનચેતના એકાગ્ર થાય છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

'**આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે, તેથી જ્ઞાનને કર્તાભોક્તાપણાથી ભિન્ન બતાવ્યું;...**' છે ને? કર્તા-ભોક્તા કીધું. કર્મચેતના જે પુણ્ય-પાપના પરિણામ એ કર્મચેતના અને ઓલો ભોક્તા. કર્મના નિમિત્તથી ફળ થાય હરખ-શોક એ ભોક્તા. બેયનો ત્યાગ કરાવ્યો છે. '**હવેની ગાથાઓમાં અન્ય દ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી જ્ઞાનને ભિન્ન બતાવશે.**' આત્માને. જ્ઞાન એટલે આત્મા. '**તે ગાથાઓની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :-**' લ્યો!

**इतः पदार्थप्रथनावगुण्ठनाद्-**
**विना कृतेरेकमनाकुलं ज्वलत्।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**समस्तवस्तुव्यतिरेकनिश्चयाद्-**
**विवेचितं ज्ञानमिहावतिष्ठते।।२३४।।**

વંશસ્થ. આ તો જેમ બેસે એમ બેસાડીએ. આપણને ક્યાં દેશી આવડતી હતી. કહો, સમજાણું? એ પંડિતજીને આવડે. **'અહીંથી હવે (આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં હવેની ગાથાઓમાં એમ કહે છે કે-) સમસ્ત વસ્તુઓથી ભિન્નપણાના નિશ્ચય વડે જુદું કરવામાં આવેલું જ્ઞાન,...'** એટલે આત્મા. બધી ચીજથી. પુણ્ય-પાપના વિકલ્પથી માંડી અધ્યવસાય આવશે ને અંદર હજી? એનાથી માંડી બધા અચેતન છે. એનાથી માંડી સર્વ વસ્તુથી-પુણ્ય, પાપ, શરીર, વાણી, મન આદિ, શબ્દ-રસ આદિ. **'ભિન્નપણાના નિશ્ચય વડે જુદું કરવામાં આવેલું...'** ભિન્નપણાના નિશ્ચય વડે, પરથી જુદાપણાના નિશ્ચય વડે **'જુદું કરવામાં આવેલું...'** આત્મતત્ત્વ **'પદાર્થના વિસ્તાર સાથે ગૂંથાવાથી...'** એ જ્ઞાનમાં તે જણાય છે એ રીતે ગૂંથાણું હોય એમ અમને લાગે છે. **'પદાર્થના વિસ્તાર સાથે ગૂંથાવાથી (-અનેક પદાર્થો સાથે, જ્ઞેયજ્ઞાનસંબંધને લીધે, એક જેવું દેખાવાથી)...'** એક જેવું દેખાય છે. એમ. શબ્દ, રૂપ, શાસ્ત્ર આદિ એનું જ્ઞાન થતાં જાણે શાસ્ત્રથી જ્ઞાન થયું, શબ્દથી જ્ઞાન થયું, એમ જ્ઞેયથી જ્ઞાન થયું એમ એક જેવું દેખાય છે.

**'જ્ઞેયજ્ઞાનસંબંધને લીધે, એક જેવું દેખાવાથી)...'** બે સંબંધ છે ને? જેવું જ્ઞાન છે, જેવું જ્ઞેય એવું જ્ઞાનમાં જણાય? એવું જણાતા જાણે એને લઈને આ જણાણું. એટલે નિમિત્તની પ્રીતિ એને છૂટતી નથી. **'ઉત્પન્ન થતી...'** જ્ઞેયજ્ઞાનસંબંધથી **'ઉત્પન્ન થતી (અનેક પ્રકારની) ક્રિયા...'** વિકારી. **'તેનાથી રહિત એક જ્ઞાનક્રિયામાત્ર,...'** લ્યો! જ્ઞાનને જ્ઞેય સાથે સંબંધ ધરાવતું જે વિકલ્પની ઉત્પત્તિ અને મિથ્યાભ્રાંતિની ઉત્પત્તિ એ ક્રિયાને રહિત કરીને એ જ્ઞાનમાત્ર ક્રિયા. કહો, **'એક જ્ઞાનક્રિયામાત્ર,...'** જુઓ! આ ક્રિયા આવી. ક્રિયા આવી છે કે નહિ આ? એ ચૈતન્ય ભગવાન પોતામાં એકાગ્ર થાય એ જ્ઞાનક્રિયા છે. રાગમાં એકાગ્ર થાય એ વિકારી વિભાવિક ક્રિયા છે. એ તો અધર્મ ક્રિયા છે. સમજાણું?

**'એક જ્ઞાનક્રિયામાત્ર,...'** જુઓ! એક જ્ઞાનક્રિયામાત્ર **'ઉત્પન્ન થતી (અનેક પ્રકારની) ક્રિયા તેનાથી રહિત...'** અસ્તિ-નાસ્તિ. વિકલ્પથી રહિત એટલે બધાના સંબંધથી રહિત, પોતાના જ્ઞાનસ્વભાવ સાથે સંબંધ કરતી એક જ્ઞાનક્રિયામાત્ર. જ્ઞાનક્રિયામાત્રમાં સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવ્યું. સમજાણું કાંઈ? શુદ્ધ સ્વભાવ સર્વવિશુદ્ધ ચૈતન્ય ભગવાન, એનું જ્ઞાન, એની શ્રદ્ધા અને એની સ્થિરતા એક જ્ઞાનક્રિયામાં ત્રણે સમાઈ ગયા. સમજાણું કાંઈ?

**'એક જ્ઞાનક્રિયામાત્ર, અનાકુળ (-સર્વ આકુળતાથી રહિત)...'** આનંદ તો ભેગો છે ક્રિયામાં. એમ કહે છે. જ્ઞાનક્રિયામાં આનંદ ભેગો છે. રાગની ક્રિયામાં આકુળતા ભેગી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આહાહા..! **'અને દેદીપ્યમાન વર્તતું થકું,...'** દેદીપ્યમાન. જેમ સોનાને ગેરુ લગાવે અને ગેરુથી દેદીપ્યમાન થાય, એમ ચૈતન્ય ભગવાન પોતાના પ્રકાશથી શોભતો, રાગની, પુણ્યની ક્રિયા અને પરદ્રવ્યના સંબંધની ક્રિયાથી છૂટતો, પોતાના જ્ઞાનક્રિયા માત્રમાં આવતો દેદીપ્યમાન થાય છે. પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રકાશે છે. પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રસિદ્ધિને પામે છે.

**'દેદીપ્યમાન વર્તતું થકું, નિશ્ચળ રહે છે.'** જ્ઞાન એટલે આત્મા. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- હવેની ગાથાઓમાં જ્ઞાનને સ્પષ્ટ રીતે સર્વ વસ્તુઓથી ભિન્ન બતાવે છે.'** આનું આપણે પુસ્તક થઈ ગયું છે. નહિ? ભેદવિજ્ઞાન. કુંડલાથી છપાણું ને. રાયચંદ જગજીવનદાસ, નહિ?

**सत्थं णाणं ण हवदि जम्हा सत्थं ण याणदे किंचि।**
**तम्हा अण्णं णाणं अण्णं सत्थं जिणा बेंति।।३९०।।**
**सद्दो णाणं ण हवदि जम्हा सद्दो ण याणदे किंचि।**
**तम्हा अण्णं णाणं अण्णं सद्दं जिणा बेंति।।३९१।।**
**रूवं णाणं ण हवदि जम्हा रूवं ण याणदे किंचि।**
**तम्हा अण्णं णाणं अण्णं रूवं जिणा बेंति।।३९२।।**

ઓહોહો..! શબ્દે શબ્દે વીતરાગ આમ કહે છે, વીતરાગ આમ કહે છે. જુઓ તો ખરા! આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર આમ કહે છે ને પ્રભુ! એમ. ગાથા દીઠ..

**वण्णो णाणं ण हवदि जम्हा वण्णो ण याणदे किंचि।**
**तम्हा अण्णं णाणं अण्णं वण्णं जिणा बेंति।।३९३।।**
**गंधो णाणं ण हवदि जम्हा गंधो ण याणदे किंचि।**
**तम्हा अण्णं णाणं अण्णं गंधं जिणा बेंति।।३९४।।**
**ण रसो दु हवदि णाणं जम्हा दु रसो ण याणदे किंचि।**
**तम्हा अण्णं णाणं रसं च अण्णं जिणा बेंति।।३९५।।**
**फासो ण हवदि णाणं जम्हा फासो ण याणदे किंचि।**
**तम्हा अण्णं णाणं अण्णं फासं जिणा बेंति।।३९६।।**
**कम्मं णाणं ण हवदि जम्हा कम्मं ण याणदे किंचि।**
**तम्हा अण्णं णाणं अण्णं कम्मं ण जिणा बेंति।।३९७।।**
**धम्मो णाणं ण हवदि जम्हा धम्मो ण याणदे किंचि।**
**तम्हा अण्णं णाणं अण्णं धम्मं जिणा बेंति।।३९८।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



णाणमधम्मो ण हवदि जम्हाधम्मो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णमधम्मं जिणा बेंति।।३९९।।
कालो णाणं ण हवदि जम्हा कालो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं कालं जिणा बेंति।।४००।।
आयासं पि ण णाणं जम्हायासं ण याणदे किंचि।
तम्हायासं अण्णं अण्णं णाणं जिणा बेंति।।४०१।।
णज्झवसाणं णाणं अज्ढवसाणं अचेदणं जम्हा।
तम्हा अण्णं णाणं अज्झवसाणं तहा अण्णं।।४०२।।
जम्हा जाणदि णिच्चं तम्हा जीवो दु जाणगो णाणी।
णाणं च जाणयादो अव्वदिरित्तं मुणेयव्वं।।४०३।।
णाणं सम्मादिट्ठिं दु संजमं सुत्तमंगपुव्वगयं।
धम्माधम्मं च तहा पव्वज्जं अब्भुवंति बुहा।।४०४।।

રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું-જિન કહે; ૩૯૦.
રે! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો-જિન કહે; ૩૯૧.
રે! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું-જિન કહે; ૩૯૨.
રે! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો-જિન કહે; ૩૯૩.
રે! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી-જિન કહે; ૩૯૪.
રે! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો-જિન કહે; ૩૯૫.
રે! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો-જિન કહે; ૩૯૬.
રે! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું-જિન કહે; ૩૯૭.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**રે! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો-જિન કહે; ૩૯૮.**
**અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો-જિન કહે; ૩૯૯.**
**રે! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો-જિન કહે; ૪૦૦.**
**આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,**
**તે કારણે આકાશ જુદું, જ્ઞાન જુદું-જિન કહે; ૪૦૧.**
**નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,**
**તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.**
**રે! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,**
**ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત એમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.**
**સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને**
**ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.**

પર્યુષણમાં આવ્યું હતું એક ફેરી. નહિ? આ લખ્યું છે. પુસ્તક બનાવ્યું ને? પર્યુષણમાં આવ્યું હતું.

'**ટીકા :- શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત) જ્ઞાન નથી,...**' એ શબ્દો લખેલા શાસ્ત્રના એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? લ્યો! જિનવર વાણીમાં તો બધા જિનવરના ભાવ ભર્યા છે. ઈ વળી આ કહે છે, મૂર્તિમાં એમ કંઈ નથી પણ અક્ષરો જિનવાણીમાં બધા ભાવ (ભર્યા છે). પણ જિનવાણી શ્રુત તો અહીં જડ છે. આહાહા..!

મુમુક્ષુ :- .. તો પુદ્ગલના છે.

ઉત્તર :- પુદ્ગલની પર્યાય છે, એ તો પુદ્ગલની પર્યાય છે અને પુદ્ગલના ગુણો એમાં છે. કહો, સમજાણું કાંઈ?

'**શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત)...**' વાણી બોલાય કે લખેલા દ્રવ્યશ્રુત એ જ્ઞાન નથી. વાણી જ્ઞાન નથી, લખેલા શબ્દો જ્ઞાન નથી, દ્રવ્યશ્રુત. પછી શબ્દ જુદો પાડશે. શ્રુતના શબ્દો જે લખેલા છે આ શાસ્ત્ર, એ જ્ઞાન નથી. આ જ્ઞાન નથી. શબ્દો છે દ્રવ્યશ્રુત એ જ્ઞાન નથી.

મુમુક્ષુ :- જ્ઞાન પૂજા તો કરીએ ને.

ઉત્તર :- જ્ઞાનની પૂજા શેની? આ તો આત્માના જ્ઞાનની પૂજા છે. એ તો દ્રવ્યશ્રુત

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે અને વિકલ્પ ઉઠ્યો છે વ્યવહારે દ્રવ્યપૂજા છે. એમાં જ્ઞાન છે? આ શ્રુતની પૂજા કરે છે ને? એ તો આવી ગયું છે નહિ બીજા કળશમાં? ભાઈ! એ કહેનાર છે એ સર્વજ્ઞ અનુસારી વાણી છે એટલે એ વ્યવહારે પૂજ્ય છે. વ્યવહારે પૂજ્ય છે, લક્ષ જાય છે શુભભાવથી. બાકી એમાં જ્ઞાન નથી કાંઈ. વાણીમાં જ્ઞાન છે? શબ્દોમાં જ્ઞાન છે? પણ શબ્દોમાં જ્ઞાન ન હોય તો સામો સમજે શી રીતે? શબ્દોમાં જ્ઞાન છે ત્યારે સમજે છે ને. વળી એમ કહે છે એક જણો. કહો. આ શબ્દોમાં જ્ઞાન ન આવતું હોય તો ઓલું જ્ઞાન એને થાય શી રીતે? લ્યો! અને તે શબ્દોમાં જ્ઞાન ક્યાં છે? શબ્દો તો એ જ્યારે જ્ઞાન પોતે પરિણમે છે ત્યારે એને નિમિત્ત કહેવાય. નિમિત્તનો અર્થ એ જડ અચેતન શબ્દ છે. એમાં જ્ઞાન છે? એનાથી જ્ઞાન થયું છે? એનાથી જ્ઞાન થાય છે? અને જ્ઞાનનો પર્યાય શબ્દમાં આવે છે? ત્યારે આવે છે શું? વળી એક જણો નહોતો કહેતો? આ શબ્દોમાં આવે છે ને? બરાબર એવું જ ભાષામાં આવે, એવું જ આવે છે. અમને એવું જ જ્ઞાન થાય છે. પણ એ તો જ્ઞાન તારી પર્યાયથી થાય છે. અહીં પણ શબ્દ વિનાની પર્યાય છે એ તો આત્મામાં છે. શબ્દની પર્યાયમાં જ્ઞાન ક્યાં આવ્યું? સમજાણું? કૈલાસચંદજીએ લખ્યું છે. દિવ્યધ્વનિમાં જ્ઞાન નથી. દિવ્યધ્વનિમાં જ્ઞાન ક્યાં છે? એ તો જડની પર્યાય છે. એમાં જ્ઞાન છે? શ્રુતથી જ ઉપાડ્યું છે. રચનાત્મક બોલણીરૂપ હોય કે લખાણરૂપ હોય. સમજાય છે કાંઈ? એ સિવાયના શબ્દો પછી લેશે. અહીં તો પહેલેથી ઉપાડ્યું આ.

ભગવાનની દિવ્યધ્વનિ પણ નીકળે ૐ એમ શબ્દ નીકળે આખા અંગમાંથી. સમજાણું? એ શ્રુત છે એમાં જ્ઞાન નથી. એ તો પ્રવચનસારમાં નથી આવ્યું? એ તો ઉપાધિ છે. ઉપાધિ છે. કાઢી નાખવા જેવી ચીજ છે. આવે છે ને? સમજાણું કાંઈ? એ તો ઉપાધિ છે. ઓલામાં આવ્યું ને સમયસાર? હરિભાઈની બાળપોથીમાં. શાસ્ત્રથી જ્ઞાન થાતું નથી. તો ઓલો ભડક્યો. ભડક્યો. .. છે ને? લ્યો! અત્યારથી આ છોકરાને આવું શીખવવું? પણ હવે ભાઈ સાચું પહેલેથી શીખવવું કે ખોટું શીખવવું? એમ કે શાસ્ત્રમાં, શાસ્ત્રજ્ઞાન નથી. બાળપોથીમાં (આવે છે). તમે હતા ને તે દી? એને ત્યાં .. સાચી વાત છે. ત્યારે કહે કે છોકરાવને આ (અત્યારથી)? પણ છોકરાવને સાચું શીખવવું કે ખોટું? પહેલું ખોટું શીખવવું અને પછી ખોટા શીખવવામાંથી સાચું આવશે એમ હશે? અરે..! ભગવાન!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિનય કરે. પણ વિનય ત્યારે જ કરશે. જ્યારે યથાર્થ ભાન થશે એટલે એનું નિમિત્તપણું દેખીને વિકલ્પ સ્થાપનામાં આવશે. જ્ઞાન થયા પછી જ ખરેખર વિનય સ્થાપના નિક્ષેપ ગણવામાં આવે છે. નહિતર સ્થાપના નિક્ષેપ ગણવામાં આવે છે ક્યાં? જ્ઞાન યથાર્થ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થયે જ્ઞેયના ભેદોને, જ્ઞેયના ભેદને યથાર્થ જ્ઞેય તરીકે જાણે છે. કહો, સમજાણું?

'**શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત) જ્ઞાન નથી,...**' ઓલાએ લખ્યું હતું ને એક પંડિતે ઓલા તારણસ્વામીના. નહિ, એમાં ભાવ ભર્યા છે. વાણીને પૂજીએ છીએ. મૂર્તિને પૂજીએ છીએ. મૂર્તિમાં ક્યાં જ્ઞાનભાવ ભર્યા છે? પણ આમાં પણ ક્યાં છે અને એમાં પણ ક્યાં છે? બેય સરખા છે, સાંભળને! માણસને પક્ષ થઈ જાય છે ને પક્ષ. મૂર્તિને ન માનવી. વાણીને માનવી. કેમ કે વાણીમાં ભગવાનનું જ્ઞાન થાય છે. એનાથી જ્ઞાન થાય છે. એનાથી જ્ઞાન થાય? ત્યાં જ્ઞાન છે? વાણીમાં જ્ઞાન છે તે ત્યાંથી થાય? માણસ જ્યાં પકડાય છે ને એમાંથી એને ખસવું એવું માથું ફરી જાય છે, માથું ફરી જાય.

મુમુક્ષુ :- ... નામ નહિ.

ઉત્તર :- નામ નહિ. સમજાણું કાંઈ? એમ કરે છે ને. અહીં તો નામ વિનાની વાત ચાલે છે. કેટલાક એમ કહે છે. મૂર્તિમાં નથી અને વાણીમાં બધું ભર્યું છે. ત્યારે આપણને જ્ઞાન થાય છે વાંચીને. વાંચે છે તો જ્ઞાન ત્યાં છે? અહીં જ્ઞાન છે? જ્ઞાનનો પર્યાય ત્યાં લટકે છે કે અહીં છે? આ તો અજ્ઞાન છે. આ તો વાણી અજ્ઞાન છે. વાણી તો અજ્ઞાન એટલે એમાં જ્ઞાન છે નહિ. અને ભાષા પણ કેવી લીધી, જુઓ! '**ण किंचि**' શબ્દ છે એમાં? જુઓ ભાષા! મૂળ પાઠ એમ છે ને. '**णाणं ण जाणदे किंचि।**' એમ છે ને પહેલેથી? જુઓ! એ તો આમાં ..માં નથી લીધું ને. '**રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,**' એ તો મૂળ પાઠ છે. કંઈ. એ કંઈ ન જાણે ત્યારે આ બધું જાણે. જાણનાર ભગવાન છે. સમજાણું કાંઈ? જુઓ! શાસ્ત્ર કાંઈ ન જાણે. એમ કરીને અકિંચિત્કર સિદ્ધ કર્યું છે અહીંયાં. તારા જ્ઞાનની પર્યાય માટે શાસ્ત્ર અકિંચિત્કર છે. બિલકુલ કારણ છે નહિ. કારણ કે એમાં જ્ઞાન છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- એમાં કારણ પણ આવી ગયું ભેગું. આવ્યું કે નહિ એમાં? એય..! કાંઈ ન જાણે તો કારણ ન આવ્યું? કાંઈ કારણ નથી તને. સાંભળને! એ તો નિમિત્ત કારણ કહેવું એટલે કારણ નથી એને કારણ કહેવાય છે. એ વ્યવહારનય એવું છે. એ વ્યવહારનયના લક્ષણ એવા છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાન નથી, કારણ કે શ્રુત અચેતન છે;...**' એમાં લઈ જવું. ઓલો મૂળ પાઠ છે એ. જ્ઞાન નથી એટલે કંઈ જ્ઞાન નથી. શાસ્ત્ર કાંઈ જાણતું નથી. જરીએ જાણતું નથી. શાસ્ત્રના શબ્દો, દિવ્યધ્વનિ કાંઈ જાણતી નથી. લ્યો! દિવ્યધ્વનિ કાંઈ જાણતી નથી. ભારે વાત ભાઈ! ઓલો કહે, નહિ. દિવ્યધ્વનિ પરથી પ્રમાણભૂત છે. એ પ્રશ્ન હતો મોટો. શ્રુત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે, એનું પ્રમાણપણું પરથી છે. એટલે જ્ઞાનથી છે. પણ જ્ઞાન અડ્યું નથી, જ્ઞાન એમાં નથી અને એ વાણી જ્ઞાનમાં નથી. તો જ્ઞાનને લઈને પ્રમાણપણું આવ્યું એ તો વ્યવહારથી કહેવાની વાત છે. દિવ્યધ્વનિનું પ્રમાણપણું એટલે પોતાથી પોતાની પર્યાયનું પ્રમાણપણું છે. પ્રમાણ એટલે કે એ જાતનું એમાં કથન બરાબર છે. એમ. સ્વપર કહેવાની વાર્તા શબ્દોમાં બરાબર છે. એમ. સમજાય છે કાંઈ? સ્વ-પરને જાણવાની વાત બિલકુલ શબ્દમાં નથી. એમ કહેવું કે દિવ્યધ્વનિ કાંઈ જાણે નહિ. કુંદકુંદાચાર્ય ઉથલાવી નાખે છે ને? પણ ઈ એમ જ છે. ભગવાનને ખબર નથી કે આ વાણી છે? વાણી જ્ઞેયરૂપે જ્ઞાનમાં જણાણી છે કે જ્ઞાનરૂપે જ્ઞાનમાં જણાણી છે? આહાહા..! વ્યવહારને ઉપાધિ કહી છે. પ્રવચનસારમાં કીધું ને? પુદ્ગલસ્વરૂપ છે ભગવાનની વાણી. ચૈતન્યસ્વરૂપ છે? કેવળજ્ઞાનનો અંશ આવ્યો છે વાણીમાં જરીએ? કેટલો આવતો હશે? કોઈનો પર્યાય કોઈમાં જાય તો પર્યાય વિનાનું દ્રવ્ય થાય તો ધર્મ વિનાનું દ્રવ્ય અધર્મી થઈ જાય. એટલે ધર્મ વિનાનું ખાલી થઈ જાય. એમ. સમજાણું કાંઈ? પંડિતજીએ મૂક્યું છે ને પહેલું મૂક્યું છે. મુન્નાલાલ. ધર્મ વિનાનું એટલે પર્યાયરૂપી ધર્મ એનો જો એનાથી ન હોય તો એ ધર્મ વિનાનું દ્રવ્ય દ્રવ્ય જ અધર્મ થઈ જાય. ધર્મ વિનાનું ખાલી થઈ જાય. એ પર્યાય પોતાથી થાય છે. આનાથી થાતી નથી. એમ સિદ્ધ કર્યું છે. બહુ થોડા શબ્દોમાં સિદ્ધ કર્યું છે. વાંચ્યું? સમજાણું કાંઈ? આધાર-બાધાર આપ્યા નથી. ન્યાય જ એકલા આપ્યા છે. ન્યાય સમજને. ઉપરથી પાનાના આધાર આપે એમાં સમજ એમાં શું?

મુમુક્ષુ :- એ જાણે છે ને કે પાનાના આધાર આપે તો ગડબડ કરશે.

ઉત્તર :- ગડબડ કરશે. પાનાના આધારે એનો અર્થ આમ છે, એનો અર્થ આમ છે. એમ કરશે. કાંઈ નહિ. ન્યાયથી સમજ. સમજાણું કાંઈ?

'**શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત)...**' છે. એમાં જરીએ જ્ઞાન નથી. એમ લઈ લેવું ઓલા કંઈ કંઈમાં. જરીએ જ્ઞાન નથી. દિવ્યધ્વનિમાં જરીએ કેવળજ્ઞાનનો અંશ આવતો નથી. આચાર્યના ઉપદેશમાં એના જ્ઞાનનો એક અંશ આવતો નથી. જો એક અંશ એમાં ત્યાં જાય તો અંશ વિનાનું થઈ જાય, પર્યાય વિનાનું થઈ જાય તો પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. સમજાણું કાંઈ? લ્યો! શું કર્યું એણે? નિમિત્તમાં શબ્દોમાં જ્ઞાન નથી તો જ્ઞાન કર્યું શું આણે? કાંઈ કર્યું નથી, કાંઈ કર્યું નથી. ખરેખર કાંઈ કારણ થયું નથી. એમ. સમજાણું કાંઈ? આવું સ્વતંત્રપણું એને ન બેસે. શબ્દ બહુ સીધા લખ્યા છે નહિ એણે? ભાઈ!

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નિયંત્રણ એને માથે કોઈનું નિયંત્રણ નથી, કબજો નથી. એનો પર્યાયનો. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ તો ઠીક. કાળને માથે કોઈનો કબજો નથી. કાળ એટલે પર્યાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એની. દરેક દ્રવ્યની પર્યાય માથે કોઈનો કબજો-તાબો નથી. સ્વતંત્ર પર્યાય છે એ સમયની. કબજો-ફબજો કેવો? વાણીનો કબજો થયો માટે અહીં જ્ઞાન થયું. કાંઈક કાંઈક વાણી મળી નિમિત્ત, ત્યારે જ્ઞાન થયું. ના. એમાં જ્ઞાન છે તો ત્યાંથી જ્ઞાન થાય? ભારે ભાઈ! સમજાણું કાંઈ?

પોતાની પર્યાય જ્ઞાનની જ્ઞાનમાંથી થાય, ગુણમાંથી થાય છે. એ પર્યાય ગુણ જ્યાં છે ત્યાંથી થાય છે. ગુણ નથી એમાંથી થાય છે? દ્રવ્યશ્રુતમાં ગુણ છે જ્ઞાનનો તે ત્યાંથી થાય? અરે..! પણ તો તો આ નિમિત્ત ઊડી જાય છે. હવે એ વાંધા. ત્યારે જ નિમિત્તપણું રહે છે. નિમિત્ત નિમિત્તનું કાર્ય કરે અને નિમિત્ત પરનું કાર્ય ન કરે તો નિમિત્તપણું નિમિત્તપણામાં રહે છે. નિમિત્ત પરનું કાર્ય કરે તો નિમિત્તપણાનું નિમિત્તપણું રહેતું નથી. આહાહા..! કારણ કે નિમિત્ત અચેતન વાણી છે. એ અચેતનનું કાર્ય કરે. એ જો જ્ઞાનનું કાર્ય કરે તો અચેતનના કાર્યપણે વાણી જ રહેતી નથી. સમજાણું કાંઈ? વાણી છે એ જ્ઞાનનું કાર્ય કરે તો વાણીનું અચેતનપણાની પર્યાય અચેતનપણાની રહેતી નથી. એ અચેતન પોતાના ધર્મ વિનાનું થઈ જાય છે. અચેતનનો ધર્મ અચેતન પર્યાય છે. એ જો જ્ઞાનનું કાર્ય કરે તો અચેતન પર્યાય અચેતનપણે રહેતી નથી. સમજાણું કાંઈ? અને આત્મા પોતાનું જ્ઞાનનું કાર્ય ન કરે અને પરથી કરે તો કાર્ય વિનાનો આ થઈ જાય તો આ પણ અચેતન થઈ જાય. સમજાણું કાંઈ? ઓલું થઈ જાય ચેતન અને આ થઈ જાય અચેતન. અચેતન પર્યાય જ્ઞાનનું કાર્ય થાય તો ચેતન થઈ જાય, એ જડની પર્યાય રહેતી નથી. અને જ્ઞાનનું આ કાર્ય પરથી થાય તો આનું જ્ઞાનનું કાર્ય રહેતું નથી. તો પરનું થતાં તે અચેતન થઈ જાય છે. એમ કોઈ પર્યાય ધર્મ એવો થાય નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ઝઘડા... ઝઘડા... ઝઘડા.

'**શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત) જ્ઞાન નથી,...**' મહારાજ! પણ પાંચમા આરાના માણસોને આવું પહેલેથી કહેશો તો માણસ સ્વચ્છંદી થશે. સ્વતંત્રતા સમજાવવા સ્વચ્છંદી થશે? સ્વતંત્રતાના સમજાવવામાં નિમિત્તમાં સ્વચ્છંદ થાય એવું હશે એનામાં? સમજાય છે કાંઈ? આહાહા..! પરથી થાય અને પોતાથી ન થાય એ સ્વચ્છંદી છે એમ કહે છે. સ્વથી થાય, પરથી ન થાય તે સ્વતંત્ર છે. સમજાણું આમાં? એવી સ્વતંત્રતામાં પૂર્ણ જ્ઞાન નથી એટલે નિમિત્ત પ્રત્યેનું બહુમાન એને આવ્યા વિના રહેશે નહિ. આવ્યા વિના રહેશે નહિ, થયા વિના રહેશે નહિ. પણ જાણશે કે આ વિકલ્પ છે. સમજાણું કાંઈ?

જ્ઞાન નથી તો સમયસાર શાસ્ત્ર લઈને શું કરવા બેઠા? પદ્મપુરાણ લઈને બેસો ને. એમાં કાંઈક ફેર છે કે નહિ જ્ઞાનમાં નિમિત્તમાં? આમાં પ્રશ્ન એમ છે. ભાઈ! ભગવાન! તું શું કહે છો? એમ કે તમને આમાં કાંઈક નિમિત્તની અધિકતા લાગે છે કે જેથી આમાં જ્ઞાન. કાંઈક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અધિકતા કરી. ઓલા નિમિત્ત કરતા આમાં અધિકતા ન હોય તો આ લઈને કેમ બેઠા? પદ્મપુરાણ કેમ વાંચતા નથી? પથરો કેમ સામો રાખીને વાંચતા નથી?

મુમુક્ષુ :- એમ તો નથી...

ઉત્તર :- પણ એ એનો અર્થ થયો કે આ જાતનું રાખ્યું અને આ જાતનું કેમ નહિ? એમ એનો અર્થ. બીજી જાતનું કેમ નહિ? એમ. એય..! આવ્યું છે કે નહિ એવું? આહાહા..!

ભાઈ! એ ત્યાં રહી ગયું. એ તો એનામાં છે. આ પણ એનામાં છે અને પદ્મપુરાણ પણ એનામાં છે. ત્યારે આ જ કેમ? પણ એ કાળે એ કાળે સામે હોય એ તો એ જ હોય. એ તો એને કાળે આવ્યું છે. શું આત્માને કાળે આવ્યું છે? એને કાળે કહો કે એને કારણે. એ પર્યાયનો કાળ છે માટે ત્યાં જ આવે. સમજાણું કાંઈ? એ પર્યાય સ્વતંત્ર છે એમાં. આ રીતે અહીં જ આવવાનો પર્યાય, પાનું ઉઘડવાનો સ્વકાળ એનો સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? પાનું ઉઘડવાનો અને આ પાનું આમ થવાનો એનો કાળ સ્વપર્યાયનો સ્વતંત્ર છે. આત્માને જ્ઞાન થાય છે માટે ત્યાં આવીને ઊભું છે એમ છે નહિ. અને જ્ઞાન થાય છે આમાંથી એમ નથી. એ તો પહેલી વાત અહીં થાય છે. આ સમયસારમાં જ્ઞાન નથી એમ કહે છે. આ સમયસાર પુસ્તકમાં જ્ઞાન નથી.

મુમુક્ષુ :- જ્ઞાન છપાતા હશે પર્યાયમાં ક્યાંય?

ઉત્તર :- આ તો પરમાણુની પર્યાય છે. આ તો. જુઓ!

'**(અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત) જ્ઞાન નથી,...**' કાંઈ જ્ઞાન નથી, જરીએ નથી. '**કારણ...**' હવે કારણ આપે છે જુઓ! '**કે શ્રુત અચેતન છે;...**' એ તો અચેતન છે. વાણી તો અચેતન છે. સમયસાર અચેતન છે, દિવ્યધ્વનિ અચેતન છે. બીજા શાસ્ત્ર આદિ લખેલા જિનવાણી અચેતન છે. અચેતનમાં જ્ઞાન ક્યાંથી આવ્યું? આહાહા..! જ્ઞાનની પર્યાય આપી દીધી અચેતનમાં? અચેતને અહીં આપી દીધી જ્ઞાનની પર્યાય? તો અચેતનમાં જ્ઞાનની પર્યાય છે? એ તો અચેતન પર્યાય છે. એ તો અચેતન પર્યાય છે. જુઓ! આ સામે. સમયસાર કેમ સ્થાપ્યું તમે? બોલવું કાંઈક અને માનવું કાંઈક પાછું અંદર. નવનીતભાઈ! .. એ સ્વતંત્ર છે. અને આ સમયસાર સ્થાપ્યું, લ્યો. અહીં .. તે દી શું બોલતા નહિ તમે? 'ધ્વજ ફરકે રે મારે...' આવે છે ને. 'ધર્મ ધ્વજ ફરકે રે મારે મંદિરીએ.' લ્યો, આવે છે કે નહિ એવું? 'ધર્મ ધ્વજ ફરકે રે મોરે મંદિરીએ...' લ્યો! ધર્મધ્વજ શબ્દ વાપર્યો. ધર્મધ્વજ ફરકે છે, લ્યો! ન્યાં ધર્મધ્વજ હશે? પણ એ તો નિમિત્તના કથન છે. ધર્મધ્વજ ફરકે મોરે મંદિરીયે, લ્યો. પછી શું કાંઈક આવે છે ને? મારે આંગણીએ. 'સ્વાધ્યાય મંદિર સ્થપાણા મારા આંગણીએ.' કહો, સમજાણું? સ્વાધ્યાય તો ભગવાન અહીં કહે છે. આ ચૈતન્યમૂર્તિ ભગવાન તેનું જ્ઞાન

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તેનું નામ સ્વાધ્યાય છે. આવે છે ને ઓલું? નહિ? એકત્વ સપ્તતિ. પદ્મનંદી પંચવિંશતિ. પદ્મનંદી પંચવિંશતિમાં આવે છે. 'પદ એકમ સ્વાધ્યાય, તું એ સ્વાધ્યાય, તું એ જ્ઞાન, તું એ દર્શન, તું એ સાર, તું એ તત્ત્વ, તું એ ભાવ.' જે છે એ તું છો. સ્વાધ્યાય તું છો એમ લખ્યું છે એમાં. સ્વાધ્યાય કોણ? સ્વ અધ્યાય અહીં જ્ઞાનની દશા થવી અંદરમાં એ સ્વાધ્યાય. અહીં તો વિકલ્પ એ પણ સ્વાધ્યાય નથી અને શાસ્ત્ર એ પણ સ્વાધ્યાય નથી લે. સમજાણું કાંઈ? એકત્વ સપ્તતિ છે ને? એમાં છે.

કારણ કે શ્રુત અચેતન છે, લ્યો! એટલે અચેતન કારણ નથી એમ પણ સિદ્ધ કર્યું. એ કારણ નથી જ્ઞાનને, નિમિત્ત કારણ એ કારણ નથી એમ કહે છે. '**માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક (અર્થાત્ ભિન્નતા) છે.**' લ્યો! માટે આ કારણે આત્માના જ્ઞાનને અને શ્રુતને ભિન્નતા, અનેકતા, ભિન્નતા-જુદાઈ છે. બે એક છે નહિ. જ્ઞાન જ્ઞાનથી થાય, વાણી વાણીની પર્યાયથી થાય. વાણીની પર્યાયથી જ્ઞાન થતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ વદ ૮, મંગળવાર તા. ૨૩-૧-૧૯૬૮**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન-૪૬૫**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. ટીકા ચાલે છે ટીકા. મૂળ તો એ સ્વરૂપ છે અહીંયા કે આત્મા દ્રવ્યસ્વરૂપ જે એકલો જ્ઞાનસ્વભાવ છે ત્રિકાળ, એના આશ્રયથી જે જ્ઞાન થાય તેને જ્ઞાન કહેવાય છે. જે સુખરૂપ જ્ઞાન હોય તેને જ્ઞાન કહે છે. સમજાણું? આત્મા સુખરૂપ અને જ્ઞાનરૂપ ત્રિકાળ છે. એનું લક્ષ કરીને, દૃષ્ટિ કરીને જે જ્ઞાન પ્રગટે તે જ જ્ઞાન વાસ્તવિક અબંધનું કારણ અને મોક્ષનું કારણ છે.

અહીં તો એમ કહે છે કે શ્રુત જે દિવ્યધ્વનિ કે પુસ્તકો. વીતરાગની દિવ્યધ્વનિ હો કે પુસ્તકો શાસ્ત્રના રચેલા હોય એ કંઈ જ્ઞાન નથી. એ કંઈ જ્ઞાન નથી. કારણ કે એ તો અચેતન છે. દ્રવ્યશ્રુત, વાણી, દિવ્યધ્વનિ કે લખેલા શાસ્ત્રો તો અચેતન છે. અચેતનમાં કાંઈ જ્ઞાન નથી. કોઈ કહે કે પણ અચેતનથી જ્ઞાન થાય છે ને અહીં? નિમિત્ત છે ને નિમિત્ત? એ કહે છે કે જ્ઞાનનો પર્યાય પરલક્ષી થાય એ પણ પોતાથી થાય છે. એ કાંઈ દિવ્યધ્વનિથી થતો નથી. સમજાણું કાંઈ? દિવ્યધ્વનિના લક્ષમાં પોતાનો જે ક્ષયોપશમભાવ છે, તે પોતાની પર્યાયથી તે જ્ઞાન થાય છે. ત્યારે એ દિવ્યધ્વનિને, આ શાસ્ત્રોને નિમિત્ત કહેવામાં આવે છે. છતાં તે જ્ઞાન કાંઈ વાસ્તવિક જ્ઞાન નથી. નિર્જરાનું કારણ એ જ્ઞાન નથી.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને. ભગવાન આત્મા તદ્દન શુદ્ધ ચૈતન્ય સર્વવિશુદ્ધ-સર્વ પ્રકારે શુદ્ધ. શુદ્ધ શુદ્ધ જ છે. નિર્મળ આનંદ જેણે સંસારના વિકલ્પોનો નાશ કર્યો છે અથવા સંસાર સંબંધીના જ્ઞાનનો પણ જેણે નાશ કર્યો છે. એટલે કે જેનામાં એ નથી. સમજાણું કાંઈ? એવું જે શુદ્ધ ચૈતન્યદળ એનું અહીં સ્વરૂપ છે, એનું વર્ણન છે. એના લક્ષે, એની દૃષ્ટિ કરતાં જે જ્ઞાનદશા થાય, તે જ્ઞાન સમ્યક્જ્ઞાન છે, સુખરૂપ છે અને મોક્ષનું કારણ છે. બાકી દિવ્યધ્વનિ એ જ્ઞાન નથી. કેમ કે એ તો અચેતન છે. ત્યારે કહે એનાથી થાય. એનાથી થતું નથી પણ પોતાથી થાય છે તેને લક્ષે. સમજાણું કાંઈ? ઘણીવાર દિવ્યધ્વનિ પણ સાંભળી છે. સાંભળી છે કે નહિ? ભગવાનના સમવસરણમાં પણ ગયા. વાણી સાંભળી છે. એ જાતનો ખ્યાલ પણ આવ્યો છે. એ ખ્યાલ પોતાથી આવ્યો છે. કાંઈ એમાંથી આવ્યો નથી. પણ તે ખ્યાલેય યથાર્થ-સમ્યક્ જ્ઞાન નહિ એમ કહે છે અહીં તો. કહો, સમજાય છે કાંઈ?

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. જેને કોઈ અપેક્ષા જ પરની નથી. સમજાય છે કાંઈ? એવું જે જ્ઞાન એ તો ચૈતન્યમૂર્તિ પરમપારિણામિક પરમસ્વભાવભાવ જ્ઞાન એટલે પરમસ્વભાવરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાન, તેમાંથી પ્રગટ થતું તે જ્ઞાન, તેને જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? તો પછી વાણી જ્ઞાન છે, દિવ્યધ્વનિ જ્ઞાન છે એ તો નથી. એ તો અચેતન છે. આ તો ચેતનનો પર્યાય પરલક્ષે ઉઘાડ થાય એ પણ ખરું જ્ઞાન નથી તો વળી ઓલું જ્ઞાન ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બરાબર સ્પષ્ટ નથી થાતું.

ઉત્તર :- બરાબર સ્પષ્ટ થતું નથી. એઈ..!

એમ કે જ્યાં દિવ્યધ્વનિ છે નિમિત્ત અને પોતાના કારણે જ્યાં જ્ઞાનનો ક્ષયોપશમનો વિકાસ ત્યાં છે તો એ જ્ઞાન પણ જ્યાં જ્ઞાન નથી તો વાણી જ્ઞાન તો ક્યાં છે? એ તો અચેતન છે. એ તો અચેતન છે. સમજાણું કાંઈ? પણ પોતાની તે સમયની પર્યાયનો ક્ષયોપશમભાવ પરલક્ષી અનંત વાર અગિયાર અંગ આદિ કર્યા પરલક્ષે. નથી કર્યા? દિવ્યધ્વનિ આમ કહે છે, આમ કહે છે. એ જ્ઞાન પોતાની યોગ્યતાથી કરેલું છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન નહિ. એ ખરી યોગ્યતા નહિ એમ કહે છે. આત્મા ત્રિકાળ ચિદાનંદ સ્વરૂપ પરમજ્ઞાનની મૂર્તિ છે. એને સ્પર્શીને જે જ્ઞાન થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. તો પછી વીતરાગની વાણી છે એ જ્ઞાન છે એ તો ત્રણ કાળમાં નથી. એ તો અચેતન છે. પુદ્ગલની પર્યાય છે. સમજાણું કાંઈ? એમાંથી ગણધરને ચાર જ્ઞાનનું જ્ઞાન થાય છે કે નહિ, વાણી સાંભળે ત્યારે? ગણધરો આવે અને ગણધર વાણી જ્યાં સાંભળે. ગૌતમ લ્યો! જ્યાં પેઠા દિવ્યધ્વનિ છૂટી પછી. છૂટી એટલે એકદમ જ્ઞાન ખીલ્યું. લ્યો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તેડવા ગયા. લ્યો! ભગવાનની વાણી નીકળવા માટે તો ગૌતમ સ્વામીને તેડવા ગયા ઈન્દ્ર. લાવ્યા, વાણી નીકળી ત્યારે અહીં જ્ઞાન થયું. એ પહેલા કેમ ન થયું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કહે કાળલબ્ધિમાં થયું. પણ આ જ્ઞાન થયું એ પહેલા કેમ ન થયું? અને એ સમયે થયું? એ સમયે સાંભળીને થયું એ જ્ઞાન નથી. એ આત્માના અંતરથી થયેલા જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. એ વાત છે ભાઈ આ તો. સર્વવિશુદ્ધ અધિકાર છે ને. સમજાણું કાંઈ? તે જ્ઞાન શાંતિનું હોય કારણ કે જે જ્ઞાન પર અપેક્ષિત નથી અને પોતાની સ્વતંત્રતાની શુદ્ધતાને પ્રગટ કરાવે એવા જ્ઞાનને જ્ઞાન કહે છે. કહો, સમજાણું કાંઈ? સંસારના ભણતર-ફણતર તો ક્યાંય ગયા. એ તો કાંઈ પરને લઈને થતું નથી. એ પોતાના ક્ષયોપશમની અવસ્થા છે. પણ અહીં તો વર્તમાન નવું પ્રગટ કરે. સમજાણું કાંઈ? નિગોદમાં હતો જીવ ત્યારે તો કાંઈ નહોતું. અને જ્યાં બહાર આવ્યો, માણસ થયો, અગિયાર અંગનું જ્ઞાન થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લ્યો! નવ પૂર્વનું થાય. સમજાણું કાંઈ? એ જ્ઞાન ત્યાં નહોતું અને અહીં થયું. પણ એ થયું એ પણ કાંઈ પરથી થયું નથી. એ પોતાથી થયું છે. છતાં એ થયેલું એ જ્ઞાન તે વાસ્તવિક જ્ઞાન નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જેમાં જ્ઞાનસ્વરૂપથી ભરેલો ભરિતાવસ્થ, ત્રિકાળ ચિદાનંદ જ્ઞાન ને આનંદનો કંદ ભગવાન છે એનું અંતર્મુખ થઈને જે જ્ઞાન પ્રગટે તે જ્ઞાનને અહીં સર્વવિશુદ્ધજ્ઞાનપર્યાય કહેવામાં આવે છે અને એને મોક્ષનો માર્ગ કહે છે. સમજાણું કાંઈ?

'**શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત)...**' હજી તો રાડ્યું ત્યાંથી કરે. દિવ્યધ્વનિથી જ્ઞાન થયું, એનાથી જ્ઞાન થયું. પહેલા કેમ નહોતું? હજી ત્યાં વાંધા.

મુમુક્ષુ :- દિવ્યધ્વનિથી જ્ઞાન થાય એમ માનતા નથી.

ઉત્તર :- દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિથી જ્ઞાન ન થાય એમ કહેનારને...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ એમ કહે છે. અરે.. ભાઈ! જીભ ન મળે શું, ક્ષયોપશમ જ્ઞાન પરલક્ષે નહિ મળે. સાંભળને હવે. શું કામ છે? પોતાના આત્માને આશ્રયે જ્ઞાન થાય તે જ જ્ઞાન ખરેખર જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું?

નિયમસારમાં નથી લેતા? સામાયિકને શાશ્વત કહે છે ને. શાશ્વત. છે તો વર્તમાન પર્યાય. સમજાણું? વીતરાગી પર્યાય સામાયિક પ્રગટે છે એ સ્વભાવને આશ્રયે શાશ્વત સ્વભાવ છે ને? એનો વીતરાગી ભાવ છે. એમાંથી સમતા પ્રગટી તો એને પણ શાશ્વત કહી દીધી. કેમ કે સ્થિર રહેવાનું છે. એનું ફળ જ એમ ને એમ રહેવાનું છે. એમ જ્ઞાન શાશ્વત અંદર પડ્યું છે એમાંથી આવે તે જ્ઞાનને શાશ્વત કહેવામાં આવે છે. બાકી પરમાં તો જ્ઞાન નથી, પણ પરલક્ષે પોતાના ક્ષયોપશમે જ્ઞાન થયું એ પણ કાંઈ સ્થાયી જ્ઞાન નથી. સ્થાયી જ્ઞાન નથી, અસ્થિર જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..! હજી તો એ બહારનો પોતાને થયેલો ક્ષયોપશમ એનો પણ પાછો એને અહંકાર. કે (મને) કાંઈક જ્ઞાન થયું છે અને હું કાંઈક સમજ્યો છું. આહાહા..! જીવને રોકાવાના કારણો ઘણા, છૂટવાનું કારણ એક.

મુમુક્ષુ :- સ્વભાવનો આશ્રય.

ઉત્તર :- હા. કહે છે. દ્રવ્યમાં તો કાંઈ નથી, ભાઈ! એ તો પુદ્ગલ છે. પુદ્ગલમાં જ્ઞાન ભર્યું હતું? તો વાંચ્યું હતું ને? 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.' નથી બોલતા? પણ એમાં ભાવ ભર્યા છે એમ કહે છે કે નહિ? 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો...' બ્રહ્માંડ તો એને બધું જ્ઞાન, દર્શન, આનંદ બધા ભર્યા હશે ને? બ્રહ્માંડના ભર્યા એટલે ક્યુ બાકી રહી ગયું?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- બ્રહ્માંડમાં કાંઈ બાકી નથી. બધા ભરાઈ ગયા.

ઉત્તર :- કાંઈ બાકી રહ્યું નહિ. બ્રહ્માંડના ભાવો બધા એમાં આવી ગયા. ભાઈએ પંડિતજીએ લખ્યું છે. સ્તુતિમાં નથી બોલતા? સ્તુતિમાં આવે છે કે નહિ સવારમાં? બોલ્યા નહોતા પહેલા સવારમાં? 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.' બ્રહ્માંડ છે એ તો બ્રહ્માંડ છે પણ એના ભાવ એમાં ભર્યા છે. એમ. કહો ત્યારે બ્રહ્માંડમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, કેવળજ્ઞાન બધું છે કે નહિ? એના ભાવો એમાં આવ્યા કે નહિ? કહો, સમજાણું કાંઈ? ભાઈ! એ તો વાત એવી આવે. સમજાવનાર વાણીમાં એનો અવયવ છે એમ બધું સમજાવે. શબ્દબ્રહ્મ છે નથી આવતું? શબ્દબ્રહ્મ છે. પેલામાં નહિ? શબ્દબ્રહ્મ છે. સમયસાર એ શબ્દબ્રહ્મનો એક ભાગ છે. માટે સમયસાર શબ્દબ્રહ્મ છે. શબ્દબ્રહ્મ પણ શબ્દબ્રહ્મ ને. આત્મબ્રહ્મ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું!

અહીં તો કહે છે કે એ વાત મૂળ તો કહેવા માગે છે, હોં! અહીં સર્વવિશુદ્ધ લેવા માગે છે ને? ઓલું તો જ્ઞાન નથી પણ ખરેખર પરલક્ષે થયું એ જ્ઞાન પણ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? લ્યો! છ કાયને ન મારવા. છ કાય. ઓલા આવ્યા છે ને ત્રણ બોલ નહિ? નવ તત્ત્વો તે સમકિત છે. છ કાય તે ચારિત્ર છે. આવે છે ને બંધમાં? નિમિત્ત છે. અહીં કહે છે .. અચેતન છે. પણ એ ખરેખર તો એના સંબંધે ઉઘડેલું જ્ઞાન એ ખરેખર એ ચેતનનું જ્ઞાન નથી એમ કહે છે, લ્યો! આહાહા..! સમજાણું કાંઈ? એને ઠેકાણે હજી પરથી થાય એ તો બહુ પરાધીનતા છે, ભાઈ! એ વસ્તુ એમ હોઈ શકે નહિ. દરેક દ્રવ્યનો પર્યાય વર્તમાન ત્રિકાળ જે સમયે જે થવાનો તે સ્વતંત્ર છે. એ સ્વતંત્ર થયેલું પરલક્ષી જે જ્ઞાન તેને પણ અહીંયાં તો જ્ઞાન કહેવામાં આવતું નથી. ખરેખર તો એ અચેતન છે એમ કહે છે. લે વળી ક્યાં ગયું! ઓલું તો અચેતન વાણી છે પણ એના લક્ષે થયેલું જ્ઞાન પણ અચેતન છે. એય..! કેમ કે કાયમ રહેતું નથી અને ફરી જાય છે એટલે વાસ્તવિક જ્ઞાનની પર્યાય છે જ નહિ. વાસ્તવિક પર્યાય જ્ઞાનની હોય તો સ્થિર સ્થાયી રહે.

આ તો વળી નિયમસારનું યાદ આવ્યું. સ્થાયી સામાયિક. સામાયિક તો પર્યાય છે પણ બાપુ! એ સ્થાયી શુદ્ધતા ચૈતન્ય શાશ્વત છે એમાંથી વીતરાગતા પ્રગટેલી છે એટલે એને સ્થાયી કહે છે. રાગની મંદતા અને કષાયની મંદતાથી દેખાય સામાયિક એ સમતા-બમતા નથી. એ તો ત્યાં કહ્યું છે ને? 'સમતા રહિતને શું વનવાસ કરે...' નહિ? આવે છે ને? વનવાસ, તપસ્યા, મૌનપણું શું કરે? આવે છે ને કાંઈક? સમતારહિત એટલે? ભગવાન આત્મા એકલો સમતાનો પિંડ જ છે. સમજાય છે? જેમ મોક્ષમાર્ગમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ પર્યાય કહેવાય છે એ બધું સ્વરૂપ અંદર પડેલું જ છે. જ્ઞાનસ્વભાવ પડેલો છે, દર્શન સ્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પડેલો છે, ચારિત્ર સ્વભાવ (પડેલો છે) અને તપ જેને કહીએ ને તપ? એ પણ શુદ્ધ પરિણતિ છે ને એક? એ અંદર પડેલી જ છે. તપરૂપ જ આત્મા છે. લે! ન્યાલભાઈ! આ ભારે આવું. સમજાય છે કાંઈ? જેટલી શુદ્ધ પરિણતિ-પર્યાય નિર્મળ છે એ મોક્ષનું કારણ છે. એ બધા રૂપ તો અંદર તો પડેલું જ છે. સ્વરૂપ જ છે એ. ન હોય તો પર્યાયમાં આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? આત્મા જ પોતે દર્શનરૂપ છે, જ્ઞાનરૂપ છે, ચારિત્રરૂપ છે, સતરૂપ છે, આનંદરૂપ છે, સમતારૂપ છે, શાંતરૂપ છે. સમજાણું કાંઈ? પોતે ત્રિકાળ હોં! એ ત્રિકાળના અવલંબનમાંથી જે દશા પ્રગટી તેને જ્ઞાન કહીએ, દર્શન કહીએ, ચારિત્ર કહીએ, તપ કહીએ, શાંતિ કહીએ, સમતા કહીએ, સામાયિક કહીએ. સમજાણું કાંઈ? આહાહા..!

એટલે અહીંયાં કહે છે કે દ્રવ્યશ્રુત છે એ જ્ઞાન નથી. '**કારણ કે શ્રુત અચેતન છે; માટે જ્ઞાનને અને શ્રુતને...**' જુદાઈ છે. બે ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એના લક્ષે થતું જ્ઞાન એનાથી પણ ભગવાન આત્મા ભિન્ન છે. કહે છે ને આગળ પછી જ્ઞાન ને એ બધું છેલ્લે? આત્મા જ્ઞાન અને આત્મા દર્શન. છેલ્લું ઈ કહેશે. અંતરથી અભેદ થઈને દશા પ્રગટી તે જ્ઞાન ને તે સમકિત ને તે ચારિત્ર. એમ. સમજાણું કાંઈ? ઓહોહો..! સમયસારમાં બહુ ગજબ વાતના ઈશારા છે!

ભગવાન આત્મા આમ શુદ્ધ ચિદાનંદનો ઘન છે ને પ્રભુ, વસ્તુ સ્વભાવ છે ને, સ્વભાવ છે ને. અને સ્વભાવ કાંઈ એક શક્તિરૂપ સ્વભાવ નથી, એવી તો અનંત શક્તિરૂપ સ્વભાવ છે. અનંત શક્તિરૂપ સ્વભાવ એનું અનંત (સ્વરૂપ). પણ એ પર્યાય પ્રગટે ભલે પણ એની શક્તિ પણ એક એક સ્વભાવની અનંત છે. સ્વરૂપ છે ને? સ્વરૂપ છે ને? સ્વભાવ છે ને? સત્ સત્ સત્ તેનો ભાવ છે ને? એવા સ્વભાવરૂપ ભાવ તેના અવલંબનથી જે દશા પ્રગટ થાય-જ્ઞાન તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. શેના અભિમાન? કહે છે. સમજાય છે કાંઈ?

આનો અહંકાર જ્યાં દઢતા આવી કે ચિદાનંદ ભગવાન પૂર્ણ છું. એ દઢતા થઈ ત્યારે જે જ્ઞાન પ્રગટ્યું તેને જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું? હજી તો અહીં વાંધા ઉઠાવે. દ્રવ્યસૂત્ર એ પ્રમાણ છે કે નહિ? એના વચન પ્રમાણ છે નહિ તો ભગવાનનું વચન પણ પ્રમાણ નહિ? અરે.. ભગવાન! પ્રમાણ તો આ નિજનું પ્રમાણ થાય એ પ્રમાણ છે, લે. બધા પ્રમાણમાં એ પ્રમાણ. નથી આવતું? જયધવલમાં. આવ્યું છે. બધા પ્રમાણમાં અનુભવ પ્રમાણ (બળવાન) છે. સમજાણું કાંઈ? એમાં નીકળતો ભાવ એ શાસ્ત્ર સાથે મળી જશે વાંચશો તો. અને શાસ્ત્રમાં લખ્યા છે એની દષ્ટિ નહિ હોય તો નહિ મળે અંદરમાં એનો મેળ. સમજાણું કાંઈ?

એટલે કહે છે કે શ્રુત અને જ્ઞાનની જુદાઈ છે. તદ્દન જુદું છે. ભગવાન આત્મા, એનું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જે સમ્યગ્જ્ઞાન અને શ્રુતનું વાણીનું પણ તદ્દન જુદું છે. અને વાણીથી થતું જ્ઞાન જે પોતાના ઉપાદાનથી એ પણ ખરેખર તો જ્ઞાનથી જુદું છે. એ આત્મજ્ઞાન નથી એમ કહે છે. આહાહા..! જેમાંથી સ્થિર સ્થાયી સુખ અને સ્થિર સ્થાયી આનંદ ન મળે એ બધી ચીજો નકામી, નિરર્થક છે. સમજાણું કાંઈ?

**'માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક (અર્થાત્ ભિન્નતા) છે.'** તદ્દન ભિન્ન છે. વાણી અને વાણીથી થતું જ્ઞાન અને ભગવાન આત્મા તેનું તદ્દન જુદાપણું છે લ્યો! કહો, સમજાણું કાંઈ? વળી એમ આવ્યું આજ. અંદર ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ એકલો જ્ઞાનનો કંદ છે. એનો ઉકેલ થઈને એમાં નીકળે જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે બીજું. **'શબ્દ જ્ઞાન નથી,...'** શબ્દ શબ્દો. સમજાણું? શબ્દના માર્યા મરી ગયા અને શબ્દથી તર્યા એવી ભાષા આવે છે. શબ્દના બાણ વાગ્યા. નથી ભક્તિમાં આવતું? ગુરુએ માર્યા શબ્દ અને શબ્દના બાણ વાગ્યા. અહીં કહે છે, શબ્દ એ જ્ઞાન નથી. લે સાંભળને હવે. સમજાણું કાંઈ? એવું આવે છે ભજન હોં! બધું સાંભળેલું લક્ષમાં હશે. અન્યમતિમાં ભજનમાં આવે છે. પહેલા વાંચેલું બધું ઘણું ને. આપણે આમાં ક્યાંક થોડું ઘણું આવે છે ને ઓલામાં. સમયસાર નાટકમાં પાછળ નહિ? ગુરુએ આમ શબ્દ કીધા અને પછી આ સમજ્યો, એવું આવે છે. આ .. ને .. નથી કહેતા?

અહીં તો કહે છે કે શબ્દ ગુરુનું વચન હોય. શબ્દો. સમજાય છે? એ જ્ઞાન નથી. એનાથી જ્ઞાન થતું નથી. એ તો ઓલામાં આવે છે, નહિ? બીજું બધું છોડી દે. ગુરુના વચનોને અંગીકાર કરીને લે. નિયમસારમાં નથી આવતું? એક કળશમાં આવે છે. એક કળશમાં આવે છે. સમજાણું? ક્યાંક આવે છે. કાંઈ બધું યાદ રહે? ભાઈ! આ નથી.. આ નથી.. શબ્દ જ્ઞાન નથી, ફલાણું જ્ઞાન નથી, ઢીંકણું જ્ઞાન નથી. એક ગુરુવચને બતાવેલું જે તત્ત્વ. લે, વળી વચને બતાવેલું. સમજાણું? એણે કહ્યું આ. લ્યો! એવી શૈલી છે ને. એણે કહ્યું એના ખ્યાલમાં આવ્યું કે આ કહેવા માગે છે લ્યો. ખ્યાલમાં આવ્યું એનાથી પમાતું નથી અહીં તો એમ કહે છે. આહાહા..! જેની ખાણમાં આખી કેવળજ્ઞાનની કળા પડી છે. અનંતી કળા અંદર પડી છે સ્વરૂપમાં. એ કળા અંદરથી ખીલે તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. એ સર્વવિશુદ્ધજ્ઞાન છે એનું નામ. સ્વરૂપે શુદ્ધ જ્ઞાન અને પ્રગટ્યું એ શુદ્ધ જ્ઞાન. લ્યો!

**'શબ્દ જ્ઞાન નથી,...'** ચાહે તો ગુરુનો શબ્દ હો, ચાહે તો બીજાનો શબ્દ હો. સમજાણું? જુઓ ભાઈ, નથી ઓલામાં આવતું? પાંચમી ગાથામાં પહેલું? આગમથી મારો નિજવૈભવ પ્રગટ્યો છે. આવે છે કે નહિ? ભાઈ! નિજવૈભવ. બતાવીશ નિજવૈભવ આગમથી. આ ... પ્રકારથી. પાછળથી આવે છે ને? ટીકામાં આવે છે. નહિ? ... પ્રકારથી. એ તો અપેક્ષાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કથન કર્યું. સમજાણું કાંઈ? ભારે! પાંચમી ગાથા નથી આવતી? સમયસારમાં.

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।**

કહું છું તે ગ્રહણ કરજે, અંતરમાં પડજે અને અંતરથી અનુભવથી પ્રમાણ કરજે. આ વાત કહે છે એ બરાબર છે, અનુભવથી (પ્રમાણ) કરજે. સમજાય છે? '**दाएज्ज**' જો દેખાડું તો પ્રમાણ કરજે. પ્રમાણ કરજે. તારા અનુભવમાં જઈને પ્રમાણ કરજે. એને પ્રમાણ કહ્યું, લ્યો. એને પ્રમાણ કહ્યું ને? '**जदि दाएज्ज पमाणं**' પ્રમાણ કરજે. એ પ્રમાણ થયું, લ્યો! સમજાણું કાંઈ? આહાહા..!

'**શબ્દ જ્ઞાન નથી, કારણ કે શબ્દ (પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે,)...**' પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે પણ શબ્દ વિના કોઈને જ્ઞાન થાય? જે માણસ જુઓ પહેલો લ્યો. .. વગર .. જેને ઘડિયાળનો ખ્યાલ નથી એને તમે ઘડિયાળ શબ્દ કાને નહિ પડે તો જ્ઞાન નહિ થાય પહેલું. લ્યો! પાધરું થઈ જશે? એય..! નિગોદમાંથી નીકળ્યો જીવ પહેલો લ્યો! એને કાંઈ ઘડિયાળની ખબર નથી. અનાદિ નિગોદમાં હતો. હવે એ ત્યાંથી આવ્યો શુભભાવથી મનુષ્ય થયો. હવે એને જ્યારે કાને શબ્દ પડશે કે મા ભૂ પા, ફલાણું, ઢીંકણું, ફીંકણુ. પછી એથી મોટો થાય તો ઘડિયાળ, આ કેરી, આ લાકડું, આ રોટલી તો એને જ્ઞાન હતું પહેલું? એય..! .. પછી થયું. .. પકડ્યો. .. ત્યારે થયું. કહે છે, અહીંથી પકડ્યું એ પણ જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? અને ત્યારે આ થયું છે એ પોતાથી થયું છે. ત્યારે ઓલું નિમિત્ત (કહેવાય). કાંઈ ખ્યાલ નહોતો. એણે ઘડિયાળ સાંભળી નહોતી. શબ્દ પણ સાંભળ્યો હતો નિગોદમાં અનાદિથી? ઘડિયાળ શબ્દ સાંભળ્યો હતો અનંત કાળમાંથી? રોટલી શબ્દ ત્યાં સાંભળ્યો હતો કોઈ દી? અહીં રોટલી શબ્દ સાંભળ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે નહિ? આ રોટલી કહે છે એમ. ઘડિયાળ શબ્દ સાંભળ્યો ત્યારે ઘડિયાળનું જ્ઞાન થયું ને? ..નો અર્થ શું છે લ્યો? એ શબ્દો અંદર કાને પડી પડી પડીને ભરાઈ જાય ખૂબ જેમ ઓલું શકોરુ હોય શકોરુ. શકોરુ માટીનું શકોરું. એમાં એક-બે દી ન નાખે ત્યાં સુધી (પલળે નહિ). ખૂબ નાખીને ભીનું-ભીનું થઈ જાય ત્યારે.. એમ આ શકોરુ છે. અંદર શબ્દો ખૂબ પડ્યા પછી કાંઈક ગ્રહણ થાય. જ્ઞાનમાં શબ્દો નિમિત્ત થયા કે નહિ? નિમિત્ત થયા કે નહિ? એટલું ભલે લ્યો. એ હતું તો અહીં થયું. એ નહિ મળે.

કહે છે કે એ નિમિત્તથી પણ નથી અને એનું જ્ઞાન એનાથી થયું એ જે પરલક્ષે એ પણ ખરેખર જ્ઞાન નથી. લે. ભારે વાત ભાઈ! એવા શાસ્ત્રના લખાણ, એવી વ્યવહારની પદ્ધતિના પ્રકાર, એને સમજાવવું છે, ઓલી વસ્તુ મૂળ સમજાવવી છે. એને માટે આ બધા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભેદો સમજાવ્યા. ત્યાં ભેદને પકડીને બેઠો કે આમાં લખ્યું છે કે નહિ? એ લખ્યું છે બધું શાસ્ત્ર. ભગવાને કીધેલું છે કે નહિ? એ ભગવાને કીધું છે કે નહિ? વ્યંજના.. પડે અને શબ્દ કાને પડે પછી જ્ઞાન પુષ્ટિ થાય. શબ્દો પડ્યા વિના કોઈને વ્યંજના વગર થયો છે? લાવો બતાવો. એ.. પંડિતજી!

અરે..! ભગવાન! બાપુ! એ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધની વ્યાખ્યા કરી. છતાં એ નિમિત્ત એ પણ પોતાથી થયેલું છે. અને એ જ્ઞાન પણ ખરું જ્ઞાન નથી. એવું તો સાંભળી સાંભળીને અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી વયો ગયો હતો. લ્યો! અહીં કાંઈ નહોતું. નિગોદમાં કે દી ... હતું ને? છ કાયના જીવ છે અને નવ તત્ત્વ સંવર છે ને મોક્ષ છે ને કે દી પર્યાય હતી ત્યાં? અનાદિ નિગોદમાં હતી? અનાદિ નિગોદમાંથી નીકળ્યો એને જ્યારે પર્યાયના શબ્દો પડ્યા ત્યારે ખ્યાલ આવ્યો એમ કહે છે. પણ એ ખ્યાલની યોગ્યતા એની પોતાની હતી માટે ખ્યાલ આવ્યો છે. છતાં એ પરલક્ષી જ્ઞાન એને જ્ઞાન કહેતા નથી. આહાહા..! વ્યવહારના લખાણના પાર ન મળે. ઈ જો પકડીને બેઠો તો એનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ? ... નથી આવતું? શબ્દો અહીં અડે ત્યારે સંભળાય, એનું જ્ઞાન થાય. બીજી વસ્તુ અડે નહિ, આમ રૂપ છેટે રહી જાય. પણ શબ્દ તો અહીં.. આવે છે કે નહિ? શાસ્ત્રમાં આવે છે કે નહિ? ... શબ્દો સ્પર્શે ત્યારે જ્ઞાન થાય. હવે અહીં કહે કે સ્પર્શે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહિ. એ તો શબ્દોની અહીં નજીકતા હોય ત્યારે એને સ્પર્શે કહેવાય છે. રૂપ દૂર હોય એને સ્પર્શતુ નથી એમ કહેવાય, બસ! સ્પર્શે છે કે દી કોઈને? સમજાણું કાંઈ? વાંધા છે આ જેને શાસ્ત્રના એકલા શબ્દથી સમજવું હોય ને એને તકરારના વાંધાનો પાર ન મળે. લ્યો.

પ્રત્યક્ષ દાખલો આપે છે, લ્યો! નિત્ય નિગોદમાંથી નીકળ્યો એને કોઈ દી દેવ શબ્દનું જ્ઞાન હતું? અરિહંત દેવ આવા હોય એ જ્ઞાન હતું? કહો. અરિહંત કેવળજ્ઞાની હોય એવો જ્યારે શબ્દ પડ્યો ત્યારે એને જ્ઞાન થયું, ખ્યાલમાં આવ્યું. એમ નથી. એ શબ્દમાં જ્ઞાન નથી. એ તો જુદું છે. અહીં જ્ઞાનની પર્યાય તારી જુદી અને એ શબ્દ પણ જુદો છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ શબ્દના લક્ષે પોતાના ઉપાદાનથી થયેલું જ્ઞાન એ પણ યથાર્થ જ્ઞાન નથી, સર્વવિશુદ્ધજ્ઞાન નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

જે જ્ઞાન ભગવાન ચૈતન્યની કળામાંથી ઉઘડતું આવે એ જ્ઞાનને અહીં જ્ઞાન કહેવામાં આવે છે. એય..! ન્યાલભાઈ! દુનિયાથી જુદું. એમાં તમારે શું કહેવાય? હાઈસ્કુલ. હાઈસ્કુલ નાખે. લોકોને કેળવણી મળે. સમજ્યાને? હાઈસ્કુલ કરી ને એના છોકરાએ? ભત્રીજાએ. વડાળ-વડાળ. હાઈસ્કુલ. વડાળ એમના ગામમાં. એમના ભત્રીજાએ હાઈસ્કૂલ કરી છે. લ્યો! ત્યાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હવે હાઈસ્કુલ છોકરા હોય કાંઈક છોકરાને કેળવણી મળે ત્યારે જ્ઞાન થાય. તો પછી એને સમજવાની કાંઈ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિને સમજે. પણ તમે કેળવણી કાંઈ આપો નહિ અને કહો એની મેળાએ સમજી જાશે. એય..! દુનિયા સાથે તો વાંધો ઉઠે એવો છે. શું કરવા કેવળણીકાર રાખો છો? બસ! કાંઈ સમજ્યા વિના ઊઠી જાઓ. જાઓ તમને જ્ઞાન થઈ જશે અંદરથી. ભગવાનજીભાઈ! વ્યવહાર પક્ષના એવા લાકડા છે ને. એટલું કંઈક ભણશે, અક્ષરો પહેલા ભણશે, આ શબ્દોનું જ્ઞાન થાશે, આનું થાશે. સમજ્યાને? ઓલો કહેતો હતો. હમણાં આવ્યા હતા ને તેરાપંથી સાધુ. મેં કીધું ભાઈ, જુઓ! શું કીધું? શતાવધાન. શતાવધાની છે. આ અવધાની છે ઘણા અવધાન કર્યા છે. કીધું, આત્માના અવધાન વિનાના અવધાન ખોટા. પણ એ કહે, શબ્દનું અવધાન થયા વિના જ્ઞાન થાય નહિ. એમ બોલ્યો એ. ભારે વાત બાપા! આહાહા..! આ મોટા સાધુ કેવા? ગૌતમ જેવા સાધુ. એ બોલાવતા પહેલાં હોં! હવે થોડું થઈ ગયું. કેવા સાધુ? ગૌતમ જેવા સાધુ. ચંદનબાળા જેવા આર્જિકા. અરે.. ભગવાન! હજી તને ચંદબાળા અને સાધુ તો ક્યાંય રહી ગયા. પણ લૌકિક જે જ્ઞાન વ્યવહારે જે નિશ્ચય કરવો જોઈએ એના નિર્ણયના ઠેકાણા નથી. શબ્દના અવધાનથી જ્ઞાન થાય. લ્યો! બોલ્યા હતા અંદર. હતા તમે? એમ બોલ્યા હતા. કીધું, અવધાન-ફવધાનથી કાંઈ ન થાય. એટલું કહ્યું. અવધાન-ફવધાનથી જ્ઞાન ન થાય. એ જ્ઞાન નહિ. ધૂળેય તારા અવધાન. હવે લાખ અવધાન કરને. શું છે? હજાર-હજાર બબ્બે અવધાન કરનારા હતા. ઓલા નહિ સુંદર? સુંદર. સહસ્ર અવધાની હતા. અધ્યાત્મ કલ્પદ્રુમ. એ પહેલું વાંચ્યું હતું. સૌથી પહેલું એ મળ્યું હતું. પાલેજ. અધ્યાત્મ કલ્પદ્રુપ. સુંદર. બહુ અધિકાર વૈરાગ્યના ઘણા છે, ૧૮ અધિકાર છે. એક હજાર અવધાન કરતા હોં. એમ લખ્યું છે એમાં. એક હજાર અવધાન. પહેલું એ મળ્યું શરૂઆતમાં. હવે ઈ અવધાન શું? એવા અવધાનનું જ્ઞાન તો અનંત વાર કર્યું. છતાં એ જ્ઞાન કહેવામાં આવ્યું નહિ. કહો, સમજાણું કાંઈ?

અનંત વાર નવ પૂર્વનું જ્ઞાન, અગિયાર અંગનું જ્ઞાન કર્યું, લ્યો! એ જ્ઞાન કહેવામાં ન આવ્યું. સમજાય છે? એ પોતે ક્ષયોપશમ છે એ પોતાથી થયેલો છે. કાંઈ નિમિત્તથી થયો નથી. પણ એ ક્ષયોપશમ યથાર્થ નથી. ચૈતન્ય ભગવાનના અવલંબે જે જ્ઞાન પ્રગટ થાય તેને જ્ઞાન, શબ્દનું જ્ઞાન નથી પણ એ આત્માનું જ્ઞાન છે. છેવટે કહેશે ઈ. સમજાણું કાંઈ? અલૌકિક વાત છે, બાપા! આ તો અલૌકિક ચૈતન્ય પોતે અલૌકિક વસ્તુ છે! અલૌકિક વસ્તુ છે!! ઓહોહો..! જેની ખાણમાં નિગોદનું એક શરીર લ્યો અને એક કણીમાં અસંખ્ય શરીર એ તે કોણ વિશ્વાસ કરે? સમજાણું? નિગોદનું એક શરીર એવી એક કણીમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંત જીવ. એક જીવમાં આટલામાં તો અનંત અનંત અનંત સત્ત્વની શક્તિનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વભાવ છે. ભાઈ! વસ્તુ એમ છે. ક્ષેત્ર નાનું છે માટે તને મોટપ એમાં ભાવની નથી એમ નથી. સમજાણું કાંઈ? ક્ષેત્ર નાનું આવડું માટે તેના જ્ઞાનની મોટપ ઓછી થઈ જશે વસ્તુના સ્વભાવમાંથી (એમ નથી). આહાહા..! આ તે ભરોસો તે પણ કેવો! સમજાણું કાંઈ?

બટાટુ, શક્કરકંદ આટલું લ્યો. કહે છે કે એમાં એક કણી, એક કટકી (લ્યો) એમાં અસંખ્ય ઔદારિક શરીર તે કેટલા શરીર! ઓહોહો..! એની સંખ્યા પણ મોટી હોં! અને પાછા એક શરીરમાં અનંતગુણા જીવ અને એક એક જીવમાં જ્ઞાન, દર્શન, આનંદ એવું સત્ત્વ સત્ત્વ. વસ્તુ છે કે નહિ? એટલે વસ્તુનું સત્ત્વ સ્વભાવ અનંત છે. એના ભાવની અનંતતા મોટપ કોઈ દી ગઈ નથી. નિગોદમાં હો કે સિદ્ધમાં હો. ભાવની મોટપ તો એવી ને એવી છે. ક્ષેત્રમાં આટલું થઈ જાઓ કે હજાર યોજનનું થઈ જાઓ કે કેવળજ્ઞાન પામીને આમ સમુદઘાત કરે આમ પર્યાયનું, એના જે ભાવની અનંતતાની જે ગોઠડી છે જે અંદર એકાકાર, એવી ને એવી છે. આહાહા..! સમજાણું કાંઈ? કસ છે. ગોઠલી કીધી ને? અંદર કસ છે. એ કસ છે. બેહદ કસ છે. એના બેહદ કસના લક્ષે ક્ષેત્ર નાનું-મોટું હોય, પાંચસો ધનુષનો દેહ હોય ને કેવળ પામે. સાત હાથનો હોય ને કેવળ પામે. એટલે બહારની વ્યંજનપર્યાયની આકૃતિ ઉપર કાંઈ ગુણની મોટપ છે નહિ. તેમ શબ્દ ઘણા કાને પડ્યા માટે જ્ઞાન ઘણું થઈ જાય અને ઓછું સાંભળવાનું મળે માટે ઓછું થાય એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

'**શબ્દ જ્ઞાન નથી, કારણ કે શબ્દ (પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે,) અચેતન છે;...**' અચેતન શબ્દ તો છે. '**માટે જ્ઞાનને અને શબ્દને વ્યતિરેક (અર્થાત્ ભેદ) છે.**' સમજાણું કાંઈ? ત્યારે બોલો છો શું કરવા? બીજાને જ્ઞાન થવા માટે ભાષા બોલો છો કે એ વિના? વળી ના પાડે. દેખાય પ્રત્યક્ષ કે શબ્દ હોય તો જ્ઞાન થાય. તમને પણ અંદર શ્રદ્ધા છે એવી. પણ અંદરમાં માની રાખ્યું છે ને. સમજ્યાને? એટલે... એય..! લખ્યું છે ને ઈ? તમને અંદરમાં તો છે, પણ તમને તમારી .. તમને એમ થાય કે હું આ શબ્દ કરું તો બીજાને જ્ઞાન થાય, તો એને જ્ઞાન થાય. એટલે તમને શબ્દ બોલવાનો વિકલ્પ ઉઠે છે. એય..! છોટાભાઈ! અરે.. ભગવાન! શું કરે છે તું? એમ કહે છે હોં! આહાહા..! કેવળીને તો વિકલ્પ નથી. એ તો વાણી સહજ નીકળે છે. પણ નીચે તો વિકલ્પ છે કે નહિ? તો છે તો છેમાં તમારો શું આશય છે? આશય શું છે તમારો? કે કાંઈક હું બોલું, મારું જ્ઞાન બીજાને આપું તો એને જ્ઞાન થાય. એય..! ભગવાનજીભાઈ! આહાહા..! એમ નથી, ભાઈ! એ તો વિકલ્પને કાળે બાપુ! વિકલ્પ હોય છે. એ પણ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં કાંઈ જ્ઞાન નથી. વાણીમાં પણ જ્ઞાન નથી, વાણી અચેતન છે. અને એ અચેતન વાણી છે માટે ત્યાં જ્ઞાન થાશે એવો જ્ઞાનીનો અભિપ્રાય છે નહિ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂળ ચીજ છે ને. જે મૂળ ચીજ છે ને. ખ્યાલમાં આવતી નથી એટલે આ બધી આડ વચમાં ઊભી રહે છે. એમ નહિ. આ તો બહુ સ્થૂળ આડ છે હોં! જે નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે સૂક્ષ્મ આડ રહી ગઈ હતી અંદર. અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો. નવ નવ પૂર્વનું ભણતર, અગિયાર અંગના ભણતર અને ક્રિયા કેટલી કે શરીરના ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્ષમા. ભાઈ! પૂર્વના અશાતાના ઉદય છે એટલે આ થાય છે. એનો વાંક નથી. એટલી કષાયની મંદતા. શુક્લલેશ્યા. ત્યારે નવમી ગ્રૈવેયકે જાય. કહે છે કે એ બધું નિરર્થક છે.

ભગવાન આત્મા એક સમયમાં ચિદાનંદ રસ-કસ પડ્યો છે. એ કસમાંથી નીકળતું જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! એવી વાત છે, ભાઈ! શેના કરવા અભિમાન અને શેના ઓલા કરવા? આહાહા..! લ્યો! આ નીરોગ શરીર હોય ને મરી જાય એક સમયમાં. એની એને વિસ્મયતા લાગે. પણ ઈ પર્યાય પલટે જડમાં એની વિસ્મયતા શી? એમ આત્માના ગુણની વિસ્મયતા એને લાગતી નથી. આમ વિસ્મય થઈ જાય છે. હેં! હેં! પણ હેં એટલે શું? સમજાણું કાંઈ? આ નવનીતભાઈની નહોતી વાત કરી? જુવાન મોટો લઠ જેવો હતો. આહાર કરવા ગયા હતા. પછી નીકળ્યા હતા આપણે. નહિ? વાત થઈ હતી મોઢે. નહિ? મળ્યો નહોતો. એ કહે, અહીં એક બ્રાહ્મણ છે. બા એક છે. એ બધા જવાના હતા. ઘણું કરીને ત્યાં જોયો હતો. આહાર વ્હોરાવતા. લાંબો હતો જરી લાંબો. ૪૩ વર્ષની ઉંમર લ્યો ૪૩ વર્ષની. અહીંથી ગયો અને પછી ભાઈ ગયા હશે. આ અહીંથી ગયો. વળતા રાત રહ્યો. .. સૂતા. એ સૂતા એટલે ક્યારે મરી ગયો એની ખબર ન મળે. કહો. આહાહા..! એ વિસ્મય નથી. વસ્તુની પર્યાયનો ધર્મ જ એવો છે. સમજાણું કાંઈ? આવી નીરોગતામાં અને આ સ્થિતિમાં કેમ? કેમ શું? પર્યાયનો ધર્મ જ એવો છે કે જે કાળે જે થવાનું એ પ્રકારે થાય. આ ચીજની જડની પર્યાયમાં વિસ્મયતા નથી. એવો સ્વભાવ જ છે એનો વિસ્મયકારી. તો ભગવાન આત્માના આનંદ અને જ્ઞાનની વિસ્મયકારીની શું વાત કરવી? સમજાણું કાંઈ? આહાહા..!

આ આત્મા અંતરમાં જ્ઞાન અને આનંદની વિસ્મયતા ભરેલી છે. એ વિસ્મયતા પહેલી અદ્‌ભુત લાગે. સમજાય છે? જ્ઞાનીને પણ લાગે કે અદ્‌ભુત છે આ. લ્યો! ઓહોહો..! આવે છે ને? .. નહિ પાછળ? અજ્ઞાનીને લાગે કે આ શું? એમ કરીને બેસતું નથી. જ્ઞાનીને અદ્‌ભુતાત્ અદ્‌ભુત લાગે. ઓહો..! આ ચૈતન્યકંદ ભગવાન કે જેની દૃષ્ટિ કરતા જ્ઞાન એકદમ ખીલ્યું અને સ્વને પકડવાની શક્તિ-તાકાત ખીલી. એ ક્યાંય બહારમાં હતી નહિ, પર્યાયમાં હતું નહિ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગમાં હતું નહિ અને આ એકદમ અંદર ચૈતન્યને સ્પર્શતા .. અને તે કબુલાત છે કે આ તો કેવળજ્ઞાનનો કંદ છે. આ આત્મા એકલો કેવળજ્ઞાનનો, જ્ઞાનનો પુંજ છે. જ્ઞાનનો પુંજ એ હું છું. જ્ઞાનનો પુંજ. તેમાં શક્તિ અપાર છે. એવી પ્રતીત, વિસ્મયતા સમ્યગ્દર્શનમાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. અને એ આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ છે એના અંતરનું જ્ઞાન કરતાં જે જ્ઞાન થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. બાકી બધી ધૂળધાણી. આહાહા..! સમજાણું કાંઈ?

સર્વજ્ઞ ભગવાન, જેણે એક સમયમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, પરમેશ્વર કેવળી. ક્યાંથી આવ્યું? ચાર જ્ઞાનની પહેલી પર્યાય હતી એનો ગુણ એમાંથી આવ્યું? એકદમ ખીલ્યું કે ત્રણ કાળ ત્રણ લોક તે પણ પરને જાણવા નહિ. પોતાની એ સમયની પર્યાય જણાતા બધું જણાય. આ તે શું વસ્તુ છે? સમજાય છે કાંઈ? એ જ્ઞાનનો દશાનો સ્વભાવ ભગવાન આત્મામાં પડ્યો છે સત્.. સત્... સત્.. સત્.. સત્.. સત્... સત્.. એવા અંતર સત્‌ના આશ્રયે જ્ઞાન થાય તેને મોક્ષના માર્ગનું જ્ઞાન કહેવામાં આવે છે. એકલા શબ્દ-બબ્દના જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. તેમ શબ્દથી થતું જ્ઞાન નિમિત્ત નૈમિત્તિકપણે એ પણ ખરેખર જ્ઞાન છે નહિ. કહો, સમજાણું કાંઈ? આહાહા..! બે બોલ થઈ ગયા. શ્રુત જ્ઞાન નથી, શબ્દ જ્ઞાન નથી.

'**રૂપ જ્ઞાન નથી,...**' લ્યો! રૂપ-રૂપ. એ ચારેયમાં. સમજાણું? આ રૂપ ચારેયને કહે છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આખું બધું ભેગું ને એને રૂપ કહે છે. ઓલું જુદું પાછું. વર્ણ આદિનું જુદું પાછું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ પછી. આ તો રૂપ એટલે આમ આકૃતિ આખી. જડનું આ રૂપ છે ને આખું? સુંદર રૂપ કહે છે, અસુંદર રૂપ કહે છે એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું આખું રૂપ એનું ભેગું. માણસ નથી કહેતા કે સુંદર રૂપ છે આનું. અસુંદર. વર્ણ પછી જુદો. વર્ણ, કાળો હોય તો પણ સુંદર રૂપ દેખાય, વર્ણ ધોળો હોય તો અસુંદર દેખાય કોઢિયા જેવું. સમજાણું કાંઈ? રૂપ એટલે કે એની સુંદરતા. પણ સુંદરતા રૂપ છે એ કાંઈ જ્ઞાન નથી. એ તો જડ છે. આહાહા..! સમજાણું કાંઈ? શરીરની સુંદરતાની આકૃતિ એ તો જડ છે, માટી છે, ધૂળ છે. એ જ્ઞાન છે? ત્યારે કહે, એવું જ અહીં જ્ઞાન થયું ને અંદર? ખ્યાલમાં એવું જ આવ્યું કે નહિ? કે આ સુંદર છે, આ આવું છે, એવું અહીં જ્ઞાન થયું. તો એવું જ્ઞાન થયું તો નિમિત્તને લઈને થયું કે નહિ? નિમિત્તને લઈને તો નહિ. કારણ કે નિમિત્તમાં અચેતનતા છે અને ચેતનતા તો અહીં છે. એ રૂપના જ્ઞાનનો પર્યાય પોતાથી થયો છે. રૂપને લઈને નહિ. સમજાણું કાંઈ? છતાં એ રૂપને લઈને જ્ઞાન નહિ. કેમ કે રૂપ તે અચેતન છે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાન થયું તે ચેતનનો અંશ છે છતાં તે જ્ઞાન વાસ્તવિક જ્ઞાન નહિ. આહાહા..! ચૈતન્યરૂપનું- અંદર ચૈતન્ય ભગવાન આત્મા એના સ્વરૂપનું-જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભગવાનનું રૂપ દેખો. લ્યો! વળી એ આવ્યું. એક હજાર નથી આવતું? એક હજાર આંખ્યું કરીને દેખે છે. લ્યો! ભગવાન જ્યારે જન્મે છે તો ઈન્દ્રો આવે છે. સમકિતી છે. ત્રણ જ્ઞાનના ધણી છે. ક્ષાયિક સમકિતી વર્તમાન શક્રેન્દ્ર છે. ક્ષાયિક સમકિતી. આમ ભગવાનને દેખે છે ને. શરીર હોં! અંદરનો આત્મા તો પછી. સુંદર રૂપ એટલું બધું છે કે એક આંખે તૃપ્તિ થતી નથી. હજાર આંખે આમ જોવે છે. એક એક અવયવો, એક એક અવયવોના રજકણોની રચનાનો પર્યાય પરિણમન એને જે ઊંચામાં ઊંચામાં હતા તે જ આવીને પરિણમ્યા છે. એક એક આકૃતિ કોઈપણ આ.. આ.. આ... દરેકમાં ફેર છે. દરેકમાં કોઈકને કાંઈક, કોઈકને કાંઈક. જુઓ! .. બધું ખામીવાળા કહેવાય. આમ ખુલ્લો ન હોય અને એનો કાન ચોંટેલો હોય એ ખામીવાળા કહેવાય. એય..! સમજાણું? કાન આમ છૂટો હોય. આ શું કહેવાય આ? બુટ બુટ આમ છૂટી હોય અને તે આમ કુંડળ જેવી દેખાય એ એનું કાનનું રૂપ કહેવાય. સમજાણું કાંઈ? એમ દરેક અવયવના રૂપ હોય છે.

આંખનું પણ રૂપ આમ ગોળ લાંબી હોય, ચપટી હોય, ગોળ હોય, હરણની આંખ્યું જેવી હોય. એ આંખનું રૂપ કહેવાય. સમજાણું કાંઈ? એમ નાકમાં પણ દાંડી બરાબર સરખી હોય, આમ જરી આમ ને આમ જાડું ને ફોદા એ બધું સરખું ન કહેવાય. એ નાકનું રૂપ ન કહેવાય. ઘણા ફેર છે આમ જુઓ તો. ભગવાનનું જે રૂપ હોય છે નાકનું એ તો અલૌકિક! આમ .. પડી આમ... સમજાણું કાંઈ? અને નાક એના નખ જુઓ. ભગવાનના નખ. ત્રાંબા જેવા નખ હોય અને તે પણ આમ ઢળતા બે બાજુ અને આમ કીરણો ફૂટતા હોય એમાંથી નખમાંથી. સમજાણું કાંઈ? પણ એ રૂપ તે અચેતન છે. એમ કહે છે. અચેતન જોવાને આટલી આંખ્યું કરી? એય..! ભાઈ! વાત આવે તો ત્યારે આવે ને. લ્યો! આંખ હજાર કરે. ઓહોહો..! તારી આંખ અંદર કરને. આ જો ને. ભાઈ! એ આવે. સાંભળ તો ખરો. એ વિકલ્પ હોય છે અને એ રૂપને દેખે છે હજાર આંખે કરીને. ક્ષાયિક સમકિતી છે, લ્યો! છતાં અંદર જાણે છે કે આ રૂપ તે અચેતન છે. એનાથી મને જ્ઞાન થયું નથી. જ્ઞાન મારાથી થયું છતાં પરલક્ષી જ્ઞાન તે વાસ્તવિક જ્ઞાન નથી. કહો, સમજાણું કાંઈ? શાસ્ત્રના લખાણ, એને આવા કહેવા અને વળી ક્ષાયિક સમકિતી દેખે તો કહે ના, આ રૂપ નહિ. તો જોવે છે શું કરવા ત્યાં? એય..! ભગવાન! સાંભળને ભાઈ! એ જાતના ક્ષયોપશમની યોગ્યતા હોય તો સામે એવું નિમિત્ત હોય છે. છતાં એ નિમિત્ત તો અચેતન છે. દરેક અવયવો જે છે. જુઓ! દરેક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અવયવો હોય છે ને હોઠ પણ લાલ હોય. બહુ પુણ્યવંત હોય ને. લાલ હોય લાલ. નાગરવેલના પાન ખાય છે ને તો લાલ નથી કરતા વધારે? પુણ્યવંતના હોઠ જ લાલ હોય છે. આ હોઠનો ભાગ લાલ હોય છે. સમજાણું? નખ પણ લાલ ત્રાંબા જેવા હોય છે પુણ્યવંતના. સમજાય છે ને? અહીં તો હવે તમારે નથી કરતા? મહેંદી લગાડીને. મહેંદી લગાડે છે. રંગ લગાડે છે. છોકરા પણ લગાડે છે હવે તો. પહેલા છોકરીઓ લગાડતી. હવે છોકરા પણ લગાડે છે. કો'કના જોઈએ છીએ. એક નખ હોય. એ કુદરતી હોવું જોઈએ, તીર્થંકરને કુદરતી હોય છે. છતાં એ રૂપ તે અચેતન અને જડ છે. પુદ્‌ગલનો પર્યાય છે તે કાંઈ જ્ઞાનનો પર્યાય નથી. આહાહા..! એકે એક અવયવ હોં! પાછા એના ભગવાનના તો આમ માથેથી કોઈપણ એનું ચક્ર, મોઢું, આકાર આમ બરાબર. આમ તો દરેક પુણ્યવંત પ્રાણીને બધો ફેરફાર ફેરફાર હોય. સમજાણું કાંઈ? એના હાથ, એની આંગળીઓ, સમજ્યાને? એની હથેળી. હથેળીનો ભાગ બધો લાલ.. લાલ... લાલ.. લાલ.. લાલ.. ભગવાનના શરીરનું વર્ણન આવ્યું છે શાસ્ત્રમાં. એક એક અવયવનું વર્ણન. વળી શાસ્ત્ર કહે, આચાર્યો વર્ણવે એનું વર્ણન. ભગવાન બહુ રૂપાળા હતા. જેના રૂપ આગળ... આવે છે ને? ... મન હરે. નથી આવતું? ભાઈ! આવી ગયો ને પહેલો કળશ ન આવી ગયો? પહેલો કળશ આવી ગયો ને. ઘડાઈ ગયું છે. વાંચો ને ભાઈ કાઢો ને હવે. પહેલા આવ્યું ને? કેટલામાં આવ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ઈ. ૨૬. રૂપ હરે છે. હરે છે એમ છે ને? ૨૬. **'પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે,...'** ૨૪મો કળશ છે. ૨૪મો કળશ. પાનું ન નીકળ્યું. ૨૪મો કળશ.

**'તે તીર્થંકર-આચાર્યો વાંદવાયોગ્ય છે. કેવા છે તે? પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ધુએ છે-નિર્મળ કરે છે, પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે, પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે,...'** આ કહેવું છે લ્યો! કહો, છે? આ વ્યવહાર. ઓલા વ્યવહારવાળા કહે. **'દિવ્યધ્વનિ-વાણીથી (ભવ્યોના) કાનોમાં સાક્ષાત્ સુખ-અમૃત વરસાવે છે...'** જુઓ! અહીં દિવ્યધ્વનિ આવી.

મુમુક્ષુ :- સાક્ષાત્. પરંપરા નહિ, સાક્ષાત્.

ઉત્તર :- સાક્ષાત્ સુખ અમૃત વરસે છે **'અને એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે,-એવા છે.'** તો આ બધા વખાણ વ્યવહારના છે એ ખોટા ઠરશે. માટે સ્તુતિ વ્યવહારની સાચી છે એમ કહો. સમજ્યાને? દેહની સ્તુતિ. સમજાણું કાંઈ? વળી મનને હરી લે છે ઓલો કહે. જોયું! ૩૪ અતિશયમાં અતિશય નથી એવો એક? આમ હરણ અને વાઘ બેઠા હોય જોડે. હરણ આમ થઈ જાય અને વાઘ આમ થઈ જાય. વાઘ અને હરણ જોડે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બેઠા હોય. બેયના મોઢા આમ હોય, પૂંછડા બેના આમ હોય. આમ બેઠા હોય. મીંદડી અને ઉંદર જોડે જ બેઠા હોય. બેયના મોઢા આમ હોય. એકનું મોઢું આમ હોય અને એકનું મોઢું આમ હોય એ વળી જુદું. સમજાણું? આવે છે છાપામાં ઘણું આવે છે. બરાબર મીંદડી પણ આમ મોઢું કરીને બેઠી હોય અને ઉંદર પણ એની સામું જોઈને બેઠો હોય. સામું સામું જોઈને બેસે. કોઈને વેર છે નહિ. કહો, એટલી અતિશયની વિશેષતા ખરી કે નહિ? એય.. વજુભાઈ! આરે.. આરે..!

કહે છે કે રૂપ તે અચેતન છે. ભગવાન એમાં કાંઈ જ્ઞાન પણ નથી અને એનાથી જ્ઞાન થાતું નથી. લે. એમાં ક્યાં જ્ઞાન છે તો એનાથી થાય? જેમાં હોય એમાંથી થાય. સમજાય છે? ભગવાન આત્મા જ્ઞાનનો પિંડલો પ્રભુ છે ને. કહે છે. આહાહા..! સચ્ચિદાનંદ સત્ ચિદ્ સત્ ચિદ્ શાશ્વત ચીજ છે એ તો. શાશ્વત ચિદ્ એટલે જ્ઞાનરૂપ છે જેનું. શાશ્વત જ્ઞાન જેનું રૂપ છે. એની દૃષ્ટિ કરતાં જે જ્ઞાનનો અનુભવ થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાન મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? સમજાવતા આવડે, ન આવડે, બોલતા આવડે ન આવડે, બધાને સમજાવે તો જ્ઞાન કહેવાય. ઓહોહો..! સારું સમજાવે છે, ભારે જ્ઞાન. એમ એ જ્ઞાન નહિ એમ કહે છે. કહો, બહુ સમજાવતા આવડે માટે જ્ઞાન કહેવાય. ના, એ તો પરલક્ષી વસ્તુનો વિકલ્પ છે ને. એની સાથે શું છે? જ્ઞાન તો આત્મા અખંડાનંદ પ્રભુ અંતરને સ્પર્શીને જે સમ્યગ્જ્ઞાન જે ચૈતન્યને પકડવાનું જે જ્ઞાન પ્રગટ્યું તેને ભગવાન સમ્યગ્જ્ઞાન અને મોક્ષનો માર્ગ કહે છે કે જે આત્મજ્ઞાન છે એમ કહેશે આગળ. તે જ્ઞાન તે આત્મા છે. આ કાંઈ આત્મા નથી. સમજાણું કાંઈ?

**'રૂપ જ્ઞાન નથી, કારણ કે રૂપ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,)...'** અહીં ગુણ લીધો. ઓલો .. છે ને. **'અચેતન છે;...'** લ્યો, ખરેખર તો એ રૂપ આખું પર્યાય છે. સમજાણું? પુદ્‌ગલદ્રવ્યનો ગુણ અચેતન છે. રૂપ તો અચેતન જડ છે. આહાહા..! ભગવાનનું રૂપ હો. આમ બેઠા હોય તો આહા..! નથી આવતું? દેવ કરતા હજારગણું. કેટલું? સમજ્યાને? ઈન્દ્ર કરતા એનું રૂપ બહુ મોટું હોય છે એવું આવે છે. સમજાણું? પણ એ બધું અચેતન છે, કહે છે. અને એનાથી કાંઈ જ્ઞાન થાતું નથી.

**'માટે જ્ઞાનને અને રૂપને વ્યતિરેક છે...'** માટે જ્ઞાન અને રૂપ બે જુદા છે. તદ્દન જુદા છે. ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં બિરાજમાન અને રૂપ, રૂપમાં રહેલું. બે તદ્દન જુદી ચીજ છે. બેની એક ચીજ છે નહિ. લ્યો! **'વર્ણ જ્ઞાન નથી,...'** હવે પેટા ભેદ પાડ્યા બધાના. આટલું રૂપ સામાન્ય લીધું. સમજ્યાને? વર્ણ એ જ્ઞાન નથી. વર્ણ એટલે આ કાળો, ધોળો, લીલો આદિ છે ને? એ વર્ણ. સમ્મુચય વર્ણન લીધું છે. પછી એવી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર્યાય હોય છે. વર્ણ, રંગ. રંગની કાળી, ધોળી આદિ પાંચ પર્યાય હોય છે. રાતી-પીળી સમજ્યાને? એ વર્ણ તે જ્ઞાન નથી. એ રંગમાં જ્ઞાન નથી. પણ રંગનું આમ જ્ઞાન થાય એ રંગ જેવું હોય એવું અહીં જ્ઞાન થાય છે બરાબર. લ્યો! કહો, સમજાણું? જુઓને! આ રંગારા. રંગનું કેવું કરે છે. જુઓને! શું કહેવાય એ રંગ રંગ? રંગમાં હુશિયાર હોય છે ને? આમ કળે કે આ રંગ આવો છે ને આ રંગ આવો છે. સમજ્યાને? પણ એ જ્ઞાન થયું કોને? એ રંગમાંથી આવ્યું? એ વખતે જ એવું જ્ઞાન થયું કેમ? પહેલા કેમ નહોતું એ રંગનું જ્ઞાન? પહેલાં નહોતું અને પછીનો પ્રશ્ન શું પણ? એ રંગમાં જ્ઞાન નથી કે રંગને લઈને અહીં જ્ઞાન થાય. રંગનું જ્ઞાન એ રંગનું જ્ઞાન નથી. એ તો આત્માની પર્યાયનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? આવે છે ને? .... શું કહેવાય છે ઓલું? ૧૦૦ રૂપિયાનો તોલો. એવું કાંઈક આવે છે ને લૂગડામાં? એક લીંબડીમાં હતા ને અહીં આવ્યું હતું. ટોળું નથી આવતું? .. બહુ ઊંચી. એવું તો બહુ આવું હોય. લૂગડામાં આમ ઘસેને તો ફટ રંગ ઊડી જાય કાં રંગ ચડે એવું કાંઈક આવે છે. નામ કાંઈ આપણને આવડે છે? લાલચંદ શેઠ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ધાતુ નહિ. આ તો રંગ. રંગમાં એક બીજી ચીજ આવે છે. લાલચંદ શેઠ આવ્યા હતા તે દીની વાત. ૯૬ રૂપિયાનો તોલો. રંગ એવો એનો કે આમ લાગે ફટ્. એની કિંમત થાય. આ રંગ ઉખડી જાય ઓલાનો. લૂગડા ઉપર. એવું કાંઈક નામ છે જરી. ભૂલી ગયા.

મુમુક્ષુ :- ૯૬ રૂપિયે તોલો.

ઉત્તર :- હા, ૯૬ રૂપયે તોલો. પણ એ રંગ હતો. એવી ચીજને આમ લગાડે જરી તો એની કિંમત થાય. એ રંગનું જ્ઞાન એ જ્ઞાન નથી. આહાહા..! અમારા જ્ઞાનમાં રંગનું જ્ઞાન થયું છે. સમજાણું? આ ગોદિકાને લ્યોને, જુઓ! ઓલા નીલમનું જ્ઞાન છે. નીલમ-લીલા લીલા રંગના. લીલા રંગના છે ને? એને બહુ ઉઘાડ છે. એ પોતે કળે એમાંથી લાખો રૂપિયા પેદા કરે. એની દૃષ્ટિમાં એવો કોઈ ઉઘાડ આવી ગયો છે. કળી લ્યે છે. આમાં આટલું છે. પણ મેં કીધું, ધૂળેય નથી. ધૂળ છે ત્યાં તો. લીલા રંગના આટલા કટકા હતા કટકા. લીલા રંગના. એની આમ નજર કરો કે આમાં આટલી લીલપની ચમત્કારી બહુ ઊંચી છે. કહો, હવે એને જ જ્ઞાન થાય તો એની ચીજ છે માટે થયું કે નહિ એનું એને? આરે.. આરે..! પણ એને ઉઘાડ હતો ત્યારે એને થયું. એને દેખીને થાય છે લ્યો! પહેલા કેમ નહોતું થયું? એ કહેતા હતા. બહુ નીલમણિનું એવું ભર્યું છે. બબ્બે પાંચ લાખ પેદા કરે, દસ લાખ પેદા કરે, વીસ લાખ પેદા કરે. મારે કાંઈ બે રૂપિયા પેદા કરે અને દસ રૂપિયા એવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અમારે હોય નહિ. અને જાય તોપણ નીલમણિમાં જાય તો ૫૦-૫૦ હજાર, લાખ-લાખ જાય એક સાથે. જાય તો જાય બીજે દી બે લાખ પેદા થાય. એમાં અમારે એવું કાંઈ નહિ. એની કિંમત ઉપર છે. તો એ રંગના જ્ઞાનનો ઉઘાડ છે કે નહિ પોતામાં? એ રંગને લઈને થયો કે એ વખતે આમ ખ્યાલ આવ્યો કે આવું જ્ઞાન થયું. લ્યો! રંગ તો અચેતન છે. જડ છે વર્ણ. એમાંથી ક્યાંથી જ્ઞાન આવ્યું? એ તો જડનો પર્યાય છે. આહાહા..! હાથી-ઘોડા આ રંગ નથી કરતા મોટા-મોટા? બહુ ઊંચા-ઊંચા. ફીદા થઈ જાય અંદરથી. આહાહા..! જુઓને! એ વખતે... એને લઈને જ્ઞાન થયું છે? ના. એ તો અચેતન છે. અને એ સંબંધીનું જ્ઞાન પોતાને થયું પોતાથી તે પણ ખરું જ્ઞાન નથી. અંતરના સ્વરૂપનું જ્ઞાન કરે તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..!

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે એને અંદર અડીને-સ્પર્શીને જે જ્ઞાન કરે તેને જ્ઞાન કહેવામાં આવે છે. અને એ જ્ઞાન મોક્ષનું કારણ છે. એને સર્વવિશુદ્ધજ્ઞાન કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ વદ ૯, બુધવાર તા. ૨૪-૧-૧૯૬૮**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન-૪૬૬**

ગંધ સુધી આવ્યું છે ને? વર્ણ? વર્ણ? વર્ણ સુધી આવ્યું છે. શું કહે છે? આ ભેદવિજ્ઞાનસાર આમાંથી પડ્યું છે ને? ભેદવિજ્ઞાનસાર. લેખમાં આવ્યું હતું. નહિ? આત્મધર્મમાં. પહેલેથી એમ કહ્યું કે આ આત્મા જે છે એ શ્રુતથી ભિન્ન છે. શાસ્ત્રના જે શબ્દો છે દિવ્યધ્વનિના કે આ લખેલા, એ કાંઈ જ્ઞાન નથી. એ તો જડ છે. તેને લક્ષે કે એનાથી કાંઈ જ્ઞાન થતું નથી. જ્ઞાનની પર્યાય તો પોતાની છે. જડની નથી. છતાં એ જ્ઞાનની પર્યાય પણ ખરેખર તો જ્ઞાનની પરિણતિ એને ગણી છે... પોતામાં પર સંબંધીનું જે જ્ઞાન થાય એ તો અનાદિ કાળથી થાય છે. એને ખરેખર પરિણતિ ગણી નથી. અભવિને જ્ઞાનની પરિણતિની ના પાડી છે. ક્ષયોપશમજ્ઞાન છે ને ઉઘાડ? ક્ષયોપશમજ્ઞાનમાં તો ઘણું પર સંબંધીનું જ્ઞાન આવે છે. અગિયારઅંગ, નવ પૂર્વનું એને પણ હોય છે. એ જ્ઞાન પરિણતિ નથી.

એ જ્ઞાન પરિણતિ તો ભગવાન આત્મા ચૈતન્યની કળાથી, જે પરમ કળાથી ભરેલો છે. સમજાય છે કાંઈ? આવે છે ને કળા? નહિ? બે-ત્રણ વાર નિયમસારમાં આવે છે. કળશોમાં ઘણે ઠેકાણે (આવે છે). ટીકામાં પણ આવે છે. કળાથી ભરેલો છે હોં! એ તો અનંત કેવળજ્ઞાન આદિ કળાઓથી ભરેલો છે. કહો, એ કળા. આ જગતની કળા એ કળા નહિ. જગતની કળાનું જ્ઞાન એ જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્યદ્રવ્ય છે તેના ધ્યેયથી પરિણમન થતાં જે જ્ઞાનની શુદ્ધતા શાંતિ સહિત પ્રગટે એને જ્ઞાન પરિણતિ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

અહીં તો પહેલા પરથી જુદો પડાવે છે. જુદો પાડીને સરવાળો તો પાછો એ લે છે. સમજાણું કાંઈ? જે પુણ્ય-પાપના ભાવ (થાય છે) એ કાંઈ આત્માની ચીજ નથી, આત્માની ખરી પર્યાય નથી. પહેલી કહેશે પર્યાય સ્થાપશે. પરથી જુદી. સમજાણું? શુભ-અશુભ, ધર્મ-અધર્મની જે પર્યાય. ધર્મ એટલે પુણ્ય હોં! જુઓ! અહીં કીધું. પુણ્યને ધર્મ કીધો છે લ્યો! પાપને અધર્મ કીધો છે. એ પર્યાય છે જીવની. પરની નથી એ અપેક્ષાએ. પણ એ કહીને તો એને ટાળવા માટે વાત છે. સમજાણું કાંઈ? તારાથી થઈ છે અને તારાથી ટળે છે. એટલું બતાવવા એની વાત કરી છે. રાખવા વાત કરી નથી કાંઈ. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ અને સ્વભાવ વચ્ચે તો અત્યંત અભાવ છે લ્યો! છતાં અહીં તો એની પર્યાય ગણી છે. શુભ-અશુભભાવ જીવની પર્યાય છે એમ ગણી છે, મિથ્યાત્વ પણ જીવની પર્યાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એમ ગણી છે. લ્યો! એય..! પણ ગણીને કરવું શું? એ તો પરની નથી એમ નક્કી કરી અને એને દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરી અને એને ટાળવાની છે. એને રાખવાની વાત નથી. વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ?

એવું ચૈતન્યદ્રવ્ય જ્ઞાનથી ભરેલું અનંત અનંત. મતિ-શ્રુતને કળા કીધી છે અને કેવળજ્ઞાનને કળા કહે છે ને? મતિ-શ્રુત જ્ઞાને કેવળજ્ઞાનની કળા સાથે રમત માંડી છે. કહો, સમજાણું? કેમ મોડું થયું છ મિનિટ? ઘડિયાળ ફેર છે? કાંઈક કામ હશે એટલે ન બોલ્યા કાંઈ. ઘડિયાળ ફેર નથી એ ન બોલ્યા. એટલે કાંઈક કામ છે, એમ થયો એનો અર્થ. કહો, સમજાણું આમાં?

કહે છે કે રંગ એ જ્ઞાન નથી. ત્યાં આવ્યું છે ને? વર્ણ-વર્ણ. વર્ણ કહો કે રંગ કહો. **'વર્ણ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે,)...'** રંગ-રંગ. પછી એની પાંચેય અવસ્થા લેવી. સમજાય છે ને? ગુણથી વાત લીધી છે. એ અન્ય છે, અચેતન છે. વર્ણની શક્તિરૂપ ગુણ પણ અચેતન છે અને એની જે અવસ્થાઓ દેખાય લાલ, પીળી, આદિ એ પણ અચેતન છે. એ કાંઈ આત્માની પર્યાય નથી. સમજાણું કાંઈ? ચાહે જેવા રંગની, રૂપની સ્થિતિ પર્યાયમાં હો, એ અચેતન છે. ભગવાન આત્મામાં એ છે નહિ. ખરેખર તો એ અચેતન સંબંધીનું પોતાનું જ્ઞાન એ ખરેખર પોતાનું નથી. વાત તો એમ છે. એ માટે તો આ વાત ઉપાડી છે હોં! એના માટે લીધી છે. સમજાણું કાંઈ? જે ક્ષયોપશમ જ્ઞાનમાં આ રંગ રૂપ જણાય એ છે ક્ષયોપશમ એનો. પર્યાય એની સિદ્ધ કરીને એ પર્યાય એનામાં નથી. વસ્તુ એનાથી ચૈતન્ય ભિન્ન છે એમ બતાવવા માટે આ વાત એની રંગ એનામાં નથી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પછી ગંધ આવી હવે. **'ગંધ જ્ઞાન નથી,...'** લ્યો! ફૂલ-ઝાડ ને. સામાન્ય ગંધની વાત છે. એમાં સુગંધ-દુર્ગંધ બેય પર્યાય લઈ લેવી. પર્યાય લઈ લેવી. ગંધના ગુણની જે પર્યાય તે અચેતન છે. આત્માની પર્યાય અચેતન નથી એમ પહેલું સિદ્ધ કરવું છે. એ ગંધથી જ્ઞાનની પર્યાય ભિન્ન છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં પાછું જેવું ગંધ હોય એવું જ બરાબર જ્ઞાન થાય. એવું થાય કે નહિ? નિમિત્ત-નૈમિત્તિક જ્ઞાન-જ્ઞેય સંબંધ એવો છે કે તે વખતે જેવી ગંધ હોય એવું અહીં જ્ઞાન થાય. છતાં એ ગંધનું જ્ઞાન નથી. જ્ઞાન એની પર્યાયનું છે. ગંધ અચેતન છે. સમજાણું કાંઈ? ક્યાં ગયા ચીમનભાઈ? આ ગોળનું આવ્યું, ગોળનું આવ્યું. એ રસમાં આવશે, હોં! રસમાં આવશે ને?

ગંધ જે છે સુગંધ-દુર્ગંધ એ જડની અવસ્થા. અને તે સંબંધે જ્ઞાનમાં તેવું જ જ્ઞાન થાય. એવું જ થાય કે આ સુગંધ છે અને દુર્ગંધ છે. એ વખતે સુગંધમાં દુર્ગંધનું જ્ઞાન ન હોય, દુર્ગંધમાં (સુગંધનું) જ્ઞાન એવું ન હોય. એવો જ્ઞેય-જ્ઞાનનો સંબંધ છે. છતાં તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાન-જ્ઞેય સંબંધ છતાં એ ગંધને કારણે જ્ઞાન નથી. એ ગંધનું જ્ઞાન નથી. જ્ઞાનની પર્યાય જીવની છે. સમજાણું કાંઈ? .. આવ્યું હતું ને? ગુંથાઈ ગયું છે જાણે. જ્ઞેયનું જ્ઞાન ગુંથાઈ ગયું હોય. એવી જાતનું જ્ઞાન હોય એટલે એનાથી જાણે થયું હોય એમ લાગે. પહેલો આવ્યો હતો ને શ્લોક? કળશ-કળશ. માળા ગુંથાય છે. એમ લખ્યું છે, નહિ? એમ લખ્યું છે કે નહિ? માળા શબ્દ એમાં નથી? ઓલામાં છે. ગુંથાવાથી જ્ઞેય-જ્ઞાન સંબંધને લીધે. જ્ઞેય-જ્ઞાન સંબંધને લીધે એક જેવું દેખાવાથી. ઉત્પન્ન થતી અનેક પ્રકારની ક્રિયા. જોયું! તેનાથી રહિત. જોયું! એનાથી રહિત. એક જ્ઞાનક્રિયા માત્ર અનાકુળ અને દેદીપ્યમાન વર્તતું. જોયું! સાથે આનંદ લીધો. સમસ્ત વસ્તુથી ભિન્નપણાના નિશ્ચય વડે જુદું કરવામાં આવેલું જ્ઞાન, પદાર્થના વિસ્તાર સાથે ગુંથાવાથી. સમજ્યાને? માળા ગણી છે હોં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાનનું જ્ઞેય પોતે. જ્ઞાનનું જ્ઞેય પર છે એટલે જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું? એમ છે. શું છે આ અધિકાર? સર્વવિશુદ્ધ. સર્વવિશુદ્ધ. સર્વવિશુદ્ધને? ૪૬મો કળશ છે. પણ ૪૨માં નથી આવતું. એ ૨૦૦મી ગાથા આવી ગઈ પહેલી. ઠીક ૪૨ આવી. ૪૨ જુઓ! માળા ક્યાંક અર્થમાં પણ છે. બીજે ઠેકાણે ક્યાંય છે? ક્યાંક છે ખરું. આમાં છે. .. પદાર્થના . કહીએ ફેલના .. જ્ઞેય-જ્ઞાન સંબંધ કર ઐસે દિખના .. અનેકરૂપ કર્તૃત્વભાવરૂપ ક્રિયા.. એક જ્ઞાનક્રિયા માત્ર સર્વ આકુળતાસે રહિત દૈદીપ્યમાન હોતા તિષ્ઠતા હૈ. એ તો આવ્યું. એમાં તો આવ્યું. એ તો આવ્યું. આમાં છે. માળા છે ક્યાંક.

મુમુક્ષુ :- જ્ઞાન જ જ્ઞાન...

ઉત્તર :- જ્ઞાન જ જ્ઞાનની પર્યાય છે. પરનો કોણ અનુભવ કરતું હતું? પરનો અનુભવ કરે કોણ? શબ્દ આવ્યો હતો માળા હોં! આમાંથી. આમાં ન નીકળ્યો. એ બધી માળા છે. આમાં લ્યો! '**अवगुण्ढनात्**'નો અર્થ કર્યો જોયું! '**જેટલા વિષય, તેમનો વિસ્તાર-પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ, શરીર-મન-વચન, સુખ-દુઃખ ઈત્યાદિ-તેની...**' '**अवगुण्ढनात्**' '**માળારૂપ ગુંથણી, તેનાથી રહિત છે.**' એની સાથે સંબંધ કાંઈ નથી. અનેક પ્રકારનું જેવું અહીં ગંધ છે એવું જ અહીં જ્ઞાન છે. જેવી ગંધ છે એવું જ્ઞાન. એવો જ્ઞાન-જ્ઞેયનો સંબંધ છે. વસ્તુમાં એને લઈને કાંઈ નથી. માળારૂપ ગુંથણી. જોયું! '**अवगुण्ढनात्**' નો અર્થ કર્યો. ત્રણ અર્થ છે ને. એક આમાં છે, આમાં છે ને આમાં છે. એક આમાં છે.

જ્ઞાનીની પર્યાય જે વખતે ગંધ જેવી હોય, સુગંધ હોય તો તેવું જ જ્ઞાન અહીં થાય. છતાં એને લઈને નહિ. અને ખરેખર તો જે જ્ઞાન ગંધનું થયું પરલક્ષી એ પણ ખરેખર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાનની પરણતિ નથી. સરવાળો તો એ કાઢવો છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ? એ ગંધનો અનુભવ નહિ એમ કહે છે. ગંધ તો જડ છે. જડનો અનુભવ હોય આત્માને? આ દેખાય ગંધ. અનુભવ જ્ઞાનની પર્યાયનો.

મુમુક્ષુ :- આત્માનો અનુભવ...

ઉત્તર :- આત્માનો અનુભવ એ પછી. અત્યારે. અત્યારે જ્ઞાનની પર્યાય એની છે એટલી વાત.

એ ગંધનું જ્ઞાન તે ગંધની પર્યાય નથી. પણ પર્યાય જ્ઞાનની છે. હવે એ જ્ઞાનની પર્યાય હોવા છતાં સ્વદ્રવ્યના લક્ષે જ્યારે જ્ઞાન કરે ત્યારે ખરી જ્ઞાનની પર્યાય કહેવામાં આવે છે. ઓલાથી ભિન્ન પાડીને આટલી વાત જણાવી છે. સમજાણું કાંઈ? **'ગંધ જ્ઞાન નથી, કારણ કે ગંધ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે),...'** જુઓ! ઓલામાં પાંચ-પાંચ લીધા અર્થમાં. પાંચ વર્ણ. એમ બે લીધું. **'અચેતન છે; માટે જ્ઞાનને અને ગંધને વ્યતિરેક (-ભેદ, ભિન્નતા) છે.'** હવે અહીં રસ ઉપર વધારે લઈએ. રસ ઉપર વધારે છે ને? તમારો શેરડીનો? શેનો? ગોળનો. ગળ્યો. ગળ્યો અનુભવ થાય છે.

**'રસ જ્ઞાન નથી,...'** હવે કહે છે કે આ ગળ્યો લાગ્યો ગોળ-ગોળ. આ ગળ્યો. અહીં જ્ઞાન તો એવું થયું. ગળ્યાનું જ્ઞાન ગળ્યું. ગળ્યા સંબંધીનું ગળ્યું જ્ઞાન. છતાં એ ગળ્યું તે અચેતન છે. અને આ જ્ઞાનની પર્યાય તે જીવની પર્યાય છે. એટલું અત્યારે પરથી ભિન્ન પાડ્યું છે. સમજાય છે? જે વખતે રસ ગળ્યો છે સામે એ અચેતન છે. રસની પાંચ પર્યાયો છે ને. એ અચેતન છે. અહીં એ વખતે જે ગળી છે તો એવું જ અહીં જ્ઞાન થાય બરાબર. એવો જ્ઞેય અને જ્ઞાનનો સંબંધ છે. છતાં તે જ્ઞેયને કારણે તે હતું માટે આ જ્ઞાન છે, એનું છે અને એનાથી થયું એમ નથી. એ વખતે બરાબર ગળ્યાનું જ્ઞાન ગળ્યારૂપ જ થાય જ્ઞાનમાં. આ ગળ્યું એવું જ્ઞાન થાય. છતાં સમજ્યાને? ગળ્યું છે એ તો અચેતન છે, એ તો જડ છે. આ તો ચૈતન્યની પર્યાય છે. સમજાણું કાંઈ? બેનો મેળ એવો છે ને જ્ઞાન-જ્ઞેયનો સંબંધ. એવું જ જ્ઞાન થાય. પણ એવું ન થાય ત્યારે કેવું થાય? ખાટું સામે આવે લીંબું. તો જ્ઞાનની પર્યાય ખાટાને બરાબર જાણે. બરાબર જાણે કે આ ખાટું છે.

મુમુશ્રુ :- ...

ઉત્તર :- જાણે. બસ! જાણે. આ છે એમ જાણ્યું. પણ એમાં રસ આવી ક્યાં ગયો? ખાટો અહીં આવી ક્યાં ગયો? ખાટો તો જડ છે. ખાટો તો અચેતન છે. અહીં ક્યાં આવી ગયું ઈ?

મુમુક્ષુ :- મજા તો આવે છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- શેની મજા આવે છે? ધૂળ? એ તો ખાટાનું જ્ઞાન થતાં એને ઠીક લાગે છે કે આ ઠીક એવો જે રાગ થાય છે. એ રાગની એને મજા થાય છે. ખાટાની મજા ધૂળની થાતી નથી. કહો, સમજાણું કાંઈ? કહો, આ શીખંડને ખાતા હોય એને ખબર પડે વધારે. શીખંડ બહુ વહાલો હોય છે કે નહિ? એય..! નાગરભાઈ! શીખંડ અને કેળા. જીતુને વહાલા વધારે છે એ. શરદી થઈ જાય ત્યારે મૂકવું પડે. શું કરે? પણ એ શરદી થાય છે એ જડની પર્યાય છે એમ કહે છે અહીં તો. શરદી ઠંડો જે છે એ રસ છે. સ્પર્શ છે. ઠંડો સ્પર્શ છે. એ સ્પર્શમાં આવે છે. પણ એ જેવું ત્યાં ઠંડુ છે એવું અહીં જ્ઞાન થયું. જ્ઞાન તો એવું થાય કે બીજું જ્ઞાન થાય? આ શું થઈ જાય છે એમ કહે છે અહીં. જેવો ત્યાં રસ ખાટો છે એવું અહીં જ્ઞાન થાય. એવો જ્ઞાન-જ્ઞેયનો સંબંધ છે માટે કાંઈ આ જ્ઞાન એનું છે? કે જ્ઞાન આનું છે?

મુમુક્ષુ :- રસનું જ્ઞાન નહિ?

ઉત્તર :- રસનું જ્ઞાન છે? ખાટાનું જ્ઞાન છે કે જ્ઞાનનું જ્ઞાન છે?

મુમુક્ષુ :- જ્ઞાન પોતે જ પરિણમીને જાણે છે.

ઉત્તર :- પોતાની પર્યાય છે. જીવની પર્યાય એમ સિદ્ધ કરી. પછી કાઢી નાખશે. સમજાય છે? એ પર્યાય એને જાણવું એ પણ ખરી જ્ઞાનની પર્યાય છે જ નહિ. અહીં તો જેવો આમ મેળ ખાય છે માટે આ પર્યાય એની હશે? એને લઈને થઈ છે? એવી થાય છે માટે એને લઈને થાય? ના, એ તો અચેતન છે. સમજાણું કાંઈ?

ખાટું, ગળ્યું, લ્યો પછી? તુરું. તીખો. તીખો-તીખો રસ એમાં આવે ને. તીખો-તીખો. આ મરી કાળા-ધોળા, મરચા. જેવી તીખાશની પર્યાય સામે જડની છે એવું જ અહીં તીખાનું જ્ઞાન થાય. લ્યો! મરીની તીખાશનું જ્ઞાન મરી જેવું હોય એવું થાય. અને મરચાની તીખાશનું (જ્ઞાન એવું થાય). ફેર પડે છે જ્ઞાનમાં. સામે જ્ઞેય ભિન્ન પડે છે માટે ફેર પડે છે એને લઈને નહિ એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભ્રમ ગરી ગયો છે તને. એ તો તીખાશ છે. લ્યો મરચાની તીખાશ. ભોલરવા મરચા આવે, ઓલા લાંબા આવે, ઝીણા ઝીણા શું કહેવાય મરચા? લવીંગ્યા. ઝીણા લવીંગ્યાના મરચા હોય ને ઝીણા? એ દરેકની તીખાશમાં ફેર હોય. હવે જેવી ચીજ સામે હોય, તીખાશની પર્યાય એવું અહીં જ્ઞાન થાય. છતાં એ અચેતન છે તો આ જ્ઞાનની પર્યાય ચેતન છે. બેની એકતા ક્યાં છે? સમજાણું કાંઈ?

એવું જ કેમ થયું? લવીંગ્યા (હોય) તો એવું તીખાનું જ્ઞાન થાય. એવું જ થાય. એવું થાય એટલે એ તો જ્ઞેય-જ્ઞાનનો, જ્ઞેય-જ્ઞાનનો પર્યાયમાં વ્યવહાર સંબંધ એવો. પણ છતાં તે જ્ઞેયને લઈને જ્ઞેય છે માટે થયું છે? જ્ઞેય તો અચેતન છે. આ તો ચેતનની પર્યાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રસના જ્ઞાનની પર્યાય એ તો ચેતનની છે. અને રસની પર્યાય એ તો જડની છે. બે તદ્દન જુદાં છે. અને તે પણ રસની પર્યાયનું જ્ઞાન પરલક્ષી થયું છે એ પણ આત્માના આનંદના રસે જ્યારે જ્ઞાન થાય ત્યારે તે જ્ઞાનને જ્ઞાન કહેવાય. ત્યારે ઓલા જ્ઞાનને વ્યવહાર જ્ઞાન કરીને કાઢી નખાય. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! હજી અહીંથી જેવી ચીજ સામે છે એવું જ જ્ઞાન થતાં બેની એકતા લાગે છે એને તો એના સંબંધીનું જ્ઞાન, દ્રવ્યના સંબંધી થતાં જ્ઞાનની વાત એ પણ એનાથી ભિન્ન પડી જાય છે. સમજાણું કાંઈ? બહુભાઈ! સમજાય છે આમાં? બહુ ઝીણું પણ આ. અભ્યાસ જોઈએ આ. મકાનના રસમાં કેવા ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાનની પર્યાય છે એ તો. અનુભવ એટલે જ્ઞાનની પર્યાય છે એટલી અત્યારે વાત છે. સમજાય છે? એને ખાટાનો અનુભવ હતો કે દી? ખાટાનો અનુભવ હોય તો ખાટો થઈ જાય, જીવ જડ થઈ જાય. ગળ્યાનો અનુભવ આત્માને હોય તો આત્મા ગળ્યો એટલે જડ થઈ જાય. તીખાનો અનુભવ આત્માને હોય? તીખો પોતે પર્યાય છે તો આત્મા જડ થઈ જાય. જડ થાય? એમ કહે છે. જડ નથી થતો. એ જ કહે છે. બહિરાત્મા પણ જડ થતો નથી. માને છે. માને છે કે હું આ તીખો, ખાટો એવો પર્યાય આને લઈને થઈ. અને આ પર્યાય છે એટલું મારું સ્વરૂપ છે. એમ માને છે એ બહિરાત્મા છે. એ પર્યાયબુદ્ધિ છે. પરથી થાય એમ માને એ પર્યાયબુદ્ધિ છે અને પોતાથી થયું તેટલા અંશને પણ આખો માને એ પણ પર્યાયબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ લાગતું નથી. એ તો જ્ઞાન થાય. જ્ઞાન પણ એનાથી થાતું નથી. પોતાથી થાય છે. બસ! થઈ રહ્યું. ખલાસ થઈ ગયું.

પોતાનું-સ્વનું જ્ઞાન થતાં આત્માનું સ્વપરપ્રકાશક જ્ઞાન છે એવું જ્ઞાનમાં જણાય છે. જાણતા એને આ છે એમ જાણવું પડતું નથી. એને સ્વપરપ્રકાશક જ્ઞાન સ્વના લક્ષે થતાં તે જણાય છે એટલી વાત છે. પર જણાય છે એમ કહેવું વ્યવહાર છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! વસ્તુની સ્વતંત્રતા સ્વતંત્ર છે. સ્વતંત્ર છે. સામે એવો તીખો રસ, ગળ્યો કે મોળો. મોળો કહે છે ને શું કહેવાય તમારે? મોળો. મોળો શું? મોળો આવે છે? પાંચ રસમાં મોળો આવે છે? કસાયેલો તુરો-તુરો. તુરો અને ખારો બે. તુરો-તુરો. આ ગોટલી તુરી આવે છે ને. જેવું સામે તુરું એવું જ અહીં જ્ઞાન થાય લ્યો! ગોટલી નથી આવતી કેરીની કાચી ખાય છે. તુરી લાગે. આ સમજ્યાને? હરડે, ઓલા શું બીજું કહેવાય? હિમેજ. એ જેવો તુરો છે એવું જ જ્ઞાન થાય પાછું. તેથી તો કહે, આમાં તુરાશ ઘણી છે. આમાં ફલાણું છે એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે. એ જ્ઞાનનો પર્યાય એવો જ તે વખતે પોતાથી થાય છે. એને લઈને નહિ. ઓલું તો અચેતન છે. તુરી અવસ્થા તો અચેતન છે અને આનું જાણવું તો ચૈતન્યની પર્યાય છે. એટલી પણ જેને ભિન્ન પાડવાની શક્તિ નથી... સમજાય છે? એને તે સંબંધીની જ્ઞાનની પર્યાય અંશમાત્ર પણ હું નથી. હું તો ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય છું, એનાથી મારું જ્ઞાન થાય તે જ્ઞાનની પરિણતિને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મોળું નથી આવતું કાંઈ નહિ એમાં? કડવું આવે છે. એ તો કડવું અને ખારું. મોળું છાણ જેવું છે એમ કાંઈક કહે છે ને? કડવામાં .. નથી. કડવું-કડવું. કડવું હોય ને કડવું? આ કારેલા કડવા. સમજ્યાને? આવે છે ને બીજી ઔષધી નથી આવતી? કાળીજીરી. કરિયાતું નહિ બીજું એક કડવું બહુ આવે છે કાંઈક. ઈ અમારે ખાતા બહુ. નથી આ? ફળી જેવી આવે છે નામ. કાંચકા-કાંચકા બહુ આવે કડવા. આ તો કડવી કડવી એક બીજી આવે છે. .. ખાતા બહુ. કડવી એવી આવે આ .. એક આવે છે. ઝેરકોચલા. ઝેરકોચલું એ તો આમ સુંવાળું આવે છે. એ આવે છે. પણ એ કડવીની જાત પણ ભિન્ન ભિન્ન હોય છે એમ કહું છું. અને ભિન્ન ભિન્ન જેવી જાત હોય તેવું અહીં જ્ઞાન થાય. છતાં એ અચેતન છે અને આ ચેતન છે. બે એક નથી. એનાથી થયું નથી. કડવાના કેટલા પ્રકાર છે એમ કહે છે. છતાં તેટલા પ્રકાર જેવો પ્રકાર છે તેવું જ અહીં જ્ઞાન થાય. એવો જ્ઞાન અને જ્ઞેયનો સંબંધ છે. છતાં જ્ઞેયને લઈને જ્ઞાન નથી. કારણ કે જ્ઞેય તો સામે અચેતન છે. આ તો ચેતન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**રસ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે;...**' એ તો બધી પાંચેય પર્યાયો. ખારી લ્યો. ખારું ખારું ધુંધવા નથી કહેતા? ખારું. ખીચડી ખારી, રોટલો ખારો, એકાદ રોટલીમાં મીઠું નાખે. શાક ખારું, પૂરી ખારી. સમજ્યાને? ઓલા છે ને જુઓને. ખારું. ખારી પણ એ તો જડની અચેતન અવસ્થા છે. જ્ઞાનમાં એવું જ આવે. જ્ઞાન જાણે. એવું જ આવે કે આ ખારી છે. છતાં જ્ઞાન ખારું થાતું નથી. ખારા સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી થયું છે. પરથી નહિ. આટલું પણ જેને હજી ભિન્નતાનું ભાન નથી એને એ જ્ઞાનનો અંશ છે એટલો હું નથી અને એ સંબંધીનું જ્ઞાન એ મારું જ્ઞાન નથી (એવું જ્ઞાન થઈ શકશે નહિ). પરજ્ઞેયનું જ્ઞાન એ પણ મારું જ્ઞાન નથી. સ્વજ્ઞેયનું જ્ઞાન થાય તે મારું જ્ઞાન છે. એવું જ્ઞાન તે મોક્ષનું કારણ છે. બાકી મોક્ષનું કારણ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**રસ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,)...**' રસ જ્ઞાન નથી. '**કારણ કે રસ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને રસને વ્યતિરેક છે.**' વ્યતિરેક નામ જુદાઈ છે. ભગવાન જ્ઞાનનો રસ જુદો છે. અહીં તો પર્યાયની વાત લેવી છે, જીવની પર્યાય. પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છતાં એ પર્યાય એની જ છે. એના ઉત્પાદ-વ્યયમાં એનું છે એમ એટલું આવે તો પછી એને દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરતાં તે સંબંધીનું જ્ઞાન પણ ખરું મારું જ્ઞાન નથી. એટલો પરાલંબી પરલક્ષી જ્ઞાન તે સ્વપક્ષીના જ્ઞાનમાં એ જ્ઞાન ગણવામાં આવતું નથી. સમજાણું કાંઈ? લ્યો!

હવે સ્પર્શ આવ્યું. '**સ્પર્શ જ્ઞાન નથી,...**' લ્યો સ્પર્શ. આ ઊનો-ટાઢો. આ ઠંડી વાય છે ને બહુ? તો જેવી ઠંડી હોય એવું જ અહીં જ્ઞાન થાય. હિમ પડે તો એવું અહીં જ્ઞાન થાય લ્યો! સવારમાં એવું જ્ઞાન થાય. ઠંડી ઓછી થઈ ગઈ તો ઓછું જ્ઞાન થાય કે હમણાં ઠંડી ઓછી છે, હમણા ઠંડી ઝાઝી છે. એના .. હોં. કાંઈ એકધારી ઠંડી ન હોય. ઘડી-બે ઘડી ઠંડી વિશેષ વધી જાય, બે ઘડી ઘટી જાય. પવનના લહેરકામાં. એ જાતનો જેવો ઠંડો પવન અને જેવી ઠંડી સામે ચીજ (હોય), શું કહેવાય? સમજ્યાને? આઈસ્ક્રીમ, બરફ એવું જ જ્ઞાન અહીં થાય. છતાં એવું જ્ઞાન એનું નહિ-ઠંડાનું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઠંડાનું જ્ઞાન એ જ્ઞાનનું જ્ઞાન છે, ઠંડાનું જ્ઞાન નહિ. એ જ્ઞાનની પર્યાય છે, જીવની પર્યાય છે. એ કાંઈ ઠંડાની પર્યાય નથી. ઠંડાની પર્યાય તો જડ છે.

એમ ઊનું. લ્યો તાપ લાગે ઊનો એવો લાગે. આહાહા..! ઉઘાડે પગે ચાલે અને વેળુમાં ચાલતો હોય. ઝીણી વેળું હોય ભોગાવા જેવી. સમજ્યાને? ધમ ધમ ધમ ધમ થતું હોય. કહે છે કે એ ઊના સંબંધીનું એવું જ જ્ઞાન થાય છતાં એ ઊનું તો અચેતન છે અને જ્ઞાન તો ચૈતન્યની પર્યાય છે. એક સમયમાં સાથે આવું થવા છતાં ઓલું અચેતન અને આ ચેતન છે. બે ચીજ જુદી છે તદ્દન. આહાહા..! સમજાણું કાંઈ? ટાઢું-ઊનું. પછી?

સ્પર્શ છે ને? કર્કશ, ભારે, હળવો, ભારે કર્કશ અને સુંવાળો. લ્યો! ચીકણો અને લુખ્ખો. બરાબર ચીકાશ ગુંદરની હોય ને જેવી ચીકાશ ગુંદરની. સમજ્યાને? એવું જ જ્ઞાન થાય. ગુંદર ઘણા હોય છે ને. ગુમડાનો ગુંદર. ગુંદર ખાય છે. બાવળનો ગુંદર. ગોરડ. ગોરડનો ગુંદર. ગોરડનો ગુંદર ઘીમાં તળીને ખાય. ઘીમાં તળીને. સુખડીમાં નાખે. ધોળો ધોળો નાખે સુખડીમાં. એ ચીકાશ ચીકાશમાં ફેર હોય છે. ચીકાશની એક પર્યાય સ્પર્શની છે. ચીકાશની સ્પર્શગુણની એક પર્યાય છે. છતાં એ પર્યાય પર્યાયમાં ઘણા પ્રકાર છે. અને જેવા પ્રકાર છે તેવું જ અહીં જ્ઞાન થાય. સમજાણું કાંઈ?

આવ્યું હતું ને? નહિ? જ્ઞેય-જ્ઞાન સંબંધ નહોતું અંદર? વાંચ્યું હતું ને? જ્ઞેય. પહેલા શ્લોકમાં લખ્યું છે. જુઓ! જ્ઞેય-જ્ઞાન સંબંધને લીધે એક જેવું દેખાવાથી. એ કળશમાં લખ્યું છે કૌંસમાં. જુદું કરવામાં આવેલું પદાર્થના વિસ્તાર સાથે ગુંથાવાથી. ગુંથાવાથી છે ને પાઠમાં? વિસ્તાર સાથે ગુંથાવાથી. એનો અર્થ પછી કર્યો કે અનેક પદાર્થો સાથે જ્ઞેય-જ્ઞાન સંબંધને લીધે એક જેવું દેખાવાથી ઉત્પન્ન થતી ક્રિયા. દેખ્યું! ઉત્પન્ન થતી ક્રિયા તેનાથી રહિત એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાનક્રિયા માત્ર અનાકુળ અને દેદીપ્યમાન વર્તન કરવું તે નિશ્ચળ રહે છે. સમજાણું કાંઈ? જુઓ! સરવાળો તો એ લાવ્યા, ભાઈ! કળશમાં પણ લીધું છે અને અમૃતચંદ્રાચાર્યે પોતે ટીકામાં લીધું છે. સમજાણું કાંઈ?

વિવિધ પ્રકારના જે... સમજ્યાને? શું કીધું આ સ્પર્શ. ચીકાશ. ચીકાશની વિવિધતાના પ્રકાર જેટલા (છે), જેવો પ્રકાર સામે જ્ઞેય હોય તેવું અહીં જ્ઞાન થાય. છતાં એ ચીકાશની પર્યાય તે અચેતન છે અને જ્ઞાનની પર્યાય ચેતનની પર્યાય છે. એમ જ્યારે નક્કી કરે ત્યારે એને પરથી થવું એ અટકી જાય અને તે જ્ઞાનની પર્યાય એટલી પરને જાણવા સંબંધીની હો છતાં તે વાસ્તવિક જ્ઞાન નથી. સમજાણું કાંઈ? કહો, એ તો આને લઈને અહીં થાય અટક્યો એ જ્ઞાયકને લઈને જ્ઞાન થાય એ ક્યાંથી આવે એને? એમ કહે છે. સમજાણું કાંઈ? જેવા પ્રકારનો સામે સ્પર્શ હોય તે પ્રકારનું જ્ઞાન થાય. ચીકણો-લુખ્ખો.

લુખ્ખો લ્યો લુખ્ખો. સમજાણું? લુખ્ખો સ્પર્શ હોય ને? શેનો હોય એ? લુખ્ખો શેમાં નાખવો? કોઈ પદાર્થ. લુખ્ખો છે કહે છે. નહિ? શેમાં? રસ નથી રસ. એવો પદાર્થ કેવો લીધો લક્ષમાં? આ રાખ લુખ્ખી. રાખ-રાખ લઈએ લ્યો, રાખ. રાખ લુખ્ખી બહુ હોય. રાખ લુખ્ખી. રાખ-રાખ. રાખ તે લુખ્ખી અને બરાબર .. લુખ્ખી પર્યાય. ભડભડ ભુક્કો. એ ચોંટે જ નહિ, જુઓને! સમજ્યાને? આ ગોળનું તો આમ ચોંટી જાય. એવી પર્યાયમાં જ્ઞાનની પર્યાયમાં એવું જ જ્ઞાન થાય. ગુંથાયેલું એવું જ જ્ઞાન. જ્ઞાન અને જ્ઞેય સંબંધીનું. છતાં તે લુખાશ એ અચેતન છે અને એનું જ્ઞાન એવું થવા છતાં, એવું થવા છતાં તે ચૈતન્યની પર્યાય. એની પર્યાય નથી. સમજાણું કાંઈ?

ખારું. એ તો આવી ગયું. આ સ્પર્શ. ટાઢો-ઊનો. ભારે-ભારે લ્યો. બોજો માથે લાગે. બોજો લાગે એટલે કાંઈ ગરી નથી જતું, ભીંસ નથી પડતી. સમજાણું કાંઈ? માથે .. પડે તો ભારે લાગે. ભારે લાગે છે એટલે કાંઈ અંદર વજન પડતું નથી. એ સંબંધી ભારે છે આ ચીજ એવું જ્ઞાનની પર્યાય તે જ પ્રકારે જાણે છે. ભારે થતાં જાણે દબાઈ ગયો. એમ નથી. સમજાણું કાંઈ? માથે પડ્યોને બે મણ-પાંચ મણનો પથરો? પડ્યો હતો ને ત્યાં નહિ ઓલાપણે? શિવ.. શું કહેવાય? શિવની. વ્યાખ્યાનમાં પડ્યો હતો. કોણ હતું? આપણે.. ભાઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ હતા. અમારે વ્યાખ્યાનમાં. ઉપરથી બાંધેલાને ઓલા દોરડા. લૂંગડું હેઠેથી કાંઈક ખેંચાણું તો પડ્યું માથે. પગ માથે. એમાં કોઈને નુકસાન નહોતું થયું. શિવનીમાં વ્યાખ્યાન ચાલતું હતું. પણ માણસને શું લાગે? આ ભીંસ પડી ને ભીંસ? હું દબાણો છું એમ એને લાગે. દબાણાની વ્યાખ્યા શું? એમ કહે છે. એ સંબંધીનું ભારેપણાનું અહીં જ્ઞાન તે સંબંધી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તે હતું તેવી પર્યાય પોતામાં થઈ છે. એ ભારે પર્યાયને લઈને નહિ, તેમ ભારે માટે દબાઈ ગયો છે એમ પણ નહિ. સમજાણું કાંઈ?

એમ સુંવાળું. રૂના પોલમાં. રૂના પોલનો ભાર ન લાગે. હળવું લાગે હળવું. એટલે? હળવું લાગે એની વ્યાખ્યા શું? એ તો જ્ઞાનની પર્યાય જાણે વખતે કે આ સુંવાળું છે. એટલું. સુંવાળું છે એ તો અચેતન છે અને આ તો પર્યાય ચેતન છે. ભિન્ન છે. અને એને લઈને અહીં થઈ છે એમ પણ નથી. ભારે પડ્યો અને સુંવાળું છે એટલે અહીં પર્યાય થઈ છે એમ નથી. સમજાણું કાંઈ? એમ અહીંયાં વિવેક કરાવ્યો. જુઓને. ઓહો..! ભારે, હળવો. સમજાણું? આક્ના તુલ, આકના તુલ નહિ? ફૂલ-ફૂલ. રૂ એનું. બહુ હળવું.. બહુ હળવું... આ રૂ કરતા પણ હળવું બહુ. વળી એક આ ખડબાજરા. શું કહેવાય? ઘા બાજરી. એના ડુંડા થાય છે. એના બહુ ઓલા હોય છે. રૂંવાટા નીકળે સુંવાળા... સુંવાળા... ઊડતા હોય. અને આંકડીયા. આ આકડા આકડા. આકડાના આકોલિયા હોય છે ને એના સૂકા. એવું હળવું હળવું હોય કે ઊડતા હોય. હળવું હોય. સહેજ પવન લાગે તો આમ ઉડતા હોય. એવી હળવી ચીજ. તો ખ્યાલમાં એવી જ આવે બરાબર. આ આવી છે, આમ ઊડે છે. જ્ઞાન એવું થાય એ વખતે. છતાં એ અચેતન છે અને અહીં જ્ઞાનની પર્યાય ચેતન છે. આહાહા..!

મુમુક્ષુ :- એ અચેતનનું જોર બતાવે છે.

ઉત્તર :- બિલકુલ નહિ. જોર ક્યાં બતાવે છે? એની જ્ઞાનની પર્યાય એ વખતે આવી છે એમ બતાવે છે. કહો, સમજાણું? એવું જ કેમ જ્ઞાન થયું? એવું કેમ જ્ઞાન થયું વળી પ્રશ્ન શું? કહો, આ નિમિત્ત એવું હતું માટે જ્ઞાન એવું થયું કે નહિ? નિમિત્તને લઈને એવું થયું. પહેલા કેમ એવું નહોતું થયું? એ માટે તો આ વાત કરે છે. નિમિત્ત અચેતન છે અને જ્ઞાનની પર્યાય ચેતન છે. માટે અચેતનમાંથી પર્યાય ચેતન થાય? સમજાણું કાંઈ?

હળવી, ભારે, કર્કશ. કર્કશ લ્યો તલવાર. આમ ચીરે. તો કહે છે, અહીં તો પર્યાય થાય છે. અહીં તો છરો પડે કે આમ પડે તો એ કાંઈ અડતું નથી એને. એક થતું નથી. અને છતાં જ્ઞાન અહીં એવું જ થાય. અહીં છરો પડે એવું જ્ઞાન થાય. જ્ઞાનની પર્યાય જુદી અને કર્કશની પર્યાય જુદી. કર્કશની પર્યાય જડ માટે અહીં જ્ઞાનની પર્યાય થઈ એમ છે નહિ. બરાબર એ વખતે એવું જ થાય. કહો! જ્ઞાન એવું જ થાય. કર્કશનું તો કર્કશરૂપે જ જ્ઞાન થાય. જ્ઞાનનો સ્વભાવ તો જેવું હોય એમ જાણે કે ન હોય એમ જાણે? આહાહા..! એમ સુંવાળું, ભારે, હળવું, ચીકાશ અને લુખાશ. આવી ગયું ને? શીત અને ઉષ્ણ. આઠેય થઈ ગઈ. આઠેય પર્યાય તે કાળે (થાય છે). પણ એક એક પર્યાયમાં પણ ભેદ હોય છે ઘણા. એવું જ જ્ઞાન થાય ત્યાં. છતાં એ જ્ઞાનની પર્યાય તે ચેતન છે, ઓલી પર્યાય તે અચેતન છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બે તદ્દ્ન જુદી છે. બેની વચ્ચે વ્યતિરેક-જુદાઈ છે તદ્દ્ન. બેય એક છે નહિ, બે એક અડતા નથી. બેને અડવું થતું નથી. કહો, સમજાણું કાંઈ?

આ શરીર સુંવાળું, લ્યોને. માખણ જેવું શરીર. સુંવાળું હોય. ચામડી સુંવાળી. તો શું થયું? એ તો જડની પર્યાય છે. ત્યારે કહે, એવું કેમ જ્ઞાન થયું? કે એવું જ્ઞાન થયું એનો અર્થ કે તારા જ્ઞાનની પર્યાયમાં તે સંબંધીની લાયકાત એવી છે. એ સ્પર્શને લઈને જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. સુંવાળું શરીર, માખણ જેવું. સમજાય છે? માખણ સુંવાળુ હોય છે ને? લ્યોને માખણ કેટલું સુંવાળુ! એ વખતે એવું જ જ્ઞાન થાય. બરાબર આ માખણ આવું છે. છતાં એ જ્ઞેયને લઈને જ્ઞાન નથી. જ્ઞેય તો અચેતન છે અને આ તો જ્ઞાન ચેતન છે. બે તદ્દ્ન જુદી ચીજ છે. કહો, સમજાણું કાંઈ?

આ સર્વવિશુદ્ધજ્ઞાનમાં આવું નાખ્યું છે એનું કાંઈક કારણ હશે કે નહિ? સર્વવિશુદ્ધજ્ઞાનમાં નાખ્યું છે. એક એક પર્યાય એક એક ગુણની ભિન્ન ભિન્ન છે. તે કાળે તેવું જ જ્ઞાન થવા છતાં તે જ્ઞાનની પર્યાય પોતાથી થઈ છે. ઓલું અચેતન છે. અચેતનથી થઈ નથી. એટલું નક્કી કરે તો પછી એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ (પડે) કે આટલો પર્યાય પણ મારાથી સ્વતંત્ર થાય છે. ઓલી આવી ચીજનું જેવી છે એવું જ્ઞાન થવા છતાં સ્વતંત્ર થાય છે. એને લઈને નહિ. એવી પર્યાય સ્વતંત્ર થાય તો હું દ્રવ્ય તો સ્વતંત્ર અખંડાનંદ પ્રભુ છું, એવી દૃષ્ટિ થતાં જે સમ્યગ્જ્ઞાન થાય તે જ્ઞાન શુદ્ધતા અને મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

અહીં અટકે કે આવું નિમિત્ત હતું એવું જ્ઞાન થયું. નિમિત્ત એવું જ્ઞાન (થયું). તો બેની એકતા થઈ ગઈ. બેની એકતા માની. બેની એકતા માની. પર્યાય સાથે અનેકતા માની, પર્યાયથી રહિત દ્રવ્ય એકલું જુદું શી રીતે પાડશે? પર્યાયનો અંશ છે એટલો હું નથી. અને એ જ્ઞાન એટલું જ્ઞાન ઈ આખું જ્ઞાન નથી. વસ્તુની અંતર દૃષ્ટિ કરીને જે જ્ઞાન પ્રગટે તે સ્વપરપ્રકાશક અખંડ જ્ઞાન છે. તે જ્ઞાનને સમ્યગ્જ્ઞાન (કહે છે). અને મતિ-શ્રુત હો તો પણ એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો! '**માટે જ્ઞાનને અને સ્પર્શને વ્યતિરેક છે.**' જ્ઞાન અને સ્પર્શ બે તદ્દ્ન જુદા છે.

હવે આવ્યું કર્મ. મોટા વાંધાવાળું. વાંધાવાળું વચમાં પડ્યું. કહે છે ને માણસ? આ પેટ પેટ. લોકો નથી કહેતા? સાંભળ્યું છે કે નહિ? આ વાંધાવાળું પેટ. એટલે પેટ ભરવા માટે કરવું પડે અમારે. કરવું પડે કે નહિ? આ વાંધાવાળું વચમાં પડ્યું. લ્યો. આમ મોઢું રહી ગયું, પગ હેઠે રહી ગયા. વચમાં હવે પેટ ભરવા માટે કાંઈક અમારે કરવું પડે કે નહિ? બેસી રહેવાથી પેટ ભરાય? એય.. મલૂકચંદભાઈ! એમ કહે છે. સાંભળ્યું છે કે નહિ? વાંધાવાળું વચમાં પડ્યું. કહે છે, કહે છે. બધું ઘણું સાંભળ્યું હોય ને. ક્યાંક યાદ આવી જાય. આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વાંધાવાળું એટલે પેટ. ભાઈ! પેટ ભરવું પડે. અંદર નાખવું પડે. સવા શેર ચોખા જોઈએ, રોટલી જોઈએ. રળવું તો પડે ને. અને પછી એમાં ઘરના આઠ માણસ હોય. અને તમે કહો કે ધર્મ કરો. ધર્મ કરો. કોણ રળે? સાંભળને! અહીં તો કહે છે કે જે કર્મ છે ને કર્મ? આ વાંધાવાળું કર્મ આવ્યું વચ્ચે. ઓલું પેટ આવ્યું ને? વાંધા ઉઠાવ્યા. અહીં તો કહે છે કે સાંભળ કહે છે, જુઓ!

'**કર્મ જ્ઞાન નથી,...**' કહો, એના ખ્યાલમાં આવે કે ઉદય આ છે. સમજ્યાને? જડનો ઉદય આવો ચોથે ગુણસ્થાને હોય, પાંચમે આવો હોય, છઠ્ઠે આવો હોય. સમજ્યાને? એવો ખ્યાલ આવે. પહેલાવાળાને ખ્યાલ આવે. એને ખ્યાલ આવે ને પ્રકૃતિનો? આ પ્રકૃતિનો આટલો ઉદય હોય, આટલી સત્તા હોય, આટલો બંધ હોય. લ્યો! પણ એ પ્રકૃતિ છે તે અચેતન છે અને અહીં જ્ઞાન થયું એ તો જ્ઞાનની પર્યાય છે. એ કાંઈ અચેતન છે માટે એવું જ્ઞાન થાય છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાનની મૂર્તિ. એનો આશ્રય કરીને જે જ્ઞાન થાય તે જ્ઞાન સમ્યક્ અને શુદ્ધ અને ધર્મનું કારણ છે. હવે એટલો જેને હજી નિર્ણય કરતા નથી આવડતો આટલો કે મારો જ્ઞાનનો પર્યાય તે પ્રકારે કર્મનો ઉદય છે એને જાણે. જેવો ઉદય છે તેવું જ્ઞાન થાય. જેવો ઉદય છે તેવું જ્ઞાન થાય. સત્તામાં જેટલી પ્રકૃતિ એવું સાંભળે ખ્યાલમાં છે તેવું જ્ઞાન થાય. બંધમાં આટલી પ્રકૃતિ પડે તો તેવું જ્ઞાન થાય. છતાં એ પ્રકૃતિ અચેતન છે અને આ જ્ઞાનની પર્યાય ચેતન છે. બેય એક છે નહિ. સમજાણું કાંઈ? લ્યો!

લોકો નથી કહેતા કે આને કર્મ ગ્રંથનું બહુ જ્ઞાન છે? ભાઈ આવે છે ને? લોકો કહે છે. નહિ? સાધુ બહુ હોય શ્વેતાંબરમાં. એ માટે બહાર પાડ્યું ને? .. મોટો આમ ગણાય. ઓહોહો..! અહીં તો કહે છે કે હવે એ કર્મ જડ પ્રકૃતિ છે એને લઈને તારો પર્યાય છે એમ નથી. તારો પર્યાય તારાથી થયો છે અને એટલું પર્યાયનું જ્ઞાન એ પણ વાસ્તવિક જ્ઞાન નથી. હજી તો પરથી જુદું પાડતા નથી આવડતું અને આ વાસ્તવિક જ્ઞાન નથી. વાસ્તવિક તો સ્વદ્રવ્યનું જ્ઞાન થાય તેને જ્ઞાન કહેવાય. સમજાણું કાંઈ? આહાહા..!

કર્મને શીખે. પહેલે ગુણસ્થાને આટલી સત્તા, પહેલે ગુણસ્થાને આટલો ઉદય, આટલી પ્રકૃતિનો બંધ, આટલું સંક્રમણ, આટલું અપકર્ષણ. તૈયાર કરીને બોલે પલાખા. પણ એ તો તારી જડની પર્યાય તે કાળે ત્યાં કેટલી ઉદયમાં હોય, સત્તામાં કેટલી હોય એ ભગવાને કીધી હોય એ આવે. એનો ખ્યાલ આવે. ખ્યાલ આવે એ તો પર્યાય તારી છે. એ કાંઈ અચેતનની પ્રકૃતિ છે માટે અહીં ખ્યાલ આવે છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

હજી તો અહીં લેશે કે રાગ-દ્વેષ તો તારા છે-વિભાવ. ખરેખર તો વિભાવ એનો નથી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને વિભાવનું જ્ઞાન છે એ એનું નથી. અહીં તો પરથી જુદો પાડીને પછી અહીં જુદો પડાવે છે. સમજાણું કાંઈ? આહાહા..! તું તને જો. પરને જો નહિ. પર્યાયમાં પણ તારી પર્યાય તારાથી થાય છે એમ તું જો. પરનું જેવો છે તેવું જ્ઞાન થવા છતાં (એ પર્યાય એની નથી). એ વખતે કેમ જ્ઞાન થયું? જીવને આઠ કર્મ છે. આઠ કર્મમાં આટલે ગુણસ્થાને આટલી બંધાય. તીર્થંકર અને આહારક ગોત્ર એ સમકિત પછી બંધાય, પહેલી ન બંધાય લ્યો! એવું જ્ઞાન થયું તો એ પ્રકૃતિને લઈને જ્ઞાન થયું કે નહિ? હતી એની સત્તાને લઈને? ના. એ તો અચેતન છે.

મુમુક્ષુ :- જ્ઞાનની વ્યાપ્તિ જ્ઞાન સાથે છે...

ઉત્તર :- પણ ક્યાં જુદું પડે છે? જુદું પડે તો પછી એને દ્રવ્ય ઉપર જાય ને દૃષ્ટિ. જુદું ક્યાં પડે છે? એમ કહે છે. જ્યારે પર્યાયને આટલી સૂક્ષ્મતાથી પોતાથી થાય એમ નક્કી કરે તો એની દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય. એ માટે આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? એ તો બોલવામાં છે.

જ્ઞાન એક સમયની પર્યાય વર્તમાનમાં જેવો સામે કર્મનો ઉદય હોય એવું જ જ્ઞાન અહીં થાય. જેટલી સત્તા હોય જે જે ગુણસ્થાને ખ્યાલમાં તો એવું જ જ્ઞાન થાય. જેટલો પ્રકૃતિનો નવો બંધ પડવાનો હોય અને શાસ્ત્ર કહે એવું જ અહીં જ્ઞાન થાય. છતાં એ અચેતનને લઈને નહિ, અચેતન છે માટે નહિ. એ જ્ઞાનનો તે પર્યાય તે કાળે તેવા પ્રકારનો થવાને લાયક છે માટે થાય છે. જુઓને. ઓહોહો..! કહો, એક એક વર્ણ, ગંધ, રસ, સ્પર્શની એક એક સમયની ભિન્ન ભિન્નતાની જેવી પર્યાય છે તેવું જ અહીં જ્ઞાન થાય. છતાં તે એમ કેમ? એમ કેમ શું એ પર્યાયની યોગ્યતાનો કાળ છે. સમજાણું કાંઈ? એ પ્રકારનું જ્ઞાન કેમ? માટે કાંઈ નિમિત્ત પ્રધાનતાથી કે અચેતન પ્રધાનતાથી કાંઈ થાતું હશે? ત્રણ કાળમાં નહિ. તારી પર્યાય ઊડી જાય છે. પર્યાય એટલે તારો પર્યાય ધર્મ છે. ધર્મ તારો ઊડી જતાં તું ધર્મી પણ રહેતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બંને દ્રવ્યની પર્યાયો સ્વતંત્ર છે. આવું તો પહેલેથી નક્કી કરાવે છે પછી આને લીધે આ થાય એવું આવે ક્યાંથી?

ઉત્તર :- પણ માને છે ને ઈ. માને છે ને. અંદર દૃષ્ટિમાં જ્યાં બેની એકતા છે કે આ હતું તો આવું થયું. કર્મનો ઉદય જેવો લક્ષમાં આવે છે એવો ત્યાં ઉદય છે. અને એવું લક્ષ થયું. માટે એને લઈને અહીં થયું કે નહિ? ના. તારા ચૈતન્યના પર્યાયની યોગ્યતા જ એવી છે તે કાળે. સમજાણું? મિથ્યાદૃષ્ટિને આટલી પ્રકૃતિ બંધમાં હોય, એને આટલો ઉદય હોય. એવું જ હોય અચેતનમાં. છતાં તેના ખ્યાલમાં આવે એ અચેતનને લઈને નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તે પ્રકારની જ્ઞાનની પર્યાયની તે પ્રકારની તારી યોગ્યતાથી તારું જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ સૂક્ષ્મતા કરી છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં પણ તે તે પ્રકારનો જેવો પર્યાય જે પ્રકારનો ત્યાં (થાય) તેવા પ્રકારનું અહીં જ્ઞાન થાય. છતાં તે જ્ઞાન અચેતનને લઈને નહિ. કેટલા ભેદ વર્ણના, ગંધના, રસના, સ્પર્શના. એના ભેદ અને પાછી એક એક પર્યાયના ભેદ. તીખાશમાં તીખાશના ભેદ, ગળ્યામાં ભેદ. હોય છે ને ગળ્યામાં કેટલા ભેદ. ગળી તો એક પર્યાય છે. એ પર્યાયના પાછા કેટલા ભેદ! એટલા બધા ભેદને કાળે જ્ઞાન (થાય તે) એને લઈને નહિ એમ કહે છે. અને જ્ઞાન થાય એવું પાછું. એવું જ થાય. સમજાણું કાંઈ? લ્યો!

અગ્નિને આમ સ્પર્શે તો ઉષ્ણતાનું જ્ઞાન થાય. ઉષ્ણતાનું જ્ઞાન થાય. છતાં અહીં અગ્નિ છે એ તો અચેતન છે એના પરમાણુ તો. અને જીવ છે એ તો ચેતન પર્યાય છે. અને ઉષ્ણતાનું જ્ઞાન થયું એ તો જીવની પર્યાય છે. એ વખતે ઉષ્ણતાનું કેમ જ્ઞાન થયું? કેમ થયું એટલે? કેમ થયું એનો પ્રશ્ન શું? તે જ્ઞાનની પર્યાયની તે કાળે તે જ યોગ્યતા છે. કાંઈ જ્ઞેયને લઈને છે? ના. એ જ્ઞેય-જ્ઞાયક સંબંધ એવો છે કે જેવું હોય એવું થાય. પણ હોય એવું થાય તે ઓલાને લઈને નહિ. આહાહા..! એ જલી ગયો, બળી ગયો. થઈ જાય છે ને? ખરેખર તો ત્યાં ઉષ્ણતા જેવા પ્રકારની છે એવું અહીં જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

.... તેલમાં બળે છે. એમાં જો પાણી નાખો પાણી તો આ ચામડી બધી ઉખડી જાય. ચામડી ફટ ફટ ફટ. જ્ઞાનની પર્યાય જાણે છે કે આમ થાય છે, બસ! અહીં છે. એને લઈને અહીં જ્ઞાન થયું છે? એવા પ્રકારનું અહીં ભજ્યું માટે એનું જ્ઞાન થયું? ના. એ જ્ઞાનની પર્યાય તારી પોતાથી એ પ્રકારે એ જ થવાની હતી અને થઈ છે. આ નિયત થઈ જાય છે, માણસ એમ કહે છે. સમજાણું કાંઈ? એવા જ પ્રકારનું ત્યાં બળવું ને આમ થાય. આહાહા..! સહ્યું જાતું નથી. આમ થાય. માણસ નથી કહેતા? બળેને ત્યારે બિચારા કહે પાણી નાખીએ તો ઓલવાઈ જાય. પણ એમાં પાણી નાખે તો ચામડી ઉતરડી જાય. ફટ.

જુઓ! હમણાં ન થયું? આ હમણાં એકને. આ ..ભાઈની બહેનને. દીકરાને .. આપ્યું. કહો. દુશ્મને અગ્નિ મૂકી જીવતા. એમ કહે છે લખાણમાં. કહો, સમજાણું? અને પોતે છાંટે છે ને ઘણા લ્યોને. ઊભા હડ... હડ... હડ... હડ (બળે). કહે છે કે એવું જ ત્યાં પર્યાયમાં જ્ઞાન થાય. આ ઉષ્ણ છે એવી જ જાતની ઉષ્ણતાનું અહીં જ્ઞાન થાય. તો ઉષ્ણતા અચેતન છે અને જ્ઞાનની પર્યાય ચેતન છે. બેની એકતા નથી. અને એને લઈને અહીં થયું નથી. આહાહા..! ક્ષણની ક્ષણની પર્યાય પોતાની તે પ્રકારની યોગ્યતાથી પોતાથી થાય છે. એવા ભિન્ન ભિન્ન પ્રકારની યોગ્યતાઓ સામે હોવા છતાં તેનાથી તે થઈ નથી. એટલું અહીં પહેલું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નક્કી કરાવે છે. કહો, બલુભાઈ! આવું પણ ઝીણું પડે ભારે માણસને. સમજાણું કાંઈ?

લ્યો, અહીં તો કર્મ છે. હવે કર્મ એને નડે. અચેતન એને નડે. એ તો જ્ઞાનમાં નિમિત્ત છે કહે છે. ત્યારે કર્મ રખડાવે. કર્મ રખડાવે, કર્મે માર્યા સમજ્યાને? કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક. વ્યાખ્યાન કરે છે ત્યારે બોલે છે ને ઈ? ઓલા સાંભળે, હા હા. શું પણ હા હા? કર્મ તો જડ છે. જેઠાભાઈ! જેઠાભાઈને તો અનુભવ થઈ ગયો છે. અમારે (સંવત) ૨૦૦૬ સાલમાં ત્યાં ગયા હતા ત્યાં બોલતા હતા. અહીં શેત્રુંજય. અરે..! ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ પરોપકારી પ્રભુ એમ કહે છે કે જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મે આત્મા રખડ્યો. અને તમે ના પાડો છો. ભાવકર્મ આત્માના દોષથી રખડ્યો છે માટે ભગવાનની વાણીથી વિરોધ છે. કરો... શું કહેવાય? કરો ચર્ચા. ચર્ચાનો શું..? ચેલેન્જ. ચેલેન્જ આપી ચેલેન્જ. ઓહોહો..! પછી તો જેઠાભાઈ ભાગ્યા એનાથી પાછા. જેઠાભાઈ ગયા તો એને કીધું. પહેલી વાત કબુલ કરો કે કર્મને લઈને રખડે છે જીવ. એટલી વાત કબુલ કરો તમારી સાથે ચર્ચા કરીએ. આ કહે, મને એ વાત માન્ય નથી. અમારે ચર્ચા નથી કરવી. એય.. નિહાલચંદભાઈ!

મુમુક્ષુ :- એ કહે છે આ તમે કબુલ કરશો તો અમારી વાત બેસશે, નહિ તો...

ઉત્તર :- નહિતર એકેય વાત બેસશે નહિ. ઠીક! ચર્ચા થઈ એમની સાથે. રામવિજય સાથે. અમારે ત્યાં એ થયું હતું. ૨૦૦૬ની સાલમાં. ત્યાં ગયા હતા ને. માણસ ઘણું. આઠસો તો સાથે હતું. અને એમાં ૨૦૦ માણસ ગામનું આવે. મોટા મોટા બધા માણસો હતા ને. અને એના આણંદજી-કલ્યાણજી નામ આપ્યું. શું કહેવાય? વંડો. ત્યાં વ્યાખ્યાન. એ બિચારો અનુકૂળ હતો. ભાઈ! ઓલો નહિ લુહાણો. લુહાણોને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. લાંબો. શું નામ? ઠાકરશીભાઈ, ઠાકરશીભાઈ. એ બિચારો સામો બેઠો. નરમ માણસ. જુઓ! ભાઈ આમ છે. રાગ-દ્વેષથી આત્મા રખડે છે. રાગ-દ્વેષ પોતે કરે તો થાય છે. કર્મને લઈને નહિ. એ ત્યાં ગઈ વાત. ગઈ ને ખળભળાટ... ખળભળાટ. નહિ. પરમ ઉપકારી તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે કર્મને લઈને રખડે. તમે કહો છો કે કર્મને લઈને નહિ. તો કરો પહેલા ચર્ચા. અહીં કહે છે કે કર્મને લઈને નહિ. તારી ભૂલને લઈને તારી ભૂલ થઈ છે. આહાહા..! સમજાણું?

અહીં તો હજી વિશેષ કહેતાં એ ભૂલ થાય તેનું જ્ઞાન થાય એ જ્ઞાનની પર્યાય ભૂલને લઈને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જેવી ભૂલ છે તેવી જ જ્ઞાનની પર્યાય થાય. ભાઈ! આહાહા..! સિદ્ધ તો અહીં જ્ઞાન પર્યાય સિદ્ધ કરવી છે ને. કહો, જેવી ભૂલ છે રાગ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દ્વેષની એવી જ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ એ પ્રકારે જાણવાનો છે. છતાં એ ભૂલને લઈને જ્ઞાનની પર્યાય છે એમ નહિ. તો વળી કર્મને લઈને પર્યાય જ્ઞાનની છે એ વાત તો ત્રણ કાળમાં છે જ નહિ. સમજાણું કાંઈ? ભાઈ! કર્મનો ક્ષયોપશમ થાય એવું જ્ઞાન ઉઘડે. તમે એમ કહો કે એ તો યોગ્યતા છે. ના. ના. સમજાણું કાંઈ? એવી વાત છે આ.

કર્મને લઈને આત્મામાં ઉઘાડ થાય તો જ્ઞાનપર્યાય ઉઘડે. જેટલો કર્મનો ઉદય હોય તેટલું આત્માને આવરણ થાય. એમ કહે છે. મોટા ભણેલા વળી આ દિગંબરના. શું થાય? હજી તો પર્યાયનું આ તો ભિન્ન ભિન્ન જેવો ઉદય છે તેવું જ્ઞાન થાય, જેટલી સત્તા પ્રકૃતિને છે એવું ખ્યાલ આવે વાંચતા, તો જ્ઞાન થાય છતાં એ એને લઈને જ્ઞાન નથી. જ્ઞાનની પર્યાય પોતાની યોગ્યતાથી તે પર્યાયનો તે પ્રકારનો જ યોગ્ય સ્વભાવ છે પર્યાયનો. તે તે સમયનો પર્યાય સ્વતંત્ર યોગ્યતાવાળો છે. આહાહા..!

મુમુક્ષુ :- ગોઠવાઈ ગયેલું છે.

ઉત્તર :- ગોઠવાઈ ગયું.... આહાહા..! અને આ તો કેમ હોય એ સિદ્ધ કરે છે પાછું. એ કેમ? એ સમયે એવું કેમ? એવું કેમ એટલે શું? એનો પર્યાય છે, એની પોતાની પર્યાય છે. સમજાય છે કાંઈ? વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પ્રકારો એવા ખ્યાલમાં આવ્યા એનું કારણ? ખ્યાલમાં આવે એવા જ પ્રકારનું તે સમયનું જ્ઞાન છે. તે સંબંધી એવા પ્રકારનું જ્ઞાન છે. એવા પ્રકારનું કેમ? કેમ શું? એ પોતાનું છે. સ્વકાળનું જ્ઞાન એવું છે કે ચૈતન્યની પર્યાયને હજી પરથી ભિન્ન બતાવે છે અહીં તો એટલે.

અહીં તો હજી એથી આઘે કરીને એનો સરવાળો કરશે. સમજાણું કાંઈ? એટલી પણ જેને કબુલાત નથી એને એ અંશબુદ્ધિ ટળીને દ્રવ્યબુદ્ધિ થાય એ કોઈ દી થઈ શકે નહિ. આહાહા..! અંશબુદ્ધિ સમજાણું? પર્યાયબુદ્ધિ. અહીં તો પર્યાયની એક એક સમયની યોગ્યતા સ્વતંત્ર સિદ્ધ કરે છે. ભિન્ન ભિન્નતા, નિમિત્તમાં ભિન્નતા છે માટે જ્ઞાનની પર્યાયની ભિન્નતા નિમિત્તને લઈને છે એમ છે નહિ. કહો, છોટાભાઈ! નિમિત્ત કેટલા પ્રકારના છે? જુઓ! ભિન્ન ભિન્ન. જેવું નિમિત્ત હોય તેવું જ્ઞાન થાય પાછું. એમ. જેવો કર્મનો ઉદય, જેવી સત્તા, જેટલો સ્પર્શ, સ્પર્શના પણ પ્રકાર, એના પણ એક ઠંડામાં પણ થોડું ઠંડુ, ઘણું ઠંડુ એમ ઘણા પ્રકાર થાય કે નહિ? જેવી સામે પર્યાય (હોય) તેવું જ અહીં જ્ઞાન થાય છતાં તે પર્યાય અચેતન અને આ ચેતન પર્યાય જ્ઞાન છે. એમ સિદ્ધ કરે છે અહીં. સર્વવિશુદ્ધજ્ઞાન છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

એ પર્યાયમાં એમ કેમ? એમ કેમ શું? તે ગુણનો તે પર્યાયનો તે પ્રકારનો ચૈતન્યની પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પરની વિવિધતા અને વિચિત્રતાને લઈને અહીં એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પ્રકારની વિવિધતાનું જ્ઞાન થયું એમ નથી. જે પ્રકારે તે પ્રકારના જ્ઞાનનો પર્યાય સામે વિવિધ પ્રકારનો હોય છે તે પ્રકારનું જ્ઞાન એને હોય છે. જ્ઞાન એવું ન હોય ત્યારે શું બીજું ઊલટું હોય? એવો જ જ્ઞાન-જ્ઞેયનો સંબંધ છે. છતાં તે એક સમયની પર્યાય જ્ઞેયને લઈને નહિ. કેમ કે અચેતન છે. એટલી પર્યાયમાં સ્વતંત્રતા નક્કી કરીને.. ત્યારે એક પર્યાયની આટલી સ્વતંત્રતા જેને કબુલ કરતા નથી આવડતી એને અનંત ગુણનો પિંડ જે અવ્યક્ત છે એની સ્વતંત્રતા એની દૃષ્ટિમાં કબુલ કરી શકશે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

એક એક સમયના ભિન્ન ભિન્ન જાતના નિમિત્તો અને તેવા જ પ્રકારનું જ્ઞાન. છતાં ભિન્ન ભિન્ન નિમિત્તને કારણે નહિ. આટલી સ્વતંત્રતા એને કબુલાતમાં નથી, વ્યક્તપણાની પર્યાય પ્રગટ થતી પર્યાયની આવી જ યોગ્યતાથી તે કાળે તે પ્રકારે હોય એવી જેને સ્વતંત્રતાની કબુલાત નથી એને, દ્રવ્ય વસ્તુ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એકલો જ્ઞાન ચિદાનંદ ભગવાન, એની દૃષ્ટિ એને થશે નહિ. એ દૃષ્ટિ થયા વિના તેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થશે નહિ. અને ત્યાં સુધી એનું રખડવું મટશે નહિ. કહો, સમજાણું કાંઈ? કર્મને લઈને નહિ.

નિગોદમાં ભાવકલંક પહુરા. કલંક પ્રચુર ભાવ છે. એમ કહ્યું શાસ્ત્રમાં. પ્રચુર કલંક છે એને ભાવમાં, એને લઈને રખડે છે. કર્મને લઈને નહિ. કર્મ તો નિમિત્ત જડ છે. જડ બિચારા શું કરે? સમજાય છે? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ,' એઈ..! જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે એ નથી કહેતા અત્યારે. પણ એ તો ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. નિમિત્ત કોણ હતું એને જણાવ્યું છે. એનાથી જ્ઞાન અટકે છે (એમ) ત્રણ કાળમાં નહિ. અને કર્મનો જેવો પ્રકાર છે એવું સાંભળતા જ્ઞાન થાય માટે અચેતન છે માટે અહીં જ્ઞાન થાય (એમ નથી). ચેતનની પર્યાયનું પોતાના જ્ઞાનમાંથી પર્યાય પોતાની આવે છે. સમજાણું કાંઈ? એવો નિર્ણય કરે તો પછી પુણ્ય-પાપ અને અલ્પ જ્ઞાનમાં જે માનેલી મિથ્યાદૃષ્ટિપણું, તેને દ્રવ્યદૃષ્ટિએ તેને તોડે. તોડતા તેને સમ્યગ્જ્ઞાન થાય તે મોક્ષનું કારણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૦, ગુરુવાર તા. ૨૫-૧-૧૯૬૮**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન-૪૬૭**

અહીંયાં આવ્યું છે. જુઓ! '**કર્મ જ્ઞાન નથી,...**' ત્યાં સુધી આવ્યું છે. શું કહે છે? કે આત્મા જે વસ્તુ છે આત્મા પદાર્થ, એ હોવાવાળું સત્ છે સત્. અને સત્‌ની સાથે તેનો જ્ઞાનગુણ ત્રિકાળ સત્ છે. હવે એની વર્તમાન અવસ્થા જે જ્ઞાનની થાય... સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અત્યારે ન હોય. સમજાણું કાંઈ? શું કીધું?

આત્મા વસ્તુ છે પદાર્થ. એનો અંદર જ્ઞાનગુણ છે. જ્ઞાનશક્તિ, જ્ઞાનસ્વભાવ છે. હવે એ જ્ઞાનસ્વભાવ એ ત્રિકાળ છે. એની વર્તમાન અવસ્થા થાય-દશા. જાણવાની વર્તમાન દશા એટલે હાલત-પર્યાય (થાય છે). એ પર્યાય પણ વર્તમાન સ્વતંત્ર છે એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? કોઈપણ ચીજ વર્ણ લ્યો વર્ણ. એક કાળી ચીજ દેખી કાળી. તો કાળી અવસ્થા જડની છે. કાળી. અને તે સંબંધે અહીં જ્ઞાન થયું જ્ઞાનની દશામાં કે આ કાળું છે. એવું જે જ્ઞાન થયું એ જ્ઞાનની અવસ્થા થઈ-હાલત થઈ. એ કાંઈ કાળી પર્યાય છે માટે થઈ નથી. સમજાણું કાંઈ? તે વખતે તે જ પ્રકારના જ્ઞાનની પર્યાય કાળાને જાણવાયોગ્ય પોતાની યોગ્યતાથી ત્યાં થઈ છે. સમજાણું કાંઈ? જુઓ! આ પીળું છે. આ લ્યોને. સુખડ છે ને સુખડ? એમાં કેસર છે. પીળું ખ્યાલમાં આવ્યું જ્ઞાનમાં. વર્તમાન પ્રગટ જ્ઞાનનો જે અંશ છે; ત્રિકાળ તો શુદ્ધ ધ્રુવ છે ચૈતન્ય સમૂહ, પણ એની પ્રગટ અવસ્થા જે છે એમાં ખ્યાલમાં આવ્યું કે આ પીળું છે. એ જ્ઞાન અવસ્થા આને લઈને નથી આવી. આને લઈને જ્ઞાન અવસ્થા નથી થઈ. કારણ કે જ્ઞાનની અવસ્થાના હોવામાં આનો અભાવ છે. અને આના હોવામાં આનો અભાવ છે. ઝીણું લોજિક છે હોં! જરી તત્ત્વ ઝીણી વાત છે.

આ દેખાય છે. વસ્તુ જે ત્રિકાળ આત્મા વસ્તુ છે એ તો ત્રિકાળ રહેનારી. હવે એનો જ્ઞાનગુણ છે એ આનંદ આદિ ત્રિકાળ છે. અહીં તો જ્ઞાન ત્રિકાળ વસ્તુ છે જેવી ત્રિકાળ એવું જ્ઞાન ત્રિકાળ શક્તિ ગુણ છે. હવે એની વર્તમાન અવસ્થા તે અવસ્થા પીળાને દેખવા કાળે પર્યાયમાં જ્ઞાન એવું જ આવ્યું કે આ પીળું છે. એ જ્ઞાનની પર્યાય એવી થઈ કેમ? કહે છે. એ પોતાની લાયકાતથી થઈ છે. આને લઈને નહિ.

મુમુક્ષુ :- એ કાળું હોત તો કાળું થાત.

ઉત્તર :- કાળું હોત તો તે વખતે કાળાનું જ્ઞાન પણ થવાની તે લાયકાત પોતાની હતી.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાળાને લઈને નહિ. સમજાણું કાંઈ? આ વસ્તુનું સ્વરૂપ છે.

વસ્તુમાં ત્રણ અંશ છે. એક દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, એની શક્તિઓ એટલે કાયમ રહેનારા ગુણો અને એની વર્તમાન થતી હાલત. હાલત નામ પર્યાય, પર્યાય નામ અવસ્થા. અવસ્થા થાય. હવે અહીંયાં અવસ્થા એની જે જ્ઞાનની થાય છે, તે કાળે જેવો એમાં રંગ સામો હોય; રંગની પણ પાંચ અવસ્થા કાળી, લીલી, ધોળી, પીળી વગેરે જે અવસ્થા હોય તેવું અહીં જ્ઞાન થાય. ત્યારે એવું જ્ઞાન થતાં એને એમ ભ્રમ પડી જાય કે આ ચીજ છે માટે આ જ્ઞાન થયું!

મુમુક્ષુ :- .. પણ આંખ છે માટે થયું.

ઉત્તર :- પણ આંખ ક્યાં આંખ તો જડ છે, માટી છે. આ તો માટી છે. આંખનું જ્ઞાન કહો લ્યોને. જ્ઞાનની પર્યાયમાં આંખનું જ્ઞાન થયું કે આ આંખ છે. એમ પર્યાયમાં જ્ઞાન (થયું). એ જ્ઞાનની પર્યાયમાં આંખ છે માટે જ્ઞાનની પર્યાયમાં નથી થયું. કારણ કે જેમાં જ્ઞાનગુણ છે-શક્તિ છે એની પર્યાયમાં આ જાતની પોતાને કારણે તે પર્યાય થાય છે. એટલી સ્વતંત્રતાની કબુલાત જેને ન હોય (તેને દ્રવ્યદૃષ્ટિ થાય નહિ). આમ લાગે બે ભેગું. નિમિત્ત-નૈમિત્તિક. નિમિત્ત-નૈમિત્તિક. જેવો ત્યાં લીલો રંગ હોય તો લીલું જ્ઞાન થાય. જ્ઞાનમાં લીલપ આ લીલું છે એવું જ્ઞાન થાય. જ્ઞાન લીલું ન થાય. આ લીલું છે એવું જ્ઞાન પર્યાયમાં પરિણમે. લીલું તો જડ છે. કાંઈ લીલું જ્ઞાન થઈ જાય તો આ જ્ઞાન જડ થઈ જાય. એ તો અરૂપી છે આત્મા તો. સમજાણું કાંઈ? વાત ઝીણી છે. તત્ત્વની વાત, વાસ્તવિક તત્ત્વ એણે અંતરમાં દૃષ્ટિમાં લીધું નથી. અહીં તો એ ઉપરાંત જરી થોડી વાત કહે છે.

અહીં તો જે રંગ દેખ્યો. આ કાળી કીકી છે એનો ખ્યાલ આવ્યો, લ્યોને. આમ અરીસામાં દેખે છે ને સવારમાં મોઢું? જ્ઞાનની પર્યાયમાં કાળી કીકી છે એમ ખ્યાલ આવ્યો. આ કીકી જડ છે આ તો. આ તો માટી જડ છે, ધૂળ છે, રાખ છે. ખ્યાલમાં આવી છે. કહે છે કે એ કાળી કીકી છે એ તો અજીવ છે. આ પુદ્ગલની પર્યાય છે આ તો જડની. અને જ્ઞાન થયું કે કાળી છે એ તો ચૈતન્યની પર્યાય છે. સમજાણું કાંઈ? ત્યારે એવી જ પર્યાય કેમ (થઈ)? પણ જ્ઞાનનો એવો જ સ્વભાવ છે કે જેવું હોય એવું જાણે. હોય એનાથી વિરૂદ્ધ જાણે? માટે હોય એવું જાણે, માટે હોય છે બીજી ચીજ એને લઈને થયું છે એમ નથી. ન્યાયથી સમજાય છે કે નહિ? લોજિકથી તો વાત ચાલે છે અહીંયાં. આહાહા..!

અહીં તો આચાર્ય સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર સિદ્ધ કરે છે. ભાઈ! ભગવાન! તારી ચીજ જે છે ત્રિકાળ ચૈતન્ય સૂર્ય. સમજ્યાને? આ તમારે શું હોય? હજાર વોલ્ટનું આવડું મોટું હોય ને મોટું? સર્ચ લાઈટ. ત્યાં નહોતું ત્યાં બાહુબલી? મોટો આવડો સર્ચ લાઈટ. આવડા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવડા બે મોટા હતા. આમ. તે દી ત્યાં કહ્યું હતું કે આ પ્રકાશ આવે છે એ ક્યાંથી આવે છે? કિરણો ફૂટે છે એમાંથી. એમ આત્મામાં, આત્મામાં જ્ઞાન સર્ચ લાઈટ છે. જ્ઞાન સૂર્ય ચોંટ્યો છે. જ્ઞાનસ્વભાવ સૂર્ય ચોંટ્યો છે. એનું વર્તમાન પર્યાયનું કિરણ આવે છે જ્ઞાનનું. જ્ઞાનનું કિરણ એમાંથી આવે છે અવસ્થા. એ અવસ્થા જેવી સામી ચીજ હોય એવું જ અહીં જ્ઞાન થાય, એથી ભ્રમ પડી જાય કે એ ચીજ છે માટે આમ થયું? ના. એ તારો પોતાનો જ્ઞાનનો પર્યાય એટલે અવસ્થા થવાનો એ કાળની લાયકાત છે. સમજાય છે કાંઈ?

એમ વર્ણનું, એમ ગંધનું. કાળો, લીલો, પીળો આદિ રંગ. સુગંધ હોય સામે ગજરો. એ જ્ઞાનમાં જણાય કે આ સુગંધ છે. સુગંધ જડ છે, એ તો અજીવ છે, એ તો રજકણ છે, રૂપી છે. અહીં ખ્યાલમાં આવ્યું કે જ્ઞાનનો પર્યાય છે તે આનો નથી. તેમ આનાથી થયો નથી. કારણ કે આનામાં જ્ઞાન નથી. આ તો જડ છે. ગજરામાં તો જડપણું છે. ગજરો સમજાય છે? ફૂલના હાર કરે છે ને મોટા. આ બધા આપે આવડો મોટો ગોળ કરીને. આમ કરીને. માન આપે ત્યારે. અભિનંદન. એ તો જડ છે. અહીં ખ્યાલમાં જે જ્ઞાન વસ્તુ ભગવાન આત્મા છે, એની વર્તમાન દશામાં એ જ ખ્યાલ કેમ આવ્યું? કે એ ખ્યાલ થવાનો જ એનો કાળ હતો. એ ચીજને કારણે નહિ. ચીજ તો અજીવ છે. એમાં કાંઈ જ્ઞાન નથી.

અહીં તો ત્યાં સુધી લીધું છે. જરીએ જ્ઞાન નથી. એમ લીધું છે ને? એ કાંઈ જાણતું નથી. આ સુખડનું લાકડું કાંઈ જાણે છે? આ કાળી કીકી છે એ કાંઈ જાણે છે? કાંઈ જાણે છે? જરીએ જાણે છે? અજ્ઞ છે. અજ્ઞ એટલે એમાં જ્ઞાન નથી. અજ્ઞ એટલે જ્ઞ નથી. ત્યારે આત્મા સર્વજ્ઞ છે. જેવું આ કાંઈ નથી જાણતો ત્યારે આ બધું જાણે એવો આત્મા છે. સમજાય છે કાંઈ? સામે સામે છે કે આ જ્યારે અજીવ છે, ત્યારે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તો એ જ્ઞાન બધું જાણે એવી એની તાકાત છે. પણ વર્તમાન અવસ્થામાં જે જાતનું નિમિત્ત છે તેવું અહીં જ્ઞાન થયું. માટે નિમિત્તને લઈને થયું એમ નથી. કેમ કે નિમિત્ત તો અચેતન છે. ભગવાનની પર્યાય જ્ઞાનની તો ચેતન છે. માટે ચેતનની પર્યાય અને અચેતનને વ્યતિરેક નામ ભિન્ન છે.

એ ઉપરાંત અહીં તો બીજું કહેવું છે હજી. સમજાણું કાંઈ? કે જે પર્યાયમાં ખ્યાલ આવ્યો, પોતાથી એક સમયના અંશમાં એ પણ જ્ઞાનની ક્રિયા વાસ્તવિક આત્માની નથી. આ વાસ્તવિક આત્માની નથી. છે એની પર્યાય. પણ એ સમ્યગ્જ્ઞાન પર્યાય નથી. એ પર્યાયનું લક્ષ છોડી દઈ, નિમિત્ત તો નહિ પણ તે સંબંધીની જ્ઞાન અવસ્થા ક્ષણિક છે, જેમાં આનંદ સાથે નથી આવતો એ જ્ઞાનની પર્યાય આત્માની નહિ. આહાહા..! આ તો '**कृतेरेकमनाकुलं**' ભાઈ! પહેલું કહ્યું હતું એનું મથાળું પાછું '**कृतेः**' '**एकम अनाकुलं**' બે શબ્દ પડ્યા છે ને? જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાનની ક્રિયા એકરૂપ અને અનાકુળ હોય તે જ્ઞાનની ક્રિયા છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે ભાઈ! આ તો છેલ્લી ગાથાઓ છે ને.

ભગવાન આત્મા જ્ઞાનરૂપી સૂર્ય પ્રભુ. ચૈતન્યસૂર્ય એ તો જાણનાર-દેખનાર. હવે એની વર્તમાન અવસ્થા. શક્તિમાં તો પૂર્ણ જાણવાનું છે. વર્તમાન અવસ્થામાં જે જાતની ગંધ સામે હોય તેવું જ અહીં જ્ઞાન થાય. પણ ગંધ છે અચેતન. જ્ઞાનની પર્યાય ચેતન છે. માટે અચેતનને અને આને ભિન્નતા છે. પણ એ ઉપરાંત ગંધનું જે જ્ઞાન થયું એ પર્યાય પણ ખરેખર એ ક્રિયા નિમિત્તના લક્ષવાળી છે એ ખરેખર આત્માની ક્રિયા નથી. એ ખરેખર આત્માનું જ્ઞાન નથી. આહાહા..! આત્માનું જ્ઞાન તો એને કહીએ કે જેમાં આનંદ આવે સાથે. એ જ્ઞાન આત્મદ્રવ્ય જે છે વસ્તુ... સમજાય છે? વસ્તુ ઉપર દૃષ્ટિ આપતા, જ્ઞાનસૂર્ય ઉપર દૃષ્ટિ આપતા એ જ્ઞાનની જે પર્યાય થઈ એને સમ્યગ્જ્ઞાન કહે છે, એને સમ્યગ્દર્શન કહે છે અને એની સાથે અનાકુળ આનંદ આવે તેને સુખરૂપ દશા કહે છે. એને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? દુનિયાએ માની રાખ્યો એ ધર્મ નથી. ધર્મનું સ્વરૂપ કોઈ બીજું છે. સમજાય છે કાંઈ આમાં?

એ બધું કરતાં આવ્યું ને? વર્ણ સુધી. ગંધ, રસ લ્યો રસ. રસ. ખાટો રસ. જ્ઞાનમાં ખાટો ખ્યાલ આવે. સામે ખાટો હોય તો ખ્યાલ ખાટાનો આવે. કે ગળ્યાનો આવે? ગોળ છે એ મોઢામાં પડ્યો. ખ્યાલમાં શું આવે? કે આ ગળ્યો છે એમ ખ્યાલ આવે. એમ ખ્યાલ આવે કે ખાટો છે એમ ખ્યાલ આવે? જ્ઞાન તો યથાર્થ હોય કે અયથાર્થ હોય? પણ છતાં કહે છે કે આ ખાટું છે એવા ખ્યાલની પર્યાય, એ ખાટાની પર્યાય-જડને લઈને નહિ. આહાહા..! અને જડને લઈને નહિ એવી જે જ્ઞાનની પર્યાય એ પણ એકલી ક્રિયા નિમિત્તને લક્ષે થયેલી ક્રિયા છે એ પણ ખરેખર આત્માની ક્રિયા નહિ. એ જ્ઞાનની ક્રિયા નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. નિમિત્તનું પણ લક્ષ છોડી, નિમિત્તના સંબંધમાં પોતાની જે અવસ્થા થાય તેનું પણ લક્ષ છોડી, ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ ભગવાન વસ્તુ ચૈતન્યમૂર્તિ છે, એના ઉપર દૃષ્ટિ આપતા, જે જ્ઞાનની પર્યાય પ્રગટ થાય તે જ્ઞાનક્રિયા અને આનંદની ક્રિયા તે આત્માની પર્યાય છે. સમજાણું કાંઈ? ભારે વાત! દ્રવ્ય-ગુણ-પર્યાય સિદ્ધ કરે છે ત્રણ અને પર્યાય સિદ્ધ કરીને પાછી ઓલી પર્યાય ઊડાડી દેશે. ખરી પર્યાય દ્રવ્યને આશ્રયે થાય તે પર્યાય. તેને જ્ઞાન કહીએ, તેને દર્શન કહીએ. એ વાત છે ભાઈ! સમજાણું કાંઈ?

ચૈતન્યપ્રભુ જ્ઞાનનું ચોસલું છે એ તો. જ્ઞાનનો પુંજ પ્રભુ છે. એમાંથી વર્તમાન થતી દશા, જેવા સામે નિમિત્તો તેવું જ જ્ઞાન થાય. છતાં તે નિમિત્તને લઈને નહિ. અને થયું તે જ્ઞાન પણ વાસ્તવિક આત્માનું નહિ. સમજાણું કાંઈ? એનું લક્ષ છોડી જે નૈમિત્તિક ક્રિયા થઈ નૈમિત્તિક ક્રિયા જ્ઞાનની, એ ક્રિયા પણ રાગવાળી, એ રાગની સાથે એકત્વવાળી ક્રિયા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. એ પણ અધર્મ ક્રિયા છે. આહાહા..! સમજાણું કાંઈ? એનું પણ લક્ષ છોડી ચૈતન્ય ભગવાન એકલો ચૈતન્ય પુંજ પ્રભુ છે, વસ્તુ છે એને દૃષ્ટિમાં લઈ અને જે જ્ઞાનની પર્યાય પરિણમે તે એકરૂપ થતી અને અનાકુળ રૂપ બનતી પર્યાય પ્રગટે. એને આત્માનું જ્ઞાન અને આત્માનું દર્શન અને આનંદ કહેવામાં આવે છે. એને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. બલુભાઈ! બહુ ઝીણું ભાઈ આ. અપવાસ કરવો હોય તો કરી નાખે. ભાઈ, લાવને કરી નાખીએ.

મુમુક્ષુ :- એ પણ ક્યાં થાય છે?

ઉત્તર :- કર્યા નહિ પોર? વર્ષીતપ કર્યો હતો કે નહિ એણે? ખબર નથી? ત્યાં આવ્યા હતા કે નહિ તમે? પહેલે દી હતું ને આપણે, નહિ? કહો, પહેલે દી જ હતો તમારે ત્યાં આહાર. વર્ષીતપ કર્યો હતો. છ-આઠ હજાર ખર્ચ્યા. કેટલા સાત-આઠ હજાર ખર્ચ્યા. નહિ? આઠ હજાર. કહે છે, પૈસા તારા નહિ. એમાં વિકલ્પ મંદ પડ્યો એ તારો નહિ. અને આમ ખ્યાલ આવ્યો જ્ઞાનમાં આ વસ્તુ આમ થઈ.. થઈ... થઈ. આહાર ન આવ્યો. આહાર ન આવ્યો એવો ખ્યાલ આવ્યો. આહાર ન આવ્યો એટલો ખ્યાલ હોં! આહાર મેં કર્યો નહિ એ પ્રશ્ન છે જ નહિ આત્મામાં. આહારના રજકણ ન આવ્યા. વિકલ્પ ઉઠ્યો કે આહાર ન ખાઉં. એટલી વાત. હવે આહારના રજકણ ન આવ્યા એનું અહીં જ્ઞાન થયું. અને વિકલ્પ થયો એનું અહીં જ્ઞાન થયું. એ જ્ઞાનની પર્યાય હજી વિકલ્પના સંબંધવાળી અને આનાવાળી છે એ પણ જ્ઞાનની પર્યાય વાસ્તવિક નથી. આહાહા..! એક કૃતિ, એક અને અનાકુળ ભાઈ ત્રણ સાથે જરી મગજમાં (ચાલતું હતું). કીધું હતું તે દી તો ન્યાયથી. પણ પછી જોતાં પાઠ શું છે આગળ-પાછળ. આ તો આગળ-પાછળ આ જ છે. તે દી તો ઉપરથી આવ્યું હતું. સમજાણું કાંઈ? વાંચ્યું નહોતું. પછી આ વળી વધારે આજ અત્યારે વાંચ્યું વધારે. આગળ-પાછળ આ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ છે. આ સૂર્ય શું છે? પ્રકાશનો પુંજ. પણ એ ઘણા રજકણોનું દળ છે. એક તત્ત્વ નથી. આ સૂર્ય ઘણા રજકણો-પોઈન્ટ. આ કંઈ એક પોઈન્ટ નથી. ટૂકડા કરતા... કરતા... કરતા... કરતા.. છેલ્લો પોઈન્ટ રહે એવા એકને પરમાણુ કહીએ. એવા અનંત પરમાણુનું દળ છે. એમ સૂર્ય છે એ અનંત રજકણનો પિંડ છે. એ એનો પ્રકાશ છે એ પ્રકાશ આખો. ત્યારે ઘણા રજકણનો પિંડ પણ પ્રકાશ ખંડ ખંડવાળો છે છતાં પ્રકાશનો પુંજ દેખાય છે. આ તો એક વસ્તુ, એક વસ્તુ એક જ દ્રવ્ય, એક જ પદાર્થ. ઓલા તો ઘણા પદાર્થનો પુંજ છે. આ એક જ પદાર્થ. એમાં જ્ઞાન ચૈતન્ય જ્યોત વસ્તુ જે એકરૂપ છે, એકરૂપ અખંડ છે એને આશ્રયે જે પર્યાય નિર્મળ જ્ઞાન થાય તેને સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ કહે છે, જુઓ! આ બધા તકરાર.. વાંધા.. વાંધા.. વાંધા એવા પાડે. સમજ્યા વિનાના. શાસ્ત્ર એકલા ભણી ભણીને મરી જાય ત્યાં શાસ્ત્રમાં ક્યાં છે જ્ઞાન? જ્ઞાન તો અહીં આત્મામાં છે. કહો, સમજાણું? શાસ્ત્ર ભણીને પોથા ભણી જાય. એય..! પોથા ભણી જાય એની વાત કરું છું હોં! તમારે તમારા શાસ્ત્રની ભણવાની વાત છે. આ તો સાચા. આ બધા પોથા છે ને. એ ભણી ભણીને ભણે પણ વસ્તુ શું છે એનું ભાન નથી એ બધા થોથા છે એમ કહે છે. આ પણ જડ છે. આ ક્યાં આત્મા છે આ? આ શાસ્ત્ર જડ છે. હવે આ જડ છે એનો ખ્યાલ આવ્યો અહીં તો કહે છે. સમજાય છે? પુસ્તકનો ખ્યાલ આવે છે. અક્ષર છે ને અક્ષર? કાળા અક્ષર છે. હવે કાળા અક્ષરનો ખ્યાલ આવ્યો લ્યો.

‘**કર્મ જ્ઞાન નથી,...**’ કર્મ જ્ઞાન નથી. ધ્યાન રાખો. આપણે એ શબ્દાર્થ છે. છે ને? નવનીતભાઈ! ‘**કર્મ જ્ઞાન નથી,...**’ બતાવ્યું છે ને ભાઈને? એટલે શું હવે કહ્યું? હવે ‘**કર્મ જ્ઞાન નથી,...**’ બે શબ્દ છે. એક જડ કર્મ છે અંદર આઠ કર્મ માટી. આ પ્રારબ્ધ કહે છે ને? એ પ્રારબ્ધને લઈને આ પૈસા મળે, ટળે એ બધું એને લઈને છે ને? કાંઈ વર્તમાન પુરુષાર્થથી કાંઈ થાતું નથી. એવું પ્રારબ્ધ છે. એ પ્રારબ્ધ બે પ્રકારનું છે. એક પ્રારબ્ધ ઘાતિ કર્મવાળું છે અને એક અઘાતિ. તો હવે ઘાતિ કર્મ જે જડ પ્રારબ્ધ છે કે અઘાતિવાળું જડ છે. રજકણો છે, માટી છે ઝીણી ધૂળ કર્મ જેને કહીએ. કહે છે કે એ કર્મ જ્ઞાન નથી. એ કર્મ છે એ જડ છે, એ જ્ઞાન નથી. એવા અહીં શબ્દો છે. હવે એ શબ્દો છે એનું અહીં જ્ઞાન થયું કે ‘**કર્મ જ્ઞાન નથી,...**’ કર્મ જ્ઞાન નથી. એવી અહીં જ્ઞાનરૂપે પર્યાય જાણી. કર્મ જ્ઞાન નથી. અહીં જ્ઞાનની પર્યાયે જાણ્યું. પણ એ જ્ઞાનપર્યાય શબ્દો છે માટે થઈ છે જ્ઞાનપર્યાય એમ નથી. કારણ કે શબ્દમાં જ્ઞાન નથી. આ શબ્દમાં જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

એ ‘**કર્મ જ્ઞાન નથી,...**’ એવું જે જ્ઞાનની પર્યાયે જાણ્યું એ પોતાની યોગ્યતાની પર્યાય ત્યાં છે. છતાં એ પર્યાય કર્મ જ્ઞાન નથી એવું જાણ્યું એ પણ જ્ઞાન યથાર્થ નથી. કારણ કે એ તો પરલક્ષી જ્ઞાન છે. બધા અત્યારે જૈનમાં ઘણા એવા છે ને કર્મગ્રંથનું બહુ જ્ઞાન. બહુ કર્મ જાણે. આમ છે ને તેમ છે. પણ કર્મ એટલે જડ હવે એને જાણ્યું એ જ્ઞાન ક્યાં હતું. સાંભળને. અને તે પણ કર્મના કારણે ત્યાં પ્રકૃતિ આવી હોય ને આ જડ આવું હોય, ઉદય આવો હોય, એને કારણે કાંઈ જ્ઞાનપર્યાય જણાતી નથી. એ તો અચેતન છે.

અહીં જ્ઞાન ભગવાન આત્મા ઓગળે છે એટલે પર્યાયરૂપે પરિણમે છે. તરંગ ઉઠે છે. જેમ પાણીમાં તરંગ ઉઠે એમ જાણવાની પર્યાયની અવસ્થા ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન થાય છે. ભિન્ન ભિન્ન થવા છતાં તે નિમિત્તની વિચિત્રતા સામે હોય માટે એનાથી થાય છે ભિન્ન ભિન્ન એમ નથી. સમજાણું કાંઈ? હજી આવા સત્‌ની પણ જ્યાં કબુલાત નથી. આવું સત્

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે કે મારી વર્તમાન જ્ઞાનની પર્યાય જેવું સામે નિમિત્ત એવું જ્ઞાન કરવા છતાં એ નિમિત્તને લઈને જ્ઞાન નથી એટલી કબુલાત જેને નથી, એને આખો અખંડ ભગવાન ચિદાનંદની મૂર્તિ છે એની દૃષ્ટિ થઈને જ્ઞાનની પર્યાય પ્રગટે એ તો એને હોઈ શકે નહિ. કહો, હિંમતભાઈ! સમજાય છે કે નહિ આમાં? ભારે ઝીણું ભાઈ!

ઓલી વાત હોય કે ભગવાન.. ભગવાન.. ભજવાનું ઈશ્વર-ઈશ્વર. હવે તારા લાખ ઈશ્વર કરને. એ તો બધો વિકલ્પ છે. ઈશ્વર ક્યાં દેવા આવતો હતો અહીં? ઈશ્વરમાં ક્યાં તારું સત્ છે? તું ક્યાં સત્ નથી? એ સત્ છે ને તું સત્ નથી? ઈશ્વર પરમેશ્વર વીતરાગ છે એ સત્ છે કે નહિ? છે કે નહિ? કે તું સત્ છો કે નહિ? તું સત્ અસત્ છો? સત્ છે તો સત્ છે એના સત્‌ના ત્રણે અંશો સત્ છે. ત્રિકાળ સત્ છે, ગુણ સત્ છે, અવસ્થા સત્ છે. એ અવસ્થા વર્તમાન પર્યાયમાં જેવું સામે નિમિત્ત (હોય) એવું જ્ઞાન થવા છતાં ભ્રમણા થઈ જાય એને આ આવું છે માટે થયું? આવું થયું?

સુંવાળું માખણ અડે. માખણ ખ્યાલમાં આવે. આ સુંવાળું છે. એ ખ્યાલમાં આવ્યું. જ્ઞાનમાં જણાણું. એ માખણને લઈને જણાણું છે? માખણમાં જ્ઞાન છે? માખણ તો અચેતન છે. પર્યાય જે જ્ઞાનમાં આવી-જણાણી એ તો પોતાની તે સમયની અવસ્થાની યોગ્યતા, નિમિત્ત-નૈમિત્તિક સંબંધની ક્રિયા છે. છતાં નૈમિત્તિક પોતાની ક્રિયા છે એ નિમિત્તને લઈને નહિ. છતાં એ જ્ઞાનની પર્યાય અંશ જે પ્રગટ્યો જેવું નિમિત્ત છે તે પ્રકારનો, એ પણ કાંઈ સમ્યગ્જ્ઞાન ન કહેવાય. કેમ? કે જે જ્ઞાનમાં શાંતિ ન આવે, આનંદ ન આવે તે જ્ઞાન નહિ.

શાંતિ ને જ્ઞાન-આનંદ ક્યારે આવે? કે વસ્તુમાં જે આનંદ પડ્યો છે જ્ઞાન અને આનંદ ત્રિકાળ છે. જેમ પીપરના દાણામાં તીખાશ અને લીલાશ કાયમ છે લીલો રંગ. તીખાશ અને લીલો રંગ કાયમ છે તો અંદરથી પ્રગટે છે. એમ આત્મામાં જ્ઞાનરસ અને આનંદ કાયમ છે. એની અંતર દૃષ્ટિ આપતા જે અંદર પ્રવાહ સ્વને લક્ષે પ્રગટ થાય એની સાથે એકરૂપતાએ અભેદ થાય અને એની સાથે આનંદ આવે તે જ્ઞાનને જ્ઞાન અને સમ્યગ્દર્શન ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! ભારે આકરી વાત. ભાઈએ તો કીધું કે આ અમારું ભણતર (થોથા છે). એ તો ઓલો એક તમારો આવ્યો હતો. નહોતો? વડોદરાનો નહિ? રમણલાલ. આપણે આવ્યા હતા ને વ્યાખ્યાનમાં આવ્યા હતા. છે? ગુજરી ગયા? ગુજરી ગયા. અહીં આવ્યા હતા. બેઠા હતા. ઢીચકા હતા. ખબર છે ને. વાતચીત થઈ હતી. એક વ્યાખ્યાન સાંભળ્યું. માણસ નરમ હતા. બેઠા હતા. બાપુ! વાત બીજી છે. બાપુ! ધર્મ બીજો છે. આ તમારો સાહેબ થોથા. ત્યાં ઉતર્યા હતા... નહિ? ... સાચી વાત. બેઠા હતા. કાળો કોટ અને ઢીચકા. એમ ને એમ બિચારા ભ્રમણામાં ભ્રમણામાં મરી ગયા જીવનમાં. બહારમાં જરી પુસ્તક થાય,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લોકો વખાણે, કાંઈક પૈસા-બૈસા મળે વ્યાખ્યા કરતા આવડે જરી પાંચ-દસ હજાર માણસ બેઠા હોય એમાં આમ હોય ને તેમ હોય. એમ હોય જ ને. પણ એ કેમ હોય એ ખબર છે તને? આમ હોય, આમ હોય. તું કેમ હોય, કેવડો હોય ને ક્યાં હોય અને ક્યાં છો એની તને ખબર છે? એ આપણને કાંઈ ખબર નથી. પણ તારું તને પોતાનું જ્ઞાન નથી એ બીજાનું જ્ઞાન શી રીતે સાચું કરે? આંખ્યું પોતાની ઉઘડી નથી એ બીજાને શી રીતે જોશે સાચું? સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? બિપીનભાઈ! બહુ ઝીણું છે આ. આહાહા..!

કહે છે કે માખણ લ્યો, રસ લ્યો, ખાટો-ગળ્યો લ્યો. સ્વાદ તો એવો જ આવે બરાબર. મીઠું મોઢામાં પડે તો જ્ઞાનમાં ખ્યાલ આવે. આ જીભને લઈને? જીભ તો જડ છે આ તો. આ માટી છે. ખ્યાલ તો જ્ઞાનમાં આવે કે આ ખારું છે. કહે છે કે ભાઈ! એ ખારું છે એ તો અચેતન છે અને આ જ્ઞાન છે તો ચેતન છે. બેની જ્યાં જુદાઈ છે તો આને લઈને આ થયું એ તો છે નહિ. તો એ સમયે કેમ (થયું)? પણ એ સમયે એ જ એની લાયકાત હતી. સામે એવું નિમિત્ત માટે એવું જ્ઞાન થયું? એ પણ ભ્રમણા છે કહે છે અહીં તો. તારા જ્ઞાનની વર્તમાન યોગ્યતા તે પ્રકારની છે, એ જ જાતની હોય એની તને હજી સ્વતંત્રતાની તને સત્‌ની વાત ન બેસે, એને ભગવાન ત્રિકાળ આનંદકંદ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એની પ્રતીતિ તને કોઈ રીતે નહિ બેસે. પ્રગટ સત્ અંશ આ જે છે અને તે પણ તારામાં તારે લઈને થાય છે, સામાને લઈને નહિ અને સામું છે તેવું જ અહીં જ્ઞાન થયું, છતાં સામાને લઈને નહિ. એવા સત્‌નો અંશ પણ જ્યારે સ્વતંત્ર છે એમ તને ન બેસે તો એવા અંશનો પિંડ આખો ભગવાન આત્મા સ્વતંત્ર દ્રવ્ય છે એ નહિ બેસે. સમજાણું કાંઈ?

આ ગાથાઓ તો સર્વવિશુદ્ધજ્ઞાનમાં કેમ નાખી છે આ? સર્વવિશુદ્ધ તો ઊંચામાં ઊંચી વાત હોય ને ભાઈ! વધારે ચડતે... ચડતે... ચડતે... ચડતે.. આ તો ગાથા ત્યાં સુધી આવી. આહાહા..! કહો. ભાઈ! ધીરેથી જાણવા જેવી વાત છે. આ કોઈ ભણી જાવું, પુસ્તક ભણી જાવું એવી વાત નથી આ. એક પુસ્તક ભણીને ગોખી નાખો તો ગોખી નાખે. સો ગાથા, બસ્સો ગાથા એક દિવસમાં મોઢે કરી નાખે. બસ્સો-બસ્સો એક એક દીમાં હોં! હોય છે. તેથી શું?

શિવલાલ પાનાચંદ હતા ને? તે આખી ચોપડી, આખો કબાટ વાંચે લ્યો. યાદ રહી જાય એને. શિવલાલ પાનાચંદ છે ને ભાઈ? ભગવાનનો નહિ ઓલો મોટો? .. મોટો. ત્રણ હજારનો પગાર હતો નાની ઉંમરમાંથી. દિવાન હતો જયપુરનો. આપણે વઢવાણનો. મૂળ .. તમારા ગામનો. ..નો. પાનાચંદભાઈનો દીકરો. પાનાચંદભાઈ ને બધાને જોયા છે ને અમે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મારી પાસે આવ્યો હતો. પહેલો મોટો એડવર્ડની સાથે, એડવર્ડ કે જ્યોર્જ હતો એની સાથે પાસ બે સાથે થયા હતા સરખા. એમાં પહેલો નંબર આનો હતો. પણ એ લોકો હિન્દુવાળાને ન આપે નંબર. નંબર ન આપ્યો એને. બહુ બુદ્ધિવાળો હતો. શિવલાલ પાનાચંદ. વિશાશ્રીમાળી. બે પાસ થયા એમાં પહેલો નંબર આનો હતો. પણ હિન્દુસ્તાનવાળાને પહેલો ન આપે એટલે જ્યોર્જને આપ્યો નંબર. બીજો આને આપ્યો. શિવલાલ ખબર છે ને? ખબર છે ને અમને. અહીં આવી હતી ને વાત બધી. પછી મળ્યો હતો ને અમને. પછી આવ્યો હતો ને અમેરિકાથી. ૭૭માં અહીં હતો. વઢવાણ વ્યાખ્યાન શરૂ હતું ને આવ્યા હતા. વાત ઘણી થઈ, કીધું. શિવલાલભાઈ! આત્મા-બાત્મા છે? વાંચ્યું છે? વાંચ્યું છે. એવી બુદ્ધિ એવી કે આખો કબાટ વાંચી જાય તો યાદ રહે. ૪૮ વર્ષની ઉંમર. ૪૮ વર્ષની નાની ઉંમરે એકદમ રોગ થઈ ગયો કુદરત. પરમાણુ ફરે ઈ ક્યાં... આ ખોટુ પડી ગયું. મોટો કલેક્ટર હોં મોટો. પહેલા જ્યાં ૭૭ પહેલા ત્યાંથી ભણીને આવ્યો તો પહેલી નોકરીના મહિનાના ૭૦૦. તે દી ભાઈ! ૭૦૦ હતા. તે દી એટલે ૫૦ વર્ષ પહેલા. સમજાણું કાંઈ? ૭૭ પહેલા. ૭૭ને કેટલા વર્ષ થયા? ૪૭ તો આ થયા. ૭૭માં તો અમને મળેલો ત્યાં બોટાદમાં વ્યાખ્યાનમાં આવેલા. એ પહેલાં એને. પહેલો ઉતર્યો એટલે ૭૦૦નો પગાર. પછી તો ત્રણ હજાર મહિને. બુદ્ધિ ઘણી પણ બધી અવળી-ઊંધી.

આટલું પૂછ્યું, શિવલાલભાઈ! કીધું આ આત્મા છે. વાંચ્યું છે ઘણું મહારાજ! અમને પૂછે છે પણ ઘણા. પણ હજી નિર્ણય નથી આવતો. ઠીક! છે કે નથી નિર્ણય નથી કર્યો. શું હોળી કરી ત્યારે આ? હું કોણ છું? ક્યાં છું? શ્રીમદ્‌માં આવ્યું નથી ભાઈ? શ્રીમદ્‌માં નથી આવતું ઓલા ૧૬ વર્ષે. ૧૬ વર્ષે આવે છે ૧૬. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' ખરું હોં પાછું! આમ વિકાર અને રાગ નહિ. 'હું કોણ છું? ક્યાંથી થયો?' ક્યાંથી થયો? અનાદિ છું. હું કોણ છું? જ્ઞાન છું. આત્મા છું. 'શું સ્વરૂપ છે મારું ખરું? કોના સંબંધે વળગણા છે? રાખું કે પરહરું? એનો વિચાર વિવેકપૂર્વક...' વિવેક નામ રાગ ને જડ ને ચૈતન્ય ભિન્ન છે એમ વિવેક કરતાં 'એનો વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.' ૧૬ વર્ષે. એય..! ગુલાબચંદભાઈ! ૧૬ વર્ષે મોક્ષમાળામાં છે. એ લખતા હતા. લખતા લખતા રોશની ઢોળાઈ ગઈ. પદ લખતા હતા. ગદ્ય. ગદ્ય પાઠ લખતા હતા. ગદ્ય લખતા હતા એમાં ઢોળાઈ ગયું. આ શું? એટલે અમૂલ્ય તત્ત્વ વિચાર ગદ્યને ઠેકાણે પદ લખી નાખ્યું. પાંચ કડીનો એક પાઠ એવા ૧૦૮ પાઠ. કહો, એની ખબર નથી.

હું કોણ છું? કોણ છે કાંઈ ખબર પડતી નથી. પણ કોણ છું તેની ખબર નથી? આત્મા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છું. ક્યાંથી થયો? થાય ક્યાંથી? હોય તે ક્યાંથી થાય? ન હોય તે ક્યાંથી આવે? સમજાય છે કાંઈ? હોય તે હોય જ છે. હોય તે હોય જ છે. છે તે છે જ. છે તે ભૂતકાળે છે, છે તે છે અને છે તે ભવિષ્યમાં છે. ખરું સ્વરૂપ શું છે તારું? ઈ કહે છે. ભાઈ! જે સમયે જે જ્ઞાનની અવસ્થા તારાથી થાય અને સામા નિમિત્ત હોય તેવી જ થાય, છતાં નિમિત્તની નહિ. હવે એ જ્ઞાન પણ ખરું સ્વરૂપ નથી. આહાહા..!

ભગવાન ચિદાનંદની જ્યોત પ્રભુ ચૈતન્યસૂર્ય એના.. સવારે કહ્યું જરી કે ચીજને જોવી હોય ત્યાં પ્રકાશ માથે હોવો જોઈએ. ભાઈ! આ ચીજને જોવી હોય તો માથે અહીં પ્રકાશ જોઈએ. ભલે પોતે પ્રકાશમાં ન હોય. પોતે આમ હોય. ભગવાન આત્મા એની વર્તમાન જ્ઞાનની દશા, એને અંતર વાળતા એ વસ્તુ જે છે ચૈતન્ય દ્રવ્ય ત્રિકાળ, એમાંથી એકાકાર થઈને સમ્યગ્જ્ઞાન પ્રગટે અને તેની સાથે અનાકુળ આનંદ આવે, એની સાથે શુદ્ધ વીર્ય એની રચનામાં પ્રવર્તે, તે પર્યાયને તે આત્માની પરિણતિ અને આત્માની દશાને ધર્મદશા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? હવે આ વ્રત કર્યા ને દયા ને દાન ને ભક્તિ, પાણી ઊના પીવા, વિકલ્પ બધો વિકલ્પ ધર્મ-બર્મ નથી એમ કહે છે. એય..! ન્યાલભાઈ! એ જૂના છે આપણા. નથી ઓળખતા? આપણે પોરબંદર ભાઈ મનસુખભાઈ, ભુરાભાઈ. ભુરાભાઈના કાકા. સગા કાકા. આ મનસુખભાઈના બાપ ભુરાભાઈ. અહીં પડ્યા છે .. કહો, સમજાણું કાંઈ? ભુરાભાઈને તો ઓળખો તમે. વડાળના. એના સગા કાકા છે. કહો, સમજાણું કાંઈ? આ થોથા અત્યાર સુધી કર્યા એમ કહે છે એય..! ન્યાલભાઈ! આહાહા..!

અરે..! ભગવાન! સામાન્ય કસવાળું તત્ત્વ ચૈતન્ય ભગવાન છે ને ભાઈ! એમાં કસ ભર્યો છે માટે કેવળજ્ઞાન ત્રણ કાળને જાણે એવી પર્યાય (થાય). આ રસ આદિ, માખણ આદિ ચીજ તો તદ્દન અજ્ઞ છે. અજ્ઞ એટલે? અચેતન છે. કાંઈ જાણતા નથી. એમ કહ્યું છે ને પાઠમાં? આ કાંઈ જાણતા નથી પાઠ એમ છે અહીં. આમાંથી નથી અર્થ કર્યો. એનો અર્થ એ કે કાંઈ જાણતા નથી ત્યારે તું બધું જાણ એવો આત્મા છો. કાંઈ બાકી રહે જાણવાનું એવો તું હોઈ શકે નહિ. સામે બે તત્ત્વ ભિન્ન છે. જડ છે એ કાંઈ જાણે લાકડું કે એનો રજકણ, ત્યારે આત્મા જ્ઞાનમાં કાયમ ન જાણે એવું ન હોય. એવું આત્માનું તત્ત્વ છે એવી શક્તિવાળું એ તત્ત્વ છે. એવો ભગવાન આત્મા એની વર્તમાન પર્યાય બદલતી અવસ્થા ક્ષણે ક્ષણે બદલે છે ને? બદલતી અવસ્થા પણ જેવા નિમિત્તો તે પ્રકારે જ્ઞાન થવા છતાં એ નિમિત્તને લઈને થયેલું જ્ઞાન નથી. કેમ કે બે ભિન્ન છે. સમજાણું કાંઈ?

હવે અહીં તો આપણે કર્મ સુધી આવ્યું છે, લ્યો! આ તો રાડ્યું પાડે છે ને માણસો બધા? અરે..! કર્મને લઈને અમે હેરાન થઈ ગયા. ધૂળેય નથી. કર્મ જડ છે. સાંભળને હવે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાડ પાડે છે બધા, લ્યો. 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ.' ભૂલ તેં કરી છે. કર્મ જડ છે એ તને ભૂલ કરાવે? સમજાય છે કાંઈ? શ્રીમદ્‌નું ટૂંકુ વાક્ય છે. નથી? કીધું ને? તારી ભૂલે તું રખડ્યો છો એ સંતોની પહેલી શિખામણ છે. તારી ભૂલ એટલી કે પરને પોતાનું માનવું અને સ્વને ભૂલી જવું. આ એટલા શબ્દમાં આખું નાખ્યું લ્યો. શ્રીમદ્. તારી ભૂલે તારું રખડવું છે. તારી ભૂલે તને ભ્રમણ છે એ સંતોની પહેલી શિખામણ છે. એ ભૂલ પરની ઉપર તું નાખીશ તો કોઈ દી તારી ભૂલ ટળવાનો અવસર રહેશે નહિ. અને એ ભૂલ એ કે પરને પોતાનું માનવું. પર જાણવામાં આવે એ ચીજ છે. જાણવામાં આવે એ ચીજ મારી છે એમ માનવું અને જાણનાર ત્રિકાળ જ્ઞાયક છે એને પરરૂપે માનવો-આ મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાન ચાર ગતિમાં રખડવાનું દુઃખનું મૂળિયું છે. સમજાણું કાંઈ?

હવે અહીં તો કર્મ તે જ્ઞાન નથી. આહાહા..! એવા તો કર્મના જાણપણા કર્યા ને. એ તો કહે છે, કર્મની પ્રકૃતિ સામે હતી અને શાસ્ત્ર સામે હતા કર્મના લખેલા માટે જ્ઞાન થયું આત્મામાં, એમ નથી. કર્મ ગ્રંથ વાંચ્યો માટે જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. કહો, સમજાણું કાંઈ? ગ્રંથ નહોતો? લાખ-સવા લાખનું મોટું કાંઈક કર્યું હતું ને? અમદાવાદમાં નહિ? ... લાખ-સવા લાખનો ખર્ચ કર્યો. .. એ નામ તો ઘણા વર્ષથી સાંભળ્યું. વાંચ્યું હતું ખરું. એક શ્લોક હતો નાનો. નાનો ગ્રંથ હતો. ૭૯માં વાંચ્યો હતો. અમરેલી. અને ..પ્રશ્ન .. પ્રશ્ન છે એક. એક હજાર પ્રશ્નનો સંસ્કૃતમાં ગ્રંથ. એ પણ ૭૯માં વાંચ્યો હતો. ૭૯ સંવત્. એમાંથી ઉપર આવે ઘણા .. માં. સાધારણ પ્રશ્ન કરે ને એમાં તો બહુ પ્રશ્ન છે. એક હજાર આઠ પ્રશ્ન છે. હવે ધૂળમાંય નથી. આત્માને જાણ્યા વિના તારા ... પ્રશ્ન ધૂળ કર ને. આટલું આ ખાવું, અહીં ખાવું, શું દોષ લાગ્યો? હવે એ પહેલું નક્કી તો કર કે તું કોણ છો? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે કર્મના જાણપણા શીખ્યો, શાસ્ત્ર વાંચ્યા, ભણ્યો પણ એ જ્ઞાનની પર્યાય, કર્મની પ્રકૃતિ ને લખાણને કારણે નથી થઈ અહીં. બરાબર છે? લખાણને કારણે નથી, એ વાંચ્યું માટે નથી. એ જ્ઞાનનો પર્યાય... તે પ્રકારે કેમ ખ્યાલમાં આવ્યું? કે જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે એવો શબ્દ આવ્યો સામે. કહો, સમજાણું? એ અહીં જ્ઞાનમાં ખ્યાલ આવ્યો. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે એમ કહે છે. હવે એના બે અર્થ છે. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે એમ કહ્યું છે એ તો નિમિત્તથી કહ્યું છે. કારણ કે જ્ઞાનાવરણીય જડ છે. ભાઈ! હવે અહીં જ્ઞાનની પર્યાયને રોકે એમ બની શકે નહિ. આહાહા..! એમ જાણ્યું. જ્ઞાનાવરણીય જ્ઞાનની પર્યાયને રોકે નહિ એમ જાણ્યું, એ જ્ઞાનની પર્યાયે પોતાથી જાણ્યું છે. જ્ઞાનાવરણીય મને જ્ઞાનને રોકે એ પણ પોતાથી જાણ્યું. પણ ઊલટું જાણ્યું છે. રોકતું નથી અને રોકતું જાણે છે તો ઊલટું જ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. પણ જ્ઞાનાવરણીય એ કર્મ છે. હું જ્યારે હીણો પરિણમું છું ત્યારે તેને નિમિત્ત કહેવાય છે. એ નિમિત્તનું જ્ઞાન થયું અહીંયા કે એ રોકતું નથી. હું પોતે મારી પર્યાયમાં તેનું જ્ઞાન મને થાય છે કે આ હું અટકેલો છું. એવી જ્ઞાનની જે પર્યાય તે જ્ઞાનાવરણીયના નિમિત્તે થયેલી નથી. સમજાણું કાંઈ?

અને એમ શાસ્ત્રમાં આવ્યું કે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી તને ઉઘાડ થાય, વિકાસ થાય. જેટલું કર્મ ખસે એનું જ્ઞાનની પર્યાયે જાણ્યું કે આ ઉઘાડ થાય છે. પણ ઓલો એમ માને કે ઉઘાડ થાય છે તે પ્રમાણે થાય છે. એ તો વિપરીત જ્ઞાન છે. પરલક્ષીજ્ઞાન પણ વિપરીત છે. પણ એમ જાણ્યું કે જ્ઞાનાવરણીય રજકણોમાં એની ટળવાની યોગ્યતાથી ટળ્યા ત્યારે મારામાં જ્ઞાનની પર્યાય મારે કારણે ઉઘાડમાં થયેલી છે. મારે કારણે વિકાસ થયેલો છે. એ જ્ઞાનનો પર્યાય છે એ મારાથી થયેલો છે. કર્મના ઉઘાડને લઈને થયેલો નથી. કારણ કે એ અચેતન ખસ્યા એમાં ચેતનનો વિકાસ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? આહા..! ઘણા કહે છે, લ્યો, અમારે ઘણું મગજ છે પણ (સમજાતું નથી). અમને કર્મ રોકે છે. મૂઢ છો? કર્મ રોકે તને? આવા બુદ્ધિવાળા અમે .. ઘણી મહેનત કરી પણ ઉઘડતું નથી. મહેનત કરતો નથી. સાંભળને. જે જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા છે એમાં એકાકાર થઈને જે જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ એવો પુરુષાર્થ તારો નથી. માટે અટકેલું જ્ઞાન છે. કર્મે તને રોક્યું છે અને કર્મને લઈને કર્મ ખસે તો મારી જ્ઞાનદશા થાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે '**કર્મ જ્ઞાન નથી, કારણ કે કર્મ અચેતન છે;...**' એ તો માટી, જડ છે, ધૂળ છે. જેમ આ ધૂળ છે. આ અચેતન છે. આ જાડી ધૂળ છે. ઓલા કર્મ ઝીણી ધૂળ છે. રજકણો ઝીણા છે. એ તો અચેતન છે. એ તને જ્ઞાનની પર્યાય પરિણમાવે છે? અને એ કર્મ ખ્યાલમાં આવ્યો માટે એને લઈને જ્ઞાનની પર્યાય થઈ છે? એ જ્ઞાનની પર્યાય પણ તારે કારણે જે પ્રકારનો ખ્યાલ આવ્યો જ્ઞાનાવરણીયનો, દર્શનાવરણીયનો, મોહનો, અંતરાયનો. શાતા વેદનીય હોય તો જીવમાં શરીરને નીરોગતા થાય. આવો એક શબ્દ આવે છે શાસ્ત્રમાં. સમજાણું? એ પણ નિમિત્તનું જ્ઞાન કરે છે. એમ કહે કે કર્મને લઈને જ અહીં નીરોગતા થઈ. એ જ્ઞાન ખોટું. પણ કર્મને લઈને નહિ, નીરોગતાની અવસ્થા આમાં થઈ, એમાં નિમિત્ત શાતા હતું એવું જ્ઞાન પર્યાય જાણે એ જ્ઞાન પર્યાય પણ પરને લઈને થયેલ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેટલા ભંગ!

હવે એ જાણવાની પર્યાય થઈ એ પણ કહે છે કે એ નૈમિત્તિકની ક્રિયા છે. એના વિનાનો જે ભગવાન આત્મા છે, પરલક્ષીજ્ઞાનની ક્રિયા વિનાનું તત્ત્વ છે એવો ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ એનો અનુભવ કરતાં જે જ્ઞાન થાય એ જ્ઞાનને જ્ઞાન અને તેને સમ્યગ્દર્શન કહેવામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે છે. ભારે કઠણ પડે એટલે માણસ બિચારા દોરવાઈ ગયા બીજે.

મુમુક્ષુ :- ...માર્ગ સો લ્યે ને.

ઉત્તર :- ધૂળમાંય સારો માર્ગ નથી. રખડી મરવાનો છે. માર્ગ જે છે ત્યાં જાવું નથી અને જ્યાં નથી ત્યાં જાય છે. ભગવાન અંતરમાં ચિદાનંદની જ્યોત છે. પ્રભુ સચ્ચિદાનંદ સત્ સ્વરૂપ છે એ પોતે. એનો આશ્રય લઈ અને જે જ્ઞાન અને દર્શન થાય તેને ભગવાને સમ્યગ્જ્ઞાન કીધું છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર આ છે.

'**કર્મ જ્ઞાન નથી,...**' લ્યો! એકસાથે બે બોલ કીધા ને? જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય. મોહનીય કર્મ છે લ્યો. પણ મોહનીય કર્મ છે એમ કીધું એ તો ભાષા થઈ. ખ્યાલમાં આવ્યું જ્ઞાન. મોહનીય કર્મ જડ છે. સ્વને લક્ષે વિકાર તો ન થાય. વિકાર સ્વને લક્ષે ન થાય. વિકાર પરને લક્ષે થાય. સ્વ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એને લક્ષે વિકાર થાય? વિકાર છે એ પરલક્ષે થાય છે. પરલક્ષ ચીજ શું છે? કે અચેતન કર્મ. હવે એના ખ્યાલમાં આવ્યું કે અચેતન કર્મ છે તે જ્ઞાન નથી. એ કર્મ છે તેમાંથી જ્ઞાન નથી. અથવા અચેતન મોહકર્મ છે તેનાથી ત્યાં ક્રોધ થાતો નથી. ક્રોધ થાતો નથી. પણ એવું જ્ઞાન થયું કે આનાથી મને ક્રોધ થાતો નથી, મને મારાથી થાય. એવી જ્ઞાનની પર્યાય થઈ. એ જ્ઞાનપર્યાય પણ વાસ્તવિક જ્ઞાન નહિ. સમજાણું કાંઈ?

જે જ્ઞાન એમ જાણે કે કર્મનો ઉદય છે માટે મને ક્રોધ થયો એ જ્ઞાન તો ખોટું. પરલક્ષીજ્ઞાન પણ ખોટું. સમજાણું કાંઈ? પણ જે જ્ઞાનની અવસ્થામાં ખ્યાલ આવ્યો કે આ કર્મ છે. બસ એટલું જાણ્યું. આ ઉદય છે, આટલે ગુણસ્થાને આ ઉદય એની જ્ઞાનની પર્યાય થઈ. એ જ્ઞાનની પર્યાયે તે જ પ્રકારને એણે જાણ્યું. કર્મ અચેતન છે, જ્ઞાનની અવસ્થા તે ચૈતન્ય છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં પણ સ્વતંત્રતા છે એમ નક્કી કરીને એક અંશ પણ સ્વતંત્ર તે તે કાળનો તે પ્રકારનો (થાય છે). ત્રિકાળી હું આત્મા તો પૂર્ણ સ્વતંત્ર છું. લ્યો આવશેને આ કાલે સ્વતંત્રતાના ઢંઢેરા પીટશે ને? કાલ છે ને ૨૬મી? સ્વતંત્ર થયા. ધૂળમાંય સ્વતંત્ર નથી થયા. હેરાન થઈ ગયા છે ને. સ્વતંત્ર ક્યાંથી આવ્યા? આહાહા..!

અહીં તો સ્વતંત્ર, સ્વ-તંત્ર, સ્વ-તંત્ર, સ્વ-સાધન. અંદરનું તંત્ર. ભગવાન જ્ઞાનરૂપી આનંદનો કંદ પ્રભુ છે એનો આશ્રય લઈને જે શુદ્ધતા પ્રગટે તે સ્વતંત્ર છે. એ સ્વતંત્રતાના દિવસની પ્રસિદ્ધિ છે. આત્મખ્યાતિ છે ને આ? કહો, સમજાણું કાંઈ? કેટલા વખતથી ઓલા વગાડે છે ... કાલનો દિવસ. આજે નીકળ્યું ને સરઘસ નીકળશે વહેલા. હો-હા. મુંબઈમાં તો હો..હા બહુ થાશે. ધૂળેય નથી સ્વતંત્રતા. સ્વતંત્રતા ક્યાં રહેતી હશે તને ખબર નથી. જડમાં સ્વતંત્રતા રહેતી હશે? વસ્તુ મળે માટે અમે સ્વતંત્ર થઈ ગયા. મળી છે ક્યાં? ઊલટાનું હેરાન વધારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય છે. આહાહા..! અંધારું વધારે થઈ ગયું. કોઈ કોઈનું માને નહિ, કોઈ કોઈનું ચાલે નહિ. સ્વતંત્ર એ મારા-મારી, કાપા-કાપી થાય છે. કોઈ જોતું નથી, લ્યો. રાડે રાડ પાડે છે. ભાષામાં રાડ પાડે છે એક કોઈ. આજે લેખ આવ્યો છે આમાં. છે ને આપણે? આમાં હોય છે ને? જૈન ગેજેટ. ઓલો કો'ક કામરાજ નથી? પહેલો આમાં હતો તો આમ બોલતો હતો, પછી આમાં આવ્યો તો આમ બોલે છે. એવું લખ્યું છે. આપણને કાંઈ ખબર નથી.

મુમુક્ષુ :- આનો પ્રમુખ હતો ત્યારે આનું બોલતો હતો.

ઉત્તર :- એમ લખ્યું છે. ફલાણા ફલાણા આમ હતું, ઢીંકણું આમ હતું. માટે સંપ્રદાય જે એનો મૂળ માન્યતા હોય ત્યાં ગયા વિના રહે નહિ. એમ કરીને લખ્યું છે. ભાષામાં દક્ષિણવાળાને મદદ કરતો હશે. દક્ષિણવાળાને મદદ. દક્ષિણો છે ખરો ને? માટે ભાષા આ જોઈએ. ત્યાં વળી પડ્યો હતો. અથડાય છે જ્યાં ત્યાં બિચારા અને કહે અમે સ્વતંત્ર. ધૂળેય નથી સ્વતંત્ર. સમજાણું કાંઈ? મોટો લેખ લખ્યો છે. જૈનમાં લખ્યો છે સમજ્યાને? જૈન ગેજેટ હતું ને અહીં ક્યાંક? હા એ. કોણે મૂક્યું? વાંચોને. વાંચો. આમાં એક લેખ છે. આમાં શબ્દ છે ને કાંઈક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવું કાંઈક લખેલું છે. શબ્દ છે કાંઈક. સામાયિક ટિપ્પણીયાં. સામાયિક. આ સામાયિક ટિપ્પણીયાં. આ જૈનનું હતું. આનું આવ્યું. જેમ ઓલા વ્હોરાનું આવ્યું. ભાઈ! ઉપાદાન-નિમિત્ત ને નિશ્ચય વ્યવહારની અને ક્રમબદ્ધની તો ઘણી વાતું લખાણી હવે કોઈ આ માનતા નથી. તમારું એ માનતા નથી. તમે એનું (માનતા નથી). હવે મૂકી ઘો ને એ વાત. એમ લખ્યું છે. વોરાએ. ઓલા હીરાલાલ. ૧૫-૨૦ વર્ષથી ચાલે છે આ. પણ એ કાંઈ એનું છોડતા નથી, તમે તમારું છોડતા નથી. હવે સમાજને કાંઈક ઠીક થાય એ વાતું મૂકોને હવે. આ મૂકી દયોને. પંડિતો માટે રાખો એ વાત. અરે..! ભગવાન! આહાહા..!

અહીં તો કહે છે, જેને તું એમ માને ને કે હું કર્મને આધીન છું. એ વાત પણ ખોટી છે. એમ કહે છે. કર્મ તને આધીન કરાવે છે એમ નથી. તું એને આધીન થા છો. એ તો સ્વતંત્ર છે. તું પરને આધીન થા છો એ તો તારી સ્વતંત્રતા છે. પર તને પરાધીન કરાવે છે એમ ત્રણ કાળમાં બને નહિ. પરવસ્તુ તને હેરાન કરે અને પરાધીન કરે એ ત્રણ કાળમાં બને નહિ. કહો, ભીખાભાઈ! તમારે એ વાંધા ઉઠ્યા પહેલા. નક્કી કરો. એમ કહે. કર્મ હેરાન કરે અને કર્મથી રખડીએ એમ નક્કી કરો તો તમારી સાથે ચર્ચા કરીએ. કહો! ગજબની વાતું! આ આચાર્ય મોટા. શું કરે છે આ? અને ભાષા-બાષા એવી હોય કે લોકો આમ રંજન થઈ જાય તો પાંચ-પાંચ દસ હજાર માણસ ભેગું થઈ જાય. મકોડા ઘણા હોય કીડીયું એટલે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શું થઈ ગયું. માણસ થાય કાંઈ? એમ સત્ વિના વસ્તુના ટોળા ભેગા થાય એ કાંઈ વસ્તુ નથી.

અહીં કહે છે કે કર્મ તે આત્મા નથી. જ્ઞાન નથી. જ્ઞાન તે આત્મા નથી એમ કીધું છે ને છેલ્લે? સરવાળામાં કર્યું છે ને. કર્મ તે આત્મા નથી કે જે કર્મ તને હેરાન કરે. હેરાન કરવાની વૃત્તિ તેં ઊભી કરી છે ત્યારે તેને જ્ઞાન જાણે છે કે આ રીતે રાગ થયો. એ જ્ઞાનની પર્યાય જાણે છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાનની પર્યાય જાણે છે. રાગ આવ્યો માટે જાણે છે જ્ઞાનની પર્યાય એમ પણ નથી એમ કહે છે. આહાહા..! રાગ થયો એમ જ્ઞાનની પર્યાય જાણે. પર્યાયમાં બરાબર જાણે. એ વખતે રાગને જ્ઞાન જાણે. દ્વેષ હોય તો દ્વેષને જ્ઞાનપર્યાય જાણે. તો રાગ વખતે જ્ઞાનપર્યાય જાણે છે માટે રાગને લઈને જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વાસના આવી વિકારની. તો જ્ઞાનની પર્યાયમાં જાણે છે. પર્યાય જાણે કે આ શરીર એટલું જાણે. પણ વાસના તો અચેતન છે અને આ તો પર્યાય ચેતનની છે. સમજાણું કાંઈ? અને તે પણ વાસનાનું જ્ઞાનની પર્યાય તેવી તે પ્રકારે જાણે એ પરને લઈને નહિ. તે પ્રકારનું જ્ઞાન પણ વાસ્તવિક આત્માનું જ્ઞાન નહિ. સમજાણું કાંઈ?

'**કર્મ જ્ઞાન નથી, કારણ કે કર્મ અચેતન છે;...**' આ તો અધ્યાત્મ છે. આમાં બધું ઘણું ભર્યું છે આમાં. એ શબ્દો એટલા છે. શબ્દમાં તો મોટા મોટા ભાવ ભર્યા છે અંદર. આઠેય કર્મના પ્રકારમાં એક એક કર્મનું જ્ઞાન ખ્યાલમાં આવે તો પર્યાય જ્ઞાનરૂપે પરિણમે પોતાથી. કર્મને લઈને નહિ. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કાંઈક થાય રજકણમાં, માટે અહીં જ્ઞાનની પર્યાય પરિણમે છે એમ પણ નહિ. ઉદય આવે છે માટે ત્યાં અટકેલું જ્ઞાન પરિણમે છે એમ પણ નથી. સમજાણું કાંઈ? એમ મોહનીય, એમ વીર્ય. આત્માનું વીર્ય છે ને આત્માનું બળ? એ પણ બળમાં બળ હીણું પડે છે અંતરાય કર્મનું નિમિત્ત છે તે નિમિત્તને લઈને હીણું પડ્યું નથી. હીણું પડ્યું છે પોતાને કારણે. એવું જ એ જ્ઞાનની પર્યાય જાણે છે. જ્ઞાનની પર્યાય એવું જાણે છે. એ જ્ઞાન પણ આત્માનું જ્ઞાન નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતર સ્વરૂપ ચિદાનંદ, જેમાંથી જ્ઞાન શુદ્ધિ વધે છે. ઈ શુદ્ધિ પડી છે એમાંથી વધે છે. એવા અંતરને આશ્રયે જે પ્રગટ દશા થાય તેને ભગવાન સમ્યગ્જ્ઞાન અને સ્વતંત્રતાના ઢંઢેરા પીટતું તે જ્ઞાન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ભારે સમજવાનું આમાં. આહાહા..! ત્યારે ઓલો કહે, ભગવાનનું ધ્યાન કરો, ધ્યાન કરો. કોના ધ્યાન પણ? સત્ જેવી રીતે છે, સત્ જેવી રીતે છે એવી રીતનું જ્ઞાન થયા વિના જ્ઞાન એકાગ્રતાના સત્પણાને પામે શી રીતે? શું કીધું? જેવી રીતે જ્ઞાન દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે, પર્યાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સત્ છે, છે. જેવી રીતે છે એવી રીતે હજી જ્ઞાન ન થાય તો સત્‌માં એકાગ્રતા થાય શી રીતે? આહાહા..! સમજાણું કાંઈ? ન્યાય છે કે નહિ અમાં? બિપીનભાઈ! લોકોને એમ ને એમ બહારથી દરકાર કરવી નથી. આ રળવા, ખાવા-પીવામાં જો કાળ ગાળવો હોય તો કાઢી નાખે. ૫૦-૫૦, ૬૦-૬૦ થઈ ગયા. આ ને આ ને આ.. પણ તું કોણ છો અને કેમ તને લાભ થાય એ વાત છે? વર્ષ બેસતા લખે લાભ સવાયા. ઓણ દસ હજાર પેદા કર્યા હતા તો પચાસ હજાર પેદા કરીએ, લાખ પેદા કરીએ. કોઈ એમ કરે, લ્યો! ધૂળમાંય લાભ નથી, સાંભળને!

અહીં તો કહે છે કે એ પૈસા જે આવ્યા એવું ખ્યાલમાં જ્ઞાન પરિણમ્યું કે આ છે એટલું બસ. એ પૈસાને લઈને જ્ઞાનનું પરિણમન નથી થયું. અને પૈસાથી મને લાભ થયો એવી માન્યતા થઈ એ મિથ્યાત્વ. અને મિથ્યાત્વના જ્ઞાનની પર્યાય થઈ તે મિથ્યાત્વને લઈને નહિ. જ્ઞાનની પર્યાય જ્ઞાનને લઈને થઈ. બીજા ગુણની પર્યાય નહિ અને આ ગુણની પર્યાય નહિ. એમ કહે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. લ્યો! એમ આયુષ્ય. ખ્યાલમાં આવ્યું કે શરીરનું આયુષ્ય લાંબુ છે. લાંબુ છે લ્યો! ઓલો કહે ને જોનારો? હાથ-બાથ જોનારા જોષી-બોષી. તમારું આયુષ્ય બહુ લાંબુ છે. એ તો એક આયુષ્ય લાંબુ છે એ તો એક કીધું. એ પ્રમાણે હોય ન હોય એ કાંઈ એને ખબર નથી. કારણ કે એ તો જેમ આયુષ્યના રજકણ છે અંદર એ પ્રમાણે (થાય). હવે એ ખ્યાલમાં આવ્યું કે આયુષ્ય લાંબુ છે, રજકણ આવા છે. એ જ્ઞાનની પર્યાય થઈ તે ઓલા રજકણને લઈને ઓલું આયુષ્ય લાંબુ ભાષા બોલ્યો એને લઈને નહિ. એ જ્ઞાનની પર્યાય એ પ્રમાણે ત્યાં પરિણમવાની લાયકાતથી પરિણમી છે. એય..! મોહનભાઈ! બહુ આકરું બાપા! આહાહા..! ભારે વાત પણ ગજબ વાત! સત્ય તે સત્ય છે ને. સત્ય તે સત્ય જ છે ને. નામ, ગોત્ર, યશકીર્તિ થઈ લ્યો યશકીર્તિ આબરુ જગતમાં. નામકર્મને કારણે. આબરુ.

મુમુક્ષુ :- જ્ઞાન કોને કારણે?

ઉત્તર :- જ્ઞાન પોતાને કારણે. સાંભળ્યું કે આ કહે છે. એ જાણવાની પર્યાય થઈ એટલું. પણ જસ બોલે છે માટે અહીં જ્ઞાનની પર્યાય થઈ એમ નહિ. સમજાણું કાંઈ? અભિનંદમાં આપે ને મોટા મોટા વખાણ. આ જલસા ભેગા થાય. બધા જલસા ભેગા કરે ને. ભેગા થઈને પછી ઉડાઓ. તમે કરો ઓલાના અને ઓલા કરે એના વખાણ. ગધેડો કરે ઊંટના અને ઊંટ કરે ગધેડાના. ઊંટ કહે ગધેડો ભારે ધોળો, ગધેડો કહે ઊંટ બહુ ઊંચો.

મુમુક્ષુ :- બેય વાત સાચી છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- ગધેડાનું ધોળાપણું શું અને ઊંટમાં ઊંચાપણાનો ગુણ શો પણ? ઉજ્જ્વળ નામ ચૈતન્ય ભગવાન ઉજળો અખંડાનંદ છે અને ઊંચામાં ઊંચું તત્ત્વ એ આત્મા છે. એમ અંતરના જ્ઞાન વિના તે જ્ઞાન સાચું કહેવાતું નથી. સમજાણું કાંઈ? ઓલા નહિ? ઊંટ ઊંચો હોય ને મોટો. ઓલો કહે હું આવડો. આ મોટો બહુ. ઊંટ કહે, ભાઈ! હું મોટો છું પણ ધોળો તારો જેવો નથી, હોં! ધોળો તું છો. એમ એકબીજાના વખાણ કરે.

અહીં તો કહે છે કે એવા યશકીર્તિના શબ્દો આવે, કાને પડે અને અહીંયાં જ્ઞાનની પર્યાય થાય જાણે એને. છતાં એ શબ્દોને લઈને નહિ. તે પ્રકારે જ્ઞાનની અવસ્થાનો પોતાનો પરિણમનની લાયકાતની દશા છે તે સ્વકાળે થઈ છે. એ પણ આદર કરવા જેવું નથી, કહે છે. યશકીર્તિ તો નહિ, એના લક્ષમાં આવેલી પર્યાય એ પણ નહિ. આહાહા..!

યશ તો ભગવાન આત્મા ચિદાનંદના આનંદથી રસથી ભરેલો, યશથી ભરેલો છે એ. સમજાય છે? યશ છે. એવું યશનું આવે છે. શ્વેતાંબરમાં આવે છે. ભગવતીમાં આવે છે. જશે જીવવું, જશથી જીવવું એક અર્થ આવે છે ભગવતીમાં. યશથી જીવન એને કહેવાય કે આત્મા આનંદસ્વરૂપે જીવે તેને જશનું જીવન કહેવાય. આત્મા વસ્તુ જે જ્ઞાન ને આનંદ છે એને લક્ષે જે આનંદ અને શાંતિના જીવે જીવન એને જશનું જીવન કહેવાય. બાકી રાગ-દ્વેષ અને અજ્ઞાને જીવવું એ અપજશનું જીવન છે. એવું આવે છે ભગવતીમાં આવે છે. તે દી અર્થ કરતા, જુઓ! આમ. જશ તો આને કહીએ. ભગવતીના પાછલા શતકમાં આવે છે. સમજાણું કાંઈ? એ થોડું થોડું આવે ને કો'ક શબ્દોમાં. પણ ઓલા જશની વાત છે. અંદર આત્મા સંયમ જીવનને જીવે તે જશજીવન એમ કહે છે. સમજાણું કાંઈ? અસંયમ જીવે જીવનને જીવે તે અપજસ જીવન છે. એ વાત સાચી છે. સંયમ પણ કહેવો કોને? બાયડી-છોકરા છોડીને બેઠો, લૂગડા છોડીને બેઠો તો સંયમ થઈ ગયો?

ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્ય જ્યોત જેમાંથી પ્રવાહ આનંદનો વહે એવી અંતર દૃષ્ટિ થઈને સ્વરૂપમાં ઠરે, ઠરે તેને સંયમ કહેવામાં આવે છે. બહારની ક્રિયાકાંડે સંયમ નથી, રાગ પણ સંયમ નથી અને લૂગડા ફેરવ્યા માટે સંયમ નથી. લે. સમજાણું કાંઈ? એ કહેશે હમણાં પાછળ. એ જ કહેશે ને. આત્મા સંયમ છે. જુઓ! ઓલી પર્યાય કાઢી નાખશે. સમજાણું કાંઈ? પરના લક્ષવાળી પોતાની થયેલી પર્યાય પણ કાઢી નાખીને આત્મા જ્ઞાન છે એમ કહેશે પાછળ. હિંમતભાઈ! આમ પરથી ભિન્ન પાડી દીધું પણ પાછું ભિન્ન ઓલું કાઢી નાખ્યું અંદર. આત્મા જ્ઞાન છે. વસ્તુ ભગવાન આત્મા અંતરના લક્ષમાંથી થયેલી જે પર્યાય તે જ્ઞાન તે આત્મા છે. તે જ્ઞાન તે આત્મા છે. સમજાણું કાંઈ? એને આત્મા કહીએ અને તેને આત્માનું જ્ઞાન કહીએ. વિશેષ કહેશું... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોષ વદ ૧૧, શુક્રવાર તા. ૨૯-૧-૧૯૬૮**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન-૪૯૮**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. '**કર્મ જ્ઞાન નથી,...**' ત્યાં આવ્યું છે ને? શું આવ્યું છે? આ શું અધિકાર ચાલે છે? કે આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, દ્રવ્ય વસ્તુ. એની વસ્તુની નિર્મળ અવસ્થા જ્ઞાનરૂપ પરિણમે. વસ્તુ ત્રિકાળ ચૈતન્યનું પૂર છે આત્મા. ચૈતન્યનું નૂર અને આનંદનું પૂર. ક્યાં રહેતું હશે નૂર અને પૂર ઈ? આત્મામાં એ રહેલું છે. આત્મા વસ્તુ છે. એમાં ચૈતન્યનું નૂર નામ પ્રકાશ પુંજ છે. અને તે આનંદનું પૂર છે. આ આનંદના અમૃતનું પૂર છે. એને ભૂલી અને જે કાંઈ અંદર પુણ્ય અને પાપના રાગાદિ વિકાર થાય કે નિમિત્ત સામે ચીજ હોય અને તેના સંબંધીની જ્ઞાનની પર્યાય થાય અહીંયાં પોતાની, એનું પણ લક્ષ છોડી દઈ અને ચૈતન્ય જ્ઞાન શુદ્ધ ચૈતન્ય ધ્રુવ છે એમાં લક્ષ કરીને જે સમ્યગ્જ્ઞાનરૂપ પરિણમન થાય તેને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર (કહે છે), ત્યાં વિશુદ્ધ જ્ઞાનનો અધિકાર છે. આહાહા..!

મુમુક્ષુ :- બીજે નહિ?

ઉત્તર :- બીજે નહિ. સમજાણું કાંઈ? એટલે શું કહ્યું?

આત્મા વસ્તુ છે, અહીં અધિકાર એ છે ને? શું છે નામ જુઓ. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. માથે. માથે છે ને? આ તો અધ્યાત્મ છે ભાઈ! જરી ઝીણી વાત છે આમાં તો. સર્વવિશુદ્ધજ્ઞાનનો અધિકાર શેમાં હોય? કે જે આત્મા પુણ્ય-પાપના ભાવ રૂપે પરિણમે છે એ કાંઈ સર્વવિશુદ્ધજ્ઞાન નથી. અને એ રાગના પુણ્ય-પાપના ભાવનું અહીં જ્ઞાન થાય છે પર્યાયમાં એ પણ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર નથી. વિશુદ્ધ જ્ઞાનનો અધિકાર એમાં નથી. સમજાણું કાંઈ? સર્વવિશુદ્ધજ્ઞાન તો એની સમય સમયની પર્યાયમાં જે રાગ-દ્વેષ થાય છે એનાથી ભિન્ન અને જ્ઞાનની અવસ્થા જેવું સામે નિમિત્ત હોય છે તે જ પ્રકારનું અહીં જ્ઞાન થાય, છતાં તે પ્રકારના જ્ઞાનથી ભિન્ન. સમજાય છે કાંઈ? એવો જે ચૈતન્યપિંડ પ્રભુ છે, એની અંતરમાં મહા ચૈતન્યની સત્તાના અંતર કબુલાતમાં જે જ્ઞાનની પર્યાય નિર્મળ થાય તે સર્વવિશુદ્ધ અધિકાર છે. ત્યાં શુદ્ધ ચૈતન્ય પર્યાયનો અધિકાર છે. ત્યાં બીજી પર્યાય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અહીં હવે ત્યાં આવ્યું છે આપણે '**કર્મ જ્ઞાન નથી,...**' વળી અત્યારે એક બે બોલ એવા યાદ આવ્યા. કર્મ જ્ઞાન નથી એમાં. તીર્થંકર પ્રકૃતિ પડી છે એ જ્ઞાન નથી. કર્મમાં એ આવે કે નહિ? આહાહા..! જે આત્મામાં શુદ્ધ ચૈતન્યના ભાન દ્વારા સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું એ ધર્મ. હવે એમાં કોઈ શુભભાવ થયો અને તીર્થંકર પ્રકૃતિનો બંધ પડ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નામ કર્મમાં. એ પ્રકૃતિ છે કર્મની, નામકર્મ તીર્થંકરપણાની એ કાંઈ જ્ઞાન નથી, એ તો કર્મ છે. જડ છે, અચેતન છે. અહીં જ્ઞાનના ખ્યાલમાં એમ આવે કે આ તીર્થંકર પ્રકૃતિ (છે). ભગવાને કહ્યું હોય. શ્રેણિક રાજાને કહ્યું કે તું તીર્થંકર થઈશ. સમજાય છે? તો એની જ્ઞાનની પર્યાયમાં ખ્યાલમાં આવ્યું કે આ પ્રકૃતિ છે. એ પ્રકૃતિ છે એ નિમિત્ત. અહીં જ્ઞાનના પર્યાયમાં જાણવામાં આવ્યું કે છે. પણ એ પ્રકૃતિ છે તે અચેતન છે. એને લઈને જ્ઞાનની પર્યાય છે વર્તમાન એમ પણ નથી અને એને લઈને ભવિષ્યમાં કેવળજ્ઞાન થશે એમ પણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એને લઈને ન થાય પણ ખાત્રી તો આપે છે.

ઉત્તર :- ખાત્રી ઈ આપે છે કે ખાત્રી પોતાના નિર્ણયની આપે છે? એમ કે તીર્થંકરગોત્ર બંધાણું તો ખાત્રી થઈ ગઈને કે કેવળજ્ઞાન થશે. એમ. એને લઈને ખાત્રી થઈ છે કે પોતાના દઢતાના સ્વભાવને લઈને ખાત્રી થઈ છે? મારો સ્વભાવ જ અપ્રતિહતપણે મેં એમ પરિણમાવ્યો છે કે આ જ પર્યાય દ્વારા મને કેવળજ્ઞાન થશે. સમજાય છે કાંઈ? આ પર્યાય હવે પાછી હઠવાની નથી. સમ્યગ્દર્શન આદિ પર્યાય છે એ પાછી હઠવાની નથી. એવું ચૈતન્યપૂરનું અંદર એકાકાર થઈને જે શ્રદ્ધાનું પરમ અવગાઢ અથવા અવગાઢ પરમ શ્રદ્ધા થઈ છે એ શ્રદ્ધાના બળે આગળ વધે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત. આ તો ઘણું ટૂંકું નાખ્યું આચાર્યે. છેલ્લા બોલો છે ને એકદમ. ઘણું જાણ્યું હોય, શાસ્ત્રનું ભણ્યો હોય એને આ જરી સમજાય. સમજ્યાને? જેને શાસ્ત્રનું હજી ભણતર (ન હોય કે) આઠ કર્મ કોને કહેવાય? કર્મ ક્યાં હશે ને એમાં વળી પ્રકૃતિ શું હશે એ કાંઈ જાણતો ન હોય એમાં શું કાઢે આમાંથી? વાંચે તો થોથા લાગે આમાં.

મુમુક્ષુ :- ... આપણે ક્યાં નાખવા છે?

ઉત્તર :- આપણે ક્યાં કહીએ છીએ. એમ નહિ. આહાહા..!

અહીં તો એમ કહે છે કે આત્મા આમ ચૈતન્ય જ્યોત છે. એ વસ્તુ છે ચૈતન્યમૂર્તિ અને એનો ચૈતન્ય જ્ઞાનગુણ. એની વર્તમાન અવસ્થા થાય તે અવસ્થા પોતાથી થાય છે. એ તીર્થંકર પ્રકૃતિનો ખ્યાલ આવ્યો, એ તીર્થંકર પ્રકૃતિ હતી માટે અહીં ખ્યાલની પર્યાય થઈ એમ નથી. સમજાય છે કાંઈ? એ જ્ઞાનનો પર્યાય એટલે પોતાની યોગ્યતાથી થયું છે. છતાં એ પર્યાય ઉપર લક્ષ જ્ઞાનીનું નથી. ધર્મીનું લક્ષ એ અંશ ઉપર નથી. ત્રિકાળ ચૈતન્ય વસ્તુ જેમાંથી આનંદની ખાણ વહે છે. આનંદ... આનંદ... આનંદ... આનંદ... શાંતિ.. શાંતિનો સાગર ધ્રુવ સાગર ચૈતન્ય મૂર્તિ છે. એના ઉપર દષ્ટિ આપતા એમાંથી આનંદના ઝરણા વહે છે. એવું જે દ્રવ્ય વસ્તુ છે. દુઃખ વહે છે એ તો વર્તમાન પર્યાયમાં અટકીને ઊભો થઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રાગ-દ્વેષ કરે એ દુઃખ છે. અંતરથી દુઃખ આવે એવી વસ્તુ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા. અહીં તો કહે છે કે કર્મ તે જ્ઞાન નથી. એમાં તો બધી ૧૪૮ પ્રકૃતિ કહી દીધી છે ને. સમજાણું? આઠ કર્મની જાત છે. એક એક કર્મની પ્રકૃતિ. જ્ઞાનાવરણીયની પાંચ અને દર્શનાવરણીયની નવ આવી ગઈ છે બધી પહેલી. આના પહેલા જ આવી ૧૪૮. સમજાય છે? જ્ઞાનાવરણીયની પાંચ પ્રકૃતિ છે, દર્શનાવરણીયની નવ છે, વેદનીયની બે છે, નામની ૯૩ છે, મોહનીયની છે ૨૮ છે, ગોત્રની બે છે અને અંતરાયની પાંચ છે. એમ ૧૪૮ પ્રકૃતિના પરમાણુ છે અંદર. કો'કને ઓછા વત્તા હોય એ પ્રશ્ન નથી. સમજાય છે કાંઈ? એ બધા જડ છે. એને પૂર્વે કોઈ શુભ અને અશુભભાવ થયા હોય એને અહીં કર્મની અવસ્થા રજકણો પોતાને કારણે ત્યાં ધારણ કરે છે. એ રજકણોની અવસ્થા તે જ્ઞાનની અવસ્થા નથી, એ તો જડની અવસ્થા છે. જેમ આ શરીર છે. ખ્યાલમાં આવ્યું કે આ શરીર. હવે અહીં ખ્યાલમાં આવી એ પર્યાય આ શરીર છે માટે ખ્યાલમાં આવ્યું એમ નથી. આનું અસ્તિત્વ ભિન્ન છે હોવાપણું અને જ્ઞાન ચૈતન્ય વસ્તુનું હોવાપણું એનાથી ભિન્ન છે. ભિન્ન છે. તો ભિન્નની અવસ્થામાં ખ્યાલ આવ્યો કે આ શરીર છે તો ખ્યાલની પર્યાય આ શરીર છે માટે આવ્યું છે એમ નહિ. સમજાણું કાંઈ?

અરીસો છે ને અરીસો? અરીસો છે આમ, જુઓ! હવે સામે કેરી છે અને કોલસા છે અથવા અગ્નિ છે અને બરફ છે, લ્યો. હવે અહીંયાં અગ્નિની જ્વાળા દેખાય છે. એ અગ્નિ છે? હાથ અડાડો તો ઊનું લાગશે ત્યાં? અગ્નિ તો ત્યાં છે. એમ બરફ દેખાય અંદર. ત્યાં ઠંડુ છે? ત્યાં ક્યાં બરફ છે? એ તો અરીસાની અવસ્થા છે. અરીસાની અવસ્થા. અવસ્થા નામ વર્તમાન હાલત. હાલત નામ વર્તમાન દશા. અરીસો સ્વચ્છ છે તેથી સ્વચ્છતાની અવસ્થારૂપે તે થયો છે. નહિ કે અગ્નિની અને બરફની અવસ્થારૂપે થયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અગ્નિ અને બરફ ન હોય તો ક્યાં થાય છે?

ઉત્તર :- પણ એ પ્રશ્ન જ ક્યાં છે? અહીં છે અને અહીં છે. બસ. પોતાથી છે.

મુમુક્ષુ :- બંને પોતપોતાના કારણે છે.

ઉત્તર :- આમ અરીસો છે સામે. એક બીડી પીવે છે આમ. વળી આમ નાખે. ત્યાં પણ એવું જ થાય છે. તો આ અવસ્થા ત્યાં છે? અને આ અવસ્થાને લઈને ત્યાં અવસ્થા છે?

મુમુક્ષુ :- એવું બરાબર. આ અવસ્થા ત્યાં નથી પણ...

ઉત્તર :- આ અવસ્થાને લઈને ત્યાં અવસ્થા છે? એ તો એની છે. પણ અરીસાની અવસ્થા છે કે આની અવસ્થા છે? એ અરીસાની અવસ્થા છે કે બીડી આમ આમ થાય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એની અવસ્થા ત્યાં છે? એ તો અરીસાની અવસ્થા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને લઈને થઈ. અરીસાની અવસ્થા અરીસાને લઈને થઈ. આહાહા..! ભારે જગતને ભાઈ! તો તો પછી સામે કેરી પડી હોય એ અરીસામાં દેખાય, લ્યો પીળી ને આ. તો ઘોળાતી હશે ત્યાં? એ કેરી છે ન્યાં? કેરીની અવસ્થાને લઈને એ અવસ્થા થઈ છે? એ અરીસાની સ્વચ્છતાની તે સમયની એવી જ યોગ્યતા અને લાયકાત છે કે જેવી ચીજ છે એવું અહીં પરિણમે. પોતાને કારણે, એને કારણે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાહિત્યમાં આવે છે....

ઉત્તર :- સાહિત્યમાં બધા ગપ્પા મારનારા હોય છે. ત્યાં સાહિત્યમાં શું હોય છે ત્યાં?

આ લાકડું છે લ્યો આપણે લ્યો લાકડું. .. લોઢું બે લ્યો. લોઢું છે એ પાંચ હાથનું લાંબુ હોય લોઢું-સરીયો. અને ચાર તસુ જો અગ્નિમાં હશે તો વાહક એનો સ્વભાવ છે તો છેક ઓલો છેડો નહિ પકડાય. અગ્નિને લઈને છે? અગ્નિને લઈને છે? અગ્નિને લઈને હોય તો દીવાસળી સળગે છે અહીં. અહીં બળે છે અને અહીં ઠંડુ છે. તો બીડી પીવાય જ નહિ. જો અગ્નિને લઈને આ ઊનું થતું હોય તો. એ લાકડાની યોગ્યતા છે કે એટલું જ ઊનું થાય અને આમ ન થાય. લોઢાની જ એવી યોગ્યતા છે કે અહીં ઊનું થતાં ત્યાં થાય. અગ્નિને કારણે નહિ.

મુમુક્ષુ :- અગ્નિને કારણે...

ઉત્તર :- તો પછી આ બેનો આંતરો કેમ પડ્યો? એ માટે તો દાખલો આપ્યો. અહીં દિવાસળી સળગે છે લ્યો. લાકડું આવડું નાનું. અગ્નિમાં.. આટલું રાખ્યું ચાર તસુ. આ ઊનું નહિ થાય.

મુમુક્ષુ :- એ થાય પણ અગ્નિમાં મૂકવાનું...

ઉત્તર :- એનો પોતાને કારણે ઊનું નથી થયું અને લોઢું પોતાને કારણે ઊનું થયું કે અગ્નિને કારણે થયું? અગ્નિને કારણે થયું હોય તો તો લાકડું પણ ઊનું થવું જોઈએ. ન્યાયથી એણે સમજવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? એ વાત કરે છે અહીં. ન્યાય વસ્તુ છે ની-ધાતુ છે. જેવો એનો સ્વરૂપનો પર્યાય ધર્મ છે તે સ્વતંત્ર પોતાથી થાય છે એમ જ્ઞાન કબુલે પહેલું. પછી એની દૃષ્ટિ છોડી અને દ્રવ્ય (દૃષ્ટિ કરે). અને કાં સમ્યગ્દર્શન થયું છે તો પણ જે જ્ઞાનની પર્યાય પરના લક્ષવાળી થઈ છે એ પોતાથી પોતાને લઈને થઈ છે. પરને લઈને છે નહિ. એ જાણવાલાયક છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે કર્મપ્રકૃતિમાં એક તીર્થંકર પ્રકૃતિ પડી છે. પડી હોય જેને બંધાણી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય એને. તો એને ખ્યાલમાં આવે છે. ભગવાને કીધું હોય અને પોતાને પણ ખ્યાલમાં આવી ગયું હોય કે હું તીર્થંકર થવાનો છું અને ભગવાને કહ્યું છે. શ્રેણિક રાજાને કહ્યું હતું ભગવાને. શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે. ૮૪ હજાર વર્ષની સ્થિતિએ. પણ એને ખબર કે હું તીર્થંકર થવાનો છું. પણ એ પ્રકૃતિ છે માટે એનું જ્ઞાન પરિણમ્યું છે? એના જ્ઞાનની વર્તમાન યોગ્યતા જ જ્યારે જ્યારે એને યાદ થાય છે કે આ તીર્થંકર પ્રકૃતિ છે, ત્યારે જ્ઞાન પોતાને કારણે જ્ઞાનની પર્યાય પરિણમે છે. એ પ્રકૃતિને કારણે નહિ. પ્રકૃતિ અચેતન જડ છે. આ પર્યાય જ્ઞાનની પર્યાય છે. તો જ્ઞાનગુણનું એ પરિણમન છે, ચૈતન્યનું એ પરિણમન છે. ઓલાનું પરિણમન નથી. આટલી જેને હજી ભિન્નતા કરતા ન આવડે એને વર્તમાન પર્યાયની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરતા આવડશે નહિ. એમ કહે છે.

એક સમયનો જ્ઞાનગુણનો પર્યાય એવા તો અનંતા ગુણના પર્યાય છે એક સમયે. પણ એક સમયનો પર્યાય પણ તે કાળે પોતાની યોગ્યતાથી તે રીતે તે કાળ તેનો હતો ને થયો છે. સામે નિમિત્ત હતું માટે થયો છે અને નિમિત્ત હતું તેવું અહીં થયું છે માટે નિમિત્તથી થયું છે. નિમિત્ત હતું તેવું થયું છે માટે નિમિત્તથી થયું છે એમ નહિ. કોલસા અરીસામાં દેખાય માટે નિમિત્ત ત્યાં કોલસો છે માટે અહીં કાળી પર્યાય થઈ છે એમ નહિ. એ રંગ નામનો જે અરીસાનો ગુણ છે કાયમ-રંગ એની અવસ્થા કાળી, રાતી, લીલી થાય એ રંગની અવસ્થા છે. તો કાળી અવસ્થા એ રંગગુણની અવસ્થા થઈ છે. નહિ કે કોલસાની અવસ્થા અહીં થઈ છે. સમજાણું કાંઈ? શું થાય? વસ્તુની ખબર જ ન મળે જ્યાં શું છે, અને આંધળે આંધળા ચાલે.

મુમુક્ષુ :- અંધો અંધ પલાય.

ઉત્તર :- અંધો અંધ પલાય. સમજાણું કાંઈ?

આ તો પદાર્થ સ્વભાવ, વસ્તુનો સ્વભાવ કેવો સ્વતંત્ર છે એટલું નક્કી ન થાય એને વસ્તુ ત્રિકાળ અખંડ મહાસત્તા, જેની એક પર્યાયમાં આટલી યોગ્યતા કે સામું નિમિત્ત એવું હોવા છતાં અહીં પરિણમે એ પરને લઈને નહિ, એવી જેની સ્વતંત્ર પર્યાયની યોગ્યતા (છે), એવી સત્તા કબુલાત કરનાર ભગવાન ત્રિકાળ ચૈતન્ય સત્તા મહાસત્તા છું. સવારે કહ્યું હતું ને એક પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી એક પર્યાયની તાકાત છે. એવી અનંતી પર્યાયનો પિંડ (ગુણ) અને એવું આખું દ્રવ્ય છું, એવી મહાસત્તાની દૃષ્ટિ થતાં તેને આત્માનો સાક્ષાત્કાર અને અનુભવ થાય. ત્યારે એને ધર્મ થાય. એય.. બલુભાઈ! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- આવો ધર્મ!

ઉત્તર :- આવો ધર્મ છે. ધર્મ દુનિયા માની બેઠા એવો નથી. એવું તો અનંત વાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી કર્યું આવા થોથા? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અધૂરો રહી ગયો.

ઉત્તર :- હજી શરૂ કર્યો હતો જ કે દી તે અધૂરો રહે? શરૂ કર્યું હોય તો અધૂરો કહેવાય. ક્યારે લાપસી થાશે? ઓલો પૂછવા આવ્યો. પણ મૂકી જ નથી ને ક્યારે થાશે શું? શું કહો છો કે ક્યારે લાપસી થાશે? પણ કોણ કહેવા આવ્યું હતું અહીં લાપસી કરવાનું? અમને તો ખબર પણ નથી. ક્યાંથી થાય? શરૂઆત કરી નથી એનું થાશે ક્યાંથી? એમ જ્યાં સત્યની શરૂઆત જ કરી નથી. મારો જ્ઞાનગુણ ત્રિકાળ તેની વર્તમાન અવસ્થા તે પ્રકારના સામે નિમિત્તની યોગ્યતાવાળા જે નિમિત્તો છે તેની યોગ્યતાથી તે છે. મારી અવસ્થાની યોગ્યતાથી મારી છે. ભલે એવું જ અને એ જ પ્રકારરૂપે પરિણમન હો, છતાં એ પરિણમન મારું સ્વતંત્ર છે. નિમિત્તને કારણે નથી. એટલું પરથી ભિન્ન પાડવાની જેને શક્તિ નથી એને એક સમયની પર્યાય જેટલો નહિ, હું ત્રિકાળ અખંડાનંદ ધ્રુવ ચૈતન્ય આનંદ છું એવી દૃષ્ટિ કરવાની તાકાત એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાતું, બાપા! લોકો સાધારણ માને, મનાવે એવી વાત નથી આ.

મુમુક્ષુ :- જરાક સહેલું કરો.

ઉત્તર :- સહેલું હોય એમ કરે. સહેલું તે શી રીતે કરવું?

મુમુક્ષુ :- આ સહેલામાં સહેલી જ વાત બતાવે છે.

ઉત્તર :- કહો, બલુભાઈ કહે છે કે સહેલું કરો, કાંઈક સોંઘુ. સોંઘુ શું? સોંઘુ સહેલી મળે રાખ. રાખને સહેલી કહે છે ને? કાંઈ રાખને ભાવે સોનું મળે? રાખને ભાવે સોનું મળે? નીલમને ભાવે કાંઈ... આ લીંબોળી હોય ને લીંબોળી? લીંબોળીને ભાવે નિલમ મળતા હશે? આટલો નીલમ આપો, લ્યો. કીધું ને ગોદિકાને ત્યાં. આટલો નીલમ સાત-આઠ બતાવવા આવ્યા હતા. અહીં બતાવ્યા હતા. ગોદિકા નહિ? અમે પોર ગયા હતા ને જયપુર? ગોદિકા છે ને નહિ ત્યાં .. ઝવેરી. અગિયાર દીમાં અગિયાર લાખ ખર્ચ્યા. અગિયાર લાખ અને પાંચ લાખનો હોલ (બનાવ્યો). સોળ લાખ અગિયાર દીમાં. પછી એના મકાનમાં ઉતર્યા હતા. મોટો મહોત્સવ હતો. સામાન્ય માણસ, નરમ માણસ. સોળ લાખ ખર્ચ્યા એનું કાંઈ ઓલું નહિ. અમે કહ્યું, સોળ લાખ બાપા તારા નથી, હોં! જડ છે. એ ખર્ચ્યા તેં નથી. તમારો ભાવ શુભ હતો. શુભ. પુણ્ય છે. ધર્મ નહિ. એ વાત કબુલે. સાચી વાત, મહારાજ. અમે ક્યાં કહીએ છીએ. એ નીલમણી બતાવતા હતા ઘરે. કહ્યું ને? એક તો અઢી લાખનો હાર બતાવ્યો. અઢી લાખનો બતાવ્યો હતો આમ. છોકરાએ બતાવ્યો હતો. છોકરો બહુ હુશિયાર શાંત હતો. અમને તો પથરા લાગે છે કીધું. અઢી લાખ. એ કહે અમારા બાપની નજર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બહુ પોગે. અમને શીખવી છે. અમારા બાપની નજર બહુ પોગે છે આમાં. અઢી લાખ રૂપિયા આટલા કટકા ઝીણા.. ઝીણા.. ઝીણા હતા અને એક બે શેર લાવ્યા હતા પથરા બીજા. ત્યાંથી અમેરિકામાંથી લઈ આવે છે. અમેરિકાથી માલ લાવે. એ તો ઠીક.

આ તો કહેવું છે શું? એમાંથી જરી સાત-આઠ કટકા બતાવતા હતા આટલા ઝીણા-ઝીણા. ઝીણા-ઝીણા. કેટલી કિંમત આની? કહે ચાર લાખ. હવે એ તો વસ્તુ છે એ ચાર લાખની કિંમતે ચાર લાખની લીંબોળીએ મળતી હશે? સોંઘી કરો એને. સોઘું શું કરે? એ કહેતા હતા કે અમે એવી ચીજ બનાવીએ કે નજર પહોંચે માણસને. ત્યાં જઈએ અમેરિકામાં કરોડો રૂપિયા લેનારા માણસો. ફટ ફટ ફટ પંદર-વીસ લાખનો માલ હોય તો ફટ ખપી જાય. કરોડોપતિ માણસ અને અબજોપતિ. ઘણા લઈ લે. વીસ વીસ લાખનો માલ લે એકદમ. બે-ચાર દી આઠ દીએ ખપી જાય.

અહીં કહેવું છે કે તે કાંઈ લીંબોળીએ નીલમણી મળે? એમ સોંઘો માર્ગ જે છે એ કાંઈ રાગ ને દ્વેષને હલકી કલ્પનાથી કાંઈ મળે? એ માર્ગ તો જેટલું છે એ પ્રમાણે પુરુષાર્થ કરવો પડશે. કિંમત એટલી દેવી પડશે. એ વિના કાંઈ મળે એવો નથી. સમજાણું કાંઈ? જગતને. અહીં કહે છે. અહીં તો બે પ્રકૃતિ યાદ આવી વળી અત્યારે. એક તીર્થંકર પ્રકૃતિ અને એક સમકિત મોહનીયની. બે. ભાઈ! તીર્થંકર પ્રકૃતિ છે ને? પડી છે એથી કાંઈ એને મોક્ષ છે? અને એથી અહીં જ્ઞાનની પર્યાય છે? તીર્થંકર (પ્રકૃતિ) બાંધી માટે મોક્ષ થાશે. ખોટી જૂઠી વાત. એને લઈને જ્ઞાનની પર્યાય નથી તો વળી મોક્ષ તો ક્યાં આવ્યો?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં એ બે પર્યાયને લઈને મોક્ષ થાય એમ લખ્યું છે.

ઉત્તર :- એ માટે તો યાદ આવ્યું અહીંયાં. આ બેસતા યાદ આવ્યું. આ કર્મ જ્ઞાન નથી એમાં ઓલી બે યાદ આવી. કીધું આ શું નવું કહેવું? કર્મનો બોલ ચાલે છે.

મુમુક્ષુ :- .. બહુ પુરુષાર્થ કરે છે.

ઉત્તર :- ના, એ તો બંધ થઈ ગયોને. લાડવો બંધાઈ ગયો.

અહીં વાત એ છે કે એક લાડવો કર્યો ને ચુરમાનો. લોટ, ઘી અને સાકર. હવે એમાં બે પ્રકાર. એમાંથી ઘી ખેંચી નાખીને એ ઘીની પુરી નહિ થાય. ગોળ ખેંચી નાખીને ગોળનું ગળમાણું નહિ થાય. પણ એમાં ઘી કાં વધારી નાખી શકાય અને કાં એને સૂકવી નખાય. પણ વસ્તુ તો એની એ રહે. એમ જે આવતા ભવનું આયુષ્ય બંધાણું હોય, આયુષ્ય આવતા ભવનું એ લાડવો વળી ગયો હવે ફરે નહિ. એ સ્થિતિ ઘટી જાય અને કાં એક સ્થિતિ વધારી શકાય. પણ વસ્તુ તો એ રહે. એને મોટું આયુષ્ય બંધાઈ ગયેલું ૩૩ સાગરનું. વસ્તુના ભાન વિના શ્રેણિક રાજાએ મુનિની અશાતના કરેલી. ૩૩ સાગર સ્થિતિ. જ્યાં ધર્મ પામ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ત્યાં ૩૩ સાગરની ૮૪ની કરી નાખી. હજાર વર્ષની સ્થિતિએ અત્યારે પહેલી નરકમાં છે. પણ એ નરકની સ્થિતિ આયુષ્ય બંધાયેલી એ ગતિ ફરે નહિ. લાડવો ફરીને એમાંથી ઘી કાઢીને એમાં તળી શકાય પુરી, એમ નહિ. એ તો એમાં ને એમાં રહેશે ઘી. થોડું સૂકવો તો ઓલું થાય. પણ લાડવો ફરીને રોટલી થાય એમાંથી કે લોટની રોટલી બહાર કાઢીને થાય એ નહિ. એ તો ત્રણપણે જ રહેશે. એમ જે પરિણામે જ્યારે ભવિષ્યનું આયુષ્ય બંધાણું લાડવો એ તો ખાવો જ (પડશે), એ ગતિમાં જાવું જ પડશે એને. એવી જ એની યોગ્યતા છે. સમજાણું કાંઈ?

શ્રેણિક રાજા. સાધુની અશાતના કરેલી. મુનિ ધ્યાનમાં હતા. એની બાયડી ધર્મ પામેલી. સમ્યગ્દૃષ્ટિ ચેલણા રાણી. આ બૌદ્ધનો ભગત હતો. એટલે એને બહુ એના ઉપર પ્રેમ. એટલે એક ફેરી કહે, સાધુ સાધુ શું કરે છો? રાણી તો મહાસમકિતી. (કહે છે), સ્વામી નાથ! અમારા મહામુનિઓ સંત-વીતરાગી હોય છે. એમ કહ્યું. હવે જોયું જોયું તારા. એમ કરીને એક ફેરી મુનિ હતા ધ્યાનમાં. ત્યાં સર્પ મરી ગયેલો નાખી આવ્યા ડોકમાં. મરી ગયેલો. આપણે હતું અહીં કેલેન્ડર. પછી આણે વાત કરી કે આ તારા મહારાજ બેઠા હતા ને હું નાખી આવ્યો છું. એ રાખશે નહિ. કાઢી નાખ્યો હશે. મહારાજ! એમ બને નહિ. આપણે જોવું હોય તો જોવો. એ વીતરાગી મુનિ છે. અંદર આત્માના ધ્યાન અને આનંદમાં બેઠા હશે. એ સર્પ બહાર નહિ કાઢે, ઉપસર્ગ આવ્યો ન કાઢે, ફેરવે નહિ. પણ કીડીઓ થઈ હશે લાખો. કીડી લાખ થઈ હોય અને કાણા પડ્યા હશે તો નહિ કાઢે. ચાલો. જ્યાં જોવે ત્યાં પડેલો. સર્પ પડેલો અને લાખો કીડીઓ. પોતે રાણી ધીમેથી સર્પને ખસેડી કીડીને સરખી કરી સર્પ ઊંચો કર્યો. લ્યો પ્રભુ! લ્યો સ્વામીનાથ! જુઓ આ સાધુ! એને પડેલો ઉપસર્ગ કાઢી ન શકે. ન કાઢે. એ તો વીતરાગના આનંદમાં છે. આનંદમૂર્તિ પ્રભુ આત્મા એમાં મશગુલ છે. એને આ સ્થિતિ હોઈ શકે નહિ. હેં! આહાહા..! પલટો ખાધો. આહાહા..! આવી મુનિદશા! મુનિદશા એટલે આ રોટલા નથી મળતા, ચાલી નીકળ્યા લૂગડા (છોડીને) એ મુનિપણું નથી.

મુનિપણું તો આત્માના અંતરમાં આનંદની મૂર્તિ પ્રભુ છે. એ આનંદને પકડીને આનંદના ઝરણા અતીન્દ્રિયના વેદન થાય એ આગળ પરિષહ અને ઉપસર્ગને ગણતો જ નથી. બાદશાહ સુખી છું હું. જુઓ! આ સુખી છે આ. જુઓ! સાધુઓ સુખી છે. દેખાય છે દુઃખી. દેખાય છે દુઃખી. જાણે બહાર. લોકો એમ માને કે આ ખાય છે. આ એની મા છે. એની સગી મા છે. સિંહણ. આ ભવમાં એણે દીક્ષા લીધી અને ઓલાને ગોઠ્યું નહોતું એની માને. માયામાં, કપટ થઈને સિંહણ થઈ. સિંહણ થઈને ધ્યાનમાં મુનિ હતા એને આમ ખાય છે. ખાતા અંદર આંગળી જ્યાં નજર પડે છે. અરે..! આ આંગળી તો મારા દીકરાની. જાતિસ્મરણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈ ગયું. પોતે ધ્યાનમાં આનંદમાં છે મુનિ. પોતાના અતીન્દ્રિય આનંદમાં લીન થઈ ગયા અતીન્દ્રિય આનંદમાં. આનંદ છે. દુનિયા સંયોગથી દુઃખ દેખે છે, એમ નથી. એને આકુળતાનો અભાવ છે અંદર. સમજાય છે કાંઈ? એવા આત્મા અતીન્દ્રિય મૂર્તિ ભગવાનનું અંતર સમ્યગ્દર્શન થતાં, સમ્યગ્જ્ઞાન થતાં, આનંદનો સ્વાદ આવે અને ચારિત્ર થતાં તો આનંદનો ઊભરો આવે. જેમ ઉફાન આવે છે ને? દૂધ પાંચ શેર હોય પણ મોટા તપેલામાં ઉફાન આવે છે મોટું વધારે. એમ ચારિત્ર એટલે શું? લોકો માને એને ખબર ક્યાં ચારિત્રની છે દુનિયાને.

આત્મા આનંદમૂર્તિનો અનુભવ થયા પછી ચરવું. આનંદમાં લીન ચરવું... ચરવું... રમવું.. અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું એનું નામ ચારિત્ર છે. ચારિત્ર દુઃખ નથી. સમજાણું કાંઈ? ચારિત્ર તો આનંદદાતા છે. એ આનંદમાં પડ્યા છે. દુનિયા દેખે અરે..! આવા દુઃખી! જુઓ! મહારાજ! અમારા મુનિ આનંદમાં છે. હેં! આ ઉતાર્યો નથી. જાગતા છે તો ઉતાર્યો નથી. ઉતારે નહિ. આહાહા..! ધન્ય પ્રભુ! માર્ગ ધન્ય તારો! સાંભળીને સમકિત પામ્યા છે, લ્યો. પછી ભગવાનના સમવસરણમાં જાય છે. પછી ક્ષાયિક સમકિત ત્યાં પામ્યા. ક્ષાયિક સમકિત એટલે જે સમ્યક્ પામ્યા એ કેવળજ્ઞાન લેશે એમ ને એમ. ભલે નરકમાં છે પણ સમકિત એનું એ લઈને અહીં આવવાના, તીર્થંકર થવાના અને એના એ સમકિતે ચારિત્ર અને કેવળ પામશે. સમજાણું કાંઈ? એવી અંતરની પ્રતીતની જ્યાં દૃઢતા જામી છે. એ પ્રકૃતિને લઈને છે? એ અહીં તો કહેવું છે. નહિ. પોતાની પર્યાયને લઈને છે. એવી પોતાની પર્યાય જ એવી દૃઢ થઈ છે સ્વભાવમાં કે એની એ પર્યાય આગળ વધીને સ્થિર થઈને કેવળજ્ઞાન લેશે. અત્યારે ભલે પહેલી નરકમાં છે. સમજાણું કાંઈ? ૮૪ હજાર વર્ષની સ્થિતિ છે. અઢી હજાર ગયા. હજી સાડી એકાશી હજાર બાકી છે. આવતી ચોવીસીમાં તીર્થંકર થશે. જેવા મહાવીર ભગવાન હતા એવા થશે. આહાહા..! ત્રિકાળી દીર્ઘ દૃષ્ટિ નથી, વર્તમાન પૂરતી દાખલો, વર્તમાન પૂરતી દૃષ્ટિ, પણ ત્રિકાળી તત્ત્વ શું છે? ત્રિકાળીની દશા શું છે? ત્રિકાળીના કેવા કેવા ભાવ થયા અને કેવા ફળ મળ્યા? એનો વિચાર ન મળે એટલે ત્રિકાળી તત્ત્વની શ્રદ્ધા એને બેસતી નથી. સમજાણું કાંઈ? લ્યો! અડધો કલાક આમાં થયો. હજી સમકિત મોહનીય રહી ગઈ એક, હોં!

તીર્થંકર પ્રકૃતિને લઈને અહીંયાં પર્યાય નથી જ્ઞાનની અને એને લઈને ભવિષ્યનું કેવળજ્ઞાન એને લઈને નથી. આહાહા..! શાસ્ત્ર ભાષા એવી આવે હોં વ્યવહારની કે જેણે તીર્થંકર પ્રકૃતિ બાંધી છે એને મોક્ષ જવા માટે, તીર્થંકર પ્રકૃતિને લઈને મોક્ષ જશે. સહેલાઈ પડશે. અથવા એ સાધન છે એનું. એ તો નિમિત્તની વાત કરે છે. એને સાધન-ફાધન ક્યાં છે? આહાહા..!

હવે એક સમકિતી મોહનીયની પ્રકૃતિ છે. મોહનીય ત્રીજી. એનું પણ એમ છે. આવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એમ અને એ પ્રકૃતિ છે ખ્યાલમાં આવે. એ તો ક્ષયોપશમ સમકિત છે. ક્ષાયિક નથી. હજી તદ્દન નાશ થયો નથી. પાણી તદ્દન નિર્મળ નથી થયું. પાણીમાં જેમ મેલ હોય અને નીચે બેસી જાય. એ નિર્મળ થયું પણ એનો મેલ ગયો અને નિર્મળ નથી થયું. મેલ જઈને નિર્મળ પાણી થઈ જાય એને ક્ષાયિક સમકિત કહે છે નિર્મળ. એવી પર્યાય થઈ નથી તો ખ્યાલમાં આવે કે સમકિત મોહનીય છે. છતાં એવો જરી શંકા આદિનો સાધારણ મેલ છે. એની જ્ઞાનરૂપે જ્ઞાન પર્યાય પરિણમે પણ એ સમકિત મોહનીયને લઈને નહિ. અહીં શંકા આદિ કોઈ અંદર સૂક્ષ્મપણાની વાત છે હોં! સાધારણ નથી. એના ખ્યાલમાં આવે કે ક્ષાયિક સમકિત નથી. એવી રીતે જ્ઞાનની પર્યાય પરિણમે પણ એ સમકિત મોહનીયને લઈને નહિ. એ તો અચેતન છે અને અહીં તો ચૈતન્યની પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ ચૈતન્યની એ વખતની જ્ઞાનની પર્યાયની એવી યોગ્યતા છે. એને લઈને આગળ વધીને જેવો મેલ થોડો છે એને ટાળી અને ક્ષાયિક સમકિત થઈને કેવળ પામશે. પણ સમકિત મોહનીય છે માટે પામશે એમ નહિ. લખાણ એવું આવે શાસ્ત્રમાં. લખાણ આવે એટલે ઘોડા થઈ જાય ઓલા. પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે કે આવું જેને હોય એ ક્રમે કરીને ક્ષાયિક થશે. સમજાય છે કાંઈ? પણ એ પ્રકૃતિને લઈને થશે એમ નથી. ભાઈ! તારી સ્વતંત્રતા અનંત ગુણનો ખાણ, ખજાનો છે. પ્રભુ! તને ખબર નથી. આહાહા..! બીજી ચીજની વિસ્મયતા ખજાના લાગે ઓહોહો..! આમ નીકળ્યું, આને આમ નીકળ્યું, આને આમ નીકળ્યું. પણ તારામાં શું? તું બધાનો જાણનાર. એના અસ્તિત્વની હયાતીની એની ખબર ન મળે. આની હયાતીની એને ખબર અને આની હયાતીમાં એની ખબર. આની હયાતીની આને ખબર અને આની હયાતીની આને ખબર. જડની હયાતીને આની ખબર છે? લ્યો!

સાકર. સેક્રીન થાય છે ને? શું કહેવાય તમારે? છસ્સો ગુણી મીઠાશ. શું છે? એ એને ખબર છે રજકણને? એ રજકણમાં શું છે? એ ગુણરૂપે પરિણમ્યો છે છસ્સો ગુણ? એ છસ્સો ગુણી મીઠાશ? ગુણરૂપ નહિ. એ પર્યાયનું એનું એવું જ પરિણમન છે. બીજા રજકણ કરતાં આમાં છે, આમાં એક રસગુણ તો આમાં પણ છે. અને રસગુણની અવસ્થા આમાં પણ છે. અને સાકર છે એ રજકણો સાકરના એમાં રસગુણ છે એના અને સાકરની પર્યાયની મીઠાશ અવસ્થા ઉત્પન્ન થઈ છે. એનું જ્યારે સેક્રીન થાય છસ્સો ગુણી, એ મીઠાશ એ એની પર્યાયમાં મીઠાશ આવી છે. ગુણમાં નહિ. ગુણનો ત્રિકાળ છે.

મુમુક્ષુ :- સંચાથી થઈ ને?

ઉત્તર :- ધૂળેય થઈ નથી સંચાથી. એ જ કહેવું છે ને અહીંયાં. એનો રસ નામનો જે રજકણ છે એ વસ્તુ છે કાયમનો. એમાં એક ગુણ રસ નામની શક્તિ-ગુણ છે. એના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર્યાયને લઈને એ પરિણમન છસ્સો ગુણનું થયું છે. મીઠાશ. સાધારણ સાકરમાં તો મીઠાશ ઓલી છે ને. છસ્સો ગુણી કહે છે ને? આ તો એટલી માંડ કહે છે. અહીં તો શાસ્ત્ર તો કહે છે કે અનંતગુણી મીઠાશ એમાં પરિણમે છે. સમજાય છે? એ તો સ્થૂળવાળાને ખ્યાલ એટલો આવે છે. એવા રજકણ પરમાણુના રસગુણની જડની એવી શક્તિનું પરિણમન મીઠાશનું આટલું થાય છે. તો આત્મામાં.. ઓલા રજકણને ખબર નથી, એના રસને, ગુણને ખબર નથી અને એની પર્યાયને ખબર નથી અવસ્થા મીઠાશની. આ તો એનો જાણનાર છે. એના અંતરમાં આનંદગુણ અનંત પડ્યો છે. એ આનંદગુણની વર્તમાન પર્યાયમાં જે મીઠાશ થાય એ આનંદ વધતો જાય. એ બધા આનંદનું જ્ઞાન કરનારો આત્મા છે. એ બધી તાકાત આત્મામાં પડી છે. એ બેસે નહિ. ઓલાનું બેસે કે હા. છસ્સો ગુણી થઈ હોં! અને વધારે થાય તો સાધન વધારે હોય તો વધારે થાય પર્યાય. થાય છે એનાથી હોં પોતાથી. સંચા-બંચાથી નહિ. સંચાથી થતી હોય તો કોલસા નાખીને કરે ને એવી મીઠાશ. સમજાણું આમાં? પીપરમાં ચોસઠ પહોરી થઈ છે એ પીસવાથી થઈ છે? પીસવાથી થઈ હોય તો કોલસા અને પથરા ઘસી નાખે નહિ?

મુમુક્ષુ :- મૂળ ઈ જ વાંધો છે ને.

ઉત્તર :- વાંધા ઈ જ મૂળ છે. છે એમાંથી આવે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. હોય એમાંથી આવે. કૂવામાં હોય એ અવેડામાં આવે. કૂવામાં હોય ખારું પાણી અને અવેડામાં આવે મીઠું પાણી. એમ બને કોઈ દી? સમજાણું કાંઈ?

એમ રજકણના એક એક પરમાણુમાં અનંત રસ ને ગંધ, રસ શક્તિ આદિ પડી છે એના પર્યાયરૂપે-અવસ્થારૂપે થવું એ રજકણના પોતાને કારણે થાય છે. નિમિત્ત અને સંચા-ફંચાથી નહિ. સમજાણું કાંઈ? એમ જ્યારે એની પર્યાયની આટલી તાકાત એમ કબુલે છે તો ભગવાન તારો આત્મા તો અસંખ્ય પ્રદેશી (છે). ઓલો તો એક પ્રદેશી એક પરમાણુ આટલો છે. આત્મા ભગવાન ભાઈ! તને જ્ઞાન કરવા પડશે. અસંખ્યપ્રદેશી પ્રભુ છે. માથાથી પગ સુધી પહોળો છે. આમ પહોળો આટલો. આ શરીરના રજકણનું દળ પ્રમાણે દળ ભલે એનું હોય, પણ છે જુદું દળ. પાણીના તપેલામાં પાણીના દળનો આકાર અને તપેલાનો આકાર બે લાગે એક, પણ પાણીનો આકાર ભિન્ન છે, તપેલાનો આકાર ભિન્ન છે. એમ આ તપેલું છે અંદર આ. એમાં ચૈતન્યનરૂપી પાણી અરૂપી જ્ઞાનઘન છે. એનો આકાર શરીર પ્રમાણે છતાં શરીરથી ભિન્ન એનો આકાર છે. આનો ભિન્ન અને એનો ભિન્ન. બે એક છે નહિ. સમજાણું કાંઈ? જુઓને! આ કાશી ઘાટના કળશા જેવું છે આ શરીર. લ્યો! આ કાશી ઘાટના કળશા નથી આવતા? આ મોઢું આવું કાશીઘાટનો કળશો નહિ? પછી થોડું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આમ પેટાળ હોય. આ એવો છે. એ કાશી ઘાટના કળશામાં પાણી પડ્યું હોય તો પાણી એવા આકારે થાય કે નહિ? અંદર હાંસ પડી હોય તો હાંસના આકારે. બહાર નીકળી હોય જરી પીત્તળનો ભાગ તો એ પ્રમાણે પાણી આવે અંદર. એવો આકાર. પણ એ પાણીનો આકાર પાણીને લઈને છે. કળશાને લઈને નહિ. પોતાની વર્તમાન અવસ્થાની પર્યાયની યોગ્યતાથી તે આકારરૂપે પાણી થયું છે.

એમ શરીરમાં રહેલો ભગવાન પોતાની પર્યાયની આકૃતિ પોતાની યોગ્યતાથી આકારરૂપે પરિણમ્યો છે. શરીરને કારણે નહિ. શરીર ભિન્ન છે, આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ? આ ભારે ભાઈ! ઘરમાં શું સંચો છે અને શું થાય એની એને ખબરું ન મળે અને પારકાની માંડી બધી. આનું આમ થાય, ફલાણાનું આમ થાય, ઢીંકણાનું આમ થાય.

કહે છે કે એ પ્રકૃતિ પડી સમકિતમોહનીયની એને લઈને અહીંયાં જ્ઞાન પરિણમે છે એમ પણ નહિ અને એને લઈને આગળ ક્ષાયિક થશે એમ પણ નહિ અને મોક્ષનું કારણ છે પ્રકૃતિ એમ પણ નહિ. સમજાણું કાંઈ? એટલું અહીં કહે છે. '**કર્મ જ્ઞાન નથી,...**' આટલું એમાં સમાણું છે. '**કર્મ જ્ઞાન નથી, કારણ કે કર્મ અચેતન છે;...**' આ તો મહાસિદ્ધાંતો છે. સમજાય છે કાંઈ? '**કર્મ જ્ઞાન નથી, કારણ કે કર્મ અચેતન છે;...**' અચેતનના પ્રવાહમાંથી ચેતનની પર્યાય જ્ઞાનની ક્યાંથી આવે? ભગવાન આત્મા જ્ઞાન છે એ જાણે છે કે આ કર્મ છે. એ જ્ઞાનની પર્યાયપણે-અવસ્થાપણે થવું એ પોતાની લાયકાતથી થાય છે. કર્મને લઈને નહિ. '**માટે જ્ઞાનને અને કર્મને વ્યતિરેક છે.**' માટે જ્ઞાન આત્માની પર્યાયને, અહીં તો જ્ઞાન વર્તમાન પર્યાયને જ્ઞેય સંબંધ છે. જ્ઞાયક ને જ્ઞેય એમ નથી અહીં વાત અત્યારે. જ્ઞાનની વર્તમાન પર્યાય અને જ્ઞેય એની વાત કરે છે. જ્ઞાયક ત્રિકાળ અને જ્ઞાયક જ્ઞેય એમ નહિ અત્યારે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જે જે પ્રકૃતિને યાદ કરે એ વખતે જે જ્ઞાન પરિણમે છે એ પોતાથી થયું છે. તે વખતે તે જ પ્રકારની યોગ્યતાવાળી પર્યાય તે જ સમયની ક્રમબદ્ધ જ નક્કી કરી નાખ્યું. ક્રમબદ્ધમાં તે જ સમયનો પર્યાય તે રીતે પરિણમવાને લાયક હતો તે પરિણમ્યો છે. એમ કહે છે. ક્રમબદ્ધ શરૂ કર્યું છે અહીંથી. અહીં લાવ્યા હતા. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, હવે એટલું રહ્યું કર્મનું. કાલે અને આજે બે થયું કર્મનું. થયું ને? આમાં તો ઘણું છે. ભાઈ! આ તો પાર ન મળે. ૧૪૮ પ્રકૃતિમાં કેટલા પ્રકાર! આચાર્યે તો ગંભીરથી વાત કરી છે. ચાર પૈસે શેર તો મણના અઢી એમ કહી દીધું છે. પછી સાડી સત્તરસોનું કેટલું? સાડી સત્તરનું કેટલું એ બધું એમાં આવી ગયું. સમજાણું કાંઈ? પણ સાડાસત્તર મણનું કેટલું? સાડા સત્તર મણ અને સાડા સાત શેરનું કેટલું? એમાં નથી આવ્યું. આવી ગયું બધું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સાંભળને! એ કુંચીઓ તારે ખોલવાની છે. ચાર પૈસે શેર તો મણના અઢી તો સાડા સત્તર મણ અને સાડા સત્તર શેરનું કેટલું? કે અઢીએ ગુણી નાખ સાડા સત્તરને. અને સાડા સાત શેરના સાડા સાત આના. એ ગણતા-બણતા નથી આવડતું અત્યારે માણસને બહુ. છોકરાને. છોકરાને ગણતરી (નથી આવડતી) કતલી કાંતવી હોય કાં આ કરવું, કાં નગારા પીટવા. એય..! છોકરાને એક ફેરી પૂછ્યું હતું નહિ? કાંઈક. ૫૪નું પૂછ્યું હતું કાંઈક હતું તે. કાંઈક વાત હતી આ ૫૪ થવાના છે ને તમારે? સોસાયટી. કહ્યું ૨૪ તીર્થંકર અને ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ કેટલા થાય? એ ગણવું પડે એને પાછું કેટલું અંદરથી. પણ એમ નહિ ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી = ૩૬, ૯ બળદેવ = ૪૫ અને ૯ વાસુદેવ = ૫૪. સમજ્યાને? એમ છે કીધું. એય..! આ વખતે ૫૪ તમારા થવાના છે ને. વધારે ૯ નાખ્યા ત્યારે ૬૩ થયું આપણે આ. આ માનસ્તંભ ૬૩ ફૂટનો છે. ૯ પ્રતિવાસુદેવ નાખ્યા તો ૬૩ થયા. તે દી થયું હતું ભાઈ! એવી વાત થઈ હતી. શરીરની અવસ્થા ૬૩ ચાલતી હતી. શરીરની અવસ્થા ૬૩ ચાલતી હતી. ૬૩ શલાકા પુરુષનું નામ યાદ થયું હતું અને ૬૩ ફૂટ માનસ્તંભ થયો. એવી ત્રણ-ચાર વાત હતી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૬૩-૬૪ હા લ્યો. ૬૩-૬૪ આ મોહનલાલ. આ દીપચંદ શેઠીયાના એ ૬૦ લાખ રૂપિયા એણે આપ્યા એ. આ દીપચંદ શેઠિયાના ૬૦ લાખ આપતા હતા ને એનો મામો? ૪૦ વર્ષ પહેલા. ન લીધા ૬૦ લાખ. મારે શું કરવા છે ૬૦ લાખને? પછી એના સોભાગભાઈ આવે છે ને હમણા ગયા હતા ને. એ સોભાગભાઈ જ્યારે (સંવત) ૨૦૦૯ની સાલમાં આવ્યા ત્યારે ૧૦ હજાર રૂપિયા આપ્યા હતા અહીંયાં. ૬૩૦૦ રૂપિયાના વ્યાજમાં પૂજા ચાલે. એમ ને? અને એ સિવાયના કેટલા ૬૩ સિવાયના ૧૦ હજાર એ બધા આમાં માનસ્તંભના ખર્ચમાં. એ તો કુદરતના મેળે એ થયા જ કરે. એ કાંઈ કોઈનું કર્યું થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આ તો છોકરાને પૂછીએ કાંઈક પ્રશ્ન તો આમ થઈ જાય. લખીએ તો યાદ આવે. હવે આમાં ધૂળમાં લખે. તકલામાં કાંતે. ઊભા ઊભા આમ કરતો હતો. આખો દી ઢોલ જ વગાડે છે ત્યાં તમારે. ૨૬મો દિવસ આવવાનો હતો તો ખૂબ નગારા વગાડ્યા વગાડ કરે. શું કરવા? કે આ કરવું જોઈએ ને. સારું લાગે.

અહીં કહે છે, એ '**કર્મ અચેતન છે; માટે જ્ઞાન અને કર્મને વ્યતિરેક છે.**' હવે જ્ઞાનને... જુઓ! '**ધર્મ (-ધર્મદ્રવ્ય) જ્ઞાન નથી,...**' હવે બીજો બોલ આવ્યો. ધર્મદ્રવ્ય છે એક. ધર્મ આત્માની સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ થાય એ ધર્મ એ અહીં નહિ. એ ચૌદ બ્રહ્માંડમાં, ચૌદ રાજૂલોકમાં જેવા જીવ દ્રવ્યો છે વસ્તુ, પુદ્ગલ છે, એમ ધર્મ નામની એક અરૂપી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વસ્તુ ચૌદ રાજલોકમાં છે. કે જે જડ-ચૈતન્ય ગતિ કરતાં, જેમ પાણી પડ્યું છે. માછલું પોતે ગતિ કરે તો પાણીને નિમિત્ત કહેવાય છે. ગતિ પાણી કરાવતું નથી. પાણી ગતિ કરાવતું નથી પણ ગતિ કરવામાં અહીં નિમિત્ત છે. રેલને ગતિ પાટો કરાવતો નથી, પણ રેલને પાટો નિમિત્ત છે. એમ જડ-ચૈતન્ય ગતિ કરતું હોય તો એક નિમિત્ત ધર્માસ્તિ નામનું તત્ત્વ છે. એ ગતિ કરાવતું નથી. સમજાણું કાંઈ? એવું એક દ્રવ્ય છે, વસ્તુ છે ચૌદ બ્રહ્માંડમાં. ભગવાનના કેવળજ્ઞાનમાં જોયેલી વસ્તુ (છે). છ પ્રકારના સ્વભાવ છે. છ પ્રકારના સ્વભાવ છે. ધર્મગતિનો સ્વભાવ, અધર્મ ગતિનો સ્વભાવ, આકાશનો સ્વભાવ, કાળ સ્વભાવ અને જીવ સ્વભાવ અને પુદ્‌ગલ સ્વભાવ. છ પ્રકારના સ્વભાવો. છ... છ... છ... છ... સમજાણું કાંઈ? એમાં એક ધર્માસ્તિ નામનું દ્રવ્ય છે. કહે છે કે એ જ્ઞાન નથી, એ તો અચેતન તત્ત્વ છે.

અરૂપી, અચેતન, જડ એ ચૌદ રાજૂલોક પ્રમાણે ધર્માસ્તિ નામનો પદાર્થ છે. અહીં પણ ધર્માસ્તિ છે. બધે છે આખો લોકમાં. પણ એ અચેતન અરૂપી છે. અચેતન અરૂપી. એથી કહે છે કે જુઓ! યાદ આવે ખ્યાલમાં. પણ એ ખ્યાલમાં અચેતન ધર્માસ્તિ છે માટે જ્ઞાનની પર્યાય પરિણમી છે એમ નથી. સમજાણું કાંઈ? વિકલ્પ આવ્યો કે આ ધર્માસ્તિ છે. કહે છે કે એ વિકલ્પ આવ્યો માટે જ્ઞાનની પર્યાય પરિણમે છે એમ નથી. એ વિકલ્પ છે એ ચારિત્રગુણની વિપરીત પર્યાય છે અને જ્ઞાનની પર્યાય બીજા ગુણની પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બેય જુદા?

ઉત્તર :- બેય જુદા છે, ભાઈ! એક એક પર્યાય જ્ઞાન બધાને જાણે છે. બીજા ગુણો છે, એની અવસ્થા છે, એ હયાતી ધરાવે છે. પણ એ સ્વપરપ્રકાશક નથી. અને જ્ઞાન પોતે પોતાને જાણે છે આ શ્રદ્ધા છે, આ રાગ છે, આ ચારિત્ર-શાંતિ એ બધું જાણે છે. શાંતિ છે એ શાંતિને ન જાણે, શાંતિ જ્ઞાનને ન જાણે. જ્ઞાન શાંતિને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે. એટલે જ્ઞાનપ્રધાનથી આ બધી વાત લીધી છે. જ્ઞાન એટલે જ આત્મા. બસ! સમજાણું કાંઈ? આહાહા..!

ઓહો..! જંગલમાં રહીને આચાર્યોએ આનંદમાં ઝુલતા વિકલ્પ ઉઠ્યો જરી (અને) શાસ્ત્ર લખાઈ ગયા. પરમાણુની પર્યાયથી હોં! એણે કર્યા નથી શાસ્ત્ર. એ પરમાણુઓ પરમાણુઓ પુદ્‌ગલ છે એની પર્યાયમાં એ જાતની રચનાથી શાસ્ત્ર રચાઈ ગયા. આચાર્યોએ રચ્યા નથી, વિકલ્પે રચ્યા નથી અને રચાણા માટે વિકલ્પ આવ્યો નથી અને રચાણા માટે, આ રચ્યું માટે જ્ઞાનની પર્યાય એમ પરિણમી નથી. સમજાણું કાંઈ? ભાઈ! ધર્મની ગતિ બહુ ઊંચી છે અને એના ફળ પણ ઊંચા છે ને. ધર્મ ગહન છે. ફળ પણ એના ઊંડા છે બાપા!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શાંતિ છે. આહાહા..! અનંત કાળથી એના દુઃખ, એના દુઃખ એણે વેદ્યા છે. એણે વિચાર ક્યાં કર્યો છે? સમજાય છે? આહાહા..! રાડ નાખી જાય અરર..! એક કાંટો આકરો લાગે ત્યાં હાય.. હાય. થઈ જાય. અને સોંસરવો નીકળે જ્યાં... પગ ઉઘાડા હોય. ચામડાના આ રબ્બર-બબ્બર ન હોય અને કાંટા એવા હોય ને, હેઠેથી બહાર નીકળે અહીં ઉપર. ઉપર નીકળે. ખેડુવાળાને બહુ થઈ જાય ઘણીવાર. નીકળેને સોંસરવટ.

એક એવી ચંગામાં એક દવા હતી ચંગામાં. ચેલા પાસે ચંગા છે ને? એક દવા હતી. એ છે દવા અહીં છે આપણે. .. ગુપ્ત રાખતો. એવો ગરી જાય આવો. નીકળે નહિ. પીડા.. પીડા... કાઢવો ન પડે. એ દવા પાંદડાની કાંઈક આપે. એ ગોળી આપે તો એમ ને એમ ગળી જાય કાંટો. કાંટો લોહી થઈ જાય. દવાથી. કહો, સમજાય છે? એ તો આપણે થાય છે પ્રવચન હોલમાં. એ ખાનગી રાખતો. પછી ખૂલ્લું થઈ ગયું. ચંગામાં હતો નહિ કો'ક? ખબર છે. ચેલા પાસે ચંગા છે ને. એ દવાના રજકણોની પર્યાયની એવી યોગ્યતા કે ઓલો કાંટો એની મેળાએ ઓગળીને લોહીરૂપે થઈ જાય. ઓલાને લઈને નહિ. દવાને લઈને નહિ.

મુમુક્ષુ :- કાંટાના રજકણ પરમાણુઓ લોહીના થઈ જાય.

ઉત્તર :- હા. પરિણમી (જાય). કાંટો કાઢવો ન પડે. બહુ વાગ્યું હોય ને આમ બહુ સોજો થઈ જાય તો રાડ નાખે. જંગલમાં કામ હોય. આવતા આવતા બે કલાક વાર લાગે ત્યાં તો અંદરથી સોજો થયો હોય અને લોહી નીકળ્યું હોય. એમ ને એમ રાખે. ગોળી આપે એટલે ઓગળી જાય કાંટો. એ જાતનો પરમાણુનો પર્યાયનો પરિણમવાનો સ્વભાવ છે. એ એને લઈને નહિ. ભારે આકરી વાત! શશીભાઈ! સાંભળ્યું હતું તમે? ચંગામાં હતું ચંગામાં. અમે તો ગયા છીએ ને. મહીનો-મહીનો રહ્યા છીએ ને. ચંગા ચેલા. ત્રણ વાર તો ચંગામાં ગામ ધુમાડાબંધ થયું હતું. અમે હતા. ભગવતી પૂરું થયું તો ગામ ધુમાડોબંધ કેટલું? ૧૩૨ ઘર. પોણો સો રૂપિયાનો ખર્ચ. અહીં તો પોણો સો રૂપિયાનું શાક જોઈએ મહિને. લાપસી તમારે નથી થાતી ઓલી? એ થાતી હતી. અમે હતા ને. ભગવતી પૂરું થયું તો ત્રણ વાર આખો ગામ ધુમાડો. ૧૩૨ ઘર બધા બંધ. ખર્ચ કેટલો? પોણો સો રૂપિયાનો. તે દી તો બહુ સસ્તુ હતું.

ત્યાં હતો એક માણસ એની પાસે દવા હતી. એમ કહેવું છે. એ દવાથી ઓગળ્યો કહેવું એ પણ એક નિમિત્તની વાત છે. આહાહા..! ભારે જગતની સ્વતંત્રતા. એ રજકણોને જ્યારે ઓગળવાનો, બીજારૂપે પરિણમવાની પર્યાય હોય છે ત્યારે ઓલું નિમિત્ત કહેવામાં આવે છે. પણ એ નિમિત્તને લઈને ઓગળ્યો છે એમ વસ્તુનું સ્વરૂપ નથી. કારણ કે નિમિત્તનું અસ્તિત્વ એનામાં છે અને આનું હોવાપણું આનામાં છે. આના હોવાપણામાં એનું હોવાપણું આવ્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી, એના હોવાપણામાં આનું હોવાપણું ગયું નથી. સમજાણું કાંઈ? બલુભાઈ! બહુ ઝીણો છે માર્ગ આ. એવો નથી આ માર્ગ કે એમ ને એમ પકડી લે. છે તો સરળ સીધો પણ એણે કોઈ દી અભ્યાસ કર્યો નથી.

એમ અહીંયાં ધર્માસ્તિકાય ખ્યાલમાં આવ્યું. એથી જ્ઞાનપર્યાય પરિણમી છે એને લઈને- ધર્માસ્તિની હયાતીને લઈને એમ નથી એમ કહે છે. આહાહા..! જુઓ! અહીંયાં અરૂપી સુધી લઈ ગયા છે વાતને. ધર્માસ્તિ તો અરૂપી છે. એ તો ફક્ત શાસ્ત્ર કહે એટલે એને ખ્યાલમાં આવે. તો કહે છે કે એને ખ્યાલમાં પર્યાય જ્ઞાન પરિણમ્યું. એ વિકલ્પ આવ્યો છે કે આ ધર્માસ્તિ કોઈ જગતમાં છે. માટે વિકલ્પને કારણે જ્ઞાન પરિણમ્યું છે એમ નથી અને ધર્માસ્તિકાયને કારણે પરિણમ્યું છે એમ પણ નથી. ભગવાન આત્માના જ્ઞાનગુણનું પરિણમન થવું એ સમયે તે જ પર્યાયની યોગ્યતાથી પોતાની પર્યાય-અવસ્થા થઈ છે. આહાહા..! સમય સમયનો આવો પર્યાય સ્વતંત્ર છે. બીજા સમયનો તે જ પર્યાય તે જ પ્રકારે થવાને સ્વતંત્ર છે, આવી જેની હયાતીની કબુલાત થાય એને આખું દ્રવ્ય ત્રિકાળ પોતાની સત્તાથી સ્વતંત્ર છે એવી દૃષ્ટિ થાય તેને ધર્મ થાય. સમજાણું કાંઈ? ધર્મ ભારે ભાઈ! પૂજાથી, ભક્તિથી, વ્રતથી, અપવાસથી થઈ જતો હોય તો તો આવું કરી નાખે ફટ દઈને માણસ. લ્યો! આવશે કાલે. મરી જાને અપવાસ કરી કરીને. ભૂક્કો થઈ જાને જીર્ણ તારા શરીરને. આત્મા શું છે એના જ્ઞાન અને એમાં અકાગ્રતા વિના ધર્મ ક્યાંથી આવતો હતો? સમજાણું કાંઈ? લ્યો!

'**ધર્મ (-ધર્મદ્રવ્ય) જ્ઞાન નથી,...**' ખુલાસો કરવો પડ્યોને? ધર્મદ્રવ્ય જ્ઞાન નથી. '**કારણ કે ધર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને ધર્મને વ્યતિરેક છે.**' માટે ધર્માસ્તિ નામનું દ્રવ્ય છે અને જ્ઞાનની પર્યાય અહીં થાય છે, બેની તદ્દન જુદાઈ છે. જુદા જુદાને કારણે રહે અને જુદા જુદાને કારણે થાય. કહો, સમજાણું કાંઈ? આહાહા..! આણે મને ગાળ દીધીને એટલે મને ક્રોધ થયો. ખોટી વાત છે કહે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? તારી પર્યાયમાં તારી યોગ્યતાથી તને ક્રોધ થયો છે. ગાળ દીધી માટે નહિ. સમજાણું કાંઈ? નહિતર ગાળ તો પચાસ માણસ સાંભળતા હોય, લ્યો! અહીં ને અહીં સલવાણા છે બે કલાકથી. હવે ગાળ શબ્દ એક આવ્યો. પણ ૫૦ જણને ભિન્ન ભિન્ન જાતની પર્યાય થાય. બધાને સરખી ન થાય ક્રોધની. એક જાણો કહે, વાત તો સાચી. ઘણા વખતથી બેઠા છે. એ પોતાની યોગ્યતા પ્રમાણે ક્રોધરૂપે થાય છે. નહિ કે ઓલા શબ્દો સાંભળ્યા માટે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ સાંભળવામાં લ્યોને. સાંભળે છે ને? શબ્દો આવે છે કે નહિ શબ્દો? એટલે સામે સમજણ આવે છે ને ખ્યાલ પર્યાય. બધાને આ શબ્દો આવે છે એ જ પ્રકારે ત્યાં પરિણમે

છે જ્ઞાન? એ પ્રકારે એટલું જ. એમ. એની જેટલી યોગ્યતા છે જ્ઞાનની પર્યાય તે પ્રમાણે પરિણમે છે. સમજાણું કાંઈ?

'**ધર્મ (-ધર્મદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે ધર્મ અચેતન છે;...**' ધર્મ એટલે ઓલું દ્રવ્ય હોં! એ તો ખુલાસો કર્યો. '**માટે જ્ઞાનને અને ધર્મને વ્યતિરેક છે.**' હજી ધર્માસ્તિ માનતો નથી તો તો કહે છે, એની જ્ઞાનની પર્યાયને માનતો નથી. ભાઈ! લ્યો વળી આમાંથી (આ નીકળ્યું). જે કોઈ છ દ્રવ્ય છે જગતમાં એમ જે માનતો નથી એ તો પોતાના જ્ઞાનગુણની એક સમયની અવસ્થાનું સામર્થ્ય એટલું છે એને જ માનતો નથી. સમજાણું કાંઈ? જુઓ! ધર્મ નાખ્યું. અરૂપીને પણ નાખ્યું. એક વસ્તુ છે જગતની. તારો પર્યાયનો સ્વભાવ છએ દ્રવ્ય જેવા છે તે રીતે તું જાણ એવો તારો પર્યાયનો ધર્મ છે. એવડી પર્યાય જાણવાની મોટપવાળી છે. એટલી પર્યાય છ દ્રવ્યને જાણે તો એ પર્યાય છે એમ માને છે એટલી પર્યાય બરાબર છે. એ છ દ્રવ્યને ન માને તો એની પર્યાયની મોટપની જેવડી સ્થિતિ તેવી જ એણે માની નથી. તો પર્યાયને જ્યાં માની નથી તો આખું ત્રિકાળ દ્રવ્ય તો એ માની શકે નહિ. મોહનભાઈ! ભારે આકરું આ. સુખડી દઈને, સાકર દઈને દુકાન લઈ લેવાય ઝટ. બે ભાઈએ ભેગા થઈને લીધી હતી ને તે દી? આ શી રીતે લેવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તોપણ એ મળીને એને ફટ દઈને. એમાં ચાલ્યા ગયા એક, આ રહી ગયા, લ્યો! સૌ સ્વતંત્ર છે. એમાં લે કોણ અને દે કોણ? આહાહા..! ભારે ભ્રમણા ભાઈ!

કહે છે કે તારી અવસ્થા તે વખતે જે દુકાન લક્ષમાં આવી તો એ જ્ઞાનનો પર્યાય તારા કારણે થયો છે. દુકાનને કારણે નહિ. દુકાન અચેતન છે. માટીનો પિંડ છે એ તો. એમાં જ્ઞાન ભર્યું છે? એમાં વહે છે જ્ઞાન? તારામાં જ્ઞાન છે. તે સમયનો પર્યાય તે પ્રકારનો જાણતો પર્યાય તારાથી થાય છે. પરથી થતો નથી. આ નિમિત્તવાળાના ભૂક્કા ઊડે છે આમાં. નિમિત્તથી થાય.. નિમિત્તથી થાય. ત્યારે જ એને નિમિત્ત માન્યું કહેવાય. નિમિત્તથી થાય તો નિમિત્ત માન્યું ક્યાં? પૃથક્ વસ્તુને માનવી અને આ પૃથક્ જ્ઞાન માન્યું ત્યારે નિમિત્તને માન્યું કહેવાય. પણ એને લઈને અહીં થાય તો પૃથક્ માન્યું જ નથી. એ તો એક માન્યું બેયને. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં બધું જણાઈ ગયું છે, પ્રત્યક્ષ થઈ ગયું છે. પાણીના નિર્મળ જળને જોતાં માથે આકાશ રાતનું હોય આકાશ અને આમ જળ દેખે, તો એમાં આકાશમાં જેટલા ચંદ્ર અને તારાઓ આદિ છે એ બધા એના ખ્યાલમાં આવી જાય. આને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દેખતા ખ્યાલમાં આવી જાય. એને જોવું ન પડે ઉપર. પાણીની સ્વચ્છતા. એક ચંદ્ર, એક સૂર્ય, ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા એક ચંદ્ર સાથે હોય છે. આ તો બધું સર્વજ્ઞથી સિદ્ધ ગયેલી વાત છે. એમાં કાંઈ (કલ્પિત નથી). એક ચંદ્ર અને એક સૂર્ય છે. આ બે છે ને? આજે સૂર્ય આવ્યો એ કાલે નહિ આવે. કાલે બીજો આવશે. આ સૂર્ય કાલે જશે ઐરાવતમાં. એવા જમ્બુદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. એક એક ચંદ્રમાં ૨૮ નક્ષત્રો, એક એક ચંદ્ર સાથે ૮૮ ગ્રહ, એક એક ચંદ્ર સાથે ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા. આ ઝીણા... ઝીણા... ઝીણા... દેખાય છે ને આમ? એની સંખ્યા એટલી છે. સમજાણું કાંઈ? કહે છે કે આટલો ખ્યાલ અને શબ્દ આવ્યો માટે અહીં જ્ઞાન પરિણમ્યું છે એમ નથી. આહાહા..!

અત્યારે ખ્યાલ આવ્યો ને કે આમ કહે છે આટલા તારા અને આટલા. અહીં તો મારે બીજું કહેવું છે. પાણી આમ જોવે નદી સ્પષ્ટ ચાલી જતી હોય. તારા ઉપર છે. આ જળમાં દેખતા દેખાઈ જાય. એમ જ્ઞાનની નિર્મળ પર્યાયને જોતાં એ પર્યાયમાં જેટલા પદાર્થો છે ને અહીં જાણવામાં આવી ગયા છે એ જ્ઞાનની પર્યાય જોતા બીજા જણાઈ જાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાયની સ્વચ્છતા છે.

ઉત્તર :- સ્વચ્છતામાં એ બધું જણાણું છે. એને જોતાં બધું જણાઈ જાય. આમ જોવું ન પડે. પણ જળને જોતાં જળના આકૃતિમાં જે આવ્યા વસ્તુ એને જણાઈ જાય છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્માનું જળ જ્ઞાનજળ છે, એની વર્તમાન જે અવસ્થા છે, એમાં જે પદાર્થ ખ્યાલમાં આવ્યા, એ ખ્યાલ પદાર્થનો નથી ખ્યાલ કરવો એને. એ જાણે છે એમાં પદાર્થનું જ્ઞાન આવી જાય છે. સમજાણું કાંઈ? ભારે ન્યાય આકરા. જગતને એવા આકરા પડે કે માણસને કોઈ માથું કામ કરતું નથી એમ લાગે. માથું તો જડ છે. શું કામ કરે? આ તો માટી છે. ઓલો ભગવાન જ્ઞાન માથું છે જેનું. ચૈતન્યબિંબ પ્રકાશ છે એ એની વર્તમાન અવસ્થા.. કહે છે કે આ ધર્માસ્તિકાય યાદ આવી કે લક્ષમાં આવી કે આ તારા આટલા કહ્યા, માટે જ્ઞાનની પર્યાય પરિણમી છે એને લઈને. એમાં ક્યાં જ્ઞાન હતું? ઓલા બૌદ્ધ કહે છે ને ભાઈ! કે જુઓ! જેવું નિમિત્ત હોય ને એવું જ્ઞાન થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત ખોટી છે. એવું જ્ઞાન થાય છે ને અહીં. ત્યારે પછી દાખલો આપ્યો શાસ્ત્રએ કે જો જ્ઞાન નિમિત્તનું થાય. લાકડું છે આ થાંભલો-થાંભલો. એની પાસે મૂકો લાકડું તો એને જ્ઞાન થાશે? કારણ કે લાકડામાં જ્ઞાન નથી. થાંભલા પાસે બેઠેલો જ્ઞાન છે, જ્ઞાનવાળો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે એને જ્ઞાન થાશે. પણ લાકડું મૂકો તો એને જ્ઞાન થાશે? એને લઈને થાતું હોય તો લાકડામાં થવું જોઈએ. જેનામાં જ્ઞાન છે એને આ થાંભલો છે એનું જ્ઞાન થાય છે. એ તો જ્ઞાનવાળાનું જ્ઞાન થયું છે. એને લઈને થયું નથી. ન્યાય સમજાય છે કાંઈ? આહાહા..! એ દાખલો આપ્યો છે.

એક માણસ સૂતો હોય ને માણસ સૂતો હોય. કાળા ભમ્મર વાળ હોય અને આમ સૂતો હોય. વાળ આમ હોય. તો સામાને દેખાય આ મચ્છર હશે? એમ લાગે. મચ્છર હશે? શાસ્ત્રમાં દાખલો આપ્યો છે. જો ભાઈ! વસ્તુ પ્રમાણે જ્ઞાન થતું હોય તો ત્યાં મચ્છરનું જ્ઞાન કેમ થયું? ત્યાં તો વાળ છે. ભાઈ! એય.. હિંમતભાઈ! કાળા ભમ્મર મોટા હોય ને? ત્યાં પણ શાસ્ત્ર મોટા છે ને. ઓલો સૂતો હોય ૩૨વર્ષનો જુવાન. અને આ વાળ. ઓલાને એમ લાગે આ ઉડતા હોય તો એમ કે આ મચ્છરનો ઢગલો પડ્યો લાગે છે. જરી જરી કોઈ વાળ હલે ને આમ.. આમ.. ત્યારે કહે, જો એ જ્ઞેય છે એ પ્રમાણે જ્ઞાન થાય તો તો અહીં વાળનું જ્ઞાન થવું જોઈએ. એના બદલે મચ્છરનું જ્ઞાન ક્યાંથી આવ્યું? અહીં પર્યાયમાં મચ્છરના જ્ઞાનની યોગ્યતા હતી તેથી જ્ઞાનમાં એમ આવ્યું છે. ચીજને લઈને નહિ. સમજાણું કાંઈ? યોગ્યતા છે એમ .. લીધું શાસ્ત્રમાં. સમય સમયની પર્યાયની યોગ્યતા તે શરણં. પરવસ્તુને લઈને જ્ઞાન થાય તો થાંભલા પાસે લાકડાને મૂકો જડને. તપેલાને મૂકો મોટું ઊંચું, માણસ બાળક હશે તો એને ખ્યાલમાં આવશે. કારણ કે જ્યાં જ્ઞાન છે ત્યાં ખ્યાલમાં આવ્યું કે (આ છે). એ થાંભલાને લઈને નહિ. બરાબર છે? સમજાણું કાંઈ? .. નથી દેખાતો ખેતરમાં? લૂગડું નાખ્યું હોય. પણ એ બળદ જેવું દેખાય, માણસ ઊભો દેખાય.

મુમુક્ષુ :- ચાડીયો રાખે.

ઉત્તર :- ચાડીયો રાખે છે. તો ત્યાં કાંઈ માણસ છે? છેટ્ટા ઓલાને એમ લાગે આઘે આઘે માણસ લાગે છે અને કાં આમ ઓલું લાગે ને? તો બળદ ખાતો હશે એમ લાગે. જો વસ્તુ છે એનાથી જ્ઞાન થાય તો જેવી ચીજ છે તેવું અહીં જ્ઞાન થવું જોઈએ. એનાથી વિરૂદ્ધ થાય છે આ તો. માટે એને લઈને થતું નથી.

મુમુક્ષુ :- દોરડી હોય ને સર્પ દેખાય.

ઉત્તર :- હો. દોરડી હોય ને સર્પ દેખાય રાતે અંધારમાં. આમ વળ ખાતી હોય. અરે..! સારો .. પેશાબ કર્યો હોય. આમ ગોળ ખાઈને પેશાબ કરે ને? સર્પ લાગે. જો એ વસ્તુને લઈને જ્ઞાન થાય તો આ ચીજ છે એવું જ્ઞાન થવું જોઈએ. પણ આ જ્ઞાનની વર્તમાન પર્યાયની યોગ્યતા છે તેથી એવું જ્ઞાન થાય છે. પરને લઈને નહિ. ન્યાયથી તો સમજાય છે કે નહિ આ તો? લોજિકથી તો આ ચાલે છે હોં આ. આ કાંઈ ખચડમચડની વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



માટે કહે છે, ધર્મ છે અરૂપી, એને ખ્યાલમાં આવતા એ અચેતનને કારણે જ્ઞાનનો પર્યાય નથી આવ્યો. તદ્દ્ન ભિન્ન છે. એવી જ્ઞાનની પર્યાયની તે સમયની તે પ્રકારની યોગ્યતાનો કાળ છે. ધર્માસ્તિકાય એટલે ધર્માસ્તિપણે પરિણમ્યું જ્ઞાન આ છે એવું. એ પણે કેમ આવ્યું ખ્યાલ? પણ એ પ્રમાણે પરિણમવાની યોગ્યતા જ એવી એની હતી. એવો નિર્ણય કરે તેને પર્યાયની સ્વતંત્રતાની જાહેરાત થાય. એને ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય જાહેરાત થાય અને દૃષ્ટિમાં ત્યારે એને સમ્યક્ થાય. એ માટે આ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પોષ વદ ૧૨, શનિવાર તા. ૨૭-૧-૧૯૬૮**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન-૪૬૯**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. અહીં સુધી આવ્યું છે, જુઓ! ધર્મ. છે ને? '**ધર્મ (-ધર્મદ્રવ્ય) જ્ઞાન નથી,...**' ધર્મ એટલે? આ સંવર, નિર્જરારૂપી ધર્મ એ નહિ આ. ચૌદ બ્રહ્માંડમાં, ચૌદ રાજૂલોકમાં એક એવું દ્રવ્ય છે. છ દ્રવ્ય છે. મૂળ જગતમાં છ પ્રકારના સ્વભાવ છે. એવું જગતનું સ્વરૂપ છે અનાદિ. સર્વજ્ઞ ભગવાને એક સમયમાં ત્રણ કાળ જોયાં એમાં એ છ દ્રવ્ય જોયા. જોયા એટલે કાંઈ નવા સર્વજ્ઞ નથી. સર્વજ્ઞ અનાદિના થતા આવે છે અને વસ્તુ પણ અનાદિની એમ છે. ભગવાન સર્વજ્ઞ.. કેમ કે આત્માનો સ્વભાવ જ સર્વજ્ઞ છે. જ્ઞ-સ્વભાવ છે જ્ઞ. જ્ઞ એટલે પરિપૂર્ણ સ્વભાવ છે. એની એકાગ્રતા થઈને શક્તિ જે છે એની વ્યક્તતા-પ્રગટતા થઈ એ દશાને સર્વજ્ઞ કહે છે. એ સર્વજ્ઞ સ્વભાવ જ જીવનો છે. એ સર્વજ્ઞ સ્વભાવમાં છ દ્રવ્યો અનાદિથી જોયા છે. એમાં એક ધર્માસ્તિ નામનું દ્રવ્ય છે. ગુણ નથી, પર્યાય નથી. એક દ્રવ્ય છે જગતમાં ચૌદ રાજૂલોકમાં.

જીવ અને જડ ગતિ કરે ત્યારે તે નિમિત્તરૂપે એક ચીજ છે. એવી આ જ્ઞાનની એક સમયની પર્યાય ષટ્ દ્રવ્યને જાણે એટલી તો એની તાકાત છે. જો એક સમયની પર્યાયમાં ષટ્ દ્રવ્ય છે એમ ન માને તો એની એક સમયની પર્યાય પણ એણે માની નથી. સમજાણું કાંઈ? શું કહ્યું ઈ?

મુમુક્ષુ :- છ દ્રવ્ય ને પર્યાય..

ઉત્તર :- આ તો નવા છે પણ હવે એટલા શબ્દો સાંભળ્યા નહિ હોય? જૈનમાં જન્મ્યા છે તે.

છ દ્રવ્ય એટલે વસ્તુ છે જગતમાં છ. છ પ્રકારના સ્વભાવવાળી છ ચીજો (છે). સંખ્યાએ અનંત. પણ એની જાતના સ્વભાવ છ પ્રકારના છે. એક જીવ સ્વભાવ, એક પરમાણુ સ્વભાવ, એક ધર્માસ્તિ સ્વભાવ, એક અધર્માસ્તિનો સ્વભાવ, એક આકાશ અને કાળ. છ વસ્તુ છે. કોઈ દી શું છે? આ જગતમાં શું છે એનું એણે ક્યાં સામર્થ્ય મારું કેટલું (એ ક્યાં વિચાર્યું જ છે). એ બધા જ્ઞેયો આટલા છે એવો જાણવાનો આત્માની પર્યાયનો એક સમયનો ધર્મ છે. એટલે આત્મા એની એક સમયની અવસ્થા એણે ત્યારે માની કહેવાય કે જેટલા છ દ્રવ્યો છે, ભલે એનો અનુભવ ન હોય, પણ એનું પર્યાયમાં છ દ્રવ્યની પ્રતીતિ તો એને આવવી જોઈએ. કેમ કે એ પર્યાયનો, જ્ઞાનનો જ્ઞેય જેટલા તેને જાણવું એવો એનો સ્વભાવ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. સમજાણું કાંઈ? એવી જ્ઞાનની એક સમયની અવસ્થામાં ધર્માસ્તિ એક જગતનું તત્ત્વ છે. ભગવાન સર્વજ્ઞે કહ્યું છે, એમ છે અને એમ જાણવામાં આવ્યું છે. એમ જેની પર્યાયમાં જાણવામાં આવે એ પણ ધર્માસ્તિ છે માટે અહીં જ્ઞાનની પર્યાય જાણવામાં આવી એમ નથી. તેમ શાસ્ત્રે કહ્યું. જુઓ! એવી વાત લીધી છે ને અહીં તો? શાસ્ત્રે કહ્યું શાસ્ત્રે કહ્યું અને એના ખ્યાલમાં પણ આવ્યું વિકલ્પથી ભલે કે આ ધર્માસ્તિ છે. એ વિકલ્પ ધર્માસ્તિ છે એવો આવ્યો એનું જે જ્ઞાન થયું આત્મામાં, એ જ્ઞાનની પર્યાય એ પણ વિકલ્પ છે માટે જ્ઞાનની પર્યાય એ રૂપે થઈ છે એમ નથી. ભારે આકરું કામ.

મુમુક્ષુ :- આ બધું ક્યાં સુધી આમ ને આમ..

ઉત્તર :- આ અંદર ન ગરે ત્યાં સુધી. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી. એઈ..! સમજાણું કાંઈ? જે રીતે ચીજ છે તે રીતે એની પર્યાયમાં પ્રતીતમાં ન આવે અને અંતર અનુભવમાં ન આવે ત્યાં સુધી એને શ્રવણ કરીને એનું ચિંતવન કરવું. અને ભાન થયા પછી પણ જ્યાં સુધી સ્થિરતા ન થાય ત્યાં સુધી પણ એવા વિકલ્પો આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? છે એ વિકલ્પ રાગ, પણ એ આવે. પૂર્ણ દશા ન હોય એટલે આવે. આવે છતાં હેય છે, દુઃખદાયક છે એમ જાણીને એને વિકલ્પ આવે છે. ભારે કામ આકરું. આમાં બધા સાહિત્યકારને બધા શી રીતે સમજાવવું એને? અરે..! ભગવાન! આ સાહિત્યકાર તો ભગવાન આત્મા છે પોતે. જેના અંતર ભાનથી જે રચાય તે બધું સાહિત્ય સાચું. એ સાહિત્ય. બાકી બધા થોથે થાથા છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

આચાર્યે.. આ તો એક વળી હમણાં વિચાર આવ્યો કે આ જગતમાં છ વસ્તુ છે, ષટ્કાય છે, ષટ્કોણ છે ક્ષેત્રનો, ષટ્કાળ છે. છ આરા છે ને છ? આરા છ. અને દરેક ગુણની એક સમયની અવસ્થામાં ષટ્ગુણહાનિવૃદ્ધિ સમયે સમયે છે. ઓહોહો..! કોઈ સ્વરૂપ જ એવું છે. આ કોઈ વિકલ્પથી કે કોઈ તર્કથી (કહે છે) એમ નહિ. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. શું થાય?

જેને આવા મનુષ્યદેહ મળ્યા અને તે રહેવું કેટલું અહીંયા? ૫૦, ૬૦, ૭૦ વર્ષ. ૭૫-૮૦ વર્ષ. હવે એ તે ધૂળ અનંત કાળ... અનંત કાળ... અનંત કાળને હિસાબે તો એક પળ વિપળ પણ ન ગણાય. અનંત કાળ... અનંત કાળ... અનંત કાળ... ઓહોહો..! રહેતો આવ્યો, રખડતો આવ્યો. નથી થઈને આવ્યો છે? છે... છે... છે... થઈને આવ્યો છે. રહેતો થઈને આવ્યો છે. છે એ ક્યાં જાય? રખડતો થઈને રહેતો આવ્યો છે. ચાર ગતિના ભવો. નરકના, નિગોદના.. આહાહા..! અરે..! ક્યાં જાવું છે? ભાઈ! આવી (ગતિમાં) અંદરમાં રખડતો આવ્યો એ અંદર રાગ ને પુણ્યના વિકલ્પમાં એકતાબુદ્ધિથી અને પર મારા, એનો જાણનાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હું એમ નહિ પણ એ મારા, એનો ખરેખર તો જાણનાર છે આત્મા. સ્વ ને પર બધાનો જાણનાર છે. એમ ન માનતા પર મારા એવી માન્યતાથી એણે અનંત સંસાર ગાળ્યો છે. અને જેને હજી આ બધા મારા, રાગ મારો, પુણ્ય મારા, આ બધા મારા એવી માન્યતા છે એને એ જ રીતે રાગમાં એકતામાં ભવિષ્યકાળ ગાળવો છે. સમજાણું કાંઈ? અને રાગની એકતામાં જેને ગાળવો છે એને તો ભિન્ન ભિન્ન પ્રકારના સંયોગો નરકના આવશે, સ્વર્ગના આવશે, કીડાના આવશે, કીડીના આવશે, કૂતરાના આવશે એવા સંયોગો ભવના આવશે. સમજાય છે કાંઈ?

તેથી કહે છે કે જેને સંયોગમાં ન આવવું હોય અને જેને આત્મા સ્વરૂપ શું છે તેની સ્વભાવની સ્થિતિમાં આવવું હોય, સ્વભાવની સ્થિતિમાં આવવું હોય તો એણે એમ નક્કી કરવું પડશે કે આ જગતના પદાર્થો છે એનો જાણનાર હું છું. એ પદાર્થ છે માટે જાણનાર નહિ અને પદાર્થને કારણે મને જ્ઞાનની દશા થઈ એમ નહિ. અને એ જ્ઞાનની દશા એટલી થવા છતાં હું એટલો નહિ. સમજાણું કાંઈ? હું તો શુદ્ધ ચૈતન્ય વસ્તુ છું. દ્રવ્ય એટલે પદાર્થ છું. અનંત અનંત શક્તિની સંખ્યાએ, શક્તિઓની સંખ્યાએ અનંત છું. અને અનંત કાળ રહે એ રીતે કાળે અનંત છું. શક્તિઓ અનંત છે અને એ શક્તિઓ કાયમ રહે એવો અનંત છું. સમજાય છે કાંઈ? એવા આત્મતત્ત્વને અંતરમાં દૃષ્ટિમાં લીધા વિના, જ્ઞાયક ચૈતન્ય છે એને દૃષ્ટિમાં લીધા વિના રાગની એકતા તૂટે નહિ એટલે ભવનો અભાવ થાય નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

આ લાલા-પીલા ને આ બધું ફૂ થઈ જશે. આ બંગલા-બંગલા. ઓલો બંગલો જોવા ગયા હતા ને તમે? એ વખતે વિચાર આવ્યો હતો, હોં! આહાહા..! આ બંગલામાંથી નીકળવું પાછું. એમાંથી જ્યારે નીકળવું પડશે ત્યારે... આહા..! એ વખતે પછી તમારો એ બંગલો યાદ આવતો હતો પછી તમારા સસરાનો બંગલો યાદ આવ્યો હતો. ઓલા નદી કાંઠે છે ને? વ્હોરવા ગયા હતા ને એક ફેરી? ત્યાં છે ને છેટો? કોઢ હતો ને થોડો થોડો? ખબર છે. આ બંગલામાંથી ચાલ્યા ગયા, કોઈ રહ્યા નહિ. પણ એ ક્યાં એના હતા અને એનું ક્યાં એ સ્થાન હતું અને એની ક્યાં એ ચીજ હતી અને એનામાં એ ક્યાં તન્મય (હતો)? તન્મય એટલે? એકરૂપે હતો તે એમાં રહે. આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :- આપ મરી ગયાની વાત કરો છો. જીવતાની વાત કરો.

ઉત્તર :- આ જીવતા પણ એ જીવતા પણ ક્યાં એમાં છે. એ જ અહીં તો કહું છું. જીવતા એની સાથે એક થઈને રહ્યો છે? એની સાથે તો ભિન્ન થઈને રહ્યો છે. એટલે એના ક્યાં છે અને એનામાં ક્યાં છે ઈ? આહાહા..! સમજાણું કાંઈ? પણ હવે એ વાત તો એવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે કે એને અંતરમાં ગરજ થાવી જોઈએ. અરેરે..! આ ચોર્યાસીના અવતાર! આવી જે દુઃખની દશા આકુળતા વાત હોં! આકુળતા.. આકુળતા.. આકુળતા. એ આકુળતાની તે વખતે હદ તીવ્ર, કોઈ વખતે મંદ. સંયોગો તીવ્ર આકુળતાના દેખાય ત્યારે એને એમ લાગે હું દુઃખી છું. કાંઈક અનુકૂળતાના નિમિત્ત લાગે એના ઉપર લક્ષ રાખે તો હું સુખી. બેય આકુળતાના અંગારાથી શેકાયેલા છે.

મુમુક્ષુ :- આ આરસ ઠંડો લાગે છે, ... લઈ જાવ. હમણાં અહીં નથી રહેવું.

ઉત્તર :- શું કીધું એ? ઠંડો છે. ઠંડો આરસ છે. ઠંડુ લાગે છે.

મુમુક્ષુ :- ડોક્ટરો કહે છે, આરસમાં નહિ રહેતા. ચાલો અહીંથી.. .. મકાનમાં ...

ઉત્તર :- આરસ ઠંડો. બધું ઠંડુ. વળી એમાં પાછું વળી વધારે ઠંડુ કરવા માટે ઓલું રાખે. કાંઈક રાખે છે ને? તમારે શું કહેવાય? રેફ્રિજરેટર. પણ એ ચીજ છે, આ પણ એક ચીજ છે. એ બે ચીજ છે એમાં એકનો બીજામાં અભાવ છે. નહિતર બેપણું સિદ્ધ નહિ થાય. આમાં એનો અભાવ છે અને એનામાં આનો અભાવ છે. ત્યારે બે છે.. બે છે... એ છે.. આ છે એમ સિદ્ધ થશે. એટલે જ્યાં એ છે ત્યાં પોતે પરમાં તો નથી અને પર આમાં નથી. એટલે ક્યાં છે ઈ? મકાનમાં છે ઈ? અહીં છે પોતાના અસંખ્યપ્રદેશમાં અને અનંત ગુણરૂપ ભાવ અને પર્યાયમાં. બસ! ત્યાં છે. ચાહે ત્યાં હો. કોઈ ગતિમાં હો, કોઈ શરીરમાં હો. સમજાય છે? ચાહે તો મોટી શેઠાઈની સગવડતામાં બેઠો હોય મોટા હીરા-માણેકના સિંહાસનને ઓહો..! બધાય છે પોતામાં, પરમાં નથી અને પર એનામાં નથી. પણ મૂઢ એવો છે કે એને દેખવામાં ચીજ આ છે એમ આવે છે ત્યાં એને આ છે તે હું છું એમ થઈ જાય છે. સમજાણું કાંઈ? એવી વાત છે. જેનો જેને સંગ લાગ્યો છે, એનો રંગ લાગ્યો છે અને રંગ લાગ્યો એ રંગ ઉખડશે નહિ એને. એ રાગનો રંગ છે અને પર મારા છે એ રંગ લાગ્યો, રંગ ચડ્યો છે એને. રંગ લાગ્યો છે. એને એ રંગમાં ચોર્યાસીના અવતારમાં છૂટશે નહિ એ.

અહીં તો કહે છે કે જેને આત્માની દયા આવી હોય, દયા આત્માની હોં! સમજાણું? ભાઈ! તું અહીં ક્યાં સુધી રહેવાનો છો? આ ક્ષેત્રમાં, આ સંયોગમાં, આ સ્થિતિમાં ક્યાં સુધી રહેવાનો છો? આ સંયોગ ને સ્થિતિ તો ૫૦, ૬૦, ૭૦ વર્ષની. હવે પછી બીજો સંયોગ મળશે ને? તું તો વસ્તુ છો. એ વસ્તુ કાંઈ નાશ થાય એવી નથી. આ સંયોગો જાય આટલું હોય પછી બીજા સંયોગોમાં બીજે જાવું ઊપડશે કે નહિ? હવે એ કેવા સંયોગો આવશે તને એની ખબર છે? એ જેવા ભાવ કર્યા હશે એવા એને સંયોગ આવશે. વિકારી અશુભ ભાવ કર્યા હશે તો અશુભ સંયોગ આવશે, શુભ હોય તો શુભ સંયોગ (આવશે).

પણ એ સંયોગ જે છે એ તો પર છે. અને ત્યાં પણ પાછું પરમાં મારાપણું માનીને વળી મિથ્યાત્વભાવ સેવીને વળી સંયોગ ઊભા કરશે. સમજાણું કાંઈ? જાધવજીભાઈ! પણ આ ધોળા-પીળાના રંગ દેખાય. રૂપાળા શરીર જરી હોય, ચામડા જરી ધોળા હોય, આમ બે-પાંચ-પચ્ચીસ લાખની મૂડી હોય. ક્યાં ગયા તમારા મલૂકચંદભાઈ નથી? ક્યાં ગયા? અમદાવાદ. રખડે છે બહુ. કેમ શું છે ત્યાં? ઠીક! કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન! આ રજકણે રજકણ જ્યાં બીજો છે. એમાં તું નથી અને તારામાં આ નથી. જો તારામાં આ હોય તો આ છૂટા પડતાં તારો પણ નાશ થઈ જાય.

એક આવ્યું છે ને ક્યાંક. ભાઈ! જો એ વસ્તુ છે. આત્મા નિત્ય છે. એમ જો આ ચીજ એની સાથે ભેગી થાય તો એ ચીજ પણ નિત્ય થઈ જાય. સમજાણું? એ આવ્યું છે પદ્મનંદીમાં ક્યાંક એક-બે ન્યાય આવ્યા છે. મગજમાં છે. આ વસ્તુ નિત્ય છે. કાયમ રહેનારું છે ને? છે ઈ છે. છે ઈ કે દી ન થાય? છે એ કે દી નહોતો? છે ઈ છે. હવે છે એવો નિત્ય છે. આ સંયોગી ચીજો એની થઈ જાય તો એ ચીજ નિત્ય થઈ જાય. અને કાં એ નાશવાન ચીજ છે એમાં ભળી જાય તો પોતાનો અભાવ થઈ જાય. આનો નાશ થતાં પોતાનો નાશ થઈ જાય. માટે બે એક થયા નથી. સમજાણું કાંઈ? પણ આ લાકડું મોટું ચોટ્યું છે ને જાણે. અને ૬૦-૬૦, ૫૦ વર્ષથી ચાલતું હોય પાછું. એનાથી સ્વાદ લીધા હોય એમ માન્યું હોય. માન્યું હોય હોં! આમ કર્યું, મેં આ કર્યું ને મેં આ કર્યું ને આ શરીર ને આંગળા.. આ તો ધૂળ રજકણ છે હવે. માટીમાંથી આ ઊભું થયું છે અને આ પાછું રાખમાં મળી જશે. એ રાખ પણ આવડી નહિ થાય પાછી સ્મશાનમાં. ચાર મણનું છે લ્યો આ. રાખ ચાર મણની થાશે? આટલો ઢગલો રહેશે. ત્યાં પવન આવશે તો ઊડી જાશે ફૂ થઈને. એ અનિત્યમાં તારું નિત્યપણું એમાં ગરી ગયું છે? અનિત્ય તારા નિત્યમાં આવી ગયું છે? એ તો ઠીક, પણ અહીં તો બીજી વાત. હવે ઓલો રાગ જે છે ને એ તારા નિત્યમાં ગરી ગયો છે? વસ્તુ કાયમ છે એમાં રાગ પેઠો છે? અને રાગ થયો એમાં નિત્ય વસ્તુ એકમેક થઈ ગઈ છે અંદર? તો રાગ પલટતા નિત્ય પણ ભેગો પલટી જાય, નાશ થઈ જાય. સમજાય છે કાંઈ?

એ સિવાય હવે એક સમયની અવસ્થા છે કે આ ધર્માસ્તિ એમ ખ્યાલમાં (આવ્યું). એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય આવી ગયું છે? જો આખું આવ્યું હોય તો પર્યાય બદલતા આખાનો નાશ થઈ જાય. શું કહ્યું સમજાય છે આમાં? અને એક સમયની પર્યાય દ્રવ્યમાં આવી ગઈ છે? ભળી ગઈ છે? ભળી ગઈ હોય તો આ નિત્ય છે એ પર્યાય નિત્ય થઈ જાય. સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ તો આવતા આવે છે. આ જુઓને! આ શું છે આ તે? કેટલાકના મોઢા દેખીએ છીએ ને. કાંઈ ચિંતા જ નથી પરલોકની. એવું દેખતા વિચાર આવ્યો હતો આ. હોં! સમજાય છે? કાંઈ જાણે ચિંતા જ નથી. નથી આજીવિકાની ચિંતા, નથી પરભવમાં ક્યાં જાશું એની ચિંતા. એઈ.. નિશ્ચિંત થઈને પડ્યા છે. પૈસા-બૈસા હોય. નથી ચિંતા આજીવિકાની, નથી ચિંતા (પરભવની). શું ક્યાં શું થશે મારું? એની નથી ચિંતા એટલે નિશ્ચિંત થઈને પડ્યા છે બધા.

મુમુક્ષુ :- એ તો મૂર્ખ છે.

ઉત્તર :- મૂર્ખ છે. પછી મેં આમ કહ્યું. આહાહા..! ગુલાબભાઈ! બાપુ! તારું ગુલાબ કરમાઈ જશે, ભાઈ! આ શરીર-બરીર આ નહિ રહે, બાપા! તારી ચીજ નહિ. અને નથી તેને પોતાની માનીને બેઠો એ વિકારી ભાવમાં તને દુઃખ છે, ભાઈ! તને દુઃખ છે, પણ હવે તને ખબર નથી એટલે શું કરવું? કેમ? એ વળી ભાઈ આવ્યું કે આ દુઃખ છે એ પણ એને ખબર ક્યારે પડે? કે કાંઈક અનુમાન કરે કે આ .. છે, આ દુઃખ છે એ તો વર્તમાન .. જાય. થોડું થોડું. કોઈ વખતે વધારે દુઃખ લાગે, કોઈ વખતે થોડું દુઃખ લાગે. એ થોડું-વધારે લાગે છે એવું જો આ થતું હોય તો સામે એકરૂપ ન રહેવું જોઈએ. સામે એકરૂપ છે જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... આમ નિત્ય.. નિત્ય.. નિત્ય.. નિત્ય.. આ થોડું ઘણું અહીં થાય. ત્યાં થોડુ ઘણું થતું નથી. સમજાણું કાંઈ? છે... છે... છે... છે... છે... છે... છે... એ છે-છે-છે તો એકરૂપ રહે છે. આ દુઃખરૂપ થોડી-ઘણી, થોડી-ઘણી દશા એ તો વિકલ્પ છે. એની સાથે તન્મય આખું દ્રવ્ય થઈ ગયું નથી. સમજાણું કાંઈ?

હવે આવા દુઃખની દશામાં જેણે પોતાપણું માન્યું છે એને દુઃખમાં જ રહેવું છે. દુઃખમાં જ રહેવું છે. અને દુઃખમાં રહેવું એને ચોર્યાસીના અવતાર ભિન્ન ભિન્ન પ્રકારના મળશે. કોઈ કીડી, કાગડા, કૂતરા, નારકી, ઢોર, નિર્ધન વગેરે. અને જેને ચોર્યાસીમાં એટલે વિકારમાં રહેવું નથી એને વિકાર વિનાનો છું, મારી ચીજ ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જ્ઞાનપ્રકાશ આનંદસ્વરૂપ છું. એવી નિત્યમાં દૃષ્ટિ કરતાં એમાં રહેશે. ભવિષ્યમાં હજી થોડો રાગ રહેશે તો પણ એ એમાં ને એમાં રહેશે. એમાં રહી રહીને આગળ કરીને પૂર્ણ કરીને મુક્તિ થઈ જશે. સમજાણું કાંઈ? ન્યાય સમજાય છે? ન્યાયથી વાત (છે). આ તો ન્યાયથી તો વાત આવે છે ભાઈ હવે.

આ તો વળી ઓલા છ ઉપરથી બહુ લાંબો વિચાર આવ્યો. બેઠા પછી અહીં હોં! બેઠા પછી. આ છ.. છ... છ... શું કરે છે? છે... છે... છે... આ તો .. છ છે એટલે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એવું એક ઠેકાણે જોયું પણ ક્યાંક હતું. ઓલા લેખ આવે છે ને? લહિયા-લહિયા. એ કોઈ ઠેકાણે છે ને ઠેકાણે છ કરે છે. એટલે મેં તમને પૂછ્યું. એ કોઈ પુરાણા હોય છે ને પુરાણા લેખ ક્યાંક. એમાં છ જેવો એક આંકડો હોય છે. એટલે છે એમ કહેવું છે. એ ત્યાં કહ્યું હતું. આ તો છે. છ દ્રવ્ય છે. પુદ્ગલના છ પ્રકાર છે. છ આરા કાળના ચડતા-ઉતરતા છે. દરેક ગુણની એક સમયની અવસ્થામાં અગમ્ય એવી ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. આહાહા..!

એક સર્વજ્ઞે કહેલો સ્વભાવ કેવો છે? કેવો છે? વિસ્મયતા તો લાવ કે આ વસ્તુ શું છે આ! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચિદ્ઘન વસ્તુ છે. એની વર્તમાન દશામાં સર્વજ્ઞે કહેલાં સ્વભાવવાળું તત્ત્વ જે વસ્તુ છે ધર્માસ્તિ, એનો પણ અહીંયાં ખ્યાલ આવ્યો, તો કહે છે કે એ પર્યાય ધર્માસ્તિ કાને પડી અને વિકલ્પ ઉઠ્યો માટે જ્ઞાન પરિણમ્યું નથી. જ્ઞાન તો પોતાની પર્યાય તે કાળનો અંશ છે, ગુણી ત્રિકાળ છે એના અંશરૂપે તે પરિણમ્યો છે. માટે ધર્મ તે જ્ઞાન નથી. ધર્મદ્રવ્ય જ્ઞાન નથી. આ ધર્મદ્રવ્ય એટલે એ હોં! તમારી મેળાએ વાંચો તો આ ધર્મદ્રવ્ય શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સારું બધું સારું ને એ તો.

‘**કારણ કે ધર્મ અચેતન છે;...**’ એ ધર્માસ્તિકાય નામનો પદાર્થ તે અચેતન છે. ‘**માટે જ્ઞાન અને ધર્મને વ્યતિરેક છે.**’ જુદા છે, જુદા છે. એક થયા નથી. એક થયા હોય તો અનેકપણે રહે નહિ. તો આ ને આ એમ અનેકપણે રહે નહિ. કહો, સમજાણું કાંઈ? આ તો શાંતિની, ધીરજની વાતું છે, ભાઈ! આ કાંઈ ઉપરથી મળી જાય, બહારથી લાવવું કે થઈ જાય એમ નથી આ. ભગવાન આત્મા એના ન્યાયથી એના મગજમાં જ્ઞાનની વિવેકદશાથી વિચાર કરતાં કે આ એક સમયની અવસ્થા પણ જ્યારે મારી સ્વતંત્ર આ રીતે છે. જે સામું દ્રવ્ય છે તેવું લક્ષમાં આવ્યું, છતાં એ પર્યાય જ્ઞાનની પરને લઈને નહિ, પરમાં નહિ, પર છે માટે નહિ. એવો એક સમયનો પર્યાય એટલે હયાતીવાળું તત્ત્વ આવું, પહેલા સમયનું બીજું હતું અને બીજા સમયનો બીજો આ રીતનો તો એવો જે આખો ભગવાન છે એ ત્રિકાળ સ્વતંત્ર શુદ્ધ ચૈતન્ય છે. એની દૃષ્ટિ કરીને પર્યાયદૃષ્ટિ ટાળવી અને નિમિત્તની દૃષ્ટિ તો એમાં ટળી જાય જ. એવી અંતર દૃષ્ટિને સમ્યગ્દર્શન અને ભવના અભાવનું કારણ કહે છે. સમજાણું કાંઈ?

ભવ નહિ, ભવ નહિ. ભવ કેવા? ભવનો ભાવ જ્યાં એનામાં નથી અને એક સમયની પરના લક્ષે થયેલી પર્યાય પોતાની પણ જેના પૂર્ણમાં નથી, એવા અંતર દૃષ્ટિનો વિષય જે ધ્રુવ જ્ઞાયક ભગવાન એકલો ચૈતન્ય સૂર્ય એનો અનુભવ થતાં એટલે એ છે એને અનુસરીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થતાં, અનુભવ એટલે વસ્તુ જે છે તેને અનુસરીને ભવવું, અનુસરીને અનુભવ થતાં તેને ભવનો અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? થોડો રાગાદિ રહે તો પણ તેને એકપણે માન્યો નથી માટે તે ભવમાં નથી. ભવમાં નથી અને ભવના ભાવમાં પણ નથી. ભવના ભાવ વિનાના ભાવમાં ધર્મી છે. ભારે વાત! સમજાણું આમાં? વીરચંદભાઈ! ન્યાય સમજાય છે કે નહિ આમાં? આ ભાઈએ તો યાદ કર્યું વળી ધર્માસ્તિ... છ દ્રવ્ય છે આવે છે ને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય? આવે ને બધા પ્રશ્નોત્તરમાં આવે છે? સિદ્ધાંત ચોપડીમાં. ચોપડીમાં છે પણ અહીં વસ્તુમાં છે. છોકરાએ યાદ તો કર્યું ને. એટલું યાદ તો કર્યું ને. શું કહેવાય ઓલી આપણે? સિદ્ધાંત પ્રવેશિકા. નહિ? સિદ્ધાંત પ્રવેશિકા. સિદ્ધાંત પ્રવેશિકા એના શબ્દો છે એમાં. પણ એનું બતાવેલું તત્ત્વ સિદ્ધાંત પ્રવેશિકામાં નથી.

મુમુક્ષુ :- તત્ત્વ તત્ત્વમાં જ હોય ને.

ઉત્તર :- તત્ત્વ તત્ત્વમાં છે. અને આ જાણનારની પર્યાયમાં જણાણું એની પર્યાયમાં એ તત્ત્વ નથી. સમજાણું કાંઈ? સાકરનો ખ્યાલ આવ્યો જ્ઞાનની પર્યાયમાં કે આ ગળી છે. એ ગળીની પર્યાય જ્ઞાનની પર્યાયમાં આવી ગઈ છે? એ ગળી તો જડ છે, અજીવ છે, માટી છે. જો આમાં આવી જાય તો જીવની પર્યાય અરૂપી છે તો જડ થઈ જાય. એ ગળપણ ગળપણપણે રહી, એનું અસ્તિત્વ તેનામાં અવસ્થાપણે રહી, આની જ્ઞાન પર્યાય પોતાથી થઈ અને જ્ઞાન પર્યાય પોતામાં થઈ છે એના વિના. એના વિના. એને લઈને નહિ અને એની હાજરીને લઈને નહિ. પણ પોતાનો જ્ઞાનગુણ ત્રિકાળ હાજર છે એને કારણે વર્તમાન એ પર્યાયની યોગ્યતાથી એવું પરિણમ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

બીજો. '**અધર્મ જ્ઞાન નથી,...**' હવે. એ અધર્મ પણ એક દ્રવ્ય છે. અધર્માસ્તિકાય. ધર્માસ્તિકાય છે એ જડ ચૈતન્યને ગતિમાં નિમિત્ત થાય એવું એક તત્ત્વ છે. નિમિત્ત થાય હોં! સ્વયં ગતિ કરનારને નિમિત્ત થાય તેને નિમિત્ત કહેવામાં આવે છે. સ્વયં ગતિ કરનાર (એને) બીજો ગતિ કરાવે તો તો નિમિત્તપણું રહેતું નથી. સ્વયં ગતિ કરવાની દશામાં એ નિમિત્ત થાય છે. જેમ પાણીમાં માછલાને પાણી નિમિત્ત થાય છે. અધર્માસ્તિ એક તત્ત્વ છે. કે જે આમ ગતિ કરતા સ્થિર થાય તેને નિમિત્ત છે. પથિક, પથિક ચાલતો હોય અને ઠરવું હોય તો ત્યાં વડ એને નિમિત્ત કહેવામાં આવે. વડ કહેતું નથી કે ઠર અહીંયા. એમ એ તત્ત્વ એને ઠરવાનું કહેતું નથી, પણ ગતિ કરતાં અટકે તત્ત્વ આ આમ છે ને જુઓ આમ અટકી જાય. એમ આત્મા પણ (અટકી જાય). એ અટકે તેને અધર્માસ્તિ નામનું એક તત્ત્વ છે અરૂપી તે એને નિમિત્ત થાય છે. એવું એક તત્ત્વ છે. છ દ્રવ્યમાં એવી એક વસ્તુ છે. ભગવાને કહેલી અને એવી ચીજ છે. આ બે દ્રવ્યો તો બીજા અન્યમતમાં ક્યાંય હોઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શકે નહિ. સમજાણું કાંઈ? જેનામાં સર્વજ્ઞ સ્વભાવ અને સર્વજ્ઞપણું નથી એને આ છ દ્રવ્ય હોઈ શકે નહિ એનામાં. સમજાણું કાંઈ?

અને એ બે દ્રવ્યોથી તો શું છે? કે આ ચૌદ બ્રહ્માંડ છે ને આ સંગ્રહાત્મક તત્ત્વ જડ અને ચૈતન્ય. એ લોક અને ખાલી ભાગ, બેના ભાગમાં આ ધર્માસ્તિનું તત્ત્વ છે ભાઈ! ધર્માસ્તિ જેટલામાં છે એટલામાં લોક છે. પછી ખાલી અલોક છે. એની મર્યાદા ધર્માસ્તિનું તત્ત્વ છે જેટલામાં અરૂપી એટલામાં જડ-ચૈતન્ય અનંત અને એમાં ગતિ-સ્થિતિના કરનારને નિમિત્તને ગતિમાં નિમિત્ત થાય, સ્થિતિમાં નિમિત્ત થાય. બસ! એ એટલો ભાગ. પછીનો ભાગ ખાલી છે એમાં નથી ધર્માસ્તિ, નથી જીવ, નથી પરમાણુ. આકાશ... આકાશ... આકાશ... એ પછી લેશે. ખાલી ભાગ આકાશ. ચારે બાજુ બસ એ.

મુમુક્ષુ :- કાળ...

ઉત્તર :- એ કાળ પછી લેશે અંદર.

મુમુક્ષુ :- ત્યાં કાળ..

ઉત્તર :- ત્યાં કાળ નહિ. ત્યાં નહિ. નહિ. હજી આવશે એ વાત. એ વખતે આવશે ત્યારે સિદ્ધ કરશું. સમજાણું કાંઈ? હવે કાળ જ આવે છે જુઓ. પછી આકાશ આવશે.

એ અધર્માસ્તિ નામનું તત્ત્વ છે એ ખ્યાલમાં આવ્યું એથી જ્ઞાનની પર્યાય અહીં અવસ્થા થઈ છે એમ નથી. ઓહોહો..! જુઓ તો શું કહે છે! એ સમયનો પર્યાય તે પ્રકારે જ્ઞાનરૂપે પરિણમ્યો છે એ નહિ નિમિત્તને કારણે અને પૂર્વની પર્યાય હતી માટે નહિ, પછીની થશે માટે નહિ. સમજાય છે? અને ખરેખર દ્રવ્ય છે માટે પણ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્યને કારણે હોય તો તો એકરૂપ પર્યાય થવી જોઈએ. ભાઈ! ન્યાય સમજજો હોં! વસ્તુ કાયમ ટકનારી છે. એને કારણે (થતી હોય) તો એકરૂપ અવસ્થા થવી જોઈએ. એને કારણે થાય તો અહીં અચેતન થઈ જવું જોઈએ. આહાહા..!

જુઓ તો એ વીતરાગના ન્યાયો! ઓહોહો..! સર્વજ્ઞ પરમેશ્વરે ઈન્દ્રોની સમક્ષ, મોટા અર્ધલોકના સ્વામી અને આ તો બધા ભિખારા આ તો સાધારણ. બે-પાંચ-દસ કરોડ એ પણ ભિખારા કહેવાય હોં! ઓલા અર્ધ લોકના સ્વામી. ૩૨ લાખ વિમાન. ૨૮ લાખ વિમાનના સ્વામી ઊભા હોય. ભગવાનની વાણી ઈચ્છા વિના નીકળે છે. ઈચ્છા વિના ૐ ધ્વનિ ઉઠે છે. એ ધ્વનિમાં આ આવ્યું છે. ઈન્દ્રો સાંભળે છે. જુઓ! યાદ આવ્યું ભાઈ એ. લોક.. છે ને? પંચાસ્તિકાયમાં. આ તત્ત્વો ધર્માસ્તિ આદિ છે એ કોને સંભળાવ્યા ભગવાને? લોકના સ્વભાવના સાંભળનારને ભગવાને સંભળાવ્યા. પંચાસ્તિકાયમાં છે. લોકસહાવ સુણંતાણં. જેણે લોકનો સ્વભાવ... ભાષા તો એ છે. સ્વભાવ... સ્વભાવ. એવો જે સાંભળવાના શ્રોતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતા એ ભગવાનની વાણીમાં એ આવ્યું છે. ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં એ આવ્યું છે. મહાવિદેહ ક્ષેત્રમાં પણ શ્રોતાઓને ભગવાનની વાણી સંભળાવે છે કે આ વસ્તુ આમ છે. સમજાણું કાંઈ?

**'અધર્મ જ્ઞાન નથી, કારણ કે અધર્મ અચેતન છે;...'** તેમાંથી ક્યાં જ્ઞાનની અવસ્થા આવે? **'માટે જ્ઞાનને અને અધર્મને વ્યતિરેક છે.'** લ્યો! એટલું થયું. હવે અડધો કલાક એમાં થયો. ઓલું જરી આઘું-પાછું છ-છ એમાં ગયો. હવે કાળ આવ્યો કાળ. કાળ એટલે ઓલા છ આરા એ કાળ નહિ. છ આરા એ કાળ નહિ. એ તો કાળ એને નામ આપ્યું કે આ એક ઘડી, બે ઘડી. પણ કાળ નામનો પદાર્થ છે એક. જ્યારે કાળ નામ છે, શબ્દ છે તો એનો એક વાચ્ય પદાર્થ હોવો જોઈએ. કાળ વાચક છે. તો નામ જેનું હોય એનો વાચ્ય પદાર્થ હોય. એવી કોઈ ચીજ ન હોય કે નામ હોય અને એનું વાચ્ય ન હોય. વાચ્ય ન હોય તો નામ ક્યાંથી આવ્યું? સિંહ નામ છે તો સિંહ નામનું વાચ્ય છે. સમજાય છે કાંઈ?

વાંજણીનો દીકરો છે ને નામ. વાંજણીનો દીકરો બે એક શબ્દ નથી. એ તો આખું વાક્ય થઈ ગયું. સમજાણું? વાંજણી તો હોય, દીકરો તો હોય. સમજાણું કાંઈ? એક શબ્દ જે હોય એનું વાચ્ય હોય જ તે. સસલાના શીંગડા કહે છે લ્યો. સસલાના શીંગડા છે ને નામ? સસલા અને શીંગડા બે થઈ ગયા. એ શબ્દ થઈ ગયો. એક ન રહ્યું. એ તો આખું વાક્ય થઈ ગયું. સસલું છે અને શીંગડું છે જગતમાં. સસલાને ભલે શીંગડું નથી પણ શીંગડું અને સસલું જગતમાં છે.

એમ નામ કાળ શબ્દ પડ્યો અને કાળ પદાર્થ ન હોય એમ બની શકે નહિ એમ કહે છે. આ કાળ નહિ. ઘડી, બે ઘડી, ત્રણ ઘડી એ નહિ હોં. એ તો કાળની ગણતરીના નામ છે એ તો. પણ વસ્તુ એક કાળ છે. આખા ચૌદ બ્રહ્માંડની અંદર એક એક આકાશ પ્રદેશે એક એક કાળાણું છે. એક એક કાળાણુ છે. સમજાણું? ધર્માસ્તિ, અધર્માસ્તિ તિરછી ગતિ કરનારાઓ ... એટલે આખું દ્રવ્ય છે એ. અહીં તો પરિણમનમાં એટલામાં એ થોડા પરમાણુમાં જીવ છે. એટલે એટલામાં આખું દ્રવ્ય જો ન હોય તો એને પરિણમનમાં નિમિત્ત થઈ શકે નહિ. એટલે અસંખ્યપ્રદેશી ચૌદ રાજૂલોક છે એમાં એક એક પ્રદેશમાં એક કાળાણું નામનો પદાર્થ છે કે જે અરૂપી છે, અનંત ગુણ છે, અનંત ધર્મ છે. ગુણ છે, દ્રવ્ય છે અને એની પર્યાય પણ પરિણમે છે. પરિણમે છે. એ કાળ નામનો પદાર્થ જગતમાં અસંખ્ય છે. જેટલા ચૌદ બ્રહ્માંડ છે આકાશના પ્રદેશો એટલી કાળ વસ્તુ છે. સમજાણું કાંઈ?

અનંત કાળ નહિ. એ તો કાળનો વ્યવહાર બોલ છે. વસ્તુ છે એ તો અસંખ્ય કાળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. એ કાળ ખ્યાલમાં આવ્યો તો કહે છે કે કાળ તો અચેતન છે. જ્ઞાનની પર્યાયમાં ખ્યાલ આવ્યો તો એ પર્યાયનો કાળ જ એવો છે. પર્યાયનો કાળ જ એવો છે લ્યો! ઓલાનો કાળ ખ્યાલ આવ્યો તો પર્યાયનો કાળ જ એવો છે કે એ પર્યાયનું જ્ઞાન એમ થયું. કાળને લઈને નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આવું ભારે ઝીણું ભાઈ!

'**કાળ જ્ઞાન નથી,...**' લ્યો! શું કહે છે? જુઓ! કાળદ્રવ્ય છે એ જ્ઞાન નથી, એ જ્ઞાન નથી. એ તો અચેતન વસ્તુ છે. છ આરા જે કહેવાય છે ચડતા-ઉતરતા એ તો વ્યવહારકાળ, એના ઉપચારિક ગણતરીનો કાળ છે. આ તો વસ્તુકાળ છે. '**કાળ જ્ઞાન નથી, કારણ કે કાળ અચેતન છે;...**' સમજાય છે? ત્યારે કોઈ એમ પ્રશ્ન કરે. ભાઈએ પ્રશ્ન કર્યોને કે કાળ નથી બહાર. બહાર પદાર્થ છે આકાશ. પણ એ આકાશ છે એ બદલે તો છે, પલટે તો (છે). વસ્તુ હોય એ પલટ્યા વિના રહે નહિ. એકરૂપ રહે તો એનું કાર્ય શું? અને કાર્ય વિના આ ચીજ છે, આ કાર્ય અને આ એનું કારણ એ ખ્યાલમાં આવે નહિ. એટલે આકાશ નામનો પદાર્થ છે અરૂપી અંત વિનાનો એનું બદલવું તો થાય છે, પણ કાળ ત્યાં નથી. ત્યારે કહે કાળ નથી ને બદલવું (થાય છે)? કે આખું આકાશ છે ને અખંડ? આ ને આ બધું અખંડ આકાશ છે. એટલે કાળ અહીં છે એટલે એને નિમિત્ત કહેવામાં આવે છે. અખંડ છે એટલે.

દાખલો આપ્યો શાસ્ત્રમાં ચાકનો. કુંભારનો ચાક ચાલે છે ને? એને ખીલી હેઠે એક આ ઠેકાણે છે. આખી ખીલી હોય એવડી? ચાક જેવડી ખીલી હોય હેઠે? આખું ચક્કર. એમ આકાશ અહીંયાંનું અને ત્યાંનું થઈને એક આખું આકાશ છે. એમાં અહીં કાળદ્રવ્ય એને નિમિત્ત છે. એ ચાકની પેઠે. આખું આકાશ પરિણમે છે. પોતાનું દ્રવ્યપણું રાખી અને પર્યાયપણે આકાશ પણ પરિણમે છે. આ તે કાંઈ પરની માંડી આ તે કાંઈ? પરની નથી. એવડું આકાશ જે કાળ છે એને જે પરિણમનમાં નિમિત્ત છે, એવા કાળ પદાર્થને જાણવાની પર્યાયની તારી તાકાત છે. આહાહા..! એક સમયની જ્ઞાનની અવસ્થા છ દ્રવ્યને જાણવાની જેટલી એ પર્યાય એવડી છે. એવડી પર્યાય છ દ્રવ્યને ન માને તો એક પર્યાયને એણે માની નથી. આત્મા ત્રિકાળી છે એને તો માન્યો નથી પણ એક સમયની પર્યાયને પણ માની નથી. સમજાણું કાંઈ? ઘરમાં પણ જેટલા માણસો હોય એનો ખ્યાલ હોય કે નહિ એને? શાક લેવા જાવું હોય તો એ પ્રમાણે જાતો હશે ને લઈને. દસ જણા છીએ ઘરમાં.

મુમુક્ષુ :- .. આટલા મહેમાન આવવાના છે.

ઉત્તર :- એનો ખ્યાલ રાખે કે આવવાના છે તો એટલું રાખજો. એને ખ્યાલ બધો હોય છે. ખ્યાલમાં બધું .. એમ લોકની અંદર જે દ્રવ્યો છે એ આખો સમાજ પડ્યો છે

એનો જ્ઞાનની પર્યાયમાં ખ્યાલ છે જ્ઞાનીને. સમજાણું કાંઈ? આખો સમાજ અનંત દ્રવ્ય પર્યાય છે. એનો હું જાણનારો હું એક સમયની અવસ્થામાં છું. મારા તરીકે માન્યા વિના, એના તરીકે એને રાખીને, મારાપણે હું રહીને મારી જ્ઞાન પર્યાયમાં એને જાણનારો છું. આરે.. આરે..! ભારે વાતું ભાઈ! ભગવાનજીભાઈ! આહાહા..! હવે આમાં બંગલા-બંગલા ફૂ થઈ જાય ને ચાલ્યા જાય. એ તો આવશે પછી. મડદાને ઉપાડશે. ઓલો તો વયો ગયો છે પહેલા. એ તો ત્યાં ભવ થઈ ગયો એનો તો. હજી તો આમ કરતા હોય. નાડ હાથ આવતી નથી ભાઈ! ગમે તેમ થયું. ગમે તે શું, ગયો અહીંથી. પલ્સ, શું કહે છે તમારે? પલ્સ-પલ્સ હાથ નથી આવતા. આમ આમ કરતા કરતા. ભાઈ! કાંઈ હાથ નથી આવતી. ઉપડી ગયા ભાઈ. આ જુઓને પ્રેમચંદભાઈનું એક સેકન્ડમાત્ર, પ્રેમચંદભાઈને એક સેકન્ડ. આમ જોતા હતા એની કાકી ત્યારે જીવતા હતા. આમ જોયું ત્યાં મરી ગયા. એના કાકી કહેતા હતા આ શું થયું? એમ કહેતા હતા ઈ. બોલતા હતા કે હું આમ જોતી હતી તો આમ બેઠા હતા, સૂતા હતા. ... આમ જ્યાં જોયું તો ખલાસ. શું થયું આ? હવે કાંઈ? કે હવે શું? કાંઈ ઉપચાર? પણ છે નહિ ને ઉપચાર શેનો? હવે ઓલો ગયોને અંદરથી. આહાહા..!

એક સમય દેહની સ્થિતિ અને આત્માને એકપણું દેખાય છે. એક સમયમાં પલટી ગયું ફડાક દઈને. આ સમય છૂટ્યો અને બીજે સમયે ત્યાં ભવ. અહીંનો ભવ, અહીંનો છૂટ્યો વ્યય થયો, બીજા સમયે ભવ. બીજે ભવે હોં! પછી એ ભવમાં શરીર પણ જાય ત્રણ સમય, ચાર સમય. પણ રસ્તામાં તો બીજા ભવનું આયુષ્ય તરત ઉદય થઈ જાય. બીજા ભવનું આયુષ્ય તો અહીંથી ગયો એટલે પહેલે સમયે ઉદય થઈ જાય. જે ભવનું અહીં બાંધ્યું આયુષ્ય હોય, અહીંથી નીકળે એનું આયુષ્ય શરૂ થઈ જાય. રસ્તામાં ત્યાં ગયો છે એ ભવનું આયુષ્ય છે. એટલે રસ્તામાં ત્રણ સમય જાય એ ભવના જ જાય છે. અહીંના નથી. અહીં તો ખલાસ થઈ ગયું. સમજાણું કાંઈ? ઓહોહો..! આવા દીર્ઘ કાળમાં રહેનારો, દીર્ઘ પર્યાયો આવી છે એવો જે નિર્ણય કરે એને તો ત્રિકાળી દ્રવ્યનો નિર્ણય થવો જોઈએ. સમજાણું? આ ત્રિકાળીના નિર્ણય માટે આ બતાવે છે, હોં! આહાહા..!

'**કાળ અચેતન છે; માટે જ્ઞાનને અને કાળને વ્યતિરેક છે.**' એ તો ઓલા બનારસીદાસમાં આવે છે. ઘડી મારો... દામોદરભાઈ બહુ બોલતા. દામોદર લાખાણી. એ એક આવે છે બનારસીદાસમાં. ઘડી મારી પહોર મારો આ દિ મારો આ દિ મારો.. આવે છે ને? એવું આવે છે. બનારસીદાસમાં આવે છે. ક્યાંક આવે છે. ક્યે ઠેકાણે (યાદ નથી). આ ઘડી મારો, આ દિ મારો. પણ એ ઘડી ક્યાં તારી હતી? દિવસ ક્યાં તારો હતો? દિવસ દિવસનો છે. ભાઈ! આ અમારા દિવસ છે હમણાં. એમ નથી કહેતા? ધૂળમાંય નથી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તારો દી, હવે સાંભળને. તારો દી તો તારી પર્યાયમાં રહ્યો-કાળ. તારી પર્યાય તારો દી અને કાળ કહેવાય. વસ્તુ ત્રિકાળી કહેવાય, એનું અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર કહેવાય, એમાં જે શક્તિઓ જે સ્વભાવ છે તેને ગુણ કહેવાય. એની વર્તમાન હાલત તેનો સ્વકાળ કહેવાય. સમજાણું કાંઈ? એ સ્વકાળની અંદરમાં વર્તમાનમાં તારો કાળ છે. ઘડી, બે ઘડી, પહોર ને દી તો એનો છે-પરનો. કાળનો ઉપચાર છે એ તો.

ખરો કાળ તો દ્રવ્ય પડ્યું છે એ જગતના પદાર્થોને પરિણમવામાં નિમિત્ત છે. પણ એ પરિણમાવતું નથી. એ દ્રવ્ય પરિણમાવતું નથી. અને પરિણમ્યા વિનાનું કોઈ દ્રવ્ય રહેતું નથી. પણ એ કાળ હું નહિ. કાળ સંબંધીનો ખ્યાલ આવ્યો છતાં તે જ્ઞાનનો પર્યાય કાળનો નહિ અને કાળને લઈને નહિ અને એ જ્ઞાનની પર્યાયનો અંશ છે તેમાં મારી પરિણતિનો પર્યાય છે. પરનો નથી.

હવે આકાશ. '**આકાશ જ્ઞાન નથી,...**' લ્યો હવે આવ્યું આકાશ. અપાર. સમજાણું? આકાશ અપાર.. અપાર.. આહાહા..! એ જ્ઞાન નથી. ખ્યાલમાં આવે કે આકાશ અહીંથી સર્વવ્યાપક છે. અરૂપી છે ને? એના પ્રદેશો એમ ને એમ ને એમ ચાલ્યા જાય છે અરૂપીના. છેક.. છેક.. છેક.. અનંત. ઉપર આમ જુઓ તો અનંત ચાલ્યા જાય. નીચે જુઓ તો અનંત ચાલ્યા જાય. આમ જાવ તો અનંત. અનંત શ્રેણી કીધી છે એને. સમજાણું? કાગળની થપ્પી હોય ને જેમ આમ. પત્રિકાની આમ થપ્પી. પછી એમાં લીટા હોય ને જેમ સાથે.. સાથે.. સાથે.. એમાં આખા આકાશની થપ્પી છે લોક અને અલોકની આખી એક. એમાં એના અંશે અંશ જે આ પ્રદેશ છે એમ ને એમ ને એમ એના પ્રદેશો ચાલ્યા ગયા. અનંત અનંત શ્રેણી. અનંત શ્રેણી આમ. ઝીણી વાત છે. એવું આકાશ ક્ષેત્ર છે અને એમાં રહેલા જીવો તે ક્ષેત્રી છે. એ રહેલા કહેવાય એ વ્યવહાર છે. રહ્યા છે સૌ સૌમાં. સમજાણું કાંઈ?

હવે આ જડમાં રહ્યો છું. આ કહે, મારા મકાનમાં, હું મેડી ઉપર રહ્યો છું. જેમાં ૫૦ વર્ષ રહ્યા હોય ને એ ઘર વેંચવું પડે નિર્ધન થાય ત્યારે. આંસુ ચાલ્યા જાય. પણ એ ઘર ક્યાં તારું હતું અને આ ઘર ક્યાં તારું છે? હવે આ ઘરમાંથી જ્યારે નીકળવું પડે. ઓલામાંથી વેચવું પડે. ગરીબ થઈ જાય તો વેચવું પડે ને અને કાં ઓલું આવે માથે. કોર્ટનું શું કહેવાય? જપ્તી. એકદમ જપ્તી આવે. તાળા બંધ કરો. હાય.. હાય.. એલા આ પણ અમારું બધું હવે! અમે તપાસીએ (છીએ), ક્યાં પૈસા-બૈસા આવે. ક્યાંય નથી. હાય.. હાય..! હવે એમાં શરીર પાછું આવું. રજકણનો પિંડ મોટો આવો. ચાલો જપ્તી આવી કાળની, (સ્થિતિ) પૂરી થઈ ગઈ. ભાઈસા'બ આમાંથી નીકળવું એને (કઠણ પડે છે). બાપુ! પણ એ શરીર એનું, પર્યાય તારે જાણવામાં છે, એ શરીર તારું નથી અને એને લઈને જ્ઞાન નથી. એમ આકાશમાં રહ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છતાં આકાશ તારું ક્ષેત્ર નથી, તારું ક્ષેત્ર તારામાં છે. સમજાણું કાંઈ? આહાહા..!

કેટલો આકાશ? આવડો આકાશ પર્યાયમાં જણાય. અમાપ છે, એમ ને એમ ક્ષેત્ર.. ક્ષેત્ર... ક્ષેત્ર... ક્ષેત્ર... ક્ષેત્ર.. ક્યાંય નથી એમ નથી. શું છે આ તે કોઈ ચીજ? નાસ્તિકોને પણ એકવાર તો વિચાર કરવો પડે. ભલે એ દ્રવ્ય ન માને આકાશ. પણ એમ ને એમ ને એમ. શું છે આ તે! ક્યાંય છેડો? ના. ના. ચાલ્યું જાય છે. પણ ચાલ્યું જાય છે ક્યાં સુધી? ક્યાંય આમ પછી આમ ક્યાંય (છેડો ખરો?) ક્યાંય આમ બધું જઈને પછી આમ... એ પણ જઈને (પછી) ક્યાં? આહાહા..! એ જગતના ક્ષેત્રની પણ અચિંત્યતા કુદરતના સ્વભાવની છે. જગતના પદાર્થનો-ક્ષેત્રનો પણ કોઈ અચિંત્ય સ્વભાવ છે. એવો ભગવાન એનો જાણનાર, એનો જાણનાર, એના જ્ઞાનનો અચિંત્ય સ્વભાવ છે. સમજાણું કાંઈ? મહાન પ્રભુ મોટો છે ભગવાન ચિદાનંદ પ્રભુ. એ આકાશને પણ એક સમયમાં જાણે. છતાં જાણવામાં આવ્યું માટે આકાશનો અંત આવી ગયો? અનંત છે, અનંત છે તેમ જ્ઞાનમાં આવ્યું. સમજાણું કાંઈ?

કોઈ વળી એમ કહે કે ખ્યાલમાં આવ્યું ને? એટલે અંત આવી ગયો કે નહિ? કેવળજ્ઞાનીએ જાણ્યું કે નહિ ક્ષેત્રને? અને અહીં ષટ્કોણીય એનો એક એક પ્રદેશનો આકાર છે તો છેલ્લા પ્રદેશો હશે એમાં આ આકાશ એમ જાણ્યો કે નહિ? પણ છેલ્લા ક્યા લેવા? પછી શું? આહાહા..! કોઈ જગતની સ્વભાવની રચના જ કોઈ અલૌકિક ક્ષેત્રની એવી છે. તો એનો જાણનાર ભગવાન આત્મા એ ચૈતન્યના સ્વભાવ ને જ્ઞાનના આનંદને શું કહેવું? સમજાણું કાંઈ? એની એને વિસ્મયતા નથી આવતી. બહારની બધી આવી જાય. ઓહોહો..! સુંદર ખીલ્યો છે ને આ ફલાણું છે ને આ ઢીંકણું છે ને.

ભગવાન તો કહે છે કે તું એવડો છો ભાઈ! એવડો જે આકાશ છે એમ તારા ખ્યાલમાં આવ્યું, પણ એ અચેતન આકાશને લઈને પર્યાયમાં ખ્યાલ નથી આવ્યો. કારણ કે અચેતન પદાર્થમાં જ્ઞાન નહોતું. જ્ઞાન તો તારામાં છે. તારી પર્યાયમાં તે કાળે તે ખ્યાલ આવ્યો એ તારી પર્યાયનું જ પરિણમન છે. સમજાણું કાંઈ? આકાશને લઈને નહિ. આહાહા..! આકાશ આકાશરૂપે રહ્યું છે, જ્ઞાનની પર્યાયપણે થયું નથી. જ્ઞાનની પર્યાય તેને જાણવાપણે થઈ છે, એ આકાશપણે થઈ નથી. આહા..! એવો જ્યારે એક સમયનો પર્યાય પણ જ્યારે પરને એ જ રીતે જાણતા એ રૂપે થયો નથી, તો આખા ત્રિકાળને જાણતાં જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ હું છું તો એક સમયની પર્યાય પણ ત્રિકાળ દ્રવ્યરૂપ થઈ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. એ ઔપચારિક કાળ. ગણતરીનો કાળ. એ તો કહ્યું નહિ? ગણતરી. એક, બે, ત્રણ, ચાર એમ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- કાળ...

ઉત્તર :- નહિ નહિ. કાળ અનંત નહિ એમ કાળ એટલે ગણતરીનો કાળ અનંત છે એમ. વસ્તુ છે એની પર્યાય કહેવાય. કાળ વસ્તુ છે અસંખ્યાત લોકપ્રમાણ. તેની પર્યાયો જે અવસ્થાઓ છે અનંત. પણ એ તો દરેકની અવસ્થા અનંત જ હોય ને. દરેકની અનંત હોય. પદાર્થ છે એ કાયમ રહેનારો અને કાયમ રહે એટલે એની અવસ્થા થયા કરે. અવસ્થાઓ અનંત જ હોય. આદિ ને અંત વિનાની એટલી અવસ્થાઓ. કાળ આ એક, બે, ત્રણ અનંત કાળ એમ જે ગણે છે એ નહિ. એ તો એનો ઔપચારિક પર્યાયના કાળની ગણતરી છે. સમજાણું કાંઈ? એ તો એમ જ છે ને. ભાષા તો એમ જ આવે છે ને જુઓને. સંસાર અનાદિ, કર્મ અનાદિ, કાળ અનાદિ.

મુમુક્ષુ :- બ્રહ્માંડ વ્યાપી છે, અલોક વ્યાપી નથી.

ઉત્તર :- નથી. એ જુદો છે. અનંત છે, એ તો અનંત છે. એટલામાં રહે છે કાળ. દ્રવ્ય હોં. વસ્તુ એક એક પ્રદેશમાં રહે છે. ઓલો જે ગણતરીનો કાળ છે એ અહીં એટલામાં રહે છે. ત્યાં ક્યાં એ તો ગણધરો છે ને જાણનારા.

આકાશ છે એ અમાપ છે. એ ઘર તારું નથી. છતાં તે આકાશના ઘરનું આકાશ અમાપ અમાપ આકાશ. એટલો ખ્યાલ જે જ્ઞાનમાં આવે તે પણ તારી એક સમયની દશામાં ખ્યાલ આવે છે. એ અચેતનને લઈને નહિ, એની હયાતીને લઈને નહિ. તારી પોતાની જ્ઞાનની પર્યાયની હયાતીને લઈને તે જાણવામાં આવે છે. માટે જ્ઞાનની પર્યાય અને ક્ષેત્ર આકાશ બે ભિન્ન છે. એમ ભિન્ન ભાન કરતાં એક સમયનો આવડો પર્યાય, આ તો સમજાવે છે તો ભિન્ન ભિન્ન સમજાવે છે ને? બાકી છ દ્રવ્યનું એક સમયમાં જ્ઞાન છે. પણ ભિન્ન ભિન્ન કાળે ખ્યાલ આવતા એ પર્યાય પરિણમે છે એટલે એમ કહેવામાં આવ્યું છે. એક સમયમાં આમ છ એક સમયમાં જાણે છે. સમજાણું કાંઈ? છતાં એ જ્ઞાનનો એક અંશ છે. એ પ્રવાહ કોનો છે? જ્ઞાનગુણનો. ગુણ છે ત્રિકાળી એનો પ્રવાહ છે. એ ગુણ કોને આધારે છે? દ્રવ્યને આધારે, વસ્તુને આધારે. એ વસ્તુ ઉપર દૃષ્ટિ જતાં આત્માની પ્રતીતિ નિર્વિકલ્પ અનુભવ થાય તેને સમ્યગ્દર્શન અને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? **'આકાશ અચેતન છે; માટે જ્ઞાનને અને આકાશને વ્યતિરેક છે.'** જુદાઈ છે.

હવે આવ્યું અધ્યવસાન. **'અધ્યવસાન જ્ઞાન નથી,...'** એ અધ્યવસાન શું છે? કર્મ જડ છે તેનો ઉદયભાવ. સમજાણું? કર્મ જે જડ છે ને એક વસ્તુ કર્મ? એનો ઉદય પ્રવૃતિ ઉદય આવે છે. પરમાણુ રજકણ છે એનો ઉદય આવે છે. જુઓ! **'અધ્યવસાન જ્ઞાન નથી, કારણ કે અધ્યવસાન અચેતન છે; માટે જ્ઞાનને અને (કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ)...'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ. ઓલા અધ્યવસાય પરિણામ ન લેવા. પહેલા પરિણામ લેતાં, ભાઈ! પહેલા પરિણામ લેતા ને? પછી પંડિતજી.. લખાણ પણ આમ છે ને. પછી ઓલું બતાવશે. ...

જ્ઞાનનો પર્યાય.. શું કહે છે? કે ઉદય જે આવો છે એને શાસ્ત્રથી ખ્યાલમાં આવે છે કે આ સમયે આ કર્મનો ઉદય આવો હોય એને. ચોથે ગુણસ્થાને કર્મનો ઉદય આવો હોય. એ ઉદયની પર્યાય જડની છે. એને અને એનો જાણનાર જે જ્ઞાનની પર્યાય છે એ ભિન્ન છે. જાણનાર પર્યાય અને ઉદયની પર્યાય બે ભિન્ન છે. સમજાણું કાંઈ? '**અધ્યવસાન જ્ઞાન નથી,...**' એટલે કે કર્મનો ઉદય એ જડતા, ઉદયની જડતા, કર્મ એક વસ્તુ છે, કર્મ રજકણો છે. રજકણની અવસ્થા, જેમ આ રજકણની અવસ્થા છે ને આ? અત્યારે આ રજકણની અવસ્થા છે ને? પછી રાખની અવસ્થા થશે, પહેલા લોટની હતી, એના પહેલા ઘઉંની હતી. ભિન્ન ભિન્ન. રજકણો કાયમ રહીને એની અવસ્થાઓ બદલે છે. વસ્તુ મૂળ હોય એ જાય નહિ અને અવસ્થા બદલ્યા વિના રહે નહિ. એટલે આ જેમ અવસ્થા છે એમ કર્મના રજકણો છે એનો ઉદય આવવું એ પણ એક એની અવસ્થા છે. એને અધ્યવસાન કીધો છે. સમજાણું કાંઈ? જુઓ! ભાષા છે ને?

'**(કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ) અધ્યવસાન...**' એમ ભાષા લીધી છે ને? કર્મનો ઉદય જે જડ છે. જુઓ! એટલું તો કબલ્યું છે કે કર્મ છે. એ તો પહેલું આવી ગયું છે. કર્મ તે જ્ઞાન નથી અને જ્ઞાન તે કર્મ નથી. એ તો પહેલું આવી ગયું. હવે કર્મનો ઉદય વર્તે છે અંદર કે જેના લક્ષમાં અહીં રાગ-દ્વેષ થાય. ઉદયમાં લક્ષ જતાં સ્વભાવનું લક્ષ છૂટીને એના લક્ષે જતાં (રાગ-દ્વેષ થાય છે). એ ઉદય જે જડ છે એ અચેતન છે. કર્મનો ઉદય જે છે એ પર્યાય જડની છે. કારણ કે પરમાણુઓ એ છે. અજીવતત્ત્વ છે કર્મ. આ સ્થૂળ છે એની આ પર્યાય. એની સૂક્ષ્મ પર્યાય છે. સૂક્ષ્મ રજકણો છે એની સૂક્ષ્મ અવસ્થા છે. સમજાણું કાંઈ?

જુઓ! આ મેસુબ થાય એનો લોટ ઝીણો હોય છે અને જે મગજ થાય એનો હોય ચણાનો લોટ પણ બેના લોટમાં ફેર હોય છે. મેસુબ થાય એનો લોટ ઝીણો હોય છે અને મગજ થાય એનો લોટ કરકરો હોય છે. લાપસીના બે પ્રકાર. એક લાપસી આપણે જે સાધારણ કરીએ છીએ એનો લોટ ઝીણો હોય છે. ઝીણા લોટની થાય. અને ઓરમું જે થાય છે એ ફાડાનું થાય. એમ આ સ્થૂળ રજકણની પર્યાય છે અને ઓલા રજકણ કર્મ છે સૂક્ષ્મ રજકણની પર્યાય છે. સમજાણું કાંઈ? પણ છે અજીવ. જેમ ચણાનો લોટ પાતળો, ઝીણો તો પણ છે ચણાનો જડ. ચણાનો. અને મોટો ફાડા મગજ થાય. છે એ ચણાનો. એમ આ સ્થૂળ અવસ્થા છે એ પણ જડની અને સૂક્ષ્મ કર્મની અવસ્થા છે એ પણ જડની.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ એ અચેતન છે બેય. સમજાણું કાંઈ? હવે આ કર્મનો ઉદય ને આ ને કોણ સમજે? આમાં ક્યાં માથા ફોડશે? એ કરતા જો આમ ભક્તિ-બક્તિથી થઈ જતું હોય તો (કરી નાખીએ). ન્યાલભાઈ કહે છે. ભક્તો તારો ક્યાં (હતો)? ભક્તિ એ રાગ છે. વસ્તુ સમજ્યા વિના ભક્તિ તો ક્યાંથી થતી હતી? ભક્તિ તો નિજ સ્વરૂપની ભક્તિનું ભજન તેને ભક્તિ કહે છે. ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ એક સમયની અવસ્થા જેટલો નહિ, એવી અવસ્થાનો પ્રવાહ જેમાંથી આવે એ પૂર્ણ છે એમાં એકાગ્ર થાવું તેને ભક્તિ અને ભજન કહે છે. એ ભક્તિ અને ભજન તે મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? મુક્તિ એટલે આનંદનું કારણ છે. બાકી બધું દુઃખનું કારણ છે. એ તો સવારે બહુ આવ્યું હતું.

'**અધ્યવસાન જ્ઞાન નથી, કારણ કે અધ્યવસાન અચેતન છે;...**' જડ છે, કર્મનો ઉદય છે, પરમાણુઓની એક વિકારી અવસ્થા છે. અધ્યવસાન. આત્માના પરિણામ નહિ આ. જે અધ્યવસાય એકત્વબુદ્ધિ છે જડ સાથે એવા અધ્યવસાય પરિણામ છે એ તો મિથ્યાત્વના પરિણામ છે. એ આ નહિ. સમજાણું કાંઈ? '**અધ્યવસાન જ્ઞાન નથી, કારણ કે અધ્યવસાન અચેતન છે; માટે જ્ઞાનને અને (કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ) અધ્યવસાનને વ્યતિરેક છે. આમ આ રીતે...**' આમ આ રીતે એટલે આમ આ રીતે જે કીધું તે રીતે '**જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક...**' ભગવાન આત્માની પર્યાયનો, જ્ઞાનની દશાનો '**અન્ય સમસ્ત પરદ્રવ્યો સાથે...**' જોયું! સમસ્ત પરદ્રવ્યો. સમજાણું કાંઈ?

જેટલા બીજા જીવો છે, જેટલા પરમાણુઓ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ છે એ બધાથી '**જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક...**' જુદાઈ '**નિશ્ચયસાધિત દેખવો...**' નિશ્ચયપણે, યથાર્થપણે ભિન્ન દેખવો. સમજાણું કાંઈ? છ દ્રવ્યના નામ પણ ન આવડતા હોય. છ દ્રવ્ય જગતની ચીજ. એના ઘરમાં રમકડાં કેટલા એ બધી એને ખબર હોય. રમકડા લાવે છોકરા માટે એની ખબર હોય, નળિયા કેટલા એની ખબર હોય. અને આ કેટલા ઈંચના લોઢાના સરિયા લાવ્યા એ ખબર હોય. આ બારીના આટલા ઈંચના, ઢીંકણા ઈંચના. બધી વાતનો મારો ડાહ્યો. સમજાણું કાંઈ? દુનિયામાં કેટલા દ્રવ્ય અને શું છે? ભગવાન જાણે. ભાઈ! આપણું એ ઘર ક્યાં છે. આપણે તો નાના ઘરનું આટલું જોઈએ. આટલા ગાદલા છે ને આટલા ગોદડા છે ને આટલા ટ્રંક છે અને આટલા કપાટ છે. એકેય તારા નથી અને તું એમાં નથી. એમ આ છ દ્રવ્યનું આખું ઘર લોકાલોક એ તારું નથી અને તું એમાં નથી. એનો જાણનાર તું છો એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- ભિન્ન. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાધવો. નિશ્ચયપણે ભિન્ન છે એમ નક્કી કરવું. એમ.

‘**સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક...**’ જુઓ! સિદ્ધ છે ને? ‘**નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).**’ એમ. પરથી ભિન્ન છે તેમ યથાર્થ તેને સમજવું. પર અને આત્મા બે એક છે નહિ.

‘**હવે, જીવ જ એક જ્ઞાન છે,...**’ એવા ભેદ લેશે....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પોષ વદ ૧૪, રવિવાર તા. ૨૮-૧-૧૯૬૮**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન-૪૭૦**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. બીજો પેરેગ્રાફ. પહેલો પેરેગ્રાફ થઈ ગયો. પરદ્રવ્યથી ભિન્ન આત્માનું જ્ઞાન સ્વરૂપ છે એમ અત્યાર સુધી સિદ્ધ કર્યું. ભગવાન આત્મા શ્રુત જે શબ્દો છે તે પણ જ્ઞાન નથી, શબ્દ જ્ઞાન નથી, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જ્ઞાન નથી. એમ ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ પદાર્થ છે એ પણ જ્ઞાન નથી. એ બધા અચેતન છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એને હવે સિદ્ધ કરે છે. પરથી જુદો અને સ્વથી એક. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને.

‘**હવે જીવ જ એક જ્ઞાન છે,...**’ જીવ જ એક જ્ઞાન છે. જાણવું એ જીવસ્વરૂપ જ છે. બીજો પેરેગ્રાફ. ‘**જીવ જ એક જ્ઞાન છે,...**’ એમ. જીવ જ એક જ્ઞાન છે. જીવ જ એક જ્ઞાન છે. જીવ સિવાય બીજો કોઈ જ્ઞાન છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આ જીવ જે છે, આ જ્ઞાન છે ને જ્ઞાન છે? એ જીવ એક જ જ્ઞાન છે. એમ. એ સિવાય બીજો કોઈ પદાર્થ છે એમ નહિ. જીવ જ એક જ જ્ઞાન છે. અંતર અનુભવ કરવો હોય આત્માનો તો કાં જ્ઞાન તે જીવ. એમ. અને જીવ તે જ્ઞાન. રાગ, પુણ્ય, પાપ વિકલ્પ છે એ કાંઈ આત્મા નથી. તેમ શરીર, વાણી, શબ્દ એ આત્મા નથી. જેને આત્માનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવું છે એટલે કે ધર્મ પ્રગટ કરવો છે એને તો જીવ જ એક જ્ઞાન છે. સમજાણું કાંઈ?

‘**કારણ કે જીવ ચેતન છે;...**’ ત્યાં અચેતનની વ્યાખ્યા હતી. ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ અચેતન છે. આ ચેતન સ્વરૂપ છે. અહીં જીવ જ જ્ઞાન છે. એ તો જ્ઞાન શબ્દે આત્મા જ અહીં લેવો છે. સમજાણું? એક ગુણ ભિન્ન પાડીને નહિ, જ્ઞાન એટલે જ આત્મા, આત્મા એટલે જ જ્ઞાન. આખી ચીજ જ આત્મા એ છે. સમજાય છે કાંઈ? ‘**જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ ચેતન છે;...**’ જીવ ચેતે છે, ચેતે છે, ચેતે છે. જાણે છે, દેખે છે, જાણે. જાણે-દેખે છે એ અસ્તિત્વ જ જીવ છે, એમ. જાણે-દેખે છે, જેનામાં જાણવું થાય છે, જાણવું થાય છે એ જાણવાની હયાતી એ જીવ જ છે. સમજાણું કાંઈ?

‘**માટે જ્ઞાનને અને જીવને જ અવ્યતિરેક (અભિન્નતા) છે.**’ એટલે એમ કહે કે આ જ્ઞાન જાણે છે તે જીવ એટલે કાંઈ બે જુદા હશે? આ જ્ઞાન જાણે, જાણે તે જીવ. જાણવાના હોવાવાળું તે જીવ. તો એમ બે જુદા હશે? એ તો જાણવાનું ભિન્ન પડીને સમજાવ્યું છે. એ જાણવું, જે જાણવાનું હોવાપણું એ જીવ એ અભિન્ન છે. ગુણ-ગુણી અભિન્ન છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જુદા નથી. જેમ શરીર, વાણી જુદા છે. ખરેખર પુણ્ય ને પાપના વિકલ્પો રાગ પણ જુદા છે. એમ જ્ઞાન અને આત્મા બે જુદા નથી. એ તો વસ્તુથી સમજાવે છે. સમજાય છે કાંઈ?

**'વળી જ્ઞાનનો જીવની સાથે વ્યતિરેક જરાપણ શંકનીય નથી...'** શું કહે છે? કે અંદર આમ જાણે છે, જાણે છે એ જીવ. એમાં આ જાણે છે એ જીવ એ બે કોઈ ભિન્ન હશે? ના, જરીએ અશંકા ન કરવી. જાણનાર, જાણવું-જાણવું એ જીવ છે. સમજાણું કાંઈ? એનો પત્તો જીવનો મેળવવો હોય તો આ જાણે છે... જાણે છે... જાણે છે... એ જીવ. એની પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. સમજાણું કાંઈ?

જીવ અને જ્ઞાનની અભિન્નતા છે. આમ લાગે કે જાણે જાણે છે, આ જાણે છે અને વસ્તુ કાંઈક બીજી જોઈ? જાણે છે એ કોઈ તત્ત્વ જુદું હશે અને આ જાણે છે જુદું? એ જાણે છે એ જીવ. સમજાણું કાંઈ? એ જાણે છે એ જણાય છે, જેમાં જણાય છે, જેમાં જણાય છે, જેના સત્તાના હોવાપણામાં જણાય છે, એ જણાય છે અને જીવ બે અભિન્ન છે. સમજાય છે કાંઈ? જ્ઞાનનો જીવની સાથે જાણવાના સ્વભાવનો સ્વભાવભાવનો ભાવવાન સાથે. એનો ભાવ છે જાણવું... જાણવું... જાણવું એ ભાવ છે. એ બેહદ શક્તિ છે. એમ પ્રગટ પર્યાયમાં જે જ્ઞાન છે એ જ્ઞાન આ.. આ.. આ.. જ્ઞાન તે જીવ, એ જ્ઞાન અને જીવની જુદાઈ (હોય એવી) શંકા ન કરવી. સમજાણું કાંઈ? જાણવું અહીં રહેતું હોય અને જીવ ક્યાંક બીજે રહેતો હોય. જીવ ક્યાંક બીજે રહેતો હોય અને જાણવું બીજે રહેતું હોય એમ નથી. એમ કહીને શું કહે છે? કહે છે ને ભાઈ, આ આત્મા બધે વ્યાપક છે આમ. જુઓ! અહીં જ્ઞાન છે ને. જેટલામાં જ્ઞાન છે ત્યાં જ એ આત્મા છે. એ ત્યાં જ આત્મા છે. આત્મા કાંઈ બહાર નથી. પોતાના ક્ષેત્રથી, પોતાના ભાવથી બહાર જુદો છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાન ત્યાં જાય ત્યારે દેખાય ને?

ઉત્તર :- ક્યાં જાય? દેખે? જાય ક્યાં? અહીં દેખે છે. જાય ક્યાં ને આવે ક્યાં? જાણે છે, જાણે છે, એવું જે સત્ત્વ જે છે, ભાવ જે છે એ ભાવવાન એ જીવની ચીજ છે. એ જીવ અને જાણવું બે અભિન્ન જ છે. સમજાણું કાંઈ? આ તો આત્મા જેને જાણવો હોય અને જન્મ-મરણ ટાળવા હોય એની વાત છે.

મુમુક્ષુ :- બીજાને નહિ.

ઉત્તર :- બીજાને શું છે? કાંઈ પડી જ નથી. લહેર કરે છે. કહ્યું નહોતું? આજીવિકાની ચિંતા ન હોય, પરભવની ચિંતા ન હોય. એટલે થઈ રહ્યું. બેય ચિંતા ન મળે એટલે લહેર કરે દુઃખમાં. ખાવા, પીવાનું સાધન હોય, શરીર કાંઈક ઠીક હોય, બાયડી-છોકરા ઠીક હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને પૈસા પાંચ-પચ્ચીસ લાખ હોય, હજીરો હોય. હજીરો એટલે મકાન રહેવાનું. ગુલાબભાઈ! ઊંચા-ઊંચા બસ એમ. એટલી હજીરાની વ્યાખ્યા ઈ. ઊંચા-ઊંચા મોટા જુઓને આમ ત્રણ-ત્રણ, ચાર-ચાર, પાંચ-પાંચ. હવે ૨૨ માળના. ૨૨ માળથી પણ વધી ગયું કહે છે મુંબઈમાં. એમાં શું છે? એની જેને ચિંતા ન હોય, સાધન હોય. હવે અહીંથી ક્યાં જાવું છે અને હું કેટલો કાળ ક્યાં રહેવાનો છું? હું કેટલો કાળ કઈ રીતે રહ્યો અને રહેવાનો છું? એવી જેને ચિંતા ન હોય એ તો... એ તો શું? મોહનભાઈ! ખાઈ-પીને માને છે લહેર માને છે. છે તો દુઃખી. ધૂળમાંય લહેર નથી. સમજાય છે કાંઈ?

તો એમ કહે છે કે અમે આત્માને અચેતન ચીજથી ભિન્ન પહેલો બતાવ્યો. હવે એ ભિન્ન પાછો જ્ઞાન તે આ જીવ છે એમ બેમાં ભિન્ન બતાવ્યું પણ એ બે ભિન્ન નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? જેની હયાતીમાં જણાય છે, જણાય છે. હોવાપણામાં જણાય છે. આંખ બંધ કરો તો પણ જાણવાનું કામ જેની સત્તામાં થાય છે, જાણવાપણું જે છે તે જીવ છે. એ જાણવું અને જીવની એકતા છે, અભિન્નતા છે, જુદા નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

જાણવું એટલામાં રહે અને જીવ વળી બધે વ્યાપક થઈ જાય એમ નથી. તેમ જ્ઞાન વ્યાપક થઈ જાય અને જીવ એટલામાં રહે એમ નથી. કારણ કે જ્યારે તેને એકાગ્ર થવું હોય છે ત્યારે આમ એકાગ્ર જેટલામાં છે જ્ઞાનમાં ત્યાં એકાગ્ર થાય છે આમ. એને એકાગ્ર થવા માટે ક્ષેત્ર જો એનું લાંબુ હોય બહારમાં, તો આમ કરે ત્યારે એકાગ્ર થાય. સમજાણું કાંઈ? શશીભાઈ! આ કહે છે ને વેદાંત? જ્ઞાન સર્વવ્યાપક છે, વિજ્ઞાન સર્વવ્યાપક છે. સર્વવ્યાપક હોય તો આમ એકાગ્ર તો અહીં કરવું પડે છે એટલામાં. આમ કરે તો .. આમ કરે.. આમ લાંબુ કરે તો થાતું નથી. જેટલા ક્ષેત્રમાં જ્ઞાન છે તે જ પોતે જીવ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનને અને જીવને જ અવ્યતિરેક (-અભિન્નતા) છે.**' એક જ વસ્તુ છે. એ તો એને સમજાવવાની શૈલીથી વાત કરી છે. કેમ કે પરથી જ્યારે ભિન્ન બતાવ્યો ત્યારે સ્વથી જ્ઞાનથી અભિન્ન છે એમ બતાવવું છે. પરથી ભિન્ન કહ્યો ત્યારે જ્ઞાનથી અભિન્ન છે એમ બતાવવું છે. '**વળી જ્ઞાનનો...**' એટલે જાણવાના ભાવનો, જાણે છે એવું હોવાવાળું છે ને? હોવાવાળામાં જણાય છે ને? જણાય છે એ અસ્તિત્વ છે કે નહિ? જણાય છે અસ્તિત્વ એટલે હયાતી છે ને? એ હયાતીનું જે જ્ઞાન તે '**જીવની સાથે...**' જુદાઈ નથી. એ જીવની સાથે જ એકમેક છે. બીજો પેરેગ્રાફ. ઝીણી વાત છે આ. એમ શબ્દો છે સાધારણ એમ નથી.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તું ક્યાં છો? જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં જીવ છે. સમજાય છે કાંઈ? તું કેટલો છો? કે જેટલામાં આમ એકાગ્ર થાય છે તેટલામાં તું છો. સમજાય છે કાંઈ? આ તો જડ છે માટી. આમાં એકાગ્ર થાય આમાં? અહીં તો કહ્યું કે આ તો અચેતન છે. શરીર તો અચેતન છે. સમજાય છે? વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આવી ગયું ને બધું? શરીરમાં આ શું ભર્યું છે? શરીર તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું છે. એમાં જે જાણકભાવ છે, જાણવાનો જે ભાવ છે. છે ને? જાણવાનો ભાવ છે, છે. એ જાણવાનો ભાવ તે જીવ છે. જાણવાના ભાવથી, ભાવવાન જીવ અવ્યતિરેક છે. વ્યતિરેક નામ જુદા નથી. તેથી જાણવાનો ભાવ અને જીવ બે જુદા છે એમ શંકા ન કરવી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? એમાં આનંદ છે એમ કહે છે. જ્ઞાન તે આત્મા એમ જ્યાં અંતર નક્કી કરે ત્યાં એને આનંદ તે આત્મા એમ થઈ જાય અને આનંદનો અનુભવ થઈ જાય એમ કહે છે. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ જ્ઞાનની જીવથી ભિન્નતા...**' એટલે એમ જરાય શંકા કરવી નહિ. એટલે શું કરવા ઈ કહે છે? '**વ્યતિરેક જરા પણ શંકનીય નથી...**' એટલે? કે આ જાણવાનો ભાવ જેટલામાં જણાય છે, તેટલામાં જીવ હશે? કે જાણવાના ભાવથી જીવનું ક્ષેત્ર જુદું કે કોઈ વસ્તુ જુદી એમ હશે? સમજાણું કાંઈ? જાણવાનો ભાવ બસ એ જીવ. સાકર એટલે શું? મીઠાશ તે સાકર. પણ એ મીઠાશ અને સાકર બે જુદી ચીજ નથી કાંઈ. મીઠાશ, ગળી, ગળી, ગળી ગળ્યો મીઠો ભાવ, મીઠો ભાવ તે સાકર. એમ કીધું પણ તેથી કરીને મીઠો ભાવ અને સાકર બે જુદા નથી. એક તાદાત્મ્ય છે. સમજાય છે આમાં?

એમ જ્ઞાન તે આત્મા એમ કહેતાં જ્ઞાન અને આત્મા બે ભિન્ન નથી. ફક્ત એને સમજાવવા માટે આમ સમજણ... સમજણ... સમજણ... સમજણ.. જે સમજે છે જેનામાં, જેનામાં આંખ મીંચી હોય, ઈન્દ્રિયો બંધ હોય, છતાં જે ખ્યાલમાં આવે છે કે આ ભૂતમાં આમ હતું, ફલાણામાં આમ હતું એ જેનામાં ખ્યાલમાં આવે છે એ ખ્યાલ તે સત્ત્વ ચૈતન્ય છે. એ ચૈતન્ય તે જીવથી ભિન્ન નથી. તે જ આત્મા છે. સમજાણું કાંઈ?

'**કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે.**' હવે આમ લઈ લીધું, અભેદ લઈ લીધું. '**કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે.**' એ જીવ આત્મા... પહેલું એમ કીધું હતું કે '**જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ ચેતન છે; માટે જ્ઞાનને અને જીવને જ અવ્યતિરેક છે.**' પછી પોતે કહે છે '**જીવ પોતે જ જ્ઞાન છે.**' જીવસ્વરૂપ જ જ્ઞાન છે. જીવનું સ્વરૂપ જ જ્ઞાન છે. જીવ એટલે આત્મા કહો કે જીવ કહો. પાછો વળી આત્મા જુદો અને જીવ જુદો એમ નથી. જીવ એ પોતે જ જ્ઞાન છે, પોતે જ જ્ઞાન છે. એ જીવ જ્ઞાન જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જેની હયાતીમાં બહુ વિસ્તારપણે જણાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એ જીવ પોતે જ્ઞાન છે, એ જીવ પોતે જ્ઞાન છે.

'**આ પ્રમાણે (જ્ઞાન જીવથી અભિન્ન) હોવાથી,...**' હવે સરવાળો લે છે, જુઓ! સાર. '**આ પ્રમાણે (જ્ઞાન જીવથી અભિન્ન) હોવાથી, જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે,...**' જુઓ! આ શું કરવા લીધું છે? કોઈ વળી સમ્યગ્દર્શન એટલે ઓલા વિકલ્પને અને રાગને સમ્યગ્દર્શન માને, વ્યવહારને સમ્યગ્દર્શન કહે એ સમ્યગ્દર્શન નહિ, ભાઈ!

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા...

ઉત્તર :- એ સમ્યગ્દર્શન નહિ એમ સિદ્ધ કરવું છે અહીં. આહાહા..! દેવ ને ગુરુ ને શાસ્ત્ર શ્રદ્ધામાં આવે એ તો એક વિકલ્પ રાગ છે. એ વિકલ્પ પોતે જ્ઞાન નથી અને વિકલ્પ પોતે આત્મા નથી. આહાહા..! કહો, વલ્લભદાસભાઈ!

એના જ્ઞાનમાં ઘણા પદાર્થો ઘણું ક્ષેત્ર અને ઘણાં ભાવો જેની સત્તામાં હોવામાં જણાય છે, છતાં તેનો તોલ નથી. છે તોલ? દસ હજાર પુસ્તકો ખ્યાલમાં આવ્યા અંદર. ખ્યાલને તોલ છે? ખ્યાલમાં તોલ છે કે ભાઈ એક પુસ્તક જાણ્યું હતું ત્યારે થોડું હતું અને દસ હજાર જાણ્યા ત્યારે ઘણો તોલ થઈ ગયો અંદર. છે? એ એમ સિદ્ધ કરે છે કે એ અરૂપી ચીજ છે અને અરૂપીમાં એ જ્ઞાન સ્વરૂપ છે અને જ્ઞાન સ્વરૂપને જાણવું, ગમે તેટલું જાણે છતાં તેના જ્ઞાનભાવમાં તોલ આવતો નથી અને તે જ્ઞાનભાવ ભૂતકાળ, વર્તમાન, ભવિષ્ય એને જાણતાં ભૂતકાળની ૫૦ વર્ષની, ૧૦૦ વર્ષની વાત યાદ કરતા એને એક સેકન્ડ લાગે છે. સમજાય છે? એટલે ૫૦ વર્ષનું બધું જ્ઞાન અહીંયાં છે. એને એક સેકન્ડમાં યાદ કરે છે. એ કાળને ગળી ગયું છે. કાળ આટલા કાળે આમ જણાય એમ નથી. આ બીજા ક્ષેત્રમાં જાઉં તો જણાય એમ નથી. સમજાય છે? બીજાનું અવલંબન લઉં તો જણાય એવું નથી. એ તો જાણવાના સ્વભાવમાં આટલું બધું જાણવાની તાકાતથી જાણી રહ્યું છે. આહાહા..! ... કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

લોજિકથી થાય છે ને. ન્યાયથી તો થાય ને. ન્યાયથી થાય એને ખ્યાલ બુદ્ધિગમ્ય ન આવે તો આત્મા શું છે એનો ખ્યાલ શી રીતે બેસે? એમ ને એમ માને એ કાંઈ વસ્તુ કહેવાય? એના ખ્યાલમાં ન્યાયથી, લોજિકથી, યુક્તિથી સત્તા કેવી હોય એમ ખ્યાલ આવવો જોઈએને? એ વિના જાણ્યા વિનાની પ્રતીતિ શી? ભરોસો કરો. શેનો પણ કરવો? સમજાણું કાંઈ?

કહે છે કે '**જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે,...**' શું કહે છે જુઓ. ભગવાન આત્મા પોતે જ્ઞાન સ્વરૂપ છે ને? એવો જે ભગવાન પોતે, એની અંતર દૃષ્ટિ થતાં જે સમ્યક્ પ્રતીત થઈ, જેની સાથે સમ્યક્ આનંદ પણ આવ્યો, સમ્યક્ શાંતિ પણ આવી, જેટલા ગુણો છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ... અહીં તો જાણવાની મુખ્યતાથી વાત કરી છે, પણ જાણવાના સ્વભાવની સાથે અવિનાભાવ અનંત ગુણ છે. જાણવું, માનવું, ઠરવું, વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા, એકતા, અનેકતા એવી એવી શક્તિઓ જાણવાની સાથે વણાયેલી એટલે રહેલી છે. સમજાય છે કાંઈ? એટલે જણાણું, જાણવું-જાણવું એ જાણનાર એ આત્મા, એમ આત્માની અંતર દૃષ્ટિ થતાં એને સમ્યગ્દર્શન જે થયું, એ કહે છે કે એ સમ્યગ્દર્શન '**જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે,...**' સમ્યગ્દર્શનની જે શ્રદ્ધા પર્યાયમાં આવી તે જ્ઞાન જ છે. કોઈ રાગ ને પુણ્ય ને વિકલ્પ છે એ કાંઈ સમ્યગ્દર્શન નથી. જુઓને! અહીં તો આવી વાત કરે છે. ઓલા વ્યવહાર સમકિતને... એય..! ક્યાંથી કાઢે છે આ બધા તમારા? પંડિતો કહેવાય ને સામે?

જ્ઞાન આત્મા છે, જ્ઞાન આત્મા છે એની સાથે અનંત ગુણો જ્ઞાન સાથે હોય. કારણ કે જ્ઞાન છે તો છે એ પણ એક શક્તિ છે ને એમાં પાછી? જ્ઞાન છે. તો છે એવી શક્તિ છે-અસ્તિત્વ શક્તિ. એને એ જ્ઞાન છે, એ જ્ઞાનમાં જણાય છે. જ્ઞાન જ્ઞાનને જાણે તો એવી એક પ્રમેયત્વ શક્તિ પણ છે, એ વસ્તુત્વ શક્તિ છે, દ્રવ્યત્વ શક્તિ છે. કારણ કે જ્ઞાન પોતે છે એ દ્રવે છે એટલે અનેક પ્રકારની અવસ્થારૂપે થાય છે. એટલે જ્ઞાનમાં દ્રવ્યત્વ શક્તિ છે, અગરુલઘુ શક્તિ વગેરે શક્તિઓને સિદ્ધ કરવા. ઝીણી વાત છે. એ આપણે થોડી... થોડી.. હમણાં કર્યુંને એમાં આવ્યું છે. આત્મવૈભવ આવ્યું છે ને પુસ્તક? કહો, સમજાય છે કાંઈ? જાણવું છે, આ જાણે છે તો જાણે છે. છે પણ એવી એક શક્તિ થઈ. જાણવું એ પણ શક્તિ થઈ. જાણવું, જાણીને આ જ્ઞાન છે એવી અંદર પ્રમેયત્વ પ્રમેયત્વ નામની શક્તિ છે. તો જ્ઞાન પ્રમાણ કરીને પ્રમેયત્વને જાણે છે કે આવું આખું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળો સાંભળો. અત્યારે બહુ બોલવાનું નહિ. કહો, સમજાણું કાંઈ?

શું કીધું? '**જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે.**' પ્રવાહ આવે એ સાંભળો. પ્રશ્નમાં ગડબડ થઈ જાય. શું કહે છે? આહાહા..! આ વસ્તુ છે, વસ્તુ છે એ જ્ઞાન છે. આ તો ઓલા બોલ જોયા હતા, ભાઈ! પ્રવચનસારના નહિ? સામાન્યના. એમાં વસ્તુત્વ ગુણ નથી આવ્યો. ૯૪-૯૫મી ગાથામાં. અસ્તિત્વ, નાસ્તિત્વ. છ બોલનું આવે છે. છ ગુણ આવે છે ને છોકરાઓ? સામાન્ય છ ગુણ આવડે છે કે નહિ?

મુમુક્ષુ :- અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ.

ઉત્તર :- હા, ઈ. આજે એની પરીક્ષા છે. એટલે હોંશમાં છે. ધર્મની પરીક્ષા છે. પ્રવચનસારમાં. હમણા વ્યાખ્યાન પછી. સ્લેટ લઈને આવ્યા છે. કાગળ-બાગળ લઈને. ખબર છે ને. કહો, સમજાણું આમાં? છ સામાન્ય ગુણ છે અને એ સિવાય આમાં વધારે નાખ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે પણ એમાં વસ્તુત્વ ને એવું નથી આવ્યું. એમ બીજા સામાન્ય ગુણ તો બીજી રીતે લીધા છે ને. ચૈતન્યને સામાન્ય લીધું છે. ઘણામાં છે ને એમ કરીને. એટલે એ મૂળ ઓલા સામાન્ય... એ જુદી વાત છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એ વસ્તુ છે પોતે. પોતાનું જ્ઞાન કાર્ય કરે છે એ વસ્તુત્વ છે, પોતે જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞાન આ જ્ઞાન છે એમ જ્ઞાનમાં જાણે છે ને? જ્ઞાન પ્રમાણ પણ છે અને જ્ઞાન પોતે પ્રમેયમાં પ્રમેય નામની શક્તિ સાથે પ્રમાણ છે. એટલે જ્ઞાન આ આત્મા એમ પ્રમેય કરીને જાણે છે. એટલે જાણનારને પોતે જણાવાયોગ્ય એવો ગુણ છે માટે જાણે છે. સમજાણું કાંઈ? રવિવાર. રવિવારે આવવાના છે સાંજે. કહો, સમજાણું આમાં?

કહે છે... જુઓ! આ સાર આવ્યો અહીંયાં. ભાઈ! આ જાણવું છે, જાણવું છે, જાણવું છે. જાણવું છે એ ચીજ છે. એમ જ્યારે અંતર પ્રતીત, શ્રદ્ધા થઈ એટલે એ શ્રદ્ધા થઈ એ જ્ઞાન જ છે. એ જ્ઞાનની જ પ્રતીત છે, જ્ઞાનની જ અવસ્થા છે. જ્ઞાન જે ત્રિકાળ આ જ્ઞાન તે આત્મા એમ અંતર દૃષ્ટિ કરતાં જે શ્રદ્ધા થઈ એ જ્ઞાન જ પોતે પરિણમીને આ પર્યાયમાં પ્રતીતરૂપ થઈ એ જ્ઞાન જ છે. એમાં કોઈ રાગ ને દયા, દાન ને વિકલ્પ કોઈ સમકિતમાં આવતા નથી. સમજાણું કાંઈ? આ પ્રગટ કરવાનું છે અને એ પ્રગટ કરે તો એને શાંતિ અને ધર્મ થાય, બાકી ધર્મ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ બધું ભણીને અને જાણીને કરવાનું આ છે. કહો, વલ્લભદાસભાઈ!

પોતે જેવો જેમ છે, પોતે જેવો જેમ છે, તેમ તેને જ્ઞાન દ્વારા અંદર આત્માને પ્રતીત કરી અને નિર્વિકલ્પ દૃષ્ટિ થવી, એ નિર્વિકલ્પ શ્રદ્ધા એ જ્ઞાનની જ અવસ્થા છે કહે છે. એ રાગની અવસ્થા નથી. એમ કહે છે. એ જ્ઞાનની જ અવસ્થા છે, આત્માની જ અવસ્થા છે, આત્માની જ્ઞાનસ્વરૂપ આત્માની, જ્ઞાનસ્વરૂપ આત્મા એ આત્માની જ અવસ્થાની પ્રતીત છે. એ કોઈ પ્રતીત કોઈ રાગ ને પુણ્ય ને વિકલ્પ ને પર એ છે નહિ. એમ કહે છે. સમ્યગ્દર્શન શું ચીજ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ પહેલો ધર્મ.

ભગવાન આત્મા જ્ઞાનાદિ અનંત ગુણનો અવિનાભાવી એટલે જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદ છે, આનંદ છે ત્યાં જ્ઞાન છે, જ્ઞાન છે ત્યાં શ્રદ્ધા છે, શ્રદ્ધા છે ત્યાં... શક્તિ હોં! એવું અનંત શક્તિવાળું જ્ઞાનમાં.. કારણ કે બીજા ગુણો છે, પણ બીજા ગુણોની હયાતી છે, પણ બીજા ગુણોની હયાતી એ ગુણ પોતે પોતાને નથી જાણતો. સમજાય છે કાંઈ? એક શ્રદ્ધા નામની શક્તિ છે આત્મામાં. પણ એ શ્રદ્ધા પોતે નથી જાણતી કે હું શ્રદ્ધા છું.

આત્મા.. આમ જ્ઞાન તે આત્મા એમ કીધું. કેમ? કે જ્ઞાન સાથે શ્રદ્ધા છે, શાંતિ એટલે ચારિત્ર છે, વીર્ય એટલે બળ છે. એ બીજા ગુણો છે ખરા. પણ છે એ એનું અસ્તિત્વ

છે. પણ બીજો ગુણ જે છે એ પોતે છે એવું જાણતો નથી, તેમ બીજો ગુણ, બીજો ગુણ કોણ છે એને જાણતું નથી. એથી અહીં જ્ઞાન એવી ચીજ છે કે કોઈપણ જ્ઞાનમાં એ વાત આવે. આ શ્રદ્ધા એ જ્ઞાનમાં આવે, શાંતિ એ જ્ઞાનમાં આવે, આનંદ જ્ઞાનમાં આવે. એટલે જ્ઞાનમાં આવે ત્યારે જ્ઞાન બધાની વાત કરે વિકલ્પથી કે વાણી દ્વારા. સમજાય છે કાંઈ?

જ્ઞાન આત્મા છે. એની સાથે બીજા ગુણો છે, પણ જ્ઞાનમાં જ એવો એ સ્વપરપ્રકાશક સ્વભાવ છે કે પોતે પોતાને જાણે અને પોતે જોડે હોય એને જાણે અને પોતે પોતાથી જુદાં હોય એને પણ જાણે. સમજાય છે કાંઈ? અને બીજા ગુણો છે અંદર આનંદ છે લ્યો! પણ આનંદ છે એનું જ્ઞાન આનંદને નથી. આનંદ હયાતીવાળી ચીજ છે. પણ આ આનંદ છે એવું જ્ઞાન આનંદને નથી. એ જ્ઞાનમાં જણાય છે, જ્ઞાન જાણે છે કે આ આનંદ છે. સમજાણું કાંઈ?

આવે છે ને તેથી? જ્ઞાન અને દર્શન તે જીવ છે અને બીજા તે અજીવ છે એમ પણ આવે છે. ભગવાન આત્મા આમ જાણે છે, દેખે છે. એ જાણવું-દેખવું એ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. જાણવું એ પણ સ્વ અને પરને જાણે. પરના બે પ્રકાર. જાણનાર જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન બીજા ગુણને જાણે એ પણ પર છે. પોતાની શક્તિથી ભિન્ન શક્તિને જાણે એ પણ પર છે. પોતાને જાણે અને આને જાણે અને એ સિવાય ભિન્ન ચીજ છે કે આ દેહ છે, આ શરીર છે, એને જાણે. એવી શક્તિ એક જ્ઞાનમાં જ છે અને કાં દર્શન-ઉપયોગમાં છે. સમજાણું કાંઈ? અને દર્શનથી અભેદ શક્તિ કરતાં અભેદમાં સામાન્યપણે સ્વપરપ્રકાશક છે. આમાં તો વિશેષ ભેદ પાડીને સ્વપરપ્રકાશક છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ!

લ્યો, ઓલા કહે ને ભાઈ! જ્ઞાન છે એ પરને જાણે, સ્વને ન જાણે. આવે ને ભાઈ? મોટી મોટી ચર્ચા ચાલે છે ને? એને બધી ખબર છે ને મુંબઈમાં રહે છે એટલે. ધવલમાં આવે ને? જયધવલમાં. અહીં કહે છે કે પણ જ્ઞાન તે આત્મા છે અને જ્ઞાન તે આત્મા જાણે ત્યારે જ્ઞાન આત્મા જાણે છે. જ્ઞાન આત્માને જાણે છે અને જ્ઞાન આત્મામાં જણાય છે. સમજાય છે કાંઈ? જ્ઞાન આત્માને જાણે છે, જ્ઞાન પરને જ જાણે અને પોતાને ન જાણે તો એ જ્ઞાન શેનું રહ્યું? સમજાય છે કાંઈ? કારણ કે જ્ઞાન બાહ્યને જાણે, તો અભ્યંતર ચૈતન્યને ન જાણે? જેનું છે એને જ ન જાણે. ચાલે છે ને તમારે મોટી?

મુમુક્ષુ :- બંધ થઈ ગયું.

ઉત્તર :- બંધ થઈ ગયું હવે? ભાઈ! આ તો વસ્તુ છે એને ગંભીરપણે જોવી જોઈએ. આ તો અંદરથી ન્યાયથી જોવી જોઈએ. એમ ને એમ ઉપરથી કાંઈ પકડાય એવી નથી.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહ્યું છે ત્યાં અપેક્ષાથી ગુણ-ભેદની વ્યાખ્યા કરી. પણ અહીં તો તદ્દન કહે છે, જ્ઞાન તે આત્મા જાણે છે. આત્મામાં જ્ઞાન છે. એ જ્ઞાન આત્માને ન જાણે તો જ્ઞાન શેનું? તેથી અહીં કહ્યું કે '**જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે,..**' જુઓ! એ જ્ઞાને આત્મા આ છે એમ પ્રતીત કરી, શ્રદ્ધા નિર્વિકલ્પ થઈ તો એ પર્યાય જ્ઞાનની જ છે, આત્માની જ છે, એ રાગની નહિ, પરની નહિ અને પોતાના સ્વભાવથી ભિન્ન નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન છે એ જ્ઞાન છે અને એનાથી ઊંધી શ્રદ્ધા છે તે મિથ્યાત્વ છે. ત્યારે મિથ્યાત્વ એટલે કે જેવું સ્વરૂપ પોતે છે શુદ્ધ જ્ઞાનમય આનંદમય, એને ન પ્રતીત કરતાં રાગ અને પુણ્ય હું છું, શરીર હું છું (એમ માનવું). પોતાનું હોવાપણું જ્યારે ભાસ્યું નહિ એટલે ક્યાંક પોતાના હોવાપણાને પોતા માન્યા વિના રહેશે નહિ. શું કીધું સમજાણું કાંઈ? પોતાનું જે રીતે હોવાપણું છે અને હોય છે એ રીતે જ્યાં ભાસે નહિ એટલે એનામાં હોવાપણાનું ક્યાંક માનવું તો પડશે એણે. આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે હોવાપણે ત્રિકાળ આમ છે એમ તો જાણ્યું નહિ. ત્યારે એને હોવાપણાનું માનવું તો પડશે. આ નહિ. પુણ્ય તે હું, રાગ તે હું, પાપ તે હું, શરીર તે હું, આ તે હું. એવી દૃષ્ટિ તેનું નામ મિથ્યાદર્શન છે. લોજિકથી તો વાત ચાલે છે હોં ન્યાયથી. પણ હવે એણે કોઈ દી દરકાર જ કરી નથી. સમજાણું કાંઈ? આ ક્રિયા કરો ને આ કરો. પણ હવે કરે કોણ? કરવામાં જાણનાર કોણ? જાણનારમાં તાકાત કેટલી? એ કેવડું છે? કેટલા કાળનું છે? એનામાં શક્તિ કેટલા કાળની કેવડી છે? ભગવાન જાણે. ભગવાન તો જાણે જ છે ને. અહીં તો હવે તને સમજવાનું છે. તારે જાણવું છે કે નહિ? તારે હવે કાંઈ કાર્ય કરવું છે કે નહિ? આ ઊંધા કાર્ય કરે છો કહે છે. હોવાપણું અહીં ન માનતા આમ માને છો. સમજાય છે?

દાખલો આપ્યો છે ને એક ઠેકાણે? ભાઈ! ત્યાં જાવ, ત્યાં ફલાણો માણસ બેઠો છે. ત્યાં ન જોવે. બીજો બેઠો હોય. તો ઓલો માને કે અહીં બીજો તો નથી માટે આ હશે. હોય લક્ષ્મણ અને પાનાચંદ. ત્યારે ત્યાં બેઠો છે એમ કહે. હવે ઓલો તો નથી. પાનાચંદ આવો હોય, આવો હોય, એનો રંગ આવો હોય, એની ઊંચાઈ આટલી હોય પણ એ જાણતો નથી. ત્યારે ઓલામાં બેઠો હોય તો ઓલામાં એ ન હોય ને બીજો હોય તો એને માને પાનાચંદ. પણ ઓલો પાનાચંદ છે એ તો અંદર કબાટમાં ઝીણા ઝીણા કાણા હતા ત્યાં બેઠો હતો અંદર. કબાટ હોય છે ને મોટા? ઝીણા ઝીણા (કાણા હોય). કબાટમાં બેઠો હતો અંદર. ઝીણા કાણામાં શ્વાસ લઈને અંદર બેઠો હતો. સમજાણું? એટલે જેને કીધું એને એ દેખાણો નહિ તો આ છે એને માન્યું.

એમ આત્મા જે છે એ રાગ ને પુણ્ય-પાપ વિનાનો અંદર બેઠો છે અંદર. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? પુણ્ય અને પાપ.. ભાઈ! આત્મા તું છો. ઓલાએ એમ કીધું. ત્યારે પછી કાંઈ માનવું તો પડશે ને? એને દેખવામાં શું આવ્યું? ઓલા પુણ્ય અને પાપ, શરીર, વાણી, મન એ દેખવામાં આવે છે. ઓલો દેખનારો અંદર પડ્યો છે જ્ઞાનના કાણા છે અંદર ઝીણા ઝીણા ક્ષયોપશમભાવના, એ ક્ષયોપશમભાવથી જણાય એવો આખો આત્મા છે. સમજાણું કાંઈ? તો ત્યાં માન્યું કે પુણ્ય છું હું, પાપ છું હું, શરીર હું એ માન્યું ત્યાં. આમ ન માન્યું, આમ માન્યું. માનવું તો જોઈશે ને, માન્યા વિના ચાલશે ક્યાંથી?

એનામાં હોવાપણાની શ્રદ્ધાનો એક ગુણ છે. ત્યારે હોવાપણાની શ્રદ્ધાનો ગુણ જ્યારે આમ છે એમ ન જાણ્યું તો આમ તો ક્યાંક માનશે જ. અનાદિથી એમ માન્યું છે. આ રાગ છે એ હું, પુણ્ય છું હું, દેહ છે એ હું. બસ! આ માન્યું છે. એ શ્રદ્ધા મિથ્યા છે, એ દુઃખદાયક છે, ચાર ગતિના દુઃખને ઉત્પન્ન કરનારી શ્રદ્ધા છે. કહો, સમજાણું? અને આ શ્રદ્ધા ચાર ગતિના દુઃખનો નાશ કરનારી છે. કેમ કે જે આત્મા છે એ જ્ઞાન.. જાણવું... જાણવું.. જાણવું એમ અંતરમાં દૃષ્ટિ જતાં જે સમ્યક્શ્રદ્ધા થાય તે અનંત ગુણનું તત્ત્વ જે આત્મા, એની શ્રદ્ધા થઈ. એ શ્રદ્ધાએ આખા આત્માને સ્વીકાર્યો. શ્રદ્ધાએ આત્માને આખાને સ્વીકાર્યો. એટલે શ્રદ્ધામાં અનંત ગુણની શક્તિ જે હતી એ શ્રદ્ધામાં વ્યક્તપણે બધા ગુણોના અંશ આવી ગયા. સમજાણું કાંઈ? એ વળી શું?

વસ્તુ જે છે આત્મા એના અસ્તિત્વમાં અનંત ગુણો છે-શક્તિઓ. હોવાપણું, આનંદ, શાંતિ એટલે ચારિત્ર, શ્રદ્ધા વગેરે.. વગેરે... સ્વચ્છતા, પ્રભુતા, કર્તૃત્વ, કર્મ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન એવી શક્તિઓ છે બધી. એ શક્તિવાળું તત્ત્વ છે એ જ્ઞાનથી જ પકડાય એવું છે. એમ જ્યારે એણે પકડ્યું નહિ, ત્યારે છે એમ તો માનવું જોઈશે એણે. સમજાણું કાંઈ? અનાદિથી એ માન્યું. કાં તો વર્તમાનનો ઉઘાડ છે અંશ, તેટલો હું. વિકાસ છે ને થોડો બહાર? પ્રગટ અંશ તો છે ને? આ જાણવાની શક્તિનો અંશ તો બહાર છે ને? એટલો હું. આખો જે ત્રિકાળ છે અનંત સામાન્ય ગુણ અને અનંત ગુણનો પિંડ એને ન માન્યો. એટલે અંશને માન્યો, રાગને માન્યો, પુણ્યને માન્યો, પાપને માન્યો અને નિમિત્તના સંયોગને આ મારા, આ મારા એમ માન્યા. એ જ મિથ્યાશ્રદ્ધા એને દુઃખદાયક (છે). નરક અને નિગોદના સંયોગ આપનારી શ્રદ્ધા તે છે. સમજાણું કાંઈ?

આ શ્રદ્ધા, જ્ઞાન સમ્યગ્દર્શન. વસ્તુ છે જ્ઞાન જ સમ્યગ્દૃષ્ટિ છે. એમ આવ્યું ને? જુઓ! '**જ્ઞાન જ સમ્યગ્દૃષ્ટિ છે,...**' એમાં તો આ આખું તત્ત્વ છે. '**જ્ઞાન જ સમ્યગ્દૃષ્ટિ છે,...**' એ આત્મા જ્ઞાન અને એ જ્ઞાનની પ્રતીત થતાં એ આત્માની જ દશારૂપે પ્રતીત થઈ એ આત્માની પ્રતીતિ તે આત્મા જ છે, એ જ્ઞાન જ છે, એ આત્મા છે. સમજાણું કાંઈ? અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ આત્માની પ્રતીત થતાં, સમ્યગ્દર્શન થતાં, એમાં ભવ રહ્યો નહિ. કારણ કે ભવ અને ભવનો ભાવ વસ્તુમાં નથી. આહાહા..! .. પણ કોઈ દી અભ્યાસે ચડ્યો નહિ એટલે શું કહે છે એ પકડવું મુશ્કેલ પડે છે.

ભગવાન આત્મા વસ્તુ છે ને? અસ્તિ છે ને અસ્તિ? છે એ જણાય કે ન હોય એ જણાય? સસાલના શીંગડા જણાય? કેમ કે નથી. આકાશના ફૂલ નથી. નથી એ જણાય? જણાય છે ઈ જણાય છે, છે ઈ જણાય છે. જાણવામાં આવે એ છે ઈ જણાય. એમ આત્મામાં જ્ઞાન તે જીવ એમ અંતરમાં નિર્ણય થતાં એ જ્ઞાનનો પર્યાયરૂપે પ્રતીત થઈ એ આત્મા જ છે, એ આત્મા જ સમ્યગ્દર્શન છે, જ્ઞાન જ સમ્યગ્દર્શન છે. રાગ ને પુણ્ય એમાં નથી. એનાથી તો ભિન્ન બતાવ્યો છે. સમજાણું કાંઈ? આ આત્મા સમ્યગ્દર્શન છે. એટલે જ્ઞાન જ સમ્યગ્દર્શન છે. એવી અંતરમાં સ્વભાવનો આશ્રય લઈ આ જ્ઞાન જ આત્મા છે એમ એકાકાર દૃષ્ટિ થઈ તેને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? અહીંથી ધર્મની શરૂઆત થાય છે. એ વિના થોથા બધા છે. ધર્મ એટલે સુખરૂપ દશા. ધર્મ એટલે સુખરૂપ દશા. સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન એ સુખરૂપ દશા છે. મિથ્યાદર્શન એ દુઃખરૂપ દશા છે.

કહે છે, '**જ્ઞાન જ...**' આ તો વળી કથંચિત્ જ્ઞાન તે સમ્યગ્દર્શન અને કથંચિત્ રાગ પણ સમ્યગ્દર્શન, એમ નથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ છે ને? એ પણ કાંઈ સમ્યગ્દર્શન નથી. ભગવાનની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા થાય છે ને? એ તો રાગ છે. એ સમ્યગ્દર્શન છે? ના. એ જીવ જ નથી. એ જીવ જ નથી. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ જાણવાના અંદરમાં અચિંત્ય સ્વભાવ છે. એ જાણવાની શક્તિ પણ અચિંત્ય, અમાપ અને અપરિમિત છે. જેનું જાણવું એમાં કેટલું અનંત ખ્યાલમાં આવે તો પણ જ્ઞાનમાં તોલ વધતો નથી અને તે ગયા કાળને જાણવામાં ૫૦ વર્ષની વાત જાણવામાં એને ૫૦ સેકન્ડ થતી નથી. એ કાળને ગળી જાય એવું છે. એનો અર્થ કે એક સમયમાં એ ત્રણ કાળને જાણવાની તાકાતવાળું એ જ્ઞાન છે. સમજાણું કાંઈ? એવું જે જ્ઞાન તે આત્મા. એટલે આત્મા પણ ત્રણ કાળને જાણવાની તાકાતવાળો છે. સમજાણું કાંઈ? ઓલા કહે, કાંઈ ન જાણવું, અજ્ઞાન થઈ જવું. તો ઈશ્વરની પ્રાપ્તિ થાય. ભારે કાઢ્યું! ભાઈ! પંચમ આરામાં અત્યારના નીકળે છે ... સમજાણું? આહાહા..!

સર્વજ્ઞનો માર્ગ એ વસ્તુ સર્વજ્ઞ શક્તિવાળો પોતે જ છે. અગ્નિ કોને ન બાળે? એમ જાણનાર તત્ત્વ કોને ન જાણે? કેટલાને ન જાણે? કેમ ન જાણે? જાણનાર તો બધાને જાણે. સમજાય છે કાંઈ? એવો જાણનાર તે આત્મા એમ અંતરમાં અનુભવમાં દૃષ્ટિ થતાં એ આત્માની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ પર્યાય છે સમ્યક્ એમ કહે છે. એ જ્ઞાનની જ પર્યાય સમકિત છે. એ રાગની અને વિકારની નથી. કહો, સમજાણું કાંઈ?

'**જ્ઞાન જ સંયમ છે,...**' હવે સંયમ લીધો સંયમ. આ દેહની ક્રિયા આમ આમ થાય. ચાલે જોઈ જોઈને. અંદર રાગ ઉઠે દયા પાળવાનો એ સંયમ હશે? ના, એ સંયમ નહિ. આ શેઠિયા છે ત્યાં વડાળના. બધુ બહુ સાંભળેલું. ભટક્યા છે બહુ. તુલસી પાસે જઈ આવ્યા છે. બધા પાસે જઈ આવ્યા છે. અહીં '**જ્ઞાન જ સંયમ છે,...**' એમ કીધું છે. એટલે શું? કે ભગવાન આત્મા જે જ્ઞાન તે આત્મા એવી પ્રતીત થઈ પછી એમાં ઠરે છે, ઠરે છે. સમ્યક્ પ્રકારે યમ-લીન થાય છે. એ લીનતા એ જ્ઞાનની જ અવસ્થા છે, રાગની નહિ, પુણ્યની નહિ, વિકલ્પની નહિ. એ ઠરવું એ જ્ઞાનની જ દશા છે. એટલે આત્માની જ સ્થિરતાનો ભાવ છે એ. આત્માનો અરાગી સ્થિરતાનો ભાવ છે. એને સંયમ કહીએ. પાંચ મહાવ્રતના વિકલ્પો અને દેહની ક્રિયા આમ જોઈને ચાલે એ સંયમ નહિ. કહો, સમજાણું કાંઈ? અહીં તો થોડી બે રોટલી અને દૂધ, પા શેર દૂધ અને બે પુરી ખાતો હોય તો ભારે સંયમી છે એમ કહે દુનિયા. કાંઈક લૂગડું જાડું પહેરતો હોય, બહુ પાતળા ન પહેરે, સુંવાળા ન પહેરે. મેલા રાખતો હોય. બહુ ભાઈ સંયમી છે. .. સાંભળને હવે. સંયમ ક્યાં રહેતો હોય એ તને ખબર છે? આત્મા તે સંયમ છે એમ કહે છે જુઓ! શું કહે છે?

'**જ્ઞાન જ સંયમ છે,...**' એટલે આત્મા જ સંયમ છે. કહો, વલ્લભદાસભાઈ! ભારે વાંધા. ભગવાન આત્મા આમ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એ.. એ.. આત્મા એમ જે પ્રતીત થઈ, જ્ઞેય કરીને. જ્ઞાનમાં જ્ઞેય કરીને. જ્ઞાનની વર્તમાન દશા હતી એ જે રાગ અને પરને જ્ઞેય કરતી, એ તો પોતાનું જ્ઞેય પોતાના જ્ઞાનમાં આવ્યું નહિ અને પરનું જ્ઞેય કર્યું તો મિથ્યાજ્ઞાન છે એ તો. જે જ્ઞાનની વર્તમાન દશાએ અંદર ત્રિકાળ જ્ઞેય વસ્તુ છે એને જ્ઞેય કર્યું, એમાં જ્ઞાન કરીને ઠર્યો, ઠરે, અંદર ઠરે, લીન થાય, એકાગ્રતા થાય એને જ્ઞાન સંયમ, એટલે એ આત્મા તે સંયમ છે. આત્માની જ્ઞાનની એકાગ્રતારૂપી દશા તે આત્મા એટલે સંયમ છે. સમજાણું કાંઈ? મૂળ ચીજની જ ખબર ન મળે પછી લ્યો સંયમ, લ્યો ચારિત્ર. ક્યાં ગયા દીપચંદજી? સમજાણું? એ નગ્ન સાધુ થવાના હતા. અહીં પાછળ રહે છે. નગ્ન થઈ જાવ, નગ્ન થઈ જાવ સાધુ. શું નાગા તો ઢોર પણ છે નાગા. બે જણા સાધુ થવાના હતા. આ એક અને ઓલા શાંતિભાઈ નહિ? દિલ્હીના. શાંતિભાઈ આવે છે. એને તો બૈરા છે. આ તો પરણ્યા નથી. એને તો બૈરા છે, છોકરો છે. બૈરા છે. દીક્ષા લઈ લેવાના હતા, નગ્ન સાધુ. અહીં સાંભળ્યું. નગ્નપણું એ સાધુ નહિ. સાધુ તો બીજી ચીજ છે. હવે એ નાગા થવાનું,... આત્માને નાગો કરવો અંદર. એ પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ એનો અનુભવ કરી, એમાં ઠરવું

એને સંયમ કહે છે. તારા લૂગડા કાઢીને નાગો થા એમાં સંયમ આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? શાંતિભાઈ આવે છે. વૈરાગી બહુ હોં! અરે..! મરી જાત એમ બિચારા બોલે. બહારના ઢસરડા કરત નાગા થઈને. બ્રહ્મચારી માણસ હોય. બ્રહ્મચર્ય પાળવાનો ભાવ હોય તો એને કાંઈ એવું... બાપુ! બ્રહ્મચર્યનો વિકલ્પ છે એ હજી પુણ્ય છે. બ્રહ્મ નામ આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ છે એમાં બ્રહ્મચર્ય, એમાં ચરવું-રમવું એને બ્રહ્મચર્ય કહે છે. હજી બ્રહ્મને જાણ્યો નહિ ને ચરે ક્યાં એમાં? સમજાય છે? ઘાસ ઉગ્યા નહિ, ચરવા મોકલો ઢોરને. પણ ત્યાં ઘાસ જ નથી. સમજાય છે? આહાહા..!

ઓલા ગ્યા હતા ને? ભાઈ! સણોસરા-સણોસરા. એક ડોસો હતો જૂનો. બધા શેઠિયા ગયા હતા નારણભાઈને. એને ગામમાં ધમાલ... બંધ કરવું હતું. કારણ કે વિરોધ. કાઠી સાથે વિરોધ લોકોને. અમે ન જમીએ કહે. બે ગામ ધુમાડાબંધ કરવાના હતા. એક દીમાં બધાને જમાડવાના હતા. કેટલા હતા? ૭૦૦ ઘર હતા. ન જમ્યા. એક કોળી બિચારો આવ્યો. કહેતા હતા કે આ બધા કાઠી લોકોને અને ગામને વિરોધ છે. એટલે એ શેઠિયાનું ન જમ્યા. અત્યારે દુકાળ બહુ છે દુકાળ. બહારમાં ગાયું જાય પણ ઘાસ ન મળે. ક્યાં ચરે? અરે..! ભગવાન! તારું ભુંડું થાશે હોં કહે. એમ કહેતા હતા. ભગવાન! તારું ભુંડું થાશે ત્યાં ગાયુંને ઘાસ. પણ ત્યાં ઘાસ નથી ને ક્યાં ચરવા જાવું? ઘાસ હોય તો ચરવા જાય. એમ. ભગવાને તો કર્યું નથી ઘાસ.

એમ અહીં કહે છે કે પણ ક્યાં ચરવું? કાંઈક ઊગ્યું હોય તો ચરવું કે ઊગ્યા વિના? રાગને ચરવું છે? પુણ્ય-પાપની ક્રિયા? એ તો જડ વિકાર છે. અંતરાત્મા આનંદકંદની ભૂમિકા જે ચૈતન્ય છે એને પકડીને જે સમ્યગ્દર્શન કર્યું છે, એવી ચીજ જે આનંદ જ્ઞાનમય વસ્તુ છે, એમાં ઠરવું એ જ્ઞાનની દશા, આત્માની દશા, નિર્વિકારી દશા, વીતરાગી દશા એને સંયમ કહેવામાં આવે છે. આહાહા..! પણ જે કર્યું એ ખરું. છોડ્યો એટલો સંયમ તો ખરો કે નહિ? ખાધું એટલું.. શું કહે છે કાંઈક? ન્હાયા એટલું પુણ્ય. ગધેડાના લીંડાના પાણી કરીને ન્હાય તો? હુતાસણીમાં નથી ન્હાતા? હુતાસણીમાં. સાંભળ તો ખરો.

ચિદાનંદ ભગવાન અનંત શાંત અને પૂર્ણાનંદનો નાથ એને રાગ અને પુણ્યના વિકલ્પ રહિત એવા આત્માની જ્યાં પ્રતીત અને જ્ઞાન થયા નથી, તો ક્યાં ઠરવું અને શેમાં ઠરવાથી શાંતિ મળે એની તો ખબર ન મળે. ક્યાં જઈશ તું? રાગમાં રખડશે. ઓલા દયા, દાનના વિકલ્પમાં રખડશે. એ કાંઈ સંયમ નથી. સમજાણું કાંઈ?

'**જ્ઞાન જ સંયમ છે,...**' લ્યો ઠીક! જ્ઞાન સંયમ છે એટલે? એ આત્મા જે જ્ઞાનસ્વરૂપ ચિદ્-આનંદ છે એવું ભાન થઈને પછી એમાં ઠરવું, રમવું. એ શક્તિ આનંદ પૂર્ણ છે એમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એકાગ્ર થતાં શક્તિની વ્યક્તતા પ્રગટ થાય આનંદની, શક્તિની વ્યક્તતા પ્રગટ થાય. સમજાય છે કાંઈ? એને અહીંયાં સંયમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? '**જ્ઞાન જ સંયમ છે,...**' આ એનો અર્થ આટલો. હજી ઘણો છે એમાં હોં! બધું આખું. આ તો બધાનો સરવાળો લીધો છે. સંયમ-સમ્યક્ પ્રકારે અલ્પ અનુભવ થવો. આ ચૈતન્ય દ્રવ્ય શુદ્ધ આનંદ છે એવો અનુભવ સં થયો. પછી યમ. પછી એમાં લીન થવું. સ્વરૂપમાં લીન થવું. રાગ વિનાના વિકલ્પ વિનાની ચીજ નિર્વિકલ્પ વસ્તુ એમાં લીનતા તેને અહીંયાં સંયમ અને ચારિત્ર કહેવામાં આવે છે. અહીં પ્રવજ્યા લેશે બીજી. કહો, સમજાણું કાંઈ?

વસ્તુની જ્યાં ખબર નથી ત્યાં સંયમ આવ્યો ક્યાંથી? બહારના પાંચ મહાવ્રત લઈ લીધા અને આ બાયડી-છોકરા છોડ્યા, જંગલમાં રહે. કહે છે, પણ વસ્તુ જાણ્યા વિના તારા વનવાસ પણ મિથ્યા વૃથા છે ખોટા, એમ કહે છે. આવે છે ને નિયમસારમાં? અનશન આદિ એ બધી વૃથા તારા શરીરના શોષણ છે. આત્મા અંદર રાગ વિનાની ચીજને જાણ્યા વિના, અંતર દૃષ્ટિ અનુભવ આવ્યા વિના એ બધી ક્રિયાઓ થોથા તારા થોથા છે. સમજાણું કાંઈ? '**જ્ઞાન જ સંયમ છે.**'

હવે શું કહે છે? '**જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,...**' એ શું કહે છે? કો'ક એમ કહે કે ભાઈ! અત્યારે જ્ઞાન કેટલું છે? કોઈ કહે કે ૩૨ સૂત્ર જેટલું, કોઈ કહે કે ભગવતી જેટલું, કોઈ કહે બાર અંગ જેટલું. એ તો પાના છે જડ. ત્યાં ક્યાં જ્ઞાન આવ્યું? એ તો અચેતન છે. એ તો પહેલેથી ના પાડી છે. સૂત્ર તે જ્ઞાન નથી એમ પહેલેથી કીધું. પહેલા શબ્દમાં એમ કીધું. સમજાણું? એ સૂત્ર જે લખેલા પાના હોય. ઓલો કહે કે ૪૫ સૂત્ર, ઓલો કહે, ૩૨ સૂત્ર, ઓલો કહે ભાઈ અંગ.. છે અને સમયસાર આદિ શાસ્ત્ર કહેવામાં આવે છે. પણ એ તો બધા અચેતન છે. એ અચેતનને શાસ્ત્ર કેમ કહેવા? એમ કહે છે. વલ્લભદાસભાઈ!

'**જ્ઞાન જ અંગ...**' અગિયાર અંગ કે જે કાંઈ અંદર જ્ઞાનની દશા વિશાળપણે જાણવાની વિકાસ દશા થઈ તેને અંગ કહેવામાં આવે છે. અગિયાર અંગો લખેલા તે અંગ નહિ. એમાં કહેલા ભાવો, આત્માના આશ્રયે થઈને શક્તિમાંથી પ્રગટતાનો જે ભાવ પ્રગટ થયો, અંગનું જ્ઞાન, ભાવઆગમ, ભાવશ્રુત એ જ્ઞાન તે અંગ છે. આત્માનું જ્ઞાન તે અંગ છે. લખેલા અંગ તે અંગ નહિ. સમજાણું કાંઈ?

ઘણા વર્ષ પહેલાં એક પ્રશ્ન થયો હતો. (સંવત) ૧૯૭૯-૮૦માં. અત્યારે કેટલા સૂત્રો હયાતી ધરાવે છે? કેટલા સૂત્રો? એય..! વલ્લભદાસભાઈ! કોઈ કહે ૩૨, એક કહે ૪૫, એક કહે બીજા ૮૪, એક કહે બીજા. મેં કીધું, સમ્યગ્દૃષ્ટિના સમ્યગ્જ્ઞાનની ઉઘાડ દશા જેટલી ઉત્કૃષ્ટ કોઈ હોય એને વર્તતી હોય એટલી હયાતી. બાકી હયાતી નથી. સમજાણું કાંઈ? ભરતક્ષેત્રનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કોઈ સમ્યગ્દષ્ટિ જીવ, એને ઉત્કૃષ્ટપણે જે જ્ઞાન પરિણમ્યું હોય વિકાસરૂપે એટલી હયાતી. બાકી પાના હયાતી માટે જ્ઞાન છે ૩૨ અમારી પાસે સૂત્ર અને ૪૫ સૂત્ર એ ક્યાંથી? પાનામાં ક્યાં જ્ઞાન હતું? કહો, ન્યાલભાઈ! ઓલા કહે, અમારા ૩૨ સૂત્રમાં છે, ઓલો કહે, ૪૫ સૂત્રમાં છે, આ કહે સમયસારમાં છે. સમયસાર તો જડ છે, અચેતન છે. આમાં ક્યાં જ્ઞાન આવ્યું? સમજાણું કાંઈ?

આત્મા ચૈતન્યના પ્રકાશની મૂર્તિ છે. એની અંતર એકાગ્ર થઈને જે ઉકેલ આવ્યો પર્યાયમાં.. સમજાણું કાંઈ? એટલો પ્રકાશ... જેમ ચોસઠ પહોરી તીખાશ છે અંદરમાં એ પ્રગટપણે જેટલી આવી એટલી હયાતી છે. એમ જ્ઞાન તો કેવળજ્ઞાન આખું પરિપૂર્ણ પડ્યું છે. એમાંથી જેટલું અંતર દૃષ્ટિ કરીને સમ્યગ્જ્ઞાનની અવસ્થા વ્યક્તપણે પ્રગટ થઈ છે એટલું જ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? એમાં તકરાર. ઓલો કહે, આને માનીએ, ઓલો કહે, અમે કલ્પસૂત્રને, ઓલો કહે આ છે. હવે બધા છે સાંભળને. જ્ઞાન અહીં છે. ત્યાં નથી. સમજાણું કાંઈ? સમયસાર છે એ ગુરુનું વાક્ય કહેવાય, અમારા શાસ્ત્ર ભગવાનના વાક્ય કહેવાય. વળી એક જણો એમ આવ્યો હતો. ધીરો થા.. ધીરો થા. આત્મા ભવિ-અભવિ છે એનું નક્કી કર્યું છે? એનું નક્કી કર્યા વિના ભગવાનની વાણી આવી એ કોણ નક્કી કરી શકે? સ્વની જ જ્યાં ખબર નથી કે હું અનંત કાળમાં રખડવાનો છું, કોણ છું એનું તો હજી જ્ઞાન નથી. અને પછી આ ભગવાનની વાણી, વીતરાગની વાણી પરખવા નીકળી ગયા. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. જેણે જ્ઞાનસ્વભાવ ભગવાન આત્માને જોયો, જાણ્યો અને અનુભવ્યો અને જે જ્ઞાન પર્યાયમાં પ્રગટ થયું છે જેટલું, એને અંગજ્ઞાન જેટલું ઉઘડ્યું હોય એટલું અંગજ્ઞાન કહેવાય. એને અંગજ્ઞાન કહેવાય. લખેલા પાનાને જ્ઞાન કહેવાતું નથી. સમજાણું કાંઈ? તકરાર, વાંધા બધા. ઓલો કહે ૩૨ માનીએ, ઓલો કહે ૮૪ માનીએ, ઓલો કહે ૪૫ માનીએ. આ કહે કે ભાઈ, અમારે અંગ-બંગ નથી રહ્યા હવે. મુનિઓએ સૂત્રો જે રચ્યા છે એ છે. પણ એ છે એ કહે છે કે જ્ઞાન નથી અહીં કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં શક્તિ પડી છે જ્ઞાનની, એનો ઉકેલ કરતાં અંદરમાં એકાગ્ર થઈને એ આત્મા જ જ્ઞાનરૂપે પરિણમ્યો છે અને જેટલો વિકાસરૂપે થયો છે એટલું એ જ્ઞાન કહેવામાં આવે છે, હયાતી કહેવામાં આવે છે. એ અંગ પણ એક જ્ઞાનની પર્યાય છે કહે છે. અને પૂર્વ-પૂર્વ. પૂર્વ સૂત્ર છે ને પૂર્વ? પૂર્વનું જ્ઞાન બહુ ઘણું મોટું હોય છે. એટલે પૂર્વનું જ્ઞાન ઓલા લખ્યા ચોપડામાં લખાઈને એવું આવે છે ને? મોટો હાથી ઊભા હોય... હાથી મોટો ઊભો હોય એટલી રોશનાઈ ભરો તો પણ કલમે એ પૂર્વનું જ્ઞાન લખાય નહિ. ત્યારે કહે કે પૂર્વનું જ્ઞાન ક્યાં હશે? એની પર્યાયમાં જે વિકાસ પૂર્વનો થયો હોય એનું નામ પૂર્વ જ્ઞાન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ ન હોય ત્યાં પૂર્વ જ્ઞાન વિચ્છેદ છે. સમજાણું કાંઈ?

જેણે આત્માના જ્ઞાનસ્વભાવનો આશ્રય લઈ અને જે પર્યાયનો વિકાસ સ્વથી પ્રગટ થયો છે એટલી જે હયાતી જેટલા પ્રકારનું છે, એ પૂર્વનું પ્રગટ થયું હોય તો તે જ્ઞાન પૂર્વજ્ઞાન, જ્ઞાનને પૂર્વ કહીએ. એ પાનાને પૂર્વ કહેવાતું નથી. પૂર્વને પાના હોય નહિ. અંગના પાના હોય. સમજાણું? ભારે વાત ઉતારી. જ્ઞાન એટલે ભગવાન આત્મા, આત્મા એમ. આત્મા કહો કે જ્ઞાન કહો. એ આત્મા જ પોતે અંગજ્ઞાન છે પર્યાયમાં. અને આત્મા જ પોતે પૂર્વનું જ્ઞાન પ્રગટ થયું તેટલું એ જ્ઞાન પૂર્વનું એને કહેવામાં આવે છે. આત્મા મૂકીને રાગમાં કે પાનામાં જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

‘**જ્ઞાન જ ધર્મ-અધર્મ (અર્થાત્ પુણ્ય-પાપ છે),...**’ શું કહે છે અહીં? વિભાવ એનું પરિણમન છે એટલું બતાવવું છે. પુણ્યના-પાપના ભાવ થાય છે ને? એ આત્મા પોતે ત્યાં અટકીને રખડે છે એટલી એની અવસ્થા છે એટલું જણાવવું છે. સમજાય છે? પુણ્ય-પાપના ભાવપણે થાય છે એ આત્મા થાય છે. રજકણો થાય છે કે શરીર થાય છે એમ નથી એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આ પાછું આવ્યું આઘું. ધર્મ એટલે પુણ્ય, અધર્મ એટલે પાપ હોં! અહીં ધર્મ-અધર્મ એટલે ધર્માસ્તિ-અધર્માસ્તિ નહિ. જેમ ધર્મ-અધર્મ એટલે? કે ધર્મની પર્યાય તે ધર્મ અને અધર્મની પર્યાય અધર્મ એમ નહિ. ધર્મ એટલે પુણ્ય-શુભભાવ, અધર્મ એટલે અશુભભાવ. પણ એ શુભ-અશુભનું પરિણમન જીવની અવસ્થામાં છે. અવસ્થામાં છે. એથી એને જીવ, એ અપેક્ષાએ એને જીવ કહેવામાં આવ્યો. અને જ્ઞાની એને જાણે છે કે મારી નબળાઈમાં આટલો રાગ છે. નબળાઈમાં આટલો રાગ છે એ મારું પરિણમન છે, મારું પરિણમન છે, એ જડનું નહિ. બસ! એટલું કહેવા માટે કહે છે. સમજાણું કાંઈ?

જ્યાં સુધી ધર્મીને અંતર દૃષ્ટિનું જ્ઞાન થયું, સ્થિરતા પણ થઈ પણ જ્યાં સુધી હજી થોડા શુભ-અશુભ ભાવ વર્તે છે એનું એને જ્ઞાન છે અને એ આત્માએ એ રૂપે અવસ્થા ધારી છે એમ કહે છે અત્યારે તો. પણ એના જ્ઞાનમાં એમ છે કે આ પરિણમન આ છે મારું. એટલું. છતાં એનો જ્ઞાતા-દૃષ્ટા છે તે વસ્તુ છે. સમજાય છે? પણ એની અવસ્થામાં થાય માટે એની કહેવામાં આવી છે. આહાહા..!

બીજી રીતે કહીએ તો જે વ્યવહાર છે ને? દેવ-ગુરુ-શાસ્ત્રનો વ્યવહારનો વિકલ્પ, ભાઈ! કે શાસ્ત્રજ્ઞાનનો વિકલ્પ શુભ એ પોતે ત્યાં અટકેલ પરિણમ્યો છે ને એટલું કહેવું છે. એની દશાનો ભાવ છે. સમજાણું કાંઈ? તેથી જ્ઞાની જાણે છે કે મારામાં પરિણમન (છે), આ મારું પરિણમન છે. બસ એટલું. પરિણમનની અવસ્થામાં આટલું છે એ મારું છે. કોઈ વખતે અશુભભાવ પણ ધર્મીને હોય છે. જાણે છે કે આ પણ એક મારા પરિણમનની અવસ્થા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. એ પરિણમનની અવસ્થા કોઈ પરને લઈને કે પરમાં, પરને લઈને કે પરમાં નથી. એટલું જાણવા માટે આ આત્મા છે તે શુભ-અશુભભાવ છે એમ કીધું છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાન જ ધર્મ-અધર્મ છે,...**' પુણ્ય અને પાપના પરિણામ પરમાણુમાં નથી કાંઈ, કર્મના નથી એ કાંઈ, જડના નથી. એનામાં છે એટલું અહીં જ્ઞાન કરાવવા એ વાત કરી છે. સમજાણું? પણ લક્ષ તો એનું આત્માનું આત્મા ઉપર છે. પરિણમનમાં એટલી કચાશ છે એમ જ્ઞાની જાણે છે એટલે પુણ્ય-પાપનું પરિણમન મારું છે એટલું જાણે છે. એવા સમ્યગ્જ્ઞાન-દર્શન સહિતના પરિણામ વ્યવહારના હોય એ વ્યવહાર પરિણામ મારા છે એટલું એ જાણે છે. સમજાણું કાંઈ? એને નિશ્ચય અને વ્યવહાર કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પોષ વદ ૦)), સોમવાર તા. ૨૯-૧-૧૯૬૮**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન-૪૭૧**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે એમ સિદ્ધ કરીને અહીંયાં મોક્ષનો માર્ગ બતાવે છે. આત્મા તો વસ્તુ છે, સત્ છે સત્. સત્ છે એટલે એ તો હયાતીવાળું, હોવાવાળું અનાદિનું તત્ત્વ છે. અનાદિથી રખડે છે ને? છે... છે... છે... છે... ઈ રખડે છે ને? અનાદિનું છે, આ પહેલાં... આ પહેલા... આ પહેલા... આ પહેલા... એમ એની ભવની અવસ્થાઓ અનેક માથે વીતી પણ વસ્તુ પોતે ધ્રુવ તરીકે તો નિત્ય છે. અવસ્થાઓ વીતી આ પહેલા ભવ, આ પહેલા ભવ, આ પહેલા ભવ. કોઈ સમયમાં ગયા કાળમાં ભવ વિનાનો નહોતો ઈ. ત્યારે કોઈ સમયે ભવવાળા ભાવ વિનાનો નહોતો એમ પણ નથી. શું કીધું?

આ તો નિત્ય ચાલ્યો આવે છે એમ ને એમ. ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ. એ તો ભવ અને ભાવ અજ્ઞાન અને રાગદ્વેષ છે. એટલે એ વિનાનો કોઈ દી રહ્યો નથી. તેમ એનું જે સ્વરૂપ છે એ ભવના ભાવવાળું કોઈ દી થયું નથી ધ્રુવ. બરાબર છે? શું કીધું? વસ્તુ જે નિત્ય છે, ધ્રુવ છે એ ભવના ભાવવાળી થઈ જાય તો તો ભવના ભાવ રહિત થઈને નિર્મળ તો થઈ શકે નહિ. વસ્તુ જે છે સત્ સત્ ચિદાનંદ. સત્ શાશ્વત વસ્તુ છે, એની ઉપર જે આ અવસ્થાઓ ભવની જે ભ્રમણની થઈ એને જેણે ટાળવી હોય તેણે શું કરવું એની વાત છે આ. પોપટભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા વસ્તુ છે એ પરપદાર્થથી તો ભિન્ન છે-જુદો. પણ પોતે જે જ્ઞાન છે, જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એનાથી જુદો છે એમ શંકા ન કરવી. એ જ્ઞાન તે આત્મા છે. જાણે... જાણે... જાણે... જાણે... જાણે... જાણે... જાણે... જાણવાનો જે ભાવ તે જ આત્મા છે. સમજાય છે કાંઈ? તે પરથી જુદો (છે). અહીં તો પુણ્ય-પાપના ભાવ જરી એની અવસ્થામાં થાય છે એથી એના લીધા છે. સમજાય છે? પણ એ વસ્તુ પોતે છે એ ખરેખર તો પુણ્ય-પાપના ભાવથી રહિત છે. નિત્યાનંદ ધ્રુવ સત્... સત્... સત્... સત્... સત્.. એવું સત્ સ્વરૂપ છે એનું જ્ઞાન કરતાં એ આત્મા જ જ્ઞાનરૂપે પરિણમે છે. ત્યાંથી આવ્યું છે ને?

'**જ્ઞાન જ સમ્યગ્દૃષ્ટિ છે,...**' પહેલા તો એમ લીધું. આત્મા પોતાની જે શ્રદ્ધા નહોતી કરી અનંત કાળથી. એ પુણ્ય-પાપ અને રાગ અને એક સમયની અવસ્થા અને ભવ, તેટલો હું, તે હું એવી માન્યતા હતી તે મિથ્યા માન્યતા હતી. એ આત્માનું સ્વરૂપ અને આત્માનું

પરિણમન નહોતું. પર્યાય નહોતી, આત્માની પર્યાય નહોતી. એ ખરેખર વિકૃત અવસ્થા હતી. ત્યારે કહે છે કે જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ (છે). જેને સમ્યગ્દર્શન એટલે જેવી વસ્તુ છે, ચૈતન્ય જ્યોત વસ્તુ ધ્રુવ એવી જેને અંતરમાં પ્રતીત થાય એ પ્રતીત થઈ એ શું છે? એ આત્મા જ છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન એ આત્મા જ છે. વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય છે, સર્વવિશુદ્ધ ત્રિકાળ જ્ઞાનમૂર્તિ, એના તરફની દષ્ટિ કરીને જે અનુભવ જ્ઞાનનો થઈ અને શ્રદ્ધા થઈ, એ આત્મા જ છે, એ આત્માની અવસ્થા તે આત્મા જ છે. એ કોઈ પુણ્ય-પાપના પરિણામ અને કર્મ આદિ છે નહિ. સમજાણું કાંઈ? ધ્રુવમાંથી... વસ્તુ જે ચૈતન્ય ગાંગડો વસ્તુ સત્ છે, એની શક્તિ છે એ પૂર્ણ છે. એ શક્તિ પૂર્ણ છે એની અંતર દષ્ટિ કરતાં જે પર્યાયનું નિર્મળપણું પરિણમનમાં આવે એવી જે સમ્યગ્દર્શનની દષ્ટિ એ આત્મા જ છે. કારણ કે આત્માથી થયેલી છે. રાગ અને પુણ્યથી થયેલી નથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ અધર્મ ભાવે આત્મા ખરેખર નથી. પણ અહીં તો એની પર્યાયનું સ્વરૂપ છે એટલે વર્ણવ્યું છે.

એટલે અહીં કહે છે કે આત્મા, જેને આત્માની પ્રાપ્તિ, ભવના ભાવ વિનાનું તત્ત્વ ચૈતન્યમૂર્તિ જે છે એનું જેને અંતર દષ્ટિ કરીને, પ્રતીત કરીને વિશ્વાસ કરવો છે કે આ તો આત્મા આ છે અને આનંદ આ છે. અને આ આત્માનો અનુભવ કરતાં, સ્થિરતા કરતાં મારી મુક્તિ એટલે દુઃખથી હું મુક્ત થઈશ. એવી જે શ્રદ્ધા થાય તે આત્માની જ પર્યાય છે. એ આત્મા જ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

એક પ્રતિકૂળ થોડું દુઃખ આવે છે રાત્રે શૂળ ચડે ને આમ. રાત્રીનો કલાક તો જે છે એ છે બાર કલાક. પણ એ વખતે એને લાગે કે આહાહા..! રાત્રી બહુ મોટી થઈ પડી. માથુ ફાટ ફાટ થાતું હોય, શૂળ ચડતા હોય. એ કાળ લાંબો નથી થયો. કાળ તો જેટલો છે એટલો. પણ એના ઉપર એની દષ્ટિ છે ને અને પોતે ત્રિકાળ છે એ ત્રિકાળની દષ્ટિ નથી એટલે જાણે અહીં જાણે દુઃખ લાંબુ થઈ પડ્યું, ઘણો કાળ થઈ પડ્યો એમ એને ભાસે છે. સમજાણું કાંઈ? એવા દુઃખો તો એણે અનંત વાર સહન કર્યા છે. પણ એને આ ખાવા-પીવાનું મળતું હોય, કાંઈક શરીર ઠીક હોય, નિરોગ હોય, કાંઈક પૈસા હોય. પોપટભાઈ!

મુમુક્ષુ :- હું પહોળો ને શેરી સાંકડી.

ઉત્તર :- હું પહોળો ને શેરી સાંકડી થઈ લ્યો. ૨૫-૩૦ લાખ રૂપિયા હોય, છોકરા છ સારા હોય મોટા.

મુમુક્ષુ :- પછી ભાગ પડી જાય તો ઓછા થઈ જાય.

ઉત્તર :- ભાગ ક્યાં પાડવો છે હમણાં? હમણાં તો છએ માને કે બાપા પાસે છે એટલા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આપણી પાસે છે. એમ માનેને અત્યારે તો. છોકરી હોય તો એ એમ માને. બે-ત્રણ છોકરી હોય એ પણ એમ માને કે આપણી પાસે ૫૦ લાખ છે, આપણી પાસે ૫૦ લાખ છે. એ વહેંચે નહિ અત્યારે. કારણ કે એની ચીજ જ અભેદ છે ને એટલે આને વહેંચતો નથી. પછી વળી સગપણ થઈ જાય ત્યારે ફરે એકદમ. હવે આપણું નહિ આ. ત્યારે? હવે તો ઘર અને વર ઈ. આ ઘર ને પૈસા આપણા નહિ. પોપટભાઈ! પછી તો બાપો આપે એ જુદી વાત છે. અત્યારે વળી કાંઈક કહે છે. કન્યાને હક હોય છે. એવું કાંઈક કહે છે ખરા સરકાર. કોણ આપતું હતું ત્યાં હક એ ત્યારે એને ખ્યાલ આવે કે ઓહોહો..! અહીં ૧૫-૨૦ વર્ષ રહી. અમારા પૈસા, અમારું ઘર, અમારું આ. એ નહિ હવે તો. હવે તો એ.

એમ અનાદિનો પુણ્ય ને પાપ અને પુણ્યના-પાપના ફળમાં પોતાનું ઘર કરીને માન્યું હતું એ રખડવાનું ઘર હતું. એ જ્યાં સગપણ થયું આત્મા સાથે, હું તો શુદ્ધ ચિદાનંદમૂર્તિ છું. આ સમકિતી. સમકિત સાથે સગાઈ કીધી એમ આવે છે. સમજાણું કાંઈ? અરે..! હું તો આત્મા છું. ત્રિકાળ રહેનારી ચીજ છું ને. અને ત્રિકાળ રહેનારું મારું જ્ઞાન અને ત્રિકાળ રહેનારો આનંદ તે હું છું. એમ અંતરમાં સમ્યગ્દર્શન થતાં ઘર બદલાઈ ગયું આખું. એ પુણ્ય-પાપ ને પુણ્ય-પાપના ફળ ને મારા ને મારા હતા એમ માનતો હતો એ વાત બદલી જાય છે. સમજાણું કાંઈ?

આ બધું ક્યાં... એક જણો કહેતો હતો કે એવી માથાકૂટ ક્યાં કરવી? લ્યો! ઓલો ડીસાવાળો નથી મોટો? વઢવાણવાળો હતો ને. સુખરાજ જીવરાજ. તે દી ઘણા વર્ષ પહેલાની વાત છે. ૮૫ પહેલાં. (સંવત) ૧૯૮૦-૮૨. સમજ્યાને? એને ૪૦૦નો પગાર હતો ત્યાં ડીસામાં. મોટો હતો ને કોક. કાંઈક અમલદાર હતો. કારકૂન હતો. કાંઈક હતો ખરો. અમારે ત્યાં આવતા ને, ઘણા આવતા. લોચા. લોચા તે લોચા. કાંઈ ખબર ન મળે. ૪૦૦ના પગાર મોટા. આ દિગંબર શાસ્ત્રના અર્થ કરે, સ્થાનકવાસી હતા. અર્થ કરે, ઓલા કરે.

મુમુક્ષુ :- કવિતા.

ઉત્તર :- કવિતા બનાવે. અને પછી આવ્યા હતા અહીં ૮૬માં. ઉમરાળા હું હતો ને. નારાયણભાઈના મિત્ર ખરાને. નારાયણભાઈએ દીક્ષા લીધી ત્યારે. એટલે આવ્યા હતા. એ કહે, પણ મહારાજ! આટલી બધી તમે વાત કરો છો, હવે આવી મહેનત અમારે કરવી, આવું કર્યું કોણે? આવા ને આવા અમલદારો બધા. સમજ્યા વિનાના છે. પણ આ તમે ગાયન બનાવીને શું બનાવ્યું? આવું કર્યું હવે અમારે એને સમજવું, વળી ટાળવું. આ મહેનત. પણ કોણે કર્યું છે? કોઈ ઈશ્વર કરનાર (છે)? તેં કર્યું ઊભું. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' પોતે પોતાને ભૂલીને હેરાન થાય છે. આ કર્યું કોણે? આવા કીધું અમલદાર પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવા ને આવા. તે દી ૪૦૦નો પગાર તો ઘણો કહેવાય ને? ૮૦ની સાલ. એના પહેલા ૪૦૦ એટલે અત્યારે તે ૫૦૦૦ હજાર જેવો પગાર (થાય). સમજાણું? કાંઈ અક્કલ ન મળે. ગુલાબભાઈ! ઓલાને એમ લાગે, આ શું છે? અમલદાર કઈ રીતે થયા હશે?

અહીં કહે છે કે ભાઈ! તું વસ્તુ છો કે નહિ? તું છે કે નહિ? અને છે તો કે દી એ નહોતી? અને છે એ કોઈ દી ન હોય એમ બને? અને ન હોય તે થાય બને? છે. તો છે... છે... છે... છે... છે... છે... આમ કોઈ પણ ગત કાળ લ્યો, છે... છે... છે... છે અને એમ ને એમ તત્ત્વ તો છે.. છે.. છે રહેવાનું છે ભવિષ્યમાં પણ. હવે જે ત્રિકાળ નિત્યાનંદ શુદ્ધ છે એની દૃષ્ટિ કર્યા વિના વર્તમાનમાં વિકાર અને પુણ્ય-પાપમાં સુખ માની અને સંયોગમાં મારાપણું માની જે મિથ્યા ભ્રમથી રખડે છે એ દુઃખનું કારણ છે. ચાહે તો શેઠિયો થઈને રખડે, ચાહે તો દેવ થઈને રખડે, ચાહે તો રાજા હોય, બધા દુઃખના ડુંગરામાં સળગી રહ્યા છે. સમજાણું કાંઈ? ક્યાં પણ આમાં દુઃખ લાગે છે કાંઈ? ક્યાં દુઃખ લાગે છે? કહો! આહાહા..! ભાઈ! એને ખબર નથી.

સુખ તો એને કહીએ કે જે આત્મામાંથી પ્રગટ થાય અને ચિરંકાળ રહે. સ્થાયી રહે તેને સુખ કહીએ. આ તો કલ્પના. પૈસા-ધૂળ આવી. એ જ્યાં ખસ્યા ત્યાં અરેરે..! હેરાન થઈ ગયા, મરી ગયા એમ કહે લ્યો! જુવાનીમાં દુઃખ આવ્યું હોત તો ઠીક વળી એમ કહે. વૃદ્ધાવસ્થામાં પ્રતિકૂળતા આવી ઈ કરતાં જુવાનીમાં આવી હોત ને તો સહન પણ કરું એમ કહે. પણ એ વખતે સહન ન થાત. હવે સાંભળને મફતનો. એ પ્રતિકૂળતા એ મને આવી છે એ માન્યતા જ તારી ખોટી છે. સમજાય છે? એ તો તેં કલ્પનામાં માન્યું છે. અને અનુકૂળતા મને (મળી) એ પણ (તારી કલ્પના છે). એ તો બહારની ચીજ છે. અનુકૂળતા-પ્રતિકૂળતા કહેવી કોને? એવી કલ્પનામાં એણે અનંત કાળ ગાળ્યો છે મિથ્યાભ્રમમાં. દુઃખી થઈને દેવમાં, સ્વર્ગમાં, નરકમાં, પશુમાં, એકેન્દ્રિય, કીડી, કાગડા, કૂતરા ભવ કરી કરીને અનંતા ભવ થયા છે. ભાઈ! તારે હવે સમ્યગ્દર્શન જન્મ-મરણને ટાળવાનું બીજ કરવું હોય તો એ શું ચીજ છે? કે આ રાગાદિથી તો ભિન્ન છે, પણ આત્મા જ્ઞાનથી પણ ભિન્ન છે એમ શંકા ન કરવી એમ પહેલું લીધું છે. આહાહા..!

જ્ઞાન. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ જાણવાની અવસ્થાઓ ભલે ગમે તે થાય પણ જાણવું... જાણવું... જાણવું... એ આત્મા છે એ ત્રિકાળ છે. એ જ્ઞાનને અંતર પકડીને જે જ્ઞાનની શ્રદ્ધા, આત્માની શ્રદ્ધા, રાગ વિનાની શ્રદ્ધા, નિમિત્ત વિનાની શ્રદ્ધા, નિમિત્ત, રાગ અને ભેદ છોડી દઈને અખંડ અભેદની શ્રદ્ધા (થાય) તેને આત્મશ્રદ્ધા અને તેને આત્મા કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એટલે કહ્યું કે '**જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છે,...**' હવે અહીં તો આ વાત છે. વ્યવહાર સમકિત એ સમકિત જ નથી એમ કહે છે અહીં તો, લ્યો! એય.. જેઠાભાઈ! વ્યવહાર-વ્યવહાર વસ્તુ ખોટી છે એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ તો રાગ વિકલ્પ છે, એ સમ્યક્ છે? એ સમ્યક્ છે? સત્ય છે?

ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ, એકરૂપ રહેનારું સ્વરૂપ, એની અંતરમાં દૃષ્ટિ કરીને જે શુદ્ધતાની પરિણતિની પ્રતીત થાય, શુદ્ધતાની પરિણતિમાં પ્રતીત થાય આ શુદ્ધ છે ત્રિકાળ. એવા સમ્યગ્દર્શનને ધર્મ અને મોક્ષનો માર્ગ અને દુઃખથી મુક્ત થવાનો ઉપાય કહે છે. કહો, સમજાણું કાંઈ? જુવાનીમાં એ જુવાની ૨૦ વર્ષની હોય અને એવા ઓલા ફૂટે... શું કહેવાય આ? શીતળા. અને બે આંખ્યું જાય. રૂપાળું શરીર હોય અને બે આંખ્યું જાય. કેટલી આશા હોય એને. ૨૦ વર્ષની ઉંમર. હવે આમ થાશે, હવે બે વર્ષે આમ થાશે. ધૂળ પછી આમ થાશે. એમાં શીતળા નીકળે. એવા નીકળે કે આંખ્યું જાય. જાય છે કે નહિ?

મુમુક્ષુ :- ઈ તો કો'કને જાય. એ કંઈ દાખલો દેવાય.

ઉત્તર :- એવું અનંત વાર થયું છે ને? આ તો દાખલો આપ્યો. અનાદિનો આત્મા, એને આવા સંયોગો અનંત વાર થયા છે, ભાઈ! એ સંયોગ ઉપર દૃષ્ટિ અને સંયોગી વિકારી ભાવનો પ્રેમ એને આવા સંયોગો અનંત વાર આવ્યા છે. સમજાણું કાંઈ? આને પણ અનંત વાર આવ્યા છે. અનાદિ (છે). આદિ છે ક્યાંય? આત્માની આદિ છે? કે દી નહોતો? ભૂતમાં ભૂત નામ ગયા કાળમાં કે દી નહોતો એમ છે? તો ક્યાં રહ્યો એ? અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... અનુકૂળ પ્રતિકૂળ સંયોગના દુઃખના ભાવમાં રહ્યો છે ઈ. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન! આ આત્મા જે અંદર છે ને ધ્રુવ તત્ત્વ, એ જ્ઞાનસ્વભાવવાળું છે. એ જ્ઞાનભાવ છે એ પણ ત્રિકાળ છે એનો. વસ્તુ જેમ ત્રિકાળ છે એમ જ્ઞાનભાવ.. જ્ઞાનભાવ ત્રિકાળ છે. એની અંતરમાં દૃષ્ટિ કરીને એ જ્ઞાનની શ્રદ્ધારૂપે પરિણમન કરવું એનું નામ જ્ઞાન સમ્યગ્દર્શન છે, એમાં આનંદ આવે છે, એમાં શાંતિ છે, એમાં સમાધાન છે કે મારું આત્મતત્ત્વ ભવના ભાવ વિનાનું છે. એવી સમ્યગ્દૃષ્ટિ એને અહીંયાં ધર્મ અને આત્માની નિર્જરાનું કારણ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**જ્ઞાન જ સંયમ છે,...**' એ ફરી કેમ લીધું થોડું? કે ઓલું ચારિત્ર-પ્રવજ્યા આવવાની છે. પ્રવજ્યા અને સંયમમાં ફેર શું છે? એટલે જરી. સંયમમાં છ કાયના જીવો, મન અને પાંચ ઈન્દ્રિય, બહારનો ત્યાગ એવું જે પરિણમન સંયમનું એ આત્માનો સંયમ છે એમ કહે છે. છ કાયની જીવની હિંસાનો ત્યાગ, મનથી રાગનો ત્યાગ અને પાંચ ઈન્દ્રિયના વિષય આદિની વાસનાનો ત્યાગ એને અસંયમ કહે છે, છ ને બારનો. છ ને બાર એ અસંયમનો અભાવ એ શું છે? કહે છે. કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેનું સ્થિર થવું એનું નામ સંયમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. સમજાણું કાંઈ? આહાહા..! એના ઘરમાં શું છે એની એને ખબર ન મળે અને ઘરનું જ માહાત્મ્ય છે અહીં તો એકલું. સમજાય છે કાંઈ? 'અબ હમ કબહુ ન નિજઘર આયે' આવે છે ને? ત્યાં બહુ બોલતા-જયપુરમાં. ત્યાં એ વળી એમ લગાડતો, બરાબર લગાડતો હતો. એક હતો. શું તમારા .. એ એમ બોલતો ગાયન બોલતો ત્યારે. રેકોર્ડમાં. 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પરઘર ભમત બહુત નામ ધરાયે, અબ હમ કબહુ ન નિજઘર આયે.' એવો નામ શબ્દમાં ફેર છે. બહાર ફિરત બહુ નામ ધરાવ્યા. આ શરીરવાળો છું, બાયડીવાળો છું, પુણ્યવાળો છું, પાપવાળો છું, કર્મવાળો છું, નાનો છું, મોટો છું, એવા નામ ધરાવ્યા. બહારમાં ધૂળમાંય નથી, સાંભળને! તારું નિજઘર તો અખંડાનંદ ચિદાનંદ મૂર્તિ અંદર છે એ તારું નિજઘર છે. કહો, સમજાણું કાંઈ? એવા સ્વરૂપની અંતર દૃષ્ટિ થવી અને એવો જ્ઞાન સંયમ છે કહે છે. એ છકાયનો ત્યાગ ને એ બધી નાસ્તિની વાત છે. સમજાય છે?

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ એટલે આત્મસ્વરૂપ, એ પોતે એકાગ્ર થઈને સ્થિરતા કરે છે એનું નામ અહીંયાં સંયમ કહેવામાં આવે છે. સંયમ કોઈ રાગ નથી, સંયમ કોઈ પુણ્ય નથી, સંયમ કોઈ મનમાં નથી. સંયમ કોઈ ઈન્દ્રિયમાં આને લઈને થતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,...**' લ્યો! ભગવાન આત્મા પોતાનો જ્ઞાનપ્રકાશ સ્વરૂપ છે, એમાં અંતર એકાગ્ર થઈને જેટલો જ્ઞાનનો વિકાસ, ક્ષયોપશમ થાય છે એ અંગ અને પૂર્વજ્ઞાન એ આત્માની પર્યાય છે. કોઈ પાનામાં લખેલું એ કંઈ અંગ અને પૂર્વ કહેવામાં આવે ઈ છે નહિ. સમજાણું કાંઈ? '**જ્ઞાન જ ધર્મ-અધર્મ છે,...**' અહીં સુધી આવ્યું હતું કાલે. આત્મામાં પુણ્ય અને પાપની અવસ્થા થાય છે એ પણ જ્ઞાનની અવસ્થામાં એની દશામાં થાય છે. એમ જ્ઞાનીએ જ્ઞાનને જાણતા એમ જાણવું જોઈએ. એટલી વાત છે અહીં, ભાઈ! સમજાણું કાંઈ? સ્વરૂપ ચિદાનંદ મૂર્તિ, પરમાનંદનું ધામ, એનું અવલંબન લઈ અને જે દર્શન-જ્ઞાન અને સ્થિરતા થઈ એમાં જે કાંઈ બાકી શુભ-અશુભભાવ રહે, એ એણે જાણવા જેવું (છે), મારી પર્યાયમાં છે એમ જાણવા જેવું છે. સમજાણું કાંઈ? એનો સાર તો બીજો લેશે આખો.

હવે '**જ્ઞાન જ પ્રવ્રજ્યા છે-**' લ્યો! એ દીક્ષા. દીક્ષા કહે છે જ્ઞાન એ દીક્ષા છે. આ બહાર મુંડાવે... સમજાણું કાંઈ? લોચ કરાવે અને છોકરા, બાયડી (છોડી) લૂગડા ફેરવે, નગ્ન થઈને બેસે એ ચારિત્ર નથી એમ કહે છે. જેઠાભાઈ! ભાન વિનાના, બુદ્ધિ વિનાના બાવા થાય, ભવસાગરમાં ડુબી મરે. વસ્તુ જે અંદર સચ્ચિદાનંદ પ્રભુ અખંડાનંદ આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે એમાં એકાકાર થઈને જે સ્થિરતાની શાંતિ ને આનંદ પ્રગટ થાય, તેને અહીંયાં પ્રવજ્યા, દીક્ષા અને ચારિત્ર કહે છે. કહો, સમજાણું કાંઈ? અત્યારે જુઓને ૧૨-૧૨ વર્ષના જુવાન છોકરાને સાધપણું (આપી દે). દઈ દ્યો સાધુ, દઈ દ્યો સાધુ. હવે ભાન પણ ન મળે હજી કાંઈ. શું ચારિત્ર કહેવું કોને? પણ દર્શન કોને કહેવું એ ભાન નહિ ને લૂગડા ફેરવી નાખ્યા. બેસે છે એમાં કાંઈ? વિધવા બાઈ થઈ હોય અને કોઈ સાધન ન હોય પછી ચાલને ત્યાં દુઃખી થઈશ એકલા. અહીં તો સેવા કરશે. ચાલો મુંડો. અરે..! ભાઈ! એ ચારિત્ર નહિ અને એ દીક્ષા નહિ ભાઈ! દીક્ષા તો આત્માને મુંડી નાખે-એ પુણ્ય-પાપ રહિત થઈને સ્વરૂપની સ્થિરતા કરે એનું નામ દીક્ષા કહેવાય છે. પોપટભાઈ!

પ્રવજ્યા. છેને? અર્થ કર્યો છે ઠીક કર્યો છે ભાઈ કૌંસમાં. '**પ્રવજ્યા (દીક્ષા, નિશ્ચયચારિત્ર)...**' ઓલો સંયમમાં છ કાય ને બાર અવ્રતના ત્યાગનું પરિણમન એનું હતું એને કહેતા હતા. અને દીક્ષા આને કહેવી. દીક્ષા થાય છે ને કે આ દીક્ષા લીધી. મુંડાવ્યું એમાં શું દીક્ષા લીધી? એમ કહે છે. આત્મા આનંદમૂર્તિ છે એનો અનુભવ કરીને, આનંદમાં લીન થઈને અતીન્દ્રિય આનંદનું સેવન વિશેષ કરવું એને દીક્ષા કહે છે. બાકી બધી દખીયા છે. કહો, સમજાણું કાંઈ? પોપટભાઈ! કોઈને આપી છે કે નહિ દીક્ષા-બીક્ષા કોઈને? નથી આપી કોઈને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને દીધી છે. આપી નથી. શેઠિયા માણસ છે કો'ક દી આપી હોય. જે દી આપે તે દી વરઘોડો કાઢજો અહીંથી. નામ કાઢે. ઘણા એવા હોય છે. પોતે લઈ શકે નહિ એટલે દીક્ષા દે. એટલું તો કરીએ છીએ. પાપ તો એટલું સેવીયે. વરઘોડો ચડાવે બસ એ. ભાઈની દીકરીએ દીક્ષા લીધી નહિ? હા, દેરાસર સામે છે એ. સુરેન્દ્રનગર. સાચી વાત. દેરાસર સામે છે. ભાઈ રહેતા. સાચી વાત. દીક્ષા કોને કહેવી ભાઈ! તને ખબર નથી.

આત્મા આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદનું સરોવર છે એ તો. એમાં ડૂબકી મારીને અતીન્દ્રિય આનંદના બિંદુઓ પ્રગટ થઈને અતીન્દ્રિય આનંદની શાંતિનું વેદન કરવું. આહાહા..! એને અહીં દીક્ષા કહે છે. સમજાણું કાંઈ? આત્માને વળગીને અંદરમાં જે પ્રગટ શાંતિ થાય તેને દીક્ષા કહે છે. આ લૂગડા ફેરવ્યા કે કાંઈક રાગ મંદ કરીને પુણ્ય પરિણામ થયા એ દીક્ષા-બીક્ષા નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એય..! દીપચંદજી! દીક્ષા લેવાના હતા ને? લખ્યું છે હોં અંદર છે કે નહિ એમાં? જુઓ. દીક્ષા લેવાના હતા, નગ્ન થઈ જવાના હતા.

'**જ્ઞાન જ પ્રવજ્યા...**' જ્ઞાન એટલે? આ જાણે... જાણે... જાણે... જાણે... જાણે... જાણે... એવો જે આત્મા એ જાણવું અને આત્મા બે જુદા નથી એમ કહે છે. એ જાણવું...

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાણવું... જાણવું... એમાં ઠરીને શાંતિ... શાંતિ.. શાંતિ.. અકષાયનું ઢીમ અંદર થાય, અકષાય પરિણામનું ઢીમ શાંતિનો બરફ જામે અંદર એને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? જે આ પુણ્ય-પાપના ભાવની હોળી સળગે છે કષાયની એ કષાયને ઓલવવાની આ શાંતિ છે તે પાણી-જળ છે. સમજાણું કાંઈ? મોં-માથુ હાથ આવે નહિ પછી કહે બહારનું તો કરો, હવે આ હાથ નથી આવતું. એમ કહે છે. પણ બહારનું ક્યાં મરી જઈશ હેરાન થઈને. નથી ત્યાં માનીને મિથ્યા અભિપ્રાય સેવી ક્ષણે ક્ષણે મિથ્યાત્વ સેવે અને માને કે અમે ધર્મ કરીએ છીએ. ભગવાનભાઈ! આપણા કરતા તો સારા છે ને. એમ કરીને ઓલાને કહે, જય ભગવાન!

અહીં તો કહે છે કે બગડ્યું પાન બગાડે ચોળી, બગડ્યો સાધુ બગાડે ટોળી. સમજાણું? ખોટી શ્રદ્ધાવાળા એનો સંગ કરવાથી ભ્રષ્ટ થઈ જઈશ. દીક્ષા લેતા.. દીક્ષા-ફીક્ષા નહિ પણ ભ્રષ્ટ થઈ જઈશ ખોટી શ્રદ્ધાથી. સમજાણું કાંઈ? દીક્ષાની ખબર ન મળે. ખોટા સંગ મિથ્યાશ્રદ્ધાના, એવાને સાધુ માને અને એનો સંગ કરે અને આપણે દીક્ષા લીધી છે. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્યે તો કહ્યું છે ને મૂલાચારમાં? ભાઈ! ઊંધી માન્યતાવાળા જો પુણ્યમાં ધર્મ મનાવે, બાહ્ય ત્યાગમાં ધર્મ મનાવે, આત્માની વસ્તુની ખબર નથી, એવાઓનો સંગ કરવા જતા તને જો પર વિના ન ગોઠતું હોય તો પરણજે. પરણવામાં રાગ છે એ ચારિત્રદોષ છે અને ઓલા લાકડા ખોસી ઘાલસે મિથ્યાત્વના (એના ફળમાં) અનંત સંસાર ભમીશ. સમજાણું કાંઈ? રખડી મરીશ સમુળગો. એવા લાકડા ખોસશે કે આમ કરીને આટલું તો કરીએ છીએ ને. કાંઈક તો કરીએ છીએ ને. ઊના પાણી તો પીએ છીએ ને, ઉઘાડા પગે ચાલીએ છીએ ને, લોંચ કરીએ છીએ. કાંઈ નહિ ફળે? ફળશે સંસાર. સાંભળને હવે. ધૂળ એ તો જડની ક્રિયા છે. કહો, સમજાણું કાંઈ? જેઠાભાઈ! એ બધા પ્રવજ્યાના સંમતવાળા હતા બધાય.

મુમુક્ષુ :- પ્રવજ્યા હતી જ કે દી પણ?

ઉત્તર :- આ માનેલી. એમ કહ્યું છે હોં મૂલાચારમાં કે જે કોઈ શ્રદ્ધાભ્રષ્ટ જીવો છે એના સંગમાં જઈશ (તો) તને લાકડા ખોસી ઘાલશે ઊંધા મિથ્યાત્વના, વિપરીત માન્યતાના. બાહ્યની ક્રિયામાં ધર્મ મનાવશે. કોઈ શુભભાવ થોડો થયો એ તમને ધર્મ છે. હળવે-હળવે તમે ચડી જશો. પહેલા આવો તો ખરા. પછી શીખજો. પછી નિવૃત્તિ હશે તો જ્ઞાન શીખશે. પણ જ્ઞાન જ ક્યાં? હજી નિવૃત્તો જ ક્યાં લીધો છે અંદરથી? આહાહા..! અંદરમાં પુણ્ય-પાપના રાગથી રહિત છે એવી દષ્ટિ થયા વિના અંદરમાં નિવૃત્તિ આવી જ નથી. નિવૃત્તિ વિના બહારથી નિવર્ત્યો તો કોણે કીધું નિવૃત્તિ લીધી? ગુલાબભાઈ! વાત જરા ઝીણી છે, આકરી છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મૂલાચારમાં તો એમ કહ્યું છે, ભાઈ! તને એકલા ન ગોઠતું હોય, કદાચિત રાગનો ભાગ હોય તો પરણવાનો ભાવ કરીશ તો દોષ ચારિત્રદોષ છે. પરણવાનો ભાવ કહેવાનું કામ નથી. પણ એ દોષ થોડો છે. પણ જો તને આ ખોટા સંગીઓ તને ઊંધા લાકડા નાખી અને મિથ્યાશ્રદ્ધામાં લઈ જશે, મિથ્યાશ્રદ્ધામાં અનંતા નારકીના ભવ કરવાની તાકાત છે. સમજાણું કાંઈ? દંસણ ભઠ્ઠા ભઠ્ઠા ચરિત્ત ભઠ્ઠા... દંસણ ભઠ્ઠા ન સિઝંતિ, ચરિત્ત ભઠ્ઠા સિઝંતિ. એમ કહે છે. કદાચિત ચારિત્રનો દોષ હશે તો એ તો એના ખ્યાલમાં છે કે મને આ રાગ છે. એ મારું સ્વરૂપ નથી. મને આનંદમાં દુઃખદાયક છે. મારું આનંદ સ્વરૂપ છે. હું હજી એટલો સ્થિર થઈ શકતો નથી એટલે રાગ આવે છે. એવું જેને ભાન છે, એ રાગનો દોષ છે એ ચારિત્રભ્રષ્ટ છે ભલે, પણ દર્શન ભ્રષ્ટ નથી. સ્વભાવની શ્રદ્ધા છે, અનુભવ છે, આનંદ હું છું. આ રાગ મારે આદરણીય નથી એમ માનીને જેને રાગ થોડો થાય એ દોષ અલ્પ છે. સમજાણું કાંઈ? ખેતશીભાઈ! આવો માર્ગ છે, ભાઈ! આહાહા..! ઓલા તો કહે મુંડો મુંડો જેને તેને. પછી આવા હોય પૈસાવાળા તો કરો પાંચ હજાર ખર્ચો, દસ હજાર દીક્ષા દઈને. વરઘોડામાં બેસાડો. આ વળી બાયડ્યું બેસતી હોય વચમાં એને. ઓહોહો..! ભારે કરી. સમજાણું કાંઈ? એ સદુપયોગ છે. ધૂળેય નથી. મિથ્યાત્વના પોષણમાં મદદ કરી છે. પોપટભાઈ!

કહે છે, આહાહા..! જુઓ તો ખરા. નિશ્ચય-સાચું ચારિત્ર કોને કહેવું? અને દીક્ષા કોને કહેવી? કે આનંદકંદ પ્રભુ જ્ઞાનની મૂર્તિ છે એમાં એકાકાર થઈને રમણતા, ચરવું-ચરવું, રમવું, લીન થવું ચારિત્ર એટલે. આનંદનું ધામ ભગવાન એનો અનુભવ કરી સ્થિર થવું. આનંદમાં અતીન્દ્રિયના સ્વાદનો ઉભરો આવવો એવી દશાને ચારિત્ર કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો અરે..! સહન થાતા નથી, આમ છે, રાડુ પાડે કેટલાક તો. દીક્ષા લેવાઈ ગઈ હોયને પછી ગોરાણીની સાથે ગોઠે નહિ, પછી ઓલો ઘોંસપરોણા કર્યા કરે, મારે. સમજ્યાને? એવું હમણાં આવ્યું હતું ક્યાંક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રજોણાના ઘોદા મારે. એવું ક્યાંક આવ્યું હતું. એ તો અમે નજરે દેખ્યું છે. અરરર..! આવું શું કરે છે? આહાહા..! બાધે બહુ. હમણાં જ કો'ક કહેતું હતું. લાકડી મારે. અર..ર..! આ દશા. જેને સજ્જનતાના ઠેકાણા નથી, નીતિના ઠેકાણા નથી. અરે..! સજ્જનને કાંઈ એવી હોય વાત? સમજાય છે? એને ધર્મ ક્યાં? ચારિત્ર ક્યાં? બાપુ! ચારિત્ર તો કોને કહે? ભાઈ! આત્મા આનંદ સ્વરૂપ ભગવાન છે, આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત જ્ઞાન ને આનંદનું ધામ ભગવાન છે. એનો અનુભવ કરી, એને અનુસરીને થઈ અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પછી એને અનુસરીને સ્થિર થવું, એ સ્થિરતામાં જે આનંદ આવે એ સમ્યગ્દર્શન કરતાં પણ ઘણો અતીન્દ્રિય આનંદ આવે એવી દશાને દીક્ષા અને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? કહો, જાધવજીભાઈ! આ દીક્ષા છે આ.

મુમુક્ષુ :- એ ન થઈ શકે ત્યારે ....

ઉત્તર :- સાકર ન પીવે તો ઝેર પીવું એવો એનો અર્થ છે? સમજાણું કાંઈ? એ તો ઝેર છે. ખોટું ચારિત્રનું નામ ધરાવી ક્રિયાકાંડમાં મિથ્યાત્વનું સેવન કરે છે. અનંત સંસાર વધે છે ક્ષણે ક્ષણે. શું થાય? વસ્તુ નિર્વિકલ્પ ચૈતન્ય રાગ વિનાનો પદાર્થ, ધ્રુવ અખંડાનંદ પૂર્ણ, એનો જ્યાં અંતર આદર નથી અને પુણ્યાદિના પરિણામનો આદર છે તો સ્વરૂપની શાંતિનો અનાદર અને ઘાત કરે છે. ક્ષણે ક્ષણે ઘાત કરે છે. હવે શેનું આ કરતા આ સારું એ લાવવું ક્યાંથી? સમજાણું કાંઈ?

અહીં તો '**જ્ઞાન જ પ્રવજ્યા (દીક્ષા, નિશ્ચયચારિત્ર) છે-**' ભગવાન આત્મા... એ જ્ઞાન શબ્દે આત્મા હોં! જ્ઞાન જાણે.. જાણે.. જાણે.. જાણે... જાણે.. એ આત્મા. શંકા ન કરવી, બે જુદા છે એમ શંકા ન કરવી. જ્ઞાન તે જ આત્મા અને આત્મા તે જ જ્ઞાન. રાગ અને પુણ્યનો વિકલ્પ એ આત્મા નહિ. સમજાય છે? એ તો અહીં જણાવ્યો જરી વ્યવહાર. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની અંતરમાં દૃષ્ટિ કરી, ધ્રુવના પ્રકાશમાંથી પરિણમન જે પરિણમે, એવી દશાને વિશેષ પરિણમનની દશાને દીક્ષા અને ચારિત્ર કહે છે. કે જે મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? અલ્પ કાળમાં એની મુક્તિ થાય. આ જે રખડે આ અનંત વાર દ્રવ્યલિંગ ધારીને (એને) એક ભવ ઘટે નહિ. આહાહા..!

'**જ્ઞાન જ પ્રવજ્યા છે-એમ જ્ઞાનનો જીવપર્યાયોની સાથે પણ અવ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો...**' એમ જ્ઞાનનો એટલે જ્ઞાનની જેટલી પર્યાય જીવની પર્યાય સાથે જુદી જુદી અવસ્થાઓ છે ને. તેને અવ્યતિરેક-જુદાઈ નથી એમ જાણવું. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, પ્રવજ્યા એ બધી આત્માની અવસ્થા છે. એ કાંઈ આત્માથી જુદી નથી. રાગ અને પુણ્ય-પાપ, દયા-દાન વિકલ્પ ઉઠે એ તો જુદી ચીજ છે. ભિન્ન છે. એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલું અસ્તિત્વ મહાપ્રભુ, ચૈતન્ય મહાપ્રભુ, મહા ધ્રુવ ભગવાન, જેના અવલંબે જે પરિણમન શુદ્ધ થાય, તેને આત્મા કહે છે, તેને દર્શન કહે, જ્ઞાન અને ચારિત્ર અને જીવની પર્યાય એને કહે છે. કહો, સમજાણું?

'**(અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).**' ખરેખર... ભગવાનની આજ્ઞા જુઓને! સવારમાં આવ્યું હતું. ઓલામાં આવ્યું હતું. ન કીધું સવારમાં? કે ભગવાનનો ઉપદેશ પ્રાપ્ત કરીને રાગ-દ્વેષ-મોહને હણવો. ઓહોહો..! શું કહે છે ઈ! ગમે તે શબ્દ વીતરાગની

વાણીના આવ્યા હોય. કાળલબ્ધિ આવે, ક્રમબદ્ધ આવે. સમજાય છે? ગુણ-પર્યાયના જ્ઞાન આવે. ઘણા પ્રકાર આવે. પણ એની વાણીમાં તો એ આવ્યું છે કે રાગ-દ્વેષની ભ્રમણા ટાળવી. એનો અર્થ એ છે કે તેને નિમિત્ત, રાગ અને ભેદની અપેક્ષા છોડી અને ત્રિકાળ સ્વભાવની સન્મુખ થાવું, એનું નામ ભગવાનની આજ્ઞા છે. ભગવાનના ઉપદેશમાં આ જ આવ્યું છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એની વાણીમાં આજ્ઞા એમ આવી છે. એ તો '**भूदत्थमस्सिदो खलु**' કહો કે આ કહો. બધું એક જ છે.

રાગ-દ્વેષ-મોહને હણવા. એટલે શું? કે જેટલો વિકાર છે ભ્રમણાનો અને રાગને હણવો. તો એનો અર્થ શું? કે એની દૃષ્ટિ જે નિમિત્ત અને ભેદ ઉપર છે એને સ્વભાવની અભેદ દૃષ્ટિ કરતાં મિથ્યાત્વ હણાય છે અને સ્વરૂપની સ્થિરતા કરતાં રાગ-દ્વેષ હણાય છે. બસ! આ જ ભગવાનની આજ્ઞા છે. ભગવાનના ઉપદેશમાં આ આવ્યું હતું. ચાહે તો કાળલબ્ધિ કહો, તો પણ એને સ્વભાવ સન્મુખ થઈને કાળલબ્ધિનું જ્ઞાન કરવું એમ આવ્યું છે. ક્રમબદ્ધ કહો તો અભેદ થઈને ક્રમબદ્ધની પર્યાય જાણવી એમ આવ્યું છે. સમજાય છે? વ્યવહાર કહો તો નિશ્ચયની દૃષ્ટિ કરીને વ્યવહારને જાણવું એમ આવ્યું છે. બધી વાત આ એને.. જેમ અલૌકિક રચના, ચારેય પડખેથી. કોઈ રીતે જુઓ તો આમ એક ન્યાય એકલો સત્ ઉભો થાય છે. એવો કોઈ સંતોની રચના, રચના શાસ્ત્રની એવી. એવી રચના છે. કોઈ પડખેથી જુઓ તો એ વસ્તુ ઊભી થાય છે. દ્રવ્યની સન્મુખ થઈને. એનો અર્થ કે રાગ-દ્વેષ-મોહને ટાળવા, એનો અર્થ કે ભગવાનની આજ્ઞા, ભગવાન પણ અજ્ઞાન અને રાગ ટાળીને વીતરાગ અને સર્વજ્ઞ થયા, એના મુખમાં એ આવ્યું કે તું સર્વજ્ઞ અને વીતરાગ થા. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ થવું હોય તો એણે સર્વજ્ઞ સ્વભાવની દૃષ્ટિ કરવી, વીતરાગ થવું હોય તો સ્વરૂપમાં સ્થિરતા કરવી. આહાહા..! ભારે વાત! ગજબ વાત! સંતોએ, મુનિઓએ દિગંબર મુનિઓએ સત્‌ને પ્રસિદ્ધ કર્યું છે. એવી રીતે મૂક્યું અને એવી રીતે આવ્યું છે કે પૂર્વાપર ક્યાંય ન્યાય તૂટે નહિ, સળંગ એક જ ધારા આવે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... ભાઈ! તું તો શુદ્ધ ચૈતન્ય છો, જ્ઞાન છો. એ જ્ઞાનની દૃષ્ટિ કર. તો એનો અર્થ થયો કે વિકલ્પ, ભેદ અને નિમિત્તથી ખસી જા અને અહીં સન્મુખ થા. અહીંથી વિમુખ થા અને અહીં સન્મુખ થા. સમજાણું કાંઈ? આ રીતે ભગવાન આત્મા પોતાના જ્ઞાન સ્વભાવની સાથે નિર્મળ પર્યાયો જે પ્રગટ થઈ એ એની અભેદ છે. એની સાથે એકમેક છે. રાગાદિ તેનું ખરું સ્વરૂપ નથી.

'**હવે, એ પ્રમાણે...**' હવે એનો સરવાળો લે છે. ટીકા છે હોં આખી મોટી. '**સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે...**' એટલે જુદા વડે. નાસ્તિથી પછી અસ્તિ લેશે. આત્મા અનેક પરવસ્તુ, શરીર, કર્મ, વાણી, શબ્દ, શ્રુત, ગંધ, વર્ણ આદિ આવ્યું છે ને? ધર્માસ્તિ,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અધર્માસ્તિ, આકાશ, કાળ એનાથી જુદો, એનાથી જુદો. '**અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક...**' જુઓ! અનેકાંત. સર્વ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સાથે અવ્યતિરેક એટલે જુદો નહિ. એ વડે. સમજાય છે કાંઈ?

'**સર્વ પરદ્રવ્યો...**' એટલે પરદ્રવ્ય સિદ્ધ કર્યા. કે પરદ્રવ્ય છે. તું એકલો છો એમ નહિ. જો એકલો હોય તો ભૂલ પડે નહિ. અને ભૂલ પડે છે ત્યાં તું નથી ત્યાં મનાય છે એનું નામ ભૂલ છે. એટલે તું જ્યાં નથી ત્યાં તેં માન્યું છે, તો પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? દોરડીમાં સર્પની ભ્રાંતિ થાય તો એનો અર્થ થયો કે દોરડી અને સર્પ બે છે. પણ સર્પ અહીં નથી બીજે છે. બીજે છે એટલે અહીં આરોપ કર્યો. જો બીજી ચીજ જ ન હોય તો ભ્રાંતિ થવાનો, આરોપ કરવાનું કારણ શી રીતે થાય? સમજાય છે?

એમ આત્મા વસ્તુ છે એવી ચીજમાં જ્યારે દૃષ્ટિ નથી, ત્યારે એનાથી વિરુદ્ધ છે એમાં એની દૃષ્ટિ છે. તે બીજી ચીજ છે એમ સિદ્ધ કર્યું. રાગ-દ્વેષ છે, પુણ્ય-પાપ છે, એના નિમિત્તો બીજી ચીજો છે, એમાં પોતાપણું માન્યું છે. બસ! એ જ મિથ્યાભ્રાંતિ. જ્યાં છે ત્યાં માન્યું નથી અને જ્યાં નથી ત્યાં માન્યું છે એનું નામ ભ્રાંતિ અને ભ્રમ મિથ્યાત્વ છે. કહો, સમજાણું કાંઈ?

તેથી કહે છે, '**પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો...**' જીવસ્વભાવ કીધા જુઓ ઈ. '**સાથે અવ્યતિરેક વડે અતિવ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું,...**' એટલે આ પર્યાય બીજે વ્યાપ્તિ નથી અને આ પર્યાય પોતામાં વ્યાપ્યા વિના રહેતી નથી. સમ્યગ્દર્શનાદિ પર્યાય બીજામાં હોતી નથી અને આ પર્યાય પોતા વિના હોતી નથી. બીજામાં હોતી નથી અને પોતા વિના હોતી નથી, પોતામાં વ્યાપે નહિ એમ રહેતું નથી એમ કહે છે.

ફરીને. અતિવ્યાપ્તિ એટલે શું કહ્યું? કે જે દર્શન-જ્ઞાન અને ચારિત્રની પર્યાય છે તે બીજે હોતી નથી. અતિવ્યાપ્તિ એટલે આ સિવાય બીજે વ્યાપ્તિ નથી. એટલે પરથી દૂર કર્યું. અને અવ્યાપ્તિ એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય વિનાનો આત્મા ન હોય. અવ્યાપ્તિ એટલે એના વ્યાપ્યા વિનાનો ન હોય. ફરીને. પરદ્રવ્યો સાથે વ્યતિરેક એટલે અતિવ્યાપ્તિને છોડી. ભાઈ! '**અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે...**' સમજાય છે? અવ્યતિરેક ઓલાની સાથે. પોતા સાથે અવ્યતિરેક એટલે અવ્યાપ્તિ દૂર કરી. શું કહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ અવ્યાપ્તિ પોતાની પર્યાય વિના ન હોય. એ પોતાની પર્યાય વ્યાપ્યા વિના હોય જ નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માની પર્યાય સાથે જ હોય. એ આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યાપેલો જ હોય એમ. એના વિના ન હોય. એનું નામ અવ્યાપ્તિ દૂર કરી. અને પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર પરમાં ન હોય. એ પરથી દૂર કરી એટલે અતિવ્યાપ્તિ દૂર કરી. ટૂંકી ભાષા છે ને અહીં તો, ભાઈ! સમજાણું કાંઈ?

ફરીને લઈએ. પોપટભાઈને ઝીણું પડે છે હજી. શું કહે છે આ! જુઓ! બે શબ્દ પડ્યા છે કે નહિ? બે પડ્યા છે ને, જુઓ! **'એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે...'** પરદ્રવ્ય એટલે ધર્માસ્તિ, રાગ, પુણ્ય, પાપ સમજ્યાને? શબ્દ, રૂપ, રસ, ગંધ વગેરે. એનાથી જુદો. જુદો. એટલે પોતાની જે શ્રદ્ધા-જ્ઞાન પર્યાય છે તે પરમાં વ્યાપ્તિ નથી એટલે પરમાં હોતી નથી, પરમાં રહેતી નથી, પરમાં થતી નથી. એક વાત.

**'સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે અતિવ્યાપ્તિ...'** એટલે પોતે દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે એ આત્મામાં વ્યાપ્યા વિના રહેતી નથી. સમજાણું કાંઈ? અનેકાંત સમજાવ્યું છે ને. પરથી રહિત અને સ્વથી સહિત. પરથી રહિત. શબ્દ, રૂપ, રસ, ગંધથી રહિત. એટલે આ આત્માની કોઈ પર્યાય પરમાં નથી. એટલે અતિવ્યાપ્તિ એટલે અહીંથી બીજામાં પણ હોય એવું છે નહિ. અને પોતાની દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય અવ્યાપ્તિ એટલે પોતામાં ન હોય એમ નથી. દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતામાં જ હોય. સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં ભાવ મૂક્યો છે ને પરદ્રવ્યથી જુદો. એટલે પરદ્રવ્યમાં આત્મા નથી. આત્મા નથી એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. તારા સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય તે પરદ્રવ્યમાં નથી. એટલે આ પર્યાય ત્યાં વ્યાપ્તિ નથી એટલે અતિવ્યાપ્તિથી દૂર થયો. અતિ એટલે પોતાથી આઘે બીજામાં નથી એટલે દૂર કર્યું-વ્યતિરેક કર્યો. અને પોતે પોતાનું જ્ઞાન આનંદસ્વરૂપ છે એમાંથી પોતે શ્રદ્ધા-જ્ઞાનની વ્યાપ્તિ એ પોતામાં થઈ. એટલે પોતાની પર્યાય વિનાનો છે, અવ્યાપ્તિ છે એમ નથી. સમજાણું કાંઈ? સાકરની મીઠાશની પર્યાય મેલથી જુદી. અતિવ્યાપ્તિ.

મુમુક્ષુ :- મેલમાં લઈ જાય તો અતિવ્યાપ્તિ.

ઉત્તર :- મેલમાં લઈ જાય તો અતિવ્યાપ્તિ થઈ જાય. સાકરની મીઠાશની પર્યાય મેલમાં લઈ જાય તો અતિવ્યાપ્તિ થઈ જાય. એમ હોઈ શકે નહિ. અને સાકરની સફેદ પર્યાય વિનાની સાકર ન હોય. એ અવ્યાપ્તિ. એટલે અવ્યાપ્તિ એટલે એમાં ન હોય એમ નહિ. સમજાણું કાંઈ? એટલે શું કહ્યું? કે ભગવાન આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે છે એ આત્મા વસ્તુ છે ચિદાનંદ સ્વરૂપ, એની સાથે એકાકાર થઈને જે પર્યાય પ્રગટી એ આત્માથી ન વ્યાપે એવી પર્યાય ધર્મની એમ ન હોય. અને આ પર્યાય પરમાં વ્યાપે અને પરને લઈને થાય, પરમાં રહે એમ ન હોય. ન્યાય સમજાય છે? લોજિકથી તો વાત કરે છે હોં ન્યાયથી. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો અતિવ્યાપ્તિ થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આનું ન હોય. આનું ન હોય તો અવ્યાપ્તિ થઈ જાય. આની દશા એનામાં ન હોય તો અવ્યાપ્તિ થઈ જાય અને આની દશા પરમાં હોય તો અતિવ્યાપ્તિ થઈ જાય. સમજાણું કાંઈ? કો'કના છોકરા ઘરમાં ગણે તો અતિવ્યાપ્તિ થઈ જાય. પોતાના છોકરા પોતામાં ન ગણે તો અવ્યાપ્તિ થઈ જાય. કહો, ઠીક! છોકરા એટલે પર્યાય. પર્યાય છે ને એ. પર્યાય તે પ્રજા. ઓલી બહારની પ્રજાનો અહીં દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ?

આત્મા વસ્તુ છે ભગવાન આત્મા, એની અંતરમાં દૃષ્ટિ થતાં જે સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્ચારિત્ર થાય, સમ્યક્ શાંતિ થાય, પ્રવજ્યા થાય એ પર્યાય આત્મામાં ન હોય, અવ્યાપ્તિ-આત્મામાં ન વ્યાપે એમ ન હોય, અને એ પર્યાય પરમાં ને દેવ-ગુરુ-શાસ્ત્રમાં, કુટુંબમાં ને સ્ત્રીમાં ને રાગમાં ને પુણ્યમાં વ્યાપે એમ ન હોય. આહાહા..!

મુમુક્ષુ :- શ્રદ્ધાની પર્યાય દેવ-ગુરુમાં ન વ્યાપે.

ઉત્તર :- શ્રદ્ધાની પર્યાય રાગમાં વ્યાપે, દેવ-ગુરુમાં વ્યાપે એમ ન હોય એમ કહે છે. ચારિત્રની પર્યાય પંચ મહાવ્રતમાં અને દેહની ક્રિયામાં વ્યાપે એમ ન હોય એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી એવી શૈલી કરી છે. કથની કોઈ સંતોની દિગંબર મુનિઓની! તો વસ્તુને આમ કેવળજ્ઞાનના કંદ ઊભા રાખ્યા છે. ધર્મના થાંભલા. આમ વસ્તુ કહે છે એ ન્યાયથી આમ સિદ્ધ કરે છે. ભાઈ! તું જો તો ખરો. તારી વસ્તુ જે છે, એની જે દશા છે એ પરમાં નથી. તારી શ્રદ્ધા દેવ-ગુરુમાં છે? તારું જ્ઞાન દેવ-ગુરુમાં છે? તારું જ્ઞાન આ પાનામાં છે? આમાં છે? નથી માટે અતિવ્યાપ્તિ નથી. અને તારું જ્ઞાન તારા વિના છે? તારી અવસ્થા તારા આશ્રય વિના છે? તારી દશા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તારા આત્માના આશ્રય વિના છે? કોઈનો આશ્રય છે એમાં? માટે અવ્યાપ્તિ. બીજે વ્યાપ્યું નથી. એ આત્મામાં વ્યાપે છે એનું દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમજાણું કાંઈ?

બીજી રીતે તો એમ કહ્યું કે સમ્યગ્જ્ઞાન જે આત્મા કીધો કે સમ્યગ્દર્શન આત્મા કીધો એ દર્શનની પર્યાય આત્મા સાથે વ્યાપી છે. અને દર્શન-જ્ઞાનની પર્યાય શાસ્ત્રના પાનામાં કે જે વિકલ્પ ઉઠ્યો એમાં કે વ્યવહારું જ્ઞાન થયું પરનું એમાં એ જ્ઞાન વ્યાપ્યું નથી. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દર્શન. શુદ્ધ ચૈતન્ય વસ્તુ ધ્રુવ પરમાનંદ શાશ્વત વસ્તુ, એનું અંતર સન્મુખ થઈને, આશ્રય થઈને, પ્રતીત થઈ, સમ્યગ્દર્શન થયું એ અવ્યાપ્તિ. એના વિના છે જ નહિ. એ આત્મા વિના એ દર્શન છે નહિ. અને એ દર્શન રાગમાં, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં, ષટ્દ્રવ્યની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શ્રદ્ધાના વિકલ્પમાં એ દર્શન વ્યાપતું નથી. વ્યવહારમાં જતું નથી, નિશ્ચયને છોડતું નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી રીતે પણ.. વ્યવહારને પર રૂપે સિદ્ધ કર્યો, આ પર્યાય પ્રગટી સ્વ રૂપે સિદ્ધ કરી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ છે. એ કિરણ જે છે... સૂરજનું કિરણ છે એ અંધારમાં નથી વ્યાપ્યું. અંધારામાં વ્યાપે તો અતિવ્યાપ્તિ થઈ જાય. અને એ કિરણ સૂર્યમાં વ્યાપ્યા વિના રહેતું નથી. વ્યાપ્યા વિના રહે તો અવ્યાપ્તિ થઈ જાય. એમ ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય ધ્રુવ પ્રભુ, એની જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પર્યાયના કિરણો આત્મામાં અવ્યાપ્તિ ન હોય, વ્યાપ્યા વિના રહે નહિ અને પરમાં વ્યાપે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એમ ચારિત્ર. ચારિત્ર ભગવાન આત્માને અવલંબીને જે શુદ્ધતાની, આનંદની રમણતા થઈ. એ રમણતાની અવ્યાપ્તિ આત્મામાં હોય એમ ન હોય. એના વિના હોય નહિ. અને એ રમણતા પુણ્ય-પાપના વિકલ્પ, મહાવ્રતના રાગ અને દેહની નગ્ન ક્રિયામાં વ્યાપી જાય એમ છે નહિ. એમાં વ્યાપતું નથી ચારિત્ર, એને લઈને હોતું નથી. સમજાણું કાંઈ? ન્યાયથી સિદ્ધ કર્યું છે. ઓહોહો..! અનેકાંત સિદ્ધ કર્યું છે આમાં.

**'એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે...'** જુદા વડે, જુદા વડે. સમજાય છે? **'અને સર્વ...'** પોતાની નિર્મળ પર્યાય. આત્માનું જ્ઞાન, આત્માની શ્રદ્ધા, આત્માની શાંતિ, ચારિત્ર, પ્રવજ્યા, દીક્ષા એ આત્માથી વ્યાપ્યા વિના રહે નહિ. આત્માના દ્રવ્ય સાથે વ્યાપીને રહેલી છે. એટલે કે પરદ્રવ્યથી ભિન્ન અને સ્વપર્યાયથી અભિન્ન. એટલે કે અતિવ્યાપ્તિ નહિ અને અવ્યાપ્તિ રહિત નહિ. અતિવ્યાપ્તિ નહિ અને અવ્યાપ્તિ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્ર ભાષા તો જે રીતે (હોય એ રીતે આવે ને).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતામાં વ્યાપ્તિ વિનાનો છે એમ ન હોય. પોતામાં વ્યાપી રહેલો જ છે. પરમાં વ્યાપ્તિ હોય નહિ. અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિના દોષ દૂર કર્યા.

ભગવાન ચિદાનંદ પ્રભુ, શુદ્ધ ચૈતન્ય અસ્તિ છે ને વસ્તુ. એને વ્યાપીને રહેલી દશા છે કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મની પર્યાય એને વ્યાપીને રહી છે. એ ધર્મની પર્યાય રાગ અને પરમાં વ્યાપીને રહેતી નથી. પરમાં વ્યાપીને રહેતી નથી અને સ્વમાં વ્યાપ્યા વિના થતી નથી. સમજાણું કાંઈ? એ જ આવ્યું. સ્વસન્મુખનું આવ્યું અને પરથી વિમુખનું આવ્યું, લ્યો. સમજાણું કાંઈ? પરથી વિમુખ થયો એટલે પરદ્રવ્યથી જુદો પડ્યો અને સ્વમાં રહ્યો પોતામાં આશ્રય કરીને સ્થિતિ થઈ, પોતાની સન્મુખની સ્થિતિ થઈ એની સાથે અભેદ થયો. સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્માનો સમ્યગ્દર્શન-જ્ઞાન મોક્ષનો માર્ગ એ પર્યાય આત્મામાં વ્યાપીને રહે છે. એ મોક્ષના માર્ગની પર્યાય પરમાં વ્યાપીને રહેતી નથી. આમ કહે છે. કહેશે હમણાં.. સમજાણું કાંઈ? એવા ઘણા દાખલા તો ઘણા આપ્યા છે થોડા થોડા. આ રજકણ અને આ ભાળે છે ને બધા ધૂળ, તો ઓલો આખો આત્મા એનો જોનારો કોણ છે? ભિન્ન છે. આ જ્ઞાન છે અને આ તો જ્ઞેય છે. જ્ઞાન જ્ઞાનમાં વ્યાપીને અંદર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે તે અવ્યાપ્તિ થઈ. અવ્યાપ્તિ દોષ દૂર કર્યો, ન હોય એમાં દૂર કર્યું અને પરમાં વ્યાપી જાય કે શરીર આ ક્રિયા છે, મુંડાવ્યું કે આ ક્રિયા આમ થઈ, લૂગડા છોડ્યા માટે ચારિત્ર થયું. ના. ચારિત્ર પરમાં વ્યાપી જશે. તો એમ છે નહિ. પરથી તો જુદું કર્યું છે. સમજાણું કાંઈ? નગ્ન થયો. માટે ચારિત્ર ત્યાં ગયું, એને લઈને ચારિત્ર થયું. ના. એનાથી જુદું છે. એ તો બહારની, જડની ક્રિયા છે. આત્માને અવલંબે જે સ્થિરતા થઈ, શાંતિ થઈ, રાગરહિત થઈ એ આત્મામાં વ્યાપીને રહી છે એનું નામ ચારિત્ર કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? લ્યો!

'**દૂર કરતું થકું,...**' થયું. હવે સ્વનું અવલંબ લઈને વાત કરે છે. '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' જુઓ! '**એવા ધર્મ-અધર્મરૂપ...**' લ્યો, આવ્યું પાછું. જે ઓલામાં કહ્યું હતું, પુણ્ય અને પાપના ભાવ એ જ્ઞાન છે એમ કહ્યું હતું. પર્યાયમાં છે ને એટલે. હવે એને કહે છે કે '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' ભ્રમણા એનું મૂળ એવા પુણ્ય અને પાપ છે. પુણ્ય અને પાપની ઉત્પત્તિ ભ્રમણાને લઈને છે. ભ્રમણા ન હોય તો પુણ્ય-પાપની ઉત્પત્તિ નથી, સ્થિરતા ઉત્પન્ન થાય છે એમ કહે છે. ભંગ પડે છે ને? શુભ-અશુભભાવનો ભેદ પડે છે, ભંગ પડે છે. સમજાણું કાંઈ? શું કીધું આ? જુઓ! આખો ન્યાય છે.

'**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' એટલે કે ભગવાન એક અખંડરૂપ ચૈતન્ય છે, એની દૃષ્ટિ નથી અને જ્યાં ખંડદૃષ્ટિ છે, મિથ્યાત્વભાવ છે, એ મિથ્યાત્વને લઈને પુણ્ય-પાપ ખંડરૂપ બે ભાવ ઊભા થાય છે. સમ્યગ્દર્શનમાં બે ભાવ ઊભા ન થાય, સમ્યગ્દર્શનમાં એકતા થાય. ફરીને. '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' જેનું એટલે? ધર્મ અને અધર્મ. ધર્મ-અધર્મ એટલે? પુણ્ય અને પાપ. શુભ અને અશુભભાવ. એ શુભ અને અશુભભાવનું મિથ્યાત્વ મૂળ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક અખંડમાં ખંડ બે કેમ પડ્યા? એમ કહે છે.

આત્મા જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય છે એવી અખંડ દૃષ્ટિ નથી અને ભ્રમણા છે, મિથ્યાત્વ છે કે રાગ હું, પુણ્ય હું, આ હું, આ હું. એવી ભ્રમણામાં એકમાંથી બે ઊભા થાય છે. શુભ અને અશુભ. ભ્રમણા વિના બે ઊભા થાતા નથી. સમ્યગ્દર્શનમાં બે ઊભા થતાં નથી પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એકતાની એકાગ્રતા થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભીખાભાઈ!

ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ, વસ્તુ અનંત આનંદ અને જ્ઞાનનો ભંડાર છે ને. કહે છે કે એવી એકતાની અંતર દૃષ્ટિ જે પર્યાય અંદરમાં વ્યાપીને થઈ તો સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, ત્યાં પુણ્ય-પાપના ખંડની ઉત્પત્તિ છે જ નહિ. ત્યાં તો અભેદની એકતાની ઉત્પત્તિ છે. સ્વભાવની એકતાની. પણ જેને સ્વભાવનું ભાન નથી અને પુણ્ય-પાપમાં હુંપણું, પરમાં હુંપણું, સ્વભાવમાં હુંપણું નહિ, પરમાં હુંપણું જે વિભ્રમ મિથ્યાત્વભાવ છે એમાંથી શુભ-અશુભ ભાવની ઉત્પત્તિ થાય છે. એમાંથી એકમાંથી બે થાય છે. એક છે એમાંથી બે ઊભા કરે છે મિથ્યાત્વમાંથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપની ઉત્પત્તિનું સ્થાન મિથ્યાત્વ કહ્યું. બે પડ્યાને? બે કેમ? બે કેમ? વસ્તુ એક છે એમાંથી બે કેમ થયા? એ ક્યાં આત્મામાં છે? સમજાણું? ભારે!

આ તો કેટલાક તો એની મેળાએ વાંચે તો કાંઈ સમજાય એવું નથી. વાંચે જાય. એક જણો કહે, હું વાંચી ગયો પંદર દીમાં સમયસાર. ઠીક કર્યું, સારું કર્યું. તમે બહુ કહેતા હતા કે સમયસારમાં બહુ છે.. બહુ છે... બહુ છે. વાંચી ગયો. વાંચી ગયો કીધું, વાંધો નહિ. એલ.એલ.બીની. ચોપડીમાં ગુજરાતીમાં લખી હોય તો બે ચોપડીવાળો વાંચી તો જાય. સમજે નહિ. અક્ષર વાંચી જાય ને. સમજાણું કાંઈ? એમ બાપા! સમયસાર શું ચીજ છે? ભાઈ! આ તો ભાગવતશાસ્ત્ર, ભગવત્ શાસ્ત્ર, અલૌકિક શાસ્ત્ર! લોકોત્તર શાસ્ત્ર છે જેમાંથી ભગવાન આત્મા ઊભા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને! અનાદિ વિભ્રમ શું કહે છે આચાર્ય? ભગવાન! તું તો વીતરાગસ્વરૂપે છો ને. તારું સ્વરૂપ તો વીતરાગ જ્ઞાનાનંદ છે. એમાં આ બે ભાવ ક્યાંથી આવ્યા? એકરૂપ ચિદાનંદ સ્વરૂપમાં બે ક્યાંથી? પુણ્ય અને પાપ? કહે છે કે એનું મૂળ વિભ્રમ-ભ્રમણા છે. ભગવાનને ભૂલીને ભ્રમણા ઉત્પન્ન કરી એના મૂળમાંથી પુણ્ય અને પાપ ઊભા થાય છે. સમજાય છે કાંઈ? એવા '**પરસમયને દૂર કરીને,...**' હવે એને પરસમય કીધો પુણ્ય-પાપને. હવે એની વ્યાખ્યા આવશે વધારે થોડી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા સુદ ૧, મંગળવાર તા. ૩૦-૧-૧૯૬૮**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન-૪૭૨**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. બીજો પેરેગ્રાફ છે આ બાજુ. ગુજરાતી.

'**હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે...**' છે ને પહેલી લીટી? કોને? કે શુદ્ધજ્ઞાન. પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન, આત્માનો પરમાર્થરૂપ શુદ્ધ સ્વભાવ, સાક્ષાત્ સમયસારભૂત, નિર્ભેળ એટલે રાગ અને પરના ભેળસેળ વિનાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એને '**પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે અતિવ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું, અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ પરસમયને દૂર કરીને,...**' ચારિત્ર લેવું છે ને એટલે. નહિતર તો.. સમજાણું? અહીં સ્થાપ્યું છે અનાદિ વિભ્રમ. સ્થાપવું છે ચારિત્ર.

કહે છે કે '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય છે એનું ભાન થતાં તો એની એકતા થાય. શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એની શક્તિ અને સમૂહ એનું સમ્યગ્દર્શન થતાં, એનું જ્ઞાન થતાં તો એની એકતા થાય અને વિભ્રમ થતાં ખંડ પડે. સમજાણું કાંઈ? હું આ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છું એમ નહિ અનુભવતાં રાગને અને એક સમયની પર્યાયને અનુભવતાં ખંડ ખંડ થઈને શુભ અને અશુભભાવ ઉત્પન્ન થાય. એ પરસમય અધર્મભાવ છે. સમજાણું કાંઈ?

શુદ્ધ ચૈતન્ય વસ્તુ અનંત શાંત અને આનંદરસનું એકરૂપ, એની અંતર દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન થતાં તો તેની એકતા થાય. ખંડ ન થતાં સ્વભાવમાં એકતા થાય. એ તો સ્વસમય ધર્મ છે. નવું આવ્યું વળી બીજી ગાથાનું પરસમય, સ્વસમય પરિણમન આવ્યું ને? '**जीवो चरित्तदंसणणाणठिदो**' સમજાણું? અને સ્વરૂપનો ભ્રમ થતાં, વિભ્રમ એટલે મિથ્યા ભ્રમ થતાં શુદ્ધ ચૈતન્ય વસ્તુનો દૃષ્ટિમાં અભાવ રહે. હું પુણ્ય છું, પાપ છું કે આ પર છું એવી માન્યતામાં તો ખંડ ખંડ શુભ ને અશુભ, શુભ ને અશુભ એવા ભાવ ઉત્પન્ન થાય. એ તો અધર્મ અને દુઃખરૂપ પરસમય છે. સમજાણું કાંઈ?

'**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા...**' શુભ-અશુભ પરિણામને '**પરસમયને દૂર કરીને,...**' જુઓ! બનવાનું હશે એ બનશેનો પ્રશ્ન છે ભાઈનો. બનવાનું હશે એ બનશે તો પછી અમારે પુરુષાર્થનું શું કામ ત્યાં? ખરું કે નહિ? ત્યાં દૂર કરીને રહ્યું નહિ. એમ નથી. બનવાનું હશે એ બનશે શેમાં? કે પર્યાયમાં-અવસ્થામાં. એ બનવાનું હશે એ બનશે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અવસ્થામાં, એનું જ્ઞાન ક્યારે થાય? સમજાય છે કાંઈ? બનવાનું હશે એ બનશે એ તો કેવળીએ જોયું અને કહ્યું. સમજાય છે કાંઈ? અને એની પર્યાયમાં બનવાનું હશે તે કાળે બનશે એવું એને જ્ઞાન ક્યારે થાય? કો'કના જ્ઞાને કામ કરે એમ ન કામ આવે. હિંમતભાઈ! સમજાણું કાંઈ? બનવાનું હશે એ બનશે પર્યાયમાં એવું જેને જ્ઞાન થાય અને નિર્ણય કરે એને તો બનવાનું હશે એ બનશે અવસ્થામાં એ દૃષ્ટિ ઉઠી જાય. અને જ્ઞાયક ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ છે એમાં દૃષ્ટિ જાય. ત્યારે તેને બનવાનું હશે એ બનશે એવી પર્યાયનું જ્ઞાન ત્યારે થાય. એમાં સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ છે. પોપટભાઈ!

આ શુભ-અશુભભાવ આવ્યા ને? શુભ ને અશુભભાવ હું કરું તો બનવાનું હશે એ બનશે. હું કરું-કરું થાય છે તો બનવાનું હશે એ બનશે એની શ્રદ્ધા નથી એને. કરું.. કરું.. કરું... બનવાનું હશે એ બનશે એ રહ્યું નહિ. જ્યારે પુણ્ય-પાપના ભાવ કરું.. કરું.. ત્યાં બનવાનું હશે એ બનશે એ રહ્યું નહિ. ત્યારે બનવાનું હશે એ બનશે એ થશે ક્યારે? કે પુણ્ય-પાપના ભાવ જે કાળે થાય છે તે જ કાળે તેની દૃષ્ટિ છોડીને, સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરશે ત્યારે બનવાનું હશે એમ બનશે તેનો જ્ઞાતા-દૃષ્ટા થઈ જશે. સમજાણું કાંઈ?

બનવાનું હશે એ બનશે એમાં સ્વભાવ તરફનો પુરુષાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? તે સમયની અવસ્થા તે કાળે થવાની હતી અને તે થઈ એમ ક્યારે જાણે? કે તે અવસ્થાનું જ્ઞાન નહિ પણ ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય છે એનું જ્યારે જ્ઞાન કરે ત્યારે તે અવસ્થાનું જ્ઞાન એને યથાર્થ થાય, ત્યારે બનવાનું હશે એ બનશે એની શ્રદ્ધામાં યથાર્થ બેઠું. કો'કના જ્ઞાને અને કો'કના ઉધાર જ્ઞાન લઈને બનવાનું હશે એમ બનશે એમ ન ચાલે. એમ કહે છે. ચીમનભાઈ! ઉધારું જ્ઞાન છે એ તો કો'કનું. તારા જ્ઞાનમાં એમ ભાસવું જોઈએ કે આ સમયે બનવાનું હશે એ બનશે એ શેમાં? કે અવસ્થામાં. તો એ અવસ્થાનું જ્ઞાન ક્યારે થાય? એ અવસ્થાની અંશ દૃષ્ટિ છે એ છોડી દઈ અને જેમાં અવસ્થા થાય છે એવો ચૈતન્ય પ્રભુ ભિન્ન જ્ઞાન છે એની દૃષ્ટિ થતાં જે શુભાશુભ પરિણામથી રહિત દૃષ્ટિ થઈ ત્યારે શુભાશુભ થાય તેનો જ્ઞાતા-દૃષ્ટા બનવાનું હશે એમ બનશે, એનો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. વાત એવી છે ભાઈ! સમજાણું કાંઈ?

અહીં એ સિદ્ધ કરે છે. ક્રમે ક્રમે પર્યાયને સિદ્ધ કરી, જે સમયે જે પર્યાય જે થવાની, વર્ણ, ગંધ જે દેખાય તેનું અહીં જ્ઞાન થાય એ પોતાની પર્યાય છે. નહિ કે એનાથી થયો. પણ એ પર્યાયનું જ્ઞાન પણ થાય ક્યારે? સમજાણું કાંઈ? જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ.. અહીં એ કહે છે, જુઓ! **'સાક્ષાત્ સમયસારભૂત, પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત દેખવું...'** એક અવસ્થિત દેખવું. દેખવાના પછી ત્રણ પ્રકાર લેશે અર્થમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મા જેની અવસ્થામાં, જે પર્યાય જે કાળે થવાની તે થવાની. એ થવાની થવાનું જ્ઞાન કોને થાય? કો'કનું ઉધારે લઈને જ્ઞાન કર્યું કે ભાઈ, આ થવાનું હશે એ થાશે એમ હું માનું છું. એમ નહિ. સમજાણું કાંઈ? **'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ...'** છેદીને, દૂર કરીને. જ્યારે આત્માનું જ્ઞાન થયું શુદ્ધ ચૈતન્યમૂર્તિ, ત્યારે તે સમયની અવસ્થા થવાની તેને જાણી. રાગ થાય તેને જાણ્યો. નિર્મળ અવસ્થા થઈ તેને જાણી. કરું છું આને અવસ્થાને અને આને કરું એ વાત રહેતી નથી. કર્તાબુદ્ધિ ઉડાવવા થવાનું હશે તે થશે એમાં ભાવ જ્ઞાતા-દૃષ્ટાનો ભર્યો છે. ભારે વાત!

મુમુક્ષુ :- ... એટલે કે નથી સમજાતી.

ઉત્તર :- નથી સમજાતી? એ તો પહેલું કહી ગયા હતા કે હું આ દયા, ભક્તિ કરું, પુણ્ય કરું, આ રાગ કરું, શુભ કરું, અશુભ કરું એ કર્તાબુદ્ધિ છે તે મિથ્યાત્વબુદ્ધિ છે. સમજાણું કાંઈ? હું શુભ કરું. થાય છે તેને કરું શું? થાય છે તેને કરું શું? થાય છે તેને કરું શું અને ન થાય તેને કરું શું? સમજાણું કાંઈ? ન્યાય જરી ઝીણી વાત છે, ભાઈ! થાય તેને કરું શું? થાય છે. અને નથી જે થયું એને કરું શું? તો જેને કરું છું એમ જે થાય છે એમાં કરું છું એ દૃષ્ટિ ખોટી છે એની. સમજાણું કાંઈ? થાય છે એને જાણું છું, ત્યારે થાય છે એને કરું છું એ વાત ઊડી જાય છે. ન્યાય સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા જાણનાર-દેખનાર શુદ્ધ ચૈતન્ય પ્રભુ છે. એ તો પોતાની અવસ્થા અને પરની અવસ્થાને જાણે છે. જાણે બસ. જાણેમાં કરું. જે અવસ્થા થાય, ભાવરૂપ થાય છે એમાં કરું શું? સમજાણું? આવે છે ને? શેઠિયામાં પણ આવે છે નહિ સ્તવનમાં ક્યાંક? દ્રવ્યે ભાવ છે ને ભાવે ભાવ... બેય આવે છે ને? એક ભજન આવે છે. એ ભજન છે. સમજ્યાને એવું આવે છે. છે ખરું પણ મળતું નથી. મારી ચોપડી નથી અહીં. નહિ? અહીંયાં છે ક્યાંક. થાય તેને કરું શું? આપ્યું હતું ને તમને? તમને નથી આપ્યું? આપ્યું છે. નહિ? નથી આપ્યું? ઝીણું છે તમને નહિ આપ્યું હોય. કારણ કે જરી ખૂંચે એવું છે. ભાઈનું છે. શેઠિયા છે સરદાર શહેરના. કેટલામાં છે ખબર છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેટલામું પણ એ? દ્રવ્ય.. ભાવ... એ તો ખબર છે મગજમાં. કેટલામું અહીં તો વાત ચાલે છે. આવ્યું આવ્યું લ્યો, એ જ આવ્યું. ૧૭મું. ૧૭મું આવ્યું. જુઓ! હવે સાંભળો. પાનું-૨૪. દ્રવ્ય બના હૈ ભાવ બના હૈ. જુઓ. સરદારશહેરના એક ગૃહસ્થ છે અત્યારે. જેને ૪૦ વર્ષ પહેલા એના મામા ૬૦ લાખ દેતા હતા. એ ૬૦ લાખ ન લીધા એમણે આ ગાયન બનાવ્યું છે આ બધું. શું કીધું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. પહેલું શું કીધું? એના મામા પાસે ૬૦ લાખ રૂપિયા હતા ૪૦ વર્ષ પહેલા. એને આપતા હતા. અહીં આવે છે. દીપચંદ શેઠિયા. ૪૦ વર્ષ પહેલાં ૬૦ લાખ! શું કરું સાંઈઠ લાખને?

મુમુક્ષુ :- એવા નિઃસ્પૃહી માણસ મળ્યા હતા.

ઉત્તર :- એવો નિઃસ્પૃહી માણસ. એમ. એ અત્યારે બહુ છે આત્મામાં. જુઓ! અહીંયાં એ ગાયન બનાવ્યા છે એમણે. ચોપડી છે. પણ તમને ન આપી શું કરવા? કે તમને પકડવું કઠણ પડે. જુઓ! 'દ્રવ્ય બના હૈ, ભાવ બના હૈ હોના ભી સાથ બના હૈ.' છે? દ્રવ્ય એટલે વસ્તુ, ભાવ એટલે પર્યાય. 'દ્રવ્ય બના હૈ, ભાવ બના હૈ, હોના ભી સાથ...' પર્યાય. ભાવ એટલે ત્રિકાળ. 'હોના ભી સાથ બના હૈ. બને બનાયે જડ-ચૈતન્યમેં અન્ય ક્યા કરને જાવે જી? મૈં જ્ઞાનેશ્વર હમ ક્યા કરને જાવે?' હે જ્ઞાન-ઈશ્વર શું તું કરવા જાય છે? દ્રવ્ય પણ બન્યું છે, ભાવ પણ બન્યો છે અને પર્યાય પણ બની છે. છેલ્લું. 'હોના ભી થા બના હૈ.' પર્યાય જે થવાની છે એ પણ સાથે છે.

'બને બનાયે જડ ચૈતન્ય...' બેયમાં. 'અન્ય ક્યા કરને જાવે જી? જ્ઞાનેશ્વર અન્ય ક્યા કરને.. ઈચ્છા માફિક વિશ્વકરણ કી બેહદ હાય મચાવે.' 'ઈચ્છા માફિક વિશ્વકરણકી...' વિશ્વ નામ જગતના પદાર્થને કરું, બનાવું, ફેરવું, આમ કરું. 'બેહદ હાય મચાવે.' બેહદ હાય મચાવે. 'કૌન સુને જૂઠે ક્રંદકો...' તારા ખોટા ક્રંદને કોણ સુણે? 'વ્યર્થ હી ધૂમ મચાવે જી, જ્ઞાનેશ્વર વ્યર્થ હી ધૂમ મચાવે.' 'બડપન મદરી લાય લગી હૈ, ઊલટી તો રીતિ સુહાવે. સુખદ રીતિ તો વિષવત્ લાગે, દુઃખ હી દુઃખ ઉપજાવેજી.' મોટી .. નહિ. મોટો છું, મોટો છું, આ મોટો છું અને આનો છું, આ મોટો, ફલાણો મોટો. મદ લાગી છે. મદ લાગ્યો છે મદ. મદરી લાય લગી. મદની લાય. અભિમાનની લાય લાગી છે, અભિમાનની લાય-અગ્નિ લાગી છે. 'બડપન મદરી લાય લગી હૈ,...' મોટપની મદની લાય-અગ્નિ લાગી છે તને. કહો, ભગવાનભાઈ! હું મોટો છું, આમાં મોટો છું, બુદ્ધિમાં મોટો, ઢીકણામાં મોટો. ધૂળેય નથી હવે સાંભળને. ભાન નથી ને તને.

'બડપન મદરી લાય લગી હૈ,...' બડપનની મદની-મદરી એટલે મદની લાય એટલે અગ્નિ લાગી છે. 'ઊલટી તો રીતિ સુહાવે.' તારી ઊંધી રીત છે બધી. 'સુખદ રીતિ તો વિષવત્ લાગે.' જ્ઞાન-દર્શન અને આનંદમાં રહેવું એ તને દુઃખરૂપ લાગે છે. 'દુઃખ હી દુઃખ ઉપજાવે, મન સે ગુપ્ત, વચન સે ગુપ્ત, કાયા સે ગુપ્ત હી પાવે. ગુપ્ત ગુફામેં આય બિરાજે, નિર્ભર આનંદ પાવે જ્ઞાનેશ્વર નિર્ભય આનંદ પાવે.' લ્યો! રાખજો રાખજો તો ખરા તમારી પાસે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ કુદરતે આવી ગયું એટલે. કહો, સમજાણું કાંઈ? શું કીધું હવે? રાખજો તમારી પાસે. ન સમજાય તો પૂછજો કો'કને ન્યાં.

શું કહ્યું આ? કહે છે, 'બની બનાયી...' દ્રવ્ય પણ બનેલું જ છે. છે વસ્તુ. શક્તિઓ એટલે ભાવ-ગુણ એ પણ છે અને એની અવસ્થા પણ થાય છે. થવું તે થાય છે, થાય છે. હવે થાય છે એને તારે કરવું શું? થાય છે એને કરવું છે એ મિથ્યાભ્રમ છે. થાય છે એને જાણું એ સુખદશા છે. સમજાણું કાંઈ? હું થાય છે તેને જાણનાર છું. થાય છે તેને જાણનારો ક્યારે થાય? કે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ પડતાં જે જ્ઞાન થાય તેને થાય છે તેને જાણે, એને દૃષ્ટિ ફેરવવાનું છે. બીજું કાંઈ ફેરવવું તો છે જ નહિ. સમજાણું કાંઈ? થાય તેને જાણવા માટે, થાય તેને જાણવા માટે, થાય તેને પર્યાય ઉપર લક્ષ છે માટે જાણતો નથી. થાય તેને જાણવા માટે જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડે તો થાય તેને જાણવા માટેનો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ભગવાન જાણે છે ...

ઉત્તર :- જાણક છે. જાણે. બીજું કરે શું ઈ? સર્વજ્ઞ ભગવાન જાણે છે એક સમયમાં બધું. તું તારી યોગ્યતા પ્રમાણે જ્ઞાનમાં જાણ કે રાગ છે આ છે, છે એ જાણ. બસ! જાણવાની ક્રિયા. જાણવાનું તારું કામ છે. થાય તેને કરું અને ન થાય તેને કરું એ વસ્તુમાં ક્યાં છે? પોપટભાઈ!

મુમુક્ષુ :- .. તો કાંઈ પુરુષાર્થ રહેતો નથી.

ઉત્તર :- આ પુરુષાર્થ (છે) પણ. એ જ પુરુષાર્થ થયો નહિ? થાય છે તેને જાણવું એવું જ્ઞાયકમાં રહેવું એનું નામ પુરુષાર્થ છે. પુરુષાર્થ શું .. છે બહારમાં? સમજાણું કાંઈ? ન કીધું? 'બડપનની મદરી લાય લગી હૈ.' મોટપની મદની અગ્નિ સળગી છે. પોપટભાઈ! જ્યાં બેઠો હોય ત્યાં જાણે અમે પૈસાવાળા છીએ, અમે શરીરવાળા છીએ. ધૂળેય નથી. આ તો પર છે મારું.

મુમુક્ષુ :- .. પૈસા કમાય...

ઉત્તર :- ધૂળેય કમાણો નથી. કમાય કોણ? મિથ્યાત્વ કમાણો છે એ. આહાહા..! ઓલામાં પણ નથી આવતું આપણે ૧૪મી ગાથામાં? પુરુષાર્થ સિદ્ધિ ઉપાય. ઓલામાં આવે છે નહિ? ૩૨-૩૩ (ગાથા) પ્રવચનસારમાં. નિર્ભેળ આત્મા અને નિર્ભેળ આત્માને અનુભવું છું. શ્રુતકેવળી. અમે તો નિર્ભેળ આત્માને અનુભવીએ છીએ. નિર્ભેળ એટલે કર્મ નહિ, આસ્રવ નહિ, પુણ્ય નહિ કાંઈ નહિ એવો જે શુદ્ધ જ્ઞાનમૂર્તિ એને અનુભવવો, એને જાણવું એનું નામ પુરુષાર્થ અને ધર્મ છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- પુરુષાર્થ નહિ થાય ને?

ઉત્તર :- પણ ક્યો પુરુષાર્થ? આ જડનો કરી શકે? આ રજકણ. એ તો કીધું. જડ-ચૈતન્યની બની બનાઈ અવસ્થા બને એને શું કરવું છે તારે હવે? કહે. એય..! પોપટભાઈ! લાદીનું આમ કરવું છે ને ફલાણું આમ કરવું છે, છોકરા સૂશો નહિ. જાગજો. દિવાળીના દી આવ્યા. ફલાણું કરજો. શું કરવું છે પણ તારે? કહે છે કે જાણનારને જગાડ. બસ! જાણનાર જાગ્યો એટલે જાગશે. એ પુરુષાર્થ છે. ચૈતન્યમૂર્તિ આત્મા છું તો જાણનાર સ્વપરને, દ્રવ્યને અને પર્યાયને, સ્વને અને પરને જાણક સ્વરૂપ એ મારું છે. એવો જે પુરુષાર્થથી અનુભવ નિર્ણય કરવો તે પુરુષાર્થ છે. પુરુષાર્થ શું કૂદવો છે ક્યાંય? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' જોયું! એ ભ્રમણા છે. કહે છે કે હું કરું.. કરું.. કરું... એ ભ્રમણા છે. થાય છે તેને શું કરવું? થાય છે જે કાળે જે થવાનું હોય તે થાય છે. એ થાય છે તેને જાણવાનો પ્રયત્ન એ આત્માની સન્મુખ થાય ત્યારે પ્રયત્ન થશે અને એ વિના પ્રયત્ન સાચો થશે નહિ. આહાહા..! '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ (પુણ્ય-પાપરૂપ, શુભ-અશુભરૂપ) પરસમયને દૂર કરીને,...**' જુઓને ભાઈ! એને તો પરસમયને દૂર કરીને ચારિત્ર લેવું છે. ચારિત્ર લેવું છે પાછું. આમાં તો ઘણા પ્રશ્ન ઉઠ્યા હતા મગજમાં. પહેલા તો એક કે પુણ્યફળા કીધું ને હમણાં? '**पुण्यफला अरहंता**'. એના ઉપોદઘાતમાં એમ લખ્યું છે કે પુણ્યફળ અરિહંતને અકિંચિત્કર છે. કાંઈ કરતું નથી એમ પાઠ છે માથે ઉપોદઘાતમાં. હવે આ કહે છે કે પુણ્યના ફળમાં અરિહંતપદ પામે. આ વાત જ ક્યાં છે? સમજ તો ખરો. આવા ને આવા શું કરે છે આ? કોણ જાણે શબ્દની ખબર ન મળે. સમજાણું કાંઈ? આ શું છે? આ સમયસાર છે.

આ તો '**पुण्यफला अरहंता**' ઓલા કહે છે ને? પુણ્યના ફળરૂપે અરિહંત પદ પામે. કાંઈ કરે નહિ. એમ કહે છે. સાંભળ તો ખરો, સમજ તો ખરો કાંઈક. જુઓ! '**पुण्यफला अरहंता**' '**अथैवं सति तीर्थंकृतां पुण्यविपाकोऽकिंचित्कर एवेत्यवधारयित-**' એમ નક્કી કરવું. પુણ્યનું ફળ તીર્થંકરોને કાંઈ નુકસાન કરતું નથી એટલે કે પુણ્યનું ફળ ક્રિયા જે ચાલે છે એ આત્માને નુકસાન કરતું નથી. લાભ કરતું નથી. એ તો પ્રશ્ન અહીં છે જ નહિ. પુણ્યનું ફળ લાભ કરે છે એ તો પ્રશ્ન અહીં છે જ નહિ. પણ પુણ્યનું ફળ જે ક્રિયા છે, ઉદયની, બોલવાની, ચાલવાની એ આત્માના સ્વભાવને ઘાત કરતી નથી. એમ સિદ્ધ કરવું છે. આરે.. ભગવાન! શું કરે છે? આ તો એક સાદો સાધારણ શબ્દાર્થ કરે એને પણ સમજાય એવું છે આ તો. ભાવ વળી પછી. સમજાય છે? એનો અર્થ કરે કે પુણ્યના ફળ તરીકે અરિહંતપદ પામે છે. તમે તે પુણ્યને કેમ નિષેધ કરો છો? શું કરે છે પ્રભુ આ તું? ક્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ને ક્યાં ઉગમણી-આથમણી ગાંડપણાના પાગલની વાતું કરે છે. આહાહા..!

અહીં તો કહે છે કે આત્મા ભગવાન જ્યારે સર્વજ્ઞ સ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે એને પૂર્વના જે પુણ્ય હોય છે એ ઉદયમાં હાલવામાં, ચાલવામાં નિમિત્ત થઈને ક્રિયા જડની થાય. એ ક્રિયા જડની આત્માના સ્વભાવને ઘાત કરતી નથી. થઈ રહ્યું. આમ કહેવું છે. ક્ષાયિકી છે એમ કહેવું છે. ઓલો ઉદયનો ભાવ છે એ ક્ષણે ક્ષણે નાશ થતો જાય છે. ક્ષાયિકી છે એમ સિદ્ધ કરવું છે. અરે..! ભગવાન! શું કરે છે? બહાર આવું આવ્યું ત્યારે સમુળગા ઊંધા પડ્યા. ઘણા ઊંધા પડ્યા.

અહીં કહે છે.. આમાં તો ઘણા બોલો છે ભાઈ! અહીં સ્વસમય પણ છઠ્ઠે શરૂ થઈ ગયો. અહીં સ્વસમય. ઓલો કહે કે સ્વસમય થાય સિદ્ધને. પરસમય હજી ચૌદમા સુધી હોય. દિલ્હીમાં કહેતો હતો. કીધું, આ શું કહે છે આ? જુઓ આ. આ બોલમાંથી કેટલા ન્યાય નીકળે છે, જુઓ! કે **'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-'** એટલે શુભભાવ હોં! અહીં શુભભાવ. દયા દાનના શુભભાવ. અને અધર્મ એટલે પાપભાવ. એને પરસમય. એ પરસમય છે. શુભ-અશુભભાવ બેય પરસમય એટલે વિકાર છે, દોષ છે, દુઃખરૂપ ભાવ છે. એને દૂર કરીને. દૂર કરીને એટલે? દૂર કરીને અહીં શબ્દ છે. સમજાવે છે એને. આ બાજુ ઠરે છે એટલે દૂર થઈ જાય છે એને દૂર કરીને એમ કહેવામાં આવે છે. શૈલી તો શું કરવી! સમજાણું કાંઈ?

પરસમય. એને પરસમય કીધો. શુભાશુભ પરિણામને પરસમય કીધો. ભાઈ! ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય (હોય). ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય (હોય, એમ કહે છે). દિલ્હીમાં વ્યાખ્યાન પૂરું થઈ રહ્યું. પા કલાક એણે... પરસમય ચૌદમા સુધી, સ્વસમય સિદ્ધને. તો ઓલો બીજો પંડિત કહે વાહ બઢિયા! વ્યાખ્યા. શું આમાં કાંઈ.. કોણ જાણે.. ઓલા ઊંટ અને ગધેડા જેવું છે બધું. શું કરે છે કીધું આ? શું કહે છે કાંઈ વિચાર પણ કરો છો કોઈ કાંઈ?

અહીં તો જુઓ મુનિને કહે છે. મુનિએ પુણ્ય-પાપના ભાવને દૂર કરીને, હટાવીને સ્વરૂપમાં દૃષ્ટિ કરીને ઠરવું, ત્યારે તેને ચારિત્ર અને સ્વસમય થાય છે. સ્વ નામ આત્મામાં આવ્યો અને આત્મામાં ઠર્યો એમ સ્વસમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છે? જેઠાભાઈ! **'પરસમયને દૂર કરીને, પોતે જ પ્રવ્રજ્યારૂપ પામીને (અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને),...'** આ દીક્ષા એનું નામ. એનું નામ દીક્ષા. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની દૃષ્ટિ થઈ. હવે ઓલા શુભાશુભભાવ પણ જે હતા એને દૂર કરીને સ્વરૂપમાં ઠર્યો છે. શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતિ... શાંતિ.. અતીન્દ્રિય આનંદ એવું જે ચારિત્ર એને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પામીને. એમ અહીં કહ્યું છે. આ ચારિત્ર પામીને તો વર્તમાન પોતે કહે છે કે આ પામીને હું આ થાઉં છું એમ કહે છે. પ્રવચનસારમાં આવ્યું ને ભાઈ? .. પહેલા ૯૨માં એમ કહ્યું, ૯૨માં. '**પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ**' રૂપી ધર્મને પ્રાપ્ત થયા છીએ. પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગને પ્રાપ્ત થયા છીએ એમ કહે છે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? ૯૨માં છે. પહેલે જે શરૂ કર્યું છે એ છેલ્લે ઉપાડ્યું.

અહીં તો પહેલેથી જ એ લખ્યું છે. એ ભાવના નિકટ રહે છે આત્મા સ્વયં પોતે ધર્મ થાય છે. લ્યો ઠીક! કેવી રીતે? જુઓ! '**ધર્મ થાય તે ખરેખર મનોરથ છે. તેને વિઘ્ન કરનારી તો એક બહિર્મોહદૃષ્ટિ જ છે. અને તે (બહિર્મોહદૃષ્ટિ) તો આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી...**' અમને ખબર છે કે હણાઈ જાય. જુઓ! હણાઈ ગઈ એ અમને ખબર છે, કહે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એના ભાન દ્વારા મોહદૃષ્ટિ હણાઈ ગઈ છે એમ અમને ખબર છે. '**હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.**' બીજો કોલકરાર. અમે આત્મા શુદ્ધ આનંદ છીએ એવી જે દૃષ્ટિ થઈ છે અનુભવ એ હવે ફરીને પડવાની નથી. એક વાત. '**માટે વીતરાગચારિત્રરૂપે પ્રગટતા પામેલો (-વીતરાચારિત્રરૂપ પર્યાયે પરિણમેલો) મારો આ આત્મા...**' મારો આ આત્મા. જુઓ! આચાર્ય પોતે કહે છે. '**વીતરાગચારિત્રરૂપે પ્રગટતા પામેલો મારો આ આત્મા સ્વયં ધર્મ થઈને, સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી સદાય નિષ્કંપ જ રહે છે.**' જુઓ! આ મુનિપણું. લૂગડા ફેરવ્યા, નાગા થઈ ગયા અને નગ્ન થઈ ગયા અને સાધુ થઈ ગયા. ક્યાંથી લાવ્યો પણ?

ભગવાન આત્મા શુભાશુભ પરિણામરહિત થઈ, શુદ્ધ ચિદાનંદના આનંદમાં કેલી કરતો નિષ્કપંન્નપણાના આનંદને પ્રાપ્ત થાય, વીતરાગચારિત્રરૂપી શુદ્ધોપયોગને પ્રાપ્ત થાય તેને અહીંયાં ચારિત્ર અને સાચી દીક્ષા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? '**અતિ વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો સ્યાદ્વાદમુદ્રિત...**' વગેરે લેશે. પછી છે જુઓ! '**અને જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ કે જેના પ્રસાદથી આ આત્મા સ્વયમેવ (-પોતે જ) ધર્મ થયો.**' જુઓ આ. ઓલા કહે કે અમને સમ્યગ્દર્શનની ખબર ન પડે, ચારિત્રની ખબર ન પડે. આંધળે આંધળા છે.

મુમુક્ષુ :- ચારિત્રની તો ખબર પડે.

ઉત્તર :- ચારિત્ર તો આ વ્રત ને ક્રિયા એ ચારિત્ર. આ ચારિત્રનું ભાન કે દી હતું એને? સમજાણું કાંઈ?

અહીં તો કહ્યું કે '**આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.**' આત્મજ્ઞાન દ્વારા, જ્ઞાન અને આત્મા શુદ્ધ એમ કર્યું,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભ્રાંતિનો નાશ થઈ ગયો. સ્વરૂપમાં ઠર્યા, વીતરાગચારિત્ર શુદ્ધઉપયોગે અમે પરિણમી ગયા છીએ. એ અમારું ચારિત્ર અને દીક્ષાપણું છે. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ કર્યું છે પોતે. કહે છે કે નિશ્ચયચારિત્ર તો અત્યારે છે નહિ-નિશ્ચય સમકિત. અને વ્યવહાર સમકિત તમે કહો છો કે નિશ્ચય વિના હોય નહિ. માટે વ્યવહાર સમકિત પણ નહોતું ને કુંદકુંદાચાર્યને? તમારા સોનગઢને હિસાબે. એમ કહે છે. આ વ્યવહાર તો હતો નહિ, નિશ્ચય એક જ હતો. એમ કહે છે. વીતરાગ ચારિત્ર. વ્યવહારનું તો જ્ઞાન હતું. વ્યવહાર વિકલ્પ જરી બાકી આવતો છઠ્ઠે. સાતમે તો એકલા વીતરાગ ચારિત્રનું પરિણમન છે. સમજાણું કાંઈ? આહાહા..!

ત્યાંથી ઉપાડ્યું છે ને. .. આવે છે એને ઓળંગી જઈને સામ્યને પ્રાપ્ત કર્યું છે. એ છેલ્લે સરવાળો કરી નાખ્યો. વર્તમાન મુનિ પોતે આવા ચારિત્રવંત મુનિ એને મુનિ કહેવાય. સમજાણું કાંઈ? છે કે નહિ આમાં ચોખવટ કાંઈ? કે બાકી છે આમાં કાંઈ? આહાહા..! સર્વજ્ઞસૂર્ય જ્યાં છે ત્યાં શું વાત બાકી હોય! પરમાત્માએ પૂર્ણ જાણીને ઈચ્છા વિના વાણી નીકળી ગઈ. ધોધમાર વસ્તુનો જે સ્વભાવ છે એને બતાવ્યો છે.

ભાઈ! તારું ચારિત્ર એટલે શું? પહેલા તો વિભ્રમનો નાશ કર. એટલે કે પુણ્ય-પાપ તે હું છું એ દૃષ્ટિ છોડી દે અને પુણ્ય-પાપના પરિણામ હું કરું છું એ કર્તૃત્વબુદ્ધિ છોડી દે. તો જ્ઞાયકબુદ્ધિ થતાં તને મિથ્યાત્વનો નાશ થશે. અને મિથ્યાત્વનો નાશ થઈને પછી સ્વરૂપ તરફ દૃષ્ટિ સ્થિર થતાં શુભાશુભ પરિણામનો નાશ થશે ત્યારે સ્વસમય નામ શાંતિનું વેદન એવું ચારિત્ર તને પ્રગટ થશે. કહો, સમજાણું કાંઈ? પોપટભાઈ! વાત વિસારે વઈ ગઈ બધી. જે સાચી હતી તે વઈ ગઈ અને ખોટી હતી તે રહી ગઈ. ભારે કર્યા.

અહીં તો કહે છે, જોયું! '**પોતે જ પ્રવજ્યારૂપને પામીને...**' ઠીક! ભગવાન આત્મા ચૈતન્યબિંબ છે એવું પહેલું ભાન સમ્યગ્દર્શનમાં થયું અનુભવ થઈને. પછી અહીં તો કહે છે. એ પહેલેથી ઉપાડે છે વાત એવી કે વિભ્રમનું મૂળ શુભાશુભભાવ. ખંડ ખંડ ભાવ છે એને સ્વરૂપની સ્થિરતા દ્વારા છોડી દીધો. એટલે વિભ્રમ છોડતા એ છોડી દીધો એમ કહેવામાં આવે છે.

'**પરસમયને દૂર કરીને, પોતે જ પ્રવજ્યારૂપને પામીને...**' એટલે એમાં શું છે? ભાઈ! કર્મનો અભાવ થયો માટે ચારિત્ર પામ્યો એમ નહિ. શુભાશુભ પરિણામ ગયા માટે (પામ્યો એમ નહિ). હું પોતે જ પોતાને ચારિત્રપણાની દશાને પ્રાપ્ત થયો. અસ્તિથી વાત કરે છે. શું કીધું? ફરીને. દૂર કરીને તો નાસ્તિથી થયું ને. કર્મને દૂર કરીને તો પ્રશ્ન જ નથી. કારણ કે કર્મ તો રજકણો છે. એને કારણે જાય ને આવે. પણ શુભ-અશુભ ભાવ છે એને દૂર કરીને એટલે એના ઉપરથી લક્ષ છોડી દઈને, સ્વરૂપ તરફ થઈને જ્યાં સ્થિરતા શાંતિ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શાંતિ... શાંતિ... શાંતિ... આનંદનો શેરડો ઉભો થયો અંદર, સ્વસંવેદન આનંદ વધ્યો એવા જે ચારિત્રને પામીને એમ કહે છે. એનું નામ ચારિત્ર છે. એનું નામ સાધુપદ છે. સમજાણું કાંઈ?

ન હોય સાધુપદ એ વાત જુદી. પણ જેવું હોય એવું એની શ્રદ્ધામાં પણ ન આવે તો એ કરશે કે દી? આગળ વધશે કે દી? અને એની શ્રદ્ધા સાચી થશે કે દી? સમજાણું કાંઈ? જ્યાં નથી ત્યાં માનશે એટલે થઈ રહ્યું એ રખડે છે એમ ને એમ અનંત કાળથી. પંચ મહાવ્રતના પરિણામ, કોઈ ક્રિયા દયા, દાનના, વ્રતના થયા. થઈ રહ્યું જાવ. 'માણસ હોના મુશ્કેલ હૈ, સાધુ કહાં સે હોય? સાધુ હુઆ તો સિદ્ધ હુઆ કહેણી ન રહી કોઈ.' સાધુ! આહાહા..! સમજાય છે કાંઈ?

આચાર્ય કહે છે.. અહીં તો પૂરી વાત કરવી છે ને? એ વિભ્રમનું મૂળ જે એવા શુભ-અશુભભાવ, એવો પરસમય એટલે વિકારી ભાવ, ભગવાન નિર્વિકારી પરમાત્મ પોતાનું સ્વરૂપ, તેનો આશ્રય લઈને, દૂર કરીને પોતે પ્રવજ્યારૂપ પામીને. '**(અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને),...**' આ દીક્ષા. કહો, સમજાણું કાંઈ? અત્યારે તો દીક્ષા જુઓને બધાને મુંડે છે જેને-તેને. છોકરો આવ્યો કો'ક આવ્યો ગરીબ માણસ, રોટલા ન મળતા હોય તો આવો, દીક્ષા લઈ લે ભાઈ. તારી જો બધા સેવા કરશે. દીક્ષા કોને કહેવી તને ભાન પણ નથી. સમજાણું? દીક્ષા તો ઈન્દ્રોને પૂજ્ય છે. ઈન્દ્રોને પૂજ્ય છે અને દીક્ષા તો ચારિત્રવંતને પણ પૂજ્ય છે. ચારિત્રવંત સંતો પણ દીક્ષાવંતને નમસ્કાર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા પહેલો ભ્રમણા ટાળે કે પુણ્ય-પાપ તે હું છું અને મને એનાથી લાભ છે અને એનું કર્તૃત્વ મારું છે એ છોડી દે. ત્યારે તેને વિભ્રમ નાશ થઈને જ્ઞાયક ચૈતન્યમૂર્તિ... સમજાય છે કાંઈ? વસ્તુ સ્વભાવ ચૈતન્ય ધ્રુવ તેને અવલંબીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય તેનાથી વિભ્રમનો નાશ થયો. થયું આ. નાશ થયો નાસ્તિથી. થયું આ. હવે શુભાશુભ પરિણામને દૂર કરીને એટલે એ તો નાસ્તિથી કથન કર્યું. સ્વરૂપમાં સ્થિરતા દ્વારા આત્માની ચારિત્રદશા દીક્ષા નામ રમણતા સ્વસમયને પામીને, અંદર સ્વસમયનું પરિણમન પામીને, એ મોક્ષમાર્ગને પામીને એમ કહે છે. આહાહા..! ચાર બોલ કહ્યા. પ્રવજ્યા એને કીધી, એને દર્શન-જ્ઞાન-ચારિત્ર કીધું, એને મોક્ષનો માર્ગ કીધો, એને સ્વસમય કીધો.

ફરીને. નિજઘરની રમતુંની ખબર ન મળે, પરઘરમાં રખડે અને માને કે અમે ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, આનંદકંદ છે. એની અંતર દૃષ્ટિનું પરિણમન કરી અને પુણ્ય-પાપ પરિણામ ભિન્ન છે એમ કર્યું. હવે આમ ઠર્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અંદર ત્યારે ચારિત્રપણાને પામ્યો. તો શુભાશુભ પરિણામ દૂર થયા અને ચારિત્રની પર્યાયપણે પરિણમ્યો જીવ.

'**(અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને),...**' કહો, આવી દીક્ષા છે આ. જેઠાભાઈ! પરમ વીતરાગ ચારિત્રરૂપ શુદ્ધોપયોગ તે ચારિત્ર છે. આહાહા..! શું કરે છે? ઓલામાં નાખ્યું છે. આ તમારી વાંચો છો ને ખાણિયા? એમાં આવશે. એમાં પંડિતજીએ નાખ્યું છે. નહિ આમ થાય, તેમ થાય, ફલાણું થાય. શુભોપયોગ છે તે સાતમા ગુણસ્થાન સુધી હોય. શુદ્ધ હોય નહિ, શુદ્ધ તો ઉપર હોય. હવે અહીં તો કહે છે, શુદ્ધ સાતમે હોય અને ત્યારે જ એને ચારિત્ર કહેવાય અને ત્યારે એને સમ્યગ્દૃષ્ટિ સહિત કહેવાય છે. સમજાણું કાંઈ? આવું તો કેટલાકે સાંભળ્યું પણ નહિ હોય દીક્ષા લે છે ઈ આ પૈસાવાળા માણસ કોઈ દીક્ષા લેતો હોય, મુંડતો હોય તો આપણે ભાઈ દીક્ષા લઈ શકતા નથી, તો દીક્ષા લ્યો, પાંચ-દસ હજાર ખર્ચો જાવ. વરઘોડો કાઢો ઘરેથી.

મુમુક્ષુ :- કરવું, કરાવવું અને અનુમોદવું.

ઉત્તર :- પાપ કરે, કરાવે અને અનુમોદે છે. ત્રણ. સમજાણું કાંઈ?

'**પરમસમયને દૂર કરીને, પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...**' પ્રવ્રજ્યા નામ દીક્ષા, દીક્ષા નામ નિશ્ચયચારિત્ર. નિશ્ચયચારિત્ર એટલે યથાસ્વરૂપરમણતા. આત્મામાં આનંદની રમણતા તેને ચારિત્ર કહે છે. આ પુણ્ય-પાપની રમણતા તેને અચારિત્ર અને દુઃખ કહે છે. આહાહા..! ચારિત્રમાં આનંદ છે. પુણ્ય-પાપના ભાવમાં દુઃખ છે, પણ એને ભાન નથી. ચારિત્ર તે દુઃખરૂપ હોય કે ચારિત્ર તે સુખરૂપ હોય? સમજાણું કાંઈ? આ તો કહે કષ્ટ સહન કરવા પડે અને બાપા પાણી ઊના પીવા પડે, લોંચ કરવા પડે એને ચારિત્ર માને. એય..! પોપટભાઈ!

મુમુક્ષુ :- લોઢાના ચણા ચાવવા..

ઉત્તર :- લોઢાના ચણા ચાવવા. આહાહા..! એમને આપી હશે દીક્ષા એટલે .. ગયા હશો કે નહિ ભેગા? એની ભત્રીજીએ દીક્ષા લીધી છે તો ત્યાં બેસાડ્યા હોય ને મોટા છે તો ત્યાં. દીક્ષા.

મુમુક્ષુ :- .. અહીં આવી ગયા.

ઉત્તર :- એને એમ કે અટકાવ્યું વળી. દીક્ષા કેવી? મિથ્યાત્વની દીક્ષા છે. ભ્રમણા પાકી કરવી કે એમાં ધર્મ નથી અને ધર્મ માનવો એ પાકી ભ્રમણા થઈ. સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય કહે છે... ઓહોહો..! '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને,...**' જુઓ! દર્શન-જ્ઞાન. સ્વરૂપનું દર્શન, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર. એવી સ્થિતિ. ત્રણની સ્થિતિરૂપ સ્વસમય. એને સ્વસમય કહ્યો અહીં તો. કહો,

સમજાણું કાંઈ? એ તો અંતરાત્માને બહિર્આત્મા અને પરસમય કહ્યો છે ને એ બારમા ગુણસ્થાન સુધી. એ જુદી અપેક્ષાએ વાત છે. એ તો પૂર્ણ નથી એ અપેક્ષાએ. પણ તેરમે તો સ્વસમય જ છે. આ પણ સ્વસમયની શરૂઆત થઈ ગઈ છે. અન્ય સ્વસમય જ આખો ગણ્યો છે. સમજાય છે કાંઈ? દિલ્હીમાં છે કે નહિ ભાઈ આ? વ્યાખ્યાન થયું હતું ને? વિદ્યાનંદજી. .. નહિ, સભામાં. અમારા વ્યાખ્યાન પછી પા કલાક બોલ્યા હતા ને? એમાં બોલ્યા હતા. સિદ્ધમાં સ્વસમય હોય છે, ચૌદમે પરસમય હોય છે. પહેલા મંદિરમાં પણ સવારે બોલ્યા હતા. એ પ્રતિમા.. ત્યાં પણ બોલ્યા હતા. અહીં પણ બોલ્યા હતા. મેં પૂછયું કોઈને... પણ આ શું કહે છે? એ તો કોઈ અપેક્ષાએ કહેતા હશે. ગપ મારે તો પણ કોઈ અપેક્ષાએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. મુક્ત એટલે શું પણ? એ તો મુક્તની, સિદ્ધની અવસ્થાને સ્વસમય કહે છે એમ કહે છે. અહીં છે ને? જુઓને! અહીંથી શરૂઆત કરી છે. ચોથે ગુણસ્થાનથી સ્વસમય શરૂ થાય છે. છઠ્ઠાની તો પોતે મુનિ છે ત્યાંથી વાત કરી છે વધારે. સમજાણું કાંઈ? હજી દર્શનશુદ્ધિની ખબર ન મળે એને ચારિત્ર ક્યાં આવ્યા અને ક્યાં પ્રવજ્યા આવી અને દીક્ષા ક્યાં હતી? ... માને કે અમે સાધુ છીએ.. સાધુ છીએ... સાધુ છીએ. મિથ્યાત્વને ઘૂંટે, મિથ્યાત્વ વધારે, નિગોદમાં જાય અને માને કે અમે ધર્મ કર્યો હતો. આવું છે લ્યો! એય.. જેઠાભાઈ! તમે એવું કર્યું હતું કે નહિ? તમે એવું બધું કરાવ્યું હતું કે નહિ?

મુમુક્ષુ :- ઘણું કર્યું હતું.

ઉત્તર :- ઘણું કર્યું હતું. ઓહોહો..! આ ખોટાઓને ખોટ પડશે. ... આહાહા..! અરે..! ભાઈ!

આહા..! ચારિત્ર! જેને કુંદકુંદાચાર્ય નમસ્કાર કરે. નમો લોએ સવ્વસાહૂણં. આહાહા..! એ તે પદ કેવું છે? સ્વરૂપની દૃષ્ટિ થઈ, શુદ્ધ ચૈતન્યનો અનુભવ થઈ અને પુણ્ય-પાપના ભાવથી દૂર થઈ, અસ્થિરતાથી દૂર થઈ અને સ્થિતિને પામ્યો એમ કીધું ને? '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમય...**' એમાં સ્થિતિરૂપ સ્વસમય. એ તો જે બીજી ગાથામાં લીધું. '**સ્વસમયને પ્રાપ્ત કરીને, મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,...**' ભાષા જુઓ! એ મોક્ષમાર્ગનું સ્વરૂપ એ છે કે મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને, આ નિશ્ચયમોક્ષમાર્ગને પોતામાં પરિણત કરીને. એટલે શું? શુદ્ધ આનંદસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ આત્મામાં પરિણત કરીને. એ વિકલ્પ અને રાગ એ કોઈ મોક્ષમાર્ગ છે નહિ. સમજાણું કાંઈ?

કેટલું સિદ્ધ કર્યું છે આટલામાં! સ્વસમય, પરસમય, દર્શન-જ્ઞાન-ચારિત્ર, '**મોક્ષમાર્ગને**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પોતામાં જ પરિણત કરીને,...**' છે? એ શું કીધું એમાં? ભગવાન ચૈતન્યઘન છે, એનો અનુભવ કરીને, સ્થિરતા કરીને, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ કરી એ નિર્વિકારી પરિણતિ, વીતરાગ અવસ્થા પોતે, પોતે પરિણત કરીને. પુણ્યના ભાવ એ પર છે. એ રૂપે પરિણત થવું એ મોક્ષમાર્ગ નથી. દયા, દાન, વ્રતાદિના, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ એ મોક્ષમાર્ગ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- બંધમાર્ગ છે.

ઉત્તર :- બંધમાર્ગ છે. ભારે વાત!

'**સ્વસમયને પ્રાપ્ત કરીને,...**' દર્શન-જ્ઞાન-ચારિત્ર... ત્યાં પણ કહ્યું,

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।**

વિકારમાં સ્થિત અને વિકારરૂપે પરિણમે છે એ પરસમય છે, અનાત્મા છે. અને જે આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ પોતાના દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપે પરિણમે છે તે સ્વસમય ને આત્મા છે. એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પુણ્યપણે પરિણમે એ આત્મા ક્યાં છે? પુણ્ય તો અનાત્મા છે. શુભરાગ પ્રશસ્ત એ આત્મા ક્યાં છે? એ તો આસ્રવ છે, અનાત્મા છે. એથી અહીં કહે છે કે '**મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,...**' ભગવાન આત્મા શુદ્ધ ઘન ચૈતન્ય, અંતર અનુભવ દૃષ્ટિ કરી, પછી સ્વરૂપમાં સ્થિરતારૂપ અને એનું જ્ઞાન, એ ત્રણ રૂપે પોતે પરિણમીને, પોતાનો શુદ્ધ સ્વભાવ એ રૂપે થઈને, '**જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે...**' લ્યો ઠીક! સમજાણું? '**જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે...**' પહેલા દૃષ્ટિનું શુદ્ધનયનું લેશે, શુદ્ધનયથી આત્માને દેખવો. દર્શન-જ્ઞાનની નિર્મળતા કરવી, પછી સ્થિરતા. સાતમે ગુણસ્થાને સ્થિરતાથી આત્માને સ્થિર કરવો એ બીજા પ્રકારનું દેખવું છે અને ત્રીજા પ્રકારનું પૂર્ણ જ્ઞાન થઈ ગયું એ ત્રીજા પ્રકારનું દેખવું છે. કાલે પૂછતા હતા ને દેખવાનું? સમજાણું કાંઈ? એ છેલ્લો શબ્દ આવે છે ખરોને. દેખવું.

આ તો ભાઈ, અધ્યાત્મ છે અને માખણ વાત છે. એટલે થોડા શબ્દોમાં તો ઘણું ભર્યું હોય છે. સમજાણું? કાર્ડમાં બે લીટી હોય. ચૈત્ર સુદ બીજના ધોકડાનો ચાલતો હોય ૫૬૦નો ભાવ, પણ ૬૧૦ ને ૨૦ સુધી મળે તો લાખ દોકડા લેજો. એટલું કાર્ડમાં લખ્યું હોય. ચૈત્ર સુદ બીજના એક લાખ ધોકડા ૬૧૫ના ભાવ લીધા. ૫૬૦નો ભાવ ચાલતો હોય. એટલો .. ખુલ્યો મૂક્યો હોય કવર વિનાનો. અને ઓલો દેવા આવે પોસ્ટમેન. દોઢ લીટી છે. એને કાંઈ ખબર ન પડે શું છે આ. એમાં જો અભણ હોય તો કાંઈ ખબર ન પડે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ પોસ્ટમેન અભણ ન હોય. સમજ્યાને? પણ એને ખબર ન પડે કે આ શું છે. વાંચે તો ખબર પડે કે આ તે શું કહે છે? જેને લખે છે એની પાસે કેટલી મૂડી હશે? અને કેટલી હિંમત હશે? અને જે લખે છે એની કેટલી તાકાત અને કેટલો મૂડીવાળો હશે? આ આટલા ભાવે ચાલતા ભાવથી વધારે ભાવ લાખ ધોકડા લેજો. એની હિંમત કેટલી? એના ઘરે પૈસા કેટલા? એની પેદાશ કેટલી? શું હશે? એ દોઢ લીટીમાં બધું નીકળે છે. નીકળે છે? એમ આ લીટીમાં બધું નીકળે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૃષ્ટાંત છે. આમ જ્યાં કાર્ડ નાખવા જાય તો બેઠો હોય. ગાદી તકિયે ગાદી હોય ને? બેઠો હોય. નાનું ઓલું હોય. કારણ કે માલ .. હોય નહિ ઘરે. અદ્ધરથી અને અદ્ધરથી પૈસાની મૂડી અને આબરૂ અને કીર્તિ હોય એટલે જાવ પાંચસો ધોકડા લઈ આવો, હજાર લઈ આવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દસ-પંદર ધોકડા.. એની પાસે પૈસા કેટલા હશે? એની મૂડી કેટલી હોય? કદાચિત લીધું અને તરત લેવા આવે તો દેવું પડે. તરત લેવા આવે તો દેવું પડે. કે ભાઈ આ તમે લીધા એ લાવો પૈસા અમારા અત્યારે. ત્યાં ના ન પડાય. દેવાળિયો કહેવાય. એટલે પૈસા તો ઘરે રાખવા જ પડે. કહો, સમજાણું? વ્યાજે લીધા હોય, ... અમુક દસ હજાર, પંદર, વીસ હજાર, પચ્ચીસ હજાર તો પડ્યા જ હોય એની પાસે. કારણ કે કો'ક આજે આવ્યો હોય તો ના ન પડાય. સમજાણું?

એમ જેની પાસે આત્માની લક્ષ્મી પ્રગટી છે એને પ્રતિકૂળતા આવે તો સહન કરવાની એનામાં શાંતિની તાકાત હોવી જોઈએ. સમજાણું કાંઈ? હું જ્ઞાતા-દૃષ્ટા છું. મને .. કોઈ છે નહિ. હું વીતરાગ પરિણતિએ પરિણમેલો આત્મા છું. એનું નામ ચારિત્ર અને સાધુ કહેવામાં આવે છે. એને પરિષહ અને ઉપસર્ગ કાંઈ ગણવામાં આવતા નથી. એમ કહે છે. '**મોક્ષમાર્ગને...**' ભાષા કેટલી! મોક્ષમાર્ગ સિદ્ધ કર્યો, સ્વસમય સિદ્ધ કર્યો, પરસમય સિદ્ધ કર્યું, શુભાશુભ રહિત પ્રવજ્યા સિદ્ધ કરી, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિ તે સિદ્ધ કરી. ઓહોહો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બધું ભરી દીધું.

ઉત્તર :- બધું ભરી દીધું? ભગવાનના ઘરમાં શું બાકી હોય? બધું ભરી દીધું એને. આહાહા..!

ભાઈ! તું પૂરો પ્રભુ છો ભાઈ! તારામાં જ્ઞાન ભર્યું છે ને! અને એ જ્ઞાનનો ઉકેલ કરીને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેવળજ્ઞાન પ્રગટ કર, તો પણ તે કેવળજ્ઞાન અંદરથી બીજું ચાલ્યું આવે, ત્રીજું ચાલ્યું આવે અનંત કેવળજ્ઞાન આવે એવો તારો ગુણનો દરિયો છે. શું કીધું? અનંત કેવળજ્ઞાન પામે, એક સમયનું કેવળજ્ઞાન, બીજા સમયનું કેવળજ્ઞાન, ત્રીજા સમયનું કેવળજ્ઞાન. એવા અનંતા કેવળજ્ઞાન કાઢ તો એ દરિયો ખૂટે નહિ એટલું એ પાણી છે. પાતાળ કૂવો છે ઊંડો. સમજાણું?

આ જનડાનો કૂવો છે ને બોટાદ પાસે? જનડાનો કૂવો. અઢાર કોષ જોડે અઢાર. અઢાર કોષ. આ બોટાદ પાસે. પાણી ખૂટે જ નહિ. જનડાનો નહિ? પાટી પાસે. આપણે જોયો નથી. છેટેથી નીકળ્યા હતા. આમાં અઢાર કોષ પાણી ભરે. અઢાર કોષ એકસાથે ચાલે. ચારે બાજુ. પાણી ખૂટે જ નહિ. પાણી નહોતું ત્યારે દેખાતું નહોતું. બહુ ખોદેલું, બહુ ખોદેલું. પછી એક થોડું આઠ તળ, દસ તળ બાકી રહી ગયેલું પાતાળમાં. એમાં નીકળી જાન. અને જાન નીકળી આઘે જાવું હશે. રાતના ચાલી હશે બે-ત્રણ વાગે વહેલી. પાંચેક વાગે, ત્રણ વાગે ભાઈ અહીં ખોટી થાવ. પાણી-બાણી કાઢીએ. કૂવો છે એમ ધારીને. કૂવામાં આમ જ્યાં નાખ્યું દોરડું તો દેખાય નહિ પાણી. પાણી ન મળે શું આ? આ કૂવો ખાલી લાગે છે. અંધારે દેખાય નહિ. એક જણે પથરો મોટો ઉપરનો હતો ૨૫ મણનો. નાખ નીચે કહે એમાં નાખ પથરો. એનો કાઢેલો બહાર પડેલો. નાખ્યું ને તૂટ્યું. તૂટ્યું ને પાણી બહાર. હવે અઢાર કોષ જોડે છે તો પાણી ખૂટતું નથી.

એમ રાગની એકતાની આડમાં જ્ઞાન અંદર કૂવો બંધ થઈ ગયેલો છે. મહેનત કરી કરીને મરી ગયો કષાયને મંદ કરીને, ક્રિયા કરી કરીને પણ કૂવો ખોદાય નહિ. પાણી નીકળે નહિ અંદરથી. સમજાણું કાંઈ? કષાય મંદ કરી, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ કરી સૂકાઈ ગયો બિચારો. પણ પાણી નીકળે નહિ. પણ એક રાગની એકતા તોડી, રાગ અને આત્મા એક નથી એ તો ભિન્ન છે. તોડી ત્યાં જ્ઞાનનો પ્રવાહ ફાટ્યો અંદરથી. સમજાણું કાંઈ? એને કેવળજ્ઞાનની શ્રદ્ધા થઈ ગઈ. ઓહોહો..! આ તો જ્ઞાનનો દરિયો એકલો. સમ્યગ્દર્શનમાં પ્રતીત થઈ કે કેવળજ્ઞાન આ છે શક્તિરૂપે. હું તો કેવળજ્ઞાનનો પિંડ જ છું. શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું. આહાહા..! પછી સ્વરૂપની સ્થિરતા કરતાં પુણ્ય-પાપના ભાવથી રહિત થશે. એ ચારિત્ર છે.

એટલે ત્રણ ભેગા કર્યા. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમય. સ્વસમય એટલે આત્મા. પોતાના આત્માની આ રીતે પરિણતિને પ્રાપ્ત કરીને મોક્ષમાર્ગને પોતામાં પરિણત કરીને. હવે મોક્ષમાર્ગના બે પ્રકાર ક્યાંથી લાવશે આમાં? આત્મા સ્વઆશ્રયે પોતાની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિને પરિણમાવે તેને મોક્ષમાર્ગ કહે છે. કહો. સમજાણું કાંઈ? બે હતા કે દી? બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં પડ્યા છે. ટોડરમલ કહે, બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં પડ્યા છે. ભગવાન! શું કરે છે? ભાઈ! આપણા બાપને શોભતું નથી આ. કોને ખબર છે કે બાપ કોણ છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અરે..! પણ શું બોલે છે તું આ! અરે...! ગજબ કરે છે ને! કોણ બોલે છે? શું કરે છે આ? સમજ્યાને? ભાઈઓમાં તકરાર થાય ને? ભાઈઓ ભાઈઓમાં? અરે..! આપણને આ બાપને શોભે નહિ. કોના બાપના દિકરા આપણે? ત્યારે ઓલો સામો કહે, પણ મારો બાપ કોણ છે મને ખબર નથી. અરે..! મૂર્ખા બોલાય નહિ. આ શું કરે છે તું? આ બેમાં અનુકૂળતા અથવા મારું ખોટું પાડવા આ બોલે છે, તું શું બોલે છો આ? ભગવાનજીભાઈ! ભાન ભૂલી ગયો. અરે..! શું કહે છો આ? કાળા કેર. બાપ તો મા જાણે. અરે..! શું તું કહે છો આ? આ શબ્દો. મારી સામે ખોટું પાડવા અને તારી અધિકાઈ રાખવા આ વચ્ચે આવી વાત લાવ્યો? ગુલાબભાઈ! શોભે?

અહીં આચાર્ય કહે છે, ભગવાન આત્મા.. પ્રજા વિકાર છે એ પર છે, ભગવાન સ્વ છે. એની અંતરમાં રાગની એકતા તૂટી ને સ્વરૂપની સ્થિરતા થઈ તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે. ફલાણે ઠેકાણે રાગથી લાભ કીધો, ઢીકણાથી લાભ કીધો. હવે નથી કીધો ક્યાંય સાંભળને. ભગવાનને તું જાણે છો? અને આત્માને જાણ્યા વિના તું આવા ઊંધા અર્થ કરે છો. સમજાણું કાંઈ?

'**જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને...**' સંપૂર્ણ કીધું ને એટલે ત્રણ પ્રકાર લેશે પછી. વિજ્ઞાનઘન સ્વભાવ પ્રાપ્ત કરીને, છેલ્લું કહે છે ને કે '**એવું, ત્યાગ-ગ્રહણથી રહિત,...**' જુઓ! હવે કહ્યું. શું કહે છે? રાગનો ત્યાગ કરું અને સ્વરૂપનું ગ્રહણ કરું એ પણ રહ્યું નથી. સ્થિર થઈ ગયો. પરવસ્તુનો ત્યાગ અને ગ્રહણ તો આત્મામાં છે જ નહિ. પરવસ્તુ તો આવી જ નથી, છોડી પણ નથી. એ તો પર પરમાં જ છે. પર પર થઈને રહી છે. એક રાગ અને પુણ્ય પોતાના માનીને જે અસ્થિરતામાં પરિણમ્યો હતો, એનો ત્યાગ અને ગ્રહણ પછી રહ્યું નહિ. એ ભાવ છૂટી ગયો, સ્વરૂપમાં સ્થિર થઈ ગયો. એટલે પછી સ્થિર થવાનું રહ્યું નહિ, ત્યાગ કરવાનો રહ્યો નહિ. ત્યાગ-ગ્રહણથી રહિત સ્વરૂપમાં સ્થિર થઈ ગયો. આ ઉત્કૃષ્ટ વાત લીધી ચારિત્રની.

'**ત્યાગ-ગ્રહણથી રહિત,..**' ઓલું આવે છે ખરું ને આગળ? છઠ્ઠી ગાથામાં. '**ત્યાગ-ગ્રહણથી રહિત,...**' આવે છે ને છઠ્ઠીમાં? પ્રયોગથી વિસ્તાથી પરનો ત્યાગ છે જ નહિ. એ આવવાનો એનો ઉપોદઘાત કરે છે. આ શૈલી એવી છે ને. સમજાય છે કાંઈ? ત્યાગ-ગ્રહણથી રહિત ભગવાન છે એમ કહે છે. એટલે શું કહ્યું એ? એ પરનો ત્યાગ કરું અને પરને ગ્રહણ કરું એવું તો એનામાં છે જ નહિ. પણ રાગને છોડું અને સ્થિર થાઉં એવું પણ પછી રહ્યું નહિ. સ્વરૂપની દૃષ્ટિ થઈને સ્થિર જ્યાં થયો, ત્યાગ-ગ્રહણ રહિત થઈ ગયો. જેમ છે તેમ જ્ઞાતા-દૃષ્ટાનો ઘન થઈ ગયો પિંડ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**સાક્ષાત્ સમયસારભૂત,...**' આ લ્યો! આ શુદ્ધજ્ઞાન ને. ઓલું કહે ને '**અવ્યાપ્તિને દૂર કરતું થકું,...**' શું? કે શુદ્ધજ્ઞાન, આવું જે જ્ઞાન. '**સાક્ષાત્ સમયસારભૂત,...**' સાક્ષાત્ આત્મા થયો હવે. ભગવાન આત્મા પોતાના અનુભવની દૃષ્ટિ સહિત સ્થિરતાની વીતરાગ પરિણતિએ સાક્ષાત્ સમયસાર થયો. લ્યો! '**સમયસારભૂત,...**' સ્વસમય, મોક્ષમાર્ગ, દર્શન-જ્ઞાન-ચારિત્ર, સાક્ષાત્ સમયસાર. કેટલા શબ્દો સમાડ્યા છે! આહાહા..! '**સાક્ષાત્ સમયસારભૂત,...**' સમય એટલે સમ્યક્ પ્રકારનું, સાર એટલે વિકાર રહિત એવું આત્માનું સ્વરૂપ એવું પરિણમીને સાક્ષાત્ સમયસાર આત્મા થયો.

'**પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન...**' લ્યો! એવું ખરેખરરૂપ શુદ્ધજ્ઞાન. એને ખરેખર શુદ્ધજ્ઞાન કહીએ. '**પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત દેખવું...**' ઈ દેખવાના ત્રણ પ્રકાર પાડશે પછી. '**(-નિશ્ચળ રહેલું) દેખવું...**' પહેલા તો શુદ્ધ સમ્યગ્દર્શનથી એને શુદ્ધનયથી શુદ્ધ છે એમ દેખવું એટલે પ્રતીત કરીને જોવું. પછી જેવું જાણ્યું છે એમ ઠરવું, ઠરીને દેખવું. અને પછી વિશેષ કેવળજ્ઞાન થઈને જેમ છે તેમ દેખવું. એવા ત્રણ પ્રકારે દેખવાની પદ્ધતિ એના અર્થમાં લેશે. સમજાણું કાંઈ? આહાહા..! એના અમૃતના ઘરની વાતું એણે કોઈ દી સાંભળી નથી. સૂરજના કિરણ કોઈએ મેલા કર્યા? કોઈ કારીગર નીકળે એવો કળાબાજ તો?

એમ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. એની પરિણતિ છે એ નિર્મળ જ હોય. એની મલિન કોઈ કરનાર ત્રણ કાળમાં છે નહિ. એ પોતે અટકીને કરતો એ તો પર્યાયબુદ્ધિ હતી માટે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ, અનુભવ થયો, એમાંથી તો નિર્મળ પર્યાય-કિરણ જ વહે છે. બસ! એ નિર્મળ પર્યાયનું વિશેષ પરિણમન અને શુદ્ધ થવું એને અહીંયાં સ્વસમય અને સમયસાર કહેવામાં આવે છે. એને શુદ્ધજ્ઞાન કહે છે. શુદ્ધજ્ઞાન હોં! શ્રુતજ્ઞાન એમ નહિ.

પરમાર્થરૂપ. '**પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક...**' જુઓ! એક પાછું લીધું. '**એક અવસ્થિત (નિશ્ચળ રહેલું)...**' સ્થિર... સ્થિર... સ્થિરબિંબ વીતરાગ. વિકલ્પની જાળ હોય છે ને ઘડીકમાં કંઈક.. ઘડીકમાં કંઈક.. સળગતો હોય છે અગ્નિ વિકલ્પની જાળથી. ક્યાંય શાંતિ ન મળે. કહે છે કે જ્યાં વિકલ્પ તોડ્યા છે, દૃષ્ટિ થઈ છે અને વિકલ્પના અભાવે સ્થિરતા થઈ છે. ત્યાં શાંત... શાંત... બરફનો હિમ. સમજાણું? શીતળ સ્વભાવનો હિમ એવો ભગવાન, શીતળ સ્વભાવે ઠરેલો દેખવો. એનું નામ મોક્ષનો માર્ગ અને મોક્ષ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આટલામાં ચાલ્યું ભાઈ લ્યો! કેટલા નિવેડા આવ્યા આમાં તો. ઘણી વાત કરી છે આચાર્યે તો. ઓહોહો..! દીક્ષા ને ચારિત્ર ને પરસમય ને સ્વસમય ને મોક્ષમાર્ગ ને પોતાને આધારે પરિણમી ને.. વિકલ્પ-ફિકલ્પ... કેટલા પ્રકાર પાડ્યા! આ સરવાળો તો આ લાવ્યા

એય.. પંડિતજી! ભલે પહેલું કહ્યું હતું કે વર્ણનું જ્ઞાન તે જ્ઞાન નથી, જ્ઞાનની પર્યાય છે. એટલે અટકાવ્યું નહિ. પર્યાયની સ્વતંત્રતા બતાવી બસ એટલું. આ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ ભગવાન છે એમાંથી વિભ્રમ છોડી દઈ, ભ્રાંતિના મિથ્યાત્વ છોડી દઈ, સમકિત અંગીકાર (કરી), સ્વરૂપની દૃષ્ટિ અંગીકાર કરી, શુભાશુભ પરિણામ રહિત થઈ સ્વરૂપની સ્થિરતા અને ચારિત્ર અંગીકાર કરી, સ્વસમયને પ્રાપ્ત કરી, મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી, પોતે પ્રવજ્યારૂપ થઈ પરિણમીને, આત્મા પોતે મોક્ષમાર્ગને પ્રાપ્ત થયો. આત્મા તે રીતે પરિણમીને મોક્ષમાર્ગ પોતાની પરિણતિ નિર્મળ સિવાય દૂર હોતો નથી. સમજાણું કાંઈ? સંસારની સમજણ કરવી હોય તો માથોફોડ કરે, લ્યો. મેટ્રીક ભણવું હોય તો જુઓને પહેલા તો બાંધતા, ચોટલી બાંધતા. ચોટલા-બોટલા વયા ગયા. પહેલા ચોટલી રાખતા.

મુમુક્ષુ :- હવે અહીં ચોટલી રાખે છે.

ઉત્તર :- પણ ત્યાં ન બાંધે ક્યાં બાંધે? પહેલા અહીં રાખતા ને. ઝોલું આવે તો તણાય એટલે જાગી જાય. મેટ્રીકમાં મહેનત માટે. હવે તો એવી નથી. મેટ્રીક માટે મહેનત કરતા, લ્યો! ઘણા વખત પહેલાની વાત છે. .. વર્ષ પહેલા. એક મેટ્રીક પાસ થયો. ૬૫ની સાલ. જમનાદાસ હતો. જમનાદાસ. જીવા, જીવા મંગલ બોઘા. મેટ્રીકમાં પાસ થયો. ૬૫ની સાલ. ઓહોહો..! એમ થાતું, લ્યો! મને ખબર છે એટલે હોં. મેટ્રીકમાં પાસ થયો! જીવા મંગલિક હતા. મંગલસિંહ બોઘા. જીવાભાઈ નહોતા જીવાભાઈ? સમજાણું? છોકરાને બધાને લઈને એની વહુ મરી હતી. એનો એક દીકરો બચી ગયો. જીવો બચી ગયો. એની વહુને બહુ ઓલું થયું મગજમાં. છોકરા જે હતા ને લઈને કૂવામાં પડી, મરી. મંગલિક બોઘા હતા. એમાંથી આ જીવો બચી ગયો. એ ન ગયો. એ તરીને વયો ગયેલો. એ બચી ગયો. એટલે પછી.. એનો દીકરો હતો જમનાદાસ. એ ઉમરાળામાં બહુ બન્યું હતું ઘણા વર્ષ પહેલા. હમણાં પણ બન્યું છે નહિ ઓલું? લુહાર. હમણા બન્યું છે. એને ધણીની સાથે ન કાંઈક થયું. રાતે ૧૦ વાગે ત્રણ છોડીયું બસ હતી. છોકરો નહોતો. એક છોકરી તો બેજીવ હતી. અને પોતે. એટલે સગર્ભા અને બીજી છોકરી એ લઈને બંદરે કૂવો છે ત્યાં. ચારેય પડ્યા. ધણીનું પોતાનું નામ ન રાખું. ગજબ કરે છે ને આ! આત્મામાં જેમ રાગનું નામ ન રાખું એમ ધણીનું નામ ન રાખું. એ ઊલટો પડે તો આમ કરે છે. સુલટો પડ્યો તો રાગનો કણ ન રાખવો. વીતરાગપણે પરિણમી જાવું. હવે મારું કૂળ જ ચાલે નહિ. એવા પરદ્રવ્યને પોતાથી ભિન્ન દેખીને અનુભવ કરવો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૨, બુધવાર તા. ૩૧-૧-૧૯૬૮**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન-૪૭૩**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની ગાથાઓનો ભાવાર્થ છે છેલ્લે. ૧૫ ગાથાનો.

'**ભાવાર્થ :- અહીં જ્ઞાનને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અને પોતાના પર્યાયોથી અભિન્ન બતાવ્યું,...**' શું કીધું? જ્ઞાન એટલે અહીંયાં આત્મા કહેવો છે. પણ જ્ઞાનપ્રધાન કથનથી વાત છે. આ આત્મા છે એ જ્ઞાનસ્વરૂપ છે એમ જ્ઞાનપ્રધાનથી વાત કરી અને એ જ્ઞાન પરવસ્તુમાં નથી. આત્મા સિવાય કર્મ શરીર આદિમાં એ જ્ઞાન નથી. માટે આત્માનું જ્ઞાન,... જેને શાંતિ મેળવવી હોય અને સ્વતંત્ર સુખની પ્રાપ્તિ કરવી હોય અને છે તેવું થવું હોય તો એણે જ્ઞાન તે આત્મા એમ નક્કી કરવું જોઈએ. તે જ્ઞાન પરદ્રવ્યમાં નથી. આ સમજાય છે, એ સમજાય છે, જે સમજે છે એવું જે જ્ઞાન એ જ્ઞાન આત્મામાં છે. એ જ્ઞાન શરીર, કર્મ, વાણી બીજામાં નથી. (પરદ્રવ્યોથી) '**ભિન્ન અને પોતાના પર્યાયોથી અભિન્ન...**' પોતાની દરેક અવસ્થામાં જ્ઞાનની અવસ્થા થાય છે એ પોતાથી અભિન્ન છે. ગમે ત્યારે હોય પણ એની જ્ઞાન અવસ્થા આત્માથી જુદી નથી. બરાબર છે? પરથી ભિન્ન અને પોતાથી અભિન્ન. જ્ઞાન પર્યાયોથી અભિન્ન બતાવ્યું. '**તેથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ નામના જે લક્ષણના દોષો તે દૂર થયા.**' શું કીધું એ? એનો ખુલાસો પોતે કરે છે પાછો.

'**આત્માનું લક્ષણ ઉપયોગ છે,...**' પોતે ખુલાસો કરશે. આત્માનું લક્ષણ એ ઉપયોગ છે એટલે આ જાણે, જાણવાનો વેપાર તે એનું લક્ષણ. કેમ કે એ લક્ષણ દ્વારા તે લક્ષ થઈ શકે છે. શું કીધું? લક્ષણ એને કહીએ કે જેના દ્વારા એ પદાર્થ લક્ષમાં આવે. જાણનાર, જાણવું-જાણવું એ એનું લક્ષણ છે એથી આ આત્મા તે લક્ષમાં આવે. એ આત્માનું લક્ષણ ઉપયોગ છે. એનાથી આ આત્મા છે એમાં રાગ નથી, દ્વેષ નથી, પુણ્ય નથી, પાપ નથી, શરીર, કર્મ નથી. કારણ કે એ લક્ષણ આત્માનું નથી.

જાણનાર જાણે એનો જે વેપાર છે, જાણવાનો વેપાર છે એ લક્ષણ છે. એનું ધ્યેય લક્ષ દ્રવ્ય છે. આત્મા એનાથી લક્ષ થઈ શકે છે. માટે એનું ખરું લક્ષણ તો જ્ઞાન અને દર્શન એવો ઉપયોગ જ જેનું લક્ષણ છે. સમજાય છે કાંઈ આમાં? શું કરવા એ કીધું? કે જેને આત્મા જેવો છે એવી પ્રાપ્તિ કરવી હોય,.. પરમાં પોતાનું માન્યું છે એ તો અનંત કાળ થયો. જે એનામાં નથી એવી ચીજને પોતામાં અને પોતા સહિત માની છે અથવા એના સહિત માની છે. એ વિપરીત માન્યતા છે. તે સંસારમાં દુઃખનું બીજ છે. જે એનામાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી, એને પોતાનું માન્યું, પુણ્ય અને પાપ, શરીર અને કર્મ આદિ પર ચીજ છે. એનું હોવાપણું આત્માના હોવાપણામાં નથી. એના હોવાપણામાં તો જ્ઞાનલક્ષણે લક્ષિત એ હોવાપણું છે. સમજાણું કાંઈ? એટલે જે પોતાના લક્ષણે લક્ષિત થાય એવી તો જ્ઞાન વાત છે. અંદર તો રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપ એ કાંઈ એનું લક્ષણ નથી. શું કીધું એ? જે કોઈ દયા, દાન, ભક્તિના, વ્રત પરિણામ થાય વિકલ્પ એ કાંઈ એનું લક્ષણ છે? એ તો બતાવે છે બંધને. એનું લક્ષણ તો બંધનું છે. સમજાણું કાંઈ? જાણનાર-જાણનાર આ જાણે છે એ લક્ષણ ચૈતન્યનું છે. રાગાદિ પુણ્ય-પાપ એ લક્ષણ બંધનું છે. અબંધસ્વરૂપી ચૈતન્યનું લક્ષણ જ્ઞાન છે. સમજાય છે કાંઈ આમાં? આ શું પણ આ લક્ષણ છે ને આ લક્ષ છે.

મુમુક્ષુ :- ધર્મ કેમ થાય એની વાત કરો.

ઉત્તર :- ધર્મ કેમ થાય એની આ વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત ગુણે બિરાજમાન પ્રભુ છે. એમાં તો અનંત ગુણ છે. હમણાં કહેશે. પણ છતાં એ જ્ઞાનલક્ષણ એવું છે કે એનાથી જ આત્મા જણાય એવો એ ગુણ છે. સમજાય છે કાંઈ? કેટલાક ગુણો તો ખ્યાલમાં ન આવે, કેટલાક ગુણો દ્વારા જણાય નહિ અને કેટલાક ગુણો-ધર્મ પરના નિમિત્તથી ઉત્પન્ન થયેલા વિકાર એ કાંઈ એનું સ્વરૂપ નથી. જુઓ! આ ધર્મને પામવાની સાદી સહેલી રીત છે આ તો. જાણે, આ જાણે, એને અંતરમાં આ જાણનાર તે આત્મા એના લક્ષમાં, જાણવાના લક્ષણે જાણતા અનંત ગુણવાળું તત્ત્વ તે લક્ષમાં-ધ્યેયમાં આવે છે. સમજાય છે કાંઈ આમાં? જાણે છે, આ જાણવાનું લક્ષણ છે. ચૈતન્યની જ્ઞાયક જે પ્રગટ પર્યાય એ જાણનાર તે આત્મા એમ લક્ષ થતાં લક્ષણ એક છે પણ લક્ષ છે જે દ્રવ્ય એમાં અનંત ગુણ છે. તે એક લક્ષણ દ્વારા અનંત દ્રવ્યનું લક્ષ એને થાય છે. ત્યારે એને સમ્યગ્દર્શન અને અનુભવ થાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે **'આત્માનું લક્ષણ ઉપયોગ છે, અને ઉપયોગમાં જ્ઞાન પ્રધાન છે;...'** એમ. ઓલા ઉપયોગના બે લક્ષણ છે ને? જ્ઞાન અને દર્શન. પણ દર્શન છે તે અભેદ છે ને, એ કંઈ ખ્યાલમાં ન આવે. અને **'તે (જ્ઞાન) અન્ય અચેતન દ્રવ્યોમાં નથી...'** ઉપયોગમાં જ્ઞાન મુખ્ય છે. જાણવાનો-દેખવાનો ભાવ તે ઉપયોગ છે. જાણવાનો-દેખવાનો ભાવ તે ઉપયોગ છે અને એ ઉપયોગમાં જાણવું એ મુખ્ય છે. દેખવું એ ગૌણ છે. કેમ કે દેખવું એનાથી આત્મા પ્રત્યક્ષ આ આ એમ ભેદ ન પડે. દેખવું તો અભેદ છે. આહાહા..! શું કહે છે આ? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આમ ચૈતન્યબિંબ પ્રભુ, એનું લક્ષણ એટલે કે ઉપયોગ. ઉપયોગ લક્ષણ એમ છે ને? હવે ઉપયોગના તો બે પ્રકાર છે-દર્શન અને જ્ઞાન. પણ દર્શન છે ઉપયોગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તે આ દર્શન તે આ આત્મા એમ એમાં ન થઈ શકે. ભેદ ન પડે એમાં. સમજાણું કાંઈ? એથી આ જાણે... જાણે... જ્ઞાન તે આત્મા એ ઉપયોગમાં જાણવું-જ્ઞાન એની મુખ્યતા છે. તેથી આ આત્મા છે એમ એના લક્ષમાં આવે છે. બહુ ટૂંકી વાત છે આ. જાણવાનું આ જાણનાર એ આ દ્રવ્ય, એ આ વસ્તુ એમ લક્ષમાં લેવું એ જ્ઞાનથી લક્ષમાં લઈ શકે છે. સમજાય છે કાંઈ?

'**તે (જ્ઞાન) અન્ય અચેતન દ્રવ્યોમાં નથી...**' હવે ઓલો ખુલાસો કરે છે ઓલા બે નો. તે જ્ઞાન આત્મા છે એવું જે જ્ઞાનલક્ષણ તે અચેતન એટલે શરીર, કર્મ, વાણી આ જડ એમાં નથી. માટે તે અતિવ્યાપ્તિ (દોષ) દૂર થયો. અહીં છે અને અહીં નથી. અહીં છે ને અહીં નથી એટલે અતિવ્યાપ્તિ દૂર થઈ ગયું. પોતા સિવાય પરમાં નથી એટલે અતિ-પરમાં વ્યાપી જાય, પ્રસરી જાય એ વાત ખોટી થઈ ગઈ. સમજાણું કાંઈ? ખરેખર તો આ જ્ઞાનલક્ષણ બીજા આત્મામાં પણ નથી. કારણ કે આ જ્ઞાન એટલે લક્ષણ એ એના લક્ષને પમાડે એ લક્ષણ એનું છે. બીજાનું જ્ઞાન લક્ષણ તો એના લક્ષણથી એ પમાય. આ આત્મા એના લક્ષણથી પમાય એવું નથી. માટે એ લક્ષણ આનું નહિ. સમજાણું કાંઈ?

એણે કોઈ દી અંદર દૃષ્ટિ પોતાના સ્વસન્મુખ કરી નથી. સ્વસન્મુખ કરવાનું લક્ષણ શું? ઉપાય શું? કે જ્ઞાન છે તેને આ લક્ષણ છે તે આ દ્રવ્ય છે એ સ્વસન્મુખ કરવાનો ઉપાય છે. એટલે એ તો આવ્યું '**भूदत्थमस्सिदो खलु**' એય..! શૈલી તો જુઓ આચાર્યની! કોઈપણ પ્રકારે આત્મા એક સમયમાં અભેદ ચૈતન્ય છે એને લક્ષમાં અને ધ્યેયમાં લેવો છે એ પ્રયોજન છે. સમજાણું કાંઈ? આમ કીધું કે '**भूदत्थमस्सिदो खलु**'. ભગવાન આત્મા '**भूदत्थम**' નામ ધ્રુવ... ધ્રુવ (છે). પર્યાય પલટે છે સમય સમયની અવસ્થા એ કાંઈ અવસ્થામાં આખું દ્રવ્ય નથી આવતું. દ્રવ્ય તો ધ્રુવ છે, વસ્તુ છે, દ્રવ્ય. અનંત અનંત શક્તિનું એક સદૃશ્યરૂપ તત્ત્વ છે. એ કાંઈ એક સમયની પર્યાયમાં આવી નથી જતું. પણ એક સમયની પર્યાયમાં જે જ્ઞાનલક્ષણ છે, એ જ્ઞાનલક્ષણ છે એ દ્વારા દ્રવ્યને પકડી શકે છે. એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મામાં તો અનંત ગુણ છે. હવે એનું લક્ષણ તો મૂળ જ્ઞાન છે. હવે એ અનંત ગુણવાળી વસ્તુ એનું લક્ષણ શ્રદ્ધા કે આનંદ એનું લક્ષણ નથી. કારણ કે એ કાંઈ જાણતું નથી. પણ જાણનાર જે છે, જણાય છે જે અવસ્થા જણાય છે એ દ્વારા અંતરમાં જતાં, એ જ્ઞાનલક્ષણે અંદર જતાં જે દ્રવ્ય લક્ષમાં આવે એ અનંત ગુણનો પિંડ છે. સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શનની ક્રિયા કહેવાય છે આ. સૂઝ પડે નહિ, સૂઝમાં તે શું ક્હે છે આ.

ભગવાન આત્મા... ઘણાં નહોતા આવતા? કહેતા ને? રમતા ત્યારે એમ નહોતા કહેતા?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મામાનું ઘર કેટલું? દીવો બળે એટલું. રમતા છોકરા ત્યારે બોલતા. ખબર છે? ઘણા વર્ષની વાતું છે. અમારા મામાના ઘર પાસે, અમારું ઘર ત્યાં જ જોડે જોડે ખરું ને, ત્યારે રમતા. મામાનું ઘર કેટલે? કે એ દીવો બળે એટલું. આત્માનું ઘર ક્યાં? જ્ઞાનનો દીવો બળે ત્યાં. એય..! પોપટભાઈ! પહેલા ગોખલામાં દીવા રાખતા ને? પહેલા આવા નહોતા ફાનસ-બાનસ. ગોખલો. ગોખલો કરતા. ગોખલાની આડશમાં રાખે દીવો. કોડીયું રાખતા. .. દીવો રાખતા. પથારી પાથરવા. સૂવે પછી દીવો ઓલવી નાખે. આ તો હવે બધું તમારું ફેન્સી થઈ ગયું. સૂતા સૂતા એય બળતા હોય ફાનસ ને સળગતા હોય.

મુમુક્ષુ :- ફાનસ પણ નહિ.

ઉત્તર :- ફાનસ પણ નહિ, ફાનસ ક્યાં? હવે તમારે તો આમ ઈલેક્ટ્રિક. આમ બત્તી કરે તો આહાહા..! ભડકા મોટા. બહારના ભડકા.

ભગવાન ક્યાં છે? ભગવાન ક્યાં છે? કે જ્ઞાનલક્ષણે લક્ષિત થાય ત્યાં છે. એમ કહે છે. પ્રભુ આત્મા ક્યાં છે? કેવડો છે? કેમ લક્ષમાં આવે? કે જ્ઞાન જે જાણે છે એ દ્વારા એના લક્ષમાં જાય તો આ આત્મા છે એમ એને અનુભવ થાય. કહો, સમજાણું કાંઈ? ઓહોહો..! શૈલી! પહેલા કહે ભૂતાર્થને આશ્રયે સમકિત થાય. અહીં કહે છે કે જ્ઞાનલક્ષણે લક્ષ-ધ્યેય પકડાય છે. એ તો ઈની ઈ વાત છે. સમજાણું કાંઈ? એ વાત અંદરની વાત છે. એ કાંઈ ભાષાની ને કાંઈ વિકલ્પની ને કોઈ બોલવાની એ ભાષા નથી, વસ્તુ નથી. અંદર જે જાણે છે, આમ જાણવામાં જે આવે છે, વર્તમાન પ્રગટ જાણવામાં જે આવે છે, જે સત્તામાં જણાય છે, જેના હોવાપણામાં જણાય છે એવો જે વર્તમાન પ્રગટ પર્યાય એ જ્ઞાનલક્ષણ છે. એ લક્ષણ જેનું છે તેનું લક્ષ કરવા જતાં આ લક્ષણ આ દ્રવ્યનું છે એમ લક્ષ કરવા જતાં ચૈતન્યને અનુભવી શકાય છે એવું લક્ષણ જ્ઞાનનું છે. એને દયા, દાનના, વિકલ્પ છે એ લક્ષણ નથી કે એનાથી આત્મા પકડાય. એનો અર્થ એ કે એનાથી કાંઈ ધર્મ થાતો નથી. એમ કહે છે. આહાહા..! એ તો ચૈતન્યજ્યોત છે ને, ઝળહળતો સૂર્ય પ્રભુ છે. આહાહા..!

જ્ઞાન જે અવસ્થામાં છે તેને લક્ષમાં એટલે જેનું લક્ષણ (છે) તેને અંદર લક્ષમાં લેતા ખરેખર એ આત્મા શું છે એના દ્રવ્યનો અનુભવ થાય. તેનું નામ સમ્યગ્દર્શન અને આત્માની પ્રાપ્તિ, જે અનંત કાળથી સ્વસ્વરૂપની પ્રાપ્તિ નહોતી તેની પ્રાપ્તિ લક્ષણ વડે લક્ષ થઈને થાય છે. એનું નામ શાંતિ, ધર્મ ને જન્મ-મરણના અભાવની કળા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે પરદ્રવ્યોમાં નથી તેથી અતિવ્યાપ્તિપણું ન રહ્યું. જ્ઞાન લક્ષણ આ શરીરમાં, કર્મમાં અરે..! બીજા આત્મામાં પણ નથી. તેથી આ લક્ષણ બીજે ન રહ્યું, માટે અતિવ્યાપ્તિપણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ટળ્યું. '**પોતાની સર્વ અવસ્થાઓમાં છે...**' જ્ઞાન બધી અવસ્થામાં છે. સિદ્ધમાં પણ છે, નિગોદમાં પણ છે. બધે ઠેકાણે જ્ઞાનની અવસ્થા છે. જ્ઞાન અવસ્થા ક્યાં ન હોય? અવસ્થા ન હોય તો જડ થઈ જાય. સમજાય છે કાંઈ? '**પોતાની સર્વ અવસ્થાઓમાં છે...**' અવસ્થા એટલે પર્યાયો. '**તેથી અવ્યાપ્તિવાળું નથી.**' એટલે કે જ્ઞાનની પર્યાય એના વિના રહે એમ નથી. દરેક ઠેકાણે વ્યાપે છે. દરેક ઠેકાણે પરમાં રહેતી નથી અને પોતામાં રહ્યા વિના હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**આ રીતે જ્ઞાનલક્ષણ કહેવાથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષો આવતા નથી.**' એટલે કે પોતાના લક્ષણે લક્ષિત આત્મા થઈ શકે છે અને બીજો એમાં પરપદાર્થ આવતો નથી અને પોતે પોતાના લક્ષણથી લક્ષ થઈ શકે નહિ એવું પણ નથી. સમજાણું કાંઈ? વાતું ભારે ભાઈ આ.

'**અહીં જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનો અધિકાર છે,...**' જુઓ! જ્ઞાન તે જ આત્મા. ગળપણ તે સાકર. કડવું તે અફીણ. નહિતર છે કડવો તો ગુણ, અફીણ ગુણી છે. એમ જ્ઞાન તે આત્મા. જ્ઞાન ગુણ, આત્મા ગુણી છે. છતાં એ ગુણ તે જ આત્મા. કેમ કે ગુણ અને ગુણી ભિન્ન નથી. અભેદ છે, અભેદ છે, એક છે. '**કારણ કે જ્ઞાનલક્ષણથી જ આત્મા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અનુભવગોચર થાય છે.**' લ્યો! ઠીક! કેમ કે જ્ઞાનલક્ષણ દ્વારા જ ભગવાન આત્મા સર્વ પરદ્રવ્યોથી જુદો પડીને જુદો છે માટે જ્ઞાનલક્ષણથી આત્મા અંતરમાં શુદ્ધ ચૈતન્ય છે એમ અનુભવગમ્ય થાય. જુઓ ભાષા આવી. '**પરદ્રવ્યોથી ભિન્ન અનુભવગોચર થાય છે.**' એ આત્મા આ છે એમ અનુભવ એટલે આનંદનો અનુભવ અને જ્ઞાનનો અનુભવ થાય છે. સમજાણું કાંઈ?

'**જોકે...**' હવે જરી વિશેષ સ્પષ્ટ કરે છે. '**આત્મામાં અનંત ધર્મો છે,...**' આત્મામાં અનંત ગુણો છે. ધર્મ એટલે એણે ધારી રાખેલી શક્તિઓ અનંત છે. આત્મ વસ્તુ છે. જેમ આ લાકડું. આ સુખડ છે. તો આ સુખડ છે એણે ઘણા ધર્મો ધાર્યા છે. એક તો હોવાપણું, સુગંધપણું, સુંવાળાપણું, વજનપણું, આકૃતિપણું એવી એવી ઘણી શક્તિઓ આ લાકડાએ ધારી છે. પણ એનું મૂળ લક્ષણ તો સુગંધ, સુગંધ તે સુખડ એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એમ આત્મામાં અનંત ધર્મ (છે). ધર્મ નામ શક્તિ, અવસ્થા એ ધર્મ છે. આત્મામાં અનંત શક્તિઓ છે, અનંત પર્યાયો છે, અનંત છે.

'**તોપણ તેમાંના કેટલાક તો છદ્મસ્થને અનુભવગોચર જ નથી;...**' એમાં અનંત અનંત ષટ્ગુણીહાનિવૃદ્ધિનો એક ધર્મ મહા અગુરુલઘુનો છે લ્યો! એ કાંઈ છદ્મસ્થના ખ્યાલમાં આવે નહિ. એક એક ગુણની એક સમયની પર્યાયમાં ભગવાન સર્વજ્ઞે ષટ્ગુણીહાનિવૃદ્ધિ જોઈ છે. હવે એ એના ખ્યાલમાં આવી શકે નહિ છદ્મસ્થને. એવા કેટલાક ધર્મો છે કે છદ્મસ્થના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ખ્યાલમાં (આવી શકે નહિ). છદ્મસ્થ એટલે? જે આવરણમાં.. છદ્મ એટલે આવરણમાં રહેલો છે, જેનું જ્ઞાન નિરાવરણ થયું નથી એવા જીવને, છદ્મસ્થને કેટલાક એવા ધર્મો તેના ખ્યાલમાં આવી શકે નહિ. સમજાય છે કાંઈ? **'તે ધર્મોને કહેવાથી છદ્મસ્થ જ્ઞાની...'** છદ્મસ્થ એટલે અલ્પ જ્ઞાની. છદ્મ એટલે આવરણ થાય છે અને સ્થ એટલે રહેવું. જે આવરણમાં રહેલો પ્રાણી (છે) એના કેટલાક એવો ગુણો-ધર્મો છે કે એ દ્વારા એ ધર્મને જાણી શકતો જ નથી. સર્વજ્ઞ થાય ત્યારે જણાય. **'કઈ રીતે ઓળખે?'** અજ્ઞાની છદ્મસ્થ જ્ઞાની આત્માને કઈ રીતે ઓળખે? સમજાય છે?

**'વળી કેટલાક ધર્મો અનુભવગોચર છે,...'** હવે શું કહે છે? કેટલાક ખ્યાલમાં આવે એવા છે. શું? અસ્તિત્વ. જુઓ! હોવાપણું, હોવાપણું, હોવાપણું. હોવાપણું એવો ગુણ ખ્યાલમાં આવે. પણ એ હોવાપણું તો આત્મામાં પણ છે અને હોવાપણું તો જડમાં પણ છે. એટલે હોવાપણા વડે પરથી ભિન્ન ન પાડી શકાય. હોવાપણું એવો જો એનો મૂળ ગુણ લ્યો તો હોવાપણું ચૈતન્યનું પણ છે, હોવાપણું આ પરમાણુનું પણ છે. હોવાપણા દ્વારા પરથી જુદો ન પાડી શકાય. કારણ કે હોવાપણું તો અહીં પણ છે અને હોવાપણું તો ત્યાં પણ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એમાં અનંત ધર્મો નામ ધારી રાખેલી શક્તિઓ અને અવસ્થાઓ છે. પણ કેટલાક ધર્મો તો એના ખ્યાલમાં ન આવે. અલ્પજ્ઞ પ્રાણી છે એટલે ખ્યાલમાં આવી શકે નહિ. એક વાત. બીજી વાત? કે એનામાં ધર્મ છે ખ્યાલમાં આવે એવા. તે વસ્તુ છે તો હોવાપણે છે ને? હોવાપણું છે એવું ખ્યાલમાં આવે, પણ હોવાપણા દ્વારા આ આત્મા ત્રિકાળી છે એવું ખ્યાલમાં ન આવે. એ તો હોવાપણામાં તો આનું હોવાપણું છે, શરીરનું હોવાપણું (છે). કારણ કે આમાં પણ અસ્તિત્વ ગુણ છે. આ રજકણ છે ને એનો પોઈન્ટ? એમાં પણ અસ્તિત્વ નામ હોવાપણાનો ગુણ છે. આત્મામાં પણ હોવાપણાનો ગુણ છે. છ દ્રવ્ય છે ભગવાને જોયેલા. આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. તો દરેકમાં હોવાપણાની શક્તિ છે. તો એ હોવાપણા દ્વારા આત્મા જુદો ન પડી શકે. હોવાપણામાં તો બધા આવી જાય ભેગા. એને જુદો શી રીતે પાડવો? એનો પત્તો મેળવવો હોય તો હોવાપણા દ્વારા નહિ પત્તો મેળવે એમ કહે છે. સમજાણું કાંઈ?

વસ્તુત્વ. એ પણ છએ દ્રવ્યમાં છે. અર્થક્રિયા કાર્યપણું. દરેક પદાર્થ પોતાની પ્રયોજનભૂત પરિણતિ કરી રહ્યો છે. દરેક પદાર્થ. એ વસ્તુત્વ તો પરમાણુમાં પણ છે. આત્મા વસ્તુ છે કે નહિ? પરમાણુ વસ્તુ છે કે નહિ? આ અવસ્તુ છે કે વસ્તુ? અવસ્તુ હોય એ નજરે દેખાય નહિ, ન હોય તે ખ્યાલમાં ન આવે, હોય તે હોવાપણે હોય તે ખ્યાલમાં આવે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કે આ હોવાપણે છે તો ખ્યાલમાં આવે છે. તો હોવાપણું એનામાં છે અને વસ્તુપણું એનામાં છે. તો આત્મામાં પણ વસ્તુપણું છે અને એનામાં પણ વસ્તુપણું છે. તો વસ્તુપણા દ્વારા પરથી જુદો આત્મા જાણી શકાય નહિ. સમજાણું કાંઈ? આ તો અભ્યાસ જોઈએ ભાઈ થોડો. આ તો કાંઈ કોઈ દી પાટીએ ધૂળેય નાખી ન હોય અને હવે અમે આત્મા સમજવો ને આત્મા શું? આત્મા શું? આત્મા એટલે શું? આત્મા સૌ બધા કહે છે. નાસ્તિક સિવાય બધા આત્મા-આત્મા કરે લ્યો.

મુમુક્ષુ :- ચાર્વાક સિવાય બધાય કહે છે.

ઉત્તર :- ચાર્વાક સિવાય. કીધું ને નાસ્તિક સિવાય. આત્મા નથી માનતા એ સિવાય (બધાય આત્મા કહે છે). એ એમ કહે કે આત્મા નથી. લ્યો! અમારે તો વર્તમાન પૂરતું જ છે બધું. એ સિવાયના બધા આત્મા આત્મા કરે. પણ આત્મા કેવો, કેમ જણાય અને કેવી રીતે છે? એ વાત તો તત્ત્વદૃષ્ટિ વિના સમજાય નહિ.

મુમુક્ષુ :- આત્મા સૌ સમજે છે એમ સમજી લેવાનું...

ઉત્તર :- કોઈ સમજતો નથી, ધૂળેય સમજતો નથી. કોણ સમજે છે? એનું સર્વજ્ઞપણું જે છે, એનો સ્વભાવ જ સર્વજ્ઞશક્તિ, સર્વજ્ઞ દ્રવ્ય જ છે. વસ્તુ સર્વજ્ઞ છે. સ્વભાવ જ જ્ઞ સ્વભાવ પૂરો છે. એની એકાગ્ર થઈને જે શક્તિની વ્યક્તતા પૂર્ણતા એક સમયની દશામાં સર્વજ્ઞતા થઈ, એણે જે જોયેલા પદાર્થ, એણે કહેલો આત્મા તે સાચો. એના વિનાના કહેલા જેટલા આત્મા કહે એ બધા ખોટા.

મુમુક્ષુ :- તો તો આ સંપ્રદાયિક થઈ જાય ને.

ઉત્તર :- વસ્તુ દૃષ્ટિ, દ્રવ્યાત્મક વસ્તુ એવી છે એ દૃષ્ટિ થઈ ગઈ એ તો. સંપ્રદાય દૃષ્ટિ ન થઈ. શું કીધું સમજાણું?

વસ્તુ એવી છે કે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે. તેમ વસ્તુ છે કેવી? વસ્તુ કોને કહીએ? કે વસ્તુ એક, અખંડ, અભેદ (છે). તો એનો ગુણ જ્ઞાન એક, અખંડ, અભેદ (છે). એવી ચીજ છે તો એને આશ્રયે જ્યાં પ્રગટ દશા એકરૂપ જ્ઞાનદશા પૂર્ણ થઈ એને સર્વજ્ઞદશા કહીએ. અને એણે જે જોયેલા આત્માને અને ત્રણ કાળ ને ત્રણ લોકના દ્રવ્ય આદિ એનું કહેલું તત્ત્વ તે તત્ત્વ છે. એટલે પહેલું એણે સર્વજ્ઞપણું નક્કી કરવું જોઈએ. સર્વજ્ઞપણું જ્ઞાન દ્વારા નક્કી થશે. સમજાણું કાંઈ?

જે ચીજ જગતમાં છે, એનો જાણનાર ન હોય તો છે એવું કહ્યું કોણે? સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો એવો દૃષ્ટાંત આપ્યો છે કે ડુંગર ઉપર અગ્નિ બળે છે. અહીં આપણને તો ઓલો ધુમાડો છે.. ધુમાડો છે માટે અગ્નિ છે એમ થાય. અગ્નિ છે ત્યાં ધુમાડો હોય, ન હોય એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જુદી વાત છે. પણ ધુમાડો છે માટે અગ્નિ છે. એ તો પરોક્ષ થયું. અગ્નિ નથી દેખાતી પણ ઓલો ધુમાડો છે માટે અગ્નિ છે. પણ ત્યાંના રહેલા માટે ધુમાડો છે તે અગ્નિ એમ નહિ. ત્યાંના રહેલાને તો આ અગ્નિ છે તે આ છે એમ જાણે છે ઈ. શું કહ્યું એમાં? બીજો જ્યારે અનુમાન કરે છે દૂરવાળો કે આ જે ધુમાડો છે ત્યાં અગ્નિ છે. અગ્નિ દેખાણી નહિ અહીં? તો ધુમાડાના લક્ષણે એણે નક્કી કર્યું ચિહ્નથી કે આ આગ્નિ છે. પણ જ્યારે અનુમાનથી કર્યું ત્યારે એ ચીજ જ્યાં છે ત્યાં જોનારાને આ ધુમાડો તે અગ્નિ એમ ન હોય ત્યાં એને. એને તો પ્રત્યક્ષ આ અગ્નિ છે. સમજાણું કાંઈ? એમ સાધારણ પ્રાણીને અનુમાનથી કહે કે આ આત્મા આવો. તો એ અનુમાનથી કહેનારમાં એવું સિદ્ધ થાય છે કે આખો પ્રત્યક્ષ કોઈને જણાય છે એવી ચીજ છે એ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં જ્ઞાનના અનુમાનથી થાય. જ્ઞાન તે આત્મા.. જ્ઞાન તે આત્મા. એ અનુમાન થયું. સમજાય છે? તો અનુમાન થયું ત્યારે એ વસ્તુને પ્રત્યક્ષ જોનારા કોઈ છે. એના સમીપમાં ગયેલા, અંદર ગયેલા, એના સમીપમાં ગયેલા જોનારા છે કે આત્મા ત્રિકાળ સર્વજ્ઞનો ત્રિકાળ સ્વભાવ છે. સમજાણું?

મુમુક્ષુ :- ઝીણું થઈ ગયું.

ઉત્તર :- ઝીણું થઈ ગયું. લોજિકમાં આવે તો એ આવે. આ તો ન્યાય આવે છે. ન્યાય શાસ્ત્રમાં છે આ હોં!

જેને અનુમાનથી જણાય તેને પ્રત્યક્ષ જાણનારા હોય જ. નહિતર એ અનુમાન કોનું કર્યું? સમજાય છે? એને પ્રત્યક્ષ જાણનારા ત્યાં ઊભેલા પ્રત્યક્ષ છે. એમ અનુમાનથી જેણે કહ્યું કે આ જ્ઞાન તે આત્મા. તો એ પ્રત્યક્ષ નામ પૂર્ણ જ્ઞાન દ્વારા આત્મા ત્રિકાળી અનંત ગુણનો ધરનાર પ્રત્યક્ષ એવો છે એવું એને ખ્યાલમાં આવી જાય છે. આવે નહિ તો એ સર્વજ્ઞ હોઈ શકે નહિ. તો અનુમાન જ ખોટું છે. જેનું પ્રત્યક્ષપણું ન હોય તો પછી અનુમાન શું? એમ કહે છે. મૂળ તો પ્રત્યક્ષપણાને સિદ્ધ કર્યું છે. અલિંગગ્રહણ. ભાઈ! અલિંગગ્રહણમાં પ્રત્યક્ષપણું સિદ્ધ કર્યું. પછી અનુમાન પછી. વ્યવહાર.. એ વાત છે.

ભગવાન આત્મા જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ પૂર્ણ થઈ જાય. પ્રત્યક્ષ થાય એવું જ એનું સ્વરૂપ છે. બીજી રીતે કહ્યું નહોતું આપણે? પ્રકાશ નામનો ગુણ છે એનામાં એક. ૪૭ શક્તિમાં છે. આ આત્મવૈભવમાં આવ્યું છે ને. એ પ્રકાશ નામનો ગુણ છે કે જેના દ્વારા એ પ્રત્યક્ષ થાય. પ્રત્યક્ષ થાય. નીચે (અપૂર્ણને) પણ પ્રત્યક્ષ થાય અને પૂર્ણને પણ પ્રત્યક્ષ થાય. એ વસ્તુને જાણવા માટે સ્વતઃ જાણવા માટે એને રાગ અને પરની અવલંબનતા ન હોય. પરને અવલંબે એ તો પરોક્ષ થયું. એને આ વસ્તુ છે એમ ખ્યાલ ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાઈ! વાત સમજવા માટે તૈયારી જોઈશે. એમાં એ વિના ક્યાંય આ બહારના ફાફાં મારીને મરી ગયો અનંત વાર. દુઃખી.. દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી થઈ જાય. નરક ને નિગોદની તૈયારીવાળા, કેટલાક નરક અને નિગોદમાં પડેલા. આ આત્માનું ભાન નહિ કરે તો તૈયારીવાળો છે, ત્યાં જાશે. કારણ કે આમાં નહિ રહે તો ક્યાંક રખડવામાં જાશે. અહીં નહિ આવે અંદરમાં, વસ્તુ સ્થિતિની દૃષ્ટિમાં સ્થિર નહિ થાય, આ છું નહિ આવે તો ક્યાંક આમ માન્યું છે ત્યાં જાશે. આહાહા..!

મુમુક્ષુ :- આપ બીક બતાવો છો.

ઉત્તર :- આ તો એના ન્યાયની વાત છે. આમાં બીકની ક્યાં વાત છે? આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે.

ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એમાં જો નહિ આવે તો એ બહાર છે એમાં માનશે તો બહારમાં રહેશે. તો બહારમાં તો નરક ને નિગોદ ગતિ છે રખડવાની. નિજ તળિયા નહિ તપાસે નિજ તળનાં... સમજાણું કાંઈ? શું છે? તો એની પ્રાપ્તિ ન થાય. તો પછી રાગાદિની પ્રાપ્તિ થશે જ એને. અને રાગાદિની પ્રાપ્તિમાં હિનાધિકના ભાવ અનેક પ્રકારે થશે અને એના હિનાધિકના સંયોગો મળશે. એ વસ્તુ સ્થિતિ છે. એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ?

કહે છે, અસ્તિત્વ નામનો ગુણ છે એ તો આત્મામાં પણ છે, પરમાં પણ છે. સમજાણું કાંઈ? સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા શું કહેવાય એ? સિદ્ધાંત પ્રવેશિકા. એમાં આવે છે. જૈન સિદ્ધાંત પ્રવેશિકા નાની ચોપડી છે. એમાં દરેક દ્રવ્યમાં સામાન્ય છ ગુણ છે એમ આવ્યું છે. જે ગુણ દરેકમાં છે. પરમાણુમાં પણ છે, આત્મામાં પણ છે. છે. નહિ તો છે નામનો ગુણ ન હોય તો પછી વસ્તુ શું પણ ઈ? ધર્માસ્તિ છે, અધર્માસ્તિ છે, આકાશ છે, કાળ છે, જીવ છે અને પુદ્‌ગલ છે. છએમાં અસ્તિત્વ છે. હવે અસ્તિત્વ ગુણ દ્વારા છએમાં છે. તો હવે એમાં અસ્તિત્વ દ્વારા આ જુદો ક્યાં પડ્યો? એ તો સંયોગમાં ને સંયોગમાં રહ્યો. સમજાણું કાંઈ? એમ વસ્તુત્વ, એમ પ્રમેયત્વ.

પ્રમેયત્વ એટલે શું? કે કોઈપણ.. અહીં હવે ખરો વિષય આવ્યો. જે પહેલા કહી ગયા ઈ. પ્રમેયત્વ. વસ્તુ છે એમાં પ્રમેયત્વ નામનો ગુણ છે દરેકમાં. કેમ કે એ પ્રમેયત્વ ગુણ છે તો એને પ્રમાણના જ્ઞાન જાણનારો એ જીવ કોઈ છે. જે પ્રમેયત્વ છે. પ્ર-વિશેષે, મેયત્વ- માપમાં આવે એવી ચીજ. જ્ઞેયત્વ. જ્ઞેયત્વ કહો કે પ્રમેયત્વ કહો. એ જે વસ્તુ છે જ્ઞેય. તો એ જ્ઞેય કોઈના જ્ઞાનમાં ન આવે એમ બને નહિ. પ્રમેય વસ્તુ છે એ પ્રમેય નામ જ્ઞેય છે, જ્ઞેય નામ જણાવાયોગ્ય છે. જણાવાયોગ્ય છે એ જાણનારમાં જણાવાયોગ્ય રહેલું છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો એનો જાણનાર પણ છે અને જણાવાયોગ્ય પણ છે. સમજાણું કાંઈ?

આ તો વીતરાગના તત્ત્વો એવા છે જરી. જગતને સાદા લાગે. આવે છે ને મહાવીર ભગવાનની સ્તુતિમાં? પ્રભુ! અન્યમતિના વચનો મૃદુ લાગે, મીઠાં લાગે. પણ છે કાળા ઝેર જેવા. ભગવાન! આપની વાત ન્યાય કઠણ બહુ પડે. કઠણ બહુ પડે. કેમકે અનંત કાળથી એ વસ્તુની સ્થિતિની મર્યાદા છે તે રીતે એણે જાણી નથી. આપ એ જણાવો છો એટલે બીજાને કઠણ પડે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અમૃત છે.

ઉત્તર :- અમૃત છે. કીધું છે ને. સંમતભદ્રાચાર્યમાં છે આ. અન્યમતિમાં તો બસ આત્મા એક છે, વિકલ્પ તોડી નાખો, વિકલ્પ આમ કરી નાખો, પછી આમ થઈ જાય. મીઠું લાગે. પણ કાળા ઝેર છે. અસ્તિત્વ તો સિદ્ધ કર્યું નહિ કાંઈ. અસ્તિત્વ એટલે કેટલામાં, કેવો, કેમ ગુણવાળો એનું તો નક્કી કર્યા વિના વિકલ્પ તૂટશે શેનો તારો? સમજાણું કાંઈ? ચોવીસમાં તીર્થંકર મહાવીર. છે ને? જુઓ! 'પરમત મૃદુવચન-રચિત ભી હૈ' સંમતભદ્રાચાર્ય થઈ ગયા છે મહાસમર્થ. 'પરમત મૃદુવચન-રચિત ભી હૈ' હે નાથ! હે સર્વજ્ઞ પરમેશ્વર! આપે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા. સમજાય છે? એ મહાવીરસ્વામીની (સ્તુતિમાં છે). અહીં તો બીજું કહે છે. આપે જાણ્યા અને આપે જે કહ્યા એ કેવા છે? જુઓ. 'પરમત મૃદુવચન-રચિત ભી હૈ' મીઠા લાગે આમ. ઈશ્વરની ભક્તિ કરો, પરમાત્માની ભક્તિ કરો, તમને આપી દેશે. જે દોષ હોય એ ભગવાનને અર્પી દ્યો. સહેલુંસટ લાગે જાણે. પણ મરી જઈશ. ત્યાં કોઈ ભગવાન નથી અને કોઈને અર્પે તો તારો દોષ ટળે એવું નથી. દોષ કર્યા તેં અને વર્તે કોને? કોણ છે કોઈ દેનારો ત્યાં? સમજાણું? મીઠાં બહુ લાગે અન્યમતિના. ભક્તિ કરો ભક્તિ. એ દાન કરો, પૂજા કરો તમારું કલ્યાણ થઈ ગયું. જાવ.

મહારાજ! અન્યમતિના મિથ્યાદષ્ટિના વચનો મીઠાં બહુ લાગે. 'મૃદુવચન-રચિત ભી હૈ, નિજ ગુણ સંપ્રાપ્તિ રહિત વહ હૈ.' એમાં આત્માની પ્રાપ્તિ એમાં છે નહિ. 'તવ મત નય-ભંગ વિભૂષિત હૈ, તવ મત નય-ભંગ...' નય. નિશ્ચય નય, વ્યવહાર નય, પર્યાયાર્થિક નય, દ્રવ્યાર્થિક નય, શુદ્ધ નય, અશુદ્ધ નય એવા 'તવ મત નય-ભંગ વિભૂષત હૈ. સુસમંતભદ્ર નિર્દૂષિત હૈ.' પણ આત્માના કલ્યાણ કરવા માટે નિર્દોષ છે એ. આ તો મહા થઈ ગયા સંમતભદ્રાચાર્ય. એના પહેલા પણ કહ્યું. કહ્યું છે ને માથે?

'હે જિન! સુર અસુર તુમ્હેં પૂજેં, મિથ્યાત્વી ચિત્ત નહિં તુમ પૂજેં.' હે પ્રભુ! જે કોઈ પૂર્ણ સ્વરૂપ અખંડાનંદ પ્રભુ આત્મા, એનું જેને ભાન નથી, એવા અજ્ઞાની જીવો રાગ ને પુણ્ય ને પરના અધિકપણાને માનનારા પ્રભુ! આપને નહિ નમે એ. કેમ કે રાગને નમનારા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે, ભેદને નમનારા છે, પરને નમનારા છે. એ આપને નહિ નમે. આપ વીતરાગ સર્વજ્ઞ છો. સમજાણું કાંઈ?

હે જિન! સુર અસુર તુમ્હેં પૂજેં,
મિથ્યાતવી ચિત્ત નહિં તુમ પૂજે,
તુમ લોકત્રય હિતકે કર્તા,
શુચિ જ્ઞાનમઈ શિવ-ધર ધર્તા.

૨૪ ભગવાનની સ્તુતિ છે આખી. અલૌકિક સ્તુતિ! આખું પત્તુ ભર્યું છે એમાં. ભગવાન! જેને રાગ રુચ્યો છે, જેને બાહ્ય રુચિ છે, જેને અંતર સ્વભાવ અખંડ પરિપૂર્ણની રુચિ નથી એ જીવો, પ્રભુ! આપ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર નિર્લેપ પૂર્ણાનંદ તત્ત્વ છો, એ આપનો આદર નહિ કરી શકે. સમજાય છે કાંઈ? એ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો આદર કરશે. કેમ કે એને તત્ત્વની વસ્તુની ખબર નથી.

અહીં એ કહે છે કે અસ્તિત્વ નામની શક્તિ છે દરેક તત્ત્વમાં. તો એ દ્વારા આત્મા જુદો પડી શકતો નથી. એમ પ્રમેયત્વ. પ્રમેયપણું પ્રમેયપણું. આત્મામાં એક પ્રમેયપણું છે. આત્મા પોતે જ્ઞાન અને એમાં પ્રમેય એટલે પોતે પોતાને જાણે અને પોતે પોતામાં જણાય એવો એનો ગુણ છે. શું કીધું?

મુમુક્ષુ :- પોતે જાણે અને પોતે જણાય..

ઉત્તર :- પોતે પ્રમાણ અને પોતે પ્રમેય. જ્ઞાન આમ જાણે અને પોતે જ્ઞાન એ જણાય. એટલે એમાં પ્રમેય અને પ્રમાણ બેય શક્તિ છે. અને પ્રમેય શક્તિ તો બીજામાં પણ છે. બીજા તત્ત્વો પણ જ્ઞાનમાં પ્રમેયરૂપે થઈ શકે. પણ પ્રમેય થતાં કાંઈ આત્મા ભિન્ન પડી શકતો નથી. પ્રમેય તો છએ દ્રવ્યમાં છે. સમજાણું કાંઈ? જણાવાયોગ્ય એવી શક્તિ તો દરેક પદાર્થમાં છે. કેમ કે જ્ઞેય હોય તે કોઈપણ જ્ઞાનના વિષયમાં આવ્યા વિના રહે નહિ. એવી પ્રમેયપણાની શક્તિ તો છએમાં છે. છ દ્રવ્યમાં. એનાથી આત્મા જુદો પડી શકતો નથી. કહો, સમજાય છે કે નહિ આમાં?

**'આદિ...'** આદિ એટલે છ ગુણ છે ને બીજા? **'અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ,...'** દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ એ છ ગુણો છે-સામાન્ય ગુણો. છ ગુણ સામાન્ય આવે છે કે નહિ? છોકરાઓ નથી ને? આ સિદ્ધાંત પ્રવેશિકામાં છે. રામજીભાઈ તમે છોકરા થઈ ગયા આ તો. આ તો ઓલા એને તાજા થાય. આમાં વ્યાખ્યાનમાં એવું આવતું લાગે છે. સમજાણું કાંઈ? છે ને સિદ્ધાંત પ્રવેશિકામાં. છ ગુણ-અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુ અને પ્રદેશત્વ. આ ત્રણ કીધા. દ્રવ્યત્વ એક ગુણ છે. દ્રવ્યત્વ એટલે દ્રવવું. પાણી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જેમ એકરૂપ રહીને પણ પાણીપણું રહીને પણ તરંગ ઊઠે. એમ છએ દ્રવ્યનો એવો સ્વભાવ છે કે એકપણું રહીને દ્રવે. દ્રવે એટલે પ્રવહે, પ્રવહે એટલે વહે. અવસ્થાપણું પરિણમે. એવો એક દ્રવ્યત્વ નામનો ગુણ છે. એ ગુણ પણ છએમાં છે. એથી કાંઈ આત્મા જુદો પડી શકે નહિ. એમ અગુરુલઘુ. એ છએ દ્રવ્યનો ગુણ છે. પોતાના ગુણ-પર્યાય પોતાથી જુદા ન પડે એવો ગુણ છે દરેક દ્રવ્યમાં. અને પ્રદેશત્વ-પ્રદેશપણું. એના ક્ષેત્રનું અંશપણું. એ ક્ષેત્રના અંશપણું તો દરેકમાં છે. પરમાણુમાં એક અંશ તો છે ને? પ્રદેશ છે ને? અપ્રદેશી નથી વસ્તુ. દરેક પ્રદેશ છે. પરમાણુ પણ એક રજકણનો પ્રદેશ છે. અને દરેક વસ્તુમાં પ્રદેશ નામની શક્તિ છે. તો પ્રદેશત્વથી આ આત્મા જુદો ન પડી શકે.

**'આદિ તો-અન્ય દ્રવ્યો સાથે સાધારણ અર્થાત્ સમાન છે...'** બીજા પદાર્થમાં પણ એ (ગુણો) સમાન છે. એ ગુણો સમાન છે. એ ગુણો બધામાં છે. સમજાણું કાંઈ? **'માટે તેમને કહેવાથી જુદો આત્મા જાણી શકાય નહિ, અને કેટલાક (ધર્મો) પરદ્રવ્યોના નિમિત્તથી થયેલા છે તેમને કહેવાથી પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ...'** જુઓ! ભાષા વાપરી. **'તેમને કહેવાથી પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવી રીતે જણાય?'** શું નાખ્યું ત્રીજામાં? ત્રીજામાં શું નાખ્યું?

મુમુક્ષુ :- પરને જાણવાથી...

ઉત્તર :- કોને?

મુમુક્ષુ :- બીજા ગુણો...

ઉત્તર :- ક્યા?

મુમુક્ષુ :- જ્ઞાન વિનાના જે ગુણો છે તે.

ઉત્તર :- ક્યા?

મુમુક્ષુ :- શ્રદ્ધા છે, ચારિત્ર છે, વીર્ય છે.

ઉત્તર :- માથે પકડાય છે લ્યો!

**'પરદ્રવ્યોના નિમિત્તથી થયેલા...'** શું કીધું? ત્રણ પ્રકાર પાડ્યા. એક તો આત્મામાં એટલા ગુણો છે (કે એમાંના) કેટલાક ગુણો તો એના ખ્યાલમાં ન આવે. માટે એ કહેવાથી જણાય નહિ. બીજી વાત. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ, પ્રદેશત્વ, અગુરુલઘુ એવા ગુણો તો આત્મામાં પણ છે અને બીજામાં પણ છે. તો એ દ્વારા જુદો જણાય નહિ. સમજાણું કાંઈ? હવે ત્રીજો બોલ આ લીધો.

**'કેટલાક (ધર્મો) પરદ્રવ્યોના નિમિત્તથી...'** એટલે કે કર્મના સંગે દયા, દાન, પુણ્ય-પાપ, કામ, ક્રોધના ભાવ (થાય) એ પરદ્રવ્યના નિમિત્તથી થતાં વિભાવભાવ (છ). એ વિભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ જીવે ધારી રાખ્યો છે. માટે ધર્મ તો પર્યાયધર્મ એનો છે. એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કેટલાક (ધર્મો) પરદ્રવ્યો...'** કર્મના સંગે અંદર શુભ-અશુભ રાગ દયા, દાન, પુણ્ય-પાપના ભાવ થાય એ થયા છે. **'તેમને કહેવાથી પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવી રીતે જણાય?'** રાગ તે આત્માનો ધર્મ છે એમ કહે લ્યો રાગ. તો રાગથી આત્મા શી રીતે જણાય? સમજાણું? એ તો વિકાર છે. આત્મા નિર્વિકાર ત્રિકાળ છે. એટલે રાગ દ્વારા આત્મા જણાય એમ પણ નથી. સમજાય છે કાંઈ? પંચાસ્તિકાયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં બધી પર્યાયોને લક્ષણ વર્ણવ્યું. લક્ષણ એટલે ફક્ત વસ્તુનું અસ્તિત્વ સિદ્ધ કરવા. અસ્તિત્વ સિદ્ધ કરવા. સમજ્યા? બધા પર્યાયને લક્ષણ કીધા. પંચાસ્તિકાયમાં. આ તો લક્ષણ એવું કે જે પોતાને જ પકડે. એમ. સમજાણું કાંઈ? ઓલામાં તો હોવાપણું એટલું. હોવાપણું એટલું કીધું ત્યાં. પણ લક્ષણ તો બધાના કહ્યા છે. પંચાસ્તિકાયમાં કહ્યા છે. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણ છે ને એના. પણ ઉત્પાદ-વ્યય તો બધી પર્યાયના ઉત્પાદ-વ્યય-લક્ષણ થયું. પણ એ તો એક હોવાપણું એટલું. બસ એટલું. આ તો હોવાપણું એનું કાયમી ત્રિકાળી આનંદરૂપ કેવું છે એનું લક્ષણ તો જ્ઞાનથી જણાય. જ્ઞાન વિના આત્મા જણાય નહિ. સમજાણું કાંઈ? હવે એની મેળાએ આ વાંચે કેટલાક. સમયસાર અમે પંદર દીમાં વાંચી ગયા. લ્યો.

મુમુક્ષુ :- હુશિયાર માણસ રહ્યો ને....

ઉત્તર :- ધૂળેય હુશિયાર નથી. એક દીમાં તો કેટલું વાંચે આમાં? ૪૧૫ શ્લોક, ૪૦૦૦ શ્લોકની ટીકા. સમજાણું? .. આવતા પહેલા હોં! સવા લાખ શ્લોક. ૧૬ હજાર શ્લોક ભગવતીના છે. ૧૬ હજાર હોં! અને સવા લાખ શ્લોકની સંસ્કૃત ટીકા. ૨૨ દીમાં પૂરું કર્યું હતું એક ફેરી. ૭૬માં. (સંવત) ૧૯૭૬માં હોં! પછી તો વાંચવું છોડી દીધું હતું. ૨૨ દીમાં. ૭૬ના ચોમાસામાં. ૨૪ ને ૨૪, ૪૮ વર્ષ થયા. એક સાથે ૪૫ સૂત્ર વાંચતા હતા. ૪૫ એક સાથે .. જેટલા શાસ્ત્ર છે એટલા. એક ભગવતી મોટામાં મોટું. ૧૬ હજાર શ્લોક અને સવા લાખ શ્લોકની સંસ્કૃત ટીકા. ૨૨ દીમાં પૂરું કર્યું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બધું તૈયાર હતું મગજમાં. તૈયાર. બધા ભાવો મગજમાં તૈયાર હતા તો સંસ્કૃતને વાંચીને બધી વાંચી ગયેલા. સંસ્કૃત ટીકા લાખો શ્લોકની. લાખો શ્લોકની. ૪૮ વર્ષ પહેલાની વાત છે. સમજાણું કાંઈ? તે દી બધા એકસાથે ભેગા વાંચતા હતા ને. સૂત્રો એવા બધા હતા. ... આવી ગયા હતા બધા. .. બધા ભેગા કરીને એકસાથે બધું વાંચ્યું. થોડા પાંચ મહિનામાં ... શ્વેતાંબર શાસ્ત્ર. આ વાત નથી ત્યાં ક્યાંય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ સંતોની વાત, દિગંબર મુનિઓ સર્વજ્ઞ પરમાત્માએ કહેલું એ તત્ત્વને અહીં .. જે આત્મા સાક્ષી પૂરીને એને જણાય કે ઓહો..! આ વસ્તુ આવી છે. સમજાણું કાંઈ? એમાં કુંદકુંદાચાર્ય, એની કથની, એની વાત. દિગંબર સંત મુનિ. અલૌકિક કેવળજ્ઞાનના કેડાયતો. કેવળજ્ઞાનના કેડાયત. કેડાયત તો સમજાય છે ને? કેડાયત નથી સમજતા? કેડે કેડે ચાલનારા. આ આનો કેડાયત છે એમ નથી કહેતા? કેડાયત. કેડાયતમાં શું આવ્યું? કેડાયત. ભાષા શું છે જુદી? એ અમારા પંડિતને પૂછયું. અહીં તો અમારી ભાષા આવે. કેડાયત એટલે કેડે ચાલનારા. બાવળના કાંટા હોય ને ત્યાં એક કેડો હોય. આડોઅવળો ન જાય. આડોઅવળો જાય તો.. બકરા પણ આમ બરાબર ચાલે હોં. ઢોર હોય એ પણ કેડે ચાલ્યા જાય. નહિતર તો ક્યાંક અથડાઈ જાય. આ તો તીર્થંકરના કેડાયત છે. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ કહ્યું એના કેડાયત સંતો હતા. આ એની વાણી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાન આત્મા એની અંદર તો કર્મના નિમિત્તે પુણ્ય-પાપની ઉપાધિ પણ ઉત્પન્ન થાય છે. એ વિકારભાવ છે. એ વિકારભાવ દ્વારા આત્માને કેમ ઓળખાય? .. એમ કહેવું છે. ઓળખાય ખરો. '**તેમને કહેવાથી પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ...**' એમ. ભાષા એટલી છે. હોવાપણું એ જણાય. તેથી પંચાસ્તિકાય યાદ આવી ગયું. સમજાણું? પણ '**પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવી રીતે જણાય?**' એમ ભાઈ! ભગવાન આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્યઘન છે. એના કિરણો દ્વારા આ કિરણ એનું છે એમ જણાય. પણ એના કિરણમાં નથી અને રાગાદિ તો નવો ઉત્પન્ન થયેલો ઉપાધિભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ તો ઉપાધિ વિકલ્પ છે. એના દ્વારા આત્મા છે એમ છે ક્યાં? ગુણમાં નથી અને દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? અને પહોંચવું છે દ્રવ્યને. એકલું હોવાપણાનું નહિ, પણ પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ. કેવું લખ્યું જુઓને! ખરેખર આત્માનું શુદ્ધ આનંદસ્વરૂપ એ વિકારના લક્ષણે કેમ જણાય? કારણ કે વિકારથી તો હોવાપણું એટલું (ખ્યાલ આવે). પણ આખો પરમાર્થ ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે એ વિકારથી કેમ જણાય? કહો, સમજાણું કાંઈ? જુઓ! જયચંદ્ર પંડિતે આ અર્થ ભર્યા છે. મૂળ પાઠને સમાન રાખવા માટે. એવા તો ગૃહસ્થ તૈયાર હતા જયપુરમાં. સમજાણું? બાયડી, છોકરા, ધંધો છે ને. કાંઈ બાવા નહોતા. તો પણ આવા ઉકેલ કરનારા શાસ્ત્રના એ વખતે હતા. ૨૦૦ વર્ષ પહેલા થઈ ગયા છે. સમજાય છે? ટોડરમલ, બનારસીદાસ જુઓ તો આમ ગૃહસ્થાશ્રમમાં પણ ધર્મધુરંધર મોટા ધર્મના થાંભલા. તત્ત્વજ્ઞાનને ઊભું રાખ્યું આમ. માર્ગ આ છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, '**માટે જ્ઞાનને કહેવાથી જ છદ્મસ્થ જ્ઞાની આત્માને ઓળખી શકે છે.**' લ્યો! માટે આવા કારણો મૂકીને કહ્યું કે જ્ઞાનને કહેવાથી. જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા. એનાથી પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણી શકાય છે. એમ લઈ લેવું. ઓલાથી ન જણાય તો જ્ઞાનને કહેવાથી છદ્મસ્થને, જ્ઞાની આ છદ્મસ્થ જ્ઞાની એટલે અલ્પ જ્ઞાની શુદ્ધ આત્માનું સ્વરૂપ પરમાર્થે તે ઓળખી શકે છે. કહો, સમજાય છે કાંઈ આમાં? શું આમાં વાતમાં શું કહે છે આ?

એમ કહે છે, ભગવાન! કે તને જાણવો હોય, તું કેવો અને ક્યાં છો? તો એ આ જાણવાની જે પ્રગટ દશા છે ને? એ વડે ત્યાં અંદર જા તો જણાય. કારણ કે જેનું લક્ષણ છે એને પકડે તો જણાય. એ વડે આત્મા પરમાર્થે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એવો જ્ઞાન દ્વારા અનુભવ થઈ શકે છે. વિકલ્પ દ્વારા નહિ, અસ્તિત્વ દ્વારા નહિ, અન્ય ધર્મો દ્વારા નહિ. સમજાય છે કાંઈ? જે ન જણાય એના દ્વારા નહિ.

'**માટે જ્ઞાનને કહેવાથી જ છદ્મસ્થ જ્ઞાની આત્માને ઓળખી શકે છે.**' કે આ જાણનાર તે જ આત્મા. આ જાણવાની દશા તે દ્રવ્યની. આ જાણવાની અવસ્થા તે વસ્તુની. અંદર ત્રિકાળ વસ્તુના તળિયા એ જ્ઞાનલક્ષણે પામી શકાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**અહીં જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે...**' અહીં આ જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે. '**એટલું જ નહિ, પણ જ્ઞાનને જ આત્મા જ કહ્યો છે;...**' ભેદ કાઢી નાખ્યો. આ જ્ઞાન તે આત્મા એ તો ભેદ પડ્યો. સમજાણું? જ્ઞાન તે આત્મા એ તો જણાવા માટે (કહ્યું હતું) પણ ખરેખર તો એ જ્ઞાન તે જ આત્મા છે. જ્ઞાનને લઈને જ્ઞાયક આત્મા છે એમ નહિ. વસ્તુ જ પોતે જ્ઞાયક છે. સમજાણું કાંઈ? જ્ઞાનને-જાણવાના સ્વભાવને પ્રગટ લક્ષણ જે છે તેને આખો આત્મા કહી દીધો છે. કેમ જ્ઞાનને જ આત્મા કહ્યો? '**કારણ કે અભેદવિવક્ષામાં ગુણગુણીનો અભેદ હોવાથી,...**' અભેદ વિવિક્ષા. વિવિક્ષા એટલે કહેવું. એકરૂપના કહેવામાં ગુણ જ્ઞાન અને ગુણી આત્મા તેનો અભેદ હોવાથી. બેય અભેદ જ છે. મીઠી તે સાકર એમ કહેવું એ કરતાં મીઠાપણું એ જ સાકર. સમજાણું કાંઈ? મીઠી તે સાકર નહિ, મીઠાપણું એ જ સાકર. જ્ઞાન તે જ આત્મા.

'**જ્ઞાન છે તે જ આત્મા છે. અભેદવિવિક્ષામાં જ્ઞાન કહો કે આત્મા કહો- કાંઈ વિરોધ નથી; માટે અહીં જ્ઞાન કહેવાથી આત્મા જ સમજવો.**' અહીં જ્ઞાન કહેવાથી આત્મા સમજવો. કહો, સમજાણું? જ્ઞાન તે આત્મા. આત્મા તે જ્ઞાન અને આત્મા તે દર્શન અને આત્મા તે આનંદ. પણ જ્ઞાન તે આત્મા એ અહીં સિદ્ધ કરવું છે. પ્રવચનસારમાં આવે છે ને. જ્ઞાન તે આત્મા. પણ આત્મા તે એકલું જ્ઞાન એમ નહિ. આત્મા તે સુખ આનંદ, દર્શન આદિ અનંત ગુણ છે. જ્ઞાન દ્વારા જણાય છે આખો આત્મા અનંત ગુણનો પિંડ. સમજાણું કાંઈ? છેલ્લી ગાથાઓમાં એકદમ ટૂંકું અને સારું, ટૂંકું અને ઊંચું એમ ભરી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દીધું છે. પણ હવે અભ્યાસ જોઈએ ભાઈ! આ તો અંતરના ઘરની (વાતું છે). અરેરે..! આ ઉકળાટ ચોર્યાસીના ટાળવાને માટે આ ચીજ શું છે? એનો પત્તો મેળવ્યા વિના એનો ઉકળાટ ટળે એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ ભગવાન અનાકુળ તત્ત્વ છે. અનાકુળ કહો કે આનંદસ્વરૂપ છે. એવો જે ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એને મેળવવા માટે કહે છે જ્ઞાન તેને અંતરમાં લઈ જવું, ત્યારે દ્રવ્યનો અનુભવ થઈ શકશે. બીજો એનો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ? આમાં તો એ લખ્યું. ભગવાનની ભક્તિ કરવાથી, દયા પાળવાથી, વ્રત પાળવાથી આત્માનો પત્તો ન ખાય એમ કહે છે. હળવો હળવો તો થાય કે નહિ કાંઈક?

મુમુક્ષુ :- જરાય નહિ.

ઉત્તર :- જરાય નહિ તો આ બધા કરતા હતા શું કરવા?

ભાઈ! જે એનો પંથ છે તે પંથે ન જાય અને બીજે પંથે જાય અને માર્ગ કાપે છે એમ બોલે. ઊંધો છે. રાગને પંથે જાવું એમાં આત્મા ક્યાં આવ્યો ત્યાં? સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનજ્યોત ચૈતન્યસૂર્ય છે એ પ્રકાશને પૂરે જાય, પ્રકાશ ત્યાંથી આવે છે, એ પ્રકાશ ત્યાંથી આવે છે. સમજાણું કાંઈ? દોરીનો દાખલો આપ્યો છે ને અનુભવપ્રકાશમાં. નહિ? દોરીનો.

પંખા ચાલે છે ને? પહેલા પંખા ચાલતા. તો એ પંખાવાળો દોરીનો (હલાવનારો) અંદર ન બેઠો હોય. અમે તે દી જોયેલું ને. (સંવત) ૧૯૬૩ની સાલ. મોટો ગોરો. ત્રણ હજારનો પગાર. તે દી ત્રણ હજાર. અહીં કાણું હોય આમ લાકડામાં. કાણું હોય ને.. તે દી ૬૩માં જોયું હતું. બીજે ક્યાં જોવા ગયા હતા અમે પછી? તે દી તો અમારો કેસ ચાલતો હતો ને મોટો. ૩૭ દી કેસ ચાલેલો. ત્રણ કલાક સુધી કોર્ટમાં સાક્ષી દીધી હતા. ખોટી સાક્ષી, ખોટા આરોપ દેનારા. અત્યારે ખોટા આરોપ દેનારા એવા ને એવા છે. પંખો ચાલે મોટો. લૂગડા બાંધ્યા હોય ને લૂગડા. આની પાછળ લૂગડા ને હેઠે ઝાલર હોય.

મુમુક્ષુ :- એમાં રેતી હોય.

ઉત્તર :- હા, રેતી હોય. એટલે પછી બહુ ફડફડ ન થાય. અંદર રેતી નાખી હોય. પણ એ દોરી હાંકનારો બહાર બેઠો હોય આઘો, હોં! કાણું પાડી દોરી રાખે. ત્યાંથી આમ હાંકે. આમ આમ હાંકે. ચારે કોર .. હતા. ૬૩ની સાલની વાત છે. મોટો કેસ ચાલ્યો હતો. ૧૭ વર્ષની ઉંમર. આમ ચાલે. કારકુન પૂછતો હતો. કારકુન પૂછતો હતો. ગોરો તો બેઠો હતો, ગોરો બેઠો હતો. અહીં સાચી વાત હતી તો સાચે સાચી ત્રણ કલાક કહી દીધી. અમારે ગાંડાભાઈ હતા. ગાંડાભાઈને ઘડીક થયું કે અરે..! આ! નાની ઉંમર છે ને. ૧૭ વર્ષની. સુંદર શરીર, .. મોટું. બહાર નીકળ્યા. કેમ થયું? કાંઈ થયું નથી અમારે. આપણે શું? સત્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હતું તે કહી દીધું. મોટી આ કોર્ટ અને મોટી કોર્ટ અમારે શું? અમારે કાંઈ દબાણ નથી. અહીં કોઈનું દબાણ લાગતું નહોતું કાંઈ. ત્રણ કલાક. ૬૩ની સાલની વાત છે. હાંકે ત્યાં દોરી આઘી હોય એમ કહેવું છે.

એમ આત્માના જ્ઞાનની દોરી અંદર આ ક્યાંથી નીકળી દોરી? જ્ઞાનનો પર્યાય જે પ્રગટ જણાય છે એ દોરી કોની છે. જ્ઞાનની દોરીએ જા તો આત્મા આ છે એમ જણાય તને. એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય ઉઠે છે ક્યાંથી? જ્ઞાનની અવસ્થા રાગને જાણવાની એ પોતાની ઉઠે છે ક્યાંથી પર્યાય? અંતરમાંથી. સમજાણું કાંઈ?

'**માટે અહીં જ્ઞાન કહેવાથી આત્મા જ સમજવો.**' ઓહોહો..! તદ્દન જ્ઞાનની દશા દ્વારા એ પર્યાયનું જે કિરણ છે એ કિરણ સૂર્ય ચૈતન્ય દ્રવ્યનું છે. એના અંતરમાં લક્ષ જતાં આત્માનો અનુભવ થાય. એને આત્માની પ્રાપ્તિ અને એને સમ્યગ્દર્શન અને એને શાંતિ અને એને ધર્મ કહેવામાં આવે છે. ત્યાં એને જન્મ-મરણની ગાંઠ ગળી જાય છે. પછી એને અવતાર થતો નથી. આ રીતે કર્યા વિના જન્મ-મરણ ગળે એવા નથી. આહાહા..! અહીંયાં હજી જરી બહાર અનુકૂળતા દેખે ત્યાં તો ગલગલિયા થઈ જાય એને. આ અનુકૂળતા શું? કે લાડવો કંઈક આવ્યો ઠીક, કોઈએ બે મોઢે બોલાવ્યો, કાંઈ જરી લૂગડું ઠીક આવ્યું ત્યાં હરખ થઈ જાય. પણ શું થયું પણ તને આ? હડકવા શું લાગ્યો તને?

ભગવાન ચિદાનંદ મોટો બિરાજે છે પ્રભુ. તને બહારની ચીજમાં અધિકતા શું તને દેખાણી? બહારની ચીજે અધિક માનવું એ જ મિથ્યાત્વનું લક્ષણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનગુણે '**णाणसहावाधियं मुणदि आदं**' એમ છે ને? ... બહારની કોઈપણ અધિકતા જો ભાસી તને, વિકલ્પની, રાગની કોઈપણ અધિકપણે તને હરખ આવ્યો એ ચૈતન્યનું ખૂન કર્યું છે તેં. આહાહા..! ચૈતન્યનું જીવન જ્ઞાનસ્વરૂપનો તેં અનાદર કર્યો છે અને રાગવાળો એમ માનીને રાગથી હરખમાં આવી ગયો છો. તેં મૃત્યુ કર્યું જીવનું. એય..! પોપટભાઈ! આવી વાતું છે. તારું જીવન છે એ તો જ્ઞાન દ્વારા અંદરમાં જઈને જો તો આ વસ્તુ અખંડ છે એને પરની અધિકાઈ લાગશે નહિ. ચાહે તો પુણ્ય પરિણામ હો, ચાહે તો પુણ્યના ઢગલા હોય. અધિકાઈ કોઈ ચીજની લાગશે નહિ. ત્યારે તેણે આત્મા જાણ્યો અને અનુભવ્યો સમ્યગ્દર્શનમાં એમ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા સુદ ૩, ગુરુવાર તા. ૦૧-૨-૧૯૬૮**
**ગાથા-૩૯૦ થી ૪૦૪, પ્રવચન-૪૭૪**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. છે? '**ટીકામાં છેવટે એમ કહેવામાં આવ્યું કે-**' ત્યાંથી છે. ભાઈને બતાવો. બતાવ્યું? આવ્યું? આ નવું છે એમાં ૫૮૮ પાનું છે. જૂનામાં ફેર હશે. ૪૭૨ જૂનામાં. શું કહે છે? '**ટીકામાં છેવટે એમ કહેવામાં આવ્યું કે-જે, પોતામાં અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને,...**' એટલે શું કહ્યું? જેને આત્માનું હિત કરવું છે એણે શું કરવું? કે આત્મા વસ્તુમાં જે અનાદિથી આત્મામાં સ્વરૂપના ભાન વિના શુભ અને અશુભ પરિણામો જે થાય છે એ દુઃખરૂપ છે. એનાથી પાછો વળી, નિવર્તિને આત્માના સન્મુખ થઈને આત્માનું દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરવું. કહો, શું કીધું? જુઓ!

'**પોતામાં...**' પોતામાં એટલે આત્મામાં. પોતામાં એટલે આત્મામાં '**અનાદિ અજ્ઞાનથી...**' અનાદિ કાળના પ્રવાહમાં. અનાદિનો આત્મા છે. સમજાય છે? ત્રિકાળ નિરવધિ પ્રવાહમાં. છે ને ક્યાંક. નહિ? પ્રવચનસાર કે ક્યાંક છે. નહિ? ત્રિકાળ. એનો અર્થ એ છે કે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ચાલ્યો આવે છે. એમ. ત્રિકાળ નિરવધિ પ્રવાહ. અનાદિનો જે પ્રવાહ છે એમાં આત્મા તો ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય.. નિત્ય ચાલ્યો આવે છે. એની ઉપર પર્યાયમાં, પર્યાય એટલે એની અવસ્થામાં અનાદિ કાળથી '**અજ્ઞાનથી થતી...**' એટલે શું કહે છે? કે વસ્તુસ્વરૂપ છે એ આત્મા શુદ્ધ ચિદાનંદ અખંડ અભેદ અખંડ આનંદ છે. છતાં એને પુણ્ય-પાપના ભાવ થાય છે એ કેમ? એમાંથી તો શુદ્ધતા ને એકતા ને અખંડતા પ્રગટ થવી જોઈએ.

વસ્તુ છે એ તો શુદ્ધ ચિદ્દ્ઘન ધ્રુવ ધ્રુવ, એમ સત્ સત્, આનંદ સત્, જ્ઞાન સત્, શાંતિ સત્ પ્રભુતા એવા ગુણોવાળું સત્ સત્ સત્ સત્ ધ્રુવ છે. એમાંથી તો શુદ્ધતા, સ્વભાવના શક્તિમાંથી શુદ્ધતા પરમ આનંદતા એવી સ્વચ્છતા અને આનંદ પ્રગટવો જોઈએ. એનું વસ્તુનું સ્વરૂપ તો આ છે. છતાં તેના વસ્તુમાં ધ્રુવ અનાદિ આ છે એવો જે પ્રવાહ ભગવાન આત્માનો, એના ઉપર લક્ષ નહિ હોવાથી અજ્ઞાનને લઈને શુદ્ધ ચૈતન્ય વસ્તુના અભાનને લઈને '**અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમય...**' પુણ્ય અને પાપના ભાવ થાય છે એ રાગનો ભાગ છે. શુભરાગ કે અશુભરાગ, મંદરાગ કે તીવ્રરાગ એ વિકારી પરિણામ થાય છે એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનથી થતી ઉપયોગરૂપી પરિણતિ છે-પરસમય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉપયોગ શુભ-અશુભરૂપ ભાવ ઉપયોગ પરસમયની, એ અનાત્માની પ્રવૃત્તિ છે. એ આત્મસ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં શરીર, કર્મ ને આ તો જડ છે. એ તો એની સાથે કાંઈ સંબંધ નથી. આ તો માટી, ધૂળ છે, અજીવ છે. આત્મા વસ્તુ પોતે છે. ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે જોયો, છે અને કહ્યો એ આત્મા, એનું ધ્રુવપણું તો અનાદિનું ચાલ્યું આવે છે. છે.. છે.. છેપણું. કે નવું છે? નવો થાય? હવે એ છે છે એની વર્તમાન દશામાં ધ્રુવપણું, સત્‌પણું, હોવાપણું, કાયમનું એકરૂપ હોવા છતાં એના અંતર અજ્ઞાનને કારણે, એ વસ્તુના ભાન વિના અજ્ઞાનને કારણે થતી શુભ-અશુભરૂપ, વેપારરૂપ પરસમય, પરસમય નામ આત્માની શુદ્ધ પરિણતિ (હોવી જોઈએ એવી) આત્માની નથી. એ અનાત્મ પ્રવૃત્તિ છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

એ '**અજ્ઞાનથી થતી શુભાશુભ...**' વેપાર. ઉપયોગ એટલે અંતર વેપાર-આચરણ. એવો જે પરસમય, પર નામ શુદ્ધ સ્વરૂપ આત્મા એનાથી વિરૂદ્ધ એવો જે ભાવ, એને અહીંયાં પરસમય-અનાત્મા, અનાત્મા-વાસ્તવિક આત્માનું સ્વરૂપ નથી. એ પરસમયની પ્રવૃત્તિ છે તે દુઃખરૂપ છે. કહો, સમજાણું કાંઈ? અહીં એમ નથી કહ્યું કે પ્રતિકૂળતાને દૂર કરીને, અનુકૂળતાને દૂર કરીને, અનુકૂળતાને મેળવીને, પ્રતિકૂળતાને દૂર કરીને. એ પ્રતિકૂળ-અનુકૂળ કોઈ ચીજ જ નથી. એ તો જગતની ચીજો એને કારણે ત્યાં પરિણતિએ પર્યાય બદલીને હો તો હો. શરીરની, બાહ્ય સામગ્રીની. ફક્ત એ વસ્તુ પોતે છે. એનું એને ભાન નથી અનાદિથી. ભાન નથી તેથી જે શુદ્ધ ચૈતન્ય વસ્તુ જેને આત્મા કહીએ, એની પરિણતિ નથી. એ પરભાવ પુણ્ય-પાપની અવસ્થા એની, પણ એ વાસ્તવિક તત્ત્વ વસ્તુની અવસ્થા નથી. વસ્તુની અવસ્થા હોય તો શુદ્ધ હોય અને આનંદદાયક હોય. સમજાણું કાંઈ? એથી જેને ધર્મ કરવો હોય, એટલે કે આત્માનું દુઃખ ટાળવું હોય દશામાં એને શું કરવું? કે જે અજ્ઞાનથી ઉત્પન્ન થતી પુણ્ય-પાપના વેપારવાળી પરસમયની પ્રવૃત્તિના જે પરિણામ, એને દૂર કરીને. દૂર કરીને એટલે કે એનું લક્ષ છોડી દઈને. લ્યો! સમજાણું કાંઈ?

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ...**' પરસમયની પ્રવૃત્તિનો વ્યય દૂર કરીને અને '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને,...**' બહુ ટૂંકું છે પણ છે મોટું ગર્ભ. ભગવાન આત્મા એ પુણ્ય-પાપની વૃત્તિઓ છે વિકાર દુઃખરૂપ છે ઈ. કહો! નિર્ધનતા એ દુઃખ નથી. સરોગતા એ દુઃખ નથી. એ તો જડની એક અવસ્થા છે. એમાં દુઃખ-બુખ હોઈ શકે નહિ. આત્મામાં શુદ્ધ ચિદાનંદ મૂર્તિ ભગવાન પરમેશ્વરે જેવો પ્રગટ કર્યો છે એવો આત્મા છે. અરિહંત પરમાત્માએ જેવો પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ પ્રગટ કર્યા એ આત્મા એવો છે. અનંત જ્ઞાન, દર્શન, આનંદ એવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનંત ચતુષ્ટય અંદર પડ્યા છે. સમજાય છે? એનું અનાદિથી ભાન નહિ હોવાથી અજ્ઞાનથી ઉત્પન્ન થતાં પુણ્ય અને પાપના ભાવ, એને અહીંયાં અનાત્મા કહ્યો છે, એને પરસમય કહ્યો છે, એને દુઃખરૂપ દશા કીધી છે, એને ઝેરની પ્રવૃત્તિ કીધી છે. કહો, સમજાણું આમાં? એ દૂર કરીને.

અંદર જેને આત્માનું હિત કરવું છે અને જેને ધર્મ કરવો છે ને જેને જે છે તેમ થવું છે. આત્મા જેમ છે તેમ જેને થવું છે. તો જેમ નથી એવી જે પુણ્ય-પાપની વૃત્તિ તેનું લક્ષ છોડી દઈને. અંતર ચિદાનંદ સ્વરૂપનું સમ્યગ્દર્શન. શુદ્ધ જ્ઞાનમૂર્તિ, તેની અંતર સન્મુખ થઈને એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં લીનતારૂપ ચારિત્ર. એવી ત્રણરૂપ પ્રવૃત્તિ. એ પણ પ્રવૃત્તિના પરિણામ છે. ઓલા શુભાશુભ પરિણામ પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... પ્રવર્તતારૂપ પરિણામ હતા એને છોડી દઈને આત્માના તરફના શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પ્રવૃત્તિરૂપ પરિણામ એ સ્વસમયને પ્રાપ્ત કરીને. આત્માના શુદ્ધ પર્યાયને એટલે જે સ્વસમય છે, જે આત્મરૂપ છે એને પ્રાપ્ત કરવા. એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

આત્મ વસ્તુ ભગવાન આત્મા સત્ સત્ સ્વભાવનો, સત્ સ્વભાવનો ગોળો-પિંડ છે. એમ ને એમ છે. આદિ વિનાનું તત્ત્વ. આદિ છે એને? તેથી અનાદિ લીધું. છે... છે... છે... છે... છે... એને પાછું અનાદિથી અજ્ઞાનથી પાછું, એમાં પણ અનાદિ અજ્ઞાનથી. એમ અનાદિ છે એનું એને અનાદિ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એને લઈને ઉત્પન્ન થતી ખંડ ખંડ વિઘ્નરૂપ, દુઃખરૂપ, ઝેરરૂપ શુભ-અશુભ ભાવની પ્રવૃત્તિરૂપ ઝેર છે, અધર્મ છે, દુઃખ છે, એનાથી જીવને પાછો વાળી અને આત્મા જેવું સ્વરૂપ એનું છે તેની અંદર શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રરૂપ પ્રવૃત્તિને પ્રાપ્ત કરી. ભાષા તો બહુ ટૂંકી પણ ભાવ બહુ (ગંભીર છે). આહાહા..! એણે કોઈ દી આ આત્મા શું વસ્તુ છે પોતે એની એને ખબર નથી.

ચૈતન્ય ચિંતામણિ સ્ફટિકરત્નની મૂર્તિ છે. ચૈતન્ય ચિંતામણિ સ્ફટિક રત્ન. એવો ભગવાન આત્મા ધ્રુવ ગોળો એમ ને એમ અનાદિ છે. પણ એ વસ્તુનું અંતરનું જ્ઞાન નહિ હોવાથી એના અભાનને લઈને શુભ અને અશુભ પ્રવૃત્તિ બેયને અહીં તો પરસમય જ કીધી છે. એ આત્માની પ્રવૃત્તિ નહિ. આહાહા..! એય..! આ લાદીની પ્રવૃત્તિ અને લાકડાની એ નહિ. અહીં એ વાત નથી. દૂર રહી ગયું. એ તો પ્રવૃત્તિ એની છે. એ તો એ પરમાણુની પ્રવૃત્તિ છે. લાદીની પર્યાય થવી, આમ થવું ને તેમ થવું અને એમાં ભાત પડવી. શું કહેવાય એને? ડિઝાઈન. એ ડિઝાઈન આમ કરીને આમ ... એ તો એની પર્યાય છે. એ પરમાણુની એ સમયની અવસ્થારૂપી એની પ્રવૃત્તિ છે. એમાં આત્માનો અધિકાર બિલકુલ નથી. ભગવાનભાઈ! બરાબર હશે? આ સંચા-બંચા ચાલે ઈ? તમારા શું કહેવાય આ? ભારે વાત ભાઈ! શું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહેવાય આ તમારા જોડા? ચંપલ. બીજું શું કહેવાય એને? પ્લાસ્ટિક. પ્લાસ્ટિકના ચંપલ થાય એની પ્રવૃત્તિના પરિણામ એ પરમાણુઓ છે એની પર્યાયની પ્રવૃત્તિ છે. જીવની એમાં નહિ, જીવને લઈને નહિ.

વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો એ પણ ધ્રુવપણે અનાદિ નિરવધિ પ્રવાહમાં એ પણ ધ્રુવપણે પરમાણુ... પરમાણુ... પરમાણુ... પરમાણુ... પરમાણુ... ચાલ્યો આવે છે કે નહિ? કે નવો થયો છે? આહાહા..! પરમાણુ... પરમાણુ... પરમાણુ... ધ્રુવ રજકણ છે ને પોઈન્ટ. અનાદિ એમ ને એમ ચાલ્યો આવે છે. એની વર્તમાન પર્યાય જે થાય છે એ એની પ્રવૃત્તિ છે. એ પરમાણુની પ્રવૃત્તિ છે. આત્માની નહિ. આત્મા એને કરી શકતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ! આ લૂગડું છે કે નહિ? એ લૂગડું આમ ફરે છે ને આમ થાય છે એ પ્રવૃત્તિ લૂગડાના રજકણની છે. આત્માની નહિ એમ કહે છે. ત્યારે આત્માની કઈ ભૂલવાળી પ્રવૃત્તિ? ભૂલવાળી. કે અંદર શુભ અને અશુભ રાગ અને દ્વેષ કરે, પરિણામ કરે તે એની ભૂલની પ્રવૃત્તિ. એ કરી શકે છે. સમજાણું કાંઈ? એ ભૂલવાળી જે પ્રવૃત્તિ શુભરાગ હોં! દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ અને હિંસા, જૂઠું, ચોરીના અશુભભાવ, એને અહીંયાં પરસમયના અનાત્માના પ્રવૃત્તિરૂપ પરિણામ કહ્યા છે. વાસ્તવિક ભગવાન આત્માની પ્રવૃત્તિ નથી. આહાહા..! હજી તો આ બહારની પ્રવૃત્તિ એની નથી, આ પણ પ્રવૃત્તિ એની નથી. ઓલી તો છે જ નહિ કહે છે. પણ આ તો જ્યાં હોય ત્યાં હમણાં અમે પ્રવૃત્તિમાં છીએ, નવરા નથી. ઠીક, બહુ સારી વાત છે. એય..! પૈસાવાળા બહુ થાય અને ઓલા કાંઈક સગા મળવા આવે તો બેસો હમણાં થોડીવાર. આપણે સાંજે ખાવા આવશો ને ત્યારે વાતચીત કરશું, ભેગું કરશું. અત્યારે વખત નથી. મલૂકચંદભાઈ નથી. એમ કહે. પુનમચંદ એમ કહે. સમજાણું? વખત નથી હમણાં. શેઠ સાહેબ, શેઠ સાહેબ ચારે કોર હોળી સળગતી હોય. આનું કેમ? આનું કેમ? આનું કેમ? આનું કેમ અમારે કરવું? આનું કેમ કરવું? આ માલનું કેમ કરવુ? ઢીંકણાનું કેમ કરવું? આ ચૂનો લાવ્યા, સીમેન્ટ ક્યાંથી લાવવી? કેટલા કોથળા છે? એય.. સળગતું જ હોય આખો દી કષાય અગ્નિ. ઓલી પ્રવૃત્તિ નહિ હોં. એને ઓલા અશુભ પ્રવૃત્તિના પરિણામ અને કોઈ વખતે શુભ પરિણામ હોય. કોઈ દયા, દાન કે વ્રતાદિના શુભ. એ પ્રવૃત્તિ એણે કરી છે. બાકી એ સિવાય આત્માએ બીજું ક્યાંય ફોતરું ફેરવ્યું નથી.

મુમુક્ષુ :- ભેલા તો ફેરવ્યાને?

ઉત્તર :- ફોતર્યું ફેરવ્યું નહિ અને ભેલા ફેરવ્યા ને આવડા મોટા પથરા? પરવસ્તુની પર્યાય, પર્યાય એટલે પ્રવૃત્તિ. એનાથી છે. કોઈપણ પરમાણુ એની પર્યાયરૂપી પ્રવૃત્તિ વિનાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ખાલી છે નહિ. તો બીજો શું કરે એને?

મુમુક્ષુ :- ઘાલમેલ કરે.

ઉત્તર :- ઘાલમેલ, માન્યતામાં ઘાલમેલ કરે કે હું આને કરું છું, આ મારે સારું ન થયું, એ માન્યતામાં કરે. ત્યાં કાંઈ કરી શકે નહિ. ભારે વાત ભાઈ!

અહીં તો એકદમ વાત અંતરની જ ઉપાડી છે. બસ. ભગવાન આત્મા ભૂલીને, ભગવાન ભૂલીને જે પુણ્ય-પાપના પરિણામ અને પ્રવૃત્તિએ પડ્યો છે અનાદિથી, કહે છે. ભાઈ! એ તો દુઃખરૂપ દશા છે. એ ઝેરના પ્યાલાના અનુભવ છે. એ ઝેર પીવે છે. આહાહા..! જેઠાભાઈ! ઝેર પીવે છે? આહાહા..! ભાઈ! તારે જો અમૃત સ્વરૂપની દૃષ્ટિ કરવી હોય અને આત્મા આનંદની ખાણ એવો ભગવાન એની દૃષ્ટિ કરવી હોય તો એ શુભાશુભ પરિણામનું સ્વામીપણું છોડી દે, એનું લક્ષ છોડી દે, એની અસ્તિ મારામાં છે એ દૃષ્ટિ છોડી દે. એમ કહે છે. મારામાં તો હું શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ મૂર્તિ આત્મા છું. એના તરફની પ્રતીત, એનું જ્ઞાન અને એની શાંતિરૂપ પ્રવૃત્તિ, એ પ્રવૃત્તિરૂપ સ્વસમય. એ પ્રવૃત્તિને આત્માની શુદ્ધ પ્રવૃત્તિ અને શુદ્ધ પરિણામ કહેવામાં આવે છે. એ આનંદરૂપ પર્યાય છે. આહાહા..! સમજાય છે? એણે દુઃખની દુકાન ઉઠાવીને આનંદની દુકાન ચલાવી.

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ...**' અહીં તો ત્રણમાં પ્રવૃત્તિરૂપ કીધું છે ને? એટલે એનો અર્થ કે શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. અહીં શુભાશુભ પરિણામથી હટ્યો ત્યારે એને શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છે તેના તરફના પરિણામ થયા. અને તેના તરફના પરિણામમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ, ચારિત્રરૂપ પ્રવૃત્તિ તે પરિણામ સ્વસમયના છે, આત્માના છે, ધર્મના છે, શાંતિના છે. એ સુખરૂપ પરિણામ છે. એને ધર્મના પરિણામ કહેવામાં આવે છે. બહુ પણ આકરું કરવાનું. સહેલું કાંઈ નહિ હોય આના કરતાં?

અનંત કાળથી પણ મરી ગયો કરી કરીને. આવું કાંઈ હાથ પણ આવ્યું નથી એને. આ તો એક ક્ષણમાં પ્રાપ્ત થાય. શ્રીમદ્દે લખ્યું છે ને ભાઈ? નહિ? એક અંતર્મુહૂર્તમાં રેલનો ડબો બની ન શકે. રેલ આખી બનાવવી હોય ૨૫ ડબ્બાની તો અંતર્મુહૂર્તમાં નહિ બને. મોટો ગમે તે હોય. દેવ હોય અને મંત્રથી બનાવે એ જુદી વાત છે. સુતાર કોઈ એવો નથી કે અંતર્મુહૂર્તમાં ૨૫ ડબ્બા બનાવે. પણ અંતર્મુહૂર્તમાં આત્મા કેવળજ્ઞાન લે એવો આ સંચો તૈયાર છે. કહો! આ શું કહેવાય તમારું? જમશેદ. જમશેદપુરનું. પાટા કરે છે ને પાટા? આવડા મોટા મોટા કરે છે. જોવા ગયા હતા. લઈ ગયા હતા નરભેરામભાઈ. એ અંતર્મુહૂર્તમાં કરે નહિ. એ પાટા ઉતરતા ઉતરતા વાર લાગી જાય. ઊંચેથી ઉતરતા હોય મોટા આવડા જબરા હોં! પાટા મોટા. એ કાંઈ માણસ ઉતારે નહિ. એ બધા સંચા હોય ધગધગતા. નીચે ઉતરે,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આમ પહોળા થાય, ઓહોહો..! ભઠ્ઠી સળગતી હોય મોટી. કહે છે કે એ લોઢાના કામ... મોટર બનાવે છે એક દીમાં ઘણી મોટરું. પણ અંતર્મુહૂર્તમાં એક મોટર બનાવી શકે એવું ન બને. સમજાણું કાંઈ? એ તો એના પરમાણુ..

પણ આ આત્મા પોતાનો આનંદઘન ભગવાન છે એમાં જો અંતર્મુહૂર્ત એમાં શ્રદ્ધા-જ્ઞાન કરીને ઠરી જાય (તો) કેવળજ્ઞાન અંતર્મુહૂર્તે લે. સમજાણું કાંઈ? અને એવા અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન પામીને મુક્તિને પામ્યા એવા અનંત આત્માઓ થઈ ગયા છે. એક અંતર્મુહૂર્ત જ. આહાહા..! અંતર્મુહૂર્ત એટલે? બે ઘડીનું મુર્હૂત ૪૮ મિનિટ એનું અંતઃ (એટલે) એની અંદર. સમજાણું કાંઈ? પણ એ તો ઘરમાં વળે તો ને. એમ કહે છે. ઘરમાં ઘણું ભર્યું છે બધું. ઘરવખરી બધી ભરી છે. અનંત ગુણનો એવો ઘરવખરો. ઓહોહો..! જોઈને ખુશી થઈ જાય એવું છે ઈ. આમ ભર્યું હોય ને બધું, એનો બાપ મૂકી ગયો હોય ને પછી કહે આ બતાવતો નથી કે જુઓ! આ છે.. આ છે. મારો બાપ મૂકી ગયો એ મુડી. કેટલા સોના, રૂપા, હીરા, માણેક.

છે ને ઓલો મામો એનો નહિ? સોભાગચંદ. ૨૦ કરોડ રૂપિયા ઘરે. ૨૦ કરોડ. એકલા હીરા ને માણેક ને ઘરે પડ્યા જ છે. ખરચે નહિ કોઈ. પડ્યા છે. કહો, હવે એના છોકરાને કેટલા ખબરેય ન પડવા દે. કારણ કે ખરચ પણ સમજવા જેવા હોય છે. અને મરે પછી કહે જો આ બધું તારો બાપ મૂકી ગયો છે. આહાહા..! જ્યાં નજરું પડે ત્યાં હીરા, ત્યાં કરે તો માણેક, ક્યાંક કરે તો ચાંદી, ક્યાંક કરે તો સોનાના લાટા. આખું ઘર ભર્યું છે. એ તો ધૂળ છે. આ તો એક વસ્તુમાં અનંત આનંદ અને અનંત જ્ઞાન એવા ગુણો પડ્યા છે. સમજાણું કાંઈ? ઓલા તો રજકણ છે ને રૂપી છે. આ તો અરૂપી છે એટલે અરૂપીને માટે.. રૂપીના એક રજકણમાં પણ અનંત ગુણનો ઠાંસો ભર્યો છે. રૂપીના એક રજકણમાં અનંત ગુણનો ઠાંસો ઠાંસો. ઠાંસો સમજાય છે? ઠાંસો આપણે ભાષા કહે છે ને. ઠાંસોઠાંસ. નથી કહેતા?

મુમુક્ષુ :- ઠાંસી ઠાંસીને ભર્યું છે.

ઉત્તર :- ઠાંસી ઠાંસીને ભર્યું છે. એક રજકણમાં ઠાંસી ઠાંસીને અનંતા જડના ગુણો પડ્યા છે. તો આ તો ભગવાન આત્મા એક ક્ષણમાં એક સમયમાં અનંતા ઠાંસી ઠાંસીને આનંદ આદિ અનંત ગુણ પડ્યા છે. એનું સમ્યગ્દર્શન, એની અંતર સન્મુખ થઈને અનુભવમાં પ્રતીત કર. એનું જ્ઞાન, એનું જ્ઞાન. આત્માનું. અને એમાં ચારિત્ર ચરવારૂપ પ્રવૃત્તિ. એવી પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને. લ્યો, આ ધર્મ. સાંભળ્યો પણ હોય નહિ કોઈ દી આવો ધર્મ અને આ શું છે? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**એવા સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ...**' પાછું એમ લીધું. '**એવા સ્વસમયરૂપ...**' આત્મા ચૈતન્ય આનંદ શુદ્ધ વસ્તુ, એની સન્મુખના શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિનું પરિણમન. પરિણમન એટલે પરિણમવું, પરિણમવું એટલે થવું. એ રૂપે થઈને, સ્વસમયરૂપ થઈને, પોતાના આત્માની જ નિર્મળ અવસ્થારૂપે પરિણમીને, થઈને '**મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને,...**' શુભ-અશુભભાવ હતો એ બંધમાર્ગ હતો. થયો ને એનો અર્થ? સમજાણું કાંઈ? વચ્ચે શુભરાગ હોય પણ એ બંધમાર્ગ છે. રાગનો અંશ જરીએ મોક્ષનો માર્ગ નથી. સમજાણું? એ શુભ-અશુભ પરિણામ, એનાથી છૂટીને ત્રિકાળી જ્ઞાયક ભગવાન આત્માની અંતર્મુખની ધ્રુવની દૃષ્ટિમાં દૃષ્ટિ કરી પરિણમી જ્ઞાનને અને સ્થિરતા કરીને '**સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ...**' પોતાના આત્મરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગ. ભાષા જુઓ! '**સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગ...**' એમ કીધું અહીં તો. અહીં તો અને બીજે પણ એમ જ કીધું છે. ચારે કોર જુઓ તો એક જ વાત લીધી છે. આહાહા..! પંચાસ્તિકાયમાં એ જોયું હતું. આ તો હવે... સમજ્યાને? પંચાસ્તિકાયમાં એક આવે છે ને ઓલું નહિ? અમે શ્રદ્ધીએ છીએ. નિષ્કર્મ અવસ્થાને મુનિ પ્રાપ્ત થયા છે, આ વર્તમાન આ તો મુનિની વાત છે, ભાઈ! ૧૭૩ છે ને છેલ્લું? ૧૭૩ ગાથા છે ને. જુઓ!

અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે, '**આ રીતે શાસ્ત્રકાર (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પામી, અત્યંત કૃતકૃત્ય થઈ, પરમનૈષ્કર્મ્યરૂપ શુદ્ધસ્વરૂપમાં વિશ્રાંત થયા (-પરમ નિષ્કર્મપણારૂપ શુદ્ધસ્વરૂપમાં સ્થિર થયા) એમ શ્રદ્ધવામાં આવે છે.**' એમ અમને શ્રદ્ધા છે. ભગવાન કુંદકુંદાચાર્ય આમ થયા. છેલ્લી લીટી છે ને? સંસ્કૃત છે. '**અથૈવં શાસ્ત્રકારઃ**' કુંદકુંદાચાર્ય '**પ્રારબ્ધસ્યાન્તમુપગમ્યા...**' પૂર્ણ કરીને. પોતાનું પદ પૂર્ણ કર્યું અંદર. '**માત્યન્તં કૃતકૃત્યો ભૂત્વા પરમનૈષ્કર્મ્યરૂપે શુદ્ધસ્વરૂપે વિશ્રાન્ત ઇતિ શ્રદ્ધીયતે।।**' એમ કીધું. આ મુનિપણું અત્યારે પાંચમા આરાનું. ઓલા કહે કે નહિ. ભગવાન શું કરે છે તું આ? ગજબ કરે છે પણ આ!

મુમુક્ષુ :- પરસમયની પ્રવૃત્તિ કરે છે.

ઉત્તર :- પરસમયની પ્રવૃત્તિને ધર્મ માને છે. એને હઠવું ક્યાં રહ્યું? અહીં તો મુનિઓ બધા શુભયોગવાળા જ હતા પાંચમા આરાના. શુદ્ધઉપયોગ નહોતા. અહીં કહે છે, પરમનૈષ્કર્મ્ય અવસ્થાને, વિશ્રાંતિને પામ્યા એમ અમે શ્રદ્ધીએ છીએ. અમૃતચંદ્રાચાર્ય કહે છે કે અમે અમારા ભાનથી અમે પણ એમ છીએ અને એમને એમ હતું એ અમને ખબર છે. એમ કહે છે. એમ છે ને અંદર? ૧૭૩માં સરવાળો લીધો. ત્યાં લીધો. આહાહા..!

આ વસ્તુ શુદ્ધ સ્વભાવનો દરિયો પ્રભુ આત્મા છે ને. એના સન્મુખનું દર્શન-જ્ઞાન અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્થિરતા નિષ્કર્મ અવસ્થા છે. જુઓ ઈ. શુભાશુભ પરિણામ એ કર્મ અવસ્થા એટલે વિકાર અવસ્થા હતી. એ વિકારની અપેક્ષાએ આત્માના અંદર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં પરિણમવું એ નિષ્કર્મ અવસ્થા છે. સમજાણું કાંઈ? ભારે પણ આકરું લાગે માણસને.

ભાઈ! તારા ઘરમાં ઘર તો સહેલા છે. સાંજના ઢોર જાય ને ઘરે તો દોડીને આવે. સવારે બહાર લઈ જાવા હોય ને તો માંડ માંડ ખેંચીને લઈ જાય. ખેતરે ખેંચીને લઈ જાય. પણ સાંજે છૂટેને ત્યારે ખબર છે કે ચાર પહોર હવે રાતે એ ગમાણમાં નાખશે અને ખાશું. દોડતા આવે. બારણા બંધ હોય તો માથા મારે. ગાયું. આવે ને ગાયું? બારણા બંધ હોય ને. બારણા ઉઘાડા તો રાખે બરાબર આમ ધ્યાન રાખે, હમણાં આપણી ગાયું આવશે. પણ બારણું બંધ હોય તો માથુ મારે. ઉઘાડ ઘર. ચાર પહોર રાતે બેસવું છે અહીં. એ ઘરે આવતાં સહેલું છે એમ કહે છે. આ પુણ્ય-પાપમાં રખડે છે એ તો બહારમાં ખેતરમાં લઈને મજૂરી કરાવે છે તારી પાસે. ઘરમાં આવ અંદરમાં. માથુ માર બારણું ન ઉઘડે તો. આ આવે છે ને? કપાટ ખોલ્યા છે એમ નથી આવતું? મોક્ષમાર્ગના કપાટ ખોલી નાખ્યા છે. એ પ્રવચનસારમાં આવે છે ને છેલ્લે? નહિ? કપાટ ખોલી નાખ્યા, કર્મના કપાટ ખોલી નાખ્યા. ઉઘડી ગયો ભગવાન આત્મા. સમજાય છે?

અજ્ઞાનીને તિજોરી બંધ છે. ન્યાલભાઈમાં આવે છે. ઈ આ અર્થ છે એનો. જ્ઞાનીએ ઉઘાડી છે. અજ્ઞાનીને વસ્તુની ખબર નથી તો રાગની એકતામાં તિજોરી બંધ છે. એને માલ નીકળવાનો રસ્તો નથી. પુણ્યના વિકલ્પને અને શુભાશુભભાવને પોતાના માનીને જે કુંચી દઈને તાળુ માર્યું છે એણે. આત્માના ખજાનામાંથી કાઢવું બંધ થઈ ગયું એને. નવું... નવું... નવું... નવું.... શુભાશુભ-શુભાશુભ વિકાર ઉત્પન્ન કરે છે. ખજાનામાંથી નહિ. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપ અંદર ખજાનામાં નથી પડ્યા. આહાહા..! નવા નવા ઊભા કરે છે પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... ઝેર. ઓલું તો અમૃત છે ભગવાન તો. એ એને પોતાના માનીને ચોંટ્યો છે ને. ભગવાનના અંદર સ્વભાવના ખજાના ખુલ્લા પડ્યા છે એ એને બંધ છે.

આવે છે ને? પદ્મનંદીમાં આવે છે. ઋષભદેવ સ્તુતિમાં. ભગવાન આપે તો ખજાના ખોલ્યા, એ ખજાના કોણ ન લે હવે? એમ આવે છે. ઋષભદેવ સ્તુતિમાં. આ ખજાના ધૂળ જેવા કોણ રાખે હવે? આપે તો ખજાનો બતાવ્યો આનંદકંદનો કે જેમાંથી ખેંચ ખેંચ રતન. રતન રતન. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રતન. એવા એવા રતન. એનું પરિપૂર્ણપણું કેવળજ્ઞાન એ રતન અને એવી એવી કેવળજ્ઞાનની અવસ્થાનો અનંતો એક એક ગુણ, એવો અનંત ગુણનો દરિયો આત્મા. કેટલા રતન છે એનામાં! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે, ભાઈ! તું ભગવાન છો ને. એની સામું જો ને અંદર. એની અંતર દષ્ટિ કર, એનું જ્ઞાન, એની દષ્ટિ, એનું જ્ઞાન અને એની લીનતા. એ રૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને, '**સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગ...**' દેખો! અહીં તો પરિણમન એટલે પર્યાય મોક્ષમાર્ગ છે. હજી ઈ વાંધા કો'કને. સમ્યગ્દર્શન તે ગુણ છે. આ વાંધા તે વાંધા. સમ્યગ્દર્શન ગુણ છે. સિદ્ધને ગુણ પ્રગટ્યા છે અનંતા. તમે એને પર્યાય કહો છો. હવે સાંભળને. સિદ્ધ એ પર્યાય છે. ગુણ કે દી હતો?

અહીં તો '**સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને,...**' જુઓ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ, એની સન્મુખના પરિણામ થઈને પોતા રૂપે જેને મોક્ષમાર્ગે પરિણમાવ્યો છે. રાગ અને પુણ્યનો વિકલ્પ તે મોક્ષમાર્ગ નથી. ઓહોહો..! આવા કુંદકુંદાચાર્યના ખુલાસા છે. આવા પુસ્તક છે છતાં આવા અર્થ કરે. હવે શું થાય? કહો! જો આવા ન હોય તો શું કરે ઈ? છે છતાં ઊંધુ મારે. આવો ભગવાન બિરાજે છે ને એના શાસ્ત્રના ખુલાસા આવા છે એમ કહેવું છે. એમ બેય રીતે. એમ કે અહીં ખુલાસા છે અને ઓલો બેઠો છે અંદર. સમજાણું કાંઈ? ચિદાનંદની મૂર્તિ છે પ્રભુ, આનંદનો કંદ છો, આનંદનું ધામ જ તું છો. તારામાં આનંદ ન હોય તો આનંદ બીજે ક્યાંય હોય નહિ. એવો ભગવાન આત્મા પોતાની અંતર સન્મુખ થઈને, એના વિશ્વાસ રૂપી પરિણમન શ્રદ્ધાનું. જાણીને હોં! જાણીને એનું જ્ઞાન અને એમાં પ્રવૃત્તિરૂપ. '**સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને,...**' જુઓ! જયચંદ્ર પંડિત આવો અર્થ કરે છે. એ તો પાઠમાં આવી ગયું છે આપણે. જયચંદ્ર પંડિત આવા અર્થ કરે છે લ્યો! ૨૦૦ વર્ષ પહેલાના પંડિત આવા હતા.

મુમુક્ષુ :- એ બધા ભ્રમણામાં હતા ને.

ઉત્તર :- મોક્ષમાર્ગ (એક) માને એ ભ્રમણામાં હતા એમ કહે છે. અરે..! ભગવાન! શું કહે છે બાપા! ભાઈ! નહિ કાળ ચાલે હોં આ. એ દુઃખના રસ્તે ભાઈ! તને મુશ્કેલ પડશે. સમજાય છે? ઊલટી ગતિ કરીને એમાં ધર્મ માનવો, ભાઈ! આકરું પડશે. ત્યાં દુઃખો કઠણ છે. બહુ કઠણ. મિથ્યાત્વનું જડ કઠણ, એનું ઘૂંટણ. આહાહા..! એમાં નિગોદના અનંતા ભવ જેના મિથ્યાત્વના પડ્યા છે, ભાઈ! આહાહા..! અનંત કાળ તેં ગાળ્યો અને વળી એ મિથ્યાત્વમાં અનંતા ભવ કરવાની તાકાત છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં બહારમાં ચાલશે સાધારણ બિચારા માણસો, બુદ્ધિ ઓછી, લોકોને ભરમાવે. ચાલે ભાઈ! ત્યાં નહિ ચાલે. પોપાબાઈનું રાજ નથી ત્યાં. આહાહા..!

નકોર વસ્તુ ભગવાન આત્મા આમ પ્રભુ છે, ભાઈ! એની સન્મુખની પરિણતિ કર, એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરિણતિની પર્યાય તે મોક્ષમાર્ગ પોતામાં પરિણમાવ્યો છે. રાગને તો પરસમય કીધો, એને તો પરસમય કીધો. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! પ્રતિકૂળતાના થોડા દુઃખો સહ્યા ન જાય. ભગવાન અનંતા પ્રતિકૂળતાના દુઃખોને મિથ્યાત્વભાવે ઊભા કરીશ, શી રીતે સહન થશે? સમજાણું કાંઈ? એક પાકી ગુમડી થઈ હોય ને પછી લબકા મારી હોય લબરકા શું કહેવાય? લબકારા. એવી પાકી ગુમડી હોય. હોય નાની પણ એનો રસ એવો તીખો (હોય) અને એવા લબકારા મારે. તાવ આવી જાય એમાં, તાવ આવી જાય. ભાઈ! એટલી પાકી ગુમડી રજકણની પણ તને વિઘ્નરૂપ નાખીને તાવ લાવે. આ એવા એવા તો અનંતા શરીર નરકના, નિગોદના તેં કર્યા ભાઈ! તને તાવ આવી ગયો છે અંદર દુઃખનો. સમજાય છે? એને કંટાળો નથી આવતો.

અહીં કહે છે, ભગવાન! તારે જો આત્માના ઘરને જોવું હોય તો શુભાશુભ પરિણામનો ભરોસો, રુચિ, વિશ્વાસ છોડી દે. એમાં માલ નથી. સમજાણું કાંઈ? બહારમાં તો નથી પણ શુભ-અશુભ પરિણામમાં તારો માલ નથી. આહાહા..! તારો માલ શુભાશુભ પરિણામ વિનાનો ચૈતન્યઘન આનંદઘન એ તારો માલ છે. આહાહા..! એનો વિશ્વાસ અનુભવ કરીને કર, એનું જ્ઞાન કર અને પ્રવૃત્તિ. એ પોતામાં મોક્ષમાર્ગને પરિણમાવીને. કેટલી શૈલી શબ્દ મૂકે છે! વ્યવહાર મોક્ષમાર્ગ એ પોતાનું પરિણમન છે? અહીં તો એને પરસમયનું કીધું. આહાહા..! વાદવિવાદ શેના? અહિત કરશે એ બધા. પ્રવચનસારમાં નથી આવતું? અહિત-અહિત. લૌકિક ભાઈ આવે છે ને લૌકિક? અહિત. એનો કાંઈક અર્થ કર્યો છે ને તમે નહિ? .. વિવાદ, વાદ એવું કાંઈક છે.

મુમુક્ષુ :- જયસેનાચાર્યની ટીકામાં.

ઉત્તર :- હા એ. આવ્યું? પ્રવચનસાર. એક વાત .. દીધી છે. .. છે એનો. બંધ રહેલા કર્મ કબાટને તોડવા અને ખોલવામાં તે ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે મુનિઓ. સમજાણું? દુન્વય લૌકિક, ખ્યાતિ, પૂજા લાભના નિમિત્તભૂત, જ્યોતિષ, મંત્ર, વાદ, વૈદક વેગેરેના કાર્યો અહિત કાર્યો છે. કોની સાથે આમાં વાદ કરવો ભાઈ? એને ત્યાં ના પાડી નહિ? ભાઈ! નિયમસારમાં આવે છે. સ્વસમય-પરસમય સાથે વાદ ન કરવો. ભાઈ! આ માર્ગ તો અંદરનો છે. અને અંદરના માર્ગની ઘડ તો જેની પાત્રતા હશે એને રહેશે. વાદવિવાદે પાર પડશે નહિ. હું આને બનાવી દઉં, આમ સમજાવી દઉં. નહિ સમજે એમ.

કહે છે કે પોતામાં '**મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને,...**' ભાઈ! તું પોતે તે રૂપે થા. વસ્તુ આનંદ અને જ્ઞાનમૂર્તિ છે. ભગવાન કેવળી તીર્થંકરે એવી જોઈ છે. એ થયા છે. હવે તું એવો છો એવો થા. એમ કહે છે. '**સંપૂર્ણવિજ્ઞાનઘનસ્વભાવને પામ્યું છે,...**' લ્યો! સંપૂર્ણ વિજ્ઞાનઘન. વર્તમાન પણ સંપૂર્ણ વિજ્ઞાનઘન પામ્યો અને પછી પર્યાય પણ સંપૂર્ણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિજ્ઞાનઘન પામી જશે.

'**અને જેમાં કાંઈ ત્યાગ-ગ્રહણ નથી,...**' પછી ત્યાગ-ગ્રહણ શું? જે સ્વરૂપ હતું તે પકડી લીધું. અનુભવ થઈ ગયો. રાગ હતો એ છૂટી ગયો. વસ્તુ હતી એ રહી ગઈ. રાગ છૂટી ગયો. '**કાંઈ ત્યાગ-ગ્રહણ નથી, એવા સાક્ષાત્ સમયસારસ્વરૂપ,...**' સાક્ષાત્ સમયસારસ્વરૂપ, એકલો ભગવાન આત્મા સ્વરૂપ '**પરમાર્થભૂત,...**' ખરેખર પરમાર્થભૂત '**નિશ્ચળ રહેલા, શુદ્ધ,...**' નિશ્ચળ રહેલો ભગવાન શુદ્ધ '**પૂર્ણ જ્ઞાનને દેખવું.**' લ્યો! પૂર્ણ આત્મદ્રવ્યને શ્રદ્ધવું, દેખવું, અનુભવવું. એ ... ત્રણ પ્રકાર લેશે. કહો! દેખવું છે ને છેલ્લું એમાં? છેલ્લામાં હતું ખરું ને. દેખવું. નિશ્ચળ રહી દેખવું. અર્થાત્ પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું. અંદર આત્માને આ રીતે દેખવો. સંપૂર્ણ વિજ્ઞાનઘન સ્વરૂપ છે એમ દેખવું. હવે આ '**ત્યાં દેખવું ત્રણ પ્રકારે સમજવું.**' લ્યો! એ દેખવાના પ્રકાર પાડે છે.

'**શુદ્ધનયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું તે પહેલા પ્રકારનું દેખવું છે.**' એટલે શું કહે છે? શુદ્ધનયથી વસ્તુ આખી પૂર્ણ શુદ્ધ છે એવું જ્ઞાન કરીને અંતર દૃષ્ટિમાં એવા શુદ્ધ સ્વરૂપનું પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું. હું પૂર્ણ અખંડ એક છું, એવું શ્રદ્ધાન કરવું તે પહેલા પ્રકારનું શ્રદ્ધા અપેક્ષાએ દેખવું કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? ફરીને. '**શુદ્ધનયનું જ્ઞાન કરીને...**' એટલે અશુદ્ધની એક સમયની પર્યાય રાગ એ તો અશુદ્ધ નયનું જ્ઞાન. ત્રિકાળ શુદ્ધ આનંદ સ્વરૂપ છે એનું શુદ્ધનયનું જ્ઞાન કરીને. શુદ્ધનયનું જ્ઞાન કરીને કહો કે શુદ્ધ વસ્તુનું જ્ઞાન કરીને કહો. પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું. આ પૂર્ણ સ્વરૂપ જ છે. વસ્તુ છે તે એકરૂપ છે, એકરૂપ છે તે પૂર્ણ છે. એમ પૂર્ણ સ્વરૂપનું શ્રદ્ધાન કરવું. એ શ્રદ્ધાન કરવું. એ પહેલું આત્માના પૂર્ણ સ્વભાવને દેખવું કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ જ્ઞાને પૂર્ણ વસ્તુ છે ને? વસ્તુ છે તે શક્તિ એકરૂપ છે. એકરૂપ છે એટલે પૂર્ણ છે. એવો પૂર્ણ ભગવાન આત્મા, એને અંતર સન્મુખ થઈને એની શ્રદ્ધા કરવી, વિકલ્પ રહિત નિર્વિકલ્પ શ્રદ્ધા કરવી. આ છે એમ કરીને નિર્વિકલ્પ શ્રદ્ધા કરવી, એનું નામ પહેલા પ્રકારનું આત્માને દેખવું કહેવામાં આવે છે. કહો, આ તો શરૂઆત ત્યાંથી થાય છે. એટલે શું કહ્યું? કે જે આત્માને રાગવાળો, પુણ્યવાળો અને અલ્પજ્ઞવાળો માન્યો છે એ તો અશુદ્ધનયનું દેખવું અને અશુદ્ધની શ્રદ્ધાનું દેખવું થયું એ તો. એને છોડી દઈને વસ્તુ ભગવાન પૂર્ણ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય છે એનું અંતરમાં જ્ઞાન કરીને આ શ્રદ્ધા કરવી એમ કહ્યું. સમજાય છે?

'**પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું...**' આ પૂર્ણ વસ્તુ જ પૂર્ણ છે. વસ્તુ છે તે એકરૂપ છે અને અખંડ છે માટે પૂર્ણ છે. એવું અંતરમાં જ્ઞાન કરીને, એનું જ્ઞાન કરીને એ વસ્તુને જ્ઞાનમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞેય તરીકે કરીને, વસ્તુને જ્ઞેય તરીકે કરીને શ્રદ્ધવી. સમજાણું કાંઈ? લ્યો, આ એનો રસ્તો શરૂઆતનો આ છે. બહારની તો આવી ક્રિયા કરે ને કેટલું કરે, લ્યો. સંથારા, અપવાસ, ફલાણા કરે. એ તો અહીં આવ્યું નહિ આમાં કાંઈ. પણ એ તો વિકલ્પ છે. એ બહારની ક્રિયા તો બહારની જડની છે જવું-આવવું એ તો અને ઓલો વિકલ્પ છે કદાચિત. એ તો અહીં પરસમયમાં નાખ્યો. સમજાણું કાંઈ?

આ વસ્તુ છે અને છે તે પૂર્ણ છે. એક એક ગુણે પૂર્ણ છે તેથી વસ્તુ પણ પૂર્ણ છે. એવું અંતરમાં તેનું જ્ઞાન કરીને જે આમ જ્ઞાન હતું એને આમ જ્ઞાન કરીને શ્રદ્ધવું, માનવું, નિર્વિકલ્પ દૃષ્ટિ વડે માનવું, શ્રદ્ધવું તેને પહેલા પ્રકારનું દેખવું કહેવામાં આવે છે. આમ આત્માને દેખવો એટલે આમ આત્માને અનુભવવો. એમ. ચોથા, પાંચમા, છઠ્ઠા સુધીની વાત છે. સમજાણું કાંઈ? '**તે પહેલા પ્રકારનું દેખવું છે. તે અવિરત આદિ અવસ્થામાં પણ હોય છે.**' જુઓ! ચોથા ગુણસ્થાને પણ આ હોય છે. પણ આ દેખવું એટલે એમ નહિ હોં પાછું ઓલું શુદ્ધનયથી દેખવું એમ કીધું છે ને? શુદ્ધનયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનરૂપ. શુદ્ધ જ્ઞાનનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું એમ છે. એટલે શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તેનું જ્ઞાન કરીને શ્રદ્ધવું. એમ. સમજાણું કાંઈ? એનું જ્ઞાન ક્યારે થાય? કે એની સન્મુખ થાય ત્યારે. એ શુદ્ધનયનું જ્ઞાન કરીને એને શ્રદ્ધવું. આ વસ્તુ છે એમ જ્ઞાનમાં પૂર્ણ આવે, ત્યારે તેનું જ્ઞાન થાય અને ત્યારે એમાં શ્રદ્ધા થાય. એ શ્રદ્ધા ચોથા ગુણસ્થાને હોય છે. એવું દેખવું ચોથા ગુણસ્થાનમાં હોય છે, પાંચમામાં પણ હોય છે, છઠ્ઠામાં પણ હોય છે. વધારે સ્થિરતા સહિત હોય છે. શું કહ્યું સમજાણું? એ ચોથાથી તે છઠ્ઠા સુધી એ રીતે લેવું. જામી ગયો નથી ને ઉપયોગ તદ્દન. એ અપેક્ષાથી ત્યાં લીધું. હવે સાતમા ગુણસ્થાનની વાત કરે છે.

'**જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી...**' શું કહ્યું? વસ્તુ જે છે ધ્રુવ ચૈતન્ય પૂર્ણ આનંદ, એનું જ્ઞાન થયું. એનું જ્ઞાન અને એની શ્રદ્ધા થયા પછી '**બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને...**' હવે મુનિપણું લે છે. ઓલું તો ગૃહસ્થાશ્રમમાં પણ ઓલું થઈ શકે છે. હવે બાહ્ય પરિગ્રહનું લક્ષ હતું ત્યાં રાગ હતો. એથી અસ્થિરતાના બાહ્ય નિમિત્તો, '**બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને તેનો (-પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો,...**' અંદર શુદ્ધ પૂર્ણ આનંદ અને જ્ઞાન છે તેનો અંતરમાં એકાકાર અભ્યાસ કરવો. '**ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો,...**' એ જ્ઞાનના ઉપયોગને અંતર જ્ઞાનમાં એટલે આત્મામાં ટકાવવો. '**ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો, જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું-શ્રદ્ધ્યું હતું...**' જેવું શુદ્ધનયથી એટલે શુદ્ધ જ્ઞાન દ્વારા આ શુદ્ધ છે એવું જાણીને શ્રદ્ધ્યું અને જ્ઞાન કર્યું હતું. '**જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું-શ્રદ્ધ્યું હતું...**' સિદ્ધ સમાન છું શુદ્ધ તદ્દન.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિર્મળ અખંડાનંદ છું એવું જે જ્ઞાન અને શ્રદ્ધાન થયું હતું '**તેવું જ ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર-સ્થિર કરવું,...**' આ ઉપયોગ કીધો વિશેષ. સમજાણું કાંઈ? એને બાહ્ય પરિગ્રહનો તો ત્યાગ થઈ જાય છે એમ કહે છે. વસ્ત્રાદિ કાંઈ રહેતું નથી. બધું છૂટી જાય ત્યારે અંતરમાં સ્વરૂપની સ્થિરતાનો, ચારિત્રનો ઉપયોગનો વેપાર થાય એમ કહે છે. સમજાણું કાંઈ? જેણે જાણ્યું કે આવો શુદ્ધ છે એવું ઠરવું ક્યારે થાય? એવો શુદ્ધોપયોગ વિશેષ થતા.

'**ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો, જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું-શ્રદ્ધ્યું હતું...**' પહેલા શ્રદ્ધામાં, જ્ઞાનમાં આવ્યું હતું કે આ તો સિદ્ધ સમાન શુદ્ધ પવિત્ર અખંડ અભેદ એકલો જ્ઞાનનો પુંજ છે. '**તેવું જ ધ્યાનમાં લઈને ચિત્તને...**' એવું ધ્યાનમાં લઈને. જે પહેલું ભાનમાં આવ્યું હતું એવું પાછું ધ્યાનમાં લઈને. એમાં સ્થિર થવું. એને '**ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર-સ્થિર કરવું,...**' સમજાણું કાંઈ? આ બીજા પ્રકારનું દેખવું ઊંચું.

'**ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો,...**' વારંવાર અંતર્મુખ ઉપયોગને વાળવો અથવા વારંવાર અતંર્મુખ ઉપયોગ થવો. એનું નામ બીજા પ્રકારનું એટલે બીજા પ્રકારનું એટલે બીજો નંબર એમ નહિ. ઊંચો નંબર પણ આ પહેલાથી બીજો પ્રકાર. એમ. પહેલાથી બીજો પ્રકાર. પ્રકાર બીજો. એમ. બીજા નંબરનો એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આનંદનું ધામ જે આમ શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યું હતું એવો જ એમાં ઉપયોગને સ્થિર... સ્થિર વારંવાર એકાગ્ર થઈને સ્થિર કરવો એનું નામ આત્માને બીજા પ્રકારે દેખવું ઊંચું કહેવામાં આવે છે. દુનિયાને દેખી પણ હવે આને દેખને કહે છે. જો ને. જોઈ જોઈને કેટલા જલસા જોયા, ઓલા જોયા. જુઓને! જાય છે ને રેલમાં ફરવા નહિ પાંચ પાંચ ગાઉ. પાંચ પાંચ હજાર ગાઉ ફરવા. શું કહેવાય એ? મુસાફરી, પર્યટન. દેશ પર્યટન. હમણાં બહુ ચાલ્યુ છે એ બધું. છોકરાને રજા હોય ને દેશપર્યટન કરે. ધૂળમાંય નથી સાંભળને! પર્યટન અહીં કરને અંદર. ફરતા ફરતા આવશે. ફરતો ફરતો થયા કરશે ચક્કરમાં. આહાહા..!

કહે છે કે, ભાઈ! ભગવાન તું છો ને. એની પહેલું એનું જ્ઞાન કરી, એનું જ્ઞાન કરીને શ્રદ્ધા કર કે આ વસ્તુ આવી છે એમ શ્રદ્ધા કરવી. એ શ્રદ્ધા કરવી એનું નામ પણ પહેલું આત્માને દેખવું અને આત્માનો અનુભવ એને કહેવામાં આવે છે. એથી આગળ વધીને પૂર્ણ શુદ્ધ સ્વરૂપનું જેવું શ્રદ્ધા-જ્ઞાનમાં લીધું હતું એવું એમાં લીન થઈ જવું. એમાં લીન થવું. ધ્યાન દ્વારા એને પકડીને એમાં લીન થવું, ઉપયોગને એમાં જમાવવો. '**ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો, તે બીજા પ્રકારનું દેખવું છે.**' એ બીજા પ્રકારનું આત્માને દેખવું કહેવામાં આવે છે. '**આ દેખવું અપ્રમત્ત દશામાં હોય છે.**' જુઓ! અપ્રમત્ત દશા સાતમી ભૂમિકા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગુણસ્થાન. એમાં એ થઈ જાય છે અંદર. મુનિદશામાં હોય છે. સમજાય છે કાંઈ? પહેલી તો ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે.

**'આ દેખવું અપ્રમત્ત દશામાં હોય છે. જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઊપજે...'** લ્યો! હવે અંતરમાં એકાગ્ર થતાં... થતાં... થતાં... ત્રિકાળ જ્ઞાન ન ઊપજે **'ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર રહે.'** નિરંતર સ્વરૂપમાં અપ્રમત્ત દશા વારંવાર વારંવાર અંદર રહે. **'આ દેખવાનો બીજો પ્રકાર થયો.'** આ આત્માને અનુભવવાનો, દેખવાનો બીજો પ્રકાર-પહેલાથી ઊંચો પ્રકાર કહ્યો. **'અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુદ્ધનયના આશ્રયે પરોક્ષ દેખવું છે.'** કહો, આમ પ્રત્યક્ષ અસંખ્ય પ્રદેશ ખ્યાલમાં આવ્યા નથી. **'અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું...'** પૂર્ણ વસ્તુ છે, અખંડ છે એનું તો શુદ્ધનયના પવિત્ર દૃષ્ટિ દ્વારા, પરોક્ષ દેખવું એટલે પ્રત્યક્ષ આમ ભાસતું નથી. આમ પ્રત્યક્ષ. સમજાણું? સાકરનો ખાનારો સાકર ખાય છે, પણ જ્યાં સુધી પૂર્ણ દેખે નહિ ત્યાં સુધી એને પૂર્ણ દેખ્યું નથી આમ પૂર્ણ. પણ પછી શ્રદ્ધામાં છે કે આ સાકર મીઠી છે. પણ એ પરોક્ષ છે. એમ હજી અહીં સુધી પરોક્ષ વસ્તુ આખી તે પરોક્ષ છે. જ્ઞાનની અપેક્ષાએ હોં! આનંદની અપેક્ષાએ ત્યાં થાય એ જુદી વાત છે. અહીં જ્ઞાનની અપેક્ષાએ વાત લેવી છે.

**'અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુદ્ધનયના આશ્રયે પરોક્ષ દેખવું છે.'** એમ. ઓલું વેદન છે આનંદનું એ પ્રત્યક્ષ એ અહીં વાત નથી. એ જ્ઞાનથી પરોક્ષ. આમ પ્રત્યક્ષ આ આનંદ છે એમ એને દેખાતું નથી. એમ. **'કેવળજ્ઞાન ઊપજે ત્યારે સાક્ષાત્ દેખવું થાય છે...'** આત્મામાં જેવા અનંત ગુણો પવિત્ર છે એનો જ્યાં અનુભવ થતાં થતાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન થાય છે ત્યારે પૂર્ણ દેખવું. પર્યાયે પર્યાય, પ્રદેશે પ્રદેશ, શક્તિએ શક્તિ અવિભાગ અંશો પ્રત્યક્ષ એને દેખાય છે. કહો, સમજાણું આમાં? આ ત્રણ પ્રકારના દેખવાના ક્રમ પાડ્યા-પગથિયાં. એમ છે. પહેલા પ્રકારનું તો દેખવું કરી શકે છે ને અત્યારે? અને એ દેખ્યા વિના એને ધર્મ નહિ થાય એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તે સ્થિતિમાં જ્ઞાન સર્વ વિભાવોથી રહિત થયું થકું...'** કેવળજ્ઞાનમાં તો સર્વ વિભાવોથી રહિત થયું થકું **'સર્વનું દેખનાર-જાણનાર છે,...'** એ જ્ઞાન બધાનું-પોતાનું અને બધાનું-એકદમ પ્રત્યક્ષ જ્ઞાન છે. **'તેથી આ ત્રીજા પ્રકારનું દેખવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે.'** ઓલું પરોક્ષ હતું, આ પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનની અપેક્ષાએ શ્રદ્ધવું અને અનુભવવું એ પહેલો પ્રકાર, જ્ઞાનની અપેક્ષાએ પરોક્ષરૂપે એને પૂર્ણ સ્થિરતા થવી એ બીજો પ્રકાર, જ્ઞાનની અપેક્ષાએ ત્રીજો. પૂર્ણ થઈને પૂર્ણ દેખવું એ ત્રીજો પ્રકાર. આ ઊંચો પ્રકાર છે ત્રીજો એ. કેવળજ્ઞાન. કહો, સમજાણું કાંઈ? કેટલું ગોઠવ્યું છે આમાં જુઓ!

એટલામાં લખાણ જે હતું મૂળમાં એને આમાં ચાલતી ભાષામાં ગોઠવ્યું. ટીકાનો અર્થ હતો.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' લ્યો! ૨૩૫. કળશ-કળશ.

**अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता-**
**मादानोज्झशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम्।**
**मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः**
**शुद्धज्ञानघनो यथाऽस्य महिमा नित्योदितस्तिष्ठति।।२३५।।**

ભગવાન આત્મા '**અન્ય દ્રવ્યોથી ભિન્ન,...**' એનો કળશ છે ને? આ બધું કીધું એનો કળશ છે. આ ૧૫ ગાથા ચાલી ને? એનો કળશ હવે સરવાળો ટૂંકા શબ્દોમાં મૂકે છે. આચાર્ય પોતે કહે છે અમૃતચંદ્રાચાર્ય. '**અન્ય દ્રવ્યોથી ભિન્ન,...**' ભગવાન તો એ અન્ય દ્રવ્ય સિદ્ધ કર્યાં. ભિન્ન પાડવું હોય તો અન્ય દ્રવ્યથી ભિન્ન પડે ને? તો '**અન્ય દ્રવ્યોથી ભિન્ન,...**' કર્મ, શરીર આદિથી જુદો. '**પોતામાં જ નિયત,...**' પોતામાં જ નિયત, પોતામાં નિશ્ચય, અવશ્ય પોતાના સ્વરૂપમાં નિયત છે, ... છે. પરથી રહિત છે, પોતામાં નિયત છે. છે. '**પૃથક્ વસ્તુપણાને ધારતું...**' ભગવાન આત્મા તો શરીર, કર્મ અને પરદ્રવ્યથી જુદાપણાની વસ્તુપણાને ધારતો આત્મા. પોતાની ચીજ જુદી ધારી રાખી છે. સમજાણું કાંઈ? ઘરમાં પણ એના દાગીના જુદા જુદા હોય ને? આ દાગીનો મારો જુદો, આ મારો જુદો. બાયું હોય ઘરમાં. વહુઓના સૌના ટ્રંક જુદા હોય. કપાટ. આ કહે છે કે મારું ઘર જુદું જગતથી તદ્દન. મારા ઘરમાં મારી કિંમત છે. મારું ઘર અન્યથી તદ્દન જુદું છે. એવી વસ્તુને ધારતો આત્મા. કહો, સમજાણું કાંઈ? કહો, ઓલી લાદીનું ઘર નહિ, છોકરાનું ઘર નહિ, શરીરનું ઘર નહિ એમ કહે છે.

'**અન્ય દ્રવ્યોથી ભિન્ન,...**' તદ્દન. એ રજકણો બાયડી, છોકરા, કુટુંબ, શરીર અને કર્મ એનાથી જુદી ચીજ છે આ. એનું હોવાપણું જુદું છે. પોતામાં નિયત છે. એમ કીધું ને? '**પોતામાં જ નિયત,...**' છે. પોતાથી તો નિશ્ચય એમ ને એમ પડ્યું છે. શુદ્ધ ચિદાનંદ ઘન છે. '**પૃથક્ વસ્તુપણાને ધારતું...**' જડથી જુદાપણાને ધારતું. ભગવાન ચૈતન્યધાતુથી પોતે રહેતો '**(-વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક હોવાથી પોતે પણ સામાન્યવિશેષાત્મકપણાને ધારણ કરતું),...**' એમ કહે છે. સામાન્ય એટલે દ્રવ્યરૂપ અને વિશેષ એટલે ગુણ-પર્યાયરૂપ પોતે પોતાની ચીજ છે. એ કેવી છે? એ વિશેષ વાત છે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



# પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



## પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com